# પૂજ્ય બહેનશ્રી
# ચંપાબહેનની મંગલવાણી

(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા થયેલ વિડીયો તત્ત્વચર્ચા)

શ્રીમતી ગોગીદેવી દિગંબર
જૈન શ્રાવિકા બ્રહ્મચાર્યાશ્રમ

ૐ

સહજ ચિદાનંદ




: પ્રકાશક:

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

: સહ-પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ

ૐ

સહજ ચિદાનંદ

# પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલવાણી

(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન દ્વારા થયેલ વિડીયો તત્ત્વ-ચર્ચા)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

વિલેપાર્લા, મુંબઈ

વીર સંવત
૨૫૫૧

વિક્રમ સંવત
૨૦૮૧

ઈ.સ.
૨૦૨૫

પ્રકાશન
ભગવાની શ્રી મહાવીરસ્વામી નિર્વાણ-કલ્યાણક દિવસ
તા.૨૧-૧૦-૨૦૨૫

Type setting

Pooja Impressions

Gandhinagar

M-9725251131

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક શ્રી મહાવીરસ્વામીના પવિત્ર જિનશાસનમાં ધર્મના સ્તંભ સમાન અનેક આચાર્ય ભગવંતોની પરિપાટી થઈ ગઈ. જેઓએ દિવ્યધ્વનિના સારને શાસ્ત્રરૂઢ કર્યો. તેમાં ત્રીજા ક્રમાંકે આવતા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે અનેક જિનવાણીની રચના કરીને પવિત્ર જિનધર્મને ટકાવી રાખ્યો.

શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ રચિત અનેક પરમાગમો ઉપર વર્તમાન શાસન શિરોમણિ અધ્યાત્મયુગ સૃષ્ટા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ કુંદકુંદાચાર્યદેવ રચિત અનેક પરમાગમો તથા અન્ય પરમાગમો ઉપર પ્રવચન આપીને વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર અનન્ય ઉપકાર કર્યો છે, જે અવિસ્મરણીય છે તથા જિનશાસન પવિત્ર ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ૪૫-૪૫ વર્ષો સુધી, મુમુક્ષુજીવોને પંચમકાળમાં પણ મોક્ષમાર્ગમાં આરૂઢ થઈને શાશ્વત આત્મ-કલ્યાણનો પંથ દર્શાવ્યો. જિનવાણીમાં નિહિત રહસ્યોને સ્વયંના ભાવશ્રુતજ્ઞાનના બળ વડે ઉદ્ઘટિત કર્યા. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા સિવાય આ પંચ પરાવર્તનનો ક્ષય થઈ શકે નહિ તથા મિથ્યાત્વના કાળકૂટ ઝેરને ઉતારવા માટે ભેદજ્ઞાન સિવાય અન્ય કોઈ ઉપાય નથી, એવા પરમોત્કૃષ્ટ રહસ્યને પ્રકાશિત કર્યું છે. પૂજ્ય ગુરૂદેવશ્રીના ગુણાનુવાદ કરવા એ સૂર્યને દીપક બતાવવા સમાન બાળચેષ્ટા છે, પરંતુ તેઓશ્રીના અવિસ્મરણીય અનુપમ ઉપકારવશાત્ ભક્તિભીના હૃદયે બે શબ્દ લખવાના ભાવ થઈ આવે છે.

પૂજ્ય સદ્ગુરુદેવશ્રીની ભરતક્ષેત્રમાંથી ચિરવિદાય બાદ તેઓશ્રીના નિકટ ભક્ત શિરોમણિ તથા ભાવિ ગણધર, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ઉપસ્થિતિમાં મુમુક્ષુઓ દ્વારા સ્વયંની મુંઝવણને દૂર કરવા તથા માર્ગપ્રાપ્તિ માટે થતી અટકાયતોને દૂર કરવા માટે પૂછવામાં આવેલ જિજ્ઞાસસભર પ્રશ્નોની રસિક તત્ત્વચર્ચા દૈનિક કાર્યક્રમ રૂપે ચાલતી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં મુમુક્ષુજીવો માટે આધારસ્તંભ એવા પૂજ્ય બહેનશ્રીએ નાદુરસ્ત સ્વાસ્થ્ય જેવી

પરિસ્થિતિમાં પણ નિષ્કારણ કરુણા કરી સમાધાન આપી મહાન ઉપકાર કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ૬૪ બહેનોએ બ્રહ્મચર્ય અંગીકાર કર્યું હતું અને સોનગઢમાં જ નિત્ય દેવ-શાસ્ત્ર-ગુરુના શરણમાં રહી આત્મ-કલ્યાણને પ્રાધાન્ય આપી જીવન સમર્પિત કર્યું હતું.

પૂજ્ય બહેનશ્રીના અંતેવાસી બ્ર. ઉષાબહેને પૂજ્ય બહેનશ્રીની અનુમતિથી તે વખતે ચાલતી તત્ત્વચર્ચાનું ઓડિયો તથા વિડીયો રેકોર્ડીંગ કરેલ. પ્રસ્તુત તત્ત્વચર્ચાનું પુસ્તક 'પૂજ્ય બહેનશ્રીની મંગલવાણી'ના નામે પ્રકાશિત કરી પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત પુસ્તકમાં જે વિડીયો તત્ત્વચર્ચા થયેલ તેનું અક્ષરશઃ પ્રકાશન કરવાનો અમારો નમ્ર પ્રયાસ છે. સ્વ. શ્રી નવીનભાઈ શાહ, દુબઈને ભાવના થઈ કે આ તત્ત્વચર્ચા જો પ્રકાશિત થાય તો સ્વયંને તથા આખા મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે તેઓશ્રીએ તે વખતે આ તત્ત્વચર્ચા તૈયાર કરાવેલ. ત્યારપછી તેમના સુપુત્ર શ્રી ઋષભભાઈએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટને, આ ગ્રંથ પુસ્તકરૂપે પ્રકાશિત થાય તેવી ભાવના વ્યક્ત કરતાં સમસ્ત ટ્રસ્ટીગણે સહર્ષ સ્વીકૃતિ આપી.

પ્રસ્તુત તત્ત્વચર્ચાને સાંભળીને તેનું ટાઈપ સેટિંગનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ સ્વ. શ્રી નવીનભાઈ શાહની ભાવના અનુસાર તેમણે તે સમયે વાંચીને તપાસી આપેલ. ત્યારબાદ ફરીને તેને સાંભળીને પ્રુફ રિડીંગ કરવામાં આવેલ છે. જ્યાં જરૂરિયાત લાગી ત્યાં વાક્ય રચના પૂર્ણ કરવા માટે કૌંસ ભરવામાં આવ્યા છે. તત્ત્વચર્ચા તૈયાર કરવામાં પૂર્ણ જાગ્રતિ તથા ચીવટતા રાખવાનો પ્રયાસ કરેલ છે. તેમ છતાં ક્યાંક સાંભળવામાં તથા તપાસવામાં ત્રુટી રહી જવા પામી હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે વિનમ્રતાપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ.

અંતતઃ પ્રસ્તુત તત્ત્વચર્ચાનું ચિંતવન, મનન કરીને સર્વ જીવો આત્મ-કલ્યાણને સાધે એવી ભાવના સહિત વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી

**મહાભાગ્ય જિન શાસન પાયા, જ્ઞાનાભ્યાસ કરેંગે હમ**
**અપના મન નહીં ભટકાયેંગે, જિનવર પંથ ચલેંગે હમ.**

આપનું આ પ્રિય ભજન આપના મનુષ્ય જીવનનું આબેહૂબ વર્ણન કરે છે .

આપ નાનપણથી જ ધર્મપ્રેમી જિજ્ઞાસુ અને તત્ત્વખોજી હતાં. યુવા અવસ્થાથી જ આપને અધ્યાત્મનો ઉગ્ર રસ હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં આપ અવારનવાર સોનગઢ જતાં અને તેમની સાક્ષાત વાણીનો લાભ લેતાં. જ્ઞાનીજનો તેમ જ સાધર્મીઓ પ્રત્યે આપને અતિ વાત્સલ્ય હતો અને તેમનો સત્સંગ કરવા આપ નિરંતર પ્રયત્નશીલ રહેતા. આપની વાતોમાં હંમેશા જિનવાણીના રહસ્યો અને જ્ઞાનીઓએ કહેલા તત્ત્વની જ મુખ્યતા રહેતી.

આર્થિક પ્રગતિ માટે દુબઈમાં સ્થાયી થયા બાદ ઘણી વ્યસ્તતા હોવા છતાં જાણે કે નિવૃત્તિ વિશેષ મળી હોય એમ ઘણાં જ શાસ્ત્રોનો પદ્ધતિસર અભ્યાસ કર્યો અને દુબઈના મુમુક્ષુ સમાજને પણ લગભગ 22 વર્ષ સુધી સમૂહ સ્વાધ્યાય કરાવ્યો.

સન 2008માં સુવર્ણપુરી સોનગઢમાં ઘર લીધા પછી આપ વારંવાર સોનગઢ આવતા અને પૂજ્ય ગુરુદેવશ્રીની તત્ત્વજ્ઞાન સભર, શાસ્ત્રોના ઊંડા ગહન રહસ્યમયી વાણીનો તેમ જ પૂજ્ય માતાજીની ભેદજ્ઞાનની સહજ વૈરાગ્યમય વાણીનો આપ લાભ લેતા.

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ 21માં "ચૈતન્યને ચૈતન્યમાંથી ઊઠેલી ભાવના સફળ ન થાય તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે" અને બહેનશ્રીના સ્વાનુભૂતિદર્શનનો પાંચમો બોલ "રાગ વખતે પણ રાગથી ભિન્ન જ્ઞાન સ્વાભાવી આત્મા છું" એ બોલો બહુ ગમતાં.

સોનગઢમાં પ્રતિદિન સવારે પૂજ્ય માતાજીની ચર્ચાનો લાભ લેતા ત્યારે આપને સહેજે જ વિકલ્પ આવ્યો કે જો આ ઉત્કૃષ્ટ વિડીયો ચર્ચાઓ અક્ષરશઃ

પુસ્તક રૂપે પ્રકાશિત થાય તો મુમુક્ષુઓને સમજવામાં અતિ સુગમ થઈ પડે.

આપે શ્રી નિલેશભાઈનો સંપર્ક કરી કાર્ય શરૂ કર્યું પરંતુ આપની અણધારી વિદાયથી આ કાર્ય અટકી ગયું. "જ્ઞાનીઓની સત્‌વાણીનો પ્રવાહ તો ચાલુ જ રહેવાનો" એ કથનને સાર્થક કરતા અમને હાલ માર્ચ 2025માં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ તરફથી સંદેશો મળ્યો કે તેઓ આ ઉત્કૃષ્ટ કાર્ય કરવા પ્રતિબદ્ધ છે ત્યારે આપના પુત્ર તેમજ પરિવારજનો તુરંત જ આ કાર્યનું પ્રકાશન થાય એ માટે સહયોગી થયા.

અમો સર્વ કુટુંબીજનો શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈના કૃતજ્ઞી છીએ કે જેઓએ આ ચર્ચાનું પ્રકાશન તેમના ટ્રસ્ટ હેઠળ કરવા માટે મંજૂરી આપી.

લી. શ્રીમતી શોભનાબેન નવીનચંદ્ર શાહ
શ્રી ઋષભ નવીનચંદ્ર શાહ તથા પરિવારજનો

# પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન
# જીવન પરિચય

સૌરાષ્ટ્રની ભૂમિ અનેક ધર્માત્માઓના પાવન ચરણોથી પવિત્ર રહી છે. અનેક ગામોમાં જિન મંદિરોથી આ ભૂમિ શોભી રહી છે.ઐતિહાસિક દૃષ્ટિકોણથી તીર્થંકરના કલ્યાણકોથી આ ભૂમિ હંમેશાં શોભાયમાન બની છે. એવા આ સૌરાષ્ટ્રના વઢવાણ નામના નાનકડા ગામમાં વિ.સં.૧૯૭૦, શ્રાવણ વદ બીજ ને શુક્રવારના દિવસે મહાલક્ષ્મીના મંદિર પાસે પીપળાવાળા ઘરે,એક શાંત મુખમુદ્રાધારી, ધીર-ગંભીર આત્માએ આગમન કર્યું અને આ ભૂમિ જાણે ફરી એકવાર રુમ-ઝુમ કરતી મહેકી ઊઠી. આ નાનકડા ગામમાં વાતાવરણ આનંદિત થઈ ગયું છે અને સૌ કોઈ આ આત્માના આગમનથી ધન્યતા અનુભવી રહ્યાં છે.માતા-પિતાના હર્ષનો પાર નથી અને પ્રશમ મુખમુદ્રા જોઈને જાણે કે તૃપ્તિ થતી નથી. પ્રશમરસના ઢાળામાં ઢળી ગયેલા આ આત્માને જોઈ સર્વના અંતરંગ જાણે કે પ્રશમરસથી તરબોળ થઈ ગયા છે.મંદ-મંદ પવનની લહેરીઓ ચાલી રહી છે.મધુર સંગીતથી વાતાવરણ આનંદમય બન્યું છે.જોષી જોષ આવ્યા છે અને કહે છે,'આ કોઈ અસાધારણ આત્મા છે, મહાવિદેહથી પધારેલા છે અને ભાવિના ગણધર દેવ છે.'આવા આપણા વ્હાલસોયા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો અંતરંગ આધ્યાત્મિક પરિચય અત્ર પ્રસ્તુત છે.

**(૧) બાળપણ**

પૂજ્ય બહેનશ્રી નાનપણથી જ પ્રકૃતિએ સૌમ્ય,નરમ,સૌજન્યપૂર્ણ,શરમાળ,વૈરાગી અને મિતભાષી તેમ જ મિષ્ટભાષી હતા. સાડા ત્રણ વર્ષની ઉંમરે માતુશ્રીનો સ્વર્ગવાસ થયો.દસ-અગિયાર વર્ષ કરાંચીમાં મોટા બેન (સમરતબેનને) ત્યાં રહ્યા.બુદ્ધિશાળી હોવાથી શાળાના અભ્યાસમાં તેઓ પ્રાયઃ પ્રથમ નંબર રાખતા. આ અભ્યાસ પણ તેમણે કરાંચીમાં જ કર્યો.તેમના સ્વભાવની નરમાશ નીચેના પ્રસંગથી સમજી શકાય તેમ છે.

માળામાં નીચે પાણીના સહિયારા નળ હતા. ત્યાં પાણી ભરવા જાય તો તેઓ એક

બાજુ ઊભા રહે.તેમનો વારો આવે તો પણ પોતે ભીડની અંદર જઈને ભરી શકે નહિ.પછી બીજા બહેનો કહે ત્યારે પાણી ભરે.આવા નરમ સ્વભાવના પૂજ્ય બહેનશ્રી સ્વભાવે મક્કમ પણ એટલાં જ હતાં. આવા આવા તો અનેક સદ્ ગુણો તેમનામાં હતાં.

બહેનશ્રીને નાનપણથી સદ્ ગુણી વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ હતો.આ ગુણ ગ્રાહિતાનો ગુણ તેમનામાં નાનપણથી જ હતો.તેઓ બીજાં પણ નૈતિક પુસ્તકો, સદાચરણનાં પુસ્તકો વાંચતા. તેઓ ઘરે રહીને ધાર્મિક અભ્યાસ કરતા.સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરતાં અને ત્યાગ-વૈરાગ્યની ક્રિયા પણ કરતાં. આ બધું હોવા ચતાં પૂર્વ સંસ્કારવશાત્ તેમને આત્મા પ્રત્યેની રુચિ અંતરંગમાં રહ્યા કરતી.અવ્યક્ત સંસ્કાર જાણે કે અંદરથી જાગૃત થવા પ્રેરાય રહ્યાં હોય! બહારની ક્રિયામાં તેમને રસ નહોતો પડતો અને સ્વાભાવિક છે કે મોતીનો ચારો ચરવાવાળા હંસને માત્ર મોતીના ચારામાં જ રસ હોય. નાનપણથી પૂર્વ આરાધનાવશ વૈરાગ્યને કારણે દીક્ષા લેવાના મનોરથ સેવેલા.પરંતુ શરમાણ અને નરમ પ્રકૃતિને લીધે કોઈને કહી શક્યા નહિ અને દીક્ષા લેવાની ભાવના સાકાર ન થઈ.પરંતુ આ તો અંતરાત્માના સાધક,મોક્ષ-પંથના પથિક-તેમનો આત્મા સંસારમાં ક્યાં સુધી રહી શકે ?સત્સંગ વિના અસત્સંગના ઘેરાવામાં ક્યાં સુધી રહે? કરાંચીમાં સત્સંગના અભાવને લીધે,અંદરથી આત્મા જાણે કે સત્સંગની ખોજમાં રહ્યો કરતો.ક્યાં છે સત્સંગ?ક્યાં છે એવા સત્પુરુષ?તેમના હૃદયમાં ક્યાંય ચેન નહોતું. બહારમાં સત્સંગનો અભાવ અને અંતરંગમાં સત્સંગની પ્રબળ ભાવના-આ પરિસ્થિતિમાં આત્મકલ્યાણ નહિ થઈ શકે એમ વારંવાર લાગી આવતું અને મનુષ્યભવના ઘણા વર્ષો વીતી ગયા.એમ વારંવાર લાગી આવતું.

**(૨) પ્રત્યક્ષ યોગ**

વિ.સં.૧૯૮૫માં વઢવાણમાં અધ્યાત્મ યુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન શ્રવણનો પ્રથમ યોગ બન્યો. તત્વજ્ઞાનથી ભરપૂર પુરુષાર્થ પ્રેકર પ્રવચનો સાંભળી આ આત્માના સંસ્કારો ફરી જાગૃત થવા લાગ્યા.અંતર ચેતના ઝણઝણી ઉઠી અને કમળ જેમ સૂર્યને જોઈને ખીલી ઉઠે તેમ અંતર જ્ઞાન ખીલવા લાગ્યું.બસ,પછી તો શું જોઈએ? પાણી

જેમ શિલાને ભેદીને આગળ નીકળી જાય છે તેમ તેમના અંતરમાં દર્શનમોહનો ભેદ થતો ગયો અને જ્ઞાનમાં નિર્મળતા આવવા લાગી.ઉદાસીનતા દિવસે-દિવસે વધતી ચાલી. પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો એકાગ્રચિત્તથી સાંભળી પોતે સ્વહસ્તાક્ષરમાં ઊતારી લેતા.૧૯૮૫ માં પ્રથમ પ્રત્યક્ષ સત્પુરુષનો શ્રવણ-યોગ થયા પછી કરાંચીમાં રહેવાનું થયું.પરંતુ આત્મા તો પ્રભુચરણની ઝંખનામાં રહેતો હોવાને કારણે,અંતે એક દિવસ પરિસ્થિતિ અસહ્ય થતાં કરાંચી છોડી પોતાના મૂળ વતન વઢવાણી આવી ગયા અને ભાવનાનો વિજય થયો.યથાર્થ ભાવના સાથે કુદરત બંધાયેલી છે,એ અનંતા તીર્થંકરોની વાણી નિષ્ફળ કેમ જાય? ન જ જાય.

### (૩) પરિભ્રમણની ચિંતના,વેદના તથા ઝૂરણા

અનાદિકાળથી ચાલ્યા આવતા આ પર્યટનનો અંત કેમ આવે? આત્માનું અસ્તિત્વ,મોક્ષ,મોક્ષનો ઉપાય વગેરે વિષયમાં તેમનું ગહન અને ઊંડું મંથન ચાલ્યા કરતું. પ્રથમથી જ સાધ્યલક્ષી જીવન હોવાને કારણે તેમની મોક્ષ પ્રાપ્તિની ભાવના તેમના જ શબ્દોમાં તેમનાં પત્રમાંથી દૃષ્ટવ્ય છે

'...એવી ભાવના થાય છે કે-આ જન્મ-મરણ કેમ ટળે,પુરુષાર્થ કેમ ઊપડે,આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય એવી ભાવના રહ્યા કરે છે.'(કરાંચી). 'આવા રૂડા મનુષ્યભવની એક પળ પણ નકામી ન જવા દેવી એવી મારી ઇચ્છા છે.'

'હવે તો પૂજ્ય કાનજીમહારાજ જેવા ગુરુ મળ્યા,હવે તો ભવનો અભાવ કેમ થાય એ જ ભાવના હોવાથી કરાંચીમાં રહેવું મુશ્કેલ થઈ પડયું છે.'(વઢવાણ,વિ.સં.૧૯૮૭)

ઉપરોક્ત લખાણ ઉપરથી સહજ સમજી શકાય એમ છે કે એમને જન્મ-મરણથી મુક્ત થવાની ભાવના કેટલી પ્રબળ હતી.ઉક્ત ભાવના વશાત્ તેઓશ્રીનું હૃદય કેટલું વ્યથિત થઈને ઝૂરી ઉઠતું તે પણ અત્ર ઉલ્લેખનીય છે.જે તેમના જ શબ્દોમાં જોઈએ. એક પત્રમાં તેઓ લખે છે.

'ભાભી,આજકાલ કરતાં ઘણા દિવસો વીતી ગયા,અરે!અનંતો કાળ વીતી ગયો,પણ સત્ય સુખ ન મળ્યું,તે ઓછું દુખદાયક છે? આ જગત શું? આ જગતની રચના શું?આત્મા શું?પુનર્જન્મ શું?આ બધા અનેક જાતના વિકલ્પો શું?પરવસ્તુ શું?એ બધાનો વિચાર કરતાં

મૂંઝવણ આવી જાય છે, જિંદગી નીરસ લાગે છે,હૃદય રડે છે પણ તે રડવું ખોટું છે.અનંતકાળથી અનંતી વેદના સહી છતાં કંટાળો કાં ન આવે?ધ્રુજારી કાં ન છૂટે?સત્યની તાલાવેલી કાં ન જાગે?સંસારમાં એકાંત દુખ કાં ન લાગે?'(વિ.સં.૧૯૮૭-૮૮)

આવા આવા પ્રશ્નોથી તેમનું અંતરંગ ઘેરાયેલું રહેતું અને તેને કારણે તેને વેદના તથા ઝૂરણા અસહ્ય પરિસ્થિતિમાં પહોંચી જતી.તેમનું હૃદય નિજપ્રભુનાં વિયોગમાં કેવું રૂદન હતું તે નીચેના વાક્યોથી ભાસ્યમાન થઈ શકે તેમ છે.

અહા!જીવ!અહા પ્રભુ!કદી પણ તને પ્રભુના વિયોગે દુઃખ થયું છે?અંદરથી દર્શન માટે હૃદય માટે રડ્યું છે?પ્રભુનો વિયોગ તને સાલ્યો છે?અરેરે!હજી તો આ માહેલું કાંઈ પણ નથી.ત્યાં પ્રભુ ક્યાંથી મળે?આમ ને આમ જ હજુ શું અનંતો કાળ ચાલ્યો જશે?(વિ.સં.૧૯૮૭-૮૮)

જુઓ!પ્રભુના વિયોગમાં હૃદય ઝુરી રહ્યું છે.તેમ છતાં લખે છે કે હજી તો આ માહેલું કાંઈ પણ નથી.

**(૪) ઉદાસીનતા**

ઉપરોક્ત ઝૂરણાને કારણે તેમનું ચિત્ત ક્યાંય સ્થિર થતું નહોતું.તેમની ઉદાસીનતા વૃદ્ધિગત થતી ગઈ.ઘરમાં કામકાજ આદિ કરવાં છતાં પણ તેમની અંતરંગ ઉદાસીનતા અત્ર દર્શનીય છે.

અહીં આત્માનું કાંઈ સાર્થક થઈ શકતું નથી તેથી ઉદાસીનતા વર્તે છે.કોઈ વખત આત્મા એવો વિચારમાં ચડી જાય છે કે કોઈ બોલાવે તો મારું ધ્યાન પણ હોતું નથી,કામ કરતાં પણ ભૂલી જવાય છે.આગળ લખે છે,આત્માના વિચારમાં કોઈ સાથે બોલવું ગમતું નથી. (વિ.સં.૧૯૮૯,કરાંચી) (જેઠ સુદ-૧૪)

અહો!ધન્ય છે તેમની ઉદાસીનતાને!

**(૫) પૂર્ણતાનું લક્ષ**

જન્મ-મરણ કેમ ટળે?એવી ભાવના તો પ્રથમથી જ હતી અને કોઈપણ કિમતે મુક્ત થઈ જવું એમ તેમને પ્રથમથી જ રહ્યાં કરતું અને ઉક્ત વેદના તથા

ઉદાસીનતાને કારણે તેઓશ્રી એક પત્રમાં લખે છે,હવે તો ત્યાં આવ્યા પછી મોક્ષ,મોક્ષ ને મોક્ષ જ તરફ લક્ષ રાખવું છે. (વિ.સં.૧૯૮૬,જેઠ સુદ,૧૪,મંગળવાર)

કેવો અદભુત સંવેગ પ્રગટ થયો છે!પરિણામ જાણે હમણાં જ મોક્ષ પ્રાપ્ત કરવા માટે થનગની રહ્યા છે!વાદળાને જોઈને જેમ સૂર્ય પાછો ફરી નથી જતો અને વાદળોના ગહન પટલને ભેદીને પ્રકાશ કરે છે,તેમ તેમના આ સંવેગયુક્ત પરિણામો અનાદિ અજ્ઞાન અંધકારને ભેદી નાખવા કૃતનિશ્ચયી થયા છે. પૂર્ણ નિર્દોષ થવાની ભાવના તેમનના નીચેના વાક્યથી સ્પષ્ટ થઈ શકશે.

અત્રે મારી દશા એવી છે કે-એક વાર મારે નિવૃત્તિ લેવી છે.ખોળી ખોળીને દોષ કાઢવા છે,મોક્ષનું બીજ પ્રાપ્ત કરવું છે. (સં.૧૯૮૭)

પરિણામ ફાટ-ફાટ આગળ ધપવા માટે દોડી રહ્યા છે.ન રોકી શકાય એવો સંવેગ પ્રગટ થયો છે.રણે ચડ્યા રજપૂત છુપે નહિ.એ કહેવત અનુસાર એમના આત્માએ દર્શનમોહની સામે ખુલ્લી જેહાદ જગાવીને મોક્ષમહેલનું મંગલ શિલાન્યાસ કર્યુ.

**(૬) પરમ સત્સંગની ભાવના તથા ગુરુ-ભક્તિ**

પૂજ્ય ગુરુદેવશ્રીનો પરમ સત્સંગ પ્રાપ્ત થયા પછી પણ કરાંચીમાં રહેવું પડતું હતું.પરંતુ તેમનું હૃદય-તેમનો આત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં હતો.પ્રત્યક્ષ યોગમાં અભૂતપૂર્વ ભવાંતકારી વાણી સાંભળ્યા પછી તેમનું ચિત્ત સત્સંગના વિયોગમાં ઉદાસ રહેવા લાગ્યું.તેમનું મન પિયુ પિયુ પોકરતું હતું.સત્સંગમાં રહેવાની તેમની ઉત્કટ ભાવના અત્ર દૃષ્ટવ્ય છે.

અહીં ગુરુના દર્શન નથી,તેમની વાણી નથી,સત્સંગ નથી,તેથી અહીં રહેવું મુશ્કેલી ભરેલું થઈ પડ્યું છે.

જન્મ-મરણનો અંત ક્યા ઉપાયથી આવે એવી ભાવનાને કારણે અહીં (કરાંચીમાં)રહેવું જરાય પાલવતું નથી.

આગળ બીજા પત્રમાં લખે છે.

હવે તો પૂજ્ય કાનજીમહારાજ જેવા ગુરુ મળ્યા.હવે તો ભવનો અભાવ કેમ થાય એ જ ભાવના હોવાથી કરાંચીમાં રહેવું મુશ્કેલ થઈ પડ્યું છે.(વઢવાણ-વિ.સં.1987)

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો પ્રત્યક્ષ શ્રવણ થયા પછી તેમનો આત્મા ભાવવિભોર થઈ ઉઠ્યો છે.લખે છે :

પૂજ્ય કાનજીમહારાજનું વ્યાખ્યાન સાંભળ્યા પછી હૃદયમાં એવા સરસ ભાવો આવતા કે તેનું વર્ણન શું કરું?ઓ પ્રભુ !મને સદા પૂજ્ય કાનજીમહારાજનો તથા ધર્મીનો સત્સંગ હોજો એવું હું ઇચ્છું છું.

ભક્તનું સ્થાન તો ગુરુચરણ જ હોય ને!મોક્ષદાતા મૂર્તિમાન મોક્ષસ્વરૂપ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની તેમની ભક્તિ નિશદિન વૃદ્ધિગત થતી જાય છે.તેમનાં રોમ-રોમમાં પૂજ્ય ગુરુદેવશ્રી વસી ગયા અને હૃદયના તાર-તાર તેમનું જ રટણ અને ભજન કરવા લાગ્યા.તેમની ઉક્ત પરિણતિના દર્શન નીચેનાં વાક્યોથી કરવા યોગ્ય છે.

પોરબંદરની અંદર મારા દિવસો પૂજ્ય કાનજીમહારાજના રટણમાં જ જતા,વિચાર પણ એ જ,સ્વપન પણ એ જ,પોરબંદરથી આવ્યા તે દિવસની રાત્રે પણ પૂજ્ય કાનજીમહારાજનાં સ્વપ્નાં આવતા. (વાંકાનેર,સં.૧૯૮૭)

અહો! ઉત્તમ મુમુક્ષુતાના પ્રગટ થયેલા ઉપરોક્ત ગુણો શું ભક્તિ અને નમસ્કાર કરવા યોગ્ય નથી?અવશ્ય કરવા યોગ્ય છે.કારણ કે સમકિતના બીજનું બીજ છે,માટે અવશ્ય વંદનીય છે.

### (૭) અપક્ષપાતપણે દોષનું અવલોકન

જેને સર્વ દોષથી અને સર્વ દુઃખથી મુક્ત થવું જ છે તેને અપક્ષપાતપણે સ્વયંના દોષનું અવલોકન સહજ ચાલે છે.દોષની સાથે દુઃખ જોડાયેલું છે અને નિર્દોષતાની સાથે સુખ જોડાયેલું છે.તો પછી સ્વયંના આવા નિજ પ્રયોજનની સિદ્ધિ અર્થે પોતાના દોષનું અપક્ષપાતપણે કેવું અવલોકન હોય છે?કેવી સરળતા હોય છે?કેવી મધ્યસ્થતા હોય છે?તે તેમનાં નીચેનાં વાક્યામૃતથી દૃશ્યમાન થઈ શકે તેમ છે.

અત્રે પ્રમાદાવસ્થા છે,તેનાં નિમિત્તો મળતાં,શિથિલપણું હોવાથી,સત્યાસત્યનો વિચાર થઈ શકતો નથી.

જ્ઞાનીપુરુષ સાથે મારી દશા સરખાવવા જતાં હું એક પામર પશુ છું, એમ મને લાગે છે.ઘણી વાર આત્મા પ્રમાદ સહિત થઈ જાય છે.

આગળ લખે છે, થોડા મહિના પહેલાં મારી દશા અત્યારના પ્રમાણમાં ઊંચી હતી,આત્માને પુરુષાર્થ કરવો જરા સૂઝતો હતો,કષાયોને જીતતો હતો.અત્યારે પ્રમાદ છે. ઘણી વાર સત્યાસત્યની ગડમથલના વિકલ્પોમાં આ જીવ ગુંચાય છે.આમ ઘડી-ઘડીની સ્થિતિ છે.(સં.૧૯૮૭)

હજુ મારામાં તો કાંઈએ નથી.હજી સંસાર વહાલો લાગે છે,નહિતર આમ ન હોય.ભાષાથી બોલવું,પત્રમાં લખવું,તે નકામી વાતો કર્યા જેવું છે.(વિ.સં.૧૯૮૭-૮૮)

આટલા મહાન ગુણો પ્રગટ થયાં હોવા છતાં પૂર્ણતાનું લક્ષ હોવાને કારણે ઉપરોક્ત વચનો સહજ જ પરિણમનમાંથી આવી ગયા છે.

**(૮) અંતર ખોજ**

ભવભ્રમણનો અભાવ કરવાના ધ્યેય સાથે પરિણમતા આ આત્માને હવે કોઈની સાથે બોલવું ગમતું નથી.અસત્સંગ તો દૂરથી જ ત્યાગી દીધો છે.અને અંતરમાં સ્વરૂપની ખોજ ચાલી રહી છે.એવું કેવું સ્વરૂપ છે કે જેના આધારે મારી પૂર્ણ શુદ્ધિની ભાવના પૂર્ણતાને પામે? એવું સ્વરૂપ ક્યાં છે? કે જેના આશ્રયે અનંત કાળ સુધી પરમસુખના ઘુંટડા પીતા જ રહીએ?એવું સ્વરૂપ ક્યાં છે કે જેના આધારે આ ઝેર જેવા સંસારનો અંત આવે? આવી અસહ્ય તાલાવેલી,ઝંખના પરિણામને ક્યાંય જંપ વાળીને બેસવા નથી દેતી. હૃદય રડે છે, ક્યાં છે એ સુખ?ક્યાં છે એ મારા નિજ પ્રભુ?અને આવું આર્ત્ત હૃદય પોકારી ઉઠે છે,

દૂર કાં પ્રભુ!દોડ તું,મારે રમત રમવી નથી,
આ નયન બંધન છોડ તું,મારે રમત રમવી નથી.
હું તો સુધાનો સ્વાદિયો,ચાલ્યો સુધાની શોધમાં,
ત્યાં ઝેરનો પ્યાલો મળ્યો,એવી રમત રમવી નથી.
નથી સહન કરી શકતો પ્રભુ,તારા વિરહની વેદના,
હે દેવ!તુજ દર્શન વિના,મારે રમત રમવી નથી.

આવી અથાગ વેદનાથી કુદરત પણ જાણે રડી પડે છે અને અંતરમાં નિર્મળતાના સ્ત્રોત વહેવા શરૂ થાય છે.અંતરમાંથી પરિણમેલી ભાવના સાથે કુદરત બંધાયેલી છે અને ભાવના

ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે.એવી પ્રચંડ ભાવના સામે કુદરત નમી પડે છે.

**(૯) સ્વરૂપ નિશ્ચય**

જ્ઞાનમાં વૃદ્ધિગત થતી નિર્મળતા દ્વારા જ્ઞાન પોતામાં ને પોતામાં સ્વભાવને ખોજે છે.જ્ઞાન અંશતઃ રાગથી મુક્ત થઈને,સ્વસન્મુખ વળીને સામાન્ય જ્ઞાનવેદનના આધારે અનંતગુણાત્મક એકરૂપ સ્વરૂપનો પત્તો મેળવી લ્યે છે.અહો!જેને માટે હૃદય રડતું હતું,જે સુખને માટે હૃદય ઝુરતુ હતું,જે નિજ પ્રભુને મળવા હૃદય પોકાર કરતું હતું, તે નિજ પ્રભુના આંગણે જઈને ઝાંખી થઈ,સ્પષ્ટ અનુભવાંશે લક્ષ અને પ્રતીત થઈ,જેથી ચૈતન્યવીર્યનો બંબો ફાટ્યો અને પુરુષાર્થ ધસમસતો આગળ વધી સ્વરૂપાનુભવ અર્થે ઉછાળા મારવા લાગ્યો.અનંતકાળથી ઘરબાયને પડેલી ઉકરડા જેવી મલિન પરિણતિનું સ્થાન અનંત ગુણાત્મક ચૈતન્યપ્રભુની ભજના પરિણતિએ લીધું.સ્વયંના નિજ પરમાત્મા સાથે સગાઈ થઈ અને પરિણતિ નિજ પરમેશ્વર સાથે તન્મય થવા અર્થે સ્વરૂપ ભણી દોડવા લાગી.એવો અનન્યભાવ પ્રગટ થયો કે હવે તો ઘડી એક પણ નિજ પ્રભુથી દૂર ન રહેવાય,દૂર રહી જ ન શકાય.

(૧૦) આત્મ-સાક્ષાત્કાર

વાંકાનેર,સંવત ૧૯૮૯,ફાગણ વદ ૧૯ નો દિવસ છે.બપોરના લગભગ ૩-૩૦ વાગ્યા છે.ઘરમાં એકાંત છે.પૂજ્ય બહેનશ્રી ઉપરની મેડી ઉપરના ઘરમાં સામાયિક કરવા બેઠા છે.નિજ સ્વરૂપરસ ઘુંટાઈ રહ્યો છે.પુરુષાર્થ રોક્યો રોકાય તેમ નથી.પરિભ્રમણનો અંત આવવાની તૈયારી છે. સ્વસ્વરૂપનું લક્ષ આવતાં,જ્ઞાતાધારાની વૃદ્ધિ થઈ સ્વરૂપનું ધ્યાન થયું અને તેમાં એકાગ્ર થતાં તે સ્વરૂપમાં તીવ્રતાએ વેગ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થઈ,ચૈતન્ય ભગવાન તે સ્વરૂપને અનુભવવા લાગ્યા.પોતાના નિર્વિકલ્પ સ્વરૂપ સહજ સ્વરૂપમાં ખેલવા લાગ્યા,રમવા લાગ્યા.ચૈતન્યદેવ આનંદ તરંગમાં ડોલે છે.અહા!અનંતકાળથી છુપાયેલા ભગવાન પ્રગટ થયા,તેનો છુપાયેલો એવો અનુપમ અમૃત સ્વાદ વેદાયો,અનુભવાયો!

અહો! ધન્ય તે ઘડી! ધન્ય તે નગરી! ધન્ય તે કુળ! ધન્ય તે ભૂમિ!

અનુપમ અમૃત આસ્વાદથી પરિણતિ તૃપ્ત થઈ.દેવાનુપ્રિય એવા આ મનુષ્યભવને સાર્થક કર્યો.દેવલોકના દેવોએ સ્વર્ગમાંથી વંદન કર્યા અને આવા મનુષ્યભવને ઝંખવા લાગ્યા.અનંતા સિદ્ધોએ જાણે પ્રસન્નતા અનુભવી અને પોતાની નાતમાં ભળેલા આ આત્માને જાણે કે સત્કારવા લાગ્યા.આનંદપૂર્વકની સ્વરલહરીઓ ગુંજવા લાગી.

આજ મંગળ મંદિર દ્વાર ખુલ્યા,મંગળ દ્વાર ખુલ્યા રે;
સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા,મંગળ દ્વાર ખુલ્યા રે.

આત્મા અકર્તા થયો.કર્તૃત્વ છૂટી ગયું ને જ્ઞાતા થઈ ગયો.જાણે કે સમસ્ત વિશ્વની ઉપર તરતવા લાગ્યો.

**(૧૧) જાતિસ્મરણજ્ઞાન**

અપ્રતિહતધારાએ આગળ વધતી સાધના પંચમ કાળને અવગણીને જાણે આ જ ભવે પૂર્ણતાને ધારણ કરવા તત્પર થઈ છે.દિન-પ્રતિદિન સ્વરૂપ ગ્રહણ શક્તિ વર્ધમાન થઈ રહી છે અને અંતર પરિણતિ નિજ પરમેશ્વર સાથે કેલી કરે છે.આવી અંતરંગ અધ્યાત્મદશા વચ્ચે સં.૧૯૯૩ માં ચૈત્ર વદ આઠમના દિવસે નિજ સ્વરૂપનું ધ્યાન ચાલી રહ્યું છે, સવારના દસ વાગ્યા છે. આત્મ સ્થિરતા વધતાં સીમંધર ભગવાનનું સમવસરણ દૃશ્યમાન થાય છે.શ્રુતકેવળીઓનાં ટોળા છે.કુંદકુંદાચાર્યદેવ ત્યાં બિરાજી રહ્યા છે અને પુરુષ પર્યાયે ત્યાં સ્વયં દિવ્યધ્વનિનું અમૃતપાન કરી રહ્યા છે.નિર્મળ શ્રુતજ્ઞાનની ધારા વચ્ચે આવું સ્મરણ પ્રગટ થયું.જેમ જેમ સાધના વૃદ્ધિગત થતી ગઈ ભવોભવના સ્મરણો આવવા લાગ્યા.તેમના સાતિશય જ્ઞાને શ્રી સૂર્યકીર્તિ ભગવાનનો ભેટો કરાવ્યો અને હિન્દુસ્તાન ડોલી ઉઠ્યું.આખું ભરતવર્ષ આ વિદેહના મહેમાનને મસ્તકે ચડાવી ઝુમવા લાગ્યું અને સહજ જ ગાવા લાગ્યું

સીમંધર - ગણધર સંતના, તમે સત્સંગી
અમ પામર તારણકાજ, પધાર્યા કરુણાંગી

**(૧૨) અંતરંગ અધ્યાત્મ દશા**

માત્ર ૧૯ વર્ષની લઘુ વયે આવી અદભુત સાધના પ્રગટ થઈ છે.તેમની અંતરંગ દશાનુ

પણ અત્ર વિહંગાવલોકન કરી રસાસ્વાદન કરવા યોગ્ય છે.

એક પત્રમાં લખે છે, અંતરમાં જ્ઞાતાધારા-ભેદજ્ઞાનધારા વર્ત્યા કરે છે,વિભાવોથી વિરક્તિ રહ્યા કરે છે. (વિ.સં.૧૯૮૯)

પર્વત ઉપર વીજળી પડ્યા પછી જેમ પર્વતને રેણ નથી દઈ શકાતા તેમ વિભાવોથી અને પરથી છૂટી પડેલી જ્ઞાતાધારા ભિન્નપણે જ વર્ત્યા જ કરે છે. અંતરંગ દશા વિશેષ વર્ધમાન થતી ચાલી છે.આગળ વિ.સં.૧૯૯૧,ચૈત્ર સુદ-૭ના દિવસે લખાયેલ પત્રમાં લખે છે. સ્વરૂપ સિવાય કાર્મણ કોથળીના નિમિત્તે પ્રગટ થતો સમસ્ત શુભાશુભ પરભાવ તે બોજારૂપ ને ઉપાધિરૂપ છે.તેના પ્રત્યે કેટલીક વાર સહજપણે વિશેષ ઉદાસીનતા આવી જાય છે, ને તે પ્રત્યે થાક લાગી-તે પ્રવૃત્તિથી અને તે પરિણતિથી થાક લાગી-ચૈતન્યપ્રભુ તેનાથી વિશેષ ઉદાસીન થઈ સ્વસ્વરૂપમાં સહજપણે વિશેષ સ્થિત થાય છે.

વિ.સં.૧૯૯૩ ના પોષ માસમાં લખે છે.

બાહ્ય સંયોગોની અસ્થિર પરિણતિમાં અસર અમુક અંશે સ્થિતિ પ્રમાણે થાય છે, જ્ઞાયકની પ્રતીતિરૂપ જુદી જ્ઞાયક પરિણતિમાં અસર નથી, હોવાયોગ્ય નથી.સ્થિરપરિણતિમાં અમુક અંશે સ્વરૂપસમાધિ હોવાયોગ્ય છે, ને તેમ જ છે.

અત્ર અંતર-બાહ્ય બન્ને પ્રકારની પરિણતિના દર્શન કરવા યોગ્ય છે.નિજ સ્વરૂપની પ્રતીતિરૂપ થયેલ જ્ઞાયક પરિણતિ કેવી નિશ્ચળપણે વર્તી રહી છે!તે અવગાહવા યોગ્ય છે. ધન્ય છે એ પરિણતિને!ધન્ય છે એ પુરુષાર્થને!

જે પૂર્ણ શુદ્ધિનું ધ્યેય બાંધીને નીકળ્યા તેને અધૂરાશ કેમ પોષાય?એ ધીમી ધારે અમૃતનું પાન કેમ કરે?એને તો હવે એ અમૃતધારાનું વિશેષ પાન કરવા અર્થે વન-જંગલ સાંભરે છે.આવા પ્રશસ્ત યોગમાં પણ રહેવું પોષાતું નથી અને મુનિદશાની કેવી ભાવના થઈ છે તે પણ અત્ર અવગાહન કરવા યોગ્ય છે.લખે છે,વિ.સં.૨૦૦૩ ની સાલ.

હવે તો વિભાવના બધા વિકલ્પથી છૂટીને વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે!હજારો મુનિઓના ટોળા જે કાળે વિચરતા હશે તે પ્રસંગને ધન્ય છે!તેવા કાળે મુનિપણું લઈ ઘડીમાં અપ્રમત્ત,ઘડીમાં પ્રમત્ત-એવી દશાને સાધી વીતરાગપર્યાયે પરિણમશું ત્યારે ધન્ય થશે! અહો!શું એમની વીતરાગતાની ભાવના!શું એમની મુનિપણાની ભાવના!નત

મસ્તક કર્યા સિવાય બીજું શું કરીએ?

પૂજ્ય ગુરુદેવશ્રીએ સત્ય જ ફરમાવ્યું છે કે,બધા ભાઈઓ એમનાં તળિયા ચાટે તો ઓછું છે,એવું તો આ દ્રવ્ય છે.

**(૧૩) ગુરુ-ભક્તિ**

આવી બળવાન અધ્યાત્મદશાની સાથે ગુરુ-ભક્તિનો સુસંગત પ્રકાર કેવો હોય છે તે પણ દર્શનીય છે.ગુરુ ભક્તિ કેવી હોય તે તો તે જ જાણે કે જે તે રૂપે પરિણમે!

હે ગુરુદેવ! આપનાથી દૂર રહેવાનો વિરહ સહન થતો નથી. (વાંકાનેર,વિ.સં.૧૯૯૧,ચૈત્ર સુદ-૯)

આત્મ-આધાર પૂજ્ય ગુરુદેવની તબિયતમાં હવે તો જરા પણ કાંઈ ન થાય,તદ્દન સારી રહે-એમ ઝંખના છે.(સોનગઢ,વિ.સં.૧૯૯૩,મહા માસ,રવિવાર) અહો!પૂજ્ય ગુરુદેવશ્રીની વિરહ વેદનામાં ઝૂરી રહેલા હૃદયમાંથી વારંવાર કેવા વાક્યામૃતો સરી પડે છે!

સોનગઢ પ્રત્યે,એ પવિત્ર ભૂમિ પ્રત્યે બહુ મહિમા આવે છે.હવે તો વિરહ સહન થતો નથી.પૂજ્ય ગુરુદેવ વિષેનો વિરહકાળ ઝટ પૂરો થાય એમ ભાવના છે.

(વાંકાનેર-વિ.સં.૧૯૯૩)

અહો!ગુરુ-ભક્તિથી તરબોળ હૃદય!વારંવાર વંદન હો! વંદન હો!

એમના રોમ-રોમમાં પૂજ્ય ગુરુદેવ વસી રહ્યા છે.એક એક પર્યાય પૂજ્ય ગુરુદેવના નામથી પ્રગટ થાય છે અને પૂજ્ય ગુરુદેવના નામથી જ સમાપ્ત થાય છે. સર્વત્ર ગુરુદેવમય જ બધું દેખાય છે.એવી ભક્તિને અને એવી ભક્તિના ધારક એવા આ અજોડ મહાત્માને વારંવાર નમસ્કાર હો!નમસ્કાર હો!

**(૧૪) પ્રભાવના યોગ**

જ્ઞાનદશાની અંતરમાં વૃદ્ધિ કરતાં કરતાં પૂજ્ય ગુરુદેવના ધર્મ પ્રભાવના યોગમાં પૂજ્ય બહેનશ્રીનો મહત્તમ ફાળો છે.અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠા-સ્થાપનામાં તેઓશ્રીનું માર્ગદર્શન રહેતું.અને જિનેન્દ્ર ભક્તિના અનેક પદોની રચના તેમના હૃદયમાંથી પ્રવહી હતી,જે આજે ભક્તિ ગ્રંથમાં જોવા મળે છે.શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપરના પૂજ્ય ગુરુદેવના પ્રવચનો

ઝીલીને ગ્રંથારૂઢ થયા.તે બધો મુમુક્ષુ જગત ઉપર તેમનો અનુપમ ઉપકાર અવિસ્મરણીય છે.તથા સાંપ્રત મુમુક્ષુ સમાજને માટે આવશ્યક એવા પૂજ્ય બહેનશ્રીના વચનામૃત માં પ્રસિદ્ધ અમૂલ્ય માર્ગદર્શન કે જે તેઓશ્રીનો આપણા ઉપર થયેલ અસીમ ઉપકાર છે.અને આ મુદ્દાને ધ્યાનમાં રાખીને જ નિષ્કારણ કરુણાશીલ એવા પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પુસ્તકની એક લાખ પ્રત છપાવવાની ભાવના વ્યક્ત કરી હતી.

**(૧૫) અંતિમ યાત્રા**

અરે! કુદરત પણ જાણે એમની શ્રીગુરુની વિરહ વેદનાથી વ્યથિત થઈ ઊઠી લાગે છે!એમની વિરહ વેદના જાણે જોઈ શકાતી ન હોય અને સહન ન કરી શકાતી હોય, તેમ જાણે શ્રી ગુરુનું મિલન કરાવવા તૈયાર થઈ ગઈ! ઘણા સમયથી ચાલ્યું આવતું નાજુક સ્વાસ્થ્ય,વિ.સં.2046,વૈશાખ વદ 3નો દિવસ.વાતાવરણમાં ગજબની ઉદાસીનતા છવાયેલી છે.રોજીદા નિત્યક્રમ પ્રમાણે રાતના સુતી વખતે બહેનોએ કહ્યું,સુખધામ અનંત સુસંત.. સ્તુતિ બોલી લઈએ.ત્યારે પૂજ્ય બહેનશ્રીએ કહ્યું,તમે તમારા સુખધામમાં જાઓ,હું મારા સુખધામમાં જાઉં છું. આ વાક્યમાં શું સંકેત હતો કુદરતનો? શું અગમચેતી હતી?કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની આ સ્તુતિના વાચ્યમાં ઊતરવા માટે ઉપયોગ ઊંડો ઊતરી ગયો.નિજ અનંત સુખધામની અનંત પ્રશાંતિમાં કેલી કરવા ઉપયોગે ક્રીડા શરૂ કરી.બાહ્યમાં દેહનું વિસ્મરણ થઈ ગયું.વિકલ્પોએ શાંત થઈને ઉપયોગને માર્ગ કરી આપ્યો.અનંત ગુણની રસતરબોળ થયેલી પરિણતિ આવિર્ભૂત થઈ પ્રદેશે-પ્રદેશેથી રસાસ્વાદન કરવા લાગી.પ્રદેશે-પ્રદેશે અમૃતરસના ફૂવારામાં કેલી શરૂ થઈ અને પરિણતિ પરિતૃપ્તપણું અનુભવવા લાગી.દેહથી ભિન્ન ચૈતન્યગોળાનું આસ્વાદન થયું.

બહારમાં કુદરતે પણ અને આત્માની આવી ભિન્નતાની વાસ્તવિકતાને ખડી કરી દીધી અને ચિરવિદાયની ઘડીઓ આવી પહોંચી.મુમુક્ષુઓનું હૃદય ચાલ્યું ગયું.અંતે પંચમકાળે એનું સ્વરૂપ દેખાડી જ દીધું.અવિરત વહેતી અશ્રુધારા વચ્ચે મુમુક્ષુઓના હૃદયમાંથી સરી પડ્યું કે,

તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો
હો શિવપદ તક તુજ સંગ,માતા હાથ ગ્રહો.!!!

# પૂજ્ય બહેનશ્રીની મંગલવાણી

(પૂજ્ય બહેનશ્રીની વિડીયો તત્ત્વચર્ચા)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧ A

પ્રશ્ન :- એમાં મહત્તા અપાઈ જાય છે. મહત્તા અપાય છે અને વિચારી કરીએ તો વિચારથી ઈ જે ભાવ છે ઈ તૂટી શકતા નથી. જે મહત્તા અપાઈ જાયને? કુટુંબ-પરિવારના સભ્યો પ્રત્યે મમતા હોય. એ ઉદયભાવ.. જે મહત્તા અપાઈ જાય છે એ મહત્તા વિચારથી તૂટતી નથી. તો શું કરવું જોઈએ?

ઉત્તર :- ઉદયભાવ છે પણ અંદર જો આત્માની લગની લાગે તો વિચાર કરે, પણ વિચારથી ન તૂટે, જો આત્મા તરફની લગની લાગે ને તો એ તૂટે. વાસ્તવિક તો ક્યારે તૂટે? કે જ્ઞાયકને ઓળખે ત્યારે તૂટે છે. કે એને એનાથી જુદો પડે કે હું તો જ્ઞાયક છું, આ મારું સ્વરૂપ નથી. વાસ્તવિક્ત તો ત્યારે તૂટે છે. પણ ત્યારપહેલા પણ જો એ ઉદયભાવ ભલે રહ્યો પણ પોતે વિચાર કરે, પુરુષાર્થ કરે. માત્ર વિચાર એકલા કરે અને એની સાથે પોતાને એનો રસ તૂટી જાય તો એ મંદ પડી જાય છે.

જે સંસાર સંબંધીના વિચારો હોય એનો રસ તૂટી જાય તો એ વિચારો મંદ પડી જાય છે, એનો રસ તૂટી જાય છે કે આ તો બધું સારભૂત નથી. સારભૂત તો મારો આત્મા જ છે. આ તો બધું નિઃસાર છે. એવી જાતનો અંદરથી જો એને નિશ્ચય આવે અને ઈ જાતનો રસ તૂટી જાય કે મહિમાવંત તો મારો આત્મા જ છે, આ તો બધું કાંઈ સારભૂત નથી. એવી જાતનો જો અંદર નિશ્ચય આવે અને એવી જાતની જો અંદરથી નીરસતા લાગે તો ઈ તૂટે. એકલો માત્ર વિચાર કર્યા કરે અને નીરસતા ન લાગે તો એમ ન તૂટે.

અંદરથી ખરેખર આ મારું સ્વરૂપ નથી, આ સારભૂત નથી. આ મારો આત્મા શાશ્વત છે. આ કાંઈ મહિમાવંત નથી. આ તો બધું માત્ર કલ્પનાથી માનેલું છે બધું. એવી જાતનો અંદરથી વૈરાગ્ય આવવો જોઈએ, એ જાતની લગની લાગવી જોઈએ વિચારની સાથે સાથે, તો તૂટે.

ઉદયભાવમાં પોતે જોડાઈ જાય, પણ અંદરથી એનો રસ તૂટી જાવો જોઈએ તો છૂટે. રસ તૂટે તો અશુભમાંથી શુભમાં આવે, પણ એ શુભ પણ મારું સ્વરૂપ નથી, એનાથી પણ હું જુદો છું. યથાર્થ વસ્તુને જાણે કે સાચું તો આ જ છે. આ બધું ખોટું જ છે. તો ખોટામાં ઊભું રહેવું એ એને અંતરથી જો લગની લાગે તો તૂટે. લગની વગર તૂટે નહિ. આત્માની મહિમા આવ્યા વગર એ તૂટે નહિ.

બહારના રાગ બધા એવા હોય છે કે ચૈતન્ય તરફનો જે અંદર પ્રેમ જાગે તો બહારનો પ્રેમ અંદરથી તૂટી જાય. એક મારો આત્મા સર્વસ્વ છે. તે જ જાણવાલાયક છે, તે જ જોવાલાયક છે, તે જ વિચારવાલાયક છે. એનું જ ભજન કરવાયોગ્ય છે, આ બધું નકામું છે. અને બહારમાં ભગવાન જિનેન્દ્રદેવ જેણે વસ્તુસ્વરૂપ બતાવ્યું તે જ હૃદયમાં રાખવાયોગ્ય છે, ગુરુ હૃદયમાં રાખવાયોગ્ય છે. શાસ્ત્રનું ચિંતવન કરવાયોગ્ય છે. આ બધું કાંઈ એના પ્રત્યે દૃષ્ટિ મૂકવા જેવી નથી. એને લક્ષમાં લેવા જેવું નથી, એના ઉપર રાગ કરવા જેવો નથી. એવો અંદરથી જો સાચો નિર્ણય આવે અને સાચા વિચાર અને સાચી લગની લાગે અને સાચો વૈરાગ્ય આવે તો તૂટે.

બાકી જીવે વૈરાગ્ય લાવીને ઘણીવાર તોડ્યું છે. પણ યથાર્થ તો ક્યારે તૂટે? કે આત્માને લક્ષમાં લે, જ્ઞાયકને ઓળખે તો વાસ્તવિક તૂટે. નહિતર આમ વિચારથી, વૈરાગ્યથી તૂટે છે, એનો રસ તૂટી જાય છે. ઉદયભાવ પોતાને કહેતો નથી કે તું પરાણે આમાં જોડાઈ જા. પોતે જોડાય છે. એ બહારનું કોઈ કહેતું નથી કે તું મને જો, તું મને સાંભળ કે તું મારા વિચાર કર. એમ કોઈ કહેતું નથી. પોતે પોતાના રાગથી જોડાય છે. એનો રાગ નીરસતા લાગે તો તૂટી જાય.

પ્રશ્ન :- એની મહત્તા...

ઉત્તર :- મહિમા એની લાગે છે, મહત્તા એની લાગે છે. ચૈતન્યની મહત્તા લાગતી નથી. મહત્તા લાગવી જોઈએ. ચૈતન્ય જ આશ્ચર્યભૂત અને મહિમાવંત પદાર્થ હોય તો જગતમાં એક ચૈતન્ય આત્મા જ છે. અને એ જેણે આત્મા પ્રગટ કર્યો એવા જે જિનેન્દ્ર ભગવાન, તે મહિમાવંત છે. અને એની સાધના કરનારા ગુરુ મહિમાવંત છે. બાકી કોઈ મહિમાવંત નથી. અને મહિમાવંત મારો આત્મા છે. બીજું કોઈ મહિમાવંત નથી. એની મહિમા લાગે તો તૂટે. મહિમા લાગે તો નીરસતા આવી જાય એના ઉપર, તો તૂટી જાય. માત્ર વિચાર કર્યા કરે, લુખા વિચાર કરે તો ન તૂટે.

પ્રશ્ન :- આપના વચનામૃતમાં આવે છેને કે જીવન આત્મામય બનાવી લેવું જોઈએ. એ કેવી રીતે?

ઉત્તર :- હા, જીવન આત્મામય જ બનાવી દેવું જોઈએ. આ જીવન બધું રાગમાં વિકલ્પમય છે એને બદલે આત્મમય જીવન જ (બનાવી નાખવું). બસ! હું આત્મા છું. આ શરીર તે હું નથી અને હું તો આત્મા છું. હું તો ચૈતન્યમૂર્તિ, ચૈતન્યતા, ચૈતન્યનું સ્વરૂપ તે જ હું છું, આ હું નથી. એમ આત્મામય જીવન. એને ડગલે-પગલે બસ આત્મા જ એને યાદ આવે છે કે આ બધું હું કાંઈ નથી. આ તો બધું બહારનું પરદ્રવ્ય છે. મારો આત્મા જુદો છે. હું તો ચૈતન્ય છું. આ બધા એને આશ્રિત જે વિચારો આવે એ વિચાર બધા નિરર્થક છે, કાંઈ સારભૂત નથી. હું તો એક ચૈતન્યમય છું. આત્મામય જીવન એવું સહજપણે (કરે).

ભાવનાથી કરે. પહેલા તો સહજ થાવું મુશ્કેલ પડે. પ્રયત્નથી કરે, પણ આત્મામય જ જીવન થઈ જાય તો બધું છૂટી જાય. તો એની એકત્વબુદ્ધિ તૂટી જાય. તો બધું તૂટવાનો અવકાશ છે. આત્મામય જીવન બનાવી દેવું જોઈએ. અંતરદષ્ટિ કરીને હું તો આત્મા છું. આ બધું બહાર દેખાય છે તે બધું હું કાંઈ નથી. હું તો અંતરમાં કોક જુદું જ ચૈતન્યદ્રવ્ય છું. આ બધું બહારમાં દેખાય તે હું નથી. બહારમાં માની લીધું કે આ શરીર આવી જાતનું તે હું. આ બધું બહારની કલ્પનાએ ઘર, કુટુંબ, આ બધું પોતાનું માન્યું છે એ બધું કાંઈ હું નથી. હું તો ચૈતન્ય આત્મા છું.

અનંતકાળમાં ઘણું કર્યું. બધો વિચાર કરીને વૈરાગ્ય કર્યો, બધું કર્યું, પણ એ યથાર્થ કર્યું નથી, આત્માને સમજીને કર્યું નથી. હું તો આત્મા છું. આ મારું સ્વરૂપ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને જે વૈરાગ્ય આવે, જે વિચારો આવે એ બધું પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવું જોઈએ (કે) હું તો આત્મા છું. એવું સહજપણે એવું કરવાનો પ્રયત્ન કરે. પહેલાં સહજ હોતું નથી પણ સહજ કરવાનો પ્રયત્ન કરે. આ ઉદયભાવ તે હું નથી. હું તો પારિણામિકભાવે રહેનારો ચૈતન્યસ્વરૂપ આત્મા તે પારિણામિકભાવ તે મારું સ્વરૂપ છે. આ મારું સ્વરૂપ નથી.

પ્રશ્ન :- 'શ્રીમદ્'માં એવું આવે છે કે પાત્રતા માટે વિશેષ પ્રયત્ન રાખવો. તો ઈ પાત્રતામાં કેવી વિશેષતા હોવી જોઈએ?

ઉત્તર :- પાત્રતામાં એટલે કે પોતે આત્માને ગ્રહણ કેવી રીતે કરવો? એને માટે થઈને પાત્રતા વિશેષ.... કોઈ જાતની તન્મયતા ન થાય. આત્માની મહિમા છૂટીને બહારની કોઈ મહિમા ન આવે, બહારની કોઈ આશ્ચર્યભૂત વસ્તુ ન લાગે. એક આત્મા જ એને આશ્ચર્ય લાગે. બહારની કોઈ ચીજ આત્મા કરતાં કોઈ વધી ન જાય.

એક આત્મા જ મારો સર્વોત્કૃષ્ટ (છે). આત્મા સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર અને એક આત્મા એના કરતા કાંઈ વિશેષ લાગે નહિ. વિશેષ કોઈ એવા નિષ્પ્રયોજનમાં વિશેષ એમાં એકત્વ થઈ જાય, તન્મય થઈ જાય બહારના કોઈ કોઈ પ્રસંગોમાં, કષાયોના રસમાં એકત્વ, વિશેષ તન્મય થઈ જાય. એ બધું આત્માર્થીને, જેને આત્માનું પ્રયોજન છે એ બધું એને મંદ પડી જાય છે. અનંતાનુબંધીનો રસ બધો મંદ પડી જાય છે. એવી પાત્રતા હોય. તત્ત્વ કેમ ગ્રહણ થાય? એ જ જાતની જિજ્ઞાસા રહ્યા કરે છે.

બહારમાં બધે તન્મયતા, ક્યાંય તન્મયતા વિશેષ ન થઈ જાય. આત્મા છૂટીને વિશેષપણે ક્યાંય સાંસારિક કાર્યોમાં એને વધારે પડતો રસ આવી જાય આત્મા સિવાય (એવું ન હોય). આત્મા જ જેનું પ્રયોજન હોય છે. એવી એની પાત્રતા હોય. આવે છેને? વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા એ બધું તત્ત્વ પામવાનું પાત્ર છે. અંતરંગ જાણવામાં આવે છે. ક્યાંય રાગમાં ખેંચાય નહિ, ક્યાંય દ્વેષમાં એકદમ ઓલો થઈ જાય એવું થાય નહિ. બધામાં મધ્યસ્થ રહે. એને બધું છૂટી નથી જાતું, પણ બધો રસ તૂટી જાય છે અને બધું મર્યાદા થઈ જાય છે.

સમ્યગ્દૃષ્ટિ તો ભેદજ્ઞાન થાય એટલે જુદો પડી જાય છે. એટલે છૂટો પડી જાય છે. એટલે એને તો બધું મર્યાદામાં આવી જાય છે કે અનંતાનુબંધીનો રસ એને છૂટી ગયો, ન્યારો થઈ ગયો. એટલે એને ભેદજ્ઞાન થઈ ગયું એટલે વધારે પડતો ક્યાંય... એ તો જુદો જ રહે છે. એકત્વ થાતો નથી. એવી રીતે જુદો રહે છે. પણ પાત્રતામાં પણ એ કોઈ જાતના વિકલ્પમાં વધારે પડતો તન્મય થાતો નથી. એને પણ ભાવના તો આત્માની જ છે. આત્માનું જ પ્રયોજન મુખ્ય રહે છે. એને પ્રયોજન મુખ્ય છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાયકતાની ધારા ચાલે છે, પણ આને આત્મા પ્રગટ કરવો છે માટે રસ બધેથી તૂટીને વિશેષ ક્યાંય તન્મય થાતો નથી. કોઈ વિકલ્પોમાં, કોઈ બહારના કાર્યોમાં, કોઈ જાતના ઘર-કુટુંબ પ્રત્યે વિશેષ તન્મય ક્યાંય (થતો નથી). કાર્યમાં જોડાય પણ રસમાં તન્મય થાતો નથી. આત્માનું પ્રયોજન જ જેને મુખ્ય રહે છે. કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ. માત્ર મોક્ષની અભિલાષા જ જેને છે, મુક્તિની અભિલાષા છે. દરેકમાં આત્માનું જ પ્રયોજન જેને રહે છે.

પ્રશ્ન :- જેને આત્માનું પ્રયોજન, માતાજી! રહે એને મધ્યસ્થતા જિતેન્દ્રિયપણું આ બધાને મેળ હોતો હશે?

ઉત્તર :- બધાને મેળ હોય છે. હા. સરળતા બધું હોય. બધાને મેળ હોય છે.

વધારે પડતો ક્યાંય લેપાતો નથી. આત્માનું પ્રયોજન રહે છે. એના આંતરિક એના પરિણામ સમજી શકે. વધારે પડતો ક્યાંય લેપાતો નથી. ક્યાંય એને આત્માને છૂટીને વિશેષ રસ આવતો નથી. એને મારો આત્મા જ બસ સર્વોત્કૃષ્ટ છે. આત્મા મને ન મળે તો આ બધું... આત્મા જ કેમ મળે એ જ એને ભાવના છે. આ બધું નિઃસાર (છે), એને ક્યાંય રસ પડતો નથી. વિશેષ રસ એને ક્યાંય આવતો નથી.

આત્માનું જ કરવા જેવું છે. એ બધો વિચાર કરી અને જ્ઞાનસ્વભાવનો યથાર્થ નિર્ણય કરે. આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું એમ નિર્ણય કર્યો. પણ નિર્ણય કર્યો પણ પછી અંદરથી જો રુચિ મંદ પડી જાય તો નિર્ણયમાં ફેર પડી જાય. એમાં પુરુષાર્થ આત્મા તરફનો એ જિજ્ઞાસા અને લગની એવી ને એવી હોય તો નિર્ણયમાં ફેર પડતો નથી. દરેક ઠેકાણે પુરુષાર્થ તો હોય જ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ એને પુરુષાર્થ હોય છે. દરેક ઠેકાણે સાધકદશામાં પુરુષાર્થ હોય છે. તો જેને આત્માની રુચિ થઈ એમાં પણ પુરુષાર્થ તો સાથે જ હોય છે. એણે આત્માનું નક્કી કર્યું કે આત્માનું જ કરવા જેવું છે, એમ નક્કી કર્યું અને એ નક્કી કર્યું અને જો બરાબર અંતરમાંથી નક્કી કરે તો એ ફરતું નથી. પણ જો એમાં એને ફરી જાય, પુરુષાર્થ ફરી જાય તો ફરી જાય.

પ્રશ્ન :- મારે આત્મા જ પ્રાપ્ત કરવો છે એવી જે ભાવનાથી ઉપડ્યો હતો એ ભાવના જો મંદ પડી જાય...

ઉત્તર :- એ ભાવના મંદ પડે તો નિર્ણય ફરી જાય.

પ્રશ્ન :- આવી રીતે કરેલો હોય તોપણ?

ઉત્તર :- તોપણ. ભાવના મંદ પડે કે મારે આત્માનું જ કરવું છે, આત્મા જ સર્વસ્વ છે એમ કરીને નિર્ણય કર્યો અને જો ભાવના ફરી જાય તો એના નિર્ણયમાં પણ ડામાડોળ થવાનો અવકાશ છે એની અંદર.

પ્રશ્ન :- ત્યાં માતાજી! આશંકા શું થાય? કે પોતાનુ અને પરનું હોવાપણું દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેથી હોવાપણું ચેતનપણું તે મારું હોવાપણું છે, અચેતનપણું એ શરીરાદિ બધા પરદ્રવ્યોનું હોવાપણું છે. અને એ હોવાપણું એનું એના રૂપે રહ્યા કરે છે, મારું મારારૂપે રહ્યા કરે છે. કોઈનું ગ્રહણ થતું નથી. એટલી સમજણપૂર્વક અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ત્યાં પણ યોગ્યતાથી જ અને કાં તો તે દ્રવ્ય જ તે પર્યાયનો કર્તા થઈને કાર્ય કરે છે. આટલું બધું નક્કી કરીને ત્યાર પછી વિકલ્પ જે કાંઈ રાગ ઉત્પન્ન થતાં હતા એને ગૌણ કરીને, એનું સ્વામીત્વપણું છોડીને હું એક

જ્ઞાયક જ છું એમ...

ઉત્તર :- મોટે ભાગે ફરતો નથી. જેની ભાવના અંતરની હોય છે કે આત્માનું જ કરવા જેવું છે એવી અંતરની જેને ભાવના હોય છે એને મોટે ભાગે ફરતું નથી. તોપણ એમાં એક અવકાશ છે. એની ભાવના મંદ પડે તો ફરે. નિર્ણય એનો ઢીલો પડે, ભાવના મંદ પડે તો.

પ્રશ્ન :- એટલે આપ જેમ કહો છો એમ પર્યાયે પર્યાયે પુરુષાર્થ જોઈએ, એમ અહીંયાં પણ પહેલી ભૂમિકામાં પણ નિરંતર એ જાતનો પુરુષાર્થ...

ઉત્તર :- પુરુષાર્થ હોવો જોઈએ. એને કહેવાય છેને તું સત્સંગ કરજે, ગુરુની વાણી સાંભળજે, તારી આત્માની રુચિ ટકાવવા માટે. પોતાનો પુરુષાર્થ એટલો ન હોય તો બીજા સંગોમાં તું રહીશ નહિ. જેમાં આત્માની વાત હોય, સત્સંગ હોય એવા પરિચયમાં રહેજે, વારંવાર એના વિચાર કરજે, સ્વાધ્યાય કરજે એમ આવે છે. કારણ કે તારી રુચિને પુષ્ટિ મળે, તારી ભાવનાને પુષ્ટિ મળે. એટલે એ બધું આવે છે.

પુરુષાર્થ મંદ હોય, બીજા સંગમાં રહે તો એની રુચિને મંદ થવાનું કારણ બને. જો એટલો પુરુષાર્થ ન હોય તો. નહિતર કેટલાય એવા પણ હોય કે ગમે તેવા સંયોગમાં હોય તોપણ પુરુષાર્થથી પોતાની રુચિને દઢ જાળવી રાખે છે. અને પોતે એમને એમ આગળ પણ વધે છે. એવા પોતાના પુરુષાર્થથી એમ પણ બને છે. પણ કેટલાકને જો એટલો પુરુષાર્થ ન હોય તો એને બહારની અસર એને પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. માટે તું તારી રુચિ, નિર્ણય એ બધું પુરષાર્થથી જાળવી રાખજે એમ કહે છે.

પ્રશ્ન :- માતાજી! રુચિ એક જુદી વસ્તુ છે અને જ્ઞાનથી કરેલો નિર્ણય એક જુદી વસ્તુ છે. છતાં રુચિ મંદ થતા નિર્ણય આ રીતે સમજણપૂર્વક કર્યો હોય તોપણ પાછો ફરી જાય ખરો?

ઉત્તર :- ફરી જાય. રુચિ મંદ પડે તો નિર્ણય પછી મંદ પડે છે. એટલી એની દઢતામાં મોળપ આવી જાય છે. ફરી ન જાય...

મુમુક્ષુ :- .. થઈ ગયું.

ઉત્તર :- મોળપ આવી જાય છે.

મુમુક્ષુ :- કેમકે એવું પરિણતિમાં જોવા મળે કે મહિનો, બે મહિના અમુક ચિંતવન ચાલ્યું હોય ત્યારે આપણને એમ લાગે કે આ નિર્ણય છે. હવે આ નિર્ણય ફરશે નહિ. પાછું એવું પણ લાગે કે રુચિ મંદ પડતી દેખાય અને રુચિ મંદ પડે એટલે

કે ઓલો નિર્ણય આપ કહો છો એ પ્રમાણે ઢીલો પડી જાય. એવો પણ ખ્યાલ આવે. ત્યારે એમ થઈ જાય કે આ આટલું બધું સમજણપૂર્વક અને કોઈપણ કહે તો ન્યાય, યુક્તિથી શંકા વિનાનો જે નિર્ણય કર્યો છે એમાં કેમ આ રીતે થઈ ગયું? પણ આપ કહો છો એ પ્રમાણે રુચિ મંદ પડે.

ઉત્તર :- અને નિર્ણય મોળો પડે છે. સમજણપૂર્વક હોય કે આ વસ્તુનો સ્વભાવ આ જ છે. આ મારો સ્વભાવ નથી. પણ રુચિ મંદ પડવાથી, આત્માનું કરવા જેવું છે એમ હોવા છતાં જો પોતાની રુચિ અને પુરુષાર્થ મંદ પડે તો નિર્ણયમાં મોળપ (આવી જાય છે). કારણ કે જે નિર્ણય કર્યો એ રીતે પોતાનું કાર્ય જે અંદર એવી જાતની ભાવના જો ટકી રહેતી નથી તો એ નિર્ણય નિર્ણયરૂપે પછી શુષ્કતાને પામી જાય છે. એ મોળો પડી જાય છે. એ બધું ઠીક. આ બધું જુદું છે, પણ અંદર જે લાગવું જોઈએ કે જુદું છે પણ આત્માનો સ્વભાવ આ છે માટે એ જ કરવા જેવું છે એટલું જે ભાવનાનું જોર હતું એ મોળું પડી જાય એટલે ઓલો નિર્ણય હોય એ લુખાશને પામી જાય છે.

મુમુક્ષુ :- એનો અર્થ તો એ થયો કે નિરંતર પુરુષાર્થ અને એ જાતનો જ્યાં સુધી પોતાથી પુરુષાર્થ ન થતો હોય તો સત્સમાગમ, સત્શ્રવણ, સત્‌વાંચન ઇત્યાદિ બરાબર એણે રાખવું જોઈએ.

ઉત્તર :- એ હોવું જોઈએ બધું. સત્સંગ, શ્રવણ, મનન, સ્વાધ્યાય એ બધું. પોતાની અંદર પુરુષાર્થને જાળવવા માટે થઈને. દેવ-ગુરુ-શાસ્ત્રના એણે પરિચયમાં રહેવું, સત્સંગમાં રહેવું. જેવો યોગ હોય. યોગ ન બને તો પોતે શાસ્ત્રનો સ્વાધ્યાય કરે.

પ્રશ્ન :- સત્સંગમાં રહેવાની તો ખાસ જરૂરિયાત છે. એ તો અત્યારે જે આપની ચર્ચાઓ ચાલે છે એમાંથી પણ ઘણો ખ્યાલ આવે છે કે એક નાની બાબતમાં આપણને એમ લાગતું હોય કે આ બરાબર સમજીએ છીએ અને છતાં એમાં પણ ખરેખર જ્યારે આપશ્રી સમજાવો ત્યારે એમ થાય કે ના...

ઉત્તર :- એ પોતાથી ઉકેલવા જાય તો એ અર્થો મળે નહિ, એ અર્થ નીકળે નહિ. જે એમના હૃદયમાંથી આવતું હોય અને એમનું જે શ્રવણ અને એ બધું થાય એમાં જે આત્માને લાભ થાય એ જુદો જ થાય. એટલે એવો નિમિત્ત-ઉપાદાનનો એવો સંબંધ હોય છે.

પ્રશ્ન :- એમાં તો એ કહ્યું કે વ્યવહાર વ્યવહારને ઠેકાણે એ પણ બરાબર

સમજવા જેવો છે. અને નિશ્ચય નિશ્ચયની સાથે સમજીને એનો આશ્રય કરવો, એમ બેય વસ્તુ જેમ છે એમ સમજવી. વ્યવહારને એમ કે વ્યવહાર એ તો ખાલી ઉપચાર છે એમ કહીને કાઢી નાખે...

ઉત્તર :- કાઢી નાખે એ તો સમજ્યો નથી બરાબર. નિશ્ચયને નિશ્ચય તરીકે સમજવું, એનો આશ્રય લેવો આત્માનો, પણ વચ્ચે વ્યવહાર છે. વ્યવહાર એટલે કાંઈ છે જ નહિ એવો એનો અર્થ નથી. વચ્ચે સાધકદશા આવે છે પણ વ્યવહાર છે. અને મુમુક્ષુની દશામાં પણ એને અંદર આત્માર્થી જે હોય એને નિશ્ચયરૂપે નિશ્ચયને સમજે, આત્માનો આશ્રય કરવા જતાં વચ્ચે આ બધું આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્સંગ બધું એને જેમ હોય એમ સમજે.

પ્રશ્ન :- બે દ્રવ્ય વચ્ચે કર્તા કર્મ સંબંધ નથી છતાં જ્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ...

ઉત્તર :- છે એમ સમજીને એ રીતે વર્તન હોવું જોઈએ સમજીને બરાબર.

પ્રશ્ન :- આપ એક શબ્દ બોલ્યા સમજીને વર્તન પણ એ જાતનું હોવું જોઈએ.

ઉત્તર :- એકલી સમજણ હોય તો એ લુખાશને પામે છે. સમજણ થાય એ બરાબર છે, એ લાભનું કારણ (છે), પણ એનું વર્તન પણ એ રીતે હોવું જોઈએ.

નિશ્ચય ભૂતાર્થ છે, વ્યવહાર અભૂતાર્થ કહેવાય. અભૂતાર્થ એટલે કાંઈ વસ્તુ જ નથી એની. એની અપેક્ષાએ એ બરાબર છે. એની અપેક્ષાએ એ સત્યાર્થ છે એમ આવે છે. ભૂતાર્થની અપેક્ષાએ અસત્યાર્થ છે. એવી રીતે અભૂતાર્થ હોય કે કાંઈ વસ્તુ જ નથી, તો વચ્ચે સાધકદશા જ હોય નહિ. સમ્યગ્દર્શન થયા પછી તરત કેવળજ્ઞાન થઈ જાય, સાધકદશા વચ્ચે હોય જ નહિ તો. કારણ કે પર્યાય વચ્ચે હોય છે, અધુરાશ છે. એમ હજી તો મુમુક્ષુ છે અને આ આત્માનું પ્રયોજન છે. એમાં વચ્ચે આ બધું આવે છે. અશુભથી બચવા માટે શુભભાવો આવે છે. આશ્રય આત્માનો લેવાનો છે.

પ્રશ્ન :- વચમાં છે એને જાણીને એ જાતનું એનું વર્તન ન થાય તોપણ ત્યાં સુધી યથાર્થ નથી.

ઉત્તર :- યથાર્થ નથી. આ મારાથી થઈ શકતું નથી, પણ અશુભથી બચવા માટે શુભભાવો આવે છે. આત્માનો આશ્રય હોય એની સાથે આ હોય છે એમ સમજે છે. એ અંદર હૃદયપૂર્વક એની રુચિપૂર્વક સમજે છે. ઓલું એમ નક્કી કરી લીધું એટલે પછી એ છૂટી ગયું એવી જાતનું નહિ. એને એ જાતનું વર્તન એને અંદર આત્માની

પ્રયોજનથી હોય એટલે વર્તન આવ્યા વગર રહેતું નથી.

પ્રશ્ન :- આત્માના પ્રયોજનપૂર્વક એવું વર્તન, વ્યવહારનું વર્તન પણ આવ્યા વિના રહેતું નથી.

ઉત્તર :- આવ્યા વિના રહેતું નથી.

પ્રશ્ન :- જેમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી નિરંતર પુરુષાર્થ પરિણમતા એ સહેજે ટકી રહે છે અને આગળ વધે છે. એવી રીતે અહીંયાં પણ, સમ્યગ્દર્શન પહેલાં પણ જે કાંઈ નિર્ણય કર્યો એ નિર્ણયને ટકાવી રાખવા માટે અને એને આગળ વધવા માટે એને પણ આ જાતનો નિરંતર અપેક્ષિત પુરુષાર્થ એને ચાલુ રાખવો જોઈએ.

ઉત્તર :- ચાલુ રાખવો જોઈએ. કરેલા નિર્ણયમાં મોળાશ ન આવે, લુખાશ ન આવે એટલા માટે થઈને એને અશુભથી (બચવા) શુભભાવો આવે. દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા, શાસ્ત્ર સ્વાધ્યાય, સત્સંગ, વિચાર, વાંચન, સ્વાધ્યાય એ બધું હોય. વારંવાર જે વિચાર્યું હોય એનું રટણ કરે, એ બધું આવ્યા કરે. નહિતર તો અનાદિનો પ્રવાહ છે એમાં ચાલ્યો જાય છે.

પ્રશ્ન :- એમાં ભ્રાંતિ શું થઈ જાય કે નિર્ણય તો થઈ ગયો છે એક વખત. નિર્ણય થઈ ગયો છે પછી આપણને તો યથાર્થ નિર્ણય છે. યથાર્થ નિર્ણય છે પછી ક્યાં એમ કે...

ઉત્તર :- નિર્ણય થઈ ગયો કે આ જુદું છે બધું. હવે શું કરવાનું? એમ થઈ જાય. હજી બાકી છે. અનાદિનો પ્રવાહ એમાં તણાઈ જાય છે. અનાદિનો એનો પ્રવાહ એમ છે એ પુરુષાર્થની મંદતા થતાં એને વાર નથી લાગતી. અનાદિના પ્રવાહમાં ચાલ્યો જાય છે.

બહુ પુરુષાર્થી હોય તો ગમે એવા સંયોગમાં પણ પોતે ઊભો રહે છે. બહારના સંયોગ બીજા હોય અસત્સંગના ને એવા બને તો અંદર બહુ ખટક થઈ જાય કે આ હું ક્યાંથી? મારે તો બીજું કરવાનું છે. એમ કરીને પુરુષાર્થ કોઈને એમ પણ વધી જાય છે. પણ મોટે ભાગે તો એને સત્સંગ ઉપર આદર હોવો જોઈએ.

પ્રશ્ન :- જેને એકદમ થાય છે અથવા તો નથી નિમિત્ત, એને પણ આદર તો હોય છે.

ઉત્તર :- એને આદર તો હોય જ છે. પણ એમાં આવી પડ્યો એટલે શું થાય?

પ્રશ્ન :- બાકી તો મોટા ભાગના જીવોની તો આપે જેમ કહ્યું ને એ જ દશા હોય છે. કે જો પુરુષાર્થ મંદ પડી ગયો,... રુચિ મંદ પડી ગઈ તો પુરુષાર્થ મંદ પડી

જાય છે. પછી પાછો ક્યાંકને ક્યાંક અટવાઈ જાય છે.

ઉત્તર :- રુચિ, નિર્ણય ક્યાંય પડ્યો રહે. નિર્ણય છેને આપણે. અને આ અનાદિના પ્રવાહમાં, બધા બહારના કાર્યોમાં અને અનાદિના અશુભના ભાવોમાં ક્યાંય ચાલ્યો જાય છે પછી, પુરુષાર્થ મંદ પડે તો.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧ B

પ્રશ્ન :- જૈનધર્મ કેમ સાચો ધર્મ છે? બીજા બધા ધર્મો કેમ ખોટા ઠરાવે છે?

ઉત્તર :- તે દિ ઓલા એની દીકરીઓ પણ એમ જ પૂછતા હતા. ધર્મ તો કાંઈ બહાર નથી રહ્યો. ધર્મ તો આત્માનો સ્વભાવ છે. આત્માના સ્વભાવમાં ધર્મ છે. ધર્મ કાંઈ બહાર નથી. બધા બહાર માની રહ્યા છે. બહાર નથી, ધર્મ તો અંતરમાં છે. બીજાનું ખોટું અને આ સાચું એમ નહિ, પણ સાચું શું છે એ નક્કી કરવું પડે કે સાચું શું છે? ધર્મ ક્યાં રહેલો છે? ધર્મ બધા બહારમાં માની રહ્યા છે કે બહારથી કાંઈક ક્રિયાઓ કરીએ તો બહારથી ધર્મ થાય છે. બહારથી ધર્મ થાતો નથી. ધર્મ પોતાના પરિણામમાં રહેલો છે. તો પરિણામમાં પણ માત્ર અશુભભાવથી શુભભાવ કરે, પુણ્યબંધ થાય, પણ આત્માનો સ્વભાવ તો એનાથી પણ જુદો છે. આત્માનો સ્વભાવ ઓળખે તો ધર્મ થાય.

આ શરીર જુદું, આત્મા જુદો. બેય જુદી વસ્તુ છે. એ આત્મા ચૈતન્ય જુદો ઓળખે કે એ જાણનારો જ્ઞાયક છે. એ જ્ઞાયકને ઓળખે એમાં બધું ભરેલું છે. એમાં અનંતગુણ છે. આનંદ બધો આત્મામાં છે. એ આત્માને ઓળખે કઈ રીતે? ઓળખે અને એની પ્રતીત કરે, એનું જ્ઞાન કરે, એમાં લીનતા કરે તો ધર્મ થાય. ધર્મ બહાર નથી. આ વિભાવ વિકલ્પથી જુદો પડે, એનું ભેદજ્ઞાન કરે. શરીર જુદું પણ અંદર વિકલ્પ વિભાવ થાય તે પણ પોતાનો સ્વભાવ નથી. એનાથી પણ આત્મા તો જુદો, એનો સ્વભાવ જુદો છે.

બીજાનું ખોટું કઈ રીતે પોતે વિચારીને નક્કી કરવું જોઈએ. જૈનધર્મ એટલે વસ્તુનો ધર્મ છે. એ જ ખરો મુક્તિનો માર્ગ છે. જૈન એટલે વાડો નથી. પણ એક વસ્તુનો સ્વભાવ છે અને એ જ રીતે ધર્મ છે. જૈન શાસ્ત્રમાં જેમ આવે એ રીતે જ

વસ્તુનો સ્વભાવ અને એવો જ મુક્તિનો માર્ગ છે. તે મુક્તિના માર્ગથી અનંતા જીવો મોક્ષ ગયા છે, આ માર્ગેથી જ.

અંદર પોતાના સ્વભાવને ઓળખે કે હું જાણનારો છું. એ સ્વભાવ જે છે એ સ્વભાવ પ્રમાણે પોતે પરિણમન કરે તો એનો સ્વભાવધર્મ પ્રગટ થાય. સ્ફટિક સ્વભાવે નિર્મળ છે એમ આત્મા પણ નિર્મળ છે. અનાદિનું એ તત્ત્વ જ જુદું (રહ્યું છે). કોઈ પદાર્થ કોઈને કાંઈ મલિન કરી શકતું નથી. પોતે સ્ફટિક જેવો નિર્મળ છે. એમાં લાલ, પીળા બધા પ્રતિબિંબો પડે એમાં લાલ, પીળા ફૂલના, તો સ્ફટિક લાલ અને પીળું એવું દેખાય પણ સફેદ જ હોય છે. એને પોતે ભેદજ્ઞાન કરીને એના સ્વભાવને ઓળખે તો ધર્મ થાય.

પાણી સ્વભાવે શીતળ છે, સ્વભાવે નિર્મળ છે. કાદવને કારણે મેલું થાય તો એ કાદવરૂપે ઈ થઈ નથી જતું. એમાં ઔષધિ નાખો તો નિર્મળ (થાય છે). એ તો મૂળ સ્વભાવ જ એનો નિર્મળ અને શીતળ છે. ઊનું થાય તોપણ પાણીનો સ્વભાવ તો શીતળ છે. અગ્નિના નિમિત્તે એ ઉષ્ણ દેખાય, થાય છે, પણ પાછું એને એક કોર મૂકી દો તો એનો જે સ્વભાવ હતો તો શીતળ જ થઈ જાય છે.

એમ આત્મા સ્વભાવે શીતળ, નિર્મળ એવો છે. પણ આ કર્મના પોતાના પુરુષાર્થથી મંદતાએ, કર્મ કરી નથી દેતું, કર્મનું નિમિત્ત છે, પણ પોતે મલિનતારૂપે પરિણમે છે. એનાથી છૂટો પડીને પોતાના સ્વભાવને ઓળખે, એની શ્રદ્ધા કરે, એનું જ્ઞાન કરે, ભેદજ્ઞાન કરે તો ધર્મ થાય. પહેલા તો એની જિજ્ઞાસા કરે, ભાવના કરે (કે) કેમ ઓળખાય. એના માટે શાસ્ત્ર સ્વાધ્યાય કરે, વિચાર કરે, નિર્ણય કરે, પરીક્ષા કરે અને પછી લગની લગાડે. આત્માની મહિમા આવે તો આત્માનો સ્વભાવ ઓળખાય. એનું ભેદજ્ઞાન થાય, એની સ્વાનુભૂતિ થાય તો સમ્યગ્દર્શન થાય.

સમ્યગ્દર્શન થાય એટલે મુક્તિનો માર્ગ શરૂ થાય છે. એને સ્વાનુભૂતિ થાય, આત્માના આનંદની અનુભૂતિ થાય. જગતથી જુદો જેવો અનુપમ આત્મા છે એ ઓળખાય. સ્વાનુભૂતિ થયા પછી એને ચારિત્ર-લીનતા થાય અને એમ આગળ જતાં જતાં પછી મુનિપણું થાય, કેવળજ્ઞાન થાય. એ મુક્તિનો માર્ગ સમ્યગ્દર્શનથી પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન અનંતકાળમાં પ્રગટ થયું નથી. બધું બહારમાં રોકાઈ ગયું છે. અંતરમાં એની જિજ્ઞાસા, લગની લગાડે કે આત્માની સ્વાનુભૂતિ-સમ્યગ્દર્શન કેમ થાય? એને માટે વિચાર, વાંચન, 'ગુરુદેવે' જે કીધું છે એનો વિચાર કરે, વાંચન કરે, લગની લગાડે તો થાય. ભેદજ્ઞાન કરવાનો પ્રયાસ કરે. દ્રવ્યદૃષ્ટિથી આત્મા નિર્મળ છે,

પર્યાયમાં અશુદ્ધતા છે. એ કેમ ટળે? એનો પુરુષાર્થ કરે તો થાય.

બીજા ધર્મનું તો વિચારથી નક્કી કરવું પડે કે વીતરાગી ધર્મ તે જ સાચો ધર્મ છે. આત્માનો સ્વભાવ ઓળખાવે અને અંદરથી ભેદજ્ઞાન થાય, વીતરાગદશા પ્રગટ થાય. એ જ ખરો ધર્મ છે. જેમાં રાગની વાતું આવે, જેમાં કાંઈક બીજી વાત આવે એવો ધર્મ ન હોય. જે વીતરાગી દેવ તે ખરા દેવ અને જે વીતરાગી ધર્મ તે ખરો ધર્મ છે. આત્માનો સ્વભાવ તે જ ધર્મ છે. બીજા બધામાં કાંઈ આડીઅવળી રાગની ને આટલું કરવાથી ધર્મ થાય, બીજા કોઈ ધર્મ આપી દેશે અને બહારથી ધર્મ આવે છે, કોક કરી દે છે. કોઈ કોઈનું કરી દેતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે પોતાને સ્વતંત્ર છે. જન્મ-મરણમાં પોતે સ્વતંત્ર છે. રાગ કરવામાં પોતે રાગ કરે, છોડવામાં પોતે જ છોડે છે. કોઈ કોઈનું કરી દેતું નથી. દરેક આત્મા કોઈ કરી દે છે, કોઈ ભગવાન કરી દે છે એ વાત કાંઈ યથાર્થ નથી. તો આત્મા પરાધીન થઈ જાય કોઈ કરી દેતું હોય તો. કોઈ કોઈને મોક્ષે લઈ જાય અને કોક સંસારમાં રખડાવે એવું થાય. પોતે સ્વતંત્ર છે. પોતે રાગ-દ્વેષને લઈને, ખોટી માન્યતાને લઈને જન્મ-મરણ કરે છે અને પોતે જ જ્ઞાન સાચું કરીને, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પોતે જ મુક્ત થાય છે, મુક્ત સ્વરૂપે પરિણમે છે.

પ્રશ્ન :- આત્મા કા સ્વરૂપ ક્યા હૈ?

ઉત્તર :- આત્મા કા સ્વરૂપ-આત્મા જાનનેવાલા હૈ. ઉસકા મુખ્ય સ્વભાવ જ્ઞાન હૈ. યહ શરીર કુછ જાનતા નહીં હૈ. જ્ઞાન જાનતા હૈ. જ્ઞાન, ભીતરમેં જ્ઞાનસ્વભાવી જાનતા હૈ. લેકિન ઈસ જ્ઞાનમેં અનંત ગુણ હૈ આત્મામેં. જ્ઞાન હૈ, આનંદ હૈ ઐસે અનંત ગુણ આત્મામેં હૈ. જિસકો કોઈ નામ નહીં હૈ. જ્ઞાન, દર્શન, ચારિત્ર ઐસે નામ આતે હૈં. જ્ઞાન, દર્શન, ચારિત્ર, બલ, પ્રભુત્વ, વિભુત્વ ઐસે કોઈ-કોઈ નામ આતે હૈં. લેકિન ઐસે તો અનંત ગુણ આત્મામેં હૈં. યહ આત્મા કા સ્વભાવ હૈ. લેકિન ઉસકો પહચાનનેમેં જો જાનનસ્વભાવ હૈ ન, જો જાનનેવાલા હૈ વહ આત્મા હૈ. જો જાનતા હૈ, યહ શરીર નહિ જાનતા. ભીતરમેં જો વિકલ્પ રાગ-દ્વેષ આતે હૈં તો રાગ કુછ જાનતા નહીં હૈ. જાનનેવાલા કોઈ તત્ત્વ હૈ ભીતરમેં, વહ તત્ત્વ આત્મા હૈ. જિસકો જાનતા હૈ, સુખ હુઆ, દુઃખ હુઆ, રાગ હુઆ સબકો કૌન જાનતા હૈ? કિ જાનનેવાલા આત્મા હૈ વહ જાનનેવાલા હૈ. યહ જાનનેવાલા કોઈ ઐસા ઈસકા સ્વભાવ હૈ કિ જો અનુપમ જિસકી ઉપમા નહિ હોતી, ઐસા વહ જાનનેવાલા અનંત કો જાનતા હૈ. ઐસા ઈસકા સ્વભાવ હૈ. પરંતુ રાગ-દ્વેષમેં એકત્વ હો ગયા ઈસલિયે

ઉસકા જાનના કમ હો ગયા હૈ. બહુત અલ્પ હો ગયા હૈ. અનંતકો જાને, કોઈ આંખ, કાન કિસી કી જરૂરત નહીં પડતી. ભીતરમેં સે જાને, ઐસા ઉસકા સ્વભાવ કોઈ અદ્‌ભુત હૈ જ્ઞાનકા. લેકિન જબ વીતરાગદશા હોવે તબ યહ પ્રગટ હોતા હૈ.

ભીતરમેં જો જાનતા હૈ વહ જાનનેવાલા તત્ત્વ હૈ વહ આત્મા હૈ. ઉસકા નાશ નહીં હોતા. કોઈ ઈસકા નાશ નહીં કર સકતા હૈ. ઐસા તત્ત્વ હૈ ભીતરમેં. યહ શરીર કુછ જાનતા નહીં, હાથ કુછ જાનતા નહીં, વિકલ્પ, રાગ-દ્વેષ કુછ નહીં જાનતા. જાનનેવાલા અંદરમેં હૈ. ઉસ જાનનેવાલે કો જો જાન લે વહ આત્મા હૈ. વહ જાનનેવાલા હૈ. નિંદ્રામેં સબ જાનનેવાલા હૈ. ક્યા હુઆ? બચપન સે બડા હુઆ ઉસમેં ક્યા ક્યા હુઆ, વહ જ્ઞાન કરનેવાલા આત્મા હૈ. યહ જાનનેવાલા ઉસકા સ્વભાવ હૈ જાનને કા. ભીતરમેં તો ઈસકા આનંદસ્વભાવ હૈ. ઈસ આનંદકી કોઈ ઉપમા નહીં હોતી. ઐસા આનંદસ્વભાવ હૈ. ઉસકા ચારિત્ર સ્વભાવ હૈ. આત્મામેં લીનતા કરે ઐસા સ્વભાવ હૈ. બહુત અનંત-અનંત સ્વભાવ હૈ ઈસકા. અનંત બલવાન હૈ ઐસા સ્વભાવ હૈ. બાહરમેં બલ કરે (વહ નહીં), અંતર આત્મામેં બલવાન હૈ. યહ આત્મા કા સ્વભાવ હૈ.

પર કો જાનતા હૈ વહ જાનનેવાલા નહીં, સ્વયં જાનનેવાલા હૈ. જડ હૈ રૂપ, રસ, ગંધ ઐસા ઈસકા સ્વભાવ હૈ સ્વયં. (વૈસે) ચૈતન્ય આત્મા કા સ્વભાવ સ્વયં જાનને કા સ્વભાવ હૈ. કોઈ ઈસકો કરતા નહિ. સ્વયં ઈસકા તત્ત્વ સ્વતઃસિદ્ધ કિસીને બનાયા નહીં ઐસા સહજ તત્ત્વ કો જાને. જૈસે જડ સહજ હૈ, વૈસે આત્મા જાનનેવાલા સહજ તત્ત્વ હૈ. લેકિન ઈસકી જિજ્ઞાસા હોવે તબ વહ જાનને મેં આતા હૈ. વિચાર કરે તબ જાનને મેં આતા હૈ. કોઈ કહતે હૈં કિ આત્મા હૈ હી નહીં. ઐસા નહીં હૈ. આત્મા એક વસ્તુ હૈ. ઉસકી સ્વાનુભૂતિ કરનેસે, ભીંતરમેં સે ઉસકો પીછાનને સે ઉસકી સ્વાનુભૂતિ હોતી હૈ. જાનનેવાલા આત્મા હૈ.

પ્રશ્ન :-

ઉત્તર :- સ્વર્ગ-નર્ક? સ્વર્ગ-નર્ક હૈ. જૈસા પરિણામ હોતા હૈ કિ કોઈ અચ્છા ભાવ કરે, ઐસા પુણ્યકા ઐસે અચ્છે અચ્છે ભાવ કરે. ભગવાન કા, ગુરુકી સેવા કા, ભગવાનકી પૂજા કા, શાસ્ત્ર વાંચન કરે ઐસે સબ અચ્છે ભાવ કરે તો અચ્છે ભાવ કરને સે પુણ્યબંધ હોતા હૈ. અચ્છે ભાવ કરને સે પુણ્યબંધ હોતા હૈ ઔર ઉસકે ફલમેં સ્વર્ગ મીલતા હૈ. સ્વર્ગ હૈ જગતમેં. ઔર બહુત પાપકા ભાવ કરતા હૈ તો દુનિયામેં ઈસકા ફલ, બહુત પાપ કરતા હૈ તો દુનિયામેં તો કોઈ ઈસકો જેલમેં બંદ કરતા હૈ,

યા કોઈ ઉસકો ફાંસી દેતા હૈ. લેકિન ઉસસે ભી બહુત બહુત પાપ કરતા હૈ તો ઉસકા ફલ કહાં હૈ? નરક હૈ. નરકમેં ઉસકા ફલ ભુગતને કે લિયે જાતા હૈ. જીવ સ્વયં જાતા હૈ. નારકી કા શરીર મીલતા હૈ ઉસકો. નરકમેં બહુત ઉસકો દુઃખ હોતા હૈ. ઐસી પીડા હોતી હૈ શરીર મેં. ઐસી ઠંડી, ઐસી ગરમી, પૃથ્વી ઐસી કિ ઉસકા શરીર ભી છેદ જાયે. વૈસે નરકમેં જાતા હૈ. બહુત જો પાપ કરતા હૈ. માંસાહારી હોતા હૈ, ઐસા હોતા હૈ વહ સબ નરકમેં જાતા હૈ.

જો અચ્છા ભાવ ભગવાન કા કરતા હૈ. ભલે સમજણપૂર્વક કરે ઈસકી તો ક્યા બાત, બિના સમજે ભી ભગવાન કી ભક્તિ કરતે હૈં, ગુરુ કી ભક્તિ કરતે હૈં તો સ્વર્ગમેં જાતે હૈં. તો વહાં અચ્છા સ્થાન મિલા, શરીર અચ્છા મિલે, બાહરમેં અનુકૂલતા મિલે, સબ અચ્છા મિલતા હૈ. ઐસા નરક-સ્વર્ગ જગતમેં હૈ. બહુત અચ્છે ભાવ કરતે હૈં તો જગતમેં ઉસકા ફલ ભોગને કે લિયે સ્વર્ગ હૈ. લેકિન વહ ભી એક ભવ હૈ. ઉસમેં ભી આયુષ્ય પૂરા હો જાતા હૈ, આયુષ્ય ખતમ હો જાને પર પીછે જો ભાવ કિયા હૈ વૈસે મનુષ્યમેં આતે હૈ. કોઈ પશુમેં ભી ચલે જાતે હૈં. જો અચ્છા ભાવ નહિ કરે તો. પશુ-ગાય, ભૈંસ, કુત્તા ઐસે પશુમેં ભી ચલા જાતા હૈ. વૈસા ભાવ કરે તો ઉસમેં જાતા હૈ. બહુત પાપ કા ભાવ કરે તો નરકમેં જાતા હૈ. બહુત પુણ્ય કા કરે તો દેવમેં જાતે હૈ. ઔર ઐસે મધ્યમ રહે તો પશુમેં જાતે હૈ ઔર ઉસસે ભી અચ્છા કરે તો મનુષ્ય હોતા હૈ. મનુષ્યમેં ઐસા ભદ્રિક પરિણામ કરે, માયા, કપટ ઐસા નહીં કરે, ભદ્રિક (પરિણામ) કરે તો મનુષ્ય હોતા હૈ. ઐસા હૈ શાસ્ત્રમેં, બહુત આતા હૈ. નરક, સ્વર્ગ, તિર્યંચ ઔર મનુષ્ય-યહ ચાર ગતિ હોતી હૈ. ઔર પીછે આત્મા કો પહચાને સ્વાનુભૂતિ કરે તો ચારોં ગતિસે છૂટ જાતા હૈ. ઉસકે બાદ ઉસે ગતિ નહીં મિલતી. આત્મા સ્વયં આત્મામેં લીન હોતા હૈ, મોક્ષગતિ કો પ્રાપ્ત હોતા હૈ. બાદમેં તો શરીર ભી નહીં મિલતા હૈ. દેવમેં ભી શરીર તો મીલતા હૈ. દેવમેં ઈસકો બહુત રત્ન મિલે, ધન, મહેલ મિલે, યદિ ઉસમેં રાગ હો જાયે, એકત્વ હો જાયે તો પીછે પાપબંધ હોવે તો પશુમેં જાતા હૈ.

પ્રશ્ન :- ઉસસે છૂટા કૈસે જાયે?

ઉત્તર :- આત્મા કો પીછાને તો રાગ છૂટ જાયે. આત્મા કો પીછાને કિ યહ રાગ-દ્વેષ મેરા સ્વરૂપ નહીં હૈ. મૈં તો આત્મા હૂં, જાનનેવાલા હૂં, મૈં તો જ્ઞાતા હૂં. યહ રાગ-દ્વેષ મેરા સ્વભાવ નહીં હૈ. ઐસે મંદતા કરે. પહલે તો છૂટતે નહીં હૈ તો ઉસકા ભેદજ્ઞાન કરે. મેરા યહ સ્વભાવ નહીં હૈ, મૈં તો આત્મા હૂં. યહ રાગ-દ્વેષ મેરા

સ્વભાવ નહીં. હો જાયે તો ભી ઉસકી તીવ્રતા નહીં કરકે મંદ હો જાયે. મંદતા કરે ઔર ઉસકા ભેદજ્ઞાન કરે કિ મૈં જાનનેવાલા હૂં. યહ જાનનેવાલે ઐસે જાનનેવાલે કા સ્વભાવ યદિ પ્રગટ હોવે તો ઈસકા ધીરે ધીરે ભેદજ્ઞાન કરકે યદિ સ્વરૂપમેં લીન હો જાયે, ધીરે ધીરે આગે જાયે તો રાગ-દ્વેષ કા ક્ષય હો જાતા હૈ. પહલે મંદ હોતા હૈ. અશુભભાવ હોતે હૈ બાદમેં શુભભાવ. ભગવાન કા, જિનેન્દ્રદેવ કા, ગુરુ સ્તુતિ, ઐસા શાસ્ત્ર (સ્વાધ્યાય), વિચાર (કરે), ઐસા શુભભાવ કરે. લેકિન વહ શુભ ભી મેરા સ્વરૂપ તો નહીં હૈ. સિદ્ધ ભગવાનમેં તો કોઈ રાગ નહીં હૈ. ઐસે પુણ્યભાવ ભી નહીં, પાપભાવ ભી નહીં હૈ. ભગવાનકી ભક્તિ, ગુરુ ભક્તિ બીચમેં આતી હૈ, તો ભી આત્મા તો જાનનેવાલા હૈ. ઐસે આત્મા કો જો પહચાને તો ઉસકા રાગ-દ્વેષ છૂટ જાતા હૈ. આત્મા કો પહચાને તો. લેકિન પહલે તો પાપભાવ છૂટકર શુભભાવમેં ગુરુ ક્યા કહતે હૈં? શાસ્ત્રમેં ક્યા આતા હૈ? ઐસા ભાવ આતા હૈ. લેકિન મેરા આત્મા કૈસે મિલે? ઐસી ભાવના કરતે કરતે આત્માકો જો પિછાને તો રાગ-દ્વેષ સબ છૂટ જાતા હૈ. ભેદજ્ઞાન કરે તો.

પ્રશ્ન :- અને દુઃખ કેમ મટે?

ઉત્તર :- એનો એ પ્રશ્ન છે. સુખ મળે આત્માની જિજ્ઞાસા કરે તો. કે આ બધું દુઃખ જ છે એમ નિર્ણય થાય કે આ બધું દુઃખ છે. સંસારમાં બધુંય દુઃખ લાગે. કે આ જે સુખ લાગે છે જે ધનથી સુખ, શરીરથી સુખ એ બધું સુખ લાગે એ એક્કેય સુખ નથી. કોઈ સુખ નથી. શરીરમાં રોગ આવે તોપણ દુઃખ અને શરીર નિરોગ હોય એ પણ સુખ નથી. એકેય સુખ નથી. બધું દુઃખ અંદર લાગે અને આત્મામાં જ સુખ છે, બીજે ક્યાંય નથી. દેવલોકના દેવોમાં પણ સુખ નથી અને ચક્રવર્તીના રાજમાં પણ સુખ નથી. એવો નિર્ણય થાય અને સુખ તો આત્મામાં જ છે એવો નિર્ણય થાય કે સુખ આત્મામાં છે અને આત્માને ઓળખે અને આત્મા જ્ઞાયક છે એમ ઓળખી અને એનું ભેદજ્ઞાન કરે, આ રાગથી જુદો પડે અને આત્માની સ્વાનુભૂતિ થાય તો એને સ્વાનુભૂતિમાં આત્માનો આનંદ પ્રગટ થાય છે અને આત્માનું સુખ પ્રાપ્ત થાય છે. તો આ રાગ-દ્વેષથી છૂટો પડી (જાય છે). રાગ-દ્વેષમાં જ દુઃખ છે. એનાથી છૂટો પડે તો એને આત્માની સ્વાનુભૂતિ થાય અને આત્માનો આનંદ પ્રગટ થાય. પણ એ આત્માને ઓળખે, એની જિજ્ઞાસા કરે, એની મહિમા કરે. બહારની મહિમા છૂટી જાય.

ધનમાં કે શરીરમાં ક્યાંય સુખ નથી. એ દુઃખ તો દુઃખ છે. પ્રતિકૂળતા ઈ પણ

દુઃખ છે, પણ ચક્રવર્તીનું રાજ હોય તોપણ એ સુખ નથી, એ પણ દુઃખ છે. દેવલોકના દેવ મળે તો એ પણ દુઃખ છે. એ બધું દુઃખ લાગે અને આત્મામાં સુખ છે એમ નક્કી થાય તો આત્માનું સુખ મળે.

કેટલાકને એમ થાય કે બહારની પ્રતિકૂળતા એ તો દુઃખ પણ પુણ્ય મળે એ તો સુખ છે એમ એને લાગે. પણ ઈ પણ સુખ નથી. સુખ ઈ નથી. એ તો કલ્પના છે. ચક્રવર્તીના રાજમાં કાંઈ સુખ નથી. એ તો કલ્પી લીધું છે કે આ બધું સુખ છે. એમાં પણ સુખ નથી. સુખ તો આત્મામાં જ છે. એમ નક્કી કરે, એવો નિર્ણય થાય. એનો પ્રયત્ન કરે આત્માને મેળવવાનો તો આત્મામાંથી સુખ થાય. અશુભભાવથી બચીને શુભભાવ થાય તો એને સારા સંયોગ મળે, એ બધું મળે એટલે બહારનું સુખ મળે એ કાંઈ સુખ નથી. અનુકૂળતા મળે, મહેલો મળે, મકાનો મળે એ કાંઈ સુખ નથી. સુખ તો આત્મામાં છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨ A

પ્રશ્ન :- તબિયત તો ઠીક છેને આપની?

ઉત્તર :- ચાલે. ઠીક ઠીક ચાલ્યા કરે. એમને એમ.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે. દૃષ્ટિના વિષયભૂત જ્ઞાયક આત્માનો આશ્રય કરીને પર્યાયમાં ચિન્માત્ર આત્મા એટલે દ્રવ્ય-ગુણ અને પર્યાય-ત્રણેથી એક જ્ઞાનમાત્ર આત્મા એવો અભેદ આત્માનો જે અનુભવ થયો, એમાં રાગ પણ નથી અને ભેદ પણ નથી. કર્તા-કર્મનો ભેદ પણ છૂટી ગયો અને રાગ પણ નથી. એવા આત્માનો જે અનુભવ થયો એ આત્મા શુદ્ધનયનો વિષય ગણાય?

ઉત્તર :- શુદ્ધનયનો વિષય છે એમાં ભેદ નથી પડતો. દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ભેદ નથી પડતો. એ વિષય શુદ્ધનયનો છે. એ અનુભવ થયો, એની સ્વાનુભૂતિ થઈ, જે કહો તે બધો શુદ્ધનયનો વિષય છે.

પ્રશ્ન :- શુદ્ધનયનો વિષય છે તો તે આશ્રય કરવાનું જે કહેવાય અથવા તો દૃષ્ટિનો વિષય અને આમાં ફરક ખરો કે એક જ ગણાય?

ઉત્તર :- જે દૃષ્ટિનો વિષય સવિકલ્પદશામાં હતો, દૃષ્ટિનો વિષય તે જ એને વિષય સ્વાનુભૂતિનો છે. એમાં વિકલ્પ છૂટી ગયા છે. એનો વિષય એમ ને એમ છે. એના વેદનમાં પર્યાય ને એ બધું વેદનમાં આવે છે. એમાં એની નિર્વિકલ્પ પર્યાય છે તે પ્રગટ થઈ છે. વિષય તો એકનો એક રહ્યો છે, વિષય નથી બદલાણો. જે સવિકલ્પદશામાં જે દ્રવ્યનો વિષય કર્યો હતો એણે, તે જ વિષય એને સ્વાનુભૂતિમાં છે. એનું ધ્યેય, એની જે દૃષ્ટિ છે એ તો એમ જ છે, પણ એનું વેદન સ્વાનુભૂતિમાં નિર્વિકલ્પરૂપે એને સ્વાનુભૂતિનું વેદન થાય છે અને એ વેદન એને જ્ઞાનમાં બધું ગ્રહણ થાય છે. એના ગુણો, એની પર્યાયો બધું એને જ્ઞાનમાં જણાય છે. એનું વેદન થાય. વિષય એક મુખ્યપણે દ્રવ્ય આશ્રય છે એનો છે અને બધું એમાં જણાય છે. વિકલ્પ નથી, સહજપણે. જે મુખ્ય છે તે મુખ્ય જ છે અને જે બધું વેદનમાં છે તે એમ જ છે. એ નિર્વિકલ્પરૂપે છે.

પ્રશ્ન :- દૃષ્ટિનો વિષય અભેદ આત્મા હતો. દૃષ્ટિએ અભેદ આત્માનો આશ્રય કર્યો અને અનુભવ થયો. અનુભૂતિમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય. ચેતન દ્રવ્ય, ચૈતન્ય ગુણ એવો ભેદ પણ છૂટી ગયો. કર્તા-કર્મનો ભેદ પણ વિલય પામ્યો, જ્ઞાતા, જ્ઞેય

બધું છૂટી ગયું.

ઉત્તર :- બધો ભેદ વિલય પામ્યો.

પ્રશ્ન :- ચિન્માત્ર આત્મા એવો એને અનુભવ થયો.

ઉત્તર :- એકલો આત્મા છે.

પ્રશ્ન :- તો એને શુદ્ધનયનો વિષય ગણાય. અચ્છા, શુદ્ધનયનો વિષય ગણાય તો એ આલંબનનો વિષય કહેવો એ ખરું કે નહિ?

ઉત્તર :- આલંબનનો વિષય એક દ્રવ્ય છે મુખ્ય તો. આ બધું એના વેદનમાં છે. ચન્માત્ર એકલું છે. ભલે એ શુદ્ધનયનો વિષય કહ્યો. ત્યાં એ જે સ્વાનુભૂતિનો શુદ્ધનય કહેવામાં આવે છે તે પરિણતિ સહિત અને બધું એને શુદ્ધનય કહો કે સ્વાનુભૂતિ કહો, બધું એમ કહીને કહેવામાં આવે છે. તે શુદ્ધનય છે. અને એકલો દ્રવ્યનો આશ્રય કરીને શુદ્ધનય કહેવામાં આવે છે કે દ્રવ્યનો જ વિષય કરે છે, શુદ્ધનય દૃષ્ટિનો વિષય છે એ બીજી રીતે છે અને આ પરિણતિ સહિતની જે શુદ્ધનય છે એમ એવી રીતે એને સ્વાનુભૂતિ કહો કે શુદ્ધનય કહો, બધું એમ કહેવામાં આવે છે. એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય અભેદ એટલે એને ચિન્માત્ર એકલું ચૈતન્યમાત્ર રહી ગયું એટલે એમાં ગુણ અને પર્યાયો કાંઈ નથી અને એકલું દ્રવ્ય રહી ગયું એમ નથી. એમાં ગુણો-પર્યાયો બધું છે અને જ્ઞાનમાં બધું જણાય છે. વિષય તો જ્યાં જેમ છે એમ જ છે. વિષય છૂટી નથી જતો. જે મુખ્ય રીતે દ્રવ્ય છે તે એમ જ છે અને ગુણો ને પર્યાયો બધું જેમ છે એમ વેદનમાં આવે છે.

જેમ ચિન્માત્ર છે, એકલું ચિન્માત્ર-ચિન્માત્ર થઈ ગયો એટલે ઈ ચિન્માત્ર-એકલું ચૈતન્યરૂપ છે. એમાં બીજું વિભાવનું રૂપ નથી, વિકલ્પનું રૂપ નથી, કાંઈ નથી. એકલું દ્રવ્ય અને એના અનંત ગુણો અને એની પર્યાયો. એકલું ચૈતન્ય જ છે. માટે ચિન્માત્ર કહેવામાં આવે છે.

સિદ્ધ ભગવાન એકલા ચૈતન્યરૂપે પરિણમી ગયા, પૂર્ણ વીતરાગરૂપે પરિણમી ગયા. તો એમાં એના દ્રવ્ય, ગુણ અને પર્યાયો બધું છે. એમાં અનંત ગુણો, અનંત પર્યાયો બધું અનંત આનંદ બધું છે. પણ એ બધું શુદ્ધનયનો વિષય કહેવામાં આવે છે. પણ એ શુદ્ધનય પરિણતિપૂર્વકનો કહેવામાં આવે છે. એનો દૃષ્ટિનો વિષય તો એક દ્રવ્યનો જ આશ્રય છે. એમાં બધું શુદ્ધ થઈ ગયું એટલે એ શુદ્ધનય છે એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- પણ માતાજી! એનો અર્થ એ થયોને કે શુદ્ધનયનો વિષય થયો છતાં

દષ્ટિનો વિષય અને આ શુદ્ધનય જે વિષય અત્યારે કહ્યો એમાં ફરક છે. દષ્ટિનો વિષય કેવળ જ્ઞાયક કે જે અનંત ગુણોનો પિંડ એક અભેદ આત્મા છે.

ઉત્તર :- એકલો અભેદ આત્મા છે. એમાં એને જે સ્વાનુભૂતિરૂપે વેદન થાય છે એ વિશેષરૂપે થાય છે. સવિકલ્પદશામાં એ સ્વાનુભૂતિ નથી અને અમુક રીતે સ્થિરતા છે, લીનતા છે, સમાધિ છે અને સ્વાનુભૂતિમાં વિશેષ થાય છે અને તે એને જ્ઞાનમાં બધું જણાય છે. જાણવાનું કામ જ્ઞાન કરે છે. દષ્ટિ એક ધ્યેય રાખે છે. એક વસ્તુને ધ્યેયમાં રાખે છે કે વસ્તુ મુખ્ય અસલી સ્વરૂપ શું છે એને ધ્યેયમાં એક દષ્ટિ એક ધ્યેયમાં રાખે છે અને જ્ઞાન બધું જાણવાનું કામ જ્ઞાનનું છે. જ્ઞાન દષ્ટિને જાણે છે, જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન બધા ગુણોને જાણે, જ્ઞાન પર્યાયોને જાણે. બધું જ્ઞાન કરે છે.

પ્રશ્ન :- માતાજી! એનો અર્થ એ થયો કે ધ્યાનકાળે દષ્ટિના વિષયને ધ્યેય બનાવીને એકાગ્રતાનો પ્રયત્ન કરે એમાં જ્યાં સુધી દ્રવ્ય, ગુણ અને પર્યાય એવો ભેદ પણ લક્ષમાં રહે ત્યાં સુધી એને એકાગ્રતા ન થાય. અર્થાત્ એક જાણનાર જ છે. એવો જ્યાં સુધી જ્ઞાનમાં પણ એવો અનુભવ ન થાય, એકરૂપ એક જાણનારપણે, તો ત્યાં સુધી પણ એમાં ભેદ પડે છે અને ભેદ પડે છે એટલે અનુભવ ન થઈ શકે. તો એનો અર્થ એ થયો કે દષ્ટિમાં જ્ઞાયક ધ્રુવને લઈને જ્ઞાનમાં પણ એને અભેદ અનુભવવાનો પ્રયત્ન કરવો, એક જાણનાર જ છે એમ જ્ઞાનમાં પણ અભ્યાસ ન કરે એ જુદી વસ્તુ છે, ભેદ પાડીને અભ્યાસ ન કરે જુદો બધું દ્રવ્ય, ગુણ અને પર્યાય બધા ભેદોને જેમ છે એમ જાણી લીધું, પણ એવો અનુભવવાનો કાળ અથવા ધ્યાનનો કાળ છે ત્યારે તો જ્ઞાનમાં પણ આ એક જ્ઞાન જ છે...

ઉત્તર :- ભેદ પડે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પડે એ ભેદ વિકલ્પ જે પડે છે એ રાગને લઈને પડે છે. એ જ્ઞાનને જાણવાનું નથી છોડવાનું. એ રાગને લઈને ભેદ પડે છે. એ રાગથી છૂટે એટલે ઈ રાગ વિકલ્પ છૂટી જાય છે. જાણવાનું નથી છૂટતું કે આ ગુણ છે અને આ ગુણી છે-એવો ભેદ રાગમિશ્રિત જ્ઞાન છે એટલે એવો ભેદ એમાં આવે છે કે હું આ જ્ઞાયક છું, આ પર્યાય છે, આ અધૂરી પર્યાય, આટલી સાધકની પર્યાય, આ રાગની પર્યાય, આમાં ભેદજ્ઞાનની ધારા વર્તે, એ બધું જે જ્ઞાનમાં જણાય છે એ જ્ઞાનનું જાણવાનું, આ હું જાણવાનું છોડી દઉં એ નહિ. રાગ છૂટી જાય એટલે એ સહેજે જ્ઞાનનું રાગમિશ્રિતપણું હોય તે છૂટી જાય છે. જ્ઞાનનું જાણવાનું જે છે એ તો ગુણ અને પર્યાય એ તો એનું જાણવાનું એમ સ્વાનુભૂતિમાં

પણ ઊભું રહે છે. એ જાણવાનું છૂટતું નથી પણ રાગ છૂટે છે.

એ દૃષ્ટિનો વિષય એક દ્રવ્યને આલંબન કર્યો, એનો આશ્રય કર્યો. એનો આશ્રય કર્યો એટલે પછી જ્ઞાનને પણ હું આ બધું એક જ ધ્યાનમાં લે એમ નથી. રાગથી છૂટીને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે છે. આ જાણું નહિ એમ નહિ. આ રાગની જે અસ્થિરતા થાય છે બહાર ઉપયોગ જવાથી એ અસ્થિર ઘડીમાં વિકલ્પ આવે છે, ઘડીમાં કોઈ વિકલ્પ આવે છે રાગને લઈને, દ્વેષને લઈને, અનેક જાતના શુભ પણ વિકલ્પ આવે છે, અમુક જાણવાના વિકલ્પ આવે છે એ વિકલ્પથી છૂટીને બસ! હવે બસ થઈ, ઘણું થયું. હવે હું મારા સ્વરૂપમાં ઠરી જાઉં. એટલે પોતાએ દૃષ્ટિના વિષયમાં આ આત્મા જે છે એ ધ્યેય કર્યું એ ધ્યેયમાં ઠરી જાય. વિકલ્પથી છૂટવા માંગે છે. એ વિકલ્પથી છૂટે એમાં જાણવાનું સહેજે એને ભેદરૂપ ખંડ ખંડ જાણતો હતો એ જાણવાનું સહેજે છૂટી જાય છે. રાગથી છૂટે એટલે રાગમિશ્રિત જાણવાનું છૂટે છે, પણ જ્યાં અંદર જાય તો વિકલ્પ છૂટી જાય, નિર્વિકલ્પદશામાં એનું જાણવાનું છૂટી નથી જાતું. એટલે જાણવાનો છોડવાનો પ્રયત્ન નહિ પણ રાગથી છૂટવાનો પ્રયત્ન એ છે.

એ જાણવાનું છૂટતું નથી. જાણવાનું છૂટે તો શૂન્યતા થઈ જાય. જાણવાનું નથી છૂટતું પણ એને રાગથી છૂટી અને આકુળ-વ્યાકુળ થાય છે તે સ્વરૂપમાં સ્થિર થાય છે. આ આત્મા તે જ હું છું. આ કોઈ હું નથી. આ આત્મા તે જ સુખરૂપ એમ વિકલ્પ નહિ. સહેજે એને આત્મામાં શાંતિ લાગે છે એટલે બહારના અનેક જાતના વિકલ્પો રાગમિશ્રિત એનાથી છૂટીને આ ગુણ છે, આ ગુણી છે એ બધી શ્રુતની ઉપાધિ કહેવામાં આવે છે. એ શ્રુતની જે ઉપાધિ છે એનાથી પણ છૂટીને વિકલ્પસહિત છે માટે રાગમિશ્રિત છે. એટલે એ જ્ઞાન નથી છૂટતું, રાગ છૂટે છે. એટલે અંદરમાં ઠરી જાય છે એટલે અંદરમાં આકુળતાથી છૂટીને સ્વરૂપમાં લીન થાય છે એટલે વિકલ્પ છૂટી જાય છે. વિકલ્પ છૂટી જાય છે એટલે સ્વરૂપની સ્વાનુભૂતિમાં એ પોતાને જાણે છે, ગુણોને જાણે છે, પોતાના આનંદને જાણે છે. બધાને જાણે છે. એમ ભેદ પાડીને, વિકલ્પ કરીને નથી જાણતો, સહેજે જણાય છે.

કહેવાય છેને કે શ્રુતની ઉપાધિ સો ભિન્ન જાણીએ. ઉપાધિ એટલે એને રાગમિશ્રિત છે માટે એનાથી છૂટે છે. જેમ કે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો છે, શુક્લધ્યાન થાય તો દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો થાય છે તોપણ એમાં એને રાગમિશ્રિત છે. એમાંથી પણ એને ખંડખંડ થાય છે એટલે એમાં સ્થિર થાય છે

વધારે. પછી એક ઉપર સ્થિર થાય અને જ્યારે એવું શુક્લધ્યાન જામે છે ત્યારે એને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એમાં જ્ઞાન નથી છૂટતું પણ રાગ છૂટે છે. એ રીતે વીતરાગદશાની પ્રાપ્તિ થાય છે એટલે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ઈ રાગ છૂટે એટલે વીતરાગતા થાય એની સાથે જ્ઞાનને સંબંધ છે. જ્ઞાન નિર્મળ થાય છે.

જ્યાં સ્વાનુભૂતિમાં જાય તો એનું જ્ઞાન નિર્મળતાને પામે છે. જેટલે અંશે વીતરાગતા થાય એટલે અંશે જ્ઞાન નિર્મળ થાય છે. આ બહારમાંથી ક્ષયોપશમ જ્ઞાન ખંડ ખંડ થાય છે. એક એક જ્ઞેયને જાણવા માટે ઊભું રહે છે. એટલે એના ઉપર ધ્યાન આપવા કરતાં રાગથી છૂટવાનું છે. પોતાની આસક્તિને લઈને પોતે ક્યાંક ક્યાંક રોકાય છે. આગળ વધી શકતો નથી. પહેલા શ્રુતના વિચારો જાણવા માટે બધું આવે છે કે જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને પછી અંદર મતિ-શ્રુતનો ઉપયોગ અંદરમાં લઈ જાય છે. એટલે બહારમાં જે ઉપયોગ જાતો હતો એ ઉપયોગને પોતાના સ્વરૂપમાં લીન કરે છે. એટલે આ જાણવાનું છોડી દઉં એમ નહિ, ઉપયોગને પાછો વાળે છે. જે બહાર ઉપયોગ, રાગમિશ્રિત ઉપયોગ બહાર જાય છે એ ઉપયોગને પોતામાં પાછો વાળી અને હું આ ચૈતન્ય જ છું એમ પછી ગુણભેદના, પર્યાયભેદના કે અધૂરી-પૂરી પર્યાયના કોઈ જાતના વિચાર નહિ કરતા સ્વરૂપમાં સ્થિર થાય છે. એને આકુળતા લાગે છે કે હું મારા સ્વરૂપમાં સ્થિર થાઉં. એટલે એને વિચારવાનું અને એ બધું જાણવાનું સહેજે છૂટી જાય છે. રાગમિશ્રિત છે એટલે સહેજે છૂટી જાય છે અને જે દૃષ્ટિનું ધ્યેય છે તે પ્રમાણે પોતે એમાં સ્થિર થાય છે, એમાં ઠરી જાય છે.

ઓલું એણે દૃષ્ટિને વિષય કર્યો હતો. જે આત્માનો વિષય કરે છે કે આ સ્વરૂપ તે જ હું. એને ધ્યેયમાં રાખ્યું. કે ગમે તેવા કાર્યમાં ધ્યેય ન ચૂકવું કે આત્માનો આશ્રય છોડતો નથી. આશ્રય નથી છોડતો અને આ પછી જ્યારે વધારે આગળ જાવું છે તો એમાં ઠરી જાય છે. રાગની આકુળતાથી અંદર ઠરી જાય છે. એટલે એના ઠરવાને લઈને વિકલ્પ છૂટે છે. એટલે જાણવાનું સહેજે જે ચારે કોર ઉપયોગ ફરતો હતો એ ઉપયોગ પોતાના સ્વરૂપમાં જાય છે. સહેજે ઉપયોગને પાછો વાળી દે છે.

પ્રશ્ન :- સહેજે ઉપયોગ પાછો વળે છે અને જાણવામાં ભેદનું લક્ષ છૂટી જાય છે.

ઉત્તર :- ભેદનું લક્ષ છૂટી જાય છે. જાણવામાં ભેદ ઉપર લક્ષ છૂટી જાય છે. રાગ છૂટે તો એ ભેદવાળો ઉપયોગ પલટે છે. જ્યાં સુધી રાગ બહાર છે ત્યાં સુધી

ઉપયોગ બહાર જ જાય છે. એનો રાગ બહારથી મંદ પડે તો એ અંદર જાય છે. એટલે પોતા તરફ ઉપયોગને લીન કરે છે, સ્થિર કરે છે. તો વિકલ્પ છૂટીને તો એની નિર્વિકલ્પદશા થાય છે.

પ્રશ્ન :- ઉપયોગને સ્થિર કરે છે ત્યાં રાગ છોડવાનો એનો અભિપ્રાય રાગ છોડવાનો છે.

ઉત્તર :- અભિપ્રાય રાગ છોડવાનો છે.

પ્રશ્ન :- અને પછી જ્ઞાન સ્વ તરફ વળતા ભેદનું લક્ષ છૂટી જાય છે.

ઉત્તર :- ભેદનું લક્ષ સહેજે છૂટી જાય છે. આચાર્ય દેવ કહે છેને, ઘણું કહેવાઈ ગયું, ઘણી વાત થઈ ગઈ. બસ હવે બસ થાવ. અંદર સ્વરૂપમાં લીન થાવ. એટલે જે જાણવા તરફ ઉપયોગ હતો એની સાથે રાગ આવે છે એટલે ખંડ ખંડ થાય છે. એટલે પોતે આકુળતા થાય છે. એટલે સ્વરૂપમાં સ્થિર થાય છે. આમ છે.

પ્રશ્ન :- માતાજી! એટલે એમાં નિર્વિકલ્પ અનુભવ વખતે એમ લેવાય કે જ્ઞાનનું અવલંબન તો એક જ્ઞાયકનું જ છે. પણ જાણવાનું બધું એ દ્રવ્ય-ગુણ-પર્યાય, ભેદ ને એ પ્રમાણે, આ અવલંબન રાખીને આને જાણે છે.

ઉત્તર :- એને પોતાને શ્રદ્ધાએ આશ્રય લધો છે દ્રવ્યનો એમ જ્ઞાને પણ આશ્રય લીધો છે. પણ એનું કાર્ય બધું જાણવાનું છે. એનું કાર્ય જાણવાનું છે. જ્ઞાનના આશ્રયમાં પણ દ્રવ્ય છે અને દૃષ્ટિના આશ્રયમાં પણ દ્રવ્ય છે. એમાં લીનતા પણ જે ઠરે એ પોતે સ્વરૂપનો આશ્રય લઈને લીનતા કરે છે. પણ જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. જો જાણવાનો સ્વભાવ ન હોય તો વેદનને જાણે કોણ? સ્વાનુભૂતિને જાણે કોણ? સ્વાનુભૂતિ પોતે પોતાને નથી જાણતી. જ્ઞાન એને જાણે છે.

જ્ઞાન બધાને જાણે છે. એનો જાણવાનો સ્વભાવ છે. પોતે દ્રવ્યને જાણે છે જ્ઞાન અને દ્રવ્યનો આશ્રય કરે છે. જ્ઞાન ગુણોને જાણે છે, જ્ઞાન પર્યાયોને જાણે છે, જ્ઞાન બધાને જાણે છે. નિર્વિકલ્પ દશામાંથી બહાર આવે તો એ બધું સ્વાનુભૂતિ થઈ તે બધું જ્ઞાન જાણે છે, વિવેક કરે છે. બહાર આવીને પણ કઈ જાતના વિચારો અને કઈ જાતનું અંદર સ્વરૂપમાં લીન થયો, એ બધું જ્ઞાન જાણે છે. દૃષ્ટિ એક આશ્રય કરે છે. જ્ઞાન પણ આશ્રય કરે છે.

જ્યાં સુધી અંતરમાં ભેદજ્ઞાન અને દૃષ્ટિનો આશ્રય જોરદાર ન થાય, એનો આશ્રય દૃષ્ટિમાં જોરદાર ન થાય ત્યાં સુધી જ્ઞાનમાં પણ એ જોરદાર થાતું નથી. અને ત્યાં સુધી ઠરી શકતો નથી. અંદર ભેદજ્ઞાન થાય કે હું આ બધા રાગથી, આ બધા

વિકલ્પથી છૂટો ન્યારો જ્ઞાયક છું એમ એને અંદરમાંથી શ્રદ્ધાનું જોર આવે કે હું એક જ્ઞાયક છું, તો એનાથી છૂટો પડે અને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે. એને પ્રયોજન કેટલાકને અંદર લગની લાગે કે મૂળ પ્રયોજનભૂત જાણી લીધું, બસ! હવે સ્વરૂપમાં ઠરી જાવું છે કે આત્માનું એક પ્રયોજન સાધવું છે. એટલે આત્માને આશ્રયમાં લઈને સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન કરે. ઉપયોગ બહાર જાતો હોય એને અંતરમાં લાવે છે. તો એમાં પુરુષાર્થ જો એનો યથાર્થ થાય અને જો યથાર્થ થાય તો એને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ થાય છે. પણ એ એકધારાએ. શાસ્ત્રમાં આવે છેને? છ મહિના એકધારાએ એવો અભ્યાસ તું કર. દૃષ્ટિનો આશ્રય કરીને ભેદજ્ઞાનની એવી જાતની અંદરથી દશા પ્રાપ્ત કર અને જો સહજ રીતે તારી ધારા થાય તો અંદર નિર્વિકલ્પદશા અને સ્વાનુભૂતિ થયા વગર રહેશે નહિ. એમ આચાર્યદેવ કહે છે. ઉપયોગ અંતર લાવવાનું આચાર્યદેવ કહે છે મતિશ્રુતનો ઉપયોગ એટલે કે એનો રાગ છૂટે તો ઉપયોગ અંદર આવે. રાગ છૂટ્યા વગર ઉપયોગ અંદર આવતો નથી.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨ B

પ્રશ્ન :- .. આપ જરા સમજાવશો. અથવા તો સર્વથા પરને જોતો નથી એમ કહીએ તો બરાબર છે કે નહિ?

ઉત્તર :- છઠ્ઠી ગાથામાં ક્યાં એવું આવે છે? પરને જોતો નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના પ્રવચનમાં આવે છે (કે) પરને જોતો નથી.

ઉત્તર :- બીજી ગાથામાં? પ્રવચનમાં આવે છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ની કેસેટ છે ને એમાં એક વાક્ય આવે છે કે પરને જોતો નથી. બીજી ગાથામાં તો 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે એમાં લખે છે કે પરને જોતો નથી એમ માનીશ તો એ મિથ્યાત્વ થશે તને.

ઉત્તર :- એ અપેક્ષાએ છે બધું. પરને જોતો નથી એટલે કે પરમાં એકત્વ થાતો નથી. એમ. પરને નથી જોતો એટલે પોતાનો જે જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે. પરમાં એકત્વ થાતો નથી એટલે કે એ પરને નથી જોતો પણ પોતાનું

જ્ઞાન પરિણમે છે. એમ કહેવાનું છે. અને પરને નથી જોતો (એમ માને) તો મિથ્યાત્વ થાય. જ્ઞાન સ્વભાવ પોતાનો જ છે. જ્ઞાન બધાને જાણે છે. જ્ઞાન કાંઈ એવું નથી કે પરને ન જાણે. જ્ઞાન તો લોકાલોકને જાણે છે. માટે જ્ઞાન જાણતું નથી એમ માને કે કોઈ છ દ્રવ્ય જગતમાં છે, દ્રવ્ય-ગુણ-પર્યાય, બીજા અનંતા દ્રવ્યો છે એ બધાને જ્ઞાન તો જાણે જ છે. નથી જાણતો એમ સર્વથા માને તો તો મિથ્યાત્વ છે. જ્ઞાનનો સ્વભાવ છે જાણવાનો.

નથી જાણતો એટલે પરમાં એકત્વ થાતું નથી. પોતે જ્ઞાનરૂપે જ રહે છે. જ્ઞાનનો સ્વભાવ છે જાણવાનો માટે સહજ જાણે છે. પરને નથી જાણતું.. જ્ઞાન પોતે જ્ઞાનરૂપે સહજ સ્વભાવે પરિણમે છે. તે જ્ઞાન જ્ઞાનને જાણે છે એમ કહેવું છે. એટલે કે જ્ઞાન પછી જ્ઞેયને જાણતું જ નથી. એવો એનો અર્થ નથી. એની અપેક્ષા સમજવી જોઈએ.

પ્રશ્ન :- એટલે કઈ અપેક્ષાએ ત્યાં કહેવા માગે છે છઠ્ઠી ગાથામાં કે પરને જાણતો નથી. તો અપેક્ષા કઈ છે ત્યાં?

ઉત્તર :- એની અપેક્ષા એમ કે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે, જ્ઞાન જ્ઞાનને જાણે છે. પર જ્ઞેય કાંઈ એનામાં નથી આવતું. જ્ઞાન એમાં એકત્વબુદ્ધિ થઈને, એમાં પેસીને, એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પેસીને જ્ઞાન નથી જાણતું. જ્ઞાન જુદું રહીને જાણે છે, જ્ઞાન જ્ઞાનમાં રહીને જાણે છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમીને જાણે છે. એમ. એટલે એ બીજા જ્ઞેયમાં એકત્વ થઈને, એમાં પેસીને એમ નથી જાણતું. જ્ઞાન પોતે જ્ઞાનનો સ્વભાવ જ છે કે પોતે પોતાને અને બીજાને જાણે એટલે કે જ્ઞાન જ્ઞાનને જાણે છે એવો એનો અર્થ છે. એટલે કે સર્વથા જ્ઞેયને જાણતો જ નથી એવો એનો અર્થ નથી. સર્વથા નથી જાણતો એવો એનો અર્થ નથી.

પ્રશ્ન :- રાગ જીવની પર્યાયમાં થાય છે. અને 'સમયસાર'માં રાગને પુદ્ગલ કહે છે. જીવમાં ચેતનગુણ છે અને અચેતનગુણ નથી તો અજીવ ક્યે હિસાબે કહે છે રાગને?

ઉત્તર :- રાગ છે એ પોતાનો સ્વભાવ નથી. પોતાનો વીતરાગ સ્વભાવ છે, કાંઈ રાગ એનો સ્વભાવ નથી. માટે એને કર્મના નિમિત્તે થાય માટે એ રાગને અજીવ કીધો. એમ. પણ પોતાની પર્યાયમાં થાય છે માટે એને ચેતન કીધો. એ ચૈતન્ય પર્યાયમાં થાય છે. પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે માટે એ જીવની વિભાવી પર્યાય છે. પણ એ પોતાનો સ્વભાવ નથી. કર્મના નિમિત્તે થાય છે માટે એને અજીવ

કીધો. એમ.

એની બે અપેક્ષા સમજવી જોઈએ. અજીવ એટલે કાંઈ અજીવ જ નથી. તો રાગ ક્યાં થાય છે? રાગ કાંઈ અજીવ કરે છે થોડો? રાગ પોતાની પર્યાયમાં થાય છે. પણ પોતાની પર્યાયમાં થાય પણ એ વિભાવ છે, પોતાનો સ્વભાવ નથી. સ્વભાવ નથી માટે એને અજીવ કીધો. એમ. તું તારા દ્રવ્યસ્વભાવને જો તો એમાં કાંઈ રાગ નથી. માટે આ રાગ ક્યાંથી આવ્યો? કે કર્મના નિમિત્તે થયો માટે રાગ કર્મ તરફનો છે. માટે એ અપેક્ષાએ અજીવ છે એમ કહ્યું. રાગ કાંઈ જાણતો નથી, જાણનાર તો આત્મા છે. કર્મના નિમિત્તે થાય છે માટે તે અજીવ છે. એમ અપેક્ષાએ અજીવ કીધો છે.

ઓલું અપેક્ષાએ પરને નથી જાણતો એમ કીધું છે. એકત્વબુદ્ધિ કરીને નથી જાણતો. એમ. એમાં રાગને એકત્વબુદ્ધિ કરે માટે એ કાંઈ જ્ઞેયમાં જાતું નથી, જુદો રહીને જાણે છે. જ્ઞાન, જ્ઞાનરૂપે પરિણમીને જાણે છે. એની અપેક્ષા સમજવી જોઈએ. સર્વથા નહિ સમજી લેવાનું. કઈ અપેક્ષાએ કીધું છે.

રાગને સર્વથા અજીવ કહો તો કરવાનું શું રહ્યું? કાંઈ રહ્યું નહિ. મોક્ષમાર્ગ પુરુષાર્થ કરું, મોક્ષમાર્ગ પ્રગટ કરું, દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય પ્રગટ કરવા, રાગ છોડીને વીતરાગસ્વભાવ પ્રગટ કરવો. રાગ અજીવ જ હોય તો કરવાનું શું રહ્યું? તો તો પોતાને વીતરાગતાનું વેદન થાવું જોઈએ. વીતરાગતાનું વેદન તો થાતું નથી. કાંઈ વીતરાગ તો થઈ ગયો નથી. એનું વેદન ક્યાં થાય છે? રાગ પોતાનો સ્વભાવ નથી. એનાથી જુદો પડ. તારો જ્ઞાયક સ્વભાવ છે એમ કહેવું છે.

તું તારા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર. આત્માનો સ્વભાવ જુદો છે. તું જ્ઞાયક છો અને આ રાગ તારો સ્વભાવ નથી. એમ જુદો પડ. બાકી રાગની પર્યાય જ ન હોય, તો તો હોય જ નહિ. તો તો વીતરાગદશાનું વેદન થાવું જોઈએ સર્વથા અજીવ અને જડ હોય તો.

સર્વથા પરને જાણતો જ ન હોય, જ્ઞાન જાણે જ નહિ તો તો લોકાલોકનું જ્ઞાન જ ન થાય. તો તો સર્વજ્ઞસ્વભાવ તો કેવળજ્ઞાન જે લોકાલોકને જાણે તે જાણે જ નહિ. કોઈ જાણે જ નહિ. પોતાને જ જાણે તો આ બધા જે ભગવાનની વાણીમાં જે આવે છે કે આ જગતમાં છ દ્રવ્ય છે, નવ તત્ત્વ અને આ બધી વાત આવે છે. અનંત દ્રવ્યો છે. જીવ અનંતા, પુદ્ગલ અનંતા, સ્વર્ગ, નર્ક બધી વાતો અનેક જાતની આવે છે. એ બધું ભગવાનની વાણીમાં આવે છે. એ જ્ઞાન જ કાંઈ ન થાય

તો. પરને જાણતો ન હોય તો કેવળજ્ઞાન જ ન હોય, સર્વજ્ઞતા જ ન હોય. કાંઈ હોય જ નહિ. સર્વથા ન જાણે તો. કેવળજ્ઞાન ન હોય. પોતે પોતાને જાણે. બીજા દ્રવ્યને કોઈ જાણે જ નહિ. જગત ઉપર સૂક્ષ્મ પરમાણુ છે. બધા એના દ્રવ્ય-ગુણ-પર્યાયની સૂક્ષ્મતા ભગવાન પ્રત્યક્ષ જાણે છે. ગયા કાળની વાત, વર્તમાનની, ભવિષ્યની વાત એ બધી કોઈ જાણે જ નહિ તો તો, જ્ઞેયને જાણતો ન હોય તો. કોઈ પૂર્વની વાત જાણે નહિ, કોઈ કાંઈ જાણે જ નહિ. સર્વથા જાણતો ન હોય તો.

પ્રશ્ન :- ૧૮ ગાથામાં કહે છે કે આબાળ-ગોપાળ સૌને સદાકાળ આત્મા જણાય છે તો આપણને કેમ જણાતો નથી અત્યારે?

ઉત્તર :- આબાળ-ગોપાળ જાણે છે એ જાણવાનું જુદું છે અને પ્રગટપણે જાણવાનું એ જુદું છે. પ્રગટપણે જે ભેદજ્ઞાન થઈને જાણવું ઈ જાણે એ જ્ઞાયકને ઓળખીને જાણે. આબાળ-ગોપાળને જાણી રહ્યા છે એટલે એનો જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપે જ રહ્યો છે. એમ. આબાળ-ગોપાળને જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપે જ છે અને જડ જડરૂપે છે. એ પોતે કાંઈ જડ થઈ નથી ગયો. જ્ઞાન જ્ઞાનરૂપે જ રહ્યું છે આબાળ-ગોપાળને. જ્ઞાન જ્ઞાનરૂપે છે એને તું ઓળખ તો પ્રગટ થાય. આબાળ-ગોપાળને બધાને જ્ઞાન જ્ઞાનરૂપે જ રહેલું છે, બીજારૂપે થયું જ નથી.

ભગવાન આત્મા જણાઈ રહ્યો. જણાઈ રહ્યો એટલે એ જ્ઞાન જ્ઞાનરૂપે જ રહ્યું છે. એ રૂપે જ એની પરિણતિ રહી છે. પણ એનું વેદન ક્યાં હતું? પ્રગટ કર તો વેદન થાય. જડ નથી, તો જ્ઞાન જ્ઞાનરૂપે આબાળ-ગોપાળ બધાયને છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે જ રહ્યો છે. એ રીતે જ જણાઈ રહ્યો છે. જણાઈ રહ્યો (છે એટલે) પ્રગટ નથી જણાતો, વેદનમાં નથી આવતો.

આચાર્યદેવ તો કરુણા કરીને કહે છે કે આબાળ-ગોપાળને બધાને જણાઈ રહ્યો છે. તું કેમ જાણતો નથી? એમ કહે છે. એ તો કરુણા કરે છે કે આબાળ-ગોપાળ બધાને એ ભગવાન આત્મા જણાઈ રહ્યો એટલે એ રૂપે થઈ રહ્યો (છે), તું જો તો ખરો. એમ કહે છે. એનું તને વેદન થઈ રહ્યું છે એમ નથી કહેતા. તું એનું વેદન કર એમ કહે છે.

પ્રશ્ન :- 'સમયસાર'માં કહે છે કે દ્રવ્ય અને પર્યાય બેયના ક્ષેત્ર ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે. એ કઈ અપેક્ષાએ એમ કહે છે કે દ્રવ્ય અને પર્યાયના ક્ષેત્ર અને પ્રદેશ ભિન્ન છે?

ઉત્તર :- તદ્દન પ્રદેશ ભિન્ન હોય નહિ. તો પર્યાય જુદી અને દ્રવ્ય જુદા થઈ

જાય. પર્યાય જુદી થઈ જાય અને દ્રવ્ય જુદું થઈ જાય. તો દ્રવ્યની પર્યાય છે. પર્યાય કાંઈ અદ્ધર લટકતી નથી. દ્રવ્ય વગરની પર્યાય કોને આધારે હોય? પર્યાય કાંઈ એકલી કોઈ વસ્તુ છે કે એકલી જગતમાં પર્યાય હોય? એવું તો કાંઈ છે નહિ. દ્રવ્યના આધારે પર્યાય હોય છે. પર્યાય વગરનું કોઈ દ્રવ્ય હોતું નથી. પણ દ્રવ્ય ઉપર જ્યારે દૃષ્ટિ કરે છે કે હું તો ચૈતન્યદ્રવ્ય જ છું એમ એની પરિણતિને ગ્રહણ કરીને હું દ્રવ્ય શાશ્વત છું એમ દૃષ્ટિ કરે છે. એને પર્યાયનું જે લક્ષ છે ઈ એને ગૌણ થઈ જાય છે. એટલે કે પર્યાય ઉપર એની દૃષ્ટિની મુખ્યતા થવાથી પર્યાય જુદી છે એમ દૃષ્ટિની અપેક્ષાએ કહેવાય છે. હું તો શાશ્વત દ્રવ્ય છું. ક્યાં આમાં પર્યાય દેખાતી નથી દૃષ્ટિના વિષયમાં. દેખાતી નથી એટલે છે જ નહિ એમ કહે છે. એનું ક્ષેત્ર જુદું એમ કહે છે. ક્યાં દેખાય છે? માટે નથી એમ કહે છે.

પર્યાય વગરનું દ્રવ્ય કોઈ દિ' હોય જ નહિ. એની અપેક્ષા સમજવી જોઈએ. પર્યાય વગરનું દ્રવ્ય હોય તો વેદન કોને થાય? દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધી પર્યાયો જ પ્રગટે છે. સમ્યગ્દર્શન થાય એ પર્યાય છે, જ્ઞાન થાય એ પર્યાય છે સમ્યગ્જ્ઞાન, ચારિત્ર થાય એ પર્યાય છે. એનું વેદન કોને થાય? તદ્દન જુદી સર્વથા પ્રદેશ ભિન્ન હોય તો વેદન કોને હોય? જેનું વેદન નથી, જે તદ્દન જુદી છે એને કાંઈ પ્રગટ કરવાનું પછી કાંઈ પ્રયોજન રહેતું નથી. એની અપેક્ષા, મુખ્યતા, ગૌણતા એ સમજવી જોઈએ કે કઈ અપેક્ષાએ છે, કઈ અપેક્ષાએ નથી. દૃષ્ટિના વિષયના જોરમાં મને પર્યાય ક્યાંય દેખાતી નથી. અંદર દ્રવ્યમાં જોઉં ત્યાં. માટે પર્યાય જુદી છે એમ કહી દે છે.

પ્રશ્ન :- દૃષ્ટિની અપેક્ષાએ તો પર્યાય જુદી છેને? માતાજી!

ઉત્તર :- પર્યાય જુદી એટલે વસ્તુભેદ ન્યાં નહિ સમજવાનો. એ વસ્તુભેદ નહિ સમજવાનો કે વસ્તુ જુદી નહિ સમજવાની. એની ગૌણતા સમજવાની. એમ. એક માણસ પોતાની સામું જોવે કે હું જ મને દેખાવ છું. બીજા માણસ હોય તો કહે બીજા છે જ ક્યાં? હું જ છું. આ ઘરની અંદર હું જ દેખાવ છું અને આ બધું હું જ છું. બીજું છે જ ક્યાં? એમ નજર પોતા ઉપર ગઈ એટલે બીજું છે જ નહિ એમ કહે એટલે શું બીજા નથી કાંઈ?

પ્રશ્ન :- એવી રીતે સમજવું?

ઉત્તર :- પોતાને દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ એટલે એણે પર્યાયને ગૌણ કરી. આ તો માણસો જુદા જ છે. પણ આ તો પોતે દ્રવ્યનો અંશ છે.

પ્રશ્ન :- વેદન પર્યાયનું છે અને દ્રવ્યનું વેદન નથી.

ઉત્તર :- વેદન ભલે પર્યાયનું હોય પણ પર્યાય દ્રવ્ય એક જ છે માટે દ્રવ્યનું વેદન કહેવાય. આ આત્માની અનુભૂતિ થઈ એમ કહેવાય. પર્યાયની અનુભૂતિ થઈ એમ નહિ. એમ કહેવાય. વીતરાગતાની અનુભૂતિ થઈ. વીતરાગસ્વરૂપ આત્મા છે, સમ્યગ્દર્શનરૂપ આત્મા છે, જ્ઞાનરૂપ આત્મા છે, ચારિત્રરૂપ આત્મા છે એમ કહેવાય. ચારિત્રની પર્યાયરૂપ આત્મા છે એમ કહેવાય. એમ કાંઈ જુદો છે? વેદન એટલે વેદન કરનારો જુદો અને દ્રવ્ય એક જુદું રહી ગયું, એમ કાંઈ છે?

અનાદિથી વેદન નથી. પર્યાય પ્રગટ થાય એટલે વેદન થાય છે, પણ એ વેદન કરનારી પર્યાય જુદી અને દ્રવ્ય જુદું રહી ગયું. એમ નથી. રાગની પર્યાય થાય તો પર્યાય થઈ રાગની, પણ એ રાગરૂપે આત્મા પરિણમે છે એમ પણ કહેવાય. રાગ આત્માએ કર્યો, ક્રોધ આત્માએ કર્યો એમ પણ કહેવાય. રાગ પર્યાયે કર્યો, ક્રોધ પર્યાયે કર્યો એમ પોતે અંદર એના આશ્રયથી આત્મા કાંઈ જુદો લટકતો નથી. જેમ પર્યાય લટકતી નથી એમ દ્રવ્ય પર્યાયથી તદ્દન જુદું નથી રહી જતું. દ્રવ્ય સાવ જુદું નથી રહી જતું.

પ્રશ્ન :- જેમ સુખ-દુઃખનું વેદન થાય છે એમ જ્ઞાનનું વેદન?

ઉત્તર :- હા. સુખ-દુઃખનું વેદન થાય એમ જ્ઞાનનું પણ વેદન થાય. જ્ઞાન તો એની અપેક્ષાએ જ્ઞાન જ્ઞાનરૂપે જાણવાનું વેદન છે એનું. એ જ્ઞાનનું વેદન પ્રગટ થાય એટલે થાય. અનાદિથી કાંઈ જ્ઞાનનું વેદન એને નથી. જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમ્યો, જ્ઞાયક જ્ઞાતારૂપે એનું વેદન છે. પ્રગટ થાય ત્યારે. પ્રગટ વગર ક્યાં એને વેદન હતું? જ્ઞાતા પોતે જ્ઞાતારૂપે પરિણમે તો એને જ્ઞાતા જ છું, એ વેદન એનું જુદું. સુખનું વેદન એ તો રાગનું છે. સુખ-દુઃખ છે એ તો રાગનું છે.

આચાર્યદેવે કરુણા કરીને કીધું કે તું આગાળ-ગોપાળ બધા તું ભગવાન પરિણમી રહ્યો છો તો બધા તર્ક ઉઠાવે છે.

પ્રશ્ન :- શાસ્ત્રમાં લખાણ એવું આવે છે એટલે...

ઉત્તર :- આબાળ-ગોપાળ બધા જ્ઞાનરૂપે થઈ રહ્યા છે. તું જો. તું પોતે જ છો. જો તો ખરો એમ કહે છે. આબાળ-ગોપાળ થઈ રહ્યા છે તો કેમ અનુભવાતો નથી? પણ આચર્યદેવે કહે છે, તું થઈ રહ્યો છો. જ્ઞાનસ્વરૂપે તું તારી આગળ છો, તું જોતો કેમ નથી? એમ કહે છે. એમનો કહેવાનો આશય એમ છે.

... પ્રગટ અનુભૂતિ થઈ ગઈ એમ નથી કહેવું. તને પ્રગટ અનુભવાઈ રહ્યો છે,

પ્રગટ નથી પણ અનુભવાઈ રહ્યો છે માટે તને સહેલું છે. જો તો ખરો, એમ કહે છે. સહેલું છે એમ કહે છે.

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતાની અનુભૂતિ થઈ રહી છે છએ દ્રવ્યને. એવી રીતે આબાળગોપાળને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતા અનુભવાઈ રહી છે.

ઉત્તર :- ઈ અનુભૂતિ કીધી ઈ જુદી અપેક્ષાએ કીધી છે.

પ્રશ્ન :- કરુણા કરીને આચાર્ય કહે છે કે આવો દેખાડ્યો છે.

ઉત્તર :- આવો આત્મા તને દેખાડ્યો, તું જો તો કેમ (નથી)? તારી આગળ છે, તું પોતે જ છો, એમ.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨ C

'સિદ્ધો વર્ણ સમામ્નાય'. 'ઉમરાળા'માં નાનપણમાં એ (પહેલું ભણેલા).

ભગવાન થયા એ વીતરાગ થઈ રાગ-દ્વેષ છૂટીને ભગવાન થયા. આત્મા ભગવાન અંદર છે. એ ભગવાનને ઓળખે તો ભગવાન થવાય, ઓળખ્યા વગર ન થવાય.

પ્રશ્ન :- માતાજી! સમવસરણ કેવું હોય?

ઉત્તર :- સમવસરણમાં ભગવાન બિરાજતા હોય. જે ભગવાન અંદર આત્મામાં ઠરી ગયા હોય. અંદરમાં એમનું શરીર જુદું હોય, એમનો આત્મા જુદો હોય. ભગવાન બિરાજતા હોય સમવસરણમાં. એમની વાણી છૂટતી હોય. સમવસરણમાં દેવો આવતા હોય, મનુષ્યો આવતા હોય અને સભા ભરાણી હોય. રત્નોના ગઢ હોય, અનેક જાતનું સમવસરણ અંદર દેવોએ રચેલું હોય. સમવસરણમાં મંદિરો હોય. ભગવાનની ભક્તિ કરવા દેવો, મનુષ્યો બધા આવતા હોય. ભગવાન બિરાજતા હોય છે સમવસરણમાં.

પ્રશ્ન :- માતાજી! ભગવાન વિહાર કરીને બીજે સ્થળે જાય તો એના એ જ મનુષ્યો, તિર્યંચો, દેવો પાછા બીજે જાય કે ત્યાં પાછા બીજા આવે?

ઉત્તર :- બીજા ગામમાં બીજા હોય, પણ જેટલા સાથે રહેનારા હોય એ બધા જાય. જેમ મુનિઓ, ગણધરો એવા બધા સાથે જાય. જે ગામના મનુષ્યો હોય એ બધા જાય એવું ન હોય. બીજા ગામમાં બીજા મનુષ્યો હોય. દેવો જાય, દેવો જાય.

દેવો તો સાથે ને સાથે હોય છે ભગવાન વિહાર કરે ત્યારે. જે દેવો અમુક વિહારમાં સાથે હોય એ બધા દેવો સાથે હોય. જેમ મુનિવરો, ગણધરો એ બધા સાથે હોય. તિર્યંચો એનો નિયમ નથી. એ તો એ ગામના અહીંયાં હોય, બીજા ગામમાં બીજા હોય.

પ્રશ્ન :- સમવસરણ .. જાય તો બધા મનુષ્યો, તિર્યંચો જે ન્યાંના હોય એ એકદમ નીચે ઉતરી જતા હશે સમવસરણ વિખરાઈ જાય એટલે? વીસ હજાર પગથિયા ઉતરે...

ઉત્તર :- ભગવાનનો એવો અતિશય છે. બધા નીચે એકદમ ઉતરી જાય, ચડી જાય એકદમ. ઘરડા પણ ચડી જાય, નાના પણ ચડી જાય અને બધાય એકદમ ચડી જાય અને એકદમ ઉતરી જાય. કાંઈ એકદમ વિંખાઈ ન જાય. બધા ઉતરી જાય. એમ વિંખાઈ જાય. એવી રીતે દેવો કરે નહિ કાંઈ.

મુમુક્ષુ :- એક જગ્યાએ સમવસરણ કેટલા દિવસ હોય?

ઉત્તર :- એ ગામના પુણ્ય હોય એટલા ટાઈમ રહે. એનો નિયમ નહિ. અમુક એવું આવે શાસ્ત્રમાં કે ચાર મહિના ચોમાસુ હોય તો ભગવાન રહે. પણ બારે મહિના... જે ગામના પુણ્ય હોય એટલો ટાઈમ રહે. એ કાંઈ નક્કી નથી હોતું. ભગવાનને એવો વિકલ્પ નથી. સહેજે ગામના પુણ્ય હોય ત્યાં સુધી ભગવાન બિરાજે અને પછી વિહાર કરે. મહિનો રહે, કેટલા દિ' રહે એનો કાંઈ નિયમ નથી.

પ્રશ્ન :- ભગવાનને ચૌમુખી ચાર મુખ હોય કે એક મુખ હોય અને બધી બાજુ દેખાય.

ઉત્તર :- ભગવાનનું મુખ એક હોય. અતિશયથી ચાર મુખ દેખાય છે. મુખ ચાર નથી હોતા. મુદ્રા-મુખ એક હોય છે પણ અતિશયથી ચારે બાજુ દેખાય. બધાને એમ દેખાય કે ભગવાન અમને દેખાય છે. ચારે બાજુથી ભગવાન દેખાય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચારેય બાજુથી ભગવાન દેખાય. એમનો અતિશય એવો છે.

ભગવાનનું સમવસરણ હોય ત્યાં બધા દેવો આવે, મનુષ્યો આવે, રાજાઓ આવે. આખું સમવસરણ ભરેલું હોય ભગવાનનું. જ્યારે જ્યારે ધ્વનિ છૂટે ત્યારે બધી વાર સભા બધી હાજર હોય. રત્નોના મંદિરો, રત્નના વૃક્ષો, બધું રત્નનું હોય. દેવોને આશ્ચર્ય થાય કે આ સમવસરણ કેવી રીતે રચાણું? આ ભગવાનના પુણ્યથી આ રચાય છે. આ શક્તિ અમારામાં નહોતી, આ કેવી રીતે રચાઈ ગયું! એમ દેવોને આશ્ચર્ય થાય છે. એવું સમવસરણ રચાઈ જાય છે.

પ્રશ્ન :- રચનારને આશ્ચર્ય થાય એવું રચાઈ જાય છે.

ઉત્તર :- એવું રચાઈ જાય છે. એવો ભગવાનનો અતિશય છે. મંદિર હોય પછી ખાઈ ભૂમિ હોય છે, વૃક્ષોની ભૂમિ, અનેક જાતની ભૂમિ હોય છે. ધજાની ભૂમિ બધી એનેક જાતની ભૂમિ. એ બધી ભૂમિ અને ગઢને વળોટીને જાય ત્યારે ભગવાનની ગંધ કુટી આવે છે ભગવાન બિરાજતા હોય ત્યાં.

પ્રશ્ન :- ભગવાનને કેવળજ્ઞાન થાય પછી તરત જ વીસ હજાર હાથ ઊંચે વયા જાય એટલે સમવસરણ પછી રચાય?

ઉત્તર :- હા. તરત સમવસરણ રચાય. ભગવાન અદ્ધર થઈ જાય. દેવો આવીને સમવસરણ રચે છે. તરત રચે પણ એને અમુક દેવોની તો શક્તિથી તરત રચી નાખે. ભગવાનને જ્યાં કેવળજ્ઞાન થયું, જમીનથી ઉપર વયા જાય છે.

પ્રશ્ન :- બધા કેવળી માટે એમ?

ઉત્તર :- કેવળજ્ઞાની બધા ઊંચે જાય. સમવસરણનું નક્કી ન હોય. અદ્ધર થાય. તીર્થંકરો તો અદ્ધર થાય, પણ અદ્ધર તો બધાય થાય. દેવોને સમવસરણ રચતા વાર નથી લાગતી.

પ્રશ્ન :- મહાવીર ભગવાનનું સમવસરણ તો ભરતમાં રચાણુંને?

ઉત્તર :- આ ભરતક્ષેત્રમાં રચાણું હતું, રાજગૃહી નગરીમાં. અત્યારે એ તો કાંઈ... આ ભરતક્ષેત્રમાં જ મહાવીર ભગવાનનું સમવસરણ રાજગૃહી નગરીમાં રચાણું હતું. શ્રેણિક રાજા જ્યાં રાજ કરતા હતા. પહેલું રાજગૃહી નગરીમાં રચાણું વિપુલાચલ પર્વત ઉપર. પછી તો ભગવાને બધે વિહાર કર્યો હોય.

પ્રશ્ન :- માતાજી! અન્ય કેવળી ભગવાનને તો કાંઈ સાંભળવાનું, સમજવાનું કોઈ ભાવ હોય નહિ તો ઈ પણ કેમ સમવસરણમાં જ જાય?

ઉત્તર :- જેને કાંઈ નથી સાંભળવાનું, સમજવાનું તોપણ એ ભગવાનનું સમવસરણ હોય ત્યાં બિરાજતા હોય છે. બધા કેવળજ્ઞાની ભગવાન નહિ પણ કેટલાક બિરાજતા હોય છે. એમને બિરાજવાનું સ્થાન સમવસરણમાં બિરાજતા હોય છે. બિરાજે તો ખરાને. બિરાજે છે. કેટલાકને ધ્વનિનો ઉદય હોય તો બીજે જાય. ધ્વનિનો ઉદય ન હોય તો ક્યાં બિરાજે કેવળી ભગવાન? કે ભગવાનના સમવસરણમાં. સાંભળવું નથી કાંઈ. બિરાજતા હોય ભગવાનના સમવસરણમાં. ભગવાનનો વૈભવ છે એ. ભગવાનના સમવસરણમાં કેવળજ્ઞાની હોય, મુનિઓ હોય. એ બધું ભગવાનની, સમવસરણની એમના તીર્થંકરની ભગવાનની વિભૂતિ છે બધી.

ભગવાનના સમવસરણમાં કેવળજ્ઞાનીઓ કેવળજ્ઞાન પામીને બિરાજતા હોય. જે કેવળજ્ઞાનીને ધ્વનિનો ઉદય છે એ તો બીજે ગામ જાય ત્યાં ગંધકુટી રચાય, બધું રચાય. પીઠિકા ને એ બધું અમુક સભા બેસે એવી જાતનું અમુક રચાય. અને કેવળજ્ઞાનીને પણ ધ્વનિ છૂટે, બીજે ગામ જાય ત્યાં.

પ્રશ્ન :- ભગવાન જેમ વિહાર કરે, પગલા ભરેને કમળ રચાઈ જાય એ આપોઆપ જ ભગવાનના અતિશયથી રચાઈ જાય? ભગવાન જ્યારે વિહાર કરે અને પગલા એક પછી એક ભરે, કમળ કુદરતી રચાઈ જાય?

ઉત્તર :- દેવો રચે છે, કમળ દેવો રચે છે. ભગવાન પગલા મૂકે ત્યાં સોનાના કમળ દેવો રચે છે. મહાવીર ભગવાનને સમવસરણ રચાણું. ધ્વનિ છૂટતી નથી. ઈ જાતનું... ધ્વનિ છૂટવાનો કાળ હતો અને ગૌતમસ્વામી આવ્યા એ બધો મેળ ખાઈ ગયો, ઉપાદાન-નિમિત્તનો.

પ્રશ્ન :- વાણીનો યોગ તીર્થંકર સિવાય બીજા ... ને પણ હોય ખરો?

ઉત્તર :- હોય, વાણીનો યોગ હોય. હોય. કેટલાકને ન હોય, કેટલાકને હોય વાણીનો યોગ. શાસ્ત્રમાં આવે છે. તીર્થંકર ભગવાન જ્યાં ન બિરાજતા હોય ત્યાં કોઈ કેવળજ્ઞાની પણ બિરાજતા હોય છે અને એની પણ વાણી છૂટતી હોય છે. એવા ઉપદેશની ધ્વનિ છૂટતી હોય છે.

પ્રશ્ન :- વીતરાગ થયા પછી રાગ તો છે નહિ,...

ઉત્તર :- એવો પુણ્યનો બંધ એવી જાતનો થયેલો છે કે કેવળજ્ઞાન થયા પછી ધ્વનિ છૂટે.

પ્રશ્ન :- ગૌતમસ્વામી અંદર પધાર્યા પછી સમ્યગ્દર્શન પામ્યા કે બહારથી?

ઉત્તર :- એ કાંઈ નથી. માનસ્તંભ જોઈને આશ્ચર્ય પામી ગયા છે. પછી સમ્યગ્દર્શન ક્યારે પામ્યા... એ અંદર આવ્યા પછી બધું થયું છે. કઈ ભૂમિમાં અને ક્યાં સુધી આવ્યા એ કાંઈ આવતું નથી. બાકી માનસ્તંભ દેખીને આશ્ચર્ય પામ્યા છે. ત્યાંથી એમની શરૂઆત થઈ ગઈ છે. એની પરિણતિ પલટવાની શરૂઆત ત્યાંથી થઈ ગઈ છે. ત્યાં જાય છે ત્યાં બધું થઈ ગયું. સમ્યગ્દર્શન થઈ ગયું, મુનિદશા થઈ ગઈ, ચાર જ્ઞાન થઈ ગયા. બધી પરિણતિ એટલી વારમાં ત્યાં જાય ત્યાં બધી પલટી જાય છે. ત્યાં ભગવાન આગળ સમક્ષ ગયા ત્યાં એક ક્ષણમાં બધું પલટાઈ ગયું. ભગવાનના દર્શન કર્યા ત્યારથી બધું પલટી ગયું. પહેલા અહીંથી શરૂઆત થઈ ગઈ માનસ્તંભ આગળથી.

પ્રશ્ન :- અંતર પુરુષાર્થ એવી રીતે ઉપડી ગયો?

ઉત્તર :- અંતરની પુરુષાર્થની પરિણતિ. અંદર આશ્ચર્ય લાગી ગયું. આ હું માનતો હતો એ બધું ખોટું છે. મેં તો માન્યું હતું કે હું તો જાણે મારા જેવું કોઈ નથી. જાણે હું તો કાંઈ સર્વજ્ઞ છું. એવું મનાઈ ગયું હતું. આ તો ખોટું છે. આ તો આશ્ચર્ય. અંદરની એટલી પાત્રતા છે કે એને આશ્ચર્ય લાગી ગયું. આ તે કોણ છે એમ થઈ ગયું. આ તે કઈ જાતના મહાપુરુષ! આ કોણ ભગવાન છે! એમ થઈ ગયું. એવું આશ્ચર્ય લાગી ગયું. અંદર માન્યતા પોતાની (હતી), બધી વાત પોતે છૂટી ગઈ અંદરથી. અંદરથી એકદમ પાત્રતા જાગી ગઈ છે. પરિણતિ એકદમ પલટાઈ ગઈ. એકદમ પલટાઈ ગઈ. બધા આગ્રહો એકદમ છૂટી ગયા. માન્યતા બધી અન્યમતની, વેદાંતની હતી એ એકદમ પલટી ગઈ. એકદમ પલટીને એકદમ બધું એકદમ પ્રગટ થઈ ગયું. એ આત્માની... આ ચૈતન્ય છેને, એવી પાત્રતા એકદમ પલટ થઈ ગઈ. એકદમ પુરુષાર્થ એવો થઈ ગયો.

પ્રશ્ન :- જાતિસ્મરણ થયું હતું?

ઉત્તર :- કોઈ કારણ નહિ. ભગવાનના દર્શનથી થઈ ગયું છે બધું. નિમિત્ત ભગવાનના દર્શન છે અને અંતરમાં પોતાનું ઉપાદાન છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૩ A

પ્રશ્ન :- ભગવાનની વાણી ખાલી ન જાય, એમ 'ગુરુદેવ'ની વાણીથી પણ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા જાગ્રત થઈ ગયા.

ઉત્તર :- ભગવાનની વાણી ખાલી ન જાય એમ 'ગુરુદેવ'ની વાણી ખાલી ન જાય. બધાના હૃદયના પલટા થઈ જાય. બધાને બાહ્યના આગ્રહો, મતમતાંતરના આગ્રહો છૂટી જાય, અંતરમાં કાંઈક બીજું કરવાનું છે એવું થઈ જાય.

પ્રગટ અને અપ્રગટ મેળ જ છે. પર્યાયનું સ્વરૂપ તો પ્રગટ છે અને દ્રવ્ય અપ્રગટ (છે). પોતે જાણતો નથી દ્રવ્ય અપ્રગટ એટલે. એ તો શક્તિમાં છે. દ્રવ્ય કાંઈ કોઈએ એને છૂપાવ્યું નથી. દ્રવ્ય પ્રગટ છે.

પ્રશ્ન :- દ્રવ્યને અપ્રગટ પણ કહે છે અને પ્રગટ પણ કહે છે.

ઉત્તર :- હા. બેય કહે છે. પર્યાય અપેક્ષાએ અપ્રગટ, પણ પોતે પોતાથી પ્રગટ છે. પર્યાય પોતે પરિણમનસ્વરૂપ છે એટલે એને પ્રગટ કહેવાય છે. મેળ જ છે.

પ્રશ્ન :- મેળ તો છે પણ અમને મેળ ખાતો નથી. કોઈ રીતે અપ્રગટનો આશ્રય કરવો...

ઉત્તર :- અપ્રગટનો. અપ્રગટ એ પોતે સ્વરૂપે તો પ્રગટ છે. એનો આશ્રય લેવાયોગ્ય છે. એનો સ્વભાવ તો પ્રગટ જ છે. પર્યાય તો એને વેદનમાં આવે છે એટલે એને પ્રગટ કહેવાય છે. વિભાવમાં તો રાગ-દ્વેષનું વેદન છે. સ્વભાવમાં શુદ્ધ પર્યાયનું વેદન છે, સ્વાનુભૂતિનું વેદન છે. દ્રવ્યને એની અપેક્ષાએ એને અપ્રગટ કહેવાય પણ દ્રવ્ય પોતે સ્વરૂપે પ્રગટ છે. એનો આશ્રય લેવા યોગ્ય છે, આશ્રય લઈ શકાય છે. એનો સ્વભાવ ગ્રહણ કરે તો આશ્રય લઈ શકાય છે. જ્ઞાયકસ્વભાવ છે પોતે એ આશ્રય લેવા યોગ્ય છે અને લેવાય છે.

પ્રશ્ન :- કાર્ય પર્યાયમાં થાય તો પછી મહત્ત્વ તો પર્યાયનું જ હોવું જોઈએ.

ઉત્તર :- કાર્ય પર્યાયમાં થાય, પણ એ કોને આશ્રયે થાય છે? જેનો આશ્રય હોય એનું મહત્ત્વ છે. અનંત શક્તિ ભરેલો આત્મા છે. પર્યાય તો એક ક્ષણ પૂરતી છે. ક્ષણે-ક્ષણે નવી નવી પર્યાય થાય છે. માટે મહત્ત્વ તો દ્રવ્યનું છે કે જે અનંત શક્તિઓથી ભરપૂર (છે). ગમે તેટલી પર્યાયો પ્રગટ થાય તોપણ એનો સ્વભાવ તો ખૂટતો જ નથી. એ તો અનંત-અનંત સ્વભાવથી ભરેલો છે. અનંતકાળ સુધી આનંદ પ્રગટ થયા કરે તોપણ એ તો અનંત ને અનંત રહે છે.

અનંતુ જ્ઞાન છે. લોકાલોકને એક સમયમાં જાણે છે. બીજે ક્ષણે એનું જ્ઞાન પણ ખૂટતું નથી. કે આટલું જાણ્યું એટલે જ્ઞાન ખૂટી ગયું એમ પણ નથી. એ તો અનંત શક્તિથી ભરેલું સામર્થ્ય દ્રવ્યમાં છે. દ્રવ્યની મહત્તા છે. પર્યાયની મહત્તા એ શુદ્ધ પર્યાય પ્રગટ થઈ અને શુદ્ધ વેદનમાં આવે છે. કેવળજ્ઞાન પ્રગટ થાય છે, સાધનાની પર્યાય પ્રગટ થાય છે. માટે એ અપેક્ષાએ પર્યાય પણ પોતાના સ્વભાવનો આશ્રય કર્યો માટે મહત્ત્વવાળી છે, પણ દ્રવ્ય તોપણ અનંત શક્તિથી ભરેલું છે માટે દ્રવ્ય તો મહામહિમાવંત છે. કેવળજ્ઞાન મહિમાવંત છે, પણ એનો જેને આશ્રય છે દ્રવ્યનો એ દ્રવ્ય તો એનાથી પણ મહિમાવંત છે.

પ્રશ્ન :- દ્રવ્ય અને પર્યાય આમ તો એકદમ નજીક છે.

ઉત્તર :- નજીક જ છે. કાંઈ જુદાં થોડા છે? દ્રવ્યનો આશ્રય કરવાથી શુદ્ધ

પર્યાય પ્રગટ થાય છે. શુદ્ધ પર્યાયે પોતે પરિણમે છે. પર્યાય જુદી છે અને દ્રવ્ય જુદું છે એવું નથી. એ તો અંશ અંશીનો ભેદ છે. બાકી પર્યાય ક્યાંક જુદી છે અને દ્રવ્ય ક્યાંક જુદું (છે), એકબીજા એકદમ અલગ-અલગ છે એવું તો નથી.

પ્રશ્ન :- બે ભાગ નથી?

ઉત્તર :- બે ભાગલા નથી એના. બે દ્રવ્યના બે ભાગલા છે એમ દ્રવ્ય-પર્યાયના બે ભાગલા છે એમ નથી. એને તો આ અંશી આખો છે અને ઓલા અંશ છે એટલો ભેદ છે. એને ગોતવા માટે આઘું જાવું પડતું નથી. દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે. માટે દ્રવ્યને ગોતવા માટે ક્યાંય બીજે જાવું પડે છે એવું નથી. બેય નજીક જ છે, દૂર-દૂર નથી.

જેને આશ્રયે પર્યાય થાય છે એ દ્રવ્ય કેવું છે? એમ દ્રવ્યનો મૂળ સ્વભાવ જોવે તો દ્રવ્ય પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને એ એના લક્ષણથી ઓળખી શકાય એવું છે. અનાદિકાળથી પર્યાય ઉપર દૃષ્ટિ છે માટે એ દ્રવ્ય ઓળખાતું નથી. દૃષ્ટિ એની બહાર છે. વિભાવપર્યાય ઉપર દૃષ્ટિ છે એટલે એ સ્વભાવને ઓળખતો નથી. એટલે એને દૂર લાગે છે, પણ દૂર છે નહિ. પોતે જ છે, એમાં દૂર ક્યાં હતો? દૂર એને ભ્રાંતિમાં દૂર થઈ પડ્યું છે. દૂર નથી, નજીક જ છે. એ બહારની વસ્તુ નથી કે એને ગોતવા જાવી પડે. પોતે જ છે. પોતે જ અંદરમાં ઓળખાય એવો છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય એ બધું દ્રવ્યનું સ્વરૂપ છે.

પ્રશ્ન :- ત્રણેની મહત્તા છે એની રીતે.

ઉત્તર :- દરેકની અપેક્ષાએ દરેકનું મહત્ત્વપણું છે. દ્રવ્ય અનંત શક્તિઓથી ભરેલું (છે) માટે દ્રવ્ય પણ મહિમાવંત-મહામહિમાવંત છે. અનંત શક્તિઓ બધી દ્રવ્યમાં ભરી છે, પણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે પણ મહિમાવંત છે. સાધકદશા મહિમાવંત છે, પૂર્ણ કેવળજ્ઞાન મહિમાવંત છે. શુદ્ધ દ્રવ્યના આશ્રયે જે પર્યાય પ્રગટ થઈ, શુદ્ધરૂપે પરિણમી તે પર્યાય પણ મહિમાવંત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-રત્નત્રય તે બધા મહિમાવંત છે. એનો આશ્રય જેને છે એ દ્રવ્ય મહામહિમાવંત છે. બધાનો આશ્રય એક દ્રવ્ય છે.

પ્રશ્ન :- 'પ્રવચનસાર'માં પાંચ ગાથા છેલ્લી એને પાંચ રત્ન કહ્યા. એમાં તો સંસારતત્ત્વનું પણ વર્ણન આવે છે. ઈ પણ રત્ન છે?

ઉત્તર :- પંચ રત્ન છે. એ દ્રવ્ય પોતે રત્ન છેને. પંચરત્ન. એને રત્ન અપેક્ષાએ કીધું છે. સ્વભાવને ઓળખે તો એ બેય સામસામું છે. સંસાર ઓળખવાનું વચ્ચે હોય

છે. વિભાવ અને સ્વભાવ. મિથ્યત્વ ગુણસ્થાન કીધું છે. મિથ્યાત્વ ગુણસ્થાનક એ ગુણરૂપે એને કઈ રીતે કહેવું? ઊંધી પર્યાય તો એને ગુણસ્થાન કીધું છે. એમ આ પોતે સ્વભાવરૂપે આત્મા નથી અને એ રૂપે પરિણમ્યો તો એને રત્ન કીધું છે. મિથ્યાત્વ ગુણસ્થાન એ કાંઈ ગુણોની ભૂમિકા નથી.

પ્રશ્ન :- ગુણનું સ્થાન નથી.

ઉત્તર :- ગુણનું સ્થાન, નામ ગુણસ્થાન કીધું છે. ગુણથી ભરેલો આત્મા એની ઊંધી પર્યાયને ગુણનો આરોપ કીધો છે.

પ્રશ્ન :- એની પર્યાય છે માટે.

ઉત્તર :- માટે. રત્નાકર આત્મા એની ઊંધી પર્યાયને રત્નનો આરોપ કીધો છે.

પ્રશ્ન :- સાંભળવામાં તો એમ લાગે આ તરત કરી શકાય એવું છે. પ્રયોગમાં લાવવું ત્યાં પાછું બધું ફેરફાર થઈ જાય છે.

ઉત્તર :- પુરુષાર્થ કરે તો થાય. અનાદિનો અભ્યાસ બહારનો છે એટલે થઈ શકતું નથી. પણ સ્વભાવ પોતાનો છે માટે થઈ શકે એવું છે. પ્રયોગમાં મૂકવું એને મુશ્કેલ પડે છે. વિચાર કરે અને નિર્ણયમાં બેસે તોપણ એને પુરુષાર્થ કરીને પાછું વળવું, પરિણતિને પાછી વાળવી એને મુશ્કેલ પડે છે. પરિણતિ અનાદિની વિભાવ સાથે એકત્વ થઈ રહી છે. એને છૂટી પાડવી એ એકદમ એને પુરુષાર્થ કરવો મુશ્કેલ પડે છે, પણ થઈ શકે એવું છે. અનંતા મોક્ષ ગયા છે એ બધા પુરુષાર્થ કરીને જ ગયા છે. ચૈતન્યને ઓળખીને જ ગયા છે. અનાદિનો અભ્યાસ એને તોડીને પોતાનો સ્વભાવ જે અનાદિનો છે એને પ્રગટ કર્યો છે. સ્વભાવ પોતાનો અનાદિ જે શાશ્વત છે એને પ્રગટ કર્યો. આ વિભાવના સંસ્કારને તોડી નાખ્યા છે. અનંતા જીવો એ રીતે સાધનાને પામ્યા અને મોક્ષ ગયા છે.

પ્રશ્ન :- મુનિવરો તો મોટા નિધાન આપી ગયા છે.

ઉત્તર :- નિધાન આપ્યા છે, ખજાના ખોલી દીધા છે. બધા મુક્તિની પર્યાય અને એ બધું કેમ પ્રગટ થાય એ માર્ગ બતાવ્યો છે. શાસ્ત્રમાં આવે છે, 'ગુરુદેવે' એના રહસ્યો ખોલ્યા છે. સીધી રીતે શાસ્ત્ર પહેલા કોઈ સમજતું નહોતું. 'ગુરુદેવે' બધા રહસ્યો ખોલ્યા છે. એક શબ્દે શબ્દનો અર્થ કરીને એના કેવા ભાવ ઊંડા છે એ 'ગુરુદેવે' ખોલ્યા છે.

બધા ક્યાંય હતા. બાહ્ય ક્રિયામાં પડેલા હતા. મિથ્યામાં, કુદેવ, કુગુરુ બધું માનતા હતા અને શુભભાવથી ધર્મ થાય, એ બધી માન્યતાઓ કેટલી સ્થૂળ માન્યતા

હતી. એમાંથી કેટલું 'ગુરુદેવે' દ્રવ્ય-ગુણ-પર્યાયનું સમજાવ્યું. એમાંથી દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં અત્યારે બધા પડી ગયા છે. ઓલું બધું ક્યાંય પડ્યું રહ્યું. એ તો બધું સ્થૂળ.

અત્યારે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ગુરુદેવે સમજાવ્યું. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં બધા અને એના વિચારો આવે છે અત્યારે. બહારથી ધર્મ થાય એવું માનતા હતા. સામાયિક કરીએ તો ધર્મ થાય, પ્રતિક્રમણના પાઠ બોલીએ તો ધર્મ થાય, ઉપવાસ કરે તો ધર્મ થાય. એવી બધી માન્યતા બહારથી હતી. વળી બહુ કરે તો શુભભાવ રાખે તો ધર્મ થાય. એટલું માને. પણ એ શુભભાવ પણ આત્માનો સ્વભાવ નથી, પુણ્યબંધનું કારણ છે. એ 'ગુરુદેવે' વારંવાર કીધું એટલે બધાને એટલું બેઠું. વારંવાર ઘૂંટાવ્યું. નહિતર એ સંપ્રદાયના આગ્રહ તૂટવા, એ 'ગુરુદેવ'ની વાણી એવી જોરદાર હતી તો તૂટી ગયા.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'નું પરિવર્તન આખા સમાજનું પરિવર્તન થયું.

ઉત્તર :- સમાજનું પરિવર્તન થયું.

મુમુક્ષુ :- શુભનું વજન રહી જાય છે વારંવાર. એ ખસતું નથી.

ઉત્તર :- શુભમાં જીવ શુભની રુચિમાં અટકી જાય છે. શુભ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. અશુભભાવથી બચવા માટે શુભભાવો વચ્ચે આવે છે. જિનેન્દ્રદેવની ભક્તિ, ગુરુની ભક્તિ, શાસ્ત્રનો સ્વાધ્યાય, તત્ત્વ વિચાર બધું આવે છે. શુભભાવો વચ્ચે આવ્યા વગર રહેતા નથી, પણ જો એની રુચિ-એનાથી ધર્મ થાય એમ માને તો એને યથાર્થ શ્રદ્ધા નથી. પોતે એનાથી પણ છૂટો છે, એ સ્વભાવ પોતાનો નથી. એવી શ્રદ્ધા રાખી અને શુભભાવમાં જોડાય કે આ મારું સ્વરૂપ નથી. પણ હજી અંદર પ્રગટ થયો ન હોય આત્મા અને શુભને છોડી દે તો અશુભમાં જાય. શુભ વચ્ચે આવ્યા વગર રહેતું નથી, પણ શુભ પોતાનો સ્વભાવ નથી. મુનિવરોને પણ શુભભાવો આવે છે. પંચ મહાવ્રતના, દેવ-ગુરુ-શાસ્ત્રના, ભક્તિના બધા હોય છે.

પ્રશ્ન :- મુનિવરોએ ભક્તિ કરી છે ભગવાનની.

ઉત્તર :- ભગવાનની. સ્તોત્ર રચ્યા છે.

પ્રશ્ન :- ભક્તિમાં પણ તત્ત્વ મૂક્યું છે.

ઉત્તર :- તત્ત્વ છે. ગૃહસ્થાશ્રમમાં તો આવે. મુનિવરોને આવે તીવ્ર. તો સમ્યગ્દર્શન હોય ત્યાં તો આવે જ છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૩ B

પ્રશ્ન :- વિકલ્પરૂપ ભલે હોય, નિર્વિકલ્પદશા ન થઈ હોય, પણ આખો અભેદ આત્મા એનું ગ્રહણ એવી રીતે વાત છે?

ઉત્તર :- અભેદ આત્મા એટલે મૂળ વસ્તુનું ગ્રહણ. એમ. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ, અસ્તિત્વ ગ્રહણ એમ. એમાં જે ક્ષણે ક્ષણે પલટાય એ બધું ભેગું ન આવે એક અસ્તિત્વ જે અનાદિ-અનંત ચૈતન્યનું એક સરખું અસ્તિત્વ રહ્યું છે એ અસ્તિત્વ.

પ્રશ્ન :- અજ્ઞાનીને પહેલા તો ભેદરૂપ ખ્યાલ હોય કે આ વિકારની પાછળ જ્ઞાન છે તે હું છું. પછી અભેદનું અસ્તિત્વ ગ્રહણ કરે.

ઉત્તર :- એટલે ગુણ-ગુણીનો ભેદ ગ્રહણ ન કરે કે આ જ્ઞાન છે, આ જ્ઞાન તે હું અને આ જ્ઞાન છે, આ ગુણી છે એવો ગુણભેદ ગ્રહણ નથી કરતો. પણ એક જ્ઞાયકને ગ્રહણ કરે. જ્ઞાનસ્વભાવ લક્ષણથી ઓળખે કે આ જે જાણનારો છે, જે જાણનાર છે તે હું છું. એટલે જાણનાર ગુણ ગ્રહણ એકલો નહિ કરતાં આખું ગુણી ગ્રહણ કરે છે કે જે એકલું જાણનારનું અસ્તિત્વ ધરાવે છે. જે સ્વયં જ્ઞાયક છે અને જે સ્વયં પોતે જાણવાનું અસ્તિત્વ ધરાવનાર જે વસ્તુ છે તે હું છું. આને જાણ્યું... આને જાણ્યું... એમ જાણ્યું એટલે આ પરને જાણ્યું તે હું એમ નહિ, પણ જે સ્વયં જાણનાર સ્વરૂપ જ છે એવું જે અસ્તિત્વ અનાદિ-અનંત છે કે જે જાણનાર છે તે અનાદિ-અનંત છે. એવું જાણનારનું અસ્તિત્વ ગ્રહણ કરવું તે અભેદ અસ્તિત્વ છે. ગુણ-ગુણીનો ભેદ નહિ પાડતા જે સ્વયં જ્ઞાયક છે તે જ્ઞાયકને ગ્રહણ કરવો.

પહેલા (એ) આત્માને ઓળખતો નથી એટલે આ જાણ્યું... આ જાણ્યું.... આમ બહારથી જોવે છે કે આને જાણ્યું. જાણનાર કોણ છે? એ જાણનાર અંદર છે. હવે એમ કરતા પણ એ જાણનાર સ્વયં જાણનાર છે. આને જાણ્યું, આને જાણ્યું એમ નહિ, પણ સ્વયં જાણનારનું અસ્તિત્વ તે જ હું છું. એમ અસ્તિત્વને ગ્રહણ કરવું તે. એ જે અસ્તિત્વ જાણનારનું એ દ્રવ્ય છે તે જ હું છું. એમ.

પ્રશ્ન :- જ્ઞાની તો થયો નથી.

ઉત્તર :- જ્ઞાની થયો નથી પણ એ પોતે એને આત્માને ગ્રહણ તો કરવો છે, જિજ્ઞાસા છે, રુચિ છે. જ્ઞાની ભલે થયો નથી પણ એના માર્ગે એને જાવું છે. માટે એ

અસ્તિત્વનું ગ્રહણ થાય છે. તે તરફ એ વળે છે કે જે જાણનારો તે હું છું. એમ. તે તરફ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે છે કે જે જાણનારનું અસ્તિત્વ તે હું છું. એ અસ્તિત્વને ગ્રહણ કરે, બીજાથી જુદો પડે, એનો વધારે વધારે પ્રયત્ન કરતો જાય છે.

પ્રશ્ન :- એને અસ્તિત્વનું ભાવભાસન થાય કે કાંઈ વેદનમાં આવે?

ઉત્તર :- વેદનમાં નહિ. એનો ભાવ એનું લક્ષણ ઓળખાય છે. એનું ભાવભાસન થાય છે. જેમ આ જાણનાર,... જડ કાંઈ જાણતું નથી. એમ જે જાણનારો છે તે હું છું. એવું એનું ભાવનું એને ભાસન થાય. એનું વેદન થાય છે એમ નથી. પણ એ હજી સહજરૂપે નથી. પ્રયત્ન કરે છે એ જાતનો. સહજરૂપે દશા તો એ જ્ઞાયકને ઓળખે ત્યારે થાય. એમાં તો પ્રયત્નરૂપ હોય છે. પણ એ પ્રયત્ન કર્યા વગર કાંઈ થાતું નથી. પ્રયત્ન કરે તો સહજમાં જાય છે. એમ ને એમ સહજ આવતું નથી. એવું અનાદિથી જે અંતર્મુહૂર્તમાં કોઈને થાય એ જુદી વાત છે, બાકી પ્રયત્ન કરે તો એ આગળ જાય છે. જે સહજસ્વરૂપ છે તે હું છું. એમ એને જ્ઞાનમાં લે છે પણ તે રૂપે ગ્રહણ કરવા માટે પ્રયત્ન કરે છે.

પ્રશ્ન :- ભાવભાસનમાં જે ગ્રહણ કર્યું છે એ સાચું ગ્રહણ કર્યું છે એવી ખાત્રી થઈ જાય?

ઉત્તર :- એની ખાત્રી થાય. એ તરફનો પ્રયત્ન કરે. આ જે જાણનાર છે તે સિવાય બીજો કોઈ હું નથી. જે જાણનારો છે તે જ હું છું. બીજું કોઈ આ રાગનું સ્વરૂપ કે આ બીજું કોઈ સ્વરૂપ, જડનું સ્વરૂપ કે રાગનું સ્વરૂપ એ કોઈ સ્વરૂપ મારું નથી. જે આકુળતારૂપ છે તે સ્વરૂપ મારું નથી. જે દુઃખરૂપ છે તે પોતાને પોતાનું સ્વરૂપ દુઃખરૂપ લાગે નહિ. માટે આ સ્વરૂપ મારું નથી. જે દુઃખરૂપ લાગ્યા કરે છે, જે આકુળતા દુઃખ લાગ્યા કરે છે તે સ્વરૂપ પોતાનું હોય જ નહિ. જેને જે ઇચ્છતો નથી, જે આકુળતારૂપ છે તે સ્વરૂપ મારું હોય જ નહિ. પોતાનું સ્વરૂપ પોતાને દુઃખરૂપ હોય નહિ. માટે જાણનાર જે જ્ઞાયકસ્વરૂપ છે તે મને દુઃખરૂપ લાગતો નથી. એ સહજ જે જાણનારો છે તે જ હું છું. તે જ મારું સ્વરૂપ છે. એ જાણનારો કોઈ બીજો નથી, હું જ છું. એમ ગ્રહણ કરી શકે છે અને એવો નિશ્ચય એને આવી શકે છે કે જાણનારો તે હુ છું અને એ જાણનારમાં જ બધું ભરેલું છે. જાણનારનું સ્વરૂપ તે જ મને સુખરૂપ છે, બીજું કોઈ સુખરૂપ નથી.

પ્રશ્ન :- ભાવભાસનમાં જે જ્ઞાયક આવ્યો એમાં કાંઈ ફરક નથી એ ખાત્રી થઈ

જાય?

ઉત્તર :- આ સાચું સ્વરૂપ, જ્ઞાયકનું સ્વરૂપ તે જ મારું સ્વરૂપ છે. એમાં કાંઈ ફરક નથી એમ નિર્ણય એને આવે છે. ભલે સહજરૂપ સહજ દશા નથી પણ વિકલ્પથી પણ એવો નિર્ણય એને આવી શકે છે કે આ સાચું જ છે, ખોટું નથી.

પ્રશ્ન :- જ્ઞાનીને જેમ સવિકલ્પદશામાં જ્ઞાયક તરવરતો હોય છે, એવી રીતે અજ્ઞાનીને આવી દશામાં જ્ઞાયક તરવરતો હોય છે?

ઉત્તર :- જ્ઞાયક જે જ્ઞાનીને તરવરતો હોય છે એવો એને તરવરતો નથી. જ્ઞાનીને તો સહજ દશાએ તરવરે છે. એને કાંઈ વિચારવું નથી પડતું કે એને કાંઈ વિચાર કરીને નિર્ણય કરવો પડતો નથી. એને સહજરૂપે જે જ્ઞાયક છે, જ્ઞાયકની ધારા જ ચાલે છે. એની કર્તાબુદ્ધિ છૂટીને જ્ઞાયકની જ્ઞાયકધારા એને સહજરૂપે નિરંતર ક્ષણે-ક્ષણે વિચાર્યા વગર સહજ પરિણતિ ચાલે છે. એટલે જ્ઞાનીની દશા જુદી છે.

અનાદિની એકત્વબુદ્ધિ એને અજ્ઞાનદશામાં કાંઈ વિચાર્યા વગર ચાલી રહી છે. જ્ઞાનીને જ્ઞાનની દશા સહજપણે ચાલી રહી છે. જે નિર્ણય કરે છે એવું એને સહજ નથી. એણે સાચો નિર્ણય કર્યો છે પણ એ રૂપે જ્ઞાયકની જ્ઞાનધારા ચાલતી નથી. એને વારે વારે વિચારવું પડે છે, વિચારીને યાદ કરવું પડે છે. એકત્વબુદ્ધિ થઈ રહી છે. વિચારીને નક્કી કર્યું કે જ્ઞાયક તે હું, પણ એવી પરિણતિ નથી સહજ. પરિણતિ એકત્વ થઈ રહી છે. એણે નક્કી કર્યું કે જ્ઞાન તે હું, જ્ઞાયક તે હું, આ જ્ઞાયક તે હું. પણ પરિણતિમાં એના કાર્યમાં, એની પરિણતિમાં એકત્વબુદ્ધિ થઈ રહી છે. માટે એને વારે વારે વિચાર કરવો પડે છે. જ્ઞાની જેવી સહજ દશા એની નથી. એ નક્કી નિર્ણયમાં કરે કે આ રહ્યો જ્ઞાયક. એમ જ્યારે નિર્ણય કરે ત્યારે એમ લાગે વળી એકત્વબુદ્ધિની પરિણતિમાં પાછું એને વારે વારે વિચારવું પડે છે.

પ્રયત્ન જેને ચાલતો હોય એવી રીતે એકત્વબુદ્ધિ થઈ જાય છે. એટલે સહજ દશા નથી પણ નિર્ણય સાચો કરી શકે છે. જિજ્ઞાસાની ભૂમિકામાં સાચો આત્માર્થી હોય તે સાચો નિર્ણય કરી શકે છે. જો સાચો નિર્ણય ન કરી શકે તો એને કાંઈ એકદમ પ્રયત્ન વગર કાંઈ જ્ઞાનદશા સહજ આવતી નથી. એ તો જેની જિજ્ઞાસા હોય, આત્માનું પ્રયોજન હોય એને જ એ પ્રયત્ન કરે, એને જ એ જ્ઞાનદશા સહજપણે આવે છે અને પહેલા નિર્ણય કરી શકે છે.

સત્પુરુષનો નિર્ણય કરી શકે કે આ જ્ઞાની જ છે, આ ગુરુ જ છે. કોઈ અપૂર્વ વાત બતાવી રહ્યા છે. એમ આત્માર્થી હોય એ નક્કી કરી શકે છે. એમ આત્માને

પણ જે આત્માર્થી હોય એ નક્કી કરી શકે. આત્મા જે જ્ઞાયક છે, જે સ્વરૂપ મને પોતાને સુખરૂપ અને જાણવું સહજ જાણી રહ્યો છે તે જ આત્મા છે. જે આ દુઃખરૂપ વેદન થઈ રહ્યું છે, જે આકુળતારૂપ વેદન છે તે સ્વરૂપ મારું નથી. પોતાનું સ્વરૂપ પોતાને દુઃખરૂપ હોય જ નહિ. પણ એ દુઃખને પકડી શકે તો. એને અશુભભાવમાં દુઃખ લાગે, શુભમાં પાછું એને સુખ લાગી જાય. પણ એ દુઃખને પકડે કે દુઃખ ક્યાં છે? અને વિભાવ શું છે? એને ગ્રહણ કરે તો એ જ્ઞાયકને ગ્રહણ કરે કે આ જ્ઞાયક સાચો છે, આ જ્ઞાયક તે હું છું. એ સિવાયનું બીજું બધું મારું સ્વરૂપ નથી. જ્ઞાયકને ઓળખે તો વિભાવને ઓળખે છે, વિભાવને ઓળખે તો જ્ઞાયકને ઓળખે છે.

પ્રશ્ન :- એની પાસે પ્રગટ તો વિભાવ છે.

ઉત્તર :- વિભાવ પ્રગટ છે. જ્ઞાયક પ્રગટ નથી. જ્ઞાયક સ્વભાવે તો પ્રગટ છે પણ એ ઓળખતો નથી. પણ એ સમજે કે આ બધું સ્વરૂપ મારું નથી. શાંતિ સ્વરૂપ આત્માનું કોઈ (જુદું છે). આત્માર્થી હોય એને એમ જિજ્ઞાસા થાય, વિચાર આવે કે આ સ્વરૂપ આવું દુઃખમય સ્વરૂપ આત્માનું હોય નહિ. આત્માનું સ્વરૂપ કાંઈક જુદું છે. વિચાર કરીને નક્કી કરે. ગુરુ આગળથી સાંભળે કે આત્માનું શું સ્વરૂપ છે. એને વિચાર આવવાનો અવકાશ થાય છે.

પ્રશ્ન :- મંદમાં મંદ કષાય એ વિભાવ છે એ દુઃખરૂપ છે. એટલું એનું જ્ઞાન સૂક્ષ્મ થઈને એનું ગ્રહણ કરે તો પછી પેલાનો આંતરો પાડી શકે.

ઉત્તર :- તો આંતરો પાડી શકે. મંદ કષાયમાં જો એને શાંતિ લાગે તો એ આંતરો પાડી શકતો નથી. ઉપર ઉપરથી એમ કહે કે આ જ્ઞાયક જુદો એમ કહે, પણ એ મંદ કષાયનો જો આંતરો પાડી શકતો નથી તો સાચા જ્ઞાયકને ઓળખી શકતો નથી.

પ્રશ્ન :- બીજી રીતે આત્માર્થીપણું ત્યારે જ ખરેખર સાચું પ્રગટ્યું કહેવાય કે જ્યારે આટલો આંતરો એના જ્ઞાનમાં પડે કે મંદમાં મંદ કષાય પણ આકુળતારૂપે એને વેદન એટલે કે એને ખ્યાલમાં આવે કે આ પણ આકુળતા જ છે.

ઉત્તર :- એ જ્ઞાનમાં ગ્રહણ થવું જોઈએ. એ આત્માર્થી હોય એને ગ્રહણ થયા વગર રહેતું નથી. વિચારથી નક્કી કરે, યુક્તિથી નક્કી કરે, ગુરુથી નક્કી કરે પછી પોતે અંદર સ્વભાવથી સ્વભાવને ઓળખીને નક્કી કરે.

પ્રશ્ન :- અનુભવ પહેલા એ સ્વભાવથી ઓળખીને નક્કી કરવા માટે આ

મુશ્કેલી.. અનુભવ પહેલા સ્વભાવથી ઓળખીને આ મંદમાં મંદ કષાય પણ આકુળતારૂપ છે એ થોડું આકરું કામ છે.

ઉત્તર :- સ્વભાવને ઓળખીને નક્કી કરી શકે જિજ્ઞાસાની ભૂમિકામાં કે આ જ્ઞાનસ્વભાવ છે તે જ હું છું. આ એના સિવાયનું બીજું બધું મારું સ્વરૂપ નથી. જિજ્ઞાસા, આત્માનું પ્રયોજન હોય તો ઓળખી શકે છે. નિર્ણય કરી શકે. પછી સહજ દશારૂપે ન થાય. એની દશા એ રૂપી પરિણમનરૂપી દશા ન હોય, પણ નિર્ણય કરી શકે.

પ્રશ્ન :- સાચા નિર્ણયના બળે આ નિઃશંકતા આવી જાય?

ઉત્તર :- હા, નિર્ણય કરે નિઃશંકતા આવી જાય કે આ નિર્ણય સાચો જ છે, આ યથાર્થ છે. ગુરુ જે કહેતા હોય, પોતાના વિચાર હોય, શાસ્ત્રમાં જે હોય એ બધાને મેળવીને પોતે નક્કી કરે (કે) આ નિર્ણય સાચો છે.

પ્રશ્ન :- અજ્ઞાન દશામાં જ્ઞાનનું વેદન, જ્ઞાનના વેદનને જો પકડવાનો પ્રયત્ન કરે તો એને કાંઈક આકુળતા વિનાનો એક ભાવ પ્રગટ થઈ રહ્યો છે એવો એને આછો ખ્યાલ આવે અને એના ઉપરથી પછી મંદમાં મંદ જે રાગ છે તે આકુળતારૂપ છે.

ઉત્તર :- એ આકુળતારૂપ છે. આ બધું આકુળતારૂપ છે. એક આકુળતા વગરનું કોઈ તત્ત્વ છે એમ એને શોધવા માટે પ્રયત્ન કરે અને શોધીને પછી મંદ કષાય હોય તે પણ આકુળતા છે એમ એને નક્કી કરી શકે. પોતે જ છે, કાંઈ બીજો તો નથી. પોતાના જ વેદનમાં બધું આવી રહ્યું છે. આકુળતા અને બધું પોતાના જ વેદનમાં આવે છે. માટે નક્કી કરી શકે. અને જ્ઞાનસ્વરૂપ પોતે છે માટે નક્કી કરી શકે.

ઘણા કહે છે શાંતિ અંદરથી આવતી નથી. ગમે તે કરીએ તોય શાંતિ અંદરથી આવતી નથી. પણ અંદરથી કેટલાક ગોતી શકતા નથી. આ 'ગુરુદેવ'ને પ્રતાપે બધું સમજવાનું સહેલું થઈ પડ્યું છે. 'ગુરુદેવે' માર્ગ બહુ સ્પષ્ટ કર્યો એટલે. કેટલાય અત્યારે ધ્યાન કરે, આ કરે તો કહે, અંદરથી શાંતિ નથી આવતી. ધ્યાન કરીએ છીએ તોપણ શાંતિ નથી આવતી. કારણ કે અંદરથી જે શાંતિસ્વરૂપ આત્મા છે એને એ ગ્રહણ કરતો નથી અને એને ઓળખતો નથી. શાંતિ અંતરમાંથી ક્યાંથી આવે? બહારમાં પડેલો છે શાંતિ આવે નહિ.

'ગુરુદેવે' માર્ગ બતાવ્યો કે તું જાણનારો એમાં જ શાંતિ છે. તું જાણનારને ઓળખ અને એમાં એકાગ્ર થા એને ઓળખીને, તો જ સાચું ધ્યાન છે અને એમાં જ બધું ભરેલું છે. વાર લાગે તો વાંધો નથી, પણ તું શ્રદ્ધા તો બરાબર કર કે માર્ગ

તો આ છે. તો બીજે માર્ગે જાતો અટકી જઈશ. બીજે ચારે બાજુ ફાંફા માર્યા કરે પણ શાંતિ ક્યાંથી આવે? જે ચૈતન્ય જ્ઞાયક છે એમાં જ શાંતિ ભરેલી છે, બહાર તો છે નહિ.

પ્રશ્ન :- 'ગુરુદેવ' તો સ્પષ્ટ કરતા ગયા પણ આજે તો આપ પ્રત્યક્ષ એ સ્પષ્ટતાને વધારે સમજાવીને આપ અમારા ઉપર અત્યારે અનંત અનંત ઉપકાર કરી રહ્યા છો!

ઉત્તર :- બધા પૂછો એટલે વળી નીકળે છે.

પ્રશ્ન :- અંતરના પ્રશ્નો માતાજી, જ્ઞાની ગુરુ સિવાય કોણ ખ્યાલ આપે?

ઉત્તર :- 'ગુરુદેવે' ઘણું સ્પષ્ટ કર્યું છે. ક્યાંય શંકા રહે નહિ એવો માર્ગને સ્પષ્ટ કર્યો છે.

(શ્રોતા :- મંગળમૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૩ C

... જે પ્રતિજ્ઞા લીધી હોય એમાં દઢતા રાખવી જોઈએ. પણ એ આત્માને લક્ષે હોવી જોઈએ કે આત્મા કેમ સમજાય? આત્મા કેમ પ્રગટ થાય? એવી ભાવના હોવી જોઈએ અંદર. જે આત્માર્થે લીધેલી પ્રતિજ્ઞા, આત્માના પ્રયોજનપૂર્વકની પ્રતિમા, જે પ્રતિજ્ઞા લીધી એમાં દઢતા રાખવી જોઈએ. પ્રતિજ્ઞાભંગથી તો નુક્સાન જ થાય છે ને. કાંઈ આદરણીય નથી, એક આત્મા જ આદરણીય છે. આત્મા જ આદરણીય છે એને ગ્રહણ કરવો જોઈએ. બાકી માત્ર ક્રિયાના આગ્રહથી લીધું હોય અને આત્માનું કાંઈ પ્રયોજન ન હોય કે હું આટલા અપવાસ કરું અને આ કરું એવી જાતનું હોય તો એમાં પોતાની કેટલી ભાવના દઢ રહે છે એ સમજવું જોઈએ. સમજણપૂર્વકની પ્રતિજ્ઞા હોવી જોઈએ.

આત્મા સિવાય કાંઈ આદરણીય નથી, બધું છોડવા જેવું છે. એમાં પ્રતિજ્ઞાભંગ થાય તો નુક્સાન થાય. આત્માનું પ્રયોજન પહેલા સાધવાનું છે. આત્મા કેમ ગ્રહણ થાય? આ આત્મા જ્ઞાયકધારા, જ્ઞાયક કેમ પ્રગટ થાય. પછી જ્ઞાયકને ઓળખીને અંદર દઢ નિશ્ચય આવવો જોઈએ. પછી નિશ્ચય આવીને અંદર લીનતા વધે એની સાથે શુભભાવ આવે, એની સાથે પ્રતિજ્ઞા આવે છે. એવી પ્રતિજ્ઞા સમ્યક્ રીતે

પ્રતિજ્ઞા તો સમ્યગ્દર્શન થાય ત્યારપછી થાય છે. સહજરૂપે પ્રતિજ્ઞા હોવી જોઈએ. હઠાગ્રહથી લીધેલી પ્રતિજ્ઞા પણ... પોતે બધું છોડવા જેવું તો બધું છે, પણ પોતે એટલી તૈયારી રાખવી જોઈએ. પોતાની કેટલી ભાવના છે ઈ પોતે સમજી લેવું. આત્માર્થનું પ્રયોજન હોવું જોઈએ એ એક એનો અર્થ છે. બધું છોડવા જેવું છે, એમાં કાંઈ રાખવા જેવું નથી. એક આત્મામાં રહેવા જેવું છે એવી પ્રતિજ્ઞા હોવી જોઈએ. બીજું કાંઈ નથી જોઈતું.

પ્રશ્ન :- એવી પ્રતિજ્ઞા લેવા જેવી છે.

ઉત્તર :- એવી પ્રતિજ્ઞા. આત્મામાં જ રહેવા જેવું છે. બીજું ક્યાંય જોડાવા જેવું નથી. એ પછી પોતાનો ભાવ કેટલો ઉપડે ઈ પોતે જોવાનું છે.

પ્રશ્ન :- તો પછી જ્યાં સુધી સમ્યગ્દર્શન નથી ત્યાં સુધી પ્રતિજ્ઞાભંગ જ થઈ રહી છે?

ઉત્તર :- પ્રતિજ્ઞા સાચી નથી, સાચી પ્રતિજ્ઞા જ નથી. એમાં ભંગ જ છે બધો. વ્યવહારથી પ્રતિજ્ઞા લીધી હોય શુભભાવરૂપે, એમાં માત્ર કોઈને તો ક્રિયા ઉપર ધ્યાન હોય છે કે આટલી ક્રિયા કરી ને આટલા ઉપવાસ કર્યા, બધું ગણતરીનું હોય છે. આટલી સામાયિક કરી. અંદર ભાવ કેવા રહે છે એનું પણ ધ્યાન નથી હોતું. શુભભાવ હોય તો વળી પુણ્યબંધ થાય. શુભભાવો પણ નથી હોતા. માત્ર બહારથી ક્રિયા લીધી હોય છે. અંદર શુભભાવ હોય તો પુણ્યબંધ થાય. એ વ્યવહારથી પ્રતિજ્ઞા કહેવાય. સાચી પ્રતિજ્ઞા તો સમ્યગ્દર્શન થાય પછી હોય છે સાચી પ્રતિજ્ઞા તો. પ્રતિજ્ઞા જ સાચી નથી ત્યાં શું એને ભંગ અને શું દૃઢતા? એ બધું વ્યવહારમાં લાગુ પડે છે.

પ્રશ્ન :- પ્રતિજ્ઞા નથી તો એનું પ્રાયશ્ચિત પણ શું? અને બીજું બધું કાંઈ હોઈ શકતું નથી, સાચી રીતે કાંઈ હોઈ શકતું નથી.

ઉત્તર :- સાચી રીતે કાંઈ છે જ નહિ. બધું વ્યવહારમાં. એ વ્યવહાર કેવો હોય છે એ માત્ર બધી ક્રિયા હોય છે, સમજવા જેવું હોય છે. શુભભાવરૂપ હોય તો .. પણ શુભભાવ પણ નથી હોતા, માત્ર ક્રિયા હોય છે.

પ્રશ્ન :- બહારની ક્રિયાની જ મુખ્યતા હોય છે.

ઉત્તર :- બહારની ક્રિયાની જ મુખ્યતા હોય છે.

પ્રશ્ન :- માતાજી! એક બીજો પ્રશ્ન છે કે અનુભવ પહેલા સવિકલ્પ નિર્ણયનું સાચું સ્વરૂપ શું છે? એ પ્રશ્ન એ રીતે ઊભો થયો કે સવિકલ્પ નિર્ણય પહેલા હોય છે. હવે સવિકલ્પ નિર્ણયમાં, હું જ્ઞાયક જ છું. રુચિપૂર્વક એને હું જ્ઞાયક જ છું એમ ઘણું

કર્યું છે અને તે સિવાયના બધામાંથી એણે રુચિ છોડી દીધી છે. હવે છતાં મિથ્યાત્વ તો ગયું નથી. મિથ્યાત્વ નથી ગયું એટલે એકત્વપણું તો સમયે સમયે થયા કરે છે. તો પછી એ નિર્ણય કયા પ્રકારનો? અભિપ્રાયથી છૂટ્યો, નિર્ણયમાં અભિપ્રાયથી છૂટ્યો એ કઈ રીતે રહ્યું?

ઉત્તર :- એણે માત્ર વિચારથી નક્કી કર્યું છે. વિચારથી વિકલ્પથી નિર્ણય કર્યો છે કે આ જ્ઞાયક તે હું છું, બીજું મારું સ્વરૂપ નથી એમ વિચાર કરીને નિર્ણય કર્યો છે. પણ એ નિર્ણય ક્યારે સાચો? કે એ રૂપે પરિણતિ નથી. જ્ઞાયકની જ્ઞાતાધારા જે પ્રગટ થવી જોઈએ એ પરિણતિ નથી. ઈ પરિણતિ ખરી રીતે પ્રગટ થાય અને એકત્વબુદ્ધિ તૂટે અને ભેદજ્ઞાન થાય તો જ એને સાચું કહેવાય. સમ્યક્ નામ તો જ આવે છે. તો જ સાચી પરિણતિ છે. પરિણતિ જ્યાં સુધી નથી બદલાણી ત્યાં સુધી ઈ સમ્યક્તા કહી શકાતી નથી. પણ એણે જ્ઞાનથી અને વિચારથી નિર્ણય કર્યો છે. પણ એ નિર્ણય કરીને પછી આગળ જવાનું છે. દર્શનમોહ મંદ થયો છે.

પ્રશ્ન :- દર્શનમોહ મંદ થયો છે એટલું જ. કેમકે વિચાર તો એમ આવ્યો કે જો વિકલ્પાત્મક પણ સાચો નિર્ણયમાં તો અભિપ્રાય છૂટી જાય કે ભાઈ મારામાં જ સુખ છે અને બીજા કોઈમાં નથી. પણ એ પણ ખરેખર તો વસ્તુસ્થિતિ તો નથી. કેમકે મિથ્યાત્વ તો ઊભું છે અને સમયે સમયે એકત્વપણું તો હજુ થયા જ કરે છે.

ઉત્તર :- એકત્વપણું થયા જ કરે છે. માટે એણે વિચારથી નક્કી કર્યું. દર્શનમોહ મંદ થયો છે. અંદરથી વિચારથી નક્કી કર્યું કે આ જ્ઞાયક જ હું છું અને આ વિભાવભાવો, શુભાશુભભાવો મારું સ્વરૂપ નથી. એમ વિચારથી નક્કી કર્યું છે. સાચા દેવ આવા હોય, ગુરુ આવા હોય, શાસ્ત્ર આવા હોય અને મારો જ્ઞાયક છે એ બધાથી જુદો છે. વિચારથી નક્કી કર્યું છે પણ એકત્વબુદ્ધિ થઈ રહી છે. એટલે ખરી રીતે અંદરથી એની પરિણતિ છૂટી નથી. ત્યાં સુધી વિચારથી નક્કી છે. એટલે દર્શનમોહની મંદતા છે. ખરી રીતે જ્યારે સમ્યક્ પરિણતિ જે થાય ત્યારે જ એ મિથ્યાત્વ છૂટ્યું કહેવાય.

પ્રશ્ન :- તો એમાં એ સમજવું કે શાસ્ત્ર દ્વારા, સત્શાસ્ત્રો અથવા ગુરુગમે એણે વસ્તુનું સ્વરૂપ વિચારીને આટલું નક્કી કર્યું કે વસ્તુના અનેકાંતસ્વરૂપ પૂર્વક જ્ઞાયક જ મારું સ્વરૂપ છે એવો એક નિર્ણય કર્યો. બાકી એથી અભિપ્રાયમાંથી કાંઈ ત્યાગ થયો છે એવું તો ખરેખર નથી બનતું.

ઉત્તર :- ત્યાગ નથી થયો, વિચારથી નક્કી કર્યું છે. રુચિ તે બાજુ ગઈ છે અને

વિચારથી નક્કી કર્યું છે. બાકી પરિણતિ પલટાણી નથી ત્યાં સુધી એમાં ને એમાં ઊભો છે. એકત્વબુદ્ધિ જ્યાં સુધી છે એના વેદનમાં એકત્વબુદ્ધિ થઈ જ રહી છે. ત્યાં સુધી એમ ને એમ છે. હવે વિચારથી નક્કી કરી અને આગળ જવાનો પ્રયત્ન કરે તો એને વ્યવહારે કારણ કહેવાય છે, જે એણે નક્કી કર્યું તે.

પ્રશ્ન :- પણ માતાજી! નક્કી કર્યું એ કઈ રીતે કહેવું? જ્યારે એકત્વપણું સમયે સમયે થયા કરે છે તો એ નક્કી... ચારિત્રદોષ હોય તો તો ઠીક છે, પણ અભિપ્રાયનો દોષ સાથે ઊભો છે. અને છતાં એણે નક્કી શું કર્યું તો પછી? આ તો એક પ્રશ્ન અંદરમાંથી ઉઠ્યો કે આમાં નક્કી કરવાપણું શું આવ્યું?

ઉત્તર :- વિચારથી નક્કી કર્યું એટલું. વાસ્તવિક તો અંદર થાય ત્યારે જ કહેવાય. જે ક્ષણે અંદર સમ્યક્ પરિણતિ થાય ત્યારે જ મિથ્યાત્વ ગયું કહેવાય. આ તો બધા વચલી ભાવના ને નિર્ણય ને એ બધું એને એમ કે એ એકદમ તો કાંઈ થઈ જતું નથી માટે એને શરૂઆતમાં એની પાત્રતામાં વિચાર બધું આવે છે, વિચારથી નક્કી કરે એ બધું આવે છે. પણ ખરી રીતે તો એ જ્યારે પરિણતિ પલટાય ત્યારે જ એને સાચું કહેવામાં આવે છે. ત્યાં સુધી સાચું કહી શકાતું નથી.

પ્રશ્ન :- એક જીવ તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. એક જીવે આવો નિર્ણય કર્યો છે. એને કેટલી કિંમત આપવી? આ રીતે તો?

ઉત્તર :- શું મિથ્યાદૃષ્ટિ તીવ્ર છે?

પ્રશ્ન :- એ તો સામાન્ય. વસ્તુનું સ્વરૂપ સમજતો નથી.

ઉત્તર :- એ સમજતો નથી.

પ્રશ્ન :- અને એક સમજીને આ રીતે નિર્ણય કર્યો છે, પણ નિર્ણય કર્યો છે એ નિર્ણય કઈ રીતે કહેવો એને?

ઉત્તર :- સાચી રીતે વસ્તુસ્થિતિએ કહી શકાતું નથી. એને વ્યવહારથી કહેવાય છે. વ્યવહાર પણ એ નિશ્ચયપૂર્વકનો વ્યવહાર નથી તો વ્યવહાર છે એમ એવું. એણે જિજ્ઞાસાની ભૂમિકામાં એણે એ નક્કી કર્યું છે. બીજા કરતા એ જિજ્ઞાસા, ભાવના અને વિચારથી યથાર્થ સ્વરૂપને વિચારથી જાણે છે એમ. એટલું કહેવાય એને.

પ્રશ્ન :- રુચિનો પલટો કંઈ કામ ન કરે?

ઉત્તર :- રુચિનો પલટો કામ કરે છે. પોતે ભાવના સાચી હોય એટલે. કરે છે પણ એટલો પછી પાછળ પુરુષાર્થ કરવાનો હોય છે. રુચિમાં અટકી જાય તો આગળ જઈ શકતો નથી. પણ પછી વિશેષ કરવાનું રહે છે એની પાછળ. કે હું જ્ઞાયક જ છું

એમ નક્કી કરે, આ શુભાશુભભાવો હું નથી એમ નક્કી કરીને પછી પાછળ હજી પ્રયત્ન કરવાનો રહે છે. વિશેષ પ્રયત્ન કરે આગળ તો થાય. જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વિચાર કરે આત્મા શું છે? દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? દેવ-ગુરુ-શાસ્ત્ર શું? ભાવના કરે. ક્યાંથી આવે છે?

પ્રશ્ન :- વજુભાઈની દીકરીઓ છે.

ઉત્તર :- ઠીક.

પ્રશ્ન :- પરિણતિ પલટાવવા માટે કેવી રીતે પ્રયત્ન કરવો?

ઉત્તર :- કેવી રીતે? પોતે તૈયારી થાય તો અંદરથી એને ખબર પડે કેમ કરવું. 'ગુરુદેવે' માર્ગ તો બતાવ્યો છે. નિર્ણય પોતે કર્યો હોય. પરણતિ પલટવી કેમ એ પોતે અંદરથી તૈયારી કરે તો પરિણતિ પલટાય છે. ક્ષણે ક્ષણે પોતે જુદો પડવાનો પ્રયત્ન કરે તો થાય. એનો અભ્યાસ કરે વારંવાર તો થાય. એટલી લગની અને જિજ્ઞાસા અંદરથી હોય કે મેં જે નક્કી કર્યું તે પ્રમાણે મારું કાર્ય અંદર પરિણતિમાં કેમ આવતું નથી? એને માટે ક્ષણે ક્ષણે અંદર પ્રયત્ન કરે તો થાય.

પ્રશ્ન :- અનુભવ પહેલા યથાર્થ નિર્ણય આવવો જોઈએ. યથાર્થ નિર્ણય ખરેખર તે યથાર્થ નિર્ણય ધારણારૂપ... આને તો ધારણારૂપ કહીશું કે બીજું કાંઈ?

ઉત્તર :- વિચારથી નક્કી કર્યું છે.

પ્રશ્ન :- એવું તો વસ્તુનું દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સ્વરૂપ, નિશ્ચય-વ્યવહારરૂપ એ બધું વિચારપૂર્વક તો નક્કી કર્યું છે, પણ એથી બીજું કાંઈ આગળ તો...

ઉત્તર :- આગળ તો એ ક્ષણે ક્ષણે છૂટો પડવાનો પ્રયત્ન કરે તો થાય. એનાથી આગળ. બાકી ન થાય એ પ્રયત્ન ક્ષણે ક્ષણે જુદો પડવાનો ત્યાં સુધી વિચારના નિર્ણયને દૃઢ કર્યા કરે. શાસ્ત્ર સ્વાધ્યાય અને વિચારને, નિર્ણયને દૃઢ કર્યા કરે. બાકી એનું કાર્ય તો ઈ આવવું જોઈએ કે એની પરિણતિ છૂટી પડે તો. તો એને કારણ કહેવાય. પરિણતિ છૂટી પડે તો. પણ જો એની ઊંડી રુચિ અને ભાવના હોય તો એ પછી એનો પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી.

જે સમયે પ્રકાશ તે જ સમયે અંધકાર જાય છે. તે જ ક્ષણે. જે ક્ષણે પ્રકાશ એટલે બહારનો પ્રકાશ નહિ. અંદર જ્ઞાયકની ધારા જો અંદરથી સ્વાનુભૂતિ અથવા જ્ઞાયકની ધારા પ્રગટ થાય તે ક્ષણે અંધકારનો નાશ થાય છે. સ્વાનુભૂતિ થાય તે ક્ષણે જ ... ઊડી જાય છે. અને એનો અભ્યાસ તો પહેલા થાય છે. ક્ષણે ક્ષણે જુદો પડવાનો પ્રયત્ન કરે છે.

પ્રશ્ન :- નિશ્ચયનયનો પક્ષ પણ કદી આવ્યો નથી. તો નિશ્ચયનયનો પક્ષ એટલે નિશ્ચયના વિષયભૂત આત્માનો જ્ઞાયકનો નિર્ણય?

ઉત્તર :- હા. આ હું જ્ઞાયક જ છું એવો નિર્ણય કોઈ દિ' આવ્યો નથી. બધું બહારમાં પર્યાય ઉપર જ દૃષ્ટિ ગઈ. દ્રવ્યને ભૂલી જ ગયો છે. દ્રવ્ય શું છે એ ભૂલી ગયો છે. બહાર બધા ભેદ... ભેદ... ભેદ... ભેદ... ભેદ ઉપર અને વિભાવ ઉપર જ દૃષ્ટિ ગઈ છે. અશુભમાંથી શુભમાં એમ ભેદ ભેદ ઉપર જ દૃષ્ટિ રહી છે. એટલે નિશ્ચયનો પક્ષ કોઈવાર આવ્યો નથી. દ્રવ્ય ઉપર કોઈ દિવસ દ્રવ્યને ઓળખ્યું નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ જ નથી. પર્યાયને ઓળખતો નથી પણ આમ ભેદમાં અને વિભાવમાં રોકાઈ રહ્યો છે. દ્રવ્ય જે પોતાનું અસ્તિત્વ એ દ્રવ્યને એણે ઓળખ્યું જ નથી, દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ જ નથી.

દ્રવ્યને ઓળખ્યું નથી. જો સાચી રીતે દ્રવ્યને ઓળખે તો પર્યાયને પણ ઓળખે. પણ એણે સાચી રીતે દ્રવ્યને કોઈ દિ' ઓળખ્યું જ નથી. નિશ્ચયનો પક્ષ કોઈ દિ' આવ્યો જ નથી. પરિણતિ વ્યવહારની થઈ ગઈ છે. એમ. ભેદ... ભેદ... ભેદ... એમ. પરિણતિ વ્યવહારની થઈ રહી છે. એટલે ઈ ભેદ-ભેદમાં રોકાયેલો છે. એટલે નિશ્ચયના પક્ષમાં એટલે જે એકરૂપ આત્મા છે કે જેમાં ભેદ નથી, એક અસ્તિત્વ પોતાનું જે અભેદ છે એને ગ્રહણ કર્યું નથી. આ ભેદરૂપ પરિણતિ થઈ રહી છે. અભેદની જે પરિણતિ જે દૃષ્ટિમાં આવવી જોઈએ, જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી જોઈએ એ થઈ નથી. એટલે એનો પક્ષ કોઈ દિ' આવ્યો નથી. પક્ષ એટલે કે આને એકાંત એમ નથી એનો અર્થ. એને દ્રવ્યનો પક્ષ નથી આવ્યો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ નથી એટલે નિશ્ચયનો પક્ષ આવ્યો નથી. એની મુખ્યતા જે થાવી જોઈએ એ થઈ નથી. એમ.

પ્રશ્ન :- સાચા જ્ઞાનપૂર્વક જે મુખ્યતા થવી જોઈએ એ થઈ નથી.

ઉત્તર :- હા. સાચા જ્ઞાનપૂર્વક મુખ્યતા થવી જોઈએ તે થઈ નથી. પછી પર્યાયનું જ્ઞાન તો સાથે રહે છે, પણ દ્રવ્યની જે એને મુખ્યતા થાવી જોઈએ, દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપીને જે મુખ્યતા થાવી જોઈએ તે થઈ નથી. પર્યાયની જ મુખ્યતા રહ્યા કરે છે.

પ્રશ્ન :- સવિકલ્પ નિર્ણયમાં આપણે આટલું લઈએ કે મુખ્યતા, જ્ઞાયક આત્માની મુખ્યતા એને નિરંતર રહે છે.

ઉત્તર :- હા. એ જ્ઞાયકની મુખ્યતા રહેવી જોઈએ. જ્ઞાયકની મુખ્યતા, પર્યાયની

ગૌણતા. પર્યાય નથી એમ નહિ પણ એની ગૌણતા.

પ્રશ્ન :- સવિકલ્પ નિર્ણયમાં રહે એને આ સ્થિતિ હોય છે ફક્ત, કે મુખ્યતા એને જ્ઞાયકની છૂટતી નથી. તો એનો સવિકલ્પ નિર્ણય એનો સાચો.

ઉત્તર :- હા. નિર્ણય. પણ હજી પરિણતિ બાકી રહે છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૪ A

પ્રશ્ન :- ... એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :- કોઈપણ કાર્યમાં વધારે પડતી પ્રવૃત્તિમાં જોડાવાનું ઓછું કરજે એમ કહે છે. પછી એમાં શોક લીધો છે?

પ્રશ્ન :- હા, જી. માતાજી! એમાં એમ લીધું છે કે કોઈપણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનું, વધારે શોચમાં એટલે વધારે વિચાર કરવામાં અથવા વધારે ચિંતામાં...

ઉત્તર :- શોચ-શોચ, ઠીક.

પ્રશ્ન :- (શોચમાં) પડવાનો અભ્યાસ ઓછો રાખજે. એમ કરવું અથવા થવું એ જ્ઞાની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :- જ્ઞાનીની અવસ્થામાં? કોઈપણ પ્રસંગની અંદર વધારે કોઈ કાર્યમાં શોચ એટલે એના વિચારો કર્યા કરવા, વધારે પડતા વિચાર કરવાથી એમાં એવી એકત્વબુદ્ધિથી વિચાર કરવાથી નુકસાન થશે એમ કહે છે. વધારે પડતી પ્રવૃત્તિ અને વધારે પડતા વિચારો કરવાથી તને એમાંથી અંદર જે જાવું કે) આત્મા ન્યારો છે, જ્ઞાયક છે, કોઈપણ વિકલ્પ આત્માનું સ્વરૂપ નથી એ તારે જાણવું છે તો તને એમાં નુક્સાન થાશે. બહુ પ્રવૃત્તિનો રસ લાગી જાશે તો, એમ કહે છે. બહુ પ્રવૃત્તિના રસ, વિચારમાં. પ્રયોજનભૂત, પ્રયોજન હોય તે ઠીક છે. અપ્રયોજનભૂતમાં વધારે વિચારો કોઈ પ્રવૃત્તિના વધારે પડતા વિચારો કરવા એ તો (નુકસાનકારક છે). મુમુક્ષુ હોય એને, કેમ મારા આત્માનું થાય એમ હોવું જોઈએ.

પ્રશ્ન :- બહારની વાત છે? બહારના પ્રસંગોની વાત છે? કોઈપણ કામના પ્રસંગમાં..

ઉત્તર :- કોઈ ગમે ઈ કામના પ્રસંગમાં, બહારના પ્રસંગોના બહુ વિચારો કરવાથી, એનો શોચ કરવો, એના વિચારો બહુ કરવાથી એમાં રોકાઈ જવાનું કારણ થાશે અને તારા આત્માના વિચારો એમાં અટકી જાશે, એમ કહે છે. આત્માના વિચારો અટકવાનું કારણ થાશે, બહારના કાર્યોમાં રોકાવાથી. એમ. નિષ્પ્રયોજન એના વિચારો કરવાથી, એના બહારના બહારના કાર્યો. આનું આમ કરવું, તેમ કરવું, એ બધા. બધા લૌકિક કાર્યોની અંદર બહુ વિચારો કરવા, (એ) તારા આત્માના વિચારોમાં નુકસાનનું કારણ થાશે. એનો બહુ રસ લાગશે તો.

પ્રશ્ન :- આત્મા સંબંધીના વિચારોમાં એમ કે વધારે વિચાર કરવાથી, વધારે ચિંતા કરવાથી, એવું કાંઈ કહેવા માગતા નથી.

ઉત્તર :- એવું નથી.

પ્રશ્ન :- અહીંયાં તો ખાસ બહારની જ વાત છે.

ઉત્તર :- હા, બહારની વાત છે.

આત્મા સંબંધી વધારે વિચારો કરવા એવું નથી આમાં, એવું નથી. આત્માનો નિર્ણય કરવા માટે વિચારો જે શ્રુતથી નક્કી કરવાના વિચારો આવે એ તો એક નિર્ણય દૃઢ થવાનું કારણ થાય છે. અંદર હજી કાંઈ પ્રગટ થયું નથી. વધારે વિચાર કરીને તત્ત્વ નિર્ણય થવાનું કારણ થાશે. તો તત્ત્વ નિર્ણય થાય. બાકી વધારે પડતા જે આત્માને સંબંધી, જેમાં આત્માનો લાભ થાય એવા વિચારો,... બાકી નિષ્પ્રયોજન તર્કો અને કુતર્કો, એમાં રોકાવું એમાં હેતુ આત્માનો હોવો જોઈએ. હેતુ માત્ર જાણવાખાતર કે આપણે આ જાણી લઉં, ભણી લઉં, એના તર્ક ને કુતર્કો ને એવી જાતનું કર્યા કરે તો, એ તો કાંઈ લાભનું કારણ થાય નહિ. આત્મા માટે હોવું જોઈએ. આનો આમ અર્થ થાય છે... આનો આમ અર્થ થાય છે... આનો આ અર્થ થાય છે... એમ પાછો તર્ક અને જે સમ્યક્ જે આત્માને લાગુ પડે, સ્વભાવને લાગુ પડે (એમાં) કુતર્કો કરવા, એ કાંઈ આત્માને એવી રીતે લાભનું કારણ થાતું નથી. એમ.

પ્રશ્ન :- આત્માના યથાર્થ નિર્ણય માટે ગમે તેટલો વખત વિચાર કરવો પડે તે તો આત્માના નિર્ણય...

ઉત્તર :- એ આત્માના નિર્ણય માટે છે. ગમે એટલો વિચાર કરે. એનું અંદર મંથન કર્યા કરે, પોતાને બેસે નહિ ત્યાં સુધી. મને આ આત્માનું સ્વરૂપ કેમ બેસે? એના દ્રવ્યનો, ગુણનો, પર્યાયનો ભલે ગમે એટલી વિચાર કરે નિર્ણય કરવા માટે. આત્માનું પ્રયોજન સાધવા માટે, જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી પાછળ પડી

પડીને એનો વિચાર કરી અને એનો છેડો લાવે. ગમે એટલો ટાઈમ લાગે. એ નુક્સાનનું કારણ થાતું નથી. કારણ કે એ આત્મા માટે છે. પણ જ્ઞાન ખાતર જ્ઞાન મેળવવું (એમાં) એનો હેતુ આત્મા નથી. આપણે કાંઈક જાણીએ છીએ અને તર્કો અને કુતર્કો (કરીને) એમ રોકાવું એ કાંઈ આત્મા માટે નથી. એ જ્ઞાન કરી લેવા ખાતર છે.

પ્રશ્ન :- દરેકની પાછળ પ્રયોજન, આત્મા હોવું જોઈએ.

ઉત્તર :- આત્માનું હોવું જોઈએ. આત્મા જુદો છે, આત્મા ન્યારો છે, એવી પરિણતિ પ્રગટ થતી ન હોય ત્યાં સુધી શાસ્ત્રોના વિચારોમાં રોકાય, શાસ્ત્ર સ્વાધ્યાયમાં રોકાય ઈ એક જુદી વાત છે કે અંદર આગળ જઈ શકાતું નથી એટલે દેવમાં, ગુરુમાં, શાસ્ત્રમાં બધે રોકાતો હોય. કારણ કે જિજ્ઞાસા આત્માની છે. પણ અંદર પુરુષાર્થ એટલો થઈ નથી શકતો, તો શ્રુતના વિચારોમાં રોકાય તો એમ નુક્સાનનું કારણ નથી. શાસ્ત્ર સ્વાધ્યાયમાં એના વિચારો કરે, એના પ્રશ્નો કરે, એના ઉત્તર કરે એમ બધું કરે તો એમાં નુક્સાન નથી, પણ જ્ઞાન ખાતર જ્ઞાન કરી લેવું અને તર્કો, કુતર્કો ખોટી રીતે કરવા તો એ કાંઈ લાભનું કારણ થાતું નથી.

પ્રશ્ન :- શોચ કરવાનો ઓછો અભ્યાસ કરજે. કારણ કે એ જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે. એટલે કે ઓછો શોચ કરતા જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે એમ છે.

ઉત્તર :- પ્રવેશ કરવાનું દ્વાર એટલે કે તું બહારના વિચારોમાં, એવી પ્રવૃત્તિઓ જો તું વધારે પડતી નિષ્પ્રયોજન બધી લૌકિક પ્રવૃત્તિ અને લૌકિક વિચારોમાં રોકાય તો તને એ.... શું જ્ઞાનીની અવસ્થામાં?

પ્રશ્ન :- પ્રવેશ કરવાનું દ્વાર છે.

ઉત્તર :- જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર એટલે રોકવાનું દ્વાર એમ કહે છે કે પ્રવેશ કરવાનું?

પ્રશ્ન :- ના, પ્રવેશ કરવાનું દ્વાર છે. એટલે શોચ તું ઓછો કરજે.

ઉત્તર :- હા. ઓછો કરજે શોચ. એવા વિચારો તું ઓછા કરજે. કારણ કે એ બધી પ્રવૃત્તિઓમાં તું રોકાઈશ તો તારા આત્માનું... ક્યારે જ્ઞાનની દશા તું અંતરથી ક્યારે પ્રગટ કરીશ? એવી બધી પ્રવૃત્તિઓ તો સંસારમાં આવ્યા જ કરશે. એમ. તું પછી તારા આત્માનું ક્યારે કરીશ? આ મનુષ્યજીવન આમ ને આમ ચાલ્યું જાય છે. એવા લૌકિક બધા વ્યવહારો, વધારે પડતી જંજાળો, કોઈકના વ્યવહારો રાખવા આ

રાખવું, તે રાખવું. એ તો 'શ્રીમદ્'માં આવે છેને. અલ્પ આવકારી થજે, અલ્પ ભાષણ કરજે, અલ્પ આ કરજે એ બધું આવે છે. એમ કે અલ્પ તારા વ્યવહાર બધા લૌકિકના ટૂંકા કરજે. તો તને આત્માનો કાંઈક વિચાર કરવાનો અવકાશ મળશે. એ બધા શોચ બહારની મોટાઈ લેવાના, લૌકિકમાં મોટું થવાનું, બહારના બધા નિષ્પ્રયોજન બધાને ચારે કોર એવા બધા માખણ ચોપડીને મોટા થવાનું એવું બધું કરવાથી તારા આત્માનું ક્યારે થાશે પછી? એમ. એવા બધા વિચારો બધા લૌકિકના ઓછા કરજે તો, તને આ મનુષ્યજીવન ચાલ્યું જાય છે, તારા આત્માનો ટાઈમ ક્યારે મળશે તને? અંદર જ્ઞાનદશા પ્રગટ કરવાનો. એમ. બહુ બહારના વ્યવહારો અને બધા લૌકિક બધું બહુ મોટું કરી મૂક્યું હોય (તો) તારા આત્માનો ટાઈમ ક્યારે મળશે તને? એને ટૂંકું કરી નાખજે. બધું ઘણું હોય છેને. વેપારો મોટા કરી નાખે, બધા દીકરા ને દીકરી ને આને તે, બધું બહુ જંજાળ વધારે (અને) એમાં ને એમાં રહીશ તો તારા આત્માનું ક્યારે કરીશ પછી? તને ક્યારે એ ટાઈમ મળશે?

પ્રશ્ન :- બીજે એક ઠેકાણે 'શ્રીમદ્જી'એ લખ્યું છે કે, દશ્યને અદશ્ય કર્યું અને અદશ્યને દશ્ય કર્યું એવો જ્ઞાનીપુરુષોનો આશ્ચર્યકારક અનંત ઐશ્વર્યવીર્ય કહી શકવા યોગ્ય નથી.

ઉત્તર :- દશ્યને અદશ્ય કર્યું. આ જે બધું દેખાય છે એ અદશ્ય કરી નાખ્યું. અદશ્યને દશ્ય કર્યું (એટલે કે) જે દેખાતું નથી, પણ અંદર શક્તિમાં છે. અને આ બધું જે સ્થૂળ આંખેથી દેખાઈ રહ્યું છે એ બધાને અદશ્ય કરી નાખ્યું. એટલે કે એના ઉપરથી સમેટી લીધું, ઉપયોગ જાય છે એને, દષ્ટિને અંતરમાં કરી. બહારની દષ્ટિને ઉઠાવી લીધી અને અંદર જે અદશ્ય દેખાતું નથી કે આત્મા શું છે? એની શક્તિ શું છે? એ દેખાતું નથી. એને પોતે દશ્ય કર્યું કે આ હું જ્ઞાયક જ છું. આ રહ્યો હું જ્ઞાયક છું. આ જ્ઞાયકની અંદર આ પરદ્રવ્ય નથી, આ વિભાવ નથી, મારા જ્ઞાયકની અંદર કાંઈ નથી. હું તો એનાથી દૂર છું. આ જે દેખાય છે એ બધું મારા સ્વરૂપમાં, મારા અંતરમાં નથી. એકત્વબુદ્ધિથી માનેલું છે. બધું જુદું છે. બધું મારાથી જ્ઞેય જુદું, હું જ્ઞાયક જુદો છું. આ દશ્ય દેખાય એને પોતાથી જુદું કર્યું, એને અદશ્ય કર્યું. એ મારું સ્વરૂપ નથી. હું એનાથી જુદો છું.

જે અદશ્ય આત્મા દેખાતો નથી એને દશ્યમાન કર્યો કે આ આત્મા આ રહ્યો હું. એ આત્માને પ્રગટ કર્યો, આત્માની સ્વાનુભૂતિ કરી. એ જ્ઞાનીનું, કહે છે, ઈ ઐશ્વર્ય આશ્ચર્યકારી છે. એમ લીધું છેને? ઈ એણે કોઈ અપૂર્વ પુરુષાર્થ કરીને અંદરથી પ્રગટ

કર્યું તે ખરેખર આશ્ચર્યકારી છે એમ કહે છે. દશ્યને અદશ્ય કર્યું અને અદશ્યને દશ્ય કર્યું.

ઓલું આવે છેને? મુનિઓનું. જગતના જીવો જ્યાં જાગી રહ્યા છે ત્યાં મુનિ સૂઈ રહ્યા છે અને મુનિ જ્યાં જાગે છે, જ્યાં મુનિ જાગે છે ત્યાં આ બધા સૂઈ રહ્યા છે. એવું આ છે-દશ્યને અદશ્ય કર્યું. આ દેખાય એ બધું નથી, આ બધું મારામાં નથી. ઈ એનામાં છે, હું મારામાં (છું). જે જ્ઞાયક દેખાતો નથી, જ્ઞાયકને પ્રગટ કર્યો. એણે અંતરમાં ઊંડાણમાં જઈને એની સ્વાનુભૂતિ પ્રગટ કરી, એના તળમાં જઈને. આ વિકલ્પથી છૂટો પડી, અંદરથી ભેદજ્ઞાન કરી, ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરી અંદર સ્વાનુભૂતિને પ્રગટ કરી. અંદર નિર્વિકલ્પદશાની અંદર સ્વાનુભૂતિ જે આત્માની એને પ્રગટ કરી. જે અદશ્ય હતું, જે અનંતકાળનું દુર્લભ હતું એને પ્રગટ કર્યું. અદશ્યને દશ્ય કર્યું. પોતે તો દશ્યમાન છે પણ પોતે ભૂલી ગયો છે. એને સ્વાનુભૂતિમાં પ્રગટ કર્યો. એને દશ્યમાન કર્યો, આ બધાને જુદું કર્યું. એ એનું કોઈ ઐશ્વર્ય (છે).

પ્રશ્ન :- અનંત આશ્ચર્યકારક અનંત ઐશ્વર્યવીર્ય વાણીથી કહી શકાય (એવું નથી).

ઉત્તર :- વાણીથી કેમ કહી શકાય? આખો પલટો કર્યો. જે અનંતકાળથી નહોતું કર્યું ઈ એણે પલટો કર્યો, ઈ એનો પુરુષાર્થ કોઈ અપૂર્વ છે! પણ પોતાનો સ્વભાવ છે અને તે સ્વભાવ પ્રગટ કર્યો છે. પણ અનંતકાળથી દુર્લભ થઈ પડ્યું માટે એનો આશ્ચર્યકારી પુરુષાર્થ છે એ અપેક્ષાએ. 'સમજ પીછે સબ સરલ (હૈ)'. સમજ્યા પછી સરળ છે, પણ અનંતકાળથી પ્રગટ નથી કર્યું માટે દુર્લભ છે. માટે એનો આશ્ચર્યકારી પુરુષાર્થ છે, એમ કહે છે.

દશ્યને અદશ્ય કરવું, એનો પુરુષાર્થ કેટલો હોય ત્યારે થાય? આ જે દશ્ય છે એનાથી છૂટો પડી જાય છે, બધાથી છૂટો પડે છે. દષ્ટિને અંદર લઈ જાય છે અને આ બધાથી એકદમ નિરાળો થાય છે. એનો રસ ઊતરી જાય છે. નિરાળો થઈને અંતરમાં જાય છે. અંતરમાં કોઈ એને અપૂર્વતા લાગે છે, અંતરથી આત્મા-આશ્ચર્યકારી આત્મા પ્રગટ થાય છે અને એની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. આ બધું છૂટી જાય એટલે શૂન્ય નથી થઈ જતો, પણ કોઈ આશ્ચર્યકારી વિભૂતિ અંતરમાંથી પ્રગટ થાય છે. આ બધું અંદર છૂટી જાય છે અને ઉપયોગ અંદરમાં જામી જાય છે. એ એનો કોઈ આશ્ચર્યકારી પુરુષાર્થ છે.

પ્રશ્ન :- વીર્ય કહીને પરાક્રમ કહેવા માગે છે.

ઉત્તર :- હા, એનો પુરુષાર્થ કોઈ જુદો છે. શુભભાવનો પુરુષાર્થ જીવે ઘણીવાર કર્યો છે. અશુભથી થાક્યો, શુભમાં આવ્યો. શુભમાં એવા ઊંચા શુભભાવો કર્યા. મુનિ થઈ ગયો, બધું કર્યું, પંચ મહાવ્રત પાળ્યા, બધું કર્યું, પણ શુભભાવોમાં રોકાઈ ગયો. પણ શુભથી પણ જુદો જે શુદ્ધાત્મા એને-શુભને પણ દશ્યમાંથી કાઢી નાખીને પોતે અંતરમાં જે અદશ્ય છે એને દશ્ય કર્યું. શુભભાવો-શ્રુતનું ચિંતવન પણ એમાં જ્યાં રહેતું નથી અને એકલી નિર્વિકલ્પદશા ઈ એને દશ્યમાન કરે છે. એટલે એ કોઈ પુરુષાર્થ છે એમ કહે છે. ઐશ્વર્ય કોઈ જુદું છે. પણ હજી દશા અધૂરી છે એટલે બહાર આવે એટલે શ્રુતનું ચિંતવન અને એ બધું શુભભાવમાં હોય છે, પણ એ નિરાળો છે. એને હેયબુદ્ધિએ માને છે.

પ્રશ્ન :- અંદરમાં જે શુભભાવો થાય છે એ પણ દશ્ય છે?

ઉત્તર :- દશ્ય છે. એ દશ્યને પણ અંદરમાં ન્યારો થઈને સ્વરૂપમાં જામી જાય ત્યારે તો બધું અદશ્ય થઈ જાય છે. સ્વરૂપમાં જ્યાં અંદર જામી ગયું ત્યાં તો એને કાંઈ દેખાતું નથી. એકલો આત્મા જ દશ્યમાન છે. બહાર આવે ત્યારે, ઉપયોગ બહાર આવે (એમ) દેખાય, પણ પોતે ન્યારો છે. એ બધામાં એકત્વબુદ્ધિ હતી. એ બધું મારાથી જુદું છે. આ કાંઈ મારું સ્વરૂપ જ નથી. હું જુદો છું. એટલે અદશ્ય-દૂર છે મારાથી. હું જ એક જ્ઞાયક જ એને રાત ને દિવસ જ્ઞાયક જ એને એની દૃષ્ટિમાં દેખાઈ રહ્યો છે કે હું તો જ્ઞાયક જ છું. ઉપયોગ ભલે બહાર જાય. એની દૃષ્ટિમાં એક જ્ઞાયક જ દેખાઈ રહ્યો છે. ક્ષણે ક્ષણે નિરંતર આંતરા વગર. જાગતા, બેસતા, સૂતા, સ્વપ્નમાં એક જ્ઞાયક દેખાય છે. (આ વિકલ્પાદિ) દેખાય છતાં એનાથી દૂર છે. અંદર સ્વાનુભૂતિમાં તો અદશ્ય જ કર્યું છે. એકલો આત્મા દશ્યમાન છે. બહાર આવે તોપણ આત્મા જ દશ્યમાન છે. આ બધું ગૌણ છે, જુદું છે. આત્મા એનાથી જુદો તરવરે છે.

પ્રશ્ન :- બહાર આવે છે ત્યારે પણ ખરેખર તો દશ્યરૂપ તો પોતાનો આત્મા જ છે.

ઉત્તર :- આત્મા જ દશ્યરૂપ છે, આ તો બધું અદશ્ય છે. ઉપયોગમાં દેખાય તોપણ એ કાંઈ એને જુદું જ ભાસે છે.

પ્રશ્ન :- મને હીરાભાઈએ કહ્યું કે પ્રશ્ન હોય તો પૂછજો. મને કહે, પા કલાક બોલે છે 'બહેનશ્રી', ઉસમેં મેરેકો સમાધાન મિલેગા. પ્રશ્નની કાંઈ જરૂર નથી.

ઉત્તર :- કોઈક કાંઈક પૂછે છેને એટલે નીકળે છે. મારી મેળે કાંઈ...

પ્રશ્ન :- મૂળ તો એ છે કે માતાજીને એક ... છે કે આપણે કાંઈક પૂછીએ તો એમના શ્રીમુખેથી કાંઈ વાત નીકળે છે.

પ્રશ્ન :- હું તો એમ માનું છું કે મારી પ્રાર્થના સ્વીકાર થઈ છે અને પંદર મિનિટ આપ બોલવા લાગ્યા.

ઉત્તર :- એવું દરરોજ તો.. આમ કોઈ મહેમાન દરરોજ આવે છે અને કુદરતી થાય છે. એમાં કોઈક વાર બંધ પણ થઈ જાય છે. એવું કોઈક વાર થોડા દિવસ થાય. એવું થઈ જાય છે.

પ્રશ્ન :- એમાં કાંઈ નથી. તબીયત આપની .. અસ્ત્રે બંધ રહે તો એમાં શું થઈ ગયું? બાકી હમણાથી આપની કરુણા છે એ તો દેખાય છે.

ઉત્તર :- આજ તો બંધ રાખવા જેવું હતું. પણ તોય એમને એમ રાખ્યું. કોઈ મહેમાન આવશે તો, એમ ધારીને રાખ્યું. થોડા દિવસ શ્રમ હતોને એટલે. કાલે બે દિવસ મંદિર જઈ આવી.

પ્રશ્ન :- એ બધી મેં વાત કરી. મેં કીધું આજે ભાઈને લાવતી વખતે મેં કહ્યું કે કદાચ આજે શક્યતા ઓછી છે. માતાજી બે વખત પધારી ગયા છે ઉપરાઉપરી અને પાંચ દિવસનો આ શ્રમ એમને પડ્યો છે.

પ્રશ્ન :- જ્ઞાની સમાધાન તો કરે છે, પણ સમાધાનને પોતે કામમાં ન લે તો સમાધાન થતું નથી. આપ જે કાંઈ બોલો છો એમાં સમાધાન મને મળી જાય. આમાં જ સમાધાન ગોતવાનું છે, સમાધાન બહાર ક્યાં છે?

ઉત્તર :- સમાધાન પોતે કરે તો થાય, અંતરમાં છે. જે માણસની તૈયારી હોય અને એમાંથી જેને કાંઈક અંદર વિચારો આવતા હોય એમાંથી પૂછેને એટલે એના જવાબો આવે. એટલે કુદરતી થોડું લંબાણથી કહેવાય એટલે સહેજે થઈ જાય. એવું થઈ જાય.

પ્રશ્ન :- એમાં બધું સમાધાન છે. પા કલાકમાં માતાજી! એવું નીકળે છે કે અમને તો એમ લાગે છે કે અમે 'ગુરુદેવ' પાસે જ બેઠા છીએ.

ઉત્તર :- 'ગુરુદેવ' તો 'ગુરુદેવ' જ હતા, એ તો વાત જુદી હતી, પણ બધાના પ્રશ્ન પૂછે એટલે જવાબ દેવાય છે.

પ્રશ્ન :- અત્યારની પરિસ્થિતિમાં 'ગુરુદેવ'ની ખોટ આપનાથી પુરાય છે મારે એટલું કહેવું છે. અને હું તો ખરેખર હમણાથી બે-ચાર ટપાલો લખી, એમાં હું દરેકને લખું છું કે જેમ પહેલા 'ગુરુદેવ'ના વખતમાં અહીંયાં આવીને રહેવા જેવું હતું એવું

અત્યારે ફરીથી (થઈ ગયું છે).

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૪ B

... પોતાનું પરિણમન એની અંદર (આવે છે). સત્‌ના સંસ્કાર અંદર ઊંડા હોય, ઊંડા હોય તો કામ આવે છે. ઊંડા ન હોય તો એમાં ફેરફારો થાય છે. સત્‌ના સંસ્કાર જે વર્તમાન પોતે નાખ્યા હોય છે એ પોતે અંદરથી સ્વતંત્ર રીતે.. બીજે ભવે જાય છે અને સ્ફૂરે છે અંદર. આ જોઈએ છે, કાંઈ જોઈતું નથી. આ ચૈતન્ય પદાર્થ કોઈ આશ્ચર્યકારી છે, મહિમાવંત છે એની જેને રુચિ ઊંડાણથી લાગે, ઊંડાણથી લાગે તો એ અંદરથી પ્રગટ થયા વગર રહેતો નથી. એ કાંઈ બહારથી નથી આવતું. એ અંતરમાં, પોતાની અંદરમાં ઊંડાણ હોય તો પ્રગટ થાય છે. બહારથી સંસ્કાર નથી નાખવાના. અંદર સંસ્કાર પડે છે.

દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે એટલે કંઈ એની મેળાએ બધું થઈ જાય છે એવું નથી. એમાં કોઈ કરી નથી દેતું, પણ પોતે પુરુષાર્થ કરે તો થાય એમ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે પણ ઉપાદાન પોતાનું છે. પોતે કરે તો થાય એમ છે. (સંસ્કાર) ઊંડા હોય તો કામ આવે, બાકી ઉપર ઉપરથી હોય તો એ કામ ન આવે.

પ્રશ્ન :- ઊંડા સંસ્કાર હોય છતાં સાથે પ્રયત્ન તો ચાલુ હોવો જોઈએ. એકલા સંસ્કાર ઉપર બેસી ન રહેવાય

ઉત્તર :- પ્રયત્ન તો ચાલુ, જેને અંદરમાં રુચિ હોય એનો પ્રયત્ન ચાલુ જ હોય, એનો પ્રયત્ન છૂટી ન જાય. જેને અંદરની રુચિ હોય એનો એ પ્રયત્ન કાંઈ છૂટી ન જાય. દરકનું પરિણમન સ્વતંત્ર એટલે જેમ થવાનું હશે એમ થાશે, એવો કાંઈ અર્થ નથી. એને પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. જેમ થવાનું હોય એમ થાય. પુરુષાર્થ પોતે કરે તો એ પ્રમાણે એની પરિણમનની ગતિ થાય છે. પુરુષાર્થ એમાં કારણ બને છે. એની મેળાએ થાય એની સાથે પુરુષાર્થ સંબંધવાળો છે. પુરુષાર્થ ન હોય તો થાતું નથી.

જે મોક્ષ તરફ પરિણમન થાય છે તે પુરુષાર્થથી થાય છે. અને જે થવાનું હોય

એમ થાય એનો અર્થ એમ નથી કે પુરુષાર્થ વગર થાય છે. એવો અર્થ નથી એનો કે પુરુષાર્થ ન કરે અને થઈ જાય. એને પુરુષાર્થ સાથે સંબંધ હોય છે.

મોક્ષ તરફ જે પરિણમન થાય એ પોતાના પુરુષાર્થના કારણે થાય છે. કોઈ એમ કહે કે જેમ થવાનું હશે એમ થાશે. એમ નથી. પુરુષાર્થ કરે, પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. ક્રમબદ્ધને અને પુરુષાર્થને સંબંધ હોય છે. જે પુરુષાર્થ કરે એનું ક્રમબદ્ધ મોક્ષ તરફનો હોય છે. જે પુરુષાર્થ તરફ જેની દૃષ્ટિ જ નથી, પુરુષાર્થ ઉપર જેને કંઈ કરવાનો ભાવ જ નથી તો એનું ક્રમબદ્ધ મોક્ષ તરફ હોતું જ નથી. ક્રમબદ્ધને અને પુરુષાર્થને સંબંધ હોય છે. જેમ થવાનું હશે તેમ થાશે. આપણે પુરુષાર્થનું શું કામ છે? એમ રાખે તો એમ કાંઈ થાય નહિ. પુરુષાર્થ સાથે સંબંધ હોય છે.

ભગવાને જેની મુક્તિ જોઈ છે એ પુરુષાર્થથી એની મુક્તિ જોઈ છે. જેને પુરુષાર્થ કરવો નથી અને સ્વચ્છંદપણે વર્તે તો એનું કાંઈ મુક્તિનું પરિણમન ભગવાનના જ્ઞાનમાં આવતું નથી. પુરુષાર્થી હોય એનું જ પરિણમન મોક્ષ તરફનું હોય છે. એને અંદર રુચિ થાય. મારા આત્માનું કેમ કલ્યાણ થાય? આત્મા મહિમાવંત છે. આ બધો મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ જુદો છે. એવું ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે. અંતરથી વારંવાર એને રટણ કરે, યાદ કરે, ચિંતવન કરે, એમ કરે તો થાય. કર્યા વગર એની મેળે થાતું નથી. એમ વાટ જોયા કરે કે થવાનું હશે એમ થાશે અને એમ આવી જાશે. એમ ન થાય. પોતાને અંદર ખટક થાવી જોઈએ. પોતે પુરુષાર્થ કરે તો થાય.

પ્રશ્ન :- પુરુષાર્થ કરે તો જ પ્રાપ્ત થાયને? માતાજી!

ઉત્તર :- પુરુષાર્થ કરે તો જ પ્રાપ્ત થાય, વગર પુરુષાર્થે પ્રાપ્ત થાય જ નહિ. જેને અંતર્મુહૂર્તમાં થાય છે તે પુરુષાર્થથી જ થાય છે. એને પુરુષાર્થ પોતા તરફ એકદમ ઉતાવળથી, ઝડપથી થાય છે. એનો ચૈતન્ય એકદમ ઉપડે છે-ચૈતન્ય તરફનો પુરુષાર્થ.

પ્રશ્ન :- આ પુરુષાર્થ સનાતન ધર્મ વિષે કરવો હોય તો કઈ રીતે? સનાતન ધર્મ શું છે એ મને સમજાવો.

ઉત્તર :- સનાતન ધર્મ? સનાતન ધર્મ એટલે જે અનાદિનો ધર્મ છે. જે આત્માનો ધર્મ છે તે સનાતન ધર્મ છે. જે આત્માનો ધર્મ તે સનાતન. સનાતન એટલે જૂનો. જૂનો એટલે જે અનાદિથી ચાલ્યો આવે છે તે. એમ. આત્માનો સ્વભાવ તે ધર્મ છે. આત્મા જે જ્ઞાનસ્વભાવ છે તે રૂપે જ્ઞાનસ્વભાવને પ્રગટ કરવો એ

જ્ઞાયકને જ્ઞાયકરૂપે પ્રગટ કરવો, વીતરાગસ્વરૂપ છે એને વીતરાગરૂપે પ્રગટ કરવો તે સનાતન ધર્મ છે.

પ્રશ્ન :- જૂનાને ઊભું કરવું તે સનાતન?

ઉત્તર :- હા. જૂનો જે આત્માનો સ્વભાવ અનાદિથી શાશ્વત છે એને પ્રગટ કરવો તે સનાતન છે.

પ્રશ્ન :- ધર્મનું સ્વરૂપ કઈ રીતે છે?

ઉત્તર :- ધર્મનું સ્વરૂપ-ધર્મ એટલે એ ધર્મ આત્મામાં છે. જે જેનો સ્વભાવ તે ધર્મ. બહારથી જે ધર્મ કહેવામાં આવે છે તે શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે. ભગવાનની ભક્તિ કરે, ભગવાનની પૂજા કરે, શાસ્ત્ર સ્વાધ્યાય કરે, શાસ્ત્ર વાંચે, તત્ત્વના વિચારો કરે-એ બધો ધર્મ કહેવાય છે એ ધર્મ પુણ્યબંધ કહેવાય. એનાથી પુણ્ય થાય, શુભભાવો થાય, એનાથી દેવલોક થાય. ભવનો અભાવ થાય નહિ. ભવનો અભાવ અંદર આત્માનો જે સ્વભાવ છે જે જાણનારો અનાદિનો આત્માનો સ્વભાવ છે એને પ્રગટ કરે તો એ ધર્મ થાય. આત્મામાં ધર્મ થાય. પણ એ ન થાય ત્યાં સુધી વિચાર કરે, વાંચન કરે એવા બધા શુભભાવો થાય છે. એ શુભભાવને વ્યવહારથી ધર્મ કહેવામાં આવે છે. એમ.

પ્રશ્ન :- સાચું સુખ શેમાં હોય?

ઉત્તર :- સાચું સુખ પણ આત્મામાં છે. આત્મામાં જ છે, બહારમાં સુખ નથી. બહારમાં જે માન્યું છે સુખ તે બહારમાં સુખ નથી. બહારમાં માને (કે) ધન મળે, શરીર સારું હોય, બધી સગવડતા મળે, બધી માન-મોટાઈ મળે અને એવું બધું થાય તો એ કાંઈ સુખ નથી. એ તો કલ્પિત સુખ છે. મકાનો મળે અને એમાં સુખ માને તો એ સુખ નથી. એ તો માત્ર કલ્પના છે. બહારમાં સુખ નથી.

સુખ અંદર આત્મામાં છે. બહારમાં ક્યાંય વિકલ્પોમાં, રાગમાં ક્યાંય સુખ નથી. જે વીતરાગી ભાવ છે અંદર આત્મામાં એમાં સુખ છે, એમાં આનંદ છે, બધું આત્મામાં છે. બહારમાં ક્યાંય સુખ નથી. માત્ર ભ્રાંતિથી માન્યું છે કે મને બહારથી સુખ મળે છે. સુખ ક્યાંય બહાર નથી. કલ્પના છે એ બધી. એવું સુખ કાંઈ શાશ્વત રહેતું નથી, માત્ર કલ્પિત સુખ છે. તે આત્માનું સુખ નથી. માત્ર એ બધા બહારના સંયોગમાં સુખ માન્યું છે. એ સુખ નથી.

સુખ આત્મામાં છે. જે એનો સ્વભાવ છે. આત્માનો સહજ સ્વભાવ છે. જાણવાનો, દેખવાનો, લીનતાનો, ચારિત્ર, અંદર સુખ છે આત્મામાં, આનંદ છે

આત્મામાં. એ આનંદ આત્માનો કોઈ અપૂર્વ છે, જેને ઉપમા આપી શકાય નહિ. એવો આત્મામાં આનંદ અને સુખ ભર્યું છે કે જે સુખને કોઈની ઉપમા, કોઈ દેવલોકની કે કોઈ ચક્રવર્તીના રાજની પણ જેને ઉપમા આપી શકાતી નથી. એવું સુખ આત્મામાં ભર્યું છે અને તે અનુપમ છે.

એ સુખ કેમ પ્રગટ થાય? કે આત્માને ઓળખે. આ શરીર તે હું નથી, આ રાગ તે હું નથી, હું એનાથી જુદો છું. એવા આત્માને ઓળખે, એનું ભેદજ્ઞાન થાય, એમાં લીનતા કરે તો તે સુખ પ્રગટ થાય. વિકલ્પ છૂટીને આત્મામાં લીન થાય તો તે સુખ, આત્મામાંથી કોઈ અપૂર્વ આનંદ પ્રગટ થાય કે જે આનંદ ક્યાંય ચક્રવર્તીના રાજમાં ક્યાંય નથી. એ સુખ આત્મામાં છે.

પ્રશ્ન :- મહાવીર સ્વામીને જ્યારે સાપ ડંખ દે છે ત્યારે ખૂન નીકળવાના, લોહી નીકળવાના બદલે દૂધ નીકળ્યું હતું. આવો એમણે વિશ્વને પ્રેમ કર્યો. એવો પ્રેમ કરવો હોય તો કયો પુરુષાર્થ કરવો પડે? મહાવીર સ્વામી .. બનાવતા હોય ને. ડંખ મારે સાપ એને અને દૂધ નીકળે છે એટલે આખા વિશ્વને પ્રેમ કર્યોને. સાપને પણ દૂધ .. એટલે આવો પ્રેમ કરવો હોય તો ક્યો પુરુષાર્થ કરવો પડે અમારે?

ઉત્તર :- ભગવાનની વાણી છૂટીને, એ વાણીથી બધાને ઉપદેશ મળ્યો. ભગવાન વીતરાગી ભાવે. એટલે ભગવાનની વાણી એવી છૂટી, ભગવાનને ઈચ્છા નહોતી, પણ એવી વાણી છૂટી કે તમે આ ધર્મ કરો. હું જુદો છું. ભગવાનને ગમે એવા ઉપસર્ગો આવ્યો તો સહન કર્યા બહારથી. એમણે રાગ-દ્વેષ કર્યા નહોતા, વીતરાગ હતા. અને બહારથી ગમે તેવા ઉપસર્ગ આવ્યા. સર્પ ડસ્યો કે ન ડસ્યો પણ ભગવાનને કોઈ સર્પ ડસે એવું બને નહિ, પણ બહારથી એમને ઉપસર્ગો આવ્યા. એ ઉપસર્ગ સહન કરવા પડ્યા, પરિષહો આપ્યા. એમને સહન કર્યા પણ એ આત્મામાં લીન હતા એકદમ. કોઈ ઉપર રાગ-દ્વેષ કર્યો નહિ એમણે. વીતરાગ હતા. કોઈ ઉપર રાગ કર્યો નહિ, કોઈ ઉપર દ્વેષ કર્યો નહિ કે આ મારા શત્રુ છે એમ પણ માન્યું નહિ કે આ મારા મિત્ર છે એમ પણ ભગવાને માન્યું નહિ. ભગવાન તો આત્મામાં લીન થઈ ગયા અને વીતરાગતા પ્રગટ કરી. એવું ભગવાનની જેમ રાગ-દ્વેષ ટાળેને તો અંતરમાંથી એવી સમતા પ્રગટ થાય.

જગતનો પ્રેમ મેળવવો એ પોતાના હાથની વાત નથી. અંદરથી સમતા પ્રગટ કરવી એ પોતાના હાથની વાત છે. ગમે તેવા ઉપસર્ગો-પરિષહો આવે તો અંદર શાંતિ અને સમતા રાખે, વીતરાગતા પ્રગટ કરે, એ પોતાના હાથમાં છે. કોઈ ઉપર વિશ્વ

સાથે પ્રેમ કરવો એ કરી શકાતો નથી. કોઈના મન કેવા હોય, કોઈના કેવા હોય. પોતે અંદર વીતરાગતા પ્રગટ કરે તો થઈ શકે. રાગ-દ્વેષ ન કરે. હું જાણનાર છું, જ્ઞાન છું. મારામાં કાંઈ નથી. હું તો આ શરીરથી જુદો. આ શરીર પણ મારું નથી. ગમે એવા ઉપસર્ગો આવે તોપણ આ શરીર મારું નથી. હું તો આત્મા છું. એવા ભાવ કરે તો અંદરથી એવી સમતા પ્રગટ થાય આત્મામાંથી. રાગ-દ્વેષ પોતે ટાળે તો બધું બહારથી ફરી જાય. રાગ-દ્વેષ ટાળે તો. બહારનું ફેરવવું પોતાના હાથની વાત નથી. પોતે રાગ-દ્વેષ ટાળે.

એમાં આવે છે. સર્પ ડસ્યો તો દૂધ નીકળ્યું. ઘણા ઉપસર્ગો ભગવાનને આવ્યા છે. ભગવાન તો સર્પ ઉપર ઊભા રહીને સર્પ સાથે ખેલ કર્યા છે ભગવાને. તો સર્પ એમને કાંઈ કરી શક્યો નથી. પણ પોતે અંદર વીતરાગ હતા. એમને કોઈ રાગ-દ્વેષ નહોતા. આત્માના ધ્યાનમાં હતા. એવું આત્માનું ધ્યાન કરે આત્માને ઓળખીને, તો એમના જેવી વીતરાગતા પ્રગટ થાય.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૪ C

પ્રશ્ન :- જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઈચ્છવી તેણે જ્ઞાનની ઈચ્છાએ વર્તવું એમ જિનાગમ આદિ સર્વ શાસ્ત્રો કહે છે. પોતાની ઈચ્છાએ પ્રવર્તતા અનાદિકાળથી રખડ્યો છે. એમાં શું અર્થ હશે? કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :- જેને આત્માનું સ્વરૂપ સમજવું હોય અને જ્ઞાનની-આત્માના જ્ઞાનની પ્રાપ્તિ કરવું હોય, આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય, તો પોતે અનાદિથી જેવી રીતે પોતાની ઈચ્છાએ એકત્વબુદ્ધિથી જે વર્તી રહ્યો છે એવી રીતે નહિ વર્તતા, જ્ઞાની શું કહે છે? અને જ્ઞાનીનો કહેવાનો શું આશય છે? એવી રીતે વર્તન કરવાથી એને અંતરમાંથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પોતે તો અનાદિથી ભ્રમમાં પડેલો છે. કારણ કે સ્વરૂપને તો જાણતો નથી અને જેણે જાણ્યું છે એની ઈચ્છાએ એટલે કે એ જે કહેવા માગે છે, જે કહેવા માગે છે એનો આશય ગ્રહણ કરીને, તત્ત્વનું શું સ્વરૂપ કહે છે? કેવી રીતે જ્ઞાનની પ્રાપ્તિ થાય? આત્મા શું છે? આત્માનું સ્વરૂપ શું છે? આ પરદ્રવ્ય-સ્વદ્રવ્ય શું છે? અને ભેદજ્ઞાન

કેમ કરવું? અંતર આત્માને કેમ ઓળખવો? દ્રવ્ય ઉપર કેમ દૃષ્ટિ કરવી? દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે? એ જે જ્ઞાની જે સ્વરૂપ કહી રહ્યા છે. સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? જે સ્વરૂપ કહી રહ્યા છે, એમનો કહેવાનો જે આશય છે તે આશય પ્રમાણે પોતે સમજી અને તે રીતે પરિણમન કરવું, તો એના ભવનો અભાવ થાય અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પોતાની ઈચ્છાએ એટલે કે પોતે અનાદિકાળથી જે પોતાના સ્વચ્છંદપણે વર્તી રહ્યો છે, સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એકત્વબુદ્ધિથી, દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ પોતાની મતિકલ્પનાએ જેમ ઠીક પડે એમ માની રહ્યો છે, પોતાની મતિકલ્પનાથી આનું આમ છે, આનું આમ છે એમ અર્થો કરી રહ્યો છે, એવી રીતે નહિ વર્તન કરતાં જે જ્ઞાની કહે છે તે પ્રમાણે પોતે એનો આશય સમજીને તે પ્રમાણે પરિણમન કરે તો જ્ઞાનની પ્રાપ્તિ થાય.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન શું થાય છે કે સત્શાસ્ત્રો વાંચે તો એને જ્ઞાનની પ્રાપ્તિ કેમ ન થાય?

ઉત્તર :- એ શાસ્ત્રો વાંચે છે, એમાં બધું રહસ્યો શાસ્ત્રોમાં આવે છે. પણ જેને સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે એનો જે આશય ગ્રહણ થાય છે એ જુદી રીતે થાય છે. એમાં શબ્દો છે શાસ્ત્રોમાં, પણ કયા આશયથી શાસ્ત્રોમાં આવે છે એ આશય કાંઈ એ તો પોતે અંદર જે સમજેલો હોય તે અંદરથી આશય આચાર્યોનો શું છે એને નક્કી કરીને ગ્રહણ કરે છે. એ પોતે જે સમજેલા હોય એનું રહસ્ય સમજે છે. બાકી જે સમજ્યો નથી તે તો પોતાની મતિકલ્પનાએ શાસ્ત્રોના અર્થો કરે છે.

કારણ કે શાસ્ત્રમાં દરેક જાતની વાત આવતી હોય. એમાં નિશ્ચયની વાત આવતી હોય, વ્યવહારની વાત આવતી હોય, દરેક જાતની વાત આવે છે. એમાં દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ બધી રીતે આવતું (હોય). એમાં અનેક પ્રકારે નિશ્ચયનયથી, વ્યવહારનયથી દરેક વાત આવતી હોય પછી એને ક્યાં વજન દેવું? શું એનું સ્વરૂપ ગ્રહણ કરવું? એ પોતાની મતિકલ્પનાએ પોતે સમજી લે છે. પણ જે સમજાવનાર હોય એ તો એનું ક્યાં વજન હોય છે, ક્યાં નથી હોતું, એ બધું એના ભાવ ઉપરથી ગ્રહણ થાય છે.

એ ચૈતન્ય સ્વરૂપ જેને પ્રગટ થયું છે તે વ્યવહાર કોને કહેવાય? વ્યવહારનું કેટલું વજન? નિશ્ચયનું કેટલું વજન છે? દ્રવ્ય કોને (કહેવાય)? ગુણ કોને કહેવાય? પર્યાય કોને કહેવાય? એ જે પોતે સમજીને કહે છે એનો આશય તરત ગ્રહણ થવાનું

કારણ થાય છે.

શાસ્ત્રોમાં તો પોતાની મતિકલ્પનાએ અર્થ કરી લે છે. વ્યવહારના શાસ્ત્રોમાં બધે વ્યવહારની ઘણી વાતો આવે અને અધ્યાત્મ-શાસ્ત્રમાં બધી અધ્યાત્મની વાતો આવે, દ્રવ્યાનુયોગમાં દ્રવ્યાનુયોગની, ચરણાનુયોગમાં ચરણાનુયોગની, કરણાનુયોગમાં કરણાનુયોગની-એમ અનેક જાતની વાત આવતી હોય એમાંથી એનો મેળ કરવો એ એને મુશ્કેલ પડે છે. પોતાની મતિકલ્પનાએ પોતાને જ્યાં રુચિ હોય, જે જાતનો પોતેને રસ હોય, વ્યવહારનો રસ હોય તો વ્યવહાર પ્રમાણે અર્થો કરે અને કોઈને અધ્યાત્મનો રસ હોય તો તે રીતે અર્થ કરે. પણ નિશ્ચય-વ્યવહારની સંધિ કરવી એ પોતાની મતિકલ્પનાએ થઈ શકતું નથી. એ જ્ઞાની જે સમજાવે સાક્ષાત્ એ વાત જુદી હોય છે.

પ્રશ્ન :- માતાજી! કોઈને ક્ષયોપશમ વધારે હોય તો શું સાચા અર્થ ન કાઢી શકે?

ઉત્તર :- ક્ષયોપશમથી અર્થ ન થાય, પણ અંદરની રુચિ... ક્ષયોપશમ થોડો હોય પણ પ્રયોજનભૂત આત્માર્થી હોય તો એના અર્થો કરે, પણ એકવાર તો અનાદિથી જ્ઞાની પાસેથી એણે સાંભળેલું હોવું જોઈએ. એકવાર અનાદિકાળથી, એકવાર પ્રત્યક્ષ જ્ઞાની મળે એને અંદરથી જે દેશનાલબ્ધિ થાય અને એની કોઈ અપૂર્વતા જાગે તો એને કાંઈક એની દૃષ્ટિ એ રીતે ગ્રહણ કરવાની તૈયાર થાય છે. બાકી એકવાર પ્રત્યક્ષ જ્ઞાની મળ્યા વગર એનો આત્મા એવી રીતે તૈયાર થઈ શકતો નથી. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. પોતાની મેળાએ અર્થો કરે. ક્ષયોપશમથી અર્થો તો ઘણા કરે છે. અગિયાર અંગ સુધી ભણે. અંદરથી જ્ઞાન પ્રગટે છે અગિયાર અંગનું, પણ અંદરથી પોતાને આત્મા તરફની રુચિ જો થઈ નથી યથાર્થ, તો એ ક્ષયોપશમ ક્ષયોપશમરૂપે રહી જાય છે.

પ્રશ્ન :- આમાં જ્ઞાનીની ઈચ્છાએ પ્રવર્તવું-એના ઉપર કાંઈક વજન વધારે હોય એવું લાગે છે. તો એ વજન આપવાનું કાંઈ કારણ હશે?

ઉત્તર :- જ્ઞાનીનો આશય જે હોય તે રીતે વર્તે. કારણ કે અનાદિકાળથી પોતાની મતિકલ્પનાએ પાછો અર્થ કરે છે. ગુરુએ આમ કીધું છે એવી જાતનો અર્થ પોતાને ઠીક પડે ત્યાં, પોતાને જેનો રસ હોય એ પ્રમાણે અર્થ કરે છે. પણ તું ઊંડો ઉતરીને જ્ઞાનીનો શું આશય છે એને ગ્રહણ કર. તને જ્યાં ઠીક પડે, તને જ્યાં રુચે અને જ્યાં તને પોષણ થાય-તારી રુચિનું પોષણ થાય એવી રીતે તું ગ્રહણ કરી લે છે એમ નહિ. જ્ઞાનીને શું આશય કહેવો છે? તું તટસ્થ-મધ્યસ્થ થઈને એ વિચાર કર કે

જ્ઞાનીનો શું આશય છે? મને ઠીક પડે એવી રીતે વિચાર કરે તો કાંઈ યથાર્થ સમજાતું નથી એને. પોતાને ઠીક પડે એમ...

પોતાને પુરુષાર્થની મંદતા હોય અને ક્યાંક ખોટો બચાવ કરીને, આમ જ કીધું છે એમ કરી નાખે તો ખોટું થઈ જાય. પોતાથી થાય નહિ તો ખોટી રીતે બચાવ કરીને એવો અર્થ કરે નહિ. જ્ઞાનીને શું આશય કહેવો છે? ધીરો થઈને વિચાર કરે તો... આત્માર્થી સાચો હોય એ ધીરો થઈને વિચાર કરે કે હું નથી કરી શકતો, પણ જ્ઞાનીને તો આમ જ કહેવું છે. મારી પોતાની મંદતા છે. જ્ઞાનીની ઈચ્છાએ, જ્ઞાનીના આશય પ્રમાણે ગ્રહણ કરવું જોઈએ.

પ્રશ્ન :- આત્માના છ પદ છે એમાં કર્તા-ભોક્તા છે. એમાં એમનો શું કહેવાનો ભાવ છે? એમાં કર્તા-ભોક્તા શું છે? ક્યુ કર્તાપણું લેવું?

ઉત્તર :- કોણ પૂછે છે? આત્માનું કર્તાપણું બેય રીતે આવી જાય છે કે આત્મા પોતે રાગાદિ ભાવનો કર્તા પોતે અજ્ઞાન અવસ્થાએ થાય છે અને સ્વભાવથી, પોતાના સ્વભાવનો કર્તા છે. એમ. રાગ અવસ્થામાં પોતે, વિભાવ અવસ્થામાં અજ્ઞાન અવસ્થાએ રાગાદિનો કર્તા છે. માટે એ રાગ છૂટી શકે છે. અને મોક્ષ થાય છે, એમ મોક્ષનો ઉપાય છે. કર્તા છે, ભોક્તા છે. અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા છે, ભોક્તા છે અને એમાંથી મુક્તિ થાય છે, મોક્ષ થઈ શકે છે અને મોક્ષનો ઉપાય પણ છે. એમ. આત્મામાં કાંઈ છે જ નહિ અને આત્મામાં વિભાવ જ થયો નથી અને એ કોઈ જડથી થયો છે અને પોતાના કારણે કાંઈ છે જ નહિ એવું નથી.

પોતે અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા છે અને વિભાવનો ભોક્તા પણ છે અને એમાંથી છૂટી શકાય છે. અને જ્ઞાન અવસ્થાએ સ્વભાવનો કર્તા થાય છે. અને એ સ્વભાવનો કર્તા થાય અને જ્ઞાતા થાય. તો એ જાતનો મોક્ષનો ઉપાય છે. અને મોક્ષ પણ છે. એમ કહેવા માગે છે. આત્મા કાંઈ કરતો જ નથી અને વિભાવ ક્યાંય થયો જ નથી, એવું નથી. એમ કહેવા માંગે છે.

તો તો પછી કાંઈ કરવાનું રહે જ નહિ, જો કર્તા-ભોક્તો હોય નહિ (તો). પોતે વિભાવ અનાદિથી જે થાય છે એ કાંઈ જડ નથી કરી દેતો. એ પોતે એમાં જોડાય છે માટે વિભાવ થઈ રહ્યો છે. એનો કર્તા પોતે છે અને એનાથી છૂટી શકાય છે. જ્ઞાન અવસ્થાએ પોતે સ્વભાવનો કર્તા થાય અને જ્ઞાતા થાય તો એ વિભાવ છૂટી જાય છે. એ કર્મ પછી કેમ છૂટે? તો મોક્ષ છે અને મોક્ષનો ઉપાય પણ છે.

પ્રશ્ન :- માતાજી! શાસ્ત્રમાં મુખ્યપણે તો નિશ્ચયનય અને વ્યવહારનય-બે નયથી

કથન આવે છે. નિશ્ચયનયનો અર્થ કે એમ જ છે અને વ્યવહારનયનો અર્થ કે એમ નથી. નિમિત્તાદિનું જ્ઞાન કરાવવા માટે આ પ્રમાણે કથન કરવામાં આવ્યું છે. આવું બધું રહસ્ય શાસ્ત્રનું સમજીને, જ્ઞાની વિના કે જ્ઞાનીની ઈચ્છાપૂર્વક ન પ્રવર્તે એને શું જ્ઞાન ન થાય?

ઉત્તર :- એવું સમજ્યો. કેમ છે અને કેમ નથી? વસ્તુનું સ્વરૂપ સમજે, એને પણ જ્ઞાનીના આશયથી પ્રવર્તન ન કરે અને ઈચ્છાથી (વર્તે તો) એનો કાંઈ અર્થ નથી. એમ વર્તવાનું શું પ્રયોજન છે? કારણ કે એ તો પોતે પોતાના ક્ષયોપશમથી નક્કી કરે છે. એ તો નક્કી કરે છે, પણ જ્ઞાની જે મુમુક્ષુને, જેને જ્ઞાન પ્રગટ થયું છે તે શું કહી રહ્યા છે? એવી જાતની ભાવના આવ્યા વગર રહેતી જ નથી. પોતે ક્ષયોપશમથી નક્કી કરે તો, મેં જાણ્યું એ બરાબર છે, હવે જ્ઞાનીએ શું કીધું એ કાંઈ વિચારવાનું કામ નથી. એવો જો ભાવ આવે તો એ આત્માર્થી જ નથી. મેં નક્કી કર્યું એ બરાબર છે. હવે જ્ઞાનીએ શું કીધું એ કાંઈ વિચારવાનું કોઈ કારણ નથી. એવો જો ભાવ આવે તો એ આગળ વધી શકે જ નહિ.

શાસ્ત્રથી નક્કી કરે પણ જ્ઞાની શું કહે છે? હું ક્યાંય ભૂલતો તો નથી ને? એવો વિચાર આત્માર્થીને આવ્યા વિના રહેતો નથી અંદરથી. એમ તો સમજે કે હું કઈ ભૂમિકાએ છું? અને જ્ઞાની જે આગળ વધેલા કઈ ભૂમિકાએ છે? એનું બહુમાન આવે નહિ અને પોતાની ઈચ્છાએ વર્તે તો એની ભૂમિકા તૈયાર જ નથી એ જાતની. એનો નિષેધ કરવાનું પ્રયોજન... નિષેધ જ્યાં આવે છે ત્યાં એની પરિણતિમાં ખામી છે, પાત્રતા નથી. પોતે વિચાર કરે શાસ્ત્રનો, પણ જ્ઞાની શું કહે છે એની સાથે મેળવવાનો એને ભાવ આવે અંદરથી. જ્ઞાનીનો શું આશય છે? ઈ એને ભાવ આવ્યા વગર રહેતો નથી.

આચાર્યો પણ લખે છે કે જિનવરે આમ કીધું છે. જિનવરકથિત, જિનવરે આમ કીધું છે. આચાર્યો પણ શાસ્ત્રમાં લખે છે કે ભગવાને આમ કીધું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના આચાર્યો બધા શાસ્ત્રો લખે, વિચાર કરે તોપણ, ભગવાને શું કીધું છે? એમ એમના પરિણામમાં આવ્યા વગર રહેતું નથી. જે સાધના કરે એને પોતાથી મોટા હોય એણે શું કીધું એના વિચાર આવ્યા વગર રહેતા નથી. એનો નિષેધ પરિણામમાં આવે અને પોતાની મતિકલ્પનાએ (વિચાર કરે કે) એનું શું કામ છે? હું બધું સમજું છું-એવો અર્થ આમાં થઈ જાય છે, જો નિષેધ કરે તો. હું વિચારું છું એ બરાબર છે. બીજાએ જ્ઞાનીઓએ જાણ્યું (એનું) શું કામ છે? હું બરાબર સમજું છું. એવો વિચાર

નિષેધનો આવ્યો તો એ પાત્રતાની ખામી છે. જેને સાધના કરવી હોય એને પોતાથી મોટા હોય એનો વિચાર અને બહુમાન આવ્યા વગર રહેતો નથી અંતરમાં. (નિષેધ આવે) તો એની પાત્રતાની ખામી છે, સ્વચ્છંદ છે.

આચાર્યો પણ શાસ્ત્રમાં ભગવાનનું નામ લઈને લખે છે. કેટલી એમની શક્તિ છે! કેટલું એમનું જ્ઞાન છે! મને તો બહુ જ્ઞાન થઈ ગયું. ભગવાને જેમ કીધું એમ જ હું કહું છું. હવે કાંઈ ભગવાનનું નામ લખવાની જરૂર નથી. એ કાંઈ વાત છે? એ સાધનારને આવે નહિ. પોતાથી મોટા હોય એને એમ થાય મારાથી મોટા આચાર્યો.. ઓહો..! એ ક્યાં હું ક્યાં! એમ એને વિચાર આવે. તો ભગવાનની તો શું વાત! ભગવાનના તો વિચાર આવે પણ પોતાથી મોટા હોય એનો પણ વિચાર આવે.

પ્રશ્ન :- છેલ્લી એક આશંકા છે આપને પૂછી લઉં. શાસ્ત્રો તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાનમાં મુનિઓએ લખ્યા છે. જ્ઞાની કોઈ ચોથે ગુણસ્થાને હોય. તો એનાથી તો એ વિશેષ છે શાસ્ત્ર લખનાર. એ શાસ્ત્રોમાંથી કહ્યા પ્રમાણે અર્થ કરે અને જ્ઞાનીને ગૌણ રાખે તો એમાં કોઈ અવિનય ગણાય ખરો?

ઉત્તર :- શાસ્ત્રો આચાર્યોએ લખ્યા છે અને ચોથા ગુણસ્થાનવાળા છે એને એ જાતનું પણ મૂળ પ્રયોજનભૂત જ્ઞાન તો એની પાસે છે. પ્રયોજનભૂત જે જ્ઞાન છે અને પોતે જો આ માર્ગને પામ્યો નથી અને શાસ્ત્રોથી સમજી રહ્યો છે, તો મૂળ માર્ગને જાણવા માટે અને પ્રયોજનભૂત તત્ત્વ જાણવા માટે એને જ્ઞાનીનો આશ્રય આવ્યા વગર રહેતો નથી.

પ્રયોજનભૂત તત્ત્વ ચોથા ગુણસ્થાનવાળાએ સ્વાનુભૂતિનો માર્ગ એણે જાણ્યો છે, મુક્તિનો પંથ જાણ્યો છે એણે. તો (એ) પોતે પામ્યો નથી તો એને આશ્રય આવ્યા વગર રહેતો નથી. એને શાસ્ત્રનો એટલો આદર... શાસ્ત્રથી એનો મૂળ પ્રયોજનભૂત તત્ત્વ એ જાણી શકતો નથી અંદરથી. એ જાણે તો એની બુદ્ધિથી જાણે છે પણ તોપણ એને આશ્રય આવ્યા વગર રહેતો નથી. પોતાને પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી પામેલાનો આશ્રય આવ્યા વગર રહેતો નથી.

એક અંશ જેણે જાણ્યો છે મુક્તિનો પંથ, એમાં બધો ઠેઠ કેવળજ્ઞાન સુધીનો માર્ગ એમાં આવી જાય છે. પછી શાસ્ત્રોના બીજા અર્થ જે ચરણાનુયોગ અને કરણાનુયોગ ને એ બધું એમાં ન આવતું હોય, પણ મૂળ પ્રયોજનતત્ત્વ આખી સાધનાનો માર્ગ, એ સમ્યગ્દર્શન જે પામે એમાં આવી જાય છે. ઠેઠ કેવળજ્ઞાન સુધીનો માર્ગ એમાં આવી જાય છે. કેટલાક વ્યવહારના કથનો, એમાં એ ન આવે

પણ પ્રયોજનભૂત માર્ગ એની પાસે આવી ગયો છે. પોતે જાણતો ન હોય તો એને આશ્રય આવ્યા વગર રહેતો નથી.

પ્રશ્ન :- આપે એક વાત બહુ સરસ કીધી કે જો એમ હોય તો પાત્રતા પણ નથી. પોતાથી જે મોટા છે એના માટે જો એને સમજવાનો કે સાંભળવાનો સદ્ભાવ નથી આવતો તો ખરેખર એ પાત્રતામાંથી પણ જાય છે.

ઉત્તર :- જાય છે. એવી જિજ્ઞાસા એને રહેવી જોઈએ.

પ્રશ્ન :- આ તો પોતાને માટે ક્યાંય દોષ રહી જાતો હોય તો થોડું સ્પષ્ટ થાય.

ઉત્તર :- પ્રયોજનભૂત તત્ત્વ જાણવા માટે થઈને એને ભાવના રહેવી જ જોઈએ અંદરથી. શાસ્ત્રમાં ભલે બધું આવી જાય છે. શાસ્ત્રમાં આચાર્યોનું બધું કથન આવી જાય છે. તોપણ એ રહસ્ય ખોલનાર સ્વાનુભૂતિ જેને પ્રગટ થઈ છે એની આગળથી જે રહસ્ય મળે એ પોતાની મેળે તો કાઢવું મુશ્કેલ છે.

'ગુરુદેવ' સ્થાનકવાસીમાં હતા ત્યારે આ બધા ક્યાં જાણતા હતા, સ્વાનુભૂતિ કોને કહેવાય? હિન્દીમાં અને બધે ઠેકાણે બધું થોડું અંદર સ્વાનુભૂતિ થાય, એ ક્યાં સમજતા હતા? બધા 'સમયસાર'ને છોડી દેતા હતા. બહારમાં જ બધો ધર્મ માનેલો હતો. આ ક્રિયામાંથી ને આમાંથી ધર્મ થાય. અંદર સ્વાનુભૂતિ થાય અને ચિદાનંદ, સહજ ચિદાનંદ આત્મા-એ બધો કંટાળો આવતો હતો. બધા હિન્દીમાં પણ. આ સ્થાનકવાસી-દેરાવાસીમાં તો કાંઈ હતું નહિ. પણ 'ગુરુદેવે' કીધું કે અંદર સ્વાનુભૂતિ થાય છે અને અંદર માર્ગ છે. એ માર્ગ બધો એમણે પ્રકાશ કર્યો અંદરથી-સ્વાનુભૂતિથી. શાસ્ત્રો તો બધાય હતા, પણ કોઈ સમજતું નહોતું શાસ્ત્ર. ક્ષયોપશમ જ્ઞાન ઘણાને હતા અને બધા શાસ્ત્રો કંઠાગ્રે કરી ગયા હતા. પણ અંદરથી રહસ્યો તો 'ગુરુદેવે' ખોલ્યા. નિશ્ચય-વ્યવહારની સંધિ તો એમણે કરી.

નિશ્ચયનય અને વ્યવહારનય બધા એના પાઠ બોલતા હતા. નિશ્ચય આને કહેવાય, વ્યવહાર આને કહેવાય અને સાત નય આને કહેવાય. એ બધું ગોખી જાતા હતા, ભણી જાતા હતા. એનો મૂળ નિશ્ચય કોને કહેવાય દ્રવ્યને આશ્રયે એનો અર્થ, ભાવાર્થ બધો 'ગુરુદેવે' ખુલ્લો કર્યો છે. આ બધા ગોખી જાતા હતા. ઋજુસૂત્ર આને કહેવાય અને નૈગમનય આને કહેવાય અને બધું એમાં ઘડાનું અને પાણીનું દૃષ્ટાંત આવે એ બધું ગોખી જાતા. એનો અધ્યાત્મ અર્થ બધો 'ગુરુદેવે' ખુલ્લો કર્યો છે.

કોઈ સ્વાનુભૂતિમાં આત્મા વિકલ્પ છૂટીને પેલે પાર બિરાજે છે. કોઈ નિર્વિકલ્પદશા, સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જાતની મહિમા કોઈને હતી નહિ. બધું

એમને એમ હતું. બધો માર્ગ આખો પ્રકાશ કર્યો. કોણ જાણતું હતું? શાસ્ત્રો તો બધાય હતા. બધા ધવલ કંઠાગ્રે કર્યા અને તત્ત્વાર્થ સૂત્ર કર્યા અને બધી સંસ્કૃત ટીકઆ પણ મોઢે હતી કેટલાકને. એમાં કાંઈ અંદરથી રહસ્ય અંદરથી આવ્યા વગર ક્યાંથી થાય?

પ્રશ્ન :- એ તો મહાન ગુરુદેવનો અને વર્તમાનમાં આપનો મહાન-મહાન ઉપકાર છે કે આવી રીતે અર્થ અમે સમજી શકીએ છીએ, કાંઈક ભાવ પકડાય છે. એ બધો ઉપકાર જ્ઞાનીઓનો જ છે.

ઉત્તર :- એમનો ભાવ ભળીને જે એમની શૈલી આવે, એને ભાવને આમ આશ્ચર્યથી આવે તો બીજાને અસર થાય. ઓલું બોલવામાત્ર, પાઠમાત્ર શાસ્ત્રમાંથી બોલે, એમને એમ શબ્દ બોલી જાય, આત્મા ને સહજ ચિદાનંદ એમ પાઠ બોલી જાય એ કાંઈ અસર ન કરે. એ તો પાઠ પૂરતો પાઠ રહી જાય. પણ આ તો અંદરથી જે આમ બીજા માણસ ડોલી ઊઠે એવી રીતે જે 'ગુરુદેવ'ની વાણી હતી તે અસર કરી જાય અંતરમાંથી. એ એમનું જોર, નિઃશંકતા અને અપૂર્વતા લાગે એનાથી બીજાને અસર થાય. એ વાણીથી એવી રીતે અસર થાય. ઓલો તો પાઠ તો ઘણા બોલી જાય એમને એમ. શાસ્ત્રો તો બધા હતા.

'ગુરુદેવ'ની આટલી વાણી સાંભળી, બધાને કાને પડી એટલે બધા અર્થ કરવા શીખ્યા છે અને આનો આમ અર્થ થાય, આનો આમ અર્થ થાય. એ શાસ્ત્રમાં બધાની બુદ્ધિ ખૂંચે છે એ 'ગુરુદેવ'ના પ્રતાપથી ખૂંચે છે. શાસ્ત્રમાં બુદ્ધિ ક્યાં ખૂંચતી હતી કોઈની? એ તો 'ગુરુદેવે' આટલું સ્પષ્ટ કર્યું એટલે બધા હવે, આ દ્રવ્ય આને કહેવાય, પર્યાય આને કહેવાય, નિશ્ચય આને કહેવાય, વ્યવહાર આને કહેવાય. આનું વ્યવહારનું જોર આવ્યું, આને નિશ્ચયનું જોર આવ્યું ને આને આમ આવ્યું... એ બધું એવું કરવા શીખ્યા છે. એ 'ગુરુદેવ'ને પ્રતાપે. નહિતર કોઈ શાસ્ત્રને ઉકેલી શકતા નહોતા. બહારના અર્થો કરતા હતા. આ નિમિત્ત આવે તો નિમિત્ત કાંઈક જોઈએને. આ તો કાંઈક જોઈએને, આટલી ક્રિયા જરાક તો જોઈએને. એમ ક્યાંક ક્યાંક પડ્યા રહેતા હતા જરાક જરાક. 'ગુરુદેવે' જોરથી કહ્યું. એમની વાણી આવી તો બધાના આગ્રહો છૂટી ગયા. હવે બધા અર્થો કરવા શીખ્યા. એ 'ગુરુદેવ'ને પ્રતાપે. શાસ્ત્રોમાંથી અર્થ પણ 'ગુરુદેવ'ના પ્રતાપે કરવા શીખ્યા છે. શાસ્ત્રોના અર્થ તો ગોખવા જેવા અર્થ કરતા હતા બધા. ગોખતા હોય એની જેમ.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૫ A

આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થાતો નથી અને વાસ્તવિક અંદરથી વિકલ્પ છૂટતા નથી. મંદ થાય, કષાય મંદ થાય, શુભભાવ થાય, એ બધું થાય પણ આત્મા ઓળખે તો સાચું થાય. એના માટે સ્વાધ્યાય કરે, વાંચન કરે, વિચાર કરે. આત્મા શું છે એનું ધ્યેય રાખે, જિજ્ઞાસા રાખે તો થાય. આત્માને ઓળખ્યા વગર થાય નહિ. અનંતકાળમાં ઘણું કર્યું છે. મુનિપણું લીધું, બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નથી. ત્યાગ કર્યા, બધું કર્યું પણ આત્માને ઓળખ્યો નથી. કષાય મંદ કરે અને જિનેન્દ્ર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ બધું કર્યું પણ ભવનો અભાવ થયો નહિ. દેવલોક થયો. અહીંયાંથી પાછો સંસાર એમ ને એમ ઊભો રહ્યો.

'ગુરુદેવ' આત્માને ઓળખવાની જ વાત કરતા હતા. આત્માને ઓળખે. આત્મા જાણનારો જ્ઞાયક, મહિમાવંત છે, બધું આત્મામાં છે, બહાર ક્યાંય નથી. એવું અંતરથી નિર્ણય કરે તો થાય. મંગળાબેન સાથે વાંચન કરે છે?

પ્રશ્ન :- મેં એ કીધું કે બહુ દિવસથી બધા કહે છે, આ ક્રિયા કરીએ છીએ, પણ કાંઈ એમાં નથી મળતું.

ઉત્તર :- ક્રિયામાં કાંઈ મળતું નથી. અંતર આત્માને ઓળખે તો થાય.

પ્રશ્ન :- ક્રિયા કરીએ પણ મન બીજે બધે ભટકતું હોય. કારણ કે એ બધા સૂત્રો આવડતા હોય એટલે મોઢે એમને એમ બોલી જઈએ.

ઉત્તર :- મન ક્યાંય ફરતું હોય. બહારથી પાઠ બોલે. કાંઈ ભાવ નહિ. અને શુભભાવ કરે એમાં ધ્યાન રાખે તોપણ મંદ કષાય થાય, શુભભાવ થાય તો પુણ્ય થાય સામાન્ય, પણ એમાં આત્માનું કાંઈ આવે નહિ, આત્મા ઓળખાય નહિ. આત્મા ઓળખવા માટે સદ્ગુરુ શું કહે છે? ગુરુ શું કહે છે? 'ગુરુદેવે' શું કીધું છે? એ વિચાર કરે, સાચું સ્વરૂપ સમજે તો આત્મા ઓળખાય.

પ્રશ્ન :- ચંદુભાઈએ વાંચનમાં બહુ સરસ સમજાવ્યું. એમને ઉદ્વેગ બહુ રહ્યા કરે છે. એમને શાંતિ કેમ મળે એને માટે...?

ઉત્તર :- ફેરફારો એ તો થયા જ કરે. એને ભૂલી જાવું એક ઉપાય છે. બીજું શું થાય? સંસારમાં તો આવું ચાલ્યા જ કરે. શું થાય? સંસાર તો એવો જ છે.

પ્રશ્ન :- ...

ઉત્તર :- ચોથા કાળમાં પણ બધા આયુષ્યો તો પૂરા થતા હતા. સાગરોપમના આયુષ્ય ને બધા આયુષ્યો પૂરા થાય છે. ચક્રવર્તી અને મુનિઓ બધા મુનિ થઈને ચાલીને બધું મનમાંથી કાઢી વૈરાગ્ય ધારણ કરીને ચાલી નીકળતા. આ બધું ભૂલવા જેવું છે. અનંતકાળમાં કાંઈક છોડીને પોતે આવ્યો અને પોતાને છોડીને બીજા જાય. એવું તો બન્યા જ કરે છે. એ તો કાંઈ નવું નથી. હવે આ મનુષ્યજીવન તો માંડ માંડ મળે છે. એમાં આવો યોગ મળ્યો. આ 'ગુરુદેવ'નો અને આ બધું સાંભળવાનું બધું મળ્યું તો આ બધું ભૂલી જવા જેવું છે. આવું સરસ સ્થાન ને આ બધું તમને (મળ્યું છે). 'ગુરુદેવ'ની વાણી કેટલી મળી છે, 'ગુરુદેવ'ના લાભ કેટલા મળ્યા. એ બધું સર્વોત્કૃષ્ટ હતું. બાકી તો આ બધું પુણ્યનું હતું. એ પુણ્યના ફેરફારોએ બધા ફેરફાર થાય છે. એ પુણ્ય તો કાંઈ શાશ્વત રહેતા નથી. એ તો ફેરફારો છે. તોપણ એ સારામાં સારું પુણ્ય તો ઈ કે આ ગુરુ મળ્યા એ પુણ્ય સારામાં સારું.

પ્રશ્ન :- એમણે તો ભાવ પણ કેટલા સારા રાખ્યા હતા.

ઉત્તર :- કેટલા ભાવ સારા રાખો છો. તમને આટલી ભાવના છે તો મનમાંથી આ કાઢી નાખવું.

પ્રશ્ન :- આપના દર્શનથી શાંતિ મળે છે અને મામની ભક્તિથી પ્રમોદ આવી જાય છે. .. જીવનમાં ખોટ પડવાની બધાને.

ઉત્તર :- શું થાય? એ તો સંસાર એવો જ છે. શું થાય? યાદ આવે પણ ભૂલ્યા વગર છૂટકો જ નથી.

પ્રશ્ન :- પણ ત્યાં પણ માતાજી, લોકોએ એમના માટે બહુ કર્યું. સાયનમાં એક બગીચો છે એનું...

ઉત્તર :- આમ પાછળથી પાછળથી આવતા. એ એમની સાથે લઈને ગયા. બધું તો આ ભૂલવા જેવું છે. શું થાય? તમારે તો જસાણી કુટુંબમાં બધા કેવા હતા. એ બધું ભૂલવું જ પડે છે. એ ભૂલવું પડે છે, શું થાય? કેવું બધું નાનાલાલભાઈ, મોહનભાઈ બધા કેવા હતા.

પ્રશ્ન :- એમણે જ આ રસ ચખાડ્યો...

ઉત્તર :- એ બધું જેમ ભૂલવું પડે છે એમ આ બધું ભૂલ્યે જ છૂટકો છે. એ બધા કેવી વ્યક્તિઓ હતા! નાનાલાલભાઈ, મોહનભાઈ, બેચરભાઈ. એ બધું ભૂલવું જ પડે છે, ભૂલ્યા વગર છૂટકો નથી. આ બધું ભૂલવાનું જ છે. એક આપણને આવા 'ગુરુદેવ' મળ્યા અને 'ગુરુદેવ'નો લાભ તમને બધાને કેટલો મળ્યો છે, જસાણી

કુટુંબને. 'ગુરુદેવ' ત્યાં ઉતરતા. એ બધો લાભ યાદ કરીને આનંદ કરો. ભૂલ્યા વગર છૂટકો નથી. શું થાય? એ તો સંસાર તો એવો જ છે.

પ્રશ્ન :- જયંતીભાઈને તો સંભળાતું નહોતું તોપણ કેટલો રસ હતો!

ઉત્તર :- હા, કેટલો રસ હતો. શું થાય? ભૂલ્યા વગર છૂટકો નથી. સંસાર, વૈરાગ્યનું કારણ થાય એવો છે આ સંસાર. આ સંસારમાં આવા છે જન્મ-મરણ, એમ વિચારીને પોતે આત્માનું કરી લેવા જેવું છે. આ સંસારનું સ્વરૂપ આવું છે. મોટા ચક્રવર્તીઓ ચાલ્યા જાય છે. તો આ શું હિસાબમાં? એ ચક્રવર્તીઓ જાતા હશે ત્યારે કેવું હશે? એ ચક્રવર્તીઓ દીક્ષા લઈને ચાલ્યા જાય છે ત્યારે શું થાતું હશે? ચક્રવર્તીઓ જ્યારે જાય ત્યાં આ બધી રિદ્ધિ બધી ચાલી જાય છે એકદમ. એ કેવું થાતું હશે? ચોથા કાળમાં પણ આવું બને તો આ પંચમકાળ છે. ભૂલ્યા વગર છૂટકો જ નથી.

એને ચક્રરત્ન બધા પ્રગટ થયા હોય એ બધા ચાલ્યા જાય. એની ૠદ્ધિ જે ચક્રવર્તીને લગતી હોયને એ બધી ૠદ્ધિ ચાલી જાય. તો એ બધા એના કુટુંબને કેવું થાતું હશે? એ સંસાર તો આવો જ છે. બધા વૈરાગ્ય ધારણ કરી કરીને ચાલી નીકળે છે. બધું ભૂલવા જેવું જ છે. મનુષ્યજીવનમાં 'ગુરુદેવ' મળ્યા એ જ યાદ કરવા જેવું છે.

પ્રશ્ન :- અત્યારે આપનું શરણ છે એ અમારા મહાભાગ્ય છે.

ઉત્તર :- ફેરવ્યા વગર છૂટકો નથી. 'ગુરુદેવે' જે ધર્મ કીધો છે એ ધર્મ પર જ ચિત્ત લાગવું જોઈએ. ભૂલવા જેવું જ છે બધું. સંસાર તો એવો જ છે. એમ બધા માણસ જાય એટલે એના ગુણો યાદ આવે. ગુણો યાદ આવે, પણ પછી દુઃખને કરવાથી કાંઈ લાભ થતો નથી. ભૂલ્યા વગર છૂટકો નથી.

પ્રશ્ન :- આપની વાણી સાંભળીને સુખા-શાતા ઊપજે છે.

ઉત્તર :- પણ ફેરવ્યા વગર છૂટકો નથી. કાંઈ ઉપાય છે? એનો કોઈ ઉપાય છે? ગમે એટલું દુઃખ થાય, ગમે એટલા ગુણો યાદ આવે તોય એનો કાંઈ ઉપાય છે? જે વ્યક્તિ જાય છે એ કાંઈ પાછું તે સ્વરૂપમાં તેવી રીતે કોઈ આવે છે? કોઈ આવતું નથી. માટે રાગને છોડીને વિચાર કરીને ફેરવી નાખવો એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. એનો કોઈ ઉપાય નથી. ગમે એટલું યાદ આવે. તો જે જાય છે એનો ભવ બીજો થઈ જાય. દેવમાં જાય. તોય તે માણસ કાંઈ તે સ્વરૂપમાં પાછો કાંઈ આવતો નથી. ચોથા કાળમાં આવે તો દેવો આવે ઉપરથી દેવના રૂપમાં. પણ તે માણસ તે કાંઈ તેવી જ રીતે જેમ હતા તે રૂપે કોઈ આવતું નથી.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૫ B

પ્રશ્ન :- જ્ઞાનનો જે જાણવાનો પ્રકાર છે એનો નિષેધ કરવામાં આવે તો એમાં લાભ શું થાય કે નુક્સાન શું થાય?

ઉત્તર :- દષ્ટિનો જે વિષય છે એ બધાને ગૌણ કરે છે. એક પારિણામિકભાવને જ ગ્રહણ કરે છે. દષ્ટિના વિષયમાં એકને, મુખ્ય એકને ગ્રહણ કરે, બીજું બધું ગૌણ કરે છે. અને જ્ઞાન છે એ પોતે અખંડને ગ્રહણ કરે છે અને જે ભેદ હોય એને પણ ગ્રહણ કરે છે. હવે એનો જો નિષેધ, જ્ઞાનનો નિષેધ જ કરે (અને) એકલી દષ્ટિને રાખે તો દષ્ટિ સમ્યક્ હોઈ શકતી નથી. દષ્ટિની સાથે જ્ઞાન હોય તો જ દષ્ટિ સમ્યક્ હોય છે. એને લાભ... દષ્ટિ સાથે જ્ઞાન હોય તો જ સાધના થઈ શકે છે. દષ્ટિની મુખ્યતાથી સાધના થાય પણ જ્ઞાન જો એ રાખે નહિ અને એકલી દષ્ટિ, એકલી દષ્ટિ હોઈ શકે જ નહિ.

એકલી દષ્ટિ હોય તો દષ્ટિ સમ્યક્ જ ન હોય. દષ્ટિ મિથ્યા થાય છે. એને નુક્સાન એ થાય છે. લાભ ઈ થાય છે કે દષ્ટિ સમ્યક્ હોય એની સાથે જ્ઞાન સમ્યક્ હોય તો એની સાધના પણ સમ્યક્ પ્રકારે યથાર્થ થાય છે. જો જ્ઞાનનો તદ્દન નિષેધ કરે તો દષ્ટિની સમ્યક્તા રહી શકતી નથી. દષ્ટિ સાથે જ્ઞાન હોય, જ્ઞાન સાથે દષ્ટિ હોય. બેય સાથે હોય તો જ બેય સમ્યક્ હોય છે. એકલી દષ્ટિ હોય તો એકાંત મુખ્ય એક દ્રવ્ય છે અને પર્યાય કાંઈ છે જ નહિ, એ દષ્ટિ અપેક્ષાએ આત્મા પૂર્ણ છે. આત્મામાં કાંઈ વિભાવ નથી, આત્મામાં કોઈ ભેદ નથી, એ દષ્ટિ તો એક અસ્તિત્વ પોતાનું હોય એને જ ગ્રહણ કરે છે. બીજા કોઈ અંદર જે પ્રકારો અનેક જાતનો આત્મા અનેકાંતમય અનંત ધર્મોથી, અનંતગુણોથી ભરેલો છે. એ કોઈના ભેદ દષ્ટિમાં આવતા નથી. દષ્ટિ તો એકને જ ગ્રહણ કરે છે. એક મુખ્ય અને બીજા બધાનો નિષેધ કરે તો એવું વસ્તુનું સ્વરૂપ હોઈ શકતું નથી.

વસ્તુનું સ્વરૂપ યથાર્થ રીતે સાધી શકાતું નથી. તો દષ્ટિ પણ સમ્યક્ નથી. એનો નિષેધ તો દષ્ટિ પણ ખોટી છે. અને જ્ઞાનમાં જ્ઞાન સમ્યક્ ક્યારે હોય? કે જ્ઞાન અભેદને ગ્રહણ કરે, દષ્ટિનો જે વિષય છે એવું જ જ્ઞાન ગ્રહણ કરે અને જ્ઞાન પર્યાયને ગ્રહણ કરે, જ્ઞાન દ્રવ્યને ગ્રહણ કરે, જ્ઞાન અધૂરી-પૂરી પર્યાયને ગ્રહણ કરે અને જ્ઞાન શાશ્વત દ્રવ્ય છે એમાં કોઈ વિભાવ નથી, આત્મામાં કોઈ ભેદ નથી, બધું

જ્ઞાન ગ્રહણ કરે છે. માટે જ્ઞાન બેય પડખાને ગ્રહણ કરે તો જ્ઞાન સમ્યક્ છે અને દૃષ્ટિ એની સાથે રહેલી દૃષ્ટિ પણ સમ્યક્ છે. એકલી દૃષ્ટિ રાખે અને જ્ઞાન કાઢી નાખે તો દૃષ્ટિ સમ્યક્ નથી. ખોટું થાય છે, એકાંત થાય છે. બેય પડખાં જો જ્ઞાન સાથે ન હોય તો દૃષ્ટિ ખોટી થાય છે. નુકસાન છે. સાધના થતી નથી, મોક્ષમાર્ગ પ્રગટ થતો નથી, મુક્તિની પર્યાય થાતી નથી, કાંઈ થાતું નથી. એની સાધના યથાર્થ હોતી નથી.

એમ કર્યા કરે (કે) આત્મા તો એક પારિણામિકભાવ છે, આત્મા તો શાશ્વત છે, આત્મામાં કાંઈ નથી. આ વિભાવ છે એ જડના છે. આત્મા તો જ્ઞાયક છે. આત્મા એક જાણનાર એમાં કાંઈ છે જ નહિ... કાંઈ છે જ નહિ... એમ કર્યા કરે, પણ સાધના અંદરથી ભેદ પાડીને અંદર નિરાળો થાય ત્યારે યથાર્થ થાય. નિરાળો થયા વગર આશ્રય જ ક્યાંથી થાય? નિરાળો અંદર થાય તો આત્માનો આશ્રય આવે અને તો એમાં પર્યાયની શુદ્ધિ હોય. નિરાળો થયા વગર એમ એમ કર્યા કરે તો ખોટું છે.

પ્રશ્ન :- નિરાળો થવામાં જ્ઞાન વિશેષ કાર્ય કરે છે, બીજાં ગુણ કરતાં, જ્ઞાનનું પરિણમન...

ઉત્તર :- દૃષ્ટિ મુખ્ય અને જ્ઞાન પણ સાથે, બેય સાથે હોવા જોઈએ. બેયની અપેક્ષાએ બેય હોવા જોઈએ. બેય સાથે હોય તો થાય. જ્ઞાન પણ મુખ્ય, દૃષ્ટિ પણ મુખ્ય, બેય સાથે હોય છે. વસ્તુસ્વરૂપ જાણવામાં પહેલા જ્ઞાન આવે છે અને જ્ઞાન યથાર્થ જાણી દૃષ્ટિ પ્રગટ થાય એટલે સાધનામાં દૃષ્ટિ મુખ્ય કામ કરે પણ એ દૃષ્ટિ કેવી? જ્ઞાનસહિતની દૃષ્ટિ. એ દૃષ્ટિ એવી હોય, જ્ઞાનસહિતની દૃષ્ટિ. એકલી જ્ઞાન વગરની દૃષ્ટિ એ દૃષ્ટિ યથાર્થ નથી, ખોટું છે.

પ્રશ્ન :- એટલે નિર્વિકલ્પદશા હોય કે સવિકલ્પદશા હોય, બે વખતે આવી જ પરિસ્થિતિ હોય છે?

ઉત્તર :- નિર્વિકલ્પદશામાં દૃષ્ટિ મુખ્ય રહે છે અને જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન પોતે જે અભેદ એક વસ્તુ છે એને પણ જાણે છે અને પર્યાયનું વેદન પણ જ્ઞાન જાણે છે. બેય નિર્વિકલ્પદશામાં જ્ઞાન જાણે છે. અને દૃષ્ટિ એક અભેદને ગ્રહણ કરીને નિર્વિકલ્પપણે દૃષ્ટિ એ રીતે પરિણમી રહી છે. જ્ઞાન પણ સહજ પરિણમી રહ્યું છે વગર વિકલ્પે. પર્યાયનું વેદન છે અને દ્રવ્ય જેમ છે એમ બધું જ્ઞાનમાં સહજ જણાય છે, વિકલ્પ વગર. અને બહાર આવે તોપણ એની સાધનામાં દૃષ્ટિ એક દ્રવ્યને મુખ્ય રાખે છે. એક શાશ્વત દ્રવ્ય, જેમાં કોઈ પર્યાયનો ભેદ નથી, કોઈ સાધનાની પર્યાયનો ભેદ નથી, કોઈ ભેદ નથી. એવી રીતે દૃષ્ટિ એક મુખ્ય દ્રવ્યનો આશ્રય કરે છે. અને

એની સાથે જ્ઞાન બધો વિવેક કરે છે કે હું જુદો છું, આ વિભાવ મારું સ્વરૂપ નથી, મારું સ્વરૂપ આ છે. હું નિશ્ચયથી એક દ્રવ્ય શાશ્વત છું એને જાણે છે, ભેદજ્ઞાન કરે એને જાણે છે, બધું જાણે છે જ્ઞાન.

જ્ઞાન દૃષ્ટિ એની સાથે પરિણતિ એવી રહે છે. ભેદજ્ઞાનની અંશે પરિણતિ સમ્યગ્દર્શનમાં જુદી રહે છે. એટલું સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે છે. અનંતાનુબંધી કષાય ટળે છે. જે એકલી દૃષ્ટિ-દૃષ્ટિ એમ કર્યા કરે, જ્ઞાનનો તદ્દન નિષેધ કરે છે તો દૃષ્ટિ ખોટી છે, યથાર્થ નથી.

પ્રશ્ન :- માતાજી! નિર્વિકલ્પ વખતે પુરુષાર્થગુણની પ્રધાનતાથી પૂર્ણરૂપે જાણે કે અધૂરારૂપે જાણે? પુરુષાર્થગુણની મુખ્યતાથી નિર્વિકલ્પદશાના કાળમાં...

ઉત્તર :- પુરુષાર્થગુણની?

પ્રશ્ન :- મુખ્યતાથી પુરુષાર્થને પૂર્ણપણે જાણે કે અધૂરાપણે જાણે?

ઉત્તર :- જેમ છે એમ જાણે. જેમ દ્રવ્ય વસ્તુસ્થિતિ (છે એમ જાણે). એમાં કોઈ વિભાવ નથી, એમાં કાંઈ નથી. વસ્તુસ્થિતિ એમ છે. અને નિર્વિકલ્પદશા અંશે પ્રગટ જેમ છે એમ જાણે. વિકલ્પ નથી એને. નિર્વિકલ્પપણે અધૂરાને અધૂરું જાણે છે. દ્રવ્ય અપેક્ષાએ પૂર્ણ છે એમ જાણે છે. પૂર્ણ એટલે? કે દ્રવ્યમાં કોઈ વિભાવ નથી, દ્રવ્ય એક શુદ્ધ છે એમ જાણે છે. પૂર્ણ એટલે પર્યાયમાં પૂર્ણ નથી. જેમ છે એમ જાણે છે, જેમ છે એમ એને વેદન છે. ખોટું જરાય જ્ઞાનમાં હોતું નથી. (ખોટું જાણે) તો જ્ઞાન સમ્યક્ નથી. જેમ છે એમ જ્ઞાન બરાબર જાણે છે. જેટલું છે એટલું જાણે છે. જે ભૂમિકાએ છે એમ જાણે છે. જ્ઞાન એક વિવેક કરનાર તુલનાત્મક છે. જેમ ત્રાજવાને તોળીને હીરાને તોળાય એમ એ જ્ઞાન (બધો વિવેક કરે છે). (હીરો) એ તો એક સ્થૂળ છે. જ્ઞાન બરાબર જેમ છે એમ જાણનારું છે.

પ્રશ્ન :- ત્રાજવાના કાંટાની જેમ?

ઉત્તર :- હા. એમાં ભૂલ થાય તો બધી ભૂલ છે. આશ્રય દ્રવ્યનો દૃષ્ટિમાં છે. વિચાર કરીને નિર્ણય જે કર્યો અને દૃષ્ટિએ જે દ્રવ્યનો આશ્રય લીધો એ આશ્રય એનો એમનેએમ રહે છે. એ આશ્રય કોનો લીધો છે? અને એ વસ્તુ કેવી છે? અને કેવા સ્વરૂપે છે? એ બધું જ્ઞાન જાણે છે. એ વસ્તુ પૂર્ણપણે કેવી છે? અધૂરું કેટલું છે? અને પૂરું કેમ થાય છે? અને પૂરાની સ્થિતિ શું હોય? અધૂરાની શું હોય? એ બધું જ્ઞાન એ સાધકદશામાં બધું જાણે છે.

પ્રશ્ન :- માતાજી! દૃષ્ટિ-દૃષ્ટિ આપ કહો છો પણ દૃષ્ટિનું શું રૂપ એ સમજાતું

નથી. જ્ઞાન તો બરાબર છે, ખ્યાલમાં આવે છે. આપ જ્ઞાનના બધા પડખાથી વાત કરો છો. પણ દૃષ્ટિ આ પ્રમાણે એકને સ્વીકારે છે, એક અસ્તિત્વને ગ્રહણ કરે, પણ દૃષ્ટિ શું એ જ હજી બરાબર કોઈને ખ્યાલ નથી આવતો.

ઉત્તર :- એક ધ્યેય રાખ્યું છે. દ્રવ્યનો આશ્રય લીધો છે. એ તો દૃષ્ટાંતમાં શું હોય કે કોઈ માણસ કાર્ય કરતો હોય અને ધ્યેય એક હોય કે મારે આ ધ્યેય. આ ગામ લક્ષમાં લીધું છે. તો ગામ જુદું અને એ બધું જુદું છે. તો એને ધ્યેય એક જ છે કે આ વસ્તુ છે, દ્રવ્ય આ છે. એ દ્રવ્યને પોતે એની દૃષ્ટિમાં લઈને એનું દૃષ્ટિબિંદુ બરાબર દ્રવ્ય ઉપર છે. હાથમાં એ લીધું છે અને કાર્ય આ દ્રવ્યમાં જે અશુદ્ધિ, પર્યાય અપેક્ષાએ છે એ પૂરી કરવાની છે જ્ઞાનમાં એમ છે.

કાર્ય કરતો માણસ એનું ધ્યેય, આ કાર્યનો હેતુ શું છે એની દૃષ્ટિએ દ્રવ્ય ઉપર બરાબર આશ્રય લીધો છે. ઓલું તો દૃષ્ટિબિંદુ બહારનું છે બધું. આ તો એક વસ્તુને હાથમાં લીધી છે કે આ વસ્તુ મૂળ સ્વભાવે તો પૂર્ણ છે, પણ એને સાધવી છે. પર્યાયમાં અધુરાશ છે. પાણીનો સ્વભાવ સ્વભાવ શીતળ છે પણ એની શીતળતા કેમ પ્રગટ કરવી એ કાર્ય જ્ઞાનમાં લીધું છે અને એ કાર્ય જ્ઞાનમાં લઈને પછી ક્રિયામાં એ પરિણતિમાં એ પ્રકારે કરે છે. જ્ઞાન જાણે છે. પરિણતિ પુરુષાર્થ એ રીતે પોતે વાળે છે પોતા તરફ. અને પ્રયોગથી પાણીને શીતળ છે, કાદવથી મેલું છે એને ચોખ્ખું કરવું છે, પણ સ્વભાવે નિર્મળ છે. પાણી ઉપર દૃષ્ટિ (છે). એમ આ વસ્તુ. એ તો પાણી જુદું થયું. આ તો એક વસ્તુ છે એ વસ્તુને જાણી લીધી. વસ્તુને હાથમાં લીધી છે. દૃષ્ટિમાં એટલે એના દૃષ્ટિબિંદુમાં એ ગ્રહણ કરી લીધું છે કે આ જ વસ્તુ છે. પોતે જ છે, પોતે કાંઈ જુદો નથી.

એ જો એને દૃષ્ટિમાં આવ્યું ન હોય... એ એટલો નિશ્ચય નક્કી છે કે આ જ દ્રવ્ય છે અને આ જ વસ્તુ છે. આ વસ્તુને ગ્રહણ કરીને પોતે આગળ કાર્ય કરે છે જ્ઞાનમાં જાણીને કે એની પૂર્ણતા, અધુરાશ અને શુદ્ધતા બધું જ્ઞાનમાં એ બરાબર એને તોળીને બધું જાણે છે. એ પ્રમાણે એનું કાર્ય થાય છે. દૃષ્ટિ એટલે એક ધ્યેય ગ્રહણ કર્યું છે, આત્માને હાથમાં લીધો છે. સ્ફટિક હોય તો એ વસ્તુ એની નિર્મળતા કેમ થાય? કોઈ વસ્તુ મલિન થઈ હોય એની નિર્મળતા (કેમ થાય)? કપડું મેલું છે એને ધોવાનું ખબર પડે. કપડું સ્વભાવે નિર્મળ છે એમ એવી રીતે પોતે જ છે. આ તો બહારના દૃષ્ટાંત છે.

પ્રશ્ન :- એવી રીતે દ્રવ્યને અથવા ધ્રૌવ્યભાવને...

ઉત્તર :- પોતે જ ગ્રહણ કર્યો. એના ઉપર દૃષ્ટિને સ્થાપી દીધી છે કે આ વસ્તુ છે આ. હવે એનો સ્વભાવ તો પૂરેપૂરો શીતળ અને પૂરેપૂરો જ્ઞાનથી ભરેલો, આનંદથી ભરેલો પૂરેપૂરો છે. એમાં એના મૂળમાં એને કાંઈ અશુદ્ધતા કે એના મૂળમાં કોઈ ઉષ્ણતા કે આકુળતા નથી. મૂળ એનું અંતઃતત્ત્વ જે મૂળ તો શુદ્ધ છે, પણ એને પ્રગટ શુદ્ધતા કરવા માટે કઈ અપેક્ષાએ અશુદ્ધતા છે એ જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન શુદ્ધતાને જાણે છે, જ્ઞાન અશુદ્ધતાને (જાણે છે), બેયને જાણે છે. એ પ્રમાણે કાર્ય પોતે પુરુષાર્થથી પોતા તરફ વળે છે, ભેદજ્ઞાન કરીને. ભેદજ્ઞાન દ્વારા વિભાવથી ન્યારો થાય છે. હું જુદો છું એનાથી. એ એનાથી ન્યારો થાય છે અમુક પ્રકારે. પછી વિશેષ થાતો જાય છે. પછી ગૃહસ્થાશ્રમમાં અમુક પ્રકારે ન્યારો થાય છે અને દૃષ્ટિ અપેક્ષાએ ન્યારો છે કે હું તો આ જ છું, આ હું નથી. જેટલું આલંબન આવ્યું પોતાનું એટલો ન્યારો થઈ ગયો છે.

પ્રશ્ન :- જે જ્ઞાનમાં આ અશુદ્ધતા ખ્યાલમાં આવી કે આ અશુદ્ધતા છે અને મારું પૂરેપૂરું સ્વરૂપ આ છે. એમ જે જ્ઞાનમાં અશુદ્ધતા પણ જણાણી તેને પછી અશુદ્ધતા રહે શા માટે?

ઉત્તર :- એ જાણ્યા ભેગું જાણે એટલે કાર્ય થઈ જાતું નથી. આ શુદ્ધતા છે, આ અશુદ્ધતા છે. મારો સ્વભાવ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા જાણ્યું. એટલે જાણ્યું એટલે એ જાણવાની સાથે કાર્ય ન થાય. હજી એને પરિણતિ પ્રગટ (પૂર્ણ નથી થઈ). એ જાણ્યું (એટલે) અમુક પ્રકારે છૂટો પડે છે. એને જાણ્યો એવું યથાર્થ જાણ્યું છે. દૃષ્ટિ પોતે આત્માનો આશ્રય લઈને અને 'આ આત્મા છે, આ વિભાવ છે' એ આત્માનો આશ્રય લઈને જાણ્યું છે બરાબર. એટલે અમુક પ્રકારે ન્યારો થાય છે. એમ જાણવાની સાથે અમુક કાર્ય થઈ જાય છે પણ વિશેષ કાર્ય કરતાં વાર લાગે છે.

જાણવાની સાથે તરત જ પોતે અંદરમાં ઠરી જાય એ તરત થાતું નથી. એને લીનતા થતાં વાર લાગે છે. એટલે ગૃહસ્થાશ્રમમાં હોય છે. પછી એને વિશેષ પુરુષાર્થ થાય. એને પહેલા ત્યાગ થઈ ગયો અંતરમાંથી કે આ બધુંય મારો સ્વભાવ નથી. આ ક્યારે છૂટી જાય? ભાવના એવી છે, પણ પુરુષાર્થ એટલો ઉપડતો નથી. પછી એને જાણવાથી તરત થઈ જાતું નથી. પાછળ એને ચારિત્રદશા અંતરની (થયા) પછી બહાર આવે છે. અંતરની (દશા) અને બહારથી એ પ્રમાણે શુભભાવો એની સાથે હોય છે. એટલે એવો ત્યાગ થાય છે એને સંબંધવાળો. પછી લીનતા વધતા... વધતા... વધતા... ચારિત્રદશા અંતરમાં થાય એટલે વધી જાય છે.

એકલું જ્ઞાનમાત્રથી એમ કહેવાય છે એ જ્ઞાન કઈ જાતનું? કે આ જ્ઞાન આ લીનતાપૂર્વકનું જ્ઞાન હોય છે. લીનતાપૂર્વકનું જ્ઞાન હોય તો એ જ્ઞાનમાત્રથી થઈ જાય છે. મોક્ષ થાય. ભેદજ્ઞાનથી સિદ્ધિ થાય એમ કહે, પણ એ જ્ઞાન ભેદજ્ઞાનની ઉગ્રતા, એ ઉગ્રતામાં શું ચારિત્ર અંદર ભેગું આવી જાય છે. એમ. અને આ જાણવામાત્રથી લીનતા આવી નથી જાતી.

પ્રશ્ન :- જે જ્ઞાનમાં આ અશુદ્ધતા-અશુદ્ધતારૂપે જણાણી અને રાખવાની-રહેવાની નથી. આ મારું સ્વરૂપ નથી એમ પણ જ્ઞાને નક્કી કર્યું. તોપણ આ અશુદ્ધતા (હોવા છતાં) એવું ચારિત્ર-એટલું ચારિત્ર તો એને થયું છે?

ઉત્તર :- થોડું તો થયું છે.

પ્રશ્ન :- તો પછી ફરીથી એવા રાગમાં શા માટે ફસ્યો?

ઉત્તર :- એ એના પુરુષાર્થની મંદતા છે. એને એમ થાય છે કે આ ક્ષણે છૂટી જાતું હોય તો મારે આ કાંઈ નથી જોતું, પણ એટલો પુરુષાર્થ એનો થઈ શકતો નથી. એકદમ એવી જોરદાર એવી પુરુષાર્થની ઉગ્રતા થાતી નથી. શ્રદ્ધા થઈ, જ્ઞાન થયું, જાણ્યું, અમુક પ્રકારે ન્યારો થયો, સ્વાનુભૂતિ થઈ, બહાર આવ્યો, ભેદજ્ઞાનની ધારા વર્તે (છે), જુદો છું... જુદો છું... એવી પરિણતિ સહજ ચાલે છે. દરેક કાર્યમાં જોડાય તોય પોતે જ્ઞાતા રહે છે, જાણનાર રહે છે. અંતરથી એક થતો નથી. એવું જોરદાર ચાલે છે તોપણ જેટલો જોઈએ એટલો પુરુષાર્થ ચાલતો નથી, થાતો નથી. એ બધા અમુક જાતના જે રાગ છે, એ વિભાવો છે એ એકદમ એના પુરુષાર્થની મંદતાને કારણે છૂટી શકતા નથી. એમાં જોડાવા જેવું નથી એમ માને છે તોપણ પુરુષાર્થની મંદતાને લઈને જોડાઈ જાય છે. કોઈને એક ક્ષણમાં થઈ જાય છે અંતર્મુહૂર્તમાં શિવભૂતિ મુનિને (થયું) એ જુદી વાત છે. બાકી દરેકને થાતું નથી. પુરુષાર્થની મંદતા રહે છે એટલે ક્રમે ક્રમે થાય છે.

મુનિદશા આવે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય તો એ કોઈને તરત કેવળજ્ઞાન થાય છે, કોઈને અમુક ટાઈમે થાય છે. ગૃહસ્થાશ્રમ છૂટી ગયો, મુનિદશા આવી, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય છે તોપણ કોઈ તરત શ્રેણી માંડી દે છે, કોઈને વાર લાગે છે. પુરુષાર્થનું કારણ છે, બાકી કાંઈ કારણ નથી. આમાં કર્મનું તો નિમિત્તમાત્ર છે. પોતાના પુરુષાર્થની મંદતા છે. અંદર ખેદ રહે છે તોપણ સમજે છે કે મારા પુરુષાર્થની મંદતા છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૫ C

પ્રશ્ન :- જે જે વિવક્ષાઓ આવે છે તે તે વસ્તુ અથવા તે તે વસ્તુના ભાવમાં એવા ધર્મો રહેલા છે? એથી એ વિવક્ષાથી એ જાતનું કથન થાય છે કે ધર્મ ન હોય છતાં એ વિવક્ષા કહેવામાં આવતી હોય? જેમ કે આપને દૃષ્ટાંત આપું એટલે વધારે સ્પષ્ટ થાય કે રાગ. રાગને જીવનું પરિણમન-જીવની પર્યાય પણ કહેવામાં આવે છે અને રાગને પુદ્‌ગલનું પરિણમન પરદ્રવ્ય, પરભાવ એમ પણ શાસ્ત્રમાં કહે છે. તો એવી કોઈ યોગ્યતા એ ધર્મમાં પડેલી છે? રાગ એક ધર્મ છે. એમાં એવી કોઈ યોગ્યતા પડી છે કે જેથી એ પ્રકારનું કથન થઈ શકે છે? કે કેવી રીતે છે?

ઉત્તર :- એવી જાતની યોગ્યતા છે. એમાં નિમિત્ત કરી નથી દેતું પણ નિમિત્તને આશ્રયે થાય છે. પોતે પરિણમે છે પોતાના પુરુષાર્થની મંદતાએ, વિભાવ એકત્વબુદ્ધિથી અને એમાં નિમિત્ત છે, કર્મ છે. એવી જાતનો એનો છે, એવી જાતનો એનો ધર્મ છે, એવી યોગ્યતા છે. કેટલીક અપેક્ષિત વાત થાય એ જુદું. આ તો એનો રાગ છે અને એમાં કર્મ નિમિત્ત છે. કોઈ નિમિત્ત હોય જ નહિ તો આત્માનો સ્વભાવ થઈ જાય રાગ. આત્માનો સ્વભાવ નથી. એમાં નિમિત્ત છે.

પ્રશ્ન :- માતાજી! રાગ તો એક ધર્મની વાત કરી, પણ શાસ્ત્રોમાં એવા અનેક કથનો વિવક્ષાના આવે છે. તો એ જે વિવક્ષાના કથનો શાસ્ત્રમાં આવે છે એ બધા કથનો અને એની અંદરમાં એવા કોઈ ધર્મની કોઈ યોગ્યતા રહેલી છે? એ અપેક્ષાએ એમ કહેવામાં આવે છે? કે કેવી રીતે એ કહેવામાં આવતું હશે?

ઉત્તર :- અનેક જાતની અપેક્ષાઓ લાગુ પડતી હોય, એવી જાતની એવી યોગ્યતા હોય છે.

પ્રશ્ન :- જેમ કે આપને એક બીજું દૃષ્ટાંત આપું કે દૃષ્ટિનું જોર આપવા માટે કે દૃષ્ટિની અપેક્ષાએ એમ કહેવાય કે રાગ પુદ્‌ગલના પરિણામ છે (અથવા) તો પર્યાયના પ્રદેશો ભિન્ન છે અને એવી રીતે કોઈપણ કહેવામાં આવે છે તો કાંઈક એમાં એ પ્રકારનું કથન થઈ શકે એવો કોઈ ધર્મ છે? એ રીતે કહેવાય છે કે કઈ રીતે કહેવાય છે?

ઉત્તર :- એવી જાતનો ધર્મ છે એમાં. દૃષ્ટિના જોરમાં એને એ જાતનું એને ગૌણ થઈ જાય છે માટે કહેવાય છે. અને ગૌણ નથી થાતું અને કહેવાય છે એમ

નહિ. દૃષ્ટિના જોરમાં એની પર્યાય ઉપરથી એની દૃષ્ટિ ઊઠીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે અને ગૌણ થઈ જાય છે માટે કહેવાય છે.

પ્રશ્ન :- ગૌણ થઈ જાય છે એ અપેક્ષાએ કહેવાય છે. અને એ પ્રકારનો ધર્મ કહેવારૂપનો એવો એક ધર્મ વસ્તુમાં રહેલો છે?

ઉત્તર :- હા. એવો છે, એવો (ધર્મ) છે. જ્ઞાનમાં એમ આવે છે. આ દૃષ્ટિના જોરમાં આ પર્યાય ગૌણ થાય છે. એવી જાતનો ધર્મ છે.

પ્રશ્ન :- એનો અર્થ કે કોઈપણ કથન આવે શાસ્ત્રમાં તો એ રીતનું કહેવાયોગ્યની પણ યોગ્યતા એવા પ્રકારનો એક ધર્મ કોઈ રહેલો છે?

ઉત્તર :- હા, એવો ધર્મ રહેલો છે. એવી અપેક્ષાઓ એને લાગુ પડે એવી જાતનો ધર્મ રહેલો છે.

પ્રશ્ન :- એવી અપેક્ષાઓ એને લાગુ પડે એનો વિશેષ અર્થ?

ઉત્તર :- એટલે એવી જાતનું એમાં વાચ્ય રહેલું છે કે એ વચનમાં એ આવે છે.

પ્રશ્ન :- ૪૭ નયમાં જ્ઞાનનય અને ક્રિયાનય આવે છે. યત્ન સાધ્ય અને અયત્ન સાધ્ય એમ આવે છે. હવે ખરેખર તો ક્રિયાનય... જ્ઞાનનયથી જ મુક્તિ થાય છે. ક્રિયાનયથી કાંઈ મુક્તિ કોઈની થતી નથી. છતાં ક્રિયા નામનો એક ધર્મ ગણીને એ નયથી જોતાં ક્રિયાનયથી મુક્તિ થઈ એમ એક કથન શાસ્ત્રમાં આવ્યું. તો ત્યાં આગળ શું કહેવું છે?

ઉત્તર :- જ્ઞાનની સાથે પરિણતિ તો હોય છેને. ક્રિયાનયથી મુક્તિ થઈ એટલે માત્ર જાણ્યા કરે એમ નહિ. એની પરિણતિ બદલાય છે. ક્રિયાનયથી મુક્તિ થઈ એટલે એ જ્ઞાનપૂર્વકની ક્રિયા અહીંયાં લેવાની છે. જ્ઞાનપૂર્વકની ક્રિયાથી મુક્તિ થાય. સમ્યગ્દર્શન થયું, પછી જ્ઞાતાના જોરમાં એ મુક્તિ થાય છે પણ એમાં અંદર લીનતા વધે છે, એ જાતનો પુરુષાર્થ, એ જાતની ક્રિયા. ક્રિયા એટલે જ્ઞાનની ક્રિયા અંદર થાય છે. એ ક્રિયાથી મુક્તિ એમ કહે. પણ એ જ્ઞાનપૂર્વકની સમ્યક્ ક્રિયા લેવાની. એ બહારની ક્રિયા નહિ લેવાની. અંતરની ક્રિયા છે અંદર સ્વાનુભૂતિરૂપ. અંદર સ્વરૂપમાં અંદર લીનતારૂપ પુરુષાર્થની ક્રિયા થાય છે.

જ્ઞાનક્રિયા મુક્તિ એમ આવે છે. જ્ઞાનપૂર્વક ક્રિયા છે. એકલી ક્રિયા, સમજ્યા વગરની ક્રિયા એમ નથી. જ્ઞાનપૂર્વકની ક્રિયા. ક્રિયા એટલે અંદર સ્વભાવક્રિયા, સ્વભાવનો કર્તા, સ્વભાવની ક્રિયા, સ્વભાવ કર્તા બધું સ્વભાવરૂપ છે. ક્રિયાથી મુક્તિ પણ એકાંત એમ ક્રિયાથી મુક્તિ એમ નહિ. એની શૈલી એમ સમજવી કે જ્ઞાનપૂર્વકની

ક્રિયા છે. સમ્યગ્જ્ઞાનપૂર્વકની ક્રિયા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ચારિત્ર એટલે અંદર સ્વરૂપમાં લીનતા થાય છે. એ જાતની ક્રિયા છે.

પ્રશ્ન :- માતાજી! જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ જે આવે છે એ તો આપ જે કહો છો એ બરાબર છે. પણ અહીંયાં જે ૪૭ નયમાં ક્રિયાનયની વાત આવે છે ત્યાં તો અનુષ્ઠાન. અનુષ્ઠાન એટલે શુભ આચરણ. શુભ આચરણથી એમ કે મુક્તિ થઈ એવું પણ કહી શકાય છે કોઈ નયથી.

ઉત્તર :- કહી શકાય છે એમાં એનો અર્થ એમ લેવો કે એની સાથે શુભ હોય છે. શુભ હોય છે એટલે શુભથી મુક્તિ થઈ એમ કીધું પણ એનો અંદર ઊંડો અર્થ (રહેલો છે). કહેવું છે એમ કે અંદરથી ભેદજ્ઞાન કરીને જ્ઞાન-સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું અને અંતરની ક્રિયા પ્રગટ થઈ એની સાથે આ શુભભાવ (હોય છે). જેમ કે ચારિત્ર હોય એની સાથે પંચ મહાવ્રત હોય છે. પંચ મહાવ્રતથી મુક્તિ થઈ એમ કહેવામાં (આવે). અંદર પોતાના સ્વરૂપમાં શુદ્ધ સ્વભાવથી મુક્તિ થઈ. કહેવાનો આશય એમ છે. પણ એ બહાર દેખાય બીજાને એમ એટલે શુભભાવ પંચ મહાવ્રત એ મુનિપણું એમ કહેવાય છે. પંચ મહાવ્રત તે મુનિપણું નથી, પણ મુનિપણું તો અંતરમાં છે, પણ એની સાથે જે રહેનારો છે એને પણ એ આરોપ શુભભાવ ઉપર આપી દેવામાં આવે છે. એ બહારના અનુષ્ઠાન ઉપર આરોપ અપાય છે. એનું કહેવાનું મૂળ રહસ્ય બીજું હોય છે. એ બહારથી કહીને અંતરનું કહેવા માગે છે કે જ્યાં આવી જાતના પંચ મહાવ્રત હોય એની સાથે આ યથાર્થ હોય એને આવા શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્ર હોય છે અંદરમાં. એમ. એકલા શુભ હોય એની વાત નથી. એનો આશય સમજવો જોઈએ.

પ્રશ્ન :- આપે એક સરસ વાત કરી. બહારથી દેખાય છે ક્રિયા.

ઉત્તર :- બહારની ક્રયા દેખાય છે. એ ક્રિયાથી મુક્તિ એમ નહિ લેવાનું. અંતરમાં બધો આખો અર્થ લેવાનો એનો. એકલું બહારનું નહિ લેવાનું. એની સાથે જે હોય છે એના ઉપર આરોપ અપાય છે. એની સાથે જે શુભભાવો પંચ મહાવ્રતના, અણુવ્રતના જે હોય એના ઉપર આરોપ અપાય છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૫ D

પ્રશ્ન :- હે કૃપાળુ માતાજી! આપ પહેલા બોલમાં ફરમાવો છો કે તને કાંઈ ન ગમતું હોય તો અંદરમાં જા. ત્યાં ગમે તેવું છે. તો હે માતાજી! બહારમાં તો અમને ગમતું નથી, પણ અંદરમાં જવાતું નથી. તો કૃપા કરી અંદરમાં જવાની રીત બતાવશો.

ઉત્તર :- બહારમાં ગમતું નથી. અંદરમાં જાવાનું પોતે પોતાને ઓળખે તો જવાય અંદર, ઓળખ્યા વગર કાંઈ જવાય નહિ. પોતાને ઓળખે, પોતાનું શું સ્વરૂપ છે? પોતે જાણનારો છે. આ વિભાવ મારો સ્વભાવ નથી. પોતાને ઓળખ્યા વગર અંદર જઈ શકાતું નથી. માટે જેને સાચી લગની હોય તે પોતાને ઓળખવાનો પ્રયત્ન કરે છે. એને ઓળખે. 'ગુરુદેવે' શું માર્ગ બતાવ્યો છે? 'ગુરુદેવે' તો ઘણું જ સમજાવ્યું છે. એ પોતે સમજે. અંદર વિચાર કરે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે. એને સમજે તો અંદર જવાય.

ખરેખર જો બહાર ગમતું ન હોય અને ખરેખર જો આત્માની લગની લાગી હોય તો એ પોતાને ઓળખ્યા વગર રહેતો જ નથી. પોતાની સાચી લગની લાગી નથી અને બહાર વિભાવથી ખરેખર થાકી ગયો હોય કે એને દુઃખ લાગ્યું હોય તો અંદરમાં જવાનો એ રસ્તો પોતે જ કરી લે છે અને પોતે જ વિચારી લે. એકદમ દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ? 'ગુરુદેવે' શું માર્ગ કીધો છે? બાકી અનંતકાળનો અભ્યાસ છે એટલે એને અંદર જવું તો મુશ્કેલ પડે છે, પણ પોતાને ઓળખે તો અંદર જઈ શકાય એવું છે. અને અંદરમાં એને પોતાનો સ્વભાવ છે એટલે એ પોતાને ગમે એવું છે. બહાર તો કાંઈ પોતાનો સ્વભાવ નથી. અનંતકાળથી એમાં રોકાઈ ગયો છે. એટલે બહારમાં રુચિ લાગી ગઈ છે. બાકી અંતરમાં જો રુચિ લાગે તો સહજ સ્વભાવ પોતાનો છે. પોતાનું સહજજ્ઞાન, સહજદર્શન બધું સહજ છે. ઓળખે તો અંતરમાં જવાય, ઓળખ્યા વગર જઈ શકાતું નથી. ભેદજ્ઞાન કરે તો જવાય. અંદર પોતે દ્રવ્યને ઓળખે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો જવાય, બાકી જઈ શકાતું નથી. પોતાને ઓળખે તો જવાય.

આ છેને, પ્રશ્નો ઓલા વાંચીને એમ હમણાં નથી રાખવું. એમ એકધારું બોલવાથી મને ઓલું શ્વાસ જેવું થાય છેને, એટલે એવી રીતે ઓલું વાંચીને પ્રશ્ન

કરીએ છીએને એ વળી જોશું એક-બે દિવસમાં. અદ્ધરથી પ્રશ્ન ચલાવે છે. એક સાથે પ્રશ્નના પ્રશ્ન વચ્ચે થાયને જરા આરામ મળે છે. એવું થાય છે. એક સાથે બોલુંને તો શ્વાસની (તકલીફ) થાય છે.

પ્રશ્ન :- માતાજી! આપે બે દિવસ ગુરુભક્તિ ખુબ સરસ કરાવી. એના ઉપરથી એક પ્રશ્ન એ ઊભો થયો કે શું બધા જ્ઞાનીઓને અને જ્ઞાની થનારને આવી ભક્તિ શું નિયમથી જ આવતી હશે?

ઉત્તર :- ભક્તિ તો આવે જ. કારણ કે અંદર ભાવના તો દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર ભક્તિ આવ્યા વગર તો રહે જ નહિ. પછી બહારની ક્રિયા કેવી જાતની થાય એ કાંઈ નિયમ નહિ. એને ભાવમાં તો ભક્તિ આવ્યા વગર રહે નહિ. કારણ કે જ્યાં પોતાને જે માર્ગ રુચ્યો છે, પોતાને આત્માના સ્વભાવનો જે પ્રેમ લાગ્યો છે એ સ્વભાવ જેણે પ્રગટ કર્યો અને જેણે ઓળખાવ્યો એવા ગુણથી ભરેલા દેવ-ગુરુ અને શાસ્ત્ર એના ઉપર એને ભક્તિ આવ્યા વગર રહેતી નથી. એને એમ નથી થાતું કે આ મારો સ્વભાવ છે. આ તો શુભભાવ છે, એમ નથી થાતું. ઈ એમ દૃષ્ટિમાં સમજે છે કે આ શુભભાવ મારો સ્વભાવ નથી. બાકી પોતે પૂર્ણતા પ્રાપ્ત નથી થઈ ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આવ્યા વગર રહેતી નથી. પછી શબ્દોમાં આવે યા ન આવે, બહારની ક્રિયામાં આવે યા ન આવે, પણ એને અંતરમાં તો આવ્યા વગર રહેતું નથી.

પ્રશ્ન :- બહારમાં કોઈ વ્યક્ત કરી શકે અને ન પણ કરી શકે.

ઉત્તર :- હા. એમ પણ કરી શકે, ન પણ કરી શકે, પણ એને અંતરમાં ભાવના આવ્યા વગર રહેતી નથી. આચાર્યો પણ લખે છે અને પહેલા ભગવાનનું નામ લખે. જે જિનવરે કીધું છે તે હું કહું છું. એમ કહે છે આચાર્યો પણ. અને વિચાર કરે મુનિઓ આદિ વિચાર કરે તો દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ વિચારે તો ભગવાને શું કીધું છે? એમ પોતે ભગવાનનો એમને વિચાર આવ્યા વગર રહેતો નથી.

પ્રશ્ન :- એટલી ઊંચી ભૂમિકામાં પહોંચ્યા પછી પણ આવો વિનયનો ભાવ આવે છે તો સામાન્ય જ્ઞાનીને અને જ્ઞાની થનારને પણ આવો ભક્તિભાવ તો અંદર ...

ઉત્તર :- અંદર આવવો જોઈએ. બે દ્રવ્ય જુદા છે અને મારો સ્વભાવ નથી એટલે કાંઈ ભક્તિ એમાંથી ઊડી જાતી નથી કાંઈ. એ તો વસ્તુસ્વરૂપ સમજવાનું છે કે બે દ્રવ્ય જુદાં અને જે શુભભાવ છે તે પોતાનું સ્વરૂપ નથી. એનાથી પણ પોતે

જુદો છે. એમ વસ્તુસ્વરૂપ સમજે તે રૂપે પરિણતિ થાય, પણ અધૂરી ભૂમિકામાં શુભભાવો આવ્યા વગર રહેતા નથી. તો જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ગુરુએ શું કીધું છે? ગુરુનો શું આશય છે? એવી ભાવના આવ્યા વગર રહેતી નથી, એવા વિચારો આવ્યા વગર રહેતા નથી.

પછી એમ ન આવે કે હું બધું સમજી ગયો, હવે શું કામ છે? એવા વિચારો ન આવે. એને એમ આવે કે હજી તો ઘણું કરવાનું બાકી છે. ત્યાં સમજી ગયો ક્યાં આવે છે? હજી તો સમ્યગ્દર્શન થયા પછી પણ એમ નથી આવતું કે સમજી ગયો. તો પછી જ્યાં સમજ્યો જ નથી ત્યાં મને બધું સમજાય ગયું એવી ભાવના નથી આવતી. ક્યાં ગુરુએ શું કીધું છે? એનો શું આશય છે? સમજવાનું કેટલું છે? એવું એને આવે નહિ. યથાર્થ મુમુક્ષુતા જ્યાં પ્રગટી છે ત્યાં એવું ન આવે.

પ્રશ્ન :- માતાજી! મારે તો થોડું વધારે પૂછવું છે કે દેવ-ગુરુ પ્રત્યે તો દરેક જ્ઞાનીને અથવા જ્ઞાની થનારને ભક્તિ આવે જ, પણ પોતાના જે ઉપકારી છે એના પ્રત્યે દેવ-ગુરુ કરતાં પણ વધારે ભક્તિનો ભાવ આવતો હશે એવું ખરું?

ઉત્તર :- પોતાના ઉપકારી છે?

પ્રશ્ન :- હા. જેના નિમિત્તે પોતાને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે અથવા સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં નિમિત્ત કારણ થાય એવા છે, એના પ્રત્યે સામાન્ય દેવ-ગુરુ પ્રત્યે પણ જે ભક્તિનો ભાવ એના કરતાં વધારે ઉછાળો આવે એવો કોઈ નિયમ હશે ખરો?

ઉત્તર :- જેણે ઉપકાર કર્યો છે એને ઉપકાર જે... માર્ગ જેણે પ્રગટ કર્યો છે એવા ગુરુ, જેણે માર્ગ બતાવ્યો એવા ગુરુ, માર્ગમાં જે નિમિત્ત બન્યા છે એવા ગુરુ એના ઉપર એને ભક્તિ વિશેષ એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર દરેક એને ગુણ અપેક્ષાએ બધું એ સમજે છે કે જે પૂરા થઈ ગયા, જે સાધના કરે છે મુનિઓ, એની કઈ ભૂમિકા, દેવની કઈ ભૂમિકા, એ પ્રમાણે બધા ઉપર એને ભક્તિ આવે, પણ આ ઉપકારી ગુરુ છે એમ સમજીને એ રીતે એને એ અપેક્ષાએ એવી વિશેષ (ભક્તિ) આવે. એમ એ વિવેક કરે છે.

મુમુક્ષુ :- નિયમથી આવે.

**પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર.**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.**

પ્રશ્ન :- મને બે દિવસની ભક્તિ આપની સાંભળ્યા પછી એ જ ભાવ આવ્યો કે

આપે કહ્યું એ બરાબર છે કે દેવના સ્વરૂપને યથાર્થ સમજે, નિર્ગ્રંથ ગુરુ હોય તો એના સ્વરૂપને યથાર્થ સમજે, એમ છતાં પણ જેનો પ્રત્યક્ષ ઉપકાર થયો છે અથવા જેનો પ્રત્યક્ષ ઉપકાર થવાનો સંભવ છે એના પ્રત્યે જ્ઞાનીને અને મુમુક્ષુને વિશેષ ભક્તિ આવે એવો નિયમ હશે ખરો? એમ.

ઉત્તર :- વિશેષ આવે એવો નિયમ છે. આવે, આવ્યા વગર રહે જ નહિ. એમાં બીજો નિષેધ નથી થાતો. બધું જેમ છે એમ યથાયોગ્ય ભૂમિકા જે દેવ-ગુરુ-શાસ્ત્રની એ પ્રમાણે જ આવે છે, પણ ઉપકાર થયો છે એને આવે વિશેષ.

પ્રશ્ન :- 'કુંદકુંદાચાર્યે' કીધું, 'જિનકથન ભાષા સૂત્રમય શાબ્દિક વિકારરૂપે થયું, એ જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા અને એમ જ કહ્યું, જસ બોધ દ્વાદશ અંગનો ચૌદશ પૂર્વ વિસ્તારનો, જય હો શ્રુતંધર ભદ્રબાહુ ગમકગુરુ ભગવાનનો.' એ કાંઈ ઓછી ભક્તિ કરી છે?

ઉત્તર :- પોતાના ગુરુનું નામ લઈને બોલે છે.

પ્રશ્ન :- બે વાર, ત્રણ વાર કહ્યું. એમનું જ છે આ. એમ કે શિષ્યે જાણ્યું. 'કુંદકુંદાચાર્યે' જાણ્યું એમ નહિ. 'તે જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા' અને એમ જ કહ્યું, મેં તો એમ જ કહ્યું છે જાણ્યું એ જ.

ઉત્તર :- પોતાના ગુરુનું નામ ખાસ જુદું લઈને બોલે છે. દરેક દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે એમાં ગુરુનું નામ જુદું લઈને બોલે છે. ઉપકારી ગુરુ છે.

પ્રશ્ન :- ભગવાન! તાત્કાલિક લાભનું કારણ તો આ થાયને? આજે જેમ અમને 'બહેનશ્રી' પાસેથી જાણીને લાભ થાય તો અમને ઉમળકો આવે જ આવે એમાં શંકા નહિ. અમારે તો સાક્ષાત્ ભગવાન જ છે એમ સમજોને! ભગવાનનું સ્વરૂપ ચોખ્ખું આપણને અત્યારે દર્શાવી રહ્યા જ છેને. આ કોઈ વિવેકની વાત નથી. દિલની વાત છે કે આપણે ત્યાં સાક્ષાત્ ભગવાન આપણે બીજે ક્યાં જોવા જવાના છે? હું તો બધાને એમ જ કહું છે કે અમને તો સાક્ષાત્ ભગવાન મળી જ ગયા છે. એ સિવાય અમારે બીજું શું જોઈએ?

ઉત્તર :- 'ગુરુદેવ' બધાને સાક્ષાત્ જ મળ્યા હતા અને સાક્ષાત્ વાણી બધાએ સાંભળી છે. એ 'ગુરુદેવ'નો પરમ-પરમ ઉપકાર છે. સાક્ષાત્ જ બધાને મળ્યા છે. આ તો અહીં તો 'ગુરુદેવે' કીધેલું કહેવાય છે.

પ્રશ્ન :- પણ 'બહેનશ્રી'! એ વખતે અમને એવો વિવેક નહોતો જાગ્રત થયો.

આજે ગેરહાજરીમાં જે 'ગુરુદેવ' યાદ આવે છે એ 'ગુરુદેવ'નો હવે અમને ખ્યાલ આવે છે કે ઓહો..! 'બહેનશ્રી' કહે છે એ જ વાત સાચી હતી. મહિમા એવો જ, પણ આ દ્વારા અહીંયાં હવે અત્યારે આવે છે. એ વખતે અમે એટલો ખ્યાલ નહોતા કરી શક્યા, હવે સમજાય છે. અને 'ગુરુદેવ'ના 'બહેનશ્રી' પ્રત્યેના ભાવોનું પણ પ્રયોજન આજે સમજાય છે કે આપણને ઈશારામાં સમજાવી ગયા કે ન ભૂલશો હવે. જો હું તમને બધાને સોંપતો જાઉં છું, કહેતો જાઉં છું. અને જુઓ શાસન પણ 'ગુરુદેવ'ની હયાતી કરતાં અત્યારે બિલકુલ શાંતિથી, સ્વસ્થતાથી, સુંદર રીતે ગોઠવાઈ રહ્યું છે. જેને જવું હતું એ ગયા, જેને રહેવું હતું એ રહ્યા અને જેને શાંતિથી અભ્યાસ કરવો છે એ સારી રીતે કરી શકે છે. એ અપાર ઉપકાર છે. આ હકીકત છે. જેનામાં કચાશ હતી, તરત જ (ચાલ્યા ગયા) કે આપણું અહીંયાં કામ નથી અને જે પાકા અને સાચા નિષ્ઠાવન હતા એ ટકી રહ્યા. આ હકીકત હું બહુ જ પ્રમાણિકપણે જે કાંઈ સૂઝ સમજ છે પ્રમાણે કહું છું. આ સાવ સાચે સાચી હકીકત છે. આ પ્રતાપ.. અને બીજી વાત, ગુણ અને પુણ્યનો લોકોને હજી ખ્યાલ નથી. હજી પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય શું કહેવાય એનો એને ખ્યાલ નથી. એટલે એની ટક્કર કોની સાથે ઝેલે છે એની ખબર નથી. ટક્કર કોની સાથે? અથાગ પુણ્યના ધણી એમની સાથે.

ઉત્તર :- એ કાંઈ બોલવાની કાંઈ જરૂર નથી. 'ગુરુદેવે' તો આખું બધું ઊભું કર્યું છે. આ તો બધું ચાલે છે એની અંદર. 'ગુરુદેવે' તો આખા પલટાઓ કર્યા છે. એ તો આખા સંપ્રદાયના બધા પલટાઓ કર્યા. એ વાત આખી જુદી હતી. એમની પ્રભાવના વિકલ્પ, એમનો જે પ્રભાવનાનો વિકલ્પ, એમની વાણી આખો બધો પલટો લાવ્યા. એ વાત આખી જુદી હતી. અત્યારે તો બધું ઠીક છે. હવે એ વાત કાંઈ નહિ.

પ્રશ્ન :- માતાજી! એક બીજો પ્રશ્ન છે. આપે, બે દિવસ પહેલા આપની ચર્ચા થોડી થઈ હતી પણ પૂરું સમાધાન (થયું) નહોતું. સવિકલ્પ નિર્ણયનું યથાર્થ સ્વરૂપ શું છે? એનું સમ્યગ્દર્શનમાં કારણપણું કેટલું છે? એની મર્યાદા કેટલી?

ઉત્તર :- સવિકલ્પમાં?

પ્રશ્ન :- સવિકલ્પ યથાર્થ નિર્ણય એનું સ્વરૂપ શું છે? અને એનું સમ્યગ્દર્શન પામવામાં એનું કારણપણું કેટલું? અને એ મહિમા કરવાયોગ્ય હોય તો કેવા પ્રકારે?

ઉત્તર :- સવિકલ્પ નિર્ણયમાં કારણપણું કેટલું સમ્યગ્દર્શનનું? અને એની

મહિમા કોની? સવિકલ્પની નિર્ણયની? કોની? એનું કારણપણું એટલું કે જો યથાર્થ કારણ હોય તો એમાં નિર્વિકલ્પદશા પ્રગટવાનું કારણ થાય છે. એ મહિમા. બાકી હજી એના વેદનમાં કે એની કોઈ ધારામાં એ હજી ફેરફાર થયો નથી. બાકી એનો નિર્ણય એવો જો યથાર્થ હોય તો એને એ સવિકલ્પમાંથી નિર્વિકલ્પદશા અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ થવાનું કારણ બને છે. યથાર્થ કારણ હોય તો.

સવિકલ્પ-વિકલ્પથી કરેલો નિર્ણય પણ સ્વભાવને ઓળખીને કે આ મારો સ્વભાવ છે અને આ વિભાવ છે. એને સ્વભાવને પોતે મૂળ વસ્તુમાંથી ઓળખે કે આ જે જ્ઞાયક છે, એક ગુણ ગ્રહણ નહિ કરતાં ગુણીને ગ્રહણ કરે અને એવી રીતે યથાર્થ નિર્ણય કરે કે આજે વસ્તુ અસ્તિત્વ છે તે જ હું. એ સિવાયનું જે આ બીજી જે પર્યાયો, વિભાવપર્યાયો થાય તે મારું સ્વરૂપ નથી. જે અંતરમાંથી શુદ્ધ પર્યાય પ્રગટે એ શુદ્ધપર્યાય એ દ્રવ્ય-ગુણ એ જાતની પર્યાય હોય. આ વિભાવપર્યાય મારું સ્વરૂપ નથી. યથાર્થ નિર્ણય દ્રવ્ય-ગુણ-પર્યાયનો બરાબર કરે તો એ નિર્વિકલ્પદશા થવાનું કારણ થાય છે. પણ એમાંથી એને ભેદજ્ઞાનની ધારા પ્રગટે તો નિર્વિકલ્પદશા થાય.

પ્રશ્ન :- 'મોક્ષમાર્ગપ્રકાશક'માં (આવે છે કે) તારો પુરુષાર્થ તો એમ કે તત્ત્વનો નિર્ણય કરવો એટલો જ તારો પુરુષાર્થ છે. તત્ત્વનો નિર્ણય એટલે યથાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપપૂર્વક હું જ્ઞાયક જ છું એવો સવિકલ્પાત્મક નિર્ણય. તો ત્યાં વજન આપ્યું એટલું કે ભાઈ! તું તત્ત્વનો નિર્ણય.. તારે તો બુદ્ધિપૂર્વક કાંઈપણ કરવાનું હોય તો એ તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો તે છે. ત્યાં એમ કહ્યું. કાલે 'ગુરુદેવ'ના પ્રવચનમાં પણ એ વાત આવી કે એક જણે અનુભવીને આત્માને જાણ્યો છે અને એક જણે આત્માને અનુભવ એટલે કે વેદન નથી થયું પણ છતાં શાસ્ત્ર દ્વારા કે એ રીતે સમજીને આત્માને જાણીને નિર્ણય કર્યો છે. તો પણ એની કોઈ કિંમત ઓછી નથી. તો ત્યાં આગળ શું વિશેષતા કહેવા માગે છે? એ મારે આપને પૂછવું હતું.

ઉત્તર :- એ એનું કારણ બને છે માટે કિંમત ઓછી નથી. કારણમાં ... કરીને એ કાંઈ એની કિંમત ઓછી નથી. કારણમાં જો અવશ્ય કાર્ય આવે એવું કારણ હોય તો એની કિંમત ઓછી નથી. કારણ કોઈ જુદું પ્રગટ્યું છે. એ કોઈ અપૂર્વ કારણ પ્રગટ્યું છે કે જેની પાછળ અવશ્ય કાર્ય આવવાનું છે માટે એની કિંમત ઓછી નથી. કારણ કે એ કારણ પ્રગટ્યા વગર કાર્ય આવતું નથી. કારણ કોઈને પ્રગટે અને એ કારણ લાંબો ટાઈમ ચાલે અને કાર્ય આવતા વાર લાગે તોપણ એ કારણ એવું અપૂર્વ

પ્રગટ્યું છે કે જેની પાછળ કાર્ય આવ્યા વગર રહેતું નથી. માટે એને કારણનો આરોપ કરીને (કહે છે કે) એ કારણ પણ કોઈ અપૂર્વ કારણ છે. કાર્યમાં કારણનો આરોપ ખરો પણ એ કારણ જ અપૂર્વ છે કે જેની પાછળ કાર્ય આવવાનું જ છે. એ તત્ત્વનો નિર્ણય એવો છે કે એ તત્ત્વના નિર્ણયમાં આગળ પુરુષાર્થ કરવાનો છે અને ભેદજ્ઞાન અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ એ બરાબર યથાર્થપણે કરીને આગળ જવાનું છે. માટે એની કિંમત પણ કાંઈ ઓછી નથી. કારણ કે એ મુક્તિને માર્ગે અવશ્ય એને પરિણમનધારા પ્રગટ થવાની જ છે. એમ કહેવા માંગે છે.

પ્રશ્ન :- એટલે કે કારણ યથાર્થ એણે સેવ્યું છે. બીજા કોઈ કારણો ભક્તિ કરે, અમુક બીજું કરે એના કરતાં જે આ નિર્ણય સુધી આવ્યો છે એને કાર્ય-સમ્યગ્દર્શનરૂપી કાર્ય પ્રગટ થવાનું યથાર્થ કારણ અંદરમાં એણે રોપ્યું છે.

ઉત્તર :- હા, યથાર્થ કારણ રોપ્યું છે. ભક્તિ છે તે સીધું કારણ થતું નથી. સીધું કારણ તત્ત્વ નિર્ણય એ મુખ્ય કારણ બને છે. ભક્તિ વચ્ચે આવ્યા વગર રહેતી નથી. એને મહિમા આવે. જેમ આત્માની મહિમા આવવી જોઈએ અને ગુણોની જેણે એવી દશા પ્રગટ કરી એવા ગુરુની, દેવની એને મહિમા આવવી જોઈએ. જો અંદર મહિમા ન હોય, જો બહારથી જેણે એવું આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું એની મહિમા ન હોય તો એને ખરેખર આત્માની પણ મહિમા નથી. જેને આત્માની મહિમા આવે એને ગુરુની મહિમા આવે અને ગુરુની મહિમા જો યથાર્થ આવે તો આત્માની મહિમા આવ્યા વગર રહેતી નથી. એ મહિમા અંદર આવ્યા વગર એ આગળ જઈ શકતો નથી. પણ એકલી મહિમા હોય અને કાંઈ સમજે નહિ તોપણ જઈ શકતો નથી. એટલે તત્ત્વ નિર્ણય કરે તો એ આગળ જાય છે. એટલે તત્ત્વ નિર્ણય એનું મુખ્ય કારણ બને છે.

તત્ત્વ નિર્ણય એકલો લુખ્ખો કરે અને સમજવા ખાતર સમજી જાય તો એ સાચું કારણ નથી. એને અંદર લુખો નિર્ણય ન હોય. એને મહિમા હોય વસ્તુની. ઓહો..! આત્મા આવો પદાર્થ છે. આવું આશ્ચર્યકારી તત્ત્વ મને કેમ પ્રગટ થાય? એવુ આત્માનું આશ્ચર્ય અને અનુપમ સ્વરૂપની મહિમા આવે એને ગુરુની મહિમા આવ્યા વગર રહેતી જ નથી. એવી રીતે એને સંબંધ છે. બાકી તત્ત્વ નિર્ણય એને મુખ્ય કારણ થાય છે. એના ભેગું તત્ત્વ નિર્ણયની સાથે અમુક જાતનો એને વૈરાગ્ય પણ હોય છે. એને આ રાગ ને વિભાવ ને એના ઉપરથી એને વિરક્તિ થઈ જાય. આ કાંઈ જોઈતું નથી. આમાં ક્યાંય રસ નથી. એક આત્મા જ સર્વસ્વ છે, આત્મા

જ સારભૂત છે. એને અંદરથી નીરસતા આવી જાય છે. અંતરમાં એ પણ હોય. મહિમા હોય, વૈરાગ્ય હોય અને તત્ત્વ નિર્ણય હોય. બધું ભેગું હોય તો આવે. એમાં તત્ત્વ નિર્ણય મુખ્ય ખરો પણ આ બધી રીતે તત્ત્વ નિર્ણય મહિમાવાળો અને વિરક્તિવાળો એવો (હોય છે).

પ્રશ્ન :- ભક્તિપૂર્વકનો...

ઉત્તર :- હા. ભક્તિપૂર્વકનો હોય આવી જાતનો.

પ્રશ્ન :- મુખ્ય ભલે તત્ત્વનિર્ણય રહ્યો, પણ એની સાથે આ બધું હોય.

ઉત્તર :- હા. આ બધું હોય. નહિતર નિર્ણય લુખ્ખો થઈ જાય. એમ. તો એ સાચું કારણ થાતું નથી.

પ્રશ્ન :- બહુ સુંદર માતાજી! જવાબ આપ્યો. કાર્યનું કારણ આપીને એની જેટલી અગત્યતા છે એટલી અગત્યતા પણ આપે સમજાવી અને સાથે એની સાથે ભક્તિ, વૈરાગ્ય એ બધું પણ સાથે હોય ત્યારે જ આ નિર્ણયમાં લુખાશ નહિ આવી જાય, નહિતર લુખાશ આવી જશે.

ઉત્તર :- લુખાશ આવી જાશે. ભક્તિમાં ભલે બહારના કાર્ય ન દેખાય, બોલે નહિ. કોઈ કાર્યોમાં જોડાય જ એવોય નિયમ નથી, પણ એનો નિષેધ અંદરથી ન આવે. કેટલો જોડાય એ એની પોતાની ભાવના ઉપર છે. બાકી એનો નિષેધ ન હોય. બધું એને સાથે હોય છે.

પ્રશ્ન :- મુખ્ય વાત, નિષેધ ન હોય એને.

ઉત્તર :- નિષેધ ન હોય.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! પરમ ઉપકારી કહાન ગુરુદેવનો જય હો!!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૬ A

પ્રશ્ન :- હે માતાજી! પૂજ્ય 'ગુરુદેવ'ની વાત ઘણા ટાઈમ (સાંભળવામાં આવી) છતાં અંતર પુરુષાર્થ ઉપડતો નથી તો તેનું શું કારણ? અથવા મુમુક્ષુજીવને ધારણા જ્ઞાનમાં તત્ત્વ સમજાયા પછી પુરુષાર્થ માટે કઈ રીતે અંતરમાં કાર્ય કરવું જોઈએ એ આપ કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- પુરુષાર્થ ઉપડે નહિ એનું કારણ પોતાનું છે. 'ગુરુદેવે' તો ઘણું સમજાવ્યું છે. ધારણાજ્ઞાન કર્યું પણ અંતરમાંથી પોતાને લાગવું જોઈએ. અંતર વિચારી લીધું, ધારી લીધું પણ નિર્ણય પોતે યથાર્થ અંતરમાંથી આવવો જોઈએ. પોતે કરતો નથી. પોતાના પુરુષાર્થની મંદતા છે. પોતાના પુરુષાર્થની મંદતા. એટલી આત્માની લાગી નથી કે મારે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. અંતરમાંથી એટલી લગની લાગવી જોઈએ કે આ આત્મા જ સર્વસ્વ છે. બીજું કાંઈ આ વિભાવમાં ક્યાંય સુખ કે શાંતિ નથી. સુખ-શાંતિ હોય તો એક આત્મામાં છે. એવી અંતરની જિજ્ઞાસા, લગની બધું લાગવું જોઈએ તો થાય. એ કર્યા વગર થાય નહિ. એનો વિચાર કરવો જોઈએ, નક્કી કરવું જોઈએ કે આ જ આત્મા છે. આ જે જ્ઞાનસ્વભાવ તે જ આત્મા. એ સિવાયનું બીજું કાંઈ પોતાનું સ્વરૂપ નથી. એ જ્ઞાયક, એ જ્ઞાયકની અંદર અનંતા ગુણો ભરેલાં છે, અનંતી શક્તિઓ ભરેલી છે. બધું આત્મામાં છે, એથી બહાર ક્યાંય નથી.

જીવ અનંતકાળથી બધું બહાર ગોત્યા કરે છે કે બહારમાંથી જાણે જ્ઞાન આવશે, બહારમાંથી સુખ આવશે. બધું બહારમાં ગોતે છે. બહારમાં નથી. ગુરુ માર્ગ બતાવે છે. એ નિમિત્ત બને છે, પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને રહે છે. ઉપાદાન પોતાનું તૈયાર હોય તો એ નિમિત્ત તો તૈયાર જ છે. ઉપાદાનની ખામી છે માટે થઈ શકતું નથી. નિમિત્ત તો 'ગુરુદેવ'નું પ્રબળ હતું. વાણી એમની જોરદાર, બીજાને અંદરમાંથી ભેદજ્ઞાન થાય એવી વાણી હતી. ચારે પડખેથી સ્પષ્ટ કરતા હતા, પણ પોતાની ઉપાદાનની ખામી હોય એટલે એ થઈ શકતું નથી. એ ઉપાદાનની તૈયારી પોતે કરવાની રહે છે. કરે તો થાય એવું છે. બધા અનંતાએ કર્યું છે અને પોતે પોતાનો સ્વભાવ છે, ન થઈ શકે એવું નથી. એ દુર્લભ કહેવાય પણ પોતાનો સ્વભાવ છે માટે સુલભ છે, કરી શકાય એવું છે.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે. 'શ્રીમદ્જી'માં આવે છે કે, જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એક નિષ્ઠાએ તન, મન અને ધનની આસક્તિનો ત્યાગ કરીને એની ભક્તિમાં જોડાય. તન, મન અને ધન એ કઈ રીતે? શું કહેવા માંગે છે?

ઉત્તર :- ગુરુની આજ્ઞાનું આરાધન. ગુરુ જે કહી રહ્યા છે, ગુરુ જે માર્ગ બતાવી રહ્યા છે તે માર્ગે પોતે ગુરુની આજ્ઞાનું આરાધન કરે. ગુરુ જે કહે છે કે તારો આત્મા જુદો છે. તું અંતરમાં જો, એમાં જ બધું છે. બહાર ક્યાંય નથી. એ તો વારંવાર 'ગુરુદેવ' કહેતા હતા કે તું આત્મા જુદો, આ તારું સ્વરૂપ નથી. ઓલું આવે છે શાસ્ત્રમાં. ઓલો ભૂલથી કપડું ભૂલી જાય છે. તો વારંવાર એને કહેવામાં આવે ત્યારે એ સમજે છે કે આ મારું વસ્ત્ર નથી, ભૂલથી આવી ગયું. એમ વારંવાર ગુરુ કહે છે કે તું જુદો જ્ઞાયક આત્મા છો. એમ વારંવાર કહે, પણ પોતે અંદરથી સમજે તો થાય. અને ગુરુની આજ્ઞાનું આરાધન તનથી-શરીર ઉપર પણ લક્ષ નથી. તનથી, મનથી. મનથી પણ ગુરુ કહે એ બરાબર છે અને વચનથી પણ ગુરુ કહે એ બરાબર છે.

તન-મન-ધન. ધન, ધનને મારે શું કરવું છે? ગુરુની આજ્ઞામાં બધું અર્પણ છે. એવી પરિગ્રહની મમતા પણ મારે કાંઈ નથી જોઈતું. જે ગુરુ કહે એ બરાબર છે. ગુરુની આજ્ઞાનું આરાધન બધાથી છૂટી જા. બધાથી પરપદાર્થના લોભથી છૂટી જા, બધેથી છૂટી જા એમ ગુરુ કહે છે. માટે અંતરમાંથી તું બધેથી છૂટી જા. ગુરુને અર્પણ (કરે એટલે) ગુરુને ક્યાં ધન જોઈએ છે? ગુરુને તો ધન જોઈતું નથી, પણ તન-મન અને ધન પોતાનો લોભ છોડાવી દે. આ પરદ્રવ્ય કાંઈ મારું સ્વરૂપ નથી, આ ધન મારું સ્વરૂપ નથી, કોઈ મારું સ્વરૂપ નથી. મારે કાંઈ જોઈતું નથી. ગુરુ કહે છે કે કાંઈ તારું નથી તો બધું ગુરુને અર્પણ કરું છું. એમ એને ભાવના (હોય).

ગુરુને તો કાંઈ જોઈતું નથી. ગુરુ કહે છે કે શરીર પણ તારું નથી. તો શરીર પણ પરદ્રવ્ય છે. તો શરીર ઉપરથી રાગ છોડી દે. બધા ઉપરથી રાગ છૂટીને તું તો જુદો આત્મા છો એમ ગુરુ બતાવી રહ્યા છે. ત્યાં કોઈ જાતનો એને આગ્રહ કે કોઈ પક્કડ રહેતી નથી. અંદરથી છૂટી જાય. ગુરુની આજ્ઞાનું આરાધન. ગુરુ જે કહે એ બધું એને પ્રમાણ થાય છે. અંતરમાં રુચિમાં બેસી જાય છે બધું. બહારથી છોડી દે એવો એનો અર્થ નથી. અંદરથી એને મમતા છૂટી જાય છે.

પ્રશ્ન :- માતાજી! ગુરુની નિશ્ચય-આજ્ઞા તો, તું તારા આત્માનો આશ્રય કર, પણ એની સાથે વ્યવહાર-આજ્ઞા એ પણ આની સાથે લઈ લેવું જોઈએ?

ઉત્તર :- વ્યવહાર-આજ્ઞા પણ લઈ લેવું જોઈએ. હા, ગુરુ એક શબ્દ કહે તો એ

શબ્દ પોતે બરાબર ગ્રહણ કરી લે. ગુરુ એમ કહે એ બધું સ્વીકાર કરી લે.

પ્રશ્ન :- એમાં પણ એક નિષ્ઠાએ તન-મન અને ધનથી એની આજ્ઞાને સંમત થવું જોઈએ?

ઉત્તર :- તન-મન અને ધનથી બધી રીતે. ગુરુ તો વિવેકી હોય છે. કાંઈ વગર વિચાર્યું કહેતા નથી. એ તો વિવેકી હોય છે. તારે એમાં વિકલ્પ કરવાનો હોતો નથી. ગુરુ તો વિવેકી જ હોય છે. એ બરાબર સમજીને બોલતા હોય છે. તારે તર્ક કરવાની જરૂર નથી. જે એ શબ્દ કહે એ તું પ્રમાણ કરજે. એ તો વિવેકી હોય છે.

પ્રશ્ન :- વ્યવહારની કોઈ પણ વાત હોય તોપણ આ જીવે ત્યાં એની પોતાની બુદ્ધિ ન ચલાવવી?

ઉત્તર :- પોતાની બુદ્ધિ નહિ ચલાવવી જોઈએ. ગુરુ વિવેકી છે. બધું કાંઈક સમજીને કહેતા હશે. પોતાની પાત્રતા, તારી પાત્રતા એવી હશે માટે તને એમ કહેતા હશે. એમ અર્થ લેવાનો કે મારી પાત્રતા પ્રમાણે કહે છે.

પ્રશ્ન :- માતાજી! આશંકા કરીને આપને પૂછ્યું કે કોઈ ઠેકાણે ક્ષયોપશમથી પણ ભૂલ થાય અને પોતાની બુદ્ધિમાં બેસે કે આ તો બરાબર નથી તોપણ એનો સ્વીકાર કરવામાં એનું હિત રહેલું છે?

ઉત્તર :- એનું હિત જ છે. ગુરુની ભૂલ કાઢવી એ તો બરાબર નથી. અપ્રયોજનભૂત વાતમાં આનું આમ છે એમ કરવું એ યોગ્ય નથી. પ્રયોજનભૂત વાત તો ગુરુ તો મોક્ષમાર્ગે ચાલ્યા છે એમાં પ્રયોજનભૂતમાં કાંઈ ફેર નથી. ક્ષયોપશમના કોઈ ઓલામાં ભૂલ, ફેરફાર થાય તો એ પોતે સ્વીકાર કરતો નથી. એ કાંઈ આગળ કરવા જેવું છે જ નહિ. ગુરુ કહે એ પ્રમાણ છે.

પ્રશ્ન :- તો પણ ગુરુને સ્વીકાર્ય. ગુરુ કહે એ જ એને સંમત હોય?

ઉત્તર :- એ સંમત છે. ગુરુ કહે એ પ્રમાણ છે.

પ્રશ્ન :- એમાં એને નુક્સાન જવાનું નથી.

ઉત્તર :- એમાં એને નુક્સાન નહિ થાય. ઓલું એને નુક્સાન થાશે. આ ગુરુની ભૂલ છે એમ જોયા કરે તો એની ભૂલ છે. એને પોતાને નુક્સાન થાય છે. તું ક્યાં અને ગુરુ ક્યાં છે? તું તો એક તારો ક્ષયોપશમ માત્ર છે. ગુરુ તો મુક્તિના માર્ગે ક્યાંય ચાલ્યા છે. તારા ક્ષયોપશમને મુખ્ય કરીને તારી મોટાઈ કર્યા કરે છે તો એ તને નુકસાન થાય છે. ક્ષયોપશમ જ્ઞાનને ગૌણ કરી દેવાનું છે.

પ્રશ્ન :- બહારથી એમ લાગે કે કોઈક વખત એમનું સ્વીકારવું જોઈએ, કોઈ

વખત એમનાથી ભૂલ થતી હોય તો આપણે એમને કહેવું જોઈએ કે આમ ન હોવું જોઈએ. એવો માતાજી! વિકલ્પ જે આવે છે, આપને કહું, પણ આપ કહો છો કે નહિ,ખરેખર તો ગુરુ જે કહે એને જ એણે સ્વીકારવામાં એનું હિત રહેલું છે.

ઉત્તર :- પોતાનું હિત તો એમાં જ રહેલું છે, ગુરુ કહે એ સ્વીકારવામાં. ગુરુની આગળ એમ કહેવું કે આનું આમ છે, એ કાંઈ યોગ્ય નથી.

'કુંદકુંદાચાર્ય' જેવા કહે છે કે આ પ્રમાણ કરજો, સ્વીકાર કરજો. આમાં ક્યાંય ભૂલ થાય, ક્યાંય શબ્દ કે વ્યંજનમાં તો એ દોષ ગ્રહણ કરશો નહિ, છળ ગ્રહણ કરશો નહિ. આચાર્ય જેવા ક્યાં પહોંચેલા છે એ બોલી રહ્યા છે કે છળ ગ્રહણ કરશો નહિ. તને નુકસાન થાશે. ક્યાં આચાર્ય પહોંચેલા! ક્યાં ગુરુ પહોંચેલા! એને તું ભૂલ દેખાડવા તું કોણ સમર્થ છો? ગુરુને એનાથી મોટા જે હોયને ઈ એને કહી શકે, તું કહેવાને લાયક નથી.

પ્રશ્ન :- પોતાનું માપ જ ખોટું છે.

ઉત્તર :- ખોટું છે.

પ્રશ્ન :- વીતરાગમાર્ગમાં આવો પરમ વિવેક તો ખાસ આવશ્યક છે.

ઉત્તર :- પરમ વિવેક હોવો જોઈએ.

પ્રશ્ન :- બીજી ઘણી આવડત હોય પણ જો આ જાતનો વિવેક ન હોય તો...

ઉત્તર :- તો સ્વચ્છંદ છે. નુકસાનનું કારણ છે.

પ્રશ્ન :- આપ તો બરાબર કાયમ ફરમાવી રહ્યા છો. તું જ્ઞાયક છો, અકર્તા છો. કાલે પ્રવચનમાં જે આવ્યું કે કર્તા, કર્મ, કરણ પણ તું જ છો. એ જે અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ આ કરે છે તો એનું કારણ શું? આ વૈભાવિકગુણ કે વૈભાવિક શક્તિ જે જીવમાં પડેલી છે તે કારણ છે? અને તે જો કારણ છે તો તેનું આગમમાં ઘણો વિસ્તારથી કથન શા માટે નથી, વૈભાવિક શક્તિનું?

ઉત્તર :- એનું કારણ વૈભાવિક શક્તિ છે. એને પોતાને એવી વિભાવરૂપે પરિણમવાની એવી જીવની યોગ્યતા છે. માટે એ વિભાવરૂપે કર્તા, કરણ, સંપ્રદાન વિભાવરૂપે પરિણમી રહ્યો છે. વિભાવગુણનું વર્ણન પંચાધ્યાયીમાં આવે છે. બીજે ક્યાંય નથી આવતું. વૈભાવિક શક્તિનું. પણ એની યોગ્યતા વગર તો થાતું નથી. એની એવી વૈભાવિકરૂપે પરિણમવાની એની યોગ્યતા છે માટે થાય છે. જે સ્વભાવ જેનો છે એ સ્વભાવમાંથી વિભાવ કેમ થાય છે? એનું કારણ પરદ્રવ્ય તો કાંઈ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને જો કરી શકતું હોય તો દ્રવ્ય-ચૈતન્ય દ્રવ્ય

પરાધીન થઈ જાય. પરાધીન થાય તો એ જ્યારે માર્ગ આપે ત્યારે થાય અને પોતે પુરુષાર્થ કરી શકે જ નહિ. પણ જીવ બધી રીતે સ્વતંત્ર છે. વિભાવમાં સ્વતંત્ર અને સ્વભાવમાં સવતંત્ર. વિભાવ થાય છે એમાં કર્મ નિમિત્તમાત્ર છે. પોતાની એ રીતે પરિણમવાની યોગ્યતા વગર કોઈ પરાણે પરિણમાવી શકતું નથી.

સ્ફટિક સ્વભાવે નિર્મળ છે. એ નિર્મળ છે તો એમાં જે લાલ, પીળા જે પ્રતિબિંબો ફૂલના નિમિત્તે પડે છે એ સ્ફટિકની યોગ્યતા છે. એમાં ઓલા લાલ, પીળા ફૂલ એમાં પ્રતિબિંબ પરાણે કરાવતા નથી. સ્ફટિક પોતે નિર્મળ છે તોપણ એવા પ્રતિબિંબ પડવાની યોગ્યતા છે માટે થાય છે. કોઈ કરી દેતું નથી.

એમ ચૈતન્યમાં એવી યોગ્યતા છે. એને વૈભાવિક ભૂલ કહો, એવી યોગ્યતા કહો, જે કહો તે. વૈભાવિક શક્તિની વ્યાખ્યા પંચાધ્યાયીમાં આવે છે, બીજે ક્યાંય આવતી નથી.

પ્રશ્ન :- વૈભાવિક શક્તિ એટલું મોટું કામ કરી રહી છે કે આ સંસારમાં આ રીતે જીવ આ શક્તિને કારણે જ પોતાને ભૂલેલો ઘુમે છે. તો એનું વિવેચન બીજા આગમોમાં ખુલાસારૂપે, ઘણો વિસ્તારરૂપે નથી એનું શું કારણ?

ઉત્તર :- આચાર્યદેવે... અનાદિકાળથી આ પરિભ્રમણ કરી રહ્યો છે પણ આચાર્યદેવ કહે છે કે એ પરિભ્રમણ કરી રહ્યો છે. આચાર્યદેવને એનું કાંઈ મહત્ત્વ લાગ્યું નથી. એને સ્વભાવનું મહત્ત્વ લાગ્યું છે. સ્વભાવની વ્યાખ્યા કરી છે. એમાં વિભાવ કેમ થાય છે? ઈ એની યોગ્યતા એમાં ભેગી આવી જાય છે. આચાર્યદેવને એનો વિસ્તાર કરવાનું કાંઈ મહત્ત્વ લાગ્યું નથી એટલે વિસ્તાર આવતો નથી. એને દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે. એ વાત કરી એમાં એ આવી જાય છે. માટે એમને એનું કાંઈ પ્રયોજન લાગ્યું નથી કે એનું કાંઈ મહત્ત્વ લાગ્યું નથી. એટલે કાંઈ કરી નહિ. એમ એનો અર્થ થાય છે.

પ્રશ્ન :- સ્વભાવની આગળ કાંઈ વિભાવની મહત્તા દેખાય નહિ એટલે એનું વર્ણન નથી કર્યું.

ઉત્તર :- એટલે એનું વર્ણન આવતું નથી.

પ્રશ્ન :- વૈભાવિક શક્તિ પણ છે તો અનાદિનું.

ઉત્તર :- છે તો અનાદિનું. પણ આચાર્યદેવ કહે છે, તું પોતાને ઓળખ એટલે એ છૂટી જવાનું છે. એમ. તું પોતાને ઓળખ. તને પરિભ્રમણ થાય છે તારે કારણે તારી ભૂલથી થાય છે માટે તું ફેરવી નાખ. ભૂલ થવાનું કારણ શું? આચાર્યદેવ એનો

વિસ્તાર કરતા નથી. કે તું જ કારણ છો. તારી ભૂલને લઈને તું રખડ્યો છો.

પ્રશ્ન :- એના વિરુદ્ધમાં એમ પણ કહેવાય છે કે એવી કોઈ તારામાં શક્તિ જ નથી કે જેના કારણે તને વિભાવરૂપ પરિણમવું પડે. એવો તારામાં કોઈ ગુણ જ નથી કે તને વિભાવરૂપ પરિણમવું પડે, એમ કહે. પરંતુ વિભાવરૂપ પરિણમન તો અનાદિથી સંસારમાં ચાલી જ રહ્યું છેને.

ઉત્તર :- ચાલી તો રહ્યું છે. માટે એનું કારણ કોઈ એનામાં ગુણ નથી એવો પણ તારી યોગ્યતાને કારણે જ તું પરિણમી રહ્યો છો. એનો અર્થ એ છે. યોગ્યતા ન હોય તો કર્મ પરાણે પરિણમાવતું નથી. જો કર્મ પરિણમાવતું હોય તો કોઈનો મોક્ષ જ થાય નહિ. જીવ પરાધીન થઈ ગયો. કર્મ કરે ત્યારે થાય. કર્મ માર્ગ આપે અને કર્મ મોક્ષ કરે. બધું કર્મથી થયું. પછી કાંઈ પોતાનું કારણ તો રહ્યું જ નહિ બધું. મોક્ષ આખો પરાધીન થઈ ગયો. એવું તો હોય નહિ. પોતે પુરુષાર્થ કરે.

દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના તું તારા પુરુષાર્થથી કર. તારી ભૂલ થાય એનું તને પ્રાયશ્ચિત, પ્રત્યાખ્યાન એ બધો વ્યવહાર નકામો જાય. કારણ કે કર્મ જ બધું કરે છે પછી તારે ક્યાં પુરુષાર્થ કરવાનો રહે છે? માટે તું પુરુષાર્થ કર, તું આરાધના કર, તું ઉપદેશ સાંભળ, તું અંદર બદલી જા, એ બધું કહેવામાં આવે છે એનો અર્થ એમ થાય કે તારી ભૂલથી જ તું રખડ્યો છો. નિમિત્ત કરી દેતું હોય તો પોતાને કરવાનું કાંઈ રહેતું જ નથી.

પ્રશ્ન :-આપનું એમ કહેવું છે કે ત્રિકાળી સામર્થ્ય નહિ હોવા છતાં પર્યાયમાં યોગ્યતા તો પોતાની જ છે જીવની?

ઉત્તર :- પોતાની જ છે યોગ્યતા. પોતાની યોગ્યતા વગર થાતું જ નથી. પલટે છે પોતે, કરે છે પોતે. નિમિત્તમાત્ર છે. નિમિત્ત કરી દે તો તદ્દન પરાધીન થઈ ગયો. કાંઈ પોતાની યોગ્યતા હોય જ નહિ તો એકલો પરાધીન (થઈ ગયો). તો પછી આરાધના કરવાનું, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું પોતાને આધીન કાંઈ રહેતું જ નથી. કર્મ કરે ત્યારે થાય બધું. તો એનો ઉપદેશ દેવામાં આવે છે (કે) તું આરાધના કર, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર, ચારિત્ર પ્રગટ કર એ બધું કહેવામાં આવે છે. એ આખો ઉપદેશ એ બધું નિષ્ફળ છે, જો પોતે કરી શકતો ન હોય તો.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૬ B

પ્રશ્ન :- હે માતાજી! વચનામૃતમાં આવે છે કે જ્ઞાનીને દૃષ્ટિ સાથે જ્ઞાન બધો વિવેક કરે છે. તો કેવી રીતે જ્ઞાન વિવેક કરે છે તે આપ કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :- દૃષ્ટિનું સ્વરૂપ તો 'ગુરુદેવે' ખુબ સમજાવ્યું છે. સમ્યગ્દર્શન કોને કહેવાય એ 'ગુરુદેવે' બધું સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. દૃષ્ટિ એટલે જેણે આત્માનો આશ્રય ગ્રહણ કર્યો છે. એમાં બધા જે અધુરા ભાવો, વિભાવભાવો તે બધાને ગૌણ કરીને એક આત્માને જે ગ્રહણ કરે છે, પરમપારિણામિકભાવસ્વરૂપ આત્મા અનાદિ-અનંત છે એને જે ગ્રહણ કરે છે એ દૃષ્ટિ, બસ! એની આત્મા ઉપર જ રહે છે. એ દૃષ્ટિ બધા પર્યાયોને, બધાને ગૌણ કરે છે, પણ સાથે રહેલું જે જ્ઞાન છે એ જ્ઞાન બધો વિવેક કરે છે કે પર્યાયમાં વિભાવ છે, આ અધૂરી પર્યાય છે, આ પૂરી પર્યાય, આ સાધકદશા છે એ બધો વિવેક જ્ઞાન કરે છે અને દૃષ્ટિ (માત્ર સ્વભાવને) ગ્રહણ કરે છે. પણ દૃષ્ટિ સાથે જ્ઞાન હોય જ છે. જો દૃષ્ટિ સાથે જ્ઞાન ન હોય તો એ દૃષ્ટિ યથાર્થ નથી. દૃષ્ટિ અને જ્ઞાન બે સાથે જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાન બેય સાથે જ રહેલા છે સાધકદશાની અંદર. પર્યાય અધૂરી છે, આ સાધકદશા છે, સમ્યગ્દર્શન પછી આગળ જવાનું છે, અંદર લીનતા કરવાની છે, હજી આ ચોથી, પાંચમી ભૂમિકાનો બધો વિવેક જ્ઞાનમાં આવે છે.

દૃષ્ટિ એક ચૈતન્ય ઉપર જ, એક મૂળ વસ્તુ ઉપર જ સ્થપાયેલી રહે છે. અંદર સ્વાનુભૂતિમાં પણ દૃષ્ટિ એક આત્મા ઉપર જ રહે છે. એમ દૃષ્ટિ અને જ્ઞાન બેય સાથે જ રહેલા છે. દર્શન-જ્ઞાન મુખ્ય. દર્શન જ્ઞાન મુખ્ય હોય જેમાં તે જ મુક્તિનો માર્ગ છે. એ દર્શન-જ્ઞાન મુખ્ય હોય એની સાથે ચારિત્ર પણ આવે છે. એ બહાર આટલી ક્રિયા કરી લીધી કે આ કરી લીધું તો મુક્તિનો માર્ગ થયો એમ નથી. જ્યાં દર્શન અને જ્ઞાનની મુખ્યતા હોય છે ત્યાં જ મુક્તિનો માર્ગ શરૂ થાય છે. મુક્તિનો માર્ગ બહારથી શરૂ થતો નથી કે થોડી ક્રિયા કરી લીધી અને થોડો ત્યાગ કરી લીધો. એમ મુક્તિનો માર્ગ શરૂ થતો નથી. મુક્તિનો માર્ગ અંદર દર્શન અને જ્ઞાનથી જ શરૂ થાય છે. તે જ મુક્તિનો માર્ગ છે. સમ્યગ્દર્શન થાય ત્યારથી જ. બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી. બેય સાથે જ રહેલા છે.

એવો મુક્તિનો માર્ગ ગૃહસ્થાશ્રમમાં પણ હોય છે. ભરત ચક્રવર્તી ગૃહસ્થાશ્રમમાં

હતા તોપણ અંદર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન હતું. અંશે એને લીનતા પણ સાથે હતી, પણ એ ચારિત્રદશા નહોતી. સ્વરૂપ રમણતા એની સાથે હતું. જ્ઞાયકની ધારા સાથે ને સાથે રહેતી હતી. જ્ઞાતાધારા એને સાથે ને સાથે રહેતી હતી. ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહેતી હતી. ગમે તે જાતના વિભાવપર્યાયો હોય, દરેક શુભાશુભભાવોની અંદર જ્ઞાયકધારા જુદીને જુદી જ રહેતી હતી. ભેદજ્ઞાનની ધારા અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહેતી હતી. એ જ મુક્તિનો માર્ગ છે. 'દર્શન-જ્ઞાન મુખ્ય પવિત્ર આશ્રમ પામીને..' દર્શન-જ્ઞાનની જેમાં મુખ્યતા છે તે જ પવિત્ર આશ્રમ છે. એનાથી જ સામ્યની, મુક્તિની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શન જ મુખ્ય છે. તે જ મુક્તિનો માર્ગ છે. 'ગુરુદેવે' ખુબ સ્પષ્ટ કરેલું છે.

પ્રશ્ન :- હે પૂજ્ય ભગવતીમાતા! હમ બાલકોં કો તારનેવાલી! મુમુક્ષુઓં કા હૃદય ભીગા હુઆ રહના ચાહિયે. ઈસકે લિયે થોડા-સા સ્પષ્ટીકરણ કીજીએ.

ઉત્તર :- શું કહે છે?

પ્રશ્ન :- મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું રહેવું જોઈએ એ સમજાવો.

ઉત્તર :- મુમુક્ષુનું હૃદય તો ભીંજાયેલું જ રહેવું જોઈએ. કારણ કે આત્મા છે, આ વિભાવ કાંઈ પોતાનો સ્વભાવ નથી અને આત્મામાં જ બધું ભરેલું છે. એની જ મહિમા લાગવી જોઈએ. આ વિભાવથી એને વિરક્તિ-વૈરાગ્ય આવવો જોઈએ. અંદરથી આત્માનું કેમ કલ્યાણ થાય? આ ભવભ્રમણ કેમ છૂટે? આ અંદર સુખની પ્રાપ્તિ કેમ થાય? એવી જાતનો અંદરમાં એને વૈરાગ્ય, મહિમા બધું રહેવું જોઈએ અને તત્ત્વનો નિર્ણય પણ સાથે હોવો જોઈએ. ભીંજાયેલું હૃદય હોવું જોઈએ.

મુમુક્ષુનું કાર્ય જે મુમુક્ષુને શોભે એવું જ એનું કાર્ય હોય. મુમુક્ષુતા બહારનું એનું કાર્ય ન હોય. અંદર હૃદય ભીંજાયેલું હોય. એને ખટક રહેવી જોઈએ કે આત્માનું સ્વરૂપ કેમ સમજાય? અંદર એવી ખટક રહેવી જોઈએ. 'કષાયની ઉપશાંતતા માત્ર મોક્ષ અભિલાષ'. મોક્ષની અભિલાષ હોવી જોઈએ. એને તીવ્ર એવી જાતના કષાયો, એવી જાતનો રસ, અનંતાનુબંધીનો એવો તીવ્ર રસ ન આવે. અંતરથી આત્મા તરફનો રસ અને ઉગ્રતા રહેવી જોઈએ. આત્માની જ લગની, આત્માની જ મહિમા એવું અંતરમાંથી રહેવું જોઈએ.

પ્રશ્ન :- 'કૃપાળુદેવ'માં આવે છે કે, 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ'. તો વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ એવો શબ્દ છે. કાયરને પ્રતિકૂળ. કાયરને શું કાયરતા રહી જાય છે?

પ્રતિકૂળ પડે છે?

ઉત્તર :- 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ...' શાંતરસ જેમાં ભરેલો છે. એ વીતરાગના વચનો એવા છે કે જે શાંતરસથી ભરપુર છે અને અંતરમાં શાંતરસ પ્રગટ થાય એવા છે. 'ઔષધ જે ભવરોગના...' એ ઔષધ છે. ભવરોગના ઔષધ હોય તો વીતરાગની વાણી છે. 'ગુરુદેવ'ની વાણી છે તે ઔષધરૂપ છે. પણ કાયરને પ્રતિકૂળ છે. જેને પુરુષાર્થ કરવો નથી, જે કાયરતા જેનામાં ભરેલી છે, જેને આત્માની કાંઈ લાગી નથી એને બધું પ્રતિકૂળ લાગે છે. કારણ કે અંતર આત્મામાં તું સમાય જા. આત્મામાં જ છે બધું. એ જેને છોડવું અઘરું પડે છે. એને બહારનો રસ જેને છે. સંસારનો રસ લાગ્યો છે, વિભાવનો રસ લાગ્યો છે એવા કાયરને તે પ્રતિકૂળ લાગે છે. અંતરમાંથી તું બધેથી છૂટી જા. બધા વિકલ્પથી, બધાથી છૂટી જા. અંદર શાંતરસ ભર્યો છે. એવી વાત, જે કાયરો છે, પુરુષાર્થ જેને કરવો નથી એવા જીવોને તે પ્રતિકૂળ પડે છે. એને તો બહારનું જ ગમે છે બધું. જેને પુરુષાર્થ કરવો નથી એને બધું બહારનું જ ગમે છે. અંતરની રુચિ લાગતી નથી. કાયરને પ્રતિકૂળ છે એ વચનો ભગવાનના.

પ્રશ્ન :- મુનિ, મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે. તો મુનિરાજને કેવી મર્યાદા હોય છે?

ઉત્તર :- મુનિ પોતાની મર્યાદા છોડીને બહાર જાતા નથી. એની જે દશા છે આત્મામાં છઠે-સાતમે ગુણસ્થાને ક્ષણે-ક્ષણે અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્તે ઝુલતા હોય છે. ક્ષણમાં બહાર આવે, ક્ષણમાં અંતરમાં જાય. બહાર આવે તો શ્રુતજ્ઞાનના વિચારો હોય છે, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વિચાર હોય છે, શુભ વિકલ્પ હોય છે. પણ એમાં ઝાઝીવાર રોકાતા નથી. તરત અંતરમાં જાય છે. ક્ષણે-ક્ષણે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય છે. એવી દશામાંથી એ બહાર શુભભાવમાં પણ ઝાઝીવાર રોકાતા નથી. એને શુભભાવનો પણ એટલો રસ ચડી જાતો નથી કે મુનિની મર્યાદા જે સાતમે ગુણસ્થાને જવાની (છે તેમાં) સહજ ચાલ્યા જાય છે. એટલો રસ એને શુભ(માં આવતો નથી). એ શાસ્ત્ર લખે છે માટે શાસ્ત્રમાં એટલો બધો રસ ચડી ગયો કે એટલી બધી એને એકત્વતતા થઈ ગઈ કે સાતમું ગુણસ્થાન ન આવે. તો એની મુનિદશા પલટાઈ જાય. શાસ્ત્ર લખતા હોય, ભગવાનના સ્તોત્ર રચતા હોય, ભગવાનના સ્તોત્ર બોલતા હોય, ઉપદેશ દેતા હોય એ બધામાં એવો રસ લાગી જાય કે આત્માની

જ્ઞાયકધારા તો હોય, પણ અંદર લીનતા કરવાનું એનું છૂટી જાય એમ ન બને. એ તો મુનિપણાની મર્યાદા છૂટી ગઈ.

અને વિકલ્પમાં પણ એને મુનિના જે કાર્યો પંચ મહાવ્રતના છે એની મર્યાદામાં ઊભા હોય છે. એથી વિશેષ એને ગૃહસ્થના કાર્યો હોય એવા કાર્યોમાં એ જોડાય નહિ. ગૃહસ્થો સાથે વિશેષ વાતચીત કરવી, ગૃહસ્થોના કાર્યોમાં જોડાવું, કોઈ વ્યવસ્થાઓમાં જોડાવું એવું કાર્ય મુનિને હોતું નથી. (જો એમાં જોડાય) તો એની મુનિદશા પલટી જાય છે. એવું એને બહારમાં નથી હોતું. અંતરમાં પણ શુભભાવમાં વિશેષ રોકાતા નથી. એ તો અંતરમાં (આવી જાય) છે. એવો એને રસ લાગી ગયો કે અપ્રમત્તદશા આવે નહિ એવું બનતું નથી. એ મર્યાદા છોડીને બહાર જતા નથી. એને તો આત્મામાં જ ગમે છે મુનિઓને તો.

આ શાસ્ત્રમાં આવે છેને, કે બધું છૂટી ગયું, બધાનો નિષેધ તમે કરો છો તો મુનિદશા, મુનિપણું કેવી રીતે પાળશે? મુનિ કોને આશ્રયે મુનિપણું પાળશે? (તો કહે છે) કે, મુનિ કાંઈ અશરણ નથી. એને આત્માનું શરણ છે. એ આત્માના અમૃતમાં એવા નિરત રહે, એમાં લીન છે કે એને તો આત્માનું જ શરણ છે. બહાર શુભભાવો આવે તો બધાનો નિષેધ આવે છે. બધાનો નિષેધ કરો તો મુનિપણું કોના આધારે પાળશે? કે મુનિપણું એના પોતાના સ્વરૂપના આધારે વારંવાર અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે સ્વરૂપમાં જાય છે એને આધારે તે મુનિપણું પાળી રહ્યા છે, મુનિદશા. જો એનાથી વધારે શુભભાવોમાં પણ જો રોકાઈ જાય તો એની અપ્રમત્તદશા જો ન આવે તો મુનિની દશા ઓળંગી જાય છે. અને બહારના કાર્યોમાં કોઈ ગૃહસ્થ જેવા કાર્યોમાં રોકાઈ જાય તો વિશેષ એને પંચ મહાવ્રતથી બહાર જાય છે. એવી તો મર્યાદા છૂટે નહિ. મુનિની દશા એને યોગ્ય શુભભાવો હોય છે.

ગૃહસ્થોને ગૃહસ્થોને યોગ્ય હોય છે અણુવ્રત ને એ. સમ્યગ્દર્શનને સમ્યગ્દર્શનને યોગ્ય અને મુનિને મુનિપણાને યોગ્ય હોય છે. એવી મર્યાદા હોય છે મુનિદશાની. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા મુનિ એમાં ને એમાં આગળ જાય છે અને કોઈને તે ભવે કેવળજ્ઞાન થાય છે, કોઈને બીજા ભવે કેવળજ્ઞાન થાય છે. એ મુનિની દશા છે.

પ્રશ્ન :- સાતમાને બાધા પહોંચે એવા શુભભાવમાં પણ ન આવે અને છઠ્ઠાથી નીચે જાય એવા અશુભ પરિણામ પણ ન આવે.

ઉત્તર :- એવા પણ અશુભ ન આવે. છઠ્ઠાથી નીચે જાય એવા ન આવે અને સાતમાને વિઘ્ન થાય આવે શુભભાવ ન આવે.

પ્રશ્ન :- એનું નામ મુનિપણાની મર્યાદા એને કહેવાય?

ઉત્તર :- હા, એ મુનિપણાની મર્યાદા છે.

પ્રશ્ન :- મુનિરાજ સમ્યગ્દષ્ટિને વંદન કરે છે. 'નિયમસાર' ગાથા ૭૨માં છે એનો ખુલાસો કરશો.

ઉત્તર :- મુનિરાજ સમ્યગ્દષ્ટિને વંદન કરે છે એટલે એનો આદર કરે છે. મુક્તિનો માર્ગ બધો આદરવાયોગ્ય છે. સમ્યગ્દર્શનથી માંડીને ઠેઠ સુધીનો જે મુક્તિનો માર્ગ છે, મુક્તિની દશા છે એ બધો આદરવાયોગ્ય છે. એમ. મુનિ (વંદનનો) વ્યવહાર કરતા નથી. બહારથી સમ્યગ્દષ્ટિને દેખીને એમ સીધી રીતે વંદન (કરે છે) એમ નહિ. એનો આદર કરે છે અંતરમાં. કે જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એવા જે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એવો જે આત્મા એ વંદનયોગ્ય છે, એને વંદન કરું છું. એમ એનો આદર કરે છે. એને સીધી રીતે વંદન કરે છે એવો એનો અર્થ નથી. મુક્તિનો માર્ગ અમને આદરણીય છે. જેને મુક્તિનો માર્ગ પ્રગટ થયો, એવી મુક્તિ પ્રગટ થઈ એ આદરવાયોગ્ય છે.

પ્રશ્ન :- અનુમોદન કર્યું.

ઉત્તર :- અનુમોદન કરે છે, એમ કહે છે. અનાદિકાળથી જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, મુક્તિનો માર્ગ શરૂ થયો નથી અને મુક્તિનો માર્ગ શરૂ થાય એ સમ્યગ્દર્શન જેમાં મુખ્ય છે, પછી એના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું થાય. એ વિશેષ આરાધના થાય. એટલે ત્રણે રત્ન ભેગા થાય એટલે પૂરી દશા કેવળજ્ઞાન સુધી પહોંચાય છે. સમ્યગ્દર્શનથી માંડીને જ્યારથી મુક્તિનો માર્ગ શરૂ થયો અને મુક્તિનો અંશ પ્રગટ થયો એ બધું આદરવાયોગ્ય છે. એમ.

પ્રશ્ન :- સન્માર્ગ જયવંત વર્તો એમાં એ આવી ગયું. એ માર્ગમાં આવી ગયા છે.

ઉત્તર :- એમાં આવી ગયું. સન્માર્ગ જયવંત વર્તો. હજી એક પ્રશ્ન.

પ્રશ્ન :- દરેક ક્ષણે આત્માને ઊર્ધ્વ રાખવો એટલે શું? કૃપા કરીને (સમજાવશો).

પ્રશ્ન :- જ્ઞાનીનો ઉપયોગ બહાર હોય છતાં દૃષ્ટિ તળ ઉપર ટકેલી છે. તો એક સાથે બે કેવી રીતે હોય?

ઉત્તર :- ઉપયોગ બહાર હોય અને દૃષ્ટિ અંદર હોય, ઉપયોગ બહાર છે અને દૃષ્ટિ અંદર છે. પણ ઉપયોગ બહાર એવી જાતનો નથી કે એ એકદમ ઉપયોગ બધો બહાર જ છે અને દૃષ્ટિ અંદર (રહેતી નથી). એની જ્ઞાનની પરિણતિ, દૃષ્ટિ સાથે

જ્ઞાનની પરિણતિ પણ અંદર છે. ઉપયોગ ભલે બહાર હોય, પણ દૃષ્ટિ સાથે જ્ઞાનની પરિણતિ છે. જે દૃષ્ટિ પ્રગટ થઈ, જે દૃષ્ટિએ આત્માનો આશ્રય લીધો તો જ્ઞાન પણ આત્માનો આશ્રય લે છે, જ્ઞાન પણ દૃષ્ટિને ટેકો આપે છે. જ્ઞાન ઊંધું કામ કરે છે અને દૃષ્ટિ ઊંધું કામ કરે છે એવું નથી. એકબીજાને સાથ છે.

જે દૃષ્ટિએ ગ્રહણ કર્યો આત્માને એ આત્માને જ્ઞાન પણ ગ્રહણ કરે છે. પણ જ્ઞાનનું કાર્ય વિશેષમાં બીજાને જાણે છે. દ્રવ્યને અને પર્યાયને બધાને જાણે છે. જ્ઞાન જાણે છે બધું. દૃષ્ટિ એક આત્માને ગ્રહણ કરીને, જોરપણે એનો આશ્રય ગ્રહણ કરે (છે). જ્ઞાન એને ટેકો આપી એનું કાર્ય જેમ છે એમ રાખી અને પોતે ઉપયોગ એનો બહાર જાય છે. ઉપયોગ એવી રીતે બહાર જાતો નથી કે દૃષ્ટિને તોડીને ઉપયોગ બહાર જાતો નથી. દૃષ્ટિને ગ્રહણ કરીને, દૃષ્ટિને સાથ આપીને ઉપયોગ બહાર જાય છે. એની જ્ઞાતાધારા એમને એમ છે. ચારિત્ર પણ આત્માને ટેકો (આપે છે). જે દૃષ્ટિ છે એને ટેકો આપીને એમાં ઠરે છે. આત્માનો આશ્રય લઈને ચારિત્ર પણ એમાં ઠરે છે. એ બધા સાથ આપનારા છે. એ બધા વિરૂદ્ધ વાતાવરણ નથી એનું. એક સાથ આપીને કાર્ય કરનાર છે.

જે દૃષ્ટિએ આરાધના શરૂ કરી એ આરાધનાની વિશેષ આરાધના કરનારા, એની સાથે જ્ઞાન અને ચારિત્ર એ વિશેષ આરાધના કરનારા (સાથે રહે છે). દૃષ્ટિ ભલે મુખ્ય હોય, બધાને સાથ આપનારા છે. ઉપયોગ બહાર હોય અને દૃષ્ટિ કાંઈ ઊંધું કામ કરે, દૃષ્ટિ ઊંધી અને જ્ઞાન ઊંધું કામ કરે એવું નથી. એકબીજા એકબીજાને સાથ આપી રહ્યા છે.

કોઈ અપેક્ષાએ આત્મા નિત્ય, કોઈ અપેક્ષાએ અનિત્ય, કોઈ અપેક્ષાએ શુદ્ધ, કોઈ અપેક્ષાએ અશુદ્ધ એ બધું વિરોધી નથી. દ્રવ્ય વસ્તુ અપેક્ષાએ શુદ્ધ અને પર્યાયમાં અશુદ્ધતા એ બધું અવિરુદ્ધ છે. અનેકાંત સ્વભાવ અવિરુદ્ધ છે. એમ એની પરિણતિ પણ અવિરુદ્ધ છે. જે જ્ઞાન જ્ઞાયકની ધારા, દૃષ્ટિ, જ્ઞાયકની ધારા એની જ્ઞાતાધારા રાખીને ઉપયોગ બહાર જાય છે. ઉપયોગ અનાદિનો જેમ એકત્વબુદ્ધિથી, રાગની એકત્વબુદ્ધિથી ઉપયોગ બહાર જાતો હતો એવી રીતે જાતો નથી. જ્ઞાયકની જ્ઞાતાધાર દરેક ક્ષણે ઊભી છે અને ઉપયોગ બહાર જાય છે.

ઉપયોગ પોતાની પરિણતિ દૃષ્ટિને ટેકો આપી અને એની જ્ઞાયકતા, પરિણતિ જ્ઞાયકની ટકાવીને બહાર જાય છે. આત્માને છોડીને ઉપયોગ બહાર જાતો નથી. એવી ભેદજ્ઞાનની ધારા એમને એમ ચાલતા-ચાલતા એવી જ રીતે એ આગળ જાય

છે. એકબીજા એકબીજાના વિરોધી નથી.

પ્રશ્ન :- એક જ સમયમાં ઉપયોગ બહાર પણ હોય અને...

ઉત્તર :- અને અંતરમાં પરિણતિ છે. જ્ઞાનની પરિણતિ સાથે છે. દષ્ટિ અને જ્ઞાનની પરિણતિ છે. ઉપયોગ બહાર હોય તોપણ.

પ્રશ્ન :- એ પરિણતિને આપ લબ્ધરૂપ પરિણતિ કહેશો?

ઉત્તર :- હા, એ લબ્ધરૂપ પરિણતિ છે. એ કામ કરનારા બધા હોય, કાર્ય બધાને એક જ કરવાનું છે. અનંત ગુણરત્નાકર આત્મા છે. એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર બધા એકબીજા એકબીજાને સાથ આપનારા છે.

પ્રશ્ન :- ઝઘડતા નથી અંદર?

ઉત્તર :- ના અંદર ઝઘડતા નથી. વિરોધ નથી. ઓલાને તોડી નાખે છે, આને તોડી નાખે છે, એવું નથી.

પ્રશ્ન :- દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પણ મુખ્ય ગુણ જ્ઞાનગુણ?

ઉત્તર :- સાધનાની અંદર દર્શનની મુખ્યતા રહે છે-સમ્યગ્દર્શનની. પહેલા જાણવા માટે વ્યવહાર જ્ઞાનનો આવે છે. હજી જાણ્યું નથી નિર્ણય કરવામાં, પણ સાધના જ્યાં શરૂ થઈ ત્યાં આશ્રય મજબુતપણે સમ્યગ્દર્શન-દર્શને લીધો છે. મુખ્યતા દર્શનની રહે, પણ જ્ઞાન-ચારિત્ર એ બધું સાથે આવે તો જ આરાધના પૂરી થાય છે. દર્શને આત્માને ગ્રહણ કર્યો. એની આરાધના વિશેષ તો ત્રણે રત્ન ભેગા થાય ત્યારે જ થાય છે. ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાય છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતીમાતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૬ C

પ્રશ્ન :- રાગાદિથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન અને અનુભવ થયો ત્યાં ધર્મીને ખબર પડે કે નહિ કે મને અંતરનું વેદન થયું, સમ્યગ્દર્શન થયું?

ઉત્તર :- અંતરમાં જીવનનો પલટો થાય એ કાંઈ ખબર ન પડે? પણ એ થાય કેવી રીતે? એ તો ગુરુના ઉપદેશથી થાય છે. અનંતકાળથી અજાણ્યો માર્ગ જે છે એ ગુરુના ઉપદેશથી (પ્રાપ્ત) થાય છે. અનંતકાળથી જે સમજ્યો નથી. આ 'ગુરુદેવે'

પરમ ઉપકાર કર્યો છે. એના પ્રતાપે બધા સમજ્યા છે, એના પ્રતાપે જ બધું થયું છે. 'ગુરુદેવ'નો ઉપકાર તો શું વર્ણન કરીએ. એ તો જેટલું થાય એટલું ઓછું છે. એને બોલવાની વાણી પણ નથી એમના ઉપકારની. 'ગુરુદેવ'નો ઉપકાર છે. એમણે બધું (સમજાવ્યું), સ્વાનુભૂતિ કોને કહેવાય, માર્ગ કોને કહેવાય એ બધું એમણે જ બતાવ્યું છે. એમનો ઉપદેશ તો કોઈ અનુપમ હતો! એ તો કોઈ એ ગુરુના ઉપદેશ વગર એ સ્વાનુભૂતિ પ્રગટ થતી નથી. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ હોય છે. અનાદિકાળથી અજાણ્યો માર્ગ ભગવાનની વાણી મળે સાક્ષાત્ કાં ગુરુની વાણી મળે તો જ એ પ્રાપ્ત થાય છે. અને અંતરમાં જે પ્રગટ થાય એ કાંઈ છાનું રહેતું હશે? આખો જીવનનો પલટો થાય.

અંધકાર અને પ્રકાશ બે જેમ પ્રતિપક્ષ છે, એમ જુદું હોય એ કાંઈ એને ખબર પડ્યા વગર રહેતી હશે? એ તો અંતરનું ઝેર અને સાકરનો સ્વાદ કાંઈ જુદો પડ્યા વગર રહેતો હશે? એને ખબર પડ્યા વગર રહે નહિ. આખો જીવનનો પલટો થઈ જાય છે.

'કુંદકુંદાચાર્ય' લખે છેને મારા ગુરુથી જે મળેલો ઉપદેશ જે શુદ્ધાત્માનો અનુગ્રહપૂર્વક આપેલો ઉપદેશ, એનાથી જે પ્રગટ થયો છે કે નિરંતર ઝરતો, આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ એની છાપવાળું પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ એ સ્વરૂપ જે સ્વસંવેદન પ્રચુર સ્વસંવેદન છે, એ કેવી રીતે પ્રગટ થયું? મારા ગુરુના ઉપદેશથી, એમ કહે છે. શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો મારા ગુરુએ કે શુદ્ધાત્મા કેવો છે. એનો કૃપા કરીને ઉપદેશ આપ્યો એનાથી પ્રગટ થયો છે. 'ગુરુદેવે' તો અહીં વર્ષો સુધી વાણી વરસાવી છે. બધા ઉપદેશના ધોધ વરસાવ્યા છે. એની આગળ તો બધું...

ગુરુએ તો શુદ્ધાત્માતત્ત્વનો ઉપદેશ આપ્યો. 'કુંદકુંદચાર્ય' કહે છે, મારા ગુરુએ જે કૃપા કરીને ઉપદેશ આપ્યો એનાથી તે પ્રગટ થયો છે. આ 'ગુરુદેવે' તો વર્ષો સુધી વાણી વરસાવી અને સ્વાનુભૂતિ કોને કહેવાય, એ કોઈ અપૂર્વ ઉપદેશ આપ્યો છે. એ ઉપદેશથી કેટલા જીવોના પરિવર્તનો થયા છે, અંતર રુચિના પરિવર્તનો બધાના થઈ ગયા છે. એમના ઉપેદશથી બધું મળ્યું છે.

આચાર્યદેવ કહે છે કે એ નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો, સુંદર આનંદ એની છાપવાળું. એની છાપ શું છે? કે સુંદર આનંદ જેમાં રહેલો છે, એની છાપવાળું જે પ્રચુર સ્વસંવેદન છે. એ તો મુનિરાજ છે. એ 'કુંદકુંદાચાર્ય'ની શી વાત કરવી! એ

તો મુનિરાજ છે. એનું સ્વસંવેદન, એ કહે છે, એનાથી જે પ્રગટ થયું એવું સ્વસંવેદન છે. એ કહે છે કે (એનો) જન્મ ગુરથી જ થયો છે. એવો જે મારો જ્ઞાનનો વૈભવ છે એનાથી હું તમને કહું છું. એના પ્રસાદથી જે ગુરુએ આપેલું, જે જ્ઞાનનો વૈભવ પ્રગટ થયો છે એનાથી કહું છું. જે પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. એ આખો જીવનનો પલટો થાય, અંતરમાંથી આત્મા પ્રગટ થાય એ કાંઈ છાનો રહેતો હશે? અંદરથી પોતે અનંત ગુણોથી ભરેલો આત્મા પોતે જુદા જુદા સ્વભાવોમાં એમાં ઝૂલતો-રમતો એમાં કેલી કરતો પ્રગટ થાય એ કાંઈ છાનો રહેતો નથી. ભેદજ્ઞાન થયું એ કાંઈ છાનું રહેતું નથી, કહે છે. એ તો કોઈ અપૂર્વ છે, અનુપમ છે, એને કોઈ ઉપમા લાગુ પડતી નથી. એ તો કોઈ અપૂર્વ છે!

એ કાંઈ ધ્યાન કરે અને એમ આત્માના આશ્રય વગર ધ્યાન કરે, યથાર્થ જ્ઞાન વગર ધ્યાન કરે એમ પ્રગટ થાય નહિ. યથાર્થ જ્ઞાનપૂર્વકનું ધ્યાન હોય યથાર્થ તો એમાં આત્મા ભેદજ્ઞાન થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિના જોરમાં જ્ઞાતાની ઉગ્રતામાં જે પ્રગટ થાય છે અને આત્મા શાંત થઈને ઠરી જાય એ કાંઈ (છાનું નથી રહેતું). એ તો એને પ્રગટ જ છે, એ કાંઈ છાનું નથી રહેતું.

પ્રશ્ન :- માતાજી! આપે દૃષ્ટાંત આપ્યું તો છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા ભાવમુનિનું આપ્યું. ચોથે ગુણસ્થાને કેવો આસ્વાદ આવે એ કંઈ ખ્યાલ આવે? એ તો બહુ જ અલ્પકાળ હોય છે.

ઉત્તર :- ચોથે ગુણસ્થાને આવે એ તો અલ્પ પણ એ જ્ઞાન કાંઈ એને ગ્રહણ કર્યા વગર રહેતું નથી. જ્ઞાન તો બધાને ગ્રહણ કરી લે છે. જ્ઞાન તો બધા વેદનને અને ગ્રહણથી અલ્પ કાળ એટલે એવો કાળ નથી કે જને વેદનમાં ન આવે અને અપ્રગટ હોય. એને વેદનમાં આવે છે. મુનિને વળી પ્રચુર સ્વસંવેદન છે. તોય સમ્યગ્દૃષ્ટિને પણ એને વેદનમાં આવે છે. એને જ્ઞાનમાં ગ્રહણ થાય છે. અલ્પકાળ હોય તોપણ એને ગ્રહણ થયા વગર રહેતું નથી. પણ અંતર આત્મામાં ગયો અને પલટો થઈને આત્મા અંદરથી પ્રગટ થાય એ એને વેદનમાં આવે છે. એને સ્પષ્ટપણે, સ્પષ્ટપણે સાક્ષાત્ એને પ્રત્યક્ષ નિઃશંકપણે એના વેદનમાં આવે છે અને એ જ્ઞાનમાં જાણી શકે છે સમ્યગ્દૃષ્ટિ પણ. એ તો શાસ્ત્રોમાં પણ આવે છે. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને આત્માની સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. નયોની લક્ષ્મી ક્યાં ચાલી જાય છે, પ્રમાણ અસ્ત થઈ જાય છે. એ આત્મા કોઈ જુદી રીતે પ્રગટ થાય છે.

પ્રશ્ન :- એ ચોથે ગુણસ્થાને એ પ્રમાણે ખ્યાલ આવતો હશે?

ઉત્તર :- ચોથે ગુણસ્થાને ખ્યાલ એના વેદનમાં આવે છે. ખ્યાલ માત્ર કલ્પિત એને જ્ઞાનથી, વિકલ્પથી જાણેલો એમ નથી, સહજપણે નિર્વિકલ્પપણે એને ખ્યાલમાં, વેદનમાં, અનુભૂતિમાં આવે છે. એ કાંઈ વાણીમાં નથી આવતું પણ એની અનુભૂતિમાં આવે છે. જેને વિભાવમાં રાગાદિનું વેદન છે, એમ ચિદાનંદ સ્વભાવનો આનંદ ઝરતો જે આસ્વાદમાં આવતો એ કાંઈ એને છાનું રહેતું નથી.

પ્રશ્ન :- અલ્પકાળ એટલે માતાજી! આમ વીજળી ઝબકારમાં અનુભવ થતો..

ઉત્તર :- શું કીધું?

પ્રશ્ન :- અલ્પકાળ એટલે શું?

ઉત્તર :- અલ્પકાળ એટલે થોડો કાળ, એમ. થોડો અંતર્મુહૂર્તનો કાળ. એ કાંઈ ખ્યાલમાં ન આવે એવું નથી. પ્રત્યક્ષ છે, એનો અનુભવ પ્રત્યક્ષ છે. થોડો કાળ, થોડો.

પ્રશ્ન :- માતાજી! એક તર્ક એવો હતો કે ઉપયોગ તો એક સમયે એકને જાણે. તો દ્રવ્યને જાણે તો પર્યાયને કેવી રીતે જાણે?

ઉત્તર :- દ્રવ્યને જાણે તો પર્યાયને (અને) બધું જાણે છે. ત્યાં કાંઈ એને વિકલ્પ કરીને જાણવું નથી ત્યાં. એ તો સહજ જાણે છે. દ્રવ્ય અને પર્યાય બધું સહજ (જાણે છે). સહજ ઉપયોગાત્મક બધું જાણે છે. જે એનો સ્વભાવ છે તે સ્વભાવ એના પરિણતિ ઉપયોગાત્મક દ્રવ્ય અને પર્યાય બધું જાણે છે. વગર વિકલ્પે નિર્વિકલ્પપણે જાણે છે. ત્યાં એને કોઈ વિકલ્પ કરે તો એમાં ખંડ પડે છે. એને કાંઈ ખંડ નથી પડતો. એ તો અબુદ્ધિપૂર્વક છે. એના વેદનમાં તો દ્રવ્ય અને પર્યાય બધું જણાય છે. જુદો જુદો ઉપયોગ નથી મૂકવો પડતો. સિદ્ધનો અંશ છે. એમાં કાંઈ તર્ક લાગુ નથી પડતો.

પ્રશ્ન :- આ જ દ્રવ્ય-પર્યાયનું યુગપદ્ પ્રમાણ છે?

ઉત્તર :- એ બધું એક સાથે જ જાણે છે. એ પ્રમાણરૂપ થઈ જાય છે એક સાથે.

પ્રશ્ન :- એને કાંઈ ભેદ પાડવાની વૃત્તિ તો નથી.

ઉત્તર :- વૃત્તિ નથી તો સહજ જાણે છે. વૃત્તિ હોય તો જાણે એવું નથી. ઊલટાનો આગળ વયો ગયો છે. વિકલ્પની વૃત્તિ તો એની ભૂમિકા વિકલ્પવાળી, રાગવાળી છે. આ તો વિકલ્પથી આગળ ગયો છે. એને વૃત્તિ નથી. બધા રાગથી છૂટી ગયો છે. એને તો સહજ જણાય. જાણવાની વગર ઈચ્છાએ જાણે છે. ઈચ્છા નથી

જાણવાની. બધું છૂટી ગયું. નિરિચ્છાએ જાણે છે, સહજપણે જાણે છે. કેવળજ્ઞાનીને કાંઈ જાણવાની ઈચ્છા નથી તો બધું જાણે છે, તો આ એક અંશ છે કેવળનો, એ નિરિચ્છાએ જાણે છે.

પ્રશ્ન :- કેવળજ્ઞાનનો અંશ છે.

ઉત્તર :- કેવળજ્ઞાનનો અંશ છે. સ્વપરપ્રકાશક છે અંતરમાં. બહાર ઉપયોગ નથી જાતો પણ સ્વપરપ્રકાશક છે. પોતે દ્રવ્યને જાણે, ગુણને જાણે, પર્યાયને જાણે બધું જાણે. સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશક ગુણ નાશ નથી થઈ જાતો.

પ્રશ્ન :- માતાજી! દ્રવ્યમાં પર્યાય નથી તો પછી પર્યાયને કેમ ગૌણ કરવામાં આવે છે?

ઉત્તર :- દ્રવ્યમાં પર્યાય નથી એટલે કે દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ જુદું છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય એ તો દ્રવ્યનું સ્વરૂપ છે. પર્યાયનું સ્વરૂપ અને દ્રવ્યનું (સ્વરૂપ). દ્રવ્ય શાશ્વત અને પર્યાય પલટાય છે. એટલે એમ કહેવાય કે દ્રવ્યમાં પર્યાય (નથી), પણ દ્રવ્યને આશ્રયે પર્યાય થાય છે. દ્રવ્યના આશ્રય વગર પર્યાય થાતી નથી. દ્રવ્ય-ગુણ અને પર્યાય બધું વસ્તુનું સ્વરૂપ છે. અને પર્યાયને ગૌણ કરવામાં આવે છે. દૃષ્ટિની મુખ્યતાથી પર્યાયને ગૌણ કરવામાં આવે છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે અને પર્યાયને ગૌણ કરી છે. જ્ઞાન બેયને જાણે છે. જ્ઞાન દ્રવ્યને જાણે છે, જ્ઞાન પર્યાયને જાણે છે.

દૃષ્ટિના બળની અંદર આત્મામાં જીવસ્થાન નથી, ગુણસ્થાન નથી, બધું નથી એમ કહેવાય છે. કારણ કે દૃષ્ટિ બીજાને જોતી જ નથી. દૃષ્ટિને બીજું જોવું એનો વિષય જ નથી. દૃષ્ટિ એક ચૈતન્ય ઉપર જ દૃષ્ટિ એક રાખવી એ જ એનો વિષય છે. દૃષ્ટિ બીજું કાંઈ જોતી જ નથી. દૃષ્ટિનો વિષય દૃષ્ટિ એકને જ ગ્રહણ કરી લે છે. પછી વિશેષ જાણવું એ જ્ઞાનનું કામ છે, એ દૃષ્ટિનું કામ નથી. એક ઉપર દૃષ્ટિ રહે છે. એ પર્યાય કાંઈ વઈ નથી જાતી. દૃષ્ટિનો વિષય એકને ગ્રહણ કરવાનો છે. એમાં પર્યાય છે.

દૃષ્ટિએ ગ્રહણ કરી લીધું દ્રવ્યને એટલે એમાં પર્યાય કાંઈ (ચાલી નથી જાતી). પર્યાય તો છે. જ્ઞાન બધું જાણે છે. સાધનાની પર્યાય છે. અધૂરી-પૂરી પર્યાય એ બધું જ્ઞાન જાણે છે. તાપ દેતા દેતા જેમ સોનુ સોળવલું થાય. સોનું તો સોનું જ છે. પણ હજી અધૂરાશ છે. સોનામાં હજી પૂરું ચોખ્ખું સ્વભાવે સોનું જ છે. પણ એને તાપ દેતા દેતા સોળવલું થાય છે. એમ હજી સાધનાની પર્યાય અધૂરી છે. માટે પુરુષાર્થ કરે છે, આગળ જાય. જ્ઞાનમાં જાણે છે (કે) આ પર્યાયની અધૂરાશ છે. કે કેટલું પ્રગટ

થયું, અમુક શુદ્ધતા પ્રગટ થઈ, અમુક શુદ્ધતા બાકી છે. એટલે હજી ચારિત્રની દશા અંદર સ્વરૂપરમણતા વિશેષ નથી, અમુક સ્વરૂપરમણતા છે. એ બધું જ્ઞાનમાં જાણે છે અને આગળ જાય છે.

દૃષ્ટિના બળમાં એને ગૌણ કરે (છે). પર્યાય નથી એમ નથી. દૃષ્ટિ એને જોતી નથી. દૃષ્ટિના જોવામાં એ આવતી નથી. દૃષ્ટિનો વિષય એકને ગ્રહણ (કરવું એ છે). મૂળ ધ્યેય શું છે? એક દ્રવ્યને ગ્રહણ કરીને આગળ ચાલવાનું છે. એટલે એ ગ્રહણ કરી લીધું દ્રવ્યને. અનાદિકાળથી દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી એ માટે એક દ્રવ્યને ગ્રહણ કરી લીધું કે હું કોણ છું. એનું મૂળ સ્વરૂપ ગ્રહણ કરી લીધું. એ ગ્રહણ કરીને પછી પર્યાયમાં શું અધૂરાશ છે એ પ્રમાણે એને પુરુષાર્થની ધારા ચાલે છે. સ્વાનુભૂતિ અને એ બધું અહીંયાંથી પ્રગટ થાય છે (અર્થાત્) દ્રવ્ય ઉપર દૃષ્ટિના જોરથી.

પ્રશ્ન :- જ્ઞાનના વિષયમાં બંને આવે છે-દ્રવ્ય અને પર્યાય. એટલે એકને મુખ્ય કરે અને એકને ગૌણ કરે.

ઉત્તર :- એકને મુખ્ય, એકને ગૌણ. જ્ઞાન બેય ગ્રહણ કરે. જે દૃષ્ટિનો વિષય છે એને પણ જ્ઞાન ગ્રહણ કરે છે. દૃષ્ટિના વિષયને જ્ઞાન ઊભું રાખીને પર્યાયને જાણે છે. દૃષ્ટિનો તોડીને નથી જાણતું. દૃષ્ટિને જ્ઞાન બરાબર (જાણે છે). દૃષ્ટિનો વિષય જ્ઞાન જાણે છે અને દ્રવ્યનું સ્વરૂપ પણ જ્ઞાન જાણે છે અને પર્યાયનું સ્વરૂપ પણ જ્ઞાન જાણે છે. અને જ્ઞાન જાણે છે તે પ્રમાણે (એ) પછી વિશેષ પુરુષાર્થ કરીને સ્વરૂપમાં ઠરે છે, આગળ જાય છે. વિભાવથી ભેદજ્ઞાન તો થયું પણ વિશેષ આગળ જાય છે.

પ્રશ્ન :- સમ્યક્સન્મુખને કેવા પ્રકારનું તત્ત્વ ચિંતવન હોય છે? સમ્યક્સન્મુખ જીવને કેવા પ્રકારનું તત્ત્વ ચિંતવન હોય છે? અને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે કેવી ભક્તિ હોય છે?

ઉત્તર :- એને તત્ત્વનો વિચાર હોય છે સમ્યક્સન્મુખને. ક્યાં પોતે છે એ જોવાનું છે. પોતે હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? દ્રવ્ય-ગુણ-પર્યાયનું એને ચિંતવન હોય છે. હું દ્રવ્ય કોણ છું? ગુણો, પર્યાય એ બધાના વિચાર હોય છે. ઊંડાણથી હોય છે. સ્વભાવને વારંવાર ગ્રહણ કરતો હોય છે. જ્ઞાયક હું કોણ છું? એ જ્ઞાયકના સ્વભાવને ગ્રહણ કરે, વિભાવને છૂટો પાડવાનો પ્રયત્ન કરે, વિભાવ અને પોતે જુદા જ છે વસ્તુસ્વભાવે. એનો પ્રયત્ન કરે છે. એ જ્ઞાનસ્વભાવને ગ્રહણ કરે છે. એ બધો પ્રયત્ન કરે છે. હવે એ ક્યાં પોતે ઊભો છે એ પોતાને જોવાનું રહે છે. કેવી રીતે ગ્રહણ કરે છે અને કેવી રીતે અભ્યાસ કરે છે એ પોતાને જોવાનું રહે છે.

અને શુભભાવોમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા હોય છે. જે ભગવાને પૂર્ણ સ્વરૂપ પ્રગટ કર્યું એની મહિમા છે, ગુરુએ જે વસ્તુ સ્વરૂપ બતાવ્યું એ ગુરુની મહિમા, શાસ્ત્રમાં જે વસ્તુસ્વરૂપ આવે એની મહિમા. બધાની મહિમા હોય છે. તત્ત્વના વિચાર હોય છે. એ મહિમા હોય, વિભાવથી છૂટો પડતો હોય છે, જ્ઞાયકને ગ્રહણ કરતો હોય છે. કેવી રીતે ગ્રહણ કરવું એ સમ્યક્સન્મુખ કેવી રીતે છે એ પોતાને વિચારવાનું છે. એ કેટલું તત્ત્વને ઓળખીને કરે છે કે ઉપર સ્થૂળ રીતે કરે છે, સૂક્ષ્મ રીતે કરે એ બધું પોતાને વિચારવાનું રહે છે.

પ્રશ્ન :- ધર્મીને જ્યારે સ્વમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ હોય, પણ જ્યારે ઉપયોગ પરમાં હોય ત્યારે તેને ધર્મ હોય કે નહિ?

ઉત્તર :- સ્વમાં ઉપયોગ હોય ત્યારે ધર્મ હોય અને પછી બહાર હોય ત્યારે ન હોય એવું નથી. ઉપયોગ સાથે નથી, એની પરિણતિ સાથે ધર્મ છે. એની પરિણતિ સ્વરૂપમાં (લાગેલી છે), દૃષ્ટિ તો એના સ્વરૂપ ઉપર જામેલી જ રહે છે. એણે જ્ઞાયકને ગ્રહણ કરેલો જ હોય છે. એની જ્ઞાતાની ધારા ચાલુ જ હોય છે. ઉપયોગ એનો બહાર એવો નથી જાતો કે એના સ્વરૂપને નુકસાન થાય કે સ્વરૂપ તૂટી જાય. એવો નથી ઉપયોગ એનો બહાર જાતો. ઉપયોગ બહાર જાય એટલે સ્વરૂપની પરિણતિ તૂટી જાય અને એવું એકત્વ થઈ જાય એવું નથી. દ્રવ્યનું વસ્તુસ્વરૂપ જ એવું છે. દ્રવ્ય અનાદિથી પરિભ્રમણ કરતો આવ્યો તો દ્રવ્ય મૂળ સ્વભાવે (એવુંને એવું જ છે). એ વિભાવ પરિણતિ કરતો આવ્યો, ઉપયોગ બહાર જાય છે. કાંઈ ખ્યાલ નથી, તોય દ્રવ્યનો તો નાશ થાતો નથી.

તો અંદર જેણે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી યથાર્થપણે, પુરુષાર્થપૂર્વક અંદર પોતે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરી, જ્ઞાતાની ધારા પ્રગટ કરી પુરુષાર્થપૂર્વક, અંતરની પરિણતિપૂર્વક. એને કોણ તોડી શકે એમ છે? પોતે પુરુષાર્થથી ઊભેલો છે. ઉપયોગ બહાર જાય એટલે એ ઉપયોગ કાંઈ એને પોતાની પરિણતિને તોડી શકતો નથી. એ તો ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે.

કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે એમ પોતે નિર્લેપ જ રહે છે. ગમે એવા બહારના સંયોગમાં ઊભેલો (હોય) તોપણ નિર્લપ છે. વસ્તુ સ્વભાવે નિર્લેપ છે અને પ્રગટ પર્યાયમાં નિર્મળ છે. એ નિર્લેપ જ રહે છે. વસ્તુ અનાદિથી કોઈ જડ સાથે એકત્વ થતું નથી. પ્રગટ જ્ઞાતાધારા ચાલુ થઈ તો કમળ જેમ પાણીમાં નિર્લેપ રહે છે એમ નિર્લેપ જુદી ને જુદી એની પરિણતિ રહે છે. એ ઉપયોગ બહાર જાય એટલે

કાંઈ એનો ધર્મ છૂટી જતો નથી. ધર્મ તો ચાલુ જ રહે છે. એવી એની અંતરમાંથી જ્ઞાન-વૈરાગ્યની શક્તિ પ્રગટ થઈ છે કે એની જ્ઞાન-વૈરાગ્યની શક્તિ એવી છે પરિણતિરૂપ કે બહાર ઉપયોગ જાય તોપણ એકત્વ થાતો નથી. એ બહારથી જોવામાં ન આવે. બહારમાં એ ગૃહસ્થાશ્રમના કાર્યોમાં દેખાય, કોઈ શુભકાર્યોમાં દેખાય, ગૃહસ્થાશ્રમના કાર્યોમાં દેખાય તોપણ એની પરિણતિ અંતરથી એકત્વ થાતી નથી. એની જ્ઞાન-વૈરાગ્યની શક્તિ કોઈ જુદી હોય છે. એની જ્ઞાતાની ધારા એમને એમ ચાલુ જ હોય છે. કાંઈ સંભારવી પડે અને ભૂલી જાય એવું નથી. એને વેદન અમુક પ્રકારે જ્ઞાતાધારના ચાલુ જ રહે છે.

એક નિર્વિકલ્પદશા થાય એ જુદી વાત છે પણ એને સવિકલ્પદશામાં પણ જ્ઞાતાની ધારા ચાલુ જ રહે છે. જુદોને જુદો જ રહે છે. ગમે તેવા પ્રસંગો (આવે), એને બહારના કોઈ ઉપસર્ગ-પરિષહ આવે ગૃહસ્થાશ્રમમાં, તોપણ એ કાંઈ એની જ્ઞાતાની ધારાને તોડી શકતા (નથી). કોઈ અનુકૂળતાના ગંજ આવે કે પ્રતિકૂળતાના ઢગલા આવે તોપણ એની જ્ઞાતાધારાને તોડી શકતું નથી. એવો એનો પુરુષાર્થ ચાલુ જ હોય છે. કોઈ બહુ પ્રતિકૂળતા આવી માટે એની જ્ઞાતાધારા તૂટી જાય (એમ નથી).

શાસ્ત્રમાં આવે છેને? આખું બ્રહ્માંડ ફેરફાર થાય તોપણ એને કોઈ ડગાવી શકતું નથી. એની જ્ઞાતાધારા ચાલુ જ (રહે છે). અનુકૂળતાના ગંજ આવે તોપણ એ કાંઈ જ્ઞાતાધારાથી તૂટતો નથી. એમાં એને એકત્વબુદ્ધિ અનુકૂળતામાં થાતી નથી. ચક્રવર્તીનું રાજ અને દેવલોકના એને રત્નોના ઢગલા હોય તોપણ એમાં એ એકત્વ થાતો નથી. એનાથી જુદો ને જુદો નિર્લેપ જ રહે છે. એને લગની લાગી આત્માની, એને આનંદ અને અનુપમતા લાગી, મહિમા લાગી આત્માની. એને બહારનું કોઈ લલચાવી શકતું નથી કે કોઈ એને પ્રતિકૂળતામાં એ કાંઈ ખેદાઈ જાતો નથી. એવી એની જ્ઞાતાધારા જુદી ને જુદી જ રહે છે.

એવી જ્ઞાન વૈરાગ્યની શક્તિ (પ્રગટ થઈ છે). આ બધું (હું નથી), હું તો જ્ઞાયકભાવ છું. આ પરિગ્રહ મારું સ્વરૂપ નથી. આ પુણ્ય-પાપના ભાવો થાય હું એનાથી જુદો ને જુદો જ્ઞાયકભાવ જ છું. એવો એ જ્ઞાતાધારને કોઈ તોડી શકતું નથી. જે પુરુષાર્થે, જે પંથે ચાલ્યો તે ચાલ્યો. પુરુષાર્થની ધારા ચાલી એને કોઈ રોકી શકતું નથી. પોતે જો ચાલ્યો તો એને કોઈ પરદ્રવ્ય તોડી શકતું નથી. એ જે રખડ્યો એ પોતાના પુરુષાર્થની મંદતાએ અને નથી થાતું એ પોતાના પુરુષાર્થના અભાવે.

પ્રશ્ન :- પરિણતિમાં આનંદનું વેદન આવતું હશે? માતાજી!

ઉત્તર :- પરિણતિમાં આનંદનું વેદન, અમુક પ્રકારે એને શાંતિ અને સમાધિ વર્તે છે. શાંતિ અને સમાધિ વિશ્રાંતિ વર્તે છે. અનુપમ આનંદ જે નિર્વિકલ્પદશાનો એ કોઈ સિદ્ધ સાથે મળતો (આવે છે) એ જુદી વાત છે. આ તો સવિકલ્પદશામાં ઉપોયગ બહાર છે તોપણ એ જેમ અજ્ઞાનદશામાં એકત્વબુદ્ધિ અને આકુળતાનું વેદન હતું એ વેદન એને નથી. એને કોઈ જુદી જાતનું સમાધિનું, શાંતિનું વેદન છે એની સવિકલ્પદશામાં પણ એની શાંતિ અને સમાધિનું વેદન કોઈ જુદું જ હોય છે. એને જે અજ્ઞાનદશામાં આકુળતાના વેદનમાં આકુળ-વ્યાકુળ થાતો હતો એ એને નથી. એને એ સવિકલ્પ જે અજ્ઞાનદશામાં હતો અને આ સવિકલ્પ એ બે જુદી જાત છે. અજ્ઞાનદશાની એકત્વબુદ્ધિ અને આની ભેદજ્ઞાનની ધારા, એ એની સમાધિ અને શાંતિ એનાથી જુદી જ જાત છે. એ જુદું જ છે. અને એની નિર્વિકલ્પદશા એનાથી જુદી છે.

(શ્રોતા :- પરમ ઉપકારી સદ્ગુરુદેવનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૭ A

પ્રશ્ન :- ... અનુભવ થાય, એ બે વચ્ચેના કયા કયા પગથિયા આવે અને તેનો આપણને કેમ ખ્યાલ આવે કે આપણે સાચા માર્ગે છીએ?

ઉત્તર :- શું? બાહ્ય વસ્તુનું જ્ઞાન થાય..?

પ્રશ્ન :- બાહ્યલક્ષી જ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ સમજાય અને અનુભવ થાય, એ બે વચ્ચેમાં કયા કયા પગથિયા આવે?

ઉત્તર :- બાહ્યલક્ષી જ્ઞાનમાં તો એ વિચાર કરે, નિર્ણય કરે એ બધું આવે અંદર. સાચું સ્વરૂપ શું છે? બાહ્યલક્ષી જ્ઞાન એટલે અંતર તરફ રુચિ તો હોવી જોઈએ, પોતાના સ્વરૂપની રુચિ હોવી જોઈએ, સ્વભાવને ઓળખવો જોઈએ. બાહ્યલક્ષી જ્ઞાન એટલે પોતાના સ્વરૂપને ઓળખવું જોઈએ. જ્ઞાનસ્વભાવ હું છું, હું આ વિભાવ નથી. સ્વભાવ મારો જુદો છે, વિભાવ મારું સ્વરૂપ નથી. અને ભેદજ્ઞાનની રુચિ હોવી જોઈએ એ તરફની એની મહિમા હોવી જોઈએ, વૈરાગ્ય હોવો જોઈએ. પરપદાર્થ

(અને) અંતર વિભાવથી વૈરાગ્ય હોવો જોઈએ. એ બધું અંદર આવે. લગની લાગે, આત્મા વિના ક્યાંય રુચે નહિ. એ બધું હોવું જોઈએ અંદર. સાચી જિજ્ઞાસા હોવી જોઈએ. વારંવાર સ્વરૂપ વગર ચેન પડે નહિ. પછી વિચાર કરે, વાંચન કરે. શુભભાવોમાં એ બધું હોવું જોઈએ. અંતર ધ્યેય આત્માનું હોવું જોઈએ. અનુભવ તો પોતે જ્ઞાયકસ્વભાવને ઓળખે, ભેદજ્ઞાન થાય, જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો અનુભવ થાય.

પ્રશ્ન :- એમ છે કે બહિર્‌લક્ષી જ્ઞાનમાં તો સમજાય ગયું કે આ કરવા જેવું છે. પણ એવું નક્કી કર્યા પછી અનુભવ થાય ત્યાં સુધીમાં વચમાં કોઈ પગથિયા આવે? આપણને કેમ ખબર પડે આપણે આગળ વધીએ છીએ? ઈ પ્રશ્ન છે.

ઉત્તર :- બાહ્યલક્ષી જ્ઞાનમાં વિચાર કરે. એ પોતાને ખબર પડે સાચી રુચિ હોય તો કે આપણે ક્યાં માર્ગમાં આવ્યા છીએ. કે અંતરની રુચિ આપણને આત્માની જ છે, બીજી રુચિ નથી. આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. પગથિયા આ આવે. એ પગથિયા એ કાંઈ એમ... પોતાની રુચિ કેટલી છે એ ઓળખે પોતે. પોતાને કેટલી મહિમા આત્મા તરફની છે? બહારની મહિમા કેટલી છૂટી ગઈ છે? કેટલી અંતરમાંથી વિરક્તિ થઈ છે? સાચું તત્ત્વ સમજવાની કેટલી રુચિ છે? દ્રવ્ય-ગુણ-પર્યાયનું સાચું સ્વરૂપ ઓળખાય છે કે નથી ઓળખાતું? કે કાંઈ ભૂલ થાય છે? એ બધા અંદરથી વિચાર કરીને નિર્ણય કરે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, મુક્તિનું સ્વરૂપ, પોતે સમ્યગ્દર્શનનું સ્વરૂપ બધું સ્વરૂપ વિચારથી નક્કી કરે. કેવળજ્ઞાનનું સ્વરૂપ (નક્કી કરે). પોતાને ખબર પડે (કે) પોતે સાચું સમજે છે, ખોટું સમજે છે. સાચી જિજ્ઞાસા હોય તો સમજે. આત્માની જ લગની લાગી હોય તો સમજે. નહિતર ખોટામાં એમ માની લે કે આપણે સાચું સમજીએ છીએ. એમ પણ થઈ જાય. જો સાચી લગની ન હોય તો એવું થઈ જાય એને. પગથિયા તો અનેક જાતના આવે. એને રુચિ મંદ થાય, તીવ્ર થાય, પુરુષાર્થ કરે, આગળ જાય. અનેક જાતના પોતાના પરિણામ પોતે ઓળખે, બીજું કોઈ ઓળખે નહિ.

પોતે આગળ જાય છે કે પાછો જાય છે, શું થાય છે એ બધું પોતે ઓળખે પોતાને. બીજું કોઈ ઓળખે નહિ. બહારથી ન ખબર પડે. સાચો નિર્ણય છે કે નથી? કે અંદર દૃઢતા પોતાને કેટલી છે? પોતાના વિચારમાં ભૂલ થાય છે, શું થાય છે? એ બધી લગની, સાચી જિજ્ઞાસા હોય તો સમજાય. નહિતર એને એમ થાય કે આપણે

બધું સમજી ગયા છીએ. સમજી ગયા છીએ, હવે તો પુરુષાર્થ કરવાનો બાકી છે એમ થાય. ક્યાં દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપ સમજવામાં ખામી છે? એ પોતાની સાચી લગની ન હોય તો ખબર ન પડે કાંઈ. તો ભ્રમ થઈ જાય એને કાંઈક. પોતે ધ્યાન ખૂબ કરે તો મને કાંઈક પ્રગટ થઈ ગયું એવું પણ માની લે. સાચો નિર્ણય કરે તો, હા તો એમ જ છે એમ થઈ જાય. એની મહિમા કેટલી આવવી જોઈએ એ બધું સમજે પોતે. ખરી જિજ્ઞાસા હોય તો સમજે, નહિતર ભૂલ થાય. થોડામાં ઝાઝું માની લે એવું થાય. કો'ક એને વાહ-વાહ કહે તો પોતાને અંદર માન ચડી જાય. એ તો અનેક જાતના પગથિયા આવે છે વચમાં. મારે કરવાનું બાકી છે એ ભૂલી જાય. જાણે મેં બધું કર્યું, મને તો ઘણું આવડી ગયું. એવું બધું આવે વચમાં. એ બધું પોતે આત્માર્થી હોય તો પોતે બધું ગૌણ કરીને આગળ જાય.

પ્રશ્ન :- સ્વરૂપનું ભાવભાસન અને આત્માનો અનુભવ બંને એક છે કે તફાવત છે?

ઉત્તર :- ભાવભાસન અને અનુભવ. ભાવ તો એણે ભાવને ગ્રહણ કર્યો, સ્વભાવને અંદરથી ઓળખી લીધો અને અનુભૂતિ તો એની પરિણતિ સ્વરૂપમાં જામી ગઈ છે. ભાસન એટલે એ તો એના જ્ઞાનમાં આવ્યું. ભાવ જેવો છે એવો એણે ગ્રહણ કર્યો. સ્વભાવભાવને ગ્રહણ કર્યો. આ તો સ્વરૂપમાં જામી ગયો છે પોતે. અનુભવ એ જુદું છે અને ભાવભાસન જુદું છે. એનો તફાવત છે. એનું ભાવનું ભાસન માત્ર થાય છે, ઓલી એને અનુભૂતિ થાય છે. ભાવ એને ગ્રહણ થાય છે કે આ સ્વભાવે હું છું. એમ. ઓલું તો એની પરિણતિ સાક્ષાત્ અનુભૂતિ થાય છે. જેમ છે એમ પોતે એમાં સ્વરૂપમાં જામી જાય છે. અનુભૂતિથી આત્મા ઓળખાય છે, ઓલા ભાસનથી ઓળખાય છે.

પ્રશ્ન :- અનુભવ પહેલા ભાવભાસન હોય?

ઉત્તર :- હા. પહેલા ભાવભાસન થાય છે.

પ્રશ્ન :- ભાવભાસનમાં જ્ઞાનની મુખ્યતા અને અનુભૂતિમાં ચારિત્રની મુખ્યતા એમ લેવું?

ઉત્તર :- ભાવભાસન એ ભલે જ્ઞાનની મુખ્યતા, ઓલામાં ચારિત્રની એમ નથી. એ સાચી સમ્યક્ પરિણતિ જ એ વખતે થાય છે અનુભૂતિ વખતે. આ તો એને ભાવભાસન થયું છે. હજી એને પરિણતિ નથી પ્રગટ થઈ. એ સમ્યક્ નામ એ પરિણતિ પ્રગટ થાય ત્યારે એને નામ અપાય છે.

પ્રશ્ન :- ભાવભાસન થાય તો સમ્યક્ તો થાય જ?

ઉત્તર :- યથાર્થ હોય તો થાય. કારણ યથાર્થ હોય તો કાર્ય આવે.

પ્રશ્ન :- ધારણા જ્ઞાન અને ભાવભાસન (એમાં શું તફાવત છે)?

ઉત્તર :- ધારણા જ્ઞાન એને વિચારથી નક્કી કરે છે, યુક્તિથી, ન્યાયથી. ઓલામાં ભાવ એને અંતરમાં એવી જાતનો એમ કે બસ! આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું. સ્વભાવ ઉપરથી જ એ નક્કી કરે છે કે આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું. એમ એના સ્વભાવો ઉપરથી નક્કી કરે છે કે આ જે જ્ઞાન-જ્ઞાન થઈ રહ્યું છે તે હું છું. અંદર જ્ઞાયક તે હું છું. એમ ભાવ ઉપરથી નક્કી કરે છે એ ભાવભાસન છે. વિચારો, યુક્તિથી, દલીલથી નક્કી કરે વિચારોથી, વિચારથી નક્કી કરે. (આમાં) પોતાને ભાવમાં ભાસે છે કે આ જ્ઞાયક તે હું છું.

પ્રશ્ન :- ધારણા જ્ઞાનમાં યુક્તિ અને ન્યાયથી નક્કી કર્યું હોય અને ભાવભાસનમાં સ્વરૂપને ઓળખીને...

ઉત્તર :- હા, સ્વરૂપને અંદર ભાવને ઓળખીને નક્કી કરે છે.

પ્રશ્ન :- ધારણા જ્ઞાન સાચું હોય છતાં ભાવભાસન ન હોય અંદર.

ઉત્તર :- ધારણા જ્ઞાનમાં ભાવભાસન હોય જ એવું કાંઈ નથી હોતું. એ તો ધારીને નક્કી કર્યું છે.

પ્રશ્ન :- ધારણાજ્ઞાન એટલે કેવળ ફોગટિયું જ્ઞાન એમ નહિ. ખાલી ધારણા કરી લીધી યુક્તિ અને ન્યાયથી.

ઉત્તર :- એમાં ધારણામાત્ર બધું સમજી લીધું, યાદ રાખી લીધું. એમ. ધારણાનો અર્થ યાદ રાખી લીધું બધું એમ થાય. નક્કી કર્યું વિચારથી. જે શાસ્ત્રમાં આવે છે, જે 'ગુરુદેવે' કીધું છે એ બધું પોતે ધારી લીધું. પણ એના પોતાના ભાવમાં બેસાડવું અંદર (કે) 'આ જ્ઞાયક તે હું' એ જુદું રહી જાય છે.

પ્રશ્ન :- જ્ઞાનના સ્વરૂપથી જ્ઞાયકને પકડે તો એ ભાવભાસન (કહેવાય)?

ઉત્તર :- જ્ઞાનના સ્વરૂપથી જ્ઞાયકને પકડે તે ભાવભાસન છે. ચારિત્ર-સ્વરૂપાચરણચારિત્ર એ નિર્વિકલ્પદશામાં છે. પણ એ કાંઈ ચારિત્રની મુખ્યતા એમ ન કહેવાય. એમાં તો શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર બધું સાથે છે. અને ભાવભાસન એ તો સમ્યગ્દર્શન થયા પહેલાનું એક કારણ છે. ચારિત્ર નામ તો પછી સમ્યગ્દર્શન થયા પછી આગળ જાય ત્યારે એ ચારિત્ર ગણાય છે. આ તો સ્વરૂપ આચરણ ચારિત્ર જે સમ્યગ્દર્શનની સાથે જે હોય જ છે એમાં એનો સમાવેશ થાય છે.

પ્રશ્ન :- માતાજી! ધર્મીને રાગ થાય છે પણ રાગનો રસ નથી. એ વાત આપના શ્રીમુખેથી બહુ સ્પષ્ટ સમજવી છે. રાગનો રસ કોને કહેવો? રાગ તો ખ્યાલમાં છે, રાગ તો જ્ઞેયમાં (જાય છે). રાગનો રસ એને હોતો નથી. આમ જોઈએ બહારથી તો રસ પકડી શકાતો નથી. તો આપના શ્રીમુખેથી સમજવું છે કે રસ કોને કહેવો?

ઉત્તર :- રાગનો રસ... અંતરથી ન્યારો રહે છે. રાગ આવે એ ક્ષણે જ આ રાગ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાયક છું, વીતરાગસ્વરૂપ છું, આ રાગ મારું સ્વરૂપ નથી. (એમ) રાગથી ન્યારો રહે છે. રાગમાં એક્તા કરીને કે આ રાગ કરવા જ જેવો છે. એવું નથી. રાગથી છૂટ્ટો રહે છે. કરવા જેવો એટલા પૂરતું નહિ પણ એનાથી ન્યારો રહે છે. એને રસ નથી. આ બધું શુભાશુભ દરેક ભાવો પ્રશસ્ત (આવે) એ પ્રશસ્તથી પણ ન્યારો રહે છે. એટલે દરેક ઉપરથી એનો રસ બધાથી ન્યારો જ રહે છે. એને એ જાતનો રસ નથી. એટલી એકત્વબુદ્ધિ થતી નથી અને રસ ઊડી ગયો છે અંતરમાં. બધી એની આકુળતા જ લાગે છે. એનાથી રસ ઉતરી ગયો. બસ! એક મારો આત્મા જ્ઞાયક એનો જ રસ. તે જ નિવૃત્તમય સુખસ્વરૂપ છે. આ બધું આકુળતારૂપ છે. રાગથી જુદો રહે છે એના તે સાક્ષીભાવે રહે છે. એનો રસ ઉતરી ગયો છે. ગમે તેવા ઊંચા ભાવોમાં હોય તોપણ ન્યારો રહે છે.

પ્રશ્ન :- જ્ઞાનીનું ન્યારાપણે રહેવું એનું નામ એને રાગનો રસ નથી એમ લેવું?

ઉત્તર :- હા. રસ ન હોય તો જ ન્યારો રહી શકે. રસ જેને હોય એ રાગની સાથે ભેગો થઈ જાય. જેને રસ નથી એ જ એટલો છૂટો રહી શકે છે. ન્યારો રહે છે એ જ એને રાગનો રસ નથી. એટલે જ એ ન્યારો રહી શકે છે. રસ જેને હોય એ ન્યારો રહી શકે જ નહિ.

પ્રશ્ન :- એક એવી વ્યાખ્યા બાંધવામાં આવે છે કે રાગ થયો અને રાગમાં એને મજા પડે છે તો એને ત્યાં એકતાબુદ્ધિ અને રાગનો રસ છે. મજા પડે છે એ કયા લક્ષણથી આપણે (ઓળખવું)?

ઉત્તર :- રાગની એકત્વબુદ્ધિ એ જ એનો રસ છે. રાગથી છૂટો નથી પડતો એ. એ તો ઘણા જીવો વૈરાગી હોય છે. એને સંસારથી વૈરાગ્ય આવ્યો હોય છે. એને કાંઈ રસ રહ્યો નથી. અને એને કોઈ અશુભભાવોનો રાગ નથી એટલે એ વૈરાગી છે. એટલે એ તો ન્યારો-વિરક્ત દેખાય છે. બધું દેખાય છે. ત્યાગીને ચાલ્યો જાઉં એવી ભાવના હોય છે, પણ શુભભાવનો રાગ છે એને. એ શુભભાવોમાં એવો રાગ છે એને (કે) એક્તાબુદ્ધિ જેવો રાગ છે કે આ બધું તો જાણે કેમ સર્વસ્વ હોય. એવો

રાગ છે. માટે એને રાગ ઊભો જ છે. એક બાજુથી વિરક્ત દેખાય પણ બીજી બાજુ પાછો એવો રસ છે. માટે એ રાગથી છૂટો પડ્યો નથી. માટે રાગનો રસ ઊભો જ છે.

આ તો રાગમાં કેટલાક જીવો તો વૈરાગી હોય છે. એમ. એને સારું માનતાય નથી, છોડવા જેવું માને. આ બધો સંસાર આકુળતારૂપ, દુઃખરૂપ છે એવું માનતા હોય છે. એ બધું દુઃખરૂપ છે, એ બધું અનિત્ય જ છે. એવા વૈરાગી દેખાય કે કાંઈ એને રસ ન પડતો હોય, રસ ઊડી ગયો છે એવું દેખાય, પણ જે શુભભાવો હોય, શુભભાવમાં એને એવી જાતની અંદર એકત્વબુદ્ધિ હોય છે. એને લઈને એક બાજુ એકત્વબુદ્ધિ છે એટલે એને બધી બાજુ એકત્વબુદ્ધિ છે. ઓલો જે વૈરાગ્ય આવ્યો છે એ વૈરાગ પણ એને બધી રીતે ચારે તરફથી નથી. માટે રાગને આદરણીય માને છે એમ થાય છે.

પ્રશ્ન :- એને અશુભનો પણ રસ છે એમ કહેવાય?

ઉત્તર :- હા. બધો રસ પડ્યો છે અંદર. એના ઉપયોગમાં કે એમાં એને પકડાતું નથી પણ અંદરમાં પડ્યો છે એને. કોઈ હેતુથી એને છૂટી ગયો છે કે આ દુઃખરૂપ છે, આનું ફળ નથી સારું, આ નરક-નિગોદ આનું ફળ છે, આ બધું અનિત્ય છે એ ગમે ઈ હેતુથી છૂટ્યું છે, પણ પોતાનો સ્વભાવ ઓળખીને છૂટ્યું નથી એટલે પડ્યું છે બધું. પાછું એ કાંઈ દેવલોક કે કાંઈક મળે ત્યાં પાછો જે રાગ હોય એ એને ઊભો થાય. તે અંદરથી છૂટ્યો નથી.

પ્રશ્ન :- ચૈતન્યનું ગ્રહણ થાય એને જ ખરેખર રાગનો રસ નથી એમ કહેવાય?

ઉત્તર :- ચૈતન્યનું ગ્રહણ થાય તો જ રાગનો રસ (નથી). દરેક ભાવો ઉપરથી રસ છૂટી જાય તો જ એને રસ છૂટ્યો છે. ચૈતન્યનું ગ્રહણ થાય, ચૈતન્યતાની રુચિ થાય. ભલે એને ભાવનારૂપે છે. એકત્વ પરિણતિ છૂટીને થાય એ જુદું છે પણ એને ભાવનારૂપે છે કે કોઈ વિકલ્પનો અંશ કોઈ પણ મને સુખદાયક નથી, કાંઈ આદરણીય નથી. એવી રુચિ અંદર થાય, ચૈતન્યને ગ્રહણ કરે તો એને ભાવનારૂપે એવી રીતે રસ છૂટેલો છે.

પ્રશ્ન :- પછી કોઈ વખતે અશુભમાં આમ રસ વેદાતો પણ દેખાય.

ઉત્તર :- એને દેખાય, પણ જેને શુભમાંથી છૂટ્યો એને અશુભભાવોમાંથી તો અંદર અમુક પ્રકારે છૂટેલો જ હોય એની રુચિમાં. પણ એ બહારમાં કાંઈ કોઈ છોડી ન શકતો હોય. એમ. એ કાંઈ એને આદરણીય તો હોય નહિ. જેને શુભમાંથી છૂટો થવામાં હતો એને તો અશુભમાંથી છૂટો એને અંદરથી વૈરાગ્ય હોય, પણ કોઈ કારણે

છૂટી ન શકતો હોય. એવી રુચિ પોતા તરફની હોવી જોઈએ. એમ.

પ્રશ્ન :- જેને રુચિમાં એમ કે શુભભાવ પણ છૂટ્યો છે, એને રુચિમાં અશુભભાવ તો ન જ હોય. પછી પોતાના અમુક નબળાઈના કારણે એવો..

ઉત્તર :- ઊભો હોય પોતે. એવા ગૃહસ્થાશ્રમના કાર્યોમાં ઊભેલો હોય.

પ્રશ્ન :- ભાવનામાં આ રીતે છૂટી શકે બસ?

ઉત્તર :- હા. ભાવનામાં છૂટી શકે. આદરણીય એક ચૈતન્ય જ છે, બીજું કાંઈ આદરણીય નથી. એક ચૈતન્ય જ ગ્રહણ કરવાયોગ્ય છે. બીજું કાંઈ ગ્રહણ કરવાયોગ્ય નથી. જે 'ગુરુદેવે' માર્ગ કીધો અને જે પોતાને અંદરથી બેઠો. બસ! એક ચૈતન્ય જ ગ્રહણ કરવા જેવું છે, બીજું કાંઈ ગ્રહણ કરવા જેવું નથી. બીજું બધું હેય છે, એક ચૈતન્ય આદરણીય છે. શુભભાવો વચ્ચે અશુભભાવોથી બચવા માટે શુભભાવો આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના જે શુભભાવો આવે છે, પણ ચૈતન્યની અપેક્ષાએ કાંઈ આદરણીય નથી. ચૈતન્ય જ આદરણીય અને તે જ મહિમાવંત છે.

પ્રશ્ન :- ભાવનાથી રાગનો રસ છૂટે છે એમાં જ્ઞાન તો સમ્યક્ નથી. એટલે ત્યાં એ પકડવું કે ખરેખર ભાવનાથી છૂટ્યો છે અને છતાં બહારમાં એમ કે સાચું જ ખરેખર ભાવનાથી છૂટ્યું છે એવો નિર્ણય થવામાં ત્યાં થોડો એ લાગ્યું..

ઉત્તર :- પોતે ક્યાં ઊભો છે એ પોતાને ગ્રહણ કરવાનું રહે છે કે પોતાને કેવી રીતે છૂટ્યું છે. અંદર ચૈતન્યની મહિમા આવીને, ચૈતન્ય તરફની શ્રદ્ધા કેવી છે? રુચિ કેવી છે? એ પોતાનું પોતાને વિચારવાનું રહે છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૭ B

પ્રશ્ન :- .. અને અજ્ઞાનને રસ્તે અસત્ય આવે. આ વાક્ય પછી અજ્ઞાની ગમે ત્યાં જાય કે ગમે ત્યાં ઊભો હોય પણ હું જાણું છું, હું સમજું છું, આના કરતાં હું વધારે છું વગેરે ભાવ તેને આવ્યા વિના રહેતા નથી. અને જ્ઞાનીને ગમે તે ભાવમાં, ગમે તે પ્રસંગમાં સાક્ષીપણે રહેવાની તાકાત છે. આના અનુસંધાનમાં આ કઈ રીતે કે

સ્વભાવને રસ્તે સત્ય આવે અને અજ્ઞાનને રસ્તે અસત્ય આવે?

ઉત્તર :- સ્વભાવ તરફ વળ્યો તો એમાં સત્ય જ આવે. જેણે સ્વભાવ ગ્રહણ કર્યો એમાં બધું સત્ય જ હોય, અસત્ય એમાં નથી આવતું. એટલે જે મૂળમાર્ગ જેણે ગ્રહણ કર્યો એમાં બધું સત્ય આવે છે અને માર્ગ જેણે ગ્રહણ નથી કર્યો એને બધું અસત્ય આવે છે. એટલે કે યથાર્થતા તો સમજ્યો નથી એટલે બધું અસત્ય છે. એ ભલે વ્યવહારમાં સત્ય એનું હોય, પણ અંદર તાત્ત્વિક રીતે એનું બધું અસત્ય હોય છે. અને જે સ્વભાવને રસ્તે ગયો એનું બધું યથાર્થ સત્ય હોય છે. સ્વભાવને ઓળખ્યો, એણે સ્વભાવને ગ્રહણ કર્યો, સ્વભાવના દ્રવ્ય-ગુણ-પર્યાય સમજ્યો એ સ્વભાવને રસ્તે બધું સત્ય જ હોય છે અને જે નથી સમજ્યો, એકત્વબુદ્ધિ છે, જેના અભિપ્રાયની અંદર અનેક જાતના વિચારો કાંઈક જુદા છે એને અજ્ઞાનને રસ્તે બધું અસત્ય હોય છે. એક ઊંધું એની પાછળ બધું ઊંધુ ઊંધુ આવે છે.

પ્રશ્ન :- તાત્ત્વિ સત્ય અને અજ્ઞાન .. અસત્ય, તો તાત્ત્વિક સત્ય કહીને આપને શું કહેવું છે?

ઉત્તર :- એટલે કે સાચું વસ્તુનું સ્વરૂપ જે દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે? આત્મા શું છે? પુદ્ગલ શું છે? એ બધું એનું જે યથાર્થ સ્વરૂપ છે એ સ્વરૂપ અજ્ઞાનને રસ્તે યથાર્થ આવતું નથી. સ્વભાવને રસ્તે જે સ્વભાવને ઓળખે છે કે આ મારો સ્વભાવ છે. એમાં સમ્યગ્દૃષ્ટિઓ એને રસ્તે તો બધું સત્ય જ હોય છે. અને જે અજ્ઞાને છે એને રસ્તે બધું અજ્ઞાન હોય છે. અજ્ઞાનીને.... શુદ્ધ જાણે તો શુદ્ધ મળ્યું અને અશુદ્ધ જાણે તો અશુદ્ધતા મળે છે. એટલે જે શુદ્ધતા પ્રગટ થઈ એમાં બધી શુદ્ધતા જ આવી. સ્વભાવને રસ્તે સ્વભાવ જ પ્રગટે છે અને અજ્ઞાનને રસ્તે બધું અજ્ઞાન જ પ્રગટે છે. પણ એમાં જે જિજ્ઞાસુ છે, જેણે ગુરુની વાણી સાંભળી છે એને વિચાર કરવાનો અવકાશ છે કે શું ગુરુએ કીધું છે? અને સ્વભાવ શું છે? એને વિચાર કરીને યથાર્થ નિર્ણય કરે છે. પરિણતિ એની હજી એકત્વબુદ્ધિમાં છે. એના રસ્તામાં બધું એ પરિણતિમાં એકત્વ માટે બધું અસત્ છે, પણ પોતે વિચાર કરે છે સ્વભાવના એ એક વાત જુદી છે પણ એકત્વબુદ્ધિમાં બધું અસત્ છે અને સ્વભાવમાં ભેદજ્ઞાન થયું, સ્વભાવને ગ્રહણ કર્યો એટલે બધું સત્ છે, યથાર્થ છે.

પ્રશ્ન :- અજ્ઞાનના રસ્તે અસત્ય આવે. હું જાણું છું, હું સમજું છું, હું કાંઈક છું એ બધું અસત્ય છે?

ઉત્તર :- એ બધું અસત્ય છે. હું જાણું છું, હું સમજું છું, મને કાંઈક આવડે છે,

હું આના કરતા મોટો છું એ બધું અસત્ય છે.

પ્રશ્ન :- એ અસત્ય કેવી રીતે?

ઉત્તર :- હું જાણું છું એ એક જાતનું અભિમાન છે. હું જાણું છું. હું આના કરતા મોટો. જાણવાનો સ્વભાવ જ આત્માનો છે એમાં વળી હું જાણું છું, આ નથી જાણતો એ બધું એક જાતનું અભિમાન (છે) અને અભિમાન સાથે એકત્વબુદ્ધિ છે. બધું અજ્ઞાન જ છે. અજ્ઞાનને રસ્તે એને અભિમાન થવાનો અવકાશ છે. સાચો જિજ્ઞાસુ નથી. એને થોડું જાણે તો હું કાંઈક જાણું છું (એમ થઈ જાય છે). જાણવાનો સ્વભાવ જ આત્માનો છે. અનંત જાણવું એનો સ્વભાવ જ છે. એમાં આટલું જાણ્યું એમાં હું જાણું છું. હજી તો ક્યાંય આગળ જવાનું બાકી છે. એમાં હું જાણું છું એ તો એને એક અટકવાનો રસ્તો છે બધો. કેટલું જાણવાનું બાકી છે. એક સાધકદશા પ્રગટી, સમ્યગ્દર્શન થાય તો એને આગળ જવાનું બાકી છે. આત્માનો સ્વભાવ તો પૂરેપૂરું જાણે એવો એનો સ્વભાવ છે. થોડું જાણે એમાં હું જાણું છું, એ તો એક અભિમાન છે એ જાતનું.

પ્રશ્ન :- અભિમાનનું આવવું એ અજ્ઞાનનો રસ્તો થયો?

ઉત્તર :- હા, એ અજ્ઞાનનો રસ્તો (છે). હું જાણું છું એ અજ્ઞાનનો રસ્તો. હું જાણું છું, હું જાણું છું તો જાણનાર મારો સ્વભાવ જ છે. એમાં જાણું છું, આના કરતા વધારે જાણું એમ પોતાને મોટાઈનો એક જાતનો અભિપ્રાય આવે છે. આત્મા મોટો શું પણ આત્માનો સ્વભાવ જ એ છે. એમાં એવો વિકલ્પ અને એમાં રોકાવું ઈ એને અજ્ઞાનમિશ્રિત અભિમાન આવે છે. એમ. એને અજ્ઞાન સાથે અભિમાન જોડાયેલું છે. એમ.

પ્રશ્ન :- થોડું જાણે છે એમાં હું જાણું છું એમાં એ પર્યાયનું અહંપણું કરે છે માટે એને અજ્ઞાનના ફળમાં અસત્યનું આવવું હોય છે.

ઉત્તર :- હું જાણું છું. પર્યાયે થોડું જાણું છું એ જાણું છું, એ પર્યાય તે હું અને હું એ ક્યાં પર્યાયનો, દ્રવ્યનો કાંઈ ભેદ નથી પડ્યો. એ અભિમાનમાં જોડાઈ ગયો છે. એકત્વબુદ્ધિ થઈ રહી છે. પર્યાય તે હું. આ વિભાવપર્યાય તે હું છું એવી એકત્વબુદ્ધિ થઈ ગઈ છે. એનો અટકવાનો રસ્તો છે. એની જિજ્ઞાસામાં આત્માર્થપણામાં બધામાં ખામી છે. એટલે એમાં રોકાઈ જાય છે.

પ્રશ્ન :- સ્વભાવને રસ્તે સત્ય આવે. સ્વભાવના રસ્તે સત્ય આવે એટલે શું?

ઉત્તર :- સ્વભાવને ગ્રહણ કરે તો બધું યથાર્થ જ આવે. સ્વભાવ તે સત્ય છે.

સ્વભાવ જે સત્યસ્વરૂપને ઓળખે, જ્ઞાયક સ્વભાવને ઓળખે, એ જ્ઞાયકને ઓળખ્યો એમાં બધું યથાર્થ આવે. જ્ઞાયક શું? વસ્તુ શું? ગુણ શું? પર્યાય શું? સમ્યગ્દર્શન શું? એ બધું સ્વભાવને-મૂળ વસ્તુને ગ્રહણ કરી તો એમાં બધું મૂળ જે યથાર્થ છે તે આવે સ્વભાવને રસ્તે. અજ્ઞાન અને વિભાવને રસ્તે બધો વિભાવ આવે છે. વિભાવ કહો, અજ્ઞાનદશા, અશુદ્ધતા, એને રસ્તે એમાં એકત્વબુદ્ધિ થઈ રહી છે. એને રાખીને બધું મિશ્રિત જાણે છે માટે બધું એને જુદું કાંઈ જણાતું નથી એટલે બધું અસત્ય આવે છે. બધું ભેગું જણાય છે. વસ્તુના જુદાં જુદાં સ્વભાવો છે. એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં એ કાંઈ એને જણાતું નથી. શાસ્ત્રોથી જાણે એ જુદી વાત છે. બાકી યથાર્થ જુદું નથી પડ્યું માટે યથાર્થ નથી. એમ.

શાસ્ત્રોને જાણી લીધા એમ જાણે એ જુદી વાત છે. પણ અંદરથી સ્વભાવ સત્ પ્રગટ નથી થયો એટલે ક્યાંક ક્યાંક ભૂલે છે અંદર. શુદ્ધ સ્વભાવને લક્ષમાં લીધો શુદ્ધતાને, એમાં શુદ્ધ પર્યાય પ્રગટ થઈ. સત્ સ્વભાવને ગ્રહણ કર્યો એટલે એમાં બધું સત્‌ને રસ્તે જ ગયો ઈ અને સત્‌ને ગ્રહણ નથી કર્યું એટલે ઈ અસત્‌ને રસ્તે (ગયો). એમાં બધી પર્યાયો અજ્ઞાનતાની પ્રગટી છે. અજ્ઞાન છે એની પાછળ બધું અજ્ઞાન છે. મૂળમાં નથી સાચું એટલે બધું અસત્ છે. એમ.

પ્રશ્ન :- માતાજી! એક બીજો પ્રશ્ન છે કે કોઈ જીવોને નિર્ણયની દૃઢતા હોય છે અને કોઈ જીવોને નિર્ણયની દૃઢતા નથી હોતી. તો એમાં આજુબાજુ બીજા કોઈ ગુણોની સાથે સંબંધ રાખતું હશે? જેમ કે નિઃસ્પૃહતા હોય ત્યાં દૃઢતા હોઈ શકે. આત્માની દૃઢતા, આત્માના તત્ત્વના નિર્ણયની દૃઢતાનો પ્રશ્ન છે, બીજી કાંઈ લૌકિકની વાત નથી. એમાં દૃઢતા ન હોય તો દૃઢતા એને કેળવાય એના માટે કોઈ એવું સાધન?

ઉત્તર :- દૃઢતા વિચાર નક્કી કરીને કરે દૃઢતા. એ આત્માર્થીને આત્માનું પ્રયોજન (છે) કે મારે આત્માનું જ કરવું છે, એમ કરીને વિચાર કરીને નિર્ણય કરે. અને કોઈને એટલી આત્માની પડી ન હોય તો નિર્ણય ન થાય, શંકાશીલ કોઈ રહ્યા કરે. નિર્ણય કરી નથી શકતો. આ સાચું કે તે સાચું? એમ નિર્ણય નથી કરી શકતો એટલી પોતાને આત્માને પડી નથી એટલે નિર્ણય નથી કરી શકતો. ક્યાં તો પ્રમાદમાં કે ક્યાંક ક્યાંક રોકાઈ જાય છે. માટે નિર્ણય નથી કરી શકતો અને કેટલાકને આત્માની પડી હોય એ નિર્ણય કરી લે છે. મારે આત્માનું જ કરવું છે. સાચું શું છે એ નક્કી કરે છે વિચારથી. ઓલું પોતાને એટલી લાગી નથી, એટલો પ્રમાદ છે. સાચું કાંઈ

સમજાતું નથી, એટલો પુરુષાર્થ કરતો નથી એટલે શંકામાં ડાલમડોલ થયા કરે છે.

પ્રશ્ન :- ટૂંકામાં એમ લેવાય કે જેને આત્માની પડી હોય એને સાચો નિર્ણય આવે અને જેને આત્માની નથી પડી એને ડામાડોળપણું રહ્યા કરે છે.

ઉત્તર :- આત્માની જેને પડી છે એને જ સાચો નિર્ણય આવે. આત્માની નથી પડી એને નિર્ણય કરે તોપણ ડાલમડોલ થયા કરે છે. આત્માની પડી નથી અને આમ ઉપરથી વિચારો કર્યા કરે એટલે એને નિર્ણય થાતો નથી.

પ્રશ્ન :- 'હું જ્ઞાયક છું' એ ભાવમાં હું અને જ્ઞાયક બંને એક સાથે હોઈ શકે?

ઉત્તર :- 'હું જ્ઞાયક છું' એ એને બોલવામાં એમ આવે. અંદર વિકલ્પ કરે કે હું જ્ઞાયક છું. ગુણ-ગુણીનો ભેદ પડે છે. ખરી રીતે હું જ્ઞાયક તે જ્ઞાયક જ છું. પણ હજી જ્ઞાયકને સમજતો નથી એટલે એને જ્ઞાયકને સમજવા માટે 'હું જ્ઞાયક છું' એમ વિકલ્પ આવે. એ તો વિકલ્પથી છે. હું જ્ઞાયક. આ જ્ઞાનગુણ અને આ જ્ઞાન છે તે હું. એમ જ્ઞાન અને ગુણી એમ ભેદ (પડે છે) અથવા વિકલ્પથી હું જ્ઞાયક છું. એટલે વિકલ્પથી નક્કી કર્યું એમાં પણ ભેદ પડે છે. ખરી રીતે જ્ઞાયક તે જ્ઞાયક જ છે. તે સહજ જ્ઞાયક છે. એ સહજ એને ગ્રહણ કરવો ઈ બરાબર છે. પણ એ પહેલા એવી રીતે ગ્રહણ કરી શકતો નથી એટલે 'હું જ્ઞાયક છું' એમ એને આવે છે.

હું જ્ઞાયક છું. ભલે એમાં જ્ઞાનગુણ તે હું અને આ ગુણી એમ ભેદ ન પાડતો હોય તોપણ 'હું જ્ઞાયક છું' ઈ પણ વિકલ્પ છે. વિકલ્પથી પોતાને જાણ્યો માટે ભેદ પડે છે. પણ હું જ્ઞાયક તે જ્ઞાયક, સહજ જ્ઞાયક છું. એ પહેલા એ કરી શકતો નથી વિકલ્પ તૂટ્યા પહેલા એ નથી કરી શકતો એટલે વચ્ચે આવે છે 'હું જ્ઞાયક છું'.

આ જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એ બધા ગુણોના ભેદ પડે, પણ એ વિકલ્પ છે. ખરી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્મા તે જ આત્મા છે. 'હું જ્ઞાયક' એ પણ ભેદ પડે છે. રાગનો વિકલ્પ છે (કે) 'હું જ્ઞાયક છું'. પણ વચ્ચે એવા વિકલ્પ આવ્યા વગર રહેતો નથી. વિકલ્પની પાછળ જે જ્ઞાયક છે એ જ્ઞાયકને ગ્રહણ કરવાનો છે.

પ્રશ્ન :- એનું વચલું સ્ટેજ છે?

ઉત્તર :- હા. વચ્ચે એમ આવે છે, 'હું જ્ઞાયક છું'. આ શરીર તે હું નથી, વિભાવ હું નથી. એના દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ ઉપર દૃષ્ટિ નહિ દેતા, દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ ઉપર દૃષ્ટિ નહિ દેતા એ ભેદને ગૌણ કરીને, અંદર ગુણો છે, પર્યાય છે એ બધાને ગૌણ કરીને પણ 'હું જ્ઞાયક છું' એમ વિકલ્પ આવે એ પણ એક

વિકલ્પ છે. પણ હું સહજ જ્ઞાયક. વિકલ્પ તૂટીને હું જ્ઞાયક તે જ્ઞાયક છું. ખરું એ છે. પણ વચ્ચે આ બધું આવે છે. વિકલ્પ તે હું નહિ, જ્ઞાયક તે હું. હું જ્ઞાયક છું તે વિકલ્પ તે હું નહિ પણ હું જ્ઞાયક જે છે તે જ્ઞાયક છે. એ બધું શબ્દમાં એમ જ આવે. અંદર તત્ત્વને ગ્રહણ કરવાનું છે.

પ્રશ્ન :- તત્ત્વના નિર્ણયમાં તો યથાર્થ રુચિની જરૂર (હોય છે).

ઉત્તર :- રુચિની જરૂર. આત્માનું પ્રયોજન. રુચિ સાથે બધું... એક રુચિની સાથે બધું (હોય છે). નિર્ણય, રુચિ સાચી હોય તો નિર્ણય સાચો થાય છે. એમાં ભલે એને જ્ઞાન ઝાઝું ન હોય પણ પ્રયોજનભૂત જ્ઞાન હોય તો એને નિર્ણય સાચો થઈ જાય છે. અને જેને આત્માની બહુ પડી નથી, રુચિ અમુક (થઈ છે), એને બહુ જ્ઞાનનો ક્ષયોપશમ હોય, વિચારો ઘણા કરે પણ નિર્ણય ન કરી શકે. કારણ કે આત્માની પડી નથી તો નિર્ણય કરી શકતો નથી. શાસ્ત્ર જાણતો હોય, બધું કરતો હોય પણ અંદર નિર્ણય પોતાને આત્મસ્વભાવ ઓળખીને કરવો હોય તો નિર્ણય કરવામાં તો આત્માની લાગી હોય તે જ સાચો નિર્ણય કરી શકે. ઓલો સ્થૂળ નિર્ણય કરી શકે એ જુદી વાત છે.

પ્રશ્ન :- માતાજી! હું જ્ઞાયક છું. એનો અર્થ તો જ્ઞાયક જ મને લાભરૂપ છે, બીજું કોઈ લાભરૂપ નથી. એ જ એનો અર્થ?

ઉત્તર :- હું જ્ઞાયક છું, મારો સ્વભાવ જ્ઞાયક છે. હું વસ્તુ સ્વરૂપે હું જ્ઞાયક છું. આ પુદ્‌ગલ તે હું નથી કે વિભાવ તે હું નથી. કાંઈ વસ્તુના ભેદ પડે એ તો ગૌણ છે, પણ હું એક જ્ઞાયક છું. અને તે જ્ઞાયક કેવો છે? કે તે જ્ઞાયક મહિમાવાળો છે. એ મહિમાવાળો જ્ઞાયક લાગે તો જ એને ગ્રહણ કરે છે, નહિતર ગ્રહણ કરતો નથી. તે જ્ઞાયક સુખરૂપ છે, તે જ્ઞાયક મહિમાવાળો છે એવું એને લાગે તો જ એ જ્ઞાયકને ગ્રહણ કરે છે. એનો સ્વભાવ ઓળખે. સ્વભાવ ઓળખે પણ એ સ્વભાવ મારો મને સુખરૂપ, આનંદરૂપ અને મહિમાવંત છે. એવી એને મહિમા આવે તો એ જ્ઞાયકને ગ્રહણ કરે છે.

પ્રશ્ન :- જ્ઞાયક તે મારો સ્વભાવ છે અને એ જ મને હિતરૂપ અને લાભરૂપ છે અને બીજું કોઈ લાભરૂપ નથી એનું નામ જ્ઞાયકની રુચિ, એનું નામ હું જ્ઞાયક છું.

ઉત્તર :- હા. જ્ઞાયકની રુચિ, એનું નામ જ્ઞાયક. એ જ જ્ઞાયકને ગ્રહણ કરે છે અને એ જ્ઞાયકને ગ્રહણ કર્યો. સ્વભાવ ઓળખીને ગ્રહણ થાય છે, બીજું કાંઈ નથી. જ્ઞાયક એકલો જ્ઞાયક. એમાં વિકલ્પ નથી. ઘણા કહે છેને? સિદ્ધ ભગવાનમાં કાંઈ

નથી? એકલા સિદ્ધ ભગવાન શું કરે? કાંઈ વિકલ્પ નહિ, કાંઈ નહિ. કોઈને સુખરૂપ ન લાગે તો એને એ જ્ઞાયક ઓળખાતો નથી. પણ જ્ઞાયક ભલે વિકલ્પ વગરનો જ્ઞાયક તે જ જ્ઞાયક મને હિતરૂપ, સુખરૂપ અને મહિમાવંત છે. એમ જ્ઞાયકની મહિમા એને આવવી જોઈએ.

ઘણા એમ કહે 'ગુરુદેવ'ને કે, જ્ઞાયક કાંઈ બોલે નહિ, જ્ઞાયક કાંઈ કરે નહિ એવો જ્ઞાયક શું કરવો? કો'ક પૂછતા હતા 'ગુરુદેવ'ને કે કાંઈ એવો ધોયેલ મૂળા જેવો કાંઈ કરે નહિ એને શું અમારે કરવો? એમ કહેતા હતા. જ્ઞાયકની મહિમા આવે તો જ એ જ્ઞાયકને સાચો ઓળખે છે કે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે, જ્ઞાયક જ મહિમાવંત છે, જ્ઞાયક જ હિતરૂપ અને સુખરૂપ છે. એવું એને લાગે અને તો એ સ્વભાવ યથાર્થ જ્ઞાયક એને ગ્રહણ થાય, નહિતર જ્ઞાયક ગ્રહણ થતો નથી.

પ્રશ્ન :- એનું જેવું સ્વરૂપ છે એવું યથાર્થ સ્વરૂપ એના ખ્યાલમાં (આવવું જોઈએ).

ઉત્તર :- એના ખ્યાલમાં હોવું જોઈએ.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૭ C

... આશ્રય સાથે જોઈએ. ગુરુ શું કહી રહ્યા છે? શાસ્ત્રમાં શું આવે છે? ગુરુ શું કહે છે? એનો આશ્રય લઈને પોતે પોતાનો સ્વાધ્યાય કરે અંતરમાં કે ગુરુએ શું કીધું છે? અને ગુરુનો શું આશય છે? એ આશય ગ્રહણ કરીને પોતે પોતાનો સ્વાધ્યાય કરે તો એને યથાર્થ ગુરુ શું સમજાવી રહ્યા છે અને ગુરુએ શું કીધું છે? કે જ્ઞાયક આત્માનો આશ્રય કર. એ આશ્રયથી તું અંદર જ્ઞાયક, તને જ્ઞાયક પ્રગટ થાશે. એમાં ગુરુનો આશ્રય સાથે જોઈએ. પોતાના નિજ સ્વાધ્યાયમાં પણ પોતે ગુરુના આશ્રયે જે સ્વધ્યાય કરે, ગુરુએ જે માર્ગ બતાવ્યો એ પોતે પોતાના સ્વભાવ સાથે મેળવીને નિશ્ચય કરે તો આગળ જાય છે. શાસ્ત્ર સ્વાધ્યાય પણ સાથે હોય, ગુરુનો આશ્રય સાથે હોય અને પોતાનો નિજ, પોતાના સ્વઆલંબન સાથે હોય. એ બધું હોય તો આગળ જાય છે.

પોતાનો સ્વાધ્યાય... પોતાની મતિકલ્પનાએ માર્ગ ઓળખવો મુશ્કેલ પડે છે.

શાસ્ત્રોના અર્થો કરવા પોતાની મેળાએ મુશ્કેલ પડે છે. પોતાનો સ્વ-અધ્યાય પણ પોતાની મેળે મુશ્કેલ પડે છે. ગુરુએ શું કીધું છે? ગુરુનો આશ્રય લઈ અને જો તરે અને ગુરુનો આશય ગ્રહણ કરીને પોતે મૂળ પ્રયોજનભૂત તત્ત્વને ઓળખી લે. પ્રયોજનભૂતને ઓળખે તો એને તરવાનું સહેલું થાય છે. જ્ઞાયકનો આશ્રય મુખ્ય છે, પોતાની સ્વાધ્યાય મુખ્ય છે, પણ એને સમજવા માટે, શાસ્ત્રને સમજવા માટે, પોતાના આત્માને ઓળખવા માટે, પ્રયોજનભૂત તત્ત્વને ઓળખવા પોતે તત્ત્વનો વિચાર કરે, પણ એમાં ગુરુનો આશ્રય એની સાથે હોય છે. એનો આશય સમજવો જોઈએ.

પોતાની મતિકલ્પનાએ અર્થો કરે, પોતાની મતિકલ્પનાએ વિચાર કરે, એમાં બધો વિચાર આશય સમજીને કરે અને જ્ઞાયકનો આશ્રય લે તો આગળ જાય છે. પોતાની સ્વાધ્યાયમાં જ્ઞાયકનો આશ્રય ગ્રહણ કરે, જ્ઞાયકનો નિશ્ચય કરે. ગુરુએ શું કીધું એમ કરીને જ્ઞાયકનો આશ્રય ગ્રહણ કરે. .. નહિ પણ જ્ઞાયક આશ્રય જે મુખ્ય છે એનો આશ્રય ગ્રહણ કરે. જ્ઞાયકનું મૂળ તત્ત્વ છે એને ગ્રહણ કરે. એનો સમ્યક્‌પણે આશ્રય લે તો એ જ્ઞાયકનો આશ્રય એને તરવાનું કામ કરે છે. પોતાને ઓળખીને થાવું જોઈએ. યથાર્થ હોય તો આગળ જાય છે.

પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે, પોતાનો નિશ્ચય કરે પણ આશ્રય જ્ઞાયકનો હોવો જોઈએ. એમાં ગુરુ શું કહે છે એ આશ્રય સાથે હોવો જોઈએ. શાસ્ત્ર હોય, પોતાની સ્વાધ્યાય હોય, બધું હોય, ગુરુનો આશ્રય પણ (હોય), પણ પોતાનો જ્ઞાયકનો આશ્રય લે તો આગળ જાય છે.

પ્રશ્ન :- આશ્રય પોતાનો લેવાનો છે અને ચાવી ગુરુગમથી પ્રાપ્ત કરવાની છે એના ઉકેલ માટે...

ઉત્તર :- હા. ગુરુ આગળથી ચાવી લેવાની છે.

પ્રશ્ન :- તો એ આગળ વધી શકે.

ઉત્તર :- તો આગળ જાય છે, તો કિનારો પાર કરે છે, સમુદ્રથી તરી જાય છે.

પ્રશ્ન :- ગુરુના આશ્રયમાં શું લેવું?

ઉત્તર :- ગુરુ શું કહે (છે)? ગુરુનો આશય ગ્રહણ કરવો. ગુરુ તત્ત્વનું સ્વરૂપ કેવું કહે છે દ્રવ્ય-ગુણ-પર્યાયનું? આત્મા જુદો છે, આત્મા જ્ઞાયક છે, આત્મામાં સુખ છે, વિભાવ પોતાનો સ્વભાવ નથી. ગુરુ શું કહે છે એ આશય ગ્રહણ કરવો. એવી રીતે નિર્ણય (કરે). પોતાની સ્વાધ્યાયમાં ગુરુનો આશ્રય લઈને, વિચાર કરીને નિર્ણય કરે

અને પછી જ્ઞાયકનો આશ્રય લે તો તરી જાય છે.

પ્રશ્ન :- 'ગુરુદેવશ્રી'ના વચનામૃતમાં એક બોલમાં એમ આવે છે કે 'પરમાર્થે આ જાણનારો છે એ એક જ હું છું' એવું અસ્તિનું જોર આવવું જોઈએ તો કાર્ય થાય. એમાં શું કહેવા માંગે છે? પરમાર્થે આ જાણનારો છે તે એક જ હું છું, એમ પોતાના હોવાપણે અસ્તિપણાથી જોવે તો પોતે જ છે, બીજું બધું નથી.

ઉત્તર :- બીજું કાંઈ નથી. એક જ્ઞાયક પોતાના અસ્તિત્વનું જોર આવવું જોઈએ. મારા જ્ઞાયકમાં બીજું કાંઈ નથી. આ વિભાવની પર્યાયો મારા મૂળ સ્વભાવમાં નથી. હું એક જ્ઞાયક જ છું, એમ પોતાના અસ્તિત્વનું જોર આવવું (જોઈએ). હું જ્ઞાયક છું, મારું સ્વરૂપ જ્ઞાયક (છે), હું જ જ્ઞાયક છું. એવું પોતાનું જોર અંદરથી આવવું જોઈએ. જ્ઞાનસ્વરૂપ વસ્તુ તે જ હું છું. એમ જોર આવે એનો આશ્રય લે તો જ એની શ્રદ્ધા થાય, તો જ એ આગળ જાય છે.

પ્રશ્ન :- હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, એવું જોર આવતા શું પરિણતિ જ્ઞાયકમાં ઢળી જતી હશે?

ઉત્તર :- પરિણતિ જ્ઞાયક તરફ જાય. જેને જ્ઞાયકના આશ્રયનું જોર આવ્યું એને રુચિ પોતા તરફ જાય તો પુરુષાર્થ પણ પોતા તરફ જાય છે. એટલે પરિણતિ પોતા તરફ આવ્યા વગર રહેતી નથી. પછી તે વિભાવ તરફ અટકી શકતી નથી. એને વધારે વધારે જ્ઞાયક તરફ જ પરિણતિ જાય છે.

પ્રશ્ન :- હું જ્ઞાનસ્વરૂપ વસ્તુ છું એટલે કે હું દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી જ્ઞાનસ્વરૂપ એક જ હું છું, એવું પોતાનું પ્રમાણભૂત અસ્તિત્વ એના ઉપર જોર આવતા શું પરિણતિ જ્ઞાયક તરફ ઢળી જાય ખરી? હું જ્ઞાયક છું એ વાત જુદી રહી અને હું એકલો જ્ઞાનસ્વરૂપ આત્મા જ છું. મારી અપેક્ષાએ બીજું કોઈ નથી. એવું પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક ચૈતન્યસ્વરૂપનું જોર આવે તો શું પરિણતિ અંતરમાં ઢળી જતી હશે?

ઉત્તર :- તોપણ ઢળે છે. હું જ્ઞાયક છું એમ આવે તોપણ ઢળે. પણ જેને હું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છું. એને ભેદ ઉપર લક્ષ છૂટી અને હું જ્ઞાયક છું તે પણ એની સાથે હોય છે અને એને દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છું એમ પણ એને સાથે હોય છે. એ બેય ભેગું હોય છે. એ ભેગું જોર આવે તોપણ એ વિભાવથી છૂટી જાય છે. બેય જોર સાથે હોય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ હું અખંડ વસ્તુ છું અને દ્રવ્યદૃષ્ટિના જોરમાં એ ગુણ-પર્યાયનું કાંઈ લક્ષ એને હોતું જ નથી. બેય જોર ભેગા હોય તોપણ

ઢળી જાય છે પોતા તરફ. એ કાંઈ આખું જાણે એટલે એને પરથી છૂટવાનું રોકતું નથી. એ જ્ઞાન સાચું થયું એટલે એને રોકાવું પડે છે એવું કાંઈ નથી. અસ્તિત્વના જોરમાં આને બધું જાણ્યું દ્રવ્ય-ગુણ-પર્યાયને તો પોતા તરફ વળે છે. એ કાંઈ સાચું જ્ઞાન એને રોકતું નથી.

પ્રશ્ન :- હું જ્ઞાયક છું એવું જોર આવે કાં તો હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવું જોર આવે તોપણ પરિણતિ અંતરમાં ઢળે?

ઉત્તર :- પરિણતિ અંતરમાં જાય છે.

પ્રશ્ન :- અસ્તિત્વની જે શ્રદ્ધા કરવી કે આ છે, આવું દ્રવ્ય છે. અસ્તિત્વ ઉપર દૃષ્ટિ કરીને દ્રવ્યનું હોવાપણું છે...

ઉત્તર :- એ દૃષ્ટિ કરવી. સમજીને દૃષ્ટિ કરવી કે હું અસ્તિત્વ જ્ઞાયકનું તે જ હું છું. એમ.

પ્રશ્ન :- જ્ઞાયક છે તે હું છું.

ઉત્તર :- તે જ હું છું.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૭ D

પ્રશ્ન :- .. જેટલા વ્યવહારના, નિમિત્તના કથન છે એ પોતાના ગુણમાં કામ ન આવે. પણ પરમાર્થને સમજાવામાં કામ આવે. અને જે વ્યવહારમાં જે પરમાર્થ છે તે સમજાવવામાં કામ ન આવે. પણ તે વડે આત્માને શાંતિ થાય. આવો પ્રગટ નયવિભાગ છે.

ઉત્તર :- વ્યવહારના જે કથન છે એ તો સમજાવવા માટે છે. એ કંઈ... અંદરની શાંતિ તો પોતે અંદર સ્વરૂપને ઓળખે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય તો એ અંતરથી શાંતિ આવે. વ્યવહારના જેટલા કથનો છે એ કથન ઘણા આવે છે વ્યવહારના તો શાસ્ત્રોમાં. શાસ્ત્રોમાં જેટલા વ્યવહારના કથનો આવે એટલા અધ્યાત્મના કથનો નથી આવતા, પણ એ બધા સમજાવવા માટે છે. અને સાધકદશામાં ભેદ પડે છે એ બધું સમજાવવા માટે છે. અંદર શાંતિ તો એ બધા વ્યવહાર ઉપરથી લક્ષ ઉઠાડી અને પોતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકે અને એમાં જો પોતે એ

દષ્ટિના જોરથી આગળ જાય તો શાંતિ થાય એમ છે. કાંઈ શાંતિ માત્ર વ્યવહારમાં રોકાઈ જવાથી એ કાંઈ શાંતિ મળતી નથી. બહારના નિમિત્તો, નિમિત્તની વાતો એનાથી કાંઈ શાંતિ મળતી નથી. વ્યવહારના કથનોથી શાંતિ (મળે નહિ), એ તો ભેદભાવો છે. એ માત્ર જાણવા માટે છે, એ જાણવા માટે છે. એનું જ્ઞાન કરવા યોગ્ય છે કે વ્યવહાર છે, પર્યાય છે અને અંદર દ્રવ્ય શુદ્ધાત્મા છે એના ઉપર દષ્ટિ કરીને આગળ જાય તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. એમ બધું સમજવા માટે છે. પણ એ વ્યવહાર કાંઈ અંદર જે ભેદવાળું છે, અંદર સ્વરૂપમાં લક્ષણ ભેદે ભેદ છે પણ વાસ્તવિક તો ભેદ નથી એટલે અંદર શાંતિ તો દ્રવ્ય ઉપર દષ્ટિ મૂકીને અંદર સાધના કરે તો જ શાંતિ થાય એમ છે. એમ કહેવું છે.

પ્રશ્ન :- ઝાઝો ભાગ તો વ્યવહાર તત્ત્વનો છે.

ઉત્તર :- લોકો પણ વ્યવહારમાં જ પડેલા છે જીવો અનાદિકાળથી. એટલે એને વ્યવહારથી કહેવામાં આવે, ભેદથી કહેવામાં આવે તો સમજે છે. આત્મા અભેદ છે, આત્મા અનંતગુણથી ભરેલો છે, શુદ્ધાત્મા છે એમ કીધા કરીએ તો એ કાંઈ એને દેખાતું નથી, એને સમજમાં આવતું નથી. એટલે વ્યવહારના જે કથનો છે એ એને સમજમાં આવે છે. એટલે વ્યવહારના કથનો ઝાઝા છે, સમજવા માટે છે. એમાં ઝાઝા આવે છે.

પરિણામને ઓળખે કે આ બધા પરિણામ થાય છે, આ નિમિત્તો છે, આ બધું છોડવા જેવું છે, ભેદજ્ઞાન કરવા જેવું છે, એમ બધું કહેવામાં આવે તો એ સમજે છે. અંદર તું આત્મા છો એમ માત્ર કહે તો એ કાંઈ સમજતો નથી. શાસ્ત્રમાં આવે છેને કે, તું આત્મા છો. સ્વસ્તિ, એમ શાસ્ત્રમાં આવે છે. એમ અર્થ સમજી નહિ તો (કહ્યું કે) તારું અવિનાશી કલ્યાણ થાઓ! તું આત્મા છો એમ સમજે નહિ. એટલે પછી એને ભેદ પાડીને કહેવાય છે (કે) દર્શન-જ્ઞાન-ચારિત્ર જેમાં હોય એને પ્રાપ્ત થાય તે આત્મા. એમ ભેદ પાડીને કહેવું છે. માટે ભેદ વગર એ સમજતો નથી. માટે વ્યવહારના કથનો ઝાઝા આવે છે. નિશ્ચયના કથનો ઓછા આવે છે. પણ શાંતિ તો એને પરમાર્થથી જ થાય છે. શાંતિ કાંઈ ભેદમાં રોકાવાથી શાંતિ થતી નથી. ભેદ તો સમજવા માટે છે.

પ્રશ્ન :- વ્યવહારનું એક જ પ્રયોજન છે પરમાર્થ તરફ લઈ જવું? બીજું કાંઈ પ્રયોજન નથી?

ઉત્તર :- પરમાર્થ તરફ લઈ જવો. વચ્ચે વ્યવહાર આવે છે એ જાણવા માટે છે.

જાણે તો આગળ જાય. જાણે નહિ તો આગળ કેમ જાય? યથાર્થ જ્ઞાન કરવા માટે છે. જાણવા માટે છે કે આ પર્યાય છે, નિમિત્ત છે, ભેદ છે. વચ્ચે સાધકદશા આવે છે. બધું જાણવા માટે છે, યથાર્થ જ્ઞાન કરવા માટે છે. અને એ જ્ઞાન યથાર્થ કરે તો એને હું શુદ્ધાત્મા છું એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, પુરુષાર્થ કરે, સાધકદશા વચ્ચે આવે છે. બધું જ્ઞાન કરવા માટે છે. સમજે તો આગળ જાય ને.

પુરુષાર્થ ઊપડે એ બધું વ્યવહારથી સમજવા માટે છે, જાણવા માટે છે. પુરુષાર્થ અંદર થાય તે પણ વ્યવહાર છે. ભગવાન પૂર્ણ થઈ ગયા એને પુરુષાર્થનો વ્યવહાર પણ લાગુ પડતો નથી. પુરુષાર્થ થાય તે પણ વ્યવહાર છે. સાધકદશા છે તે પણ વ્યવહાર છે. સમજવા માટે છે. પુરુષાર્થ ઉપાડવા માટે છે. જ્ઞાન કરવા માટે છે. પુરુષાર્થ સાધકદશા દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયની આરાધના કરે એ પણ વ્યવહાર છે. આરાધના કરવા માટે છે. એકલું જાણવા માટે એટલે કે સમજવા માટે નહિ. યથાર્થ જ્ઞાન કરવા માટે, પુરુષાર્થ ઉપાડવા માટે. પુરુષાર્થ કરે તે પણ વ્યવહાર છે. બધો વ્યવહાર છે.

જ્ઞાન કરે એમાંથી એમ સમજવાનું છે કે વ્યવહાર છે, નથી એમ નથી. એક શુદ્ધાત્મા છે પણ એની સાથે પર્યાય છે. એ અશુદ્ધ પર્યાય થઈ છે અને શુદ્ધ પર્યાય

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૮ A

પ્રશ્ન :- .. આપ એનું હૃદય તો જાણો છો, ભાવ પણ અમને કૃપા કરીને સમજાવોને.

ઉત્તર :- 'ગુરુદેવ'ને ૐની બહુ પ્રીતિ હતી. ૐ ભગવાનની વાણી છે અને ૐ આત્માને પણ ૐ અને વાણી પણ ૐ. બધું ૐ. 'ગુરુદેવ'ને ૐ—ભગવાનની વાણી ૐની બહુ જ પ્રીતિ હતી. જિનવાણીની એમને એટલી પ્રીતિ હતી, ૐની એટલી પ્રીતિ હતી. એટલે ૐ એમને હૃદયમાંથી સહજ ૐ જ આવતો હતો. ૐ ભગવાનની વાણી છે અને ૐ કહેનાર જે વાચ્ય આત્મા-આત્મબ્રહ્મ એ પણ ૐ, આ વાણી પણ ૐ. બધું ૐ. 'ગુરુદેવ'ને ૐની પ્રીતિ પહેલેથી જ ૐની પ્રીતિ છે એમને.

ભગવાનની વાણી જે છૂટે છે ૐ નિરક્ષરી વાણી. એ વાણીનો 'ગુરુદેવ'ને બહુ પ્રેમ હતો. જિનવાણીનો એટલો પ્રેમ હતો 'ગુરુદેવ'ને. એટલે એમને સહજ ૐ જ

આવતું. ૐ સહજ ચિદાનંદ. સહજ ચિદ્‌સ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા, જ્ઞાનસ્વરૂપ આત્મા. સહજ સ્વરૂપ અનાદિઅનંત આત્મા છે. સહજ ચિદાનંદ. બસ! એવા આત્માને તું ઓળખ. શેનાથી ઓળખાય? આ ૐથી ઓળખાય છે. ભગવાનની વાણીથી આત્મા ઓળખાય છે. 'ગુરુદેવ'ને પણ ૐ-ૐનો ભાસ થયો. એમને ૐની પ્રીતિ જ હતી કુદરતી.

પ્રશ્ન :- સહજ સચ્ચિદાનંદ આત્મા ૐથી ઓળખાય? ૐકાર ધ્વનિ..

ઉત્તર :- ૐકાર ધ્વનિ દ્વારા સહજ ચિદાનંદ ઓળખાય. આત્મા સહજ ચિદાનંદ છે. ૐ દ્વારા ઓળખાય છે. ભગવાનની વાણી. ભગવાન આત્મા સહજ ચિદાનંદને ભગવાનની વાણી ઓળખાવે છે. એવો ઉપાદાન-નિમિત્તનો સંબંધ છે. ૐને ઓળખ, આત્માને ઓળખ. એના દ્વારા બધું ઓળખાય છે. અનાદિકાળથી જીવ પરિભ્રમણ કરે છે એમાં ભગવાન સાક્ષાત્ મળે, ભગવાનની વાણી અથવા ગુરુની વાણી મળે તો એનો ઉપાદાન-નિમિત્તને સંબંધ થાય છે. એવો વાણી સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. સાક્ષાત્ ભગવાન મળે, સાક્ષાત્ ગુરુ મળે. 'ગુરુદેવ'ને વાણીનો કોઈ જુદી જાતનો પ્રેમ હતો. એમને સહજ અંદરથી શ્રુતનું એટલું બધું અંદરથી સહજ હતું.

પ્રશ્ન :- આમ તો પોતે સાંભળીને જ આવ્યા હતા.

ઉત્તર :- પૂર્વે સાંભળીને આવ્યા હતા અને એમનો આત્મા એવો હતો. દર્શનશુદ્ધિ... એમાં અભિક્ષણ જ્ઞાનઉપયોગ એક આવે છે. એવું 'ગુરુદેવ'ને શ્રુતનું બહુ જ અંતરમાંથી હતું. જિનવાણીનું એટલું બધું હતું. વાણીનો અર્થ કરતા થાકતા જ નહોતા. શાસ્ત્રોના અર્થ એમને એમ એમનાથી નીકળ્યા જ કરતા હતા. પ્રવચન-વ્યાખ્યાન આપે તો એના એક શબ્દમાંથી અર્થ સહજ સહેજે આખું બ્રહ્માંડ ખડું કરતા હતા.

પ્રશ્ન :- આપે એક વાત કરીને, આત્માને ઓળખ. એ ઓળખતા બધું ઓળખાઈ જશે.

ઉત્તર :- બધું ઓળખાઈ જાય. એક આત્માને ઓળખ. પૂર્વે વાણી સાંભળીને આવ્યા હતા અને એમનો આત્મા પણ એવો હતો. એમને ૐનો બહુ જ પ્રેમ હતો. ૐનો ભાસ પણ એમને થયો હતો. ૐનું એમને સહેજે હતું.

'જિનવર તે જીવ અને જીવ તે જિનવર' એ વારે વારે એમના હૃદયમાંથી આવતું હતું. જીવ તે જિનવર છે, જિનવર તે જીવ, એમ વારેવાર સહેજે આવતું. એ

દ્રવ્ય એવું એટલે અંદરથી સહેજે આવતું હતું.

પ્રશ્ન :- પહેલા બોલમાં જ બધું .. ૐ સહજ ચિદાનંદમાં એમાંથી શું કાઢવું? પણ આપે આજે ઘણું કાઢ્યું. સહજ ચિદાનંદમય એવો આત્મા ૐ ધ્વનિના નિમિત્તે ઓળખાય છે.

ઉત્તર :- ૐ ધ્વનિના નિમિત્તે ઓળખાય છે.

પ્રશ્ન :- અને એ આત્મા ઓળખાતા બધું એને જણાય જશે.

ઉત્તર :- બધું જણાય જશે. આત્મા ઓળખે એટલે બધું (જણાય જશે). આખો ભવનો અભાવ થયો એમાં આત્માની અંદરથી જે આત્માની સામર્થ્ય છે, અનંત શક્તિથી (ભરેલું) એ બધું તને પ્રગટ થશે આત્માનું. એનું દ્રવ્ય, એની પર્યાય એ બધું છે એ પ્રગટ પર્યાયરૂપે આત્મા તારો પરિણમી જાશે. સહજ ચિદાનંદ જેવો છે એવો તને પ્રગટ થાશે. ૐ એકલો લખતા, પછી કોઈ વધારે કહે તો ૐ સહજ ચિદાનંદ એમ લખી દેતા હતા.

પ્રશ્ન :- 'શ્રીમદ્જી'નું પ્રકાશન જ્યારે થવાનું હતું ત્યારે 'ગુરુદેવ' પાસે અમુક એક શેઠિયા પાસે વાત સાંભળી હતી. અને 'ગુરુદેવ'ને કહ્યું હતું કે એક પ્રસ્તાવના લખી આપો.

ઉત્તર :- 'શ્રીમદ્જી'નું?

પ્રશ્ન :- જી હા. 'શ્રીમદ્જી'નું. ત્યારે 'ગુરુદેવે' એમ કહ્યું હતું કે અખંડ શાસન, જિનશાસન અખંડપણે આમાંથી ઊભું નથી થતું. માતાજી! 'ગુરુદેવ'ના વચનામૃતમાં ૧૬૨ બોલમાં વાંચ્યા છે, હજી પૂરું નથી વાંચ્યું, પણ એ વાંચતા એટલો બધો ભાવ આવે છે કે જાણે સર્વાંગે આખી બધી વસ્તુ આવી ન જતી હોય એમાં!

ઉત્તર :- બધું જ આવી જ જાય છે.

પ્રશ્ન :- અને આપને શું કહું? કે જે કોઈ જીવ ક્યાંય પણ અટકતો હોય તો એમાંથી એને માર્ગદર્શન મળી જાય છે. એવી બધી અપેક્ષાઓ અને બધી વિવક્ષાઓ અંદર ભરી છે. બીજું, સામે કોઈ માણસ એકાંત કરતો હોય તો એને આમાંથી જવાબ મળી જાય છે અને અહીંના માટે કોઈ ટીકા કરતું હોય તો એને પણ આમાંથી ઉત્તર મળી જાય છે કે જો અહીંયાં દરેક વિવક્ષાથી દરેક વાતને જેમ છે એમ અહીંયાં કહેવામાં આવે છે, ગમે તેમ કહેવામાં આવતું નથી એટલી જ વાત છે. એટલે બધું... અપેક્ષાઓ બધી આપી દીધી.

ઉત્તર :- બધી અપેક્ષાઓ આવી જાય છે એમાં.

પ્રશ્ન :- રાગને પુદ્‌ગલના પરિણામ કઈ રીતે કહ્યા છે, પોતાના પરિણામ... એક એક વાત કોઈ વાત બાકી નથી રાખી એમ કહીએ તો ચાલે. સ્વપરપ્રકાશકની કે કોઈપણ એક એક વાત.

ઉત્તર :- બધી વાત આવી ગઈ છે.

પ્રશ્ન :- માતાજી! આખા વચનામૃત જોઈને, મહેનત ચંદુભાઈની અને મામાની છે, પણ માર્ગદર્શન આપવું આપનું એમ લાગે કે આનું નામ શાસ્ત્ર કે આ રીતે આવે ત્યારે શાસ્ત્ર કહેવાય. ટૂંકામાં પણ એક એક વસ્તુઓ આવી જાય છે.

ઉત્તર :- ચંદુભાઈ, હિંમતભાઈએ બધું કર્યું પણ એમ કહેવાતું હતું આખું માર્ગદર્શન અંદર આવી જવું જોઈએ. કાંઈ રહી ગયું હોય તો એમ કહેવાય કે આ રહી ગયું છે માટે આને ગમે ત્યાંથી ગોતીને કાઢો. કાંઈક રહી ગયું હોય તો. ચારેય બાજુથી આવવું જોઈએ. નિશ્ચય-વ્યવહાર બધું. મહેનત તો જે એ બધાએ કરી પણ ચારેય બાજુનું આવવું જોઈએ.

પ્રશ્ન :- આપના ભાવમાં જે હતું કે બધું આવી જવું જોઈએ. એટલે ખરેખર એ રીતે જ બધું ગોઠવાઈ ગયું છે.

ઉત્તર :- એમાં કોતરવાનું હતું અને કેટલા વર્ષો સુધી કોતરેલું અને 'ગુરુદેવ'નો જે આશય હતો, આખું માર્ગદર્શન એ પ્રકાશિત કરતા હતા. જૈનશાસન ચારે બાજુથી એમણે વર્ષો સુધી પ્રકાશ કર્યો છે. તો એમની એક વાત કોતરવી એમ નહિ, પણ ચારે બાજુની કોતરવી જોઈએ. કોતરાય છે માટે ચારે બાજુનું અંદરથી આવવું જોઈએ એમાં.

પ્રશ્ન :- બધા પડખાંઓ રહી જવા જોઈએ.

ઉત્તર :- બધા પડખાં અંદર આવવા જોઈએ.

પ્રશ્ન :- પણ એ કોતરાતા હતા ત્યારે માતાજી વાંચ્યા નહોતા. અત્યારે વાંચીએ છીએ ત્યારે ખૂબ જ પ્રમોદ આવે છે. એમ થાય છે કે શું આ એક શાસ્ત્ર લખે છે. શાસ્ત્રના રૂપમાં એક આ જેના હાથમાં આવી જાય એને 'ગુરુદેવ'નું આખું હૃદય આવી જાય છે.

ઉત્તર :- આખું હૃદય આવી જાય છે.

મુમુક્ષુ :- માતાજીની ખાસ સૂચના હતી કે, આખો માર્ગ આવી જવો જોઈએ. ન હોય તો ઈશારો કરે કે ફલાણું રહી ગયું છે, ફલાણું રહી ગયું છે.

મુમુક્ષુ :- ના, પણ ખરેખર હું વાંચું છું ભાઈ! ત્યારે એટલો પ્રમોદ આવે છેને.

સાચેસાચ હોં! કહેવા ખાતર નથી કહેતો, પણ વાંચતા-વાંચતા મૂકવાનું મન થાતું નથી અને એમાંથી એટલું ઘોલન ચાલે છે કે મૂળ વાત ઉપર પાછું બધે જ્યાં જ્યાં જુઓ તો મૂળ વાત ઉપર લઈ ગયા છે. બધા બોલોમાં લઈને પાછા મૂળ વાત ઉપર તો આપે લીધું જ છે. વૈરાગ્યના બોલો .. છે. ક્રમબદ્ધની વાત પણ આમ...

ઉત્તર :- ક્રમબદ્ધની આવી છે, બધી આવી છે. વૈરાગ્યની, ભગવાનની, પ્રતિમાની, મુનિરાજની બધી. કર્તા-કર્મ, જ્ઞાતા-જ્ઞેય, નિશ્ચય-વ્યવહાર બધું આવે છે, સાધક-સાધ્ય બધું આવ્યું છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક બધું આવી ગયું.

પ્રશ્ન :- દૃષ્ટાંત સુદ્ધા પણ..

ઉત્તર :- એ દૃષ્ટાંત પણ અંદર 'ગુરુદેવ' કહેતા હતા.

પ્રશ્ન :- અમુક વાત મૂકીને પાછો પૂરો વિષય કર્યો છે. જે કાંઈ વાત મૂકી છે એમાં વિષય આખો પૂરો કર્યો છે. એમ નહિ કે અમુક વાત મૂકીને છોડી દીધું છે. એવું પણ નથી કર્યું.

ઉત્તર :- 'ગુરુદેવ'ના આખા વ્યાખ્યાનની શૈલી એમની હતી. એમાંથી તારવીને અમુક જે એમનું ચારે બાજુનું હોય એ તારવ્યું. કેટલાક બોલ મોટા પણ આવી જાય ગુરુદેવના, પણ એમાં સ્પષ્ટીકરણ માટે.

પ્રશ્ન :- માતાજી! તીર્થંકરના દ્રવ્યનો જે મહિમા ... તીર્થંકરના દ્રવ્યો... લાખો-કરોડો ભગવાનની સભામાં હોય. તીર્થંકરો તો કો'ક જ હોય ને?

ઉત્તર :- ભગવાનની સભામાંને? તીર્થંકર તો કો'ક જ હોયને, કાંઈ બધા તીર્થંકર થોડા હોય?

પ્રશ્ન :- સંખ્યા વધારે હોય? ઘણી જૂજ, કો'ક જ હોય?

ઉત્તર :- તીર્થંકર ભગવાન તો થોડા હોય, કંઈ ઝાઝા થોડા હોય.

પ્રશ્ન :- તીર્થંકર ભગવાન... બીજા જે સભાજનો હોય લાખો-કરોડો, તીર્થંકર થવાવાળા તો કો'ક જીવ હોય ને?

ઉત્તર :- ભવિષ્યમાં તીર્થંકર થનારા પણ થોડા હોય. એવા જીવો તો થોડા જ હોય. હંમેશા તીર્થંકર ભગવાન તો અમુક થાય. ભલે અનંતા થયા છે, પણ ભગવાનની સભામાં પણ થોડા હોય. જેમ લાખો-કરોડો જેમ બધા શ્રોતાજનો હોય એમાં તો કો'ક જ હોય. કો'ક કો'ક હોય.

પ્રશ્ન :- એટલે તીર્થંકરના દ્રવ્યનો મહિમા કોઈ અલૌકિક છે!

ઉત્તર :- એનો મહિમા (છે). કો'ક હોય, એ તો અણમુલા દ્રવ્ય છે. એ તો

માર્ગ પ્રકાશનારા છે. લોકો જે ઉંધે માર્ગે જનારા એને એની વાણી દ્વારા લાખો-કરોડો જીવો માર્ગ પામે છે. તો સર્વોત્કૃષ્ટ જ્યારે તીર્થંકર થાય, જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. એવા સર્વોત્કૃષ્ટ તો કો'ક જ હોય ને. સર્વોત્કૃષ્ટ જ્યારે તીર્થંકરગોત્ર બંધાય, તીર્થંકરપણે હોય એવા તો કો'ક જ હોય. જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. ઇન્દ્ર પણ પોતાનો દેવલોક છોડીને અહીંયાં ભગવાનના ચરણોમાં નમે છે કે અમને આ પુણ્યની મહિમા નથી, પણ ભગવાન! તમારી મહિમા છે. એને તો પુણ્ય પણ સુના લાગે છે. ભગવાન તો પુણ્ય અને પવિત્રતા બધામાં સર્વોત્કૃષ્ટ છે. એની આગળ બધું ઝાંખું છે. બધે આખા લોકની અંદર સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. માટે એવા દ્રવ્ય પણ થોડા હોય છે.

એમની વાણી જુદી હોય છે. એ માર્ગ પ્રકાશનારા હોય છે. એમની વાણી એવી હોય. જે વાણી સાંભળતા કેટલાય જીવો માર્ગ પામી જાય. એમના અતિશયો જુદા હોય છે. એમના દર્શનમાત્રથી જીવોને ભાવ પલટાઈ જાય છે. ગૌતમસ્વામીએ માનસ્તંભ દેખ્યું ત્યાં એનું માન ગળી જાય છે. એટલી અતિશયતા એમની ચારે બાજુ પથરાયેલી હોય છે. એ માનસ્તંભનું કારણ નથી પણ ભગવાનનું કારણ છે. ભગવાનનો અતિશય ચારે કોર ફેલાઈ રહ્યો છે. એટલા પાત્ર હતા એટલે એકદમ માન ગળી ગયું મોનસ્તંભ જોઈને. આ માનસ્તંભ આવો તો એ ભગવાન કેવા હશે! ત્યાં ને ત્યાં માન જ ગળી ગયું. બધા આગ્રહો છૂટી ગયા. જેટલા આગ્રહો અંદરમાં હતા કે મારા જેવો કોઈ નથી. હું તો કેટલું જાણું છું, હું તો સર્વજ્ઞ છું. એટલું અંદર અભિમાન હતું. તો માનસ્તંભ દેખીને એકદમ માન ગળી ગયું. ત્યાંથી પાત્રતા શરૂ થઈ ગઈ. ભગવાનનો અતિશય તો કોઈ જુદો જ હોય છે. એમની વાણી જુદી, એમના અતિશયો જુદા, બધું જુદું હોય છે.

જીવોને સહેજે સહેજે પલટવાનું કારણ બને છે. જો ઉપાદાન તૈયાર હોય તો એકદમ ભગવાન સર્વોત્કૃષ્ટ જગતમાં છે, સહેજે બધો પલટો પરિણતિ ખાઈ જાય છે. આગળ જાય છે ત્યાં તો સમ્યગ્દર્શન અને મુનિદશા અને બધી લબ્ધિઓ અને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન અને બધું એકદમ પ્રગટ થઈ જાય છે. એક ક્ષણની અંદર એક અંતર્મુહૂર્તમાં બધો પલટો ખાઈ જાય છે અને ભગવાનની વાણી છૂટે છે. કેટલી પાત્રતાની તૈયારી! અને અહીં ભગવાનનો એવો અતિશય. એવું નિમિત્ત પ્રબળ છે. અત્યારે 'ગુરુદેવ' અહીં ભરતક્ષેત્રમાં જન્મ્યા. એમના જેવો અત્યારે કોઈ નમૂનો ક્યાંય દેખવામાં આવતો નથી. એમની વાણી જુદી. એમ બધુંય

જુદું હતું.

પ્રશ્ન :- એમની ચાલ જુદી, બોલવું જુદું...

ઉત્તર :- બોલવું જુદું, બધું. એમના દર્શનમાત્રથી માણસો ઠરી જતા હતા. દર્શન કરે ત્યાં જ કહે, આ તો કોઈ જુદા પુરુષ છે એવું થઈ જતું.

પ્રશ્ન :- એમની વાણીનો આ પ્રવાહ સારી રીતે બરાબર ચાલુ રહે એ માટે આપ કોઈ માર્ગદર્શન આપો.

ઉત્તર :- વાણીનો પ્રવાહ તો ચાલુ જ છે. એ જે છે, જે કહેતા હતા એ બરાબર સમજે. અંતરમાં એમની અપેક્ષાઓ સમજે તો ચાલુ રહે. બાકી તો બધા શાસ્ત્રો તો એમને એમ છપાયા જ કરે છે અને ટેપો કેટલી છે. પણ એ કહેતા હતા ઈ આશય પોતે ગ્રહણ કરે તો બધું ચાલુ રહે. એમની અપેક્ષાઓ સમજવી જોઈએ. એમને શું કહેવું હતું એ. એમણે બધું આગ્રહો છોડી બધા સંપ્રદાયોનો, બધું છોડીને યથાર્થ માર્ગને પ્રકાશ કર્યો. એમના આશય સમજે તો માર્ગ બરાબર ચાલુ રહે. આશય સમજવો જોઈએ.

પ્રશ્ન :- આશય સમજાવવા માટે પ્રચાર કરવાની કાંઈ જરૂરત છે કે નહિ?

ઉત્તર :- જેને પ્રચારનો વિકલ્પ આવે તે પ્રચાર કરે. જેને ન આવે તે ન કરે.

પ્રશ્ન :- વિકલ્પ તો આવવો જોઈએને.

ઉત્તર :- વિકલ્પ આવવો જ જોઈએ એવો સિદ્ધાંત નથી. કેટલાકને વિકલ્પ આવે પ્રચારનો તો કરે. એને કોઈ એમ નથી કહેતું કે તમે કેમ પ્રચાર કરો છો? જેને વિકલ્પ આવે તે પ્રચાર કરે. કોઈને એમ પણ થાય. દરેક એક જાતના જીવો નથી હોતા. કોઈને એમ થાય કે મારે મારા આત્માનું કરવું છે. તો કોઈ આત્માનું કરવા બેસી જાય. મારે બહારમાં પડવાનું શું કામ છે? એમ પણ કરે. અને કોઈને એમ થાય કે 'ગુરુદેવ'ની વાણીનો પ્રચાર થાય, તો એમ કરે. દરેકના પરિણામ એક જાતના, શુભભાવો એક જાતના હોતા નથી. 'ગુરુદેવ'નો સિદ્ધાંત પણ એમ જ હતો. એમ કહે, તારે બીજાનું શું કામ છે? તું તારું કર એમ જ કહેતા. અને કોઈને વિકલ્પ આવે એ જે કરતા હતા એ કરે છે.

પ્રશ્ન :- તો પણ 'ગુરુદેવે' તો ઘણી જગ્યાએ જઈ જઈને આખા ભારતમાં પ્રચાર કર્યો.

ઉત્તર :- પ્રચાર કર્યો પણ એ 'ગુરુદેવ'ને એવો પ્રભાવનાનો યોગ હતો એટલે. કેમ બધા સમજે એવો એમને વિકલ્પ હતો. તોપણ એ એમ કહેતા કે હું બીજાને

સમજાવવા ખાતર નથી કહેતો, હું તો મારી સ્વાધ્યાય માટે, મારા આત્મા અને મારા જ્ઞાનની વિશેષતા થાય છે એટલે હું આ વ્યાખ્યાન કરું છું. એમ કહેતા હતા. એકલું પરના કારણે હું નથી કરતો એમ કહેતા હતા. પણ એમને એવો વિકલ્પ હતો, એવો વાણીનો યોગ હતો. પોતાને વિકલ્પ હતો એટલે પોતે એવા વ્યાખ્યાનો એમના કુદરતી સહજપણે આવતા હતા.

એમને વિકલ્પ હતો કે લોકો કેમ સમજે. એ બહાર નીકળ્યા તો બીજાને સમજાવવા ખાતર નહોતા નીકળ્યા, એ તો પોતે જાત્રાના નિમિત્તે નીકળ્યા હતા. એમાં બીજા વચ્ચે બધાને લાભ મળી ગયો. અને એમને એવો વાણીનો યોગ અને એવો પ્રશસ્ત ભાવ કે બધા સમજે કેમ? એવો એમને, સમજે બધા, સમજો, સાચું સમજો, એવો એમને વિકલ્પ રહેતો.

પ્રશ્ન :- એમનો આદેશ ગ્રહણ કરીને ઘણા માણસો પલટ્યાને. હજારો.

ઉત્તર :- ઘણા પલટ્યા તો એ તો એવા જોરદાર એમનું નિમિત્ત. એમની વાણી, એમનું જ્ઞાન, એમની પરિણતિ બધું જુદું હતું એટલે બધાને પલટવાનું નિમિત્ત બન્યું. એ એમને કારણે પલટ્યું અને એ ઉપાદાન એનું અને નિમિત્ત 'ગુરુદેવ'નું પ્રબળ હતું એટલે. પણ એવી રીતે કોઈ બીજું કરવા જાય તો એનામાં એવી શક્તિ, 'ગુરુદેવ' જેવી શક્તિ ક્યાંથી લાવે કોઈ? એ ક્યાંથી લાવે? એને પોતાની શક્તિ હોય એ પ્રમાણે (કરે). એને વિકલ્પ આવે એ પ્રમાણે સમજાવે. બાકી સમજે, ન સમજે એ ઓલા જીવની સ્વતંત્રતા છે. સમજે કે ન સમજે. પોતે પરાણે સમજાવવા જાય તો કોઈ સમજતું નથી. એની પાત્રતા હોય તો સમજે છે. પોતાને જેટલો વિકલ્પ આવે. એની મર્યાદામાં સમજાવે. વધારે ન સમજે તો એનો કાંઈ ખેદ કે આકુળતા કરીને કોઈ કોઈનું કરી દેતું નથી.

પ્રશ્ન :- તો પછી એવું નથી લાગતું કે જે પ્રવાહ ચાલી રહ્યો છે તે મોળો પડી જશે?

ઉત્તર :- મોળો પડે ન પડે એ તો બધું કોઈના કરવાથી વધારે ચાલશે, નહિ કરે તો ઓછો ચાલશે એવું નથી. જો પ્રવાહ ચાલવાનો હશે તો તો એવા જીવો એવી પ્રભાવના કર્યા કરશે. અને જેમ આ પંચમકાળમાં જે થવા યોગ્ય હોય એમ થયા જ કરે છે. કોઈ કરે તો થાય એવું તો કાંઈ હોતું નથી. કરનારા કેટલાય કરે છે. એ એમ કહે છે, અમે ઉપદેશ આપીએ. કેટલાક નથી પણ કરતા. કોઈને એમ વિચાર આવે કે ઉપદેશની શું જરૂર છે? એમેય કરતાં.

'ગુરુદેવે' ઘણું આપેલું છે. એનું વાંચન કરે, એના વિચારો કરે, એનો આશય સમજે તો પોતાની પાત્રતા (કેળવાઈને) પોતાનું (હિત) થઈ શકે છે. બાકી તો જેને વિચાર હોય કે 'ગુરુદેવે' જે સમજાવ્યું એ બધા સમજો. એવો વિકલ્પ આવે તે બધા તો કરે છે. જેને વિકલ્પ આવે એના ઉપર કાંઈ પ્રતિબંધ નથી અને જેને નથી એને પરાણે કરવાનું કાંઈ પ્રયોજન નથી.

પ્રશ્ન :- પ્રયોજન તો આત્માનું મુખ્ય છે.

ઉત્તર :- આત્માનું મુખ્ય છે. પરાણે તું એને સમજાવ કે કેમ નથી (કરતો)? તું કેમ વાંચતો નથી? પરાણે એવું કરવાનું પ્રયોજન નથી. અને જે વાંચે છે, વાંચે તેને એવો વિકલ્પ આવે (કે) ભલે વાંચે. એ બધાને સમજાવે તો સારી વાત છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૮ B

પ્રશ્ન :- અમને તો આપ ગુરુ સાચા મળ્યા ત્યારપછી જિજ્ઞાસા જાગી છે. તો એનો બેયનો મેળ કેવી રીતે કરવો?

ઉત્તર :- સાચી જિજ્ઞાસા જાગે તો ગુરુ મળે જ. એ તો એમ કે પોતાની ભાવના હોય તો એવું નિમિત્ત બને. પણ જિજ્ઞાસા તૈયાર નહોતી અને ગુરુ મળ્યા એ તો એમ પણ બને. એવા પૂર્વના પુણ્યને લઈને પોતાની તૈયારી નહોતી તોપણ ગુરુ મળ્યા. તો મહાભાગ્યની વાત કે પૂર્વના પુણ્યને લઈને ગુરુ મળ્યા. પોતે તૈયારી નહોતી તોપણ. તો પોતે તૈયારી કરવાની રહે છે. કોઈને એમ પણ થાય. ગુરુ મુળે અને પોતાની જિજ્ઞાસા જાગે. અને કોઈ પોતે અંદરથી વિચાર કરીને ગુરુની શોધમાં હોય, ગુરુ ક્યાં મળે? ક્યાં મળે? એમ અંદર હૃદયમાં એટલી ભાવના થાય તો એને એવી જાતના પુણ્યનો સંબંધ થઈ જાય કે એને ગુરુ મળ્યા વગર રહે જ નહિ. એવો ઉપાદાન–નિમિત્ત સબંધ થઈ જાય કે જો તારી સાચી ભાવના અને જિજ્ઞાસા છે તો તને ગુરુ મળ્યા વગર રહેશે જ નહિ. પણ કોઈને એમ પણ બને કે પોતાની કાંઈ તૈયારી નહોતી તોપણ ગુરુ મળી જાય પૂર્વના પુણ્યને લઈને.

નાના નાના બાળકો હોય એ બધાને ગુરુ કુદરતી મળી ગયા. કારણ કે પૂર્વના પુણ્ય એવા લઈને આવે છે. પછી તૈયારી પોતાને કરવાની રહે છે. ગુરુ મળે અને

જિજ્ઞાસા જાગે કોઈને. કોઈને પોતાની જિજ્ઞાસા તૈયાર થાય અને ગુરુ મળે. એમ થાય. કોઈ તો ગુરુ મળે તોપણ પોતે તૈયારી કરતો નથી, એવા પણ હોય છે. સહેજે ગુરુ મળ્યા. પૂર્વના પુણ્યોદયે મહાભાગ્યે ગુરુ મળ્યા. શાસ્ત્રમાં (આવે છે કે) તું તૈયારી કર હવે, તું પુરુષાર્થ કર.

પ્રશ્ન :- માતાજી! આલોચના અધિકારમાં સમભાવ આવે છે—સમતાભાવ. અમારે પ્રેમચંદભાઈ પૂછતા હતા કે સમતા એટલે શું બધાને સરખા માનવા એ? માતાજી! એનો ખુલાસો કરશો.

ઉત્તર :- સમતાભાવ એટલે બધાને સરખા માનવા. દ્રવ્યદૃષ્ટિએ બધા આત્મા છે, સિદ્ધ ભગવાન છે. કોઈ ઉપર રાગ-દ્વેષ નહિ કરવા. એમ. પણ પોતે જ્ઞાન તો કરે ગુણ-દોષનું, કેટલા ગુણ કોને પ્રગટ થયા છે, નથી થયા. પછી રાગ-દ્વેષમાં રોકાય નહિ પણ એનું જ્ઞાન તો હોય. સાચા-ખોટાનો વિવેક તો હોય. સાચું શું છે? ખોટું શું છે? ગુરુ કોણ છે? સાચા ગુરુ કોણ છે? સાચા દેવ કોણ છે? બધી પરીક્ષા (એને હોય). સાચા શાસ્ત્ર કોણ છે? એટલે સાચા શાસ્ત્ર, સાચા ગુરુ, સાચા દેવ એની પરીક્ષા કરે અને ખોટા કુદેવ, કુગુરુને માને નહિ, એને આદર સત્કાર કરે નહિ. પોતાને આદર, સત્કાર તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર આવે છે. એટલે કાંઈ એને રાગ-દ્વેષ નથી. એ તો સાચો વિવેક કરે છે. બધાને સરખા માનવા એટલે બધા દેવ સાચા ન હોય તો એને દેવ માની લેવા એવો એનો અર્થ નથી. જેની ભૂમિકા જે જાતની હોય તેટલું સાચું જ્ઞાન કરવું. સાચા જ્ઞાન વગર તો ખોટું થઈ જાય. માર્ગ અંદરથી મળે નહિ પોતાને.

દ્રવ્યદૃષ્ટિએ બધા સરખા. પણ કોને અંદર કેવી જાતના ગુણો પ્રગટ થયા? સાચા શાસ્ત્રો, વીતરાગી શાસ્ત્ર શું છે? એમાં શું આવે છે? બીજા શાસ્ત્રનો બધો વિવેક કરે. બધું સરખું માનવું એવો અર્થ નથી એનો. દ્રવ્યદૃષ્ટિએ સરખા. પર્યાયોમાં ફેર પડે છે. પોતે ગુણી દેખીને આદર કરે તો પોતાને ગુણનો આદર છે. જેને સાદકદશા પ્રગટ થઈ, પૂર્ણતા પ્રગટ થઈ,... પોતાને ગુણનો આદર છે. જેને ગુણ નથી પ્રગટ થયા તો દોષનો કાંઈ આદર નથી. જે પોતે કાંઈ સમજતા નથી, એકત્વબુદ્ધિમાં પડ્યા છે, ભ્રાંતિમાં પડ્યા છે એનો આદર કરવો એવું કાંઈ શાસ્ત્રમાં આવતું નથી અને એ કાંઈ ન્યાય પણ નથી. એમાં કાંઈ પોતાને લાભનું કારણ નથી. એને કાંઈ રાગ-દ્વેષ કહેવાતા નથી.

પ્રશ્ન :- એને આપણે જ્ઞાનની મૂઢતા કહીશું?

ઉત્તર :- જ્ઞાનની મૂઢતા? એ જે નથી સમજતો એ મૂઢતા કહેવાય. ઓલો તો વિવેક, સાચો વિવેક પ્રગટ્યો છે. પર્યાયનો વિવેક તો હોવો જોઈએ, નહિતર જ્ઞાનની મૂઢતા છે. બધું સરખું જ્યાં હોય ત્યાં. આપણે કાંઈ સમજીએ નહિ, બધાને પગે લાગો. એ કાંઈ વિવેક નથી. પગે લાગવાનું કારણ પોતાને લાભ થાય, પોતાને ગુણનો આદર છે.

પ્રશ્ન :- રાગ-દ્વેષ કરવો એ જુદી વાત છે, પણ એનો અર્થ એ નથી કે જ્ઞાનમાં મૂઢતા અથવા પર્યાયનો વિવેક ન હોય.

ઉત્તર :- વિવેક ન કરવો એવો અર્થ નથી. એમ સમભાવ રાખે. એ જે કોટીમાં હોય એને સમજે. એના ઉપર દ્વેષ ન કરે. પણ જે દોષમાં હોય તો દોષને દોષ સમજે, ગુણને ગુણ સમજે. એના ઉપર કાંઈ ઉત્સાહ આવે કે એના ઉપર આદર આવે એવું કાંઈ ન થાય. પરીક્ષા ન હોય તો પોતાને આત્મામાં આગળ જાવું છે, આત્માનો સ્વભાવ ઓળખવો છે, જેને પ્રગટ થયો એની પાસેથી જ સમજાય છે. જે નથી સમજતા એની આગળથી કાંઈ સમજાતું નથી. એ કાંઈ સમજવાનું નિમિત્ત થાતું નથી. જેને સાચું પ્રગટ થયું છે તેનું જ નિમિત્ત બને છે. માટે પોતે સમજવા માટે સત્‌ને ઓળખી લેવું. સત્પુરુષ કોણ છે? અંદર વિવેક કરવાનો રહે છે. જ્ઞાનસ્વભાવ શું છે? જ્ઞાયક કોણ છે? આ વિભાવ શું છે? આ પર્યાયો શું છે? અંતરમાં સમજવાનું રહે છે. એમને એમ વગર સમજ્યે આપણે સમભાવ રાખવો. અંતરમાં કોણ આત્મા છે? શું પર્યાય છે? શું વિભાવ છે? શું પ્રગટ કરવાનું છે? મોક્ષમાર્ગ શું છે? અંતરમાં સમજવાનું રહે છે અને દેવ-ગુરુ-શાસ્ત્રમાં સમજવાનું રહે છે. અંતરમાં પોતાની પર્યાયનો વિવેક કરવાનો રહે છે. આ પર્યાય શું છે? દ્રવ્ય શું છે?

પ્રશ્ન :- નિમિત્તના વિવેકની વાત આવી, અંદરમાં વિકારી ભાવનો વિવેક પણ આવ્યો અને પોતાના સ્વરૂપ સંબંધી પણ એને વિવેક આવવો જોઈએ.

ઉત્તર :- હા, વિવેક આવવો જોઈએ. નિમિત્તનો વિવેક, અંતરમાં વિવેક. વિભાવ-સ્વભાવને જુદા પાડવા છે. અંદર શું દ્રવ્યનો ક્યાં આશ્રય લેવાનો છે? પર્યાયમાં સાધના કરવાની એ બધાને સમજવાનું રહે છે.

પ્રશ્ન :- ખોટામાં આદર અને ઉત્સાહ આવે તો જીવને ખરેખર તો મૂઢતા છે.

ઉત્તર :- મૂઢતા જ છે. એને આગળ જવાનું કારણ થતું નથી. દેખાવમાં એવું લાગે કે આ કેવો સમભાવ કરે છે. દેખાવમાં એવું લાગે, પણ એ કાંઈ આત્માને હિતરૂપ નથી.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'ના વચનામૃતમાં આવે છે, પર્યાયદૃષ્ટિથી સંસાર છે અને દ્રવ્યદૃષ્ટિથી મોક્ષ અને વીતરાગતા છે. તો શું આવી પર્યાયદૃષ્ટિમાં આટલી બધી સજા? ચીભડાના ચોરને ફાંસીની સજા-એવી સજા?

ઉત્તર :- એવું નથી. પર્યાયદૃષ્ટિથી સંસાર છે. ચીભડાના ચોરને ફાંસીની સજા નથી. અનાદિકાળથી પર્યાય ઉપર જ દૃષ્ટિ રાખી છે. પર્યાય એક પછી એક જે ક્ષણે ક્ષણે બદલાય છે એના ઉપર જ દૃષ્ટિ છે. જે શાશ્વત દ્રવ્ય છે એ દ્રવ્યને ઓળખ્યું નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી. એટલે સંસાર છે. પર્યાયદૃષ્ટિ-પર્યાય ઉપર દૃષ્ટિ તે સંસાર જ છે. ચીભડાનો ચોર નથી. એને મોટી ભ્રાંતિ, મોટો દોષ છે. સમજ્યા વગરનો ભ્રાંતિમાં પડેલો મોટો દોષ છે. પર્યાય એટલે જરાક દોષ એમ નથી, મોટો દોષ છે. દ્રવ્યને આખું ભૂલી ગયો છે. પોતાનું સ્વરૂપ જે મૂળ વસ્તુ, જે રાજા છે એને ભૂલી ગયો છે અને જે બહાર જે ઉપર ઉપરની પર્યાય છે એને ગ્રહણ કરી છે. એ મોટો દોષ છે. પોતાનો સ્વભાવ જે છે, મહિમાવંત સ્વભાવ એને ભૂલી, એને છોડીને પર્યાય તરફ બહાર ભમે છે. મોટો દોષ છે. પોતાનું સ્વઘર છોડીને બહાર ભમે છે એ મોટો દોષ છે. થોડો દોષ નથી, મોટો દોષ છે.

સ્વભાવ-ઘરને છોડીને, પોતાના સ્વભાવની મહિમા છોડીને, એને ઓળખ્યા વગર ભ્રાંતિને લઈને બહારથી બધું જાણે મારું જ્ઞાન બહારથી આવે છે, મારું સુખ બહારથી આવે છે, બધું બહારથી આવે છે. બહારથી બધું લેવા જાય છે. પરદ્રવ્યમાં હું છું એવી બુદ્ધિ કરે છે. એ મોટો દોષ છે.

પ્રશ્ન :- માતાજી! પર્યાયને પોતાની માને. પર્યાય તો પોતાનો જ અંશ છે. પછી એને કેમ આટલું બધું...?

ઉત્તર :- પોતાનો અંશ એટલે પણ એના વિષયની અંદર એને બહારના પદાર્થો પ્રત્યે બધે એકત્વબુદ્ધિ કરે છે. એનો આશ્રય પરદ્રવ્ય તરફ જાય છે. પોતાની પર્યાય પણ વિભાવી પર્યાય છે. સ્વભાવપર્યાય ક્યાં હતી? અને એની દૃષ્ટિની અંદર બધા બહાર પદાર્થોમાં પોતે આત્મબુદ્ધિ કરે છે. જાણે આ બધું શાશ્વત છે. પરદ્રવ્ય ઉપર બધો આરોપ મૂકી (એ) એની ભૂલ મોટી છે. પર્યાય પોતાની હોવા છતાં એના આશ્રયમાં પરદ્રવ્ય છે, પોતાનું દ્રવ્ય નથી અને બીજાનો—પરદ્રવ્યનો આશ્રય કરી રહ્યો છે. પર્યાય પોતાની એટલે સ્વભાવપર્યાય પોતાની. આ પર્યાય પોતાની પણ ભ્રાંતિ છે, ખોટું છે. એ મોટો દોષ છે.

પ્રશ્ન :- એ પર્યાય પોતે ભ્રાંતિરૂપ થઈ ગઈ છે.

ઉત્તર :- ભ્રાંતિરૂપ થઈ ગઈ છે. ખોટું છે. જે સ્વભાવ છે એનાથી ખોટું છે. આંબાનો સ્વભાવ ઓળખ્યો નથી. કહેવાય છેને ઓલું? આકોલીયા. આકોલીયામાં જાણે આમાં બધું છે એમ માની લીધું છે. આખું ખોટું જ છે. એ તો ઓકોલીયામાં ઊંધું જ થઈ ગયું છે. તદ્દન ખોટું. મોટી ભ્રાંતિ છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય આખી દિશા જ જુદી છે. પરદ્રવ્યને પોતાનું માન્યું. પરમાં જ્ઞાન માન્યું, પરમાં સુખ માન્યું, બધું પરમાં જ માન્યું છે. પરના આશ્રયે સુખ, પર વયું જાય તો દુઃખ. બધું ખોટું. એકેએક મૂળમાંથી ખોટુ બધું.

પ્રશ્ન :- એકાંત પર્યાય માને છે એને પરનો જ આશ્રય હોય છે.

ઉત્તર :- પરનો જ આશ્રય. બધું આખું બધું ખોટું.

પ્રશ્ન :- દ્રવ્યદૃષ્ટિ થયા વિના પર્યાયનો આશ્રય છૂટતો નથી.

ઉત્તર :- દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરે તો પર્યાયનો આશ્રય છૂટે. અને પર્યાયનો આશ્રય જેને છૂટે એને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય. પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો જ પર્યાય(દૃષ્ટિ) છૂટે. મુખ્ય દ્રવ્ય તરફથી લેવાય. દ્રવ્યદૃષ્ટિ થાય તો પર્યાયદૃષ્ટિ છૂટે. પછી પર્યાય ઊભી રહે પણ પર્યાયની દૃષ્ટિ છૂટી જાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે (તો) પર્યાયદૃષ્ટિ છૂટી જાય છે.

પ્રશ્ન :- પર્યાયનું પરિણમન ચાલુ રહે તો પણ પર્યાયદૃષ્ટિ છૂટી જાય?

ઉત્તર :- પર્યાયનું પરિણમન ચાલુ રહે પણ દૃષ્ટિ છૂટી જાય. દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય. પરિણમન ચાલુ રહે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર થઈ ગઈ. એટલે પરિણમન જેટલું અમુક અંશે શુદ્ધ થઈ જાય છે. અમુક અંશે વિભાવરૂપ રહે છે. પરિણમન ચાલુ રહે પણ દૃષ્ટિ બદલાઈ ગઈ. દૃષ્ટિ બદલાણી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ એટલે અંશે પરિણમન શુદ્ધરૂપ થઈ ગયું. અને અમુક પરિણમન હજી વિભાવરૂપ રહે છે. પરિણમન ઊભું રહે. દૃષ્ટિ બદલાય ગઈ. દૃષ્ટિનો દોષ છે મોટો. પર્યાય તો ઊભી રહે છે પણ દૃષ્ટિનો દોષ છે. પર્યાયદૃષ્ટિ કહેવાય છેને? પર્યાય એકલી નુકસાન નથી કરતી, પણ દૃષ્ટિ પોતાની નુક્સાન કરે છે. દૃષ્ટિ બદલાણી તો પર્યાયની શુદ્ધિ થયા કરે છે પછી.

દૃષ્ટિ, શ્રદ્ધા બધું પોતાનું થઈ ગયું તો આખું પરિણમનનું ચક્ર ફરી ગયું. થોડું રહ્યું પછી. આખી દિશા બદલાઈ ગઈ. ઓલી આખી દિશા પરદ્રવ્ય તરફ હતી. આ બધી સ્વદ્રવ્ય તરફ દિશા બદલાઈ ગઈ. એટલે દૃષ્ટિ બદલાણી એટલે અનંતો સંસાર છૂટી ગયો. હવે થોડું રહ્યું. આખી દિશા બદલાઈ ગઈ.

પ્રશ્ન :- માતાજી! જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય, અજ્ઞાનીના બધા ભાવ

અજ્ઞાનમ, જ્ઞાનીનું બધું જ્ઞાનમય.

ઉત્તર :- દૃષ્ટિ બદલાય ગઈ એટલે બધા ભાવો જ્ઞાનમય જ છે. અજ્ઞાનીની દૃષ્ટિ આખી ઊંધી છે. જેટલા ભાવો થાય એ બધા અજ્ઞાનમય થાય છે. એના શુભભાવોમાં પાછી અંદર ભ્રાંતિ ભેગી ભેગી હોય છે. સમજતો નથી એટલે ભ્રાંતિ બધે એકત્વબુદ્ધિ કરતો જાય છે. જેને સાચી સમજવાની જિજ્ઞાસા હોય એને જુદી વાત છે પણ જે કાંઈ નથી સમજતો એટલે એના તો બધા ભાવ અજ્ઞાનમય છે. પણ યથાર્થપણે તો જ્યારે દૃષ્ટિ બદલાય જાય, ભેદજ્ઞાન થાય ત્યારે જ બધા ભાવો જ્ઞાનમય કહેવાય છે. ત્યાં સુધી જિજ્ઞાસાની ભૂમિકામાં પણ બધા ભાવો જ્ઞાનમય કહી શકાતા નથી. કારણ કે એકત્વબુદ્ધિ છે એટલે. એનો રસ મંદ પડી ગયો છે, પણ ભાવો બધા જ્ઞાનમય ક્યારે થાય? ભેદજ્ઞાનની ધારા થાય, જ્ઞાતાની ધારા થાય ત્યારે બધા ભાવો જ્ઞાનમય થાય. ત્યાં સુધી બધા ભાવો એકત્વબુદ્ધિ છે માટે અજ્ઞાનમય કહેવામાં આવે છે. એકત્વ પરિણતિ, એકત્વબુદ્ધિ. ભાવના છૂટવાની કરે છે પણ પરિણતિ એકત્વ થઈ ગઈ છે. દિશા હજી આખી પલટાણી નથી. એક ઘડો સવળો થાય એટલે બધું સવળું થાય. એક ઘડો ઊંધો એટલે બધા ઘડા ઊંધા.

પ્રશ્ન :- વચમાં આપે જિજ્ઞાસાની ભૂમિકામાં ઊભો રાખ્યો એને. જો એ દ્રવ્યદૃષ્ટિ ગ્રહણ કરે તો પલટી શકે.

ઉત્તર :- તો પલટી શકે છે. યથાર્થ પરિણતિ થાય ત્યારે એ બધા ભાવો જ્ઞાનમય કહેવાય. પણ હજી જિજ્ઞાસા છે અને ભાવના છે પલટવાની.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો! વચનામૃતના દાતા ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૮ C

પ્રશ્ન :- આવી વાત આવે? સંપ્રદાયમાં આ બધી આવતી હતી?

ઉત્તર :- આ વાત તો આવતી હતી, આ જ આવતી હતી, બીજી નહોતી આવતી. શાસ્ત્ર બીજા હોય હાથમાં. શાસ્ત્રો બીજા હોય. વાત આ બધી. 'શ્રીમદ્ રાજચંદ્ર'ની બધી આવતો આવતી. એ અપૂર્વ વ્યાખ્યાનો હતા.

પ્રશ્ન :- ભેદજ્ઞાનની?

ઉત્તર :- ભેદજ્ઞાનની વાતો આવતી, બધી આવતી.

પ્રશ્ન :- શાસ્ત્રો હાથમાં આવ્યા વગર ભેદજ્ઞાનની વાતો કરી એટલે નવાઈ લાગે.

ઉત્તર :- 'ગુરુદેવ'ના હાથમાં 'સમયસાર' તો આવ્યું હતું, પણ પ્રગટમાં વાંચતા નહોતા. સભા વચ્ચે નહોતા વાંચતા. બાકી એ પોતે વાંચતા હતા બધું. 'સમયસાર' બધા શાસ્ત્રો વાંચતા હતા. 'મોક્ષમાર્ગ પ્રકાશક' એ બધું પોતે અંદરમાં વાંચતા હતા. બહારમાં બીજા શાસ્ત્રોના અર્થો કરતા. એ તો એ આત્મા જુદો હતોને. તમારે ઘરે રહ્યા તો કેટલા વર્ષો થઈ ગયા.

મુમુક્ષુ :- ઘણા વર્ષ થઈ ગયા.

પ્રશ્ન :- આપણે ૮૯માં આમ સાથે જ ગયા હતા, હોં! રાજકોટ. ૯૦ ને ૮૯ બેય વખત 'ગુરુદેવ'નું ચોમાસું 'રાજકોટ'માં હતુંને. સદરમાં અને ગામમાં. ૮૯માં આપણે સાથે જ રાજકોટ ગયા હતા.

ઉત્તર :- કોઈવાર ગયા હશું. બાકી પહેલાવહેલા તો એકલા હિંમતભાઈને લઈને કે દાસભાઈને લઈને એમ ગઈ હતી. એ પછી કો'ક વાર ગયા હોય. બાકી ત્યાં તો એ જ ધૂન ચાલતી હતીને. રાત ને દિવસ એ જ ચાલતું હતું.

પ્રશ્ન :- અત્યારે આમ જ્ઞાયકનું રટણ કરવા જઈએ એ થોડીવાર રહે અને પાછું એ લક્ષ નથી રહેતું એનું શું કરવું?

ઉત્તર :- પોતાની લગની નથી, એટલી અંદર લાગી નથી, એટલો પુરુષાર્થ નથી. એ તો અંદર લગની લાગવી જોઈએ તો થાય. લગની નથી પોતાને.

પ્રશ્ન :- એની કળા બતાવો.

ઉત્તર :- કળા શું? એ પોતાની (તૈયારી જોઈએ). કળા બતાવીએ તોય કરવાનું તો પોતાને જ છેને. કોણ કરી દેવાનું હતું? 'ગુરુદેવે' ઘણી કળા બતાવી અને ઘણું કહેવાય છે, તોય કરવાનું તો પોતાને જ રહે છેને. કોણ કરી દે? 'ગુરુદેવે' કેટલું કીધું હતું. બધું તૈયાર કરીને દીધું. પણ પછી ગળે ઉતારવું તો પોતાને રહે છેને. કોઈ કાંઈ ગળે ઉતારી દે છે? પોતાને પુરુષાર્થ કરવાનો રહે છે.

પ્રશ્ન :- આપ જરા સ્પષ્ટ કરો તો વધારે ગળે ઉતરી જાય.

ઉત્તર :- જેટલું સ્પષ્ટ થાય એટલું થાય. એના પ્રમાણમાં થાયને. એવી ગંભીર વાત એના પ્રમાણમાં જેટલી સ્પષ્ટતા થાય એટલી થાય. બાકી કરવાનું પોતાને રહે છે. એક જ ઉપાય છે. ભેદજ્ઞાન સિવાય કોઈ ઉપાય નથી. દ્રવ્યદૃષ્ટિ કરવી ભેદવિજ્ઞાન

(કરવું). હવે એ ટૂંકામાં પણ કરવાનું પોતાને. એમાં કેટલું અંદર આત્માનું અંદર અનંત શક્તિ અંદર રહસ્ય ભરેલું છે. કરવાનું પોતાને રહે છે. ભેદવિજ્ઞાન કરવું એ પોતાને રહે છે.

પ્રશ્ન :- વાત સાંભળીએ છીએ, બધું કરીએ છીએ ત્યારે તો એમ થાય. આમ વાતે વાતે યાદ આવે છે પણ પાછું લક્ષ પલટાઈ જાય છે.

ઉત્તર :- ઉપયોગ ફર્યા કરે છે. અંદર એટલી લગની લાગવી જોઈએ.

પ્રશ્ન :- 'વાંકાનેર'ની ભૂમિમાં આપ પધારો. આપની તબિયત સારી થાય.. ઘણા વર્ષોથી અમારી આપને વિનંતી છે.

ઉત્તર :- શરીર ક્યાં કામ કરે છે. જેટલું અવાતું હતું એટલું આવ્યા, પછી ક્યાં...

પ્રશ્ન :- ૪૪મી સમ્યક્ જયંતી 'વાંકાનેર' ઉજવાણી હતી ત્યારે આવ્યા હતા. એટલા વર્ષ થયા. ૪૪ અને આ ૫૬. બાર વર્ષ થયા. ઘણો આનંદ આવ્યો હતો.

ઉત્તર :- પોતાને કરવાનું છે. જ્ઞાયકની મહિમા આવે તો ધૂન લાગે. જ્ઞાયકની અંદર લગની લાગે તો ધૂન લાગે. મારે એક જ્ઞાયક જોઈએ છે, બીજું કાંઈ જોઈતું જ નથી. એવું અંતરમાંથી થાય તો ધૂન લાગે. જ્ઞાયકને પહેલા તો વિચારીને ગ્રહણ કરવો જોઈએ. એનો નિશ્ચય કરવો જોઈએ કે જ્ઞાયક આ જ છે, બીજો જ્ઞાયક નથી. આ વિકલ્પની જાળની વચ્ચે આ વિકલ્પો તે હું નથી, હું તો જ્ઞાયક જ છું એવો નિશ્ચય પહેલા થાય. એનો નિર્ણય થાય તો એની પાછળ જાય. તો એને નિશ્ચયે પોતે એટલી લગની લાગે તો નિશ્ચય થાય. નિશ્ચય, પોતે દૃઢ નિશ્ચય થાય કે હું જ્ઞાયક જ છું. એવો દૃઢ નિશ્ચય અંદરથી આવવો જોઈએ તો એ જ્ઞાયક તરફ વળે. પછી હું જ્ઞાયક છું, આ હું નથી. આ હું ચૈતન્યદ્રવ્ય છું. એ બધો અંદરથી નિશ્ચય આવે અને જ્ઞાયકને ગ્રહણ કરે તો ભેદજ્ઞાન થાય. જ્ઞાયકને ગ્રહણ કરે અને આ હું નથી. તો એને ...

... ઉપાદાન તૈયાર થાય તો નિમિત્ત બને છે, પણ પોતાને ઉપાદાનની તૈયારી પોતે કરવી જોઈએ. તો રહેવાય. જ્ઞાયકને ગ્રહણ કરે. એનો સ્વભાવ ઓળખે તો રહેવાય.

પ્રશ્ન :- એની માટે વારંવાર ઘોલન કરે.

ઉત્તર :- વારંવાર એનું રટણ, એની લગની, એનો વિચાર, એનો નિર્ણય વારંવાર અંતરમાં જવાનો પ્રયાસ વારંવાર કરવો જોઈએ. જેને બહારની લગની લાગી હોય કાંઈક તો એ કામ કર્યે છૂટકો કરે છે. એમ અંતરમાં એવી લગની લાગવી

જોઈએ તો થાય. વારંવાર એનું રટણ કરે તો થાય.

પ્રશ્ન :- એકધારું સળંગ ચાલતું ન હોય તો?

ઉત્તર :- સળંગ ન ચાલતું હોય તો એનો પ્રયત્ન કરે. એ તો અનાદિનો અભ્યાસ છે તો એમ પલટ્યા કરે, પણ વારંવાર અભ્યાસ કરવો જોઈએ એનો. પલટી જાય તોપણ વારંવાર એને સ્વભાવ તરફ લાવે તો થાય.

પ્રશ્ન :- પરાણે પણ અંદર વળાવો...

ઉત્તર :- પરાણે એને રુચિ હોય એટલે આવ્યા વગર રહે જ નહિ. પરાણે હઠ કરીને તો આવે નહિ, પણ રુચિ હોય તો આવે. પોતાને ખટક હોય તો આવે. વારંવાર એનો ને એનો અભ્યાસ કર્યા કરે તો થાય. ખટક લાગવી જોઈએ અંદરમાં. એ અનાદિનું ઘર છે આત્માનું ઘર છે એ. દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્ય. એ જે સ્થાન એ મારું ઘર જાણે કે કેટલા વર્ષોનું જૂનું એમ લાગે. એમ આ આત્મા પણ કેટલા વર્ષનો જૂનો છે. એ પણ મારું ઘર છે એમ અંદરથી લાગે. બહારમાં લાગે એ સારી વાત છે, પણ અંદર પણ લાગવું જોઈએ. અનાદિકાળનું એ પોતાનું ઘર છે. અભ્યાસ બહારનો થઈ ગયો છે એટલે બહારનું જાણે, બહારમાં રોકાઈ જાય. અંતરનું એને કાંઈક અઘરું પડી જાય છે અભ્યાસ નથી એટલે.

પ્રશ્ન :- એના માટે સત્સંગ વારંવાર કરવો જોઈએ.

ઉત્તર :- સત્સંગ કરે વારંવાર. અંદરમાં અભ્યાસ કરે. સત્સંગ તો નિમિત્ત છે મહા, એનું મોટું નિમિત્ત છે. પણ હવે એવો જેને યોગ ન હોય તે અંતરમાંથી પુરુષાર્થ કર્યા કરે. વારંવાર શાસ્ત્રમાં આવે સત્સંગ કર.. સત્સંગ કર.. એટલો પોતાને પુરુષાર્થ ઉપડતો ન હોય બીજા સંયોગમાં તો સત્સંગ કરે. જેમાં સહેજે પુરુષાર્થ અંતરમાં જવાનું કારણ બને છે, સ્વલક્ષ થવામાં. ગુરુનું નિમિત્ત મોટું છે એમાં. સત્સંગ પણ એમાં બળવાન કારણ થાય છે. બહારમાં એ કારણ થાય. અંતરમાં પોતાનો તત્ત્વ નિર્ણય કારણ થાય છે. પોતાની રુચિ, તત્ત્વ નિર્ણય કારણ થાય છે.

પ્રશ્ન :- આખો રુચિનો ...

ઉત્તર :- રુચિ ફેરવવી.

પ્રશ્ન :- બહારમાં રુચિ છે એને અંદરમાં...

ઉત્તર :- હા અંદરમાં રુચિ લાવ. તત્ત્વનો નિર્ણય કર.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૮ D

ઉત્તર :- ...એણે પ્રયત્ન કરવો જોઈએ. ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. હું છૂટો તે છૂટો જ છું. એકત્વ થયો જ નથી, પણ એકત્વ જે થઈ રહ્યું છે એને છૂટો પાડવાનો પ્રયત્ન કરવો.

પ્રશ્ન :- નિરંતર રહેવું જોઈએ?

ઉત્તર :- નિરંતર એણે પ્રયાસ કરવો જોઈએ. નિરંતર રહેવું જોઈએ પણ રહેતો નથી તો પ્રયાસ કરવો જોઈએ.

પ્રશ્ન :- કૃત્રિમ ન ગણાય પ્રયાસ કરીએ એ?

ઉત્તર :- કૃત્રિમ પણ હજી સહજ (થયો નથી). સ્વભાવ સહજ છે. સહજ ધારા થાય એને સહજ થાય. હજી સહજ એને કાંઈ થયું નથી. સહજ નથી એટલે એને પુરુષાર્થ કરવાનો જ રહે છે. કૃત્રિમ તો એ કૃત્રિમ પુરુષાર્થ કરવાનો રહે છેને. એકત્વ થઈ રહ્યું છે એને પ્રયત્ન કરીને છૂટો પાડવાનો રહે છે. પુરુષાર્થ એ કૃત્રિમ પ્રયાસ કરવો પડે છે. એ અભ્યાસ કરવો પડે. પુરુષાર્થ કર્યા વગર એ કાંઈ થવાનું નથી.

પ્રશ્ન :- એ તરફનો પુરુષાર્થ તો બરાબર યથાર્થ છેને?

ઉત્તર :- પુરુષાર્થ યથાર્થ એ પોતે સમજી શકે (કે) કઈ જાતનો પુરુષાર્થ છે. જ્ઞાયક સ્વભાવને ઓળખીને 'આ જ્ઞાયક તે જ હું છું' એ જ્ઞાયક ગ્રહણ થયો છે કે નથી થયો એ પોતાને ખ્યાલ આવે. એને પછી છૂટો પાડવાનો પ્રયત્ન કરે. આ જ્ઞાયક તે હું, પણ ક્ષણે ક્ષણે જે વિકલ્પ થાય છે, વિકલ્પની ધારા ચાલે છે એવી ધારા પોતાને જ્ઞાતાની ધારા રહેતી નથી. એ જ્ઞાતાની ધારા કેમ રહે એનો ક્ષણે... ક્ષણે... ક્ષણે... ક્ષણે... એને અભ્યાસ થાવો જોઈએ. એ અભ્યાસ એને કરતા કરતા સહજ થાય. પહેલાથી તો કાંઈ સહજ હોતું નથી. અભ્યાસ કરતા કરતા સહજ થાય, અભ્યાસ કરે તો સહજ થાય. જેને થાય એને ક્ષણમાં થાય અને ન થાય એ અભ્યાસ કરે. ક્ષણે... ક્ષણે... ક્ષણે... ક્ષણે... અભ્યાસ જ હોવો જોઈએ. એકવાર પુરુષાર્થ કરી લીધો, વિચાર કરી લીધો પછી મૂકી દીધું. એમ કાંઈ થાય નહિ. ક્ષણે-ક્ષણે એ ધારા એને ચાલવી જોઈએ.

પ્રશ્ન :- માતાજી! કાલે 'ગુરુદેવ'ની ભક્તિમાં આવ્યુંને, 'ચાબુક મારીને વ્યવહાર

માંહી વાળતો...' અમે તો 'ગુરુદેવ' પાસે ચાબુક કે લાકડી તો જોઈ નથી, તો કેવી રીતે ચાબુક માર્યા?

ઉત્તર :- એ કાંઈ બહારથી ચાબુક કે લાકડી હોતી હશે? એ તો એને જે એમનો કહેવાનો આશય એકદમ દૃઢતાથી અને જોરથી કહેતા હતા એ એમનું ચાબુક હતું. આ ક્યાં ચડી ગયો? કે આ ક્યાં આવું કીધું છે? કોઈ કહે, પર્યાય અહીં છે? પર્યાય અલોકમાં વઈ ગઈ એમ કોઈએ કીધું. કોણે કીધું? 'ગુરુદેવ' એકદમ જોરથી કહેતા હતા, એવું કોણે કીધું છે પર્યાય અલોકમાં વઈ ગઈ એવું? એમ જોરથી કહેતા હતા.

પ્રશ્ન :- હોથા નીકળી જશે ભાઈ તારા. હોથા નીકળી જશે ચોર્યાશીમાં. ત્યાં નથી માસીબાના રાજ...

ઉત્તર :- આ ચોર્યાશીમાં પરિભ્રમણ કરીને તારા હોથા નીકળશે એમ કહેતા હતા. ક્યાં જઈશ?

પ્રશ્ન :- નથી કહેતા? કે અક્ષરે અક્ષર અર્થ નહિ કરવાનો, એનો ભાવ પકડવાનો.

ઉત્તર :- ભાવ પકડવાનો. ચાબુક એટલે કાંઈ બહારથી ચાબુક હતું? 'ગુરુદેવ' કાંઈ કોઈને મારતા હતા? એ તો ઉપદેશ દેતા હતા. એવો જોરથી હિતોપદેશ દેતા હતા. હિતથી કહેતા હતા કે અરે..! તું ક્યાં ચાલ્યો ગયો? આમ આવ. જેમ પિતા બાળકને હિતનો ઉપદેશ આપે કે આ નથી કરવા જેવું. જોરથી કહે, એને વઢે. જેમ પિતા કહે એવી રીતે 'ગુરુદેવ' કહેતા હતા.

પ્રશ્ન :- 'ગુરુદેવ'નું તમે પૂછો એટલે બહેનશ્રી રંગમાં આવી જાય.

ઉત્તર :- જોરથી કહેતા હતા કે આ ક્યાં તું ચાલ્યો ગયો? આવી શુષ્કતા કરવાનું ક્યાં કીધું છે? શાસ્ત્રોમાં પણ આવે છે કે ત્રીજી ભૂમિકા જે પ્રતિક્રમણની તીસરી અમૃત-ભૂમિકા કીધી, પ્રતિક્રમણને વિષકુંભ કીધો એટલે એ કાંઈ તને તીસરી ભૂમિકા કીધી એટલે તને ઊંચે ચડવાનું કીધું છે. તને નીચે પડવાનું નથી કીધું કે તું શુભભાવમાંથી અશુભભાવમાં જા. એમ ક્યાં કીધું છે? અશુભથી શુભમાં (આવે), પણ શુભ પણ તારું સ્વરૂપ નથી. અમૃત-ભૂમિકા પ્રતિક્રમણની તારી અંતરમાં છે. ઊંચે ચડવાનું કીધું છે. એને છોડીને અશુભમાં જવાનું નથી કીધું. પ્રમાદ કરવાનું કીધું નથી. એમ શાસ્ત્રમાં આવે છે. 'ગુરુદેવ' તો બહુ જ કહેતા હતા. 'ગુરુદેવ' બહારમાં રોકાયેલાને કહેતા હતા. અને બધું કાંઈ નથી આત્મામાં એમ કરીને બેસી જાય એને પણ કહેતા હતા. બેયને કહેતા હતા.

પ્રશ્ન :- હમણાં માતાજી! આપે બે પ્રકારના વ્યવહારની વાત કરીને? એક તો નિશ્ચયની સાથે અનુકૂળ વ્યવહાર કે જે આવ્યા વિના રહેતો નથી. અને એક એવો વ્યવહાર છે કે જેને ખોટી રીતે મહત્ત્વ આપીને જીવો એમાં અટવાઈને પોતાનો પરમાર્થ માર્ગ ભૂલી જાય છે. એ વ્યવહારનો થોડો વિશેષ ખુલાસો કરશો. જેમ કે એક તો કાલે પંડિતજીએ કહ્યું હતું કે જમણા પગે કે ડાબા પગની વાત કરી હતી. આમાં માતાજી! ખુલાસો એટલા માટે માગું છું કે ઘણાને આ બાબતમાં જે વસ્તુ સામાન્ય (છે) તે પણ એને શાસ્ત્રના આધાર આપીને, એને મહત્ત્વ આપીને મોટું રૂપ આપે છે. જેમકે એક ખમાસણું લેવું, કોઈ ત્રણ ખમાસણા લેતું હોય. ફોટાના દર્શન કરવા, ફોટાના દર્શન ન કરવા. આ જે બધો પ્રકાર વ્યવહાર કીધો એ એમાં ઘટાવી શકાય ખરો?

ઉત્તર :- એનો સિદ્ધાંત સ્થાપી ન શકાય. એને વ્યવહારની વાતો એવી છેને બધી. હવે એને નિશ્ચયની સાથે કેવો વ્યવહાર હોય અણુવ્રત, મહાવ્રત, દેવ-ગુરુ-શસ્ત્ર સાચા, પછી જે એની અમુક પ્રકારની એની અષ્ટ પ્રકારની પૂજા જે શાસ્ત્રની વિધિ હોય, પ્રતિમાજી કેવી જાતના હોય એની વિધિ, એ બધું હોય. પછી એના વંદન વ્યવહાર એની અમુક મર્યાદા આવે છે. એની મર્યાદામાં પછી કોઈના ભક્તિભાવથી.. એમાં પછી ગૃહીત મિથ્યાત્વ લગાવી દે, કાંઈક લગાવી દે. એ બધું ચાલે છે. એ બધું એવું ચાલ્યા કરે.

પ્રશ્ન :- ઝીણા ઝીણા વ્યવહારનું મહત્ત્વ ન હોય.

ઉત્તર :- કોઈ કહે, આને ગુરુ કહેવાય, આ ગુરુ ન કહેવાય. નિર્ગ્રંથ ગુરુ કહેવાય. એવું બધું કાંઈક ચાલે છે. તો અહીં તો આપણે ઉપકારી ગુરુ માનીએ છીએ. બધી માન્યતા માન્યતામાં ફેર પડે છે. એવું બધું થાય છે. ઘણું, એવી જાતનું ઘણું ચાલે (છે), એનો વિસ્તાર એ કરવો નકામો છે.

પ્રશ્ન :- આ તો કાલે સહજ વિષય ખુલ્યો હતો એટલે અને અત્યારે સમજવા યોગ્ય છે. લોકો એવું ખોટું એને મોટું રૂપ આપીને, આગ્રહ કરીને (પક્કડ કરે છે).

ઉત્તર :- અને ગૃહીત મિથ્યાત્વ કહે છે. કહે છે કે ત્યાં બધા ગૃહીત મિથ્યાત્વ છે. આવું બધું કહે છે.

પ્રશ્ન :- ભક્તિ ન હોય એ શું કહે?

ઉત્તર :- આવું બધું ચાલે છે. અમુક શાસ્ત્રમાં આવે એવું તો અહીં ચાલે છે. ભગવાનની અષ્ટ પ્રકારી પૂજા થાય, કાંઈ બીજું તો આમ વ્યવહાર તરીકે ચાલતું નથી.

પ્રશ્ન :- ..

ઉત્તર :- એ તો બહારમાં ચાલ્યા કરે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૯ A

પ્રશ્ન :- .. કઈ રીતે છે? કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :- 'ગુરુદેવે' (કહ્યું છે કે) દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ થાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય એનાથી જ આત્માની સિદ્ધિ થાય છે. સમ્યગ્દર્શન વગર આ મુક્તિનો માર્ગ જ પ્રગટ થતો નથી. સમ્યગ્દર્શન થાય એટલી જ આત્માની સિદ્ધિ. સમ્યગ્દર્શન વગરનું બહારનું બધું કરે, ત્યાગ કરે, પચ્ચખાણ કરે, બધું કરે, પણ સાચું ચારિત્ર પણ સમ્યગ્દર્શન વગર નથી. ત્યાગ લઈ લે અને માને કે મેં ચારિત્ર લીધું. ચારિત્ર પણ યથાર્થ હોતું નથી, જ્ઞાન પણ યથાર્થ હોતું નથી. સમ્યગ્દર્શન પ્રગટ થાય એટલે જ બધું સમ્યક્ થાય છે. સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર બધું સમ્યક્ થાય છે. અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તો આત્માની સિદ્ધિ થાય છે, પણ તે બધું સમ્યગ્દર્શનથી જ થાય છે.

દર્શનશુદ્ધિથી (અર્થાત્) દર્શનની શુદ્ધિ થાય, દર્શનની નિર્મળતા પ્રગટ થાય એટલે આત્માની સિદ્ધિ થાય. સમ્યગ્દર્શન વગરનું બધું એકડા વગરના મીંડા 'ગુરુદેવ' કહે છેને. એકડો નથી બધા એકડા વગરના માત્ર મીંડા કરે. બધા શૂન્યરૂપે થાય છે. ગમે એટલું કરે એને વૈરાગ્ય આવે, એમાં ગૃહસ્થાશ્રમથી વૈરાગ્ય આવે, ત્યાગ કરે, ગૃહસ્થાશ્રમ છોડીને વનમાં જાય, બધુંય કરે. એને એમ લાગે કે બહારથી જાણે મેં તો કેટલુંય કર્યું! પણ એ બધું કાંઈ શૂન્ય થાય છે. એક સમ્યગ્દર્શન એકડો આવે તો બધું થાય છે. એક આવે તો એના ઉપર બધા આંક ચડે છે, નહિતર બધું શૂન્ય જેવું થાય.

એને વૈરાગ્ય આવે છે અનંતકાળમાં ઘણીવાર, પણ એ વૈરાગ્ય માત્ર આ બધું અસાર છે, આ બધું અનિત્ય છે (એમ થાય છે), પણ નિત્ય વસ્તુ કોણ છે? એ વસ્તુને ઓળખ્યા વગરનો બધો ત્યાગ કરી દે. નિત્ય સ્વરૂપ જ્ઞાયક આત્મા એને નથી ઓળખતો. એટલે બધું શૂન્યની માફક બધું કરે. ત્યાગ (કરીને) મુનિ થઈ જાય. બધું કેટલું વાંચી જાય, ભણી જાય, બધું કરે. અગિયાર અંગ સુધી એનું જ્ઞાન થઈ જાય. વ્રત-પચ્ચખાણ કેવા કડક કરે, અભિગ્રહો ધારણ કરે, બધું નિર્દોષ આહાર-પાણી લે,

બધું કરે પણ જો સમ્યગ્દર્શન નથી તો સમ્યગ્દર્શન વગરનો ભવનો અભાવ થાતો નથી. પુણ્ય બાંધે, ગ્રૈવેયકમાં જાય પણ... 'મુનિવ્રત ધાર અનંત...' અનંત વાર ગ્રૈવેયક ઉપજાયો, પણ સમ્યગ્દર્શન વગર એક ભવ પણ એનો ઘટ્યો નથી. સમ્યગ્દર્શનથી જ આત્માની સિદ્ધિ થાય છે.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન એટલે પોતાના સ્વરૂપના દર્શન?

ઉત્તર :- સમ્યગ્દર્શન એટલે સ્વરૂપનું દર્શન, સ્વરૂપ જેવું છે તેવી શ્રદ્ધા, સ્વરૂપનું દર્શન, સ્વરૂપની સ્વાનુભૂતિ, જેવું સ્વરૂપ છે તેવું બરાબર ગ્રહણ કરવું. સ્વરૂપનું દર્શન થાય છે એને. અનંતકાળથી સ્વરૂપને ઓળખતો નથી. સ્વરૂપનું દર્શન થાય છે. સ્વાનુભૂતિ પ્રગટ થાય છે એને.

પ્રશ્ન :- એના પહેલાનું પગથિયું આપ કહેશો કે તત્ત્વનો નિર્ણય. 'ગુરુદેવના વચનામૃત'માં આવ્યું છે કે વિકલ્પમાં તત્ત્વના વિચારો કર્યા કરે તો કાંઈ સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. તો હવે ત્યાંથી આગળ વધાતું નથી. વિકલ્પમાં તત્ત્વના વિચારો ચાલ્યા કરે, પણ તત્ત્વના નિર્ણય સુધી પણ પહોંચાતું નથી. આપે ઘણું કહ્યું કે ભાઈ! વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરવો જોઈએ, પણ એ થતો નથી. વિકલ્પમાં તત્ત્વના વિચારો ચાલ્યા કરે છે. હવે આગળ કાંઈક કૃપા કરીને સમજાવો કે જેથી તત્ત્વના નિર્ણય સુધી પહોંચાય અને કંઈ કામ થઈ શકે.

ઉત્તર :- પહેલા તત્ત્વનો નિર્ણય કરવો પણ નિર્ણય યથાર્થ કરે કે બસ! આ જ છે, બીજું છે જ નહિ. આ આત્મા આ છે, આ જ્ઞાયક તે હું છું. આ પરપદાર્થ તે હું નથી. આ વિભાવની પર્યાયો તે મારું સ્વરૂપ નથી. એવી શ્રદ્ધા પહેલા યથાર્થ કરે. એના તત્ત્વના વિચાર કરીને નિર્ણય કરે પછી એને શંકા પડે નહિ. એવું નિઃશંક થઈ જાય કે બસ! આ જ્ઞાયક તે જ હું છું. એમાં નિઃશંકતાનું જોર આવે તો એના શ્રદ્ધાના બળે એ આગળ જાય અને સ્વાનુભૂતિ થાય. જ્યાં શ્રદ્ધાનું બળ જોરદાર નથી ત્યાં સુધી આગળ જઈ શકતો નથી. શ્રદ્ધાનું બળ એને જોરદાર આવવું જોઈએ.

પ્રશ્ન :- માતાજી! આપની પાસેથી જાણવું છે કે વિકલ્પમાં તત્ત્વના વિચારો તો ઘણા ચાલ્યા કરે છે, પણ તત્ત્વ નિર્ણય સુધી પહોંચાતું નથી. તત્ત્વ નિર્ણય તો વિકલ્પાત્મક એને કહીએ કે વિકલ્પો આવે કે પરદ્રવ્યના કોઈ શરીર આદિની ક્રિયાઓ થાય એમાં હું જ્ઞાયક જ છું એમ વિકલ્પપૂર્વક પણ ટકી રહેવું જોઈએ એ ટકાતું નથી. એના કારણભૂત આપ જે ભેદજ્ઞાન કહો છો કે નિરંતર ભેદજ્ઞાન ભાવ્યા કર, પણ એ ચાલતું નથી. બહુમાં બહુ તો જ્યારે સ્વાધ્યાયમાં બેઠા હોઈએ બે-ત્રણ કલાક કે ચાર

કલાક તો આ વિચારો ચાલ્યા કરે. ત્યારપછીની જે પરિસ્થિતિ છે એમાં તો પછી એમ જ લાગે છે કે વિકલ્પમાં તત્ત્વ વિચાર એ સિવાય લાંબુ કાંઈ દેખાતું નથી. અહીંયાં ક્યાં અટકાય છે અને શું કરવું જોઈએ?

ઉત્તર :- પોતાના પુરુષાર્થની મંદતાથી આગળ જઈ શકતો નથી અનાદિનો અભ્યાસ છે એટલે. તત્ત્વના વિચારો કર્યા કરે પણ, જ્ઞાયક હું છું એને ગ્રહણ કરીને બરાબર આ જ્ઞાયક તે જ હું છું. એ જ્ઞાયકની શ્રદ્ધાને જે કાર્યમાં મૂકવી જોઈએ- ભેદજ્ઞાનના કાર્યમાં, જ્ઞાયકને ગ્રહણ કરીને બધા જે ભાવો આવે તે હું નથી. પણ એ કર્યા વગર છૂટકો નથી. એ થાય કે ન થાય, પણ એ કર્યે જ છૂટકો છે. શ્રદ્ધાના બળથી એને જ્ઞાયક છું એવા ભેદજ્ઞાનનો અભ્યાસ અંતરમાંથી, એને અંતરમાંથી, બોલવારૂપ નહિ પણ એ આગળ-આગળ અંતરમાંથી એ એને કર્યા વગર છૂટકો જ નથી. દ્રવ્યદૃષ્ટિના જોરથી ભેદવિજ્ઞાનના અભ્યાસના જોરથી એ આગળ જઈ શકે છે. તત્ત્વના નિર્ણય પછી પણ એને શ્રદ્ધાનું બળ જોરદાર રાખીને ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા વર આગળ જઈ શકતો નથી.

પ્રશ્ન :- માતાજી! વિકલ્પમાં તત્ત્વના વિચારોમાં સ્વરૂપ અસ્તિત્વ, સ્વ અને પર બરાબર ભાવમાં બેસી જાય છે. એ જુદું એ જુદું જ છે અને એનો કર્તા-ભોક્તા આત્મા હોઈ શકે નહિ. છતાં એવા પ્રકારના રાગો આવ્યા કરે અને એ રાગથી એ વખતે ભેદજ્ઞાન કરવું જોઈએ એ ઉપાય છે કે હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું અને આ રાગ અને પરદ્રવ્યની ક્રિયા મારાથી ભિન્ન છે. પણ એ કોણ જાણે એ રાગ આવે ત્યારે એમાં એક્તા જ થાય કે જાણે રાગ મને થઈ ગયો. આવા રાગો કેમ આવે છે? આવા ભાવો કેમ આવે છે? એમ થાય. પણ જે બળ આવવું જોઈએ કે નહિ, હું તો આ વખતે પણ જ્ઞાયક છું. કાં તો શુષ્કતા જેવું લાગે છે અને જે ભાવરૂપે આવવું જોઈએ, ભીંજાઈને જે રીતે કે અંતરમાં પરિણમન તરફ જવાય એવો કાંઈ ઉકેલ આવતો નથી. તો કાંઈક, કાંઈક તો આપ કૃપા કરો કે કંઈક સમજાવો કે શું થાય છે?

ઉત્તર :- પણ એ કર્યા વગર છૂટકો નથી. ન થાય તોય. અંદર હૃદયને ભીંજવીને અંતરથી એ જાતનું પોતાને અંદરથી વેદન આવવું જોઈએ કે કેમ નથી થતું? કેમ આમાં રોકાઈ રહે છે? એનું કારણ પોતાનું કારણ પોતે પકડવાનું છે. અંદરથી હૃદયને ભીંજવીને, આત્માની મહિમા લાવીને, એના તત્ત્વના નિર્ણયને દૃઢ કરીને, એનો પુરુષાર્થ કરીને પોતે જ આગળ જવાનું છે. જે એકત્વબુદ્ધિ થઈ રહી છે એને તોડે જ છૂટકો છે. એ તો બેય સામસામું છે. અહીં એકત્વબુદ્ધિને જુદું પડવું

છે. જ્ઞાયક નિરાળો છે. નિરાળાને નિરાળારૂપે એને પરિણમનમાં લાવવો છે. એ કર્યા વગર છૂટકો નથી. કોઈ રીતે એ એક જ ઉપાય છે.

દ્રવ્ય ઉપર દૃષ્ટિના જોરથી ભેદજ્ઞાનનો અભ્યાસ. એના વગર એનો બીજો કોઈ બહારનો કોઈ ઉપાય નથી. તેમ અંતરમાં પોતે પોતાના હૃદયને ભીંજવીને આગળ જવું, પુરુષાર્થ કરવો એ એક જ ઉપાય છે. વારંવાર એને તે તરફ જાવું એ એક જ ઉપાય છે. અને એમાં એ જ છે. બીજો કોઈ ઉપાય નથી એવો નિર્ણય પોતાને આવવો જોઈએ અને નિર્ણયના બળે પોતે એવી જાતનો પુરુષાર્થ કરે તો થાય.

પ્રશ્ન :- માતાજી! નિર્ણય પણ એમ જ છે કે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી, આ સિવાય કોઈ બીજો મોક્ષમાર્ગ નથી. એ તો પાક્કો નિર્ણય છે. અને એટલા વિકલ્પો છે કે સમજ્યા વિનાના વિકલ્પોમાં વિચાર આવે છે એમ પણ નથી. સ્વરૂપ લક્ષમાં આવે છે અને એ પૂર્વક વિચારો ચાલે, પણ વિચારોથી આગળ નિર્ણયમાં જે આપ કહો છોને, ત્યાં નિર્ણયમાં જ અટકાય (છે). નિર્ણય ટકી રહેતો નથી કે કંઈક રાગ એવા આવી જાય ત્યારે એમ થઈ જાય કે રાગરૂપે હું થઈ ગયો. એનાથી છૂટું વિકલ્પમાં નથી પડાતું. નિર્વિકલ્પની તો વાત જ ક્યાં છે પણ વિકલ્પમાં જે છૂટું પડાવું જોઈએ કે આ જ્ઞાયક જ હું છું. આ વિકલ્પ અને પરદ્રવ્ય મારાથી ભિન્ન છે. એટલું જોર આવતું નથી, એટલું બળ આવતું નથી. એ જે આપ કહો, પણ ત્યાં આગળ અટકાય છે.

ઉત્તર :- પુરુષાર્થ કર્યા વગર અને લગની લગાડ્યા વગર છૂટકો નથી. અનાદિનો અભ્યાસ છે એટલે એમ તો ગમે ત્યાં એને પુરુષાર્થની મંદતાને કારણે ક્યાંક રોકાયા તો કરતો જ હોય છે, પણ એને વારંવાર અભ્યાસ કરે એ એક એનો ઉપાય છે. વારંવાર-વારંવાર એનો અભ્યાસ કર્યા કરે તો થાય.

પ્રશ્ન :- આપ કહો છો એ વાત તો સાચી છે કે ક્યાંક રોકાતો હોય છે એ વાત સાચી છે. પણ હવે અમુક...

ઉત્તર :- જ્યાં સુધી નથી થયું ત્યાં સુધી ક્યાંક રોકાતો તો હોય જ છે.

પ્રશ્ન :- જી હા, એ હકીકત છે. પણ જ્યાં રોકાય છે, ત્યાં ખ્યાલ પણ આવે છે કે અહીં રોકાય છે. પણ એ વખતે કઈ રીતે એનાથી જુદું પડવું. જ્ઞાને જ કિંમત આપી છે પણ છતાં એ જ્ઞાન ત્યાંથી છૂટતું નથી. એવું પણ અનુભવમાં આવ્યા કરે છે, ખ્યાલમાં આવ્યા કરે છે.

ઉત્તર :- જ્ઞાનથી નિર્ણય કર્યો, પણ અંદરથી પાછું હૃદય એટલું ભીંજાયેલું હોય,

પોતાને ખટક લાગે અંદરથી તો છૂટો પડે. ખટક લાગવી જોઈએ અંતરમાંથી. એની મહિમા આવવી જોઈએ, એને ખટક લાગવી જોઈએ. એમાં એને આ સ્વરૂપ તે દુઃખ છે, દુઃખના ફળ (છે) એવું એને અંદર વેદનમાં લાગવું જોઈએ. અંદર ખટક લાગે તો છૂટો પડે. નિર્ણય કરીને પણ અંદર પોતાને એવી ખટક લાગવી જોઈએ તો છૂટો પડે. એમ માત્ર એકલો એમ વિચાર કર્યા કરે તો (ન છૂટો ન પડે પણ), અંદરથી લાગવું જોઈએ તો છૂટો પડે.

પ્રશ્ન :- માતાજી! જે રીતે લાગી શકે એ રીતે તો લાગે છે. દુઃખ પણ થાય છે. આપ જે રીતે કહો છો એ રીતે નથી લાગતું, કેમકે છૂટો નથી પડતો એટલે. પણ નથી લાગતું દુઃખ એમ પણ નથી. જે કાંઈ થાય છે એમાં ખેદ પણ થયા કરે, દુઃખ પણ લાગ્યા કરે. પણ છતાં હકીકત તો આ જ છે.

ઉત્તર :- એમાં પોતાના પુરુષાર્થની મંદતા છે, બીજું કોઈ કારણ નથી. એમાં કહે છેને પારિણામિક દ્રવ્ય અકારણ અને એમાં પોતાના પરિણમનની ખામી, પોતાના પુરુષાર્થની ખામી છે. પોતાના મંદતાની ખામી, બીજી કાંઈ ખામી નથી.

પ્રશ્ન :- મંદતામાંથી તીવ્રતા (કઈ રીતે આવે)?

ઉત્તર :- એ પોતે જ કરે, બીજો કોઈ કરી શકે નહિ. પોતે જ કરે. પોતાની લગની જ પોતાને માર્ગથી આગળ જવામાં કારણ બને છે. પોતાની લાગેલી લગનીથી આગળ જાય. પોતે જ ત્યાં રોકાઈ નથી શકતો. પોતાની લગની જ આગળ લાવે છે.

પ્રશ્ન :- જ્યાં સુધી પોતાને સંતોષ ન થાય ત્યાં સુધી એવું જ કર્યા કરે?

ઉત્તર :- સંતોષ ન થાય ત્યાં સુધી તો એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ, પોતાની શ્રદ્ધા જોરદાર, ભેદવિજ્ઞાન એ જ કરવાનું છે. માર્ગ તો એક જ છે. એને દ્રવ્ય-ગુણ-પર્યાય ચારે બાજુથી સમજે. ચારેય બાજુથી શાસ્ત્રના પડખાં વિચાર્યા કરે અને તત્ત્વના વિચાર્યા કરે. પોતે વિચારથી, શાસ્ત્ર કહે છે એમ (નહિ), પોતે સ્વયં અંતરમાંથી વિચારીને નક્કી કરે. પણ એને કાર્યમાં લાવવા માટે તો પોતાએ શ્રદ્ધાનું બળ લાવવું જોઈએ. હું આ જ્ઞાયક છું અને આ હું નથી. એવું જોર લાવીને એકવાર વિચાર કર્યો કે આ હું જ્ઞાયક છું અને આ નથી, પણ એને કાર્યમાં લાવવું જોઈએ અંતરની પરિણતિમાં. ઉપાય તો એક જ છે, બીજો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- જ્યાં સુધી કાર્ય ન થાય ત્યાં સુધી પ્રયોગ કર્યા જ કરે?

ઉત્તર :- એમ જ કર્યા કરવું. જે સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા છે, નથી

થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે જ્યાં સુધી આ આત્મા પોતે છૂટો પડીને સ્વરૂપમાં સ્થિર ન થઈ જાય ત્યાં સુધી. એના બે અર્થ કર્યા છે કે જ્યાં સુધી સમ્યગ્દર્શન થાય અને પોતે સ્વરૂપમાં ઠરી ન જાય ત્યાં સુધી. અને બીજો (અર્થ) એમ કે જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી અભ્યાસ કરવો. એક જ ઉપાય શરૂઆતથી અભ્યાસ સહજ અભ્યાસ હોતો નથી. પહેલા ભેદવિજ્ઞાન સહજ છે નહિ. સહજ નથી અભ્યાસ તોપણ અભ્યાસ કરે. સમ્યગ્દર્શન પામ્યા પહેલા. અને પછી પણ ઈ એક કેવળજ્ઞાન સુધી દ્રવ્યદૃષ્ટિનું બળ અને ભેદવિજ્ઞાનનું બળ એ બધું સાથે ઠેઠ સુધી રહે છે. કેવળજ્ઞાન થાય ત્યાં સુધી. એક જ ઉપાય.

એની સાથે બધું હોય. અધૂરી દશા છે. પંચ મહાવ્રત, અણુવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, એવા શુભભાવો બધા સમ્યગ્દર્શનના અંગ આવે. એ બધું સાથે હોય, પણ ઉપાય અંતરમાં એક સહજપણે સમ્યગ્દર્શનની સહજ ધારા ચાલતી હોય છે. ત્યાર પહેલા એને અભ્યાસ હોય છે. સમ્યગ્દૃષ્ટિને તો સહજ જ્ઞાતાધારા ચાલે છે. એને પુરુષાર્થ છે પણ સહજ પુરુષાર્થ છે. એને આમ આટલી મુશ્કેલીવાળું નથી. એણે તો સહજ માર્ગ જાણી લીધો છે. પહેલા જિજ્ઞાસુને અભ્યાસ તો એક જ કે જે માર્ગ છે તે માર્ગનો અભ્યાસ પહેલા કરવાનો છે. અભ્યાસ ન થાય તો વારંવાર કરવો. માર્ગ તો એક જ છે કે ભેદવિજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે એકધારાએ તૂટ ન પડે એવી રીતે ભાવવું. ક્યાં સુધી? કે આત્મા આત્મામાં ઠરી ન જાય ત્યાં સુધી. એમ આવે છે. 'સમયસાર'માં આવે છે. એકધારાવાહી ભાવ એમાં હોય છે.

પ્રશ્ન :- માતાજી! 'નિયમસાર'માં પ્રતિક્રમણ અધિકારમાં પહેલા પાંચ ગાથા છે ને? નારકની, માનવીને.. પછી કીધું, કે આ ભેદજ્ઞાનના અભ્યાસથી 'માધ્યસ્થ થઈ ચારિત બને', તેથી કહીશ હું ચારિત્ર. સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદજ્ઞાનની...

ઉત્તર :- હા. સમ્યગ્દર્શન થયા પછી પણ ભેદવિજ્ઞાન છે. ભેદવિજ્ઞાનથી 'માધ્યસ્થ થઈ ચારિત બને'. ચારિત્ર પણ એમાં, સમ્યગ્દર્શન પણ એમાં, કેવળજ્ઞાન સુધી એમાં. બધું એમાં જ છે. સમ્યગ્દર્શનના બળથી ભેદવિજ્ઞાન થયું પછી ચારિત્રના બળમાં પણ ભેદજ્ઞાન. બધે ભેદજ્ઞાન. એક જ માર્ગ પહેલેથી છેલ્લે સુધી. માર્ગ બીજો નથી. સીધો અને સરળ છે. પણ અનાદિના અભ્યાસને લઈને મોંઘો થઈ ગયો છે. એક જ માર્ગ. આડોઅવળો માર્ગ નથી, ક્યાંક ગોતવા જાવાનો નથી, અંતરમાં છે કે બહારમાં તું આટલું કરી લે કે આટલા કાંઈ બહારના કોઈ કાર્યો કરી લે એવું કાંઈ

નથી. અંતરમાં કરવાનું છે. એક જ માર્ગ પહેલેથી છેલ્લે સુધી. 'માધ્યસ્થ થઈ ચારિત.. ભેદજ્ઞાનના...' એ ગાથા છે આખી.

પ્રશ્ન :- ત્યાં પણ લીધું, પ્રત્યાખ્યાન અધિકારમાં છે કે કર્મ અને જીવના ભેદ અભ્યાસથી જ પ્રત્યાખ્યાન હોય છે.

ઉત્તર :- હા. એ ભેદ અભ્યાસથી જ પ્રત્યાખ્યાન (થાય). પ્રત્યાખ્યાન એમાં આવે, સંવર એમાં આવે. બધું એમાં આવે. જ્ઞાન-દર્શન-ચારિત્ર બધામાં એ આવે. પહેલા અનાદિની એકત્વબુદ્ધિ છે એટલે એને સહજ થાતું નથી. એટલે એને દુર્લભ થઈ પડે છે. વિચાર કરે. સહજ થાતું હોય અને વિચાર કરે તો છૂટી જાય છે. કારણ કે સહજ પરિણતિ નથી અને ઉપયોગમાં લાવે એટલે ઉપયોગ તો ફર્યા કરે. એટલે ઉપયોગ છૂટી જાય, વારેવારે ફર્યા કરે એટલે એને સ્થિરતા થાતી નથી. અને શ્રદ્ધાનું બળ એટલું ટકતું નથી અને પરિણતિ સહજ થઈ નથી. એટલે પ્રથમ ભૂમિકામાં એને વિકટતા થઈ પડે છે.

પ્રશ્ન :- ઉગ્ર પુરુષાર્થ.

ઉત્તર :- પુરુષાર્થની ઉગ્રતા હોય તો થાય. જેને થાય એને અંતર્મુહૂર્તમાં થાય, ન થાય એને અભ્યાસથી થાય છે.

પ્રશ્ન :- માર્ગ તો માતાજી! ખરેખર આપે સુગમ કરી આપ્યો છે. ઘણું સુગમ કરી આપ્યું છે. જ્યાં જ્યાં બહારની રીતે તો આપને જેટલું આપવું જોઈએ એટલું તો બધું આપે આપ્યું છે, પણ છતાં વારંવાર પ્રશ્ન એ રીતે થાય છે કે પ્રાપ્ત થાતું નથી. એ હિસાબે પાછા પ્રશ્ન (કરું છું).

ઉત્તર :- અંતરમાંથી પુરુષાર્થ ઉપડે નહિ એટલે પ્રશ્ન ઉઠ્યા કરે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૯ B

ઉત્તર :- ... એને પોતાને અંતરથી એટલો વિશ્વાસ અંતરથી આવવો જોઈએ તો કરી શકે કે ભવ નથી. એમ.

પ્રશ્ન :- એટલે કોઈ આત્માર્થી એને ખરેખર આત્માર્થ પ્રગટ થયો હોય તો એ

પોતાના માટે એમ નક્કી કરી શકે કે મને ભવ નથી. એવું નિઃશંકપણે એ પોતે નક્કી કરી શકે?

ઉત્તર :- પોતે કરી શકે. સમ્યગ્દર્શન થયા પહેલા, પણ પોતાને એવી જાતની હૂંફ પોતાને આવે તો થઈ શકે છે.

પ્રશ્ન :- નક્કી ન થઈ શકે એવું નથી.

ઉત્તર :- ન થઈ શકે એવું નથી. ઓલું તો સ્પષ્ટ જ છે સમ્યગ્દર્શન થયા પછી, પણ (પોતાની) ભાવના, પોતાની આત્માર્થતા એના ઉપરથી એવો કોઈ પાત્ર જીવ હોય તો નક્કી કરી શકે.

પ્રશ્ન :- આત્માર્થીતા ઉપર જ એનો આધાર છે.

ઉત્તર :- એનો આધાર આત્માર્થીતા ઉપર છે, એની પાત્રતા ઉપર છે.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે. 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં ૯૪મો બોલ છે એમાં આ પ્રમાણે છે કે શુદ્ધાત્માના અનુભવમાં ધર્મી જીવ મુખ્યપણે રાગ-દ્વેષના કર્તા કે ભોક્તા નથી. મુખ્યપણે શા માટે લીધું? એ આશંકા કરીને જાણવું છે. મુખ્યપણે રાગ-દ્વેષના કર્તા-ભોક્તા નથી. એટલે સામાન્યપણે તો આપણે એમ કહીએ છીએ કે ધર્મી જીવ રાગ-દ્વેષના કર્તા અને ભોક્તા સ્વાનુભવમાં આવે અને નથી હોતું. અને બીજો એવો એક પ્રશ્ન છે કે પણ સ્વભાવદષ્ટિમાં નિર્મળ પર્યાયને કરે છે અને તેના આનંદને ભોગવે છે. હવે સ્વભાવદષ્ટિનો વિષય તો ધ્રુવ જ્ઞાયક છે. એમાં આનંદને કરે છે અને ભોગવે છે એમ કઈ રીતે લીધું?

ઉત્તર :- સ્વભાવ દષ્ટિથી એમ લીધું?

પ્રશ્ન :- સ્વભાવદષ્ટિમાં નિર્મળ પર્યાયને કરે છે અને આનંદને ભોગવે છે.

ઉત્તર :- મુખ્યપણે કર્તા-ભોક્તા નથી એટલે કે એને હજી અસ્થિરતા ઊભી છે. દષ્ટિની અપેક્ષાએ કર્તા-ભોક્તા નથી, સ્વામિત્વબુદ્ધિ નથી અને હું જ્ઞાયક છું. આ જે વિભાવભાવ મારો સ્વભાવ નથી, એ મારા સ્વભાવથી વિરૂદ્ધ છે. મારામાંથી ઉત્પન્ન થાય છે એમ નથી. મારી પુરુષાર્થની મંદતાએ થાય છે. હું એનો કર્તા નથી. એને ઉત્પન્ન કરનારા એ ભાવોનો હું નથી. એ તો જ્ઞાયક છે. મુખ્યપણે નથી એટલે કે દષ્ટિની અપેક્ષાએ નથી. અસ્થિરતામાં હજી ઊભું છે. રાગ-દ્વેષ ન જ હોય તો વીતરાગ થઈ જાય. અસ્થિરતાની અપેક્ષાએ છે માટે મુખ્યપણે નથી એમ કીધું છે.

પ્રશ્ન :- એમ કહેવું છે કે પરિણમનની અપેક્ષાએ તો એ કર્તા અને ભોક્તા છે જ.

ઉત્તર :- પરિણમન અપેક્ષાએ છે. પણ એને સ્વામિત્વબુદ્ધિ નથી માટે એ કર્તા-ભોક્તા નથી.

પ્રશ્ન :- એટલા માટે મુખ્યપણે...

ઉત્તર :- એટલે મુખ્યપણે કહે છે.

પ્રશ્ન :- પરિણમનની અપેક્ષાએ કર્તા-ભોક્તા પણ ત્યાં બતાવવું છે.

ઉત્તર :- હા એ અપેક્ષાએ છે. અસ્થિરતામાં છે.

પ્રશ્ન :- સ્વભાવદૃષ્ટિમાં નિર્મળ પર્યાનો કર્તા અને ભોક્તા છે?

ઉત્તર :- સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ એટલે કે જે પોતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી એની અપેક્ષાએ એમ નથી કહેવું. સ્વભાવદૃષ્ટિએ એટલે કે વિભાવનો કર્તા-ભોક્તા નથી પણ સ્વભાવનો કર્તા-ભોક્તા છે. નિર્મળપર્યાયને પોતે કરે છે અને નિર્મળપર્યાયને પોતે ભોગવે છે. એમ. સ્વભાવદૃષ્ટિએ એટલે કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એની અપેક્ષાએ એમ નથી કહેવું. સ્વભાવની અપેક્ષાએ એમ. વિભાવની અપેક્ષાએ કર્તા-ભોક્તા નથી વિભાવનો, પણ સ્વભાવનો કર્તા-ભોક્તા છે એમ કહેવું છે.

પ્રશ્ન :- સ્વભાવ દૃષ્ટિમાં એનો અર્થ એ કે સ્વભાવ દૃષ્ટિ જેને પ્રગટ થઈ છે એ સ્વભાવનો કર્તા અને ભોક્તા...

ઉત્તર :- એ સ્વભાવને નિર્મળ પર્યાયને પ્રગટ કરે છે. નિર્મળપર્યાયની સાધનામાં નિર્મળપર્યાય પ્રગટ કરે છે. એને પોતે ભોગવે છે. એનો પોતે કર્તા છે. એટલે કે જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એની અપેક્ષાએ એ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં તો એ કાંઈ નથી. એટલે વિભાવ અને સ્વભાવ એમ ભેદ પાડ્યો છે. એટલે કે સ્વભાવદૃષ્ટિએ કર્તા-ભોક્તા પોતાના સ્વભાવનો કર્તા-ભોક્તા છે, પણ વિભાવનો કર્તા-ભોક્તા નથી એમ કહેવું છે.

પ્રશ્ન :- સ્વભાવ દૃષ્ટિની અપેક્ષાએ નહિ.

ઉત્તર :- જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે એની અપેક્ષાએ એમ નથી કહેવું. પણ સ્વભાવ દૃષ્ટિ એટલે સ્વભાવની અપેક્ષાએ. એમ. વિભાવની અપેક્ષાએ કર્તા-ભોક્તા નથી, પણ સ્વભાવનો કર્તા-ભોક્તા છે એમ કહેવું છે.

પ્રશ્ન :- સ્વભાવની અપેક્ષાએ એના સ્વભાવને જોઈએ તો એ સ્વભાવનો કર્તા અને ભોક્તા છે.

ઉત્તર :- સ્વભાવ તરફ જોઈએ, સ્વભાવની અપેક્ષા લ્યો તો એની અપેક્ષાએ એ કર્તા-ભોક્તા છે. સ્વભાવ તરફ જોઈએ તો. સ્વભાવ તરફ જોવો તો કર્તા-ભોક્તા

છે. વિભાવની અપેક્ષાએ નથી. પણ દ્રવ્યદૃષ્ટિના વિષયની અપેક્ષાએ છે એમ નથી કહેવું.

પ્રશ્ન :- આત્માના સ્વભાવથી જોઈએ તો નિર્મળ કર્તા અને ભોક્તા છે.

ઉત્તર :- કર્તા-ભોક્તા છે. હા, એમ કહેવું છે. એ કર્તા-ભોક્તા છે જ નહિ એમ નહિ. સ્વભાવનો કર્તા-ભોક્તા છે. અને નિર્મળ પર્યાય પ્રગટ થાય છે એને પોતે પુરુષાર્થથી પ્રગટ થાય એને પોતે કરે છે, એને તે ભોગવે છે. એમ.

પ્રશ્ન :- સ્વભાવ અપેક્ષાએ સ્વભાવનો કર્તા અને ભોક્તા છે, પણ વિભાવનો કર્તા અને ભોક્તા સ્વભાવ અપેક્ષાએ નથી.

ઉત્તર :- વિભાવનો કર્તા-ભોક્તા સ્વભાવ અપેક્ષાએ નથી.

પ્રશ્ન :- 'શ્રીમદ્જી'માં એક આવે છે કે જ્યાં સુધી અસ્તિત્વ ભાસ્યું નથી, અસ્તિત્વ ભાસવાથી સમકિત થાય છે.

ઉત્તર :- 'શ્રીમદ્જી'માં આવે છે?

પ્રશ્ન :- આજ સુધી અસ્તિત્વ ભાસ્યું નથી. અસ્તિત્વ ભાસવાથી સમકિત થાય છે. અસ્તિત્વ એક વખત ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે અને નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. એમ કોઈ અપેક્ષાએ સમ્યક્‌સન્મુખ મિથ્યાદૃષ્ટિ જીવને પણ અનુભવ પહેલા આવો કોઈ પ્રકાર ઊપજે ખરો? અનુમાન જ્ઞાનમાં પોતાનું અસ્તિત્વ નજરાય ખરું?

ઉત્તર :- એમ બધું એમાં જ લખેલું છેને?

પ્રશ્ન :- ના, આ પાછળનો પ્રશ્ન અહીંયાં સુધી પુસ્તકમાં છે કે નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. એટલું 'શ્રીમદ્જી'ના બોલમાં છે.

ઉત્તર :- એ સમ્યગ્દૃષ્ટિનું...

પ્રશ્ન :- એમાંથી આ પ્રશ્ન એક કર્યો છે કે એમ સમ્યક્ સન્મુખ મિથ્યાદૃષ્ટિ જીવને પણ અનુભવ પહેલા આવો કોઈ પ્રકાર ભજે ખરો? એટલે કે અનુમાન જ્ઞાનમાં પોતાનું અસ્તિત્વ નજરાય ખરું?

ઉત્તર :- અનુમાન જ્ઞાનમાં પણ અસ્તિત્વ નજરમાં આવે ખરું, પણ એ એને સહજરૂપ નથી. એને યથાર્થ એ સ્વભાવની અપેક્ષાએ જે પરિણતિરૂપ છે એમ તો ન કહી શકાય, પણ એ નજરમાં આવવાનો પ્રયત્ન કરે તો એને દૃષ્ટિમાં અસ્તિત્વ આવે ખરું. એમ. પણ ખરું બરાબર યથાર્થપણે તો સમ્યગ્દૃષ્ટિને આવે છે. અસ્તિત્વ જે ગ્રહણ થાય છે, નજરમાં આવી જાય છે. અસ્તિત્વ જ અનંતકાળમાં ગ્રહણ થયું

નથી. ત્યારપહેલા સમ્યક્ત્વ સન્મુખ હોય એને જ્ઞાનથી, બુદ્ધિથી એની નજરમાં આવે ખરું અસ્તિત્વ. જ્ઞાન એનું સાધન બને છે. આવે ખરું. પણ એને યથાર્થ ક્યારે કહેવાય? કે એની પરિણતિ પલટાય ત્યારે. પહેલા આવે ખરું.

પ્રશ્ન :- સમ્યગ્દ્રષ્ટિની જેમ એને પણ અનુમાન જ્ઞાનમાં અસ્તિત્વ નજરાય ખરું? નજરમાં રહ્યા કરે.

ઉત્તર :- આવે ખરું. નજરમાં આવે ખરું, નજરમાં આવે ખરું, પણ એ સહજરૂપ હોતું નથી. એમ.

પ્રશ્ન :- સહજરૂપ નહિ હોવા છતાં રુચિનો પલટો આ બાજુ જેટલો વધારે મારે એટલા પ્રમાણમાં એનું એ અસ્તિત્વ નજરાયા કરે એમ બને ખરું?

ઉત્તર :- રુચિનો પલટો આ બાજુ હોય તો વારેવારે નજરમાં આવે ખરું, પણ અહીંયાં એટલો એ ટકી શકતો નથી. વારેવારે પ્રયત્ન કરીને એ બાજુ જાય છે. સહજ નથી એટલે સમ્યગ્દ્રષ્ટિની જેમ એ ટકી શકતો નથી. વારેવારે એને ખ્યાલમાં-અનુમાન જ્ઞાનમાં લીધા કરે છે. ટકી શકતો નથી. વારેવારે વિચારો કરી કરીને ત્યાં દૃષ્ટિને સ્થિર રહેવા પ્રયત્ન કરે છે.

પ્રશ્ન :- ઉપયોગમાં ઉપયોગ પર તરફ જાય એટલે એ તો વારેવારે ન રહી શકે, પણ જેટલી રુચિ થઈ છે જેટલા પ્રમાણ, એટલા પ્રમાણમાં એને એ આવ્યા કરે એમ બને?

ઉત્તર :- રુચિમાં આવે ખરું પણ એને સમ્યગ્દ્રષ્ટિને છે એવી રીતે એ આવી શકતું નથી. એના અનુમાન જ્ઞાનમાં આવે ખરું. પણ ઉપયોગ તો પલટાય છે પણ રુચિ એને એટલી રાખી શકતી નથી. રુચિ તે બાજુ હોય છે. પણ એટલું એને દૃઢપણે એ રાખી શકતી નથી. અમુક પ્રકારે રહે છે. સમ્યગ્દ્રષ્ટિને રહે એવી રીતે રહેતું નથી.

પ્રશ્ન :- એટલે રુચિમાં પણ ચડ-ઉતર અથવા ઓછી-વધતી એમ થયા કરે એવું બનતું હશે?

ઉત્તર :- જ્યાં સુધી રુચિ, જ્યાં સહજરૂપ હજી નથી ત્યાં સુધી એમાં પણ મંદ-તીવ્ર થયા કરે છે.

પ્રશ્ન :- એમાં કારણ પુરુષાર્થની પોતાની જ નબળાઈ. કર્મનો ઉદય કે નિમિત્તપણું સાથે લઈશું?

ઉત્તર :- પોતાની નબળાઈ છે. કર્મ તો બધે સાથે હોય જ છે, પણ પોતાના

પુરુષાર્થની પોતાની નબળાઈ છે. પુરુષાર્થ કરે તો કર્મ તો ચાલ્યા જાય છે. કર્મનું નિમિત્ત તો બધે સાથે હોય છે, પણ ખામી પોતાની હોય છે.

પ્રશ્ન :- જોર પુરુષાર્થની નબળાઈ ઉપર જ દેવું?

ઉત્તર :- પુરુષાર્થની નબળાઈ ઉપર જ જોર દેવું. તો જ એ આગળ વધી શકે છે. કર્મ કાંઈ એવું પરાધીન બનાવી દેતું નથી કે પોતે પુરુષાર્થ કરી શકે નહિ. પોતાની ખામીથી રોકાય છે. પોતે પુરુષાર્થ કરે તો આગળ જાય છે. બધા સાધનો મળ્યા, 'ગુરુદેવ' મળ્યા, આટલું સ્પષ્ટ કર્યું. પછી જે પોતે વિચાર કરીને આગળ જાય, છતાં ન બને તો પોતાની ખામી છે.

પ્રશ્ન :- આત્મામાં શક્તિ તો એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની છે. છતાં વર્તમાન પર્યાયની યોગ્યતા એવા પ્રકારની છે કે જેમાં આટલો પુરુષાર્થ પણ પ્રગટ ન કરી શકે.

ઉત્તર :- એ સહજ પોતાની એવી જાતની પુરુષાર્થની ખામી જ છે. 'ગુરુદેવ' કહે છે, એમાં કાંઈ કારણ નથી. અકારણ પારિણામિક દ્રવ્ય. પોતાની ખામીથી પોતાની પરિણતિ પોતે પલટાવતો નથી.

પ્રશ્ન :- ત્યાં યોગ્યતા લઈએ અને પુરુષાર્થની કમજોરી લઈએ. એમાં વધારે પુરુષાર્થની કમજોરી લેવી એ વધારે આત્માર્થી માટે સારું છે.

ઉત્તર :- આત્માર્થી માટે હિતરૂપ છે પુરુષાર્થની ખામી તે. તો એને ખટક થઈને આગળ જવાનું કારણ થાય છે.

પ્રશ્ન :- યોગ્તામાં તો પ્રમાદ પણ આવવાનો...

ઉત્તર :- પ્રમાદ આવી જાય કે હવે જે થવાનું હશે એ થાશે એવી યોગ્યતા જ છે. એમ જ એને જીવને બચાવ તરફના પડખા લેતા તો જરાય વાર લાગતી નથી. થાય નહિ તો બચાવના પડખા એકદમ આવી જાય છે. પુરુષાર્થ તરફ જાય તો એને ખટક રહે કે મારે જ કરવાનું છે. હું મારા પ્રમાદને કારણે જ રોકાણો છું. પ્રમાદ છે માટે જ નથી આગળ જવાતું. એટલી લાગી નથી માટે નથી જવાતું. 'શ્રીમદ્‌જી'માં પણ આવે છેને કે અટકવાના ઘણા સાધનો હોય છે. જીવ ગમે ત્યાં અટકી જાય છે.

પ્રશ્ન :- માતાજી! આમાં એક પડખું આકુળતા વધારે થઈ જાય. મારા પ્રમાદથી જ આ પ્રમાણે થયું છે. હું પુરુષાર્થ નથી કરતો માટે થતું નથી. આકુળતા કાંઈ વધી જવાનું એવું કાંઈ ન બને?

ઉત્તર :- એ બધું આત્માર્થીએ જોવાનું છે. આકુળતા વધી જાય તો એવી રીતે

પણ માર્ગ મળતો નથી. બહુ વધારે મૂંઝવણ થઈ જાય, એવું થઈ જાય તોપણ માર્ગ મળતો નથી. માર્ગ શાંતિથી, ધીરજથી આગળ જવાય છે. પુરુષાર્થ ઉપર ધ્યાન રાખે, મારો પ્રમાદ છે. પણ એમ બહુ આકુળતા કરવાથી મૂંઝવણ થાતી હોય તો શાંતિ અને ધીરજ રાખે. પ્રમાદ છે કે શાંતિ છે કે ધીરજ છે કે શું છે એ બધું પોતે વિચારવાનું રહી જાય છે. એક ટીપું ટીપું નાખતા નાખતા કોરું કોડિયું હોય ને શકોરું ભીનું થાય છે. એમાં કેટલી ધીરજ રાખવી પડે છે. એમ ધીરજ રાખે તો (થાય). ધીરજ અને શાંતિ રાખે. મૂંઝવણ કરે કાંઈ થાતું નથી, મૂંઝવણથી માર્ગ મળતો નથી. શાંતિથી, પોતે ધીરજથી એનો માર્ગ પોતે જ કાઢે. કુશળતાથી એ માર્ગ કાઢે. પુરુષાર્થ કરે અને બધું શાંતિ અને ધીરજ રાખે તો જ આગળ જવાય.

પ્રશ્ન :- કુશળતાપૂર્વક.

ઉત્તર :- પોતે અંદરથી પોતાની યોગ્યતા કેવી સમજીને આગળ જાય. એમ. માર્ગ મળે પણ પુરુષાર્થ ન ઉપડતો હોય, ક્યાંક ક્યાંક રોકાતો હોય તો પુરુષાર્થ કરે અને મૂંઝવણ થઈ જાતી હોય તો શાંતિ રાખે, ધીરજ રાખે. અત્યારે નથી થઈ શકતું પણ મારે જ કરવું છે, હું કરવાનો જ છું એમ ભાવના રાખે.

પ્રશ્ન :- મૂંઝવણ થતી હોય ત્યારે આ રીતે વિચારવું?

ઉત્તર :- એમ કે થઈ નથી શકતું પણ મારે કરવું છે. પણ શાંતિ રાખે. થાય નહિ, વધારે આગળ જવાય નહિ. 'ગુરુદેવ' કહે છેને કે તું જ્ઞાયકને બારણે ટહેલ માર્યા કરજે ન આગળ જવાય તો, પણ છોડીશ નહિ. મૂંઝાય, બહુ મૂંઝાય જાય તો છોડી દેવાય. એમ મૂંઝાવું નહિ. ત્યાં ને ત્યાં, ભલે ત્યાં ને ત્યાં અટકતો ત્યાં ને ત્યાં રહેતો હોય પણ ત્યાં ને ત્યાં વારંવાર જ્ઞાયકને બારણે ટહેલ માર્યા કરજે તો કાંઈક આગળ જવાનો અવકાશ રહેશે.

પ્રશ્ન :- બહુ સુંદર. જ્ઞાયક ભીક્ષા ન આપે તો ટહેલ માર્યા કરવી વારંવાર?

ઉત્તર :- જ્ઞાયક ભીક્ષા ન આપે? ટહેલ માર્યા જ કરવી. તો જ્ઞાયકદેવ કો'ક દિ' પ્રસન્ન થઈ જાય! ભગવાનને બારણે ટહેલ માર્યા કરે તો ભગવાન પ્રસન્ન થઈ જાય. જ્ઞાયકને બારણે ટહેલ મારે તો જ્ઞાયકદેવ પ્રસન્ન થઈ જાય. 'ગુરુદેવ'ને બારણે ટહેલ મારવાથી 'ગુરુદેવ' પ્રસન્ન થાય! એમ પોતાની ભાવના છે. છોડીશ નહિ જ્ઞાયકને. શાંતિથી (આગળ વધવું).

આટલો કાળ ગયો કેમ નથી થતું? એને કાંઈ કાળની મર્યાદા ન હોય. જ્ઞાયકની પરિણતિને કાળની મર્યાદા ઉપર વિચાર નહિ કરતાં, હું ભાવના ભાવું છું, પુરુષાર્થ કરું

છું તોપણ થાતું નથી તો શાંતિ અને ધીરજથી મારે કરવું જ છે. તો જ્ઞાયકને બારણે તું એમને એમ ટહેલ માર્યા કરજે, ન થાતું હોય તોય. એના એ વિચારો, એની ભાવના એ બધું એકનું એક કર્યા કરવું. જેને મહિમા લાગે, જેને ગ્રહણ કરવું છે એને ટહેલ મારવાથી પ્રસન્ન થયા વગર રહેશે નહિ. તને એ ગ્રહણ કરવું જ છે તો.

પ્રશ્ન :- વિશ્વાસ માતાજી! ટકતો નથી. અમુક કાળ જાય છે અને છતાં પ્રયત્ન કર્યે કાંઈ ન થાય તો થોડો વિશ્વાસ ડગી જાય છે. પછી આપના થોડા વચન આવી રીતે સાંભળીએ તો પાછી ધીરજ અને અમુક જાતનો એમ આવે કે ના, એ તો એમ થયા કરે અને આ રીતે આગળ વધાય.

ઉત્તર :- વિશ્વાસ રાખ્યા કરવો જોઈએ. માર્ગ તો 'ગુરુદેવે' બતાવ્યો છે. માર્ગ તો આ જ છે. માર્ગ તો સ્પષ્ટ થઈ ગયો છે. અંતરમાં કરવાનું પોતાને જ રહે છે. બીજા લોકમાં તો માર્ગ નથી મળતા. ક્યાં ક્યાં ચડી ગયા હોય છે. આ તો માર્ગ તો એક બરાબર હાથમાં આવી ગયો છે કે ક્યે માર્ગે જાવાનું છે. પછી હવે પુરુષાર્થ કરવાનો પોતાને રહે છે. વારંવાર પુરુષાર્થ કરીને વિશ્વાસથી, દઢતાથી આગળ જાય તો જઈ શકાય છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૯ C

પ્રશ્ન :- એક મિનિટ પણ ઉપયોગ ટકતો નથી.

ઉત્તર :- 'ગુરુદેવે' શું કીધું છે પહેલાં?

પ્રશ્ન :- 'ગુરુદેવે' સ્વઘરે જવાનું બહુ કીધું છે, પણ એ તરફ એક મિનિટ પણ ઉપયોગ (રહેતો નથી). બીજા ઘણા વિકલ્પો ઊભા થાય અને અંદર થંભવા દેતા નથી.

ઉત્તર :- એ બધો અનાદિનો અભ્યાસ છે. અંદરમાં જે સંસ્કાર અને રાગ પડ્યો છે એ બધું ઊભું થાય છે. એનાથી પ્રયત્ન કરવો પોતાના ઘર તરફ આવવાનો કે આ બધું જે સંસ્કારો અંદરના રાગ અને બધા પડ્યા હોય એ ઊભા થાય છે, પણ વારેવારે એને ઉપયોગને લઈ ગયા વગર છૂટકો જ નથી. હું સ્વઘર જ્ઞાયક છે એના

તરફ ઉપયોગને પ્રયત્ન કરીને વારેવારે છૂટી જાય તોપણ વારેવારે એને ક્ષણે-ક્ષણે પણ એને એ તરફ દઢ કર્યા વગર છૂટકો નથી. એ ઉપાય એક જ છે. વારે વારે ચૈતન્યની દઢતા કરીને નિશ્ચય કરવો કે હું તો જ્ઞાયક જ છું. એમ બરાબર દઢતા કરીને તે તરફ પરિણતિ દઢ કરીને, પરિણતિ દઢ કરે, રુચિ દઢ કરે. પછી ઉપયોગને વાળતા વાર લાગે તો વારે વારે એને ફેરવ્યા કરે. તો એ ગયા વગર રહેતો નથી, પણ એને વારેવારે ફેરવવો પડે છે. કારણ સંસ્કાર અનાદિના છે એ બધા ઊભા થાય છે. અનેક જાતના વિકલ્પ (ઊભા થાય છે).

રુચિ પોતા તરફ આવે તો ઉપયોગ પણ તે તરફ આવ્યા વગર રહેતો નથી. રુચિ પોતાની દઢ અંદર, નિર્ણય દઢ થાય કે કરવા જેવું તો આ જ છે, બીજું નથી જ કરવા જેવું. જ્ઞાયકને ઓળખવો, જ્ઞાયકનો સ્વભાવ ઓળખી અને એમાં પરિણતિને દઢ કરવી એ જ કરવાનું છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવી. ઉપયોગ તો અંતર્મુહૂર્તનો છે (એટલે) ફર્યા કરે, પણ રુચિ અને પરિણતિ દઢ કરે તો ઉપયોગ પણ તે તરફ આવ્યા વગર રહેતો નથી.

વારે વારે ક્ષણે-ક્ષણે એના તરફ ગયા વગર છૂટકો નથી. ત્યાંથી અશુભમાંથી શુભમાં આવે, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારોમાં આવે, એમાંથી પછી હું જ્ઞાયક છું. એ જ્ઞાયક તરફ રહે. બધા વિકલ્પથી જુદો હું તત્ત્વ છું એવો નિર્ણય કરે અને વિકલ્પથી છૂવાનો પ્રયત્ન કરે તો થાય. છૂટી શકાય છે અને ઘણા છૂટ્યા છે. અનંતા મોક્ષ ગયા છે એ બધા આ ભેદજ્ઞાનથી જ ગયા છે. જ્ઞાયકની પરિણતિ દઢ કરીને ગયા છે.

પ્રશ્ન :- માતાજી! ભક્તિમાં, આપણે 'ગુરુદેવ'ની ભક્તિની છેલ્લી ત્રણ કડીમાં આવ્યું ને? 'ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા, છતાં જે હૃદય તારું જાણતા તે ભાવ તારો ખેંચતા.' એ હૃદય અને ભાવની, માતાજી!...

મુમુક્ષુ :- 'જે હૃદય તારું જાણતા, તે ભાવ તારો ખેંચતા.'

ઉત્તર :- તારી વાણીમાં ઘણી ગંભીરતા અને ઘણા ભાવાર્થો ઊંડા ભરેલા છે. તે તારા હૃદયને જે જાણે છે કે ક્યા આશયથી કહેવાય છે? એ આશય જાણે તે ખરેખર ભાવ તમારો ખેંચી લે છે. 'ગુરુદેવ'નો કહેવાનો આશય શું છે એને ગ્રહણ કરવો જોઈએ. 'ગુરુદેવ' શબ્દો કહી રહ્યા છે પણ એમનું વજન ક્યાં જાય છે? એમને શું કહેવું છે? એ બરાબર એમનું હૃદય જે જાણે એ જ એમના ભાવને ખેંચી શકે છે. જ્યાં નિશ્ચય ત્યાં નિશ્ચય, જ્યાં વ્યવહાર ત્યાં વ્યવહાર. એ બેયની સંધી કેવી રીતે છે? 'ગુરુદેવનું' શું હૃદય છે? ઈ જે જાણતું હોય તે જ એના ભાવોને ખેંચી શકે છે.

એમ.

'ગુરુદેવ' નિશ્ચય દૃષ્ટિની વાત કરતા હોય કે અનાદિકાળથી પોતે પોતાના સ્વરૂપને ઓળખ્યું નથી, તારી દૃષ્ટિ ફેરવ. નિશ્ચય દૃષ્ટિનું કહેતા હોય. કારણ કે અનાદિકાળથી પોતે પોતાના ઘર તરફ આવ્યો નથી. એ કહેતા હોય પણ એમાં વ્યવહાર નથી જ એવો 'ગુરુદેવ'નો કહેવાનો આશય હોતો નથી. એને બરાબર સમજવું જોઈએ. એમ.

એ દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય એમાં બધું ગૌણ થાય છે. એની દૃષ્ટિમાં આવતું નથી પણ એ બધું છે જ નહિ અને કાંઈ અશુદ્ધતા થઈ જ નથી એવો 'ગુરુદેવ'નો કહેવાનો આશય હોતો નથી. એ ગમે તે બધું જોરથી કહેતા હોય તોપણ એ નથી એટલે કે એ તદ્દન નથી એવું કહેવાનો એમનો આશય નથી હોતો. એ જોર દેતા હોય અનાદિકાળથી એનો પક્ષ નથી આવ્યો માટે એને જોરથી કહેતા હોય. અને દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે મોક્ષમાં—મુક્તિ મુક્તિમાં એને મુખ્ય રહ્યા વગર સાધના સધાતી નથી. માટે જોર દેતા હોય તોપણ અશુદ્ધતા થઈ જ નથી એવો એમનો કહેવાનો આશય હોતો નથી એમ સમજવું જોઈએ. અને સાધનાની પર્યાયમાં વચ્ચે બધે સાધના આવે છે, ચોથી-પાંચમી ભૂમિકા બધું આવે છે એમ 'ગુરુદેવ'નો કહેવાનો આશય હોય છે.

બીજી વાર જ્યારે બીજું વ્યાખ્યાન કરતા હોય, જ્યારે પદ્મનંદી આદિનું, ત્યારે એ પણ કેટલું ભાવથી અને કેટલી ભક્તિભાવથી કરતા હોય છે એની સાથે મેળવવું જોઈએ કે જો એમને નિષેધ હોય તો આટલું ભક્તિભાવથી જે આવે છે માટે એમનો કહેવાનો આશય જુદો હોય છે. એમ એમનો ભાવ બરાબર ખેંચવો જોઈએ, એમનું હૃદય જાણીને.

પ્રશ્ન :- ... કે હે માતા! હે જનેતા! બીજી માં નહિ કરું.

ઉત્તર :- એ કેવું આમ કહે છે, હે માતા! હે જનેતા! હવે બીજી માં નથી કરવી. કેવા ભાવથી બોલતા!

પ્રશ્ન :- બહુ સરસ માતાજી! 'જે હૃદય તારું જાણતા,...'

ઉત્તર :- 'તે ભાવ તારો ખેંચતા'. એ જ તમારા ભાવને ખેંચે છે. ભક્તિમાં એમ બોલાય, હે ભગવાન! તમે... પદ્મનંદી આચાર્ય કહે છે, જ્યારે આ વાદળા ઊંચા કટકા થઈ ગયા (ત્યારે) હું એમ દેખું છું કે ઈન્દ્રોએ તમારી ભક્તિ કરી તાંડવ (નૃત્ય કર્યું) ત્યારે હાથ ઊંચા કર્યા ત્યારે વાદળાના કટકા થઈ ગયા. એવી જાતની ભક્તિ આવે છે. અને એ ભક્તિને 'ગુરુદેવ' એકદમ ભાવથી મલાવીને કહેતા હતા. તો એ

કાંઈ ખોટું નહોતા કહેતા. એવી ભક્તિ આવ્યા વગર રહેતી નથી. વિકલ્પમાં એવો શુભભાવ આવે છે પણ એ આત્માનું સ્વરૂપ નથી. એમ બેયનો મેળ કરવો જોઈએ. વચ્ચે આવી ભક્તિ, જે વસ્તુસ્વરૂપ પામ્યા છે, જે પૂર્ણતા પામ્યા છે અને પોતાને એનો પ્રેમ છે કે આત્મા આવો પૂર્ણસ્વરૂપ મહિમાવંત છે એને જેણે પ્રગટ કર્યું એના ઉપર એ સાધક હોય એને એના ઉપર એવી ભાવના આવ્યા વગર રહેતી નથી. એમ એનો બેય વાતનો મેળ કરવો જોઈએ. એકને તદ્દન કાઢી નાખવાનો 'ગુરુદેવ'નો આશય નહોતો.

એ લીટી આવે છેને, 'એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો, તેને ચાબુક મારીને વ્યવહારમાંહી વાળતો.' એકાંતથી શુષ્ક થઈને, કાંઈ નથી એમ 'ગુરુદેવ'નો કહેવાનો આશય નહોતો.

પ્રશ્ન :- .. ત્યાં પોપાબાઈના રાજ છે? બહુ જ ત્યાં જુદી દુકાન માંડી છે એટલે કાંઈ... આ તો નિશ્ચય...

ઉત્તર :- 'વ્યવહારના ભેદો ઘણા ત્યાં ક્લેશને કરતો નથી.' પાછું એમ પણ આવે. વ્યવહારની ઘણી અપેક્ષાઓ હોય ત્યાં ક્લેશમાં રોકાતા નથી. વ્યવહારની વાત છે. 'લાગી લગનવા આત્મની...' આત્માની લગન લાગી ત્યાં વ્યવહારના ભેદોમાં કે આનું આમ જ આમ, એમ ક્લેશમાં ઊભા રહેતા નથી. એક વસ્તુસ્વરૂપ જે મુખ્ય એમ સાધના સાધે છે. બેય વાત આવે છે 'ગુરુદેવ'માં. એમાં એમની બેય જાતની અપેક્ષાની સંધિ કરીને સમજવું જોઈએ.

મુમુક્ષુ :- ... જમણા હાથથી અર્થ લેવો, ડાબા હાથથી તો ગૃહીત મિથ્યાત્વ આવે. એવું .. જમણો હાથ ફેરવે તો મિથ્યાત્વ રહે અને ડાબી કોરથી કરે તો ગૃહીત મિથ્યત્વ એવા વ્યવહારના ભેદો બધા...

ઉત્તર :- ત્યાં ક્લેશને કરતો નથી.

મુમુક્ષુ :- બાકી નિશ્ચિય પ્રમાણે વ્યવહાર મુનિને હોય જ. એ તો બરાબર, પણ આવા...

ઉત્તર :- આવી જાતની બહારની ક્રિયાઓમાં હોય છે. એવી વાતમાં ક્લેશ કરવો નહિ. બાકી અંદર નિશ્ચય સાથે તો વ્યવહાર હોય. સમ્યગ્દર્શન હોય ત્યાં એના શુભભાવમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, કુદેવ-કુગુરુ ન હોય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હોય. અને પંચમ ગુણસ્થાનમાં અણુવ્રતાદિના શુભભાવ હોય અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર (હોય), છઠ્ઠે-સાતમે ગુણસ્થાને પંચ મહાવ્રતના પરિણામ હોય. એવા સંબંધ

હોય છે અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર (હોય) એવો સંબંધ છે. બધી બહારની વાતમાં 'ગુરુદેવ' એવી વાતમાં રોકાતા નહોતા. એમ.

પ્રશ્ન :- વ્યવહારે લખ દોહ્યલા, કોઈ ન પામે હાથ રે... કોઈ આવે તો પૂછે કે વ્યવહારના... વ્યવહારે લખ દોહ્યલો...

ઉત્તર :- કોઈ ન પામે હાથ રે.

પ્રશ્ન :- ... પૂછે કે આમ કરવું કે આમ કરવું? ત્યારે વ્યવહારની...

ઉત્તર :- 'ગુરુદેવ' મુખ્ય દ્રવ્યદૃષ્ટિનું જોર દઈને (કહેતા). કારણ કે અનાદિકાળથી એને પોતે ગ્રહણ કર્યું નથી, પ્રગટ થયું નથી. માટે સાધનામાં એ મુખ્ય હોય છે એટલે એની વાત બહુ આવે, પણ એટલે ઓલું નિષેધ કરીને, એ નથી એવો એનો આશય નથી 'ગુરુદેવ'નો. એની બેયની સંધિ મેળવવી જોઈએ. 'ગુરુદેવ'ના બેય જાતના વ્યાખ્યાનોની સંધિ મેળવવી જોઈએ.

જ્યારે વૈરાગ્યની વાત આવ તો 'ગુરુદેવ' કેટલા ભાવથી બોલતા હતા! અપૂર્વ અવસર આવે ત્યારે કેવી રીતે બોલતા! ભગવાનનો દીક્ષા કલ્યાણક હોય ત્યારે કેવી જાતનું એમનું વ્યાખ્યાન આવતું હતું.

(શ્રોતા :— પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કહાનગુરુનું હાર્દ સમજાવનાર ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૯ D

પ્રશ્ન :- ...

ઉત્તર :- 'ગુરુદેવ' મંગળ જ હતા, બધી રીતે મંગળ હતા.

પ્રશ્ન :- બધામાં મંગળ-મંગળ. આજે સમવસરણમાં યુવરાજ.. યુવરાજ નિહાલ રે...

મુમુક્ષુ :- કહાનચરણથી સુવર્ણપુરનો ઉજ્જ્વળ બન્યો ઈતિહાસ રે...

ઉત્તર :- સુવર્ણપુરીનો ઈતિહાસ આખો ઉજ્જ્વળ છે.

પ્રશ્ન :- ચરણ પડે એટલામાં ઉજ્જ્વળ, આ તો ચારે દિશાએ... ભગવાન છો

એવા નાદથી કહે છે. એના પડઘા પડતા હોય. તું ભગવાન છો, નક્કી કર.

ઉત્તર :- આખો દિ' રણકાર વાગતા જ હોય 'ગુરુદેવ'ની વાણીના બિરાજતા હતા ત્યારે. હજી પણ એમને એમ એમના હજી પડઘા પડ્યા જ કરે છે.

પ્રશ્ન :- એક બાજુ એ જ રણકાર આવ્યા કરે છે.

ઉત્તર :- આટલા વર્ષો એક ઠેકાણે બિરાજ્યા હોય કોઈ સંત ઈ આ 'ગુરુદેવ'નું જ બન્યું. એવું ભાગ્યે જ બને.

પ્રશ્ન :- તીર્થંકરો તો વિહાર કરે... આ તો એક જ જગ્યાએ... મુખ્ય ભાગ એક... આવું તો ભાગ્યે જ જોવા મળે. ૪૫-૪૫ વર્ષ સુધી એક જ જગ્યાએ.

ઉત્તર :- સંત બિરાજે, નિરંતર વાણી વરસાવે.

પ્રશ્ન :- ચાહે .. દિવસમાં ત્રણ-ત્રણ વાર.

ઉત્તર :- ત્રણ-ત્રણ વાર વાણી વરસે. 'ગુરુદેવ' જ્યાં વિહાર કરે ત્યાં બધે મંગળ થાય. બધે નગર નગરમાં ફાલ ફાલી ગયા. બધી પ્રતિષ્ઠાઓ ચારે બાજુ. ક્યાંય નહોતું મંદિર ત્યાં બધે મંદિરો થઈ ગયા. આ બાજુ મંદિરો ક્યાંય હતા નહિ.

પ્રશ્ન :- ગામે ગામ મંદિરો થઈ ગયા.

ઉત્તર :- ગામોગામ થઈ ગયા.

પ્રશ્ન :- 'ગુરુદેવ' પધારે ત્યાં આખી નગરી બદલાઈ જાય. અમારે નાઈરોબી પધાર્યા હતા ત્યારે આખો જાણે...

ઉત્તર :- આખી નગરી બદલાય ગઈ, વાતાવરણ આખું બદલાઈ જાય.

પ્રશ્ન :- ઘણે ઠેકાણે એટલા દિવસ સુધી ... નાઈરોબીમાં. 'ગુરુદેવ' નીકળ્યા .. ઊભા રહી જાય જોવા માટે. વરઘોડો દેખાય... કોણ છે આ?

ઉત્તર :- જોવા આવે.

પ્રશ્ન :- ગામે ગામે સ્વાગત પણ એવા જ થતાં હતાને.

ઉત્તર :- ગામો ગામ.

પ્રશ્ન :- ઉદ્ધાર કેમ થાય?

ઉત્તર :- શું કહે છે?

પ્રશ્ન :- અમ બાળકનો ઉદ્ધાર કેમ થાય?

ઉત્તર :- ક્યાંથી (આવ્યા છે)?

મુમુક્ષુ :- ઉદયપુરથી.

ઉત્તર :- આ આત્માને ઓળખે તો ઉદ્ધાર થાય. આ આત્મા અંદર જુદો

બિરાજે છે. આ શરીર જુદું અને આત્મા જુદો છે. આત્મા અનંતગુણથી ભરેલો છે એને ઓળખે તો ઉદ્ધાર થાય. એને જુદો જાણવો જોઈએ અંતરમાંથી. આ બધા વિભાવ રાગ-દ્વેષ એ આત્માનું સ્વરૂપ નથી. આત્માનું સ્વરૂપ જુદું છે. આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. એવા આત્માને ઓળખે તો ઉદ્ધાર થાય. આ જન્મ-મરણથી ભવનો અભાવ આત્માને ઓળખે તો થાય. માત્ર બહારથી થાય નહિ. આત્માને ઓળખવો જોઈએ. એના માટે બધું વિચાર-વાંચન કરે પણ આત્મા કેમ ઓળખાય? એવું ધ્યેય હોવું જોઈએ આત્માને ઓળખવાનું.

પ્રશ્ન :- આત્માની ઓળખાણથી 'ગુરુદેવ'ની સાચી મહિમા આવી જાય છે?

ઉત્તર :- આત્માને ઓળખે તો 'ગુરુદેવ'ની સાચી મહિમા આવે. પોતાને ઓળખે તે ગુરુને ઓળખે છે, ગુરુને ઓળખે તે પોતાને ઓળખે છે. શાસ્ત્રમાં આવે છે, ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને (ઓળખે). પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે તે ભગવાનને ઓળખે છે. એમ આત્માને ઓળખે તો ગુરુને ઓળખે છે. માટે આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવા છે એ ઓળખે, બરાબર વિચાર કરીને તો આત્માનું કલ્યાણ થાય. આત્માને ઓળખવો જોઈએ. એને માટે ગુરુએ શું કીધું છે? ગુરુએ શું માર્ગ બતાવ્યો છે? તે વિચાર કરવો જોઈએ. શાસ્ત્રમાં (શું કહ્યું છે?) અને ગુરુએ શું એના અર્થો કર્યા છે? બધું વિચારીને પોતે અંતરમાં એ રીતે શ્રદ્ધા કરીને એ રીતે પરિણતિ કરે તો ભવનો અભાવ થાય.

મુમુક્ષુ :- ...રંગુલાલજી માસ્ટર સાહબને આપ કો પ્રણામ (કહા હૈ).

ઉત્તર :- રંગુલાલજી કુરાવડવાળા.

મુમુક્ષુ :- ભંવરલાલજી છે, આપણા મુમુક્ષુ છે.

ઉત્તર :- એમ. અહીં અત્યારે જાત્રાએ નીકળ્યા?

પ્રશ્ન :- બાહુબલીની બસ નીકળી છે એમાં બધા ગયા અને પોતે અહીંયાં ઉતરી ગયા.

ઉત્તર :- ઠીક. બધા ગયા છે?

પ્રશ્ન :- બીજા પાલીતાણા ગયા છે. આ પોતે એકલા ઉતરી ગયા.

ઉત્તર :- કોલ્હાપુરના છેને?

ઉત્તર :- ઉદયપુર.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૦ A

પ્રશ્ન :- .. પણ અભેદ ગુણમય અભેદ દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. કેવળ એક એક ગુણનું જુદું પરિણમન થતું નથી.

ઉત્તર :- કોના 'ગુરુદેવ'ના?

પ્રશ્ન :- પરંતુ અભેદ ગુણમય અભેદ દ્રવ્યનું પરિણમન થતાં સાથે ગુણોનું પરિણમન થાય છે. અત્યાર સુધી અમને તો એમ ખ્યાલ હતો કે પ્રત્યેક ગુણ સ્વતંત્ર છે અને સમય સમયના પરિણામ પણ સ્વતંત્ર છે. દ્રવ્યને ગુણ-પર્યાયની અપેક્ષા નથી, ગુણને દ્રવ્ય-પર્યાયની અપેક્ષા નથી, તેમ જ પર્યાયને પણ દ્રવ્ય-ગુણની અપેક્ષા હોતી નથી. તો અહીંયાં આ જે કહેવામાં આવ્યું એ કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :- ગુણ અને પર્યાય એકબીજાને અપેક્ષા નથી એનો અર્થ એમ છે (કે) એને સર્વથા અપેક્ષા નથી એવો અર્થ નથી એનો. અપેક્ષા નથી એટલે એને લક્ષણભેદે, કાર્યભેદે ભેદ છે. એને સર્વથા અપેક્ષા નથી કે દ્રવ્ય-ગુણ-પર્યાય તદ્દન જુદાં છે. બે તદ્દન જુદાં હોય તો બે દ્રવ્ય થઈ જાય. એવી સર્વથા અપેક્ષા નથી. એવો 'ગુરુદેવ'નો આશય નહોતો કે દ્રવ્યને, ગુણને, એકબીજાને કોઈની અપેક્ષા નથી. એ અપેક્ષા નથી ઈ સર્વ અપેક્ષાએ 'ગુરુદેવ' બધી રીતે નહોતા કહેતા.

દ્રવ્યમાં ગુણ રહેલા છે. દ્રવ્યને આશ્રયે પર્યાય થાય છે. એક દ્રવ્યનું પરિણમન થતાં દરેક ગુણોનું પરિણમન થાય છે. એ કંઈ જુદું... દરેક ભલે જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમે છે, દર્શન દર્શનરૂપે, ચારિત્ર ચારિત્રરૂપે. દરેકના લક્ષણ, દરેકના જે કાર્યો જુદાં જુદાં સ્વભાવે પરિણમે છે. એ કાંઈ તદ્દન જુદાં નથી. એ કટકા હોય એવી રીતે જુદાં નથી. 'ગુરુદેવ'ને કહેવાનો આશય એવો નહોતો.

એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકતા એક સમ્યગ્દર્શન સમ્યગ્દૃષ્ટિ થાય એટલે બધા ગુણોનું પરિણમન સમ્યક્રૂપે પરિણમે છે. 'સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન'. દ્રવ્યનો આશ્રય લેતાં દરેક ગુણો પોતે સ્વભાવરૂપે પરિણમે છે. જે વિભાવ તરફ જે પરિણતિ થાતી હતી જે જે ગુણોની તે બધા ગુણો સ્વભાવરૂપે પરિણમે છે. દરેક કાર્ય બધાના જુદા એટલે તદ્દન કટકા છે એવો આશય નહોતો 'ગુરુદેવ'નો. સર્વથા જુદું છે એવો આશય કહેવાનો નહોતો.

એને અપેક્ષા નથી એટલે પર્યાય એક અંશ છે, ગુણ અંશ છે અને આત્મા અંશી છે એમ કહેવાનો આશય હતો. બાકી એ કાંઈ અંશ ક્યાંક જુદો રહી જાય છે અને અંશી ક્યાંક જુદો રહી જાય છે એવો આશય નહોતો. એવો સર્વથા ભેદ નથી. એક દ્રવ્યનું પરિણમન થતાં એક રુચિ બદલાણી, દૃષ્ટિ સ્વભાવ ઉપર ગઈ એટલે બધા ગુણો સ્વયંપણે જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું સ્વયં સ્વભાવરૂપે સ્વભાવમાં પરિણમન કરે છે.

પ્રશ્ન :- બધા ગુણોથી જુદો એવો સ્વભાવ દ્રવ્યસ્વભાવ કઈ રીતે?

ઉત્તર :- બધા ગુણોથી જુદો દ્રવ્યસ્વભાવ દ્રવ્ય પોતે શાશ્વત છે. બધાથી જુદો એટલે એના કટકા નથી. એ તો એના લક્ષણો જુદા છે. અનંત ગુણોથી અભેદ દ્રવ્ય એ પોતે જ છે. અનંત ગુણ-પર્યાયથી બનેલું એક દ્રવ્ય છે. એ દ્રવ્ય કાંઈ જુદો કટકો નથી. દ્રવ્ય એક અખંડ છે અને ગુણોનો લક્ષણભેદે ભેદ છે. એમ જુદું છે. બનેલો એટલે કોઈએ બનાવ્યો નથી. સ્વતઃસિદ્ધ એક દ્રવ્ય પોતે જ્ઞાયક જ્ઞાનરૂપે, દર્શનરૂપે, ચારિત્રરૂપે પોતે એક દ્રવ્ય જ છે. એમાં અસ્તિત્વ, વસ્તુત્વ એ બધું એક દ્રવ્ય જ છે. એ ગુણો બધા જુદા લટકે છે અને દ્રવ્ય ક્યાંક જુદું છે એવો આશય નથી એનો.

પ્રશ્ન :- માતાજી! પર્યાયનું સ્વરૂપ જેવું છે તે પ્રમાણે સ્વીકારે. દ્રવ્યસ્વભાવ જે રીતે છે એ રીતે અનંત ગુણોના ... સામર્થ્યરૂપ સ્વભાવ છે એમ જાણે. પણ છતાં બંનેનો આશ્રય દ્રવ્ય છે જો એ વાત રહી જાય તો ખરેખર એને પદાર્થનું જ્ઞાન બરાબર નથી એમ સાચી વાત છે?

ઉત્તર :- પદાર્થનું જ્ઞાન બરાબર નથી. એમાં દ્રવ્ય જુદું રહી જાય છે. એ બધું દ્રવ્યનું સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ બધું દ્રવ્યનું જ સ્વરૂપ છે.

પ્રશ્ન :- સ્વરૂપ છે તે પણ જે જે પરિણમન થાય છે એ પણ જેવા ગુણો છે એવું જ થાય છે એટલે ગુણોનો આશ્રય અથવા દ્રવ્યનો આશ્રય છે પર્યાયને એ પણ એને બરાબર સ્વતંત્રતા એટલે મર્યાદિત સ્વતંત્રતા જેમ છે એમ જ્ઞાનમાં સ્વરૂપે જે રીતે સ્વતંત્રતા છે એ રીતે રાખીને પણ દ્રવ્યનો આશ્રય છે પર્યાયને તથા ગુણનો આશ્રય છે એ તો એના લક્ષમાં બરાબર રહેવું જ જોઈએ.

ઉત્તર :- બરાબર રહેવું જોઈએ, નહિતર તત્ત્વની ભૂલ થાય છે. એના લક્ષમાં બરાબર રહેવું જોઈએ. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે. ગુણો છે એને દ્રવ્યનો આશ્રય છે. એ બરાબર એના લક્ષમાં રહેવું જોઈએ. એના લક્ષણભેદને એ માને, કાર્યભેદ (માને), પણ એ બધું અખંડ છે એ બરાબર લક્ષમાં રહેવું જોઈએ. જો કટકા માને

તો તત્ત્વની મોટી ભૂલ થાય છે.

પ્રશ્ન :- કટકા ન માને અને પરિણમન જે થાય છે એ જેવા ગુણો છે તેવું થાય છે એટલે એને એ રીતે આશ્રયનો અર્થ એ કે જેવા ગુણો છે એવું જ એમાંથી પરિણમન થાય છે, એ આશ્રય સ્વીકારે તો એ પ્રમાણે ખરેખર સ્વીકાર થાય?

ઉત્તર :- દરેકમાં આશ્રય તો સ્વીકારવાનો હોય જ છે. એક આશ્રય ન સ્વીકારે તો એ તત્ત્વને સમજ્યો જ નથી. તો એને દ્રવ્યનો આશ્રય આવ્યો જ નથી. દ્રવ્યનો આશ્રય જ નથી એને, ન સ્વીકારે તો. દ્રવ્યનો આશ્રય જેણે ગ્રહણ કર્યો એ પછી એનું પરિણમન બધું દ્રવ્યના આશ્રયે જ થાય છે.

પ્રશ્ન :- અને નહિતર તો એવું થાય કે જો દ્રવ્યનો આશ્રય પર્યાયને, પર્યાયને ગુણ અને દ્રવ્યનો આશ્રય ન હોય તો ગમે તેવી પર્યાય થાય તો એમાં શું બાધા રહે પછી?

ઉત્તર :- એમાં કાંઈ બાધા આવે જ નહિ. એ તો પર્યાય ગમે તેમ થયા કરે. તો તું પછી સ્વભાવપર્યાય પ્રગટ કર, મોક્ષપર્યાય પ્રગટ કર, સમ્યગ્દર્શન પ્રગટ કર એ કહેવાનું કાંઈ રહેતું જ નથી. પર્યાય સ્વતંત્ર જેમ હોય એમ થયા જ કરે છે. તો પછી પોતે ચૈતન્ય દ્રવ્યને શું કરવાનું રહે? કાંઈ રહેવાનું નથી. બધું સ્વતંત્ર થાય છે.

પ્રશ્ન :- એટલે મોટો દોષ આવી જાય છે.

ઉત્તર :- મોટો દોષ આવે છે.

પ્રશ્ન :- આ શંકા તો આ માટે ઊઠે છે કે પર્યાયનું પરિણમન જે વિપરીત થાય છે, જે રૂપ ગુણો છે તે રૂપ નથી થતાં માટે આશંકા ઉઠે છે. આ વિપરીત કેમ થાય છે? સ્વતંત્ર છે? પર્યાયની સ્વતંત્રતા છે?

ઉત્તર :- પર્યાયની સ્વતંત્રતા કોઈ અપેક્ષાએ, કોઈ અપેક્ષાએ નથી. ભલે વિપરીત પરિણમન થાય તોય એને દ્રવ્યનો આશ્રય છે, દ્રવ્યના આશ્રયે થાય છે. વિપરીત પરિણમનરૂપે પોતે પરિણમે છે. ઊંધી દૃષ્ટિરૂપે પોતે પરિણમે છે, કોઈ બીજું પરિણમતું નથી. દ્રવ્યને મૂળ શુદ્ધતા જતી નથી, પણ એ પર્યાયમાં જે વિપરીત પરિણમન થાય છે એ પરિણમનારો પોતે છે, બીજો નથી. સ્ફટિકમાં મૂળ સ્વભાવે સ્ફટિક એવું છે, પણ જે પરિણમન લાલ, પીળું થાય છે એ બધું પોતે સ્ફટિક પરિણમે છે. એ કાંઈ એને કોઈ પરિણમાવતું (નથી), એ કાંઈ સ્વતંત્ર અદ્ધર પરિણમતું નથી. વિપરીત પરિણમન થાય એ પોતે જ પરિણમે છે, બીજું કોઈ પરિણતું નથી. એને કોઈ કરાવી દેતું નથી, પોતે જ પરિણમે છે.

પ્રશ્ન :- એવી વિપરીત, વિચિત્ર પરિણમનની યોગ્યતા એ દ્રવ્યમાં જે છે, એ છે?

ઉત્તર :- એ યોગ્યતા દ્રવ્યમાં છે. હા. તે વિપરીત પરિણમન થાય એવી યોગ્યતા દ્રવ્યમાં છે. યોગ્યતા ન હોય તો પરિણમન ક્યાંથી થાય? સ્ફટિકમાં એવી યોગ્યતા છે કે એમાં એ સ્ફટિક લાલ, પીળારૂપે પરિણમે એવી યોગ્યતા છે. એને નિમિત્ત પરાણે કાંઈ લાલ-પીળું કરી દેતું નથી. તો તો કોઈ નિબડ વસ્તુ કે લોઢામાં પણ એવું થાવું જોઈએ. એમ થાતું નથી. સ્ફટિકમાં એવી યોગ્યતા છે માટે થાય છે. એમ ચૈતન્યમાં એવી યોગ્યતા છે માટે પરિણમન થાય છે.

પ્રશ્ન :- એવી શંકા અને એવો સંશય આ જ્યારે વિપરીત પરિણમન છે ત્યારે જ થાય છે. જ્યારે પરિણમન સ્વરૂપની સન્મુખ હોય ત્યારે એવો પ્રશ્ન ઉઠતો નથી.

ઉત્તર :- વિપરીત હોય ત્યારે શંકા ઊઠેને, સ્વભાવ તરફ જાય તો નિઃશંક થઈ જાય છે પછી તો. એને બધું જણાય (છે), નિઃશંક થાય છે. પછી પ્રશ્ન ક્યાં રહે છે? વિપરીત પરિણમન કોને લઈને થાય છે? એવી શંકા પોતે જ્યાં સુધી નિઃશંક થયો નથી ત્યાં સુધી બધી શંકાઓ ઊઠે છે. જેણે સ્વરૂપને સમજી લીધું, પોતે નિઃશંક થઈ ગયો, દ્રવ્યને સમજ્યો, દ્રવ્યનો આશ્રય લીધો, સમ્યગ્દર્શન થયું, સ્વાનુભૂતિ થઈ એણે બધું સ્વરૂપ જાણી લીધું પ્રયોજનભૂત બધું એટલે એને એવી શંકાઓ, મૂળ પ્રયોજનભૂત શંકાઓ ઉઠતી નથી. બીજો જાણવાના કોઈ વિચારો આવે, બાકી પ્રયોજનભૂત શંકાઓ પછી ઊઠતી નથી.

પ્રશ્ન :- નિઃશંક થઈને સ્વરૂપનો જ આશ્રય લેવાનો રહ્યો?

ઉત્તર :- સ્વરૂપનો આશ્રય જ લેવાનો રહ્યો. નિઃશંક થઈ જા. સ્વરૂપનો આશ્રય જ ગ્રહણ કર. એમાં જે છે તે બધું સ્વરૂપરૂપે તને પ્રગટ થાશે. સ્વરૂપનું પરિણમન પ્રગટ થાશે. જે છે તે બધું અંતરમાંથી પ્રગટ થશે. નિઃશંક થઈ જા. તું વિચારો કરીને વસ્તુસ્વરૂપ આમ જ છે એમ તું નિઃશંક વિચારોથી, તું તારા પોતાથી નિઃશંક થઈ જા. યુક્તિઓથી, વિચારોથી કોઈપણ રીતે તું નિઃશંક થઈ જા. વસ્તુ સ્વરૂપને જાણી લે પછી નિઃશંક થઈ જા. ગુરુ કહે છે. શાસ્ત્રમાં પણ તું પોતે તારા વિચારોથી એવા સમ્યક્ તર્કથી નક્કી તું કરીને નિઃશંક થઈ જા, તો તને દ્રવ્યનો આશ્રય ગ્રહણ થશે.

પ્રશ્ન :- આપે કાલે કહ્યું હતુંને વિશ્વાસ અને દૃઢતા. વિશ્વાસ લાવીને અને દૃઢતા બરાબર કરજે.

ઉત્તર :- દૃઢતા બરાબર કર. માર્ગ આ જ છે. દ્રવ્યનો આશ્રય જ લેવાનો છે.

પ્રશ્ન :- એવો નિઃશંક ન થાય એના માટે બાધક તો સ્વયં પોતે જ છે?

ઉત્તર :- પોતે જ છે. નિઃશંકતા નથી થતી એનું કારણ પોતે (છે). એનું કર્મ તો માત્ર નિમિત્ત કહેવાય છે. પોતે ફરે તો કરી શકે છે. એને કોઈ રોકી શકતું નથી. કર્મ મને રોકે છે એવી જ્યાં સુધી એની દૃષ્ટિ કર્મ ઉપર જાય છે, નિમિત્ત ઉપર જાય છે ત્યાં સુધી એને નિઃશંક થવાનો કોઈ માર્ગ રહેતો નથી. એનો પુરુષાર્થ મંદ થાય છે. અને વસ્તુસ્વરૂપ એમ જ છે કે નિમિત્ત તે નિમિત્ત છે. ઉપાદાન પોતાનું કારણ છે. એ પોતાને કારણે જ પોતે શંકા કર્યા કરે છે. એને નિઃશંકતા આવતી નથી. એનું કારણ પોતાના પુરુષાર્થની મંદતા છે. એટલું ક્ષયોપશમજ્ઞાન, એટલું પોતાને અમુક પ્રયોજનભૂત જાણી શકે એટલી તો પોતામાં અમુક જ્ઞાન છે, એવી યોગ્યતા છે તો એને કાંઈ કર્મ નિમિત્ત રોકી શકતું નથી. પોતાનું કારણ છે.

જે એકેન્દ્રિય અને બધા છે એનામાં કાંઈ વિચારશક્તિ નથી. એ વાત જુદી છે. અને આ પોતે વિચારી શકે છે, નક્કી કરી શકે છે. તો કર્મનું નિમિત્ત તો માત્ર નિમિત્ત છે. ઉપાદાન કારણ પોતાનું છે. પોતે રોકાણો છે.

પ્રશ્ન :- પોતાનું સાચું પ્રયોજન શું છે એ હજી સુધી એના લક્ષમાં આવ્યું નથી.

ઉત્તર :- એના લક્ષમાં આવ્યું નથી. પોતે પુરુષાર્થ કરતો નથી. પોતે સ્વતંત્ર છે. પોતાની ભૂલથી પોતે રખડ્યો છે અને પોતે સુધરે તો સુધરી શકાય છે. અનંતકાળથી પોતાની ભૂલથી પોતે રખડ્યો છે. અને પોતે ભૂલ સુધારીને આગળ જાય તો પોતે સ્વતંત્ર છે.

પ્રશ્ન :- નેમચંદભાઈનો બીજો પ્રશ્ન ૨૧૩ના બોલમાંથી છે કે છ કારકોરૂપી આત્મા પોતે જ પરિણમે છે. કારકો ભિન્ન-ભિન્ન નથી પણ અભિન્ન છે, આત્મા પોતે જ એકલો છ કારકરૂપ થાય છે અને એવી અનંત શક્તિરૂપ આત્મા પોતે જ પરિણમે છે. એમ ૨૧૩ના બોલમાં 'ગુરુદેવ' ફરમાવે છે. એમાં પ્રશ્ન એ થાય છે કે એક કોરથી એમ કહેવામાં આવે છે કે એક એક સમયના પરિણામ સમયે સમયે સ્વતંત્ર છે. છ કારકોરૂપે પોતે પર્યાય પરિણમે છે. પર્યાયને દ્રવ્યની અપેક્ષા નથી, પૂર્વના પર્યાયના વ્યયની અપેક્ષા નથી. તો આ બધાનો મેળ કઈ રીતે છે? એ કૃપા કરીને સમજાવો. આમ તો આગળના બોલમાં આવી ગયેલી વાત. ફરીથી.

ઉત્તર :- એક જ છે. એ બધું સર્વથા માની લેવાથી એની ભૂલ થાય છે. 'ગુરુદેવ' સર્વથા કહેતા નહોતો. છ કારક રૂપે પરિણમનારું દ્રવ્ય છે. છ કારક બધું અભેદપણે આત્મામાં રહેલું છે. પછી પર્યાય અને એ બધા ભેદ પાડવાથી પર્યાયના

સ્વતંત્ર એમ કહેવાય છે. પણ પર્યાયના સ્વતંત્ર છ કારકો એટલે દ્રવ્ય જુદું અને પર્યાય જુદી એવો આશય 'ગુરુદેવ'નો નહોતો. એ બધું તદ્દ્ન સ્વતંત્ર માનવાથી તો દ્રવ્ય જુદું રહી જાય છે એવો એનો અર્થ થાય છે. એવું કહેવાનો 'ગુરુદેવ'નો આશય નહોતો કે દ્રવ્યનો આશ્રય છોડી અને તું દ્રવ્યને એક કોર મૂકીને આ પર્યાય જુદી અને એવું જ્ઞાન કર એવો કહેવાનો 'ગુરુદેવ'નો આશય નહોતો.

એમ તો 'ગુરુદેવ' પર્યાયનું સ્વરૂપ કહેતા હતા કે પર્યાય પણ એક સ્વતંત્ર પરિણમે છે. ગુણ પણ એના લક્ષણથી, કાર્યથી એનું જ્ઞાન જ્ઞાનરૂપે છે, દર્શન દર્શનરૂપે, ચારિત્ર ચારિત્રરૂપે કાર્ય કરે છે. એમ ગુણોનું અને પર્યાયનું સ્વરૂપ દેખાડતા હતા. એમાં દ્રવ્યને જુદું રાખવાનું કહેતા નહોતા. દ્રવ્યના આશ્રયે જ બધું થાય છે. દ્રવ્યના છ કારકોમાં બધું સમાઈ જાય છે. છ કારકો એ પણ ભેદ છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિમાં એ કાંઈ હોતું નથી. તોપણ છ કારકો અભેદપણે દ્રવ્યમાં આવી જાય છે. પણ એના લક્ષણભેદ અને કાર્યભેદનું સ્વરૂપ સમજાવે ત્યારે એનું જુદું જુદું કહેતા હતા. એનું સ્વરૂપ સમજાવતા હતા. બાકી તું દ્રવ્યને જુદું પાડી નાખ એવો કહેવાનો આશય નહોતો. જે વાત આવે એને 'ગુરુદેવ' જોરથી સ્થાપતા હતા. એટલે એનો કહેવાનો આશય, દ્રવ્ય છોડીને આ બધું છે એમ કહેવાનો આશય નહોતો. દ્રવ્યને છોડી દેવાની વાત નહોતી.

'ગુરુદેવ' ભક્તિની વાત કરતા ત્યારે એવી કરતા. 'ગુરુદેવ' વૈરાગ્યની વાત કરતા હતા, એવી કરતા. 'ગુરુદેવ' તત્ત્વની વાત કરે તો એવી કરે, દ્રવ્યદૃષ્ટિની વાત કરે તો એટલી જોરથી કરે. પર્યાયની કરે તો એટલી કરે. હવે એનો સંબંધ કરવો પોતાના હાથમાં રહે છે, સંબંધ કેમ કરવો એ.

પ્રશ્ન :- મેળ પોતાને ખવરાવવાનો છે.

ઉત્તર :- મેળ પોતાને કરવાનો છે. જે શાસ્ત્ર એમના હાથમાં હોય એ શાસ્ત્ર પ્રમાણ એના અર્થો કરે. એમાં જેમ એમને રસ પડે, જે એમને સ્થાપવું હોય એ રીતે સ્થાપતા હોય. એનો બધો મેળ કરવો જે જિજ્ઞાસુ આત્માર્થી હોય તે મેળ કરી શકે છે. વિચારથી (નક્કી કરે કે) દ્રવ્ય જુદું, ગુણ જુદો, પર્યાય જુદી. એમ જુદું હોય તો દ્રવ્ય એકલું શૂન્ય થઈ જાય. દ્રવ્યને જ્ઞાનગુણ ક્યાં રહ્યો? દર્શનગુણ ક્યાં રહ્યો? એની પર્યાયનું વેદન ક્યાં રહ્યું? બધું છૂટું છૂટું. કોને માટે પુરુષાર્થ કરવો? આ દુઃખ શેનું? સુખની પર્યાયનું વેદન ક્યાં? બધું ક્યાં? બધું છૂટું છૂટું થઈ ગયું.

દ્રવ્યની અભેદ દૃષ્ટિ ઊભી રાખીને બધું સમજવાનું છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ

રાખીને બધું એમાં જ છે અને એ રીતે સમજવાનું છે. કોઈ એમ કહે કે દ્રવ્યના અનંત ગુણો નથી કે દ્રવ્યમાં અનંત પર્યાયો નથી. એવી જેને બુદ્ધિ હોય એને એમ (કહે કે) દ્રવ્યમાં ગુણો અનંત છે, દ્રવ્યમાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે. બધાના સ્વભાવ જુદાં છે, બધાના કાર્યો જુદાં છે એમ સમજવાનું છે, પણ દ્રવ્ય છોડીને સમજવાનું નથી.

પ્રશ્ન :- વસ્તુપણે ત્રણે એક અભેદ જ છે. એ વાત રાખીને...

ઉત્તર :- એ વાત રાખીને સમજવાનું છે. શાસ્ત્રમાં એમ આવે છે અને 'ગુરુદેવ' શાસ્ત્ર પ્રમાણે જ કહેતા હતા અને 'ગુરુદેવ'નું હૃદય પણ એ હતું.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! મંગલમૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો! ગુરુદેવનું હાર્દ સમજાવનાર પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૦ B

પ્રશ્ન :- ...થવાનું નથી અને બાધક નથી. જેમકે જેની ઝેરી દાઢ કાઢી નાખી છે એવો સર્પ કાંઈ નુક્સાન કરી શકતો નથી. તેમ જ્ઞાનીને અવિદ્યા રાગાદિ કાંઈ કરી શકતા નથી. એમ શ્રુતિનું વચન છે. ઝેરી દાઢ કાઢી નાખીએ સાંપની તો કાંઈ નુકસાન કરે નહિ.

ઉત્તર :- કોણે પાડ્યું છે છાપું?

પ્રશ્ન :- શ્રુતિનું વચન છે. અને મુંબઈ સમાચાર છાપું બહાર પડેને એમાં ઉપર એક ટૂકડો આવેલો પાછળ.

ઉત્તર :- એ સર્પ કાંઈ નુક્સાન કરી શકતા નથી. જેને જ્ઞાન દશા પ્રગટ થઈ છે એને રાગાદિ કાંઈ કરી શકતા નથી. રાગાદિ નથી એટલે જ્ઞાયકમાં નથી અને છે તો એને નુક્સાન કરતા નથી, એને બાધક નથી. કારણ કે એણે જ્ઞાયકને ઓળખી લીધો છે, જ્ઞાયક નિરાળો થઈ ગયો છે માટે એને નુક્સાન કરતા નથી. અસ્થિરતાની છે એ વાતને ગૌણ કરીને દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એને જ્ઞાતાધારા પ્રગટ થઈ છે માટે એને કાંઈ નુક્સાન કરતા નથી.

પ્રશ્ન :- 'સમયસાર'ની શૈલી લઈએ તો દૃષ્ટિની મુખ્યતાથી...

ઉત્તર :- દૃષ્ટિની મુખ્યતાથી એને કાંઈ નુક્સાન કરતા નથી, એને કાંઈ બાધક નથી. એને લઈને એને કાંઈ આત્માને નુક્સાન થતું નથી. દૃષ્ટિની અપેક્ષાએ થતું નથી. બાકી અસ્થિરતામાં જે ખામી છે એ થોડી ખામી છે.

પ્રશ્ન :- એનું સંપાદન કોઈ જૈને કર્યું છે?

મુમુક્ષુ :- નહિ, આ તો મુંબઈ સમાચાર છે. ચાલુ લૌકિક છાપું છે. અને કથન પણ શ્રુતિનું છે, જૈનનું નથી. આપણે શ્રુતિનું વચન છે.

ઉત્તર :- અન્યમતિનું હોય એવું નથી, એવું નથી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાએ (બરાબર છે). અવિદ્યા એટલે રાગાદિ કાંઈ જાણતું નથી. એમ. અવિદ્યા-અજ્ઞાન. પોતે જ્ઞાનદશા પ્રગટ થઈ એટલે રાગાદિ કાંઈ કરી શકતા નથી.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'ના વચનામૃતમાં આવે છે, સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. આહા..! કેટલી વિશાળ દૃષ્ટિ!

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિ બધાને જિનવર જાણે છે.

પ્રશ્ન :- અને જિનવરને જીવ જાણે છે. આહા..! કેટલી વિશાળ દૃષ્ટિ! આમાં વિશાળ દૃષ્ટિ કહીને શું કહેવા માંગે છે?

ઉત્તર :- દૃષ્ટિ કેટલી દ્રવ્ય ઉપર વઈ ગઈ છે. કેટલી વિશાળ દૃષ્ટિ! પર્યાયને ગૌણ કરી નાખી. 'જિવ તે જિનવર અને જિનવર તે જીવ છે'. કેટલી દૃષ્ટિની વિશાળતા એટલે યથાર્થ દૃષ્ટિ કેટલી વિશાળ! દરેક પર્યાયને ગૌણ કરીને એક દ્રવ્ય ઉપર જ જોવે છે. બધાને દ્રવ્યદૃષ્ટિથી જ જોવે છે. એમ. કેટલી દૃષ્ટિ વિશાળ! વિશાળ એટલે કેટલી એની વિશાળતા કે જેવો હું એવા જ બધાય છે. એમાં કાંઈ ભેદ દેખતા નથી. એમ વિશાળ. દૃષ્ટિ એની દ્રવ્ય ઉપર છે. જેવું મારું દ્રવ્ય એવું બધાનું દ્રવ્ય છે. એવું બધાનું દ્રવ્ય એટલે કેટલી વિશાળતા છે! કોઈની પર્યાય ઉપર નહિ જોતા દ્રવ્ય ઉપર જોઈ રહ્યા છે. કેટલી ઉદાર દૃષ્ટિ! બધાને દ્રવ્ય દેખે, બધાને સિદ્ધ ભગવાન જેવા, જિનવર જેવા દેખે છે બધાને. એમાં કાંઈ ભેદ દેખતા નથી. દ્રવ્યને જ જોઈ રહ્યા છે.

પ્રશ્ન :- માતાજી! પર્યાયથી જોવું એ સંકુચિતપણું છે? દૃષ્ટિનું સંકુચિતપણું કહેવાય?

ઉત્તર :- પર્યાયથી જોવે. આ દ્રવ્યની અપેક્ષાએ વાત છે. દ્રવ્યની અપેક્ષાએ વિશાળતા. પર્યાયમાં એ વિવેક કરે તો એ કાંઈ એની સંકુચિતતા (એમ) નથી. એ તો યથાર્થ જ્ઞાન હોય, પર્યાયમાં એનો વિવેક કરે કે એ કઈ ભૂમિકાએ ઊભો છે એમ

વિવેક તો કરે. એમ સંકુચિત અજ્ઞાનદશાની અપેક્ષાએ સંકુચિત. અજ્ઞાનદશામાં હું કેવો? આ કેવો? પોતાનો જરા ગુણ દેખીને પોતાની બડાઈ આવી જાય, બીજો નીચો, હું ઊંચો એમ અજ્ઞાનદશાની અપેક્ષાએ. એમ સંકુચિત. બાકી યથાર્થ જ્ઞાન કરે, દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ બધી વિશાળતા અને પર્યાયમાં જ્ઞાન કરે એ કઈ ભૂમિકા છે. એની અજ્ઞાનદશામાં છે કે સમ્યગ્દૃષ્ટિ છે કે ચારિત્રદશામાં છે એમ વિવેક તો કરે પર્યાયમાં. એની ભૂમિકા કેટલી છે એમ વિવેક કરે એટલે કાંઈ સંકુચિત દૃષ્ટિ નથી. દ્રવ્ય અને પર્યાય બધી રીતે (જાણે). દ્રવ્યદૃષ્ટિથી બધા સિદ્ધ ભગવાન જેવા. પર્યાયમાં એ સંસારદશામાં છે, સિદ્ધ છે એમ પર્યાયથી પણ જ્ઞાન કરે.

મુમુક્ષુ :- પોતાને એક સમયની પર્યાય જેટલો અનુભવે તો એ દૃષ્ટિનું સંકુચિતપણું ખરું? અને તે હોય તો કઈ રીતે? આમાં જ્યારે વિશાળ દૃષ્ટિ કહી. દ્રવ્યની દૃષ્ટિ તે વિશાળ દૃષ્ટિ. બધાને પરમાત્મા સ્વરૂપે જોવા એમાં દૃષ્ટિની વિશાળતા. તો હું શરીર જેટલો છું, હું રાગી છું, હું એક સમયની પર્યાય જેટલો છું. એ બધું પર્યાયદૃષ્ટિ છે. અને એ પર્યાયદૃષ્ટિ તે સંકુચિતપણું કોઈ અપેક્ષાએ લઈ શકાય?

ઉત્તર :- એ અજ્ઞાનદશામાં સંકુચિત છે. પર્યાય જેટલો જ પોતાને માને છે. પર્યાયને ગૌણ નથી કરતો અને દ્રવ્ય ઉપર જોતો નથી. અજ્ઞાનની અપેક્ષાએ પર્યાયમાત્રને ગ્રહણ કરે છે માટે સંકુચિત છે. એકલી પર્યાયને ગ્રહણ કરે.

પ્રશ્ન :- દ્રવ્ય અનંતગણું છે અને પર્યાય એક સમયની છે છતાં અજ્ઞાની પર્યાયને જ આત્મા આખો માને છે અને આખું દ્રવ્ય રહી જાય છે એ અપેક્ષાએ એમ કે...

ઉત્તર :- એને સંકુચિત દૃષ્ટિ (છે અને આને) વિશાળ છે. દ્રવ્યની જે અનંતતા છે એ જોતો નથી અને પર્યાય ક્ષણ પૂરતો માને છે. એટલે પોતાને એટલો એક ક્ષણ પૂરતો એવો ક્ષણે ક્ષણે બદલાય એવો માને છે માટે એની દૃષ્ટિ સંકુચિત છે. પોતાના દ્રવ્યને અનંત શક્તિથી ભરેલો જોતો નથી. માટે એ અપેક્ષાએ વિશાળ દૃષ્ટિ છે.

પ્રશ્ન :- એમાં બેય લઈ લેવું—એક તો પોતાને આ રીતે જોવો એ પણ વિશાળ દૃષ્ટિ છે અને એવી દૃષ્ટિ પ્રગટ થતાં બધા આત્મા પરમાત્મસ્વરૂપે છે...

ઉત્તર :- એવું એની દૃષ્ટિમાં એવું આવે છે. એ બહાર જોવા જતો નથી. પણ પોતાને દ્રવ્ય દેખે એટલે એ બધાને દ્રવ્ય દેખે છે. એના જ્ઞાનમાં બધાને દ્રવ્ય અપેક્ષાએ દેખે છે. એક પર્યાય જેટલો પોતાને માને છે. એ પોતાની સંકુચિત દૃષ્ટિ

છે. એવી રીતે બીજાને જોવે છે. એવી સંકુચિત (દૃષ્ટિ છે). પોતાની અનંતતાથી ભરેલો પોતાને જોતો નથી. (એવો જોવે) તો એની દૃષ્ટિ વિશાળ અને નિર્મળ થઈ જાય છે.

પ્રશ્ન :- પોતાને અનંતરૂપે જોવો એ દૃષ્ટિની વિશાળતા છે?

ઉત્તર :- વિશાળતા છે. અનંત એટલે આમ ભેદ પાડીને જોતો નથી. પોતાની અનંત શક્તિથી ભરેલો હું છું. એક પર્યાય પૂરતો નથી પણ અનંત-અનંત શાશ્વત અનંત શક્તિઓથી ભરેલો છું.

પ્રશ્ન :- બહુ સુંદર વાત કરી. અભેદપણે જોવે છે આવી રીતે.

ઉત્તર :- અભેદપણે જોવે છે.

પ્રશ્ન :- માતાજી! બીજો એક પ્રશ્ન છે. થોડા દિવસ પહેલા આપના શ્રીમુખેથી એમ આવ્યું હતું કે જ્ઞાયકને યથાર્થ ઓળખીને અથવા તો જ્ઞાયકનો—તત્ત્વનો યથાર્થ નિર્ણય કરીને ખરેખર તો એણે સ્થિરતાનો પ્રયત્ન કરવાનો છે. એને વિકલ્પ કર્યા કરવાના નથી. સ્થિરતાનો પ્રયત્ન કરવાનો છે એમાં કાંઈક વિશેષ આપ સ્પષ્ટ કરી શકો? આવી રીતે જ્ઞાયકને ઓળખીને સ્થિરતા કરવાની છે. સ્થિરતા કરવી એટલે વિકલ્પો એક ક્ષણ પણ આવ્યા વિના રહેતા નથી અને છતાં સ્થિરતાનો પ્રયત્ન કરવાનો છે એમ કહીને આપે શું કહેવું છે?

ઉત્તર :- જ્ઞાયકનો યથાર્થ નિર્ણય અને નિઃશંકતા થાય. નિઃશંકતા થાય પછી બહાર જનારા જે વિકલ્પ બહાર જે એની પરિણતિ અસ્તિરતાની જેમ ફર્યા કરે છે, ઘડીમાં કાંઈ વિકલ્પ... ઘડીમાં કાંઈ વિકલ્પ... ઘડીમાં કાંઈ વિકલ્પ.. અસ્થિરતાની જેમ જે પરિણતિ દોડ્યા કરે છે બહાર, એને જે નિર્ણય કર્યો એને દૃઢ કરીને જ્ઞાયકનું અવલંબન લઈને, જ્ઞાયક એ જ્ઞાયકને ગ્રહણ કરીને એમાં ઠરી જવું. ચારે બાજુ વિકલ્પની દોડાદોડ એનાથી એને પાછો વળીને, વિકલ્પને મર્યાદામાં લાવીને પોતામાં અસ્થિરતાને બદલે એક ઠેકાણે સ્થિર રહેવું. એમ. સ્થિરતાનો પ્રયત્ન એટલે એમ.

એક જ્ઞાયકની જ્ઞાતાધારા એમાં જ્ઞાતાધારા આવી ગઈ, એમાં ઠરવાનું આવી ગઈ, એમાં સ્થિરતા આવી ગઈ. પોતે વિકલ્પની આકુળતામાં દોડાદોડી કરતો હતો એનાથી એને મર્યાદામાં લાવીને પોતે જ્ઞાયક, હું જ્ઞાતા છું એમ, હું તો જ્ઞાતા એમ આવી ગયું. એમાં સ્થિર થઈ ગયો, એમાં અડગ થઈ ગયો, નિઃશંક (થયો) બધું એમાં થઈ ગયો. ઠરવાનો પ્રયત્ન. એમ. ઠરવાનો એટલે સ્થિર થવાનો. એમ.

પ્રશ્ન :- હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું એવો સાચો નિર્ણય કરીને બુદ્ધિપૂર્વક

મનનું અવલંબન ન લેવું એમ આપને કહેવું હતું?

ઉત્તર :- બુદ્ધિપૂર્વક મનનું અવલંબન આવે છે, પણ એને દોડાદોડી ચારે બાજુની ઘડીમાં આ વિકલ્પ, વિકલ્પ. જો નિ:શંક થઈ ગયો છે તો એને ગ્રહણ કરીને એમાં તું સ્થિર થઈ જા, એમાં તું ઠરી જા. વિકલ્પની દોડાદોડ નિષ્પ્રયોજનની, નિષ્પ્રયોજન વિકલ્પની હારમાળામાં ઊભો રહે એના કરતાં તું સ્વરૂપમાં ઠરી જા, એમાં સ્થિર થઈ જા. એમ કહેવું છે. છતાં પણ એ સ્થિર ન રહી શકે તો વિચારો તો શ્રુતના અનેક જાતના આવે છે, અનેક જાતના આવે છે તોપણ એ (શાસ્ત્રમાં આવે છે કે) તારા મતિ-શ્રુતનો ઉપયોગ એને મર્યાદામાં લાવીને તું સ્વરૂપ તરફ જા એમ આવે છે. મતિ-શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે એને મર્યાદામાં લાવી દે. એટલે તું તારા તરફ વળી જા, તું તારામાં સ્થિર થા, તારામાં ઠરી જા. એટલે ઉપયોગ બહાર જાય છે એને ટૂંકો કરીને અંતરમાં તું જા એમ કહેવું છે.

પ્રશ્ન :- માતાજી! આ શ્રદ્ધા અપેક્ષાએ કે ચારિત્ર અપેક્ષાએ?

ઉત્તર :- હજી ચારિત્ર સ્વરૂપ રમણતા એ એક જાતનું ચારિત્ર છે. શ્રદ્ધાની અપેક્ષાએ સ્થિર થવાનું છે. શ્રદ્ધામાં પણ સ્થિરતા આવે છે. ચારિત્ર જે દેશવ્રત અને અણુવ્રત પંચમહાવ્રત એ જુદું છે અંતરનું. આ તો શ્રદ્ધામાં પણ ચારિત્રનું, સ્વરૂપ રમણતાનું ચારિત્ર આવે છે. શ્રદ્ધા અપેક્ષાએ છે. એમાં પણ ઠરવાનું અને સ્થિર થવાનું એમાં પણ આવે છે.

પ્રશ્ન :- માતાજી! સામાન્યપણે શું થતું હોય છે કે હું એક અખંડ જ્ઞાયક છું. તત્ત્વનો નિર્ણય યથાર્થ હોય એ પ્રકાર અને યથાર્થ ન હોય એ બીજો પ્રકાર. પણ એના વિકલ્પોની હારમાળા જ્યારે (ચાલે કે) હું એક અખંડ જ્ઞાયક છું, શુદ્ધ છું, પરિપૂર્ણ છું, એમ વિકલ્પોની હારમાળા ચાલ્યા કરતી હોય જાણે કે અભિપ્રાયમાં કેમ વિકલ્પથી પ્રાપ્ત થવાનો હોય. અત્યારે આપણે સાંભળ્યું છે એટલે ખ્યાલ આવે છે કે વિકલ્પ એ કાંઈ આત્મ પ્રાપ્તિનું (કારણ નથી), બહિર્મુખી વલણ છે આખું એટલે એનાથી પ્રાપ્ત ન થાય. તો એવો નિર્ણય કરીને સ્થિરતા કર. એમ જે વજન આપનું હતું તો એમાં એમ કહેવું હતું કાંઈક કે સ્થિરતા કરે એટલે બુદ્ધિપૂર્વકના તો.. જેમ આપે હમણા કહ્યું કે ઈન્દ્રિયોને એને અંતરમાં તું લઈ જા.

ઉત્તર :- હું અખંડ છું, જ્ઞાયક છું, શુદ્ધ છું એ બધા વિચારો આવ્યા કરે. બીજા વિચારો આવે એની સાથે હું તો આ નથી, હું તો અખંડ જ્ઞાયક છું, હું તો અખંડ જ્ઞાયક (છું) એમ વિકલ્પ આવે. પણ અખંડ જ્ઞાયક તે કોણ છે? હું અખંડ જ્ઞાયક છું

એમ વિકલ્પની પાછળ તું ઠરી જા એમ કહેવું હતું, પણ યથાર્થ જ્ઞાયક ગ્રહણ થયો હોય તો એમાં ઠરેને. જ્ઞાયક ગ્રહણ થયો હોય તો વિકલ્પની સાથે જે જ્ઞાયક રહેલો છે એ જ્ઞાયકમાં ઠરી જા એમ કહેવું હતું. પણ એ જ્ઞાયક ગ્રહણ થયો હોય તો એમાં ઠરવાનો પ્રયત્ન કરે. નહિતર હું અખંડ છું, જ્ઞાયક છું એમ વિકલ્પની હારમાળા આવ્યા જ કરે. જ્ઞાયક ગ્રહણ થયો હોય તો એમાં ઠરે.

પ્રશ્ન :- એવા જ્ઞાયકનું ગ્રહણ થયું હોય તો તેની બાહ્ય પ્રવૃત્તિમાં કાંઈ દેખાય કે જોવામાં આવે કે કાંઈ આ પરિવર્તન થયું છે કે નહિ?

ઉત્તર :- યથાર્થપણે જ્ઞાયક ગ્રહણ થયો હોય, એવી જ્ઞાતાધારા ચાલુ થઈ હોય તો એને એના લક્ષણથી ઓળખાય ખરું. પણ એ પોતે ઓળખવાની પોતામાં એટલી શક્તિ હોય તો ઓળખે.

પ્રશ્ન :- પોતાને તો એવી જાતનું કાંઈ આનંદ આવે?

ઉત્તર :- પોતે પોતાને તો ઓળખી શકે. બીજાને ઓળખવું એ એને શક્તિ હોય તો ઓળખે. પોતે તો ઓળખી શકે. પોતાને આનંદ થયો એ પોતે તો ઓળખી શકે અને પકડી શકે. પોતે પોતાથી કાંઈ છાનો રહેતો નથી. પોતે તો યથાર્થપણે ઓળખી શકે.

પ્રશ્ન :- એ આનંદ કઈ જાતનો છે?

ઉત્તર :- એ આનંદ વાણીમાં તો કાંઈ આવે નહિ. વાણી તો આત્મા અનુપમ છે એને કાંઈ ઉપમા તો દેવાય નહિ. એ તો આત્મામાંથી પ્રગટ થતો આનંદ એને કાંઈ ઉપમા લાગુ પડતી નથી, કોઈ વિકલ્પની અપેક્ષા લાગુ પડતી નથી. જે આત્મામાંથી સહજ પ્રગટ થાય છે. એ પોતે સ્વાનુભૂતિમાં એને ગ્રહણ થાય છે. એ અનુપમ છે એને કોઈ ઉપમા લાગુ પડતી નથી. આત્મામાં એક આનંદસ્વભાવ ગુણ છે અને એ ગુણ એને વિકલ્પની આકુળતા તૂટી જાય અને વિકલ્પ છૂટી જાય, વાંહે એક પોતે જ ઊભો રહે છે જ્ઞાયક. પોતે જ સ્વયં વિકલ્પની હારમાળા તૂટીને જે જ્ઞાયક ઊભો રહે છે એ જ્ઞાયકમાં જે ગુણો છે તેને પ્રગટ થાય છે, એની પરિણતિ પ્રગટ થાય છે. એમાં આનંદાદિ ગુણો જે પ્રગટ થાય છે એ પોતે અનુભૂતિમાં ગ્રહણ કરી શકે છે. એને નિઃશંકપણે ગ્રહણ કરી શકે છે, એમાં એને શંકા પડતી નથી. કોઈને પૂછવા જાવું પડતું નથી. ઈ પોતે જ ગ્રહણ કરી શકે છે.

પ્રશ્ન :- એવો આદેશ, ઉપદેશ સુણીને પણ તેની વૃત્તિમાં મજબુતી આવતી નથી એનું શું કારણ છે? દઢતા નથી આવતી.

ઉત્તર :- મજબુતી નહિ આવવાનું કારણ પોતે છે, પોતે જ છે, બીજું કોઈ નથી. પોતે મજબુતી લાવે તો આવે. મજબુતી પોતે લાવતો નથી. અનાદિના અભ્યાસમાં ચાલ્યો જાય છે. એને દેખાતું નથી, મજબુતી આવતી નથી. પણ એને લક્ષણોથી આત્માને ઓળખીને નક્કી કરવું જોઈએ કે જે આત્મા સુખ-આનંદ ઈચ્છી રહ્યો છે એ પોતે જ સ્વયં સખરૂપ છે. એને બહારથી સુખ-સુખ ઈચ્છતો સુખની ઝંખના કર્યા કરે છે, આનંદની ઝંખના કર્યા કરે છે પણ બહારથી મળતું નથી. આકુળતા-આકુળતા ઊભી રહે છે. એની પાછળ આકુળતા જ હોય છે. માટે જે સુખસ્વરૂપ જે સુખને ઈચ્છાનારો છે એ પોતે જ સુખસ્વરૂપ છે. માટે બહારનો આશ્રય તૂટી જાય, એકલો પોતે જ રહી જાય તો સ્વયં એ પોતામાંથી જ આનંદ અને સુખ પ્રગટે છે. એનો નિર્ણય પોતે કરે તો થાય છે.

પ્રશ્ન :- બહારથી હિતબુદ્ધિ હજી છૂટી નથી ત્યાં સુધી?

ઉત્તર :- હિતબુદ્ધિ છૂટી નથી. એટલે પોતામાં જ હિત રહેલું છે એમ નક્કી થાય તો પોતે જ પોતાનો આશ્રય લે અને પોતામાંથી જ પ્રગટ થાય.

પ્રશ્ન :- પરથી બુદ્ધિ છોડવાનો ઉપાય પોતાને જ કરવાનો છે.

ઉત્તર :- પોતાને જ કરવાનો રહે છે. કોઈ નથી કરી દેતું. પોતાની રુચિ બહારમાં જાય, પોતે બહાર દોડે છે માટે પોતા તરફ વળતો નથી, શ્રદ્ધા કરતો નથી પોતે જ. કોઈ પરાણે કરાવી દે તો પાછું કો'ક લઈ લે. માટે પોતે જ કરવાનું રહે છે. પોતે જ નક્કી કરીને, પોતે જ દૃઢતા કરીને પોતા તરફ વળવાનું રહે છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૦ C

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'ના છઠ્ઠા બોલમાં આવે છે—પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. તો પૂર્ણતા એટલે શું લેવું? સિદ્ધદશા કે ત્રિકાળી સ્વભાવ? પૂર્ણતા એટલે સિદ્ધદશાને લક્ષે કે પૂર્ણ ત્રિકાળી સ્વરૂપના લક્ષે? પૂર્ણતાના લક્ષે શરૂઆત એ જ વાસ્તવિક શરૂઆત છે.

ઉત્તર :- એમાંથી બેય અર્થ નીકળે છે. પૂર્ણતાને લક્ષે એટલે આત્મા પરિપૂર્ણ, સ્વભાવ પરિપૂર્ણ છે એને લક્ષમાં લેવાથી શરૂઆત સાચી જ થાય છે. પણ શરૂઆત

કરી ક્યાં પહોંચવાનું છે? છેક પૂર્ણતા સુધી એવો પણ અર્થ એમાંથી બેય નીકળે છે. કે દ્રવ્ય પોતે સ્વભાવે શુદ્ધ પરિપૂર્ણ છે, એ જો એને લક્ષમાં આવે અને એને ઓળખાય, એનો આશ્રય લે તો જ શરૂઆત સાચી થાય છે.

પછી બીજો અર્થ એ છે કે શરૂઆત કરી અને ધ્યેય ક્યાં બાંધ્યું? ક્યાં જવાનું છે? કે ઠેઠ આત્માની પરિપૂર્ણ નિર્મળતા થાય ત્યાં સુધી પહોંચવાનું છે. એમ લક્ષમાં લે તો જ સાચી શરૂઆત થાય છે. ક્યે ગામ જાવું છે? એમ સમજીને જો ચાલવા માંડે તો જ એ બરાબર છે. પણ ક્યાંય ધ્યેય વગરની સાચી શરૂઆત થઈ શકતી જ નથી. બેય અર્થ એમાંથી નીકળે છે.

પર્યાય પૂર્ણ પ્રગટ કરવાની, કેવળજ્ઞાન પ્રગટ કરવાનું છે એના લક્ષે સાધકદશાની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન એક અંશ છે. એને દ્રવ્યને તો લક્ષમાં લીધું કે દ્રવ્ય સ્વભાવે પરિપૂર્ણ લક્ષમાં લીધું. એક અંશે સાધકદશા થઈ, પણ હજી સાધના બાકી છે. સાધના બાકી ઠેઠ કેવળજ્ઞાનની પ્રાપ્તિ વીતરાગદશા કરવાની છે. એવું એને લક્ષમાં હોય તો જ એની સાચી શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન થાય એટલે પૂર્ણ થઈ શકાતું નથી. હજી તો અંશ છે. પરિપૂર્ણ હજી વીતરાગદશા બાકી છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત થાય છે, સાચી શરૂઆત થાય છે.

પ્રશ્ન :- માતાજી! કોઈ જીવ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને શરૂઆત કરે તો એ બરાબર નથી?

ઉત્તર :- સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને શરૂઆત કરે તો એ શરૂઆત નથી. સમ્યગ્દર્શન પ્રગટ કરવું પણ સમ્યગ્દર્શન કોના આશ્રયે થાય છે? સમ્યગ્દર્શન, દ્રવ્યના આશ્રય વગર સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. સાચી શરૂઆત સમ્યગ્દર્શનના લક્ષે થાતી નથી, દ્રવ્યને લક્ષે શરૂઆત થાય છે. અથવા તો દ્રવ્યને... મારે પરિપૂર્ણ નિર્મળતા પ્રગટ કરવી છે એમ શરૂઆત થાય છે. માત્ર સમ્યગ્દર્શન ભાવના આવે સમ્યગ્દર્શનની કે અનાદિકાળથી આ સમ્યગ્દર્શન, જેનાથી ભવનો અભાવ થાય છે એવું સમ્યગ્દર્શન જીવે પ્રાપ્ત કર્યું નથી. એ બધું કરી ચૂક્યો પણ એક સમ્યગ્દર્શન, જેનાથી ભવનો અભાવ થાય, આત્માની સ્વાનુભૂતિદશા પ્રાપ્ત થાય, આત્મા પ્રાપ્ત થાય, જેનાથી ભવનો અભાવ થાય એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી એમ ભાવના આવે. પણ સમ્યગ્દર્શન કોના આશ્રયે થાય છે? અને સમ્યગ્દર્શનની શરૂઆત કેવી રીતે થાય છે? એ બધું જાણ્યા વગર સમ્યગ્દર્શનના લક્ષે સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનના આશ્રયે સમ્યગ્દર્શન અથવા સમ્યગ્દર્શનને લક્ષમાં રાખીને સમ્યગ્દર્શન

એમ થાતું નથી. એની ભાવના આવે, પણ એને તો દ્રવ્યનો આશ્રય હોય છે અને પૂર્ણતા લક્ષમાં હોય છે. સમ્યગ્દર્શનની પાછળ વીતરાગતા પ્રગટ કરવાની હોય છે.

પ્રશ્ન :- પૂર્ણતાના પ્રયાસ કરે એ તો અમને માન્ય છે કે સ્વભાવના આશ્રયે, જ્ઞાયકના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય, પણ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખે, મોક્ષનું ધ્યેય નહિ પણ સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને એ પ્રયત્ન કરી શકે ખરો કે ન કરી શકે?

ઉત્તર :- સમ્યગ્દર્શન ધ્યેય નહિ, આત્માનું ધ્યેય હોવું જોઈએ. સમ્યગ્દર્શનની ભાવના હોય છે.

પ્રશ્ન :- પૂર્ણતાનું જ ધ્યેય હોવું જોઈએ? મોક્ષનું જ ધ્યેય હોવું જોઈએ?

ઉત્તર :- પૂર્ણતાનું જ. મોક્ષનું ધ્યેય હોવું જોઈએ. દ્રવ્યનું ધ્યેય અને પૂર્ણતાનું ધ્યેય હોવું જોઈએ.

પ્રશ્ન :- કોઈને એમ થાય કે હવે અત્યારે આટલી મોટી વાત કરવી એના કરતા આપણે સમ્યગ્દર્શનનું ધ્યેય રાખીને આપણે સ્વભાવનો આશ્રય લો. તો ખરેખર એ કાંઈ અટકી જાય કે એને થાય?

ઉત્તર :- પણ એને સ્વભાવનો આશ્રય આવે જ નહિ, માત્ર અધૂરું ધ્યેય હોય તો. એને દ્રવ્યનો આશ્રય ક્યારે આવે? કે એને ધ્યેયમાં બધી પરિપૂર્ણતા હોય તો જ એને દ્રવ્યનો આશ્રય આવે.

પ્રશ્ન :- આપની પાસેથી એ જાણવું હતું. એમાં ધ્યેય, સમ્યગ્દર્શનના ધ્યેયથી સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય. લક્ષ પણ પૂર્ણતાનું હોય અને ધ્યેય પણ પૂર્ણ પ્રાપ્ત કરવાનું હોય એને સમ્યગ્દર્શનથી માંડીને બધી પર્યાયો નિર્મળ થાય.

ઉત્તર :- બધી પર્યાયો નિર્મળ થાય છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એટલે મેં બધું કરી લીધું એવું સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. એ તો અંશ છે એમ એને ખ્યાલ છે બરાબર. હજી એની સાધનાની શરૂઆત થાય છે. હજી તો એણે સાધનાના માત્ર પગલા માંડયા છે, હજી આગળ જવાનું છે. પ્રાપ્ત કરનારને એમ બસ! થઈ ગયું એમ નથી હોતું. એ તો ભાવના એમ આવે છે કે સમ્યગ્દર્શન અનાદિકાળનું પ્રાપ્ત કર્યું નથી એ પ્રાપ્ત થાય તો ભવનો અભાવ થાય, તો જ મોક્ષની શરૂઆત થાય છે. એટલે એની ભાવના આવે), પણ એનો ઉપાય શું? એના ધ્યેયમાં શું હોય છે? એ તો બરાબર એણે જાણવાનું હોય છે. એટલામાં સંતોષ થઈ જાય તો એને સમ્યગ્દર્શન એવી રીતે હોઈ શકતું નથી.

પ્રશ્ન :- એટલી હદ સુધી પહોંચ્યા પછી સંતોષ તો ન જ થાયને?

ઉત્તર :- સંતોષ ન થાય.

પ્રશ્ન :- એટલી પાત્રતા કેળવાણી હોય...

ઉત્તર :- એટલી પાત્રતા કેળવાણી હોય છે. એને એક અંશમાં સંતોષ થતો નથી. જેને પૂર્ણતા જોઈએ છે તે અટકતો નથી. જેનો પુરુષાર્થ મંદ પડે એની તો કાંઈ વાત જ નથી.

પ્રશ્ન :- એને તો ત્યાં સુધી પહોંચવાનું જ નથી.

ઉત્તર :- એને તો પહોંચવાનું નથી. બાકી એને ધ્યેયમાં પૂર્ણતા હોય છે. ધ્યેયમાં પૂર્ણતા હોય છે. મને પૂર્ણતા પ્રાપ્ત થાય. સમ્યગ્દર્શનના ધ્યેયમાં પૂર્ણતા હોય છે.

પ્રશ્ન :- આપે એ મુદ્દાની વાત કરી કે આશ્રય પણ પૂર્ણનો અને ધ્યેય પણ પૂર્ણ હોય એને જ સમ્યગ્દર્શનથી માંડીને બધું પ્રગટ થાય.

ઉત્તર :- હા. એને જ બધું પ્રગટ થાય. આશ્રય પણ પૂર્ણતાનો અને ધ્યેય પણ પૂર્ણતાનું હોવું જોઈએ.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં આવે છે કે શાસ્ત્રોના શબ્દો વિના હૈયાઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી જ આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય એનું કાંઈ નહિ. અન્ય સર્વ વિકલ્પો જાય અને અદ્ધરથી આત્મા સંબંધી વિકલ્પો ચાલ્યા જ કરે અને વળગ્યા જ રહે તો એમ કે એને સાચી લગની છે અને સાચું એ છે. ફરીથી વાચું? શાસ્ત્રોના શબ્દો વિના હૈયાઉકેલ થઈ જવો જોઈએ.

ઉત્તર :- અંતરથી પોતાને નિશ્ચય આવવો જોઈએ. અંતરથી વિચાર કરીને સ્વભાવ ઓળખાવો જોઈએ. માત્ર શાસ્ત્રોના શબ્દોથી નહિ, પણ શાસ્ત્ર શું કહે છે એનો આશય ગ્રહણ કરીને અંતરથી હૈયાઉકેલ (એટલે) અંતરંગથી સમજાવું જોઈએ પોતાને.

પ્રશ્ન :- કેવળ શાસ્ત્ર વાંચીને જે નક્કી કરે એમ નહિ?

ઉત્તર :- એમ નહિ. પોતાને અંદરથી હૈયાઉકલ એટલે પોતાને સ્વભાવ અંતરમાંથી ઓળખાવો જોઈએ કે શાસ્ત્ર તો કહે છે પણ આમ જ છે. એમ પોતાને અંતરમાંથી લાગવું જોઈએ. અંતરમાંથી એવો એને દૃઢ વિશ્વાસ આવે છે કે બસ! આ જ છે વસ્તુનું સ્વરૂપ, બીજું છે જ નહિ. એવો અંતરથી હૈયાઉકલ થવો જોઈએ, અંતરમાંથી. તો જ એનો સાચો ઉપાડ છે.

પ્રશ્ન :- શાસ્ત્રમાંથી વાંચીને નક્કી કરે પણ અંદરથી એને હૈયાઉકેલ એટલે કે

અંતરથી એને ભાવ તો અંદરથી બેસવો જોઈએ.

ઉત્તર :- હા. અંતરમાંથી, ભાવ અંદરથી બેસવો જોઈએ.

પ્રશ્ન :- કારણપરમાત્મા નિત્ય છે અને તેને વિશય કરનારી પર્યાય અનિત્ય. તે પર્યાયને ગૌણ કરવાનું કહ્યું કે તેનો નિષેધ કરવાનું કહ્યું?

ઉત્તર :- શું? કારણ પરમાત્મા નિત્ય છે?

પ્રશ્ન :- અનિત્ય પર્યાય નિત્યનો આશ્રય કરે છે. એ અનિત્ય પર્યાયને ગૌણતામાં રાખવી કે અનિત્ય પર્યાયનો નાશ-છેદ કરવો? એમ.

ઉત્તર :- કારણપરમાત્મા નિત્ય છે એનો આશ્રય, અનિત્ય પર્યાય એનો આશ્રય કરે છે. પણ એ પર્યાય ઉપર એની દૃષ્ટિ, એનું લક્ષ નથી, પર્યાય સાથે આવે છે. એનો નિષેધ (એટલે) એની દૃષ્ટિમાં નિષેધ આવે છે, પણ એની ગૌણતા થાય છે. એ તદ્દન જુદું છે, એ દૃષ્ટિમાં એનો વિષય જ નથી. પર્યાયનો વિષય એ દૃષ્ટિનો વિષય જ નથી. દૃષ્ટિ એક દ્રવ્યને જ જોર આપે છે. એટલે પર્યાય એમાં સહેજે ગૌણ થઈ જાય. દૃષ્ટિમાંથી નીકળી જાય છે પણ ગૌણ થઈ જાય છે.

પ્રશ્ન :- એને અભૂતાર્થ કહી છે, અસત્યાર્થ કહી છે.

ઉત્તર :- એ અસત્યાર્થ દ્રવ્યની—ભૂતાર્થની અપેક્ષાએ એને અભૂતાર્થ કીધું છે. એની અપેક્ષાએ. પણ એ પોતે પર્યાયની અપેક્ષાએ પર્યાય તદ્દન નથી જ કે અભૂતાર્થ તદ્દન નથી એમ નથી. પર્યાયની અપેક્ષાએ પર્યાય છે, પણ દ્રવ્યની અપેક્ષાએ, દૃષ્ટિની અપેક્ષાએ, ભૂતાર્થની અપેક્ષાએ એને અભૂતાર્થ કીધું.

પ્રશ્ન :- તો પછી એનું-પર્યાયનું પ્રયોજન શું? અભૂતાર્થ .. અપ્રયોજન નહિ હોય.

ઉત્તર :- અપ્રયોજન એ ભૂતાર્થની અપેક્ષાએ અપ્રયોજન છે. બાકી પોતે છે પર્યાય. એનું વેદન થાય છે પર્યાયનું. આ સંસાર એ બધું પર્યાય છે. એનું વેદન કોને છે? જો પર્યાય હોય જ નહિ તો કાંઈ વેદન જ ન હોય. આ વેદન સુખ-દુઃખનું જે થાય છે એ બધું પર્યાયમાં થાય છે વેદન અને પછી શુદ્ધપર્યાય પ્રગટ થાય એનું વેદન પણ પર્યાયમાં થાય છે. એનું પ્રયોજન છે.

જીવ દુઃખથી છૂટવા માગે છે, સુખને ઇચ્છે છે અને સુખની શુદ્ધાત્માની પર્યાય પ્રગટ થાય. એનું પ્રયોજન છે પર્યાયનું. પણ એ શુદ્ધ પર્યાય પ્રગટ શી રીતે થાય? દ્રવ્યના આશ્રય વગર પ્રગટ થાતી નથી. માટે દ્રવ્યનું પ્રયોજન મુખ્ય છે પણ પર્યાય એમાં સાથે આવ્યા વગર રહેતી જ નથી. પર્યાયને કાઢી નાખો તોપણ એ આવ્યા

વગર રહેતી નથી. પર્યાય સ્વરૂપ છે દ્રવ્યનું. એને કાઢી નાખો, એના જ્ઞાનમાંથી કે દૃષ્ટિમાંથી, ખોટી રીતે સમજે એટલે કે કાંઈ પર્યાયનો નાશ થાતો નથી, પર્યાય વઈ જાતી નથી. પર્યાય તો રહેવાની જ છે. એની દૃષ્ટિમાં અને એના જ્ઞાનમાં, એની શ્રદ્ધામાં ભૂલ આવે છે. એનું પ્રયોજન ભલે એની દ્રવ્યદૃષ્ટિમાં નથી, પણ એ સુખ-દુઃખનું વેદન બધું પર્યાયમાં થાય છે. માટે એનું પ્રયોજન છે. મોક્ષમાં એ પ્રગટે છે, સાધનામાં પ્રગટે છે. સમ્યગ્દર્શન પર્યાય છે, ચારિત્ર પર્યાય છે, એ બધાનું વેદન થાય છે. એનું પ્રયોજન છે સાધકદશામાં.

પ્રશ્ન :- તોપણ એને અભૂતાર્થ કહી.

ઉત્તર :- તોપણ એને અભૂતાર્થ કીધી. દ્રવ્યની અપેક્ષાએ અભૂતાર્થ છે. એની અપેક્ષાએ છે. સ્ફટિક નિર્મળ છે. લાલ-પીળા પ્રતિબિંબો પડે એની અપેક્ષાએ પ્રતિબિંબો છે, સ્ફટિકની અપેક્ષાએ નથી.

પ્રશ્ન :- અભૂતાર્થ એટલા માટે કહી કે એના આશ્રયે શુદ્ધિ પ્રગટતી નથી. એટલા માટે એને અભૂતાર્થ કીધી. અભૂતાર્થનો અર્થ વિદ્યમાન નથી એમ નહિ, પણ એના આશ્રયે શુદ્ધિ પ્રગટતી નથી એ અર્થમાં (છે). આ બોલમાં છે.

પ્રશ્ન :- માતાજીએ કહ્યુંને કે દ્રવ્યની અપેક્ષાએ એને અભૂતાર્થ કહી છે. પર્યાય છે એનું વેદન છે.

ઉત્તર :- પર્યાય છે એનું વેદન છે, બધું છે.

પ્રશ્ન :- જ્ઞાનમાં તો ગૌણ-મુખ્ય જ થાવું જોઈએ. અભાવ અને સદ્ભાવ થાય તો જ્ઞાન ખોટું. 'નિરપેક્ષા નયાઃ..' દૃષ્ટિ ભલે જોર આપ્યા કરે. સાથેનું જ્ઞાન કહે છે કે પર્યાય છે. હું દુઃખી છું, પ્રગટ્યું એટલો સુખી છું. એમ જ્ઞાનમાં આવે છે. પેલાનો તો વિષય જ નથી એટલે એનું તો જોર કરવું જ એક વિષય છે.

ઉત્તર :- જ્ઞાન તો જેમ છે એમ જાણે, નહિતર જ્ઞાન સમ્યક્ કહેવાય નહિ. જે પર્યાય છે એનો તદ્દન નિષેધ કરે તો જ્ઞાન ખોટું થાય, મિથ્યાજ્ઞાન થાય. છે એની અપેક્ષાએ છે પર્યાય. એનો આશ્રય નથી લેવાતો. વેદનમાં આવે છે.

પ્રશ્ન :- દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એનો નિષેધ કર્યો છે.

ઉત્તર :- એનો નિષેધ એની અપેક્ષાએ. અપેક્ષા સમજવી જોઈએ, નહિતર ભૂલ થાય.

પ્રશ્ન :- સર્વથા નિષેધ થઈ જાય તો એકાંત થઈ ગયું. વસ્તુ આખી ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ એ રહ્યું નહિ.

ઉત્તર :- હા. એકાંત થયું. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્ કહેવાય છે એ રહે જ નહિ. ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું સત્ (છે). તમારે શું પૂછવાનું હતું?

પ્રશ્ન :- ત્યારપછી એમાં લીધું છે કે ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય એનું કાંઈ નહિ.

ઉત્તર :- સમજાય થોડું એનો કાંઈ વાંધો નથી, પણ પ્રયોજનભૂત સમજાવું જોઈએ. અંતરમાંથી સમજાવું જોઈએ. અંદરમાંથી ઉપાડ થાવો જોઈએ. બહારથી પણ નહિ પણ અંતરમાંથી પોતાનો આત્મા જ અંદરથી ઊપડતો હોય મૂળમાંથી કે મારે મારો સ્વભાવ જ જોઈએ છે. એવું અંતરમાંથી લાગવું જોઈએ.

પ્રશ્ન :- અંતરમાંથી ઉપાડ આવવો જોઈએ એનો અર્થ એ કે મારે મારો સ્વભાવ જ જોઈએ છે. એવું અંતરથી...

ઉત્તર :- અંતરથી એને આવવું જોઈએ, એની અંતર પરિણતિમાંથી આવવું જોઈએ.

પ્રશ્ન :- વાંચીને કે કોઈ જ્ઞાની પાસેથી સાંભળીને ખાલી એમ નહિ?

ઉત્તર :- સાંભળીને, વાંચીને એમ નહિ. પોતાને અંતરમાંથી આવવું જોઈએ. સાંભળીને એમ થાય કે આ કાંઈક જુદું કહે છે, પણ પોતાને અંતરમાંથી એવું લાગવું જોઈએ કોઈ અપૂર્વતા કે મારે આ કરવું જ છે. અંતરમાંથી ઉપાડ આવવો જોઈએ.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૧ A

પ્રશ્ન :- પોતાની ભૂમિકાની યોગ્યતામાં વિકારી ભાવોને જે છોડવા માગે છે, તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શકતો નથી.

ઉત્તર :- પોતાની ભૂમિકા...?

પ્રશ્નઉ :- પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે, તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શકતો નથી. પછી તેઓ આગળ કહે છે, માટે તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :- એનું જ્ઞાન મિથ્યા છે?

પ્રશ્ન :- આગળ છે પછી. ફરીથી બીજું આપને કહું.

ઉત્તર :- પોતાની ભૂમિકાને યોગ્ય એટલે કે પોતે પોતાની ભૂમિકા સુધારવાની હોય છે. વિભાવ ભાવો છોડવા જતાં પોતાની ભૂમિકા જો સુધરે તો વિભાવ ભાવો છૂટે છે. જો ભાવના એને હોય વિભાવથી છૂટવાની તો પોતાની ભૂમિકા પોતે સુધારવાની હોય છે.

પ્રશ્ન :- પોતાની ભૂમિકા એટલે?

ઉત્તર :- પોતે અંદરથી પોતાને જે અંતરમાંથી આગળ જઈને પછી સહેજે વિભાવ ભાવો ન આવે. એમ. અંદરમાંથી પોતાને જ્ઞાયકતા, જ્ઞાતાધારા એ બધું પ્રગટે તો સહેજે એની ભૂમિકાને યોગ્ય હોય તે પ્રમાણે એની દશા રહે છે. વિભાવ ભાવો રુચતા ન હોય તો ભૂમિકા સુધારવી જોઈએ.

પ્રશ્ન :- એ ભૂમિકા જ્ઞાયકના આશ્રયે સુધરે છે.

ઉત્તર :- જ્ઞાયકના આશ્રયે સુધરે છે, બીજી કોઈ રીતે સુધરતી નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવ'નું એમ કહેવું છે કે ખરેખર વિકારી ભાવો જે જે ભૂમિકામાં આવે છે એને છોડવાનો પ્રયત્ન કરવા કરતાં, તું ભેદજ્ઞાન-જ્ઞાયકને ઓળખીને, જ્ઞાયકનો આશ્રય લઈને તું ભેદજ્ઞાન કર એમ કહેવું છે?

ઉત્તર :- હા. એમ કહેવું છે. વિભાવ ભાવોને લક્ષે વિભાવ ભાવો છૂટતા નથી. વિભાવ ભાવો છોડ્યા કરું... છોડ્યા કરું... પણ તારી ભૂમિકા તું જ્ઞાયકતા પ્રગટ કર તો સહેજે છૂટી જાય છે. પણ જિજ્ઞાસુની ભૂમિકામાં એમ આવે કે આ વિભાવ ભાવો મને રુચતા નથી, કેમ છૂટે? પણ એનો સાચો માર્ગ નથી મળતો એટલે એને છોડવાની ભાવના આવે, પણ એનો માર્ગ સાચો શું છે? તું એને ગ્રહણ કર. માર્ગ.

ખરી રીતે યથાર્થ ક્યારે છૂટે? કે પોતાની ભૂમિકા સુધરે તો. તારી ભૂમિકા, તું જ્ઞાયકતા પ્રગટ કર, ભેદજ્ઞાન પ્રગટ કર તો તારા વિભાવ ભાવો યથાર્થ રીતે છૂટે છે. નહિતર તો અશુભમાંથી શુભ ભાવો (આવીને) એવી રીતે એ છૂટે છે, વાસ્તવિક રીતે છૂટતા નથી. એટલે એનો અર્થ એમ નથી કે અશુભ ભાવોમાં જ પડ્યું રહેવું. એવો અર્થ નથી. એને અશુભમાંથી શુભ ભાવના વિચારો આવે મુમુક્ષુને, પણ એનો સાચો માર્ગ શું છે એને તું ઓળખ, એમ કહે છે.

પ્રશ્ન :- તો માતાજી! ગુરુદેવે મિથ્યાદૃષ્ટિ એને કેમ કહ્યો? એમ કહ્યું ને કે તેની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે, તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શક્યો નથી માટે તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :- જ્ઞાન મિથ્યા છે કે વિભાવ ભાવો છોડવાનો માર્ગ એ સમજ્યો નથી કઈ

રીતે છૂટે એ. એટલે માત્ર બહાર જ સુધાર્યા કરે છે. બહારનો સુધારો કર્યા કરે છે એટલે એનું જ્ઞાન સાચું નથી. માર્ગને ઓળખતો નથી. એને બહારથી જ સુધારો કરવા માગે છે માટે. એને લક્ષ જેને જ્ઞાયક ઉપર નથી, માત્ર ઘણા જીવો બહારથી જ સુધારો કર્યા કરે છે. અશુભ ભાવોનો સુધારો કર્યા કરે પણ એ વાસ્તવિક છૂટતા નથી માટે એનું જ્ઞાન સાચું નથી. બહારથી સુધારો કર્યા કરે છે.

પ્રશ્ન :- બહારથી એટલે કે શુભનું અવલંબન લઈને અશુભને છોડવા માંગે છે.

ઉત્તર :- શુભનું અવલંબન લઈને અશુભ ભાવો છોડવા માંગે છે અને પછી માર્ગને જાણતો નથી. આત્મા તરફ કોઈ દૃષ્ટિ નથી કે આત્માને લક્ષે છૂટે અને એનું કાંઈ ધ્યેય નથી. તો એનું જ્ઞાન... કષાયોની મંદતા જીવે અનંત વાર કરી છે એમ. મંદ કષાય કરીને મુનિપણું લઈ લીધું. બહારથી બધો સુધારો કર્યો, પણ એનું જ્ઞાન સાચું નથી. એવી રીતે એને વાસ્તવિક છૂટતું નથી. માત્ર એને વૈરાગ્યથી બધું છૂટી જાય છે, પણ ખરી રીતે અંતરમાંથી છૂટતું નથી માટે એનું જ્ઞાન સાચું નથી. એમ.

પ્રશ્ન :- માટે સાચો ઉપાય પણ એ છે કે પોતાની ભૂમિકાને સુધારવાનો પ્રયત્ન કરવો.

ઉત્તર :- ભૂમિકાને સુધાર તું. અંદરથી માર્ગ સાચો ગ્રહણ કર.

પ્રશ્ન :- માતાજી! એ જ બોલમાં આગળ છે. અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી... એક જ બોલ છે. બહુ લાંબો હતો એટલે ટૂકડો કરી નાખ્યો હતો. અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાશ વેદાય છે તો તે પણ વસ્તુસ્વરૂપ સમજ્યો નથી. તેથી તેનું જ્ઞાન મિથ્યા છે.

ઉત્તર :- વર્તતા વિભાવ ભાવોનો જેને નિષેધ નથી આવતો અને મીઠાશ વર્તે છે. જે ભાવો છે... આ રાખવા જેવા નથી, આ મારો સ્વભાવ નથી. એનો નિષેધ આવતો નથી અને અંતરમાં ઊંડાણમાં મીઠાશ રહે છે તોપણ એનું જ્ઞાન સાચું નથી, એ પણ ખોટું છે. અને જે વગર સમજ્યે છોડવા માગે છે તો પણ જ્ઞાન ખોટું છે, અને અંદર મીઠાશ વેદ્યા કરે અને નિષેધ નથી તો પણ જ્ઞાન ખોટું છે.

પ્રશ્ન :- ક્યાં ઊભા રહેવું?

ઉત્તર :- એ ઊભો ક્યાં રહેશે? આત્માને ઓળખ, આત્માનું ધ્યેય કર. અંતરમાં મીઠાશ વેદ્યા કરે અને ઉપર ઉપરથી આ ઠીક નથી, ઠીક નથી. અંતરમાં તો એની ઊંડાણમાં મીઠાશ ઊભી છે તો એનું જ્ઞાન ખોટું છે. જે થવાનું હશે એ થાશે, એમ કર્યા કરે છે. આત્મામાં ક્યાં કાંઈ છે. આ બધું છૂટવાનું હશે ત્યારે છૂટશે. એનો કાંઈ

નિષેધ નથી. અંદરથી નિષેધ આવતો નથી. આત્માના સ્વભાવમાં કાંઈ છે નહિ. આ બધું છૂટવાનું હશે ત્યારે છૂટશે. એવા ભાવો છે એનું જ્ઞાન સાચું નથી. અંદરમાં વિભાવનો બધા આદર ઊભો છે, મીઠાશ ઊભી છે અને મારા આત્મામાં કાંઈ નથી એમ કરીને ઊભો છે. પુરુષાર્થ કાંઈ કરતો નથી તો એનું જ્ઞાન ખોટું છે.

પ્રશ્ન :- છોડવા માગે છે એનું જ્ઞાન પણ મિથ્યા કહ્યું અને નિષેધ વર્તતો નથી એનું જ્ઞાન પણ મિથ્યા.

ઉત્તર :- એનું જ્ઞાન પણ ખોટું છે.

પ્રશ્ન :- તો પછી અસ્તિથી...?

ઉત્તર :- પોતે અસ્તિથી ઉપડવું કે હું જ્ઞાયક છું. મારા વસ્તુમાં, સ્વભાવમાં તે નથી. પણ પર્યાયમાં છે માટે જ્ઞાયકને ગ્રહણ કરીને, પુરુષાર્થ કરીને જ્ઞાયકની પરિણતિ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે. એમ. અંદર મારા સ્વભાવમાં નથી, પણ પર્યાયમાં છે. એટલે એ પર્યાય... એ મારું સ્વરૂપ મૂળ દ્રવ્યમાં નથી, પણ પર્યાયમાં છે. માટે એને પુરુષાર્થ કરીને ભેદજ્ઞાન દ્વારા એને ભેદજ્ઞાનથી જ્ઞાયકને ગ્રહણ કરીને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને એ છૂટે છે. માટે એનો માર્ગ ગ્રહણ કરે છે.

પ્રશ્ન :- વિકલ્પ સન્મુખ ન થતાં જ્ઞાયક સન્મુખ થઈને જ્ઞાયક સન્મુખ થાય તો એને સાચો ઉપાય છે?

ઉત્તર :- સાચો ઉપાય છે. વિભાવ છોડવાનો સાચો ઉપાય જ્ઞાયકને ગ્રહણ કરતાં સહેજે છૂટી જાય છે. હું જ્ઞાયક છું, હું જાણનાર છું. મારા સ્વરૂપમાં તે નથી. યથાર્થપણે જ્ઞાયક ગ્રહણ કરે. આમ બોલવા ખાતર નહિ. અંદરથી ગ્રહણ કરે છે એને વિભાવ છૂટે છે.

પ્રશ્ન :- માતાજી! પ્રવચનસારનો... એમાંથી પ્રશ્ન ઉઠ્યો છે કે શું જ્ઞાનીનો કોઈપણ દોષ દેખાય તો તેના પ્રત્યેનો એ અવિનય ગણાય છે? કોઈપણ દોષ દેખાય તો એ અવિનયમાં જાય ખરો?

ઉત્તર :- પોતે દોષદૃષ્ટિથી જોવે છે માટે એ અવિનય છે. દોષદૃષ્ટિથી જોવે છે માટે અવિનય છે. બાકી જ્ઞાનીની ભૂમિકા સમજે. સમ્યગ્દૃષ્ટિની કઈ ભૂમિકા હોય, અણુવ્રતધારીની કઈ ભૂમિકા હોય, મુનિઓની (કઈ ભૂમિકા હોય), એમ ભૂમિકા સમજે એ જુદી વાત છે. બાકી દોષની દૃષ્ટિ હોય કે એમની આટલી તો ભૂલ થાય છે, આ ભૂલ થાય છે એમ દોષદૃષ્ટિથી જોવે તો અવિનય છે.

પ્રશ્ન :- દોષદૃષ્ટિમાં આપે ખુલાસો એ કર્યો કે આટલો દોષ...

ઉત્તર :- આટલો દોષ છે.

પ્રશ્ન :- જી, જી. એમ જોવું એ દોષદૃષ્ટિ છે?

ઉત્તર :- એ દોષદૃષ્ટિ છે. આ બરાબર નથી, આટલો એમનો દોષ છે, જ્ઞાનીનો આટલો દોષ છે એમ જોવે છે એ દોષદૃષ્ટિ છે.

પ્રશ્ન :- ભૂમિકાનું જ્ઞાન હોવું એ તો જેમ છે એમ.

ઉત્તર :- એ જેમ છે એમ જ્ઞાન તો હોય. આત્માર્થીને બધું જ્ઞાન હોય, પણ એને આમ ન હોવું જોઈએ, એવી જે દૃષ્ટિ છે એ દોષદૃષ્ટિ છે. માટે અવિનય છે.

પ્રશ્ન :- એક દૃષ્ટાંત આપીને માતાજી! હું ખુલાસો મારા હૃદયનો કરું કે 'ગુરુદેવ' જ્યારે બધાને પ્રસાદી આપતા હતા, ત્યારે અમુક લોકો એમ કહેતા હતા કે આ બરાબર નથી. તો કોઈની ટીકા માટે નથી કહેતો, તો એ અવિનય એમ કે દોષ જોયાને એમાં એણે?

ઉત્તર :- .. છે. એમ અર્થ આવવો જોઈએ. એ તો નિવૃત્તિ પામીને આપણી ઉપર કૃપા કરે છે એમ અર્થ આવવો જોઈએ.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૧ B

પ્રશ્ન :- ...

ઉત્તર :- બધે ઠેકાણે આત્માનું ધ્યેય રાખવાનું. ગમે ઈ ક્ષેત્રમાં, ગમે ત્યાં હોય પણ આત્માનું ધ્યેય રાખવાનું. મંગળિક કહે છેને? ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગત્તમા, કેવલી પણ્ણત્તો ધમ્મો લોગુત્તમા, ચત્તારિ શરણં પવ્વજ્ઞામી, અરહંતા શરણં પવ્વજ્ઞામી, સિદ્ધા શરણં પવ્વજ્ઞામી, સાહુ શરણં પવ્વજ્ઞામી, કેવળી પણ્ણત્તમો ધમ્મો શરણં પવ્વજ્ઞામી. ચાર શરણ, ચાર મંગલ, ચાર ઉત્તમ કરે જે ભવસાગરથી તરે તે સકળ કર્મનો આણે અંત. મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાય સંસારમાહી શરણ ચાર. અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે લબ્ધિતણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો

સદાય મનવાંછિત ફળદાતા.

રહેવાનું ઘણું દૂર થઈ ગયું એટલે...

પ્રશ્ન :- પ્રારબ્ધ યોગે રહેવાનું દૂર થયું છે. માતાજી! ભાવથી તો આપની સમીપે જ વર્તીએ છીએ. પરંતુ પ્રારબ્ધ યોગ એવો છે કે ...

ઉત્તર :- ...કોઈ નથી. વિભાવદેશ અમારો નથી. કોઈ પોતાનું નથી. બધું પોતાનું પોતામાં વસી ગયું છે.

પ્રશ્ન :- વીતરાગી દેવ-શાસ્ત્રનું સ્વરૂપ .. પુરુષાર્થ સાથે સાથે .. શરણની ખાસ...

ઉત્તર :- એ તો સાથે હોય જ છે. એના હૃદયમાંથી જાય નહિ એને. એ બહારના સંયોગ એકબાજુ રહે. પણ એને ભાવના તો એમ રહે કે મને કેમ મળે દેવ-ગુરુ-શાસ્ત્રનો સાથ? મને એના દર્શન કેમ થાય? એની વાણી કેમ મળે? એવી ભાવના તો પોતાને રહ્યા જ કરે. એનો સાથ અંતરમાં તો એ આશ્રય લીધા જ કરે. બહારનો સંયોગ ન હોય તો એને ભાવના રહે. મને ક્યારે દર્શન થાય? ભગવાનના, ગુરુના, ગુરુની વાણીના, એ તીર્થભૂમિના, બધાના. એમ ભાવના તો રહ્યા જ કરે. જ્યાં સંતો અને ગુરુઓ, બધા તીર્થંકરો વિચર્યા હોય એ બધી ભૂમિ જ તીર્થસ્વરૂપ છે. ભાવના તો અંદર રહ્યા જ કરે. એનો સાથ અંદરમાં હોય છે. પોતે અંદર આગળ જાય ત્યારે. ઉપાદાન કરવાનું પોતાને છે, પણ અંદરમાં એને ભાવના તો એમ રહ્યા જ કરે.

પ્રશ્ન :- આપે જ પહેલા કહ્યું હતું કે કરશું અમારી મેળે, પુરુષાર્થ કરશું અમારી મેળે, પણ આપના વિના મને નહિ ચાલે.

ઉત્તર :- આપના વિના અમને નહિ ચાલે. અમારે તમારો સાથ જોઈશે. પદ્મનંદી આચાર્ય કહે છે, અમને આ પૃથ્વીનું રાજ પણ જોઈતું નથી અને ત્રણ લોકનું રાજ મળે તો પણ જોઈતું નથી. એ બધું તુચ્છ છે. એક ગુરુની વાણીએ અમારા હૃદયમાં જે જમાવટ કરી છે એની આગળ બધું તુચ્છ છે. પદ્મનંદી આચાર્ય કહે છે. 'ગુરુદેવે' તો વર્ષો સુધી વાણી વરસાવી. અંતરમાં પરિણતિની બધાને દૃઢ પરિણતિ થઈ જાય એટલી વાણી વરસાવી છે. દૃઢતાથી એટલી જમાવટ 'ગુરુદેવે' વરસાવી પણ પોતે અંદર ગ્રહણ કરવું પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :- 'ગુરુદેવે' ૪૫ વર્ષ વરસાવી. હવે આપ એમના વારસદાર આજ એક જ્ઞાનગંગા 'સોનગઢ'માં અવિરતપણે વર્તી જ રહી છે. જે મુમુક્ષુના અહોભાગ્ય છે. આપની અમૃતમય વાણીની જ્ઞાનગંગા હજી નિરંતર ચાલુ જ છે.

ઉત્તર :- 'ગુરુદેવ'ની વાણીના તો ધોધ વરસતા હતા. આપણે તો થોડુંક જે

કહેવાય છે.

પ્રશ્ન :- .. જાગીને એકદમ શોરબકોર, માણસોને પકડું તો એકદમ જોરથી ભાગી ગયા. .. ના રસ્તે ઘણા દોડ્યા બધા પણ પકડાણા નહિ. અને 'ગુરુદેવ'ના તો એક અંગરક્ષક જ હતા.

ઉત્તર :- કોઈ કાંઈ કરી શકતું જ નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના જ પુણ્ય હતા અને ભક્તોની એટલી તૈયારી હોય.

ઉત્તર :- તૈયારી એટલી તૈયારી હોય. ચારે કોર ચીવટ રાખીને જોતા કે શું થાય છે? એટલી તૈયારી.

પ્રશ્ન :- આપના પરિષહ કે ઉપસર્ગ વખતે આપના ભક્તો પણ એટલા જ ભક્તિભાવથી તૈયાર હોય, તૈયાર એવી અમે અંદરથી ભાવના ભાવીએ છીએ.

પ્રશ્ન :- એક પ્રશ્ન છે, જે મોટાનું શરણ (ગ્રહે), શરણ લે અને કદાચ દોષ લાગે તોપણ દોષ નહિ લગતા હૈ એમ વાંચનમાં સાંભળ્યું છે.

ઉત્તર :- શું કહે છે?

પ્રશ્ન :- મોટાનું શરણ લે એને દોષ ન લાગે. મોટાનું શરણ લે એને કદાચ દોષ આવે તોપણ દોષ લાગતો નથી.

ઉત્તર :- મોટાને આશ્રયે, કહે છે, દેવ અને ગુરુનો આશ્રય લીધો તો વિભાવમાં તું પડ્યો છે તો તને દોષ આવે તો એ મોટાને આશ્રયે બધા દોષ ટળી જાશે, એમ કહે છે. મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા? એમ ગુરુનો આશ્રય લીધો. એ આત્માનું સ્વરૂપ સમજાવે છે ગુરુ અને તને એ સમજવાનું ધ્યેય છે તો વચ્ચે વિભાવ છે, પણ એ દોષ કાંઈ કામ નથી કરવાનો, એ દોષ ટળી જવાનો છે. એટલે દોષ આવે એટલે દોષ તારે ટળી જવાનો છે એમ કહે છે.

પ્રશ્ન :- ... ચાહે લંડન રહે કે ચાહે ગમે ત્યાં રહે તો એક ધ્રુવનું શરણ લીધું.

ઉત્તર :- એ તો થોડુંક અંદર બચાવ થાય છે.

પ્રશ્ન :- આપની વાત બરાબર છે, માતાજી! એકદમ સત્ય વાત આપે કરી.

ઉત્તર :- એને આત્માર્થીને એવી ભાવના ન હોય કે ભલે લંડન હોય. ભાવના તો એવી હોય કે જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્ર હોય ને એવા ક્ષેત્રમાં હું રહું, પણ મારા સંયોગ એવા છે કે મારે ત્યાં રહેવું પડે છે. એમ. લંડન રહેવું પડે છે એમ હોવું જોઈએ. અહીંયાં આવી જઈએ. ઈ ક્ષેત્રમાં તીર્થંકરો જન્મતા નથી, ઈ ક્ષેત્રમાં મુનિઓ વિચરતા નથી. આ આર્યક્ષેત્રમાં અહીં તીર્થંકરો જન્મ્યા છે, અહીં અયોધ્યાભૂમિ જન્મભૂમિ

તીર્થંકરોની છે. નિર્વાણભૂમિ છે. મુનિઓ અહીંયાં વિચરે છે. બધું આ આર્યક્ષેત્રમાં થાય છે. સંતો અહીં જન્મ છે, મહાત્માઓ અહીં જન્મે છે. ત્યાં કાંઈ નથી થાતું. જો બધું ક્ષેત્ર સરખું હોય તો ત્યાં કોઈ આ જે મહાપુરુષો અને તીર્થંકરો ત્યાં જન્મતા નથી એવા ક્ષેત્રમાં. માટે મુમુક્ષુને એવી ભાવના હોવી જોઈએ કે આર્યક્ષેત્રમાં મારો નિવાસ હોય. અનાર્યમાં મારો નિવાસ હોય એવી ભાવના ન હોવી જોઈએ. મારા સંયોગ એવા છે કે મારે અહીં રહેવું પડે છે. એ વાત જુદી પણ એવી ભાવના તો ન જ હોય.

પ્રશ્ન :- અમારા દેશમાં .. અમારા દેશમાં સાધુ..

ઉત્તર :- એ આવે છે લૌકિકમાં. મુનિઓની ચારિત્રદશાની સાધના એ ક્ષેત્રમાં થાતી નથી. ભાવલિંગી મુનિઓ આ આર્યક્ષેત્રમાં જ વિચરે છે. બધા આ જે મહાત્માઓ, આત્માની સાધના કરનારાઓ, તીર્થંકરો બધા આર્ય ક્ષેત્રમાં જન્મે છે મહાત્માઓ. ત્યાં કોઈ મહાત્માઓ થતા નથી. એ તો પછી એવા સંયોગને લઈને જાવું પડે એ જુદી વાત છે. એને ખેદ રહે કે મારે અહીં રહેવું પડે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો સમાગમ બધો હોય એ તો મહાભાગ્યની વાત છે.

મને અંતર બધો માર્ગ મળે, સુલભતા મળે, પુરુષાર્થની અંદર વિશેષ વિશેષ અંદર દઢતા થાય. આ તો બધું મારી મેળે મેળે કરવાનું રહે છે આગળ વધવાનું. સમ્યગ્દર્શન પામવા પૂરતું એ ઠીક પણ ત્યાં આગળ વધવાનું.. અને સમ્યગ્દર્શન અત્યારે આ ક્ષેત્રમાં દુર્લભ (થઈ પડ્યું છે), એમાં ત્યાં ભલે ભાવના રહે, કોઈ ક્ષેત્ર એમ નથી રોકતું પણ ભાવના તો પોતાને આર્યક્ષેત્રની હોવી જોઈએ. તીર્થંકરોના દેશ છે, તીર્થંકરોની જન્મભૂમિઓ છે. બધું અહીંયા છે. આ બાજુ મહાપુરુષો બધા 'શ્રીમદ્' જેવા, 'ગુરુદેવ' જેવા બધા આ બાજુ થાય છે.

પ્રશ્ન :- આત્માનું ગુજરાન અહીં ચાલે એવું છે. દેહનું ગુજરાન લંડનમાં.

પ્રશ્ન :- માતાજી! રાજકુમારો રાજપાટ છોડીને દીક્ષા લેવા નીકળી પડે તો એમને એવો કયો આધાર હશે કે બધું છોડીને નીકળી પડે? અંતરમાં એવો...

ઉત્તર :- અંતરમાં એવો એને પુરુષાર્થ જાગે છે, વૈરાગ્ય આવે છે, પણ એ સમ્યગ્દર્શનપૂર્વક છે. એમ થાય કે, બસ! મારે આત્માની સાધના કરવી (છે). વૈરાગ્ય (આવતા) ગૃહસ્થાશ્રમ છોડીને ચાલી નીકળે છે. અંદર ભેદજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું પણ વધારે મારે આગળ જાવું છે, ચારિત્રદશા પ્રગટ કરવી છે. એને આધાર આત્માનો છે. અને અંદર મનની અંદર તો એને ગુરુનો, બધાનો આશ્રય તો હોય છે,

પણ જંગલમાં જાય તો એ આત્માના આધારે નીકળે છે. શુભભાવ વચ્ચે આવે છે. શુભભાવથી થાય છે એમ નહિ, પણ એને આશ્રય આત્માનો, પણ એને એનો નિષેધ ન હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનો ભલે. પોતે જંગલમાં નીકળી પડે છે. જંગલમાં એકલા રહે. ચારિત્રદશાની સાધના કરે. કોઈને એવી ભાવના આવે જંગલમાં રહે, કોઈ ભગવાનના દર્શન કરે, કોઈ સમવસરણમાં જાય. ભાવના જુદી જુદી આવે છે.

પ્રશ્ન :- એ લોકોને સમ્યગ્દર્શન પછી એવી ભાવના આવે કે?

ઉત્તર :- એ સમ્યગ્દર્શન પછીની ભાવના તે જ ખરી ચારિત્રદશા તો એ જ છેને. પહેલા ભાવના આવે તો કોઈ મુનિ થઈ જાય અને પછી સમ્યગ્દર્શન થાય એમ પણ કોઈકને બને. કોઈક તો દ્રવ્યલિંગી થાય. કોઈકને સમ્યગ્દર્શન પછી પણ થાય અને ભાવના આવીને નીકળી જાય. એમ પણ બને એ તો. પછી થાય, કોઈક એમ નીકળી જાય. પણ ચારિત્રદશા ખરી તો સમ્યગ્દર્શન પછી ચારિત્રદશા તો કહેવાય છે.

પ્રશ્ન :- કર્મ અને ... બરાબર બળી છે એમ પણ આવે છે અને ભવસ્થિતિ, ક્રમબદ્ધ બધું છે. આ ત્રણેનો કઈ રીતે માતાજી! ... છે? કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહિ પુરુષાર્થ. ભવસ્થિતિ હોય છે પણ એ પુરુષાર્થ સાથે સંબંધ હોય છે. પોતે પુરુષાર્થ કરે એવી જાતની ભવસ્થિતિ હોય છે. તું પુરુષાર્થ કર. પછી ભવસ્થિતિનું નામ શું કામ લેવાનું? ભવસ્થિતિનું નામ માત્ર લે છે. ભવસ્થિતિનું નામ લઈને પોતે બચાવ કરે છે. પુરુષાર્થ કરવો નથી. એ ભવસ્થિતિ, કાળલબ્ધિ પાકવાની હશે ત્યારે થાશે, એમ એનો બચાવ શું કામ કરે છો? તું પુરુષાર્થ કર.

જો તને આત્માની પડી હોય, જો તારે પરમાર્થ સ્વરૂપ એવા આત્માને પ્રગટ કરવો હોય તો તું પુરુષાર્થ કર. પુરુષાર્થ કર યથાર્થપણે પછી થાય છે કે નહિ? તું જો, થયા વગર રહેશે જ નહિ. પુરુષાર્થ સાથે ભવસ્થિતિને, ક્રમબદ્ધને બધાને સંબંધ હોય છે. જેવો પોતાનો પુરુષાર્થ એ જ જાતનું ક્રમબદ્ધ હોય છે, એવી જાતની ભવસ્થિતિ હોય છે. અને એ ભવસ્થિતિ બદલાઈ જાય છે, જો તું પુરુષાર્થ કર તો. એમ કર્મ હશે એમ થાશે, કર્મ ઉદયમાં આવે એવી કાળલબ્ધિ પાકી નથી, ઉદય એવા છે (એટલે) થઈ શકતું નથી. એવા બધા બચાવો કરે છે. તને અંદર લાગી નથી. જો આત્માની લગની લાગી હોય તો તને પુરુષાર્થ તરફ જ તારું વલણ જાય કે હું પુરુષાર્થ કરું. આવું કાંઈ હોય? કે પોતે પુરુષાર્થને ઈચ્છે, પોતે આત્માને ઈચ્છે અને થાય નહિ એવું તો બને નહિ. એવું તો દરેક આત્મા સ્વતંત્ર છે, તો આત્મા પરાધીન થઈ જાય. એવું

નથી.

પુરુષાર્થ કરે તે જ પ્રમાણે ભવસ્થિતિ હોય, તે જ પ્રમાણે ક્રમબદ્ધ હોય. બધું એમ જ હોય. પુરુષાર્થ સાથે સંબંધ છે બધાયને. કરવું એ મરવું એટલે તું પરપદાર્થનો કર્તા નથી. તું જ્ઞાતા છો. કોઈ પદાર્થને ફેરવવાની તારામાં શક્તિ નથી. તું તો જ્ઞાતા છો. એનો અર્થ એમ છે કે તું પુરુષાર્થ ન કર એવો અર્થ નથી. એમ. જ્ઞાયક જ્યાં થાય છે ત્યાં જ પુરુષાર્થ આવી જાય છે. અનાદિની જે કર્તાબુદ્ધિ હતી એ તોડીને જ્યાં જ્ઞાયક થયો, એ જ્ઞાતાપણું જ્યાં આવી ગયું, જ્ઞાતાધારા પ્રગટ થઈ ગઈ તો એ પુરુષાર્થથી જ થાય છે. એ કાંઈ પુરુષાર્થ વગર થાતું નથી. એ કાંઈ કર્તાબુદ્ધિ એટલે તું પુરુષાર્થ ન કર એવો એનો અર્થ નથી.

કરવું તે મરવું એટલે તું પરપદાર્થનો કર્તા નથી. તું વિભાવનો કર્તા અજ્ઞાન અવસ્થાએ (છો), અજ્ઞાન અવસ્થાએ છો વિભાવનો (કર્તા), જ્ઞાન અવસ્થાએ નથી. પણ તું જ્ઞાતા થઈ જા એમાં પુરુષાર્થ આવી જ જાય છે. તું અંતર જ્ઞાતાનો પુરુષાર્થ કર, અંતર લીનતાનો (પુરુષાર્થ કર). જ્ઞાતા થઈ જા. લીનતાનો પુરુષાર્થ કર તે જ પ્રમાણે રાગ અને વિભાવ પર્યાય એ બધી તે જ પ્રમાણે થવાની છે. તું એને ફેરવી શકતો નથી એટલે તું જ્ઞાતા થઈ જા. પર ઉપરથી દૃષ્ટિ છોડી દે અને તું સ્વ ઉપર દૃષ્ટિ મૂક અને જ્ઞાયક થઈ જા. પછી જેમ થવાનું હોય એમ થાય. એ તો ફેરફારો એને સ્વયં થાય છે.

તું જ્ઞાયકની દૃષ્ટિ કર, તું જ્ઞાતાધાર પ્રગટ કર. તું અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર બધું પ્રગટ કરવામાં તું સ્વાધીન છો. પરપદાર્થને ફેરવવાની તારામાં શક્તિ નથી. પણ એવો સંબંધ છે કે તું જો જ્ઞાતા થા તો એ સ્વયં એમાં પલટો થાય છે. કર્મનો પલટો થાય છે, વિભાવ ઉદયનો પલટો થાય છે, બધોય પલટો થાય છે. એને જ્ઞાયકની ધારા સાથે સંબંધ છે. તારે જ્ઞાતા થાવું નથી અને પછી તું બચાવ કર્યા કરે છે કે આવા ઉદય છે. ઉદય પલટ્યા વગર રહેશે જ નહિ. તું જ્ઞાયક થા એટલે સ્વયં બધા ઉદયો પલટી જાય છે. જડમાં પલટશે પણ તારી જે વિભાવની પર્યાયો થાય રાગ-દ્વેષની એ પણ પલટી જશે. બધું પલટી જશે. એના ઉદય આવે એટલે તારે જોડાવું જ પડે એવું નથી હોતું. તારા પુરુષાર્થની મંદતાએ જોડાય છે. તું જ્ઞાતા થઈ જા, તું અંતરમાં પુરુષાર્થ કર એટલે બધા ફેરફારો સ્વયં થાય છે.

પ્રશ્ન :- પુરુષાર્થની જ મુખ્યતા છે એમ આપનું કહેવું છે?

ઉત્તર :- પુરુષાર્થની જ મુખ્યતા છે. તું કર એટલે બધા ફેરફારો થવા (લાગશે).

ક્રમબદ્ધ એમ થાશે, ભવસ્થિતિ એવી થાશે અને જ્યારે જે વિભાવ ભાવકર્મના ઉદયો પણ તારી જ્ઞાતાધારા હશે એવી જાતના હશે. તારી ભૂમિકા પ્રમાણે જ આવશે એ બધું.

પ્રશ્ન :- બધું એની મેળે બાકીનું બધું ફરી જશે.

ઉત્તર :- બાકીનું બધું ફરી જાશે.

પ્રશ્ન :- ફરવા યોગ્ય બધું ફરી જાશે.

ઉત્તર :- બધું ફરી જાશે. તારી ભૂમિકા પ્રમાણે બધું ફરી જાશે.

પ્રશ્ન :- બાકીના ચારેય સમવાય એક સાથે...

ઉત્તર :- એક સાથે, બધો એક સાથે સંબંધ છે એને.

પ્રશ્ન :- જ્ઞાતાધારા પ્રગટ કરવા માટે શું કરવું?

ઉત્તર :- જ્ઞાતાધારા પ્રગટ કરવા માટે પુરુષાર્થ કરવો. પોતે આત્માની લગની લગાડવી. હું જ્ઞાયક છું એવી શ્રદ્ધા કરવી. એ શ્રદ્ધા, તત્ત્વના વિચાર કરવા, નિર્ણય કરવો એ બધું પુરુષાર્થથી થાય છે. પણ એ કોણ કરે પુરુષાર્થ? જેને લાગી હોય તે કરે. જેને આત્માની અંતરમાં જે લાગી હોય અને અંદરથી સુખ પ્રગટ કરવું હોય, જ્ઞાયકનો સ્વભાવ પ્રગટ કરવો હોય જ્ઞાતારૂપે તે કરે પુરુષાર્થ. જેને કરવું નથી એ તો બચાવ કરે છે.

પ્રશ્ન :- આજે જ 'ગુરુદેવ'ના પ્રવચનમાં આવ્યું હતું કે, એક આત્માને જ અભ્યાસવો, એને જ સાંભળવો, એને જ વિચારવો, એનું જ મનન કરવું, એક આત્માનું જ કરવું.

ઉત્તર :- બરાબર છે. આત્માને સાંભળવો, એનું મનન કરવું, એનું શ્રવણ કરવું, એના વિચાર કરવા બધું એક જ કરવાનું છે. બીજા બધા ઉપર દૃષ્ટિ છોડી દે. એક આત્માનો જ અભ્યાસ કર્યા કર. જો તને ખરી લાગી હોય તો એનો જ કર્યા કર.

પ્રશ્ન :- વચ્ચે પાછા બીજા વિચારો આડાઅવળા ખુબ દોડાવ્યા કરે છે.

ઉત્તર :- આવ્યા કરે વિચારો પણ એમાંથી તું ફેરવ્યા કર. વિચારો તો તારી ભૂમિકા છે (એટલે) આવ્યા કરે, ફેરવ્યા કર. તારા વિચારોને આત્માની સન્મુખ લાવ્યા કર. આત્માની શ્રદ્ધા યથાર્થ કેમ થાય? તત્ત્વનો નિર્ણય કેમ થાય? એ બાજુ બધા વિચારોને ફેરવ્યા કર. વિચારો તો આવ્યા કરે અનાદિનો અભ્યાસ છે એટલે. એ કાંઈ ફેરવ્યા વગર થવાનું નથી. એ એની મેળે-મેળે એમ થવાનું નથી. તારી રુચિ પર તરફની રહે તો પર તરફના વિચારો આવે. તારી રુચિ સ્વ તરફ ગઈ તો તે તરફના

વિચારો આવશે.

પ્રશ્ન :- આત્મા તરફના વિચારો ફેરવવા, એ પણ ખરેખર તો જ્ઞાયક સ્વરૂપનું જ...

ઉત્તર :- જ્ઞાયક તરફનું, જ્ઞાયક તરફનું જ અવલંબન હોવું જોઈએ. જ્ઞાયક તરફના વિચારો હોવા જોઈએ. આત્માનું પ્રયોજન-જ્ઞાયક કેમ પ્રગટ થાય? એવું પ્રયોજન હોવું જોઈએ. એને લગતા વિચારો હોવા જોઈએ. પોતે શ્રદ્ધામાં ક્યાંય રોકાતો હોય તો એના વિચારો, પોતાને કાંઈ જ્ઞાનમાં સમજાતું ન હોય તો એ જાતના વિચારો, જ્યાં જે જાતમાં તે રોકાતો હોય તે જાતના વિચારો (આવે), પણ જ્ઞાયકને લગતા વિચારો (હોય છે).

પ્રશ્ન :- એ બધા જ્ઞાયક સ્વરૂપને અનુમોદે છે.

ઉત્તર :- હા, જ્ઞાયક સ્વરૂપને જ અનુમોદે છે.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં છે. અનંતગુણસ્વરૂપ આત્મા એના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ તેને એકને જ ધ્યેય બનાવી, તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાંતિનો-સુખનો ઉપાય છે. તફ માતાજી! સ્વરૂપને દૃષ્ટિમાં લેવું અને તેને ધ્યેય બનાવવો-એ બેમાં શું અંતર?

ઉત્તર :- સ્વરૂપને દૃષ્ટિમાં લેવું એટલે તું બરાબર એની શ્રદ્ધા કર અને તારા દૃષ્ટિમાં ગ્રહણ કર. દ્રવ્ય ઉપરની દૃષ્ટિની શ્રદ્ધા બરાબર કર. એને ધ્યેય બનાવ કે મારે ધ્યેય આ આત્મા તે જ મારું ધ્યેય છે. આત્માને પ્રગટ કરવો તે. અને દ્રવ્યને તારી દૃષ્ટિમાં લઈ લે. દૃષ્ટિમાં બરાબર યથાર્થ શ્રદ્ધા કર કે આ જ આત્મા છે. એમ દૃષ્ટિમાં ગ્રહણ કર, ધ્યેય પણ એને બનાવ અને એકાગ્ર પણ એમાં થા.

પ્રશ્ન :- માતાજી! સ્વરૂપને દૃષ્ટિમાં લેવું એ દૃષ્ટિનો વિષય સ્વરૂપ થયો. અને એને એકને જ ધ્યેય બનાવવું. તો ધ્યેય એટલે ઉપયોગનો વિષય ધ્યેય થયો? એમ જ્ઞાનનો વિષય પણ એને જ બનાવ્યો?

ઉત્તર :- જ્ઞાનનો વિષય પણ એ અને દૃષ્ટિનો વિષય પણ એ એક જ છે. જ્ઞાન જાણે બધું, પણ એનું ધ્યેય એક જ્ઞાયક જ છે. દૃષ્ટિનો વિષય પણ એક જ્ઞાયક છે. જ્ઞાનમાં પણ એક જ્ઞાયક છે, ચારિત્રમાં પણ એ જ જ્ઞાયક છે. એકાગ્ર પણ એમાં થા.

પ્રશ્ન :- માતાજી! નિશ્ચયમોક્ષમાર્ગમાં દૃષ્ટિ એ મુખ્ય વસ્તુ છે. અને દૃષ્ટિ યથાર્થ સ્થપાતા અર્થાત્ તે પહેલાં-અનુભવ પહેલાં તત્ત્વનો યથાર્થ નિર્ણય થતાં એ જ્ઞાયકને ધ્યેય બનાવીને એકાગ્ર થવાનો પ્રયત્ન કરે એટલે કે જ્ઞાનમાં આ જ્ઞાયક જ છે એમ

દેખ્યા કરે તો એને ધ્યાન પ્રગટ થાય એવું કાંઈ ખરું?

ઉત્તર :- જ્ઞાયકને ધ્યેય બનાવે, જ્ઞાયકની શ્રદ્ધા પણ હોવી જોઈએ. જ્ઞાયકની યથાર્થ નિઃશંકપણે શ્રદ્ધા (કરે) કે આ જ જ્ઞાયક છે, બીજો જ્ઞાયક નથી. આ વિભાવ પરિણામો જે રાગ-દ્વેષના શુભાશુભ વિકલ્પો (થાય છે) તે જ્ઞાયક નથી. જ્ઞાયક એક જાણનારો (છે). એ જ્ઞાયકની નિઃશંકપણે શ્રદ્ધા. એની શ્રદ્ધા અને ધ્યેય પણ એક. કરવાનું આ એક જ્ઞાયક જ છે. એ જ્ઞાયકને જ્ઞાયકપણે પ્રગટતા કરવી, બસ! એ એક જ કરવાનું છે. એમ બરાબર શ્રદ્ધા કરી ધ્યેયમાં પણ એ લેવું અને પછી એમાં સ્થિર પણ એમાં થાવું.

પ્રશ્ન :- એકાગ્ર પણ એમાં.

ઉત્તર :- હા, એકાગ્ર પણ એમાં થાવું. મુખ્ય ભલે દૃષ્ટિ હોય. જ્ઞાનમાં પણ એ અને એકાગ્ર પણ, સ્થિર પણ એમાં થવું. એની એકાગ્રતા બહાર જતા ઉપયોગને વારંવાર સ્વરૂપમાં લીન કરે, સ્થિર થાય વારંવાર.

પ્રશ્ન :- યથાર્થ દૃષ્ટિપૂર્વક જ્ઞાન ઉપયોગમાં એકને જ લીધા કરે તો એમાં એકાગ્રતા થવાનો પ્રસંગ બને ખરો?

ઉત્તર :- એકને જ ઉપયોગમાં લે તો? હા, એકાગ્ર થવાનો પ્રસંગ બને. એકને જ એના ધ્યેયમાં લે તો એકાગ્ર થવાનો પ્રસંગ બને. એકને જ ધ્યેયમાં લેવો અને એકમાં જ સ્થિર થાવું. એ બધા ગુણો એકબીજા સાથે સહભાવી છે. એકસાથે જ છે.

પ્રશ્ન :- મારે આપને થોડું વિશેષ શું કહેવું છે કે દૃષ્ટિનો વિષય તો એને તત્ત્વનો નિર્ણય આપ જે રીતે કહો છો એ રીતે નિઃશંક અને ચોક્કસ બરાબર થવો જોઈએ. એ સિવાય તો ઉપયોગની એકાગ્રતા બની શકે નહિ, પણ તત્ત્વનો નિર્ણય નિઃશંકપણે થાય અને ધ્યાન પ્રગટ કરવા માટે એક જ્ઞાયકને જ વિષય બનાવ્યા કરે કે આ જ્ઞાયક જ છે. એમ દેખ્યા કરે તો એમાં એકાગ્રતા થવાનો પ્રસંગ બને ખરો?

ઉત્તર :- જ્ઞાયકને દેખ્યા કરે, જ્ઞાયકને જાણ્યા કરે, દેખ્યા કરે એમાં એકાગ્ર થવાનો પ્રસંગ છે. પણ તેની સાથે જ્ઞાયકને દેખ્યા કરે, જ્ઞાયકમાં લીનતા કરે, એકાગ્રતા (કરે). દેખ્યા કરે કે માત્ર જોયા કરે એમ નહિ. અંદર લીનતા પણ એમાં ભેગી આવી જાય છે. ત્રણે આવી જાય છે. એકાગ્રતાનો અર્થ એ-ઠરી જવું. આકુળ-વ્યાકુળ ચિત્ત જે છે, સંકલ્પ-વિકલ્પમાં આકુળ-વ્યાકુળ જે ચિત્ત થઈ રહ્યું છે, એ ચિત્તને જ્ઞાયકમાં સ્થિર કરે છે. જ્ઞાયક જ, બસ! આકુળ-વ્યાકુળ બહાર જતા ચિત્તને એકદમ સ્વરૂપમાં સ્થિર કરે છે, લીન કરે છે. ઓલામાં જોવાનું આવે છે, આમાં

ઠરવાનું-એકાગ્ર થવાનું આવે છે. પણ એમાં એકબીજા સહભાવી છે અને બેય સાથે આવી જાય છે.

પ્રશ્ન :- એકને જ જોવાનું કરે એટલે એમાં એકાગ્રતા જ...

ઉત્તર :- એકાગ્રતા એમાં આવી જાય છે, આવી જાય છે. એકને જોવે છે એટલે ભેગી એકાગ્રતા આવી જાય છે. બહારથી જોવાનું છૂટી ગયું એને, ઓછું થઈ ગયું. સ્વરૂપને જોવે છે એટલે સ્વરૂપમાં લીન છે. બહારની લીનતા ઓછી છે અને સ્વરૂપમાં લીન થયો છે.

પ્રશ્ન :- આમ તો ત્રણે એકસાથે જ છે.

ઉત્તર :- એક સાથે છે. પણ એમાં થોડો થોડો એના સ્વભાવમાં ફેર છે. ઓલું શ્રદ્ધાનું કાર્ય કરે, જાણવાનું અને આ સ્થિર થવાનું કાર્ય કરે છે. એમ.

પ્રશ્ન :- જ્ઞાયકને દૃષ્ટિનો વિષય બનાવ્યા પછી જે બાહ્ય પદાર્થો, સંયોગી પદાર્થો, નૈમિત્તિક પદાર્થો કે નૈમિત્તિક ભાવો એ થયા કરે છે. તેને જ્ઞાન શું કરે? માત્ર જાણે?

ઉત્તર :- એ થયા કરે છે, જ્ઞાન જાણે છે કે આ હું તો આ રહ્યો, જ્ઞાયક છું. આ બધું થાય છે. જ્ઞાન જાણે છે પણ આ અસ્થિરતાને કારણે થાય છે, એમ પણ જ્ઞાન જાણે છે કે મારી ખામી છે એને લઈને આ બધું ઊભું છે. મારો સ્વભાવ જ્ઞાયક છે. હું એનો કર્તા નથી. સ્વભાવે કર્તા નથી. હું જ્ઞાયક છું એમ જ્ઞાન જાણે. પણ મારી મંદતાને, પુરુષાર્થની મંદતાને લઈને આ થાય છે. એમ પણ થાય છે. એ તદ્દન જડમાં થાય છે એમ નથી. મારી મંદતા છે, મારી ભૂમિકા અમુક છે એને લઈને આ બધા પરિણામો થયા કરે છે એમ જાણે છે.

પ્રશ્ન :- પરિણામો ઘણા થયા કરે છે.

ઉત્તર :- જ્ઞાન જાણે કે આ પરિણામો થાય છે મારા પુરુષાર્થની મંદતાએ, પણ આદરવાયોગ્ય તો એક સ્વભાવ જ છે. આ સ્વભાવની અંદર એક વિભાવનો એક અંશ પણ આદરણીય નથી. એવું એને શ્રદ્ધાનું બળ છે. વિભાવનો એક પણ અંશ આત્માના સ્વભાવમાં એ સ્વભાવ અપેક્ષાએ આદરણીય નથી. એમ ઈ સમજે ʼ). આદરણીય નથી પણ આવે છે. આદરણીય નથી. ક્યારે એવો પુરુષાર્થ હું કરું કે આ બધું છૂટી જાય? એવી ભાવના એને રહે છે. આકુળતા કરતો નથી. મારા પુરુષાર્થની મંદતા છે. પણ કેમ આ ક્યારે છૂટે? એવી ભાવના હોય છે. આ છૂટી જાય, બસ! એની જ ભાવના છે. એક અંશ પણ આદરણીય નથી. સ્વભાવ સિવાય આ કાંઈ

આદરણીય નથી. જોવે છે કે આ બધું થાય છે. મારા પુરુષાર્થની મંદતા છે. આમાં અમુક પ્રકારે ખેંચાઈ જવાય છે પરિણતિ. મારા સ્વભાવની મર્યાદા તોડીને બહાર નથી જાતા, સ્વભાવને ઊભો રાખે, પણ આ મારા પુરુષાર્થની મંદતા છે કે આ બહાર ઉપયોગ આટલો ચાલ્યો જાય છે. પુરુષાર્થની મંદતા છે. આદરણીય એક વીતરાગદશા છે. પણ આ ઊભું છે. ભૂમિકા આ છે. આદરણીય નથી. અંતરથી એને લાગે છે કે આદરણીય નથી, પણ થાય છે.

પ્રશ્ન :- એનાથી છૂટકારો જ્ઞાનીના વચનથી થાય કે પોતાને જ કરવો પડે?

ઉત્તર :- પોતે પુરુષાર્થ કરે તો થાય અને જ્ઞાનીના વચનોનું નિમિત્ત બને છે. જ્ઞાનીના વચનોનું નિમિત્ત તો હોય છે. કારણ કે પોતે કરે પોતે પોતાથી પણ નિમિત્ત તો જ્ઞાનીઓનું હોય છે. (જે) પુરુષાર્થ કરીને આગળ ગયા છે એના વચનોનું પ્રબળ નિમિત્ત મને પુરુષાર્થ ઉપડવાનું કારણ બને છે. ઉપાદાન પોતાનું પણ નિમિત્ત બને છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના ટેપ પ્રવચનો થાય છે તેમાં એમ જણાય છે કે સાક્ષાત્ 'ગુરુદેવ' બોલે છે. સાક્ષાત્ તેમની જ વાણી, તેમની જ વાણી.

ઉત્તર :- હા. એવું જ લાગે છે. ટેપમાં સાક્ષાત્ વાણી જેવું લાગે છે. એકદમ એ પડકાર અને એ વાણી ને બધું એવું જ લાગે છે (કે) 'ગુરુદેવ' જ બોલતા હોય. કોઈક આંખ મીંચીને આમ બેઠું હોય તો એમ જ લાગે છે 'ગુરુદેવ' બોલ્યા કરે સાક્ષાત્. એવું લાગે છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ની તો હાજરી નથી તો કોના કર્મનો ઉદય કહેવાય?

ઉત્તર :- હાજરી નથી. ઉદય તો છે જ ને. દેખીતો ઉદય છે. કોના કર્મનો એટલે? આ ભરતક્ષેત્રના બધા જીવોનો ઉદય, બીજો કોનો ઉદય? ભાગ્ય હતા 'ગુરુદેવ' મળ્યા એ. આવી સાક્ષાત્ વાણી, સાક્ષાત્ વાણી વરસાવી.

પ્રશ્ન :- માતાજી! અહીંયાં જેવું ટેપ ચાલે છે એવું બીજે ક્યાંય આટલું સરસ..

ઉત્તર :- નથી ચાલતું. એટલું ટેપ અને એ સ્થાન, એ ટેપના રણકાર ને એ બધું એવું લાગે છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ની અતિશયતા? અતિશયતા 'ગુરુદેવ'ની છે?

ઉત્તર :- એમની વાણીમાં એવી અતિશયતા જ હતી. એ ટેપમાં એ આવી છે અતિશયતા પાછી. એના એ 'ગુરુદેવ'ના શબ્દો બીજા કોઈ બોલે તો સાવ લાગે કહેવાય અને 'ગુરુદેવ' પડકારથી બોલે એ અસર જુદી થાય છે. એના એ દૃષ્ટાંતો

'ગુરુદેવ' દેતા હોય અને એ દૃષ્ટાંત બીજા દે તો એ જોરમાં અને પડકારમાં કેટલો ફેર પડી જાય.

પ્રશ્ન :- ટેપના પ્રમાણે જ આ જે લખાણ થઈ રહ્યું છે-પ્રવચન રત્નાકર. એના પ્રમાણે જ થઈ રહ્યું છે. તોપણ જેવું ટેપમાં આવે છે તેવું એમાં નથી આવતું.

ઉત્તર :- એ તો લખાણ છે. આ તો એમના જે પડકાર આવ્યા એ બધું ઉતર્યું છે એમાં, તો ફેર પડેને. એ તો લખાણ છે. એમાં એ ક્યાંથી આવે પડકાર? ઈ આવે ક્યાંથી? એ તો એમાં વાણી નીકળતી હોય, એક વાતને દૃઢ કરવા માટે કેટલી વાર કહેતા હોય અને અંદર ઘૂંટતા હોય, એ બધા શ્રોતાને અસર થાય. ઈ જુદું લાગે.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'ને સાંભળ્યા ન હોય તો આ ટેપ સાંભળવાથી કોઈને સમ્યગ્દર્શન થઈ શકે?

ઉત્તર :- સાક્ષાત્‌થી થઈ શકે છે. ટેપ સાંભળવાથી અસર થાય અને અમુક પાત્રતાનું એવું કારણ થાય. પૂર્વે કાંઈક તૈયાર કરીને આવ્યો હોય તો થાય, પણ એકવાર તો સાક્ષાત્ વાણી મળવી જોઈએ.

પ્રશ્ન :- 'શ્રીમદ્'ને અને 'ગુરુદેવ'ને નૈસર્ગિક સમ્યગ્દર્શન? 'શ્રીમદ્જી'ને સમ્યગ્દર્શન થયું, 'ગુરુદેવશ્રી'ને સમ્યગ્દર્શન થયું તો તે નૈસર્ગિ કે અભિગમજ?

ઉત્તર :- વર્તમાન અપેક્ષાએ તો નૈસર્ગિક. પૂર્વે લઈને આવ્યા હોય. વર્તમાન તો કોઈ મળ્યું હોતું. વર્તમાન અપેક્ષાએ નૈસર્ગિક. પૂર્વે લઈને આવ્યા હોય...

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૧ C

પ્રશ્ન :- (નિયમસાર) ૧૭૭ નંબરના શ્લોકમાં (આવે છે કે) જે સહજ પરમતત્ત્વ મુનિને મનથી અને વાણીથી દૂર છે. એમાં 'ગુરુદેવે' મનનો અર્થ કર્યો કે મનના વિકલ્પોથી અને વાણીથી દૂર છે. ત્યારપછી એમ ફરમાવ્યું કે અનુભવની પર્યાયથી પણ દૂર છે. એમાં આગળના ૩૮મી ગાથાના ૫૪માં શ્લોકમાં કહ્યું છે કે નાશપામવા યોગ્ય એવા ભાવોથી દૂર છે. એમાં 'ગુરુદેવ' એમ કહ્યું કે વિકારથી અતિ દૂર છે, સંવર-નિર્જરા-મોક્ષથી દૂર છે. એમ કહ્યું. આપે પણ પંડિતજી ઉપરના પત્રમાં

લખ્યું હતું કે સમ્યગ્દર્શનને થોડું છેટું છે. ત્યારે પંડિતજીએ કહ્યું કે વેંત જેટલું છે? એમ ફરમાવ્યું. ત્યારપછી અમારે લૌકિકની અંદર પણ કોઈ કાર્ય ન થાય તો કહે દિલ્હી ઘણું દૂર છે. અમને પણ એમ લાગે કે આમાં પુરુષાર્થ ઘણો માંગે છે. તો જ્યારે લાખો યોજન સમ્યગ્દર્શન દૂર છે. પછી આ હાર્ટ એટેક આવ્યો ત્યારે એમ કહે કે મોતથી તમને થોડું છેટું રહી ગયું, મોતને થોડું છેટું રહી ગયું. તો આવા બધા શાસ્ત્રમાં દૂર, 'ગુરુદેવ'ના પ્રવચનમાં અતિ દૂર, આપે પણ છેટું કહ્યું. તો આ બધાનું કાર્યક્ષેત્રની અપેક્ષાએ કે અન્ય અપેક્ષાએ શું છે? એ કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- શેની અપેક્ષાએ?

પ્રશ્ન :- કાર્ય અપેક્ષાએ કે ક્ષેત્ર અપેક્ષાએ?

ઉત્તર :- પર્યાય દૂર છે એ તો અપેક્ષાએ કીધું છે. મનથી અને વાણીથી દૂર છે એ તો મન તો વિકલ્પાત્મક અને વાણી પણ વિકલ્પાત્મક. પણ અંતરની પર્યાયથી દૂર એટલે પર્યાય તો એક અંશ છે. પર્યાય તો પલટાય છે માટે દૂર કીધું. પરમાત્મતત્ત્વ મનથી, વાણીથી દૂર અને એની પર્યાયથી દૂર એટલે કે એ પર્યાય તો પલટાયા કરે છે અને દ્રવ્ય તો એમને એમ શાશ્વત રહે છે માટે દૂર છે. પણ એનો અનુભવ તો એને થાય છે. માટે એ અપેક્ષાએ ઈ પર્યાય તો પોતાની છે. સ્વાનુભૂતિની પર્યાય પોતાની છે. માટે એનો અનુભવ એને થાય છે. એ પર્યાય તો એને આશ્રયે થાય છે. માટે એ કાંઈ દ્રવ્ય અને પર્યાય એવી રીતે જુદાં નથી. તો એનું વેદન એને થાય છે.

દૂર એટલે કે આખું શાશ્વત દ્રવ્ય છે એ શાશ્વત દ્રવ્યની અપેક્ષાએ પર્યાયને દૂર કીધી. એ દૂર કીધી એટલે કાંઈ એનું ક્ષેત્ર દૂર છે એમ નથી એનો કહેવાનો આશય. એનું ક્ષેત્ર દૂર એ ભાવની અપેક્ષાએ દૂર, એના સ્વભાવની અપેક્ષાએ દૂર. એટલે એનો આરોપ કરીને ક્ષેત્રથી દૂર એમ કહેવાય, પણ એ વાસ્તવિક રીતે એનું ક્ષેત્ર જેમ બે દ્રવ્યનું ક્ષેત્ર જુદું હોય એવી રીતે જુદું છે, એવી રીતે દૂર નથી કીધું.

પરમાત્મતત્ત્વ દૂર છે, પર્યાયથી દૂર એટલે કે એની અનુભૂતિ તો થાય છે, પણ તું એક પર્યાયમાં રોકાઈ ગયો હોય, એક વર્તમાનની પર્યાય, તો એ પર્યાય પૂરતો કાંઈ આત્મા નથી. આત્મા તો એનાથી દૂર એટલે એ તો શાશ્વતો અનાદિ-અનંત અનંત ગંભીરતાથી ભરેલો આત્મા (છે). એક આત્માને આશ્રયે અનંતી પર્યાયો થાય છે. એટલે એનાથી દૂર એમ કીધું. કાંઈ વાસ્તવિક રીતે એનું ક્ષેત્ર અત્યંત દૂર છે એવો આશય નથી એમાં. એ પરમાત્મતત્ત્વ તો કોઈ એનાથી દૂર છે, એની સ્વાનુભૂતિનું

વેદન પોતાને થાય છે અને સ્વાનુભૂતિની પર્યાયો પલટાય છે માટે દૂર કીધું છે. બાકી

ઓલું બધું કહેવાય છે એ તો બધું જુદું છે કે હજી સમ્યગ્દર્શન દૂર છે અને હજી હાથથી દૂર છે અને એ બધું દૂર, એ બધું જુદી અપેક્ષાએ અને આ પર્યાયની અપેક્ષા જુદી છે. મનથી, વાણીથી દૂર એ તો મન અને વાણી તો જડ છે. એને ભાવમનની અપેક્ષાએ કહો તોપણ એ બધી પર્યાયો ક્ષયોપશમભાવ છે. એટલે એનાથી એમ પર્યાય અપેક્ષાએ કહેવાય. એ પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય એ આમ ભાવ અપેક્ષાએ. અને એ ક્ષેત્ર અપેક્ષાએ ભાવનો આરોપ કરીને કહેવાય છે. બાકી વાસ્તવિક દૂર છે, બે દ્રવ્યના ક્ષેત્ર જુદા હોય એવું નથી. ઓલી વાત જુદી છે.

દૂર એટલે કેટલાક કહે છે કે હજી સમ્યગ્દર્શનને કેટલું દૂર છે? પોતાને અનુભવમાં આવતું નથી, એના પોતાના ખ્યાલમાં નથી એટલે એને દૂર ભાસે છે. બાકી આત્મા તો પોતે જ છે. કાંઈ પોતે પોતાથી દૂર નથી. પોતે જો પુરુષાર્થ કરે તો પોતાની સમીપ જ છે, એ કાંઈ દૂર નથી, પણ એને પ્રગટ નથી થયો એટલે દૂર લાગે. ઓલું તો આટલું દૂર.. આટલું દૂર... એ તો ભાવનાના જોરમાં કહેવાતું હતું. એનું કાંઈ માપ થોડું છે? ભાવોની ઉગ્રતાને લઈને કહેવાતું હતું. એ ભાવનાનું, પુરુષાર્થનું બળ એવી જાતનું અંદરથી આવતું હતું કે એટલે આટલું દૂર છે, હવે આટલું દૂર છે. એ તો પુરુષાર્થના જોરમાં, ભાવનાના જોરમાં કહેવાતું હતું. એ કાંઈ અંદર એનું માપ થોડું છે? એ તો પુરુષાર્થના બળમાં કહેવાતું હતું. ઓલું દૂર કહેવાય વેદના થાય એ બધુ દૂર એ વળી જુદી વાત છે, એ વાત જુદી છે.

પ્રશ્ન :- એ તો પરદ્રવ્યની વાત છે.

ઉત્તર :- એ પરદ્રવ્યની વાત છે. એ તો અપેક્ષાએ પોતે પોતાના ભાવથી કહે છે. આ અપેક્ષા પર્યાયની-દ્રવ્યની અપેક્ષા જુદી છે. ઓલું તો ભાવનામાં કહેવાય આટલું દૂર.. આટલું દૂર. અને કેટલાક કાંઈ થાતું ન હોય, પુરુષાર્થ ઉપડતો ન હોય એટલે જાણે સમ્યગ્દર્શન કેટલું દૂર પડ્યું છે. એમ એને લાગે છે. એ તો એને કાંઈ થાતું ન હોય એટલે એમ લાગે. 'દોડત દોડત દોડત દોડીયો જે-તે મનની દોડ, પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ.' એ આવે છે. એ તો ઢૂંકડું જ છે. દૂર નથી પણ દૂર દોડત.. દોડત... દોડત... દોડીયો. જેટલું દોડાય એટલું બહાર દોડ્યો. એટલે દૂર-દૂર લાગે છે. દૂર નથી પોતાની નજીક જ છે, પોતે જ છે. દૂર નથી, સમીપ જ છે.

પ્રશ્ન :- બહાર દોડ્યા કરે છે એટલે એને દૂર...?

ઉત્તર :- એટલે દૂર લાગે છે. મન બહાર દોડે. બહાર દોડ્યો. બહાર જોવા જાય છે. એ બહારથી જાણે મળે છે. બહારથી નથી મળતું. અંદર જ છે, તું પોતે જ છો.

પ્રશ્ન :- જ્યાં જે અપેક્ષા હોય ત્યાં..

ઉત્તર :- ત્યાં તે અપેક્ષા સમજવાની હોય છે.

પ્રશ્ન :- એવા પ્રશ્નો તો ઘણા ઉઠ્યા કરે છે, પણ તેનું સમાધાન ગુરુ પાસેથી મળે તોપણ પુરુષાર્થ ઉપાડતો નથી?

ઉત્તર :- સમાધાન ગુરુ આગળ મળે પણ પુરુષાર્થ ઉપાડવાનો પોતે રહે છે. સ્વતંત્ર દ્રવ્ય છે, કોઈ કરી દેતું નથી.

પ્રશ્ન :- તો આ જે પ્રશ્ન જે કરે છે તેમાં શું માયાચારી છે તેને?

ઉત્તર :- માયાચારી તો નથી પણ એને પુરુષાર્થ ઉપડતો નથી એટલે પ્રશ્ન ઊઠે છે. આમ પૂછું તો કાંઈક સમાધાન થાય, આમ કરું તો થાય, પણ એને ઉપડતું નથી એટલે પ્રશ્ન ઉઠ્યા કરે છે. જાણવાની ઈચ્છા થયા કરે છે. આમ જાણવાથી કાંઈ સમાધાન થાય. પણ અંદર તો કરવાનું પોતાને જ રહે છે. પોતાને કોઈ કરી દેતું નથી. ગુરુ કરી દેતા નથી, ભગવાન કરી દેતા નથી, કરવાનું પોતાને રહે છે. ભગવાન તારણહાર કહેવાય. ભગવાનની વાણી છૂટી. કેટલાયને તારે એવી એમની વાણી હોય, તોપણ જે પુરુષાર્થ કરે તે તરે છે. એમની વાણીમાં નિમિત્ત જોરદાર છે. પુરુષાર્થ કરે તે તરે. 'ગુરુદેવ'ની વાણી જોરદાર હતી. જે પુરુષાર્થ કરે તે તરે.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે. 'ગુરુદેવના વચનામૃત'નો છે. આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું તે છે. પછી કહે છે કે જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અનંતી ગંભીરતા. ગંભીરતા અને અનંતી-એ કેવી રીતે?

ઉત્તર :- એને કહેવાનું ચારે પડખેથી રહસ્યો કહેવાના હોય છે. એક વચનમાં ગંભીરતા. એકમાં આત્માનું સ્વરૂપ, મોક્ષનો માર્ગ, દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ. કેટલી જાતની અપેક્ષાઓ કહેવાની હોય એ બધી એક વાત કરે એની પાછળ એના આશય ઊંડા હોય છે. અનંતી ગંભીરતા. આત્મા અનંત ગંભીરતાથી ભરેલો છે. એ ગંભીરતાથી ભરેલો એટલે એને કહેવાનું જે વચન આવે એ વચનમાં પણ ગંભીરતા છે.

પ્રશ્ન :- વિષયના વાચ્ય ઉપરથી વાચક ઉપર..

ઉત્તર :- એમાં પણ ગંભીરતા છે. જે પોતાને જાણ્યું છે એ જાણીને જે વચન

આવે એ વચનમાં પણ ગંભીરતા છે. પોતે એક પડખાથી સમજી લે તો એમ નથી હોતું. એમાં ગંભીરતા હોય છે. એમાં ચારે પડખાનું કહેવાનું હોય છે. અનંત રહસ્ય ભરેલું હોય છે.

પ્રશ્ન :- જે અહીંયાં કહ્યુંને, માતાજી! કે બહિર્મુખતા છોડી અંતર્મુખ થવું. એ જે આખા સિદ્ધાંતનો સારમાં સાર છે.

ઉત્તર :- બહિર્મુખ તારો ઉપયોગ બહિર્મુખતા છે અને અંતર્મુખ થઈ જાય. બધો સિદ્ધાંતનો સાર છે. અંતરમાં તું ચાલ્યો જા, બસ! એક કહેવાનું છે. બહાર તારી દૃષ્ટિ બહાર, તારો ઉપયોગ બહાર, બધું બહારને બહાર છે, એ બહારનું છોડીને અંતરમાં ચાલ્યો જા. અંતર્મુખ થઈ જા. આત્માને ગ્રહણ કરીને તું અંતરમાં ચાલ્યો જા, એમ કહેવું છે. આત્માને ગ્રહણ કર, આત્માની શ્રદ્ધા કર, આત્માનું જ્ઞાન કર, આત્મામાં લીનતા કર. બધું તારા સ્વ તરફ ચાલ્યો જા. તારી દૃષ્ટિ પર તરફ છે એને લઈને બધી તારી દિશા બહાર છે, બધું બહાર આવે છે. એક અંતરમાં ચાલ્યો જા. અંતર્મુખ થઈ જા તો બધું અંતરમાં થઈ જશે.

સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન. બધા ગુણોના અંસ એમાં પ્રગટ થાય. એક દૃષ્ટિ પોતા તરફ ગઈ, સમ્યગ્દર્શન થયું (તો) બધા સર્વગુણાંશ સમ્યગ્દર્શન (થયું). બધા ગુણોના અંશ અમુક પ્રકારે બધા પ્રગટી જાય છે. બધું અંતર્મુખ થઈ જાય છે. એક તારા તરફ વયો જા, બધું અંતર્મુખ છે. સિદ્ધાંતનો સાર એ જ છે. બહારનું બધું છોડી દે. અંતરમાં ચાલ્યો જા. તારે જાણવાનું આત્મામાં, તારે શ્રદ્ધા કરવાની આત્મામાં, તારે લીનતા કરવાની આત્મામાં. બધું તારે આત્મામાં. તારે આશ્ચર્ય પામવાનું આત્મામાં. બધું આત્મામાં. બધા કાર્યો તારે આત્મામાં કરવાના. બહારનું બધું છોડી દે.

પ્રશ્ન :- એ એક જ અઘરું લાગે છે.

ઉત્તર :- કહેવાય ટૂંકાંમાં પણ એ જ એને અઘરું થઈ પડ્યું છે. બહાર જ બધે ચાલ્યો ગયો છે.

પ્રશ્ન :- પ્રદેશત્વગુણમાં શું? સર્વગુણાંશ તે સમ્યક્ત્વ એમાં પ્રદેશત્વગુણમાં શું?

ઉત્તર :- જે થવા યોગ્ય હોય એ બધા ગુણ પોતા તરફ આવી જાય છે. એ બધા પ્રશ્નો તર્કના છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૨ A

પ્રશ્ન :- ..અને બાકીના બધા ગુણો નિર્વિકલ્પ છે. તો કેવળજ્ઞાન પણ સવિકલ્પ કહેવાય છે, જ્ઞાન...

ઉત્તર :- જ્ઞાનગુણ સવિકલ્પ છે. જ્ઞાન બધાને જાણે છે. બીજા ગુણો પોતાને જાણતા નથી, બીજા ગુણો બીજાને જાણતા નથી. એક જ્ઞાનગુણ એવો છે કે બધાને જાણે છે. જ્ઞાનગુણ બીજા અનંતા ગુણોને જાણે છે, જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન બીજા ગુણોને જાણે છે, જ્ઞાન લોકાલોકને જાણે છે. માટે જ્ઞાનને સવિકલ્પ કહેવામાં આવે છે. પણ રાગનો વિકલ્પ હોય એવી જાતનો વિકલ્પ એ નથી. એનો તો સહજ સ્વભાવ જાણવાનો છે માટે એને સવિકલ્પ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ હોવા છતાં એને સવિકલ્પ કહેવાય છે. કેવળજ્ઞાન એને પણ સવિકલ્પ કહેવાય. કારણ કે એ જાણે છે બધું માટે. એને જાણવાની અપેક્ષાએ કહેવાય. વસ્તુ સ્વભાવે નિર્વિકલ્પ છે. એમાં કાંઈ રાગનો વિકલ્પ નથી, એ તો વીતરાગ છે. એને કાંઈ વિકલ્પ એક પછી એક વિકલ્પ કરીને જાણવાનું નથી. એ તો સહજ નિર્વિકલ્પપણે જાણે છે. રાગની અપેક્ષાએ તો વીતરાગ છે, નિર્વિકલ્પ છે, પણ જાણવાની અપેક્ષાએ એને સવિકલ્પ (કહેવાય છે). એ સવિકલ્પપણું જુદી જાતનું છે. આ જે વિકલ્પ થયા કરે છે એવા વિકલ્પ એ નથી. એ તો જાણવું. જાણવું એ અપેક્ષાએ સવિકલ્પ છે. એમ.

કેવળજ્ઞાન થાય તોપણ તે જ્ઞાનગુણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જ્ઞાન જાણે, બીજા અનંત ગુણો પોતામાં છે એને જાણે, જ્ઞાન બીજા દ્રવ્યોને જાણે, જ્ઞાન બીજાના ગુણોને, બીજાની પર્યાયોને જ્ઞાન બધું જાણે છે. માટે જ્ઞાનને સવિકલ્પ કહેવામાં આવે છે. પણ તે જ્ઞાન જુદું રહીને જાણે છે, બીજામાં ભળીને જાણતું નથી. દર્શનગુણ, ચારિત્રગુણ એ બધા ગુણ પોતે પોતાને નથી જાણતા, પણ જ્ઞાન એને જાણે છે.

પ્રશ્ન :- એ અપેક્ષાએ નિર્વિકલ્પ કહ્યા છે.

ઉત્તર :- હા, એ અપેક્ષાએ નિર્વિકલ્પ છે. જાણવાની અપેક્ષાએ સવિકલ્પ. વીતરાગતાની અપેક્ષાએ નિર્વિકલ્પ છે. બીજા ગુણ જાણતા નથી માટે તે નિર્વિકલ્પ. જ્ઞાન જાણે છે માટે સવિકલ્પ.

પ્રશ્ન :- માતાજી! 'પ્રવચનસાર'માં આવે છે કે શ્રમણને એકાગ્રતા હોય જ છે.

શ્રમણને એકાગ્રતા હોય જ છે અને એ એકાગ્રતા જેને પદાર્થોનો નિર્ણય હોય છે એને જ હોય છે. અને પદાર્થોનો નિર્ણય આગમજ્ઞાનથી થાય છે. તો આગમજ્ઞાન એટલે ભગવાનની વાણી અનુસાર રચાયેલા સત્શાસ્ત્રો, એનો અભ્યાસ કરે છે છતાં વિશ્વાસ જે નિર્ણય-પદાર્થોનો નિર્ણય આવવો જોઈએ એ અમુકને આવે છે, અમુકને આવતો નથી. તો એ વિશ્વાસ કેમ આવતો નથી? પદાર્થનું સ્વરૂપ યથાર્થ ન જાણે ત્યાં સુધી તો વિશ્વાસ આવવાની વાત રહેતી નથી, પણ યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી પણ વિશ્વાસ આવવામાં જે વાર લાગે છે અને કોઈને વહેલો આવે છે, કોઈને બહુ પાછળ મોડેથી આવે છે, કોઈને નથી આવતો, ઘણા વખત સુધી અભ્યાસ કર્યા કરે છતાં વિશ્વાસ આવતો નથી તો એનું શું કારણ છે?

ઉત્તર :- એનું કારણ પોતે દઢતા કરતો નથી માટે. ઝાઝું જાણે તો વિશ્વાસ આવે એવું નથી કાંઈ. વિશ્વાસ કરવો પોતાના હાથની વાત છે. જ્ઞાને જાણ્યું. શાસ્ત્ર આગમમાં શું કીધું છે, ભગવાને શું કીધું છે, આચાર્યોએ શું કીધું છે, એ બધા દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ પોતે વિચારથી જાણે, પણ એને નક્કી કરીને વિશ્વાસ લાવવો પોતાના હાથની વાત છે. એ કાંઈ આગમ કરી દેતું નથી. કરવાનું પોતાને રહે છે. પોતાના પુરુષાર્થથી વિચારો કરીને એનો નિર્ણય, એની યુક્તિ અને એની દઢતા બધી રીતે પોતાને નિર્ણય કરવાનો (રહે છે). કોઈકને વહેલો નિર્ણય થાય, કોઈકને મોડો થાય. એમાં બધામાં પોતાના પુરુષાર્થનું કારણ છે. નિમિત્ત કાંઈ કરી દેતું નથી. ઘણો અભ્યાસ કરે પણ નિર્ણય લાવવો પોતાના હાથની વાત છે કે વસ્તુનું સ્વરૂપ આમ જ છે એમ એ નક્કી કરે, પણ અંદરથી પોતાનો સ્વભાવ ઓળખીને જે નિર્ણય કરવો તે નિર્ણય કરવો પોતાના પુરુષાર્થ વગર થઈ શકતો નથી. પુરુષાર્થ હોય તો જ થાય છે.

પ્રશ્ન :- માતાજી! લૌકિકમાં તો, આ દવાથી આ સારું થશે, ફલાણાથી આમ થશે તો તરત જ વિશ્વાસ આવી જાય છે. અહીંયાં પણ સ્વરૂપ તો જેમ છે એમ બરાબર દરેક અપેક્ષાથી જે રીતે વિચારવું જોઈએ એ રીતે વિચારીને નક્કી કરે છે. છતાં પાછો વિશ્વાસ જે કાયમ ટકી રહેવો જોઈએ, આવવો જોઈએ અને ટકી રહેવો જોઈએ, એ અહીંયાં બનતું નથી એનું શું કારણ હશે? એની સાથે બીજા કોઈ ગુણના પરિણમનને સંબંધ હશે? જેમ કે રુચિ હોય ત્યાં વિશ્વાસ વધારે કરી શકે એવું કાંઈ હશે? કે પુરુષાર્થ આપે કહ્યો, પણ એ પુરુષાર્થ કયા પ્રકારનો?

ઉત્તર :- એ પોતાને અંદરથી દેખાતું નથી. વિચારો કરે, શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, યુક્તિથી બધું નક્કી કરે છે, પણ એ વિશ્વાસ પોતે લાવતો નથી. એમાં બધું ભેગું

સંકળાયેલું છે. રુચિ ઓછી છે, લગની ઓછી છે. એ બધું પોતે અંદરથી બરાબર નિઃશંકતા વિશ્વાસ લાવતો નથી એ પોતાના પુરુષાર્થનું કારણ છે. એટલી રુચિ પણ ઓછી છે. બધું સંકળાયેલું એમાં હોય છે. પણ એ બધો મેળ ક્યારે ખાય? એ તો પોતે પુરુષાર્થ કરે તો બધું આવીને મળે છે. એટલી લગની લગાડે તો અને પોતે પુરુષાર્થ કરે તો વિશ્વાસ આવ્યા વગર રહેતો જ નથી.

એટલી લગની લાગવી જોઈએ કે મારે નક્કી કરવું જ છે. મારે ભવનો અભાવ કરવો છે, ભવનો અભાવ કેમ થાય એ માર્ગ મારે મેળવવો જ છે અને આત્માના સુખની પ્રાપ્તિ મારે કરવી જ છે, એવી જો લગની લાગે, અંદરથી લાગે તો એ વિશ્વાસ પણ લાવીને પુરુષાર્થ પણ કરે. પણ એટલી લગની લાગી નથી, એટલો કાંઈ ભવભ્રમણનો થાક લાગ્યો નથી. એ બધું અંતરમાંથી બરાબર લાગે કે મારે કર્યે જ છૂટકો છે, તો કર્યા વગર રહેતો જ નથી. પણ થોડી વાર કરે અને પાછો ડાલમડોલ કરે છે. એ પોતાનું જે અનાદિનું છે એવું શંકાશીલ પાછું થઈ જાય છે. પણ જો એને ખરી લાગી હોય તો એ નિર્ણય કર્યા વગર રહેતો નથી. ગુરુ કહે છે, આગમ કહે છે પણ નિર્ણય લાવવો પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :- પોતાના પરલક્ષી જ્ઞાનમાં પણ જણાય છે કે આ રીતે ભિન્ન ભિન્ન છે અને એમાં રુચિનો વિષય, પોતાના માટે રુચિનો વિષય તો જ્ઞાયક આત્મા જ હોઈ શકે, બીજો કોઈ હોઈ શકે નહિ. છતાં પણ એ રુચિમાં હું જ્ઞાયક જ છું... હું જ્ઞાયક જ છું.. એ એને ટકી નથી રહેતું.

ઉત્તર :- અનાદિના અભ્યાસમાં દોડ્યો જાય છે, પણ એને વારંવાર પુરુષાર્થ કરવો જોઈએ. એટલી વારંવાર એની પાછળ લાગવું જોઈએ તો થાય. આમ બહારનું છે તો એની પાછળ લાગે છે કે આ મારે અભ્યાસ કરવો છે, આટલું ભણતર કરવું છે તો એની પાછળ લાગે છે. તો એ તો કેટલું પુણ્યાધીન છે. એને બહારથી દવા લાગુ પડવી કે ધન મળવું, બધું પુણ્ય આધીન (છે), તો એમાં પુરુષાર્થ કર્યે જાય છે. અને આ એને અંદર એટલું દુઃખ નથી લાગ્યું, ભવનો થાક નથી લાગ્યો. માટે એટલી રુચિ નથી માટે કરી કરીને છોડી દે છે. પાછો શંકામાં ઊભો રહે છે.

પ્રશ્ન :- ટકી રહે એટલે શું કહેવું છે ત્યાં? પોતાનો સ્વભાવ ખ્યાલમાં આવવા છતાં ઉપયોગ ત્યાં ટકતો નથી. પ્રતિકૂળતામાં પાછો દોડી જાય છે.

ઉત્તર :- એ પોતે અંદર લાગી હોયને તો પાછો ફરવ્યા કરે વારેવારે. ઉપયોગ અનાદિનો અભ્યાસ છે એટલે દોડ્યો જાય છે તો એને વારે વારે ફેરવ્યા કરે. વારે વારે

આ ક્યાં ચાલ્યો જાય આત્મા. મારે તો આત્માનું કરવું છે. આ બધું કાંઈ સુખરૂપ નથી. સુખ તો મારા આત્મામાં છે, હું તો જ્ઞાયક છું. વારેવારે ફેરવ્યા કરે એને. વારંવાર પુરુષાર્થ કર્યા કરે. થાકી જાય, મંદ પડી જાય તો વારેવારે કર્યા કરે. એની પાછળ પડ્યા કરે તો થયા વગર રહેતું નથી. એક કામ શીખવું હોય તો એની પાછળ પડ્યા કરે છે. એમ આ સમજવા માટે એની પાછળ પડ્યા કરે વારેવારે. પછી એનો કેટલો ટાઈમ જાય તો આકુળતા ન કરે. એ કર્યા જ કરે એની પાછળ. અને એમને એમ પુરુષાર્થ ચાલુ જ રાખે.

પ્રશ્ન :- કોઈ જીવને એકદમ શ્રદ્ધા થઈ જાય કે વિશ્વાસ બેસી જાય. કોઈને હજારો વર્ષો થાય તોપણ વિશ્વાસ આવતો નથી. આમ બધું ધારણાજ્ઞાનથી બધું બોલી જાય, કહી જાય, સમજાવી જાય. પણ જે અંદરમાં પોતાને વિશ્વાસ આવવો જોઈએ કે આ જ્ઞાયક તે જ હું છું. આ જુદો અને જ્ઞાયક હું રહ્યો. એવો વિશ્વાસ જે આવવો જોઈએ. હવે આમ જોઈએ તો પરદ્રવ્યો, રાગ, એક સમયની પર્યાય અને જ્ઞાયક–આ ચારને વિભાગ કરી નાખીએ તો ચાર વસ્તુ છે. અને એમાં રુચિનો વિષય રુચિની અપેક્ષાએ લઈએ તો રુચિનો વિષય જ્ઞાયક સિવાય બીજું કોઈ થઈ શકે એવું નથી. આ બધું ભાવમાં બેસે છે છતાં કેમ નહિ ટકી રહેતો હોય કે ના, હું જ્ઞાયક જ છું. આમાં તો રુચિ અપેક્ષાએ એને ટકી રહેવાનું છે.

ઉત્તર :- ટકી નથી રહેતો. એની પરિણતિ બદલાય જાય છે અનાદિનો. એવા નિર્ણયની દૃઢતા કરે, જ્ઞાયકને ગ્રહણ કરે, રુચિની તીવ્રતાથી જ્ઞાયક ગ્રહણ કરે અને શ્રદ્ધા લાવે, બરાબર પુરુષાર્થ કરીને ટકી રહે, એમાં એકાગ્ર થાય તોપણ એ પણ પુરુષાર્થથી જ થાય છે બધું. એની લગની હોય. પુરુષાર્થ થાય ક્યારે? એની લગની હોય તો થાય, એની રુચિ હોય તો થાય. એમ. એની ખટક હોવી જોઈએ તો થાય.

પ્રશ્ન :- અત્યારે જે લગની લાગે છે એ ખરેખર પૂરી લગની નથી?

ઉત્તર :- પૂરી નથી. લગની લાગી લાગીને છૂટી જાય છે. ઠેઠ સુધી પહોંચતો નથી. એમ. થોડી લગની લાગે. લાગી લાગીને પછી થોડું નક્કી કરે અને પાછું છૂટી જાય છે. અને એને પલટો મારવો, આખી દિશા ફેરવવી એને અઘરું પડે છે. દિશા આખી, એની દૃષ્ટિની દિશા પલટવી ઇ એને અઘરું પડે છે. અનાદિની દૃષ્ટિ આમ બહાર ચાલી રહી છે. એ દૃષ્ટિને આખી જ્ઞાયક ઉપર એને શ્રદ્ધામાં લાવવી, જ્ઞાયક ઉપર જ એને સ્થિર કરવી, એ આખી દિશા પલટવી એને અઘરી પડે છે. દિશા એને પલટતી નથી. એમાં એને પહેલી ભૂમિકા કઠણ હોય છે. 'સમજ પીછે સબ સરળ

હૈ.' આવે છે. પહેલા એકદમ કઠણ લાગે, પણ પછી તો માર્ગ પોતે સહજ અને સરળ છે. પોતે જ છે માટે એ સુગમ છે. પણ પહેલી ભૂમિકામાં એણે પલટો મારવો બહુ દુષ્કર પડે છે.

પ્રશ્ન :- રુચિની અપેક્ષાએ, માતાજી! વિચારીએ તો આ આત્મા સિવાય જેટલા પરદ્રવ્યો છે એ તો ભિન્ન છે અને ભિન્ન છે એટલે એનું હોવાપણું તદ્દન જુદું છે. રાગ છે એ આકુળતારૂપ છે. પર્યાય છે એ એક સમયની ક્ષણિક છે. અને ભગવાન આત્મા અથવા સામર્થ્યરૂપ આખો સ્વભાવ અનાદિ-અનંત પરિપૂર્ણ અને શુદ્ધ છે. આમ ચારને જ્ઞાનથી વિચારીએ તો ચોખ્ખું આમ સ્પષ્ટ (છે) કે સુખ જે જોઈએ છે એ સુખ જ્ઞાયક સિવાય કોઈ બીજાના આશ્રયે મળી શકે નહિ. તો હવે તો આમાં દષ્ટિ જ કરવાની, આપ કહો છો કે એ પહેલા દષ્ટિ જ કરવાની છે.

ઉત્તર :- દષ્ટિ ફેરવવાની છે. વિચારથી નક્કી કર્યું કે જ્ઞાયકમાં સુખ છે, પણ એ પ્રમાણે એને દષ્ટિ ફેરવવી જોઈએ. જે નક્કી કર્યું એ પ્રમાણે એની દષ્ટિ ફરતી નથી. દષ્ટિ તો બહાર થંભી રહી છે. દષ્ટિ જ્ઞાયક ઉપર જાવી જોઈએ.

પ્રશ્ન :- અંદરનું મહત્ત્વ વધારે આવવું જોઈએ તો જ ત્યાં..

ઉત્તર :- અંતરનું મહત્ત્વ-મહિમા આવવી જોઈએ. બહારથી એટલો એને બહારથી રસ ઊડી જવો જોઈએ. અંદરનો મહિમા આવે તો દષ્ટિ ફરે એને. દષ્ટિ ફેરવવા માટે એને પ્રયત્ન જોઈએ છે. એને દુઃખ લાગે, રુચિ થાય પણ થોડું-થોડું કરી અને પાછો છૂટી જાય છે એટલે ઠેઠ સુધી પહોંચી શકતો નથી.

પ્રશ્ન :- તીવ્ર રુચિથી પુરુષાર્થ કરે...

ઉત્તર :- તીવ્ર રુચિથી પુરુષાર્થ વારે વારે કરવો પડે છે.

પ્રશ્ન :- પલટતા ઉપયોગને વારે વારે ફેરવીને અંદર તરફ લઈ જવો.

ઉત્તર :- દષ્ટિ ફેરવવાની છે. દષ્ટિની સાથે ઉપયોગ ભેગો ફરે છે. દષ્ટિ એક જોરદાર નિઃશંકરૂપે જ્ઞાયકને ગ્રહણ કરે તો દષ્ટિ જો સ્થિર થઈ જાય તો ઉપયોગ પણ તે બાજુ આવી જાય.

પ્રશ્ન :- એની મેળે ?

ઉત્તર :- એની મેળે ફરી જાય.

પ્રશ્ન :- દષ્ટિ...

ઉત્તર :- દષ્ટિ પોતાના જ્ઞાયક ઉપર જાય તો.

પ્રશ્ન :- એની મેળે ઉપયોગ ફરી જાય તો પુરુષાર્થ નહિ કરવાનો?

ઉત્તર :- જે જાતની એની દૃષ્ટિ જાય એ જાતનો ઉપયોગ પલટે છે. એમ છે. ઉપયોગ ફેરવવાનો પણ પુરુષાર્થ તો હોય છે. પણ ઉપયોગ ફર્યા કરે એની સાથે દૃષ્ટિ બહાર જઈને.. દૃષ્ટિ જ્ઞાયક ઉપર જાય તો ઉપયોગ એની મેળે પોતા તરફ આવે છે. એમાં ઉપયોગનો પુરુષાર્થ સહેજે આવી જાય છે, સહેજે આવી જાય છે.

પ્રશ્ન :- દૃષ્ટિની સાથે જ્ઞાન પણ સાથે જ છે?

ઉત્તર :- હા, સાથે છે. ઉપયોગ એ જ્ઞાન જ છે. દૃષ્ટિ સાથે જ્ઞાન ફરે છે.

પ્રશ્ન :- દૃષ્ટિ સ્વરૂપ ઉપર ગઈ હોય તો પુરુષાર્થ તો જાગવો જોઈએ, પણ પુરુષાર્થ જાગતો નથી એટલે કે દૃષ્ટિ ગઈ જ નથી? સ્વરૂપ ઉપર દૃષ્ટિ ગઈ જ નથી?

ઉત્તર :- દૃષ્ટિ જાય તો...?

પ્રશ્ન :- સ્વરૂપ તરફ ગઈ નથી?

ઉત્તર :- દૃષ્ટિ સ્વરૂપ તરફ ગઈ જ નથી. ગઈ હોય તો તો ઉપયોગ પણ તે બાજુ જાય. એ દૃષ્ટિ ફેરવવા પ્રયત્ન કરે. વિચારથી નક્કી કરે છે, પણ દૃષ્ટિ જે જ્ઞાયકને ગ્રહણ કરીને દૃષ્ટિ જ્ઞાયક તરફ જાવી જોઈએ તે ગઈ નથી. એટલે ઉપયોગ પણ જતો નથી. વિચારથી નક્કી કરે છે. ઉપયોગને ફેરવ્યા કરે છે. વારેવારે વિચારો કરે, નિર્ણય કરે પણ દૃષ્ટિ જે જ્ઞાયક તરફ જાવી જોઈએ તે જાતી નથી. ગઈ નથી.

પ્રશ્ન :- ગઈ હોય તો પુરુષાર્થ ઉપડે?

ઉત્તર :- દૃષ્ટિ ગઈ હોય તો પુરુષાર્થ ઉપડે. દૃષ્ટિ જ્ઞાયકને ગ્રહણ કરે તો એની સાથે પુરુષાર્થ ઉપડે પણ એ દૃષ્ટિમાં જ પુરુષાર્થ હોય (છે). દૃષ્ટિ જાય એની સાથે પુરુષાર્થ હોય જ છે, દૃષ્ટિની સાથે સાથે. દૃષ્ટિના પુરુષાર્થમાં બધો પુરુષાર્થ આવી જાય. દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગઈ, જ્ઞાયકને ગ્રહણ કર્યો, એમાં ભેદજ્ઞાન આવી જાય છે, એમાં જ્ઞાયકની ગ્રહણતા આવી જાય છે, એમાં લીનતાનો પુરુષાર્થ (આવી જાય છે). જે દૃષ્ટિ છે એ બેઠી રહેતી નથી, એની અંદર પુરુષાર્થની ધારા ચાલુ થાય છે. એમાં એને એકાગ્રતાનો પુરુષાર્થ આવી જાય છે, બધું આવી જાય છે.

પ્રશ્ન :- બહારના કામમાં તો કામ ન થાય એટલે એમ થાય કે આકુળતા થાય અને ખેદ થાય તો મૂકી દો પડતું. તો આમાં અમારે આકુળતા અને ખેદ થાય તો શું કરવું?

ઉત્તર :- આકુળતા અને ખેદ થાય તો મૂંઝાવું નહિ પણ શાંતિ રાખવી, પણ રુચિને છોડી ન દેવી. એમ. આકુળતા અને ઉતાવળ ન કરવી. શાંતિ અને ધીરજથી પણ કાર્ય ચાલુ રાખવું. રુચિને છોડી ન દેવી. થાતું નથી, પુરુષાર્થ નથી ઉપડતો, પણ

કરવાનું તો આ જ છે, મારે આ જ કરવાનું છે. એટલે કાર્ય તો ધીમે ધીમે ચાલુ રાખે. ઉતાવળથી નહિ તો ભલે ધીમે ધીમે પણ કાર્ય-પોતાનું જ્ઞાયકને ગ્રહણ કરવાનું કાર્ય છોડી ન દે. જ્યાં જરૂરિયાત જણાય ત્યાં પુરુષાર્થ થયા વગર રહેતો જ નથી. એને ખરી જરૂરિયાત જણાય તો એ છોડી જ ન દે કે જરૂરનું તો આ જ છે. બહારમાં આકુળતા થાય તો એની જો જરૂરિયાત લાગે તો ગમે એમ કરીને કરે. આકુળતા થાય તોપણ એ જરૂરિયાત લાગે તો કરે. એમ આત્માની જો જરૂરિયાત લાગે તો એ કાંઈ છોડે જ નહિ અંદરથી. તો ધીરે ધીરે કરે, પણ જરૂરિયાત લાગે તો એ એની પાછળ જ પડે.

મુમુક્ષુ :- કેટલી જરૂર લાગી છે એના ઉપર બધો આધાર છે.

ઉત્તર :- જરૂરિયાત કેટલી લાગી છે એની ઉપર છે.

મુમુક્ષુ :- બધા ઉપર બોજો નાખી દીધો. જરૂરિયાત કેટલી લાગી છે.

ઉત્તર :- પોતા ઉપર જ છેને બધું. પોતા ઉપર છે. પોતે સ્વાધીન છે, સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' પોષાણ શબ્દ વાપરતા.

ઉત્તર :- હા, પોષાણ. પોતાનું પોષાણ કેટલું છે. પોતે એવો સ્વાધીન છે. પોતે ભગવાન આત્મા સર્વ શક્તિમાન છે. બધા ઐશ્વર્યથી ભરેલો છે. પોતે પોતાનું કરવા સમર્થવાન છે. કોઈ કરી દેતું નથી, પોતે જ કરનારો છે. કોઈ કરી દે તો પોતે પરાધીન થઈ ગયો. પોતે જ શક્તિમાન, પોતે વિભાવમાં જનારો પોતે, સ્વભાવમાં જનારો પોતે જ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તો હોય છે, કરવાનું પોતાને હોય છે.

મુમુક્ષુ :- પોતે કેટલા પ્રમાણમાં પુરુષાર્થ કરે છે...

ઉત્તર :- હા, એ પોતાને જોવાનું છે. ધીરે ધીરે થાય તો એમાં મૂંઝાવું નહિ, પણ છોડવું નહિ. એમ. જરાય છોડવું નહિ પોતાનું કાર્ય. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો. બધાને સ્પષ્ટ થઈ ગયું. ક્યાંય મુંઝાવા જેવું રહ્યું નથી. બીજા તો ક્યાંય લૌકિકમાં ક્યાંય ક્યાંય ગોથા ખાતા હોય છે. ક્યાંય ક્યાંય માર્ગ ગોતતા હોય છે. અહીંથી માર્ગ મળશે, આમાંથી મળશે કે ધ્યાનમાંથી મળશે કે જ્ઞાનમાંથી મળશે કે અહીંથી વૈરાગ્યથી મળશે કે ભક્તિથી (મળશે), એમ બધે ગોથા ખાતા હોય છે.

એમાં 'ગુરુદેવે' તો એવો માર્ગ સ્પષ્ટ કરી દીધો છે કે અંતરમાંથી માર્ગ મળે છે એની સાથે બધું જોડાયેલું હોય છે. તું તત્ત્વનો નિર્ણય કર. એમાં જ્ઞાન અને વૈરાગ્ય બધું એમાં ભક્તિ અને બધું એની સાથે જોડાયેલું રહે. યથાર્થ નિર્ણય કર તો. એમાં

ધ્યાનને બધું એમાં હોય છે. તત્ત્વ નિર્ણય યથાર્થ આવે તો એમાં આખો માર્ગ આવી જાય છે. બીજા તો બધા ક્યાંય (ગોથા ખાતા હોય છે). 'ગુરુદેવે' આટલો માર્ગ ચોખ્ખો કરી દીધો. હવે પોતાને જ કરવાનું રહે છે. પોતે જ પુરુષાર્થની પોતાની મંદતાએ અટક્યો છે અને પોતે શાંતિથી, ધીરજથી કરે તો થાય છે. આકુળતા ઉતાવળ કરવાથી તો કાંઈ થાય એવું નથી. ભાવના તીવ્ર રાખે પણ મૂંઝવણ થાય એવી રીતે કાંઈ કરવાનું નથી.

પ્રશ્ન :- સંસ્કાર એટલા પડી જાય?

ઉત્તર :- હા, સંસ્કાર પડે તો એને ભવિષ્યે જે સંસ્કાર ઉઠે તો પુરુષાર્થ ઉપડવાનું કારણ થાય છે. સંસ્કાર યથાર્થ હોય તો.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના ચરણે આવ્યા એને બીજી ભ્રમણા નથી કે અહીંથી મળશે કે અહીંથી મળશે.

ઉત્તર :- હા, બીજી ભ્રમણા નથી હવે. એમ. માર્ગ ચોખ્ખો થયો છે.

પ્રશ્ન :- પછી તો પોતે કરે એટલું થાય.

ઉત્તર :- પોતે કરે એમ થાય છે. બીજે ક્યાંય ગોતવા જાવું પડે એમ નથી.

પ્રશ્ન :- રસ્તો હાથમાં આપી દીધો છે.

ઉત્તર :- રસ્તો હાથમાં આપી દીધો છે ચોખ્ખો કરીને. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, બધું એક એક નિમિત્ત ઉપાદાનનું, કેવળજ્ઞાનનું, ચારિત્રનું, દર્શનનું, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ બધું ચોખ્ખું કરીને દીધું છે. નિશ્ચયનય, વ્યવહારનય બધી અપેક્ષાઓ પૂરી બધું દીધું છે. હવે એક પોતે જ કરવાનું રહ્યું છે. જ્ઞાનનો માર્ગ, ધ્યાનનો માર્ગ, ભક્તિનો માર્ગ બધાનું સ્વરૂપ સમજાવી દીધું છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૨ B

પ્રશ્ન :- .. દસમાન છે. જેમ કપડા વગર દાગીના શોભે નહિ તેમ નીતી વગર ધર્મ શોભતો નથી. તો માતાજી! આ બોલમાં કૃપાળુ ગુરુદેવ, લૌકિક નીતિ અને લોકોત્તર નીતિની અને વ્યવહારધર્મની અને નિશ્ચયધર્મની વાત કરે છે? શું ...

ઉત્તર :- 'ગુરુદેવે' બધી નીતિની વાત કરી છે. લૌકિકની અને લોકોત્તર બધાની. વ્યવહાર પણ એનો નીતિનો હોવો જોઈએ. એની પાત્રતા એવી હોવી જોઈએ. એને ધર્મની રુચિ લાગે, ધર્મ જેને પ્રગટ થાય અથવા ધર્મની રુચિ હોય એને લૌકિક નીતિ

પણ હોવી જોઈએ.

પ્રશ્ન :- લૌકિક નીતિમાં શું?

ઉત્તર :- એનો વ્યવહાર નૈતિક... એના બહારના આચરણ એવા ન હોવા જોઈએ કે એને અનીતિ ન હોવી જોઈએ. જૂઠા બોલવા, જૂઠા વેપાર એ અનેક જાતનું હોય છે. કુડકપટ, ગૃદ્ધિ એ અનેક જાતની એવી બધી બહારની. એને બધો રસ ઉતરી જાય. બહારની નીતી બધી બરાબર હોય બહારની. જેને આત્માની રુચિ લાગે એને રસ ઉતરી જાય બધો અને નીતિમય જીવન થઈ જાય.

આમાં આવે છેને? સાત વ્યસન ન હોવા જોઈએ, એ બધું આવે છે. અમુક જાતનો ખોરાક ન હોવો જોઈએ, એ બધું આવે છે. શાસ્ત્રમાં આવે છે. 'ગુરુદેવ' ઘી વાર કહેતા હોય છે. એ તો એના વ્યવહારમાં તો આવી જાયને. આત્માની રુચિ લાગી એને રસ ઉતરી જાય. એવો ખોરાક જે ત્રસનો ને એવો ન હોય. લૌકિક નીતિ હોય, જૂઠું ન હોય, ગૃદ્ધિ ન હોય. એવું બધું હોય. અંતર આત્માની રુચિ લાગી એને.

પ્રશ્ન :- વેપાર-ધંધા ખોટા ન કરે.

ઉત્તર :- હા. વેપાર-ધંધા બધું એમાં આવી જાય.

પ્રશ્ન :- એ હોય ત્યાં ધર્મ શોભે.

ઉત્તર :- એ હોય તો જ ધર્મ શોભે. તો જ એને ધર્મની રુચિ લાગી તો ધર્મ શોભે. ધર્મની રુચિ હોય એને હોવું જ ન જોઈએ.

પ્રશ્ન :- ખાવાની વાત, માતાજી! જુદી છે, ખાવાની વાત જુદી છે, પણ વેપારના માટે કોઈ એવી વસ્તુ આપણે બજારમાંથી લાવીને વેચવામાં તો વાંધો નહિને?

ઉત્તર :- જેને ખાવાનું નથી એને વેચવાનું પણ ન હોય. જેને આત્માની રુચિ લાગી એને એવું પણ ન હોય, કાંઈ ન હોય. એવું હોય કોઈ દિ'? જે પોતાને ન હોય એ બીજાને વેચવાનું પણ ન હોય. જેને જીવન આજીવિકા માટે એવો વેપાર ન હોય. આજીવિકા પુણ્ય પ્રમાણે થાય છે, કાંઈ પાપ કરીને આજીવિકા કરવી એવું તો એ કાંઈ હોતું નથી આત્માર્થીને.

પ્રશ્ન :- માતાજી! સરકારનો જે અમુક કાયદો એવો છે કે એનું ફળ છુપાવ્યા વગર પૈસો ભેગો થાય નહિ. તો એ અનીતિમાં ગણાય કે નહિ?

ઉત્તર :- એ લાંબુ બધું ક્યાં કરવું?

પ્રશ્ન :- માતાજી! 'શ્રીમદ્જી'માં એક બીજો બોલ આવે છે કે આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે. એવો પરમપુરુષે કરેલો નિશ્ચય પણ અત્યંત પ્રત્યક્ષ છે. તો શું કહેવા માંગે છે?

ઉત્તર :- આત્મા સૌથી...?

પ્રશ્ન :- આત્મા સૌથી અત્યંત પ્રત્યક્ષ છે.

ઉત્તર :- બધાથી પ્રત્યક્ષ આત્મા જ પ્રત્યક્ષ છે. આત્મા તું જો તો ખરો. આત્મા તારી પ્રત્યક્ષ જ છે. બધાથી પ્રત્યક્ષ આત્મા જ છે. તને આ બધું બહારનું પ્રત્યક્ષ લાગે છે કે આ બધું મને પ્રત્યક્ષ છે. આ બાહ્ય દ્રવ્યો બધા પ્રત્યક્ષ છે. બહારનું તને આંખથી દેખાય એ બધું પ્રત્યક્ષ લાગે છે. ખરી રીતે આત્મા જ પ્રત્યક્ષ છે. કારણ કે તું પોતે જ આત્મા છો અને એ જ્ઞાનસ્વરૂપ આત્મા તું પોતે જ છો. માટે સૌથી પ્રત્યક્ષ હોય તો આત્મા જ પ્રત્યક્ષ છે. એવો પરમ પુરુષે કરેલો નિશ્ચય તે પ્રત્યક્ષ છે. તે અત્યંત પ્રત્યક્ષ છે.

પરમ પુરુષોએ જે નિશ્ચય કર્યો કે આત્મા બધાથી (પ્રત્યક્ષ છે), એનાથી વધારે પ્રત્યક્ષ અત્યંત પ્રત્યક્ષ છે. અને એ બરાબર છે કે આત્મા બધાથી પ્રત્યક્ષ હોય તો આત્મા જ છે. કારણ કે પોતે જ છે અને પોતાની સમીપ નહિ પણ પોતે જ છે. માટે આત્મા પોતે અનુભૂતિમાં આવે એવો છે. માટે આત્મા બધાથી પ્રત્યક્ષ હોય તો આત્મા જ છે. આ તો બધું પરદ્રવ્ય છે. તને પ્રત્યક્ષ લાગે છે. આ આંખથી દેખાય એ બધું. એ તો બધું દૂર છે. એ કાંઈ કોઈને પૂરું જાણી શકતું નથી પરદ્રવ્યનું સ્વરૂપ. આત્માને જે જાણતો નથી, એ પરને જાણતો નથી.

આત્માને જાણે તે જ ખરી રીતે પરને યથાર્થપણે જાણે છે. તું તને નથી જાણતો તો બીજાને પણ જાણી શકતો નથી. માત્ર સ્થૂળપણે તને જાણ્યું અને દેખ્યું લાગે છે. બાકી ખરી રીતે આત્મા પ્રત્યક્ષ છે તું એને જાણ અને દેખ. બધાથી પ્રત્યક્ષ હોય તો આત્મા સ્પષ્ટ પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- પોતે જ હોવાથી પોતાને પ્રત્યક્ષ જ છે.

ઉત્તર :- પોતે હોવાથી પોતાને પ્રત્યક્ષ જ છે.

પ્રશ્ન :- અનુભૂતિ છે તેને પ્રત્યક્ષ છે.

ઉત્તર :- અનુભૂતિ થાય એને તો પ્રત્યક્ષ છે. કારણ કે વેદનમાં આવ્યો. પણ અનુભૂતિ નથી થઈ તોપણ એને જે ગુરુ અને આચાર્યો કહે છે કે તને પ્રત્યક્ષ છે. ઈ એને લાગતું નથી, ભૂલી ગયો છે, પણ સ્વભાવે પ્રત્યક્ષ છે. અનુભૂતિથી પ્રત્યક્ષ છે

પણ બીજાને સ્વભાવથી પ્રત્યક્ષ છે. એનો સ્વભાવ પ્રત્યક્ષ છે, પણ એ ભૂલી ગયો છે એટલે પ્રત્યક્ષ લાગતું નથી. ભૂલી ગયો છે. આત્માને ક્યાં ગોતવો? બહારમાં ગોતે છે, પુદ્‌ગલોમાં ગોતે છે, ચારે બાજુ ગોતે છે, અંદરમાં વિભાવમાં ગોતે છે, શરીરમાં ગોતે છે. આત્મા દેખાતો નથી. પોતાને ભૂલી ગયો. સ્વભાવથી પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- ઇન્દ્રિયથી તો પ્રત્યક્ષ થતો નથી.

ઉત્તર :- ઇન્દ્રિયોથી નથી થતો પણ સ્વભાવથી, જ્ઞાનથી પ્રત્યક્ષ છે. જ્ઞાન પ્રગટ કર તો જ્ઞાનથી પ્રત્યક્ષ છે. એનો સ્વભાવ જ પ્રત્યક્ષ છે, પણ તને દેખાતો નથી. તું ભૂલી ગયો છો. તારી નજર બહાર ગઈ છે.

પ્રશ્ન :- આમાં આવે છે-સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય. એ પ્રત્યક્ષ એટલે આ સ્વભાવથી પ્રત્યક્ષ છે?

ઉત્તર :- આ સ્વભાવથી પ્રત્યક્ષ છે. સકળ નિરાવરણ અખંડ પ્રત્યક્ષ છે. પરમપારિણામિકભાવસ્વરૂપ પોતે પ્રત્યક્ષ છે. અનાદિ-અનંત સ્વભાવરૂપ પરમ પારિણામિકભાવરૂપ પ્રત્યક્ષ છે. અનાદિ-અનંત. છાનો નથી, કોઈએ એને ગોપવ્યો નથી, ગુપ્ત નથી, ક્યાંય દબાઈ ગયો નથી, પણ પોતાનો ઉપયોગ બહાર ગયો એટલે જાણે પોતે છૂપો થઈ ગયો છે, ગુપ્ત થઈ ગયો છે, જાણે ક્યાંય દેખાતો નથી એવું એને થઈ પડ્યું છે. પરમપારિણામિકભાવસ્વરૂપ અનાદિ-અનંત સકલપ્રત્યક્ષ નિરાવરણ છે. એવો આત્મા છે.

પ્રશ્ન :- મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો જ આત્માનો સ્વભાવ છે.

ઉત્તર :- હા. સ્વભાવમાં મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. મતિ-શ્રુતજ્ઞાન પોતે સ્વભાવ તરફ જાય તો એની અનુભૂતિમાં પ્રત્યક્ષ થાય છે.

પ્રશ્ન :- એવો પરમપુરુષે કરેલો નિર્ણય પણ અત્યંત પ્રત્યક્ષ છે.

ઉત્તર :- હા, પરમપુરુષોએ કરેલો નિર્ણય પણ પ્રત્યક્ષ છે. પરમપુરુષોએ નિર્ણય પોતે અનુભૂતિથી કરેલો નિર્ણય એનો પ્રત્યક્ષ નિર્ણય છે. એને અનુભૂતિમાં આવેલું છે માટે એનો નિર્ણય પ્રત્યક્ષ છે. એ અનુભૂતિથી કહી રહ્યા છે.

પ્રશ્ન :- એમ કહેવું છે એમનું?

ઉત્તર :- એમ કહેવું છે. એ અનુભૂતિથી કહી રહ્યા છે કે આત્મા પ્રત્યક્ષ છે. એમનો કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ છે. કારણ કે એ અનુભૂતિથી કહી રહ્યા છે.

પ્રશ્ન :- એવો નિર્ણય અમને વર્તે છે એમ 'શ્રીમદ્‌જી' કહેવા માગે છે?

ઉત્તર :- એવો નિર્ણય અમને વર્તે છે. એવી સ્વાનુભૂતિ અને એવો નિર્ણય

અમને વર્તે છે, એમ કહે છે. જે પરમપુરુષોએ કરેલો નિર્ણય અમને.. એમ કહેવા માગે છે કે અમને પણ સ્વાનુભૂતિથી પ્રત્યક્ષ થયેલો છે. એવા અર્થમાં કહે છે.

પ્રશ્ન :- અત્યંત શબ્દ જે ઉમેર્યો, માતાજી! અત્યંત પ્રત્યક્ષ કીધો અને સ્વભાવમાં પ્રત્યક્ષ કીધો અને અત્યંત પ્રત્યક્ષ...

ઉત્તર :- એ પરમપુરુષોએ કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ (છે). કારણ કે સ્વાનુભૂતિથી પ્રત્યક્ષ છે. બધાને પ્રત્યક્ષ છે. આત્મા પ્રત્યક્ષ છે પણ અમારો કરેલો નિર્ણય, પરમપુરુષોએ કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ છે. કારણ કે સ્વાનુભૂતિથી કરેલો નિર્ણય છે માટે અત્યંત પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- એ નિર્ણય પણ સ્વાનુભૂતિપૂર્વકનો છે?

ઉત્તર :- સ્વાનુભૂતિપૂર્વકનો કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- બેમાંથી બળવાન કોણ? મોક્ષનું કારણ કોણ?

ઉત્તર :- મોક્ષનું કારણ તો આત્મા છે, પણ એનો નિર્ણય તો એની સ્વાનુભૂતિમાં થાય છે. એનો આશ્રય તો આત્મા છે, પણ એ સ્વાનુભૂતિમાં આવે છે એ નિર્ણયમાં આવે છે. માટે પ્રગટની અપેક્ષાએ શ્રદ્ધા બળવાન છે એને. એના આશ્રયની અપેક્ષાએ દ્રવ્ય બળવાન છે એને. સ્વાનુભૂતિ વગર એને ખ્યાલમાં આવતો નથી માટે સ્વભાવથી બળવાન છે, પણ એનું સામર્થ્ય બળવાન છે, પણ સ્વાનુભૂતિમાં એ આવે છે માટે બળવાન સ્વાનુભૂતિ થઈ, પણ એનો આશ્રય આત્મા છે. માટે આત્મા બળવાન છે. આત્માને આશ્રયે સ્વાનુભૂતિ થાય છે.

પ્રશ્ન :- કોઈ અપેક્ષાએ બેય બળવાન લેવો હોય તો લઈ શકાય?

ઉત્તર :- અપેક્ષાએ બેય બળવાન થાય છે. એની સ્વાનુભૂતિ એવી છે કોઈથી ચડે એવું પ્રત્યક્ષપણું એવું છે. કોઈ શંકા કે તર્ક લાગુ પડતા નથી. કોઈથી એ છૂટી શકે એમ નથી. જે કેવળજ્ઞાનમાં જણાણું છે એ એની સ્વાનુભૂતિનો એ કેવળજ્ઞાનનો સ્વાનુભૂતિનો અંશ છે. સિદ્ધની સ્વાનુભૂતિ અને સમ્યગ્દર્શનની સ્વાનુભૂતિ એક છે. માટે એ પ્રત્યક્ષ બળવાન છે. એ પર્યાય અપેક્ષાએ. દ્રવ્યમાં અનંત સામર્થ્ય છે માટે દ્રવ્ય બળવાન છે.

પ્રશ્ન :- માતાજી! ગુરુદેવના એક વચનામૃતમાં આવે છે કે રાગના વિકલ્પથી ખંડિત થતો હતો તે જીવ સ્વરૂપનો નિર્ણય કરીને અંદર સ્વરૂપમાં ઠર્યો, ત્યાં જે ખંડ થતો હતો એ અટકી ગયો અને એકલો આત્મા અનંત ગુણોથી ભરપુર અનંતસ્વરૂપ રહી ગયો તો માતાજી ખંડ થતો હતો તે અટકી ગયો એનો શું અર્થ?

ઉત્તર :- બહારના વિકલ્પમાં હતો ત્યાં સુધી ખંડ થાતો હતો. ઉપયોગ એક પછી એક ફર્યા કરતો હતો એટલે ક્ષયોપશમ જ્ઞાન રાગ સાથે જોડાયેલું હતું એટલે ઉપયોગમાં ખંડ થતો હતો, પણ અંતરમાં ગયો ત્યાં ખંડ થતો અટકી ગયો. પોતે અંતરમાં રાગનો વિકલ્પ છૂટી ગયો એટલે એ ખંડ જે હતો એ ખંડ થતો અટકી ગયો અને સ્વરૂપમાં લીન થયો. માટે અખંડસ્વરૂપ આત્મા છે એની અનુભૂતિ કરે છે. એમ રાગ અપેક્ષાએ ખંડ અટકી ગયો.

પ્રશ્ન :- ખંડ તો જ્ઞાનમાં પડતો હતો?

ઉત્તર :- ખંડ જ્ઞાનમાં પડતો હતો.

પ્રશ્ન :- એ ખંડ અટકી ગયો?

ઉત્તર :- એ ખંડ અટકી ગયો છે.

પ્રશ્ન :- એક અખંડને વિષય કર્યો એટલે જ્ઞાન ખંડખંડરૂપ થતું અટકી ગયું?

ઉત્તર :- અટકી ગયું. અખંડનો વિષય કરી અને સ્વાનુભૂતિમાં ગયો એમાં સ્થિર થયો એટલે ક્ષયોપશમ જ્ઞાનનો જે ખંડ થતો હતો એ અટકી ગયો. એના ઉપયોગમાંથી અટકી ગયો.

પ્રશ્ન :- એક અખંડ સિવાય કોઈને વિષય કરવો એ જ્ઞાનનું ખંડખંડપણું? એ પણ પરજ્ઞેયને.

ઉત્તર :- હા. જ્ઞાન પર તરફ જાય છે માટે ખંડખંડ થાય છે.

પ્રશ્ન :- સ્વાનુભવ થતાં એ ખંડ અટકી ગયો.

ઉત્તર :- એ ખંડ અટકીને એક અખંડનો વિષય કર્યો છે માટે એ ખંડ અટકી ગયો.

પ્રશ્ન :- વિકલ્પ અટકી ગયો કહીએ કે ખંડ અટકી ગયો બધું એક જ છે આમ તો.

ઉત્તર :- બેય એક જ છે. વિકલ્પ અટકી જાય એટલે ખંડ અટકી જાય છે એને. બે સાથે-રાગનો વિકલ્પ અને જ્ઞાનનો ખંડ બે સાથે રહેલું છે.

પ્રશ્ન :- જ્યાં સુધી વિકલ્પ હોય છે ત્યાં સુધી જ્ઞાન પણ ખંડખંડ...

ઉત્તર :- ખંડખંડ થાય છે. અંદર સ્વનુભૂતિમાં ગયો એટલે ઈ ખંડ થતો અટકી ગયો. પોતે પોતાને વિષય કર્યો અને સ્વાનુભૂતિ કરે છે. પોતે પોતાના ગુણોને જાણે છે. હજી ક્ષયોપશમ જ્ઞાન છે જ્યાં સુધી કેવળજ્ઞાન નથી થયું ત્યાં સુધી હોય છે. એટલે બહાર આવે છે ત્યાં ભેદજ્ઞાનની ધારા ચાલુ રહે છે, પણ ક્ષયોપશમ જ્ઞાન છે

એટલે રાગની સાથે જ્ઞાન પણ ઉપયોગ પણ ફર્યા કરે છે. માટે પાછો બહાર આવે છે ત્યારે ઉપયોગ ખંડખંડ થાય છે, પણ એને આશ્રય એક અખંડનો રહે છે. બહાર આવે તોપણ આશ્રય તો એક અખંડનો જ છે. કેવળજ્ઞાન થાય, પૂર્ણ જ્ઞાન થાય ત્યારે એ ખંડ પછી એકદમ મૂળમાંથી ક્ષયોપશમ જ્ઞાન પલટીને ક્ષાયિકજ્ઞાન થઈ જાય છે.

પ્રશ્ન :- પછી બહારમાં આવતા જે ખંડ થતો હતો એ ખંડ નથી થતો?

ઉત્તર :- એ ખંડ અટકી ગયો બધો પૂર્ણ રૂપે. આ તો સ્વાનુભૂતિની અપેક્ષાએ અટકી ગયો છે. સ્વાનુભૂતિ વખતે અટકી ગયો છે. અને બહાર આવે તોપણ આત્માનો આશ્રય લીધો માટે એ ખંડ અમુક દર્શન અપેક્ષાએ અટકી ગયો છે.

પ્રશ્ન :- અખંડની પરિણતિપૂર્વક બહાર ઉપયોગ જાય છે.

ઉત્તર :- હા. પરિણતિ પોતાની ચાલુ રાખીને બહાર જાય છે. પહેલા ખંડખંડ થાતો હતો એવો નથી થતો. અખંડ જ્ઞાયકને ગ્રહણ કરીને બહાર જાય છે. પહેલા તો પોતાનું જ્ઞાન નહોતું એટલે ખંડ એક પછી એક, ખંડ, ખંડ-ખંડ જ થયા કરતો હતો, પણ આત્માનો આશ્રય લીધો એટલે અખંડને હાથમાં લીધો છે. અખંડતા રાખીને પછી બહાર જાય છે.

પ્રશ્ન :- પહેલા તો પૂરેપૂરો પરમાં એકાકાર થઈ જતો હતો.

ઉત્તર :- પૂરેપૂરો થઈ જતો હતો. કાંઈ ખબર નહોતી. જે વિકલ્પ આવે એ વિકલ્પમય થાતો હતો. જે જાતનો રાગ આવે એ રૂપે થાતો હતો. અંદર કોઈ મંદ કષાય હોય એને એમ થાય આ ઠીક નથી. પણ એ રૂપે થાય. પોતે કોઈ જાતનું જ્ઞાયકને હાથમાં એને ગ્રહણમાં નહોતો. આ તો જ્ઞાયક ગ્રહણમાં પોતાને હાથમાં રહે છે અને બહાર જાય છે.

પ્રશ્ન :- આમ જોઈએ તો મોટો ફેર પડી ગયો.

ઉત્તર :- મોટો ફેર પડી ગયો. એની દિશા આખી બદલાય ગઈ છે. એની ઉગમણી-આથમણી દિશા થઈ ગઈ. ઓલી તો દિશા એકલી બહારની જ હતી અને આ દિશા તો આત્માની થઈ ગઈ. દિશા-સ્વસન્મુખ આત્માનો આશ્રય લીધો માટે દિશા-પરિણતિની આખી દિશા બદલાઈ ગઈ. પોતાને ગ્રહણ કરીને પછી બહાર જાય છે. એટલે ખરી રીતે પોતે ભેદજ્ઞાનની ધારા, જ્ઞાનની ધારા ચાલુ રાખીને જાય છે. એટલે અખંડ મુખ્ય રહે છે અને ખંડ ગૌણ થાય છે. અખંડ મુખ્ય. ઉપર પોતે તરતો અખંડ રહીને પછી ખંડ થાય છે. એ ખંડ ગૌણ થાય છે.

પ્રશ્ન :- નીચેની ભૂમિકામાં ઝાઝો કાળ ઉપયોગ બહારમાં જવા છતાં પણ એ ગૌણપણે ખંડ રહે છે.

ઉત્તર :- ગૌણ ખંડ રહે છે. મુખ્ય અખંડતા રહે છે. અસ્થિરતાને ગૌણ કહેવામાં આવે છે. ભેદજ્ઞાનની ધારા મુખ્ય રહે છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૨ C

પ્રશ્ન :- ...

ઉત્તર :- દોનોં એક સાથમેં હોતા હૈ-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. વહ શ્રદ્ધા દ્રવ્યકા આશ્રય લેકર સમ્યગ્દર્શન હોતા હૈ, સ્વાનુભૂતિ હોતી હૈ ઔર જ્ઞાન ભી દ્રવ્યકા આશ્રય લેતા હૈ. જ્ઞાનકા ઉપયોગ તો સ્વાનુભૂતિ જબ હોતી હૈ તબ જ્ઞાનકા ઉપયોગ તો સ્વમેં હૈ. જબ બાહર આતા હૈ તબ સ્વરૂપકી ભેદજ્ઞાનકી પરિણતિ રહતી હૈ, જ્ઞાનકી પરિણતિ રહતી હૈ. ઉપયોગ તો બાહર હોતા હૈ. વહ શુભાશુભ ભાવોમેં જાતા હૈ ગૃહસ્થ હોવે તો ઉપયોગ તો બાહર હોતા હૈ. જબ બાહર આવે તો ઉપયોગ બાહર હોતા હૈ લેકિન પરિણતિ ભેદજ્ઞાનકી રહતી હૈ. ભેદજ્ઞાનકી રહતી હૈ.

પ્રશ્ન :- ઉપયોગ તો ઉસ કાલમેં અંદર રહતા હૈ.

ઉત્તર :- સ્વાનુભૂતિ કે સમયમેં તો ભીતરમેં સ્વાનુભૂતિમેં તો અંતર આત્મામેં ઉપયોગ રહતા હૈ.

પ્રશ્ન :- ઉપયોગ ઔર દર્શન એક સાથમેં હોતા હૈ. તો ઉસ સમય ઉપયોગ દર્શન કે સાથ હોતા હૈ?

પ્રશ્ન :- દર્શનઉપયોગ હોય છે કે જ્ઞાનઉપયોગ હોય છે એ ટાઈમમાં? દર્શનની સાથે ઉપયોગ હોય છે કે જ્ઞાનની સાથે?

ઉત્તર :- સ્વાનુભૂતિ વખતે દર્શનઉપયોગ હોય, જ્ઞાનઉપયોગ હોય એમ કહે છે?

પ્રશ્ન :- નહિ. એમ નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે ઉપયોગ છે એ શ્રદ્ધાની સાથે કે જ્ઞાનની સાથે?

ઉત્તર :- એક ગુણ પર ઉપયોગ હો તો દૂસરે ગુણ કો નહીં જાન સકતા ઐસા નહીં હોતા. ઉપયોગ તો સબકો જાનતા હૈ. ઉપયોગ જ્ઞાનકો જાનતા હૈ, ઉપયોગ

દર્શન કો જાનતા હૈ, ઉપયોગ દૂસરે ગુણોં કો ભી જાનતા હૈ.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન જબ હોતા હૈ તો જ્ઞાન કે સાથ હોતા હૈ, તો ઉપયોગમેં જિતના ...

ઉત્તર :- એ શું કહે છે?

પ્રશ્ન :- જ્ઞાનમાં અખંડ પરમાત્માઓને જેટલું જ્ઞાનમાં આવે છે એટલું જ ઉપયોગમાં સમ્યગ્દષ્ટિને (આવે છે)?

ઉત્તર :- દો હજાર સાગરોપમમેં તેરે આત્મા કા કલ્યાણ કર લે, ઐસા કહતે હૈં. સમય તો ચલા જાયે. કાલ પૂરા હો તો ચલે જાયે. ઐસે ભવ જીવને અનંત કિયે હૈં, અનંતકાળ ચલા ગયા. નિગોદમેં અનંત કાલ હુઆ, ત્રસ હુઆ. સાગરોપમકા કાલ. દો હજાર સાગરોપમકા કાલ ભી બિતાયા, ફિર નિગોદમાં ગયા. ઐસે અનંતકાલ ગયા. અબ તો મનુષ્યપર્યાય હુઈ ઔર ઐસા ધર્મ મિલા, ઐસે ગુરુ મિલે, આત્માકા સ્વરૂપ સમજાનેવાલે ગુરુ મીલે તો આત્મા કા કલ્યાણ કર લે. વહ કરના હૈ. આત્માકા કલ્યાણ હોતા હૈ વહ કરના જરૂરી હૈ.

પ્રશ્ન :- કૌન સી વિધિસે સમ્યગ્દર્શન ઈસ ભવમેં પ્રાપ્ત હો જાયે?

પ્રશ્ન :- કેવી વિધિથી આ ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ જાય?

ઉત્તર :- આત્માકી લગની લગની ચાહિયે. આત્માકા સ્વભાવ પહચાનના ચાહિયે. શાસ્ત્રકા અભ્યાસ કરે લેકિન ભીતરમેં આત્માકે સ્વભાવકો પહચાનના ચાહિયે. યહ શરીર ભિન્ન હૈ, આત્મા ભિન્ન હૈ, યહ વિભાવકા સ્વભાવ મેરા સ્વભાવ નહીં હૈ. મેરે આત્માકા સ્વભાવ વિભાવ નહીં હૈ. વહ તો આકુલતારૂપ હૈ, દુઃખરૂપ હૈ. ઐસા ભેદજ્ઞાન કરે, ભીતરમેં શ્રદ્ધા કરે, તત્ત્વકા નિર્ણય યથાર્થ કરે. પુરુષાર્થ કરના ચાહિયે, લગની લગાની ચાહિયે. આત્મા કે બિના કહીં ચૈન પડે નહીં, ઐસી અંતરમેં સે લગની લગની ચાહિયે.

પ્રશ્ન :- વિકલ્પ ઉઠને લગતે હૈં.

ઉત્તર :- વિકલ્પ હોવે તો ભી આત્માકી લગની લગાની ચાહિયે. બાર બાર ઐસે વિચાર કરના ચાહિયે, તત્ત્વકા નિર્ણય કરના ચાહિયે.

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે. રૂઢિગત પૂજાની પરંપરાથી પૂજા કરે તો એ શું ધર્મમાં નિમિત્ત થાય? અને જો ન થાય તો કોઈ એવા વિશેષ પ્રકારની પૂજા એ ધર્મમાં નિમિત્ત થાય એવો કોઈ પ્રકાર ખરો?

ઉત્તર :- રૂઢિગત પૂજાથી તો ધર્મમાં નિમિત્ત એટલે સ્વભાવ ધર્મ એમાં નિમિત્ત

એવી રીતે તો ન થાય. એ તો શુભભાવરૂપ માત્ર રૂઢિગતે (કરે છે), આત્માનો હેતુ નથી. રૂઢિગત આપણે ભગવાનની પૂજા કરી તો સારું થાશે. એમ કરીને શુભભાવરૂપ કરે. એમ રૂઢિગતે તો એ શુભભાવરૂપ પુણ્યબંધ થાય, રૂઢિગત રીતે. બાકી આત્માનું ધ્યેય હોય એને કે કરવાનું અંતરમાં છે. તત્ત્વનો નિર્ણય કરવાનો છે, આ અંતર સ્વભાવ ઓળખવાનો છે. પણ એમાંને એમાં રહી ન શકે એકમાં એટલે ભગવાનની પૂજા કરે, મહિમા કરે, ભગવાનની ભક્તિ કરે એ બધું કરે, પણ ધ્યેય અંતરમાં હોય તો ભગવાનના દર્શન કરવાથી સારા વિચારો આવે. ભગવાનનું નિમિત્ત બને ઉપાદાન તૈયાર થવામાં, પણ આત્માનું ધ્યેય હોય તો.

પ્રશ્ન :- એમ કહેવું છે કે આત્માના ધ્યેયપૂર્વક જો પૂજા આદિ કરે તો એ સાચા ધર્મમાં નિમિત્ત થવાનો અવકાશ છે.

ઉત્તર :- નિમિત્ત થવાનો અવકાશ છે. એમ. તત્ત્વના નિર્ણયના વિચાર કરવાની સાથે હોય તો. વિચાર અંતર નિર્ણય કરે. ધ્યેય હોય તો.

પ્રશ્ન :- ભગવાનનું સ્વરૂપ, ભગવાન વીતરાગ છે, ભગવાન સર્વજ્ઞ છે એવી રીતે જાણીને ભગવાનની પૂજા કરે તો એમાં કાંઈ ફેર પડે?

ઉત્તર :- હા. ભગવાનનું સ્વરૂપ વિચારીને ભગવાનની મહિમા એવી રીતે લાવીને પૂજા કરતો હોય તો એમાં ફેર છે. એમાં નિમિત્ત બને છે ભગવાન.

પ્રશ્ન :- રૂઢિગત પૂજામાં અને આમાં ફરક છે?

ઉત્તર :- ફરક છે, હા. જિનપ્રતિમા જિનસારખી. ભગવાન અને ભગવાનની પ્રતિમામાં જે ભેદ દેખતો નથી એને અલ્પભવ સ્થિતિ જાકે સોહી જિનપ્રતિમા પ્રમાણે જિનસારખી. જિન ભગવાનમાં, જિનપ્રતિમામાં કાંઈ ભેદ દેખતો નથી. એવો ઉલ્લાસ ભાવ એને અંતરમાંથી આવે છે. ઓહો..! ભગવાન વીતરાગ છે. હું ભગવાન અને પ્રતિમામાં કાંઈ ભેદ દેખતો નથી. એવી અંતરથી ભાવના, ભક્તિ આવે છે. તો એની ભવસ્થિતિ અલ્પ થઈ જાય છે. કારણ કે એને આત્માના ધ્યેયપૂર્વક, આત્માના ઉલ્લાસપૂર્વક એવી ભક્તિ આવે છે. ભક્તિ એવી રીતે નિમિત્ત બને છે. પણ એની સાથે તત્ત્વનો વિચાર અને એ બધું હોવું જોઈએ. વિચારપૂર્વક હોવું જોઈએ.

પ્રશ્ન :- ૪૮ ભવ હોય છે, એમાં ૧૬ ભવ...

પ્રશ્ન :- ૪૮ ભવ શેના?

પ્રશ્ન :- ત્રસની સ્થિતિમાં..

પ્રશ્ન :- ...જીવ દરિદ્ર રહે તો એમ બને તો આ જગતને વિષે તે અગિયારમું

આશ્ચર્ય છે. 'શ્રીમદ્જી'ને આમાં શાના ઉપર ભાર આપવો છે? અને કેવા પ્રકારનો ભાર આપવો છે?

ઉત્તર :– સત્પુરુષ જેવું કલ્પવૃક્ષ મળે અને શું જીવ...?

પ્રશ્ન :– દરિદ્રી રહે.

ઉત્તર :– દરિદ્રી રહે.

પ્રશ્ન :– એમ બને તો આ જગતને વિષે અગિયારમું આશ્ચર્ય છે.

ઉત્તર :– સત્પુરુષ જેવું કલ્પવૃક્ષ મળે અને જો તું દરિદ્રી રહ્યો તો એક આશ્ચર્ય છે. આવું કલ્પવૃક્ષ મળ્યું અને તું તૈયાર ન થયો? એમ 'શ્રીમદ્' કહે છે કે તું આવું કલ્પવૃક્ષ મળ્યું અને તું તૈયારી કર. એમ. નહિતર આશ્ચર્ય (છે). સત્પુરુષની મહિમા એવી છે કે એ નિમિત્ત એવું બળવાન છે કે જો તારી તૈયારી હોય તો તારું બધું દરિદ્ર તૂટી જાય અને તને આત્માની પ્રાપ્તિ થાય. તને મુક્તિનો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. તને આત્મા એવો અદ્ભૂત તને પ્રગટ થયા વગર રહે જ નહિ. એવું આશ્ચર્ય નિમિત્ત એવું બળવાન છે એવું કલ્પવૃક્ષ મળ્યું અને જો તું દરિદ્રી રહ્યો તો પછી એક આશ્ચર્યની વાત છે. એટલે એમ કહેવું છે કે તું દરિદ્રી રહે જ નહિ, પણ તું તૈયારી એવી કર, એમ કહે છે.

પ્રશ્ન :– તૈયારીની જવાબદારી તો પાછી પોતા ઉપર.

ઉત્તર :– તૈયારીની જવાબદારી પોતાની રહે છે. સત્પુરુષ કરી દેતા નથી.

પ્રશ્ન :– અમે બધા અગિયારમું આશ્ચર્ય છીએ.

ઉત્તર :– પોતાનો આત્મા અંદરથી કહે એમ. પોતાની હૂંફ પોતાને આવવી જોઈએ કે હું પુરુષાર્થ કરવાનો છું, મારો આત્મા તૈયાર થવાનો જ છે. એવી હૂંફ પોતાને આવે છે કે નહિ એ જોવાનું. નહિતર તો ભગવાન આગળ ગયો. ભગવાનના સમવસરણમાં ગયો, ભગવાનની દિવ્યધ્વનિ મળી એ તો મોટામાં મોટું પ્રબળ નિમિત્ત સર્વોત્કૃષ્ટ છે. તો ત્યાંથી પાછો આવ્યો એ એક આશ્ચર્ય છે. કારણ કે પોતાની તૈયારી વગર, ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત તો બળવાન છે. એમ સત્પુરુષ પણ એક બળવાન નિમિત્ત છે. આ કાળની અંદર સત્પુરુષ જેવું કલ્પવૃક્ષ તને મળ્યું અને જો તું દરિદ્રિ રહ્યો તો તું તો મૂરખ છો. તેં પુરુષાર્થ ન કર્યો. એમ. તેં પ્રમાદમાં કાળ ગાળ્યો એમ.

પ્રશ્ન :– એમાં કચાશ પોતાના ઉપાદાનની. કયા પ્રકારની એ તો પોતે જાણી શકે.

ઉત્તર :- એ તો પોતે જાણી શકે. પોતાને હૂંફ અંદરથી આવવી જોઈએ કે આવા મહાપુરુષ મળ્યા અને મારી તૈયારી થવાની જ છે અને મને મુક્તિ પ્રાપ્ત થવાની જ છે. એવી હૂંફ (આવે). અત્યારે પુરુષાર્થ અમુક પ્રકારે ઉપડતો હોય તોપણ એને હૂંફ આવે. પોતાના આત્મા ઉપર આધાર રાખે છે. એની પોતાની પાત્રતા ઉપર.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૩ A

પ્રશ્ન :- ભગવતી માતા! એક પ્રશ્ન છે. શ્રીમદ્જીમાં આવે છે કે આત્મામાં કેવળજ્ઞાન સત્તારૂપે છે અને આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. સત્તારૂપે અને શક્તિરૂપેમાં શું તફાવત છે?

ઉત્તર :- સત્તારૂપે અને શક્તિરૂપે? એટલે શક્તિમાં છે? એને કર્મનું નિમિત્તમાત્ર છે અને સત્તા એ જુદી રીતે છે. શક્તિરૂપે એટલે કર્મનું નિમિત્ત છે પણ પોતાની જ્ઞાનની પરિણતિ ઓછી થઈ ગઈ છે. પોતાને જ્ઞાનનું કારણ છે, કર્મનું નિમિત્ત છે. સત્તા એટલે સત્તા જ માત્ર નહિ. અંદર બધું ભર્યું છે અને માત્ર કર્મ આડું છે એવી જાતનું નથી. એમ.

પ્રશ્ન :- પડી જ છે સત્તા. આ તો સામર્થ્ય છે. શ્વેતાંબર એમ કહે છે, સત્તા છે.

ઉત્તર :- હા, ઈ એમ કહે છે કે માત્ર સત્તા છે. સૂર્ય આખેઆખો છે પણ આડા વાદળા આવી ગયા છે. અંદર આખો છે. એમ નથી. પણ શક્તિમાં કેવળજ્ઞાન પોતે અંદરથી પોતાની પરિણતિથી અંદર ઓછુ પોતાની પરિણતિથી થયું છે, કર્મ નિમિત્ત છે. સત્તા એટલે વાદળા કર્મના આડા આવી ગયા અને અંદર એમને એમ ભર્યું છે એમ નથી. શક્તિમાં અને સત્તામાં એમ ફેર છે.

પ્રશ્ન :- શક્તિ તે યથાર્થ છે?

ઉત્તર :- એ વાત યથાર્થ છે. શક્તિનું યથાર્થ છે.

પ્રશ્ન :- 'ટોડરમલજી'એ કીધુંને, સત્તામાં હોય તો વજ્રપટલ આડી આવે તોપણ કોઈ એને રોકે નહિ. એવું પડ્યું નથી કાંઈ.

ઉત્તર :- અંદર પડ્યું નથી.

પ્રશ્ન :- સામર્થ્યરૂપ છે, મોજૂદગી કાંઈ વ્યક્તરૂપ નથી.

ઉત્તર :- અંદર એમ ને એમ પડ્યું અને આડા વાદળા આવી ગયા છે. એવું નથી, એવું નથી.

પ્રશ્ન :- એક બીજો પ્રશ્ન છે. એ પણ 'શ્રીમદ્જી'માં જ આવે છે. ચોથા ગુણસ્થાન પહેલા ઉપદેશક હોવા ન જોઈએ. એટલે એમાં શું કહેવાનો આશય હશે?

ઉત્તર :- યથાર્થ ઉપદેશ તો જે મક્તિનો માર્ગ જાણે એ જ આપી શકેને? એટલે યથાર્થ ઉપદેશક તો એને જ કહેવાય કે જે આત્માને જાણતા હોય તે જ યથાર્થ વાત કરી શકે છે. જેને મુક્તિનો માર્ગ પ્રગટ થયો, અંદર સ્વાનુભૂતિ પ્રગટ થઈ તે જ સાચો ઉપદેશ આપી શકે છે. બીજું તો જે હજી સમજ્યા નથી એ ઉપદેશ આપે તો બધું એમ. પણ આત્માર્થી હોય અને ગુરુ આગળ સાંભળ્યું હોય, ગુરુનો આશય સમજીને એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જાણીને એમ ઉપદેશ દેતા હોય તો એ વાત જુદી છે. બાકી બરાબર યથાર્થપણે ચારે પડખેથી ઉપદેશ દેનારા તો, જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું તે આપી શકે છે.

પ્રશ્ન :- ગુરુ-આજ્ઞાથી ઉપદેશ આપે તો વાંધો નહિ?

ઉત્તર :- ગુરુની આજ્ઞાથી આપે તો એમાં વાંધો નથી.

પ્રશ્ન :- સત્પુરુષ આપે અથવા સત્પુરુષનો આશ્રિત.

ઉત્તર :- જે ગુરુએ કીધું એ આશય સમજીને ગુરુની આજ્ઞાથી અથવા એમનો આશય સમજીને એવો આત્માર્થી ઉપદેશ આપે તો એમાં વાંધો નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવના વચનામૃત'માં આવે છે કે જ્ઞાનીના આંતરિક જીવન સમજ્યા વગર અંદરની પાત્રતા જોઈએ. જ્ઞાનીનું આંતરિક જીવન સમજવા માટે અંતરની પાત્રતા જોઈએ.

ઉત્તર :- એનું આંતરિક જીવન શું છે? એનો અંતરનો આત્મા શું કામ કરે છે? એની દૃષ્ટિ જુદી થઈ ગઈ છે, એને ભેદજ્ઞાન થઈ ગયું છે, જગતથી જુદા થઈ ગયા છે. એને સમજવા માટે જે પાત્ર જીવ હોય તે સમજી શકે છે. બાકી બહારથી જોવે તો એનું અંતર જોઈ શકાતું નથી. જે પાત્ર જીવ હોય ઈ, એનું હૃદય શું કામ કરે છે? એનો આશય શું છે? એની વાણી કેવી છે? એ બધું જોઈ શકે છે. બાકી તો ગૃહસ્થાશ્રમમાં હોય અને એના કાર્યો દેખીને નક્કી કરે તો એ કાંઈ પાત્ર જીવ ન હોય અને માત્ર સ્થૂળ દૃષ્ટિએ એ આમ કામ કરતા હતા અને એ અહીં બેઠા હતા, આમ બોલતા હતા, આ કરતા હતા, એમ બહારથી જોવે તો યથાર્થ જાણી શકતા નથી. જે પાત્ર જીવ હોય, જેને આત્માની પડી હોય, જેને આત્માનું કલ્યાણ કરવું હોય તે

અંતર દૃષ્ટિથી જોવે કે એનું અંતર શું કામ કરે છે? એને શું અંદરથી પ્રગટ થયું છે? તે પાત્ર જીવ હોય તે પકડી શકે.

પ્રશ્ન :- પાત્ર જીવ એટલે અંતરમાં વલણ જેનું પોતાનું પણ વલણ અંતર તરફ ગયું છે થોડુંઘણું.

ઉત્તર :- હા. પોતાનું વલણ અંતર તરફ ગયું છે, માત્ર બહારથી જોતા નથી.

પ્રશ્ન :- એ જ જ્ઞાનીનું અંતર...

ઉત્તર :- અંતર જોઈ શકે છે. પોતે પાત્ર જીવ હોય, સજ્જન હોય તો બીજાના ગુણગ્રાહી જેની દૃષ્ટિ હોય તે ગુણને ગ્રહણ કરે છે અને આ તો જ્ઞાનીને ઓળખવા છે માટે એના બાહ્ય કાર્યો ઉપરથી જોઈ ન શકાય. પાત્ર જીવ હોય એ એનું અંતર જોવે છે. કોઈ સજ્જન હોય તોપણ બીજાને ઓળખવા માટે સજ્જન હોય એને બહારથી નથી જોતો, એના ગુણ ઉપર જોવે છે. સ્થૂલ લૌકિકમાં પણ એમ છે. આ તો જ્ઞાનીને ઓળખવા છે માટે પોતાનું અંતરમાં વલણ હોય, જેને આત્માની પડી હોય તે જ્ઞાનીને જોઈ શકે છે.

પ્રશ્ન :- કેમકે જ્ઞાનીની પરીક્ષા અંતર વલણ ઉપરથી જ એનું આખું માપ છે.

ઉત્તર :- આખું માપ અંતરની પરિણતિ ઉપર. કઈ જાતની એની પરિણતિ છે? શું એ બોલે છે? શું એનો આશય છે? એના ઉપરથી સમજી શકાય છે.

પ્રશ્ન :- બહુ જવાબદારી છે.

ઉત્તર :- જવાબદારી છે જ્ઞાનીને ઓળખવામાં. બાહ્ય ઉપરથી નક્કી કરી શકાતું નથી. એ ગૃહસ્થાશ્રમમાં હોય, આમ બેઠા હતા, આમ બોલતા હતા, આમ હતું, આમ વેપાર કરતા હતા. એ બધું એની ક્રિયાઓ ઉપરથી જોઈ શકાતું નથી.

પ્રશ્ન :- એમાંથી એને ભ્રમણા થઈ જાય.

ઉત્તર :- ભ્રમણા થઈ જાય છે બાહ્ય ક્રિયાઓ જોવાથી.

પ્રશ્ન :- જ્ઞાની હોય અને એની દૃષ્ટિમાં અજ્ઞાની દેખાય અને અજ્ઞાની હોય એ એની દૃષ્ટિમાં જ્ઞાની દેખાય. અંતરથી ન જોવે.

ઉત્તર :- તો એવી ભૂલ થાય. ભ્રમણા થઈ જાય. જ્ઞાનીને બીજી દૃષ્ટિએ જોવે અજ્ઞાનીની. અને જેની દૃષ્ટિ વિપરીત હોય એને એ સાચું માની લે. કારણ કે બહુ જોરથી ઉપદેશ દેતા હોય બધું. બહારથી બહુ દેખાવ બરાબર હોય. ત્યાગ ને બધું એવું હોય તો એને પકડી શકે નહિ. ક્ષયોપશમજ્ઞાન હોય, ત્યાગ હોય, એવું બધું જોઈને ખોટું નક્કી થઈ જાય એને. એવું થઈ જાય.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'ને તો બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુના. 'ગુરુદેવ'ને તો બાહ્ય-અભ્યંતર સ્થિતિ...

ઉત્તર :- બાહ્ય અને અભ્યંતર-બેય રીતે એમને તો ઓળખી શકાય એવું હતું. એ તો બહારથી ત્યાગી હતા. એમનું બધું આચરણ બહારથી પણ જણાય એવું હતું અને અંતરથી પણ. એમની વાણીમાંથી એમનું આખું હૃદય દેખાય એવું હતું. એમના બધા આચરણ ઉપરથી બધાને અસર થાય એવું હતું. બાહ્ય અને અભ્યંતર બધી રીતે બીજાને અસર થાય એવું હતું. એમને બહાર પુણ્ય અને પવિત્રતા અને બહારમાં એમનો ત્યાગ અને વૈરાગ્ય-એ બધું બીજાને અસર કરે એવું હતું. એમનું જ્ઞાન, એમની વાણી બધી રીતે પરિચયમાં માત્ર અજાણ્યો માણસ દર્શન કરે તો અસર થાય એવું હતું. વાણી સાંભળે ત્યારે વધારે અસર થાય. મૌન બેઠા હોય તો અસર થાય એવું હતું. એમનું આચરણ, એમની મુદ્રા બધું એમનું જીવન આખું બધું અસર કરે એવું (હતું). જે ગૃહસ્થાશ્રમમાં હોય એને ઓળખવા મુશ્કેલ પડે છે.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં આવે છે કે પુરુષાર્થરહિત થઈને દ્રવ્યાનુયોગની વાતો કરે તો તે નિશ્ચયાભાસ છે. તો એમાં પુરુષાર્થ કોને કહેવો?

ઉત્તર :- માત્ર વાતું કરે, અંતરમાં કાંઈ લાગે નહિ. દ્રવ્ય શુદ્ધ છે, દ્રવ્યમાં શુદ્ધતા છે. અશુદ્ધતા થઈ જ નથી બધી, કાંઈ છે નહિ. એવી બધી વાતું કર્યા કરે. દ્રવ્ય તો અનાદિ-અનંત શુદ્ધ છે. ક્યાં કાંઈ છે? કોઈ કોઈનું કરતું જ નથી. આપણે ક્યાં કોઈનું કાંઈ કરીએ છીએ? કોઈની સાથે રાગ-દ્વેષ કરે (અને કહે કે) હું ક્યાં કાંઈ કરું છું? એવી બધી લુખ્ખી વાતું કરે પુરુષાર્થહીનતાની. પુરુષાર્થહીન થઈને દ્રવ્યાનુયોગની વાતું કરે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરતું નથી કાંઈ. પછી ગમે તેમ વર્તન થાય તો વાંધો નથી. એવી બધી દ્રવ્યાનુયોગની વાતો કરે મોટી મોટી, પણ આચરણમાં કાંઈ નહિ. અંદર કોઈ હૃદય ભીંજાયેલું નથી જેનું. આત્માની કાંઈ લાગી નથી. આત્માની લાગવી જોઈએ, અંદર પુરુષાર્થ હોવો જોઈએ. દ્રવ્ય શુદ્ધ છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે. એ શુદ્ધતાનું વેદન મને કેમ થાય? શુદ્ધ તો છે દ્રવ્ય પણ એ શુદ્ધતારૂપે મને વેદનમાં કેમ આવે? એમ એનું અંતરથી હૃદય ભીંજાયેલું હોવું જોઈએ.

પ્રશ્ન :- દ્રવ્યસન્મુખ થઈને એ જો કહેતો હોય તો તો એ નિશ્ચયાભાસમાં નથી જતો?

ઉત્તર :- હા. તો નથી જતો.

પ્રશ્ન :- અને પરસન્મુખ, એકાંતે પરસન્મુખ અને પરમાં રસ...

ઉત્તર :- પરમાં રસ છે, વેદાય છે અને દ્રવ્યની વાતું કરે છે પોતાના બચાવ ખાતર. ઓલી કાંઈક વાત આવતી હતી. એક કોઈકને કાંઈક મારતું જાય, હું તને કાંઈ મારતો નથી. કોઈ કોઈને કાંઈ કરતું નથી. એ બધી એવી નિશ્ચયાભાસની વાતું છે.

પ્રશ્ન :- પુરુષાર્થમાં, ખાસ કરીને મારો પ્રશ્ન એ હતો કે એમ કહ્યુંને પુરુષાર્થરહિત થઈને...

ઉત્તર :- પુરુષાર્થ વગરનો થઈને. પુરુષાર્થ કાંઈ કરતો નથી. મારે દ્રવ્યને ઓળખવું છે, મારે આત્મા કેમ મારો પ્રગટ થાય? એ શુદ્ધતા અંતરમાં છે એ શુદ્ધતા કેમ પ્રગટ થાય? એ શુદ્ધાત્માની પર્યાય મને પ્રગટ થાય અને શુદ્ધરૂપે હું પરિણમન કરું એવી જાતની અંદર ભાવના નથી, એવી જાતનું આત્મા તરફ વલણ નથી, કાંઈ નથી. મને કેમ ભેદજ્ઞાન થાય? હું જ્ઞાતા જ્ઞાતારૂપે પરિણમન કરું કેવી રીતે? જ્ઞાતા તો છે પણ જ્ઞાતારૂપે પરિણમન કરું. કર્તા નથી જ્ઞાતા છે, પણ જ્ઞાતા જ્ઞાતારૂપે મને વેદનમાં કેમ આવે? એવી જાતનો અંદર પુરુષાર્થ કરે, વિચાર કરે, નક્કી કરે તો એ તો એને પુરુષાર્થની ભાવના છે. તો અહીં પોતા તરફ વળે છે. આ તો એ જાતનું કાંઈ નથી, માત્ર બોલવાનું છે, દ્રવ્યાનુયોગની વાતું.

પ્રશ્ન :- પુરુષાર્થમાં, માતાજી! પુરુષાર્થમાં તત્ત્વદૃષ્ટિ, સત્સમાગમ, સત્શાસ્ત્રો એ બધું પુરુષાર્થમાં લઈ લેવુંને?

ઉત્તર :- બધું લઈ લેવું. એ તરફ પોતાનું વલણ છે એ બધું પુરુષાર્થમાં લઈ લેવું. પોતાને જે રુચિ છે તે તરફની પોતાને ભાવના છે. સત્સમાગમ, તત્ત્વના વિચારો એ બધું ભક્તિ, બધું. એની ભાવના એ બાજુની રહે છે. પછી બહાર કાર્ય કેટલું થાય એ જુદું, પણ એની ભાવના તે તરફ (રહે). મહિમા દેવ-ગુરુ-શાસ્ત્રની, તત્ત્વના વિચારો, પરથી અંતરમાં વિરક્તિ આવે, અંદર બહારનો રસ ઓછો થઈ જાય, એ બધું એને અંતરથી હૃદય ભીંજાયેલું હોવું જોઈએ. એ બધું એને પુરુષાર્થ તરફ પોતાનું વલણ છે.

પ્રશ્ન :- એ જીવનું વલણ પુરુષાર્થ તરફ છે?

ઉત્તર :- એનું પુરુષાર્થ તરફ વલણ છે. તત્ત્વના વિચારો કરે, નિર્ણય કરે. દ્રવ્ય શુદ્ધ છે, કેવી રીતે શુદ્ધ છે? પર્યાયમાં અશુદ્ધતા છે, કેવી રીતે છે? એ બધું પોતે અંદર વિચાર કર્યા કરે. તે તરફ પરિણમન કરવાની ભાવના કર્યા કરે.

પ્રશ્ન :- એવી ભાવના તો ઘણા કાળથી, લાંબા કાળથી ચાલે છે, પણ પુરુષાર્થ

થઈને કંઈ કામ તો થતું નથી?

ઉત્તર :- ભાવના કરે છે પણ પાછો વધારે કરતો નથી. ભાવનારૂપે રહી જાય છે. આગળ જાતો નથી એટલે ક્યાંથી થાય? આગળ કરે તો થાય. કરતો નથી. એમ ને એમ લાંબો કાળ એમાંને એમાં ગાળ્યા કરે છે.

પ્રશ્ન :- ભાવના નિષ્ફળ થઈ જાય?

ઉત્તર :- ભાવના જો, એમાં પોતે ઉગ્રતા રાખ્યા કરે તો નિષ્ફળ થતી નથી. એમાં જો મંદતા થઈ જાય તો પછી પાછો પડી જાય. એમને એમ જારી રાખે તો કાંઈ નિષ્ફળ જાતી નથી. વધારતો જાય તો નિષ્ફળ થાતી નથી. ઉગ્રતા કરવી જોઈએ એમાં પાછી. એમને એમ એકધારું એમને એમ ચાલ્યા કરે છે એટલે થાતું નથી. અને ન થઈ શકે એવું નથી. અનંતાએ કર્યું છે અને અનંતા મોક્ષ ગયા છે, પણ પોતે કરતો નથી.

પ્રશ્ન :- આત્મા સ્વભાવે શુદ્ધ છે અને રાગ યોગ્યતા પ્રમાણે થયા કરે છે. એ રીતે સમાધાન વર્તતું હોય તો એ બરાબર છે?

ઉત્તર :- સ્વભાવે શુદ્ધ છે અને રાગ યોગ્યતા પ્રમાણે થયા કરે છે. મારા પુરુષાર્થની મંદતાએ થાય છે. યોગ્યતા પ્રમાણે થયા કરે છે એટલે હું એનાથી જુદો છું અને એ વિભાવ છે–એ બરાબર. યોગ્યતા પ્રમાણે, પણ મારા પુરુષાર્થની મંદતાએ થાય છે. મને ક્યારે પુરુષાર્થ ઊપડે ને હું એનાથી છૂટી જાઉં, એમ ભાવના હોવી જોઈએ એને. રાગનો એક અંશ પણ પોસાતો નથી. જેની શ્રદ્ધાની અંદર રાગ ઊભો છે એ રાગ વિભાવની ભૂમિકા છે એટલે ઊભો છે, પણ એને એક રાગનો અંશ પોસાતો નથી. જેને શ્રદ્ધા યથાર્થ થઈ એને એ શ્રદ્ધાની અંદર રાગનો એક સૂક્ષ્મ અંશ પણ જેને પોસાતો નથી. કે એક રાગનો અંશ પણ મારે ન જોઈએ. મારા શુદ્ધાત્મામાં એક પણ રાગનો ઝીણો અંશ પણ નથી. હું બધાથી ન્યારો શુદ્ધાત્મા છું. એક રાગનો ઝીણામાં ઝીણો અંશ સ્થૂળતાથી માંડીને શુભાશુભ બધો એક આટલો અંશ મારામાં નથી. એટલો અંશ પણ એને એની શ્રદ્ધામાં પોસાતો નથી. પછી મારા પુરુષાર્થની મંદતાએ આ બધું ઊભું છે. મારી ભૂમિકા છે એટલે એ જાતનું ઊભું છે, પણ હું પુરુષાર્થ ક્યારે કરું અને આ છૂટી જાય. મને એક અંશ પણ એની શ્રદ્ધામાં જરાય પોસાતો નથી.

શ્રદ્ધામાં પોસાવો ન જોઈએ જરાય રાગનો અંશ. અશુભ તો જરાય પોસાતો નથી, પણ શુભ પણ મારો સ્વભાવ નથી. અને સ્વભાવમાં હું તો શુદ્ધાત્મા છું. એક

અંશ પણ એને પોસાવો ન જોઈએ. એ (સ્વભાવ) નથી, પણ આ પુરુષાર્થની મંદતાએ આ ઊભું છે બધું. એની યોગ્યતા એટલે એ જાતની ભૂમિકા પણ પુરુષાર્થની મંદતા એને સાથે હોવી જોઈએ. સાચી શ્રદ્ધા એનું નામ કહેવાય કે એમાં એક રાગનો અંશ પણ મારામાં નથી. એટલે એ એના ઉપરથી એની રુચિ જ ઊઠી ગઈ છે. રાગના એક અંશ ઉપરથી જોરદાર રુચિ ઉઠી ગઈ છે એના ઉપરથી. એના અંતરમાંથી આત્માનો આશ્રય આવી ગયો છે અને શ્રદ્ધામાંથી એક ઝીણામાં ઝીણો રાગનો અંશ પણ એના ઉપરથી રુચિ ઉઠી ગઈ છે. એકદમ રુચિ જ ઉઠી ગઈ છે. જેને સાચી શ્રદ્ધા થાય એને અશુભની તો રુચિ ઉઠી જ ગઈ છે, પણ શુભાશુભ એકેય ભાવ મારામાં નથી. બધી રુચિ અંતરમાંથી ઉઠી ગઈ છે. એટલે એ ઊભો હોય એ એને પોષાતુ જ નથી. માટે મારા પુરુષાર્થની મંદતાએ થાય છે. હું જ્ઞાતા છું. થાય છે, પણ સાથે એને હોવું જોઈએ કે પુરુષાર્થની મંદતાએ થાય છે.

પ્રશ્ન :- આત્મા શુદ્ધ છે અને રાગ.. આત્મા શુદ્ધ છે એવું માનનારની આટલી તૈયારી સાથે..

ઉત્તર :- આટલી તૈયારી, આટલી શ્રદ્ધાનું જોર હોવું જોઈએ.

પ્રશ્ન :- કોઈપણ રાગ એને શુભ કે અશુભ કોઈપણ રાગ એને કિંચિત્‌માત્ર અંતરમાંથી પોષાતો નથી. ક્યાંય બચાવ કરવા ઊભો રહેતો નથી. પુરુષાર્થની મંદતાએ ઊભું છે આ બધું. પછી પોતે જ્ઞાયક છે એટલે કે જ્ઞાતા છે, હું કર્તા નથી. ઈ એને સ્વામિત્વબુદ્ધિ નથી એટલે કહે છે. બાકી સમજે છે (કે) પુરુષાર્થની મંદતાએ થાય છે.

પ્રશ્ન :- યોગ્યતા અનુસાર કહેતી વખતે પણ એ ખ્યાલ છે કે પુરુષાર્થની મંદતાએ થાય છે.

ઉત્તર :- પુરુષાર્થની મંદતાએ થાય છે. રુચિમાંથી બધું ઊઠી ગયું છે. પછી અસ્થિરતામાં ઊભુ રહે છે.

પ્રશ્ન :- આપ કહો છોને, નવ નવ કોટીએ, શ્રદ્ધા અપેક્ષાએ નવ નવ કોટીએ...

ઉત્તર :- શ્રદ્ધા અપેક્ષાએ બધું છૂટી ગયું છે. નવ કોટી ઓલું ચારિત્રમાં આવે છે. પણ આ શ્રદ્ધામાં પૂરેપૂરું ઉઠી ગયું છે એટલે એને નવ કોટી કીધી, પણ બધી રીતે ઊઠી ગયું છે. રુચિમાંથી, શ્રદ્ધામાંથી બધું ઊઠી ગયું છે. એટલી હેયબુદ્ધિ એની જોરદાર છે આત્માના આશ્રયમાં. આત્માનો આશ્રય લીધો છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૩ B

પ્રશ્ન :- 'ગુરુદેવ' ફરમાવે છે કે આ 'સમયસારજી' આગમોનું પણ આગમ છે, લાખો શાસ્ત્રોનો નિચોડ છે, જૈનશાસનનો સ્તંભ છે, સાધકને કામધેનુ અને કલ્પવૃક્ષ છે તથા છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને ઝુલતા મહામુનિના અનુભવમાંથી આવેલી આ વાણી છે. 'ગુરુદેવે' જે આગમોનું પણ આગમ કહ્યું એ ક્યા ભાવથી કહ્યું છે? એ કૃપા કરીને સમજાવોને.

ઉત્તર :- આગમનું આગમ છે. પરમાગમ છે. દરેક આગમનું આગમ છે. અધ્યાત્મથી ભરેલું છે. આત્માને મુક્તિનો માર્ગ મળે એવું છે. આત્માના સ્વરૂપની વાત છે. અને મુનિરાજ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા મુનિરાજે કરેલું છે, પણ આગમોનું આગમ છે. દરેક આગમોનું આગમ. જેનામાંથી મુક્તિનો માર્ગ મળે એવું છે. અધ્યાત્મનો આખો બધો ભંડાર ભરેલો છે. માટે આગમનું આગમ કીધું છે. પરમાગમ. દરેક આગમો ( ખરા) પણ આ આગમ તો આગમનું આગમ છે. મુક્તિનો માર્ગ, આત્માનું સ્વરૂપ, આત્માનો સ્વભાવ કે આત્મા આશ્ચર્યકારી વસ્તુ છે એની સ્વાનુભૂતિ કેવી હોય? એનો મુક્તિનો માર્ગ કેવો હોય? જ્ઞાતાનો-કર્તાનો. બધું અનેક જાતનું સ્વરૂપ એમાં આવેલું છે. માટે આગમનું આગમ છે. કામધેનુ ગાય જેવું છે. જે જોઈએ એ બધું એમાંથી મળે છે. બધું, નિશ્ચય-વ્યવહારની સંધિ, બધું એમાંથી મળે છે.

પ્રશ્ન :- કલ્પવૃક્ષ કહ્યું.

ઉત્તર :- કલ્પવૃક્ષ છે. જે ઇચ્છે તે મળે છે એમાંથી. બધું એમાંથી મળે છે. બધું એમાં આવી ગયું છે માટે આગમનું આગમ છે. વસ્તુ કેવી, નિશ્ચયથી શું, વ્યવહારથી શું, એનો મુક્તિનો માર્ગ શું, જ્ઞાતા, કર્તા બધું અંદર, ભેદજ્ઞાનનું સ્વરૂપ બધું આવે છે. સ્વાનુભૂતિ કોને કહેવાય એ બધું આવે છે.

પ્રશ્ન :- હે માતાજી! છ માસ સુધી પુરુષાર્થ કરે. કદાચ મંદ પુરુષાર્થ સતત ચાલુ રહે અને સમ્યગ્દર્શન થાય તો આ ભૂમિકા કઈ પ્રકારની કહેવાય?

ઉત્તર :- શું ભૂમિકામાં?

પ્રશ્ન :- છ માસ સુધી મંદ પુરુષાર્થથી પણ સતત પુરુષાર્થ ચાલુ રહે તો એને સમ્યગ્દર્શન થાય, તો એ ભૂમિકા કેવી કહેવાય?

ઉત્તર :- મંદ પુરુષાર્થ કરે અને સમ્યગ્દર્શન થાય. એને છ મહિના સુધી મંદ પુરુષાર્થ એવું ક્યાં આવે છે?

પ્રશ્ન :- પછી પુરુષાર્થ ઉપડી જાય છ મહિનાની વચ્ચે-વચ્ચે.

ઉત્તર :- ઈ તો એવો તો કાંઈ નિયમ નથી હોતો કે છએ મહિના સુધી ઉગ્ર પુરુષાર્થ ચાલે. કોઈને ઉગ્ર-મંદ એમ થયા કરે. કોઈને મંદ થઈ જાય, વળી ઉગ્ર થઈ જાય, વળી મંદ થઈ જાય, ઉગ્ર થઈ જાય. પણ એનો પુરુષાર્થ ચાલુ રહે. એમ. એવો કાંઈ નિમય નથી હોતો કે છએ મહિના સુધી કોઈને એકધારો ચાલે, કોઈને મંદ થાય, કોઈને તીવ્ર થાય એમ થયા કરે. એમ છ મહિના સુધી કરતાં એકધારો પણ તૂટી ન જાય પુરુષાર્થ. એકધારો ચાલ્યા કરે. એમાં કોઈ એવો પુરુષાર્થ ઉપડે તો સમ્યગ્દર્શન થાય છે. એ તો કાંઈ નિયમ નથી હોતો.

પ્રશ્નઃ- સમ્યક્સન્મુખ કહેવાય ખરો?

ઉત્તર :- જે પુરુષાર્થ કરે છે તે સમ્યક્સન્મુખ છે. એકધારો પુરુષાર્થ. એકધારાનો અર્થ એવો નથી કે એમાં.. એ તો ક્ષયોપશમ છે એટલે ક્ષયોપશમભાવે પુરુષાર્થ છે એટલે મંદ-તીવ્ર, મંદ-તીવ્ર એમ થયા કરે. સમ્યક્ત્વસન્મુખ છે.

પ્રશ્ન :- છ માસમાં ન થાય તો આને ઉભયાભાસી કહીએ કે નિશ્ચયાભાસી કે વ્યવહારાભાસી કહીએ? છ માસ સુધી પણ જેના પુરુષાર્થમાં સમ્યગ્દર્શન નથી આવતું તો આમાં નિશ્ચયાભાસી કહીએ કે વ્યવહારાભાસી કહીએ કે ઉભયાભાસી કહીએ?

ઉત્તર :- એમાં છ મહિના કર્યો અને પછી ન થયું તો એનો પુરુષાર્થ મંદ છે એમ થયું. એમાં કાંઈ નિશ્ચયાભાસી અને વ્યવહારાભાસી એવું કાંઈ એમાં લાગુ પડતું નથી. નિશ્ચયાભાસી અને વ્યવહારભાસી અને બેય ભાસી એવું કાંઈ એમાં લાગુ પડતું નથી કે છ મહિના સુધી ન થયું એટલે નિશ્ચયાભાસી છે કે વ્યવહારાભાસી છે. એ તો પુરુષાર્થ એનો મંદ છે.

એ તો એની દૃષ્ટિ એકલી શુષ્ક ઉપર એક પર્યાયને કાઢીને આત્મા એકલો શુદ્ધ છે, શુદ્ધ છે. બધું જે થવાનું હોય એ બધું, હૃદય જેનું ભીંજાયેલું નથી એવી જેની પરિણતિ હોય એને નિશ્ચયાભાસી કહેવાય છે. અને એકલું વ્યવહારથી થાય એવી માન્યતા હોય એને વ્યવહારાભાસી કહેવાય છે. અને કોઈ આમ પણ છે અને આમ પણ છે એમ કર્યા કરે. પણ અંદર શું નિશ્ચય-વ્યવહારની સંધિ સમજતો નથી અને નિશ્ચય પણ સાચો અને વ્યવહાર પણ સાચો, એમ બેયની સરખી કોટી મૂકી દે છે

તો એ બેય નિશ્ચયાભાસી-વ્યવહારાભાસી છે. જેના આવા અભિપ્રાયો છે તે. પણ મંદ પુરુષાર્થ છે માટે છ મહિનામાં ન થયું માટે નિશ્ચયાભાસી કે વ્યવહારાભાસી એવું લાગુ નથી પડતું.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં આવે છે કે સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા તેને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. તો કયા પ્રકારે સ્થાપના કરવી અને એવુ થતાં સર્વજ્ઞ થવાનો નિર્ણય કયા પ્રકારે આવતો હશે?

ઉત્તર :- સર્વજ્ઞ છે. હું પોતે જ સર્વજ્ઞસ્વભાવ છું. મારો સર્વજ્ઞસ્વભાવ છે. અને સર્વજ્ઞ થઈ શકાય છે પુરુષાર્થથી. એવો એણે નિર્ણય કર્યો કે હું સર્વજ્ઞસ્વભાવ જ્ઞાયક છું. જે જ્ઞાયક છે તેમાં જાણવાનું જ આવે. નહિ જાણવાનું આવે જ નહિ. પૂરું તો જણાતું નથી પણ આત્મા સ્વયં જ્ઞાનસ્વભાવી છે તો એ જ્ઞાનસ્વભાવી એવો હોવો જોઈએ કે જેમાં જ્ઞાનની મર્યાદા ન આવે પણ એ પૂર્ણ જાણે એવો એનો સ્વભાવ છે. અને એવો સ્વભાવ હોવો જોઈએ કે પૂર્ણ જાણે. એવો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. અને એ સર્વજ્ઞતા થઈ શકાય. એમ એને સ્વભાવનો નિર્ણય આવ્યો, સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય આવ્યો. અને પુરુષાર્થ કરવાથી થઈ શકે છે એમ બધો નિર્ણય એને આવી ગયો છે અંતરમાં, જે આત્મામાં સર્વજ્ઞને સ્થાપ્યા એને. એવા સર્વજ્ઞ જગતમાં છે એવા પુરુષાર્થ કરનારાને આત્માનો સ્વભાવ પણ સર્વજ્ઞસ્વભાવી જ છે એવા નિર્ણયમાં એને બધું આવી જાય છે.

પ્રશ્ન :-પોતાનો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે એ નિર્ણય જેને થાય છે એ પોતાના અંતરમાં સર્વજ્ઞને સ્થાપે છે?

ઉત્તર :- હા, તે જ સ્થાપે છે સર્વજ્ઞને. હું સર્વજ્ઞસ્વભાવી છું. મારા આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. તે જ પોતાના આત્મામાં સર્વજ્ઞને સ્થાપે છે.

પ્રશ્ન :- અને એવું થયું એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. જેને પોતાની પર્યાયમાં આ રીતે પોતાનું સર્વજ્ઞ સ્વરૂપ જાણીને નક્કી કર્યું એને હું સર્વજ્ઞ થવાનો એ નિર્ણય પણ સાથે જ આવી જાય.

ઉત્તર :- એ નિર્ણય સાથે આવી જાય છે. આત્મા સર્વજ્ઞસ્વભાવ છે. એવા આત્માનો જેણે આશ્રય લીધો અને આ આશ્રય લેવાથી અને એ આશ્રયમાં દૃઢતા કરવાથી, એ જાતનો પુરુષાર્થ જારી રાખવાથી સર્વજ્ઞ થવાનો છું એમ આવી જાય છે.

પ્રશ્ન :- એ વાત, હું સર્વજ્ઞ છું એ વિચારપૂર્વક નક્કી કરે ત્યારપછી એની રુચિ વધતા-વધતા એને પાક્કો દૃઢ નિર્ણય થાય અને ત્યારપછી નિર્વિકલ્પ થાય એ બધાને

માટે એકસરખું જ લાગે પડે કે એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી જાય? જે આ રીતે પોતાની પર્યાયમાં હું સર્વજ્ઞ છું એવી સ્થાપના કરે એને, હું સર્વજ્ઞ થઈશ અથવા હું સર્વજ્ઞ થવાનો એવો નિર્ણય પણ એની સાથે જ એને આવી જાય?

ઉત્તર :- યથાર્થ નિર્ણય કરે એને બધો નિર્ણય આવી જાય છે. હું સર્વજ્ઞસ્વભાવ છું. અને હું સર્વજ્ઞ સ્વભાવે થઈશ. એ બધો જેને યથાર્થ નિર્ણય આવે છે. વિચારપૂર્વકનો નિર્ણય એણે વિચારથી નિર્ણય કર્યો છે. પણ દ્રવ્યનો આશ્રય લઈને નિર્ણય કરે છે એમાં એને બધો નિર્ણય આવી જાય છે એ દૃઢતામાં. અને એ દૃઢતાના જોરે એ નિર્વિકલ્પપણે દૃઢતાના જોરે થાય છે. હું સર્વજ્ઞ છું અને સર્વજ્ઞ થઈશ. થઈ શકાશે મારા પુરુષાર્થથી-એવો નિર્ણય જેણે દ્રવ્યના આશ્રયથી કર્યો એ દ્રવ્યના આશ્રયના જોરમાં નિર્વિકલ્પ થાય છે. પણ માત્ર એકલો વિચારથી, વિકલ્પથી નક્કી કર્યું પણ જો આગળ નથી જાતો તો વિચારમાત્ર રહી જાય છે.

પ્રશ્ન :- એ જ રુચિ વધારીને...

ઉત્તર :- એ રુચિ વધારીને આગળ જાય, પુરુષાર્થને આગળ લઈ જાય તો તેને દ્રવ્યનો યથાર્થ નિર્ણય આવે છે.

પ્રશ્ન :- તો એને પણ એવો વિશ્વાસ આવી શકે પહેલા કે હું સર્વજ્ઞ થવાનો?

ઉત્તર :- હા. પહેલા આવી શકે. દ્રવ્યનો આશ્રય લે તો આવી શકે.

પ્રશ્ન :- અનંતા સર્વજ્ઞ થઈ ગયા અને બીજાઓ અનેક થશે-એવો સર્વજ્ઞનો નિર્ણય કરનારો પોતાના આત્મામાં સર્વજ્ઞ ભગવાનની સ્થાપના કરી શકે? અનંતા સર્વજ્ઞો થઈ ગયા આ તો માને છે. પણ હું સર્વજ્ઞસ્વભાવી છું એમ જે નિર્ણયમાં ન આવે...

ઉત્તર :- અનંતા સર્વજ્ઞ થઈ ગયા અને હું સર્વજ્ઞ સ્વભાવ છું એવો જેને નિર્ણય નથી આવતો, તે અનંતા સર્વજ્ઞ થઈ ગયા એમ નિર્ણય કરે, પણ એ નિર્ણય એને યથાર્થપણું લાગુ ન પડે. હું સર્વજ્ઞ સ્વભાવે છું-એવો નિર્ણય આવે તો એની સાથે અનંતા સર્વજ્ઞ થઈ ગયા એવો નિર્ણય એનો યથાર્થ થાય. ઓલો વ્યવહારનિર્ણય છે. ભગવાન થઈ ગયા, અનંતા તીર્થંકરો થઈ ગયા એમ નિર્ણય કરે છે. એ માત્ર શુભભાવથી, વિચારથી નક્કી કરે છે. નિર્ણય એનો એવો વ્યવહારનિર્ણય છે. પણ હું સર્વજ્ઞસ્વભાવ છું એવો નિર્ણય આવે એની સાથે સર્વજ્ઞ અનંતા થઈ ગયા એ નિર્ણય એનો યથાર્થ કહેવાય છે.

પ્રશ્ન :- જૈન સમાજના બધા સંપ્રદાયો સર્વજ્ઞ છે, સર્વજ્ઞ થયા છે એમ તો બધા

માને છે, પણ હું સર્વજ્ઞસ્વભાવી છું થવાનો છું એવું તો કોઈ કોઈ માને.

ઉત્તર :- એવું તો વ્યવહારમાં બધા માને જ છે કે અનંતા સર્વજ્ઞ થઈ ગયા. હું સર્વજ્ઞસ્વભાવી છું એવું માનનાર જે હોય એને પોતાના સ્વભાવનો નિર્ણય આવે ઈ માને. એવા તો ભાગ્યે જ હોય છે. એવી નિશ્ચયની દૃષ્ટિ કરનારા, એ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તો જ એવો નિર્ણય આવે, નહિતર આવે નહિ.

પ્રશ્ન :- તેને સમ્યગ્દર્શન થાય નહિ.

ઉત્તર :- એને ન થાય. હું સર્વજ્ઞસ્વભાવી છું એવો નિર્ણય જેને નથી આવતો એને સમ્યગ્દર્શન થાતું નથી. જે ભગવાનને ઓળખે તે પોતાને ઓળખે તો એને સમ્યગ્દર્શન થાય. અને પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે છે. પણ ભગવાનને ઓળખે વ્યવહારમાત્રથી, પણ ભગવાનનું સ્વરૂપ એવું મારું સ્વરૂપ એમ ઓળખે નહિ તો એવી રીતે વ્યવહારથી ભગવાનને ઘણીવાર ઓળખ્યા. શુભભાવથી ભગવાન છે, આ સર્વજ્ઞ બધું જાણે છે એમ શુભભાવથી, ઉપચારોથી નક્કી કર્યું. સ્થૂળ વિચારથી નક્કી કર્યું. એમાં સમ્યગ્દર્શન નથી આવતું. એવું તો જીવે ઘી વાર કર્યું છે.

પ્રશ્ન :- જૈન તો છે જ. પોતાને જૈન તો માને છે.

ઉત્તર :- જૈન માને છે, પણ અંતરમાં સમ્યગ્દર્શન થાતું નથી. જૈન માને છે તો માત્ર હું જૈન છું અને સમ્યગ્દર્શન એવું વ્યવહારથી માની લે છે. માનવામાત્રથી થાતું નથી, અંતરની પરિણતિ હોય તો થાય છે.

પ્રશ્ન :- પ્રત્યક્ષ સત્પુરુષની મહિમા લાવતા નથી અને પરોક્ષમાં પહેલા જે સત્પુરુષો થઈ ગયા હોય એની મહિમા લાવે તો આને સમ્યગ્દર્શન થાય?

ઉત્તર :- જેને ભગવાનની મહિમા આવે છે એને પ્રત્યક્ષ સત્પુરુષની મહિમા આવ્યા વગર રહેતી જ નથી. સાચી મહિમા એનું નામ કહેવાય કે પ્રત્યક્ષ જે ગુરુ હોય છે એની મહિમા જેને આવે એને સાચી મહિમા ભગવાનની આવે છે. જેને ભગવાનની મહિમા આવે છે અને વર્તમાન જે ઉપદેશ દેનારા છે એની જો મહિમા નથી આવતી, જે યથાર્થ સત્પુરુષ છે એની મહિમા નથી આવતી તો એને ભગવાનની મહિમા પણ યથાર્થ નથી. ઈ એને રૂઢિગતે મહિમા આવી છે. એ બેય મહિમા સાથે રહેલી છે.

જેને ગુરુની મહિમા આવે એને ભગવાનની મહિમા આવે છે અને ભગવાનની આવે એને ગુરુની આવ્યા વગર રહેતી જ નથી. તો સાચી મહિમા એનું નામ કહેવાય કે જે પૂર્ણ થઈ ગયા એની મહિમા પણ આવે અને જે સાધક છે, સત્પુરુષ પ્રત્યક્ષ

બિરાજે છે એની મહિમા એને સાથે હોય જ. પ્રત્યક્ષની મહિમા આવ્યા વગર એ પરોક્ષની મહિમા એને સાચી મહિમા આવતી નથી.

પ્રશ્ન :- તો માતાજી એમાંથી તો એમ થયુંને કે, જેમ પોતાને પોતાના દ્રવ્યની દૃષ્ટિ થાય અથવા પોતાના આત્માને જ્ઞાયકસ્વરૂપને ઓળખે એને ખરેખર બીજા અનંતા પરમાત્માઓ કેવળી છે એમ સાચ્ચે સાચ નક્કી થઈ શકે. એમ વર્તમાન પ્રત્યક્ષ જ્ઞાની, એને ઓળખીને એનો જેને ખરેખર મહિમા આવે છે એને જ પરોક્ષ જ્ઞાનીઓનો અને પરોક્ષ દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ એને જ મહિમા આવે છે. પણ જેને પ્રત્યક્ષ સત્પુરુષનો મહિમા અથવા પ્રત્યક્ષ જ્ઞાનીનો મહિમા આવતો નથી એને ખરેખર પરોક્ષ જ્ઞાની કે પરોક્ષ દેવ-ગુરુ-શાસ્ત્ર, એ કોઈનો ખરેખર સાચો મહિમા આવ્યો નથી?

ઉત્તર :- કોઈનો નથી આવ્યો. પ્રત્યક્ષનો નથી આવતો એને પરોક્ષનો આવ્યો જ નથી. જે એકને ઓળખે છે તે બધાને ઓળખે છે.

પ્રશ્ન :- અને શરૂઆત જેમ અહીંયાંથી આત્મામાંથી થાય છે એમ અહીંયાં પ વર્તમાન પ્રત્યક્ષ જ્ઞાનીથી જ શરૂઆત થાય છે.

ઉત્તર :- પ્રત્યક્ષ જ્ઞાનીથી જ થાય છે. ભગવાનને કોણ ઓળખાવે છે? પ્રત્યક્ષ ગુરુ હોય તે ઓળખાવે છે. વીતરાગ કોને કહેવાય, ભગવાન કોને કહેવાય એ બધું પ્રત્યક્ષ જ્ઞાની જે છે, પ્રત્યક્ષ ગુરુ (છે) તે ઓળખાવે છે કે ભગવાન કેવા હોય, વીતરાગી હોય, એની દિવ્યધ્વનિ ઈચ્છા વગર છૂટતી હોય, ભગવાન, આત્મામાં સમાઇ ગયા હોય. એ બધું સ્વરૂપ પ્રત્યક્ષ જે ગુરુ છે તે સમજાવે છે. પ્રત્યક્ષ ગુરુ વગર ભગવાનનું સ્વરૂપ પણ સાચું ઓળખી શકાતું નથી. માટે તે ભગવાનને ઓળખી શકતો નથી.

પ્રશ્ન :- પોતાને જે કાંઈ માનાદિક દોષ છે એ પણ પ્રત્યક્ષ જ્ઞાનીથી જાય છે. પરોક્ષ જ્ઞાનીનો ગમે તેટલો મહિમા કરે પણ છતાં પ્રત્યક્ષ જ્ઞાની મળતા જે સહજ ભાવે દોષ જાય છે એવી રીતે પરોક્ષ જ્ઞાનીને સ્વીકારે અને પ્રત્યક્ષ જ્ઞાનીનો મહિમા ન આવે તો ખરેખર દોષ ન જાય એમ પણ દેખાય છે.

ઉત્તર :- પરોક્ષને જે જાણે છે, પોતે મહિમા લાવે છે, પણ એનો સાક્ષાત્ પરિચય નથી એટલે પોતાની બુદ્ધિથી જ એને બધું કરવાનું રહે છે. એના મગજમાં જે ઉતરે તે પ્રમાણે એ કરે છે અને પોતાની બુદ્ધિથી સ્વીકારે છે, પોતાની બુદ્ધિથી આગળ જાય છે એટલે એને કાંઈ માર્ગ દેખાડનાર કે કોઈ... પોતાની બુદ્ધિથી કરે છે

અને પ્રત્યક્ષ ગુરુ છે એ માર્ગ બતાવે છે. એના દોષ હોય તો એને કાંઈ કહે છે. એને પોતાને કાંઈક વિચારવાનું રહે છે. માટે 'શ્રીમદ્'માં આવે છે, 'માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય. જાતા સદ્ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય.' પોતાના સ્વચ્છંદથી માનાદિક શત્રુ એને છેદી શકાતા નથી. ગુરુના શરણમાં જાતા બધું સહેજે જ ટળી જાય છે.

સાધકને કેમ ચાલવું એનો માર્ગ ચોખ્ખો કરી દે ગુરુના ઉપદેશથી. મિથ્યાત્વની ગાંઠ અનાદિની પડી છે એ ગુરુના ઉપદેશ વગર એ તૂટતી નથી. ભ્રાંતિની ગાંઠ પડી છે, સ્વચ્છંદ પડ્યો છે અનાદિનો. એ ગુરુના જોરદાર ઉપદેશથી તૂટી જાય છે, જે પાત્ર જીવ હોય એને.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! મંગલમૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૩ C

પ્રશ્ન :- .. તીવ્ર અશુભભાવ પણ નથી હોતા. એવો સાદો નિત્યક્રમ હોય છે. તો એમાં પ્રયોગની રીત આવડતી નથી. જે કરીએ છીએ પ્રયોગ અનુભવમાં જવા માટે, આત્માનો અનુભવ કરવા માટે. અને એ વખતમાં કેટલા તીવ્ર ભાવ નહિ હોવા છતાં પણ અનુભવ એટલે આત્મામાં ઉતરવાનું બની શકતું નથી. એટલે પ્રયોગની રીત નથી આવડતી, હજી સુધી સમજાતી નથી. ઉતરતી નથી. ઈ કેવી રીતે કરવું? પ્રયોગ કેવી રીતે કરવો આવા નિત્યક્રમ વખતે, ચાલુ જાતના નિત્ય ક્રમ વખતે?

ઉત્તર :- એવું છેને, પોતાનો સ્વભાવ ઓળખાતો નથી. સ્વભાવ-હું જુદો છું-એ સ્વભાવ ઓળખાય. પોતે ભેદજ્ઞાન કરે એ એનો મુખ્ય માર્ગ તો એ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને ભેદજ્ઞાન કરવું. વળી ભાવો અમુક જાતના તીવ્ર રાગના એવા ન હોય, મંદ કષાય હોય તોપણ એ સ્વભાવ પોતાનો નથી, એનાથી જુદો છે આત્મા. એ આત્મા જુદો છે એનો જ્ઞાયકસ્વભાવ ઓળખવો જોઈએ. પોતાને જુદો પાડવો જોઈએ કે આ ભલે મંદ કષાયો થાય પણ એ બધા ભાવોથી મારો સ્વભાવ જુદો છે. હું તો જ્ઞાયક-જાણનારો છું. એમ હું જાણનારો છું એમ વિચાર કરીને નક્કી કરે પણ એને સ્વભાવમાંથી ગ્રહણ કરે તો યથાર્થ થાય. વિચારથી તો નક્કી કરતો હોય પણ

અંદર સ્વભાવથી ગ્રહણ કરવો જોઈએ. એનો માર્ગ તો એક જ છે કે પોતાને ઓળખીને, પોતાના સ્વભાવને ઓળખીને ભેદજ્ઞાન કરવું. પણ એ અનાદિની એવી એકત્વબુદ્ધિ થઈ ગઈ છે કે મંદ કષાયમાં પણ એકત્વ થઈ રહ્યો છે. એ એકત્વથી એને જુદો પાડવો કે હું તો જ્ઞાયક છું, હું તો જાણનારો છું. કોઈપણ વિકલ્પ મારો સ્વભાવ નથી. કોઈપણ કાર્ય, કોઈ પ્રવૃત્તિ કે કોઈ કર્તાબુદ્ધિ કોઈ મારો સ્વભાવ નથી. પરપદાર્થના કોઈ કાર્યમાં જોડાવું અથવા શુભભાવો પણ મારો સ્વભાવ તો નથી, હું તો એનાથી જુદો જ્ઞાયક છું. હું જાણનારો છું, હું જ્ઞાયક જ્ઞાતા છું. એ એનું ભેદ કરવું. હું અનાદિ શાશ્વત આત્મા, શુદ્ધાત્મા છું. એવું અંતરથી થવું જોઈએ એને.

પછી અશુભભાવોથી બચવા શુભભાવો તો વચ્ચે આવે છે, એ કાંઈ છૂટી નથી જતાં, પણ એનાથી હું જુદો છું. એ જુદાપણાની શ્રદ્ધા એને તે ક્ષણે પણ રહેવી જોઈએ. એ ક્ષણે શ્રદ્ધા રહેતી નથી અને એકત્વ થઈ જાય છે. માટે જે અનાદિનું છે એ એમને એમ ચાલ્યું આવે છે. પણ એ ન થાય ત્યાં સુધી રુચિ, એની મહિમા, એના વિચારો કરે પણ એનું કાર્ય તો એક જ કરવાનું છે. એણે ભેદજ્ઞાન કરી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. કરવાનું એક જ છે. પણ એ કરવાનું એને અઘરું થઈ પડ્યું છે, અનાદિની એકત્વબુદ્ધિ થઈ રહી છે એટલે. પ્રયોગ તો ઈ એક જ કરવાનો છે કે હું જાણનારો જ્ઞાયક છું, હું જુદો છું, હું શુદ્ધાત્મા છું, પણ એ અંતરમાંથી થાવું જોઈએ એને. એ અંતરથી થાતું નથી.

પ્રશ્ન :- એવા શુભાશુભ ભાવો જે આવે છે એ જણાય પણ છે અને ભાષામાં કહેવાય પણ છે. તોપણ એમાંથી પ્રવૃત્તિ છૂટીને સ્વભાવમાં સ્થિતિ થતી નથી.

ઉત્તર :- એ પોતે કરતો નથી અંતરમાં. અનાદિનો જે અભ્યાસ છે એમાંને એમાં દોડ્યો જાય છે. એનો પ્રવાહ તે તરફ જ દોડ્યો જાય છે. એની દિશા બદલતી નથી. દિશા પોતા તરફ પ્રવાહ એનો વળવો જોઈએ એ વળતો નથી. પોતે કરે તો થાય. પાણીનો પ્રવાહ જે ચાલ્યો એ ચાલ્યો. પોતાનો અનાદિનો પ્રવાહ ચાલે છે. એમાંથી પોતે પોતાને વાળે તો વળી શકે એવું છે. વાળતો નથી. સ્થિર ઊભો રહીને હું જ્ઞાતા છું, જાણનાર છું. એ પ્રવાહમાં નહિ જોડાતા હું જ્ઞાયક જાણનારો છું, હું તો શુદ્ધાત્મા છું. આ મારું સ્વરૂપ નથી. હું તો શુદ્ધાત્મા નિર્મળ જ્ઞાતા છું. એમ વિકલ્પથી નહિ, પણ એની પરિણતિમાં આવવું જોઈએ. વિકલ્પ પહેલા ન થાય ત્યાં સુધી વિકલ્પથી આવે. એની લગની લાગે, વિકલ્પથી આવે પણ એ વારંવાર-વારંવાર કર્યા કરે અંતરમાંથી. એમ કરતા જો એને યથાર્થ થાય અને એવી પરિણતિ થાય ત્યારે જ

એનો યથાર્થ માર્ગ પ્રગટ થાય છે.

પ્રશ્ન :- પરિણતિ થતાં પહેલા આવી રીતે વિકલ્પથી કર્યા કરીએ તો ચાલે? થઈ જાય? એ રીતે એનો પ્રયોગ છે?

ઉત્તર :- એની ભાવના... વિકલ્પથી કર્યા કરે, પણ અંતરથી લાગે તો થાય. એમ. વિકલ્પથી કર્યા કરે તો થાય, પણ એ અંતરથી લાગે તો થાય. એનો માર્ગ તો એક જ છે. તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો. નિર્ણય પણ એ પછી અંતરમાંથી મંદ મંદ રાખ્યા કરે અને ઉગ્રતા ન ઉપાડે તો ન થાય. એને મંદ-મંદ કરતાં કરતાં પણ પોતે પાછો ઉગ્ર થઈને કરે તો થાય. અંતે કરવાનું તો પોતાને જ છે. પણ કાંઈક છોડી દે કે નથી થાતું, આટલો કાળ ગયો પણ થાતું જ નથી માટે કાંઈ નથી થાતું, એમ કરીને છોડી દે તો ન થાય. એની પાછળ પડે તો થાય. કોઈને અંતર્મુહૂર્તમાં થાય એ જુદી વાત છે. કોઈકને થાય. બાકી ઘણાને આમ અભ્યાસ કરતાં કરતાં થાય છે. એનો અભ્યાસ કર્યા કરવો વારંવાર.

પ્રશ્ન :- અંતરથી લાગે એને થાય એટલે કે ખરેખર આત્માની ભાવનાપૂર્વક-મારે આ જ કરવું છે, આ જ પ્રાપ્ત કરવું છે-એવી ભાવનાપૂર્વક કરે...

ઉત્તર :- તો થાય. મારે કરવું જ છે. અંતરની ભાવનાથી. એને ક્યાંય રસ પડે નહિ, રસ છૂટી ગયો છે. આત્માનો જ રસ લાગ્યો છે. ક્યાંય ચિત્ત ચોંટતું નથી. રુચિ ઉઠી ગઈ છે. તો એને આત્માની રુચિ લાગે. પણ પુરુષાર્થ હજી મંદ છે તો પુરુષાર્થ કર્યા કરે. આત્માની રુચિ લાગે એને થયા વગર રહેતું નથી.

પ્રશ્ન :- પ્રયોગનો આ જ પ્રકાર?

ઉત્તર :- પ્રયોગ તો આ જ કરવાનો છે.

પ્રશ્ન :- સ્વભાવને ઓળખીને...

ઉત્તર :- સ્વભાવને ઓળખીને હું જ્ઞાયક છું-એવી ભેદજ્ઞાનની ધારા અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો થાય. એ એક જ (ઉપાય) છે. એના માટે બહારની ઝાઝી ક્રિયા કરવી પડે, કોઈ ઝાઝો અભ્યાસ હોય તો થાય એવું પણ નથી. પ્રયોજનભૂત દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે અને અમુક ઝાઝું ન જાણે તોપણ થાય. ઝાઝા અપવાસ કરે કે ઝાઝો ત્યાગ કરે, ઝાઝું શીખે-ભણે તો થાય એવું પણ નથી. પણ અંતરનો અભ્યાસ હોવો જોઈએ. અંતરનો અભ્યાસ. બહારનો અમુક હોય તો થાય, પણ અંતરનો ભેદજ્ઞાનનો અભ્યાસ એ હોવો જોઈએ અંદર સમજીને. વગર સમજ્યે ધ્યાન કરીને બેસી જાય, આત્માને ઓળખ્યા વગર. ઘણા કહે છેને? ધ્યાન કરવાથી (થાય).

ઓળખ્યા વગર ધ્યાન કરે તો .. ક્યાં ઊભો રહે? આત્માને ઓળખ્યો નથી, સ્થિર ક્યાં થાય? એકાગ્ર ક્યાં થાવું આત્માને ઓળખ્યા વગર? એકાગ્ર થાય તો વિકલ્પને મંદ કર્યા કરે, પણ વિકલ્પથી હું જુદો છું, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યું નથી તો એમ પણ થાતું નથી. આત્માને ઓળખીને કે આ હું છું પછી એકાગ્ર થાય તો થાય. એકાગ્રતા, અસ્તિત્વ આત્માનું ગ્રહણ કર્યા પછી આત્મામાં સ્થિર થાય. ભેદજ્ઞાન (થયું હોય કે) હું જુદો છું એમ સમજીને એમાં એકાગ્ર થાય તો થાય. વગર સમજ્યે ધ્યાન કર્યા કરે તોપણ થાય નહિ.

પ્રશ્ન :- અંતરથી કરવાનો અર્થ પોતાને ઓળખીને?

ઉત્તર :- પોતાને ઓળખીને કરે તો થાય. એવા ધ્યાન પણ જીવે ઘી વાર કર્યા. પણ થાતું નથી. કારણ કે અંદરથી ભેદજ્ઞાન કરતો નથી માટે થાતું નથી.

પ્રશ્ન :- ઓળખાણ પોતાને કરવી છે.

ઉત્તર :- પોતાને જ કરવી છે. પોતે પોતાને ઓળખવો છે. સ્વભાવ ઓળખીને કે આ હું જ્ઞાયક છું. આ જાણનારો તે હું છું. જે જાણનારો છે એ બધો અનંતગુણથી ભરેલો શુદ્ધાત્મા જ્ઞાયક છું. એ જાણનારને ઓળખીને આ હું જાણનાર, એનું અસ્તિત્વ ગ્રહણ કરીને, આ હું નથી, આ શરીર હું નથી, આ વિકલ્પ આવે તે પણ હું નથી, એ મારો સ્વભાવ નથી, હું તો એક જાણનારો જ્ઞાયક છું. પણ એ જ્ઞાયકની એને મહિમા લાગી હોય તો એમાં ટકી શકે. માત્ર એમ જાણનાર (છું એમ) બોલ્યા કરે તોપણ થાય નહિ. જ્ઞાયકની મહિમા લાવવી જોઈએ કે જ્ઞાયક કોઈ દિવ્યમૂર્તિ છે. એની મહિમા લાવવી જોઈએ.

જેમ ભગવાનની, ગુરુની મહિમા લાગે એમ જ્ઞાયકદેવની પણ મહિમા લાગવી જોઈએ કે હું તો જાણનારો નિર્વિકલ્પસ્વભાવી શુદ્ધાત્મા (છું). એની મહિમા લાગીને એને ઓળખે કે આ રહ્યો જ્ઞાયક, એમ ગ્રહણ કરે તો એમાં એ ટકી શકે. જાણનાર એટલે કાંઈ નહિ, લુખ્ખો જ્ઞાયક એમ નહિ. જાણનારની મહિમા એને લાગવી જોઈએ.

પ્રશ્ન :- પોતાને મહિમાપૂર્વક ઓળખીને પછી ભેદજ્ઞાન કરે.

ઉત્તર :- તો યથાર્થ થાય.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવના વચનામૃત'માં (આવે છે કે) કેવળજ્ઞાનીનો વિશ્વાસ થાય તેને ચારે પડખે સમાધાન અવિરુદ્ધ પ્રતીતિ જોઈએ અને એણે જ, કેવળજ્ઞાનીએ દીઠું એનો સાચો સ્વીકાર કર્યો છે. તો એમાં ચારેય પડખેથી અવિરુદ્ધ

પ્રતીતિ જોઈએ એમાં શું કહેવું છે?

ઉત્તર :- ચારે પડખેથી એને પ્રતીતિ આવવી જોઈએ. એને કેવળજ્ઞાનીએ દીઠું એમ થાશે, એટલે કે ભગવાને દીઠું એમ થાશે એનો અર્થ કે હવે મારે કાંઈ કરવાનું નથી, ભગવાને દીઠું એમ થાશે. એમ સમજે માત્ર કે મારે કાંઈ કરવાનું નથી પુરુષાર્થ, એ તો ભગવાને દીઠું એમ થવાનું છે. એમ એણે યથાર્થ રીતે ભગવાનને ઓળખ્યા નથી. એને ચારે પડખેથી પ્રતીતિ (આવવી જોઈએ). આત્માનું સ્વરૂપ શું? નિશ્ચયથી શું છે? વ્યવહારથી શું છે? એમ ચારે બાજુની દ્રવ્ય-ગુણ-પર્યાયની પ્રતીતિ આવીને જે ભગવાને દીઠું એમ થાશે એવી જાતનો જેને વિશ્વાસ છે, એ એને યથાર્થ સમજ્યો છે. માત્ર એમ સમજ્યા વગર ભગવાને દીઠું એમ થાશે, એ તો પોતે પુરુષાર્થની મંદતા માટે બોલે છે. ભગવાને દીઠું એમ ભગવાનને જ્ઞાનમાં જેમ આવ્યું તેમ થવાનું છે. અને ભગવાનના જ્ઞાનમાં એમ જ આવ્યું છે કે પુરુષાર્થપૂર્વક જે કરે એને થાય છે. જે પુરુષાર્થનો નિષેધ કરે છે એને થાતું જ નથી.

ભગવાનના જ્ઞાનમાં એમ આવે છે કે જે આત્મા પુરુષાર્થપૂર્વક આગળ જાય છે એને જ થાય છે અને ઈ એમ જ થવાનું છે એમ ભગવાને જોયું છે. પણ જેના મગજની અંદર નિર્ણયમાં એમ બેઠું કે પુરુષાર્થ વગર, પુરુષાર્થ કાંઈ કરવાનો નથી. તો ભગવાને એમ દીઠું છે કે તારે ભવ છે. જે પુરુષાર્થ નથી માનતો એને કાંઈ થવાનું જ નથી.

પ્રશ્ન :- એ એમ કહે કે સર્વજ્ઞે દીઠું છે ત્યારે મારો મોક્ષ થશે, એ ખરેખર એ કહેવાને લાયક નથી. જેને ચારે પડખેથી સર્વજ્ઞની પ્રતીતિ આવી નથી અને પોતે એ રીતનો પુરુષાર્થ કરતો નથી.

ઉત્તર :- તો એ કહેવાને લાયક નથી કે ભગવાને દીઠું એમ થાશે. પોતાને કાંઈ અંદર પુરુષાર્થ કરવો નથી અને ભગવાને દીઠું એમ થાશે. ભગવાને મારા ભવ દીઠા જ નથી. કારણ કે મારે આત્મા જ જોઈએ છે અને મારે પુરુષાર્થ કરવો જ છે. માટે ભગવાને મારા ભવ દીઠા જ નથી. એવી પ્રતીતિ એને અંદરથી આવે છે.

પ્રશ્ન :- અંદરથી એને એવો અવાજ આવવો જોઈએ.

ઉત્તર :- એવો અવાજ એને આવે છે.

પ્રશ્ન :- ચાલતા પરિણમનમાં દુઃખ લાગવું જોઈએ. દુઃખ તો લાગતું નથી.

ઉત્તર :- દુઃખ લાગવું જોઈએ. દુઃખ નથી લાગતું? અંદરથી બધી આકુળતા છે અને દુઃખસ્વરૂપ છે. એને દુઃખ લાગે. સુખસ્વરૂપ મારો આત્મા છે. આ તો બધું

દુઃખ લાગે છે. અને આ બધા જે આસ્રવ છે એ તો વિપરીત છે, આકુળતારૂપ છે, દુઃખરૂપ છે, દુઃખના ફળરૂપ છે. આ બધા જે ચાલતા પરિણામો છે તે દુઃખરૂપ જ છે. એવો એને દુઃખનો વિશ્વાસ આવવો જોઈએ અને અંતર આત્મામાં સુખ છે એમ સુખનો વિશ્વાસ આવવો જોઈએ.

સુખના વિશ્વાસપૂર્વક આ દુઃખ છે એમ એને ભાસવું જોઈએ. એટલે એના ઉપરથી રુચિ ઊઠી જવી જોઈએ કે આ તો બધું દુઃખસ્વરૂપ છે. મારા સ્વભાવથી વિપરીત છે, દુઃખરૂપ છે, આકુળતારૂપ છે. મારું સ્વરૂપ સુખરૂપ છે, નિરાકુળસ્વરૂપ છે. સુખસ્વભાવ મારા આત્મામાં જ છે. એવું લાગવું જોઈએ એને. એટલો વિશ્વાસ એને અંતરથી આવવો જોઈએ. બધે બહારમાં રુચિ લાગે છે, બહારમાં રસ લાગે છે અને અંતરમાં મારે પ્રગટ કરવું છે. એમ ન થાય. બેય ઠેકાણે રસ હોય એવી રીતે થાય નહિ. રુચિ આત્માની લાગે. એક બાજુથી રુચિ છૂટી જાય અને આત્માની રુચિ લાગે તો થાય.

પ્રશ્ન :- રાગની રુચિ રાખે એને સર્વજ્ઞે દીઠું હશે એમ થશે એ પણ બરાબર નથી.

ઉત્તર :- બરાબર નથી. રુચિ રાગની છે અને સ્વભાવની રુચિ નથી અને ભગવાને દીઠું હશે એમ થાશે. એ તો બચાવ કરે છે.

પ્રશ્ન :- બે દિવસ પહેલાની ચર્ચામાં આપે એનો બહુ સારો ખુલાસો (કરેલો કે) આત્મા શુદ્ધ છે એમ જે કહે, એને ચારિત્રની વાત બાજુ પર રાખીએ પણ નવ નવ કોટી એને અભિપ્રાયમાંથી રાગ...

ઉત્તર :- રાગની હેયબુદ્ધિ આવવી જોઈએ. રાગ કોઈ રીતે આદરણીય નથી. જે જે રાગ આવે એ રાગ મારું સ્વરૂપ જ નથી. આ કોઈ રાગ મારે જોતો નથી. હું તો વીતરાગી સ્વરૂપ છું. આ રાગ મારા આત્માનું સ્વરૂપ જ નથી. એવી રુચિ અંતરમાંથી આવવી જોઈએ. ગમે એવો સૂક્ષ્મ ઊંચામાં ઊંચો રાગ હોય તો રાગ મારું સ્વરૂપ નથી. હું તો જાણનાર છું. એટલી હેયબુદ્ધિ અંતરમાંથી આવી જવી જોઈએ.

રાગની મીઠાશ કાંઈપણ રહી જાય તો એને અંદરથી યથાર્થ શ્રદ્ધા થતી નથી. યથાર્થ નિર્ણય થતો નથી. એટલે આવે છેને કે ગમે તેટલી બહારથી ક્રિયા કરી લે, ત્યાગ કરી જંગલમાં જાય પણ જો અંદર ઊંડાણમાં રાગની મીઠાશ રહી જાય છે તો એ અંતરમાંથી આત્મા પ્રગટ થાતો નથી. એને ભેદજ્ઞાન થાતું નથી. રાગની મીઠાશ અંતરમાં રહી જાય તો. ગમે એવો રાગ હોય પણ આ રાગ મારું સ્વરૂપ નથી. એની

હેયબુદ્ધિ અંતરમાંથી આવવી જોઈએ.

પ્રશ્ન :- તો એણે પોતાના આત્માને શુદ્ધ માન્યો એમ કહેવાય ખરેખર.

ઉત્તર :- તો એણે શુદ્ધ માન્યો, તો એણે જાણનાર માન્યો, અકર્તા માન્યો, જ્ઞાયક માન્યો.

પ્રશ્ન :- મુનિરાજો જેવા જંગલમાં બેઠા છે, બધું છોડીને બેઠા છે. એમને જો આ શુદ્ધસ્વરૂપનું ભાન ન થાય તો અમે આ જંજાળમાં બેઠા છીએ અમને કેમ થશે?

ઉત્તર :- બહાર છોડીને બેઠા પણ અંતરથી છૂટવું જોઈએ. એના અભિપ્રાયમાંથી શુભરાગ.... વૈરાગ્ય તો આવ્યો. સંસાર છોડી દીધો, ઘરબાર છોડી દીધા, વૈરાગ્ય આવ્યો. વૈરાગ્ય આવ્યો પણ આત્માને ઓળખ્યો નથી અને જે બધી ક્રિયાઓ કરે છે પંચમહાવ્રત આદિ એની અંતરમાં શુભભાવનો રાગ અને મીઠાશ અંતરમાં છે, અંતરથી હેયબુદ્ધિ આવી નથી અને આત્મા જ્ઞાયક જાણનારો એની પ્રતીત આવી નથી. બધામાં રુચિ, શુભભાવોમાં રુચિ છે. નહિતર બરાબર ચોથા કાળની અંદર કોઈ એવી રીતે બરાબર કરે. એવી ક્રિયાઓ તો અત્યારે દેખાતી નથી. બરાબર ક્રિયા પાળે બહારની બધી. સ્વાધ્યાય કાળે સ્વાધ્યાય, નિર્દોષ આહાર, બધું કરે, આવશ્યક ક્રિયા. બધું કરે. પણ અંતરમાં મીઠાશ હોય છે પુણ્યભાવોની. પણ આ બધું હોવા છતાં જો અંતરમાંથી રુચિ છૂટી ગઈ તો એ ગૃહસ્થાશ્રમમાં પણ એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ અને ભેદજ્ઞાન થાય છે.

અંતરની પરિણતિમાંથી છૂટવું જોઈએ. બહારથી છૂટે થાતું નથી. પરિણતિમાંથી છૂટવું જોઈએ. જેને પરિણતિમાંથી છૂટ્યું એ બહારથી ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ એને હેયબુદ્ધિ થઈ ગઈ. અંતરમાંથી, બોલવામાત્ર નહિ. એ તો પછી અંતે સ્વરૂપમાં લીનતા એને પુરુષાર્થની મંદતા લઈને ગૃહસ્થાશ્રમમાં છે એને લીનતા વધતા-વધતા એ બધો એને બહારથી ત્યાગ થઈ જાય. જેને અંતરમાંથી છૂટ્યું એને બહારમાંથી પછી ક્રમે-ક્રમે છૂટી જ જવાનું છે. બધો રાગ છૂટી જવાનો છે. પણ જેને અંતરમાંથી છૂટ્યું નથી, બહારથી છોડી દીધું તો એ તો પાછું ફરીને થવાનું છે. ઝાડનું મૂળિયું એમને એમ છે અને ડાળા-પાંદડા તોડી નાખ્યા તો ફરીને ફાલવાનો છે. આ તો મૂળિયું તૂટી ગયું એટલે પછી ડાળા-પાંદડા તો સૂકાઈ જવાના. પછી તો મૂળિયું થડ કાપી નાખ્યું છે અંદરથી. ગૃહસ્થાશ્રમમાંથી રાગ છૂટી ગયો. અંદર હેયબુદ્ધિ થઈ ગઈ. ભેદજ્ઞાન થઈ ગયું. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જ્ઞાતાની ધારા પ્રગટ થઈ ગઈ. સ્વાનુભૂતિ થઈ ગઈ. પછી થોડુંક બાકી છે એ તો બધું છૂટી જવાનું, સૂકાઈ જવાનું બધું.

પ્રશ્ન :- અંતરમાંથી છૂટવું જોઈએ.

ઉત્તર :- અંતરમાંથી છૂટવું જોઈએ. ઓલુ તો મુનિ થાય પણ અંદર થડ-અંતર પરિણતિમાં પડ્યું છે બધું. રાગની રુચિ પડી છે એટલે પાછું ફાલવાનું છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૪ A

પ્રશ્ન :- ... તે તેની વારંવાર ભાવના ભાવે છે. અને ભાવનાને અનુસાર ભવન થાય છે. તેથી ભાવના એવું ભવન. એનો અર્થ શું?

ઉત્તર :- જેની રુચિ જેને આત્મા તરફની હોય તો એની જ ભાવના આવે છે એને. જેવી રુચિ એવી ભાવના. એને પર તરફની રુચિ હોય તો એની ભાવના હોય છે. આત્માની રુચિ હોય તો આત્માની ભાવના આવે છે. આત્મા કેમ પ્રગટ કરું? આત્માનું સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? જ્ઞાન કેમ પ્રગટ થાય? એવી ભાવના આવ્યા કરે છે અને એ ભાવના આવે એટલે એ રૂપે ભવન પરિણતિ થયા વગર રહેતી નથી. જેવી ભાવના હોય એવું ભવન થાય છે. જેવી રુચિ એવી એની ભાવના, એવો એનો પુરુષાર્થ અને એવી એની પરિણતિ થયા વગર રહેતી નથી. જેવી રુચિ એવો જ એનો પુરુષાર્થ.

રુચિ પ્રમાણે જ બધું કાર્ય થાય છે. રુચિ પરની હોય વિભાવ તરફની તો વિભાવના કાર્યો થાય. વિભાવની ભાવના થાય, વિભાવની પરિણતિ થાય. જેવી રુચિ એવું કાર્ય થાય. એમ કહે કે અમારી રુચિ ઘણી છે પણ કાર્ય થાતું નથી. તો તારી રુચિ છે પણ એવી રુચિ હોય તો રુચિમાં કાં ખામી છે અને કાં પુરુષાર્થ કરતો નથી એટલે થાતું નથી. રુચિ પ્રમાણે ભાવના અને ભવન થયા વગર રહેતું નથી.

પ્રશ્ન :- રુચિ અને પુરુષાર્થ બંને જોઈએ?

ઉત્તર :- રુચિ હોય તો પુરુષાર્થ થયા વગર રહેતો નથી. સાચી ઊંડી રુચિ હોય તો પુરુષાર્થ થાય જ. રુચિ મંદ હોય તો પુરુષાર્થ એ જાતનો હોય છે. રુચિ યથાર્થ હોય તો એની ભાવના એ જ રહે. મને આત્મા કેમ પ્રગટ થાય? આત્માની ખટક રહે, આત્માની લગની દિવસ ને રાત લાગ્યા કરે અને સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? આત્માનું શું સ્વરૂપ છે? આત્મા જ્ઞાનસ્વભાવી છે, કેવી રીતે છે? એના દ્રવ્ય-ગુણ-

પર્યાય શું છે? એના વિચારો આવ્યા કરે. તે રૂપે પુરુષાર્થ કરે, એ જાતની પરિણતિ પ્રગટ કરવાનો પ્રયાસ કરે.

પ્રશ્ન :- માતાજી! આત્મા શ્રદ્ધા અપેક્ષાએ ત્રિકાળીને વિષય કરે અને જ્ઞાન વડે ત્રિકાળીનો વિષય કરે?

ઉત્તર :- શેનો વિષય? ત્રિકાળીને?

પ્રશ્ન :- હા, એમાં કાંઈ અંતર? શ્રદ્ધાથી આત્મા ત્રિકાળી અને હું જ્ઞાયક જ છું એમ વિષય કરે અને એક નિશ્ચય જ્ઞાન એટલે કે નિશ્ચયનયથી હું ત્રિકાળી છું એમ .. વિષય કરે છે. તો એ બેમાં કાંઈ અંતર ખરું?

ઉત્તર :- એ બેમાં કાંઈ અંતર નથી. દૃષ્ટિ અપેક્ષાએ જેવો આત્માને ગ્રહણ કર્યો એવી રીતે જ્ઞાન ગ્રહણ કરે છે. જ્ઞાનમાં એ છે (કે) જ્ઞાન બધાને જાણે છે. દૃષ્ટિ એકને જ મુખ્ય રાખે છે, દૃષ્ટિ એકને જ ગ્રહણ કરે છે. બીજા કોઈને ગ્રહણ કરતી નથી. દૃષ્ટિનો વિષય એક જ છે કે જે આત્માને ગ્રહણ કર્યો મુખ્યપણે તેને જ એનું જોર એની ઉપર, જ્ઞાનનું જોર પણ એની ઉપર છે પણ જ્ઞાન એની સાથે સાથે બધું જાણે છે. એટલો ફેર છે.

પ્રશ્ન :- જ્ઞાન અપેક્ષાએ વિષય કરે છે ત્યારે મુખ્ય અને ગૌણ, પર્યાય ગૌણ રહે છે. શ્રદ્ધા જ્યારે આત્મા શ્રદ્ધાથી વિષય કરે છે કે હું જ્ઞાયક જ છું, બીજું કાંઈ છું જ નહિ. એટલું બધું જોર આપે છે એ વખતે પણ જ્ઞાનના પરિણમનમાં તો પાછું જેમ છે એમ જ્ઞાન તો રહે છે.

ઉત્તર :- જ્ઞાન એમને એમ રહે છે. દૃષ્ટિને બીજો કાંઈ ખ્યાલ જ નથી. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે. હું આ જ્ઞાયક જ છું. એમ. તે જ વખતે જ્ઞાન પણ હું આ જ્ઞાયક છું (એમ વિષય કરે છે). એને પર્યાય ગૌણમાં રહે છે. એ તે જ વખતે ગ્રહણ કરે, તે જ વખતે.

પ્રશ્ન :- મારે પ્રશ્ન શું છે કે જ્ઞાન મુખ્ય-ગૌણ કરે છે અને દૃષ્ટિ એકાંત કરે છે. એમાં કાંઈ દૃષ્ટિમાં, જો આત્મા દૃષ્ટિ અપેક્ષાએ જ્યારે ગ્રહણ કરે છે કે હું જ્ઞાયક, એમાં કાંઈ જોર વિશેષ આવતું હશે? એવું કાંઈ?

ઉત્તર :- બીજો કાંઈ ખ્યાલ નથી. એને એક દ્રવ્યનું જ અસ્તિત્વ ગ્રહણ કર્યું છે માટે એને દૃષ્ટિ અપેક્ષાએ એને મુખ્ય કરે માટે એમાં જોર વધારે આવે છે. જ્ઞાનમાં પણ જોર તો આવે જ છે. એ જોર તો બરાબર આપે છે પણ બીજું ખ્યાલમાં રાખે છે. એમ.

પ્રશ્ન :- બીજું ખ્યાલમાં રાખવા જતાં કાંઈક ઢીલપ આવતી હોય અને પેલામાં વિશેષતા આવતી હોય એવું કાંઈ બને ખરું? કેમકે આમ તો દૃષ્ટિ જ્યારે એકાંત ગ્રહણ કરે છે ત્યારે જ્ઞાન તો સાથે રહે છે.

ઉત્તર :- જ્ઞાન સાથે રહે છે. દૃષ્ટિ જે કહે છે એ બરાબર છે એમ જ્ઞાન જાણે છે. જે દૃષ્ટિએ વિષય કર્યો એ બરાબર દૃષ્ટિની અપેક્ષાએ બરાબર છે એમ જ્ઞાનમાં ગ્રહણ છે. જ્ઞાન દૃષ્ટિને બરાબર જાણે છે કે દૃષ્ટિનો આ વિષય છે અને જ્ઞાન પણ એમ જ જાણે છે કે દૃષ્ટિની અપેક્ષાએ એ બરાબર છે. એમ એ પોતે પણ એવી રીતે જોર આપે છે. પણ આ જાણવાનું છે એ બાકી રહી જાય છે. એટલે શ્રદ્ધાનો વિષય મુખ્યપણે મુખ્ય રાખવો એ વિષય શ્રદ્ધાનો છે. જ્ઞાનનો વિષય છે એ જાણવાનો છે. એટલે એ જોર આપવું એ બધું શ્રદ્ધાનો વિષય (છે), પણ જ્ઞાનમાં જોર આપવું એનો વિષય છે. કારણ કે એ બરાબર જેમ જાણે છે એમ જોર આપે છે. એનો વિષય જ્ઞાનનો જાણવાનો છે અને ગ્રહણ કરવું એ બધો દૃષ્ટિનો વિષય છે. જ્ઞાન ગ્રહણ કરે છે. ગ્રહણ તો કરે છે પણ મુખ્ય વિષય દૃષ્ટિનો છે.

પ્રશ્ન :- એમ કે આપણે મોક્ષમાર્ગના ત્રણ અંગ-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. એમાં પ્રધાનતા સમ્યગ્દર્શનને આપીએ છીએ. તો એમાં વિશેષ..?

ઉત્તર :- એનું મુખ્ય કારણ કે એનો શ્રદ્ધાનો વિષય જ છે, દૃષ્ટિનો વિષય, એ શ્રદ્ધાની મુખ્યતા છે માટે. જ્ઞાનનો જાણવાનો વિષય છે. જાણવાનું કાર્ય કરવું એ જ્ઞાનનો વિષય છે અને શ્રદ્ધાનું કાર્ય કરવું એ દૃષ્ટિનો વિષય છે. એટલે શ્રદ્ધાની મુખ્યતાથી લેવાય છે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. પહેલા જ્ઞાન તો કરતું હોય પણ જો શ્રદ્ધા ન હોય બરાબર તો એ જ્ઞાન એકલું કામ નથી કરતું. શ્રદ્ધા જોરદાર હોય તો જ કામ થાય છે. પણ શ્રદ્ધા જોરદાર હોય પણ જ્ઞાન જો બરાબર કામ ન કરે તો શ્રદ્ધા પણ ખોટી પડે છે. એ બેને અરસપરસ સંબંધ છે.

પ્રશ્ન :- પહેલા વિકલ્પપૂર્વકનું જ્ઞાન તો યથાર્થ હોવું જોઈએ. એ ન હોય તો દૃષ્ટિ જ મિથ્યાત્વ છે.

ઉત્તર :- હા, દૃષ્ટિ મિથ્યા છે.

પ્રશ્ન :- જી. પણ એટલું થયા પછી મોક્ષમાર્ગમાં મુખ્યપણે સમ્યગ્દર્શન વિશેષ કાર્યકારી છે એમ કહી શકાય ખરું?

ઉત્તર :- સમ્યગ્દર્શન વિશેષ કાર્યકારી છે, પણ જ્ઞાન પણ કાર્યકારી છે. પણ સમ્યગ્દર્શનની મુખ્યતા છે. એનું જોર પોતાના અસ્તિત્વ ઉપર એ એક જ કાર્ય કરે છે

માટે.

પ્રશ્ન :- એકને જ ગ્રહણ કરે છે.

ઉત્તર :- એકને જ ગ્રહણ કરે છે. એક ઉપર જોર દઈને એ ચાલનાર છે માટે એ મુખ્ય કામ કરે છે.

પ્રશ્ન :- આમ જોઈએ તો દૃષ્ટિ અપેક્ષાએ પણ આત્મા જ જોર આપે છે અને જ્ઞાન અપેક્ષાએ જાણવાનું કામ પણ આત્મા જ કરે છે.

ઉત્તર :- બધું આત્મા જ કરે છે. બધું કાર્ય આત્માનું એક જ બધું કરે છે. એક આત્મા જ બધું કરે છે. એના ગુણો જુદાં છે, કરનાર બધું એક આત્મા જ કરે છે. એક આત્મા જ પોતે પોતાના ઉપર જોર આપે છે અને એક આત્મા જ પોતે પોતાથી બધાને જાણે છે. એક આત્મા જ પોતામાં લીનતા કરે છે. બધું એક આત્મા જ કરી રહ્યો છે. આત્મા જ પોતાના ગુણથી પોતાના અસ્તિત્વ ઉપર જોર આપે છે, આત્મા જ બધું જાણે છે, આત્મા જ લીનતા કરે છે. આત્મા જ દર્શન છે, આત્મા જ જ્ઞાન છે, આત્મા જ ચારિત્ર છે. એ આવે છેને 'સમયસાર'માં.

પ્રશ્ન :- ...

ઉત્તર :- મુજ આત્મ પ્રત્યાખ્યાન અને મુજ આત્મ સંવર..

પ્રશ્ન :- કોઈ અપેક્ષાએ એક આત્મા જ હોવા છતાં પાછું ગુણભેદથી જોઈએ તો આટલો...

ઉત્તર :- એના કાર્યોમાં, એના ગુણોમાં ફેર છે. એ બધું ભેગું થાય ત્યારે જ સાધના સધાય છે. દૃષ્ટિ મુખ્ય, જ્ઞાન સાથે રહે છે અને લીનતા સાથે થાય છે. એ બધું ભેગું થાય ત્યારે મોક્ષમાર્ગ થાય છે. દૃષ્ટિની મુખ્યતા હોય ત્યાં જ્ઞાન સાથે જ હોય છે. અને મુખ્યતા એક ધ્યેય રાખીને ચાલે એની સાથે જ્ઞાન સાથે રહે છે અને લીનતા એને ઠરવાનું કામ કરે છે.

પ્રશ્ન :- પહેલા પ્રશ્ન એમ આવતો હતો કે જ્ઞાન અપેક્ષાએ અને શ્રદ્ધા અપેક્ષાએ શું? પણ પંડિતજીએ હમણાં .. કે બધું આત્મા, આત્મા એમ કે શ્રદ્ધા અપેક્ષાએ, પણ આત્મા શ્રદ્ધે છે, આત્મા જ જાણે છે...

ઉત્તર :- બધું આત્મા જ કરે છે. બધા કટકા શું કામ પાડો છો? બધું આત્મા જ કરે છે. દર્શન અપેક્ષાએ, જ્ઞાન અપેક્ષાએ. એટલે કાંઈ જ્ઞાન કાંઈ કાઢી નાખવાનું છે? એ કાંઈ વધારાની વસ્તુ નથી જ્ઞાન છે ઈ. દર્શન મુખ્ય છે. મુખ્યથી મોક્ષમાર્ગ સધાય પણ એની સાથે જ્ઞાન પણ એટલું જ કામ કરે છે. જ્ઞાન પણ સમ્યક્પણે કામ

કરે છે. અને લીનતા પણ એને ઠરવાનું કામ કરે છે. મુખ્યતાની અપેક્ષાએ સમ્યગ્દર્શન અનાદિકાળથી પ્રગટ કર્યું નથી એટલે એની ઉપર જોર અપાય એની મુખ્યતા. પણ એની સાથે જ્ઞાન પણ સાથે જ રહે છે.

સમ્યગ્દર્શને ગ્રહણ કર્યું કે આ રાજા આ આત્મા જ છે. બસ એને ગ્રહણ કરો. પણ એ રાજા કેવી જાતનો છે એ બધું જ્ઞાનગુણ કામ કરે છે. આ અનંતગુણવાળો, અનંત પર્યાયો છે, એનું અસ્તિત્વ આવું જે દૃષ્ટિએ ગ્રહણ કર્યું એ તો બરાબર છે એમ પાછું જ્ઞાન કરે છે.

પ્રશ્ન :- દૃષ્ટિએ ગ્રહણ કર્યું એ બરાબર છે એ જ્ઞાન જાણે છે?

ઉત્તર :- એ જ્ઞાન જાણે છે. એ દૃષ્ટિનો નિષેધ નથી કરતું જ્ઞાન. દૃષ્ટિને ઊભી રાખીને જાણે છે. દૃષ્ટિને તોડીને જ્ઞાન જાણતું નથી.

પ્રશ્ન :- આત્માએ દૃષ્ટિ અપેક્ષાએ જે આત્માને વિષય કર્યો છે એને તો જેમ છે એમ રાખીને જ્ઞાન.. દ્રવ્ય અને પર્યાય બંનેનું....

ઉત્તર :- હા બધું જાણે છે. એને ઊભી રાખીને જાણે છે. એને તોડીને નથી જાણતો.

પ્રશ્ન :- ભાઈનો પ્રશ્ન છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે. પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે. આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતા મોહ ક્યાં ઊભો રહે?

ઉત્તર :- મોહ ઊભો જ ક્યાંથી રહે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણે તો. એમ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પર્યાય દ્રવ્યને પોતે છે. પોતે જ પરિણમે છે. પોતાની પર્યાય છે. પર્યાય અંશ છે, પોતે અંશી છે. બધું યથાર્થપણે જાણે, અનંતગુણ છે, એની પર્યાયો થાય છે, એનું કાર્ય થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી. દરેક સ્વતંત્ર છે. દરેક સ્વતંત્ર છે તો મોહ શેનો ઊભો રહે? કા પરદ્રવ્ય પ્રત્યે મોહ શેનો કે પોતે એમાં કાંઈ જઈ શકતો નથી. પરદ્રવ્યની પર્યાય પોતામાં આવતી નથી. તો એના ઉપર રાગ ને દ્વેષ ને એ બધું શેનું? પોતે પોતામાં જ પરિણમનારો છે. બીજે ક્યાંય જાતો નથી કે આ મને મળે, આ ઠીક છે અને આ ઠીક છે. એ તો દરેક દ્રવ્યનું સ્વરૂપ છે. સૌ પોતપોતાએ પરિણમે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. પોતે સ્વતંત્ર પરિણમે છે. પોતે પોતામાં સ્વતંત્ર પરિણમે છે. તો એવું જ્ઞાન થાય તો મોહ ક્યાંથી ઊભો રહે? દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયના જેમ છે એમ પરિણમે છે. એમાં મોહ કે આ ઠીક છે ને

આ ઠીક છે. એ મોહ ઊભો જ શેનો રહે? તત્ત્વનું યથાર્થ જ્ઞાન થાય તો મોહ છૂટી જાય છે. કે હું મારારૂપે પરિણમું છું. પરદ્રવ્યરૂપે પરિણમતો નથી. દો ખોટો વ્યામોહ અને ભ્રાંતિ એ બધું ખોટું જ છે. એ કલ્પનાઓ બધી ખોટી છે. જો એમ યથાર્થ શ્રદ્ધા થાય અને યથાર્થ જ્ઞાન થાય તો મોહ ઊભો જ નથી રહેતો. મોહ છૂટી જાય છે.

પ્રશ્ન :- .. પર્યાય .. ને પહોંચે છે. .. પર્યાયને પહોંચે છે. સમજાતું નથી.

ઉત્તર :- દ્રવ્ય પર્યાયને પહોચે. દ્રવ્ય પોતે પરિણમે. પરિણમીને પર્યાયને પહોંચી જાય છે. અને પર્યાય પોતે દ્રવ્યના આશ્રયે પરિણમે છે. પર્યાય દ્રવ્યના આશ્રયે પરિણમે છે અને દ્રવ્ય પોતે પર્યાયરૂપે દ્રવ્ય પરિણમે છે. બીજું કોઈ પરિણમતું નથી. કાંઈ પર્યાય એકલી પરિણમતી નથી. પર્યાય દ્રવ્યના આશ્રયે પરિણમે છે. પર્યાય દ્રવ્યને પહોંચી જાય છે. દ્રવ્ય પર્યાયને પહોંચી જાય છે. પોતે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે દ્રવ્ય પોતે જ પરિણમે છે અને પર્યાય દ્રવ્યને આશ્રયે જ પરિણમે છે. કાંઈ છૂટા છૂટા કોઈ કટકા નથી. એવું વસ્તુનું સ્વરૂપ જ છે.

પોતે જ પરિણમનારો, પોતે જ વિભાવદશાએ પોતે જ પરિણમે, સ્વભાવ રીતે પોતે પરિણમે. પોતે પોતાના આશ્રયે પરિણમે છે. દ્રવ્ય પરને આશ્રયે કોઈ પરિણમતું નથી. પર્યાય કાંઈ છૂટી પરિણમતી નથી દ્રવ્યના આશ્રય વગરની. પોતાના આશ્રયે-દ્રવ્યના આશ્રયે પર્યાય પરિણમે છે. અને કાંઈ દ્રવ્ય કૂટસ્થ નથી કે પરિણમતું નથી. દ્રવ્ય પોતે પરિણમે છે પર્યાયરૂપે. દ્રવ્ય એવું કૂટસ્થ નથી કે એમાં પરિણામિકભાવ જ નથી. તો આ બંધ અને મોક્ષ અને એ બધું કાંઈ હોય જ નહિ જો દ્રવ્ય પરિણમતું ન હોય તો. તો આ સંસાર શેનો? આ મોક્ષની પર્યાય પ્રગટ કરવી, આ સાધના કરવી. આ ઉપદેશ ગુરુ આપે, એનો વિચાર કરીને પોતે નિર્ણય કરવો એ બધું જો દ્રવ્ય કાંઈ પરિણતું જ ન હોય તો એ બધું કોને માટે છે? એ તો બધું બહાર થાય છે. પોતામાં તો કાંઈ થાતું નથી. માટે દ્રવ્ય એ પોતે વિભાવરૂપે પરિણમે, સ્વભાવરૂપે પોતે પરિણમે. પોતે જ પરિણમે છે. બીજું કોઈ પરિણતું નથી. દ્રવ્ય પોતે જ પર્યાયને પહોંચી જાય છે અને પર્યાય દ્રવ્યના આશ્રયે જ પરિણમે છે. બધા જુદા કટકા નથી.

પ્રશ્ન :- કોઈ ઠેકાણે એમ આવે છે કે પર્યાય વિભાવ ઉપર ઉપર તરે છે...

ઉત્તર :- વિભાવ અંદર પ્રવેશ નથી કરતો. વિભાવ એનો સ્વભાવ નથી. વિભાવ છે એ ચૈતન્યમાં અંદરમાં કાંઈ રાગ અને દ્વેષ એનો મૂળ સ્વભાવ નથી માટે ઉપર તરે છે. પર્યાય પોતાના પુરુષાર્થની મંદતાએ પર્યાય થાય છે. પણ અંદર એનો મૂળ

સ્વભાવ નથી. જેમ સ્ફટિકનો સ્વભાવ નિર્મળ જેમ તદ્ગતરૂપે સ્વરૂપે સ્ફટિક નિર્મળ છે, પણ એને નિમિત્તને કારણે લાલ, પીળાને કારણે સ્ફટિક પીળું કે લાલ દેખાય એ બધું ઉપર ઉપર છે, એના અંતરમાં નથી.

એમ આત્મામાં રાગ-દ્વેષરૂપે પરિણમે પોતે, પણ એમાં નિમિત્ત, કર્મનું નિમિત્ત છે. પોતાના પુરુષાર્થની મંદતાએ પરિણમે પોતે, પણ એના મૂળની અંદર, એના મૂળ સ્વભાવની અંદર એ લાલ કે પીળો કે રાગ કે દ્વેષ કે એવા સ્વભાવરૂપે પોતે પરિણમતો નથી માટે ઉપર ઉપર છે. સ્ફટિકમાં જેમ એ ઉપર ઉપર પરિણમે છે, પણ એ ઉપર ઉપર છે, પોતામાં અંદરમાં જેમ એની સફેદાઈ જેવી તદ્ગત છે એવું આ લાલ, પીળું તદ્ગત અંતરમાં નથી. એમ..

પ્રશ્ન :- મૂળ સ્વભાવમાં નથી.

ઉત્તર :- મૂળ સ્વભાવમાં નથી. એમ આત્મા મૂળ સ્વભાવે જ્ઞાયક છે. એમાં રાગ-દ્વેષ અને બધું ઉપર-ઉપર છે. પર્યાય પોતાની થાય પણ સ્વભાવ એનો નથી. ઉપર ઉપર તરે છે.

પ્રશ્ન :- દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયરૂપે પરિણમે છે અને બીજા રૂપે નથી પરિણમતા-એમાં બે દ્રવ્યની સ્વતંત્રતા આવી અને એથી મોહ-પરદ્રવ્ય પ્રત્યેનો મોહ એટલે કે એકતાબુદ્ધિ એ તો રહેવાનો પ્રશ્ન નથી.

ઉત્તર :- એ છૂટી જાય છે.

પ્રશ્ન :- પણ પર્યાયમાં જે રાગ ઉત્પન્ન થાય છે અને એક સમયની જે પર્યાય, એમાં જે એકત્વપણું એ જાણવાથી કઈ રીતે થાય?

ઉત્તર :- એ પર્યાયમાં જે રાગાદિ થાય છે એ સમજે કે આ મારો સ્વભાવ નથી. આ તો પુરુષાર્થની મંદતાએ આ નિમિત્ત છે કર્મનું, આ મારો મૂળ સ્વભાવ નથી. શુદ્ધ સ્વભાવને ઓળખે, તત્ત્વનું મૂળ સ્વરૂપ ઓળખે, એનું મૂળ તત્ત્વનું સ્વરૂપ શું છે? દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે પણ આ તો વિભાવ પર્યાય, મૂળ સ્વરૂપ શું છે આ તત્ત્વનું? તત્ત્વના મૂળને ઓળખે તો એ રાગ-દ્વેષની એકત્વબુદ્ધિ તૂટી જાય કે આ મારો મૂળસ્વભાવ નથી. આ સ્વભાવ તો આકુળતા અને દુઃખરૂપ છે. આ સ્વભાવ મારો નથી. જે સ્વભાવ હોય પોતાનો એ પોતાને ને પોતાને આકુળતા અને દુઃખરૂપ થાય? આ સ્વભાવ મારો નથી. એમ વિચાર કરે તો છૂટી જાય છે. મૂળ તત્ત્વને ઓળખે તો એ પણ છૂટી જાય છે.

પ્રશ્ન :- પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં મૂળ સ્વભાવને ઓળખે, ધ્રુવસ્વભાવને.

તો પર્યાયની એક્તા પણ તૂટી જાય?

ઉત્તર :- પર્યાયની એક્તા છૂટી જાય છે, એકત્વબુદ્ધિ તૂટી જાય છે. પછી પુરુષાર્થની મંદતાએ ઊભું રહે એ જુદી વાત છે, બાકી એને તૂટી જાય છે કે આ મારો સ્વભાવ નથી.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૪ B

પ્રશ્ન :- આત્મા જ્ઞ સ્વભાવી હોવાથી સ્વભાવ અપેક્ષાએ તો રાગાદિ વિભાવોનો પણ જ્ઞાયક જ છે. આ સમજતી વિચાર આવ્યો કે રાગ છે દાખલા તરીકે મને કે ગળી વસ્તુ મને ભાવે તો એ રાગ થયો. એનો હું જાણનારો એનાથી જુદો. આવો ભાવ લઈ અને પોતે ગળી વસ્તુ આવે એટલે એને નહિ ખાવાનું એવું કરવાનું? કે એ ખાનારો ખાય છે પણ હું તો અલગ છું એમ એણે માન્યા જ કરવાનું?

ઉત્તર :- રાગ છૂટી નથી જતો, પણ રાગ તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાયક છું, જ્ઞાતા છું. હુ જાણનારો જ્ઞાયક છું. એમ પોતે જુદો પડે, રાગથી જુદો પડે અને જ્ઞાયક (છું)... જે ખાવાની વસ્તુ એ ગળપણ કે ગમે તે હોય તે પુદ્‌ગલનો સ્વભાવ છે, મારો સ્વભાવ નથી. એટલે પોતે જ્ઞાયક જાણનારો રહે છે. હું જ્ઞાયક જાણનારો છું. આ ખાય, પીવે એ બધું મારું સ્વરૂપ નથી, પણ આ રાગ થાય, ખાવાના રાગને લઈને આ ક્રિયા થાય છે, પણ રાગનો પણ હું જાણનાર છું. એમ એનો જાણનાર રહે પણ એ ખરો જ્ઞાયક ક્યારે રહે? કે અંદરથી પોતે એકત્વબુદ્ધિ તોડે તો જ્ઞાયક રહે.

ત્યાર પહેલા તો એ ભાવના કરે કે હું જ્ઞાયક છું. ખરો જ્ઞાયક તો ત્યારે થાય કે એ આત્માને ઓળખે, આત્માનું સ્વરૂપ ઓળખે, અંદરથી જુદો પડે તો એ ખરો જ્ઞાયક રહે છે. નહિતર જ્ઞાયક છું એમ સ્વભાવને પોતે વિચારથી ઓળખ્યો પણ ખરો જ્ઞાયક રહી શકતો નથી. ભાવના કરે કે હું જ્ઞાયક છું. એટલે એમાં ખાવાનું નથી છૂટી જતું. કારણ કે રાગ છે ત્યાં સુધી ખાવાનું એનું છૂટતું નથી. પોતે રાગમાં બેઠો છે એટલે. રાગને લઈને એ થાય છે. પણ એ ખાય, પીવે એ કાંઈ આત્મા ખાતો નથી, આત્મા પીતો નથી. રાગને લઈને આ થાય છે. પણ રાગની પરિણતિમાં પોતે જ

જોડાય છે. પુદ્ગલ નિમિત્ત છે. પોતે જ જોડાય છે પુરુષાર્થની મંદતાને કારણે, પણ જાણે કે આ મારું સ્વરૂપ નથી, હું તો જાણનારો. આ રાગ થાય, રાગને કારણે જોડાવ છું. જો હું સ્વરૂપમાં સમાઈ જાવ તો મારે રાગ પણ જોતો નથી અને ખાવાની ક્રિયા બધું છૂટી જાય.

પ્રશ્ન :- તો ક્રિયા પણ છૂટી જાય એ વખતે?

ઉત્તર :- સ્વરૂપમાં સમાઈ જાય તો બધું છૂટી જાય. સ્વરૂપમાં સમાઈ જાય તો. પણ સમાતો નથી. બહાર આવે તો એ શ્રદ્ધા રાખી શકે, જ્ઞાયકની પરિણતિ રાખી શકે પણ કાંઈ ખાવાનું છૂટી જાય (એમ બનતું નથી). રાગ છે ત્યાં સુધી છૂટતું નથી.

પ્રશ્ન :- જુઓ, આવું જ એક બીજી જગ્યાએ જોયું, મહાવીરસ્વામીને આવી રીતે સર્પે ડંખ દીધો એણે કોઈ પ્રતિકાર કર્યો નહિ. કેમકે એ જાણતા હતા કે આ દેહને છે. દેહ હું નથી, હું તો આનાથી જુદો છું. એટલી બધી હદ સુધી પહોંચી ગયેલા એક સાંપ કરડે તો ઈ કાંઈ ન કરે. તો આપણે દંડો લઈને મારવાવાળો વેદાંત કહે છે એમ ચિદાભાસ જુદો છે, એ તો મારવાનો પ્રયત્ન કરશે, પણ આત્મા જુદો છે એમ માનીને જુદું રહેવું? કે ખરેખર દંડને નહિ અડવો કે નહિ કરડી જાય, મરી જાય તો શરીર મરે. હું જુદો એણે કોઈ ક્રિયા ન કરવી? આ બંને પ્રશ્નો આમાંથી જ ઉદ્ભવે છે. અને જો આ બીજો પ્રશ્ન લઈએ તો એમ થાય કે તપ કરવું બહુ જરૂરી છે. આ પુરુષો આટલું આટલું તપ કરતા હતા. જંગલોમાં જઈને. દેહમાં ઠામુકા કીડા પડી જાય તોપણ હલતા-ચલતા નહોતા. કેમકે દેહ હું નથી. દેહ માટે શા માટે મારે તકલીફ ઉઠાવવી જોઈએ? ખાવાનું મળવું હશે તો મળશે, પીવાનું મળવું હશે તો મળશે. સાપ કાટવો હશે તો કાટી જશે. તો એને જ્ઞાયકસ્વરૂપ સાચું પ્રગટે એ જ વસ્તુ બરાબર છે અને એવો જ એણે અભ્યાસ કરવો જોઈએ. નહિતર તો વાતમાં જ્ઞાયકસ્વરૂપ કહેવા પૂરતું રહ્યું. બાકી કાંઈ એનામાં એવી શક્તિઓ ન પ્રગટ થાય કે જેવી આવી મહાવીરસ્વામીમાં દેખાણી હોય કે આપણે સ્વામીજીમાં દેખાણી. એ માટે તો એણે આવી રીતે દેહ સાથે ખરેખર સંબંધ વિચ્છેદ જ કરી નાખવો પડે. એ જરાક સમાધાન...

ઉત્તર :- સર્પ કરડવો હોય તો કરડે... હિંસામાં જોડાવું એ કાંઈ બરાબર નથી. સર્પ કરડવાનો હોય તો કરડે એ તો પોતાના આયુષ્ય પ્રમાણે થાય છે. કાંઈ હિંસામાં જોડાવું બરાબર નથી. જે થવાનું હોય એ થાય. હું તો મારા... શરીરને કોઈ આયુષ્ય

પૂરું થયા વગર કોઈ કાંઈ કરી શકતું નથી. એ કાંઈ બરાબર નથી-હિંસામાં જોડાવું બરાબર નથી.

પ્રશ્ન :- નહિ. હિંસામાં જોડાવું એમ નહિ. એટલે કોઈપણ શરીર સાથે જો સંબંધ ન રહે તો શરીર કામ કરતું જ અટકી જાય. એની જેવી પરિસ્થિતિ ઊભી થવી જોઈએને? કે શરીર સાથે બિલકુલ છેડો એણે ફાડી નાખ્યો કે ત્રણે દેહનો હું દૃષ્ટા-જ્ઞાતા જુદો જ છું. એવો જો એને નિશ્ચય બંધાણો તો પછી દેહ સાથે એને શું લેવા-દેવા?

ઉત્તર :- એને નિશ્ચય બંધાણો પણ એ જાતના હજી પ્રયત્નમાં ખામી રહે છે. ગૃહસ્થાશ્રમમાં હોય છે એને ખામી છે. એટલે જોડાય,. એને ખામી છે. શ્રદ્ધામાં રહે છે પણ જે માણસ કાંઈ અંદર રુચિ વગર કાંઈ અંદર લાગી નથી કાંઈ શ્રદ્ધા વગર એકદમ રચ્યોપચ્યો રહે છે, એના કરતા જેને શ્રદ્ધા થઈ છે કે હું જાણનારો જ્ઞાયક છું, આ મારું સ્વરૂપ નથી. એને ખટક રહે છે. પણ એની ખામીને લઈને એ ગૃહસ્થાશ્રમમાં ઊભો છે, રાજ-કાજમાં ઊભો છે, બધી ક્રિયામાં ઊભો છે. એની ખામી છે. પણ જ્યારે એ આગળ જાય ત્યારે તો એ બધું છૂટી જાય છે. એ તો મુનિદશા. મુનિદશા આવે ત્યારે બધું છૂટી જાય છે. આહાર આવવાનો હોય તો આવે, શરીરને કરડે તો ભલે કરડે, ઉપસર્ગ-પરિષહ આવે તો ભલે થાય એ તો સ્વરૂપમાં આગળ જાય એટલે બધું છૂટી જાય. ગૃહસ્થાશ્રમમાં રહે એને ખામી છે.

પ્રશ્નઃ- પ્રયત્ન આ રીતે જ આગળ વધારવાનો...

ઉત્તર :- ખામી છે એટલે ગૃહસ્થાશ્રમમાં રહ્યો છે.

પ્રશ્ન :- બરાબર. અને પ્રયત્નનો માર્ગ પણ આ જ તે. હું તો બસ જાણનાર છું એ ભાવમાં જ રહ્યા કરવું જોઈએ.

ઉત્તર :- એ ભાવમાં રહે, પણ હજી ગૃહસ્થાશ્રમમાં છે તો આ બધા કાર્યોમાં જોડાય છે. એ નિરાળો રહે એનાથી રહી શકાય એવી રીતે નિરાળો રહે છે. નિરાળો રહે છે પણ ખામી છે કે બધે જોડાય છે. મુનિ થાય એટલે બધું છૂટી જાય છે.

પ્રશ્ન :- તો તો એણે વ્યવહાર છોડવો જ પડે એની અંદર. છૂટી જ જાય છે એની મેળાએ.

ઉત્તર :- મુનિદશા આવી એટલે બધું છૂટી જાય.

પ્રશ્ન :- છોડવું ન પડે પણ છૂટી જાય.

ઉત્તર :- છૂટી જ જાય. અંદરથી વૈરાગ્ય આવે એટલે છૂટી જ જાય છે.

ચત્તારી મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણત્તો ધમમો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણત્તો ધમ્મો લોગુત્તમા. ચત્તારી શરણં પવજ્જામી, અરહંતા શરણં પવજ્જામી, સિદ્ધા શરણં પવ્વજ્જામી, સાહુ શરણં પવ્વજ્જામી, કેવળી પણત્તો ધમ્મો શરણં પવ્વજ્જામી. ચાર શરણ, ચાર મંગળ, ચાર ઉત્તમ કરે જે ભવ સાગરથી તરે તે. સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાએ. સંસારમાંહી શરણ ચાર, અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે લબ્ધિ તણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળદાતાર.

'ગુરુદેવે' કીધું છેને, શરીર અને આત્મા જુદા છે. શરીર શરીરનું કામ કરે, આત્મા આત્માનું કામ કરે. એ ... આત્મા જાણનારો જ્ઞાયક છે.

પ્રશ્ન :- ...

ઉત્તર :- હા, હા. ત્યારે સારા હતા.

પ્રશ્ન :- .. છેલ્લે અહીંયાં સોનગઢ.

ઉત્તર :- જાણનારો છે. 'ગુરુદેવે' કીધું છેને? આ આત્માને યાદ કરવો જ્ઞાયકને. અને 'ગુરુદેવ'ને, ભગવાનને એ બધું યાદ કરવું. આત્માને યાદ કરવો. આત્મા જાણનારો છે. સમજાય છે? આત્મા જાણનારો જ્ઞાયક છે એને યાદ કરવો.

પ્રશ્ન :- સાંભળ્યુંને?

ઉત્તર :- હા.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૪ C

પ્રશ્ન :- 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના વચનામૃતમાં, બીજું કાંઈ શોધમાં એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દે. પછી જો તને મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ જજે. એમાં વિશેષ સ્પષ્ટતા...

ઉત્તર :- .. કર્યો છે અને માર્ગ સ્વાનુભૂતિ પ્રગટ કરી છે, માર્ગને જાણે છે માટે સત્પુરુષને ગોત. એ બધું તને કહેશે. માટે એક સત્પુરુષને (ગોત). તને અંતરથી કાંઈ સમજાતું નથી (માટે) એક સત્પુરુષને શોધ. એ સત્પુરુષ જે કહે એનો આશય બધો ગ્રહણ કરી લે. તો મોક્ષ મારી પાસેથી લેજે એનો અર્થ કે તને મોક્ષ મળવાનો જ છે.

સત્પુરુષને તેં ગ્રહણ કર્યા અને સત્પુરુષને તેં ઓળખ્યા તો માર્ગ તને મળવાનો જ છે અને મોક્ષ પ્રગટ થવાનો જ છે. માટે મોક્ષ ન મળે તો મારી પાસેથી લઈ જજે. એનો અર્થ એ છે કે તને મોક્ષ મળવાનો જ છે, એમ કહે છે.

અનંતકાળથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી. તો કાં દેવ કા ગુરુ મળે અને પોતાનું ઉપાદાન તૈયાર હોય તો એ નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. દેશનાલબ્ધિ પ્રગટ થાય એટલે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. માટે દેવ-ગુરુ... અવશ્ય એકવાર દેશનાલબ્ધિ થાય તો એક નિમિત્ત એને મળે છે. થાય છે ઉપાદાનથી, પણ નિમિત્ત સાથે એવો સંબંધ હોય છે. માટે તું એક સત્પુરુષને ગોત તો એમાં તને બધું મળી રહેશે. એ સત્પુરુષ તને મળ્યા અને તને પ્રાપ્ત થયા વગર રહે એવું બનતું નથી. અવશ્ય પ્રાપ્ત થાશે.

કારણ તને સત્પુરુષ ઉપર ભક્તિ આવી અને અર્પણતા આવી, તેં સત્પુરુષને ઓળખ્યા તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ. જે ભગવાનને ઓળખે, તે પોતાને ઓળખે છે અને પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે છે. પોતાના દ્રવ્ય દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ પોતાને ઓળખે છે. માટે તું સત્પુરુષને ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ. માટે અવશ્ય તને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થશે અને અવશ્ય મોક્ષ મળશે-એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. થાય છે પોતાથી, પણ અનાદિકાળથી પોતે અજાણ્યો માર્ગ છે તો એને પહેલુંવહેલું સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શનની તૈયારી થાય ત્યારે એને અવશ્ય દેવ કાં ગુરુનું નિમિત્ત હોય છે. માટે તું સત્પુરુષને ગોત એમ કહે છે. સત્પુરુષને તું ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ. એવો એનો અર્થ છે. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.

જે સત્પુરુષને ઓળખે છે તે પોતાને ઓળખે, પોતાને ઓળખે એ સત્પુરુષને ઓળખે છે. એમ બનતું જ નથી (કે ન મળે). પોતે સત્પુરુષને ગ્રહણ કર્યા અને ઓળખ્યા ક્યારે કહેવાય? કે આત્માની પ્રાપ્તિ થાય તો. અને ન થાય તો એણે સત્પુરુષને ઓળખ્યા નથી અને સત્પુરુષને ગ્રહણ કર્યા નથી. એનો આશય ગ્રહણ કર્યો નથી.

પ્રશ્ન :- પંદર ભવમાં મોક્ષ મળી જાય એવી ખાત્રી આપી છે.

ઉત્તર :- પંદર ભવમાં અવશ્ય તને મોક્ષની પ્રાપ્તિ થાશે. તને અવશ્ય પંદર

ભવમાં તો થાશે જ. એટલે એનો કાળ બતાવ્યો છે. અંદરથી આત્માની તૈયારી થાય એટલે પંદર ભવમાં તો મોક્ષ મળવાનો જ છે. પછી સંસારમાં રહેવાનો નથી એથી વધારે. એમને એમ જો એને અપ્રતિહત ધારાએ એમને એમ ચાલ્યો તો પંદર ભવે અવશ્ય મોક્ષ થવાનો છે. પછી એક વાર તડ પડી ગઈ, ભેદજ્ઞાન થઈ ગયું પછી પહેલાના જેવો એ ભળતો જ નથી. છૂટો છૂટો રહે છે. એકવાર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો અવશ્ય મોક્ષ થાય છે. અને એમને એમ એની તૈયારી રહે તો પંદર ભવે થાય છે.

પ્રશ્ન :- સ્વાનુભૂતિદશા આમ તો વચનાતીત છે, પણ જે આપે ઈશારો કર્યો છે એમાં થોડુંક વિશેષ માતાજી સ્વાનુભૂતિદશામાં..

ઉત્તર :- વિશેષ શું, એ કાંઈ વચનની વાત નથી. આનંદતરંગો, સ્વાનુભૂતિમાં આનંદ ઉછળે છે એનો અર્થ એનું લખાણ કર્યું છે. સ્વાનુભૂતિમાં આનંદતરંગમાં ડોલી રહ્યો છે. આત્માનો અદ્‌ભૂત જે સ્વભાવ છે, આત્માનો અપૂર્વ સ્વભાવ, આશ્ચર્યકારી સ્વભાવ અને જે આનંદકારી જે આનંદગુણ છે આત્માનો એમાં આત્મા આનંદતરંગમાં ડોલી રહ્યો છે. આનંદ.

દ્રવ્ય-ગુણ અને પર્યાયથી ભરપુર જે આત્મા છે. અનંત ગુણો અને અનંત પર્યાયોથી ભરપૂર આત્મા છે. એનું જેવું સ્વરૂપ છે એવું સ્વરૂપ એને સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થાય છે અને આનંદતરંગ ડોલી રહ્યો છે. એ જગતથી જુદો અને ન્યારો છે. એ વચનમાં આવે એવો એ આનંદ નથી. એમ કહેવાય કે આનંદતરંગમાં ડોલે છે. બાકી અનંતગુણવિભૂતિ એને પ્રગટ થઈ છે. એમાં એ ડોલી રહ્યો છે. મુખ્યપણે આનંદગુણ હોય છે. એટલે આનંદતરંગમાં ડોલે છે. એટલે ઈ એમાં કૂટસ્થ છે અને કાંઈ કાર્ય નથી કરતો એમ નથી. એમાં એની પર્યાયો પણ પરિણમે છે. પર્યાયોના તરંગો ઉછળે છે કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી એમાં એને પર્યાય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ નથી, પણ એમાં સ્વાનુભૂતિમાં પર્યાય નથી એવું નથી. એની પર્યાયના તરંગ ઉછળે છે અંદર. પર્યાયમાં આનંદના તરંગો ઉછળે છે અને તે વચનથી અતીત છે. એ વચનમાં આવે એવો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિતો આત્મા છે અને તે અપૂર્વ છે. આનંદતરંગમાં ડોલે છે અને તે અદ્‌ભુત છે, આશ્ચર્યકારી છે. જગતથી જુદું એ તત્ત્વ છે.

પ્રશ્ન :- લખ્યું છે બીજી નોંધમાં કે સામાયિકમાં ...

ઉત્તર :- એ સામાયિક હોય. અંતરની સામાયિક એ તો સામાયિક જુદી હોય

છે. એ તો એમાં એ લખ્યું છે. સામાયિક એટલે એ વખતે એવી રૂઢિગત .. સામાયિક... એક કલાક બેસે, સામાયિક કરે એટલે ક્યાંય ઉઠવું પડે નહિ. એટલે એ સામાયિકમાં એમ લખ્યું છે. એ વખતે બહારથી સામાયિકમાં બેસવાની સ્થાનકવાસીમાં રૂઢિ હોય છેને. એમ સામાયિકનું લખ્યું છે. એ ક્યારે .. સ્વરૂપ અનુભવાય.

અંતરમાં તો સામાયિક જુદી છે. સ્વાનુભૂતિની સામાયિક એ જુદી છે. આ તો બહારથી. નિવૃત્તિમાં બેઠા હોય. એક કલાક સુધી બેસવું નથી, ક્યાંય જાવું નથી. આ સ્થાનકવાસી સંપ્રદાયમાં એવું હોય છેને એ રીતે. ત્યારે તો એ બધું હતુંને બહારમાં. એ વખતે ખ્યાલ હતો કે આ બધી બહારની સામાયિક છે, પણ એ લખાણમાં એમ લખ્યું છે.

પ્રશ્ન :- માતાજી! અજ્ઞાનીને ક્રોધનો ઉદય આવે તો એ પાપથી બચવા માટે દબાવાની કોશીશ કરે. જ્ઞાની કઈ રીતે કરે?

ઉત્તર :- જ્ઞાયકની પરિણતિમાં એ શાંતિ રાખે. હું તો શાંતસ્વરૂપી છું. જ્ઞાયકની દોરી એને ક્રોધથી પાછી ખેંચી લે છે. ક્રોધમાં મર્યાદા બહાર જાતો નથી. ભેદજ્ઞાન એવું છે કે ક્રોધમાં એકત્વ થાતું નથી. ક્રોધથી જુદો ને જુદો રહે છે. ભેદજ્ઞાનની ધારા વર્તે છે એને.

પ્રશ્ન :- ઉપયોગ તો ક્રોધમાં છે.

ઉત્તર :- ઉપયોગ ભલે ક્રોધમાં હોય, પણ જ્ઞાયકની દોરી ચાલુ જ છે. એમાં એકત્વ થાતું નથી.

પ્રશ્ન :- ઉપયોગ પાછો વળવાનું કારણ..

ઉત્તર :- ઉપયોગ પાછો વળવાનો પ્રયત્ન કરે છે. પરિણતિ તો જુદી ને જુદી છે, પણ ઉપયોગ પણ વધારે બહાર ન જાય અને પાછો વળે છે સહજપણે. એને તો ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એની વિરક્તિની પરિણતિ જ્ઞાયક એના હાથમાં છે. અંદર પરિણતિ જુદી પરિણમે છે. અમુક અંશે એને સ્થિરતા, લીનતા, શાંતપણું અમુક અંશે છૂટતું જ નથી, બહારથી ગમે તે દેખાય તોપણ. ક્રોધમાં એવો નથી થાતો, એકદમ આકુળ-વ્યાકુળ એવો થાતો નથી.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૪ D

પ્રશ્ન :- ધ્રુવ આત્મા જ ઉપાદેય છે, તો સમ્યગ્દર્શન શુદ્ધ આત્માને દેખે છે તો તે સમ્યગ્દર્શન ઉપાદેય છે કે કેમ?

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપાદેય છે, પણ સમ્યગ્દર્શનનો જે વિષય છે-દ્રવ્ય એટલે ધ્રુવ ઉપાદેય છે ખરી રીતે તો. ઉપાદેય-અંગીકાર કરવા દ્રવ્યને-ધ્રુવને ગ્રહણ કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ નથી હોતી. દૃષ્ટિ તો ધ્રુવ દ્રવ્ય ઉપર હોય છે. માટે ઉપાદેય વાસ્તવિક રીતે તો જે પરમપારિણામિક સ્વભાવ આત્મા અનાદિ-અનંત છે તે ઉપાદેય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાયોગ્ય છે, પણ એ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાય પ્રગટ થાતી નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે વાસ્તવિક રીતે દ્રવ્યને ગ્રહણ કરવાયોગ્ય છે.

પરમપારિણામિકભાવસ્વરૂપ જે આત્મા છે તે આત્મા ગ્રહણ કરવા યોગ્ય છે અને આત્મા ઉપાદેય છે. ઉપાદેય સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન બધું ઉપાદેય છે, પણ એના ઉપર દૃષ્ટિ કરવાથી એ પ્રગટ થાતું નથી. ધ્રુવ ઉપાદેય છે. વાસ્તવિક રીતે ધ્રુવ ઉપાદેય છે. એની ઉપર (-પર્યાય ઉપર) દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાતું નથી. પણ પર્યાય શુદ્ધ પર્યાય તેનું સુખ, સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી સુખ પ્રગટ થાય છે, આનંદ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનથી આનંદ પ્રગટ થાય છે માટે તે પણ ઉપાદેય છે. પણ એકદમ શુદ્ધ દૃષ્ટિથી જોવામાં આવે તો ધ્રુવ ઉપાદેય છે. એ બે અપેક્ષાઓ જુદી છે.

સમ્યગ્દર્શન ઉપાદેય છે. આત્માની સ્વાનુભૂતિ, કેવળજ્ઞાન એ બધું ઉપાદેય છે. પણ એ પર્યાય છે માટે એના ઉપર દૃષ્ટિ કરવાથી એ પ્રગટ થાતું નથી. દૃષ્ટિ, ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી તે પ્રગટ થાય છે માટે ધ્રુવ ઉપાદેય છે. માટે કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન ઉપાદેય છે અને ધ્રુવ ઉપાદેય છે. બેય ઉપાદેય છે. બે અપેક્ષાઓ જુદી છે. ઓલો વ્યવહાર છે, ઓલો નિશ્ચય છે. પણ વ્યવહાર એટલે એ જાતનો વ્યવહાર એવો નથી કે વ્યવહાર એટલે કાંઈ છે જ નહિ, એવું નથી. એ તો વેદનમાં આવે છે. સમ્યગ્દર્શનની પર્યાય તો વેદનમાં આવે છે માટે તે ઉપાદેય છે અને શુદ્ધ પર્યાય છે માટે તે ઉપાદેય છે. વેદનમાં આવે છે, પણ એના ઉપર દૃષ્ટિ કરવાથી (શુદ્ધ પર્યાય પ્રગટ થતી નથી). ... અનંત પર્યાયો જે ... એ ધ્રુવને ગ્રહણ કરવાથી આવે છે. માટે

ધ્રુવ ઉપાદેય છે. સમ્યગ્દર્શન ઉપાદેય નથી એમ નથી. એ છે, પણ એ અપેક્ષા વ્યવહારની અને આ નિશ્ચય અપેક્ષા (છે). સાધક પર્યાય છે. સાધકદશા છે. ઓલું છે એ મૂળ અસ્તિત્વ અનાદિ-અનંત છે. સાધકપર્યાય છે. એ અનાદિઅનંત રહેતી નથી. આ અનાદિ-અનંત જે ધ્રુવ છે તે ગ્રહણ કરવાયોગ્ય છે.

પ્રશ્ન :- ભગવતી માતા! આત્માનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે,...

ઉત્તર :- પર એટલે પરજ્ઞેયો બહાર ઉપયોગ નથી. પર નથી જણાતું પણ અંદર પોતે છે, પોતાના અનંત ગુણોની પર્યાયો જણાય છે. માટે તે સ્વપરપ્રકાશપણું ઊભું રહે છે ત્યાં. એનો નાશ થાતો નથી. પોતે જે છે સમ્યગ્દર્શન સ્વાનુભૂતિની જે પર્યાય છે એ આનંદગુણને વેદે છે. પોતાના અનંતગુણનું જે વેદન છે એ એને વેદનમાં આવે છે. માટે પોતે પોતાને જાણે છે, પોતે પર્યાયોને જાણે છે. માટે સ્વપરપ્રકાશકને જાણે એટલે બીજા ગુણોને જાણે છે. બીજા ગુણોની પર્યાયોને જાણે છે. સ્વને એટલે પોતે પોતાના બહારના જ્ઞેયને ન જાણે, અંતરમાં જે પોતે જ્ઞાન અને જ્ઞેય, જ્ઞાતા બધું પોતે પોતાનું અભેદપણે જાણે છે. પોતાની અનંતી પર્યાયોને જાણે છે. અનંત એટલે એ અનંતના નામ નથી હોતા, પણ એ પોતાનું અનંતનું વેદન જાણે છે.

ચૈતન્યચમત્કારસ્વરૂપ આત્મા છે. એની અનંતતા, એની અનેક જાતની પર્યાયોને તે જાણે છે. બહાર આવે ત્યારે ઉપયોગ બહાર હોય તે બહારનું જાણે છે, પણ એને એકત્વ નથી થાતું. એનાથી જુદો રહીને જાણે છે. તે જ્ઞાયક રહે છે. જ્ઞાતાની ધારા ચાલે છે અને ઉપયોગ બહાર હોય છે એટલે બીજાને જાણે અને પોતાને પણ જાણે છે. એમ સ્વપરપ્રકાશક (છે). અંતરમાં પોતે પોતાને જાણે, પોતે પોતાના ગુણોને-પર્યાયનો જાણે છે. એમ સ્વપરપ્રકાશપણું છે. એવી રીતે છે.

પોતે પોતાના વેદનને જાણે છે, એ પર્યાય છે. પોતાના જ્ઞાનગુણને જાણે છે, શ્રદ્ધાગુણને જાણે છે, અનંત ગુણને જાણે છે અને આશ્ચર્યકારી પર્યાયો થાય છે એ બધી પર્યાયોને જાણે છે. એના નામ નથી હોતા. એનું અનેક જાતનું પરિણમન આનંદના તરંગો ઉઠે છે, અનેક જાતની પર્યાયો પરિણમે છે. એને જાણે છે. એ રીતે એનું સ્વપરપ્રકાશકપણું છે. અનેક જાતની પર્યાયો સ્વાનુભૂતિમાં એને પરિણમે છે. એને એ જાણે છે. પોતાને જાણે છે અભેદપણે અને પર્યાયોના ભેદને પણ જાણે છે. બધું જાણે છે. .. બીજા જ્ઞેય આવ્યા એટલે.

વ્યવહાર એટલે એ પરને નથી જાણતો એવો એનો અર્થ નથી. એ વ્યવહાર

એવો નથી કે બીજું દ્રવ્ય થઈ ગયું. બીજાને જાણે એટલે વ્યવહાર એટલે જાણતો નથી અને માત્ર કહેવામાત્ર છે એમ નથી. એવું નથી. જાણે છે પણ બીજું જ્ઞેયથી બહારનું એટલે વ્યવહાર કહેવાય છે.

પ્રશ્ન :- ...

ઉત્તર :- અંદરની લગની લાગવી જોઈએ. રસ બહારનો હોય તો થાય નહિ. .. થાય એવું છે. પણ અંદરની લગની જોઈએ. શિવભૂતિ મુનિને કાંઈ આવડતું નહોતું પણ અંદરની લગની લાગી. ગુરુએ માતુષ અને મારુષનું કીધું એ ભૂલી ગયા. અને તુષમાસ થઈ ગયું. પછી એનો અર્થ.. ઓલી બાઈ ધોતી હતી દાળ અને ફોતરા જુદા. મારા ગુરુએ આમ કીધું હતું. ફોતરા જુદી અને દાળ જુદી. એમ કરીને અંદરનો આત્મા જુદો, આ શરીર જુદું, આ વિભાવ-રાગ-દ્વેષ બધું જુદું છે. મારો સ્વભાવ જુદો છે એમ પ્રયોજનભૂત ગ્રહણ કરી લીધું. તો અંતરમાં ઉતરી જાય. એને કાંઈ શાસ્ત્ર અભ્યાસની જરૂર નથી. અંદરની લગનીની, અંદરના પુરુષાર્થની જરૂર છે. અંદર રુચિની જરૂર છે તો થાય. યથાર્થ સમજે તો થાય. યથાર્થ સમજણ વગર (થાતું નથી).

આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરે તો થાય. અંતરને સમજવાની જરૂર છે. અંતરમાંથી અંદરમાંથી આત્મા જુદો છે, જ્ઞાયક છે, આનંદથી ભરેલો છે, મહિમાવંત છે. એ કાંઈક જુદું જ તત્ત્વ છે એમ સમજે તો થાય. એને સમજાવનાર પણ ગુરુ શું કહી રહ્યા છે? દેવ, બધું પૂરું કર્યું જિનેન્દ્રદેવે. ગુરુ સાધના કરે (છે), શાસ્ત્રમાં બધી વાત (આવે છે), ગુરુ શું માર્ગ બતાવી રહ્યા છે એ પોતે ગ્રહણ કરે, એને પ્રયોજન મૂળભૂત ગ્રહણ કરે તો પમાય એવું છે. ઝાઝો શાસ્ત્રનો અભ્યાસ કરે તો પમાય એવું કાંઈ નથી. દિન-રાત એને લગની લાગવી જોઈએ. બહારની રુચિ હોય, અંદરમાં રસ ન હોય તો ન થાય. અંતર આત્માનો રસ લાગવો જોઈએ. આ બધું નિરસ લાગે અંતરમાં. બધું બહારનું નિરસ લાગે અને મહિમા છૂટી જાય. રસ એક મહિમા આત્માની જ લાગે, બીજી મહિમા છૂટી જાય. સંસાર બધો નિરસ છે. મહિમાવંત નથી. મહિમાવંત મારો આત્મા જ છે એવું અંતરમાંથી લાગે તો થાય. અને આત્માના સ્વભાવને મૂળ પ્રયોજનભૂત ઓળખે એના દ્રવ્ય-ગુણ-પર્યાય મારા શું? પુદ્‌ગલ શું? જડ શું? એમ મૂળ પ્રયોજનભૂત સમજે તો પમાય.

... ખામી છે. પુરુષાર્થ મંદ થાય તો. અંદરની ખરી લગની લાગે તો વારેવારે પુરુષાર્થ કરે. પુરુષાર્થ વારંવાર થાય અંદર. રુચિ સાચી હોય તો વારે વારે પુરુષાર્થ થયા

કરે. વારેવારે પુરુષાર્થ કરે, પુરુષાર્થ મંદ પડે તો. અંદરની લાગવી જોઈએ, અંદરની લાગી એને ક્યાંય ચેન પડે નહિ. અંદર લાગી ઈ લાગી તે આત્માની લગની એવી લાગી કે ક્યાંય ચેન પડે નહિ.

પ્રશ્ન :- લગની ઘણી લાગી છે, પણ પુરુષાર્થ ઉપડતો નથી.

ઉત્તર :- લગની લાગી અને પુરુષાર્થ ન ઉપડે એવું ન બને. તો એ લગની જ નથી. લગની હોય, અંદર તૃષા લાગી હોય તો એ પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ. અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય. તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. વિધિ ઘણી બતાવી છે. વિધિ અંદરથી પ્રગટ થયા વગર રહે જ નહિ. અંદર હજી લાગે તો અંદર વિધિ ગોતેને, પણ વિધિ લાગી જ નથી ખરેખર. અને વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, એના ગુણને ઓળખવા, વસ્તુ ઓળખવી, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું, આત્મા કોણ છે? શાશ્વત છે, કઈ રીતે છે એનો વિચાર કરીને નક્કી કરે, એકત્વબુદ્ધિથી છૂટો પડવાનો પ્રયત્ન કરે. પરમાર્થનો પંથ એક જ છે પણ પોતે કરતો નથી.

પ્રશ્ન :- ...

ઉત્તર :- નિર્વિકલ્પ તત્ત્વ છે. આત્મા બધાથી જુદો છે, આત્મા કોઈ અપૂર્વ છે. એવા આત્માને ઓળખે તો ભવનો અંત થાય. આત્માની સ્વાનુભૂતિ કરે, આત્માને જુદો પ્રતીત કરે તો ઓળખાય. ઓળખે તો થાય ભવનો અંત. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો છે જ્ઞાયકને ઓળખવાનો. તો ભવનો અંત થાય છે. મીઠાશ આત્માની લાગવી જોઈએ. અંદરની મીઠાશ લાગે.

જેને જેની જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થાય. જરૂરિયાત લાગતી નથી. મીઠાશ લાગતી નથી. બહારની મીઠાશ લાગે તો બહારનું મળે. આત્માની મીઠાશ લાગે તો આત્મા મળે. આત્માની મીઠાશ લાગતી નથી તો ક્યાંથી આત્મા મળે? મીઠાશ બહારની લાગે તો બહારનું જ મળે છે. પોતે અંતરથી લાગે, અંદરથી આત્માને ઓળખે તે ભગવાનને ઓળખે, ભગવાનને ઓળખે તે આત્માને ઓળખે. અંતરની અપૂર્વતા લાગવી જોઈએ. ભગવાન કોઈ જુદા. મારો આત્મા ભગવાન જેવો જ છે. ગુરુ સાધના કરી રહ્યા છે, ગુરુએ શું માર્ગ બતાવ્યો છે એમ બરાબર ઓળખે, ગુરુનો આશય પકડે અને અંદર પોતાને રુચિ લાગે તો આગળ જાય.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૫ A

પ્રશ્ન :- .. ફરમાવ્યું કે બધી જવાબદારી જીવની જ છે. પોતે જ બધું કરવા જેવું છે. એ વાત તો સ્વીકારી લઈએ, પણ કામ કઈ રીતે કરવું એ સમજાતું નથી અને એની મૂંઝવણ થાય છે. એટલે જ ફરી ફરીને પ્રશ્ન કરવાનું મન થાય કે કરવું છે આપણે, પણ કરવું કેવી રીતે?

ઉત્તર :- કરવું કેવી રીતે એ 'ગુરુદેવે' ઘણું કીધું છે. કહેવામાં કાંઈ બાકી નથી રાખ્યું. 'ગુરુદેવે' તો ખૂબ કીધું છે કે કેવી રીતે કરવું. પોતાનો સ્વભાવ ઓળખીને કરવું. સ્વભાવ ઓળખવાથી થાય છે. ઓળખ્યા વગર થાતું નથી. અંદરથી એટલી લાગવી જોઈએ, ઓળખાણ કરવી જોઈએ. આ સ્વભાવ-ચૈતન્યનો સ્વભાવ શું છે? આ જડ કાંઈ જાણતું નથી. હું જાણનારો જુદો છું. એ જાણનારને ઓળખ્યા વગર થાતું નથી. બહારથી બધું કરે પણ અંતરમાં જે ચૈતન્યસ્વરૂપ આત્માનું છે એ ઓળખાય ત્યારે થાય. તે સિવાય થાતું નથી. એ જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી.

એક આત્માને ઓળખવો. બધું જાણ્યું પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું નિષ્ફળ જાય છે. એક આત્માને જાણે અને બહારનું ખાસ એને ન આવડતું હોય તો એક આત્માને જાણે તો બધું જણાય ગયું છે. આત્માને જાણે એની શ્રદ્ધા કરે, જ્ઞાન કરે એમાં લીનતા કરે તો આત્માને જાણવાથી એમાં બધું આવી જાય છે. બધું એમાં સમાઈ જાય છે. એની લીનતા કરતા કરતા જે જ્ઞાનસ્વભાવ પૂર્ણ સ્વભાવ છે તે સ્વભાવ એમાંથી પ્રગટ થાય છે. એનું કેવળજ્ઞાન, વીતરાગસ્વભાવ એમાંથી પ્રગટ થાય છે.

જે બહારનું બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો એ બધું કાંઈ સફળ નીવડતું નથી. એક આત્માને જાણે તો બધું સફળ નીવડે. આત્માનું જાણવું, આત્માની શ્રદ્ધા કરવી, આત્મામાં લીનતા કરવી. પણ એ થાય ક્યારે? કે બહારથી એને કાંઈક રસ છૂટે, આત્માનો રસ લાગે, આત્માની મહિમા લાગે, આત્માની તમન્ના લાગે, એના વિચારો કરે વારંવાર, એના વગર ચેન પડે નહિ, લગની લાગે તો થાય.

પ્રશ્ન :- 'ગુરુદેવે' માતાજી! સમજણ તો કરાવી, પણ રુચિ કરાવવામાં 'ગુરુદેવ'ની મદદ, લીનતા કરાવવામાં...?

ઉત્તર :- સમજણ કરે. રુચિ તો પોતે કરવાની રહે છે. જેને રુચિ હોય એને પોતે સમજે છે. 'ગુરુદેવે' સમજાવ્યું ઘણુંય, પણ એની રુચિ પોતાને લાગવી એ તો પોતાના હાથની વાત છે. એ તો રુચિમાં નિમિત્ત હતું 'ગુરુદેવ'નું. વાણી તો પ્રબળ હતી, પણ તોપણ તૈયારી કરવાની તો પોતાને જ રહે છે. ઉપાદાનની તૈયારી તો પોતાને જ કરવાની રહે છે. ભગવાનના સમવસરણમાં જાય છે. ભગવાનની વાણીનું નિમિત્ત પ્રબળ છે. પણ તોપણ તૈયારી કરવાની તો પોતાને જ રહે છે. ઉપાદાન પોતાનું તૈયાર હોય તો ભગવાનની વાણી નિમિત્તરૂપ થાય છે. ભગવાનની વાણીનું નિમિત્ત તો પ્રબળ છે, પણ કરવાનું તો પોતાને જ રહે છે. રુચિ પણ પોતાને જ કરવાની રહે છે.

પછી એ ઉપકાર 'ગુરુદેવ'નો કહે કે 'ગુરુદેવ' તમે જ બધું આપ્યું છે. પોતે તો કાંઈ જાણતો નહોતો. 'ગુરુદેવે' જણાવ્યું ત્યારે જાણ્યું છે. માટે જે આત્માર્થી હોય તે બધો 'ગુરુદેવ'નો જ ઉપકાર માને છે, ભગવાનનો ઉપકાર માને છે. કારણ પોતે તો કાંઈ જાણતો નહોતો. 'ગુરુદેવે' જણાવ્યું ત્યારે જાણ્યું છે. માટે ઉપકાર 'ગુરુદેવ'નો છે, પણ પોતાની તૈયારી વગર પોતે જાણી શકતો નથી.

પ્રશ્ન :- આપે કહ્યું, માતાજી! આપે કહ્યું એમ ચિંતવનના કાળમાં તો હું જ્ઞાયક આત્મા છું એ બરાબર રહે છે. ત્યારપછી આપે કહ્યું કે પણ દરરોજ ખાતા-પીતા, હરતા-ફરતા પણ વિકલ્પાત્મકમાં પણ એવો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ. એ અભ્યાસ ચાલુ રાખવામાં વર્તમાન જ્ઞાન ઉપયોગને એ તરફ લઈ જવો, વળી જવું, જાણનારો હું છું, એમ વારંવાર... બીજા પ્રકારના રાગ કે બીજા કોઈ એવા સંયોગોમાં ઊભા હોઈએ ત્યારે આ જાણનારો હું છું એમ જ્ઞાન લક્ષણ વડે અંદરમાં જવાનો પ્રયત્ન કરવો એ સાચો પ્રયત્ન છે કે કેવળ વિકલ્પ આ જુદો જ્ઞાયક હું રહ્યો. ભાવભાસન એટલે કે લક્ષણપૂર્વક નથી આવતું તો એમ લાગે કે આ તો કોરો વિકલ્પ આવી ગયા, થોડા વિકલ્પો રહ્યા. પણ ખરેખર જે રીતે આપ કહેવા માગો છો કે જેના અભ્યાસના ફળરૂપે સહજતા આવી જવી જોઈએ. તો એ પ્રકારનું આપ થોડું વધારે સ્પષ્ટતા કરીને સમજાવો કે બીજું આ રીતે, આ એક વિકલ્પ આવ્યો તો એ આવી રીતે કરવાની વાત છે. અમે તો છીએ સામાન્ય બુદ્ધિના. એટલે આપની પાસેથી કાંઈક થોડું એવી રીતે ગ્રહણ થાય તો પ્રયત્ન ચાલુ રહે છે.

ઉત્તર :- પોતે જ્ઞાયક છે. વિકલ્પ આવે ત્યારે પણ હું જ્ઞાયક છું. એવું જ્ઞાયકને ગ્રહણ કરીને વારેવારે પોતે પોતા તરફ શ્રદ્ધાનું બળ છે પોતા તરફ એની પરિણતિને

વાળે કે ઉપયોગ બહાર જાય તોપણ એને પોતાને જ્ઞાયકને ઓળખીને કે આ જ્ઞાયક હું છું. પણ હજી એનો અભ્યાસ છે એટલે કોઈવાર એને, માત્ર વિકલ્પાત્મક અભ્યાસ છે એટલે કોઈવાર એને જ્ઞાયકને ગ્રહણ કરીને એને ભાવ ગ્રહણ કરીને આવે, કોઈવાર વિકલ્પપૂર્વક આવે. તો એનો પુરુષાર્થ એકસરખો રહેતો નથી. પણ ખરું તો એ છે એને ભાવ ગ્રહણ થઈને જે આવે તે બરાબર છે. પણ એમાં એને પુરુષાર્થ કરતાં કરતાં કોઈ વિકલ્પમાત્ર આવે અને કોઈવાર ભાવભાસન થઈને આવે. ભાવભાસન થઈને આવે તે બરાબર છે.

અંદર જ્ઞાયકની શ્રદ્ધાનું બળ છે અને તે તરફ એની પરિણતિના દોરને વાળ્યા કરે છે કે આ જ્ઞાયક તે હું છું, આ વિકલ્પ તે મારું સ્વરૂપ નથી, આ જ્ઞાયક તે હું છું. આ વિકલ્પમાં જોડાવું માત્ર વિકલ્પાત્મક તે મારું સ્વરૂપ નથી. હું જાણનારો જુદો છું. જુદો તે જુદો જ છું એવી જાતનો એને નિર્ણય અને નિર્ણય થયો તે પ્રમાણે એને પરિણતિને તે તરફ વાળ્યા કરે. એટલે વિકલ્પમાં જે એકત્વતા અને તન્મયતા થાય છે એ તન્મયતાથી થોડો એમાંથી છૂટો પડવાનો પ્રયત્ન કરે છે.

કોઈવાર એને માત્ર ગોખવા જેવું કે માત્ર વિકલ્પરૂપ (હોય) કે હું જ્ઞાયક છું. એ પુરુષાર્થ કરે એમાં ફેરફાર થાય, પણ ખરું તો જ્ઞાયકને ગ્રહણ કરીને અંદર શ્રદ્ધાના બળથી અને એને વિકલ્પમાં જે આકુળતા થાય એ આકુળતા એની મંદ પડે છે. જ્ઞાયક તરફ જાય છે તો આકુળતા મંદ પડે છે અને એટલી એને થોડી સ્થિરતા એ તરફની આવે છે. પણ એ જાતનો અભ્યાસ એનો અમુક પ્રકારનો જિજ્ઞાસા અને લગની જેને ધગશ લાગી હોય તો એનો અભ્યાસ ચાલુ કરે, ચાલુ હોય તો એમાં એવી જાતનો પણ ચાલુ હોય. કારણ કે અભ્યાસરૂપ છે.

પ્રશ્ન :- માતાજી! શું અનુભવ એવી રીતે થયા કરે કે જ્યારે જે વિષયમાં અને જે વિકલ્પ આવે છે એમાં જ્ઞાન એકાકાર થઈને જ્ઞાનરૂપ પરિણમ્યા કરે છે. એ વખતે વિકલ્પાત્મક અભ્યાસ કરવાનો છે. એટલે વિકલ્પમાં એ વખતે એ વિકલ્પ આવ્યો તો એક બીજો વિકલ્પ ઊભો કર્યો કે ભાઈ! હું તો ખરેખર આ જાણનારો તે જ હું છું. આ જુદો જાણનારો છે તે જ હું છું. એમ અભ્યાસમાં કાંઈક પ્રયત્ન કરીએ તો થોડો વખત એવી રીતે કાંઈ કરી શકે છે. હવે પૂજા, ભક્તિ, ખાતા-પીતા, ઉંઘતા, હાલતા, ચાલતા બધામાં આપનું એમ કહેવું છે કે ભાઈ! તું અભ્યાસ આ જાતનો પાડ આ રીતે. તો આ રીતે જ વિકલ્પપૂર્વક પહેલા તો અભ્યાસ ચાલશે?

ઉત્તર :- વિકલ્પ ભેગો આવ્યા વગર રહેતો નથી. હજી નિર્વિકલ્પની દશા અને

નિર્વિકલ્પ સ્થિતિ થઈ નથી. વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિસ્વરૂપ પરિણમ્યો નથી. એટલે સહજ ભેદજ્ઞાનની ધારા એને નથી. માટે એને વચ્ચે વચ્ચે વિકલ્પ આવ્યા કરે છે કે હું જુદો છું. એમ વારેવારે દરેક ક્ષણે હું જુદો છું એમ અભ્યાસ કરે. વચ્ચે વચ્ચે વિકલ્પ એક વિકલ્પમાંથી બીજો વિકલ્પ આવે છે, પણ એની પાછળ એની પરિણતિ, ભાવને ગ્રહણ કરીને પરિણતિ જો પાછી વળે તો એ બરાબર, પણ એ ન વળતી હોય તો પહેલા એને એવી જાતનો અભ્યાસ શરૂઆતમાં આવે છે એને.

પ્રશ્ન :- વિકલ્પની ભૂમિકા વખતે વચ્ચે જે પ્રમાણમાં થોડું ઘણું પણ ભાવભાસન જેવું થાય એ ભેદજ્ઞાનનો પ્રયોગ કહેવાય?

ઉત્તર :- ભાવભાસન થાય તો ભેદજ્ઞાનનો પ્રયોગ છે, નહિતર વિકલ્પરૂપ છે.

પ્રશ્ન :- આપે કહ્યુંને વચમાં કે, નિર્ણય કરીને પરિણતિ આ તરફ વાળવી જોઈએ. નિર્ણય કરીને પરિણતિ આ તરફ વાળવી જોઈએ એમાં આપને શું કહેવું છે?

ઉત્તર :- નિર્ણય તો કર્યો કે હું જ્ઞાયક છું. નિર્ણય કર્યો, હું જ્ઞાયક છું. પણ જ્ઞાયક જ્ઞાયકરૂપે રહેતો નથી તો જ્ઞાયકને જ્ઞાયકરૂપે એની પરિણતિ પ્રગટ કરે તો ખરો જ્ઞાયક થાયને? શ્રદ્ધામાં તો લીધું કે હું જ્ઞાયક છું. પણ એ જ્ઞાયક જ્યારે કાંઈ પણ વિકલ્પ આવે ત્યારે જ્ઞાયક જ્ઞાયકરૂપે તો ભાસતો નથી. શ્રદ્ધામાં જ્ઞાયક લીધો. જ્યારે કાંઈક કાંઈક વિકલ્પ ચાલતા હોય તો જ્ઞાયક જ્ઞાયકરૂપે ભાસતો નથી અને જ્ઞાયકનું કોઈ જાતનું અંદરમાં કાંઈ એને વેદન નથી. તો ભાસતો નથી તો... શ્રદ્ધા એનું નામ કહેવાય કે શ્રદ્ધાનું બળ એમ કે આવી તને શ્રદ્ધા જ છે. જે શ્રદ્ધા છે કે હું જ્ઞાયક જ છું, તો તે રસ્તે એને જાવું જ ન જોઈએ. જો શ્રદ્ધાનું ખરું બળ હોય તો કર્તાપણાના રસ્તામાં એને, હું જ્ઞાયક છું એવી જાતનું બળ એને અંદરથી આવવું જ જોઈએ. તો એની શ્રદ્ધા બરાબર છે. એણે શ્રદ્ધા તો કરી. તો શ્રદ્ધાનું કાર્ય એમ આવવું જોઈએ કે દરેક ક્ષણે કર્તાના પરિણામ વખતે હું જ્ઞાયક છું, ઈ જાતનું બળ અને એ જાતની પરિણતિ એને અંદરથી આવવી જોઈએ.

એક શ્રદ્ધા કરી કે આ રસ્તે જાવા જેવું નથી, આ ખોટું છે. હું કર્તા નથી. આ પરપદાર્થને હું કરી શકતો નથી. આ વિકલ્પ મારો સ્વભાવ નથી, હું તો જ્ઞાયક છું. એમ નક્કી કર્યું તો એવી રુચિ હોય અને જ્ઞાયકરૂપે રહેવાનો પ્રયત્ન આવ્યા વગર રહેતો નથી કે આ રસ્તે જાવું છે. આ રસ્તો બરાબર નથી, આ ખોટ રસ્તો છે. કે આ ઊંધો રસ્તો ત્યાં કાંઈ આ નગર આવવાનું નથી. તો એમ નક્કી કર્યું કે નથી

આવવાનું તો ઈ બાજુ પગલા ભરવાનું શું પ્રયોજન છે? માટે જે રસ્તે નગર આવે ત્યાં જ પગલા ભરવાનો પ્રયત્ન થયા વગર રહેતો નથી. તો એની શ્રદ્ધાનું બળ એ જાતનું ભલે ધીરે ધીરે થાય પણ એ શ્રદ્ધા એનું એટલું કામ તો એનું કરવું જોઈએ.

પ્રશ્ન :- રુચિનું બળ એટલું આવવું જોઈએ કે ધીમે ધીમે આખી પરિણતિ પલટાતી જાય.

ઉત્તર :- પલટાવાનો પ્રયત્ન આવવો જોઈએ અંદરથી. શ્રદ્ધા કરી ઈ બરાબર છે. એ શ્રદ્ધા કરીને ઊભો રહ્યો કે આ માર્ગ છે. પછી કાંઈ આગળ નથી જાતો. પણ એ આમ ઊંધો જ વધારે વયો જાય એ તો એને ન આવે. આ બાજુ જાવું છે. એટલે એને ધીરે ધીરે આ બાજુ આવવાનો જ પ્રયત્ન આવે. ઓલી બાજુમાં તન્મય કેમ ન થાય, ઓલા રસ્તે વધારે વયું ન જવાય એનો તો એને ખ્યાલ રહે. એટલે એ કર્તાબુદ્ધિમાં તન્મય થતાં હું જ્ઞાયક છું એ જાતનો પ્રયત્ન એને અંદર આવવો જોઈએ.

પ્રશ્ન :- કાંઈક થોડુંક પકડાય છે, માતાજી! થોડું થોડું પકડાય છે. જ્ઞાયકની રુચિ વધતા આ તરફ એવું બળ એનું હોવું જોઈએ કે જેમાં કર્તાપણાની બુદ્ધિ એને છૂટી જવી જોઈએ.

ઉત્તર :- છૂટી જવી જોઈએ. કેટલાકને એવી જાતની રુચિ હોય, શ્રદ્ધા હોય કે કાંઈ પ્રયત્ન થાતો ન હોય તો રુચિ કરીને ઊભો છે શ્રદ્ધા કરીને, પણ શ્રદ્ધાનું બળ યથાર્થ થાય તો એને પરિણતિ પોતા તરફ વાળવાનો જ્ઞાયકરૂપે થવાનો પ્રયત્ન અંદર જિજ્ઞાસાપણે અભ્યાસરૂપે પણ આવવો જોઈએ. તો એ આગળ જાય છે. નહિતર ત્યાં ને ત્યાં ઊભો છે.

પ્રશ્ન :- નહિતર ત્યાં ને ત્યાં છે એટલે કે વિચારપૂર્વક જે નિર્ણય કરે ત્યાં ને ત્યાં ઊભો છે?

ઉત્તર :- હા. નિર્ણયમાં ઊભો છે. કર્તાબુદ્ધિનો થોડો રસ મંદ પડ્યો છે. અને એકત્વપણાનો રસ મંદ પડ્યો છે. એટલી શ્રદ્ધાથી રસ મંદ પડ્યો છે. પણ એને ભેદજ્ઞાનના અભ્યાસમાં હજી ગયો નથી.

પ્રશ્ન :- એ અભ્યાસ સહજ ચાલે તો એનો અર્થ કે શ્રદ્ધાનું બળ વધતું જાય છે?

ઉત્તર :- શ્રદ્ધાનું બળ વધતું જાય છે, અભ્યાસ ચાલે તો.

પ્રશ્ન :- માતાજી! ભાવભાસનમાં શું થતું હશે?

ઉત્તર :- ભાવભાસન એટલે આ જ્ઞાયક છે. એ જ્ઞાયકનો ભાવ એને ભાસનમાં આવવો જોઈએ કે આ જ જ્ઞાયક છે, બીજો નહિ. આ જે વિકલ્પ બધા આવે છે તે નહિ. પણ આ જે જ્ઞાયક છે એ જ્ઞાયક તે જ હું છું. એવી જાતનો ભાવ અંદરથી, ચૈતન્યનનો ભાવ-એના ચૈતન્યનો સ્વભાવ એના ભાસનમાં આવવો જોઈએ. માત્ર જાણે કે આ બહારનું જાણે તે હું એમ નહિ. જે સ્વયં જ્ઞાયક છે એનો સ્વયં ભાસ એને આવવો જોઈએ કે આ સ્વયં જ્ઞાયક પોતે પોતાથી સ્વયં વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તે પોતે જ સ્વયં જ્ઞાયક છે. એ જ્ઞાયકનો ભાવ એને એના ભાસનમાં આવવો જોઈએ.

પ્રશ્ન :- ભાવભાસન થાય તો પુરુષાર્થ વધારે સહેલો બનતો હશે?

ઉત્તર :- પોતાને ઓળખે એટલે પુરુષાર્થ એને સહેલો પડે છે. ઓળખે તો આગળ જાયને? ઓળખ્યા વગર આગળ ક્યાંથી જાય? માર્ગને જાણે, સ્વભાવને ઓળખે તો એનો પુરુષાર્થ તે તરફ જાય. આ બાજુ જાવું છે તો એ બાજુ પંથ કાપવાનો પ્રયત્ન કરે. રુચિ કરીને ઊભો છે એ ઠીક છે, પણ અભ્યાસ કરે તો એને જ્ઞાયક છે. જ્ઞાયક જ્ઞાયકરૂપે કેમ થાય એ જાતનું અંતરમાંથી એને વેદન અને લગની આવવી જોઈએ. તો એ જાતનો પ્રયત્ન થયા વગર રહેતો નથી. પછી કોઈ ગોખવારૂપે કરી નાખે છે, કોઈ લુખ્ખારૂપે કરી નાખે છે કે હું તો જાણનાર છું, હું તો કાંઈ કરતો જ નથી. એની વાત નથી. પણ અંતરમાંથી જેને લાગી છે અને જ્ઞાયકનો ભાવ ગ્રહણ કરીને જે ઊભો છે અને પુરુષાર્થ કરે છે તો એમાં કોઈવાર એને વિકલ્પરૂપ, કોઈવાર ભાવભાસનરૂપ એવો પુરુષાર્થ એને ચાલ્યા કરતો હોય છે. વળી કોઈ એમ કહે કે હું તો જાણનાર (છું), હું તો કાંઈ કરતો નથી એમ લુખ્ખી વાત કરે એની કાંઈ વાત નથી.

પ્રશ્ન :- સંસારથી મોઢુ ફેરવવાની દાનત દેખાવી જોઈએ.

ઉત્તર :- એની દાનત દેખાવી જોઈએ સંસારથી મોઢું ફેરવવાની, તો એની સાચી રુચિ છે, તો એની શ્રદ્ધાનું બળ છે. દૃષ્ટિ એની સન્મુખ આમ હતી ઉન્મુખતા એ સન્મુખ પોતા તરફ એને જાવી જોઈએ. એને પંથ આ બાજુ કાપવાનો છે એમ અંદરથી લાગવું જોઈએ. રુચિ લાગવી જોઈએ. આ બાજુ હવે જવાનું નથી. હવે આ જડને પંથે કે આ પરપદાર્થને હું કરી શકનાર ને વિભાવ અને રાગ-દ્વેષમાં એકત્વબુદ્ધિ ને એવા પંથમાં જવાનું નથી. હવે જ્ઞાયકને પંથે જવાનું છે એવી રુચિ લાગવી જોઈએ અંતરમાંથી. જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બીજે ક્યાંય આશ્ચર્ય નથી, બીજે કાંઈ મહિમા નથી. બધું જગતમાં મળી ચૂક્યું છે, એક જ્ઞાયક મળ્યો નથી. જે 'ગુરુદેવે'

સમજાવ્યું કોઈ અપૂર્વ વાત. બસ! એ જ ગ્રહણ કરવા જેવું છે. એ જાતની એની દિશા, એનું મોઢું ફરી જાવું જોઈએ અંદર પોતા તરફ.

પ્રશ્ન :- સાચો નિર્ણય થયા પછી નિર્વિકલ્પ રુચિ પ્રગટ થતાં વચમાં આ બધો પ્રકાર ભજે છે કે ક્રમે ક્રમે એને મારું સુખ, મારું જ્ઞાન બધું મારામાં જ છે, એમ રુચિ વધતા વધતા આ પ્રમાણે સર્વથા રુચિ...

ઉત્તર :- એ આગળ જાય છે એવી રીતે અભ્યાસ કરતાં કરતાં. એકદમ થાતું નથી. એનો અભ્યાસ કરતાં જાય છે. એકદમ અંતર્મુહૂર્તમાં થાય એ વાત જુદી છે, બાકી જે કરે છે એ અભ્યાસપૂર્વક આગળ જાય છે. એને જ્ઞાયકનું જોર વધતાં-વધતાં, એની જ્ઞાતાની ધારા વધતાં-વધતાં, એમાં એકાગ્રતા વધતાં-વધતાં વિકલ્પની આકુળતા ઓછી થાય અને જ્ઞાતામાં એકાગ્રતા વધતા-વધતા જ એના વિકલ્પ તૂટે છે. તો જ એને નિર્વિકલ્પદશા અને સ્વાનુભૂતિ અને સિદ્ધદશાનો અંશ જે અનુભવમાં આવે છે એ પોતે છૂટો પડે તો જ આવે છે.

પ્રશ્ન :- માતાજી! ભાવભાસનની પરિણતિને સવિકલ્પદશાની જ્ઞાનની પરિણતિ સાથે સરખાવી શકાય?

ઉત્તર :- એને સહજ હોય છે. એને સરખાવી ન શકાય. હા, એને હજી પ્રયાસપૂર્વક હોય છે. જ્ઞાનીની દશા ક્ષણે ક્ષણે એને સહજ જ્ઞાતાધારા (ચાલે છે), એને યાદ નથી કરવું પડતું. આને યાદ કરવું પડે છે કે ભૂલી જાય છે. એકત્વ થઈ જાય, પછી યાદ આવે છે કે હું તો જુદો છું. એમ ભૂલી જાય, એકત્વ-તન્મય થઈ જાય (છે). હું જુદો છું. આ એકત્વ આમાં, આ એકત્વબુદ્ધિ કરવા જેવી નથી. એમ આ ભૂલી જાય છે, સહજ પ્રયાસ નથી એટલે. આ ભૂલતો નથી. ક્ષણે ક્ષણે ધારા જેની ચાલે છે. જ્ઞાતાની પરિણતિ જ ચાલે છે એની. શાંતિમય, સમાધિમય જ્ઞાતાની પરિણતિ.

જે ક્ષણે વિભાવ ઊઠે છે જે ક્ષણે, તે ક્ષણે એની ન્યારી પરિણતિ યાદ કર્યા વગર સહજપણે ઊભી હોય છે. એને સહજ પ્રયત્નપૂર્વક ઊભી છે. પ્રયત્ન છે, સહજ પ્રયત્નથી ઊભેલી છે. પણ એને યાદ નથી કરવું પડતું કે આ વિકલ્પ આવ્યો અને પછી યાદ આવ્યું એમ નહિ. જે ક્ષણે વિકલ્પ કે વિભાવ જે રાગના કે દ્વેષના વિકલ્પ વખતે ન્યારી પરિણતિ એની ઊભી જ હોય છે. એનો બધો વિભાવ તરફથી રસ તૂટી ગયો છે. બધી રીતે રસ તૂટ્યો છે અને એની જ્ઞાતાની ધારા સહજ ચાલ્યા કરે છે. એને યાદ નથી કરવું પડતું અને સહજ પ્રયત્ન ચાલે છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૫ B

પ્રશ્ન :- માતાજી! એક પ્રશ્ન છે કે 'પૂજ્ય ગુરુદેવશ્રી'ના વચનામૃતમાં આવે છે કે હું જ પરમાત્મા છું એમ નક્કી કર, હું જ પરમાત્મા છું એવો નિર્ણય કર, હું જ પરમાત્મા છું એવો અનુભવ કર અને નકકી કર, નિર્ણય કર અને અનુભવ કર. એમાં 'પૂજ્ય ગુરુદેવશ્રી' શું કહેવા માંગે છે? કૃપા કરી સમજાવો.

ઉત્તર :- 'ગુરુદેવ' તો વારંવાર કહેતા હતા કે તું પરમાત્મા છો એમ નક્કી કર. પોતે અનાદિની વિભાવ ઉપર દૃષ્ટિ છે, પર્યાય ઉપર દૃષ્ટિ છે. માટે તું પરમાત્મા છો એમ નક્કી કર. એમ વારંવાર 'ગુરુદેવે' તો બહુ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે કે તું પરમાત્મા છો એમ નક્કી કર. જેવા ભગવાન છે એવો જ તું છો એવું નક્કી કર. કારણ કે તું તને ભૂલી ગયો છો. તું તો પરમાત્મા છો. આ પર્યાયમાં તું રોકાઈ ગયો, આ વિભાવદશામાં હું વિભાવરૂપ થઈ ગયો, હું શરીરરૂપ થઈ ગયો, મારામાં કાંઈ શક્તિ નથી એવું થઈ ગયું. પણ તું પરમાત્મા છો. તારા સ્વભાવને તું ઓળખ. એમ 'ગુરુદેવ'ને કહેવું હતું. વારંવાર કહેતા હતા કે તું પરમાત્મા છો.

ભગવાને કીધું છે, તું પરમાત્મા છો. 'ગુરુદેવ' વારંવાર કહે છે, વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં આવ્યું છે. લાખો-કરોડો દેવોની હાજરીમાં ભગવાને કીધું, તું પરમાત્મા છો. તું પરમાત્મા છો એમ નક્કી કર. ભગવાન તમે પરમાત્મા છો એમ તો નક્કી કર. પણ ભગવાન પરમાત્મા ક્યારે નક્કી થાય? કે પોતે પરમાત્મા છે એમ નક્કી કરે તો ભગવાન પરમાત્માને ઓળખશે. પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે, ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે છે. માટે તું પરમાત્મા છો એમ નક્કી કર એમ 'ગુરુદેવ' વારંવાર કહેતા હતા. અને એનો તું અનુભવ કર. એનો અનુભવ કરવાથી પરમાત્મા કેવા છે એવી તને અનુભૂતિ થશે.

અનંતકાળથી નિગોદમાં અનંતા ભવો કર્યા. અનંત ભવો નિગોદના કર્યા. બાકી ચારેય ગતિના ભવો કર્યા. એમાં તું તને ભૂલી ગયો. તારી પરમાત્માની શક્તિ તો એવી ને એવી છે. તારું સામર્થ્ય એવું ને એવું છે. તું અનંત શક્તિથી ભરપૂર દિવ્યમૂર્તિ દેવ છો. એને તું ઓળખ. એમ નિર્ણય કર એનો. બરાબર નક્કી કરી અને પછી તું અંદરથી ભેદજ્ઞાન કરી વિકલ્પથી છૂટી અને એનો અનુભવ કર તો તને મુક્તિનો માર્ગ પ્રગટ થાશે. અને એ મુક્તિનો માર્ગ પ્રગટ થવાથી એ પરમાત્માનું

સ્વરૂપ તને પૂર્ણ પરમાત્મા થઈશ. તું શક્તિરૂપે પરમાત્મા છો એમ નક્કી કર તો એવી જાતનો પુરુષાર્થ ઉપડશે. નક્કી કર્યા વગર પુરુષાર્થ ઉપડતો નથી.

જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે. એ કાંઈ સ્ફટિક મેલું થયું નથી. સોનું અને પાષણ બેય સાથે હોય છે, તોપણ સોનું તો સોનું જ છે. એમ તું પોતે પરમાત્મા છો. કર્મની સાથે રહ્યો. અનેક જાતના વિભાવ થયા, અનેક જાતના અધ્યવસાયો થયા તોપણ તું તો એવોને એવો છો. માટે તું એને બરાબર નક્કી કર. સ્ફટિક સ્વભાવે નિર્મળ (છે પણ) લાલ ને પીળા ને બધા ફૂલ દેખાય તો રાતુ-પીળું દેખાય પણ સ્ફટિક તો એવું ને એવું છે.

એમ તું પરમાત્મા અનંત શક્તિઓથી ભરેલોલ, જેવા સિદ્ધ ભગવાન છે એવો જ તું છો. જેવા જિનેશ્વરદેવ સમવસરણમાં બેઠા અંતર આત્માની સ્વાનુભૂતિ પૂર્ણપણે કરી રહ્યા છે. એની જેવી શક્તિ છે એવી જ તારી શક્તિ છે. તું પૂર્ણ સામર્થ્યથી ભરપૂર છો. એવા પરમાત્માનો મહિમા કર, એનો વિચાર કર, એને નક્કી કર. વિચારથી નક્કી કર તો તને બરાબર પરમાત્મા ઓળખાશે. અને પછી અંતરમાં જઈને એની અનુભૂતિ કર તો તને એ પરમાત્મદેવ ઓળખાશે. બહારથી નહિ, બાહ્ય દૃષ્ટિથી નહિ ઓળખાય. અંતરદૃષ્ટિ કર તો એ પરમાત્મા તને ઓળખાશે. એમ વારંવાર 'ગુરુદેવ' કહેતા હતા અને વારંવાર એમના વ્યાખ્યાનમાં એમ જ આવતું હતું કે તું પરમાત્મા છો એમ નક્કી કર.

પ્રશ્ન :- તું પરમાત્મા છો એમ કહે અને તું સ્વભાવથી પરિપૂર્ણ છો એમ કહે- એ બેમાં પ્રયોજન જુદું કાંઈ બતાવવું છે?

ઉત્તર :- બેય એક જ છે. સ્વભાવથી પરિપૂર્ણ છો અને પરમાત્મા છો એ પરમાત્મા, ભગવાન તું પોતે ભગવાન છે એમ કહે છે. અને તું પરિપૂર્ણ છો. એ સ્વભાવ અપેક્ષાએ તું પરિપૂર્ણ છો, ભગવાન જેવો છો. બેય કહેવામાં આશય એક જ છે. દ્રવ્ય અપેક્ષાએ તું પરિપૂર્ણ છો. અને ભગવાનને તું બહાર જોયા કરે છે, (પણ) તું પોતે ભગવાન છો. એમ તું ભગવાનને ઓળખ. ભગવાનની ભક્તિ કરતા ભગવાન કેવા છે? ભગવાન દ્રવ્ય-ગુણ-પર્યાયે ભગવાનનું શું સ્વરૂપ છે? એમ વિચાર કરતા તું તારું સ્વરૂપ ઓળખ, તું ભગવાન જેવો છો. એમાં કહેવાનો આશય એક જ છે. આ સ્વભાવ તરફથી કહે છે, આ પરમાત્મા તરફથી કહે છે. બાકી કહેવાનો આશય એક જ છે.

પ્રશ્ન :- પરમાત્મામાં પ્રગટપણું અને સ્વભાવમાં શક્તિપણું બતાવવું છે એવી

કોઈ જુદાઈ લેવાય? પરમાત્માપણું જે છે કે તું પરમાત્મા છો. એટલે કે વ્યક્તિમાં તું તારી પરિપૂર્ણ શક્તિ ખીલવી શકે છે એવી તારામાં તાકાત છે એવું બતાવવું છે?

ઉત્તર :- એમ નહિ. તું શક્તિથી પરમાત્મા છો એમ. અને તું પરમાત્મા થઈ શકીશ એમ કહેવું છે. વર્તમાન વ્યક્તિ છે એમ નથી. તું વર્તમાન શક્તિરૂપે તારો સ્વભાવ શક્તિમાં પરમાત્મા છે અને તું એવો થઈ શકવાનું તારામાં સામર્થ્ય છે. અનંત શક્તિથી ભરપૂર તારી શક્તિ છે એને તું ઓળખ અને એને તું પ્રગટ કર એમ કહેવું છે.

પ્રશ્ન :- માતાજી! એક બીજો પ્રશ્ન છે કે આ જગતમાં વસ્તુ છે એ પોતાના સ્વભાવમાત્ર જ છે. આત્મા જ્ઞાનનો કર્તા અને વિભાવદશામાં અજ્ઞાન રાગ-દ્વેષનો કર્તા છે. પરદ્રવ્યનો કર્તા આત્મા નથી એમ અમને શ્રદ્ધામાં છે છતાં પરદ્રવ્યની પ્રવૃત્તિમાં આવતા તન્મયપણું ભાસે છે, તો તે કર્તાપણું કઈ રીતે ટળે? અને જ્ઞાતાપણું કઈ રીતે પ્રગટે? એ કૃપા કરીને સમજાવો.

ઉત્તર :- આત્મા સ્વભાવનો કર્તા (છે). સ્વભાવથી પોતે પોતાનો કર્તા છે. અજ્ઞાન અવસ્થાએ વિભાવનો કર્તા, પરદ્રવ્યનો કર્તા અજ્ઞાન અવસ્થાએ છે. પણ એ અજ્ઞાનતાને.. એણે નક્કી કર્યું પણ બરાબર નક્કી કર્યું નથી. યથાર્થ નક્કી કરે તો તો એની તન્મયતા છૂટી જાય. માત્ર નક્કી કર્યું છે ઉપરથી. અંતરથી નક્કી કરે તો તેની કર્તાબુદ્ધિ છૂટ્યા વગર રહેતી નથી. એણે ઉપર ઉપરથી નક્કી કર્યું. વાસ્તવિક નક્કી કરે તો પરદ્રવ્યની પ્રવૃત્તિમાં તન્મય થાય જ નહિ. એનો ઉપાય એક પોતે જ્ઞાતાપણું પ્રગટ કરે તો કર્તાપણું છૂટે. જ્ઞાતાપણું પ્રગટ થયું નથી એટલે કર્તાપણું છૂટતું નથી.

અને જ્ઞાયકતા પ્રગટ કરવી જોઈએ કે હું તો જ્ઞાયક છું, હું તો જ્ઞાતા. કોઈ પદાર્થને કરી શકું, કોઈ પરદ્રવ્યને કાંઈ પણ ફેરવું શકું એવું સામર્થ્ય નથી. હું મારા પોતાના સ્વભાવનો કર્તા છું. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈને કરી શકતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. હું મારા સ્વભાવથી પરિપૂર્ણ છું. કોઈને કોઈ કરી શકતું નથી. હું તો જ્ઞાતા છું. એ બાહ્ય પ્રવૃત્તિની અંદર જો એ જ્ઞાતાપણું પ્રગટ કરે તો કર્તાપણું છૂટે. જ્ઞાયકતા પ્રગટ થઈ નથી તો કર્તાપણું છૂટતું નથી. જ્ઞાતા થાય. 'જે કરે સો કરતારા, જાને સો જાનનહારા.' જાનનહારો થાય તો કર્તાપણું છૂટે.

સમ્યગ્દષ્ટિને જ્ઞાતાધારા પ્રગટ થઈ છે, જ્ઞાયકતા પ્રગટ થઈ છે. માટે એની કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. દરેક કાર્યોમાં જોડાય, ગૃહસ્થાશ્રમમાં હોય, અનેક જાતના કાર્યોમાં દેખાય તોપણ કર્તા છતાં અકર્તા છે. કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે. અસ્થિરતાનું

કર્તૃત્વ ઊભું છે. પણ એની કર્તાબુદ્ધિ છૂટી જ્ઞાયકની ધારા ક્ષણે ક્ષણે ચાલુ જ છે. મુક્તિનો માર્ગ એક જ છે. જ્ઞાતાધારા જ્ઞાયકતા થાય તો કર્તાપણું છૂટે.

જ્ઞાતા જે થાય એનું કર્તાપણું છૂટીને જ્ઞાયકતા થાય એટલે મુક્તિને પંથે જાય છે. જ્ઞાયકતાની શ્રદ્ધા, જ્ઞાયકતાનું જ્ઞાન અને જ્ઞાયકતાની લીનતા અને જ્ઞાતાની ધારા. હું જ્ઞાતા જ છું. જ્ઞાતારૂપે પરિણતિ થાય તો કર્તાબુદ્ધિ છૂટયા વગર રહેતી નથી. એનો ઉપાય એક જ છે. કર્મચેતના... જ્ઞાનચેતના પ્રગટ કરે તો કર્તાપણું છૂટી જાય. જ્ઞાનની ચેતના-જ્ઞાયક ચેતના પ્રગટ કરવી જોઈએ.

સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તો ક્યાંય એને કર્તાબુદ્ધિ થતી નથી. જ્ઞાયકતા, દરેક ઠેકાણે ઉદાસીન જ્ઞાતા રહે છે. ગમે તેવી ચક્રવર્તીની પ્રવૃત્તિમાં પડેલો પણ એની જ્ઞાયકતા ચાલુ જ હોય છે. પહેલેથી જ્ઞાયકતા શરૂ થઈ ઠેઠ સુધી જ્ઞાયકતા જ રહે છે. મુક્તિના માર્ગમાં એ જ્ઞાયકતા (ચાલે જ રહે છે). સમ્યગ્દ્રષ્ટિ ચોથે ગુણસ્થાનથી માંડીને પાંચમે ગુણસ્થાને પણ જ્ઞાયકતા, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને જ્ઞાયકતા. જ્ઞાયકતાની ઉગ્રતા થતી જાય છે. એ જ્ઞાયકતા એ એક જ મુક્તિનો માર્ગ છે. જ્ઞાયકતામાંથી જ્ઞાનના ભાવો જ્ઞાયકતારૂપે જ્ઞાયકની પર્યાય પ્રગટ થાય. શુદ્ધિની પર્યાય પ્રગટ થાય, લીનતાની પર્યાય પ્રગટ થાય. એકત્વબુદ્ધિમાં બધી ઊંધી પર્યાયો પ્રગટ થાય છે. એનો ઉપાય એક જ છે-જ્ઞાયકતા પ્રગટ કરે તો તન્મયતા છૂટે. બીજો કોઈ એનો ઉપાય નથી.

પ્રશ્ન :- જ્ઞાન દ્વારા જે નિર્ણય કરે કે પરનો હું અકર્તા છું અને શ્રદ્ધા દ્વારા નિર્ણય કરે કે પરનો હું અકર્તા છું-એ બે નિર્ણયમાં શું તફાવત છે?

ઉત્તર :- જ્ઞાનથી નિર્ણય કર્યો કે શ્રદ્ધાથી નિર્ણય કર્યો, પણ એ શ્રદ્ધા અને જ્ઞાન એ બે જો યથાર્થ હોય તો શ્રદ્ધા સમ્યક્ હોય તો જ્ઞાન પણ સમ્યક્ છે. જ્ઞાન સમ્યક્ થાય તો શ્રદ્ધા પણ સમ્યક્ છે. પણ જો યથાર્થ નથી તો શ્રદ્ધા યથાર્થ ક્યારે થાય? જ્ઞાનને વિચાર કરીને જ્ઞાનથી નક્કી કરે કે હું જ્ઞાયક છું, કર્તા નથી એમ જ્ઞાનથી નક્કી કરે તો શ્રદ્ધા યથાર્થ થાય. અને શ્રદ્ધા યથાર્થ થાય તો એની સાથે શ્રદ્ધા મુખ્ય રહીને જ્ઞાન પણ એની સાથે જ્ઞાયકતાનું કામ કરે છે. બેય સાથે જ છે-શ્રદ્ધા અને જ્ઞાન.

પછી જ્ઞાતા થયો એટલે અસ્થિરતા અમુક ઊભી રહે છે. જ્ઞાયક થયો એટલે બધું થઈ નથી જાતું. એને ખ્યાલ છે. જ્ઞાયક થયો એટલે પછી યથાર્થ જ્ઞાયક થાય એને અસ્થિરતા હોય તો એને, મારા પુરુષાર્થની મંદતાએ આટલી અસ્થિરતા છે એ ક્યારે છૂટે? મને ક્યારે વીતરાગદશા થાય? એવી ભાવના રહે છે. એને એમ નથી રહેતું.

જ્ઞાયકતા થઈ, હું કાંઈ કરતો નથી. એવી બોલવાની લુખી વાતું જ્ઞાયકતામાં હોતી નથી. જ્ઞાયક થાય તો યથાર્થ અંદરથી જ્ઞાયક જ થઈ જાય છે.

જ્ઞાયક ક્યારે થાય? તન્મયતા છૂટે ક્યારે? જ્ઞાયક થાય તો. જ્ઞાયક થયા વગર તન્મયતા છૂટતી નથી. એને જ્ઞાયકતાનો અમુક રીતે પરિણતિ પોતાની અંદરથી પ્રગટ થવી જોઈએ, તો એ કર્તાપણું છૂટે. એ ન થાય ત્યાં સુધી વિચારથી નક્કી કરે, નિર્ણય કરે, પુરુષાર્થ કરે જ્ઞાયક થવાનો, કર્તાબુદ્ધિ તોડવાનો, ત્યાર પહેલા એનો રસ છૂટી જાય કર્તાપણાનો. એમ કરી શકે. બાકી યથાર્થપણે તો જ્ઞાયક થાય ત્યારે જ કર્તાપણું છૂટે.

પ્રશ્ન :- જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી જે જ્ઞાને નિર્ણય કર્યો છે અને શ્રદ્ધાનો ટેકો નથી મળ્યો ત્યાં સુધી લુખાશ જ સમજવુંને?

ઉત્તર :- એમ જ્ઞાનમાં હોય કે હું કાંઈ કરતો જ નથી અને પર્યાયમાં કાંઈ નથી- એવી જાતની એની જ્ઞાનમાં ભૂલ હોય તો લુખાશ સમજવી. બાકી આત્માર્થી હોય અને વિચારથી નક્કી કરતો હોય પણ હજી જ્ઞાયકતા પ્રગટ થઈ ન હોય. આત્માર્થી હોય અને વિચારથી નક્કી કરતો હોય તો એમાં બધામાં લુખાશપણું જ હોય એવો કાંઈ એનો અર્થ નથી. આત્માના પ્રયોજન માટે વિચાર કરતો હોય, નક્કી કરતો હોય તો એમ બધાને લુખાશ જ હોય એવું નથી.

પ્રશ્ન :- તો એનો અર્થ એમ લેવો કે રુચિમાં થોડું કાર્ય ચાલે છે?

ઉત્તર :- એ તો રુચિ જેને હોય એને વિચાર ને એ તો બધું ચાલ્યા જ કરે, જેને લગની લાગી હોય એને.

પ્રશ્ન :- માતાજી! ત્રીજો પ્રશ્ન છે કે આત્મા અચિંત્ય શક્તિઓનો ધણી સ્વયમેવ દેવ છે. જે ક્ષણે જાગે તે જ ક્ષણે આનંદસ્વરૂપ જાગતી જ્યોતિ અનુભવમાં આવે? કે બહાર આવે ત્યારે આનંદની ખબર પડે?

ઉત્તર :- આત્મા અચિંત્ય શક્તિ જે ચિંતવવામાં ન આવે એવો દિવ્યમૂર્તિ દેવ છે. એવો અનંત શક્તિથી ભરપૂર આત્મા છે. એ જે ક્ષણે જાગે, અંતરથી જે વિકલ્પ છૂટીને અંદરથી આત્મા જે પ્રગટ થાય, એની સ્વાનુભૂતિ થાય તે ક્ષણે જ એને વેદનમાં આવે છે, તે જ ક્ષણે એને જાણે છે. બહાર આવીને જાણે એવું કાંઈ હોતું નથી. ઈ જ્ઞાન ક્યાં ગયું છે? જ્ઞાન પોતે હાજર જ છે.

જ્ઞાનનો એવો સ્વભાવ છે કે જ્ઞાન પોતાને જાણે છે, જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણે છે. ઉપયોગાત્મક જ્ઞાન. એ જ્ઞાન કાંઈ ત્યાં શૂન્ય નથી થઈ ગયું કે

આનંદને જાણે નહિ. પોતે જે વેદનમાં આવે છે એ બધું જાણે જ છે. એ આનંદગુણ જે અનુપમ આત્માનો પ્રગટ થાય છે. આનંદગુણ અને અનંત શક્તિઓથી ભરપૂર આત્મા, અનંત સામર્થ્યથી ભરપૂર આત્મા, એને જે વેદનમાં આવે છે એ બધું એક ક્ષણે જાણે છે એને વેદનમાં આવે છે ત્યારે. બહાર આવીને જાણે છે એવો અર્થ નથી.

જ્ઞાન એનું સ્વરપરપ્રકાશક જ્ઞાન છે. એ જ્ઞાન કાંઈ એનું નાશ નથી પામી જતું અનુભૂતિમાં. બહાર આવે એટલે, બહાર એટલે વિકલ્પનો આશ્રય મળે તો જાણે એવો કાંઈ એનો અર્થ નથી. અનાદિથી જે પોતાને ભૂલી ગયો છે અને પરપદાર્થ તરફ જે બધું જાણ્યા કરે છે અને રાગ-દ્વેષ અને વિકલ્પના ભાવો વેદનમાં આવે એને જાણે છે. અને સ્વાનુભૂતિ થાય એને ન જાણે એ જ્ઞાન કઈ જાતનું? પોતે સ્વાનુભૂતિને જાણે છે. આવા વિભાવભાવોને વેદનમાં આવીને જાણે અને સ્વાનુભૂતિને જાણે નહિ?

જ્ઞાન તો પરિપૂર્ણ સામર્થ્યથી ભરેલું છે. જ્ઞાનસ્વભાવ કોને કહેવાય? બધુ જાણે એ. પોતાને જાણે છે, પોતાના વેદનને, આનંદગુણને બધા ગુણને (જાણે છે). પોતે પોતાને જાણે, બીજા ગુણોને જાણે, પર્યાયની પરિણતિને જાણે, બધાને જાણે. ઉપયોગ બહાર નથી એટલે બહારના પદાર્થ નથી જાણતો. પોતાની સ્વાનુભૂતિમાં બધું જાણે છે. તે ક્ષણે જ જાણે છે. પછી જાણે છે એવું નથી. એનું વેદન થઈ ગયું અને પછી એને ખ્યાલ આવ્યો કે મને આ વેદન થયું એમ નથી. તે ક્ષણે જે જાણ્યું હતું એ બહાર આવીને એને યાદ રહે છે. બાકી તે જ ક્ષણે એને વેદનમાં આવે છે.

નિરંતર ઝરતો આસ્વામાં આવતો સુંદર જે આનંદ, એવું સ્વસંવેદન જે પ્રગટ થાય છે, એ સ્વસંવેદન તે જ વખતે સ્વસંવેદન અનુભવમાં આવે છે. પછી એને અનુભવ પછી જાણે છે એવું નથી. એ જ્ઞાનનો સ્વભાવ એટલે શું? જે લોકાલોકને જાણનારો આત્મા, એનો જ્ઞાન સ્વભાવ, એ કાંઈ એનો નાશ થયો છે? નાશ નથી થયો. સ્વાનુભૂતિમાં બધું જાણે જ છે. માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. પરોક્ષ એટલે અનુભવ થયો અને પ્રત્યક્ષ છે. અનુભવ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. આનંદને, અપૂર્વ અનુપમ આનંદને પ્રત્યક્ષ જાણે છે. અચિંત્ય શક્તિથી ભરેલો આત્મા ચિંતવવામાં ન આવે. જે વાણીમાં નથી આવી શકતો, જે વેદનમાં આવે છે એ વેદનમાં જાણે છે.

પુરુષાર્થ કોને માટે છે? આત્માના સુખને, આત્માની સ્વાનુભૂતિને માટે કે જે અનંતકાળથી આત્મા ખ્યાલમાં નથી આવ્યો, અનંત સામર્થ્યથી ભરપૂર જે જોઈએ

એને આત્મામાંથી મળે છે. એવો જે આત્મા સ્વાનુભૂતિમાં આવે અને આનંદ છાનો રહે અને બધું નીકળી જાય અને શૂન્ય થઈ જાય એવું નથી હોતું. પોતાની અનંત શક્તિઓથી ભરપૂર, અનેક જાતના સ્વભાવોથી ભરપૂર જે આત્મા એના વેદનને.. તે ક્ષણે જ વેદનમાં આવે છે. એને આશ્ચર્યકારી આત્મા, ચમત્કારી આત્મા તે જ ક્ષણે વેદનમાં આવે છે. 'ગુરુદેવ'ના વ્યાખ્યાનમાં વારંવાર આવતું હતું, 'ગુરુદેવ' કહેતા, શાસ્ત્રોમાં પણ આવે છે. વેદનમાં આવે એવો આત્મા છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૫ C

પ્રશ્ન :- એક પ્રશ્ન છે કે દરેક જીવ પરમાત્માસ્વરૂપ છે, પણ અમારી પાસે વર્તમાનમાં તો મતિ-શ્રુતજ્ઞાન જ પ્રગટપણે છે. તો અમે પરમાત્મસ્વરૂપ છીએ એ મતિ શ્રુતજ્ઞાન દ્વારા કેમ ખ્યાલમાં આવે? એ જરા વિગતથી સમજાવવા કૃપા કરશો.

ઉત્તર :- આત્મા પરમાત્મસ્વરૂપ છે. 'ગુરુદેવે' ઘણું કીધું છે કે આત્મા પોતે જે વર્તમાન જ્ઞાન છે એનાથી જ સમજાય છે. પરમાત્મસ્વરૂપ આત્મા વસ્તુ સ્વરૂપે પરમાત્મા છે. એને જાણવા માટે મતિ શ્રુતજ્ઞાન છે. મતિ શ્રુતજ્ઞાનથી જ આત્મા જણાય છે. મતિ-શ્રુતથી ન સમજાય એવું કાંઈ નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક છે. એ જાણનારો છે. એમાં મતિ અને શ્રુત એ બે દ્વારા આત્મા ઓળખાય છે. એને ઓળખવા માટે કાંઈ બીજા જ્ઞાનોની જરૂર પડતી નથી. એને જાણવા માટે કોઈ અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન કે એવા કોઈ જ્ઞાન હોય તો આત્મા ઓળખાય એવું કાંઈ નથી. એ કોઈ પ્રત્યક્ષ જ્ઞાન હોય કે પ્રત્યક્ષ દેખાય કે જેનાથી દેવલોક અને નરક ને બધું દેખાય એવું અવધિજ્ઞાન હોય, એવા અવધિજ્ઞાન વડે (જણાય) અથવા કોઈના મનની વાત જાણે એવું જ્ઞાન હોય તો આત્મા ઓળખાય એવું કાંઈ નથી. આત્મા મતિ અને શ્રુત દ્વારા જ ઓળખાય છે.

આત્મા ઓળખવા માટે કોઈ જ્ઞાનના ભેદ ઉપર દૃષ્ટિ મૂકવાની જરૂર નથી. આત્મા જ્ઞાયક જ છે. આ જ્ઞાન હોય, મતિ હોય કે શ્રુત હોય કે એના ઉપર દૃષ્ટિ મૂકે કે આ જ્ઞાન છે માટે આનાથી ઓળખાય કે આનાથી ઓળખાય એવું નથી. આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક જ છે. એમ જ્ઞાયક જ લક્ષમાં લેવાનો છે. કે આ મતિ છે એટલે મતિ ઉપર લક્ષ મૂકીને આત્મા ઓળખાય એવું નથી કે શ્રુત ઉપર લક્ષ મૂકીને

આત્મા ઓળખાય એવું નથી. આત્મા સ્વયં જ્ઞાયક છે. એ જ્ઞાયકને પોતે ઓળખવા જાય એમાં મતિ અને શ્રુત સાથે આવે છે. એટલે મતિ અને શ્રુત દ્વારા આત્મા ઓળખાય છે. એના માટે કોઈ બીજા જ્ઞાનોની જરૂર પડતી નથી.

વિચારથી નક્કી કરે કે હું પરમાત્મા જ છું, આ સ્વભાવ મારો છે, આ જ્ઞાયક તે હું છું, આ વિભાવો જે થાય તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાયક જ છું. એમ મતિ-શ્રુત દ્વારા નિર્ણય કરે અને બરાબર નિઃશંકપણે નિર્ણય કરે તો સ્વસંવેદન પણ મતિ-શ્રુત દ્વારા જ થાય છે. અને સ્વાનુભૂતિમાં પણ મતિ-શ્રુત જ કામ કરે છે, બીજા કોઈ જ્ઞાનોની જરૂર પડતી નથી. આત્મા જ્ઞાયક છે તે મતિ-શ્રુત દ્વારા જ ઓળખાય છે. માટે પોતે વિચાર કરે, જ્ઞાયકને ઓળખે તો ઓળખાય એવો છે. અને 'ગુરુદેવે' ઘણું સમજાવ્યું છે. માટે આત્મા મતિ-શ્રુતજ્ઞાન દ્વારા જ ઓળખાય છે. બીજા કોઈ જ્ઞાનોની રાહ જોવી પડે એવું નથી. આ જે ક્ષયોપશમ જ્ઞાન છે એનાથી જ આત્મા ઓળખાય છે.

એક પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ કરે કે ઉદયભાવ કે ઉપશમભાવ કે ક્ષયોપશમભાવ એવા કોઈ ભાવથી આત્મા ઓળખાય એવું પણ નથી. આત્મા એક પારિણામિકભાવ જે અનાદિ-અનંત સ્વતઃસિદ્ધ છે એનાથી આત્મા ઓળખાય છે. પારિણામિકભાવ. કોઈ ભેદ ઉપર દૃષ્ટિ મૂકવાની જરૂર નથી. કે મતિ ઉપર કે શ્રુત ઉપર કે અવધિ ઉપર કે મનઃપર્યય ઉપર કે કેવળજ્ઞાન ઉપર. એ કોઈ જ્ઞાનો ઉપર દૃષ્ટિ મૂકવી કે કોઈ ભાવ ઉપર દૃષ્ટિ મૂકવી (એવું નથી). આત્મા સ્વયં શાશ્વત પારિણામિકભાવસ્વરૂપ છે એને ઓળખે, એવા આત્માને દૃષ્ટિમાં લે, નિઃશંક થઈ જાય અને એવી જ્ઞાતાની ધારા પ્રગટ થાય તો સ્વાનુભૂતિમાં પણ મતિ-શ્રુત જ કામ કરે છે. એનાથી સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય છે. બીજા કોઈ જ્ઞાનોની એમાં જરૂર પડતી નથી. કોઈની રાહ જોવી પડતી નથી.

પ્રશ્ન :- લક્ષણ પકડવાની તાકાત પણ મતિ-શ્રુતજ્ઞાન છે.

ઉત્તર :- લક્ષણ પણ મતિ-શ્રુત દ્વારા જ પકડાય છે કે આ જ્ઞાન-લક્ષણ છે. એ મતિ અને શ્રુત દ્વારા જ પકડાય છે. કે આ અસાધારણ જ્ઞાન તે જ્ઞાનલક્ષણ તે હું છું. જ્ઞાનલક્ષણથી જ્ઞાયક ઓળખાય છે. એ મતિ-શ્રુત જ દ્વારા ઓળખાય છે. એનું પ્રયોજનભૂત જ્ઞાન હોય તો એનાથી ઓળખાય. એને ઝાઝું જ્ઞાન જોઈએ મતિ-શ્રુતમાં કે ઝાઝો શાસ્ત્રનો અભ્યાસ હોય કે ઝાઝુ બહુ ગોખી હોય કે ભણી ગયો હોય કે બહુ ઝાઝું કાંઈ બોલતા આવડે કે કાંઈ શીખી ગયો હોય તો આવડે એવું નથી.

મતિ-શ્રુત એક આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે, પ્રયોજનભૂત તત્ત્વને ઓળખે તો એ સમજી શકે એવું છે. એમાં ઝાઝો બધો ઉઘાડ હોય કે ઝાઝુ બધું બહુ યાદ રહેતું હોય તો ઓળખાય એવું પણ નથી. એ મતિ-શ્રુત પ્રયોજનભૂત તત્ત્વને જાણે, તત્ત્વનું જ્ઞાન પ્રયોજનભૂત હોય તો આત્માને ઓળખી શકાય છે.

પ્રશ્ન :- બીજો પ્રશ્ન છે, માતાજી! આશ્રયભૂત તત્ત્વનું અવલંબન લેતા સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીની પર્યાય પ્રગટ થાય છે. આ અવલંબન સાધકદશામાં હોય છે કે સિદ્ધદશામાં પણ ચાલુ રહે છે? એ જરા કૃપા કરીને વિગતથી સમજાવશો.

ઉત્તર :- સાધકદશામાં.. અવલંબન સાધકદશામાં રહે છે. સિદ્ધ દશામાં જે આલંબન લીધું એ આલંબન આલંબન પરિણતિરૂપે રહી જાય છે. એમાં પછી એને પ્રયત્ન કરવાની જરૂર નથી રહેતી. સાધકદશામાં પ્રયત્નરૂપ છે. આત્માનું આલંબન લીધું. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી આત્માનું જે આલંબન લીધું, આત્મા જ એને આશ્રયભૂત છે, આત્મા જ એને મુખ્યપણે એની દૃષ્ટિમાં રહ્યો, એના આશ્રયમાં રહ્યો, એણે બળવાનપણે આત્માને ગ્રહણ કર્યો. એ બળવાનપણે આત્માને ગ્રહણ કર્યો સિદ્ધ દશા સુધી. પછી એને પ્રયત્ન કરવાની જરૂર નથી. જે આલંબન મુખ્યપણે દ્રવ્ય ઉપર જે દૃષ્ટિ જોરદાર હતી તે એમને એમ પરિણતિરૂપે એને સહજરૂપે થઈ જાય છે. પછી ત્યાં આલંબનની જરૂર નથી, પણ જે આશ્રય લીધો એ આશ્રયરૂપે પોતે પરિણમી જાય છે. દ્રવ્ય અને પર્યાય-બેય.

દ્રવ્ય પોતે જે મુખ્ય લક્ષમાં લીધું એનો આશ્રય, પર્યાય નિર્મળતારૂપે પરિણમી જાય છે. બાકી સાધકદશામાં તો આત્મા જ જેને આશ્રયભૂત છે. સમ્યગ્દર્શન એમાં આત્માનો જ આશ્રય છે. એને સંવર, નિર્જરા, બધું જે થાય છે એ આત્માના આશ્રયથી જ થાય છે. મારો આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્ર બધું મારો આત્મા જ છે અને મારા આશ્રયમાં પણ આત્મા જ છે. સમ્યગ્દષ્ટિને એના આશ્રયમાં આત્મા છે. ચારિત્રના આશ્રયમાં પણ આત્મા જ છે. બધામાં આત્મા છે. ચારિત્રમાં પણ આત્માનો આશ્રય મુખ્ય છે.

બહારથી શુભભાવો અમુક જાતના એની ભૂમિકા પ્રમાણે હોય, પંચ મહાવ્રતના, અણુવ્રતના. પણ એને અંતરથી જે ચારિત્ર યથાર્થ પ્રગટે તે આત્માના આશ્રયથી જ પ્રગટે છે. ચારિત્રમાં પણ આત્માનો આશ્રય છે, સંવરમાં આત્માનો આશ્રય છે, પ્રત્યાખ્યાનમાં આત્માનો આશ્રય છે. પ્રત્યાખ્યાન બહારથી કર્યા એટલે એમ નહિ,

એ તો શુભભાવ છે. અંતર આત્માના આશ્રયમાં બધું આત્માના આશ્રયમાંથી જ થાય છે. આત્માનું જે આલંબન લીધું એ ઠેઠ સુધી રહે છે. પછી શ્રેણી ચડીને કેવળજ્ઞાન થાય અને કૃતકૃત્ય દશા થઈ ગઈ પછી કાંઈ કરવાનું રહેતું નથી. આલંબન તે આલંબન સહજ પરિણતિરૂપે આત્મા આત્મારૂપે પરિણમી જાય છે. જેવો છે એવો પ્રગટ રીતે પરિણમી જાય છે તે ઠેઠ સિદ્ધદશા સુધી, પછી આલંબન પ્રયત્ન કરેવાનું રહેતું નથી. આલંબન સહજરૂપે પરિણમી જાય છે.

પ્રશ્ન :- માતાજી! સાધકદશામાં આલંબન રહ્યું એ નિર્વિકલ્પદશામાં રહે તો સવિકલ્પદશામાં કેવી રીતે?

ઉત્તર :- આશ્રય તો સવિકલ્પદશામાં આશ્રય છે, નિર્વિકલ્પદશામાં સહજ નિર્વિકલ્પરૂપે છે. સહજ પરિણતિરૂપે છે. દ્રવ્યની જે મુખ્યતા રહી તે મુખ્યતા નિર્વિકલ્પદશામાં પણ સહજરૂપે છે અને બહાર આવે તોપણ એને આશ્રયનો ખ્યાલ છે અને એ સાધકપણામાં મુખ્ય જોર રહે છે આશ્રયભૂત આત્માનું. સવિકલ્પદશામાં જે આશ્રય લીધો તે નિર્વિકલ્પદશામાં સહજરૂપે રહી જાય છે. મુખ્યરૂપે દ્રવ્ય જે રીતે છે તે રૂપે પરિણતિ એની રહી જાય છે. જેવું નિર્વિકલ્પદશામાં અંશમાં છે એવું પૂર્ણતામાં કેવળજ્ઞાન થયું તોપણ એમ સહજ રહી જાય છે.

પ્રશ્ન :- આ સમાધાન તો, જેઓને સાધક ભૂમિકા પ્રાપ્ત થઈ છે તેઓને માટે થયું. જેઓ સાધક ભૂમિકાને પહોંચ્યા નથી તેના માટે શું કરવું?

ઉત્તર :- એણે એનો અભ્યાસ કરવો. સાધકદશાને નથી પહોંચ્યા એનો એણે અભ્યાસ કરવો. એને આ બધાને જાણવા માટે છે કે આશ્રય લેવાય તો જ આત્માનું સમ્યગ્દર્શન થાય. એમ જે જાણે અને તો જ આશ્રય કરે તો જ સ્વાનુભૂતિ થાય. એમ જો એના જ્ઞાનમાં આવે તો એ જાતનું એ નક્કી કરીને એ જાતનો પ્રયત્ન કરે કે આત્માના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. બીજી કોઈ રીતે થતું નથી. માટે આત્માનો આશ્રય કેમ લેવાય? એનો પ્રયત્ન કરે, એના વિચારો કરે, એ જાતનો વૈરાગ્ય લાવે, એ જાતની મહિમા લાવે, બધું કરે, તત્ત્વના વિચાર કરીને આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? એની જિજ્ઞાસા, એ બધી તૈયારી કરે, એનો અભ્યાસ કરે. ભૂમિકાવાળાને માટે એ છે. અને જેને પ્રગટ થયું, જેને પ્રગટ થાય તે કેવી રીતે પ્રગટ થાય છે અને એને શું સ્વાનુભૂતિ હોય તો એ જાણે પોતે, એની મહિમા લાવે, અને એના માર્ગે પોતે જવાનો પ્રયત્ન કરે. એને માટે એ છે. એ જાતની પોતે વિભાવથી છૂટો પડે, વૈરાગ્ય લાવે, વિચાર કરે, તત્ત્વનો નિર્ણય કરે, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર

કરે અને આત્માનું આલંબન લે કે દ્રવ્ય મુખ્ય છે અને પર્યાય એની સાથે પરિણતિ પર્યાય પ્રગટ થાય છે. એ પર્યાયનું વેદન થાય છે અને દ્રવ્યનો આશ્રય હોય છે. એમ પોતે વિચાર કરીને નક્કી કરે પછી તે રૂપે પુરુષાર્થ કરે.

પ્રશ્ન :- સાધક ભૂમિકામાં નીચે જીવ છે એના માટે અને સાધકો માટે માર્ગ એક જ છે?

ઉત્તર :- એક જ માર્ગ છે. સાધકને માટે અને જિજ્ઞાસાને માટે એક જ માર્ગ છે. એને એ ધ્યેય એક જ રાખવાનું છે જિજ્ઞાસુને પણ. આત્માર્થીને ધ્યેય એક જ હોવું જોઈએ કે કેવી રીતે સમ્યગ્દર્શન પ્રગટ થાય? અને સમ્યગ્દષ્ટિને આત્માનો આશ્રય હોય એવો આશ્રય મને કેમ પ્રગટ થાય? એવી જાતની એને ભાવના, જિજ્ઞાસા (હોય). બધાને એક જ માર્ગે જવાનું છે. જિજ્ઞાસુને પણ તે જ કરવાનું છે. કે ભવનો અભાવ કેમ થાય? સમ્યગ્દર્શન પ્રગટ કેમ થાય? એ બધું જિજ્ઞાસુઓને પણ તે કરવાનું છે. એના માટે બધું (કરે). એ ન થાય ત્યાં સુધી અશુભભાવથી બચવા માટે શુભભાવમાં દેવ-ગુરુ-શાસ્ત્ર એની મહિમા લાવે, શાસ્ત્રના વિચારો કરે, પણ ધ્યેય એક જ કે સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? ભવનો અભાવ કેમ થાય? ધ્યેય એક જ હોવું જોઈએ. એક શુભભાવ કરી અને પુણ્ય બંધાય એવો પુણ્યનો હેતુ એવો નહિ, પણ ભવનો અભાવ કેમ થાય? આત્માનો આશ્રય કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા કેમ પ્રગટ થાય? એવો હેતુ, ધ્યેય, જિજ્ઞાસુને પણ એમ જ હોવું જોઈએ.

પ્રશ્ન :- માતાજી! જ્ઞાન અને રાગને લક્ષણભેદે સર્વથા જુદા પાડો તો સર્વજ્ઞસ્વભાવી શુદ્ધ જીવ લક્ષમાં આવી શકે. જ્ઞાન અને રાગના લક્ષણ જાણી જ્ઞાન તે ઉપાદેય અને રાગ હેય-એમ નક્કી કરવા છતાં શુદ્ધ જીવ લક્ષમાં કેમ નથી આવતો?

ઉત્તર :- ઉપાદેય અને હેય બધું યથાર્થ હોય તો શુદ્ધ જીવ લક્ષમાં આવ્યા વગર રહેતો નથી. રાગ જુદો અને જ્ઞાનલક્ષણ જુદું. એ બે લક્ષણ જુદા પોતે ઓળખે તો એને સર્વજ્ઞસ્વભાવ આત્મા નક્કી થાય એ બરાબર છે. જે જાણનારો છે તે જ હું છું. જે જાણનારો હોય તે સ્વતઃસિદ્ધ જાણનારો છે. એ સ્વતઃસિદ્ધ જાણનારો એને જ્ઞાનની કાંઈ મર્યાદા હોય નહિ. તે પૂરું જાણે. તે સર્વજ્ઞશક્તિથી ભરેલો આત્મા છે. એ પૂરું જાણે. દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ બધું જાણે. એમાં એને મર્યાદા ન હોય કે આટલું જાણે અને આટલું ન જાણે. એમાં કાળની મર્યાદા, ક્ષેત્રની કોઈ મર્યાદા હોય નહિ. એની ઉપર એક સમયમાં બધું જાણે. એવી જાતનો એનો જ્ઞાયક

સ્વભાવ અનંત-અનંત જ્ઞાયક. જે સ્વતઃ જ્ઞાયક છે એમાં અનંતતા ભરેલી છે. એવો સર્વજ્ઞસ્વભાવ આત્માનો છે. એ ન જાણે એવું જ્ઞાયક સ્વભાવમાં હોતું નથી. પણ એ નિર્ણય ક્યારે કરે? કે રાગથી હું જુદો, હું જ્ઞાયકસ્વભાવી છું એવો જ્ઞાયકનો બરાબર યથાર્થ લક્ષણ ઓળખીને નિર્ણય કરે તો એવા સર્વજ્ઞસ્વભાવની એને પ્રતીતિ થાય.

પણ એમ કહે કે રાગ અને જ્ઞાન જુદા પાડ્યા, પણ શુદ્ધાત્મા નથી જણાતો. એમ ન બને. જ્ઞાયકને ઓળખે તો એક જ્ઞાયકની અંદર શુદ્ધતા આવી જાય. એમાં બધું આવી જાય. હું અનંત ગુણોથી ભરેલો એક શુદ્ધાત્મા (છું). મારામાં કોઈ વિભાવ થયો નથી. અશુદ્ધ પર્યાયો જે છે તે પરિણતિ-પર્યાયમાં છે. મારું દ્રવ્ય તો શુદ્ધ છે. એમ શુદ્ધતા પણ ભેગી આવી જાય, એમાં જ્ઞાયકતા પણ ભેગી આવી જાય. બધું એમાં (આવી જાય છે). હું જ્ઞાન-દર્શનથી ભરેલો પૂર્ણ છું. કોઈ પદાર્થ સાથે મારે સંબંધ નથી. એ બધા પદાર્થો, એ બધા પરદ્રવ્યો, હું એનાથી જુદો. એમ જુદાપણાનો ખ્યાલ આવી જાય, જ્ઞાયકતાનો ખ્યાલ આવી જાય, શુદ્ધતાનો ખ્યાલ આવી જાય. હું એક શુદ્ધાત્મા છું. બધો ખ્યાલ આવી જાય.

પોતે રાગને હેય જાણે અને જ્ઞાનને ઉપાદેય જાણે તો એ પોતે નિર્ણય કરે એમાં બધું આવી જાય. એને જુદું જુદું જાણવું નથી પડતું. જ્ઞાયકને જાણે એમાં શુદ્ધાત્મા જણાય. એમાં નિત્ય કેવી રીતે? એમાં અનિત્ય કેવી રીતે? બધું એમાં આવી જાય છે. એક કેવી રીતે? અનેક કેવી રીતે? એ બધું આવી જાય. કે હું એક મારા સ્વભાવ દ્રવ્યથી એક છું. ગુણોમાં અનેકતા, પર્યાયમાં અનેકતા. એ બધું એના લક્ષમાં આવી જાય. એક જ્ઞાયકને ઓળખે તો. અને રાગ હેય છે, મારું સ્વરૂપ નથી. આ જ્ઞાયક જ ઉપાદેય છે. એવો નિર્ણય કરે એને પ્રયત્ન થયા વગર રહેતો નથી.

આવે છેને? 'બંધ તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો' આત્માનો સ્વભાવ જાણે, બંધનો સ્વભાવ જાણે. પણ બંધથી જે વિરક્ત થઈ ગયો. પછી તે ન્યારો થઈ જાય છે અંતરથી કે આ વિભાવ તે હું નથી, હું તો જ્ઞાયક છું. તો એની મુક્તિ થાય છે. અંતરથી મુક્તિની પર્યાય પ્રગટ થાય છે. જ્ઞાનને ઉપાદેય જાણે અને રાગને હેય જાણે તો શુદ્ધાત્મા જણાયા વગર રહેતો જ નથી. તો મુક્તિનો પંથ એને પ્રગટ થઈ જ જાય છે.

પ્રશ્ન :- એમ થયું કે રાગને ભિન્ન જાણ્યો જ નથી?

ઉત્તર :- હા. રાગને ભિન્ન જ નથી જાણ્યો. જે જાણે એ તો બધું જાણે. રાગને જુદો જાણે તો જ્ઞાનને જુદું જાણ્યા વગર રહેતો જ નથી. આ અશુદ્ધતા મારું સ્વરૂપ

નથી તો શુદ્ધતા શું છે એ એને ખ્યાલમાં આવ્યા વગર રહેતું જ નથી. એક પોતાનું અસ્તિત્વ જાણે તો આ મારું નથી એમ જાણ્યું તો ખરેખર એ પોતાને જાણે તો આ જુદો છે એમ જાણે છે. પણ એ એમ કહે કે રાગને હેય જાણ્યો, જ્ઞાનને ઉપાદેય જાણ્યું અને શુદ્ધાત્મા નથી જણાતો, એમ ન બને. એ તો ખરેખર જાણ્યું જ નથી. ખરું જાણ્યું એનું નામ કહેવાય કે જ્ઞાયક જ્ઞાયકરૂપે પ્રગટે અને ન્યારો થાય તો ખરેખર એણે રાગને હેય જાણ્યો અને જ્ઞાનને ઉપાદેય જાણ્યું. ઉપર ઉપરથી જાણ્યું છે. ખરું અંદરથી જાણ્યું નથી.

પ્રશ્ન :- માતાજી! રાગ અને જ્ઞાન જુદા છે એટલું જાણે તો પૂરતું થઈ રહે? કે દ્રવ્ય અને જ્ઞાનની પર્યાય એનું ભેદજ્ઞાન પણ કરવું પડે?

ઉત્તર :- રાગ અને જ્ઞાન જુદું જ છે એ જે રીતે જુદું છે. કારણ કે એ તો પોતાનો સ્વભાવ જ નથી, વિભાવ છે અને આ જ્ઞાયક પોતાનો સ્વભાવ છે. એમાં પર્યાય છે એ પર્યાય છે એ પર્યાયની કોઈ અપેક્ષાએ પર્યાય એની છે. કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે. એટલે એનું સ્વરૂપ જેમ છે એમ જાણવું.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૬ A

ઉત્તર :- રીત એ તો અંદરથી પોતે જ માર્ગ કરી લે. પોતાને જિજ્ઞાસા હોય પોતે જ અંદરથી થાય. વિકલ્પથી સમજાય પણ અંદરથી છૂટું પડવું, ભેદજ્ઞાન કરવું એ બધું પોતાના હાથની વાત છે. એનો ભેદજ્ઞાન સિવાય કોઈ ઉપાય નથી. આ શરીર જુદું, આત્મા જુદો. વિભાવ પોતાનો સ્વભાવ નથી અને હું જાણનારો જ્ઞાયક છું. એને ક્ષણે ક્ષણે પુરુષાર્થ કરવો અને ભેદજ્ઞાન કરવું પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :- નિરંતર ભેદજ્ઞાન કરતા રહેવું.

ઉત્તર :- નિરંતર કરવું. અંતરમાં સ્વભાવ ઓળખીને કરવું. ઈ થાય એ અંતરથી થાય એ યથાર્થ થાય, પણ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એની ભાવના કરે, રટણ કરે, ભેદજ્ઞાન ભલે એમ વિકલ્પથી કરે પણ યથાર્થપણે તો સહજ જ્યારે થાય ત્યારે જ થાય. ભેદજ્ઞાન એક જ ઉપાય છે. નિર્વિકલ્પ થવાનો ઉપાય એક જ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને ભેદજ્ઞાન કરવું એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- દ્રવ્યને અકારણ પારિણામિક કહ્યું એ કઈ અપેક્ષાએ?

ઉત્તર :- એને કોઈ કારણ નથી લાગુ પડતું. એ તો સ્વતઃ છેને? કોઈના કારણથી પરિણમે એવું દ્રવ્ય હોય તો પરાધીન થઈ જાય, કોઈનું કારણ મળે તો. એ તો અનાદિ-અનંત સ્વતઃ સિદ્ધ છે.

પ્રશ્ન :- શાશ્વત છે.

ઉત્તર :- શાશ્વત છે. પોતાની મેળે એ પોતે પરિણમે છે. પોતે વિભાવમાં જનારો પોતે અને સ્વભાવરૂપે પરિણમનારો પોતે જ છે. કર્મ તો માત્ર નિમિત્ત છે. પોતે જ પરિણમે છે, બીજું કોઈ નહિ, બીજું કોઈ પરિણમતું નથી. પોતે અકારણ સ્વતઃસિદ્ધ પોતે અનાદિ-અનંત શુદ્ધ છે. અશુદ્ધતા પોતે પોતાની પરિણતિમાં થાય છે. કર્મના નિમિત્તમાત્રથી.

પ્રશ્ન :- કોઈ પર્યાયની, કોઈની અપેક્ષા નથી.

ઉત્તર :- એને પર્યાયની અપેક્ષા નથી. પર્યાય તો એની પરિણતિ છે. એની અપેક્ષાએ એની પર્યાય સ્વતઃ પરિણમે. પર્યાય અને દ્રવ્ય તદ્દન કટકા નથી. એ તો દ્રવ્યને આશ્રયે પર્યાય થાય છે. દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે પણ બધું સ્વતઃ છે. કોઈના કારણે થાતું નથી. પોતે જ જે રીતે પરિણમવું હોય એ પોતે પરિણમે છે, દ્રવ્ય પોતે. દ્રવ્ય પોતાના મૂળ સ્વભાવમાં અશુદ્ધતા થાતી નથી. પર્યાય પરિણમે એટલે પર્યાય જુદી પરિણમે અને દ્રવ્ય જુદું એમ કટકા નથી. એમ. દ્રવ્યનો સ્વભાવ જુદો. પર્યાય એક અંશ છે અને આત્મા અંશી છે-એટલો એનો ભેદ છે. બાકી સર્વથા એ કટકો છે અને આ કટકો છે-એવા કટકા નથી.

પ્રશ્ન :- હે માતાજી! અનંતગુણસ્વરૂપ આત્મા તેના એકરૂપ સ્વરૂપને દૃષ્ટિમાં લઈ એને એકને ધ્યેય બનાવી તેમાં એકાગ્રતાનો પ્રયત્ન કરવો એ જ પહેલામાં પહેલો શાંતિ સુખનો ઉપાય છે—એમ વચનામૃતમાં આવે છે.

ઉત્તર :- અનંતગુણસ્વરૂપ આત્મા છે એને એકને જ લક્ષમાં લેવો. એના ગુણભેદ ઉપર દૃષ્ટિ નહિ મૂકતા એ એકને જ લક્ષમાં લેવો. આત્મા હું એક ચૈતન્ય અભેદ તત્ત્વ છું. એને લક્ષમાં લેવું. એનું ધ્યેય બધું એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. એને આ વિભાવ સાથે કે કોઈની સાથે (કાંઈ સંબંધ નથી), એનાથી જુદો છે, એનાથી ન્યારો, એનો સ્વભાવ જુદો. એ બધી રીતે જુદો છે. એને લક્ષમાં લઈને એને એકને જ ધ્યેયમાં રાખવો. એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં જ એકાગ્રતા કરવી. એ એક જ એમાં એકાગ્રતાની પ્રતીતિ બધું એમાં જ કરવાથી શાંતિ

અને સુખ પ્રગટ થાય છે. એમાંથી જ. બીજો કોઈ એનો ઉપાય નથી. ઉપાય તો એક જ છે. પછી ન થાય ત્યાં સુધી આ બધું વાંચન-વિચાર બધું હોય છે વચમાં, પણ ધ્યેય તો આ એકનું જ રાખવાનું છે.

પ્રશ્ન :- એમનું એમ કહેવું છે કે પહેલેથી જ જો આત્માને ધ્યેય બનાવવા જાય અને દ્રવ્ય .. સ્વરૂપ આત્માને ન જાણ્યો હોય અથવા સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું સ્વરૂપ ન જાણ્યું હોય તો પહેલેથી કઈ રીતે આ જ કર્તવ્ય છે તો એ કઈ રીતે?

ઉત્તર :- કરવા જેવું તો આ એક જ છે પણ એક ધ્યેયમાં આવે શી રીતે? એને જાણે તો આવેને? એનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયનું બધું સ્વરૂપ જાણે તો જ એ ધ્યેયમાં આવે. નહિતર સાચી રીતે ધ્યેયમાં આવતું નથી. બધું એમાં આવી ગયું. તું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ યથાર્થ ઓળખ. આ સ્વ-પરનું ભેદજ્ઞાન એને ઓળખ, એનું ભેદજ્ઞાન કર એ બધું એમાં આવી જાય છે. આ પર છે, આ સ્વ છે, આ વિભાવ છે, આ સ્વભાવ છે, આ દ્રવ્ય છે, ગુણ છે, પર્યાય છે. બધું જ ઓળખે તો એને ધ્યેયમાં આવે. એને ધ્યેય સમજ્યા વગર કાંઈ ધ્યેય એનું યથાર્થ કેવી રીતે થાય?

પ્રશ્ન :- આપ કહો છો કે જ્ઞાયક એ આત્માનું ધ્યેય છે. તો અમે જ્ઞાયકને ધ્યેય બનાવીને હું જ્ઞાયક છું એવો અનુભવ કર્યા કરીએ?

ઉત્તર :- એ એક જ્ઞાયક પણ ધ્યાનમાં, લક્ષમાં આવી કેવી રીતે? જ્ઞાયકને ઓળખ્યા વગર જ્ઞાયક ક્યાંથી આવે? જ્ઞાયકનું ધ્યેય ક્યાંથી થાય ઓળખ્યા વગર? એમ આવ્યુંને અનંતગુણસ્વરૂપ એક આત્મા. અનંતગુણ ઉપર દૃષ્ટિ નહિ મૂકતા એક આત્મા ઉપર એક જ્ઞાયકને લક્ષમાં લે. એટલે અનંતગુણ છે આત્મામાં, એની પર્યાય છે. એ બધું ઓળખે તો એ ભેદસ્વરૂપ નથી, કટકા નથી, પણ એક આત્મા, એકસ્વરૂપ છે એમ લક્ષમાં લે એમાંથી એમ આવી જાય છે અંદર.

પ્રશ્ન :- એટલે એ તો પહેલા એણે જાણવું જોઈએ.

ઉત્તર :- એ તો વિસ્તારથી જાણે કે સંક્ષેપથી જાણે, પણ જાણવાનું વચ્ચે આવી જાય છે. એમ જે જાણે કે આ પર અને આ સ્વ, આ વિભાવ, આ સ્વભાવ-એમ જે ભેદજ્ઞાન કરે છે એમાં જાણવાનું એટલું આવ્યું કે આ વિભાવ અને આ સ્વભાવ, આ પર અને આ સ્વ. પણ સ્વને જાણે એમાં ભેદ ભેદ પોતાને નહિ જાણતા હું એક અખંડ તત્ત્વ છું-એમ ભેગું આવી જાય છે.

શિવભૂતિ મુનિ. ઓલી દાળ અને ફોતરા જુદું કરતી હતી. એને સમજી ગયા

ગુરુનો આશય કે ગુરુને આમ કહેવું હતું. કે આ દાળ અને ફોતરા જેમ જુદા પડે છે એમ તું અને આ વિભાવ બે જુદા છે. એમ ભેદજ્ઞાન કર. એટલે એકને લક્ષમાં લઈ લીધું. બસ. એકને લક્ષમાં લીધું એમાં એને ગુણ-પર્યાયનું બધું જ્ઞાન એને ભેગું આવી જાય છે.

આ જ્ઞાયક એનો સ્વભાવ ઓળખી લીધો. આ જ્ઞાયક છે એ પરિણતિવાળો છે, એ કૂટસ્થ નથી, અભેદ છે. એના ગુણોના ભેદ-કટકા નથી. બધું એમાં ભેગું એને આવી જાય છે, સમાવેશ (થઈ જાય છે). યથાર્થ રીતે જ્ઞાયકને લક્ષમાં લે તો. પણ એવી રીતે સંક્ષેપથી એકદમ એવી રીતે પાત્ર કોઈ હોય એને એમ થઈ જાય છે જલ્દી, પણ બીજા જે ઝાઝું સમજતા ન હોય એને તો એટલા સંક્ષેપથી કોઈ સમજી જાય. બાકી વિચાર કરે, ઓળખે, એને બરાબર સ્વભાવ ઓળખે. એને દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે. બધું એને અમુક પ્રકારે જાણે તો જ એને લક્ષમાં આવે છે.

પ્રશ્ન :- અમુક આગમનો અભ્યાસ પણ એને (હોવો જોઈએ?)

ઉત્તર :- આગમનો અભ્યાસ હોય, બધું હોય. બધું વચ્ચે આવે છે. પણ એમાં આટલું જ જાણવું જોઈએ અને આટલો જ અભ્યાસ હોવો જોઈએ કે ઝાઝો આગમનો અભ્યાસ કરે તો જ સમજાય એવું નથી હોતું. થોડું સમજે. આગમમાં શું કહેવું છે એનો આશય સમજે. તોપણ થઈ શકે છે. ગુરુનો આશય સમજી લે તો પણ થઈ શકે છે. એમાં આ બધું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, સ્વપરનું ભેદજ્ઞાન એ બધો એમાં સમાવેશ આવી જાય છે. સંક્ષેપથી કે વિસ્તારથી પણ આવી જાય છે.

પ્રશ્ન :- માતાજી! સમવસરણમાં જે અસંખ્યાત પ્રાણીઓ હોય છે. જ્ઞાન પ્રાપ્ત કરે છે. તો એ પણ આવી રીતે મૂળભૂત હેતુ જે કહેવાનો હોય છે ભગવાનનો એ સમજી શકતા હશે?

ઉત્તર :- ભગવાનનો આશય સમજી જાય છે. ભગવાનના સમવસરણમાં કેટલાક એકદમ સમજી જાય. ભગવાનની વાણી એવી જોરદાર છે. ઘણા એકદમ સમજી પણ જાય છે. કોઈને સમજતા વાર પણ લાગે છે. સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ છૂટતી હોય તો એમાં તો કેટલાય ક્ષણ ક્ષણમાં કોઈ સમ્યગ્દર્શન પામે, કોઈ મુનિપણું પામે, કોઈ સમ્યગ્દર્શન અને મુનિદશા બધું એકદમ પામે. બધું એકદમ પામી જાય છે. કેટલાકને વાર પણ લાગે. પણ ભગવાનની વાણી સુકાળ એવો છે કે ભગવાનની વાણી છૂટતી હોય અને સમવસરણ હોય, ભગવાનની વાણીનું નિમિત્ત એવું પ્રબળ છે (કે) એકદમ ઉપાદાન તૈયાર થવાનું કારણ છે. પણ પોતે તૈયાર થાય

તો થાય.

પ્રશ્ન :- બહિર્મુખતા છોડ અને અંતર્મુખ થા—એટલો આશય સમજી જાય કોઈ તો એનું પ્રયોજન કામ કરી શકે?

ઉત્તર :- તો પ્રયોજનભૂત કામ કરી શકે. અંતર્મુખ થા. અંતર્મુખ એટલે પોતાને જ્ઞાયક ગ્રહણ થવો જોઈએ, બસ. એમાં થઈ જાય. ટૂંકામાં પણ આશયમાં ગંભીરતા રહેલી છે. આશય ગ્રહણ થવો જોઈએ. શબ્દ ટૂંકા પણ આશય અંદર ઊંડો છે એ ગ્રહણ થઈ જવું જોઈએ.

પ્રશ્ન :- ભગવાનની એટલી પ્રબળ વાણી અને પોતાના જીવોની યોગ્યતા એના હિસાબે માતાજી! આ બધું જીવો સમજી જતા હશે સમવસરણમાં.

ઉત્તર :- પોતાની યોગ્યતા અને ભગવાનની વાણી—બેય નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. અહીં 'ગુરુદેવ'ની વાણી વરસતી હતી. એકદમ બધાને સમજવા માટે એ બધો સુકાળ હતો એ વખતે. બધાની પાત્રતા પ્રમાણે બધા સમજી જતા.

પ્રશ્ન :- કોઈ જીવ માતાજી! યોગ્યતાવાળો હોય, આશય ગ્રહણ કરી શકતો હોય તો એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ પણ ન જાણે, પણ એવું બને કેજ્ઞાયકને લક્ષમાં લઈને, અંતર્મુખ થઈને પોતાનું કાર્ય કરી શકે? જેમ કે તિર્યંચ.

ઉત્તર :- તિર્યંચ હોય એને પોતાને દ્રવ્ય ગ્રહણ થવું જોઈએ. પોતાનું અસ્તિત્વ ગ્રહણ થવું જોઈએ. પણ આ અસ્તિત્વ અનંત શક્તિઓથી ભરેલું અસ્તિત્વ છે એમ એને અંદર આવી જાય છે. ગુણ શબ્દ ન આવડતા હોય, પર્યાય શબ્દ નથી આવડતા, પણ હું એક ચૈતન્ય છું અને મારું અસ્તિત્વ આ બધાથી જુદું છે. આ વિભભાવ મારો સ્વભાવ નથી. મારું અસ્તિત્વ અંદર જે આ વિકલ્પ બધા થાય એ હું નથી, મારું સ્વરૂપ નથી એમ તિર્યંચો આશય સમજે છે. અને પોતાના સ્વભાવને ગ્રહણ કરે કે આ જાણનારો તે હું. એ જાણનારો હું કેવો છું? કે ખાલી જાણનારો એમ નહિ પણ અનંત-અનંતતાથી ભરેલો એવો હું જ્ઞાયક છું. એમ એના આશયમાં, એના ગ્રહણમાં એવું આવી જાય છે. એવી અનંતતાથી ભરેલો અને કોઈ અચિંત્યતાથી ભરેલો એવો હું જ્ઞાયક છું. એટલે એમાં એને અનંત ગુણો સમાઈ જાય.

અને હું પલટી શકું છું. આ વિભાવમાંથી સ્વભાવ થાય. એને પલટી શકું છું. એટલે એની અંદર એને પરિણતિ, સ્વભાવ શબ્દ નથી આવડતા, પણ જ્ઞાયકની ગંભીરતા જે ગ્રહણ કરે છે એમાં એને ઉંડાણમાં બધું એને સમાવેશ આવી જાય છે.

પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરતા. અસ્તિત્વ નામ નથી આવડતું, સત્ નામ નથી આવડતું, ગુણોના નામ, પર્યાયોના નામ નથી આવડતા, પણ અંદરમાં એને બધું એને સ્વભાવની ઓળખાણ આવી જાય છે. ભેદજ્ઞાન કરે છે.

આ તિર્યંચો પામે છે ઘણા. આ શરીર તે હું નથી. આ અંદર જે આ બધા વિકલ્પ ખાવાના ને એ બધા આવે એ વિકલ્પ આ મારું સ્વરૂપ નથી. હું તો અંદર કાંઈક જુદો છું. હું કોઈ આશ્ચર્યકારી તત્ત્વ છું—એમ પોતાને ગ્રહણ કરે છે. પણ એ ગુણ શબ્દ, પર્યાય શબ્દ એ કાંઈ આવડતું નથી. પણ પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે. અસ્તિત્વ એવી રીતે ગ્રહણ કરે છે (કે) અનંત ગંભીરતાવાળું અસ્તિત્વ એ ગ્રહણ કરે છે. એટલે એમાં ગુણ અને પર્યાય બધું સમાવેશ આવી જાય છે.

પ્રશ્ન :- પોતાના અસ્તિત્વનો એને પણ મહિમા તો એટલો જ ઊંડાણથી...

ઉત્તર :- મહિમાથી અસ્તિત્વ ગ્રહણ કરે છે પોતાના જ્ઞાયકને કે આ જ્ઞાયક કોઈ જુદો છે. અનંત-અનંતતાથી ભરેલો છે આ જ્ઞાયક. એમ. અનંત સામર્થ્યથી ભરપૂર, અનંત શક્તિવાળો હું કોઈ પદાર્થ છું. આ વિકલ્પ, આવો બધો તુચ્છ વિકલ્પો એ મારો સ્વભાવ નથી, હું તો કોઈ અનંત સામર્થ્યથી ભરેલો છું. એમાં એને અંદરમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એ બધું સ્વરૂપ અંદર સમાવેશમાં આવી જાય છે. એ બધી એની ન્યાય અને દલીલો અને યુક્તિઓ કાંઈ આવડતી નથી. એને અસ્તિત્વ ગ્રહણ કરે એમાં આવી જાય છે.

હું જ્ઞાયક એટલે ધ્રુવ. એટલે હું કૂટસ્થ, પલટનારો નથી—એવું કાંઈ નથી આવડતું. મહિમાવાળો જ્ઞાયક છું. અને પોતાના અસ્તિત્વને ધરનારો પોતાના સ્વરૂપમાં રહેનારો, બહાર નહિ જનારો એવો મારો સ્વભાવ છે એમ એને ગ્રહણ થઈ જાય છે. અંદર સ્વભાવમાં નામ નથી આવડતા. આને ગ્રહણ કરું આત્માને, એટલે એમાં એને ગ્રહણ કરવો એને નિશ્ચય અને એમાં જ હું સ્થિર રહું તો આ બધું છૂટી જાય એમ છે. એવી રીતે પોતે બધા ભાવોને ગ્રહણ કરી લે છે. નવ તત્ત્વના નામ નથી આવડતા. હું આત્મા છું, આ વિભાવ છે. કોઈ જાતના પરિણામ મારો સ્વભાવ નથી. હું આત્માને ગ્રહણ કરીને પોતે પોતામાં એકાગ્ર થવાનો એવી જાતનો પ્રયત્ન એને થાય છે. એમાં એને બધું સ્વરૂપ આવી જાય છે. પુણ્ય ને પાપ ને જીવ ને અજીવ બધું અંદર એને સમાવેશ આવી જાય છે.

પ્રશ્ન :- આપે અત્યારે કહ્યુંને કે .. મને ખ્યાલ છે, ૧૭-૧૮મી ગાથા ચાલતી હતી 'સમયસાર'ની. ત્યારે 'ગુરુદેવ' એમ કહેતા કે અહીંયાં આ ગાથામાં પહેલા તું

શુદ્ધ આત્માનો અનુભવ કર. અનુભવ એટલે નિર્વિકલ્પ અનુભવ કર એમ કહેવા માગે છે. પહેલામાં પહેલું એમ કે આ કર તું. તો ત્યાં એમ પ્રશ્ન ઉત્પન્ન થતો હતો કે પહેલામાં પહેલો અનુભવ કઈ રીતે? નિર્વિકલ્પ અનુભવ પહેલા કેવી રીતે થાય? એટલે વચમાં આવશે તને પણ કરવાનું આ જ છે તારે.

ઉત્તર :- કરવાનું આ. નિર્વિકલ્પ અનુભવ કરવાનો એ છે. વચ્ચે બધું આવી જાય એ જુદી વાત છે. ઉપદેશમાં એવું હોય છે, ઉપદેશ આપે તો મુનિઓ ઉપદેશ આપે તો મુનિ થવાનો ઉપદેશ આપે છે પહેલા. એમાં મુનિ થવાનું આવે એટલે એમાં સમ્યગ્દર્શનપૂર્વક મુનિ થાય. એમ હોય છે. એટલે એ તો સમ્યગ્દર્શન કર એટલા પૂરતું નથી કહેતા, પણ ઠેઠ પૂરો ઉપદેશ આપે છે. પછી જેની જે યોગ્યતા હોય એ પ્રમાણે કોઈક સમ્યગ્દર્શનથી અટકી જાય અને કેટલાક મુનિ સુધી પહોંચી જાય. એમ. એટલે એમાં વચ્ચે સમ્યગ્દર્શન તો ભેગું આવી જ જાય. બધા કાંઈ મુનિપણું લઈ ન શકે. પણ એમ ઉપદેશમાં એવું અધૂરું ન હોય ઉપદેશમાં. જેની પાત્રતા એવી ઊંચી હોય તો મુનિપણા સુધીનો ઉપદેશ આપે છે. પછી એમાં સમ્યગ્દર્શનની લાયકાત હોય તો સમ્યગ્દર્શન કોઈને થાય અને કોઈ મુનિપણું લે છે. કેમકે નિર્વિકલ્પ અનુભવ કર. એમાં વચ્ચે બધું આવી જાય છે. નિર્વિકલ્પ કર એટલે એનો જે માર્ગ છે એ માર્ગે નિર્વિકલ્પ થાશે. એમ. મુનિપણું એટલે બહારથી મુનિપણું એમ નહિ. તું મુનિની દશા પ્રગટ કર એટલે એમાં સમ્યગ્દર્શનપૂર્વક મુનિપણું એમ કહેવાનું હોય છે.

પ્રશ્ન :- એની વિધિ અને રીત જે રીતે છે એ રીતે સમજવાનું.

ઉત્તર :- એ રીતે સમજવાનું.

પ્રશ્રન :- અદ્ધર અદ્ધરથી મુનિપણું આવી જશે એમ કહેવું નથી.

ઉત્તર :- ના, એમ કહેવું નથી.

પ્રશ્ન :- માતાજી! જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી પણ અજ્ઞાન છે—એમ વચનામૃતમાં આવે છે.

ઉત્તર :- જ્ઞાન સાથે આનંદ નથી તો એ જ્ઞાન નથી, અજ્ઞાન છે. યથાર્થ જેને સમ્યગ્દર્શન થાય અને એની સ્વાનુભૂતિ થાય તો એને જ્ઞાન સાથે આનંદ આવે જ. જો આનંદ નથી આવ્યો તો એ સમ્યક્રૂપે જ્ઞાન પરિણમ્યું નથી. એમ. જ્ઞાન સાથે જો આનંદ નથી અને એકલું લૂખું જ્ઞાન જ છે અને જ્ઞાન સાથે આનંદની પરિણતિ જો પ્રગટ થઈ નથી તો એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે એમ કહે છે. તો યથાર્થ એ સ્વાનુભૂતિ નથી, જો જ્ઞાન સાથે આનંદ નથી તો. એકલું જ્ઞાન જ છે. એટલે

પહેલાની વાત નથી આ તો ઠેઠ સુધીની વાત છે કે જ્ઞાન સાથે જો આનંદ નથી તો એ જ્ઞાન નથી, અજ્ઞાન છે. એ જ્ઞાન છૂટું જ નથી પડ્યું. ભેદજ્ઞાન થઈને જો અંદર સ્વાનુભૂતિ થાય તો એ જ્ઞાનની સાથે આનંદ થયા વગર રહેતો નથી.

જેમ જેમ આસ્રવ નિવૃત્ત થતાં વિજ્ઞાનઘન દશા વધતી જાય છે. જ્ઞાનઘન દશા વધીને આસ્રવ નિવૃત્ત થતો જાય. એમ. એમ જો સ્વાનુભૂતિ પ્રગટ થઈ અને જો જ્ઞાનદશા પ્રગટ થઈ તો એની સાથે આનંદ હોવો જ જોઈએ. આનંદ નથી તો એ જ્ઞાન યથાર્થ નથી. એ જ્ઞાન છૂટું પડીને ન્યારું થઈને એ ભેદજ્ઞાનવાળું જ્ઞાન નથી. એમ કહે છે.

પ્રશ્ન :- સમ્યગ્જ્ઞાન નથી.

ઉત્તર :- સમ્યગ્જ્ઞાન નથી. પછી એ વિચાર કરતો હોય એ જુદી વાત છે પણ એ સમ્યક્રૂપે પરિણમેલું જ્ઞાન નથી.

પ્રશ્ન :- માતાજી! એકલા વિકલ્પથી તત્ત્વ-વિચાર કર્યા કરે તો તે જીવ પણ સમ્યક્ પામતો નથી. અંતરમાં ચૈતન્યસ્વભાવનો મહિમા કરીને એની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે જ સમ્યગ્દર્શન છે.

ઉત્તર :- શું એકલો વિચાર કર્યા કરે?

પ્રશ્ન :- એકલા વિકલ્પથી તત્ત્વ-વિચાર કર્યા કરે.

ઉત્તર :- એકલો તત્ત્વનો વિચાર કર્યા કરે અને ચૈતન્યનો મહિમા કરીને જો અંદર નિર્વિકલ્પ અનુભૂતિ ન થાય તો એકલો વિચારમાત્રથી કાંઈ થાતું નથી. એમ કહે છે. એકલું વિચાર સાધન બને પણ હવે એ આગળ ન જાય અને ચૈતન્યની મહિમા ન આવે તો નિર્વિકલ્પ અનુભૂતિ થાતી નથી. એને માટે પુરુષાર્થ કરે તો થાય. નિર્ણય... માત્ર વિચાર કર્યા કરે, યથાર્થ નિર્ણય કરે નહિ, આગળ જાય નહિ તો એ કાર્ય થાતું નથી એમ કહે છે.

પ્રશ્ન :- કેવળ તત્ત્વનો વિચાર કર્યા કરે અને તત્ત્વના વિચારમાંથી જ તત્ત્વ નિર્ણય ઉપર ન આવે. અથવા નિર્ણય ઉપર આવીને ભેદજ્ઞાન ન કરે...

ઉત્તર :- હા. તો નિર્વિકલ્પ અનુભવ થતો નથી. વિચાર કરે, એનો નિર્ણય કરવો જોઈએ એમાંથી, ભેદજ્ઞાન કરવું જોઈએ અને એની મહિમાપૂર્વક પછી તો નિર્વિકલ્પ અનુભવ થાય.

પ્રશ્ન :- તત્ત્વનો નિર્ણય કરે અને ભેદજ્ઞાન પણ આખો દિવસ જુદાપણું ભેદ અભ્યાસ ન કર્યા કરે તોપણ કાંઈ કાર્ય ન થાય?

ઉત્તર :- તોપણ કાર્ય થાતું નથી. તત્ત્વનો નિર્ણય કર્યો અને ભેદનો અભ્યાસ ન કરે પોતે, પરિણતિ તો હજી એકત્વરૂપે છે, પરિણતિમાં એકત્વતા છે, તત્ત્વનો વિચાર કર્યા કરે, નિર્ણય કરે પણ પરિણતિ એકત્વ છે એને ભેદજ્ઞાનનો અભ્યાસ ન કરે તો નિર્વિકલ્પ અનુભૂતિ થાતી નથી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરે તો નિર્વિકલ્પ અનુભવ થાય. કોઈકને ઝાઝો ટાઈમ લાગે, કોઈને થોડો ટાઈમ લાગે પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા વગર, દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગયા વગર નિર્વિકલ્પ અનુભૂતિ થતી નથી.

પ્રશ્ન :- તત્ત્વના નિર્ણય પછી ભેદ અભ્યાસમાં—આ પુદ્‌ગલનું પરિણમન હોય એ પુદ્‌ગલનું પુદ્‌ગલમાં રહ્યું હું તો આ જુદો રહ્યો, એ જાતનો અભ્યાસ કરે અને એ રીતે છૂટો પડે તો આગળ વધાય?

ઉત્તર :- દેહ જુદો અને હું આત્મા જુદો. અંતરમાં વિકલ્પ આવે એ વિકલ્પથી પણ મારો સ્વભાવ જુદો છે. વિકલ્પ સાથે પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વિકલ્પ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. પણ વિકલ્પથી પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વિકલ્પ હોવા છતાં પણ હું એનાથી જુદો છું. વિકલ્પ સાથે પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વિકલ્પથી ભેદનો અભ્યાસ હોય તો વિકલ્પથી છૂટો પડે. તો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ અનુભૂતિ થવાનો પ્રસંગ આવે. વિકલ્પથી ન્યારો થવાનો અભ્યાસ કરતો નથી તો એ ન્યારો થઈ શકતો નથી.

પ્રશ્ન :- આ તો માતાજી! બહુ સુંદર ચાવી આપે આપી. કોઈ એમ કહે કે ભાઈ! આ વિકલ્પ ઉત્પાદરૂપ છે. એ ઉત્પાદમાં હું ક્યાં આવું? હું તો ધ્રુવરૂપે રહ્યો છું. એમ જુદા પડવાનું એની સાથે પણ અભ્યાસ કર તો આ એક જ એકતા તોડવાનો ઉપાય છે અને એ એક્તા તૂટે તો જ નિર્વિકલ્પતા થાય.

ઉત્તર :- તો જ નિર્વિકલ્પતા થાય. વિકલ્પ ઊભા હોય છતાં પણ એનાથી હું છૂટો છું. વિકલ્પ ઘણા ટાળ્યા કરે એમ તો એ શૂન્યતા જેવું કરે, પણ એની સાથે ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ કરવાનું કહે છે.

પ્રશ્ન :- .. ટાળવાનું અને શૂન્ય થવાનું એવું નથી કરવાનું?

ઉત્તર :- એ નથી કરવાનું.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૬ B

પ્રશ્ન :- 'ગુરુદેવના વચનામૃત'માં છે. ભાઈ! તું પંચમકાળમાં ભરતક્ષેત્ર ને ગરીબ ઘરે જન્મ્યો છે તેથી મારે આજીવિકાનું શું કરવું એમ ન જો. તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો. એમાં 'પૂજ્ય ગુરુદેવશ્રી'નું શું કહેવું છે?

ઉત્તર :- શું કીધું પંચમકાળે?

પ્રશ્ન :- ભાઈ! તું પંચમકાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છે તેથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો. તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો. તો એમાં 'પૂજ્ય ગુરુદેવશ્રી'ને શું કહેવું છે?

ઉત્તર :- ભરતક્ષેત્રમાં જન્મ્યા અને આ પંચમકાળ છે, કાળ દુષમ છે, ક્ષેત્ર આ મળ્યું છે, ભરતક્ષેત્રમાં અત્યારે કાંઈ સાધનો નથી. આજીવિકાના સાધનો નથી, કાંઈ નથી અને ધર્મ કેમ થાય એવું નથી કીધું. તું બધી વખતે સિદ્ધ ભગવાન જેવો જ છો. તું ગમે તે ક્ષેત્રમાં હો, ગમે તે કાળ હો, ગમે તે સાધન ન હોય તારી પાસે, ધન ન હોય તો કાંઈ તું સિદ્ધ ભગવાન જેવો છો તો સદાય સિદ્ધ ભગવાન જેવો છો. જ્યારે ઓળખવો હોય ત્યારે ઓળખી શકાય છે. એને કાંઈ નડતું નથી. એને કાંઈ કાળ નડે કે એને કાંઈ ક્ષેત્ર નડે કે એને કાંઈ ધનસંપત્તિ ન હોય તો ન થાય એવું કાંઈ નથી. ગરીબ હોય તોપણ આત્માને ઓળખી શકે છે.

આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. માટે આત્મા સદાયને માટે ગરીબનો આત્મા કે ધનવાનનો આત્મા બધાયના આત્મા તો સરખા સિદ્ધ ભગવાન જેવા જ છે. બધા એને ઓળખી શકે છે. માટે તું અત્યારે દુષમ કાળ છે, એને બધી મુશ્કેલીઓ છે એ ન થાય એવું કાંઈ નથી. તું પુરુષાર્થ કર. અને આ ક્ષેત્રે કાંઈ થાય જ નહિ એવું છે નહિ. સત્પુરુષો હોય છે, સત્પુરુષોનો સમાગમ કર, એની વાણી સાંભળ. એને શું આશય કહેવો છે? 'ગુરુદેવ' ને શાસ્ત્રોમાં આવે છે. એનો તું વિચાર કર તો પામી શકાય એમ છે.

એટલે કાંઈ બહારના સાધનોની મુશ્કેલી હોય તો ન થઈ શકે એવું કાંઈ નથી. સત્‌ને ઓળખવાનો પ્રયત્ન કર, અંદર જિજ્ઞાસા કર. એટલે આવા સાધનોનું કાંઈ એમાં એવી જરૂર નથી હોતી કે આ ક્ષેત્રની કે કાળની કે આ ધનની, એવું કાંઈ નથી. સાચું સમજાવનારનો યોગ તને ન હોય તો તું જિજ્ઞાસા કર તો એ પણ તારી ભાવના

હશે તો આ ક્ષેત્રમાં ન મળે સાચું સમજાવનાર એવું કાંઈ નથી. જો તારી સાચી ભાવના હશે તો બધું આચાર્યોએ બધું જે કીધું એમાંથી પણ તને મળી આવશે. જો કે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો સમાગમ એ તો કોઈ જુદી વાત છે. અંદર દેશનાલબ્ધિ તો પ્રત્યક્ષ સદ્‌ગુરુથી જ થવાની, પણ એ બધું આ કાળમાં ન મળે એવું કાંઈ નથી. પણ આવા સાધનો કાંઈ રોકશે નહિ તને. આ ક્ષેત્રના કે કાળના કે ધનના કે, એવું કાંઈ નથી.

પ્રશ્ન :- આજીવિકાના ઠેકાણું ન હોય તો એના ધ્યાનમાં જોડાવું પડે વગેરે તો થાય?

ઉત્તર :- એના વિચારો આવે, એમાં રોકાવું પડે એવું કાંઈ નથી હોતું. ઈ કાંઈ રોકતું નથી. એ પોતાને જોઈએ કેટલું? એક પેટ પૂરતું જોઈએ. એટલું મળી રહેતું હોય તો એને લાંબા વિચારોમાં રોકાવું શું કામ પડે? એવી બધી મોટી મોટી વાતું એવી ન કરે. પોતાને આત્માની જિજ્ઞાસા હોય તો બસ, અમુક પૂરતું તો એ મળી રહે, ન મળી રહે, એ કાંઈ રોકતું નથી. એ કાંઈ આત્માને નુકશાન કરતું નથી.

પ્રશ્ન :- પર્યાયનું લક્ષ છોડાવવું છે એમાં?

ઉત્તર :- બહારનું લક્ષ છોડાવે છે 'ગુરુદેવ'. એમ કે તને બહારના નિમિત્તો, બહારના સાધનો ન હોય તો ન થાય એવું નથી. પર્યાયનું લક્ષ છોડ અને બહારનું આ બધી મુશ્કેલીઓ.. શરીર સારું હોય તો થાય કે ધન હોય તો થાય, એવું કાંઈ એમાં નથી નડતું માટે તું કર. પર્યાય ઉપરથી લક્ષ છોડ અને નિમિત્ત ઉપરથી છોડ. તારું ઉપાદાન તૈયાર થાશે તો બધી તને અનુકૂળતા થઈ પડશે.

પ્રશ્ન :- મોટાઓને માટે તો ઠીક છે પણ નાના છોકરાઓ હોય એને તો હજુ આ બધું ધ્યાન.. છોકરાઓ હોય એનું ધ્યાન એમણે તો રાખવું જોઈએને?

ઉત્તર :- જેની તૈયારી હોય એને ધ્યાન રાખવું જોઈએ એવું કાંઈ ફરજિયાત નથી હોતું. એના પોતાના રાગને લઈને રોકાય છે. એનો રાગ જ ત્યાં એને રોકી રાખે છે. એને રાગ આવ્યા વગર રહેતો નથી પછી રાખવું જોઈએ કહે છે. પોતાના રાગને લઈને રોકાય છે. નાના હોય તો ન થાય એવું કાંઈ નથી. બધાય કરી શકે છે. નાના પણ કરી શકે અને મોટા પણ કરી શકે. પ્રવૃત્તિ હોય તોપણ કરી શકે. એટલી નિવૃત્તિ અંતરમાં તેને મળે વિચારનીને એવી તો એ કરી શકે છે. થોડી નિવૃત્તિ મળે તોપણ કરી શકે. પુરુષાર્થ ઉપાડે તો કરી શકે છે. આટલું કરવું જ જોઈએ અને આટલું કરવું જ જોઈએ એવું ફરજિયાત નથી હોતું. એનો રાગ જ ત્યાં રોકી રાખે છે પોતાને. કોઈ કહે કે કરવું? કરવું કે ન કરવું એ પ્રશ્ન જ નથી. એનો રાગ ત્યાં પોતાને (રોકે

છે), કર્યા વગર રહેતો નથી પોતે જ તે.

પ્રશ્ન :- પોતાના કારણે જ રોકાય છે?

ઉત્તર :- પોતાના કારણે જ રોકાય છે.

પ્રશ્ન :- છોકરાઓ નાના હોય તો ચિંતા તો થાયને?

ઉત્તર :- ચિંતા થાય તોપણ એ ચિંતા કાંઈ રોકતી નથી. અંતરના વિચાર પલટવા અને આત્માના વિચારો કરવા એ કાંઈ એ ચિંતા એને રોકતી નથી. ચોવીસે કલાક એને ચિંતા ચાલતી નથી. અંદર વિચાર કરવા હોય તો કરી શકાય છે. એ ચિંતા કર્યે કાંઈ થઈ જાતું નથી. ચિંતા કરે તો થઈ જાય, સરખું થઈ જાય. એ તો બહારનું જેમ થવાનું હોય એમ જ થાય છે. તત્ત્વના વિચાર કરવા હોય એ બધું પોતે સ્વતંત્ર છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'નો બીજો એક બોલ છે કે કોઈ આકરી પ્રતિકૂળતા આવી પડે, કોઈ આકરા કઠોર મર્મછેદક વચન કહે તો શીઘ્ર દેહમાં સ્થિત પરમ આનંદસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું સમતાભાવ કરવો. માતાજી! સમતાભાવ કરવો, દેહનું લક્ષ છોડી દેવું, ધ્યાન કરવું-એ બધું હજુ તો શ્રદ્ધા-જ્ઞાનના ઠેકાણા નથી, તો પછી એ વખતે ક્યાંથી આવી રીતે પરમાત્માનું એકદમ ધ્યાન કરે?

ઉત્તર :- 'ગુરુદેવે' આગળની વાત કરી, પણ એ પ્રમાણે જેની જેટલી શક્તિ હોય એ પ્રમાણે કરવું. આકરા પરિષહો આવે. મુનિઓને આકરા પરિષહો આવે છે. મર્મછેદક વચનો કોઈ કહે, કોઈ નિંદા કરે ત્યારે મુનિઓ એકદમ ધ્યાન કરે છે. આત્માના ધ્યાનમાં એવા ચડી જાય છે. બધું બહારનું ભૂલી જાય છે. કોની નિંદા અને પ્રશંસા અને બધું જેને સરખું છે. આ શરીર પણ મારું નથી અને શરીરમાં જે થાય એ કાંઈ મને કાંઈ લાગતું નથી. એવા આકરા પરિષહો આવે એટલે મુનિઓ એકદમ જ્ઞાયકના ધ્યાનમાં ચડીને શ્રેણી માંડીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. પારસનાથ ભગવાનને બધા ઉપસર્ગો આવતા હતા. આત્માનું ધ્યાન કરતા હતા. પાંડવોને કેવા ઉપસર્ગ પડ્યા હતા, તો એ વખતે આત્માનું ધ્યાન કરતા હતા. એ તો મુનિઓની દશાની વાત છે એકદમ આગળની.

એ પ્રમાણે જિજ્ઞાસુએ, મુમુક્ષુએ પોતે પોતાની હદ હોય એ પ્રમાણે એવા બહારના પ્રસંગો આવે તો એકદમ શાંતિ રાખે. હું તો જ્ઞાયક છું. આત્માનું યથાર્થ ધ્યાન ન થઈ શકે તો હું જ્ઞાયક છું, હું તો આત્મા છું, મને કાંઈ લાગતું નથી. આ શબ્દ તે પુદ્‌ગલ છે. એને (અને) મારે કાંઈ સંબંધ નથી. હું તો જ્ઞાયક છું, એમ એને

શ્રદ્ધા કરે, એવા વિચારો કરે, એવી જાતની એકાગ્રતા કરે. એવું ધ્યાન કરે. એને જો યથાર્થ ન હોય તો પોતે ભાવનારૂપે કરે. આ શરીર હું નથી, આ તો પુદ્ગલ છે. જે થાય એ શરીરમાં થાય છે, મને કાંઈ થાતું નથી. હું તો જ્ઞાયક છું. એવી રીતે ધ્યાન કરે. એવી રીતે ધ્યાન કરે, વિચાર કરે, શ્રદ્ધાનું બળ વધારે (કે) હું તો જુદો જ છું. એ શબ્દ કહેતો નથી કે તું સાંભળ. આવે છે. તું એને સાંભળવા આ કાંઈ જીવ ત્યાં જાતો નથી, પોતે તું તારામાં છો. પોતે વિચારો કરીને અંદર શાંતિ રાખે, સમતાભાવ રાખે.

પ્રશ્ન :- પોતે જે ભૂમિકામાં હોય એ પ્રમાણે કરી શકે?

ઉત્તર :- એ પ્રમાણે પોતે કરી શકાય, એ પ્રમાણે પુરુષાર્થ કરીને સ્થિર થાય અંતરમાં. આકુળતા ન કરે. મુનિરાજો હોય એ આવું ઉગ્ર ધ્યાન કરે છે.

પ્રશ્ન :- મુનિ મહારાજની મુખ્યતાથી વાત કરી છે, બાકી દરેકે પોતપોતાની...

ઉત્તર :- દરેકે પોતપોતાની હદ પ્રમાણે સમજી લેવું. સમ્યગ્દૃષ્ટિ હોય પણ એ એવી રીતે આત્માનું ધ્યાન કરે છે આત્માને ઓળખીને. મુનિની ભૂમિકા જુદી છે. જિજ્ઞાસુએ એ પ્રમાણે કરવું પોતાની ભૂમિકા પ્રમાણે. પણ એનાથી પોતે ન્યારો થઈને વિચાર કરે (કે) આ મારું સ્વરૂપ નથી. આ બધો ઉદય છે, હું એનાથી જુદો છું. કોઈનો દોષ નથી. મારા પોતાના ઉદયને લઈને આવ્યો છે. શાંતિ રાખવી.

પ્રશ્ન :- સ્વરૂપના લક્ષે...

ઉત્તર :- સ્વરૂપના લક્ષે હું જ્ઞાયક છું. મારામાં કાંઈ નથી. મને કોઈ કાંઈ કહેતું નથી. બધા ઉદય છે. મારા આત્મામાં કાંઈ નથી.

પ્રશ્ન :- 'શ્રીમદ્જી'ના એક પત્રમાં વાત છે. 'ખંભાત'ના મુમુક્ષુઓને લખ્યું છે.

ઉત્તર :- કોના મુમુક્ષુ?

પ્રશ્ન :- 'ખંભાત'ના મુમુક્ષુને ઉદ્દેશીને પત્ર લખ્યો છે. મુમુક્ષુને યોગ્યતા વધારવા માટે. સત્પુરુષમાં જ પરમેશ્વરબુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે. પછી તરત લખ્યું છે કે એમ થતાં મુમુક્ષુને સર્વ પ્રાણી પ્રત્યે દાસત્વ મનાય છે.

ઉત્તર :- મુમુક્ષુએ?

પ્રશ્ન :- હા. મુમુક્ષુને જો આમ પરમેશ્વરબુદ્ધિ આવે સત્પુરુષમાં તો એને સર્વ પ્રાણી પ્રત્યે પોતાનું દાસત્વ મનાય છે. આ બે વાતનું અનુસંધાન કેવી રીતે હશે?

ઉત્તર :- સર્વ પ્રાણીઓ પ્રત્યે દાસત્વ કોણ મુમુક્ષુ કરે?

પ્રશ્ન :- મુમુક્ષુને આવી જાય છે. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ આવે તો આ બાજુ

સર્વ પ્રાણી પ્રત્યે એને દાસત્વ આવે છે.

ઉત્તર :- એમ છે (કે) સત્પુરુષ તો સર્વોત્કૃષ્ટ જે માર્ગ બતાવે, જે સાધના કરે ત્યાં તો પરમેશ્વરબુદ્ધિ આવે છે કે એ જ મારે સર્વસ્વ છે. એ તો પરમેશ્વર છે એમ માની લે કોઈ સત્પુરુષને. કારણ કે એ તો મુક્તિ(નો માર્ગ) જે પ્રાપ્ત (કર્યો છે), એને જે માર્ગ-સાધકદશા પ્રગટ કરી છે તે કોઈ જુદી છે અને અપૂર્વ છે અને પોતે અર્પણતા બુદ્ધિ કરે છે એટલે એને એ પરમેશ્વર છે. પણ બીજા જીવો પ્રત્યે મુમુક્ષુને દાસત્વ એટલે મુમુક્ષુને દાસત્વ એટલે એની ગુણગ્રાહી દૃષ્ટિ થઈ જાય છે. કોઈના દોષ જોતા નથી પણ બધાનું દાસત્વ (રાખે છે કે) કોઈ જાતના.. આનાથી હું ઊંચો છું કે આનાથી હું ઊંચો છું એવી દૃષ્ટિ છોડીને એવી રીતે દાસત્વ (આવે છે). એટલા બધા એને નમ્રતાના ભાવ આવી જાય છે.

પ્રશ્ન :- એકદમ આત્માર્થીપણાનું લક્ષણ છે.

ઉત્તર :- આત્માર્થીપણાનું લક્ષણ છે.

પ્રશ્ન :- કેટલી બધી નમ્રતાનો વિષય છે. ૨૫૪ નંબરનો પત્ર છે.

ઉત્તર :- હું કોઈથી ઊંચો છું એ વિચાર છૂટી જાય છે. એ જ્ઞાનમાં જાણે કે પર્યાય શું અને દ્રવ્ય શું એ જ્ઞાનમાં જાણે. બાકી કોઈ મુમુક્ષુ એને બધા ઉપર દાસત્વ આવી જાય છે. એટલી બધી નમ્રતા આવી જાય છે. પોતાનું અહંપણું છૂટી જાય છે.

પ્રશ્ન :- કઠોરતા પણ છૂટી જાય છે.

ઉત્તર :- કઠોરતા છૂટી જાય છે, અહંપણું છૂટી જાય છે. એનો અર્થ એવો નથી કે (ગમે ત્યાં અર્પણતા હોય છે). પરીક્ષાબુદ્ધિ હોય છે કે ગુણ-જ્યાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હોય ત્યાં જ એની અર્પણતા હોય છે. એમાં બધાને એટલે કે બધા જે હોય, સાચું સમજતા ન હોય, જેની વિપરીત બુદ્ધિ હોય, જેના ખોટા આગ્રહો હોય એ બધું નહિ, એવી રીતે એનું દાસત્વ નથી. પણ પોતાનું અભિમાન ક્યાંય ન થાય એવી જાતનું દાસત્વ છે. પોતે ક્યાંય અભિમાનથી વર્તતો નથી એમ. એવી રીતે દાસત્વ છે.

પ્રશ્ન :- પોતાનું માન જરાય ન રહે.

ઉત્તર :- પોતાનું માન નથી રાખતો કે હું મારામાં આ છે અને હું મોટો છું. એ પોતાનું માન છૂટી જાય છે એટલે દાસત્વ છે. પોતા પ્રત્યે કે પોતાનું અહંપણું રાખીને પોતાને નુકશાન થાય એવી જાતનું અહંપણું છૂટી જાય છે. આમ તો કોઈ ખોટા આગ્રહવાળા હોય, કોઈ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એ બધાનો તો વિવેક કરે છે. પણ પોતે

અહંપણું ક્યાંય રાખતો નથી. એનો અર્થ એવો નથી કે બધે નમસ્કાર કરે, એવો અર્થ નથી, પણ પોતાનું અહંપણું છૂટી જાય છે.

પ્રશ્ન :- જ્ઞાનમાં તો વિવેક બરાબર છે.

ઉત્તર :- જ્ઞાનમાં વિવેક છે. મારામાં આ ગુણ તો છેને. એવી જાતનો પોતાનો બચાવ ક્યાંય નથી. મારે હજી ઘણું કરવાનું છે. પર્યાયમાં તો હું પામર છું. દ્રવ્ય અપેક્ષાએ હું સિદ્ધ ભગવાન જેવો છું, પણ પર્યાયમાં તો હું પામર છું. એવી જાતની નમ્રતા અંતરમાં આવી જાય છે એટલે દાસત્વ એનો અર્થ છે. પર્યાયમાં હું પામર છું, મારે ઘણું કરવાનું છે. મેં આ કરી લીધું કે મારામાં આ છે નહિ (એમ એને નથી હોતું), પર્યાયમાં મારી ઘણી અધુરાશ છે, મારે ઘણું કરવાનું છે.

પ્રશ્ન :- વચનામૃતમાં આ ન્યાય તો બહુ ચોખ્ખો આવ્યો છે. પર્યાયે પામર છું અને દ્રવ્યે પરમેશ્વર છું.

ઉત્તર :- દ્રવ્યથી પરમેશ્વર (છું), પર્યાયમાં હું પામર છું.

પ્રશ્ન :- એવા ચોખ્ખા ન્યાયમાં ક્યાંય ભૂલ ન થાય, આમાં તો સમજવું પડે.

ઉત્તર :- અર્થ પોતે સમજવો પડે. દાસત્વ એટલે આમ દાસ થઈ જવું કે નમસ્કાર કરવા એવો અર્થ નથી. પર્યાયમાં હું પામર છું એમ માની લે છે. બીજાના ગુણ-દોષ જોવા કરતાં પોતાના દોષ જોવા એ આત્માર્થીનું લક્ષણ છે. બીજાને તું દોષબુદ્ધિથી જોવા કરતાં તું તારા પોતામાં તું ક્યાં અટક્યો છો અને તારામાં શું ખામી છે એને તું જો. બીજાના દોષમાં તું અટકીશ નહિ.

જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યો પણ પોતે રૂડો થયો નથી એવું 'શ્રીમદ્'માં આવે છે. જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યા પણ તું પોતે અંદર રૂડો થયો છો કે નહિ એ તારે અંતરમાં જોવાનું છે. અંતરમાં તારે પોતાને અંદર ગુણ પ્રગટાવવાના છે. બીજાને ગમે તે લાગે તારે અંતરમાં શુદ્ધિ કરવાની છે. દ્રવ્યને ઓળખીને અંદરથી જિજ્ઞાસા અને લગની લગાવીને આત્મા તરફ તારું વલણ કેટલું થાય છે એની ઉપાદાનની તૈયારી કરવાની છે.

પ્રશ્ન :- થોડી ગૂઢ શૈલી આવી છે એમાં.

ઉત્તર :- અંદરથી ગૂઢતા છે બધી.

પ્રશ્ન :- આપનું તો એવું ચોખ્ખું આવે છે કે કોઈને (પણ) સમજાય જાય. સાધારણ બુદ્ધિ હોય તો સમજાય જાય. આમાં તો ઘણી બુદ્ધિ હોય તોપણ ન કદાચ સમજાય એવો વિષય ગૂઢ છે.

ઉત્તર :- અંદર બધી ગૂઢતા છે. આ 'ગુરુદેવ'ને પ્રતાપે બધું સ્પષ્ટ થઈ ગયું છે. 'ગુરુદેવે' ઘણું સ્પષ્ટ કરી દીધું છે. શાસ્ત્રના રહસ્ય ઉકેલી દીધા છે. 'સમયસાર'માંથી 'ગુરુદેવે' બધા રહસ્યો ખોલી દીધા છે. 'શ્રીમદ્'ના રહસ્યો 'ગુરુદેવે' ખોલ્યા છે. બધા રહસ્યો શાસ્ત્રના અને બધા આત્માના અંદર વસ્તુ સ્વરૂપના રહસ્યો 'ગુરુદેવે' સૂક્ષ્મ-સૂક્ષ્મ કરીને બધા રહસ્યો 'ગુરુદેવે' ખોલી દીધા છે. એટલે બધું ચોખ્ખું થઈ ગયું છે.

પ્રશ્ન :- 'અધમાઅધમ અધિકો પતીત' એમ એ ભાવમાં દાસત્વપણું કહેવા માંગે છે?

ઉત્તર :- 'અધમાઅધમ અધિકો પતીત, સકળ જગતમાં હુંય,..' ઊગે ન આત્મવિચાર. મારામાં જ બધા દોષ છે. બીજા કોઈનો દોષ નથી જોતો. પોતાનો જ દોષ જોઈ રહ્યો છે. બધા જગતની અંદર હું અધમાઅધમ છું. એમ પોતાના દોષ જોનારો આગળ જાય છે એમ કહેવું છે. 'અધમા અધમ અધિકો પતીત...' કાંઈ પોતે થઈ ગયો નથી. પણ ભાવના એવી છે કે તું બીજાના દોષ શું કામ જો છો? મારા હું દોષથી ભરેલો છું. એમ.

બીજા બધા તો દ્રવ્ય અપેક્ષાએ બધા ગુણથી ભરેલા એમ જોવે છે. પોતાને એમ જોવે છે કે મારામાં જ બધા દોષ છે. દ્રવ્ય અપેક્ષાએ જોવે કે સ્વભાવથી મારામાં દોષ નથી, પણ આમ પોતાને પુરુષાર્થ ઉપાડવો છે ત્યારે એમ કહે 'અધમા અધમ અધિકો પતીત, સકલ જગતમાં હુંય...' મારામાં જ દોષ છે અને મારે જ ગુણ પ્રગટાવવાના છે. બીજાના દોષ મારે જોવા નથી. પોતાનો અલ્પ દોષ હોય એને મોટો કરીને પોતે અંદર વિચાર કરે છે અને બીજાના થોડા ગુણને પોતે મોટા કરે છે. મુમુક્ષુને આગળ જનારને આવી રીત હોય છે. એના ગુણ તરફ જોઈને પોતાને આગળ વધવું છે, પણ જ્ઞાન બરાબર કરે છે. પણ પોતે પુરુષાર્થ ઉપાડવા માટે પોતાના દોષ તરફ જોઈ અને આગળ જાય છે. મારે ઘણું કરવાનું છે. દ્રવ્ય અપેક્ષાએ મારામાં શુદ્ધતા ભરી છે, પણ હજી મારે અંતરમાં એ પુરુષાર્થ કરીને બધું પ્રગટ કરવાનું છે.

પ્રશ્ન :- દાસત્વપણું કહ્યું તે પણ કોઈ અપેક્ષાએ કહ્યું છે દાસત્વ.

ઉત્તર :- બધી અપેક્ષાએ નથી કીધું. પોતાના દોષ જોવા એ હિસાબે કીધું છે. બધી અપેક્ષાએ નથી કીધું. એમાંથી એમ થાય 'દીન ભયો પ્રભુ પદ જપે મુક્તિ કહાં સે હોય' એમ નથી.

પ્રશ્ન :- એ અર્થ નથી આમાંથી નીકળતો.

ઉત્તર :- એવું નથી. પર્યાયની અપેક્ષાએ પોતાને આગળ વધવાનું છે.

પ્રશ્ન :- સ્વભાવના ભાનપૂર્વકની વાત છે.

ઉત્તર :- હા. સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખ, ધ્યેય રાખ પછી પર્યાયમાં શું ખામી છે એ જો.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૬ C

પ્રશ્ન :- ... સહજ શું છે એ તો સમજમાં આવે. વિકલ્પ સહજ છે એ કંઈ ખબર પડતી નથી. એ કઈ રીતનું છે?

ઉત્તર :- વિકલ્પ સહજ છે એટલે પોતે એનો કર્તા નથી. બાકી પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. એ તો અપેક્ષાએ કીધું છે.

પ્રશ્ન :- એમાં સહજ કેમ?

ઉત્તર :- એ અપેક્ષાએ સહજ છે. પોતે જે વિભાવ જે થાય છે તેનો કર્તા પોતે નથી, હું જ્ઞાયક છું એ અપેક્ષાએ એને સહજ કીધું. બાકી પુરુષાર્થની મંદતાએ થાય છે. પોતે સ્વરૂપ તરફ ઢળી, વળી જાય તો વિકલ્પ છૂટી જાય એમ છે. એમાં બે અપેક્ષા રહેલી છે. એકલું સહજ છે કે જે થવાનું હોય એમ થાય છે એવું એકાંત લેવાથી તો નુકશાનનું કારણ થાય છે કે વિકલ્પ સહજ છે, થવાનું હોય એમ થયું. પોતે કાંઈ કરી શકતો નથી અને પુરુષાર્થ કરે તોપણ છૂટે નહિ એવો એનો અર્થ નથી. એ પોતાનો સ્વભાવ નથી. એટલે કે પોતે એનો કર્તા નથી. વસ્તુ દ્રવ્ય અપેક્ષાએ એનો કર્તા નથી. માટે એને સહજ કીધું. બાકી પોતાના પુરુષાર્થની મંદતાએ (થાય છે). બીજી અપેક્ષા એ લેવાની કે પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે અને પોતે સ્વભાવ તરફ વળે અને જ્ઞાયક થાય તો એ છૂટી જાય એમ છે. એમાં બે અપેક્ષા લેવાની.

એકલી એક અપેક્ષા લેવાથી નુકશાન થાય એમ છે. વિભાવ જેમ થવાનો હોય એમ થાય છે. એકલી એકાંત અપેક્ષાથી તો નુકશાન થાય, પછી શુષ્કતા જેવું થઈ જાય એમાં કે જે થવાનું હોય એ થાય છે. આપણે કાંઈ કરી શકતા નથી તો વિકલ્પ છૂટવાનો હોય ત્યારે છૂટશે. એવું નથી. પોતે અંદર પોતાના પુરુષાર્થની મંદતાએ થાય

છે, પોતે એમાં રોકાયેલો છે. પોતાની પરિણતિની મંદતા છે માટે એ થાય છે.

પ્રશ્ન :- બીજો પ્રશ્ન છે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવા પહેલા પ્રમાણજ્ઞાનથી પુરુષાર્થ ઉપાડીએ કે ધ્રુવ જ્ઞાયકના જોરથી પુરુષાર્થ ઉપાડીએ? બેમાં કઈ રીતે?

ઉત્તર :- બેય ભેગું આવે છે. હું જ્ઞાયક છું, ધ્રુવ છું અને પર્યાયમાં અધુરાશ છે. તો એ બે ભેગું પ્રમાણ (થયું). દ્રવ્ય અપેક્ષાએ અને પ્રમાણ અપેક્ષાએ, એક નિશ્ચય અપેક્ષા અને પ્રમાણ અપેક્ષા બેય ભેગું આવે છે. બે રીતે પુરુષાર્થ ઉપડે છે. એટલે એમાં મુખ્યતા (એમ હોય છે) કે દ્રવ્ય સ્વભાવે આત્મા શુદ્ધ છે અને પ્રમાણમાં શુદ્ધ પણ છે અને પર્યાયમાં અશુદ્ધતા છે-બેયનું જ્ઞાન સાથે રહે છે. એ બેય સાથે રહે છે. કઈ રીતે ઉપાડવું એમ નહિ, બેય સાથે જ રહે છે. એમાં પરિણતિમાં ભલે એમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ રહે તોપણ જ્ઞાન સાથે જ રહે છે. બેય સાથે જ રહે છે.

પ્રશ્ન :- જેન જે રીતનું જોર લાગતું હોય એ રીતનું.

ઉત્તર :- જોર દ્રવ્ય ઉપર જાય છે, પણ જ્ઞાન સાથે રહે છે. એકલું દ્રવ્ય ઉપર જોર જાય અને પછી કાંઈ છે જ નહિ એમ માને તો એ દ્રવ્ય ઉપરનું જોર પણ ખોટું થાય છે. દ્રવ્ય ઉપર જોર રાખે અને પછી તો કાંઈ પર્યાયમાં પણ નથી અને કાંઈ નથી એમ જો રાખે તો એનું જોર ખોટું થાય છે. બેય સાથે જ રહે છે. તો જ એને દ્રવ્યદૃષ્ટિ સમ્યક્ છે. નહિતર જો જ્ઞાન સાથે સમ્યક્ ન હોય તો એની દૃષ્ટિ સમ્યક્ નથી. ભલે જોર મુખ્ય રહે દ્રવ્ય ઉપરનું તોય જ્ઞાન તો સાથે જ રહે છે. એટલે પ્રમાણજ્ઞાન કાંઈ કામનું નથી એવો એનો અર્થ નથી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક પ્રમાણજ્ઞાન સાથે જ રહે છે.

પ્રશ્ન :- પ્રમાણજ્ઞાન સાથે રહે છે એ પાછું કામનું કેવી રીતે આપણે કરવું? જેમ કહ્યું કે દ્રવ્યદૃષ્ટિ ઉપરનું જોર જેમ કામનું છે, એમ સાથે સહેલું પ્રમાણજ્ઞાન પણ કામનું છે તો એ કઈ રીતે?

ઉત્તર :- એ કામનું છે કે દ્રવ્યદૃષ્ટિ ઉપરનું જોર (રહે) કે દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે ત્યાં જોર આવ્યું પણ હજી પર્યાયમાં અશુદ્ધતા છે. એ જ્ઞાનમાં ખ્યાલ છે. જ્ઞાનને બેય ખ્યાલ છે. શુદ્ધતાનો ખ્યાલ છે, અશુદ્ધતાનો ખ્યાલ છે. એમાં પુરુષાર્થ ઉપડે છે. એ પણ કામનું છે.

પ્રશ્ન :- એટલે અશુદ્ધતા ટાળવી છે એવું પણ એને...

ઉત્તર :- અશુદ્ધતા ટાળવી છે અને શુદ્ધ પર્યાય પ્રગટ કરવાને માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર છે અને શુદ્ધતા હજી પ્રગટ કરવાની (છે), હજી પર્યાયમાં અશુદ્ધતા છે.

શુદ્ધ પર્યાય પ્રગટ કરવી છે. એમ પ્રમાણજ્ઞાન પણ કામનું છે. બેયથી પુરુષાર્થ ઉપડે છે. દ્રવ્યદૃષ્ટિના જોરથી અને પ્રમાણજ્ઞાનથી—બેયથી પુરુષાર્થ ઉપડે છે. એક હોય, બેમાંથી એક હોય તો બેય ખોટું થાય છે. એ જ્ઞાન પણ ખોટું થાય છે અને દૃષ્ટિ ખોટી થાય છે—બેય ખોટું થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ ન હોય અને જ્ઞાનથી વિચાર કર્યો તે સમ્યક્ થાતું નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિનું જોર છે પણ જ્ઞાન કામ ન કરે, એકાંત દ્રવ્ય ઉપર જોર થયું અને પર્યાયનો કાંઈ ખ્યાલ નથી તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ખોટી થાય છે. મુક્તિના માર્ગમાં બેય કામ કરે છે. એમાં મુખ્યતા ભલે દ્રવ્યદૃષ્ટિના જોરની હોય પણ પ્રમાણજ્ઞાન સાથે હોય છે. સાથે ને સાથે કામ કરે છે.

પ્રશ્ન :- પ્રમાણજ્ઞાન સાથે ન રાખીએ તો નિશ્ચયાભાસી થવાય?

ઉત્તર :- હા, નિશ્ચયાભાસી થવાનો અવકાશ છે અથવા એની દ્રવ્યદૃષ્ટિ જ ખોટી છે.

પ્રશ્ન :- અનેકાંતની શૈલી જ એવી છે કે બંને પાસામાંથી એને સ્વરૂપ તરફ જ જવાની પ્રેરણા આપે.

ઉત્તર :- અનેકાંતનું સ્વરૂપ જ એવું છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ હું શુદ્ધ છું એમ એકાંત આવ્યું પણ જ્ઞાન સાથે રહે. સમ્યક્ એકાંત કહે અને સાથે અનેકાંત રહેલું છે તો એ એકાંત સાચું થાય છે.

પ્રશ્ન :- સમ્યગ્દર્શનમાં માતાજી! ક્ષણિક ક્ષણભંગુરતા અથવા પ્રતિકૂળતા અથવા દેહનું નાશપણું છે એ રીતનો વૈરાગ્ય લેવા જાય અને એક આત્માના સ્વભાવનો વિશેષ બહુમાન લાવે. આમાં બે કઈ રીતે વિશેષ કાર્યકારી છે આત્મા પ્રાપ્ત કરવા માટે?

ઉત્તર :- શું વૈરાગ્ય લેવા માટે આ ક્ષણિક છે બધું?

પ્રશ્ન :- દેહ નાશ પામે છે.

ઉત્તર :- એ બધું સાથે જ હોય છે. વૈરાગ્ય આવે એને વૈરાગ્યમાં એમ પણ આવે કે આ શરીર, આ દેહ જન્મ-મરણ છે, આ શાશ્વત નથી. વૈરાગ્ય એમ પણ આવે. વૈરાગ્ય આત્મા મહિમાવંત છે. આ બધું દુઃખરૂપ છે, આ બધી આકુળતારૂપ છે. વૈરાગ્ય અનેક પ્રકારથી આવે. વૈરાગ્ય આવે એમાં આત્માને ઓળખવાનું ધ્યેય હોવું જોઈએ કે આત્મા મારો શાશ્વત છે. આ ક્ષણભંગુર છે પણ આત્મા શાશ્વત છે. એમ અસ્તિત્વ તરફ પોતાનું જોર આવવું જોઈએ. આ શાશ્વત નથી તો શાશ્વત શું છે? શાશ્વત કોઈ વસ્તુ છે. તો શાશ્વત મારો આત્મા છે. એ આત્માના શાશ્વતના

ધ્યેયપૂર્વક આ ક્ષણભંગુર છે. એમ વૈરાગ્ય આવે.

પ્રશ્ન :- મુખ્યતા આત્માના સ્વભાવની?

ઉત્તર :- આત્માના સ્વભાવની હોવી જોઈએ. એકલી ક્ષણભંગુરતાનો વૈરાગ્ય આવે અને આત્મા શાશ્વત છે એ તરફનું ધ્યેય ન હોય તો માત્ર વૈરાગ્ય પૂરતું થાય. પણ આત્મા શાશ્વત છે એ જાતનું ધ્યેય હોવું જોઈએ. આત્મા શાશ્વત છે અને આ ક્ષણિક છે બધું માટે આત્મા શાશ્વત છે એને જ ગ્રહણ કરવો. આ કાંઈ ગ્રહણ કરવા જેવું નથી. આ તો પરદ્રવ્ય છે. ફેરફાર થાય છે. માટે મારો આત્મા એકસરખો શાશ્વત રહેનારો છે. એને ગ્રહણ કરવું. એમ. પોતાના તરફનું અસ્તિત્વનું ગ્રહણ, એ તરફનું જોર, એ તરફનું ધ્યેય એ આવવું જોઈએ અંદરથી.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૭ A

પ્રશ્ન :- ....

ઉત્તર :- કષાય અને જ્ઞાનની ભિન્નતા સ્વભાવ ઓળખીને થાય. કષાયનો સ્વભાવ જુદો છે અને જ્ઞાનનો સ્વભાવ જુદો છે. જ્ઞાયક જાણનાર છે અને કષાય છે તે આકુળતારૂપ છે. એ દુઃખરૂપ છે, એ ક્લેશરૂપ છે, કષાય છે તે શાંતિરૂપ નથી, અશાંતિરૂપ છે. અને આત્મા—જ્ઞાન છે તે શાંતિરૂપ છે, નિરાકુળરૂપ છે અને જાણનાર છે. બેયના લક્ષણથી જુદું પડાય છે.

આત્મા જાણનારો જ્ઞાયક છે અને આ અશાંતિ અને ક્લેશરૂપ છે. બેયના સ્વભાવો જુદા છે માટે આ જે જ્ઞાનલક્ષણ તે હું છું અને આ કષાયો તે હું નથી. તે મારો સ્વભાવ નથી. માટે જ્ઞાયકને ગ્રહણ કરવો અને કષાયથી જુદું પડવું. પછી એનું ભેદજ્ઞાન કરીને જ્ઞાયકને ગ્રહણ (કરવો), એના ઉપર દૃષ્ટિ કરી, એનું જ્ઞાન કરી એનાથી કષાયથી જુદું પડવાનો પ્રયત્ન કરે, ન્યારો થવાનો પ્રયત્ન કરે વારંવાર. પણ એ જ્ઞાનની મહિમા આવે તો થાય. કષાયથી પાછો વળે. જ્ઞાનની મહિમા આવે, જ્ઞાયકની મહિમા આવે, જ્ઞાનસ્વભાવને ઓળખે તો એનું ભેદજ્ઞાન થાય, ઓળખ્યા વગર થઈ શકતું નથી.

પ્રશ્ન :- આમ તો બંને વિચારતા તો બધું એકમેક હોય. અવારનવાર થાય એમ લાગે. જ્ઞાન સાથે ને કષાયનું...

ઉત્તર :- એકમેક લાગે પણ એના સ્વભાવ જુદા છે. અનાદિની એકત્વબુદ્ધિ છે એટલે એક લાગે છે, પણ એના સ્વભાવ જુદા છે, જ્ઞાન જાણનાર છે અને કષાય દુઃખરૂપ છે. કષાય કાંઈ જાણતું નથી. કષાયને જ્ઞાન નથી. કષાય થયો એમ જાણનારો જુદો છે. આકુળતા થઈ, કષાય થયો, રાગ થયો, દ્વેષ થયો, વિકલ્પ થયા એનો જાણનારો જુદો છે. વિકલ્પ વિકલ્પને જાણતો નથી, રાગ રાગને જાણતો નથી. પણ એનો જાણનારો છે એ તે જુદું તત્ત્વ છે. જાણનારો જુદો છે અને કષાયભાવો થાય એ જુદો, એનો સ્વભાવ જ જુદો છે. એનું ભેદજ્ઞાન કરે, એનો સ્વભાવ ઓળખે તો ઓળખી શકાય છે. એને ઓળખી અને અંદર જુદો પડે, એનાથી ન્યારો થાય. એનો રસ છૂટી જાય કષાયોનો તો થાય એવું છે.

પ્રશ્ન :- માતાજી! કષાયને પહેલા જુદા જાણે. પહેલાં જ્ઞાયક આત્માથી કષાય ભિન્ન છે એમ જાણે અને પછી જ્ઞાયકને ગ્રહણ કરીને જુદો પાડે. તો પહેલા જુદું જાણ્યું હતું અને પછી જુદું પડવું—એ બેમાં અંતર છે.

ઉત્તર :- જે જાણ્યું હતું અને જુદું પડવું એ બે પ્રયત્નથી થાય છે. એ જ્ઞાનને જાણવું અને એક અભેદમાં લઈ લ્યો તો બેય એક થાય છે. પણ જાણવું અને જુદું પડવું એ જુદું થાય છે. એક જ્ઞાયકમાં જ બે છે. જ્ઞાયકને જાણવું અને જ્ઞાયકને જુદું પડવું. જાણવું એટલે જુદું પડી જાય છે. પણ જુદું પડવું એ માત્ર વિકલ્પથી જાણે છે, વિકલ્પથી જાણે છે એ જુદું નથી પડતું. પણ યથાર્થ જાણે તો જુદો પડે છે. વિકલ્પથી જાણ્યું માત્ર પણ જુદો તો પડ્યો નથી. એકત્વબુદ્ધિ છે. યથાર્થ જાણે તો જુદો પડી જાય છે.

પ્રશ્ન :- પણ આ પહેલા એક શરત મૂકશો કે પહેલા વિકલ્પથી પણ જુદો ન જાણે તો તો એને જ્ઞાયકનો અનુભવ થાય જ નહિ.

ઉત્તર :- વિકલ્પથી જુદો ન જાણે તો જ્ઞાયકનો અનુભવ થાતો નથી.

પ્રશ્ન :- પહેલા આપને એમ કહેવું છે કે જુદો તો વિકલ્પથી પડે અને જુદો તો પાડવો જોઈએ. કેમકે એનું સ્વરૂપ જુદું છે અને મારું સ્વરૂપ જુદું છે. આવું જુદું પાડ્યું અને પછી પાછો જ્ઞાયકને ગ્રહણ કરીને એને જુદા જાણ્યા ત્યારે ખરેખર જુદો જાણ્યો એમાં ફેર.

ઉત્તર :- ઓલું એણે જાણ્યું કે હું જુદો અને વિકલ્પ જુદા. પણ એ જુદું જાણ્યું, નિશ્ચય તો કર્યો પણ જુદા રૂપે પોતે પરિણમતો નથી. માટે જુદા રૂપે પરિણમવાનું બાકી રહી જાય છે. નિશ્ચય કર્યો પણ નિશ્ચય કરીને તે પ્રમાણે કાર્ય કરવું જોઈએ.

પ્રશ્ન :- શ્રદ્ધા કરવા માટે પુરુષાર્થ એનો જુદો કરવો પડે છે? માતાજી!

ઉત્તર :- શ્રદ્ધા તો કરી પણ શ્રદ્ધાનું કાર્ય પછી આવવું જોઈએને? શ્રદ્ધા કરી. વિકલ્પથી શ્રદ્ધા તો કરી પણ પછી એનો ન્યારો કરવાનો પ્રયત્ન કરે. એમ. બેય કાર્ય એકમાં થાય છે. જ્ઞાયકને ગ્રહણ કરવામાં બેય કાર્ય થાય છે. પ્રજ્ઞાથી જુદો કર્યો અને પ્રજ્ઞાથી ગ્રહણ કર્યો, બધું પ્રજ્ઞાથી કર્યું. પણ ઓલું જે જાણે છે માત્ર વિકલ્પથી જાણ્યું છે એટલે એમાં જુદો ભેગો પડતો નથી, પણ જ્ઞાયક હું જુદો છું એમ પોતે જ્ઞાયકને જ્ઞાયકથી જાણે, તો જાણે અને જુદો પડે બેય એમાં થઈ જાય છે. પણ માત્ર શરૂઆતની જિજ્ઞાસાની ભૂમિકામાં વિકલ્પથી શ્રદ્ધા કરી, પણ ભેદજ્ઞાન કરીને જુદું પડવાનું બાકી રહી જાય છે. પ્રજ્ઞાછીણી આવે છે. એ પ્રજ્ઞાછીણી કેવી? કે યથાર્થ પ્રજ્ઞાછીણી. કે જે પ્રજ્ઞાથી જાણ્યું અને જુદું પડી જાય છે. પ્રજ્ઞાથી જાણ્યું અને એને વિચ્છેદ—ભાગ પડી જાય છે.

પ્રશ્ન :- એવો જ એક પ્રશ્ન એમ પણ થાય કે તત્ત્વનો વિચારપૂર્વક કરેલો નિર્ણય. આપણે એને વિચારપૂર્વક નિર્ણય કર્યો છે એણે કે મારું સુખ મારામાં છે અને એ રીતે હું જ્ઞાયક જ છું અને બીજું બધું મારાથી ભિન્ન છે. હવે નિર્ણય કર્યો છતાં આપણે કહીએ કે એકત્વપણું તો ત્યાં છે. અસ્થિરતાનો રાગ ત્યાં નહિ લઈએ. (કેમકે) જ્યાં સુધી નિર્વિકલ્પ પ્રતીતિ ન આવે ત્યાં સુધી જો એકત્વપણું પણ એમ કે બાકી હજુ રહ્યું છે. તો પછી નિર્ણયને નિર્ણય કઈ રીતે કહેવો?

ઉત્તર :- એકત્વબુદ્ધિ રહી છે. યથાર્થ નિર્ણય તો એ જુદો પડે ત્યારે જ કહેવાય છે. જુદો પડે ત્યારે જ એની પ્રતીતિ યથાર્થ અને બધું યથાર્થ. ત્યાર પહેલા એને પુરુષાર્થ કાંઈક કરવાનો રહે છે એટલે વિકલ્પથી તો શ્રદ્ધા કર. એમ. પહેલાથી કાંઈ જુદો પડેલો તો હોતો નથી. માટે જુદા પડવા માટે પ્રયાસ કરવો કે પહેલા તું તત્ત્વના વિચાર કર, નિશ્ચય કર, નિર્ણય કર. એમ. એટલે એ વિકલ્પને માત્ર નિર્ણય કર્યો પણ એ નિર્ણયને યથાર્થ નામ તો જ્યારે સમ્યક્ પરિણતિ થાય ત્યારે જ એને યથાર્થ નામ અપાય છે. ત્યાં સુધી વ્યવહાર કહેવામાં આવે છે.

પ્રશ્ન :- એક જીવ શરૂઆતમાં વિકલ્પપૂર્વક નિર્ણય નથી કરતો ત્યાં સુધી પણ એને અવકાશ નથી. અને એ નિર્ણય કરે એ ખરેખર સાચો નિર્ણય તો નથી જ. નહિતર તો એકત્વપણું હોય નહિ.

ઉત્તર :- સાચો એટલે એને પરિણતિરૂપ નિર્ણય નથી. એમ.

પ્રશ્ન :- આમ વિચારપૂર્વક કરેલો સાચો નિર્ણય છે.

ઉત્તર :- પણ પરિણતિરૂપે નથી માટે એને સમ્યક્ નામ આપી શકાતું નથી. એ કારણ એવું પ્રગટ કરે કે ત્યાં અવશ્ય કાર્ય આવે જ. એવું કારણ પ્રગટ કરે. વિકલ્પપૂર્વક નિર્ણય કરે (પણ) એવું કારણ પ્રગટ કર કે જેની પાછળ કાર્ય આવે.

પ્રશ્ન :- હવે એક બીજો પ્રશ્ન છે. 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં ૧૫૬મો બોલ છે અને ૧૫૭મો બોલ છે. એમાં ૧૫૭માં બોલમાં 'ગુરુદેવશ્રી' એમ કહે છે કે તત્ત્વવિચારના અભ્યાસથી જીવ સમ્યગ્દર્શન પામે છે અને ૧૫૬મા બોલમાં એમ આવે છે કે વિકલ્પથી તત્ત્વ વિચાર કર્યા કરે તે જીવ પણ સમ્યક્ત્વ પામતો નથી. તો બેમાં શું ફેર કહેવા માંગે છે?

ઉત્તર :- વિકલ્પથી તત્ત્વ વિચાર કર્યા કરે એમ આવ્યુંને?

પ્રશ્ન :- હા. બીજામાં એમ આવ્યું કે વિકલ્પથી તત્ત્વ વિચાર કર્યા કરે તો કાંઈ સમ્યગ્દર્શન પમાતું નથી. અને નીચેના બોલમાં એમ લીધું કે તત્ત્વ વિચાર એ જ ખરેખર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો ઉપાય છે. બીજું વ્રત, તપ, શાસ્ત્ર અભ્યાસ એ કોઈ ખરેખર કારણ નથી.

ઉત્તર :- તત્ત્વ વિચાર એ મુખ્ય સાધન છે. પણ એ તત્ત્વ વિચાર એવી જાતના હોવા જોઈએ કે એની પાછળ અવશ્ય કાર્ય આવે. એવું કારણ તત્ત્વ વિચારનું એવું કારણ તું પ્રગટ કર કે એની પાછળ કાર્ય અવશ્ય આવે. વિકલ્પથી તત્ત્વ વિચાર કર્યા કરે પણ એ તું વિચાર કરવા ખાતર કરવાનું છે, એની પાછળ શું કરવાનું છે, એની કાંઈ અંદર એવી જિજ્ઞાસા અને ભાવના વગર વિચાર કર્યા કર માત્ર વિકલ્પથી તો એમ કાર્ય આવતું નથી. એમ. એવી રીતે યથાર્થ કારણ તું પ્રગટાવતો નથી. એની પાછળ કાર્ય આવવું જોઈએ તો એ કારણ થાય. તત્ત્વ વિચાર કારણ છે, પણ એ યથાર્થ રીતે તત્ત્વ વિચારમાં તારો હેતુ કાર્ય પ્રગટાવવાનો હોવો જોઈએ. વિચારમાત્ર કર્યા કરે વિકલ્પથીવિચાર કર્યા કરે તત્ત્વના પણ એમાં કાંઈ એનું પ્રયોજન જો નથી, પ્રયોજન એને ખ્યાલમાં નથી તો વિકલ્પથી કાંઈ એમ સિદ્ધિ ન થાય. એમ. ત્યાં ને ત્યાં અટકી જાય છે.

પ્રશ્ન :- પણ માતાજી! પ્રયોજન ખ્યાલમાં નથી એમ કેમ કહીએ? પ્રયોજન વિના તત્ત્વ વિચાર શા માટે કરે?

ઉત્તર :- વસ્તુસ્વરૂપ શું છે એમ વિચાર કરે, પણ અંતરમાં મારે આ કરવાનું છે અને મારે આગળ જવાનું છે એમ વિચારમાત્ર કરીને સંતોષ માની લીધો એમાં. એમ. ક્યાંક ક્યાંક ભૂલ પડતી હોય. તત્ત્વ વિચારમાં પણ ભૂલ પડતી હોય. એમ તત્ત્વ

વિચાર તો કહેવાય પણ એના તત્ત્વ વિચારમાં ભૂલ પડતી હોય, આગળ જવાનું ધ્યેય ખાસ એવું હોય નહિ. માત્ર ઉપર ઉપર હોય, તત્ત્વ વિચારમાં કાંઈક ભૂલ પડતી હોય એવું બધું કાંઈક કારણો હોય. એટલે યથાર્થ કારણ ન હોય એટલે વિકલ્પથી તત્ત્વ વિચાર કર્યા કરે તો આગળ ન જઈ શકે.

પ્રશ્ન :- ૧૫૬મા બોલમાં આગળ લીધું છે કે તત્ત્વ નિર્ણયમાં કોઈ ભૂલ હોય એ જીવ તો સમ્યગ્દર્શન પામી શકતો નથી. તત્ત્વ નિર્ણયની ભૂલમાં આપણે એમ લઈએ કે દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુનું યથાસ્વરૂપ ખ્યાલમાં લીધા વિના જે કોઈ જીવ હું જ્ઞાયક છું માત્ર એમ કહ્યા કરે છે એને તત્ત્વ નિર્ણય યથાર્થ નથી. બાકી બીજી તો ભૂલ એમાં શું રહી શકે?

ઉત્તર :- એ એકાંત થઈ જાય છે ઈ. દ્રવ્ય અને દ્રવ્યની મુખ્યતા, પર્યાયનો નિષેધ કરે. કાં કોઈ પર્યાયમાં અટકે કાં કોઈ દ્રવ્ય માત્ર એકાંત-એકાંત બુદ્ધિમાં અટકતો હોય છે. કોઈ જે આગ્રહ થઈ ગયો હોય એ છોડે નહિ. અમુક અમુક જે પોતાને તત્ત્વ અમુક પ્રકારે બેસતું હોય એ. એમાં કાંઈ કાંઈ અટકતો હોય. જીવના પરિણામમાં ક્યાંક ક્યાંક અટકે.

પ્રશ્ન :- માતાજી! એમાં તો આપને એમ કહેવું છેને કે નિર્ણયની સાથે જ જ્ઞાનમાં આવું બંને પડખાનું જ્ઞાન યથાર્થ હોવું જોઈએ. એ જ્ઞાનમાં કોઈ નિષેધ આવવો એટલે કે જ્ઞાન તો જેમ છે એમ જાણે અને એ પૂર્વકનો તત્ત્વનો નિર્ણય હોય તો એ નિર્ણય સાચો. હવે એક વખત, યથાર્થ દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણ્યું હોય પછી પાછો હું જ્ઞાયક જ છું એવું જોર આપે. એની સાથે જ્ઞાન તો રહે છે જ કે વસ્તુ દ્રવ્ય-પર્યાયરૂપ છે અને હું પણ દ્રવ્ય-પર્યાયરૂપ છું. અને જે કાંઈ પર્યાય થાય છે એમાં અશુદ્ધતા થાય છે એ પણ મારું જ કારણ છે, કોઈ પર કરાવતું નથી. આ બધું ખ્યાલમાં છે પણ એને ગૌણ કરીને સ્વભાવને મુખ્ય કરે છે કે સ્વભાવ અપેક્ષાએ તો હું જ્ઞાયક જ છું, આ કોઈ હું નથી.

ઉત્તર :- સ્વભાવ અપેક્ષાએ હું જ્ઞાયક જ છું. અને ઓલું જ્ઞાનમાં છે તો નિર્ણયમાં તો એને ભૂલ નથી પણ હજી પરિણતિ કામ કરે ત્યારે આગળ જાય છે. મુખ્ય કરે તો એમાં કાંઈ એની ભૂલ નથી આવતી. મુખ્ય-ગૌણ કરે એમાં એની ભૂલ નથી આવતી.

પ્રશ્ન :- કારણ આપવા છતાં કાર્ય પ્રગટ થતું નથી. એ વખતે એમ રહ્યા કરે છે કે કેમ પ્રગટ થતું નથી? વિચારપૂર્વક નિર્ણય કર્યો છે કે બધા પદાર્થોનું પરદ્રવ્યનું,

રાગનું, એક સમયની પર્યાયનું બધાનું જ્ઞાન કરીને આ એક જ જ્ઞાયક જ સુખરૂપ છે, એમાંથી જ બધું આવવાનું છે. એ બધો નિર્ણય વિચારપૂર્વક કર્યો છે છતાં જો વાસ્તવિક નિર્ણય જેને નિર્વિકલ્પ કહીએ એમાં ક્યાં કચાશ રહી જાય છે?

ઉત્તર :- એમાં એની પુરુષાર્થની કચાશ રહી જાય છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૭ B

...ઐસા તત્ત્વ કોઈ જગત મેં નહીં હૈ ઐસા અનુપમ તત્ત્વ આત્મા હૈ. યહ તો જડ હૈ, શરીર તો કુછ જાનતા નહીં હૈ. જાનનેવાલા તત્ત્વ તો કોઈ અનુપમ હૈ. ઉસકો લગની લગે. વિભાવ પરિણામ સંકલ્પ, વિકલ્પ, રાગ-દ્વેષ ઉસકા રસ છૂટ જાયે, વહ નિરસ લગે ઔર આત્મા કા રસ લગે તો પહચાનમેં આયે. ઐસા વિચાર કરે, વાંચન કરે, ભીતરમેં લગની લગાવે તો પહચાનને મેં આતા હૈ.

બારંબાર ઉસકા રટન કરના, બારંબાર ઉસકી લગની લગાના તો હો સકતા હૈ. નહીં હોવે તબ ગુરુ ક્યા કહતે હૈં? ભગવાન ક્યા કહતે હૈં? શાસ્ત્રમેં ક્યા આતા હૈ ઈસકા વિચાર કરના. વહ શુભભાવ હૈ. ભીતરમેં આત્માકો પહચાનના ઐસા ધ્યેય હોના ચાહિયે. નહીં હો સકતા હૈ તબ ગુરુ ક્યા કહતે હૈં? ભગવાન ક્યા કહતે હૈં? શાસ્ત્ર મેં ક્યા આતા હૈ? સબકો વિચાર કરકે નિર્ણય કરના કિ આત્મા તો કોઈ અનુપમ હૈ. વહ જાનનેવાલા ભીતર મેં હૈ વહ આત્મા હૈ. વહ સબકુછ જાનતા હૈ. વહ ભ્રાંતિમેં ભૂલમેં પડા હૈ ઈસલિયે વહ પહચાનતા નહીં હૈ. ગયા કાલ ગયા વહ સબ બચપન સે ઐસા હુઆ, સબ જાનનેવાલા ભીતરમેં હૈ. રાગ-દ્વેષ ઈસકા સ્વભાવ નહીં. સ્વભાવ ઈસકા જાનનેવાલા હૈ, આનંદમય હૈ. સબ આત્મા મેં હૈ. ઉસકી શ્રદ્ધા કરે, પ્રતીત કરે, ઉસમેં લીનતા કરે, શરીરસે, વિકલ્પસે સબસે ભેદજ્ઞાન કરે તો પહચાનને મેં આતા હૈ.

પ્રશ્ન :- બહુત ટાઈમ બીત ગયા, અબ બડી ઉમ્ર હો ગઈ હૈ, અબ જાકે યે રાસ્તા મિલા હૈ.

ઉત્તર :- ઉંમર હોવે તો ભી ભીતરમેં રુચિ લગાવે. કરના તો ભીતરમેં હૈ. ભીતરમેં અચ્છા વિચાર કરે, રુચિ લગાવે, મૈં આત્મા હૂં, મૈં જાનનેવાલા હૂં, મૈં જ્ઞાયક હૂં ઐસા વિચાર, ઐસી લગની (લગાવે) તો હો સકતા હૈ. ભીતરમેં તો હો સકતા હૈ.

બાહરસે વાંચન નહીં હો સકે, ઐસા નહીં હો સકે. ભીતરમેં વિચાર તો અચ્છા હો સકતા હૈ. ભીતરમેં, કરના તો ભીતરમેં હૈ. બાલક ભી કર સકતે હૈં, વૃદ્ધ ભી કર સકતે હૈં. સબ ભીતરમેં કરના હૈ. મૈં જાનનેવાલા હૂં, શરીર મૈં નહીં હૂં. શરીરમેં કુછ હોવે તો મેરે આત્મા મેં કુછ નહીં હોતા. મૈં તો જાનનેવાલા ભગવાન જૈસા મેરા આત્મા હૈ. શક્તિ મેં તો ઐસા હૈ લેકિન ભૂલ ગયા હૈ અપનેકો. ઈસલિયે બારંબાર ઈસકા રટન કરના.

પ્રશ્ન :- ... ભાવનાસે માતાજીકા દર્શન એક બાર મિલે. ... ઈસ હિસાબસે નિવેદન કરતે થે. ... માંકે પાસ બેટા આયા હૈ. બધા વાંચે છે ત્યાં. રંગુલાલજી જાય. બરાબરને? ડૉક્ટર સાહેબને ત્યાં એક-બે દિવસ રહે એનું વાંચન.

ઉત્તર :- અચ્છા. શું રંગુલાલજી પૂછતા હતા? પૂછો.

પ્રશ્ન :- દૃષ્ટિ દ્રવ્યને પકડે છે એમ બોલવામાં આવે છે. પણ દૃષ્ટિ જુદી રહે છે અને દ્રવ્ય જુદું રહે છે. પણ અંતરમાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર લક્ષ કરે ત્યારે ઉપયોગ પલટાઈ જાય. પણ આનંદ વેદનમાં પર્યાયનું આવે છે, દ્રવ્યનું ન આવે. ત્યાં એક પર્યાયનો આનંદ નહિ, દ્રવ્યનો આનંદ છે. ક્યાં આવે છે? દ્રવ્યનો આનંદ અને પર્યાયનો આનંદ છે, દ્રવ્યનો નહિ, તો આ ભિન્ન-ભિન્ન કથનો, પ્રકાર ગ્રંથાદિમાં આવે છે એમ ખુલાસો કરીને ફરમાવો.

ઉત્તર :- દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય તો એ દ્રવ્યનું આનંદનું વેદન પણ કહી શકાય અને પર્યાયનું આનંદ પણ કહી શકાય. દ્રવ્ય ઔર પર્યાય ભિન્ન-ભિન્ન. ભિન્ન-ભિન્ન દો પદાર્થ હૈ ઐસે ભિન્ન-ભિન્ન દ્રવ્ય ઔર પર્યાય નહીં હૈ. દ્રવ્યકે આશ્રયસે પર્યાય હોતી હૈ. ઈસલિયે કથંચિત્ ભિન્ન કહના હૈ, કોઈ સર્વથા ભિન્ન નહીં હૈ. ઈસલિયે દ્રવ્યમેં આત્મામેં આનંદ આતા હૈ ઐસા ભી હોતા હૈ. પર્યાયમેં આનંદ આતા હૈ (ઐસા) ભી હોતા હૈ. દ્રવ્ય પર દૃષ્ટ ગઈ તો ઉપયોગ લીન હો ગયા તો આત્મામેં આનંદ આયા. દ્રવ્ય ઔર પર્યાય દોનોં ભિન્ન-ભિન્ન નહીં હૈ. ઐસે કથંચિત્ ભિન્ન હૈ. લેકિન વર્તમાન પર્યાય પ્રગટ હુઈ ઈસલિયે પર્યાયમેં આનંદ આયા. દ્રવ્ય તો અનાદિ અનંત હૈ. ઐસે પર્યાયમેં આનંદ આયા.

પ્રશ્ન :- ક્યારેક એમ આવે, માતાજી! કે આ દ્રવ્ય તો અખૂટ આનંદનો ભંડાર છે. પર્યાય પોતે પોતાનું સ્વલક્ષ કરીને આનંદરૂપ થઈ જાય. દ્રવ્યનો આનંદ પર્યાયને ન મળે. મળે પણ...

ઉત્તર :- ઐસા નહીં હોતા. દ્રવ્યકા આનંદ પર્યાયકો ન મીલે ઐસા નહીં હો

સકતા. દ્રવ્યકે આશ્રયસે પર્યાય હોતી હૈ. દ્રવ્યકા આનંદ પર્યાયકો નહીં મીલે ઐસા નહીં હૈ. દ્રવ્યકે આશ્રયસે પર્યાય હોતી હૈ. દ્રવ્યકા આનંદ પર્યાયકો મીલતા હૈ. નહીં મીલતા હૈ ઐસા નહીં હૈ.

પ્રશ્ન :- વસ્તુ કે યહ તો સાપેક્ષ કથન મેં આતા હૈ, માતાજી! ઐસા આતા હૈ કિ પર્યાય ભી સ્વતંત્ર નિરપેક્ષ અપના પરિણમન કરતી હૈ. દ્રવ્ય ભી અપની સત્તા મેં નિરપેક્ષ રહતા હૈ.

ઉત્તર :- નિરપેક્ષ તો અપેક્ષાસે હૈ. ઐસે નિરપેક્ષ નહીં હૈ કિ પર્યાય ઐસે અલગ દૂસરે જડ દ્રવ્ય કે માફિક, દૂસરા ચૈતન દ્રવ્યકે માફક ઐસે અલગ નહીં હૈ. ઐસે અલગ નહીં હૈ. દ્રવ્ય અનાદિ-અનંત શાશ્વત હૈ. પર્યાય પલટતી હૈ ઈસલિયે કથંચિત્ ભિન્ન કહને મેં આતા હૈ. ઐસે સર્વથા ભિન્ન નહીં હૈ. દ્રવ્ય કે આશ્રયસે પર્યાય હોતી હૈ. પર્યાયરૂપ દ્રવ્ય હી પલટતા હૈ. અભેદ અપેક્ષાએ એમ (છે). કથંચિત્ ભિન્ન (છે). ઐસે સર્વથા ભિન્ન નહીં હૈ. આનંદ દ્રવ્યમેં સે આતા હૈ. દ્રવ્યકા આનંદ પર્યાયમેં આતા હૈ.

પ્રશ્ન :- કોઈ દૃષ્ટાંત ઐસા? દ્રવ્યમેં સે આનંદ આતા હૈ ઐસા કોઈ દૃષ્ટાંત?

ઉત્તર :- ઐસી વસ્તુ રંગ, ગંધ, રસ, સ્પર્શ રૂપ જડ દ્રવ્ય પરિણમતા હૈ. ઐસા જડ હૈ. કોઈ આંબા હૈ. લીલામેં સે વહ પીલા હોતા હૈ. ઐસે પુદ્‌ગલ પરિણમતા હૈ. પુદ્‌ગલ અલગ રહ ગયા ઔર રંગ અલગ રહ ગયા હૈ, ઐસા નહીં હોતા હૈ. ઐસે પુદ્‌ગલ પરિણમતા હૈ. કચ્ચા આમ હૈ તો હરા હોવે, (બાદમેં) પીલા હોતા હૈ. ઐસે પુદ્‌ગલદ્રવ્ય પરિણમતા હૈ. હરા અલગ હોતા હૈ, પીલા અલગ હોતા ઔર જડ દ્રવ્ય અલગ હોતા હૈ ઐસા નહીં હોતા હૈ. વૈસે આત્મા મેં આનંદકી પર્યાય અલગ હો, જ્ઞાનકી પર્યાય અલગ, સબ અલગ-અલગ હોકર કે આત્મા મેં આતા હૈ ઐસા નહીં હૈ.

આત્મા હી જ્ઞાનરૂપ પરિણમતા હૈ, આત્મા આનંદરૂપ પરિણમતા હૈ, સબ ગુણરૂપ આત્મા પરિણમતા હૈ. લેકિન અપેક્ષાસે એક પર્યાય પરિણમતી હૈ કિ જ્ઞાન ઔર આનંદ સબ લક્ષણભેદસે ભેદ હૈ. ઈસલિયે પર્યાય કથંચિત્ ભિન્ન હૈ. જ્ઞાનકી જ્ઞાનરૂપ પર્યાય, આનંદકી આનંદરૂપ પર્યાય ઐસે ભિન્ન-ભિન્ન પર્યાય પલટતી રહતી હૈ. ઈસલિયે કથંચિત્ ભિન્ન હૈ. દ્રવ્ય શાશ્વત રહતા હૈ. કોઈ બાહરસે પર્યાય નહીં આતી હૈ. પર્યાયકા સ્વરૂપ ક્ષણિક હૈ ઔર દ્રવ્યકા સ્વરૂપ અનાદિ-અનંત હૈ. ઈસલિયે સ્વરૂપભેદ હૈ. ઈસકા લક્ષણભેદ હૈ, ક્ષણ ક્ષણ પરિણમતા હૈ, આત્મા શાશ્વત હૈ

ઐસા ભેદ હૈ. પ્રયોજનભેદ હૈ, લક્ષણભેદ હૈ, ઐસા ભેદ હૈ.

પ્રશ્ન :- પર્યાય ભી અક્ષય અમેય હૈ, ઈસકા ખુલાસા, માતાજી!

ઉત્તર :- પર્યાય અક્ષય ઔર અમેય હૈ, લેકિન એક એક પર્યાયકા સ્વરૂપ અક્ષય અમેય. લેકિન પર્યાયકા સ્વરૂપ તો પલટતા રહતા હૈ. દ્રવ્યકા સ્વરૂપ પર્યાય હૈ. દ્રવ્ય-ગુણ ઔર પર્યાય યહ સબ દ્રવ્યકા સ્વરૂપ હૈ. ઈસલિયે પર્યાય ભી અક્ષય અમેય. પર્યાયકે બિના કોઈ દ્રવ્ય નહીં હોતા હૈ. પર્યાય ભી અક્ષય અમેય ઐસા કહનેમેં આતા હૈ. લેકિન એક પર્યાય શાશ્વત રહતી હૈ ઐસા નહીં. પર્યાય તો ક્ષણિક પલટતી રહતી હૈ. દ્રવ્ય-ગુણ-પર્યાય યે સબ ઐસા સ્વરૂપ હૈ દ્રવ્યકા. પર્યાય અક્ષય અમેય હૈ. મીટનેવાલી નહીં હૈ પર્યાય.

પ્રશ્ન :- નિરંતર ચાલુ હી રહતી હૈ.

ઉત્તર :- નિરંતર ચાલુ હી રહતી હૈ. પરિણમનશીલ હૈ.

પ્રશ્ન :- હું પરમાત્મા છું એમ અનુભવ કર, નક્કી કર, એનો અભ્યાસ કર.

ઉત્તર :- હું પરમાત્મા જ છું. મારું સ્વરૂપ પરમાત્મા જ છે. આ કાંઈ જે વિભાવ અને આ બધું મારું સ્વરૂપ નથી. હું પરમાત્મસ્વરૂપ છું. જેવા ભગવાન છે, કેવળજ્ઞાનરૂપે પરિણમેલા વીતરાગ ભગવાન એવો જ હું છું. મારું સ્વરૂપ એવું છે. શક્તિએ હું પરમાત્મા જ છું. સિદ્ધ ભગવાન પ્રગટરૂપે પરમાત્મા, તો હું શક્તિરૂપે પરમાત્મા.

મૈં શક્તિરૂપે પરમાત્મા હૂં. મેરા સ્વરૂપ ઐસા હી હૈ. વિભાવ યે મેરા સ્વરૂપ નહીં હૈ. મૈં તો પૂર્ણ પરમાત્મા શક્તિરૂપ હૂં. પરંતુ ઈસકી દૃષ્ટિ કરનેસે, ઈસકા જ્ઞાન કરનેસે યહ પ્રગટ હો સકતા હૈ. જો પ્રગટ પરમાત્મા ન હોવે... વહ શક્તિરૂપે પરમાત્મા ન હોવે તો પ્રગટ નહીં હો સકે. શક્તિમેં હોવે તો પ્રગટ હોતા હૈ. શક્તિમેં પરમાત્મા હૈ. શક્તિમેં મૂલમેં જો હોવે તો પ્રગટ હોતા હૈ. મૂલ બીજમેં હોવે તો વૃક્ષ હોતા હૈ. મૂલ શક્તિમેં પરમાત્મા સ્વરૂપ ભરા પડા હૈ તો પ્રગટ હોતા હૈ. મૂલ જૈસે બીજ હૈ તબ વૃક્ષ હોતા હૈ. વૈસે મૂલ શક્તિમેં સબ ભરપૂર ભરા હૈ. એક ગુણ ભી ઈસકા ક્ષય નહીં હુઆ હૈ, ઉસકા નાશ નહીં હુઆ. ઐસે પરમાત્મસ્વરૂપ ભરા હૈ.

મૈં પૂર્ણ પરમાત્મા હૂં. પ્રગટમેં જ્ઞાનશક્તિ કમ હો ગઈ ઐસે વિભાવકી પરિણતિ હો ગઈ, ઐસે મૈં કૈસે પરમાત્મા હોઉં? પ્રગટમેં ભલે ઐસી પરિણતિ હો ગઈ, તો ભી શક્તિમેં મૈં પૂર્ણ પરમાત્મા હૂં ઐસી શ્રદ્ધા કર. ઈસકા જ્ઞાન કર કિ મૈં શક્તિમેં ભરપૂર હૂં. શક્તિમેં હોવે તો પ્રગટ હોતા હૈ. જો હુઆ તો શક્તિરૂપ પરમાત્મા જો થા ઉસકી

દૃષ્ટિ કરે, જ્ઞાન કરે, ઉસમેં લીનતા કરનેસે પ્રગટ પરમાત્મા હોતા હૈ. ઈસલિયે મૈં પૂર્ણ પરમાત્મા હૂં. જો શક્તિમેં હોતા હૈ વહ પ્રગટ હોતા હૈ. નહીં હોતા તો પ્રગટમેં આતા હી નહીં. પૂર્ણ હૈ તો પ્રગટમેં આતા હૈ. મૂલમેં હૈ તો વૃક્ષ હોતા હૈ. મૂલમેં નહીં હોવે તો મૈં કૈસે પરમાત્મા હૂં. મેરેમેં તો કુછ નહીં (હૈ). નહીં હોવે તો આતા હી નહીં. મૂલમેં હૈ તો આતા હૈ. ઐસી શ્રદ્ધ કર કિ મૂલમેં પરમાત્મા હૂં મૈં. જૈસે ભગવાન હૈ વૈસા પ્રગટ પરમાત્મા મૈં શક્તિરૂપ પૂર્ણ હૂં.

પ્રશ્ન :- પૂજ્ય ભગવતી માતાજી! એક પ્રશ્ન ઐસા મેરા સામને આ રહા હૈ. મુજે સમજમેં નહીં બૈઠા હૈ. જિનવાણી માતા જૈસે જિનેન્દ્ર ભગવાનકી પ્રતિમા અકૃત્રિમ શાશ્વત હૈ, વૈસે જિનવાણીકી ભી કોઈ અક્ષર અનાદિનિધન કોઈ .. શાસ્ત્રરૂપ બને અનાદિનિધન અકૃત્રિમ વિદેહક્ષેત્રાદિમેં કહીં બિરાજમાન હૈ ક્યા?

ઉત્તર :- ક્યા કહના? શાશ્વત ભગવાન હૈ ઈસલિયે વાણી ભી શાશ્વત હોવે. લેકિન વહ કોઈ લેખમેં નહીં આતા.

પ્રશ્ન :- શબ્દ તો માતાજી! ફિર જાતે હૈ. ભાવ બરાબર વસ્તુસ્વરૂપ તો અનાદિનિધન ચલેગા. લેકિન જૈસે જિનપ્રતિમા અકૃત્રિમ રહતી હૈ, વૈસે કોઈ અક્ષર ભી કોઈ વાણીરૂપ શાસ્ત્ર ગ્રંથાદિ.. વહાંસે પૂછુંગા જાઉંગા તબ. ફિર જવાબ દૂંગા, અભી નહીં દે સકતા.

ઉત્તર :- શાસ્ત્રમેં ઐસા લેખ કહીં આતા નહીં. લેકિન શાશ્વત પ્રતિમા હૈ. ઈસકી શાશ્વતા, શાસ્ત્રમેં કોઈ લેખમેં આતા નહીં હૈ કહીં, હોના ચાહિયે લેકિન કહીં આતા નહીં હૈ.

પ્રશ્ન :- એક પ્રશ્ન યહ ભી આ રહા હૈ કિ સૂર્યકીર્તિકે બારેમેં બારબાર આતા હૈ તો મેરી બુદ્ધિ અનુસાર મુજે આતા હૈ વૈસા બોલ દેતા હૂં. અભી મેરે સાથ આપકી કૃપાસે છોટે-બડે સબ ભાઈ-બહન થોડેબહુત પધારે હુએ હૈ ઈધર. તો એક યહ ભી આપ સ્પષ્ટીકરણ ફરમા દેવે કિ સૂર્યકીર્તિ અર્હંત પરમાત્માકી પ્રતિમા હૈ. અર્હંત પ્રતિમાકો સૂર્યકીર્તિ માનો યા મહાવીરકીર્તિ માનો યા ભગવાન આદીનાથ માનો. ઉસમેં સબ ભગવાન ગર્ભિત હો સકતે હૈં, તો ઉસમેં ક્યા બાધા તો હૈ નહીં. તો સૂર્યકીર્તિ ભગવાન કે નામસે જરા યહ બાત ચલ ગઈ હમારે ઉધર ભી. તો આપકી પ્રમુખ વાણી સે દો શબ્દ.

ઉત્તર :- ઉસમેં કોઈ નામ તો હૈ નહીં. શીલા લેખમેં નામ તો નહીં હૈ. ભાવી તીર્થંકર ઈસમેં નામ હૈ. ભાવી તીર્થંકરમેં સબ આ જાતા હૈ. લેખમેં તો ભાવી તીર્થંકર

હૈ. ભાવી તીર્થંકર તો બહુત હોતે હૈં. અનંત હોતે હૈં. ભાવી તીર્થંકરકી પ્રતિમા જૈસે પ્રતિમા દિગંબર પ્રતિમા હૈ ભગવાનકી, વૈસી હી પ્રતિમા ઐસે મંત્રસે ઐસી હી પ્રતિમા ભી બિરાજમાન કી હૈ. ઈસમેં ભાવી તીર્થંકર ઐસા લિખા હૈ ઔર તો કુછ હૈ નહીં. ભગવાનકા ભૂત, વર્તમાન, ભાવિ તીર્થંકરોંકી સ્થાપના તો હો સકતી હૈ.

પ્રશ્ન :- ત્રિકાલવર્તી સર્વ તીર્થંકર ભગવંતોકો અર્ઘ દેતે હી હૈ, પૂજન કરતે હી હૈ.

ઉત્તર :- હા, અર્ઘ કરતે હૈ.

પ્રશ્ન :- ચાહે નામ જાને યા ન જાને.

ઉત્તર :- ભૂત, વર્તમાન, ભાવિ તીર્થંકરોંકો અર્ઘ ચઢાતે હૈં. નામ હોવે યા નહીં હોવે તો ભી ચઢાતે હૈં.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૭ C

પ્રશ્ન :- આજનો દિવસ આ રીતે .. તરીકે ગણવામાં આવ્યો.

ઉત્તર :- શાસ્ત્રની રચના થઈને, પૂર્ણ થઈ. જયસેનાચાર્ય બધું મોઢે-મોઢે પુષ્પદંત ભૂતબલીને મોઢે દેતા હતા. તે શક્તિ જ એટલી આચાર્યોની હતી. બધું મોઢેથી યાદ રાખતા. એમને એમ થયું કે આ બધું જે જ્ઞાન છે એ વિચ્છેદ જાશે એટલે એને બોલાવ્યા હતા પુષ્પદંત, ભૂતબલી મુનિરાજને, આચાર્યોને. એમણે બધું મોઢે-મોઢે કહ્યું. પછી એમણે લીપીબદ્ધ કર્યું, લખ્યું અને એ પૂરું થયું એને આ શ્રુતપંચમી મનાય છે.

એ તો એની કથામાં આવે છે. સ્વપ્નું આવે છે. બળદ ચાલ્યા આવે છે એમાંથી. ધોરી બળદ આવે છે. એવા પુષ્પદંત અને ભૂતબલી બે મુનિરાજ આવે છે. વિદ્યા આપે છે એ સાધે છે. દેવી આવે છે. પણ એક અક્ષર ઓછો અને એક વધારે આપે છે. એમાંથી બેય સરખું કરી લ્યે છે. પછી નક્કી કરે છે કે આ શક્તિવાળા છે. બોલતા નથી બે-ત્રણ દિવસ સુધી તોપણ એ ધીરજ રાખે છે. એની યોગ્યતા જાણી લે છે આચાર્યદેવ. પછી એને આ જ્ઞાન આપે છે—ષટ્ખંડાગમનું. તે દીની શક્તિ એ જ્ઞાનનો ક્ષયોપશમ કેવો! બધું મોઢેથી કહેતા હતા. ષટ્ખંડાગમ પછી આ શાસ્ત્રો રચ્યા. એ શાસ્ત્રોની પૂર્ણાહૂતી થઈ. એમ કહે છે 'અંકલેશ્વર'માં પૂર્ણાહૂતી થઈ.

પ્રશ્ન :– ધવલ, જય ધવલ આદિ શાસ્ત્રો એની પૂરી રચના કરીને આજે એનો ઉત્સવ કર્યો.

ઉત્તર :– ઉત્સવ થયો. ‘અંકલેશ્વર’માં ઉત્સવ થયો હતો એનો. શ્રુતપંચમી ગાય છે. એવા શાસ્ત્રો મોટા આચાર્યદેવે લખ્યા અને એની પૂર્ણાહૂતી થઈ. ભગવાનની પરંપરાથી ચાલ્યા આવતા હતા. મોઢે-મોઢે જ્ઞાન હતું એમાંથી લીપીબદ્ધ કર્યું. ‘ગીરનાર’માં ‘ધરસેનાચાર્યે’ (જ્ઞાન આપ્યું). કેટલી અંદર બધી શાસ્ત્રોમાં વાત આવે છે.

પ્રશ્ન :– આપણા સૌરાષ્ટ્રની ભૂમિની એક વિશિષ્ટતા છે.

ઉત્તર :– સૌરાષ્ટ્રની ભૂમિમાં નેમિનાથ ભગવાન થયા. ત્યાં ધરસેનાચાર્ય હતા, પુષ્પદંત પધાર્યા. આચાર્યે જ્ઞાન આપ્યું. સૌરાષ્ટ્રની ભૂમિમાં એ સાક્ષાત્ ભગવાન બિરાજતા હતા, આચાર્યો બિરાજતા હતા. બધા પ્રસંગો... ભગવાનથી ચાલી આવેલી વાણી, બધું સૂક્ષ્મ-સૂક્ષ્મ કેટલું! એ જ્ઞાન કાંઈ એમ માત્ર વિચારથી તો... જેને પ્રત્યક્ષ જ્ઞાન હોય એવા ભગવાન કહે ત્યારે જ સમજી શકાય એવું છે. આટલા આના સમય હોય અને આ અંતર્મુહૂર્ત હોય અને આ હોય, એની આ માર્ગણા અને આ ગુણસ્થાન ને એ બધું જે અંદરમાં આવે છે, એ ભગવાનની વાણી સિવાય આવી શકે નહિ એ બધી ઝીણી-ઝીણી બાબતો.

પ્રશ્ન :– ધરસેનાચાર્યદેવને બધું કંઠસ્થ હતું?

ઉત્તર :– હા. કંઠસ્થ હતું. એને મોઢે દીધું પાછું.

પ્રશ્ન :– એના ઉપરથી પુષ્પદંત અને ભૂતબલીએ આટલા મોટા શાસ્ત્રોની રચના કરી!

ઉત્તર :– રચના કરી. તાડપત્રમાં હતું ત્યાં મુડબીદ્રીમાં. એ કેટલા વર્ષોએ બહાર પડ્યું. ‘ગુરુદેવ’ પધાર્યા પંચમકાળમાં, એમની હાજરીમાં બધું બહાર પડ્યું.

પ્રશ્ન :– એ પણ યોગાનુયોગ એવો બની ગયો.

ઉત્તર :– એ યોગ એવો બન્યો. મહાપુરુષ જાગ્યા એટલે બધા શાસ્ત્રો બહાર આવ્યા. અધ્યાત્મ શાસ્ત્રનો એટલો પ્રચાર થયો અને ધરસેનાચાર્યે જે શાસ્ત્રો રચ્યા એ બધું બહાર આવ્યું. આ ‘સમયસાર’ અને ‘શ્રીમદ્ રાજચંદ્ર’ એમાં હતું. પણ ખૂબ પ્રચાર પછી ‘ગુરુદેવ’ પધાર્યા પછી જ થયું બધું. અને આ ષટ્ખંડાગમ પણ ત્યારે બહાર આવ્યા. તાડપત્રો ઉપર બધા સાચવીને રાખતા હતા.

પ્રશ્ન :– ‘ગુરુદેવે’ ‘સમયસાર’નો સ્વાધ્યાય કર્યો અને ખાસ કરીને જ્યારે

પંડિતજીએ એનો અનુવાદ કર્યો ત્યારપછી આટલો બધો પ્રચાર.

ઉત્તર :- એ ગુજરાતીમાં અનુવાદ થયોને, બધાને સહેલું પડ્યું.

પ્રશ્ન :- કેટલો અગાધ ક્ષયોપશમ હશે માતાજી! ત્યારે આટલું મોઢેથી કહ્યું અને એટલું શાસ્ત્રરૂપે લખાયું!

ઉત્તર :- કેટલો ક્ષયોપશમ જ્ઞાનનો! એ વાંચે તો એમ થાય કે આ પ્રત્યક્ષ જ્ઞાની, કેવળજ્ઞાની સિવાય આ બધી વાતો કોઈ કહી ન શકે. એવી વાતો આ પરંપરાથી બધી ચાલી આવે છે અને આચાર્યોએ શાસ્ત્રોમાં બધી ભરી દીધી છે. એ વ્યવહારની વાતો પણ કેવળજ્ઞાની, પ્રત્યક્ષ જ્ઞાની સિવાય એ કોઈ કહી ન શકે. વ્યવહારની વાતો પણ કેટલી આવે છે અંદર! બધી સૂક્ષ્મ-સૂક્ષ્મ આવે છે.

પ્રશ્ન :- સામાન્ય ક્ષયોપશમવાળાને તો ચાંચ પણ ડૂબે નહિ એટલા ગહન શાસ્ત્રો છે.

ઉત્તર :- હા. એવા શાસ્ત્રો છે.

પ્રશ્ન :- માતાજી! સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ નિરંતર પરિણમનરૂપે હોય છે. આત્માર્થી જીવ જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે એને પણ જ્ઞાન અને વૈરાગ્યરૂપ પરિણમન, શક્તિ એટલે પર્યાયની વાત છે, પર્યાયમાં એ જાતનું પરિણમન .. ત્યારે જ રાગ અને શરીરાદિ એ જુદા છે અને હું જુદો છું—એવું વાસ્તવિક ભિન્નપણું એમાં જ્ઞાન અને વૈરાગ્યરૂપ પરિણમન મુખ્યપણે કામ કરતું હશે? જે આત્માર્થી જીવ આ રીતે જુદો પડવાનો અભ્યાસ કરે છે અને એ કરતા જુદો પડી જાય છે, એ જીવને જ્ઞાન અને વૈરાગ્ય એને પણ ભલે ધારણારૂપ છે કે હું એક જ્ઞાયકમૂર્તિ આત્મા છું, એવું જે પોતાના શુદ્ધ આત્માનું જ્ઞાન અને રાગાદિથી માંડીને બધાની ઉપેક્ષા, ઉદાસીનતા એ જાતનો અંદરમાં ભાવ.

ઉત્તર :- પહેલી ભૂમિકામાં એવું એને... સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની શક્તિ સહજરૂપે પરિણમી રહી છે. એને કોઈ એવી જ્ઞાન-વૈરાગ્યની શક્તિ છે કે અંદરથી નિર્લેપ જ રહે છે. કારણ કે જ્ઞાતાની ધારા નિરંતર ચાલુ રહે છે. ચાલુ રહે જ્ઞાતાની ધારા એટલે એટલો એ નિરાળો રહે છે. નિરાળો રહે છે એટલે એને વૈરાગ્યની ધારા અને જ્ઞાનની ધારા બે સાથે સહજ છે. એમ આત્માર્થી જેને આત્માનું પ્રયોજન છે એને પણ જ્ઞાન-વૈરાગ્ય તો સાથે હોય છે. જ્ઞાન-વૈરાગ્ય વગર આગળ જઈ શકતો નથી. જ્ઞાનમાં ભેગી એને શ્રદ્ધા, જ્ઞાનમાં શ્રદ્ધા ભેગી આવી જાય છે. જ્ઞાન-વૈરાગ્ય વગર એ આગળ જઈ શકતો નથી.

એકલું વિચાર્યા કરે એમ કર્યા (કરે), પણ જો વૈરાગ્ય સાથે ન હોય તો લુખ્ખું થાય છે અને એકલો વૈરાગ્ય હોય અને કાંઈ જાણે નહિ તોપણ એ કાંઈ આગળ જઈ શકતો નથી. આત્માર્થીને પણ જ્ઞાન-વૈરાગ્યની શક્તિ સાથે જ હોય છે. સમ્યગ્દૃષ્ટિને એ સહજરૂપ થઈ ગયું છે કે સહજ પરિણમનરૂપ છે. એમ આને પણ અંદર હૃદય તો ભીંજાયેલું હોવું જોઈએ. જ્ઞાન-વૈરાગ્ય સાથે હોય તો જ આગળ જઈ શકે છે, નહિતર જઈ શકતો નથી.

પ્રશ્ન :- નહિ તો કેવળ જુદું છે જુદું છે એમ શબ્દોમાં રહી જાય. ખરેખર જુદાઈ જાણીને જુદાઈનું જે ફળ આવવું જોઈએ—વિરતી, અંતર સન્મુખપણું એ એને ન થઈ શકે.

ઉત્તર :- એ ન થઈ શકે. માત્ર જુદો છું, જુદો છું બોલવારૂપે, લુખ્ખારૂપે, ગોખવારૂપે એમ રહી જાય. અંદરથી એને એમ થાય કે જુદો છું પણ અંતરમાં એ જુદો રહેવો જોઈએ. એટલે એને અંતરમાં એટલી જાતનો રસ ઓછો થવો જોઈએ, વૈરાગ્યની ધારા રહેવી જોઈએ.

પ્રશ્ન :- જ્ઞાનની સાથે આપે શ્રદ્ધા ઉમેરી એટલે કે તત્ત્વનો નિર્ણય આવવો જોઈએ, કેવળ વિચારે એમ નહિ.

ઉત્તર :- શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધા હોય તો જ થાયને કે હું જ્ઞાયક છું. આમાં આવે છે—જ્ઞાન-વૈરાગ્યની શક્તિ એટલે એમાં એને સમ્યગ્દર્શન તો ભેગું જ છે. એ જ્ઞાન-વૈરાગ્ય એમાં શ્રદ્ધા ભેગી હોય. પહેલી ભૂમિકામાં પણ શ્રદ્ધા તો ભેગી હોય. ડાલમડોલ કર્યા કરે, નિર્ણય ન કરે તો આગળ કેવી રીતે જવાય? વિચાર કરીને નિર્ણય કરવો જોઈએ.

પ્રશ્ન :- પહેલી ભૂમિકામાં પણ જ્ઞાનની સાથે શ્રદ્ધા એટલે કે તત્ત્વનો નિર્ણય એને ચોક્કસ હોય અને સાથે વૈરાગ્ય હોય તો જ એને ખરેખર ભેદજ્ઞાન સાચું થઈ શકે.

ઉત્તર :- તો જ થઈ શકે. જ્ઞાન-વૈરાગ્ય વગર સાચું ભેદજ્ઞાન થઈ શકતું નથી. એકલું બોલ્યા કરે અને ગોખ્યા કરે અને એટલું હૃદય અંદર વૈરાગ્યવાળું ભીંજાયેલું ન હોય અંતરમાંથી, તો ગમે ત્યાં એ માની બેસશે. થોડો વિચાર કરીને આ હવે હું જુદો જ છું. એ થઈ ગયું એમ જુદો જ છું. ઓલો એને સંતોષ ન આવે. જ્યાં સુધી એની પરિણતિ નિરાળી ન થાય ત્યાં સુધી એને સંતોષ ન આવે. એનું હૃદય વૈરાગ્યવાન ભીંજાયેલું હોય તો એને સંતોષ પણ થાય નહિ. યથાર્થ પરિણતિ પ્રગટ થાય તો જ

એને સંતોષ થાય. ઓલું એને લુખ્ખુ છે એટલે વિચારી, ગોખીને સંતોષ માની લે.

પ્રશ્ન :- થોડા દિવસ પહેલાની ચર્ચામાં આવો જ એક પ્રશ્ન મેં આપને પૂછ્યો હતો. એમાં આપે અસ્તિથી તો બહુ સારું (કહ્યું હતું) કે જ્ઞાયકમાં એને સુખ લાગવું જોઈએ, એને આનંદ આવવો જોઈએ. એ જીવ એમ કે ભેદજ્ઞાન કરી શકે. આજે આપે વૈરાગ્યનો ખુલાસો કર્યો કે એને પરપદાર્થો અને રાગ જે ભિન્ન છે એને અંતરથી અંદરમાંથી એને ખરેખર એવી ઉદાસીનતા અને ઉપેક્ષાપણું એને વર્તવું જોઈએ.

ઉત્તર :- અંતરમાંથી ઉદાસીનતા આવવી જોઈએ. એમાં તે દી હતી એ મહિમાની વાત હતી કે પોતાને મહિમા (આવવી જોઈએ) કે મારામાં જ સુખ અને આનંદ છે એવી મહિમા આવવો જોઈએ. આ વૈરાગ્યની અપેક્ષાએ કે વૈરાગ્યમાં પોતે નિરાળો થાય રાગથી અને એનું હૃદય ભીંજાયેલું હોય તો જ એ પોતે જ્ઞાન-વૈરાગ્ય વગર આગળ જઈ શકતો નથી.

પ્રશ્ન :- પરિણમવવા માટે, માતાજી! માર્ગ ખુબ ... આમ સમજવા માટે તો એમ થાય કે એકવાર સમજી લેવાય છે, પણ પરિણમવા માટે તો એટલું અઘરું લાગે છે કે વાત તો એક જુદી વસ્તુ છે, પણ જ્યારે પ્રયત્ન અને પુરુષાર્થ કરવામાં આવે ત્યારે કેટલા પ્રલોભનો એ રીતે બીજામાં અટકી જાય છે જીવ.

ઉત્તર :- એ પરિણમન કરવું તે જ અઘરું છે. વિચાર કરે, બધું કરે એમાંથી પાછો, પણ પરિણમન અનાદિની એકત્વબુદ્ધિ એની એવી એકત્વ પરિણતિ દૃઢ થઈ ગઈ છે. વિચાર કરે, નિર્ણય કરે (કે) હું જુદો છું. એકત્વ પરિણતિ એવી એની દૃઢ છે કે એમાંથી છૂટું પડવું એને (અઘરું થઈ પડ્યું છે). પ્રયાસ કરે તો જ એ છૂટો પડી શકે છે.

પ્રશ્ન :- એમાં એને સિદ્ધાંતિક બોધ એને પણ લક્ષમાં લઈને નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું પણ એણે જ્ઞાન કરતા રહેવું જોઈએ.

ઉત્તર :- બધું ચારે તરફનું જ્ઞાન હોવું જોઈએ. એક તરફનું હોય તો આગળ જઈ શકે નહિ. તત્ત્વનો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો બધું, નિમિત્ત-ઉપાદાન બધું, એને દ્રવ્ય-ગુણ-પર્યાયનું બધું જેમ હોય એમ યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. કોઈ એમ આગળ જાય એ જુદી વાત છે કે હું જુદો અને રાગ જુદો ને આ વિભાવ મારો સ્વભાવ નથી, હું જ્ઞાયક છું. એમ આગળ જાય એ જુદી વાત છે પણ મોટે ભાગે જીવ વિચાર કરી, નિર્ણય કરીને યથાર્થ સમજણપૂર્વક આગળ જાય છે. ઓલુ એને ટૂંકામાં આગળ જાય પુરુષાર્થ કરીને એમાં એને બધું ભેગું આવી જાય છે. હું જુદો, મારો સ્વભાવ

જુદો અને આ જુદું. આ આકુળતારૂપ છે, હું જ્ઞાયક છું. એમાં એને કોઈને એમ ટૂંકામાં આવી જાય, નામ ન આવડે તોપણ.

પ્રશ્ન :- એને સહજપણે જે જુદું છે એમાં લાભબુદ્ધિ છૂટી ગયેલી હોય.

ઉત્તર :- છૂટી ગયેલી હોય. આ રાગ મારું સ્વરૂપ નથી, એમાં લાભ નથી, હું નિરાકુળસ્વરૂપ છું (એ) બધું આવી જાય છે. હું પોતે પોતામાં પુરુષાર્થથી કરી શકું છું. નિમિત્ત-ઉપાદાન બધું એને અંદર ભાવમાં આવી જાય છે.

પ્રશ્ન :- આપના એક બોલમાં હતું કે જ્ઞાન અને પુરુષાર્થ વડે તું આ કર. એમાંથી સહજ વિચાર આવ્યો હતો કે જ્ઞાન અને પુરુષાર્થ આત્માર્થીને પણ જો જ્ઞાન અને વૈરાગ્ય બે સાથે રહે તો જ ખરેખર આ જુદું છે અને હું જુદો છું—એ વાસ્તવિકપણે જુદું પડી શકે.

ઉત્તર :- જ્ઞાન અને વૈરાગ્ય સાથે રહે તો જ વાસ્તવિકતા આવે. નહિતર યથાર્થ આવી શકતું નથી.

(શ્રોતા :— પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૭ D

પ્રશ્ન :- માતાજી! આજ તો ... સ્વાધ્યાય મંદિરના ઉદ્‌ઘાટનનો દિવસ છે. આપના હાથે સુવર્ણપુરીનું પ્રથમ સોપાન શરૂ થયેલું. 'સમયસાર'ની પ્રતિષ્ઠા આજે જ થઈ.

ઉત્તર :- આજે થઈ, 'ગુરુદેવ'ની પધરામણી થઈ સ્વાધ્યાય મંદિરમાં એ પણ આજે. 'ગુરુદેવ' હીરાભાઈના બંગલામાં હતા. ત્યાંથી આ સ્વાધ્યાય મંદિર તૈયાર થયું એટલે 'ગુરુદેવ' અહીં પધાર્યા. સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે. સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે પહેલુંવહેલું હતુંને. હજી તો સ્થાનકવાસી સંપ્રદાયમાં કાંઈ પ્રસંગો ખાસ થયા નહોતા. આ સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન એ પહેલુંવહેલું થયું. એ વખતે બધાને બહુ હોંશ હતી. સ્વાધ્યાય મંદિરમાં એટલો બધો શણગાર કરેલો હતો. પણ પહેલુંવહેલું એટલે બહુ લાગતુ હતું. સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું. 'ગુરુદેવ' પધાર્યા. શણગાર એટલો બધો હતોને જાણે આમ કાંઈક જોઈને જ એમ લાગતું હતું

કે કાંઈક આ પ્રભાવના મંગળરૂપ લાગતી હતી. તે વખતે શીતળપ્રસાદ બ્રહ્મચારી આવેલા હતા.

પ્રશ્ન :- ઉદ્‌ઘાટનના પ્રસંગે.

ઉત્તર :- ઉદ્‌ઘાટન પ્રસંગે.

પ્રશ્ન :- કે દિવસના આવેલા હતા.

ઉત્તર :- કે દિ'ના આવેલા હતા અને એ પ્રસંગ ઉપર હતા. કે દિ'ના આવેલા હતા. બધા પાઠ બોલતા હતા અને એ બધું કરતા હતા.

પ્રશ્ન :- સ્વાધ્યાય મંદિરનું ઉદ્‌ઘાટન અને શાસ્ત્ર પધરામણી પણ આજે જ થઈ.

ઉત્તર :- હા, બેય આજે. એ પ્રસંગ બહુ હોંશ ઉત્સાહવાળો બધાને લાગતો હતો. બધા ઊભ વરઘોડાના રૂપમાં નીકળેલા હતા. પહેલુંવહેલું હતું ને એટલે આ બધા અહીંયાં ગાતા—ઓલું ધર્મધ્વજ ફરકે છે મારે મંદિરીયે.

પ્રશ્ન :- આમ તો આઠ દિવસથી ઘરે ભક્તિ કરતા હતા.

ઉત્તર :- ભક્તિ કરતા હતા. એ ભક્તિ આમ ફોટા રાખીને કરતા. ભગવાન તો હતા નહિ, ફોટા રાખીને સષહય.

પ્રશ્ન :- ચોપડી નાની સંગીત વિભાગ કરીને ત્યારે છપાવી હતી. ધજા લઈને જાતા હતા. ત્યાંથી વ્યાખ્યાન પૂરું થાયને એટલે કેટલાક દિવસથી તો ગાતા ગાતા ઘરે આવતા હતા.

ઉત્તર :- એ વખતે આ બધું—તુજ પાદ પંકજ જ્યાં થયા એ વખતે હતું.

પ્રશ્ન :- પૂજ્ય પાદ પંકજ એ વખતે બનાવ્યું?

ઉત્તર :- આમ તો બનાવેલું નથી. શેમાકથી લીધેલું છે. પણ 'ગુરુદેવ'ને બધું લાગુ પડી જાય એવું હતુંને એટલે એમાંથી કેટલીક કડી લીધેલી છે. દેરાવાસીનું છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૮ A

ઉત્તર :- અભ્યાસ પોતાનો છે એ પોતે જ તોડવાનો છે. અનાદિનો અભ્યાસ બહારનો થઈ રહ્યો છે. માત્ર હકાર કરે એટલે નહિ અંદર પછી પ્રયત્ન કરવો જોઈએ. ઊંડો હકાર આવવો જોઈએ અને એનો પ્રયત્ન થવો જોઈએ. એવો જોરદાર પુરુષાર્થ

કરે તો થાય.

પ્રશ્ન :- એમાં રુચિની કચાશ કહી શકાય?

ઉત્તર :- રુચિની કચાશ, નિર્ણયની કચાશ, બધી કચાશ છે. ... તો પૂરો સ્વભાવને ઓળખતો નથી, રુચિ ઓછી છે, બધું ઓછું છે. પ્રયત્ન ઓછો છે.

પ્રશ્ન :- પ્રયત્ન એટલે હંમેશા એમ કે હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું.. એ પ્રકારનું રટણ?

ઉત્તર :- રટણ માત્ર રાખે, રટણ બોલાવારૂપે, ગોખવારૂપે નહિ. અંદરથી રટણ થાવું જોઈએ. અંદરથી સ્વભાવ તરફ વળવાનો (પ્રયત્ન થવો જોઈએ). જ્ઞાયક છું એ તો હજી બોલવારૂપ અથવા ગોખવારૂપ થયું, પણ અંદર સ્વભાવ ઓળખીને હું જ્ઞાયક છું. મારો આ સ્વભાવ છે. આ વિભાવથી મારો સ્વભાવ જુદો છે. હું એટલે મારું અસ્તિત્વ પોતાનું ગ્રહણ થવું જોઈએ. નિરંતર એની લગની લાગવી જોઈએ. વારંવાર એની પાછળ પડે, એનો પ્રયત્ન થાય. ક્ષણે ક્ષણે એની ધગશ લાગવી જોઈએ.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'ના એક બોલમાં આવે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુનો પોતાની રુચિપૂર્વક સમાગમ થયા પછી તેઓ જે નિરાળી વસ્તુ કહેવા માંગે છે તે પોતાના રુચિપૂર્વકના પુરુષાર્થથી, બે ઠેકાણે રુચિપૂર્વક-રુચિપૂર્વક કહ્યું છે, પોતાની રુચિપૂર્વક સમાગમ થયા પછી અને પોતાના રુચિપૂર્વક પુરુષાર્થથી સમજે ત્યારે પરાશ્રય દૃષ્ટિ છૂટી સ્વાશ્રય દૃષ્ટિ થાય છે. તો બે (વખત) રુચિપૂર્વક (આવ્યું)—સમાગમમાં પણ રુચિપૂર્વક આવ્યું અને રુચિપૂર્વક પુરુષાર્થ (આવ્યું) એમાં ગુરુદેવને શું કહેવું છે?

ઉત્તર :- રુચિપૂર્વક પુરુષાર્થ થાય છે. ઘણાને સમાગમ તો મળે, પણ પોતાની રુચિ, પોતાની રુચિ ન હોય અને પુણ્યના યોગે ગુરુ મળી જાય, વાણી મળી જાય, પણ પોતાને રુચિ હોય નહિ. પોતે સામાન્ય સાંભળ્યા કરે. અંદરની રુચિ હોય નહિ. ઘણાને પુણ્યના યોગે વાણી મળી જાય, દર્શન મળી જાય. એવું થઈ જાય. પણ એ રુચિપૂર્વક પોતાને સમાગમ મળ્યો અને વાણી મળી, દર્શન મળ્યા, બધું મળ્યું. પોતાની રુચિપૂર્વક. અને રુચિથી પુરુષાર્થ કરે. ઓલું રુચિ વગર ઉપર ઉપર પુરુષાર્થ કર્યા કરે સામાન્યપણે, રૂઢિગતે.

રુચિપૂર્વક પુરુષાર્થ કરે કે મને આત્મા કેમ સમજાય? ગુરુ જે કહે છે 'ગુરુદેવ' એ મને આત્મા કેમ સમજાય? મારો આત્મા કેમ નિરાળો થાય? મને પોતાનો આશ્રય કેમ પ્રગટ થાય? એવી અંદર પોતાની ઊંડી રુચિ હોય તો એને પોતાનો આ

પરાશ્રિતભાવ છૂટી અને સ્વઆશ્રયભાવ જે આત્માનો જ્ઞાયકભાવ તે પ્રગટ થાય. રુચિપૂર્વક હોય તો. રુચિ વગર તો ઘણાને મળે છે. વાણી મળે છે, પણ અંદર રુચિ ન હોય તો સાંભળ્યા કરે એમને એમ.

પ્રશ્ન :- સમાગમમાં પણ રુચિપૂર્વકનો સમાગમ હોય તો એને પોતાને હિતરૂપ થાય?

ઉત્તર :- તો હિતરૂપ થાય. બધા વ્યાખ્યાન સાંભળવા જાય છે, આપણે સાંભળવા જઈએ. એવું રુચિ વગરનું કરે એમાં કાંઈ લાભ થાય નહિ.

પ્રશ્ન :- અને પુણ્યનો યોગ હોય તો સમાગમ તો થાય.

ઉત્તર :- હા. સમાગમ થાય.

પ્રશ્ન :- પુરુષાર્થ પણ રુચિપૂર્વક જો કરે તો એને કાર્યકારી થાય.

ઉત્તર :- રુચિપૂર્વક પુરુષાર્થ કરે તો કાર્યકારી થાય. 'ગુરુદેવે' આમ કીધું છે એમ કરું. એમ ઉપર ઉપરથી કરે એમ થાય નહિ. પોતાની ઊંડી રુચિ હોવી જોઈએ. તો એ પુરુષાર્થ અંદરથી સાચો પ્રગટે અને અંદર પોતે પુરુષાર્થ કર્યા કરે, પોતાની રુચિ હોય તો.

પ્રશ્ન :- બહુ સરસ વાત આવી. રુચિપૂર્વક સમાગમ અને રુચિપૂર્વક પુરુષાર્થ.

ઉત્તર :- બેય રુચિપૂર્વક (થવું જોઈએ). 'ગુરુદેવ' સંપ્રદાયમાં હતા. બધા વ્યાખ્યાન સાંભળવા જાય છે, આપણે પણ સાંભળવા જઈએ. એમ એવી રીતે જાય. એવી રીતે દર્શન મળે, વાણી મળે પણ સાંભળ્યા કરે. અને ત્યારપછી પણ ઘણા કહે કે 'ગુરુદેવ' બહુ સરસ વ્યાખ્યાન વાંચે (છે) માટે સાંભળવા જઈએ. એવી રીતે સાંભળવા આવે એ માત્ર બહારથી દેખાદેખી રૂઢીથી (જાય છે). અંદરની રુચિ (લાગે કે) આ કાંઈક જુદું કહે છે અને મારે આત્માનું કરવું છે, એમ રુચિપૂર્વક સાંભળે તો પોતાને લાભ થાય. પ્રયત્ન પણ પોતાની રુચિ હોય તો જ થાય પ્રયત્ન. ધર્મ કરવા જેવો છે અને આપણે કરવો એમ રૂઢિગતે કરે એનો અર્થ એવો (કે) એના જેવું પુણ્ય, એવી જાતનું પુણ્ય બંધાય.

પ્રશ્ન :- આત્માની પ્રાપ્તિ કે આત્માનો અનુભવ એ રીતે ન થાય?

ઉત્તર :- એ રીતે ન થાય. પોતાનો આશ્રય ચૈતન્યનો ગ્રહણ કરવો એ અંદરની રુચિ હોય તો જ થાય. નહિતર તો એને અંદર જાય તો એને લુખ્ખું લાગે. કાંઈ સમજાય નહિ એવું થાય. રુચિ હોય તો જ એને ગ્રહણ થાય.

પ્રશ્ન :- બહુ સુંદર સ્પષ્ટ ...

ઉત્તર :- લુખ્ખું લાગે કેટલાકને એમ થાય (કે) આ જ્ઞાન. જ્ઞાન એટલે આ જાણવું. આ જાણવામાં શું? એમ લુખ્ખું લાગે. પણ એને પોતાને રુચિ નથી. જ્ઞાન જાણવામાં બધું છે. જાણવામાં આત્મામાં કાંઈક ગંભીરતા ભરી છે. એમ રુચિ હો તો બધું ગ્રહણ કરે. રુચિ વગર એને બધું કાંઈ સમજાય નહિ.

પ્રશ્ન :- મુખ્ય રુચિ છે.

ઉત્તર :- રુચિ હોય તો જ ગ્રહણ થાય.

પ્રશ્ન :- પોતાનું સુખ પોતામાં છે એવું બરાબર નક્કી થાય તો જ આગળ (જવાય).

ઉત્તર :- તો જ આગળ જાય. મારું સુખ મારામાં છે, બહારમાં નથી. અંતરમાં નિવૃત્તસ્વરૂપમાં, જ્ઞાયકસ્વભાવમાં એમાં જ સુખ ભરેલું છે, બહાર નથી. કેટલાકને એવું છે અંદર શાંતિથી, ધીરજથી વિચાર કરવો ગમે નહિ, કેટલાકને ધમાલ ગમે. એ અંદરથી રુચિ ચૈતન્યની લાગવી એ અંદરથી પોતાને એ ગમવું જોઈએ. અંદર શાંતિ, અંદર સ્વભાવની શાંતિ ગમે, આત્મ નિવૃત્તસ્વરૂપ ગમે. કેટલાકને તો વિકલ્પની ધમાલો જ ગમતી હોય છે.

પ્રશ્ન :- એ રીતે રુચિપૂર્વક પ્રયત્ન કરે...

ઉત્તર :- તો જ પોતાનો સ્વભાવ પ્રગટે, તો જ અંદર માર્ગ થાય, તો જ ચૈતન્યનું પરિણમન થાય. જેને જે રુચિ તે જાતનું પરિણમન થયા વગર રહે નહિ. જેને રુચિ નથી તો એ રુચિ વગર પરિણમન એ જાતનું થાતું નથી.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'નો એક બીજો બોલ છે. એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો તે મિથ્યાત્વ સાથે મળેલો રાગ છે અને પ્રયોજનવશ એક નયને પ્રધાન કરી તેનું ગ્રહણ કરે તો તે મિથ્યાત્વ સિવાય અસ્થિરતાનો રાગ છે.

ઉત્તર :- માત્ર મિથ્યાત્વ...

પ્રશ્ન :- મિથ્યાત્વ સિવાય માત્ર અસ્થિરતાનો રાગ છે.

ઉત્તર :- એક નયને જ સર્વથા.. એક નયનો જ પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વસહિત મળેલો રાગ છે. એક વાતને જ... જે આત્માનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે એમાંથી એક જ વાતને ગ્રહણ કરે તો એ મિથ્યાત્વવાળો રાગ છે. એક પક્ષ જ ગ્રહણ કરી લીધો કે આત્મા એકાંત. બસ! આત્મામાં કાંઈ થયું જ નથી. એકાંત ગ્રહણ કર્યું. અને કાં તો આત્મામાં અશુદ્ધતા—હું અશુદ્ધ જ થઈ ગયો છું, અશુદ્ધ જ થઈ ગયો. મારું પોતાનું સ્વરૂપ શુદ્ધ છે. એ નહિ. હું અશુદ્ધ જ થઈ ગયો.

કાં તો હું શુદ્ધ જ છું, મારામાં કાંઈ છે જ નહિ. હું તો શુદ્ધ જ છું. એવી જાતનો એકાંત પક્ષ ગ્રહણ કરે તો મિથ્યાત્વસહિત મળેલો રાગ છે. એક વાતને મુખ્યતાએ ગ્રહણ કરી પ્રયોજનવશ એકને પ્રધાન કરે, બીજાને ગૌણ કરે તો એ અસ્થિરતાનો રાગ છે. એમાં મિથ્યાત્વનો દોષ નથી.

આત્મા નિશ્ચયદૃષ્ટિથી શુદ્ધ છે, પણ પર્યાયમાં અશુદ્ધતા છે. એ અશુદ્ધતા ટાળવાની રહે છે અને શુદ્ધતા પ્રગટ કરીને સાધના કરવાની રહે છે. એ બધું એનું વ્યવસ્થિત સમજે છે. એક નય મુખ્ય થાય. દ્રવ્યદૃષ્ટિથી જ્ઞાયકમાં શુદ્ધતા છે પણ પર્યાયમાં અશુદ્ધતા છે. એમ મુખ્ય-ગૌણપણે સમજે તો પણ હજી અસ્થિરતા છે. રાગથી છૂટી શક્યો નથી માટે અસ્થિરતાનો રાગ છે. રાગ છે. વીતરાગ નથી થઈ ગયો પણ રાગ અસ્થિરતાનો છે. ઓલો તો એકત્વબુદ્ધિનો રાગ છે. સમજતો નથી.

પ્રશ્ન :- માતાજી! અનેકાંતનું પ્રયોજન તો સમ્યક્ એકાંત એવા સ્વરૂપને ગ્રહણ કરવું તે છે, તો અનેકાંતનું જ્ઞાન કરીને કોઈ એકાંતનો પક્ષ કરે તો એને મિથ્યાત્વ...?

ઉત્તર :- અનેકાંતનું જ્ઞાન કરીને એકાંતનો પક્ષ એવો પક્ષ એને આવે જ નહિ, એકાંતનો પક્ષ. એની પ્રધાનતા થાય. જે અનેકાંતને સાચું સમજે એને એકાંતનો એવો પક્ષ ન આવે કે એ પર્યાયને કાઢી નાખે. એવો પક્ષ એને આવે નહિ. એ એકાંતે વસ્તુ શુદ્ધ જ છે એમ કહે પણ એના અભિપ્રાયમાં એને પર્યાયને કાઢી નાખીને એવું એકાંત (હોય નહિ). સમ્યક્ એકાંત હોય એને, મિથ્યા એકાંત ન હોય. અનેકાંત જે સાચું સમજે એની સાથે જે એકાંત હોય એ એકાંત સમ્યક્ એકાંત હોય છે. મિથ્યા એકાંત નથી હોતું.

પ્રશ્ન :- એનો અર્થ કે ગમે તેટલું જોર આપતો હોય જ્ઞાયકનું, છતાં એને ગૌણપણે તો...

ઉત્તર :- ગૌણપણે એના લક્ષમાં, એના જ્ઞાનમાં છે. એના જ્ઞાનમાંથી નીકળી નથી ગયું. જોર આપે તોય.

પ્રશ્ન :- એટલે સર્વથા એક નયનો પક્ષ એને નથી?

ઉત્તર :- નથી. આત્મામાં શુદ્ધતા જ છે. એ એમ કહે કે આત્મામાં શુદ્ધતા જ છે. અશુદ્ધતા પેઠી જ નથી. શુદ્ધ જ દેખાય છે. અશુદ્ધતા છે જ ક્યાં? શુદ્ધ જ છે. એમ એને આમ મહિમામાં બોલે, ભાવનામાં બોલે. અશુદ્ધતા દેખાતી જ નથી એના તળમાં. એના મૂળમાં તો અશુદ્ધતા છે જ નહિ. માટે આત્મા અશુદ્ધ જ નથી, શુદ્ધ જ છે એમ બોલે. પણ એના ખ્યાલમાંથી જાય નહિ. જોર આપે એમ.

આ દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો એના મૂળમાં તો કાંઈ અશુદ્ધતા દેખાતી નથી. સ્ફટિકની અંદર જઈને જોવે છે તો સ્ફટિકમાં તો અશુદ્ધતા છે જ નહિ. માટે સ્ફટિક અશુદ્ધ થયું જ નથી. એમ ચૈતન્યના મૂળ તળમાં જાય તો એમાં કાંઈ અશુદ્ધતા પેઠી નથી. માટે આત્મા અશુદ્ધ થયો જ નથી એમ કહે. પણ એ એનું એકાંત એવું હોય કે અનેકાંતને છોડીને એકાંત ન હોય. એમ બોલે તોપણ. ભૂતાર્થ દૃષ્ટિ જો આવે, એની સમીપ જઈને જોવે તો કાંઈ ઓલું કમલિનીનું પત્ર એ કાદવથી કાંઈ લેપાયું જ નથી. એમ કહે.

પ્રશ્ન :- સ્વભાવને નજીક જઈને જોવે તો...

ઉત્તર :- સ્વભાવને નજીક જઈને જોવે તો કાંઈ લેપાયું જ નથી. એ તો શુદ્ધ જ છે. કાદવ તરફથી જોવે તો એ લેપાયેલું દેખાય છે. એના મૂળમાં જોઈએ તો ઓલા કમલિનીને ક્યાંય નથી લાગ્યો, લેપ તો કાંઈ લાગ્યો જ નથી. એમ જોવામાં આવે છે. એમ કહે. એ એકાંતથી એમ કહે. ઓલાને પણ છોડી ન દે. એના ખ્યાલમાં હોય છે. કાદવની સમીપ જઈને (જોવે) તો લેપાયેલું દેખાય છે. એ વાત ખોટી નથી. એ વાતને ખ્યાલમાં રાખે છે. ઓલી એની પર્યાયમાં અશુદ્ધતા છે એ ખ્યાલમાં છે, પણ એના મૂળ તળમાં અશુદ્ધતા નથી પેઠી. એ અપેક્ષાએ કહે છે.

પ્રશ્ન :- એની સામું નજર રાખીને જ કહે છે?

ઉત્તર :- એની સામું નજર રાખીને કહે છે કે અશુદ્ધતા છે જ નહિ. અશુદ્ધતા દેખાતી જ નથી. ઓલું કહે છેને, હું એને કયા નયથી અશુદ્ધ કહું? એને કેવી રીતે કહું? ઈ દ્રવ્ય ઉપર નજર રાખીને કહે છે. એટલે એને દેખાતું નથી એ દૃષ્ટિથી જોઉં છું ત્યાં, પણ આ દૃષ્ટિથી જોઉં ત્યાં દેખાય છે. માટે બે મેળ કરીને સાધના થાય છે. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતા રાખી અને જ્ઞાનનો પછી એનો મેળ કરીને (સાધના થાય). સાધના એક તરફથી થાતી નથી. તો પછી શુદ્ધતા જ છે તો પછી સાધના કરવાની શું કામ ઊભી છે તો પછી? તો પછી તળમાં નથી તો મોક્ષનું વેદન હોવું જોઈએ. આનંદનું વેદન તો નથી. માટે પર્યાયની વાત ઊભી રહી જાય છે. વેદન નથી આનંદનું માટે સાધના કર. માટે પરિણતિમાં ફેર પડ્યો છે. મૂળ વસ્તુમાં તો નથી પણ તારી પરિણતિમાં ફેર પડ્યો છે. માટે ઈ એને લક્ષમાં રહે છે. એ પરિણતિની શુદ્ધતાનો પ્રયત્ન કરવાનો રહે છે. સમ્યક્ એકાંત આવી રીતે હોય છે. એમાં જોર કરે, એની મહિમા આવે. એના તરફથી જોઈને કહે એટલે નથી એમ કહે. પણ એમાં પછી બીજી અપેક્ષા એના ખ્યાલમાં હોય છે.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૮ B

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવશ્રીના વચનામૃત'માં (આવે છે કે) તત્ત્વ વિચારના અભ્યાસથી જીવ સમ્યગ્દર્શન પામે છે. એ જેને નથી એ ઘણા શાસ્ત્રનો અભ્યાસ કરે, વ્રત-તપ કરે તોપણ તે સમ્યક્ત્વનો અધિકારી નથી. તત્ત્વના વિચારના અભ્યાસથી એમ જે કહ્યું તો એમાં કેવા પ્રકારનો તત્ત્વનો અભ્યાસ (કહેવો છે)?

ઉત્તર :- તત્ત્વ વિચારનો અભ્યાસ એટલે સ્વભાવ ઓળખીને આત્માનો શું સ્વભાવ છે? એના દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? એમ એનો વિચાર કરે ઊંડી રીતે, એવો તત્ત્વનો અભ્યાસ કરે. ભલે એના વિના શાસ્ત્રનો અભ્યાસ કરે, વ્રત, તપ કરે, શાસ્ત્રનો અભ્યાસ કરે, પણ અંદર તત્ત્વને સમજે નહિ અને શાસ્ત્ર એમને એમ ભણી જાય અથવા ઉપરથી વિચાર કરે ઉપર ઉપરથી, પણ અંદર ઊંડો વિચાર કરે નહિ તત્ત્વનો કે ચૈતન્યના ગુણો શું? પર્યાય શું? દ્રવ્ય શું? આ પરદ્રવ્ય શું? આ વિભાવ શું? સમ્યગ્દર્શન શું? ચારિત્રદશા, કેવળજ્ઞાન શું? એમાં તત્ત્વનો અભ્યાસ અંદર સ્વભાવને ઓળખીને કરે નહિ તો એને સમ્યગ્દર્શન થાતું નથી. તત્ત્વ વિચાર એનું મુખ્ય કારણ છે. જો સમજ્યા વગરનું કરે તો એ કાંઈ જ્ઞાયકને ગ્રહણ કરી શકતો નથી. જ્ઞાયકને ગ્રહણ કરવામાં તત્ત્વ વિચાર સાથે હોય છે. સમજ્યા વગરનું થઈ શકતું નથી. મૂળ પ્રયોજનભૂત સમજે, પણ તત્ત્વને સમજ્યા વગર આગળ જઈ શકતો નથી, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકતી નથી.

પ્રશ્ન :- માતાજી! તત્ત્વ વિચાર(થી) લક્ષણ જાણી લીધું. લક્ષણ એટલે લક્ષના સ્વરૂપથી ગ્રહણ કર્યું. એટલું જ નહિ પણ પુદ્ગલના જે સ્પર્શ, રસ, ગંધ આદિ ભાવો, રાગાદિ ભાવો એનાથી જ્ઞાનનું રૂપ જુદું સમજીને, આ જ્ઞાયક તે હું છું, એમ વિચાર સુધી તો પહોંચે છે, પણ ત્યારપછી એનો નિર્ણય નથી આવતો તો ત્યાં શું એને રોકતું હશે?

ઉત્તર :- એનો નિર્ણય નથી આવતો એનું કારણ પોતાનું જ છે કે આ પુદ્ગલ શું? આ રાગાદિ ભાવો શું? આત્મા શું? પણ એ જ્ઞાયકને ગ્રહણ કરવામાં પહોંચી નહિ શકવાનું કારણ પોતાના પુરુષાર્થની મંદતા. એટલી લગની લાગી નથી, એટલી એને જરૂરિયાત લાગી નથી, અને એટલો અંદર વૈરાગ્ય નથી, એટલી ચૈતન્યની મહિમા નથી. વિચાર કરે પણ સાથે બધું જોઈએ. વૈરાગ્ય જોઈએ, મહિમા જોઈએ,

બધું હોય તો એ તત્ત્વને યથાર્થપણે ગ્રહણ કરી શકે છે.

મારે કાંઈ નથી જોઈતું. મારે એક આત્મા જ જોઈએ છે. એવી અંદરથી લગની લાગવી જોઈએ, એટલો પુરુષાર્થ થવો જોઈએ તો થઈ શકે છે. એને એમ થાય કે અનંતકાળથી આ ભવભ્રમણ કરતાં કરતાં આ મનુષ્યભવ મળ્યો, એમાં આવા 'ગુરુદેવ' મળ્યા તો ભવનો અભાવ કેમ થાય? એને માટે એનો પુરુષાર્થ એમને એમ જો પુરુષાર્થ વારંવાર કરે તો થાય. પુરુષાર્થ કર્યા વગર થઈ શકતું નથી. ઉપર ઉપરથી વિચાર કર્યે થાતું નથી. અંદરમાં ઊંડો ઉતરીને વિચાર કરે તો થાય. અંદરથી ગ્રહણ કરે તો થાય.

પ્રશ્ન :- માતાજી! પહેલા તો જ્ઞાન જુદું પડતું નહોતું. રાગ અન બધું ભેળસેળપણે ખ્યાલમાં આવતું હતું. આપની કૃપાથી જ્ઞાન, સ્પર્શ, રસ, વર્ણ, ગંધ આદિ ભાવોથી, રાગથી (જુદું) ખ્યાલમાં આવે છે કે અમૂર્તિક જ્ઞાન ચૈતન્ય સ્વચ્છતામાત્ર સ્વપરપ્રકાશરૂપ આ છે, એવું જે ત્રિકાળ આખું તત્ત્વ છે તે જ હું છું, એમ રુચિભાવે એમાં દઢતા કરતા જઈએ છીએ. છતાં જે નિર્ણય આવવો જોઈએ એ નિર્ણય આવતો નથી અને હું શરીર છું, હું રાગી છું એમ થઈ જાય છે તો શું કરવું?

ઉત્તર :- એને વારંવાર ગ્રહણ કરવાનો અભ્યાસ કરવો. નિર્ણય તો કર્યો પણ એને ગ્રહણ કરવાનો વારંવાર અભ્યાસ કરવો. શરીરની એકત્વબુદ્ધિ અનાદિકાળથી છે, તો વારંવાર હું જ્ઞાયક છું એ જ્ઞાયકને ગ્રહણ કરવા માટે, અંદરથી ગ્રહણ કરવા માટે વારંવાર અભ્યાસ કરવો. કારણ એકદમ તો કોઈને થાય છે, પણ એ અભ્યાસ કરવાથી થાય છે. એને વારંવાર એને ગ્રહણ કર્યા કરવું. હું જ્ઞાયક છું, હું આ નથી, હું તો જ્ઞાયક છું. એમ પાછો વળે. એકત્વબુદ્ધિ તોડીને અંદર જાય કે હું તો જ્ઞાયક છું. એમ વારંવાર વારંવાર એનો અભ્યાસ કરે, નિર્ણયને દઢ કરે. જેટલું જ્ઞાનમાત્ર સ્વરૂપ છે તે જ હું છું, બીજું હું નથી. એમાં સુખની તૃપ્તિ એમાં જ છે, બહાર ક્યાંય નથી. એમ વારંવાર પોતાને ગ્રહણ કર્યા કરે. વારંવાર અભ્યાસ કરવાથી થાય. એકવાર નિર્ણય કરી લીધો પછી મૂકી દીધું, તો એમ થાય નહિ. રુચિ એનું નામ કહેવાય કે જેને રુચિ લાગી તો વારંવાર ત્યાં જાય, વારંવાર એનો અભ્યાસ કરે. વારંવાર અભ્યાસ કર્યા કરે તો થાય.

પ્રશ્ન :- વારંવાર ઉપર આપનું વજન છે એટલે વારંવાર એને..

ઉત્તર :- વારંવાર એને દઢતા કરવી પડે, વારંવાર એનો અભ્યાસ કરે તો થાય.

પ્રશ્ન :- માતાજી! બીજો પ્રશ્ન છે કે તત્ત્વ સમજવામાં, એના વિચારમાં જે

શુભભાવ સહેજે આવે છે એવા ઊંચા શુભભાવ ક્રિયાકાંડમાં નથી. અરે..! એક કલાક ધ્યાન રાખી તત્ત્વને સાંભળે તોપણ શુભભાવની ટંકશાળ પડે અને શુભભાવની સામાયિક થઈ જાય. તો પછી ચૈતન્યની જાગૃતિ લાગી, નિર્ણય કરે તો તેની વાત જ શી? આમાં મારે આપને એ પૂછવું છે કે શુભભાવ સહેજે આવે છે એક વાત. બીજું, શુભભાવની સામાયિક થઈ જાય, એ બીજું અને ત્રીજું, ચૈતન્યની જાગૃતિ લાવી, તો ચૈતન્યની જાગૃતિ લાવી નિર્ણય કરે તો તેની તો શી વાત? એમ ત્રણ પ્રશ્ન મારે આમાંથી આપને...

ઉત્તર :- ચૈતન્યની જાગૃતિ લાવીને કરે એની સાથે જે શુભભાવ હોય, એ શુભભાવ તો જુદો હોય. એને શુભભાવને હેય માને તોપણ એ જે શુભભાવમાં જે રસ પડે એ એનો જુદો પડે છે અને એની સ્થિતિ ઓછી પડે છે. એ શુભભાવ જુદો હોય. અને જે ઓલો તત્ત્વ વિચારમાં તો સહેજે શુભભાવ જ હોય છે. તત્ત્વ વિચાર કરે એમાં કાંઈ અશુભ નથી હોતું. એની સાથે રહેલો જે ભાવ છે તે શુભ હોય છે. અને સામાયિક એટલે કે જે સામાયિક પોતે સમતાભાવ ધારણ કરે અને સામાયિક કરે એ એક જાતની સામાયિક થઈ ગઈ. વારંવાર તત્ત્વ વિચારમાં સ્થિર રહ્યો એટલે એક જાતની સામાયિક. જે સ્વરૂપની સામાયિક થાય એ તો એક જુદી વાત છે. આ તો શુભભાવરૂપ એક જાતની સામાયિક થઈ ગઈ. એમાં ને એમાં રોકાઈ ગયો તત્ત્વના વિચારમાં એટલે એમ સામાયિક. અંદર સ્વરૂપની સ્થિરતાની જે સામાયિક થાય એ સામાયિક જુદી છે, શુદ્ધતાની સામાયિક એ જુદી છે.

પ્રશ્ન :- શુભભાવરૂપ સામાયિક એટલે સામાયિક એટલે સમતાભાવ.

ઉત્તર :- સમતાભાવ. એ સમતાભાવથી વિચાર કરે છે. એણે વિચાર કર્યો એટલે એક જાતની સામાયિક થઈ. સામાયિક લઈને બેઠા અને વિચાર ક્યાંક ફરે ઈ સામાયિક નહિ. પણ આ શુભભાવમાં રોકાણો, એ આ તત્ત્વ વિચારમાં રોકાણો તો એને સામાયિક કહો. એ સહેજે શુભભાવમાં રોકાણો અને એક જાતની એમાં લાંબો ટાઈમ રોકાય છે માટે એ સામાયિક કહી. સમતાભાવરૂપે જરા લાંબો ટાઈમ રોકાણો એટલે સમતાભાવરૂપે એને સામાયિક કીધી.

પ્રશ્ન :- એ વખતે એને બીજા પદાર્થોનું કોઈ લક્ષ નથી, વિચાર નથી, કાંઈ કરવાની ખાસ બુદ્ધિ નથી અને તત્ત્વના વિચારમાં જ એકલો રહ્યો છે.

ઉત્તર :- એકલો રહ્યો. એમાં એકાગ્ર થઈ ગયો માટે એ સામાયિક. એકમાં એકાગ્ર થઈ ગયો માટે એ સામાયિક. જે સામાયિક સમ્યગ્દર્શનપૂર્વક આત્માની

સ્થિરતાપૂર્વક હોય છે તે સામાયિક નહિ. આ સામાયિક શુભભાવરૂપે છે.

પ્રશ્ન :- છતાં તત્ત્વ વિચારમાં રહ્યો એને શુભભાવની સામાયિક પણ એને જ કહી?

ઉત્તર :- હા. એને કહી. તત્ત્વ વિચારમાં રહે એને સામાયિક (કહી). બીજા વિચારમાં રહે નહિ. બહારથી બેઠો હોય એટલે કાંઈ સામાયિક થાતી નથી. અંતરની એકાગ્રતા હોય તો સામાયિક કહેવાય છે. અને જાગૃતિપૂર્વક, અંદર ચૈતન્યની જાગૃતિપૂર્વક હેયબુદ્ધિએ શુભભાવ આવે છે એ શુભભાવ તો જુદા હોય છે. વળી શુભભાવ ઊંચા જે તીર્થંકરપદ, ચક્રવર્તીપદ એ બધા પદો જે શુભભાવો હોય એ તો હેયબુદ્ધિએ હોય છે. એટલે એ શુભભાવ તો જુદા હોય છે. એનો રસ ઘણો હોય છે અને સ્થિતિ તો અમુક હોય છે એની.

પ્રશ્ન :- એ તો જુદો જ પ્રકાર છે?

ઉત્તર :- એ જુદો પ્રકાર છે કે અંદર સ્વરૂપની સાધના કરતા કરતા કોઈ કોઈને એવા શુભભાવો હોય છે કે જેમાં ચક્રવર્તીપદ અને તીર્થંકરપદ ને એ બધા પદો આવે છે. એ શુભભાવ જુદો. બધાને એવી જાતનો શુભભાવ ન હોય. કોઈ જુદી જુદી જાતના શુભભાવ હોય. એટલે આત્માના લક્ષપૂર્વક અને સમ્યગ્દર્શનપૂર્વક જે શુભભાવ હોય એ શુભભાવ જુદા હોય છે. એવા અજ્ઞાનદશામાં એવા શુભભાવનો રસ હોતો પણ નથી. કારણ કે એકત્વબુદ્ધિમાં શુભભાવ કરે એટલે એની સ્થિતિ ઘણી પડે છે, રસ અમુક જ હોય છે. કારણ એને એકત્વબુદ્ધિ છે. શુભભાવને આદરણીય માન્યો છે. એટલે એની સ્થિતિ ઘણી હોય છે અને રસ અમુક હોય છે. એને એવા શુભભાવ હોતા નથી.

પ્રશ્ન :- તત્ત્વના વિચારવાળામાં એકત્વબુદ્ધિ લેવી કે એ તો મંદ જ થતી જાય છે એને તો.

ઉત્તર :- એને મંદ થતી જાય છે. એકત્વબુદ્ધિની પરિણતિ છે, પણ એનું વલણ બધું ભેદજ્ઞાન તરફ અને તત્ત્વના વિચાર તરફ છે. એકત્વબુદ્ધિની મંદતા છે. એકત્વબુદ્ધિ તો છે. ભેદજ્ઞાનની ધારા નથી.

પ્રશ્ન :- આના અનુસંધાનમાં એક બીજો બોલ છે ત્યાં એમ લીધું છે કે પરવસ્તુનું હું કરી શકું છું એમ જેણે માન્યું તેને પોતાના ચૈતન્યની જાગૃતિ દબાઈ ગઈ માટે તે અપેક્ષાએ તે જડ છે. ચૈતન્યની જાગૃતિ દબાઈ ગઈ...

ઉત્તર :- માટે જડ છે. પરવસ્તુને હું કરી શકું છું. પર તરફ જ એની દૃષ્ટિ છે.

પર તરફ ઉપયોગ છે. ચૈતન્યની કાંઈ જાગૃતિ નથી. જાણે તો છે પણ આત્માને જાણતો નથી, પરનું જાણે છે, પરવસ્તુમાં તલ્લીન છે. આત્માની જાગૃતિ નથી માટે એ જડ છે.

જાણવાનો સ્વભાવ છે પણ તારું જાણવું શું કામનું છે? કે પરને જાણ્યા કર્યું. તું આત્માને જાણ તો ખરું તેં જાણ્યું છે. જેણે આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. જેણે આત્માને નથી જાણ્યો અને બધું બહારનું જાણ્યું તો એણે કાંઈ જાણ્યું નથી. આત્માને જાણ્યું એટલે એમાં બધું આવી જાય છે. એક આત્માને જાણતા એને સાધના વધતા-વધતા એને પૂર્ણતા થવાની છે. અને જે આત્માને જાણતો નથી અને બહારનું બધું શાસ્ત્ર ભણી ગયો તોપણ કાંઈ આત્માને જાણતો નથી તો કાંઈ જાણ્યું નથી.

પ્રશ્ન :- જેને પરની કર્તૃત્વબુદ્ધિ પડી છે અજ્ઞાનભાવમાં એની ચૈતન્યની જાગૃતિ દબાઈ ગઈ એટલે કે પોતાનો ચૈતન્ય સ્વભાવ શું છે એ ખરેખર જાણતો નથી.

ઉત્તર :- જાણતો નથી. ચૈતન્યને જાણતો જ નથી. એની જાગૃતિ દબાઈ ગઈ. બહારમાં બધું બહાર જ એને દૃષ્ટિમાં આવે છે. પર ને પરની કર્તાબુદ્ધિ અને પર તે હું અને હું તે પર, રાગ તે હું અને હું તે રાગ કાંઈ... શૂન્યતા એને કાંઈ ચૈતન્ય તો દેખાતો નથી. બધું બહાર જ દેખાય છે. સ્થૂળ બુદ્ધિ થઈ ગઈ છે.

પ્રશ્ન :- એ અપેક્ષાએ એને જડ કહે છે.

ઉત્તર :- એટલે જડ છે. વાસ્તવિક જડ નથી પણ આત્માને જાણતો નથી માટે જડ છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૮ C

ઉત્તર :- ઈ છૂટો પડ્યો ઈ જુદો પડ્યો કહેવાય.

પ્રશ્ન :- છૂટાપણું તો સરખું જ છે.

ઉત્તર :- છૂટાપણું સરખું પણ એના વેદનમાં ફેર છે. એ અપેક્ષાએ સરખું કહેવાય.

પ્રશ્ન :- જેવું નિર્વિકલ્પદશામાં છૂટાપણું રહે એવું નથી?

ઉત્તર :- એવું નથી. છે એની શ્રદ્ધા. પરિણતિ, જ્ઞાયકની પરિણતિ અપેક્ષાએ છૂટો છે, પણ વિકલ્પથી છૂટો પડ્યો એ છૂટું જુદું છે. અંદર વિકલ્પ તરફથી ઉપયોગ છૂટી ગયો એ છૂટી ગયો. ભલે ઉપયોગ અપેક્ષાએ છૂટો પડ્યો છે. આ તો એની પરિણતિમાં છૂટો છે. એ જુદું છે.

પ્રશ્ન :- જ્યારે અજ્ઞાનીને તો ઉપયોગથી જે જણાય એટલું જ જણાતું હોય, સામાન્ય રીતે. બીજી જાતની પરિણતિ તો હોતી નથી. એટલે એ ખ્યાલમાં નથી આવતું કે પરને જાણે એ સમયે એને આત્મા પણ જણાય.

ઉત્તર :- એ વિચારથી નક્કી કરવાનું રહ્યુંને? એને પરિણતિ તો છે નહિ. એને વિચારથી જે નક્કી થાય એ કરવાનું રહ્યું. કારણ કે એના વેદનમાં તો એકત્વબુદ્ધિની પરિણતિ છે. એને વિચારીને નક્કી કરવાનું રહ્યું કે ઉપયોગ બહાર હોય ત્યારે એને પોતાની પરિણતિ કેવી રીતે રહે, ર એણે વિચારથી નક્કી કરવાનું રહ્યું. જેને પરિણતિ નથી એને તો વિચારથી નક્કી કરવાનું રહ્યું. એટલે એને વિચાર કરે સ્વભાવ ઓળખીને તો બેસે. એને કાંઈ વેદનથી તો નક્કી છે નહિ. એટલે નક્કી કરવું મુશ્કેલ પડે. સ્વભાવ ઓળખીને નક્કી થાય એ જુદું. બાકી એને મુશ્કેલ પડે. ગોળ ગળ્યો કહેવાય, સાકર ગળી કહેવાય, બધું ગળ્યું. વિચારથી નક્કી કરવું અને પછી એને વેદનથી નક્કી કરવું એ બેમાં ફેર છે.

પ્રશ્ન :- વેદનથી જે ખ્યાલમાં આવે એ વિચારથી તો ક્યાંથી ખ્યાલમાં આવે?

ઉત્તર :- વિચારથી નહિ, એ તો એને પ્રતીતથી, ન્યાયથી, યુક્તિથી એમ નક્કી થાય. પણ એ અનુમાન પ્રમાણ પણ સત્ય હોય છે. સાચું યથાર્થ જિજ્ઞાસાપૂર્વક કરેલું અનુમાન પ્રમાણ પણ સાચું હોય છે. પણ એને જેવું વેદનમાં હોય એવું તો આવવું મુશ્કેલ છે. પછી નક્કી કરે આ છૂટો, આ છૂટો એમાં શું ફેર? એમાં શું ફેર? પણ એ એને વિચારમાં આવવું મુશ્કેલ પડે. સવિકલ્પ, નિર્વિકલ્પ શાંતિ અને આનંદ એમાં શું ફેર છે? પણ એ વિચારમાં આવે તો વિચારથી નક્કી કરવાનું રહે. પણ વિચારથી નક્કી કરી શકાય છે. જ્ઞાનસ્વભાવ અસાધારણ છે. એ જ્ઞાનસ્વભાવ લક્ષણથી લક્ષ ઓળખાય છે. પછી એનું વેદન શું હોય? આનંદ શું હોય? સવિકલ્કદશા કેવી? નિર્વિકલ્પદશા કેવી? ઈ બધું તો એને વિચારથી નક્કી કરવાનું રહે છે.

આચાર્યો કહે છે, 'ગુરુદેવે' ઘણું કીધું છે. એ પોતે અમુક વિશ્વાસ રાખીને સ્વભાવ ઓળખીને નક્કી કરે તો થાય. જેણે વેદન કર્યું હોય એવા 'ગુરુદેવે' બધું કીધું છે, આચાર્યોએ કીધું છે. એના વચન ઉપર વિશ્વાસ રાખીને નક્કી કરે.

પ્રશ્ન :- વાણીમાં કાંઈ શંકા નથી, માતાજી!

ઉત્તર :- એ તો શંકા નથી. એ તો તમે જાણવા માટે પૂછો છો, પણ એ નક્કી તો વિચારથી જ કરવાનું રહે છે. સમજવા માટે પૂછો છો, પણ એનો ઉત્તર આ છે. એ કાંઈ દેખાડી શકાતું નથી. એ તો જેટલું કહેવાય એટલું કહેવાય છે.

પ્રશ્ન :- જ્ઞાનીની પરિણતિ જાણવાની ઈચ્છા બહુ થાય છે. એટલા માટે..

ઉત્તર :- ઈચ્છા થાય, જિજ્ઞાસા થાય એ વાત સાચી છે, પણ નક્કી કરવાનું તો પોતાથી જ રહે છે એને. જિજ્ઞાસા તો રહે કે શું સવિકલ્પદશા હોય, શું નિર્વિકલ્પદશા હોય. એને જાણવાની જિજ્ઞાસા રહે એ વાત સાચી છે.

પ્રશ્ન :- સામાન્ય રીતે જ્ઞાન પણ, હું જ્ઞાન કરું છું અને પેલું જ્ઞેય છે એવું અજ્ઞાનીને તો હોતું નથી. પરજ્ઞેય જણાય, જ્યારે આ જ્ઞેય છે અને હું જ્ઞાન કરું છું એવો અજ્ઞાનીને તો ખ્યાલ આવતો  નથી.

ઉત્તર :- એને ભેદજ્ઞાન ક્યાં છે તે ખ્યાલ આવે. એ તો એકત્વબુદ્ધિ છે. જણાય છે. હું જ્ઞાન છું અને આ જ્ઞેય છે એવું ભેદજ્ઞાન એને નથી. એ તો એકત્વબુદ્ધિ છે. જ્ઞાન-જ્ઞેયનો ભેદ જ ક્યાં છે એને. જ્ઞાતા અને જ્ઞેય બે જુદા એને ભેદ નથી. કેમકે ભેદજ્ઞાનની ધારા નથી. એને કાંઈ નથી. જે જણાય એની સાથે એકત્વબુદ્ધિ છે. તે જ ક્ષણે જ્ઞાયક કાંઈ એને જુદો રહેતો નથી. જે જણાય તે વખતે એક થઈ જાય છે. અને ઓલું તો એને સહજપણે જુદો રહે છે જ્ઞાયક. જ્ઞાયક સહજ રહે અને આ જ્ઞેય અને હું જ્ઞાતા છું. એ સહજ રહે છે અને આને સહજ એકત્વબુદ્ધિ થાય છે. એને જુદો રહેતો નથી. પછી વિચાર કરે કે આ જ્ઞેય છે અને હું જ્ઞાતા છું. એમ વિચાર કરી શકે. એમાં એકત્વ નહિ થાતા, આ જ્ઞેય છે, હું તો જ્ઞાતા છું, આ મારો સ્વભાવ નથી એમ વિચારો કરી શકે, જુદો રહેવાનો પ્રયત્ન કરી શકે. એમ બધું કરી શકે પણ સહજ પરિણતિ નથી.

પ્રશ્ન :- જ્ઞાનીને તો ધારા જ એવી છે કે આ જ્ઞેય જણાય તો હું જાણનારો એનાથી જુદો.

ઉત્તર :- સહજ ધારા છે. એ પરિણતિ જ એને અંદરથી સહજ પ્રગટી છે અને એવી પુરુષાર્થની ધારા છે એની. એવી પુરુષાર્થની ધારા રહે છે અને એવી પરિણતિ પ્રગટ થઈ છે. એને વિચારવું નથી પડતું.

પ્રશ્ન :- કોઈ વિકલ્પની ઉત્પત્તિ થાય તોય વિકલ્પનો હું જ્ઞાતા છું. ભલે પોતાની નબળાઈ હોય એ જાણે.

ઉત્તર :- વિકલ્પ થાય તોપણ હું તો જ્ઞાતા છું. એ તો જ્ઞાનીને સહજ રીતે એને વિકલ્પ કરીને એમ વિચાર નથી કરવો પડતો કે આ વિકલ્પનો હું જ્ઞાતા છું. વિકલ્પ ઊઠે એ વખતે જ્ઞાતા જ રહે છે. એ તો નબળાઈને લઈને જોડાય છે બાકી, હું તો જ્ઞાતા છું. અમુક અસ્થિરતા થાય છે.

પ્રશ્ન :- માતાજી! ભલે પૂરો ખ્યાલ નથી આવતો, પણ થોડો થોડો ખ્યાલ તો આવે છે અને બહુ આનંદ આવે છે, ખ્યાલ આવે છે આ વાત સાંભળીને.

ઉત્તર :- એ જાતનો ખ્યાલ આવે, મહિમા આવે, ભેદજ્ઞાનની, નિર્વિકલ્પ દશાની મહિમા આવે તો સારું છે. 'ગુરુદેવે' ઘણું કીધું છે કે આત્મા અપૂર્વ છે, એ કોઈ જુદો છે એમ મહિમા આવે, સમજાય તો સારું.

પ્રશ્ન :- ઉપયોગ જુદું કામ કરતો હોય, એ વખતે લબ્ધ પરિણતિમાં હું જ્ઞાયક છું એમ જ્ઞાનીને એવું નિરંતર રહ્યા કરે છે. અજ્ઞાનીને પણ કોઈ અપેક્ષાએ એ પ્રકારનું પરિણમન રહ્યા કરે. ઉપયોગ પરમાં હોય એ વખતે હું આ વાણિયો છું ને ફલાણો છું. એવું પરિણમન તો એને લબ્ધરૂપ પરિણમનમાં એ તો ચાલ્યા જ કરે છે. જ્ઞાનનો સ્વભાવ જ આ રીતે છે કે ઉપયોગ જુદો હોય તોપણ એ લબ્ધરૂપ પરિણમન તો બીજું અંદરમાં ચાલ્યા જ કરે છે. એ ઉપરથી અનુમાન કરવું પડે તો જ્ઞાનીની શુદ્ધ પરિણતિ અને એના ઉપયોગને આ રીતે અનુમાન થોડું થઈ શકે.

ઉત્તર :- અનુમાન તો થઈ શકે છે. અમુક એના સ્વભાવ અને પરિણતિ ઉપરથી અનુમાન થઈ શકે. એ લબ્ધરૂપ પરિણતિ છે કે હું આ છું, તે છું. અને જ્ઞાનીને એની પ્રગટ પરિણતિ રહે છે એ વખતે. ઈ અનુમાન થાય, અમુક અનુમાન દૃષ્ટાંત ઠીક પણ આ એને ગૌણપણે એમ રહે છે કે હું આ છું.. આ છું.. એમ. લબ્ધમાં. એ લબ્ધ અને આ લબ્ધ બે જુદું છે. આ જે ઉઘાડરૂપ લબ્ધ છે જ્ઞાનીનું છે તે.

પ્રશ્ન :- ..ઉઘાડરૂપ લબ્ધ

ઉત્તર :- ઉઘાડરૂપ લબ્ધ છે એનું. ઉપયોગ બહાર હોય તોય અંદર એને ઉઘાડરૂપ પરિણતિ છે કે હું જ્ઞાયક છું. ઉપયોગ તે તરફ નથી પણ એ લબ્ધ જુદું છે એમાં.

પ્રશ્ન :- એ ખ્યાલ નહોતો.

ઉત્તર :- એ ઉઘાડરૂપ લબ્ધ છે એને.

પ્રશ્ન :- બેમાં આંતરો પાડવો હોય તો કેવી રીતે કરી શકીએ? એક સામાન્ય લબ્ધરૂપ અને એક ઉઘાડરૂપ.

ઉત્તર :- એની દશાનો પલટો થઈ અને અંદર દશા જે અનાદિની છે એકત્વની, એની દશાનો પલટો થઈ અને એ પરિણતિ વર્તે છે અને ઉપયોગ બહાર છે. એની દશાનો પલટો થઈ ગયો છે. ઓલું સામાન્ય રીતે કહે, હું આ માણસ છું કે આ વાણિયો છું, એ સામાન્ય રીતે રહે છે. એને વેદન કાંઈ નથી. આ એની દશાનો પલટો થઈ ગયો છે અંદરમાં. એ દશાનો પલટો થઈને અમુક જાતની પરિણતિમાં ફેર છે.

કોઈને અંદર ઊંડું કાંઈક દુઃખનું વેદન હોય અને બહાર બધે જોડાતો હોય તો અંદરથી એને દુઃખનું વેદન અમુક જાતનું કાંઈ દુઃખ લાગ્યું હોય એનું દુઃખનું વેદન હોય. એ વેદનને એ ભૂલતો નથી. એ વેદન રહે. આ દુઃખનું છે. ઓલું એને જ્ઞાયકનું શાંતિનું વેદન જે ઊંડુ પલટો થઈને આવેલું છે. ઉપયોગ બહર હોય તોપણ એને એ ભૂલાતું નથી અંદરથી.

પ્રશ્ન :- ઉઘાડરૂપ અને આમાં આટલો ફેર છે.

ઉત્તર :- એમાં ફેર છે.

પ્રશ્ન :- ઓલું સાથે વેદન પણ નિરંતર રહે છે.

ઉત્તર :- વેદન રહે છે. પણ એ એક દૃષ્ટાંત છે. એ પણ એક દૃષ્ટાંત છે કે દુઃખનું વેદન હોય. કોઈ કાર્યોમાં જોડાય. કોઈક જાતનું અંદર દુઃખ લાગેલું હોય, તો કાર્યમાં જોડાય તો એ બહુ રસપૂર્વક જોડાઈ નથી શકતો. અંદર દુઃખનું વેદન રહ્યા કરે છે. આ દુઃખનું છે. ઓલું એને જ્ઞાયકની સહજ પરિણતિ પલટો ખાઈને આવેલી છે. અમુક અંશે શાંતિને ઈચ્છે છે. બહુ વિશેષ કાર્યમાં એ એકત્વ થઈને જોડાતો નથી. અંદરમાં એની પરિણતિ ઉઘાડરૂપ રહે છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૮ D

ઉત્તર :- ભવનો અભાવ થાય એ માર્ગ બતાવ્યો છે. બધાએ ઘણું સાંભળ્યું છે 'ગુરુદેવ' આગળ. અનંતા જન્મ-મરણ કર્યા છે. આકાશના એક પ્રદેશે-પ્રદેશે અનંતવાર જન્મ-મરણ કર્યા. આ જગતના જેટલા પુદ્ગલ પરમાણુઓ છે એ બધા અનંતવાર ગ્રહ્યા અને છોડ્યા છે શરીરપણે. એવા અવસર્પિણી, ઉત્સર્પિણી કાળના અનંતા કાળચક્રમાં ભમ્યો છે. એવા ભાવો અનેક જાતના કર્યા છે. આવા અનંતા

ભવો જીવે કર્યા છે. એમાં આ મનુષ્યભવ મળ્યો, એમાં આવા 'ગુરુદેવ' મળ્યા એ મહાભાગ્યની વાત છે! અને ભવનો અભાવ થાય એ માર્ગ બતાવ્યો. અને એ 'ગુરુદેવ'ની વાણીનો શ્રવણ કરવાનો યોગ બન્યો એ મહાભાગ્ય છે.

હવે આ મનુષ્ય જન્મ પામીને જન્મ-મરણનો અભાવ કેમ થાય? એ કરવા જેવું છે. ભવનો અભાવ થાય અને ભવ મળે જ નહિ એ 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો. બધા ક્યાંક ક્રિયામાં ધર્મ, અમુક કાંઈક શુભભાવ થોડો કરી લે તો ધર્મ (કર્યો) એમ માની લેતા હતા. 'ગુરુદેવે' અંતરમાં શુદ્ધાત્મામાં ધર્મ છે એ બતાવ્યો. બધાથી જુદો, શુભાશુભભાવ પણ પોતાનો સ્વભાવ નહિ એનાથી ન્યારો આત્મા છે. આ શરીરથી ન્યારો પણ શુભાશુભભાવ એ પણ પોતાનો સ્વભાવ નથી એનાથી પણ ન્યારો. એ માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો. એ માર્ગ ગ્રહણ કરી લેવા જેવો છે. જ્ઞાયક આત્માને ઓળખવા જેવો છે. ખરું એ છે.

આયુષ્ય તો પૂરા થાય છે. જે જન્મે છે એના આયુષ્ય તો પૂરા જ થાય છે. સાગરોપમના દેવોના આયુષ્ય હોય છે તોપણ પૂરા થાય છે. તો આ મનુષ્ય-જન્મ તો શું હિસાબમાં છે? દેવોના આયુષ્ય સાગરોપમના હોય છે તોપણ આયુષ્યો પૂરા થાય છે. એવા અનંતા કાળચક્ર ગયા, અનંતા દેવના ભવો કર્યા જીવે, અનંતા તિર્યંચોના, અનંતા મનુષ્યોના, અનંત નરકના એવા અનંતા-અનંતા ભવો કર્યા. એમાં અત્યારે આ 'ગુરુદેવ' મળ્યા. પંચમકાળમાં પુણ્યના યોગે મળ્યા મહાભાગ્યે! મહાભાગ્યે મળ્યા. તો એ માર્ગ ગ્રહણ કરીને કેમ આત્માનું કલ્યાણ થાય અને ભવનો અભાવ થાય એ કરી લેવા જેવું છે.

સંસાર તો એવો છે. ક્ષણ ક્ષણમાં ફરી જાય એવો આ સંસાર છે. આ મનુષ્યદેહ એવો છે. ચક્રવર્તી, તીર્થંકરો બધા દીક્ષા લઈ લેતા હતા. આ સંસારનું સ્વરૂપ દેખીને. આ ઝાકળના બિંદુ ઘડીકમાં વિલીન થાય, એમ આ આયુષ્ય એવું છે કે ઘડીકમાં વિલય થાય. આત્માનું સ્વરૂપ કેમ ઓળખાય, જ્ઞાયક કેમ ઓળખાય, એ કેમ અંદરથી પ્રગટ થાય? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. એ માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો, એ કરવા જેવો છે. અનંતકાળમાં જીવને બધું મળ્યું છે. એક સમ્યગ્દર્શન અપૂર્વ છે. જિનવર સ્વામી મળ્યા. મળ્યા નથી એમ કહેવાય છે. (કારણ કે) મળ્યા તો પોતે ઓળખ્યા નથી. એ દુર્લભ અને આ સમ્યગ્દર્શન દુર્લભ છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તો ભવનો અભાવ થાય છે.

બહારનું જીવે બધું કર્યું છે. અંતર આત્માને ઓળખ્યો નથી. તમને બધાને

ઘરમાં એ રુચિ છે. એ જ કરવાનું છે. વાંચન, વિચાર બધું. આત્માનું સ્વરૂપ કેમ ઓળખાય? આત્માની રુચિ કેમ વધે? બધાએ એ કરવા જેવું છે. ચક્રવર્તીઓ, રાજાઓ બધા આત્માની સાધના કરતા હતા. ગૃહસ્થાશ્રમમાં પણ કરતા અને પછી મુનિ થઈ જતા હતા. કેવળજ્ઞાન પૂર્ણતા પૂર્ણ સાધવાને માટે.

ચત્તારી મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણત્તો ધમ્મો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણત્તો ધમ્મો લોગુત્તમા. ચત્તારી શરણં પવજ્ઞામી, અરિહંતા શરણં પવજ્ઞામી, સિદ્ધા શરણં પવજ્ઞામી, સાહુ શરણં પવજ્ઞામી, કેવળી પણત્તો ધમ્મો શરણં પવજ્ઞામી, ચાર શરણ, ચાર મંગળ, ચાર ઉત્તમ કરે જે ભવસાગરથી તરે, તે સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાય. સંસારમાં એ શરણ ચાર. અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે, લબ્ધિ તણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળ દાતાર.

એક જ ઉપાય છે—શાંતિ રાખવી. બીજો કોઈ ઉપાય નથી. એ ગમે એટલું આર્તધ્યાન થાય, ગમે તે થાય તો એ જે બને છે એ કાંઈ ફરનાર નથી. માટે મનને વાળીને શાંતિ રાખવી. દુઃખ થાય તો વાળી દેવું. કેટલા જન્મ-મરણ કર્યા. કોઈકને છોડીને પોતે આવ્યો, પોતાને છોડીને બીજા જાય. એવા અનંતા જન્મ-મરણ થયા છે. એમાં શાંતિ રાખ્યા સિવાય કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- ... ૫૮ વર્ષની ઉંમર ચંદ્રકાંતભાઈને. હોસ્પિટલમાં લઈ ગયા. ખબર પણ નહોતી. એ તો સાથે પણ નહોતા ગયા. બતાવવા ગયા....

ઉત્તર :- શું થાય? જ્યાં કુદરત છે ત્યાં કોઈનો ઉપાય નથી. પૂર્વના જે...

પ્રશ્ન :- ..

ઉત્તર :- મનને ફેરવ્યા વગર કોઈ છૂટકો નથી. વહેલું કે મોડું મન ફેરવવું જ પડે. ગમે એટલું દુઃખ કરે, આર્તધ્યાન થાય. તોય જે બનનાર છે એ બન્યું જ છે. માટે મનને ફેરવીને શાંતિ રાખવી એ એક જ ઉપાય છે. દુઃખ થાય તોપણ મનને વાળ્યા વગર છૂટકો નથી. ચોથા કાળમાં દરેકના આયુષ્યો પૂરા થાય, દેવોના આયુષ્ય પણ પૂરા થાય. ત્યાં કોઈનો ઉપાય કોઈ રોકી શકતું નથી. ચક્રવર્તીના આયુષ્ય પૂરા થાય છે. કોઈ એને રોકી શકતું નથી. અનંતા માતા, પિતા, પુત્ર, પુત્રીઓ બધું કેટલાને પોતે છોડ્યા છે, પોતાને બીજાએ છોડ્યા છે. અનંતકાળમાં ઘણું બન્યું છે. એમાં આ

એક પંચમકાળમાં 'ગુરુદેવ' મળ્યા એ મહાભાગ્યની વાત છે! આ મનુષ્યભવમાં આવા સંત પંચમકાળમાં મળ્યા અને આ માર્ગ બતાવ્યો ઈ એક મહાભાગ્યની વાત છે કે જેથી આત્માની શાંતિ થાય અને અંતર ભવનો અભાવ થવાનો માર્ગ મળે. જ્ઞાયક આત્માને ઓળખવાનું કીધું કે શરીરથી તું જુદો જ્ઞાયક છો. એનો ભેદજ્ઞાન કરવાનો ઉપાય બતાવ્યો કે આ પરિણામો થાય વિભાવ એનાથી પણ તારો સ્વભાવ જુદો, એ માર્ગ મળે એ મહાભાગ્યની વાત છે. વર્ષો સુધી વાણી વરસાવી. એ વાણીનો, શ્રવણનો યોગ બન્યો એ પણ મહાભાગ્યની વાત છે. બાકી સંસારમાં તો આવા જન્મ-મરણો ચાલ્યા જ કરે છે.

પ્રશ્ન :- .. ચાકરી બહુ કરી.

ઉત્તર :- દીકરીઓ...

પ્રશ્ન :- ઈ સમાધાન નથી કરી શકતી.

ઉત્તર :- સમાધાન કર્યા વગર છૂટકો જ નથી.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૯ A

પ્રશ્ન :- બીજે ક્યાંય મીઠાશ રહી ગઈ હશે તો એ તને ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. માટે ભાઈ! સમજીને પરની મીઠાશ છોડ. એમાં થોડું આપ સ્પષટીકરણ આપો.

ઉત્તર :- ચૈતન્યસ્વભાવની મીઠાશ સિવાય...?

પ્રશ્ન :- સ્વભાવ સિવાય બીજે ક્યાંય મીઠાશ રહી ગઈ હશે તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. માટે ભાઈ! સમજીને પરની મીઠાશ છોડ.

ઉત્તર :- એક ચૈતન્યની મીઠાશ સિવાય... આત્માની જ લગની લાગવી જોઈએ અને આત્મામાં જ સર્વસ્વ છે. મારે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એટલી ચૈતન્યની લગની, ચૈતન્યની મીઠાશ લાગવી જોઈએ. પણ ચૈતન્ય સિવાય ક્યાંક જો બીજે મીઠાશ રહી ગઈ કે આટલો કાંઈક શુભભાવ હોય તો ઠીક છે કે આટલું કાંઈક બહારનું હોય તો ઠીક છે, એવું જો ઊંડે ઊંડે કાંઈક રહી ગયું હશે તો ચૈતન્ય તરફ આવી નહિ શકાય. જો ક્યાંક રોકાઈ ગયો, ક્યાંક શુભભાવમાં મીઠાશ લાગી ગઈ કે કાંઈક આ પ્રવૃત્તિ ઠીક છે. એકલી અંતરમાં ચૈતન્યમાં કાંઈ કરવાનું નહિ.

એકલી નિવૃત્ત દશા એના કરતા કાંઈ કરવાનું ઠીક છે. એવું અંતરમાં (રહે કે) કાંઈક આ વિકલ્પ વગર કેમ ઠીક લાગે? એવું અંતરમાં ક્યાંક જો મીઠાશ રહી ગઈ શુભભાવોમાં અથવા કોઈ બહારના કોઈ મોટાઈમાં, કોઈ ક્યાંક ગમે ત્યાં જો મીઠાશ રહી ગઈ તો ચૈતન્યની મીઠાશ તને નહિ આવે. તો ચૈતન્ય પ્રગટ જ નહિ થાય. ક્યાંક રોકાઈ ગયો તો. બહારની વિભૂતિમાં ક્યાંક જો રોકાઈ ગયો તો અંતરમાં નહિ અવાય. અથવા શુભભાવોમાં ક્યાંક મીઠાશ રહી ગઈ તોપણ અંતરમાં નહિ અવાય. કે આ બહારથી જ બધું થાય છે. એમ બહાર પરદ્રવ્યમાં ગમે ત્યાં મીઠાશ રહી જાય તો અંતરમાં નહિ આવવા દે.

અંતરમાં ચૈતન્યની જ લગની અને મહિમા ચૈતન્યની જ લાગવી જોઈએ. જગતમાં કાંઈ મહિમાવંત નથી. એકેય ચીજ મહિમાવંત નથી. બધું જો એને તુચ્છ લાગે તો જ એ અંતરમાં આવી શકશે. એક ચૈતન્ય જ સર્વસ્વ છે અને આત્મા જ સર્વસ્વ છે. વિકલ્પ વગરનો એકલો આત્મા ચૈતન્યદેવ એમાં જ બધું સર્વસ્વ છે. એવી જો અંદર મહિમા આવી તો જ તું અંતરમાં આવી શકીશ. બહારની ક્યાંક મહિમા લાગી ગઈ તો અંતરમાં નહિ આવી શકાય. પછી એક જોડાવું પડે એ જુદી વાત છે પણ અંતરમાંથી મીઠાશ તૂટી જવી જોઈએ.

પ્રશ્ન :- માતાજી! વિકલ્પપૂર્વક એક નિર્ણય કર્યો.. વિકલ્પપૂર્વક તત્ત્વનો નિર્ણય કર્યો અને અનુભવ નથી થયો એટલે કે વાસ્તવિક નિર્ણય થયો નથી. આ બે જે વચલો ગાળો છે એ એમ બતાવે છે કે ક્યાંકને ક્યાંક અંદર ... છે માટે ખરેખર જે નિર્વિકલ્પ નિર્ણય અથવા સાચો નિર્ણય આવવો જોઈએ એ આવતો નથી. એમ એનો ખરેખર અર્થ છે? વિકલ્પાત્મક તત્ત્વ નિર્ણય કર્યો છે, છતાં નિર્વિકલ્પ નિર્ણય નથી આવતો અને એમાં તત્ત્વનો નિર્ણય કર્યા પછી પણ એને ક્યાંક મીઠાશ વેદાય જાય છે અને એથી એ નિર્વિકલ્પ નિર્ણય સુધી પહોંચતો નથી. અને મીઠાશ જો પરદ્રવ્યની છૂટી જાય તો એને નિર્વિકલ્પ નિર્ણય થયા વિના ન રહે, એ બરાબર હશે?

ઉત્તર :- વિકલ્પપૂર્વકનો નિર્ણય થયો એટલે એણે વિચારથી નિર્ણય કર્યો પણ એમાં એને ક્યાંક મીઠાશ રહી ગઈ છે એટલે અંદર નિર્વિકલ્પ થઈ શકતો નથી એવો અર્થ નથી. એમાં અંદર વિચાર વિકલ્પપૂર્વક નિર્ણય કર્યો કે આ મારો સ્વભાવ જુદો છે. આ શુભાશુભભાવ મારું સ્વરૂપ નથી. આ શરીરથી જુદો પણ આ શુભાશુભભાવોથી પણ હું જુદો. મારો સ્વભાવ એનાથી જુદો. એમ નિર્ણય કર્યો.

પણ એ આગળ નથી જાતો એમાં બે કારણ (હોય છે). એક કારણ—પોતાના પુરુષાર્થની મંદતા છે અને ક્યાંક રોકાય છે. એમાં બે વાત છે. એટલે ક્યાંક મીઠાશ લાગી ગઈ છે એટલે નથી થાતું એમ નથી. એને પુરુષાર્થની મંદતા અને પ્રમાદને કારણે આગળ જઈ શકતો નથી.

પ્રશ્ન :- પુરુષાર્થની મંદતા એમાં કેવા પ્રકારની પુરુષાર્થની મંદતા? જો મીઠાશ ન હોય...

ઉત્તર :- એટલે એ પુરુષાર્થની મંદતા છે એટલે ક્યાંક રોકાયેલો છે. રોકાયેલો છે એટલે પુરુષાર્થની મંદતા રહે છે એ સાચું. પણ એમાં એને એ સર્વસ્વ માને છે એવો એનો અર્થ નથી. એકત્વબુદ્ધિ છે પણ એમાં એ સર્વસ્વ માને કે આનાથી જુદું મારું સ્વરૂપ એ જ ખરેખર સર્વસ્વ છે એમ માન્યું પણ એ છૂટતું નથી એટલે એ ક્યાંક રોકાયેલો પણ છે. પણ મંદતા પણ છે. બે વાત ભેગી છે. એક એમ માને કે આ ઠીક છે. એમ માનીને રોકાણો એ જુદું છે, પણ એ એમ માને છે કે આ ઠીક નથી તોપણ એમાં રોકાયેલો છે એટલે એમાં મીઠાશ તો ભેગી વેદાય છે પણ પ્રમાદ પણ છે એને.

પ્રશ્ન :- બુદ્ધિપૂર્વક એને એ પ્રમાણે મીઠાશનો ભાવ નથી?

ઉત્તર :- બુદ્ધિપૂર્વક નથી. એમ છે ખરું મીઠાશ પણ એ રોકાણો છે. એને નિર્ણય એવો નથી કે આ સર્વસ્વ છે એવો નિર્ણય નથી. કે આનાથી હું જુદો તે જ સર્વસ્વ છું. પણ એ એમાંથી છૂટતો નથી એનું કારણ એમાં રોકાયેલો છે પુરુષાર્થની મંદતાએ રોકાયેલો છે. એટલે મીઠાશ તો ભેગી વેદાય છે.

પ્રશ્ન :- એમાં પ્રમાદ શું આવે? માતાજી! પ્રમાદ જે આપે લીધોને કે પ્રમાદ પણ છે ભેગો.

ઉત્તર :- એ આળસ છે એને. જે અનાદિની એકત્વબુદ્ધિ છે એ એકત્વબુદ્ધિના અભ્યાસમાં એમને એમ ચાલ્યો આવે છે, એને તોડતો નથી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરીને અંદરથી જે છૂટો પડવો જોઈએ તે છૂટો પડતો નથી. અને 'નિજ નયનની આળસે રે, નિરખ્યા નહિ હરિને જરી.' અને આળસને કારણે પુરુષાર્થ પોતાનો દોર બદલતો નથી. એટલે પુરુષાર્થ કરતો નથી એનું કારણ? રુચિની મંદતા પણ છે, મહિમાની મંદતા છે. એટલે એટલો નિરાળો થયો નથી. બધું ભેગું આવે છે. પણ એના વિચારમાં એક માને કે આ સર્વસ્વ છે એને બુદ્ધિપૂર્વક એવી રીતે નથી માન્યું. પણ એને મંદતા છે પોતાની.

કેટલાક તો એમ માને કે આમાં ઠીક લાગે છે. એવો અબુદ્ધિપૂર્વક કાંઈક અંદર

ભૂલ રહી જાય. આમાં સર્વસ્વ છે એવું માની અને આગળ ન જાતો હોય એ વાત જુદી છે. એવું નથી. કાંઈક તો જોઈએને? આ બહારનું કાંઈક તો જોઈએને? આ બધી કાંઈક પ્રવૃત્તિ તો જોઈએને. કાંઈક શુભભાવ તો જોઈએને? એવું ઊંડું રહેતું હોય એ એક વાત જુદી છે. એવું સૂક્ષ્મ રહેતું હોય કે આ ઠીક છે. આમાં બહારનું તો કાંઈક જોઈએને? બહારના સાધન વગર અહીંયાં અંદર ક્યાંથી જવાય? એવું કાંઈક રહેતું હોય એ એક વાત જુદી છે. એને પછી અવકાશ નથી. જો સાચો નિર્ણય કરે તો અવકાશ છે.

પ્રશ્ન :- એવા જીવના તો નિર્ણયમાં જ ભૂલ છે?

ઉત્તર :- એના નિર્ણયમાં ભૂલ છે.

પ્રશ્ન :- પરદ્રવ્ય ભિન્ન છે અને રાગ મારું સ્વરૂપ નથી અથવા રાગ આકુળતારૂપ છે. પરદ્રવ્ય ભિન્ન છે એટલે એને એમાં અસંગપણું લાગવું જોઈએ અને સંગનો કોઈ પ્રસંગ આવે તો એમાં એને દુઃખ અથવા તો અંદર ખેદ થાય ત્યારે ખરેખર એને પરદ્રવ્યો મારાથી ભિન્ન છે એમ વિચાર્યું કહેવાય. એ બરાબર છે?

ઉત્તર :- પરદ્રવ્ય મારાથી ભિન્ન છે. હું જ્ઞાયક છું. આ વિભાવ મારો સ્વભાવ નથી. હું નિરાળો અસંગ છું. કોઈ સંગ સ્વરૂપ નથી. પણ એ પ્રસંગ આવે એટલે ખેદ થાય એક જુદી વાત છે, પણ ન્યારો રહે તો એ ખરી અસંગતા એને (છે). ન્યારાની પરિણતિ થાય તો એણે અસંગતા ખરી સ્વીકારી. ખેદ થાય એ એક એને નિર્ણય કર્યો એટલે ખેદ પણ થાય. એને નિરાળુ રહેવાની ભાવના છે અને રહી નથી શકતો એટલે ખેદ થાય અંદર.

પ્રશ્ન :- વાસ્તવિકપણે ન્યારો તો અનુભવી પુરુષ રહી શકે?

ઉત્તર :- હા, એ જ રહી શકે.

પ્રશ્ન :- અને અનુભવ પહેલા તો..?

ઉત્તર :- એને વૈરાગ્યથી, નિર્ણયથી એવી રીતે રહી શકે.

પ્રશ્ન :- પરદ્રવ્યની ભિન્નતાની પાછળ ધ્વનિ તો એ છે કે મારે એની સાથે કોઈ સંબંધ જ નથી અને છતાં સંબંધપણું થઈ જાય છે એ પણ હકીકત છે.

ઉત્તર :- પરદ્રવ્ય અત્યંત જુદું છે પણ એને અનાદિથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધે એકક્ષેત્રાવગાહી રહેલો છે એટલે.. એને અનાદિનો અભ્યાસ છેને એટલે એકત્વબુદ્ધિ ચાલી આવે છે.

પ્રશ્ન :- આપ કહો છોને એમ શરૂઆતની ભૂમિકા બહુ વિકટ લાગે છે.

ઉત્તર :- પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. એ 'શ્રીમદ્'માં પણ આવે છે. 'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કિલ.' પછી માર્ગ દેખે એટલે સરળ થાય છે. કારણ પોતાનો સ્વભાવ છે માટે. સમજ્યા વગરનું મુશ્કેલ છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૯ B

ઉત્તર :- ... અપેક્ષા જુદી છે. દૃષ્ટિ એક દ્રવ્ય ઉપર કરવી એટલે કે ગુણભેદ ઉપર, પર્યાયભેદ ઉપર દૃષ્ટિ નહિ કરતા એક શાશ્વત એકરૂપ છે એના ઉપર દૃષ્ટિ કરવી. એમ જુદું પડે છે એવી રીતે. પણ એવું કાંઈ વાસ્તવિક જુદું નથી. એ લક્ષણભેદ અને પર્યાયભેદ એમ જુદું છે. વાસ્તવિક રીતે ગુણ અને પર્યાય બધું દ્રવ્યનું જ છે. તો એ ગુણ અને પર્યાય બધું જો. એનાથી જુદું હોય દ્રવ્ય જુદું હોય તો પછી દ્રવ્યમાં કોઈ ગુણ જ ન હોય, કોઈ પર્યાય જ ન હોય. એવી રીતે કાંઈ તદ્દન જુદું એવી રીતે નથી. ગુણસહિત, પર્યાયસહિત એમ જોતાં આખું દ્રવ્ય એમ એ જુદી રીતે લેવાય છે.

પ્રશ્ન :- બે .. હોવાને લીધે કાંઈ બે પ્રકાર છે દ્રવ્યના એમ નહિ?

ઉત્તર :- દ્રવ્યના બે પ્રકાર નથી. બે અપેક્ષા જુદી છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવામાં ગુણભેદ અને પર્યાયભેદ એ ગૌણ થઈ જાય છે, ગૌણ થાય છે. અને દ્રવ્ય એક નિત્ય ઉપર દૃષ્ટિ મૂકવાને માટે એમ જુદું પડે છે. વાસ્તવિક જુદું નથી.

પ્રશ્ન :- વાસ્તવિક જુદું કરી નાખે તો શું દોષ આવે એમાં?

ઉત્તર :- દોષ આવે. વાસ્તવિક જુદું હોય તો ગુણ કાંઈ દ્રવ્ય વગરના ગુણ હોય નહિ, દ્રવ્ય વગરની પર્યાય હોય નહિ. બધું અદ્ધર થાય. પર્યાય કોના આશ્રયે છે? પર્યાય કાંઈ અદ્ધર હોતી નથી. એકલું દ્રવ્ય, ગુણ અને પર્યાય વગરનું દ્રવ્ય હોતું નથી. એને દોષ આવે છે. (એ) વસ્તુનું સ્વરૂપ સાચું સમજ્યો જ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ પછી કોને માટે પુરુષાર્થ કરવો? પર્યાય ક્યાં પ્રગટશે? દ્રવ્યને આશ્રયે પ્રગટતી નથી તો પર્યાયનું વેદન કોને થાશે? દ્રવ્ય તદ્દન જુદું છે તો પર્યાયનું વેદન ક્યાં થાશે? બધું નિષ્ફળ અને નિષ્પ્રયોજન. આ બંધ અને મોક્ષ એ બધું શું છે? એ બધું કાંઈ વસ્તુ જ નથી એવો એનો અર્થ થાય છે. એનું વેદન, આ વિભાવદશાનું વેદન, સ્વભાવદશાનું વેદન, એ પર્યાય જો દ્રવ્યને આશ્રયે ન હોય તો એ વેદન થાય જ

નહિ. દ્રવ્યને વેદન જ ન થાય તો. પર્યાય જુદી જુદી અદ્ધર લટકે છે. એકલી પર્યાય હોય જ નહિ. દ્રવ્ય વગરની પર્યાય જ હોય નહિ. અંશી વગરનો અંશ કોને આધારે છે? દ્રવ્યની કોઈ વ્યવસ્થા જ રહે નહિ તો.

પ્રશ્ન :- માતાજી! એમાં જ્ઞાનનો દોષ આવે કે મિથ્યાત્વનો? કે બેય દોષ આવે છે?

ઉત્તર :- બેય દોષ આવે છે. તદ્દન જુદું માનવાથી બેય દોષ આવે છે. દૃષ્ટિનો દોષ અને જ્ઞાનનો દોષ—બેય દોષ છે. તદ્દન જુદું આવતું જ નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તોપણ એના જ્ઞાનમાં હોય છે કે આ ગુણ અને પર્યાય બેય દ્રવ્યના છે. દૃષ્ટિ નિષેધ કરે પણ એ ગૌણતામાં (રહે છે). આત્મામાં કાંઈ છે જ નહિ એવી રીતે નિષેધ નથી આવતો એમાં. બેય દોષ આવે છે. જ્ઞાન સાચું ન હોય તો એની દૃષ્ટિ સમ્યક્ હોતી જ નથી. એની દૃષ્ટિ મિથ્યા હોય છે. જ્ઞાનમાં ભૂલ એની દૃષ્ટિમાં પણ ભૂલ છે.

પ્રશ્ન :- જ્ઞાન પાછળથી સંમત થાય એમ ન બને? દૃષ્ટિના વિષયને ગ્રહણ કરે તો પાછળથી જ્ઞાનનો દોષ હોય એ ટળી જાય એમ ન બને?

ઉત્તર :- એમ ન થાય. દૃષ્ટિના વિષયને ગ્રહણ કરે. પણ એ દૃષ્ટિના વિષયને જ્ઞાન ગ્રહણ કરે, જ્ઞાન પૂરું ગ્રહણ કરે તો જ એ જ્ઞાન કહેવાય. જ્ઞાન કાંઈ એવું અધૂરું ગ્રહણ કરે એ કાંઈ સાચું જ્ઞાન જ નથી. દૃષ્ટિએ જે વિષય કર્યો, એક ઉપર લક્ષ કર્યું તોપણ જ્ઞાન એને પણ જાણે છે અને જ્ઞાન બધું જાણે છે.

પ્રશ્ન :- રુચિનો વિષય મુખ્ય કરીને રુચિના વિષયને જે સર્વસ્વ ગણીને એનો અનુભવ કરે અને એને સમ્યગ્દર્શન પ્રગટ થાય અને એની સાથે જ્ઞાન જે પ્રગટ થાય એ બધું જેમ છે એમ જાણી લે. એવું બને તો?

ઉત્તર :- જેમ તેમ ન જાણે.

પ્રશ્ન :- જેમ છે તેમ જાણે.

ઉત્તર :- જેમ છે તેમ જાણે. રુચિ જે છે એ રુચિ દૃષ્ટિનો વિષય જે છે એ બરાબર યથાર્થ હોય અને તો જ્ઞાન યથાર્થ અને જ્ઞાન યથાર્થ હોય એની દૃષ્ટિ યથાર્થ હોય. દૃષ્ટિ યથાર્થ હોય એનું જ્ઞાન યથાર્થ હોય.

પ્રશ્ન :- માતાજી! મારો પ્રશ્ન છે કે કોઈ એમ કહે કે એક શુદ્ધ આત્માનો અનુભવ કર. તો શુદ્ધ આત્માનો અનુભવ થતાં દૃષ્ટિ સમ્યક્ થશે. તો એની સાથે જ્ઞાન પણ સમ્યક્ પ્રગટ થઈ જશે અને એમાં જેમ છે એમ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ

આત્માનું પણ જ્ઞાન થઈ જશે. માટે જ્ઞાનને આટલી બધી મુખ્યતા શા માટે? જ્ઞાન એમ કે પહેલાં સાચું જ હોવું જોઈએ. દ્રવ્ય-પર્યાયસ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય એનો જ આ નિર્ણય સાચો. નહિતર એમ કે જ્ઞાયકનું જે ગ્રહણ અથવા હું જ્ઞાયક છું એવો અનુભવ એ મિથ્યા છે, એમ તમે શા માટે કહો છો?

ઉત્તર :- યથાર્થ જ્ઞાન નથી. એને પહેલા શુદ્ધાત્માનો વિષય કર. પણ એ શુદ્ધાત્માને બરાબર ઓળખ્યા વગર, ચારે પડખેથી ઓળખ્યા વગર શુદ્ધાત્માનો યથાર્થ વિષય થઈ શકતો જ નથી. પછી તું સાચું જ્ઞાન કર એનો અર્થ કાંઈ નથી. પહેલાથી નિર્ણય સાચો જ આવવો જોઈએ. નિર્ણય સાચો હોય તો જ દૃષ્ટિ સાચી હોય છે. નિર્ણયમાં સાચું નથી, નિર્ણયમાં એકાંત આવ્યું તો એ આગળ જતો નથી. દૃષ્ટિમાં એકાંત અને એના જ્ઞાનમાં એકાંત બધું એકાંત છે તો એ આગળ જ જઈ શકતો નથી, બધું એકાંત છે.

પ્રશ્ન :- એનો અર્થ એ થયો કે દૃષ્ટિના વિષયનો નિર્ણય પાકો કરવા પહેલા એનો યથાર્થ નિર્ણય...

ઉત્તર :- યથાર્થ નિર્ણય હોવો જોઈએ. યથાર્થ નિર્ણય દ્રવ્ય-ગુણ-પર્યાયનો યથાર્થ નિર્ણય હોવો જોઈએ. તો જ એની દૃષ્ટિ સમ્યક્ થાય છે. દૃષ્ટિને ભલે મુખ્ય કહેવાય છે પણ નિર્ણય સાચો હોય તો જ એ દૃષ્ટિ સમ્યક્ થાય. જેના જ્ઞાનમાં ભૂલ છે એની દૃષ્ટિમાં પણ ભૂલ આવે છે.

પ્રશ્ન :- યથાર્થ નિર્ણયનો અર્થ જ એ છે કે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આત્માનું યથાર્થ જ્ઞાન એ પૂર્વકનો નિર્ણય એને યથાર્થ નિર્ણય કહે છે?

ઉત્તર :- તો જ યથાર્થ નિર્ણય છે. યથાર્થ જ્ઞાન હોય તો જ દૃષ્ટિ સમ્યક્ થાય છે. બેય અરસપરસ છે. દૃષ્ટિ સમ્યક્ હોય એને જ્ઞાન સમ્યક્. જ્ઞાન સમ્યક્ પહેલા યથાર્થ નિર્ણય હોય તો જ એની દૃષ્ટિ સમ્યક્ થાય છે.

પ્રશ્ન :- પહેલો યથાર્થ નિર્ણય થાય જ્ઞાનમાં, એમાં દ્રવ્યનું માહાત્મ્ય જ આવું છે, પર્યાય ગૌણ રાખવી એ બધું અંદર આવી જાયને?

ઉત્તર :- બધું આવી જાય છે જ્ઞાનમાં. જ્ઞાન બધુંય જાણે છે. જ્ઞાન નિશ્ચયને જાણે, જ્ઞાન વ્યવહારને જાણે, જ્ઞાન મુખ્ય-ગૌણને જાણે, બધું જ્ઞાન જાણે છે, જ્ઞાનમાં બધું આવી જાય છે. જ્ઞાનમાં નિર્ણય સાચો ન હોય તો બધું.. જો દૃષ્ટિ એકલી આમ બધું કાઢી નાખે છે. કાઢી નાખ્યું એટલે એવી જાતનું કાઢ્યું કે એમાં ગૌણ પણ નથી રહેતું, તો દૃષ્ટિ એકાંત એકદમ એ થઈ જાય તો એમાં બધું ખોટું

થાય છે.

પ્રશ્ન :- જ્ઞાન સાચું ન હોય તો ગૌણપણું જ્ઞાનમાં ગૌણપણું રહી શકે નહિ.

ઉત્તર :- ગૌણપણું રહે છે એની સાથે ને સાથે રહે છે. દૃષ્ટિ નિષેધ કરે તોપણ ગૌણપણું રહે છે અંદર.

પ્રશ્ન :- તો જ એને દૃષ્ટિનો વિષય હાથમાં આવે?

ઉત્તર :- તો દૃષ્ટિનો વિષય હાથમાં આવે. દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જ આખું વસ્તુનું સ્વરૂપ છે. એને ઓળખ્યા વગર એકને ઓળખે તો એ સાચું નથી એને.

પ્રશ્ન :- જ્યારે આપણે એમ કહીએ કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સાચું જાણવું જોઈએ. ત્યારે જે દ્રવ્ય શબ્દ બોલીએ છીએ એ .. દ્રવ્ય શબ્દ છે? દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ શબ્દ લઈને જ્યારે આપણે બોલીએ ત્યારે જે દ્રવ્ય શબ્દ વપરાય છે એ તો દૃષ્ટિના વિષય માટેનું જે દ્રવ્ય છે ઈ દ્રવ્ય છે?

ઉત્તર :- દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ દ્રવ્ય એટલે આખું દ્રવ્ય એમાં આવી જાય છે. એકલું દ્રવ્ય આવે એમાં ગુણ અને પર્યાયના ભેદ ગૌણ થાય છે એટલે એ દૃષ્ટિનો વિષય થાય છે. ગુણ-પર્યાયના ભેદ જેમાં ગૌણ થાય, એકલું દ્રવ્ય જેમાં મુખ્ય થાય તે દૃષ્ટિનો વિષય છે અને જ્ઞાનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સ્વરૂપ આવે છે. એમાં દૃષ્ટિનો વિષય પણ આવે છે જ્ઞાનમાં અને જ્ઞાનમાં ગુણો, પર્યાયો, દ્રવ્ય એમ આખું દ્રવ્ય આવી રીતે છે (એમ) બધું આવી જાય છે. દૃષ્ટિના વિષયમાં ગૌણ થઈ જાય છે. ગુણ અને પર્યાય દૃષ્ટિના વિષયમાં ગૌણ થાય છે અને દ્રવ્ય મુખ્ય થાય છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૧૯ C

પ્રશ્ન :- અભેદ નિજ તત્ત્વની દૃષ્ટિ કરતાં એમાં નવ તત્ત્વરૂપ પરિણમન તો છે નહિ. એમાં શું કહેવું છે? જ્ઞાન-દર્શન સ્વભાવમાત્ર અભેદ નિજ તત્ત્વની દૃષ્ટિ કરતાં નવ તત્ત્વરૂપ પરિણમન તો છે નહિ. પર્યાયમાં તો સંવર-નિર્જરારૂપ પરિણમન હોય છે.

ઉત્તર :- પર્યાયમાં હોય છે તત્ત્વમાં નથી. મૂળ વસ્તુમાં નવ તત્ત્વ તો બધી સાધકદશા છેને. એ સાધકદશા કાંઈ દ્રવ્યદૃષ્ટિમાં સાધકદશા આવતી નથી. નવ તત્ત્વ સાધકદશા એ બધું એમાં આવે છે. સંવર, નિર્જરા બધી સાધકદશા (છે). પર્યાય છે

પણ સાધકદશા છે. એટલે દ્રવ્ય ઉપર જ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મામાં દૃષ્ટિ કરે ત્યાં એકલો ચૈતન્ય, પૂર્ણ-અપૂર્ણ એ કાંઈ અપેક્ષા નથી, જેવો સ્વતઃસિદ્ધ છે, જેવો પૂર્ણ સ્વભાવે છે એવો જ છે એવી દૃષ્ટિ કરે એમાં નવ તત્ત્વની જે આત્મામાં વિભાવ છે અને પુરુષાર્થ કરવાનો છે ભેદજ્ઞાન કરીને. એમાં સાધકદશા પ્રગટે છે, સંવર પ્રગટે, નિર્જરા પ્રગટે એ બધું કાંઈ સાધકદશા છે. એ સાધકદશા દ્રવ્યદૃષ્ટિમાં હોતી નથી. અંતરમાં દૃષ્ટિ કરતા એ સાધકદશા દેખાતી નથી. મુક્તિની પર્યાય પ્રગટે એ પણ પ્રગટ અવસ્થા છે. એટલે મૂળ વસ્તુમાં તો એ બધું નથી. તોપણ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી, અધુરાશ છે આત્મામાં. વિભાવ છે એને ટાળવાનો છે, આત્માને ઓળખવાનો છે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયની શુદ્ધિ થાય છે એ બધું છે.

પ્રશ્ન :- પર્યાયમાં છે ?

ઉત્તર :- પર્યાયમાં છે. દ્રવ્યમાં નથી.

પ્રશ્ન :- જ્ઞાન-દર્શન સ્વભાવમાત્રની દૃષ્ટિમાં એવું કાંઈ નથી?

ઉત્તર :- જ્ઞાન-દર્શન સ્વભાવમાત્રની દૃષ્ટિ કરે એમાં કાંઈ નથી. હું જ્ઞાનદર્શનથી ભરેલો આત્મા છું, જ્ઞાયક છું એવી દૃષ્ટિ જ્યાં કરે, એ દૃષ્ટિ જ્યાં તત્ત્વ ઉપર ગઈ એ તત્ત્વની દૃષ્ટિમાં કાંઈ નથી. એ વસ્તુમાં નથી અને એ દૃષ્ટિનો વિષય પણ નથી.

પ્રશ્ન :- અભેદ વસ્તુમાં પણ નથી?

ઉત્તર :- અભેદ વસ્તુમાં નથી અને એને દૃષ્ટિ છે એ દૃષ્ટિના વિષયમાં પણ નથી. જ્ઞાનમાં છે બધું. એની સાથે સાથે પણ જ્ઞાન જોડાયેલું જ હોય છે. જ્ઞાન કાંઈક કહે છે અને દૃષ્ટિ કાંઈક કહે છે એમ બે વિરોધ નથી. કે દૃષ્ટિ ક્યાંક ચાલે છે અને જ્ઞાન ક્યાંક ચાલે છે. એટલે બેયને વિરોધ આવે, બેયને અરસપરસ વિરોધ થાય છે એવું નથી. દૃષ્ટિ જે ગ્રહણ કરે છે એ જ્ઞાનમાં ગ્રહણ થાય છે. પણ જ્ઞાનમાં એથી વિશેષ થાય છે કે પર્યાય જે બાકી રહી જાય છે એ બાકીનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન જે છે એ જ્ઞાનમાં આવે છે. દૃષ્ટિ એકને ગ્રહણ કરીને એનો આશ્રય લઈને, આશ્રય એકનો જ હોય છે. આશ્રય ઝાઝી વસ્તુનો, ઝાઝાનો આશ્રય નથી હોતો. એક ઉપર જોર મૂકે, એકનો આશ્રય લે તો એમાંથી આશ્રય લેવાથી એમાં જે પર્યાય શુદ્ધ નિર્મળ પર્યાયો પ્રગટી એમાં જે વિભૂતિ હોય એ પ્રગટે, એકનો આશ્રય લેવાથી. પછી એમાં જે જ્ઞાન છે એ વિશેષ દ્રવ્યને ઓળખે છે. દ્રવ્યનું સ્વરૂપ શું છે? અને દૃષ્ટિ તેનો વિષય કરે છે એ બધું જ્ઞાનમાં આવે છે. પોતે પણ એને ગ્રહણ કરે છે. પણ વિશેષમાં જે બાકી રહી જાય છે એ જ્ઞાન બધું જ્ઞાન કરે છે કે આ જે વસ્તુનું સ્વરૂપ જે આ પર્યાય છે

એ બધું બાકી રહી જાય એ જ્ઞાનના વિષયમાં આવે છે. પણ એકનો આશ્રય લીધા વગર, એના ઉપર જોર મૂક્યા વગર પુરુષાર્થ આગળ જાતો નથી. આશ્રય લીધા વગર, એક ઉપર આશ્રય ગ્રહણ કર્યા વગર, એકને ગ્રહણ કર્યા વગર પુરુષાર્થ આગળ જાતો નથી. માટે એકનો આશ્રય લે છે દૃષ્ટિ અને જ્ઞાન બધો વિવેક કરે, બધું જાણે છે. વસ્તુનું આખેઆખું સ્વરૂપ જે છે એ લક્ષણભેદે ભેદ છે, પર્યાયમાં ભેદ છે એ જ્ઞાન બધું જાણી લે છે. એનો વિવેક કરે છે. જ્ઞાન તો સાથે ને સાથે રહે છે, દૃષ્ટિની સાથે જ.

પ્રશ્ન :- દૃષ્ટિનું જોર એવા પ્રકારનું આવે છે કે એકાંત જાણે કે હું જ્ઞાયક જ છું એવો અનુભવ...

ઉત્તર :- એવું એનું જોર આવે છે. હું તો જ્ઞાયક જ છું. એમાં બીજી કોઈ અપેક્ષા નથી. એક નિરપેક્ષ તત્ત્વ હું છું. એવું એનું જોર આવે છે. એ જોરની સાથે જ્ઞાનનું પણ જોર આવે છે. પણ જ્ઞાન જે બાકી રહે છે એ બધું એના ખ્યાલમાં આવે છે કે આ જોર એકનું આવ્યું પણ એની સાથે સાથે પ્રગટ શું કરવાનું છે? એની સાથે શું પ્રગટ થાય છે? વસ્તુનું શું આખું સ્વરૂપ છે એ બધું જ્ઞાન ખ્યાલમાં લઈ લે છે અને એનો વિવેક કરે છે.

પ્રશ્ન :- બેમાંથી બળવાન કોણ? જોર આવે એ બળવાન? કે જ્ઞાન બધું જાણે એ?

ઉત્તર :- અપેક્ષાએ બેય બળવાન છે. દૃષ્ટિની અપેક્ષાએ દ્રવ્યના આશ્રય વગર આગળ જવાતું નથી માટે દૃષ્ટિ બળવાન છે. પણ જ્ઞાન બધો વિવેક કરે છે માટે જ્ઞાન પણ બળવાન છે. દૃષ્ટિના જોર વગર આગળ જઈ શકાતું નથી માટે દૃષ્ટિની મુખ્યતા કહેવાય છે પણ સાથે જ્ઞાન વગર, બધો વિવેક થયા વગર માર્ગ ચોખ્ખો થાતો નથી, માર્ગમાં ભૂલ પડે છે.

પ્રશ્ન :- અપેક્ષાએ બંને બળવાન?

ઉત્તર :- અપેક્ષાએ બેય બળવાન છે. રાજાને જાણે કે રાજાને ગ્રહણ કરવો. રાજા આગળ કાંઈક જોઈએ છે. એ આવે છેને? એ જાણીને ગ્રહણ કરીને પછી શું એની પાસે છે એ બધું જ્ઞાનમાં આવે છે. એ પ્રમાણે એનું અનુચરણ કરે છે. એની શ્રદ્ધા કરે, જ્ઞાન કરે અને આચરણ કરે છે.

પ્રશ્ન :- ધનના અર્થીનું દૃષ્ટાંત આવે છે કે ધનનો અર્થી જેમ રાજાને પહેલા જાણે. જાણે એટલે કે બધી રીતે...?

ઉત્તર :- જાણે પછી એની શ્રદ્ધા કરે કે આ રાજા જ છે. રાજાની શ્રદ્ધા કરી અને આ રાજાને પોતે ગ્રહણ કરે છે કે આ રાજા જ છે, પછી એને અનુચરણ કરે, એને અનુકૂળ વર્તે છે.

પ્રશ્ન :- માતાજી! ત્યાં આગળ એ ગાથામાં શ્રદ્ધાના વિષયમાં, આ રાજા જ છે અને એનો આશ્રય... સિદ્ધાંતમાં એમ લીધું છે કે એનો આશ્રય કરવાથી જ મને કર્મનો ક્ષય થશે, એ બંને શ્રદ્ધાના વિષયમાં લીધું છે.

ઉત્તર :- શ્રદ્ધાના વિષયમાં છે. પણ જ્ઞાન ને શ્રદ્ધા ને આચરણ ને બધું એમાં આવી જાય છે.

પ્રશ્ન :- ઈ જયચંદ્રજીએ લખ્યું છે. પંડિતજીએ ખુલાસો કર્યો.

ઉત્તર :- એ જયચંદ્ર પંડિતે (લખ્યું છે), મૂળમાં નથી. એમાં એમ લીધું કે પહેલા જાણે અને પછી શ્રદ્ધા કરે. જ્ઞાન વચ્ચે આવ્યા વગર રહેતું નથી. પણ પછી શ્રદ્ધા કરે એટલે દર્શનને મુખ્ય કહેવાય છે. એ શ્રદ્ધાના જોરથી આગળ જવાય છે. પણ શ્રદ્ધા અને જ્ઞાન એવા સાથે રહે છે કે એ બે અવિનાભાવી છે કે એકબીજાથી છૂટા જ ન પડે. જો એક છૂટે તો બેય છૂટી જાય એનાથી. એવા સાથે રહે છે. શ્રદ્ધાને જ્ઞાનને છૂટા પાડે કે આ તો જ્ઞાન છે, આ શ્રદ્ધા છે, પણ એ બેય સાથે જ રહે છે. એક છૂટે તો બેય છૂટે એવું છે. દૃષ્ટિના વિષયમાં બધું નીકળી જાય અને જ્ઞાન બધું જાણે છે. એમાંથી દૃષ્ટિને રાખીને જો જ્ઞાન કાઢી નાખે તો બેય નીકળી જાય એવું છે. જ્ઞાન રાખે એકલું તો દૃષ્ટિ વગર તો કાંઈ થાતું નથી, પણ દૃષ્ટિ રાખીને જ્ઞાનને કાઢી નાખે તો દૃષ્ટિ પણ નીકળી જાય છે. એ એકબીજા સાથે એવા સંકળાયેલા છે, દૃષ્ટિ અને જ્ઞાન સાથે સાથે જ રહેનારા છે.

પ્રશ્ન :- જ્ઞાનને કાઢી નાખે એટલે કે જ્ઞાનના વિષયને જેમ છે એમ ન જાણે...

ઉત્તર :- જ્ઞાનના વિષયને જેમ છે એમ ન જાણે અને એનો નિષેધ કરી નાખે તો એ દૃષ્ટિ જ રહેતી નથી.

પ્રશ્ન :- આમ તો આખી એક જ વસ્તુ છે એટલે એમાં આ પરિણમે અને આ ન પરિણમે કે આને ઊભું રાખી દેવું એવું તો કેવી રીતે બની શકે?

ઉત્તર :- એવું તો થાતું જ નથી એની પરિણતિમાં, પણ એના અભિપ્રાયમાં એવું માને તો ખોટું થાય છે. એની પરિણતિમાં તો દર્શન અને જ્ઞાન બધું સાથે જ પરિણમે છે, પણ એના અભિપ્રાયમાં એવું રાખે કે આ દર્શન છે, આ તો જ્ઞાન છે આનું કાંઈ નહિ. પણ એ બે સાથે જ રહે છે. અમુક પ્રયોજનભૂત જ્ઞાન તો સાથે જ

રહે છે. પછી ઝાઝું જ્ઞાન ન હોય એ જુદી વાત છે.

પ્રશ્ન :- અભિપ્રાયમાંથી કાઢી નાખે એની વાત છે?

ઉત્તર :- હા, અભિપ્રાયમાંથી કાઢી નાખે તો.

પ્રશ્ન :- પ્રયોજનભૂત જ્ઞાન અને શ્રદ્ધા બંને એકમેક આમ વણાયેલા જેવા છે.

ઉત્તર :- વણાયેલા છે, એકસાથે જ રહેનારા છે. દ્રવ્યના આશ્રયમાં દૃષ્ટિ મુખ્ય રહે તોપણ જ્ઞાન સાથે ને સાથે જોડાયેલું જ રહે છે. જે ક્ષણે, જે વખતે એ દૃષ્ટિનો આશ્રય છે કે આ હું છું, આ હું એક તત્ત્વ ચૈતન્ય છું એવું જે એના આશ્રયમાં આવ્યું તે જ વખતે જ્ઞાન પણ સાથે જ છે કે આ હું છું અને એની સાથે જે પર્યાયો છે એ જ ક્ષણે એને ક્રમ પડતો નથી. એ જ ક્ષણે એની સાથે ને સાથે જ્ઞાનમાં હોય છે.

પ્રશ્ન :- માત્ર જ્ઞાનના વિષયનો આશ્રય નથી?

ઉત્તર :- હા, આશ્રય નથી. દૃષ્ટિના વિષયમાં ગુણભેદ, પર્યાયભેદ નથી. એક તત્ત્વનો આશ્રય લીધો એ આશ્રયના જોરની સાથે સાથે જ્ઞાન પણ એના આશ્રયને જાણે છે. એનો આશ્રય પણ ગ્રહણ કરે છે, પણ તેની સાથે ને સાથે તે જ ક્ષણે સમયાંતર વગર, યાદ કર્યા વગર સહજપણે એની સાથે હોય છે કે આ પર્યાયમાં અધુરાશ છે. એની સાથે ને સાથે હોય છે. એની પરિણતિમાં સહેજે એવું હોય છે, સહજ.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના પ્રવચનમાં 'પ્રવચનસાર'માં આ જ વિષય હતો, પ્રમાણ અને નયજ્ઞાન...

ઉત્તર :- હા. એ આવે છે. 'પ્રવચનસાર'ના?

પ્રશ્ન :- નય ચાલે છેને.

ઉત્તર :- નય અધિકારમાં.

પ્રશ્ન :- પર્યાયમાં રાગ છે એમ જાણવાથી કાંઈ મિથ્યાત્વ નથી આવી જતું.

ઉત્તર :- જાણવાથી કાંઈ મિથ્યાત્વ આવી જાય? રાગ છે એ તો છે પર્યાયમાં. પણ એ મારું સ્વરૂપ છે એમ જાણવાથી મિથ્યાત્વ આવે છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૧૯ D

પ્રશ્ન :- .. પણ અંદર તો બધા તત્ત્વો આવે છે. પર્યાયરૂપ તત્ત્વ, સંવર, નિર્જરા, મોક્ષ...

ઉત્તર :- શુદ્ધ આત્માની કથની એટલે મુખ્યપણે શુદ્ધાત્માની કથની. એમાં બધી સંધિ આવે છે. પર્યાયની વાત અને બધું આવે છે. મુખ્યપણે શુદ્ધાત્માની કથની કરી છે. મુખ્યતા છે. એમાં કોઈ કોઈ ગાથા વચ્ચે આવી જાય છે પર્યાયની ને બધી આવી જાય છે. એમાં મુખ્યતાની અપેક્ષાએ છે. અને નિશ્ચય-વ્યવહારની સંધિ ને બધું આવે છે અંદર.

આચાર્યદેવ કહે છેને કે મારી શુદ્ધાત્માની અનુભૂતિ, હું ચિન્માત્રમૂર્તિ હોવા છતાં પણ મારી પરિણતિ કલ્માષિત મેલી છે એની શુદ્ધિને માટે હું આ કરું છું. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. બધી શુદ્ધનયની દ્રવ્યાનુયોગની બધી મુખ્યપણે જ્ઞાયકની વાત કરીને પછી વચ્ચે બારમી ગાથામાં નિશ્ચય-વ્યવહારની સંધિની વાત કરે છે. તાપ દેતા.. દેતા... દેતા.. જે શુદ્ધ પરમભાવને જાણે છે તે શુદ્ધનયને અપરમભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. એવી એવી ગાથા વચ્ચે વચ્ચે આવી જાય છે.

શુદ્ધાત્મા અનાદિકાળથી જાણ્યો નથી એટલે શુદ્ધાત્માને તું જાણ. શુદ્ધાત્માની વાત તેં અનંતકાળથી સાંભળી નથી, એનો પરિચય કર્યો નથી, અનુભવ કર્યો નથી માટે તું આ શુદ્ધાત્માને જાણ એમ કહેવું છે. પણ એ મોક્ષમાર્ગમાં જે સાધકદશા છે એ સાધકદશાનું સ્વરૂપ પણ અંદર આવે છે, બધું આવે છે.

પ્રશ્ન :- મુખ્યપણે શુદ્ધાત્મા?

ઉત્તર :- મુખ્યપણે શુદ્ધાત્માની વાત છે.

પ્રશ્ન :- પર્યાયરૂપ તત્ત્વમાંથી પણ કાઢવાનો તો શુદ્ધાત્માને.

ઉત્તર :- શુદ્ધાત્માનું ધ્યેય હોવું જોઈએ, શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. પર્યાયની વાત કરે પણ એ વચ્ચે શુદ્ધાત્માની સાથે વાત કરે છે. પર્યાયમાંથી એટલે પર્યાય નથી એમ નહિ, પર્યાય છે પણ એ પર્યાય છે એ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાની નથી. પર્યાય ઉપર ધ્યેય કરવાનું નથી, પર્યાયનો આશ્રય કરવાનો નથી. એમ. ભૂતાર્થથી જાણેલ જે નવ તત્ત્વો તે ભૂતાર્થ એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. ભૂતાર્થને

જાણે એમ. પણ વચ્ચે નવ તત્ત્વ આવે છે. સાધકદશા તો વચ્ચે આવે છે. કમલીનીનું પત્ર એની સમીપ જઈને જોતાં, એને ભૂતાર્થથી જોતા નિર્લેપ છે અને ઓલી બીજી બાજુથી જોતા એ પાણીમાં છે અને પાણી સાથે પાણીમાં ડૂબેલું છે—એમ બે અપેક્ષા કહેવામાં આવે છે. એટલે બે જ્ઞાન કર, પણ મુખ્યતા દ્રવ્યનો આશ્રય કર, વસ્તુનો શુદ્ધાત્માનો આશ્રય કર એમ કહેવું છે.

પ્રશ્ન :- મોક્ષમાર્ગમાં આખું 'સમયસાર' પ્રયોજનભૂત ગણાય કે અમુક ગાથાઓ પ્રયોજનભૂત ગણાય એવું ખરું?

ઉત્તર :- બધી ગાથા મોક્ષમાર્ગમાં બધી પ્રયોજનભૂત છે. અમુક જ ગાથા પ્રયોજનભૂત નથી. આચાર્યની બધી ગાથા મોક્ષમાર્ગમાં બધી પ્રયોજનભૂત છે. આચાર્યદેવનું બધું કથન પ્રયોજનભૂત જ છે, કોઈ અપ્રયોજનભૂત નથી. આચાર્યદેવે જે ઉપદેશ આપ્યો છે, આચાર્યદેવે જે રચના કરી છે એ બધી રચના પ્રયોજનભૂત છે. એમાં કોઈ અપ્રયોજનભૂત એકેય ગાથા નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવે' વ્યાખ્યાનમાં કીધેલું કે હસ્વ લખ્યો છે કે દીર્ઘ લખ્યો છે એ પણ પ્રયોજનભૂત જ છે આચાર્યનું.

ઉત્તર :- આચાર્યદેવનું બધું પ્રયોજનભૂત છે. એમની કથની બધી પ્રયોજનભૂત છે. એમનું બધું રહસ્ય અંદર ભરેલું છે. દરેક ગાથામાં રહસ્ય જ ભરેલું છે. એની અનેક જાતની અપેક્ષાઓ ભરેલી છે. મોક્ષમાર્ગમાં બધું આવે જ છે માટે બધું પ્રયોજનભૂત છે. એમાં મુખ્ય ક્યાં લેવું? ગૌણ ક્યાં લેવું? એ જે આત્માર્થી હોય અને જે એની દૃષ્ટિ હોય એ પ્રમાણે ગ્રહણ કરે. બાકી બધું પ્રયોજનભૂત છે.

'ગુરુદેવે' બધી અપેક્ષાઓ સમજાવી છે. આખું 'સમયસાર' સમજાવ્યું છે. એના બધા રહસ્યો ઉકેલ્યા છે. હવે જેની જે દૃષ્ટિ હોય એ પ્રમાણે અર્થ કરે. બાકી પ્રયોજનભૂત બધુંય છે. એકેય નિષ્પ્રયોજન વાત નથી. એ સંધિવાળી વાત આવે એ સંધિવાળી વાત છે એ કાંઈ પ્રયોજનભૂત નથી એવું નથી. શુદ્ધનયની વાત પણ પ્રયોજનભૂત છે અને સંધિવાળી વાત આવે તે પણ પ્રયોજનભૂત છે. બધી વાત પ્રયોજનભૂત જ છે. એકેય વાત નિષ્પ્રયોજનભૂત આચાર્યદેવે કરી નથી. આચાર્યદેવ શાસ્ત્રો રચે છે તે સમજીને રચે છે, વગર સમજ્યે નહિ. એમાં વચ્ચે વચ્ચે ગાથા લેવાનો એમનો આશય છે. વચ્ચે-વચ્ચે સંધિવાળી ગાથા લેવાનો એમનો ઊંડો આશય છે કે મુખ્યનયની વાત કરતા કોઈ બીજે રસ્તે ચડી જાય એટલે વચ્ચે વચ્ચે સંધિની ગાથા લીધી છે. એમનો આશય છે ઊંડો.

પ્રશ્ન :- આપે કહ્યું કે જેવી દૃષ્ટિ હોય એવો અર્થ કરે, એટલે એવા બે અર્થ નીકળતા હશે?

ઉત્તર :- એ તો જેને યથાર્થ જેની દૃષ્ટિ આત્માર્થી હોય, જેને આત્માનું કરવું હોય એ બધા શું આચાર્યદેવનો આશય છે એમાં ઊંડો ઉતરીને વિચાર કરે, 'ગુરુદેવ'નો શું આશય છે એ ઊંડો ઉતરીને વિચાર કરે. બાકી જેને ઊંડું નથી ઉતરવું અને આત્માનું ઊંડું કાંઈ પ્રયોજન નથી, માત્ર શાસ્ત્ર ખાતર વાંચવું અને અર્થો કરવા છે, તો એ કાંઈ એમાં યથાર્થ અર્થ નીકળી શકતા નથી.

પ્રશ્ન :- મર્મ ન પકડી શકે.

ઉત્તર :- એનો મર્મ કે રહસ્ય પકડી શકતો નથી.

આટલી આચાર્યદેવે શુદ્ધનયની વાત કરી અને વચ્ચે આ ગાથા કેમ મૂકી? એનો અર્થ એ પ્રયોજનભૂત જ છે. આચાર્યદેવે સમજીને વચ્ચે ગાથા મૂકી છે. કોઈ એક બાજુનું સમજી ન જાય માટે સમજાવવા માટે લીધું છે.

પ્રશ્ન :- પરમાગમો ગુરુગમે જ વાંચવા, ગુરુગમે જ સાંભળવા, નહિતર તો અજ્ઞાનીને એમાં સૂઝ ન પડે.

ઉત્તર :- પોતાની ઇચ્છા પ્રમાણે વાંચે એમાં સૂઝ ન પડે. પણ અત્યારે પંચમકાળમાં 'ગુરુદેવ' મળ્યા, એમણે બધા રહસ્યો ખોલ્યા છે. કેટલું સીધું ને સરળ કરી દીધું છે. પોતે વાંચવા બેસે તો સીધું ને સરળ છે. પહેલાં તો 'ગુરુદેવે' જ્યારે રહસ્યો ખોલ્યા નહોતા, એ શાસ્ત્ર બહારમાં આવ્યા નહોતા ત્યારે તો કોક વાંચતા તો કોઈના હાથમાં પણ આવતું નહોતું. 'સમયસાર' વાંચે તો કાંઈ સમજે પણ નહિ કે આ શું કહેવા માગે છે. રહસ્યો તો બધા 'ગુરુદેવે' ખોલ્યા છે.

'સમયસાર' પ્રયોજનભૂત છે, 'પ્રવચનસાર' પ્રયોજનભૂત છે, બધા આચાર્યદેવના શાસ્ત્રો પ્રયોજનભૂત છે. એમની એક એક ગાથા પ્રયોજનભૂત છે. બાકી મોક્ષમાર્ગમાં ઝાઝું તને જાણપણું હોય, એ જાણપણાનું કામ નથી, પણ મૂળ પ્રયોજનભૂત એટલે કે તું વસ્તુને સમજ. એ દ્રવ્ય-પર્યાયનું શું સ્વરૂપ છે. એમ સમજીને આગળ જા. ઝાઝું જાણપણું હોય બધું તો આગળ જવાય એવું નથી, પણ નિશ્ચય-વ્યવહારની સંધિ, દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાન અમુક-અમુક મુખ્ય-મુખ્ય બાબત જે મોક્ષમાર્ગમાં કાર્યકારી છે તે બધી સમજવાની જરૂર છે.

પ્રશ્ન :- .. ગંભીર તારી વાણીમાં ભાવો બહુ ઊંડા છતાં, જે હૃદય તારું જાણતા ભાવ તારો ખેંચા.

ઉત્તર :- 'ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા છતાં.' 'ગુરુદેવ'ની વાણી ગંભીર અને ભાવાર્થ ઘણા ઊંડા રહેલા (છે). અંદર ઊંડા ભાવાર્થો હતા. જે એમનું હૃદય જાણે છે, એમને શું કહેવું છે તે એમનો ભાવ ખેંચી શકે છે કે 'ગુરુદેવ'ને નિશ્ચય કઈ રીતે કહેવો છે, વ્યવહાર કઈ રીતે કહેવો છે. એની સંધિ એમને કઈ રીતે કહેવી છે એ એમનું હૃદય જાણે, એમની અપેક્ષાઓ, એમનો આત્મા શું કેવી રીતે કહી રહ્યા છે એ એનો ભાવ ખેંચી શકે છે. 'ગુરુદેવ', જે વાત આવતી હોય એને જોરથી વજન આપીને કહેતા હોય પણ બીજી વાત પણ એટલી જોરથી કરતા હોય એની સંધિ કરવી જોઈએ.

જેમ શાસ્ત્રોમાં 'સમયસાર'માં ઝાઝી વાત શુદ્ધનયની વાત આવે અને પછી સંધિની કોઈ કોઈ ગાથા આવે. એમ 'ગુરુદેવ' પણ મુખ્યતાએ શુદ્ધાત્માનો ઉપદેશ દેતા હતા. એમાં વચ્ચે સંધિની વાત એમને ઘણીવાર આવતી હતી અને એટલું જોરથી અને ભાવથી બોલતા હતા. એની સંધિ કરવી જોઈએ. એમ આવે કે ઝાઝીવાર આ આવ્યું, ઓલું વચ્ચે બોલ્યા એ નિષ્પ્રયોજન હતું એવું કાંઈ નથી.

'પંચાધ્યાયી' 'ગુરુદેવ' વાંચતા. 'પ્રવચનસાર'માં ઈ આવે ત્યારે એટલું એમાં જોરથી બોલતા, 'પદ્મનંદી' વાંચે તો એમાં એવી રીતે બોલતા અને 'સમયસાર'માં શુદ્ધાત્માની વાત આવે તો જોરથી બોલે. એટલે એ ઝાઝી વાર શુદ્ધાત્માની વાત આવે માટે ઓલું કાઢી નાખવાનું છે એવો એનો અર્થ નથી. એ બેયની સંધિ કરવી જોઈએ. જે મુખ્ય તે મુખ્ય અને સાથે જે હોય છે એને જાણવું જોઈએ. વ્યવહાર અભૂતાર્થ આવે. અભૂતાર્થ એટલે કાંઈ છે જ નહિ એવો એનો અર્થ નથી.

પ્રશ્ન :- શબ્દ તો એવો છે-અભૂતાર્થ એટલે છે જ નહિ એવો.

ઉત્તર :- હા. છે જ નહિ એવો અર્થ (લાગે).

પ્રશ્ન :- .. ગૌણ થાય છે..

ઉત્તર :- એની સમીપ જઈને જોતા એની અપેક્ષાએ છે એમ આવે છે. શાસ્ત્રમાં જ આવે છે. કમલીનીનું પત્ર ભૂતાર્થદૃષ્ટિએ જોવે તો જુદું જ છે, કમળ નિર્લેપ છે. આ બાજુથી જોવે તો એ પાણીમાં છે.

પ્રશ્ન :- બેય વાત મૂકે છે.

ઉત્તર :- બેય વાત મૂકે છે. એમાં મૂળ તત્ત્વ શું છે કે એ મૂળ વસ્તુ એ નથી. નિર્લેપ જ છે. આ પણ વ્યવહાર છે એ જાણવો જોઈએ.

પ્રશ્ન :- સમયસારનો આપે સર્વાંગ હેતુ કહી દીધો. આજે દિવસ પણ મોટો છે.

ઉત્તર :- પ્રશ્ન પૂછ્યો એટલે વળી ચાલ્યું એમાંથી.

પ્રશ્ન :- બધી ગાથાઓનું સંકલન થઈ ગયું. ૧૧મી ગાથા, ૧૨મી ગાથા, ૧૪મી. આજે તો ઊંચી જ પ્રસાદી મળવી જોઈએને. જે દિવસની પ્રતીક્ષા કરી રહ્યો છે એ દિવસની શરૂઆત માંગલિક શરૂ તો આજથી થાય છે. અમારા હૃદયમાં તો માતાજી આનંદનો કોઈ પાર નથી. એટલો આનંદ આવે છે.

ઉત્તર :- તમે બધા કર્યા કરો છો બધું. બાકી અહીં તો આત્માનું કરવું છે.

પ્રશ્ન :- અમે શું કરીએ છીએ, અમારે હિસાબે તો કાંઈ કરતા નથી. આપનું જે રીતે થવું જોઈએ એમાનું તો કાંઈ કરતા નથી એમ કહીએ તો ચાલે. અમારી શક્તિ પણ શું કે આપનું કરી શકીએ. આ કાળે જે પ્રત્યક્ષ આપનો ઉપકાર વર્તી રહ્યો છે એના બદલામાં તો અમે કાંઈ કરી શકીએ એમ છીએ નહિ. એક ભક્તિ, અલ્પ ભક્તિ પ્રદર્શિત કરીએ છીએ. ગુરુદેવ કહેતા હતા કે જેટલું કરીએ એટલું ઓછું જ છે. આજે 'ગુરુદેવ'નો વિરહ .. રહ્યા છીએ.

ઉત્તર :- 'ગુરુદેવ' તો 'ગુરુદેવ' જ હતા. બાકી 'ગુરુદેવે' જે સમજાવ્યું અને આ બધું તમે પૂછો એટલે કહેવાય. બાકી તબિયત એવી. આ બધું એમ ને એમ ચાલ્યા કરે છે.

પ્રશ્ન :- આપની તબિયતમાં પણ માતાજી આપ જે કાંઈ થોડો ટાઈમ આપી રહ્યા છો એનાથી અમારા સંસ્કાર કેટલા ઊંડા ... વાણીનો લાભ મળે છે.

ઉત્તર :- બધા કેટલા તો કાયમ અહીં ને અહીં હોય છે. આ બધા તો કાયમ રહે છે અહીંયા.

પ્રશ્ન :- આ પ્રસંગ ઉજવવાનું ભાગ્ય પણ 'સોનગઢ'ના મુમુક્ષુઓને મળ્યું.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૦ A

પ્રશ્ન :- આપનો ઉપકાર છે. .. એ જ અમારી ભાવના છે.

ઉત્તર :- આવો છે સંસાર તો ખરો તો આવો છે. 'ગુરુદેવે' કીધું એ ધર્મશરણ છે. ખરું તો ઈ છે. સંસાર આવો છે. કેવો ઉદય આવે શું થાય એ કાંઈ...

પ્રશ્ન :- આ જ વસ્તુ સાચી છે.

ઉત્તર :- સાચું આ જ છે. આ શરીર અને આત્મા બધા જુદા છે. ઉદય શું આવે? સારું થયું બધાને... આ છોકરી કહે છે, બહુ યાદ કરતી હતી.

પ્રશ્ન :- બહુ જ. આ તો જે છે એ શરીરને છે, મારો આત્મા તો ... મારા આત્માને કાંઈ નથી.

પ્રશ્ન :- મને કાંઈ નથી થયું. આત્માને કાંઈ નથી થયું. બધું શરીરને થાય છે.

પ્રશ્ન :- બધું શરીરને થાય છે. આત્માને કાંઈ નથી થયું.

ઉત્તર :- એ વાત સાચી. ખરે ટાઈમે આ શરણ છે. પંચપરમેષ્ઠી. આત્મા જ્ઞાયક શરણ છે. શરીર તો જુદું અને આત્મા જુદો. બધું જુદું છે. જન્મ-મરણ કરતાં કરતાં મનુષ્યભવ મળ્યો એમાં આવા 'ગુરુદેવ' મળ્યા. ખરે ટાઈમે આ ધર્મ જ શરણ છે. બીજું કોઈ શરણ નથી. ક્યારે શું બને છે એ...

પ્રશ્ન :- .. કેમ રાખવો એ મને સમજાવશો. ઉપયોગ કેમ રહે?

ઉત્તર :- વારંવાર ઉપયોગને ફેરવ્યા કરવો. બીજા વિચારો આવે તો ફેરવ્યા કરવા. આત્મા જ્ઞાયક છે. આત્મામાં સુખ અને આનંદ છે, બધું આત્મામાં છે. આ તો બધા બહારના સંયોગો છે. એ કાંઈ પોતાના હાથની વાત નથી. જીવ એકલો આવ્યો અને એકલો જાય છે. કોઈ શરણ નથી. એક આત્મા જ શરણ છે. બીજું કોઈ શરણ નથી. ઉપયોગને વારંવાર ફેરવ્યા કરવો. વાંચન કરવું, સારા વિચાર કરવા. 'ગુરુદેવે' કીધો એ માર્ગ શરણ છે.

અનંતા જન્મ-મરણ કર્યા એમાં મનુષ્યભવ મળ્યો. એમાં આ આયુષ્ય ક્યારે પૂરું થાય એનો કાંઈ ભરોસો છે? કેટલાને છોડીને પોતે જાય, પોતાને છોડીને બીજા જાય એવો આ સંસાર છે. આયુષ્ય તો ક્ષણભંગુર છે. સાગરોપમના આયુષ્ય પૂરા થાય છે, તો આ તો મનુષ્યજીવન છે. ચક્રવર્તીઓના આયુષ્ય પૂરા થાય છે. ચોથા કાળમાં કેવું બનતું. ચોથો કાળ હતો તોપણ ક્યાંય ગયા હોય, કેવી રીતે આયુષ્યો પૂરા થાય છે. કોઈ લડાઈમાં ગયા હોય તો આયુષ્ય પૂરા થાય છે. કોઈ કઈ રીતે આયુષ્ય પૂરા થાય એનું કાંઈ આયુષ્યનું તો કાંઈ... જે આત્મામાં ગ્રહણ કર્યું હોય, જે સંસ્કાર નાખ્યા હોય તે જ ખરે ટાઈમે શરણ થાય છે.

મુમુક્ષુ :- હું તો ભક્તામર બોલતી હતી, બહેન! અને આ ક્યાં કેમ શું થયું મને તો કાંઈ ખબર જ નથી પડી. પછી તો બસ! આ જ મને ગમતું હતું, બીજું કાંઈ મને ગમતું નથી.

ઉત્તર :- ખરું છે. ખરે ટાઈમે એ જ શરણ છે. પંચ પરમેષ્ઠીને યાદ કરવા. ભગવાનને, ગુરુને અને આત્માને યાદ કરવો. સાગરોપમના આયુષ્ય પૂરા થાય. આ તો પાણીના પરપોટા જેવું આયુષ્ય છે. આ જે ઝાકળના બિંદુ જેવું. ક્યારે પૂરું થાય કાંઈ નક્કી નહિ. એટલે જ મોટા ચક્રવર્તીઓ અને તીર્થંકરો આ સંસાર છોડીને મુનિદશા અંગીકાર કરે છે. ખરું તો આ જ છે. આત્મામાં જ ખરું સુખ અને આનંદ છે. શું બને છે એ કાંઈ કહી શકાતું નથી. જીવે કેટલા ભવો કર્યા છે. કેટલા સ્વર્ગના કર્યા, કેટલા મનુષ્યના કર્યા, કેટલા પુદ્ગલ જગતના ગ્રહણ કરીને છોડ્યા, કેટલા એક એક આકાશના ક્ષેત્ર ઉપર જન્મ-મરણ કર્યા. એટલી જાતના કર્યા. એટલા કાળમાં ફર્યો. બધા કરી ચૂક્યો એમાં આ ભવે આ 'ગુરુદેવ' મળ્યા તો આત્માનું કલ્યાણ કેમ થાય એ કરવા જેવું છે. ઓલો ગાંડો માણસ હોય એ આ બધું મારું... મારું... મારું... કરતો હોય છે, પણ પોતાનું કાંઈ નથી. પોતે આત્મા જ પોતાનો છે. જન્મે એકલો, મરણ એકલો, મોક્ષ પોતે કરે, સ્વર્ગમાં પોતે જાય. બધું પોતે જ કરે છે.

પ્રશ્ન :- ...

ઉત્તર :- જન્મ-મરણ એકલો કરે, બધું એકલો કરે.

પ્રશ્ન :- માતાજી! મારા માટે તો આ .. મને તો એ સવારથી સાંજ સુધી, રાત સુધી એ જ મને સાંભળવું ગમે છે. એ જ રટણ. ઊંઘું તો ઊંઘમાં પણ એ જ વિચાર આવે.

ઉત્તર :- આ કુદરતી વળી કાંઈક...

પ્રશ્ન :- બહેનને ગીત મોઢે છે. એટલું મને ગમે છે. મને કોઈ દિવસ એમ નથી ... ઊંઘમાં ને ઊંઘમાં આ જ રટણ. બસ! બીજું કોઈ મને દુઃખ પણ ક્યાં છે? કોઈ વસ્તુ મને મગજ નથી.

ઉત્તર :- સારું કર્યું, તમે ભાવના સારી રાખી. ચૈતન્ય ભગવાન પોતાની પાસે છે. એનું જ રટણ કર્યા કરવા જેવું છે. એને કાંઈ આ દુઃખ હિસાબમાં નથી. ભગવાન પોતે અનંત શક્તિનો ભંડાર છે. એને જ યાદ કરવું. આ શરીર તો જડ છે, કાંઈ જાણતું નથી. પોતે જાણનારો અંદર બેઠો છે. એ અનંત શક્તિ અને અનંત સુખથી ભરેલો છે અને એ આશ્ચર્યકારી એવો છે. એનું રટણ કરવું. અને જિનેન્દ્ર ભગવાન જેણે આત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું એને યાદ કરવા, ગુરુને યાદ કરવા. એ ખરું છે. શાસ્ત્રનું ચિંતવન કરવું. ખરે ટાઈમે, શરીર જુદું, આત્મા જુદો એ અંદર સંસ્કાર નાખ્યા હોય તો યાદ આવે છે બધું.

પ્રશ્ન :- કોઈ ... એમ થાય કે મને આ બોલે તો જ મને, આ વાંચન બોલે તો ગમે. કોઈ આવે તો કહે, મને સમજાવો, મને એ જ વસ્તુ ગમે છે. એમ જ થાય. ત્યાં દવાખાનામાં મને બીજી કોઈ વાત જ યાદ નહોતી આવતી.

ઉત્તર :- સારું. એટલા અંદર સંસ્કાર હતા તો...

પ્રશ્ન :- આપની કૃપા. 'ગુરુદેવ' અને આપના પ્રતાપે બધા પૂર્વના સંસ્કારો નાખ્યા હોય એ કામ કરે છે.

ઉત્તર :- 'ગુરુદેવે' ઘણો ઉપદેશ આપ્યો. તમારા ઘરમાં જગજીવનભાઈએ બધાને એ સંસ્કાર નાખ્યા છે.

પ્રશ્ન :- ગીતાનું કીધું ત્યારે બહુ જ શાંતિ રાખી હતી. નહિતર એમ હતું કે આમને કેમ અમે સાચવશું કીધા પછી. સમાધાન હતું તો ... થઈ ગઈ.

ઉત્તર :- સમાધાન રાખ્યા વગર છૂટકો જ નથી. જ્યાં કંઈ ઉપાય નથી (ત્યાં) શાંતિ જ એક સુખદાયક છે. કાંઈ ઉપાય નથી. શું થાય? એનું આયુષ્ય એ રીતે પૂરું થવાનું હતું. ભૂલ્યા વગર છૂટકો જ નથી. વહેલું મોડું ભૂલવાનું જ છે તો પહેલેથી જ શાંતિ રાખવી. આર્તધ્યાન કરવાથી કાંઈ લાભ નથી. કોઈનું ડહાપણ કાંઈ કામ આવતું નથી કુદરત આગળ.

પ્રશ્ન :- .. એકનું જ શું કામ થાય?

ઉત્તર :- એનું આયુષ્ય પૂરું થવાનું એવી રીતે.

પ્રશ્ન :- એટલા બધા બેઠા હતા એમાં એ એક જ વઈ ગઈ. ખરેખર આવા પ્રસંગે જે સંસ્કાર નાખ્યા હોય એ અને આપને પ્રતાપે ...

ઉત્તર :- બીજો કોઈ ઉપાય નથી. શાંતિ રાખવી એ જ ઉપાય છે.

પ્રશ્ન :- અમને વિશ્વાસ નહોતો કે ભાભી આવી રીતે શાંતિ રાખશે. મને તરત જ યાદ આવી જાય. આ જ વસ્તુ બરાબર છે. કોઈ આવે અને એટલે તરત એમ કહે કે ભાભી બે મિનિટ વાતો કરેને તો ભાભી એમ જ કહે કે આ બધું તમે મૂકી દો. ટેપ મૂકી દો. બસ! થઈ રહ્યું.

ઉત્તર :- ખરે ટાઈમે સંસ્કાર હોય એ જ આવે.

પ્રશ્ન :- આ વખતે ભાભીનો ઉપયોગ.. આ છોકરીને બસ એમ જ કહે ..

ઉત્તર :- નાની છોકરી છે પણ એને. એ તો કહે તરત હું તો યાદ કરતી.

પ્રશ્ન :- શું કીધું બાને? રડવાનું નહિ.

પ્રશ્ન :- રડવાનું નહિ. .. આત્મા નથી મરી ગયો. એનું શરીર મરી ગયું છે.

એનો આત્મા નથી મર્યો. ...

ઉત્તર :- ...ભાઈ ગુજરી ગયા.

પ્રશ્ન :- ...

ઉત્તર :- આત્મા તો શાશ્વત છે. મરણ આત્માનું થાતું નથી તો જ્યાં એ આત્મા ગયો ત્યાં શાશ્વત છે. શરીરનો ફેરફાર થાય છે. અહીં સંબંધથી છૂટીને બીજે સંબંધમાં જાય છે. આત્મા તો શાશ્વત છે. બહારના સંયોગ ઉપર કાંઈ ગણવાનું નથી. આ ભવમાં 'ગુરુદેવ'ની આ વાણી મળી છે એ મહાભાગ્યની વાત છે. કહે છેને કે 'ગુરુદેવ'ની જ વાણી મળી વર્ષો સુધી એના જેવું કોઈ ભાગ્ય નથી. આ વાણી મળવી મહામુશ્કેલ છે. એની આગળ ઈન્દ્ર પદવી, ત્રણ લોકનું રાજ બધું તુચ્છ છે. આવા ગુરુની વાણી વર્ષો સુધી મળી એ તો મહાભાગ્ય છે.

પ્રશ્ન :- માતાજી બધાના .. એનાથી બીજું સૌભાગ્ય શું હોય?

ઉત્તર :- બીજું ક્યુ ભાગ્ય છે? આવા ગુરુ મળ્યા અને આવા 'ગુરુદેવ'ની વાણી વર્ષો સુધી મળી.

પ્રશ્ન :- આ ભાભી તો કહે મને નોકારમંત્ર ભાઈને કહે સંભળાવવા માંડો. હું બચીશ નહિ હવે. સવારમાં ઊઠીને કહે, બા! 'ગુરુદેવ' અને 'બહેનશ્રી'ના દર્શન કરી લ્યો. ઊઠીને પહેલા કીધું.

ઉત્તર :- પહેલા કાંઈ ધ્યાન નહોતું ને. પછી એમને ધ્યાન આવ્યું.

પ્રશ્ન :- પડી ગયા ત્યારે કાંઈ એને ખબર નથી પડી. હોસ્પીટલમાં પણ પછી ખબર પડી. અહીંયાં આવી ગઈ અને શું થયું.

ઉત્તર :- આયુષ્ય હતું તો કાંઈ વાંધો ન આવ્યો. આયુષ્ય પૂરું થાય ત્યાં કાંઈ ઉપાય રહેતો નથી. આમને વાગ્યું હતું?

પ્રશ્ન :- આ બધા સંસ્કાર અને આપનો પ્રતાપ! નહિતર અત્યારે તો કેટલું બધાને પરિણામમાં થઈ જાય.

ઉત્તર :- અંદર ખેદ થઈ જાય. 'ગુરુદેવ'ના મહાપ્રતાપને લઈને સારું છે. સંસ્કાર અંદર યાદ આવે, સારી વાત છે.

પ્રશ્ન :- હોસ્પીટલમાં નર્સ કહેતી હતી ને કે તમારા ગુરુ કોણ છે કે આ લોકો બહુ સમતા રાખે છે. હોય.. હોય.. નથી કરતા. બીજા દર્દીઓ તો અમારે બહુ કરે. સીસ્ટરો બીચારી એમ કહે.

ઉત્તર :- દેવ-ગુરુ-શાસ્ત્રનું સાન્નિધ્ય મળ્યું આ ભવમાં, એના જેવું કયુ ભાગ્ય

છે? એ બધા યાદ કરવા સારા સ્મરણો અને જ્ઞાયકને યાદ કરવો. ચૈતન્યદેવને, ભગવાનને, ગુરુને, બધાને.

પ્રશ્ન :- પંચમકાળમાં 'ગુરુદેવ' અને આપ મળ્યા ઈ જ.. અત્યારે આ ટાઈમ આવ્યો તો આ વસ્તુ હતી તો આપણને ..

ઉત્તર :- શાંતિ રહી. આત્મા શાશ્વતો છે, શરીરના ફેરફાર થાય છે. જન્મ-મરણ... જન્મ-મરણ અનંતા કર્યા છે. એક ભવથી બીજો ભવ, બીજો ભવથી ત્રીજો.. એમાં આ ભવે 'ગુરુદેવ' મળ્યા કે ભવનો અભાવ થાય. શરીર જ ન મળે એવી ભાવના પ્રગટ કરે, એવો ભાવ પ્રગટ કર કે શરીર જ ન જોઈએ. આ જન્મ-મરણ ટળી જાય. શરીર કાંઈ જાણતું નથી. આત્મા બધું જાણે છે. ભાવ બધા વિભાવ એ પોતે આર્તધ્યાનના ભાવ ઓછા કરે અને પોતે અંદર વિચાર કરીને શાંતિ જ રાખવી. આવા ટાઈમે ભેદજ્ઞાનનો અભ્યાસ થાય એવું છે કે આ શરીર જુદું, આત્મા જુદો છે. હું જુદો અને આ શરીર જુદું છે. કોઈ વિકલ્પો.. પોતાનું ધાર્યું કાંઈ થાતું નથી. પોતે જુદો જ છે આત્મા.

પ્રશ્ન :- ભાભી ઘણીવાર કહે કે આ માતાજી રહ્યા. આ આંટા મારે. બપોરે સૂઈને ઊઠે તો કહે માતાજી આ રહ્યા, આ આંટા મારે. આપનો તો એને ભણકાર... કોઈ મગજમાં બીજી વાત જ નહોતી આવતી. મેં કીધું, અહીં ક્યાં હોસ્પીટલમાં માતાજી છે? તો કહે આ રહ્યા, આ આંટા મારે. એ કહે, દેખાય છે. ચોખ્ખા દેખાય છે.

ઉત્તર :- સંસ્કાર અંદર હોય ને એટલે ખરે ટાઈમે દુઃખના સમયે જે પોતાને દેવ-ગુરુ-શાસ્ત્ર યાદ આવે એ સારી વાત છે.

પ્રશ્ન :- આ યાદ આવે તો ઓલું દુઃખ ઓછું થઈ જાય.

ઉત્તર :- દુઃખ ઓછું થઈ જાય.

પ્રશ્ન :- બાકી સંયોગ છે ઈ તો સંયોગ પડ્યો જ છે પણ એમાંથી...

ઉત્તર :- એટલે શાસ્ત્રમાં આવે છેને કે દુઃખના સમયે તું સારા પ્રસંગો યાદ કરજે. જે જે તને સારા પ્રસંગો આત્મામાં બન્યા હોય એ યાદ કરજે. તારું દુઃખ ટળી જાશે કે કેવા પ્રસંગો બન્યા છે. કોઈ વૈરાગ્યના, કોઈ 'ગુરુદેવ'ના, એને તું યાદ કરજે.

પ્રશ્ન :- ... આવેલા ત્યારે એ ચર્ચા સાંભળેલી એ બધી યાદ. મને એવી સરસ જગ્યા મળી હતી. ચર્ચા તો એવી સરસ સંભળાય. બધું એ જ યાદ.

ઉત્તર :- અહીંથી જાતા હતાને પાછા, ચાહીને આવ્યા હતા.

પ્રશ્ન :- કહે, મારે તો દર્શન કરવા છે. બપોરે ...

ઉત્તર :- આ દલુભાઈએ, બધાએ શાંતિ રાખી.

પ્રશ્ન :- શાંતિ રાખવી જ જોઈએ.

ઉત્તર :- શાંતિ જ રાખવી જોઈએ. 'ગુરુદેવ'નું સાંભળ્યું.

પ્રશ્ન :- આવે જરા પણ શાંતિ તો રાખવી. એ તો આપનો પ્રતાપ છે. નહિતર કોઈને શાંતિ ન રહે. આ વખતે આટલું સમાધાન છે.

ઉત્તર :- આટલી 'ગુરુદેવ'ની વાણી સાંભળી, આટલું અંદર સાન્નિધ્ય મળ્યું, એ બધું મળ્યું તો આપણે અંદર કાંઈક ગ્રહણ કર્યું. ખરે ટાઈમે શાંતિ આવે તો કાંઈક ગ્રહણ કર્યું કહેવાય.

પ્રશ્ન :- મંદિરે જાયને તો ૧૧ વાગ્યા સુધી વાંચન કરે બેઠા બેઠા. પૂજા.. બધું મને એટલું દેરાસરમાં ગમે છે. ત્યાં જાવ તો ઘરે આવવાનું મન ન થાય અને ઘરે હોઉં તો એમ થાય કે ... જાવ.

ઉત્તર :- એમણે તો ઘણા વર્ષોથી આ બધું સાંભળ્યું હોય.

પ્રશ્ન :- બધી દિવાળી અહીં જ કરતી. દરેક દીવાળીએ માતાજી! મહિનો-મહિનો રહી ગઈ છે. કેટલા વર્ષો સુધી દીવાળી કરી અહીંયા. હવે પાછી શરૂ કરી દેજો દીવાળી દર વખતની અહીંયા કરવાની. એટલું યાદ રાખજો. જીવન બચી ગયું છે તો હવે અહીંયા માતાજીનો લાભ વધારે ... આખી જિંદગીમાં હવે આ જ કરવા જેવું છે. એ માટે તો આ નવી જિંદગી આવી છે. ... આ જ સાચું કરવા જેવું છે. આપણે ધાર્યું નહોતું.

ઉત્તર :- 'ગુરુદેવ'ના પ્રતાપે નાના છોકરાઓ યાદ કરે છે. છોકરાઓને એટલું યાદ (રહે છે).

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના પ્રતાપે આવડા છોકરાઓ ...

ઉત્તર :- મોટા તો અંદર સંસ્કાર.. નાના બાળકોને પણ...

પ્રશ્ન :- આ તો 'ગુરુદેવ'ના અને આપના પ્રતાપથી કે આવડા છોકરાને આ સંસ્કાર છે. શરીર અને આત્મા જુદા એવું તો બધા શીખી ગયા છે. ભલે અંદર .. પણ બહારથી તો બધાને બોલવામાં... હસતી જ હોય, છોકરી હસતી જ હોય. બોલી ન શકે. મોઢું તો જરાક જ ખુલતું. તોપણ ઈ આનંદમાં રહેતી. કોઈ બોલેને .. તો કહે, બોલોમાં. નથી ખબર એમ કહી દે.

ઉત્તર :- એ એક પ્રસંગ દુઃખનો બન્યો પણ થાય શું? કોઈ ઉપાય છે? એટલે

શાંતિ જ રાખવી. એ બનવાનું જ હતું. વિચાર આવે તો ફેરવી નાખવો, બીજું શું થાય? એનો આત્મા તો જ્યાં છે ત્યાં શાશ્વત છે. જન્મ-મરણ એવી રીતે (કર્યા છે). કેટલાકને છોડીને પોતે આવ્યો છે, પોતાને છોડી બીજા (ચાલ્યા જાય છે). આવું સંસારમાં બન્યા જ કરે છે. શાંતિ જ રાખવી. એમાં પોતે પોતાના આત્માની તૈયારી કરી લેવા જેવી છે.

પ્રશ્ન :- ટાઈમ મળ્યો છે અત્યારે. .. બચ્યા છો તો હવે માતાજીનો લાભ લેવા..

ઉત્તર :- એમણે ઘણા ભાવ સારા રાખ્યા. એમણે ભાવ સારા રાખ્યા.

પ્રશ્ન :- આવા ટાઈમે આટલા ભાવ રાખ્યા એ જ (મોટી વાત છે). આ ભાઈ પાછળ બેઠા છે એમને ગયા વર્ષે ભાવનગરમાં એક્સિડન્ટ થયો હતો. મોટા ભાઈ. જાત્રામાં ગયા હતા ને એમના નહોતા ભાઈ? મોટા ભાભી ઓફ થઈ ગયા એમની બેબી છે. ભાઈએ આ ... ભાભી રસ્તામાં જ ગુજરી ગયા. એ લોકોને એક્સીડન્ટમાં વર્ષ જ થયું. બાર મહિના થયા. બેય જણાનું આવું થયું. બેનની બેબી. આવી જ રીતે એક્સીડન્ટમાં ત્રણે જણા ઓફ થઈ ગયા. જાત્રામા ગયા હતા. ૧૦૮ તીર્થસ્થાન. ૬૮ જગ્યાએ ગયા. ૪૦ જગ્યા બાકી હતી.

ઉત્તર :- આવો સંસાર છે. આવા પ્રસંગે શાંતિ રાખવી એ જ છે ખરું.

પ્રશ્ન :- અમને તો આ છોકરીની એટલી શાંતિ જોઈને બધાને બહુ આશ્ચર્ય થયું. નહિતર છોકરાને સાચવવા જ કેટલા આકરા પડે. માતાજી અને 'ગુરુદેવ' આપણે .. માતાજી શું કરે છે? માતાજીનું ... મને ઈ કહો. ... ગાયા કરે બેઠી બેઠી.

ઉત્તર :- 'બંધ સમયે જીવ ચેતીએ ઉદયે શા ઉચાટ' 'ગુરુદેવ' ઘણીવાર વ્યાખ્યાનમાં કહેતા. તારો બંધ થાય ત્યારે ચેતી લેજે. ઉદય આવે ત્યાં ઉચાટ કરવા નકામા છે. તેં પૂર્વે એવા બંધ બાંધ્યા છે એનો આ ઉદય છે. માટે બંધ થાય એ વખતે તું ચેતી લેજે. એટલે પરિણામમાં તને આર્તધ્યાન બહુ થાય ત્યારે તું ચેતી લેજે. બંધ સમયે ચેતી લે, ઉદયમાં શા ઉચાટ? હવે ઉદય તો આવી ગયો. એના ઉચાટ કરવા, ખેદ કરવા, આકુળતા કરવી બધું નકામું છે. માટે હવે આવો બંધ થાય જ નહિ, આવો બંધ ન થાય એમાં તું ચેતી લેજે. આવા વિભાવભાવ કરીને અને આવો બંધ પડે છે માટે એવો બંધ ન પડે એનાથી તું ચેતી લેજે. કારણ કે આ વિભાવ જ એવો દુઃખદાયક છે કે જેમાં આવા બંધ પડે છે. માટે બંધ સમયે જીવ ચેતીએ, ઉદયે શા ઉચાટ? ઉદય આવે ત્યારે ઉચાટ કરવા નકામા છે. ઉદય પૂર્વે હતા એ આવ્યા. ઉદય તો ફેરવી નહિ શકાય. તું તારા પરિણામ વખતે ચેતી લેજે.

પરિણામ તારા આવા આકરા ન થાય એને માટે તું અંદર આકરા આર્તધ્યાન કે એવું કરીશ નહિ. એમ 'ગુરુદેવ' ઘણીવાર વ્યાખ્યાનમાં કહેતા. ભવિષ્યનું ચિતરામણ તારા હાથમાં છે કેમ કરવું એ. એ પરિણામ તારા હાથમાં છે. બાકી જે ઉદય આવે એ તો કાંઈ ફેરવી શકાતો નથી.

પ્રશ્ન :- પોતે બાંધેલા ઉદય છે.

ઉત્તર :- બંધ વખતે તું ચેતી લેજે.

પ્રશ્ન :- એ વચનામૃતમાં એક બોલ આવે છે કે ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું એ તારા હાથની વાત છે.

ઉત્તર :- એ તારા હાથની વાત છે.

પ્રશ્ન :- એક ભાભીને આતમ.. એ બહુ ગમે. કેવું સરસ માતાજી બોલ્યા! ...

ઉત્તર :- અવિનાશી આવ્યો એકલો જ્ઞાન અને દર્શન છે તેનું રૂપ. એકલો આવ્યો. જ્ઞાન-દર્શન તેનું રૂપ જોવે. ખરેખરો તે જ્ઞાયક વીર. ખરો જ્ઞાયક વીર ખરે ટાઈમે ઊભો રહે તો એ જ્ઞાયક વીર ગણાય છે. વચ્ચે એક લીટી આવે છે. બહિર ભાવો સ્પર્શ કરે નહિ આત્માને. બહારના ભાવો આત્માને સ્પર્શ કરે નહિ. એ ખરેખરો જ્ઞાયકવીર છે. તું ખરો જ્ઞાયક વીર ક્યારે કહેવાય? બહારના ભાવો તને સ્પર્શે નહિ, એની તને અસર થાય નહિ તો તું ખરો જ્ઞાયકવીર છો. અને આતમરામ તો એકલો જ આવ્યો છે અને એકલો જવાનો છે.

પ્રશ્ન :- આપણે જઈએને તો કહે, ઈ ગાવને. ઈ બહુ સરસ છે. આતમરામી.. ઈ પોતે ...

ઉત્તર :- હજી ચાલી શકાય છે ધીરે ધીરે ચલાશે.

પ્રશ્ન :- ૭-૯ હજી બતાવવા જવાનું છે. ૭-૯ પછી, જોયા પછી. અહીંયા કાણું પડી ગયું ત્યાં ચામડી મૂકી છે. ત્યાં સાંધા આવ્યા છે. એટલે ઈ હજી રુઝાય નહિ. ... ઈ તો બરોબર થઈ ગયું. પણ બીજું ધારવાનું એને હિસાબે ચાલવાની ના પાડી છે. ૭-૯ બતાવવા જવાનું છે. ત્યારપછી જોયા પછી... ડાબે પગે ચલાવે, એક પગે ચાલવાનું ઘોડી લઈને. ઘણું સારું છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૦ B

પ્રશ્ન :- અમુકને જ ઋદ્ધિ પ્રગટતી હશે.

ઉત્તર :- એ તો પોતે આત્માની તો સાધના કરતા જ હોય. કોઈને આવી ઋદ્ધિ પ્રગટે, કોઈને ન પ્રગટે. ઋદ્ધિ સાથે કાંઈ સંબંધ નથી. એ તો આત્મામાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય. અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તમાં અંતરમાં જતા હોય, વળી બહાર આવે. પણ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય એટલે એને શ્રેણી માંડીને કેવળજ્ઞાન પામે, ઋદ્ધિ પ્રગટી પણ ન હોય. અને ઘણાને એવી અંતરમાં કોઈ એવી, નિર્મળતા એવી જાતની કોઈ જાતની થાય કે ઋદ્ધિઓ પ્રગટે. અનેક જાતની ઋદ્ધિ આવે છેને? રસ ઋદ્ધિ, બુદ્ધિ ઋદ્ધિ અનેક જાતની ઋદ્ધિઓ પ્રગટે છે.

એવા કોઈ અંતરમાં એવી જાતની કોઈ પરિણતિ થઈ જાય (તો) ઋદ્ધિ પ્રગટે. કોઈને પ્રગટે પણ નહિ. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય. બહાર આવે ત્યારે શ્રુતનું ચિંતવન કરતા હોય અને અંતરમાં જાય ત્યારે નિર્વિકલ્પદશામાં ઝુલતા હોય. બહાર આવે તો શ્રુતનું ચિંતવન (ચાલતું હોય). વળી કોઈ વાર આહારનો વિકલ્પ આવે તો આહાર લેવા જાય. બાકી આત્મામાં જ રહેતા હોય. એવી મુનિરાજની દશા હોય છે. પણ એ ઋદ્ધિની એક પૂજા કરવામાં આવે છે. એવા ઋદ્ધિધારી મુનિવરો પણ હોય છે.

પ્રશ્ન :- ઋદ્ધિ પ્રગટવાનું કારણ એમની પરિણતિ એવી જાતની.

ઉત્તર :- પરિણતિ એવી જાતની કોઈ નિર્મળતા થઈ જાય કે ઋદ્ધિ પ્રગટે. મનબળ ઋદ્ધિ, વચનબળ ઋદ્ધિ, કાયબળ ઋદ્ધિ અને ઋદ્ધિ પ્રગટે અંદર. એવી કોઈ પરિણતિની દશા થઈ જાય કે મનના પુદ્ગલ, વચન પણ, વાણી પણ એવી થઈ જાય, શરીર પણ એવું થઈ જાય. એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને એવું થઈ જાય. અંતરમાં કોઈ ક્ષયોપશમભાવ બુદ્ધિઋદ્ધિ પણ પ્રગટ થઈ જાય. અનેક જાતની ઋદ્ધિઓ પ્રગટે છે. એવી જાતની કોઈ પરિણતિ થઈ જાય. શરીરમાં ફેરફારો થઈ જાય. એને બહારથી એવું થઈ જાય. વધારે બધું ભોજન હોય એ ભોજન વધી જાય. એવી બધી ઋદ્ધિ, એવી પુણ્યની, બહારથી પુણ્ય ઋદ્ધિ એવી પ્રગટી જાય. એવું થઈ જાય. આત્મામાં બહુ રહેતા હોય, કોઈને એવી પ્રગટી જાય. કોઈને પ્રગટે, કોઈને ન પ્રગટે. ઘૃતસ્રાવી ઋદ્ધિ, અમૃતસ્રાવી ઋદ્ધિ ને આહાર લે તો ઘી જેવો થઈ

જાય, અમૃત જેવો થઈ જાય, એવું બધું આવે છે. પણ એ બધું હોય તો જ કેવળજ્ઞાન થાય એવું કાંઈ નથી. આત્માની સાધના કરતાં કરતાં જુદી જુદી જાતની કોઈને ઋદ્ધિઓ પ્રગટી જાય છે.

પ્રશ્ન :- જેમ ચોથે ગુણસ્થાને તારતમ્યતામાં ફરક હોય ઘણા સમકિતી હોય તો, એવી રીતે મુનિરાજમાં પણ તારતમ્યતામાં ફરક રહેતો હશે?

ઉત્તર :- ગુણસ્થાન તો એકનું એક હોય. છઠ્ઠે સાતમે ગુણસ્થાને. ગુણસ્થાન ચોથે પણ ગુણસ્થાન એક જ હોય. ગુણસ્થાન તો એક જ હોય છે. એમાં કોઈ મુનિને કોઈ ક્ષયોપશમ કોઈને વધારે હોય, કોઈને અમુક ઓછો હોય. એમ અનેક અનેક જાતના (પ્રકાર હોય છે), પણ એમાં કેવળજ્ઞાન સાથે કાંઈ સંબંધ નથી હોતો. કોઈને અંતરમાં કોઈ જાતની નિર્મળતા એવી જાતની થઈ જાય, બુદ્ધિ ઋદ્ધિ થઈ જાય. આ બધું બહાનું છે. શરીરની ઋદ્ધિ અને આ બધું થઈ જાય છે. એનો પવન આવે ત્યાં કોઈને રોગ મટી જાય એવી બધી ઋદ્ધિઓ પ્રગટે છે. એ બધું કાંઈ પુદ્‌ગલોમાં ફેર થઈ જાય છે. આત્મા સાથે સંબંધ છે. એની સાથે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળાને કાંઈ સંબંધ નથી. બધાને એવી જાતનું એવું પ્રગટે જ એવું કાંઈ નથી. ચોથા ગુણસ્થાનનો ફેરફાર એ વાત જુદી. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હોય એના ગુણસ્થાન એક જ હોય, ચોથે ગુણસ્થાને રહેતા હોય એનું ગુણસ્થાન તો એક જાતનું છે.

પ્રશ્ન :- શ્રેણી માંડવા પૂર્વે બહુ પરિણતી ગાઢી થતી હોય, ઈ પહેલા ઓછી હોય..

ઉત્તર :- એવું કાંઈ નથી. એને ઋદ્ધિ હોય તો જ શ્રેણી જટ માંડે એવું કાંઈ નથી. શ્રેણી માંડવા માટે અંતરની પરિણતિની ગાઢપ થાતી જાય, લીનતા વધતી જાય. અંતર સાથે સંબંધ છે. દ્રવ્યદૃષ્ટિનું બળ છે. અંતરમાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. એમ કરતાં કરતાં અંદર વારે વારે ઝુલતા-ઝુલતા એવી એને ક્ષણ આવી જાય શ્રેણી માંડી દે. ચોથા ગુણસ્થાનમાં પણ ચોથા ગહુણસ્થાનમાં રહેતા જો અંતર લીનતા વધતી જાય તો ગુણસ્થાન આગળ વધું જાય.

ચોથા ગુણસ્થાનવાળાને ભેદજ્ઞાનની ધારા રહે છે અને અંતરમાં નિર્વિકલ્પદશા થાય છે. બહાર આવે ઉપયોગ તોપણ ભેદજ્ઞાનની ધારા તો નિરંતર રહે છે એને. જ્ઞાયક, આ જ્ઞાયક છે. આ જે વિકલ્પ આવે એનાથી હું જુદો છું. જે આ વિકલ્પ આવે એની સાથે એકતા થાતી નથી. શરીર સાથે એકતા થાતી નથી, વિકલ્પ સાથે

એક્તા થાતી નથી. ગમે તેવા શુભ પરિણામ હોય તો એની સાથે એક્તા થાતી નથી, પણ વચ્ચે આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા બધું આવે છે. સમ્યગ્દષ્ટિને આવે છે, મુનિઓને આવે છે, બધાને આવે છે. પણ એની સાથે એકતા નથી હોતી. જ્ઞાયકની ધારા વર્તતી હોય છે. એમાં નિર્વિકલ્પદશા ચોથે ગુણસ્થાને (પણ આવે છે). છઠ્ઠે-સાતમે તો અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે થાય છે.

પ્રશ્ન :- માતાજી! ચારિત્રની સ્થિરતા અને ઋદ્ધિના કારણરૂપ પરિણામને નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વિશેષતા ખરી કાંઈ?

ઉત્તર :- એ સ્થિરતાના પરિણામ કોઈ જુદી જાતના (હોય) કે જેનાથી ઋદ્ધિ પ્રગટે. એવી જાતના સ્થિરતાના પરિણામ હોય છે. એવા કોઈ જુદી જાતના નિર્મળતાના, સ્થિરતાના પરિણામ હોય એની સાથે ઋદ્ધિ પ્રગટે. એવી જાતના સંબંધવાળા હોય છે. વર્તમાન એવી જાતની કોઈ નિર્મળતા થાય (કે) ઋદ્ધિ પ્રગટે કોઈને, કોઈને વૈક્રિય ઋદ્ધિ પ્રગટે, કોઈને કાંઈ ઋદ્ધિ પ્રગટે. પણ કોઈને ઋદ્ધિ ન હોય. અંતર્મુહૂર્તમાં શ્રેણી માંડી દે. વર્તમાનની નિર્મળતાના કોઈ પ્રકારના હોય પરિણામ એની સાથે કાંઈક ઋદ્ધિને સંબંધ હોય છે. પણ એ ક્ષયોપશમ જ્ઞાન સાથે, પણ આ તો પુણ્યની ઋદ્ધિ પ્રગટે પણ પરિણામ સાથે કાંઈ સંબંધ થઈ જાય. એનું શાસ્ત્રમાં આવતું નથી, પણ કોઈ એવી જાતના પરિણામ આવે કે એને એ જાતના શરીરમાં, વાણીમાં, બધામાં ફેરફારો થાય. ભગવાનને કેવળજ્ઞાન થાય છે તો શરીર આ સ્ફટિક જેવું (થઈ જાય છે). એવી જાતનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

(શ્રોતા :- અનુભવઋદ્ધિધારક ભગવતી માતનો જય હો! સ્વાનુભૂતિ ઋદ્ધિ માર્ગ પ્રકાશક કૃપાળુ કહાનગુરુદેવનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૦ C

ઉત્તર :- .. સુખદાયક છે. બીજો કોઈ ઉપાય નથી. 'ગુરુદેવે' કીધું એ જ ગ્રહણ કરવાનું છે. દુઃખ થાય તોપણ મનને વાળ્યા વગર કોઈ છૂટકો નથી. મનને વાળી અને શાંતિ રાખવી. આવા અનંતા ભવો કર્યા છે જીવે. એમાં કોકને છોડીને પોતે જાય, પોતાને છોડીને બીજા જાય. એવા અનંતા આવા જન્મ-મરણો કર્યા છે. એમાં ભવનો અભાવ થાય એવો માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો. એ જ કરવાનું છે. શાંતિ રાખવી

એ જ શ્રેયભુત છે. એનો કોઈ ઉપાય જ નથી. આયુષ્ય કેવી રીતે ક્યારે પૂરું થાય એ કાંઈ કોઈના ખ્યાલમાં હોતું નથી. એકદમ ક્યારે... શાંતિ રાખવી. મનને વાળ્યા કરવું.

સંસારમાં જીવ એકલો જન્મે, એકલું મરણ થાય, એકલો સ્વર્ગે જાય, એકલો મોક્ષમાં જાય. એમાં કોઈ સાથીદાર હોતું નથી. માટે પોતે પોતાનો ભાવ સુધારવા (યોગ્ય) છે. 'બંધ સમય જીવ ચેતીએ, ઉદયે શા ઉચાટ?' 'ગુરુદેવ' કહેતા હતા. પોતે બંધ કેવી રીતે કર્મના બાંધે છે એ વખતે તું ધ્યાન રાખજે. ઉદય વખતે ઉચાટ કરવાથી કાંઈ હાથમાં આવતું નથી. પરિણામમાં બહુ વધારે પડતા પરિણામ એવા ન થાય એનું ધ્યાન રાખજે.

તું તો જ્ઞાયક આત્મા છો. શાશ્વત છો. આત્માનું કાંઈ મરણ થાતું નથી. એક દેહથી બીજો દેહ ધારણ કરે. આત્મા તો જ્યાં જાય ત્યાં શાશ્વત જ હોય છે. આવા જન્મ-મરણ જીવે અનંતા કર્યા છે. વૈરાગ્ય કરવા જેવો છે. ખરે પ્રસંગે વૈરાગ્ય કરવો, વૈરાગ્યમાં ઝંપલાવવું એ આત્માર્થીનું લક્ષણ છે.

પ્રશ્ન :- આપનો અને 'પૂજ્ય ગુરુદેવશ્રી'નો જેને કહેવાય કે જો આપ ન મળ્યા હોત તો અમે તો અત્યારે માથા પછાડતા (હોત). કેવી રીતે સમાધાન કરવું, શું કરવું? માતાજી! અમે તો હજી મધદરિયે જે રીતે લૂટાણા એવી રીતે લૂટાયેલા છીએ.

ઉત્તર :- જીવ પોતે શાંતિ રાખે. ગમે તેટલું કરે, આર્તધ્યાન કરે તો કર્મ બંધાય છે. એમાં કાંઈ હાથમાં આવતું નથી. શાંતિ એક જ સુખદાયક છે. કાંઈ કુદરત આગળ કોઈનો ઉપાય હોતો નથી. શાંતિ સિવાય કોઈ ઉપાય નથી. એકલો જન્મ કરે, એકલો મરણ થાય, એકલો મોક્ષ જાય. કોઈનો કોઈ સાથીદાર હોતો નથી. જીવ બધું મારું મારું માને છે, કાંઈ એનું પોતાનું હોતું નથી.

પ્રશ્ન :- આમ કેમ થઈ ગયું?

ઉત્તર :- શું થાય? દુઃખ થાય પણ એમ થાવાનું જ હતું. એવી રીતે આયુષ્ય જ બાંધેલું હતું. એવી જ રીતે આયુષ્ય પૂરું થવાનું હતું. કોઈનું કાંઈ ડહાપણ નથી કામ આવતું.

પ્રશ્ન :- સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ... અને પોતે પણ એટલા સરળ હતા કે એનું પણ આવું થઈ ગયું?

ઉત્તર :- જે આવે એ પૂર્વ ભવમાંથી આવે છે. અત્યારે કર્યું એનું એ ફળ નથી હોતું. પોતે સરળ હોય, ધર્મી હોય તો પૂર્વે જે બંધ બાંધ્યા હોય છે એના ઉદય આવે છે. અત્યારે જે પોતે ધર્મ કર્યો એનું ફળ પછી આવે. અત્યારે તો પૂર્વના નાખેલા હોય

એના ઉદય આવે છે. આયુષ્ય તો ક્ષણભંગુર છે. આ પાંદડા ઉપર જે ઓલા ઝાકળના પાણી જેવા હોય એકદમ વિલય થાય એવા આયુષ્ય છે બધા. એમાં આ પંચમકાળ છે. દેવલોકના સાગરોપમના આયુષ્ય પણ પૂરા થાય છે. એ માને કે હું શાશ્વત છું પણ કાંઈ શાશ્વત હોતું નથી. ચોથા કાળમાં લડાઈમાં ગયા હોય છે ત્યાં કોઈના મરણ થતા હોય. ચોથો કાળ હોય તોપણ. આયુષ્ય એવી રીતે પૂરા થાય છે, અનેક રીતે. એવી જ રીતે આયુષ્યનો બંધ બાંધ્યો હોય. હવે ફરીને એવા કર્મ ન થાય એનું ધ્યાન રાખવા જેવું છે. બાકી જે થયું એ તો કાંઈ થનાર તે ફરનાર નથી.

પ્રશ્ન :- સમાધાન તો અમે કરીએ છીએ પણ વિશેષ અમને સમાધાન થાય એવું...

ઉત્તર :- હા. વારેવારે સમાધાન કરવું એ સુખદાયક છે. બીજું શું થાય? તીર્થંકરો, ચક્રવર્તીઓ સંસારનું આવું સ્વરૂપ જાણી અને વૈરાગ્ય પામીને મુનિ થઈ જતા હતા. ઋષભદેવ ભગવાન નિલાંજનાનું આયુષ્ય દેખીને આવું ક્ષણભંગુર છે! એમ જાણીને પોતે દીક્ષા લેવા તૈયાર થાય છે. લોકાંતિક દેવો (આવે છે). નિલાંજના દેવી નાચ કરતી કરતી દેહ છૂટી જાય છે. એવા આયુષ્ય ક્ષણભંગુર છે.

પ્રશ્ન :- સંસ્કાર તો એવા ગર્ભ દિગંબર છે પણ આમ મગજમાંથી જાતું જ નથી કે આમ કેમ થયું? કોઈ દિવસ ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર કે ક્યાંય.. 'સોનગઢ'માં જ નાનેથી મોટા થયા છે. પણ સોમવારે તો હજી 'અમેરિકા'થી આવ્યા. મંગળવારે, બુધવારે આવું થઈ ગયું. છેલ્લે-છેલ્લે તો એ કાયમ સોનગઢ જ આવે. પાછા આવીને એમ કહે કે અહીંયાથી જાવું ગમતું નથી. આ વખતે જન્મજયંતિનો જે ભાવ હતો તેમાં 'ગુરુદેવશ્રી'ની અને માતાજીની બંનેની જન્મદિવસ.. જામનગર આ વખતે જ્યારે શશીભાઈ ને બધા આવેલાને, એની સાથે એટલા આનંદપ્રમોદથી સોફા ઉપર વાત કરી છે.

સ્વાધ્યાય ભવનમાં સંભળાવવાનું છે એ જરાક કહી દો. 'શશીભાઈ'ને કહે એક નહિ, બબ્બે જન્મજયંતિ અમે ઉજવશું. 'શશીભાઈ'ની બાજુમાં બેસીને જ વાત કરે. વાંચન...

ઉત્તર :- દુઃખ થાય, વિચાર આવે તોપણ એને સમાધાન કર્યા વગર બીજો કોઈ છૂટકો નથી. મોટા મહાપુરુષોના આયુષ્ય પૂરા થાય છે. દેવલોકના ઈન્દ્રોના આયુષ્ય પણ પૂરા થાય છે, ચક્રવર્તીના આયુષ્ય પૂરા થાય છે. જીવ મારું-મારું માને છે. કાંઈ પોતાનું હોતું નથી. માત્ર કલ્પનાથી બધું માની રહ્યો છે. આ જગતના જેટલા

પરમાણુ છે એટલા પોતે ગ્રહણ કરીને શરીરરૂપે ધારણ કરીને છોડ્યા છે. એટલા શરીરો ધારણ કર્યા. કેટલા આકાશ ક્ષેત્રના પ્રદેશે-પ્રદેશે જન્મ-મરણ કર્યા. અવસર્પિણી, ઉત્સર્પિણી કાળના બધા સમયમાં જન્મ-મરણ (કર્યા છે), બધે કાળમાં જન્મી-મરી ચૂક્યો છે. એવા ભાવો અધ્યવાસો એણે અનેક જાતના કર્યા. જીવનું આ જન્મ-મરણ કોઈ રીતે ટળે એનો ઉપાય 'ગુરુદેવે' બતાવ્યો.

એ જન્મ-મરણ કેવી રીતે ટળે? એનો ઉપાય એક આત્માને ઓળખવો. આત્મામાં શાંતિ અને આનંદ છે. બીજે ક્યાંય શાંતિ અને આનંદ બહારના સંયોગમાં નથી. આત્મામાં શાંતિ અને આનંદ છે એને તું પ્રગટ કર. આ શરીર જુદું અને આત્મા જુદો છે. એ જ્યારે એનું આયુષ્ય પૂરું થાય ત્યારે દેખાય આવે છે કે આ શરીર જુદું અને આત્મા જુદો છે. અંદર વિકલ્પ થાય એ પોતાનો સ્વભાવ નથી. શરીર પોતાનું છે. શરીર બધા સંયોગી વસ્તુ છે, આવે ને જાય છે. માટે શાંતિ અને સુખ આત્મામાં છે. શાંતિ રાખવી એક જ સુખદાયક છે. ગમે તેટલું તાજું હોય એટલે વિચારો આવે પણ એ બદલ્યા વગર કોઈ રીતે છૂટકો નથી. આજકાલ ગમે ત્યારે એ વિચારોને ફેરવ્યે જ છૂટકો છે. આવો પ્રસંગ બને એટલે ... શું થાય?

પ્રશ્ન :- સાજુ-માંદુ હોયને તો ઓછું થાય.

ઉત્તર :- આવી રીતે થઈ જાય.

પ્રશ્ન :- ઘરમાં અગિયારે અગિયારના મત એક. ધર્મમાં પણ કોઈનો વિરોધ નહિ, બધા એક. સરળ જીવો. આપણને એમ થાય કેમ આમ થઈ ગયું? સમાધાન ઘણું કરીએ કે આવા ગુરુ મળ્યા, આપ મળ્યા, વાંચન-વિચાર, તોપણ પાછી વાત ત્યાં જ જાય. એમ થાય કે યાદ જ નથી કરવી આ વાતને. પરિણામ આપણા ખરાબ ન થાય, પણ ભૂલાય જ નહિ.

ઉત્તર :- તાજું હોય એટલે વિચારો આવે.

પ્રશ્ન :- સવારે રોજ લલીતાબેનનું વાંચન થાય, સાંજે દોઢ કલાક ભક્તિ. એમાં છેલ્લે છેલ્લે તો .. આગલા દિવસે વાત કરી હતી. બંને ભાઈઓ બારણા પાસે બેઠા હતા.

ઉત્તર :- આ જુઓને, બસ! આખી પડી ગઈ.

પ્રશ્ન :- મહાબળેશ્વર ફરવા જતા હતા. બસ આખી ઊંધી પડી ગઈ.

ઉત્તર :- શાંતિ રાખવી એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. આવા પ્રસંગો ઘણા સંભળાય છે આ વખતે. આ બધી મોટર ને ...

પ્રશ્ન :- અમે તો સમાધાન કરીએ કે 'ગુરુદેવશ્રી'ની ટેપમાં પ્રવચનની અંદર ... એ રીતે નિર્ણિત અને નિશ્ચિત જ હતું, ...

ઉત્તર :- આ બધા સંયોગમાંથી છૂટા પડી ગયા. બાકી એણે જે જિંદગીમાં સંસ્કાર નાખ્યા હોય એ તો બધા એની સાથે આવે છે. બાકી શું થાય? અહીં રહેનારને દુઃખ લાગે. એનો પણ કાંઈ ઉપાય જ નથી. શાંતિ સિવાય કોઈ ઉપાય નથી. એમાં શું થાય?

પ્રશ્ન :- બાળકોને સમાધાન નથી થાતું. એમ કે પપ્પાને વાગ્યું હશે ત્યારે બાજુમાં કોઈ નહિ? શું થયું હશે? જોકે ડોક્ટરોએ કીધું કે એ જ ક્ષણે મૃત્યુ થઈ ગયું છે. વાગ્યું હતું એટલું બધું.

ઉત્તર :- પોતે પોતાથી જ વિચારો સારા રાખ્યા હોય. એના સંસ્કાર જ અંદરના હતા.

પ્રશ્ન :- બહુ ભદ્ર પરિણામ...

ઉત્તર :- હા, એટલે અંદરથી પોતે જ શાંતિ રાખી હોય. જેને અહીંના સંસ્કાર હોય એને પહેલા 'ગુરુદેવ' ને હું જ્ઞાયક ને એવું બધું યાદ આવી જાય છે. મોટે ભાગે જેને અહીંના સંસ્કાર દૃઢ હોય છે 'ગુરુદેવ'ના, આવા પ્રસંગોમાં ઘણા માણસો કહે (કે), અમને જ્ઞાયક અને 'ગુરુદેવ' યાદ આવે છે.

પ્રશ્ન :- એ તો જ્યાં મોટર સહેજ આમ આડી ગઈ હશે ત્યાં જ એમને ખ્યાલ આવી ગયો હશે. વર્ષની ઉંમરે એક્સપાયર થઈ ગયા. અમે તો બધાએ હજી નાનપણથી આઠ વર્ષનો હતો તે દિવસે. ૪૨ વર્ષ પછી પાછો આ પ્રસંગ બન્યો.

ઉત્તર :- પૂર્વના જે આવેલા હોય... એમ લેવાનું કે આ ભવમાં આપણને 'ગુરુદેવ' મળ્યા. એના જેવું ક્યુ ભાગ્ય છે આપણું? આ 'ગુરુદેવ' ભવનો અભાવ કરનારા આવા 'ગુરુદેવ' મળ્યા, જેણે માર્ગ બતાવ્યો કે હવે જન્મ-મરણ થાય જ નહિ. આવા સંયોગ-વિયોગથી છૂટી જાય એવા ભવનો અભવા કરાવનારા 'ગુરુદેવ' મળ્યા એના જેવું ક્યુ ભાગ્ય છે! આચાર્યો કહે છેને કે મને જે ગુરુદેવનું શ્રવણ વર્ષો સુધી જે મારા ગુરુએ ઉપદેશનું શ્રવણ કરી મારા હૃદયમાં જે જમાવટ કરી છે એની આગળ ત્રણ લોકનું રાજ કે આ ઈન્દ્ર પદવી મને કાંઈ તુચ્છ છે. મને જે ગુરુએ શ્રવણ કરાવ્યું છે, વાણી જે ઉપદેશની જમાવટ (કરી છે) એની આગળ બધું તુચ્છ છે. ગમે એવા ઉદય આવ્યા હોય તો આ 'ગુરુદેવ' મળ્યા એના જેવું ક્યુ ભાગ્ય છે? કે એ ભાગ્ય તો આ પંચમકાળમાં 'ગુરુદેવ' મળ્યા. ભવનો અભાવ થાય. શાંતિ કેમ

રખાય? સમાધાન કેમ રખાય એ બધું 'ગુરુદેવે' શીખવ્યું છે, ગમે તેવા પ્રસંગોમાં. એના જેવું ક્યુ ભાગ્ય છે? સંયોગ તો અનેક જાતના બને છે એ કાંઈ પોતાના હાથની વાત નથી. આ મનુષ્ય-જીવનમાં આવા સંત મળ્યા, એની વાણી મળી એ મહાભાગ્ય છે.

પ્રશ્ન :- આપે જેમ કીધું એમ કે એ તો દૃઢ સંસ્કાર લઈને (ગયા). ગુરુની વાણી અને .. યોગ હોય એને સંસ્કાર દૃઢતા હોય એને જ આ...

ઉત્તર :- ક્યાંથી મળે આ?

પ્રશ્ન :- મુસાફરીમાં વચનામૃત સાથે જ રાખે. આમ વાંચન ઓછું પણ નાની બુક તો સાથે જ હોય. નિત્યદર્શન અને આ બધું જે છે એ કાયમ... સ્વભાવ પણ એવો એને બધાના કામ પણ એવી રીતે બહુ .. નાનો હતો પણ ભાવના બહુ જ. ધર્મ પ્રત્યે અને આ એક પોતાની... કોઈપણ જાતની રાગમાં એકત્વ નહિ. ... 'અમેરિકા' ગયો હોય તો એનું કામ પત્યું નથી અને પ્લેનમાં પાછો બેસી જાય. એને એમ થાય કે ...

ઉત્તર :- ભવિષ્ય જીવને કામ આવે છે. આ જે ઉદય આવે છે એ બધા પૂર્વના આવે છે, અત્યારે આવે છે ઈ.

પ્રશ્ન :- આ પ્રસંગને અમે વૈરાગ્યમાં પલટાવી નાખ્યો છે. પણ અમને તત્ત્વમાં વિશેષ દૃઢતા થાય એવો કોઈ ઉપદેશ આપો. એટલે સમાધાન જરા વિશેષ થાય.

ઉત્તર :- વૈરાગ્ય કરવો અને તત્ત્વ આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. શરીર જુદું અને આત્મા જુદો છે. શરીર અને આત્મા તદ્દન જુદા છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય જુદા અને આ પુદ્‌ગલ જુદું છે. આ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બધા પુદ્‌ગલના છે. આત્મા ચૈતન્ય છે. આ વિભાવની આકુળતા થાય એ આકુળતા પણ આત્માનો સ્વભાવનો નથી. આત્મા એનાથી જુદો. એનું ભેદજ્ઞાન કેમ થાય? એની લગની કેમ થાય? એના વાંચન, વિચાર, દેવ-ગુરુ-શાસ્ત્ર એની મહિમા, શુદ્ધાત્માનું ધ્યેય એ બધું કેમ થાય એ કરવા જેવું છે. આત્મા સિદ્ધ ભગવાન જેવો ભગવાન આત્મા. 'ગુરુદેવ' કહેતા, તું ભગવાન આત્મા છો. તું દીન કેમ થઈ જા છો? તું તો ભગવાન આત્મા છો. માટે તું ભગવાનસ્વરૂપ આત્માને ઓળખ. એમાં બધું ભર્યું છે. બહાર ક્યાંય નથી. સુખ અને આનંદ બહારમાં નથી. સુખ-આનંદ આત્મામાં ભર્યો છે. ખરું એ જ કરવાનું છે.

હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય. જ્ઞાનદર્શનથી ભરેલો હું શુદ્ધાત્મા, અરૂપી સ્વભાવ આત્મા, જે આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આત્માનો નથી.

અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી. મારું કાંઈ નથી. એક પરમાણુમાત્ર પણ મારું નથી. કોઈની સાથે મારે સંબંધ નથી. આ શરીર સાથે સંબંધ નથી તો બીજા કોની સાથે સંબંધ? આ પુદ્ગલ, આ પરમાણુ સાથે સંબંધ નથી તો કોની સાથે સંબંધ છે? એક અન્ય તે પરમાણુમાત્ર મારું (નથી). એક પરમાણુમાત્ર (સાથે) પણ મારે સંબંધ નથી. હું તો એક ચૈતન્ય આત્મા છું.

ચત્તારી મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણત્તો ધમ્મો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણત્તો ધમ્મો લોગુત્તમા. ચત્તારી શરણં પવક્ષ્ામી, અરિહંતા શરણં પવક્ષ્ામી, સિદ્ધા શરણં પવક્ષ્ામી, સાહુ શરણં પવક્ષ્ામી, કેવળી પણત્તો ધમ્મો શરણં પવક્ષ્ામી. ચાર શરણ, ચાર મંગળ, ચાર ઉત્તમ કરે જે ભવસાગરથી તરે તે સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાય. સંસારમાં એ શરણ ચાર. અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે, લબ્ધિ તણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળ દાતાર.

આ છેને, મોહનભાઈને ઉપદેશ આપ્યો છે. જે અંતરમાં ગ્રહણ કર્યો છે.

પ્રશ્ન :- બાકી તો સમયે સમયે અમે .. કીધું જેમ માતાજી આગળ રજુઆત કરતા. કલાક, બે કલાક ઓચિંતાનો જેમ વજ્રઘાત... જેનાથી ટેવાયેલા નથી એવી ચીજ જ્યારે આવે ત્યારે તો આમ વજ્રઘાત જેવું થાય. પણ 'ગુરુદેવશ્રી' 'પૂજ્ય ભગવતી માતા'ની અસીમ કૃપા અને એમના આશીર્વાદથી આજે જે કાંઈ પણ સ્વભાવની અંદર જવાનો પુરુષાર્થ જાગ્રત જો કર્યો હોય.. તો બધો ઉપકાર જે છે એ આપશ્રીનો છે.

ઉત્તર :- આપણે મોહનભાઈ અહીં આવ્યા હતાને એની આ દીકરી છે. ચારૂ છે.

પ્રશ્ન :- ઘણા આમ પૂછે છે કે ભાઈ આની અંદર જે છે, તમે જે છે આમ ... અહીંયાં આવે એમ કહે કે આઘાત તમે.. આવું તો હજી જે 'ગુરુદેવશ્રી' ... અમે આ નિમિત્તે કોઈપણ જાતની લૌકિક આપણે જે છે, ....

પ્રશ્ન :- એમકે ત્યારે પપ્પા એકલા હશે. મમ્મી! પપ્પાનું શું થયું હશે? એ એને બહુ થાય.

ઉત્તર :- એની તો એણે ભાવના સારી રાખી હોય. પહેલા સંસ્કાર એ યાદ

આવી જાય. એણે પોતાના ભાવ સારા રાખ્યા.

પ્રશ્ન :- ‘જામનગર’માં જન્મ જયંતિ હતી ત્યારે ‘ગુરુદેવ’નો રથ સળંગ દોઢ કલાક એણે હાથેથી ચલાવ્યો હતો, પોતે એના ચરણોમાં બેસીને. આપણે ત્યાં જે રથ બનાવ્યોને? એ ‘ગુરુદેવશ્રી’ જ્યારે .. આપે જે દિવસે વાત કરીને કે આવો ગુરુનો યોગ.

ઉત્તર :- ‘ગુરુદેવ’નું સાનિધ્ય. અહીં આવું બધું સમાગમ છોડીને... આ તો ‘ગુરુદેવ’નું ક્ષેત્ર છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૧ A

પ્રશ્ન :- ...

ઉત્તર :- શું યહ બડા ખેદ હૈ...?

પ્રશ્ન :- યહ બડા ખેદ હૈ કિ જહાં અમૃત તો વિષ કે લિયે હો ઔર જ્ઞાન મોહકે લિયે હો ઔર ધ્યાન નર્કકે લિયે હોતા હૈ. સો જીવોંકી યહ વિપરીત ચેષ્ટા આશ્ચર્ય ઉત્પન્ન કરતી હૈ. ભાવાર્થ :- જહાં પ્રશસ્ત વસ્તુ ભી અપ્રશસ્ત હો જાતી હૈ ઉસકા યહાં આશ્ચર્ય કિયા હૈ.

ઉત્તર :- ધ્યાન, જ્ઞાન કાંઈ જેને ગમતું નથી, એની અરુચિ થઈ જાય છે. એ બધું એને વિપરીત પરિણમે (છે). પ્રશસ્ત એને અપ્રશસ્તરૂપે થઈ જાય છે. જ્ઞાન, ધ્યાન બીજું શું લીધું છે?

પ્રશ્ન :- જ્ઞાન, ધ્યાન અને અમૃત. યહ બડા ખેદ હૈ કિ જહાં અમૃત તો વિષ કે લિયે હો.

ઉત્તર :- અમૃત વિષતુલ્ય થઈ જાય છે.

પ્રશ્ન :- ઔર જ્ઞાન મોહકે લિયે હો.

ઉત્તર :- જ્ઞાન મોહ કે લિયે?

પ્રશ્ન :- જી હા. ઔર ધ્યાન નર્કકે લિયે હોતા હૈ. સો જીવોંકી યહ વિપરીત ચેષ્ટા આશ્ચર્ય ઉત્પન્ન કરતી હૈ. ભાવાર્થ કિ જહાં પ્રશસ્ત વસ્તુ ભી અપ્રશસ્ત હો જાતી હૈ ઉસકા યહાં આશ્ચર્ય કિયા હૈ. કૌંસમાં ભાઈએ નાખ્યું છે કે ધર્મના બહાને પણ જીવ પોતાને કેવી કેવી રીતે છેતરે છે તેનો અહીંયાં આચાર્યદેવે સંકેત કર્યો છે. માટે આ

શ્લોકનો ભાવ મુમુક્ષુ જીવે અત્યંત નિષ્પક્ષપણે ખાસ વિચારવો યોગ્ય છે.

ઉત્તર :- પ્રશસ્ત જે હોય એ જેને અપ્રશસ્તરૂપે થાય છે. જેને અમૃત જેવો આ 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો ઈ એને રુચે નહિ, એની નિંદા કરે એ બધું વિષ તુલ્ય થઈ જાય છે. જે જ્ઞાનને મોહરૂપે પરિણમાવી દે છે. એ બધું જેને અરુચિ ઉત્પન્ન કરે છે, જેને બીજી રીતે પરિણમાવી દે છે, ધ્યાન જેને રુચતું નથી એ બધું કહે છે કે અપ્રશસ્તમાં જાય છે. એની નિંદા કરે, એની અરુચિ થાય એ બધું... પ્રશસ્ત જે છે, જેનાથી શુભભાવો થાય, પુણ્ય બંધાય, જે મોક્ષનું કારણ બને છે એવી વસ્તુ એને બધી ઊંધી પરિણમે છે. તે ખરેખર એક આશ્ચર્ય છે એમ કહે છે.

જિનેન્દ્ર ભગવાન, ગુરુ અને શાસ્ત્ર જે મોક્ષનું કારણ થાય છે. જેનાથી આત્માને સુખ મળે, મોક્ષની પ્રાપ્તિ થાય. એ સાચા જિનેન્દ્રદેવ એ પણ જેને રુચે નહિ, ગુરુની વાણી રુચે નહિ, જ્ઞાન રુચે નહિ, જ્ઞાનને વિપરીત પરિણમાવી દે છે, જ્ઞાનને લુખાશમાં લઈ જાય છે, ધ્યાનને બીજી રીતે પરિણમાવી દે છે—એ બધું એક આશ્ચર્ય છે.

પ્રશ્ન :- ધ્યાન તો, ધર્મધ્યાન અને શુક્લધ્યાનની જગ્યાએ આર્ત અને રૌદ્ર ધ્યાનમાં એને ફેરવી નાખે છે. મોહમાં, જ્ઞાનને મોહરૂપે પરિણમાવે એ કઈ રીતે બનતું હશે?

ઉત્તર :- મુખથી જ્ઞાન કથે અને અંતર છૂટ્યો ન મોહ. શુષ્કજ્ઞાન તરીકે હોય બોલવારૂપે. અંદરથી મોહ તો છૂટ્યો નથી. આ બધું ક્યાં? આ આત્માને કાંઈ લાગતું વળગતું નથી. આત્મા તો શુદ્ધ છે, આત્મા શુદ્ધ છે. એમાં ક્યાં અશુદ્ધતા હતી? એવી શુષ્કતા આવી જાય તો જે છે એમાં વિપરીત પરિણમાવે છે. જે નિશ્ચયની વાતું હોય એને વિપરીત પરિણમાવી દે છે, શુષ્કતારૂપે પરિણમાવી દે છે.

જે વસ્તુ સ્વરૂપ સમજવા માટે છે કે મૂળ તત્ત્વને તું સમજ. તારા તત્ત્વની અંદર કાંઈ અશુદ્ધતા પેઠી નથી. તું શુદ્ધતાથી ભરેલો છો. એવી બધી વાતું અને એવું જે જ્ઞાન છે એને વિપરીત પરિણમાવી દે છે. આત્મામાં ક્યાં કાંઈ થાતું જ નથી. આત્મામાં ક્યાં કાંઈ છે? એમ અતિશય શુષ્કતારૂપે પરિણમાવી દે તો એ મોહરૂપે પરિણમાવી દે છે. કાંઈ અંદરથી લાગે નહિ, વળગે નહિ, કાંઈ પુરુષાર્થ કરવો નહિ એવું થઈ જાય છે.

પ્રશ્ન :- એને મોહનું નિમિત્ત બનાવે છે?

ઉત્તર :- એ મોહનું નિમિત્ત બનાવે છે. આપણે કાંઈ વાંધો નથી. આત્મામાં

કાંઈ છે નહિ. જેમ પરિણતિ થાય એમાં કાંઈ વાંધો નથી. કાંઈ પુરુષાર્થ કરીને કાંઈ પણ અંદરથી રુચિ ઉત્પન્ન કરતો નથી, અંદરથી મોહ ટાળતો નથી અને માત્ર વાતું કરે છે. મુખથી જ્ઞાન કથે અને અંતર છૂટ્યો ન મોહ, તે પામર પ્રાણી કરે માત્ર જ્ઞાનીનો દ્રોહ. એમાં એમ આવે છે. અંતરથી મોહ છૂટ્યો નથી. માત્ર વાતું કરે છે. ઊલટાનો પુરુષાર્થને મંદ કરે છે. કાંઈ દરકાર નથી કોઈ જાતની.

પ્રશ્ન :- અમૃતને વિષ...

ઉત્તર :- અમૃતને વિષ તુલ્ય બનાવે છે. જે અમૃત છે, આ વાણી 'ગુરુદેવ'ની અમૃત છે, આ ચૈતન્યસ્વભાવ અમૃત છે. એ કાંઈ એને રુચતું નથી. એ અમૃત એને વાણી રુચતી નથી. એના ઉપર દ્વેષ આવે છે. આ બધું શું આવે? આ બધું કોણે દીઠું છે અને શું છે? જેમ ઠીક પડે એમ કરવું. જે સાચું છે એની નિંદા કરે, એના ઉપર દ્વેષ કરે. એ બધું અમૃતને વિષ તુલ્ય બનાવે છે. નિશ્ચય ને વ્યવહાર ને અંદર આત્મામાં આત્મા જેને રુચતો નથી.

આત્મા અમૃતસ્વરૂપ છે, આત્મામાં સુખ છે, આત્મામાં જ્ઞાન છે—એ જેને રુચતું નથી. એ એને રુચતું જ નથી, એને અમૃત તુલ્ય લાગતું જ નથી. એના ઉપર અરુચિ ઉત્પન્ન થાય છે. અમૃતને વિષ તુલ્ય બનાવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર જેને રુચિ કે ભક્તિ થતી નથી. એ અમૃતને પોતે એને ગ્રહણ નથી (કરતો અને) વિષ તુલ્ય બનાવે છે. ઊલટી નિંદા કરે છે અને જ્ઞાયકની વાતની પણ નિંદા કરે છે. એ બધું વિષ તુલ્ય બનાવે છે.

પ્રશ્ન :- દેવ-ગુરુ અને શાસ્ત્ર એ પ્રશસ્ત નિમિત્તો છે?

ઉત્તર :- આ બધા ધર્મ-ધર્મ કર્યા કરે. ધર્મ ગમે જ નહિ એવા ઘણા જીવો હોય છે.

પ્રશ્ન :- આમ જુઓ તો પાત્રતામાંથી જાય છે.

ઉત્તર :- એમાં તો કોઈ જાતની પાત્રતા નથી.

પ્રશ્ન :- જ્ઞાનને મોહનું નિમિત્ત બનાવે છે.

ઉત્તર :- એનામાં કોઈ જાતની પાત્રતા નથી. ધ્યાનને નરકનું કારણ બનાવે છે. કોઈ જાતની પાત્રતા નથી.

પ્રશ્ન :- અવગુણનું જ વેદન છે?

ઉત્તર :- શેનું વેદન? અવગુણ.

પ્રશ્ન :- અવગુણનું. પોતાના સુખાદિ સ્વભાવનો ઘા કર્યો તેથી તે વખતે તેના

ભાવમાં ફળ મળી ગયું. તે વખતે જ ગુણની શક્તિનું પરિણમન જે ઘટી ગયું તે તેને ઊંધું ફળ મળી ગયું. તો ગુણની શક્તિનું પરિણમન ત્યાં ઘટ્યુ છે કે વિપરીત...?

ઉત્તર :- શેની શક્તિનું પરિણમન?

પ્રશ્ન :- પોતાના ગુણની શક્તિનું પરિણમન.

ઉત્તર :- ગુણશક્તિનું. ઘટી ગયું. અંદર પોતાની શક્તિનું પરિણમન છે એ ઘટી ગયું અને આકુળતા (થઈ). એટલે બહારથી તને ફળ મળે છે એ તો પછી મળે છે. અંદર ફળ તરત મળી જાય છે. જે આકુળતા થાય છે એનું ફળ તને અંદર જ મળી ગયું છે. તારા પરિણામમાં જે આકુળતાનું વેદન અને દુઃખનું વેદન અને એકદમ આકુળ-વ્યાકુળ (થાય છે) એ બધું તને ફળ અંદર જ મળી રહ્યું છે. તારા સુખસ્વભાવનો ઘાત થઈ ગયો છે. તારા ગુણોનો ઘાત થઈ રહ્યો છે અને અવગુણમાં તું પરિણમી રહ્યો છો. એટલે તારા સુખનું પરિણમન ઘટી ગયું છે એટલે કે એને મૂળમાંથી તો નાશ થતો નથી સુખનો, એટલે એનું સુખનું પરિણમન ઘટી ગયું છે. અને શક્તિરૂપે છે. મૂળમાંથી નાશ તો થતો નથી. એનું વેદન તો એને કાંઈ છે નહિ, પણ સુખનું પરિણમન ઘટી ગયું છે. ઘટી ગયું એટલે થોડુંક હતું અને પછી ઘટી ગયું એવો એનો અર્થ નથી.

પ્રશ્ન :- છતાં મૂળમાંથી નાશ થતો નથી એ અપેક્ષાએ ઘટ્યું...

ઉત્તર :- ઘટી ગયું છે. એટલે થોડુંક હતું અને પછી થોડુંક ઘટી ગયું એવો અર્થ નથી.

પ્રશ્ન :- એ તો આકુળતા આપે છે એ તો વિપરીત જ છે...

ઉત્તર :- આકુળતા છે વિપરીત પરિણમન, પણ જેને આત્માનું ભેદજ્ઞાન થયું હોય એને તો અલ્પ અસ્થિરતા છે. એને એ આકુળતા એવી જાતની નથી કે એકત્વબુદ્ધિની. એ તો ગૌણતામાં છે. આ તો એકત્વબુદ્ધિની આકુળતા છે એટલે સુખનું પરિણમન સુખ શક્તિમાં છે. એનું એને વેદન નથી, પણ ઘટી ગયું છે એમ કીધું છે.

પ્રશ્ન :- જેને ભેદજ્ઞાન છે એને ઘટી ગયું છે, જેને ભેદજ્ઞાન નથી એને વિપરીત છે એમ કહેવું પડેને?

ઉત્તર :- વિપરીત પરિણમન છે. એને શ્રદ્ધાનું પરિણમન વિપરીત છેને એટલે વિપરીત છે પણ કોઈ અપેક્ષાએ ઘટી ગયું પણ કહેવાય.

પ્રશ્ન :- ગુણ એવો ને એવો છે એ અપેક્ષા રાખીને...

ઉત્તર :- ગુણ એવો ને એવો છે એટલે ઘટી ગયું છે.

પ્રશ્ન :- એ જ બોલમાં આગળ લખ્યું છે કે જે અંતરમાં ફળ આવે છે એ જોતો નથી અને બહારથી ફળ આવે છે સંયોગો એને જોવે છે, એ પરાશ્રય દૃષ્ટિવાળા છે.

ઉત્તર :- બહારમાં ફળ આવે, બહારથી દુઃખના સંયોગ આવે, સુખના સંયોગ આવે, પુણ્ય-પાપના ઉદયો આવે એમ એને લાગે કે મારે આ પાપનો ઉદય આવ્યો અને મારે આ પુણ્યનો ઉદય આવ્યો, આવા દુઃખનો પ્રસંગો બન્યા. એવું જોવે. પણ એની દૃષ્ટિ અંદર નથી જાતી કે અંદર જ મને ફળ મળી રહ્યું છે. ખરું વેદન તો અંદરમાં આકુળતાનું થાય છે. આ બહારના સંયોગ તને સુખ-દુઃખ આપતા નથી. એને તું અંદર ગ્રહણ કરવાથી તને આકુળતા થાય છે. એના ઉપર તું કાંઈ લક્ષ આપીશ નહિ તો તને કાંઈ અંદરમાં દુઃખનું વેદન કે આકુળતા જે એકદમ તીવ્રપણે એ કાંઈ થાતી નથી. માત્ર તને ફળ તો અંદરમાં આવે છે. ફળ બહાર તું જોઈ રહ્યો (છો) તો તારી દૃષ્ટિ બહાર છે. એટલે પરાશ્રય દૃષ્ટિવાળો. તારી દૃષ્ટિ જ બહાર છે. પરનો આશ્રય તેં લીધો છે એટલે તને એમ (લાગે છે) કે મને બહારથી સુખ થયું, મને બહારથી દુઃખ થયું, મને આણે સુખ દીધું, મને આણે દુઃખ દીધું. એમ બહાર તારી દૃષ્ટિ પર ઉપર છે. પરાશ્રય દૃષ્ટિ છે, પરનો આશ્રય લીધો છે. જાણે પરથી સુખ મળશે અને પરથી દુઃખ મળશે. આવી તારી દૃષ્ટિ છે. સુખનું દુઃખનું કારણ અંદરમાં તારામાં છે. તારી દૃષ્ટિ ઊંધી છે. તું જ અંદર રાગ, દ્વેષ અને આકુળતા કરી રહ્યો છો. એ જ અંદર ફળ મળી રહ્યું છે. આ બહારનું ફળ... તું દૃષ્ટિ બહાર કરે છે. સુખ-દુઃખ બધું બહારથી થાય છે એ તારી દૃષ્ટિ ઊંધી છે.

પ્રશ્ન :- એને પરાશ્રય દૃષ્ટિ કહી. માતાજી! મારો ત્યાં પ્રશ્ન શું છે કે રાગ-દ્વેષનું જે પરિણમન થાય છે એ અંદરમાં થાય છે અને એનું ફળ સુખ-દુઃખ એ પણ અંતરમાં તે જ ક્ષણે પ્રાપ્ત થાય છે. હવે એ સુખ-દુઃખનું ફળ અંદરમાં તે સમયે પ્રાપ્ત થાય છે એ પણ ખરેખર સ્વભાવની અપેક્ષાએ તો પર છે. તો એને પરાશ્રય દૃષ્ટિ ન કહેતા બહારના સંયોગના ફળને પરાશ્રય દૃષ્ટિ કહી.

ઉત્તર :- અંદર તો પરાશ્રય દૃષ્ટિ છે જ. એ તો મૂળમાં જ છે દૃષ્ટિ. એ તો પરનો આશ્રય, એકત્વબુદ્ધિની દૃષ્ટિ છે એ પરાશ્રય દૃષ્ટિ જ છે. પરનો આશ્રય જ તે કર્યો છે. પોતાનો આશ્રય નથી એટલે મૂળ તો પરાશ્રય દૃષ્ટિ ત્યાં છે. પણ આ વિશેષ એને સમજાવા માટે થઈને (કહે છે). બહારમાં કેટલી તારી સ્થૂળતા થઈ ગઈ છે કે બહારમાં તારી દૃષ્ટિ ગઈ અને બહારથી સુખ અને દુઃખ બધું બહારથી માની લીધું.

એટલે પરાશ્રય દૃષ્ટિને વિષે સ્થૂળતા તારી થઈ ગઈ છે. અંદર તો છે જ, પણ એની વિશેષતાથી તને બહારથી સુખ-દુઃખ માન્યું એટલે વધારે તારું તો સ્થૂળ થઈ ગયું છે. એ તો છે જ પણ વધારામાં આ છે પાછું. એમ.

પ્રશ્ન :- પરાશ્રય દૃષ્ટિની કેટલી સ્થૂળતા છે.

ઉત્તર :- કેટલી સ્થૂળતા છે તારી. બહારથી તેં બધું માની લીધું છે. હજી અંદરમાં તો છે એ તો તારે અંદરમાં હજી જ્ઞાયકને ઓળખવાનો છે. અંદરથી છોડવાનું છે, પણ હજી તો બહાર ક્યાંય ઊભો છો તું તો. બહારથી સુખ-દુઃખ બધું માન્યા કરે છે એટલે દૃષ્ટિ તારી કેટલી સ્થૂળ થઈ છે.

પ્રશ્ન :- આવો એક બોલ એમાં જ આવે છે કે નિશ્ચયફળ છે એને જાણતો નથી, જે તાત્કાલિક સુખ-દુઃખનું મળે ઈ અને વ્યવહારફળ બહારના સંયોગો ઉપર તારી નજર છે. એટલે વ્યવહારફળની જ તને પરાશ્રયબુદ્ધિ થઈ રહી છે. એવો એક બોલ આવે છે આગળ.

ઉત્તર :- અંદરથી નથી જોતો અને બહારમાં જોયા કરે છે. એટલે તારી દૃષ્ટિ કેટલી સ્થૂળ થઈ ગઈ છે. મૂળ તો અંદરમાં જ છે, પણ એ બધું બહારમાં કેટલું એનું સ્થૂળ થઈ ગયું છે. દેવ-ગુરુ-શાસ્ત્ર... અંદર મિથ્યાત્વ તો એકત્વબુદ્ધિનું છે, પણ બહારથી ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર (માને છે) એ પણ એની દૃષ્ટિ મિથ્યાત્વ છે. એટલે એ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હજી એ પણ તેં ગ્રહણ કર્યું નથી. હજી અંદરમાં તો હજી આઘુ છે. એટલે કેટલી તારી સ્થૂળતા થઈ ગઈ છે.

પ્રશ્ન :- એની જેમ?

ઉત્તર :- હા, એના જેમ.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૨ B

પ્રશ્ન :- ...

ઉત્તર :- આત્મા કોણ છે? એનું સ્વરૂપ શું છે? પ્રજ્ઞાથી જેમ ગ્રહણ કર્યો, એમ પ્રજ્ઞાથી જાણવું અને પ્રજ્ઞાથી ગ્રહણ કરવો. એને જ્ઞાનથી જાણવું, પ્રજ્ઞાથી ગ્રહણ કરવો, પ્રજ્ઞાથી જુદું પાડવો, પ્રજ્ઞાથી બધું પ્રજ્ઞા કામ કરે છે. યથાર્થ જ્ઞાન જો થાય તો આત્મા ગ્રહણ થાય છે. માટે આત્માને ગ્રહણ કરવો. શાસ્ત્રમાં આવે છેને, પ્રજ્ઞાછીણી

થકી છેદતા બંને જુદા પડી જાય. પ્રજ્ઞાછીણી પોતાની એવી સૂક્ષ્મ હોય કે આ આત્મા છે, આ જ્ઞાનસ્વરૂપ છે અને આ વિભાવ છે—એવી સૂક્ષ્મ પોતાની જ્ઞાન-પ્રજ્ઞા એવી તૈયાર કરે કે આ જે રાગ અને જ્ઞાન બે સાથે છે એમાં હું આ જ્ઞાન છું અને આ તો રાગ છે. રાગ અને જ્ઞાનને જુદા પાડવાનો પ્રયત્ન કરે.

પ્રશ્ન :- પ્રજ્ઞા એટલે?

ઉત્તર :- જ્ઞાન પોતે. યથાર્થ જ્ઞાનને તૈયાર કરવું. જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રજ્ઞા તૈયાર કરવી. પ્રજ્ઞાસ્વરૂપ આત્મા છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મા એને જ્ઞાનથી ગ્રહણ કરવો. પ્રજ્ઞા એટલે જ્ઞાન. વિશેષ જ્ઞાન, સૂક્ષ્મ જ્ઞાનથી ગ્રહણ કરવો. પ્રજ્ઞાની છીણી એટલે જ્ઞાનની સૂક્ષ્મ છીણીથી આત્માને ગ્રહણ કરવો. સ્થૂળ ઉપયોગથી, જાડા ઉપયોગથી ગ્રહણ થાતો નથી પણ આ જ્ઞાન છે અને આ રાગ છે—એમાં સૂક્ષ્મ રાગ, પ્રશસ્ત રાગ, બધી જાતના રાગ હોય છે અને આ જ્ઞાન બે જુદાં છે. એમ પોતે ગ્રહણ કરે જ્ઞાનસ્વરૂપ આત્માને અને આ રાગને જુદા પાડે. એ જ માર્ગ છે.

સૂક્ષ્મ રાગ પણ એ મારું સ્વરૂપ નથી. અશુભ રાગ તો નથી પણ શુભરાગથી પણ આત્મા જુદો છે. અશુભથી બચવા શુભભાવો આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, શાસ્ત્રનું ચિંતવન એ બધું આવે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માનું સ્વરૂપ ઓળખે. એ બધું આવે, પણ હજી છેવટે એ તો બધા શુભપરિણામ જે એની સાથે શુભમિશ્રિત છે એ એનાથી પણ જ્ઞાન તો જુદું છે. એ જ્ઞાનસ્વરૂપ જ્ઞાતાને ઓળખી અને એને ગ્રહણ કરે એ જ એનો ઉપાય છે. વારંવાર...

પ્રશ્ન :- .. ગ્રહણ કરવું, જ્ઞાતા જ છું હું.

ઉત્તર :- આ જ્ઞાતા હું છું એમ ગ્રહણ કરવું. આ જ્ઞાયક તે હું છું અને આ રાગ તે હું નથી. બેયને જુદા પાડે. આ જ્ઞાતા તે હું છું, આ રાગ તે હું નથી. શુભભાવો જે થાય એ વચ્ચે આવે ખરા, પણ એ શુભભાવો પણ આત્માનું સ્વરૂપ નથી. એ તો આકુળતામય છે. એક શાંતસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા છે તે જ હું છું. એમ ગ્રહણ કરે ઊંડાણથી, સૂક્ષ્મતાથી યથાર્થપણે. સ્થૂળતાથી ગ્રહણ કરે એ ઠીક, પણ અંદર યથાર્થ ગ્રહણ કરે ત્યારે જ ભેદજ્ઞાન થાય. જ્ઞાતાને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો.

એને દ્રવ્ય-ગુણ-પર્યાયથી ઓળખે અને અનેક રીતે એને ઓળખીને પણ જ્ઞાયકને ગ્રહણ કરવો. શરીરથી જુદો, શુભાશુભ ભાવોથી પણ એનું સ્વરૂપ જુદું. એ બધાને બધી રીતે ઓળખીને એને જ્ઞાતાને ગ્રહણ કરવો એ જ એનો ઉપાય છે. એની લગની લગાડવી ન થાય ત્યાં સુધી વારંવાર-વારંવાર એના વિચારો, એનું

મંથન. જ્ઞાનસ્વરૂપ આત્મા છું.

પ્રશ્ન :- જ્ઞાતાનું જ લઢણ.

ઉત્તર :- જ્ઞાતાને દઢ કરવો. આ જ્ઞાયક તે હું છું. સિદ્ધ ભગવાન જેવો જ્ઞાતા છે. એવું જ્ઞાતાનું સ્વરૂપ જાણનારો ઉદાસીન જ્ઞાતા છે. એને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. એ જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. એને માટે બધું વાંચવું, વિચારવું, બધું એના ધ્યેયને માટે (હોય). એક જ ધ્યેય.

પ્રજ્ઞાથી જુદો કરવો. પ્રજ્ઞાથી ગ્રહણ કરવો. બધું પ્રજ્ઞાથી. જ્ઞાનથી ગ્રહણ કરવો. દ્રવ્ય-ગુણ-પર્યાયથી આત્માનું સ્વરૂપ ઓળખે. હું દ્રવ્ય શું? મારા ગુણો શું? આ પર્યાય શું? એ બધું (ઓળખે). જે મારા પુરુષાર્થની મંદતાએ આ શુભાશુભભાવો બધા થાય છે તે ભાવો પણ મારું સ્વરૂપ નથી, પણ પુરુષાર્થની મંદતાથી થાય (છે). એની સાથે એકત્વબુદ્ધિ. એ એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પ્રયત્ન પોતાને કરવાનો. હું દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છું. સ્ફટિક જેમ નિર્મળ એમ હું નિર્મળ છું, પણ આ જે બધી વિભાવપર્યાયો થાય છે એ મારી પુરુષાર્થની મંદતાએ થાય છે. એકત્વબુદ્ધિને કારણે એકતા મનાઈ ગઈ પણ હું તો એનાથી જુદો છે. એમ જુદો પાડવાનો પ્રયત્ન કરે.

એને જુદા પાડવાનો અભ્યાસ કરતાં... કરતાં... કરતાં... એને સ્વાનુભૂતિ થવાનો પ્રસંગ આવે. એને વારંવાર જુદા પાડવાનો પ્રયત્ન કરે. બાકી વચ્ચે શુભભાવોમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, શાસ્ત્રનું ચિંતવન, એના વિચારો, એનું વાંચન, એને સૂક્ષ્મ રીતે આત્માનું સ્વરૂપ ઓળખવાનો પ્રયત્ન કરે. ચારે બાજુથી ઓળખે. દ્રવ્યથી સ્વરૂપ શું છે, પર્યાયથી શું છે એમ ચારે બાજુથી વિચાર કરીને નિર્ણય કરે. પહેલા નક્કી કરે કે આ બદ્ધ છે અને આ બદ્ધ છે. નિત્ય અને અનિત્ય એ બધો વિચાર કરે. વિચારમાં બધું આવે. પછી નયપક્ષો બધા તૂટી જાય છે અંદર સ્વરૂપમાં જાય ત્યાં. વિકલ્પ છૂટી જાય છે. ક્યાંય નયપક્ષમાં નહિ અટકતો વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ સ્વરૂપને પામે છે.

આત્મામાં આનંદ છે, આત્મામાં જ્ઞાન છે, બધું આત્મામાં છે. વિકલ્પરહિત આત્માની સ્વાનુભૂતિ થાય એ જ મુક્તિનો માર્ગ છે. પહેલા એનો અભ્યાસ કરે. ન થાય ત્યાં સુધી વારંવાર એનો જ અભ્યાસ કરે, એમાં થાકે નહિ. વારંવાર એનો જ અભ્યાસ, એનું જ રટણ, એનું મનન. એને પુષ્ટિ મળે એવી જાતના વિચારો, એવું વાંચન બધું એવી જાતનું. સત્સંગ, વિચાર, વાંચન બધું (કરે). 'ગુરુદેવે' કીધું છે.

'ગુરુદેવ'નો આશય ગ્રહણ કરવા શું આશય હતો એમ ઓળખવા પ્રયત્ન કરે. અહીં તો ઘણું સાંભળવા તમને મળી ગયું છે.

પ્રશ્ન :- હા, બહુ જ મહેરબાની કરી છે. પંડિતજી હિંમતભાઈ અને બ્ર. ચંદુભાઈ મારી પાછળ બહુ મહેનત કરી છે.

ઉત્તર :- વચ્ચે શુભરાગ આવે છે. જિનેન્દ્ર દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, શાસ્ત્રનું ચિંતવન (હોય છે), પણ એ બધાથી હું તો જુદો, મારું સ્વરૂપ જુદું છે. સિદ્ધ ભગવાનમાં જેમ કાંઈ નથી એમ મારામાં નથી. એમ એવો સ્વતઃ જ્ઞાયક પોતે જ છે. એવા જ્ઞાયકને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે. એ એક જ કરવાનું છે. એક આત્માને ઓળખવો, એને ગ્રહણ કરવો, એનું ભેદજ્ઞાન કરવું. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી. બધું એમાં આવી જાય. બધું એ જ કરવાનું છે. એને માટે આ બધું છે—વિચાર, વાંચન, લગની લગાડવી. એના સિવાય ક્યાંય ચેન પડે નહિ.

પ્રશ્ન :- કોઈપણ રીતે આત્માને જુદો જાણવાનો છે બધાથી.

ઉત્તર :- હા, બધાથી જુદો જાણવો આત્માને. બધાથી જુદો. શરીરથી જુદો, વિભાવ બધા ભાવોથી જુદો, એ બધાથી સ્વભાવ જુદો છે. પર્યાયમાં થાય છે પણ મારું સ્વરૂપ જુદું છે. સ્ફટિક સ્વભાવે નિર્મળ (છે) એમ હું નિર્મળ છું. આ બધા પુરુષાર્થની મંદતાએ આ બધી કાલિમા દેખાય છે. જેમ ઓલા લાલ, પીળા ફૂલ દેખાય એમ બધું દેખાય પણ એ મારું સ્વરૂપ નથી. એકત્વબુદ્ધિ થઈ રહી છે અને પુરુષાર્થની મંદતા છે એટલે આ બધું દેખાય છે. કરવાનું એક જ છે. આત્માને ઓળખવો. પ્રજ્ઞાથી ગ્રહણ કરવો, પ્રજ્ઞાથી જુદો કરવો. એક જ કરવાનું છે.

પ્રશ્ન :- સમજવું હોય તો બહુ ભેદ આવે છે...

ઉત્તર :- ભેદ કેટલાય આવે પણ કરવાનું એક જ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી અને ભેદજ્ઞાન કરવું—એક જ કરવાનું છે. જે સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા છે. જે નથી થયા તે ભેદજ્ઞાનવિજ્ઞાનના અભાવથી નથી થયા. કરવાનું એક જ છે. સ્વભાવ ઓળખવો, ભેદજ્ઞાન કરવું—એક જ કરવાનું છે. એને માટે આટલું બધું છે. બહારથી બધે રોકાઈ રહ્યો છે એટલે થાતું નથી. કરવાનું એક જ છે. એકને જાણે તો બધું જાણ્યું. એકને નથી જાણ્યો તો બધું જાણે છે પણ એ એકને ઓળખવા માટે. એકને ઓળખવા માટે આ બધું છે. બધા ભેદ ઘણા દેખાય. ભેદ એ આત્મામાં નથી.

એટલા વિભાવભાવો હું નથી, અધૂરી પર્યાયો જેટલો હું નથી, ક્ષયોપશમ ભાવો જેટલો હું નથી, ક્ષયોપશમભાવ બધી અધૂરી પર્યાય, બધું ચૈતન્યમાં થાય છે પણ હું

તો પૂર્ણ શાશ્વત છું. પૂર્ણ દ્રવ્યસ્વરૂપે પૂરો છું. પર્યાયમાં બધું થયું છે. પર્યાયમાં છે, મારા આત્મામાં નથી. ભેદ દેખાય. કોઈ આમ કહે, કોઈ આમ કહે. કરવાનું એક-આત્માને ઓળખવાનું છે. દ્રવ્યસ્વરૂપ શુદ્ધાત્મા છે આત્મા. પર્યાયનું એને જ્ઞાન રહે છે સાથે. હું શુદ્ધ આત્મા છું. દ્રવ્ય સ્વભાવે નિર્મળ છું. મારા પર્યાયમાં મલિનતા છે. પણ એ પુરુષાર્થ કરીને મલિનતા ટળી જાય છે. ભેદવિજ્ઞાન કરે એની ધારા એમને એમ ચાલે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને ભેદવિજ્ઞાનની ધારા ચાલે તો પર્યાયની શુદ્ધિ થાય. એમાં સમ્યગ્દર્શન થાય, એમાં જ ચારિત્ર થાય, એમાં બધું થાય. એમાં જ વીતરાગતા, એમાં જ કેવળજ્ઞાન. બધું એમાં જ થાય છે.

પ્રશ્ન :- બહુ સરસ... બહુ સરસ!

ઉત્તર :- બધું એમાં જ થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી ભેદજ્ઞાનની ધારા વધતી જાય અને સ્વાનુભૂતિની દશા વધતી જાય. બધું એમાં જ થાય છે. બધું એમાં જ છે. દ્રવ્યદૃષ્ટિના જોરમાં ભેદવિજ્ઞાનની ધારા અને એના જોરમાં સ્વાનુભૂતિની દશા વધે. એ સમ્યગ્દર્શન, એમાં જ ચારિત્ર થાય અને એમાં જ કેવળજ્ઞાન અને વીતરાગ બધું એમાં જ થાય છે.

એ બધે રોકાય છે. આનું આમ છે, જ્ઞાનનું આમ છે, કર્તાનું આમ છે ને આનું આમ છે. એમાં એ નક્કી કરીને પોતે કરવાનું આ એક જ છે. બધો યથાર્થ નિર્ણય પોતાને જ કરવાનો રહે છે. દ્રવ્યથી શુદ્ધ, પર્યાયથી અશુદ્ધ એ બધું નક્કી કરીને પોતાને જ એક દ્રવ્યને જ ગ્રહણ કરવાનું છે. બધી અપેક્ષાઓ સમજી અને પછી નયપક્ષોની ઝાળથી છૂટી પોતાને ગ્રહણ કરે તો વિકલ્પથી અતીત નયાતિક્રાંત થાય. પોતાને તો સ્વાનુભૂતિ થાય. એમાં રોકાયા કરે અને નિર્ણય ન કરે તો આગળ જતો નથી. એનો નિર્ણય કરવો જોઈએ કે આમ જ છે.

પ્રશ્ન :- બહારનું રોકાવું તો ઘણું દૂર રહ્યું. પોતાના ભેદ-પ્રભેદમાં રોકાવાની પણ ત્યાંથી પણ પાછો વળવાનો.

ઉત્તર :- અંદર ભેદ થાય એમાંથી પણ પાછું વળવાનું. બહારનું રોકાવું જુદું થઈ ગયું. પાછું અંદર નયપક્ષો થાય એમાં એને રોકાવું (થાય).

પ્રશ્ન :- ભેદ-પ્રભેદ હોવા છતાં?

ઉત્તર :- એને જાણે પણ એમાં રોકાય નહિ. એનો પ્રતિબંધ ન રાખે. આમ જ છે એમ આગ્રહ .. દ્રવ્યદૃષ્ટિને ઓળખે. દ્રવ્યથી શુદ્ધ છું, પર્યાયમાં (અશુદ્ધતા છે). એનાથી ઉદાસીન થઈને અંદર સ્વરૂપમાં જાય તો વિકલ્પ તૂટે. પહેલા વિચારો કરીને

નક્કી કરે પછી એ છૂટી જાય અંદરથી. નિર્ણય પોતાને કરવાનો છે.

પ્રશ્ન :- માતાજી! સ્થિરતા કેમ નથી આવતી?

ઉત્તર :- સ્થિરતા પોતે એને પરિણતિમાં અસ્થિરતા પોતે અંદર એટલી લાગી હોય તો સ્થિરતા આવેને. આત્માને જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કર્યું નથી એટલે વાસ્તવિક સ્થિરતા ક્યાંથી આવે? જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરે. એને બરાબર દૃઢ કરે જ્ઞાયકને તો વાસ્તવિક સ્થિરતા આવે. નહિતર તો સ્થિરતા એક... બહાર તો ઉપયોગ ફર્યા કરે છે તે તો અસ્થિરતા રહ્યા કરે. અને શુભભાવથી સ્થિરતા કદાચ આવે તો સાચી સ્થિરતા તો પોતે જ્ઞાયકને ગ્રહણ કરે તો સ્થિરતા આવે.

રુચિ પોતે પોતા તરફ જાય તો એ અમુક શુભભાવોમાં રોકાય. શુભભાવોમાં રોકાય તો પણ સાચી સ્થિરતા તો જ્ઞાયકને ગ્રહણ કરે ત્યારે આવે. ઉપયોગને પોતાને પાછો વાળવાનો છે. વિકલ્પ દોડ્યા કરતા હોય અને પોતે શુભભાવો કરે એમાં ઉપયોગને દોરવે. ધ્યેય તો એક શુદ્ધાત્માનું જ રાખવાનું છે. એક શુદ્ધાત્માને ગ્રહણ કરે તો સ્થિરતા (થાય). સ્થિરતા શુભભાવો રૂપે થાય. જ્ઞાયકને ગ્રહણ કરે ત્યારે એને સ્થિરતા સાચી થાય.

પ્રશ્ન :- સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ બહારમાં હોય છતાં એક અપેક્ષાએ એને સ્થિરતા જ છે.

ઉત્તર :- બહારમાં ઉપયોગ હોય તોપણ અંદરમાં સ્વરૂપની અપેક્ષાએ સ્થિરતા છે. સ્વરૂપાચરણ ચારિત્ર છે એને. શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર છે એટલી સ્થિરતા છે અંદર. ઉપયોગ બહાર હોય તો એને અસ્થિરતા જ્ઞાયકને ભૂલીને અસ્થિરતા થાતી નથી. જ્ઞાયક એના હાથમાં જ છે. એને અસ્થિરતા એવી નથી થાતી કે જ્ઞાયક એનો ભેગો થઈ જાય, એકત્વ થઈ જાય એવું નથી થાતું. જુદો રહીને જ્ઞાયકની અમુક સ્થિરતા એને રહે જ છે. માટે એને વાસ્તવિક અંતરમાંથી અસ્થિરતા નથી આવતી. એ ચારિત્રની અપેક્ષાએ કહેવાય. બાકી દર્શન અપેક્ષાએ એને એવી અસ્થિરતા નથી આવતી કે એકદમ ભેગો થઈ જાય. એ વધારે પડતો શુભભાવમાં એવો ચડી જાય કે એકત્વ થઈ જાય તો જ્ઞાયક ભૂલી જાય તો એને અસ્થિર કહેવાય. જ્ઞાયકને ભૂલતો જ નથી. જ્ઞાયકને હાથમાં જ રાખે છે. મર્યાદામાં બહાર જાય છે. મર્યાદા તોડીને બહાર જાતો નથી. જ્ઞાયક એને સ્વરૂપ મર્યાદા, પોતાની મર્યાદામાં રહે છે. મર્યાદાથી બહાર જાતો જ નથી. એને જ્ઞાતાધારા રહે છે અને બહાર જાય છે. એની મર્યાદામાં જ રહે છે. માટે ઈ અસ્થિર એવો થાતો જ નથી.

પ્રશ્ન :- દર્શન અપેક્ષાએ તો સ્થિર જ છે.

ઉત્તર :- સ્થિર છે દર્શન અપેક્ષાએ.

પ્રશ્ન :- ઉત્કૃષ્ટ શુભભાવ હોય કે અશુભભાવની પણ તીવ્રતા દેખાય તોપણ...

ઉત્તર :- ઈ બહારથી ગમે તે દેખાય, અંદર એવો થાતો નથી. બહારથી દેખાય. અંદરમાં એવું એકત્વ નથી થાતું. અશુભથી તો ઘણો ઓલો થઈ ગયો છે. બહારથી ગમે તે દેખાય. એ તો હેય જ ગણીને... બહારથી દેખાય. અને શુભભાવમાં તો એને ભક્તિ આવે તો બહાર એવો દેખાય ક્રિયાઓમાં. અંદર એ મર્યાદા છોડીને, જ્ઞાયકને છોડીને બહાર જાતો નથી.

પ્રશ્ન :- જ્ઞાયક તો ગ્રહાયેલો જ છે.

ઉત્તર :- જ્ઞાયક ગ્રહાયેલો છે અને અમુક પ્રકારે એના વેદનમાં છે. ગ્રહીને મૂકી દીધો એમ નથી. ક્ષણે ક્ષણે એના વેદનમાં જ્ઞાયક રહ્યા જ કરે છે. બહાર જાય, ઉપયોગ શુભરાગ આવે એ જ ક્ષણે જ્ઞાયક એનો જુદો છે.

પ્રશ્ન :- અને વેદાઈ રહ્યો છે.

ઉત્તર :- અને વેદાઈ રહ્યો છે. જ્ઞાયક ઈ ક્ષણે વેદાઈ રહ્યો છે અને બહાર ઉપયોગ જાય. એ છૂટો રહીને જ બહાર જાય. બહાર ક્રિયાઓમાં ગમે ઈ દેખાતું હોય. બેય એને હેયબુદ્ધિએ છે અને શુભરાગ તો વચ્ચે (એ) અંદર ઠરી નથી શકતો એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ એનો જે ઉપયોગ જાય છે, પણ એ જ્ઞાયકને છોડીને નથી જાતો. સંસારના કાર્યોમાં જાય એને ગૃહસ્થાશ્રમ હોય તો. આત્માને જ્ઞાયકને છોડીને નથી જાતો.

પ્રશ્ન :- જ્ઞાયકને ગ્રહ્યો છે અને જ્ઞાયકને વેદી રહ્યો છે.

ઉત્તર :- વેદી રહ્યો છે. એનું અમુક અપેક્ષાએ વેદન છે જ્ઞાયકનું.

પ્રશ્ન :- તો જ સ્વરૂપ આચારણ કહેવાય?

ઉત્તર :- તો જ સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે.

(શ્રોતા :— પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૧ C

પ્રશ્ન :- 'શ્રીમદ્ રાજચંદ્રજી'ના વચનામૃતમાં (આવે છે કે) બીજું કાંઈ શોધમાં. એક સત્પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવો અર્પણ કરી દે. પછી જો તને મોક્ષ ન મળે તો મારી પાસે લઈ જજે. એમાં વિશેષ સ્પષ્ટતા.

ઉત્તર :- ગ્રહણ કર્યો છે અને માર્ગ સ્વાનુભૂતિ કરી છે, માર્ગને જાણે છે માટે સત્પુરુષને ગોત. એ બધું તને કહેશે. તને અંતરથી કાંઈ સમજાતું નથી. એક સત્પુરુષ શોધ. એ સત્પુરુષ જે કહે એનો આશય બધો ગ્રહણ કરી લે. મોક્ષ મારી પાસેથી લેજે એનો અર્થ કે તને મોક્ષ મળવાનો જ છે. સત્પુરુષને તેં ગ્રહણ કર્યા અને સત્પુરુષને તેં ઓળખ્યા તો માર્ગ તને મળવાનો જ છે અને મોક્ષ પ્રગટ થવાનો જ છે. માટે મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. એનો અર્થ એ છે કે તને મોક્ષ મળવાનો જ છે, એમ કહે છે.

અનંતકાળથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી. તો કાં દેવ કાં ગુરુ મળે અને પોતાનું ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ (થાય) છે. દેશનાલબ્ધિ પ્રગટ થાય એટલે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. માટે દેવ-ગુરુની અવશ્ય એકવાર દેશનાલબ્ધિ થાય તો એક નિમિત્ત એને મળે છે. થાય છે ઉપાદાનથી પણ નિમિત્ત સાથે એવો સંબંધ હોય છે. માટે તું એક સત્પુરુષને ગોત તો એમાં તને બધું મળી રહેશે. એક સત્પુરુષ તને મળ્યા અને તને પ્રાપ્ત થયા વગર રહે એવું બનતું નથી. અવશ્ય પ્રાપ્ત થાશે.

કારણ કે તને સત્પુરુષ ઉપર ભક્તિ આવીને અર્પણતા આવી. તેં સત્પુરુષને ઓળખ્યા તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ. જે ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે છે. પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ પોતાને ઓળખે છે. માટે તું સત્પુરુષને ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ. માટે અવશ્ય તને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થાશે અને અવશ્ય મોક્ષ મળશે. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. થાય છે પોતાથી, પણ અનાદિકાળથી પોતે અજાણ્યો માર્ગ છે તો એને પહેલું વહેલું સમ્યગ્દર્શન થાય અને સમ્યગ્દર્શનની તૈયારી થાય ત્યારે એને અવશ્ય દેવ કે ગુરુનું નિમિત્ત હોય છે.

માટે તું સત્પુરુષને ગોત એમ કહે છે. સત્પુરુષને તું ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ. એવો એનો અર્થ છે. એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે.

જે સત્પુરુષને ઓળખે છે એ પોતાને ઓળખે છે. પોતાને ઓળખે છે એ સત્પુરુષને ઓળખે છે. એટલે એમ બનતું જ નથી. પોતે સત્પુરુષને ગ્રહણ કર્યા અને ઓળખ્યા ક્યારે કહેવાય? કે આત્માની પ્રાપ્તિ થાય તો. અને ન થાય તો એણે સત્પુરુષને ઓળખ્યા નથી અને સત્પુરુષને ગ્રહણ કર્યા નથી. એનો આશય ગ્રહણ કર્યો નથી.

પ્રશ્ન :- પંદર ભવમાં મોક્ષ મળી જાય એમ ખાત્રી આપી દીધી.

ઉત્તર :- પંદર ભવમાં અવશ્ય તને મોક્ષની પ્રાપ્તિ થાશે. તને અવશ્ય પંદર ભવમાં તો થાશે જ. એ તો એનો કાળ બતાવ્યો છે. અંદરથી આત્માની તૈયારી થાય એટલે પંદર ભવમાં તો મોક્ષ મળવાનો જ છે. પછી સંસારમાં રહેવાનો નથી એથી વધારે. એમને એમ જો એને અપડિવાહી ધારાએ એમને એમ ચાલ્યો તો પંદર ભવે અવશ્ય મોક્ષ થવાનો છે. પછી એક વાર તડ પડી ગઈ, ભેદજ્ઞાન થઈ ગયું પછી પહેલાના જેવો એ ભળતો જ નથી, છૂટો-છૂટો રહે છે. એકવાર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય તો અવશ્ય મોક્ષ થાય છે. અને એમને એમ એની તૈયારી રહે તો પંદર ભવે થાય છે.

પ્રશ્ન :- સ્વાનુભૂતિદશા આમ તો વચનાતીત છે, પણ જે આપે ઈશારો કર્યો છે એમાં થોડું વિશેષ માતાજી...

ઉત્તર :- વિશેષ એ કાંઈ વચનની વાત નથી. આનંદ તરંગો, સ્વાનુભૂતિમાં આનંદ ઉછળે છે. એનો અર્થ એનું લખાણ કર્યું છે. સ્વાનુભૂતિમાં આનંદતરંગમાં ડોલી રહ્યો છે. આત્માનો અદ્‌ભુત જે સ્વભાવ છે, આત્માનો અપૂર્વ સ્વભાવ, આશ્ચર્યકારી સ્વભાવ અને જે આનંદકારી જે આનંદગુણ છે આત્માનો એમાં આત્મા આનંદતરંગમાં ડોલી રહ્યો છે. આનંદ...

દ્રવ્ય-ગુણ અને પર્યાયથી ભરપૂર જે આત્મા છે. અનંત ગુણો અને અનંત પર્યાયોથી ભરપૂર આત્મા એનું જેવું સ્વરૂપ છે એવું સ્વરૂપ એને સ્વાનુભૂતિમાં પ્રાપ્ત થાય છે અને આનંદતરંગમાં ડોલી રહ્યો છે. એ જગતથી જુદો અને ન્યારો છે. એ વચનમાં આવે એવો એ આનંદ નથી. એમ કહેવાય કે આનંદતરંગમાં ડોલે છે. બાકી અનંત ગુણવિભૂતિ એને પ્રગટ થઈ છે એમાં એ ડોલી રહ્યો છે. મુખ્યપણે

આનંદગુણ હોય છે એટલે આનંદતરંગમાં ડોલે છે. એટલે એમાં કૂટસ્થ છે અને કાંઈ કાર્ય નથી કરતો એમ નથી. એમાં એની પર્યાયો પણ પરિણમે છે. પર્યાયોના તરંગો ઉછળે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકી એમાં એને પર્યાય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ નથી. પણ એમાં સ્વાનુભૂતિમાં પર્યાય નથી એવું નથી. એની પર્યાયના તરંગ ઉછળે છે અંદર. પર્યાય આનંદના તરંગો ઉછળે છે અને તે વચનથી અતીત છે. વચનમાં આવતો નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી શોભિતો આત્મા છે અને તે અપૂર્વ છે. આનંદતરંગમાં ડોલે છે અને તે અદ્‌ભુત છે, આશ્ચર્યકારી છે. જગતથી જુદું એ તત્ત્વ છે.

પ્રશ્ન :- લખ્યું છે બીજી નોંધમાં કે સામાયિકમાં ....

ઉત્તર :- બેસવાની એ સામાયિક હોય. અંતરની સામાયિક એ તો સામાયિક જુદી હોય છે. તો ઈ એમાં લખ્યું છે. સામાયિક એટલે એ વખતે એવી રૂઢી છેને સામાયિકની કે એક કલાક બેસે સામાયિક કરીને એટલે ક્યાંય ઉઠવું પડે નહિ. એટલે એ સામાયિકમાં એમ લખ્યું છે. એ વખતે બહારથી સામાયિકમાં બેસવાની સ્થાકનવાસીમાં રૂઢિ હોય છેને, એ. એમ સામાયિકનું લખ્યું છે. ક્યારે એનું .. સ્વરૂપ અનુભવાય છે.

અંતરમાં તો સામાયિક જુદી છે. સ્વાનુભૂતિની સામાયિક એ જુદી છે. આ તો બહારથી નિવૃત્તિમાં બેઠો હોય ઈ. એક કલાક સુધી બેસવું નથી, ક્યાંય જાવું નથી. આ સ્થાનકવાસી સંપ્રદાયમાં જે હોય છેને એ રીતે. ત્યારે તો એ બધું હતુંને બહારમાં. એ વખતે ખ્યાલ હતો કે આ બધી બહારની સામાયિક છે પણ એ લખાણમાં એમ લખ્યું છે.

પ્રશ્ન :- માતાજી! અજ્ઞાનીને ઉદય આવે ક્રોધનો તો એ પાપથી બચવા માટે દબાવવાની કોશીશ કરે. તો જ્ઞાની કઈ રીતે કરે?

ઉત્તર :- જ્ઞાયકની પરિણતિમાં એ શાંતિ રાખે. હું તો શાંતસ્વરૂપી છું. જ્ઞાયકની દોરી એને ક્રોધથી પાછો ખેંચી લે છે. ક્રોધમાં મર્યાદા બહાર જાતો નથી. ભેદજ્ઞાન એવું છે (કે) ક્રોધમાં એકત્વ થાતું નથી, ક્રોધથી જુદો ને જુદો રહે છે. ભેદજ્ઞાનની ધારા વર્તે છે એને.

પ્રશ્ન :- ઉપયોગ તો ક્રોધમાં જ છે?

ઉત્તર :- ઉપયોગ ભલે ક્રોધમાં હોય, પણ જ્ઞાયકની દોરી ચાલુ જ છે. એમાં એકત્વ થાતું નથી.

પ્રશ્ન :- ઉપયોગ પાછો વળવાનો પ્રયત્ન કરે?

ઉત્તર :- ઉપયોગ પાછો વાળવાનો પ્રયત્ન કરે છે. પરિણતિ તો જુદી ને જુદી છે, પણ ઉપયોગ પણ વધારે બહાર ન જાય અને પાછો વળે છે સહજપણે. એને તો ભેદજ્ઞાનની ધારા વર્તે છે. એની વિરક્તિની પરિણતિ જ્ઞાયક એના હાથમાં છે. અંદર પરિણતિ જુદી પરિણમે છે. અમુક અંશે એની સ્થિરતા, લીનતા, શાંતપણું અમુક અંશે છૂટતું જ નથી. બહારથી ગમે ઈ દેખાય તોપણ. ક્રોધમાં એવો નથી થાતો, એકદમ આકુળ-વ્યાકુળ એવો થાતો નથી.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૧ D

પ્રશ્ન :- એક ધ્રુવ આત્મા જ ઉપાદેય છે. તો સમ્યગ્દર્શન શુદ્ધ આત્માને દેખે છે. તો તે સમ્યગ્દર્શન ઉપાદેય છે કે કેમ?

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપાદેય છે, પણ સમ્યગ્દર્શનનો જે વિષય છે દ્રવ્ય એટલે ધ્રુવ ઉપાદેય છે ખરી રીતે તો. ઉપાદેય અંગીકાર કરવા(યોગ્ય), દ્રવ્યને ગ્રહણ કરવાયોગ્ય, ધ્રુવને ગ્રહણ કરવાયોગ્ય છે. પર્યાય સમ્યગ્દર્શન તો પર્યાય છે. પર્યાય ઉપર દૃષ્ટિ નથી હોતી. દૃષ્ટિ તો ધ્રુવ દ્રવ્ય ઉપર હોય છે. માટે ઉપાદેય વાસ્તવિક રીતે તો જે પરમપારિણામિક સ્વભાવ આત્મા અનાદિ-અનંત છે તે ઉપાદેય છે.

સમ્યગ્દર્શન ઉપાદેય (એટલે) સમ્યગ્દર્શન પ્રગટ કરવાયોગ્ય છે પણ એ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી ઈ પર્યાય પ્રગટ થાતી નથી. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે વાસ્તવિક રીતે દ્રવ્યને ગ્રહણ કરવાયોગ્ય છે. પરમપારિણામિકભાવસ્વરૂપ જે આત્મા છે તે આત્મા ગ્રહણ કરવાયોગ્ય છે અને આત્મા ઉપાદેય છે. પણ ઉપાદેય સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન બધું ઉપાદેય છે, પણ એના ઉપર દૃષ્ટિ કરવાથી એ પ્રગટ થાતું નથી.

ધ્રુવ ઉપાદેય છે. વાસ્તવિક રીતે ધ્રુવ ઉપાદેય છે. એની (પર્યાય) ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાતું નથી. પણ પર્યાય શુદ્ધ પર્યાય તે એનું સુખ સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી સુખ પ્રગટ થાય છે, આનંદ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનથી આનંદ પ્રગટ થાય છે માટે તે પણ ઉપાદેય છે. પણ શુદ્ધ એકદમ શુદ્ધ દૃષ્ટિએ

જોવામાં આવે તો ધ્રુવ ઉપાદેય છે. એ બેય અપેક્ષાઓ જુદી છે.

સમ્યગ્દર્શન ઉપાદેય છે, આત્માની સ્વાનુભૂતિ, કેવળજ્ઞાન એ બધું ઉપાદેય છે. પણ એ પર્યાય છે માટે એના ઉપર દૃષ્ટિ કરવાથી એ પ્રગટ થાતું નથી. દૃષ્ટિ ધ્રુવ ઉપર કરવાથી તે પ્રગટ થાય છે માટે ધ્રુવ ઉપાદેય છે. માટે કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન ઉપાદેય છે અને ધ્રુવ ઉપાદેય છે. બેય ઉપાદેય છે. બે અપેક્ષઓ જુદી છે. ઓલો વ્યવહાર છે, ઓલો નિશ્ચય છે. પણ વ્યવહાર એટલે એ જાતનો વ્યવહાર એવો નથી કે વ્યવહાર એટલે કાંઈ છે જ નહિ. એવું નથી. એ તો વેદનમાં આવે છે. સમ્યગ્દર્શનની પર્યાય તો વેદનમાં આવે છે. માટે તે ઉપાદેય છે અને શુદ્ધ પર્યાય છે માટે તે ઉપાદેય છે. વેદનમાં આવે છે. પણ એના ઉપર દૃષ્ટિ કરવાથી (તે પ્રગટ થતું નથી). ... અનંત પર્યાયો જે વેદનમાં આવે છે તે ધ્રુવને ગ્રહણ કરવાથી આવે છે. માટે ધ્રુવ ઉપાદેય છે. સમ્યગ્દર્શન ઉપાદેય નથી એમ નથી, એ છે, પણ ઈ અપેક્ષા વ્યવહારની, આ નિશ્ચય અપેક્ષા છે. સાધક પર્યાય છે, સાધકદશા છે. ઓલું છે એ મૂળ અસ્તિત્વ અનાદિ-અનંત છે. સાધક પર્યાય છે એ અનાદિ-અનંત રહેતી નથી. અનાદિ-અનંત જે ધ્રુવ છે તે જ ગ્રહણ કરવા યોગ્ય છે.

પ્રશ્ન :- ભગવતી માતા! આત્માનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે. સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વાનુભૂતિના સમયે....

ઉત્તર :- અમુક જણને...

પ્રશ્ન :- ... સ્વાનુભૂતિ વખતે એમાં જણાય છે કે કેમ?

ઉત્તર :- પર એટલે પરજ્ઞેયો બહાર ઉપયોગ નથી. પર નથી જણાતું પણ અંદર પોતે છે, પોતાના અનંત ગુણોની પર્યાયો જણાય છે. માટે તે સ્વપરપ્રકાશકપણું ઊભું રહે છે ત્યાં, એનો નાશ થતો નથી. પોતે જે છે સમ્યગ્દર્શન સ્વાનુભૂતિની જે પર્યાય છે એ આનંદગુણને વેદે છે. પોતાના અનંતગુણનું વેદન જે છે એ એને વેદનમાં આવે છે. માટે પોતે પોતાને જાણે છે, પોતે પર્યાયોને જાણે છે. માટે સ્વપરપ્રકાશક જાણે એટલે બીજા ગુણોને જાણે છે. બીજા ગુણોની પર્યાયોને જાણે છે. સ્વને એટલે પોતે પોતાના... બહારનું જ્ઞેય ન જાણે, અંતરમાં જે પોતે જ્ઞાન ને જ્ઞેય, જ્ઞાતા બધું પોતે પોતાને અભેદપણે જાણે છે. પોતાની અનંતી પર્યાયોને જાણે છે. અનંત એટલે એ અનંતના નામ નથી હોતા પણ એનું પોતાનું અનંતનું વેદન જાણે છે.

ચૈતન્યચમત્કારસ્વરૂપ આત્મા છે. એની અનંતતા, એની અનેક જાતની

પર્યાયોને તે જાણે છે. બહાર આવે ત્યારે ઉપયોગ બહાર હોય તે બહારનું જાણે છે પણ એને એકત્વ નથી થતું, એનાથી જુદો રહીને જાણે છે. તે જ્ઞાયક રહે છે. જ્ઞાતાની ધારા ચાલે છે અને ઉપયોગ બહાર હોય છે એટલે બીજાને જાણે અને પોતાને પણ જાણે છે. એમ સ્વપરપ્રકાશક. અંતરમાં પોતે પોતાને જાણે, પોતે પોતાના ગુણોને-પર્યાયનો જાણે છે. એમ સ્વપરપ્રકાશકપણું છે. એવી રીતે છે.

પોતે પોતાના વેદનને જાણે છે, પર્યાય છે. પોતાના જ્ઞાનગુણને જાણે છે, શ્રદ્ધાગુણને જાણે છે, આનંદગુણને જાણે છે અને આશ્ચર્યકારી પર્યાયો થાય છે એ બધી પર્યાયોને જાણે છે. એના નામ નથી હોતા. એનું અનેક જાતનું પરિણમન આનંદના તરંગો ઉઠે છે, અનેક જાતની પર્યાયો પરિણમે છે. એને એ જાણે છે. એ રીતે એનું સ્વપરપ્રકાશકપણું છે. અનેક જાતની પર્યાયો એને અનેક જાતની પર્યાયો સ્વાનુભૂતિમાં એને પરિણમે છે એને એ જાણે છે. પોતાને જાણે છે અભેદપણે અને પર્યાયોને, પર્યાયોના ભેદને પણ જાણે છે. બધું જાણે છે.

પ્રશ્ન :- એ નિશ્ચય સ્વપરપ્રકાશક.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વપરપ્રકાશક. બીજા જ્ઞેય આવ્યા એટલે. વ્યવહાર એટલે એ પરને નથી જાણતો એવો એનો અર્થ નથી. એ વ્યવહાર એવો નથી કે બીજું દ્રવ્ય થઈ ગયું, બીજાને જાણે એટલે વ્યવહાર એટલે જાણતો નથી અને કહેવામાત્ર છે એમ નથી, એવું નથી. જાણે છે પણ બીજું જ્ઞેય થયું બહારનું. એટલે વ્યવહાર કહેવામાં આવે છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૨ A

ઉત્તર :- ઘણાના સંબંધ ગ્રહણ કરે અને ઘણાને છોડે એવું સંસારમાં ચાલે છે. શાંતિ રાખવી એ જ ખરું છે, આત્માને ઓળખવો એ ખરું છે. 'ગુરુદેવે' માર્ગ બતાવ્યો એ જ ખરું છે. એનાથી ભવનો અભાવ થાય છે.

પ્રશ્ન :- ચંચળતા... ચંચળતા... ચંચળતા હજી આમ રહ્યા જ કરે છે. જે બાજુ આમ જુકાવ કરવો જોઈએ એ બાજુ આમ કરવો જોઈએ એટલો જુકતો નથી. વાત મોઢેથી આવે છે.

ઉત્તર :- પુરુષાર્થ પોતાને કરવાનો છે. એ તો અનાદિનો અભ્યાસ છે તો બહાર તો દોડ્યા કરે છે. પોતાને ગ્રહણ કરવો પોતાના હાથની વાત છે. પુરુષાર્થ પોતાને

કરવાનો છે, કોઈ કાંઈ કરી દેતું નથી. 'ગુરુદેવે' માર્ગ તો કોઈ અપૂર્વ ચારે બાજુથી સમજાવ્યો છે. ગ્રહણ પોતાને કરવાનું છે, પુરુષાર્થ પોતાને કરવાનો છે.

પ્રશ્ન :- આમ આપણે કહીએ છીએ કે સહજ છે અને આમ કહીએ છીએ કે અતિ પુરુષાર્થની જરૂર છે. એક વખત બેય બાજુ તો સહજ છે.

ઉત્તર :- સહજતા કાંઈ એમ ન એમ થઈ જતી હશે? પોતે જિજ્ઞાસા, લગની, પુરુષાર્થ બધું કરે તો થાય. સહજ એટલે એનો સ્વભાવ સહજ છે. અને એનો સ્વભાવ સહજ છે તો એ કાંઈ એની મેળાએ થાતું નથી. પોતે પરિણતિ બદલાવે તો થાય છે, બદલાવ્યા વગર થાતું નથી. જેમ અનાદિથી દોડ્યો જાય છે. સહેજ અભ્યાસ એવો થઈ ગયો. એમ અભ્યાસ પોતે બદલી નાખે. આત્માનો અભ્યાસ કરીને એ બાજુ જાય તો પોતે પોતાનો સ્વભાવ છે (માટે) સહેજે થાય એવો છે, પણ પોતે કરતો જ નથી.

પ્રશ્ન :- પોતાની ભૂલ છે જે છે ઈ.

ઉત્તર :- પોતાની ભૂલ છે અનાદિકાળથી.

પ્રશ્ન :- અપરાધ પોતાનો છે. પોતાનો પુરુષાર્થ (કરતો નથી) એ મોટો અપરાધ છે.

ઉત્તર :- પોતાના પુરુષાર્થની ખામી પોતાનો અપરાધ. પોતે પોતામાં ભૂલી રહ્યો છે. પોતાને.. 'ભૂલ મેરી અધિકાઈ, કર્મ બિચારે કોણ? ભૂલ મેરી અધિકાઈ.' કર્મ બિચારા શું કરે? પોતાની ભૂલ છે, પોતાની ભૂલે રખડ્યો છે. પોતે સાચું જ્ઞાન કરે અને પરિણતિ બદલાવે, પોતે જ્ઞાયક છું, આ વિભાવ મારો સ્વભાવ નથી, શરીર મારું નથી, હું એનાથી જુદો. આ વિભાવ-વિકલ્પ મારું સ્વરૂપ નથી. એનું ભેદજ્ઞાન કરીને પુરુષાર્થ કરવો પોતાના હાથની વાત છે.

પ્રશ્ન :- પર્યાયને જે કર્મ... દરેક પર્યાયને કર્મવર્ગણા.. દરેક પર્યાય પરવસ્તુ ઉપર આપણે જે કર્મને આધીન .. છીએ એનો ખરી રીતે નિર્જરાનો શરૂઆત થાય છે, પાછા છૂટી જાય છે, પાછા શરૂઆત થાય છે, પાછું છૂટી જાય છે. એટલે ઘડીકમાં લાગે છે કે સાચુ છે. ઘડીકમાં લાગે છે કે સાચું તો આ પર છે. પછી લાગે સ્વ તરફ સાચું લાગે. આમાં કાંઈ નથી જ. પણ મારી પાસે સો રૂપિયા હોય તો હું ત્યાગ કરુંને. રૂપિયાનો ત્યાગ કરવાનું મન થાય પણ સો રૂપિયા ક્યાં રાખુ? આત્માનો સ્વભાવ મારો જે પરિપૂર્ણતા પ્રાપ્ત થાય તો આ છોડવાનું મન થાયને? પણ એ કોઈ દિવસ ઝબકારો પણ આવતો નથી. આટલા વર્ષથી સાંભળીને એક વખત તો એનો

ઝબકારો આવવો જોઈએ.

ઉત્તર :- પોતે એ બાજુ જાય નહિ ને આવે શેનો? અંદર ઓલો રાગ એનો પડ્યો છે અને અંદર જાવું છે. બે વાના થાય નહિ. પોતે ન્યારો થાય તો અંદર થાયને. પોતે ન્યારો થાતો નથી. સ્વભાવને ઓળખતો નથી ક્યાંથી આવે?

પ્રશ્ન :- સ્વભાવનું જોર તો ખુબ રહે છે.

ઉત્તર :- જોર રહે, જોર શું કામનું? પોતે એકત્વબુદ્ધિ અંદર છે. એમાં પડ્યું રહેવું છે અને સ્વભાવ જોઈએ છીએ. બે વાના થાય નહિ. ઓલા અનાદિકાળના ઝેર છે. ઝેરમાં પોતે પડ્યો રહે છે અને અમૃત જોઈએ છે. ક્યાંથી મળે? અમૃતનો સ્વાદ આવે જ નહિ.

પ્રશ્ન :- પણ કોઈકવાર અમૃતનો જરાક સ્વાદ આવી જાય તો પછી ઝેરની..

ઉત્તર :- કહે છેને, પોતે એવી દુર્ગંધ લઈને જાય અને ગુલાબના ફૂલ ઉપર બેસે તો એને ગુલાબની સુગંધ ક્યાંથી આવે? અંદર પોતાને હજી અંદરથી છોડતો નથી વિભાવ, તો સ્વભાવની સુગંધ એને આવે ક્યાંથી? બેય પ્રતિપક્ષ છે. આમ છૂટે તો આમ જાય. પોતે પોતાને ગ્રહણ કરે તો ઓલી મહિમા આવે. એને ગ્રહણ કરે તો ઓલું છૂટે. પણ એને ગ્રહણ જ કરતો નથી. ઓલું સાથે લઈને જાય છે. વિભાવને સાથે લઈને (જાય છે). પોતાની દુર્ગંધ સાથે લઈને જાય અને પછી સ્વભાવની ક્યાંથી સુગંધ આવે? ગુલાબના ફૂલની સુગંધ આવે નહિ.

અંદર જાય તો વિકલ્પની ઘટમાળ અને એનો રાગ ને બધું સાથે રહે અને હું જ્ઞાયક છું... જ્ઞાયક છું કર્યા કરે, પણ ઓલો રાગ તો એમને એમ સાથે ને સાથે અંદર એ રાગ તો પડેલો છે અને એમાં જાય છે. એટલે એને સ્વભાવની સુગંધ આવતી નથી.

પ્રશ્ન :- વિકલ્પ ન ઈચ્છવા છતાં વિકલ્પનું જોર કેમ?

ઉત્તર :- ન ઈચ્છે પણ એમાં જોડાય છેને. બોલ્યા કરે મને બંધન છે... બંધન છે... બંધન મારે જોઈતું નથી. પણ આ બંધનની બેડી પોતે તોડે તો તૂટેને? બોલે ક્યાંથી તૂટે? બંધનમાં પડેલો માણસ બેડીમાં.. મને બેડી તોડવી છે. મારે બંધન છે, મારે જોઈતું નથી. એમ બોલે જાય. એમ કાંઈ થાય? બેડીને તોડવાનો પ્રયત્ન કરે તો તૂટે. એમ મારે જોઈતું નથી, જોઈતું નથી કરે છે પણ પ્રયત્ન કરતો નથી, ક્યાંથી તૂટે? વિચારની શૃંખલા કર્યા કરે વિચાર પણ એને કાંઈ છેદવાનો પ્રયત્ન કરે નહિ તો ક્યાંથી તૂટે?

પ્રશ્ન :- છેદવાનો પ્રયત્ન એટલે જ્ઞાયક ઉપરનું જોર?

ઉત્તર :- જ્ઞાયક નહિ, પ્રજ્ઞાની છીણી તૈયાર કરતો નથી તીક્ષ્ણ. તો તૂટેને. જ્ઞાયકની પરિણતિ તીક્ષ્ણ તૈયાર કરે તો તૂટે.

પ્રશ્ન :- એવી કોઈ પ્રજ્ઞાની છીણી...

ઉત્તર :- પ્રજ્ઞારૂપી છીણી છે અંતરથી. માત્ર ઝાઝું જાણી જાય એટલે નહિ. અંદર જ્ઞાયકની તીક્ષ્ણતા, જ્ઞાયકની ધારા પ્રગટ કરતો નથી.

પ્રશ્ન :- કોઈ પળ બહુ ધ્યાન કરી અને કાંઈક ઝબકારો જેવું લાગે છે તો એ ઝબકારો શેનો છે?

ઉત્તર :- કાંઈ ઝબકારો એને પ્રકાશ ન થાય. એ તો પુદ્‌ગલનો પ્રકાશ ઝબકારો લાગે. કાંઈ આત્માનો ઝબકારો નથી કોઈ જાતનો. આત્માનો સ્વભાવ, જ્ઞાયકનો સ્વભાવ એનું વેદન થાય. એમાં કાંઈ એનો ઝબકારો, એ તો વીજળીના ઝબકારાની જેમ એ કાંઈ ઝબકારો કોઈ પુદ્‌ગલનું એવું દેખાય. એવો ઝબકારો દેખાય એ કાંઈ વસ્તુ નથી. એ તો અંદર કોઈ એવી લીનતા થાય તો એને એવું લાગે, એવો ભાસ થાય. કાંઈ ઝબકારો નથી. આત્મા કાંઈ ઝબકારામાત્ર નથી. આત્મા તો એક વસ્તુ મહિમાવંત છે.

પ્રશ્ન :- આત્માનો આકાર કેવો આમ ગોળ હોય?

ઉત્તર :- અસંખ્યાત પ્રદેશી છે એ તો. શરીરના આકારે એનો આકાર હોય છે. એનો કોઈ નિશ્ચિત આકાર નથી ગોળ કે આવો કે તેવો. એ અસંખ્યાત્ પ્રદેશી છે. શરીરના આકારે રહે છે. જે ભવમાં ગયો એવી જાતના પ્રદેશ એના ગોઠવાય જાય છે.

પ્રશ્ન :- આત્મા દેખાતો કેમ નથી?

ઉત્તર :- આત્મા દેખાય. પોતે પ્રયત્ન કરે નહિ ને દેખાય ક્યાંથી? બધું બહાર જોવે છે. અંદર જોવે છે જ ક્યાં?

પ્રશ્ન :- લીન થવા પ્રયત્ન કરીએ પણ છતાં અંધકાર દેખાય છે. અંજવાળું કંઈ દેખાતું જ નથી.

ઉત્તર :- અંધકાર છે ત્યાં અંજવાળુ ક્યાંથી દેખાય? જ્ઞાકને ઓળખે તો દેખાય ને. જ્ઞાયકને ઓળખવો જોઈએ કે આ હું રહ્યો, આત્મા આ રહ્યો. એમ જ્ઞાયક આ રહ્યો. હું ચૈતન્ય સ્વભાવ વસ્તુ છું. એમ પોતે એની શ્રદ્ધા કરે, ઓળખે તો દેખે. 'નિજ નયનની આળસે રે નિરખ્યા નહિ હરીને જરી..' પોતાના નયનની આળસે

પોતે આંખ ખોલીને જોતો નથી. ભગવાન ચૈતન્ય દેખાય ક્યાંથી? જોતો જ નથી. અંધારું જ દેખાયને. પોતાના જ્ઞાનરૂપી ચક્ષુને ખોલતો નથી.

પ્રશ્ન :- આપણે આત્માને ઓળખવા માટે શું વાંચન જ કરવું?

ઉત્તર :- વાંચન કરવું, જિજ્ઞાસા અંદર કરવી સમજવાની. આત્માના શું દ્રવ્ય-ગુણ-પર્યાય છે એ વિચારવું. પુદ્ગલ શું? આત્મા શું? એનું નક્કી કરવું વાંચન કરીને. અંદરથી છૂટો પડવાનો પ્રયત્ન કરે. ન થાય ત્યાં સુધી વાંચન, વિચાર, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, શુદ્ધાત્મા કેમ ઓળખાય એની રુચિ અને મહિમા રાખ્યા કરે. હું જ્ઞાનસ્વભાવ છું. એને વિચારોથી નક્કી કરે પછી અંતરમાં પોતે સ્વભાવથી અંદર ઉતરે અને નક્કી કરે તો થાય.

પ્રશ્ન :- આપે તો બહેન, સ્વાદ ચાખ્યો છે. એકાદ સ્વાદનું વર્ણન તો કરો.

ઉત્તર :- એ કાંઈ વર્ણન કરવાની વાત નથી, એ કાંઈ વાણીમાં આવે એવી વાત નથી. એટલો આત્મા જે આ જ્ઞાનસ્વભાવ છે તે આત્મા. અંદર તું જઈને જો તો તને દેખાશે. આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને, આનાથી બનતું તૃપ્ત તુજને સુખ અહો ઉત્તમ થશે. એમાં સુખ છે. આમાં રુચિ કર, પ્રીતિ કર, સંતોષ પામ. એમાં જ સુખ અને આનંદ છે, બીજે ક્યાંય નથી. જગતના કોઈ પદાર્થ સાથે એને મેળ નથી. એને જગતની કોઈ ઉપમા લાગુ પડતી નથી કે એની ઉપમાથી બતાવી શકાય. આ જડ પદાર્થની કોઈ ઉપમા એને લાગુ પડતી નથી કે ઉપમાથી બતાવી શકાય. નિર્વિકલ્પસ્વરૂપ આત્મા, સિદ્ધ ભગવાન જેવો આત્મા એને કોઈ દૃષ્ટાંતથી કહી શકાય એવો નથી. એ તો અનુપમ છે, આશ્ચર્યકારી તત્ત્વ છે. જગતનો સર્વોત્કૃષ્ટ પદાર્થ છે. અનંત મહિમાનો ભંડાર, અનંત શક્તિઓનો અને અનંત ઋદ્ધિનો ભંડાર છે એ.

ચત્તારી મંગલં, અરહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણત્તો ધમ્મો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણત્તો ધમ્મો લોગુત્તમા. ચત્તારી શરણં પવજ્જામી, અરિહંતા શરણં પવજ્જામી, સિદ્ધા શરણં પવજ્જામી, સાહુ શરણં પવજ્જામી, કેવળી પણત્તો ધમ્મો શરણં પવજ્જામી, ચાર શરણ, ચાર મંગળ, ચાર ઉત્તમ કરે જે ભવસાગરથી તરે, તે સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાય. સંસારમાં એ શરણ ચાર. અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે, લબ્ધિ તણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળ દાતાર.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૨ B

ઉત્તર :- દૃષ્ટિ કરે કે આ હું આત્મા છું. આ જે અસ્તિત્વ, જ્ઞાયકનું આત્માનું અસ્તિત્વ તે હું છું. એને લક્ષમાં રાખે, એના ઉપર વિશ્વાસ રાખે, એના ઉપર પ્રતીત અને એના ઉપર જોર રાખે કે આ જે આત્માનું અસ્તિત્વ તે જ હું છું, હું બીજું કોઈ નથી. આ જે જાણનારો આત્મા તે જ હું છું. એમાં જે પર્યાયો પલટાય એ પર્યાયો આત્માની પર્યાયો છે, પણ એ પલટાય છે. આત્મા ધ્રુવ સ્થિર રહે છે. એટલે દ્રવ્ય ઉપર એની દૃષ્ટિ સ્થિર રાખે અને પર્યાય જે આત્મામાં થાય એને જ્ઞાનમાં રાખે કે આત્મામાં પલટન થાય છે.

વિભાવ અવસ્થામાં અનેક પ્રકારની પર્યાયો એને રાગ-દ્વેષની થાય. એ રાગ-દ્વેષની પર્યાય પોતાના પુરુષાર્થની મંદતાએ થાય. ખ્યાલમાં રાખે કે આ જે રાગ-દ્વેષ થાય એ મારું સ્વરૂપ નથી, હું એનાથી જુદો છું. એ સ્વરૂપ મારું નથી પણ પુરુષાર્થની મંદતાએ થાય છે. એટલે એને પોતે પોતા તરફ વળવા, પોતાને જ્ઞાયકને ગ્રહણ કરી એમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. સમ્યગ્દર્શન થયા પછી પણ.

પહેલા તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, ભેદજ્ઞાન કરે. આ રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાયક છું. એમ એની ઉપર જ્ઞાયક ઉપર જોર રાખીને ભેદજ્ઞાન કરે. પણ આ મારું સ્વરૂપ નથી પણ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય (છે). માટે પોતે જ્ઞાયકનું જોર રાખીને તે તરફ વળવાનો, એમાં સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. અલ્પ રાગ-દ્વેષ તો રહે છે સમ્યગ્દર્શન થાય તોપણ. એટલે એમાં જ્ઞાયકમાં સ્થિર થવાનો, એમાં લીન થવાનો પ્રયત્ન કરે અને દ્રવ્ય ઉપર જોર રાખે છે કે આ દ્રવ્ય તે જ હું છું, બીજું કોઈ હું નથી. રાગ-દ્વેષ હું નથી. આ ક્ષણે ક્ષણે ભાવો પલટાયા કરે તે હું નથી, આ પર્યાય પલટાયા કરે તે (હું નથી). મૂળ શાશ્વત સ્વરૂપ તો હું જ્ઞાયક છું તે છું.

પ્રશ્ન :- એટલે વિકલ્પથી એ પકડી રાખવાનું?

ઉત્તર :- વિકલ્પથી નહિ પકડી રાખવાનો.

પ્રશ્ન :- પછી વિકલ્પથી પકડી રાખવાનો. પછી જ્યારે એનું લક્ષ છૂટી જાય અને તમને એવું લાગે કે રાગ-દ્વેષ તમને જણાયા કરે. એમ લાગે કે હજુ કેમ થાય છે, તો તે વખતે ફરી પાછા અંદર કેવી રીતે જવાનું?

ઉત્તર :- સમ્યગ્દર્શન થાય તો પાછો બહાર આવી જાય છેને? સમ્યગ્દર્શન પછી

પણ ભેદજ્ઞાન થાય. વિકલ્પ છૂટી જાય. સ્વરૂપમાં લીન થઈ જાય. પણ એ અંતર્મુહૂર્તની સ્થિતિમાં વિકલ્પ છૂટી જાય. પાછો બહાર આવે તોપણ જ્ઞાયક તો એના લક્ષમાં જ રહે છે, જ્ઞાયકને ભૂલતો નથી. માત્ર વિકલ્પ આવે પણ એને જાણે છે કે આ મારું સ્વરૂપ નથી. આ વિકલ્પ આવે તે મારું સ્વરૂપ નથી. એનાથી જુદો જાણે છે પોતાને. જુદો જાણીને પોતામાં સ્થિર થાય છે એટલે વારંવાર એની સ્થિરતા વધાર્યા કરે છે.

પ્રશ્ન :- એની મેળે સ્થિરતા વધે કે એને માટે પુરુષાર્થ બીજો શું કરવો પડે?

ઉત્તર :- એની મેળે સ્થિરતા પોતે અંદર પોતામાં લીનતા થવાનો પ્રયત્ન કરે છે. એની મેળે સાવ કાંઈ એ પોતે કાંઈ કરે જ નહિ ને થઈ જાય એમ નથી થાતું. જ્ઞાયકની દૃષ્ટિ છે એના બળથી થાય છે. વારે-વારે ઉપયોગ બહાર જાય એ મર્યાદામાં ઉપયોગ બહાર જાય છે. સ્વરૂપ તરફ પોતાની દોરી ખેંચી લે છે. પોતે એને વધારે બહાર જવા દેતો જ નથી. પોતે જ્ઞાયકના જોરમાં-હું આ જ્ઞાયક છું, હું આ નથી, હું આ જ્ઞાયક છું, હું આ નથી—એમ વારંવાર પોતાના જોરમાં પુરુષાર્થ કર્યા જ કરે છે. પણ એને વિકલ્પથી પુરુષાર્થ નથી કરવો પડતો, એ સહજ કરે છે. એ સહજ થાય છે. એમાં હઠ નથી કરવી પડતી. કે ન થાતું હોય એમાં રોકાતો હોય વારે વારે હઠથી, મહેનતથી એમ નથી કરવું પડતું. એણે પોતાને જ્ઞાયકને ઓળખ્યો છે એટલે એને સહજ તે તરફ પુરુષાર્થ પોતે કરે. એને પરાણે-પરાણે કરવું પડે એવું નથી થાતું. સહજ થાય છે. પુરુષાર્થ થાય છે પણ સહજ થાય છે. એમ. જે પોતાનો સ્વભાવ હોય એ જેમ સહજ તે તરફ જાય એમ સહજ જાય. જાય છે ખરો પણ સહજ જાય છે.

પ્રશ્ન :- એવી રીતે પોતાની મેળે જ ખ્યાલ આવે કે હું જ્ઞાનસ્વરૂપી છું?

ઉત્તર :- હું જ્ઞાનસ્વરૂપ છું. એમ પોતાને રહ્યા જ કરે. હું જ્ઞાનસ્વરૂપ છું. રાગ તરફ એને રુચિ નથી એટલે છૂટતો જાય છે અને પોતા તરફ વળતો જાય છે. પુરુષાર્થ સહજ થાય છે એને. પુરુષાર્થ છે એને સહજ છે. પાછો હઠ નહિ. એવું પરાણે પરાણે નથી કરતો. એની રુચિથી, આનંદથી કરે છે. સહજ થાય છે.

પ્રશ્ન :- આનંદ શબ્દ સારો મૂક્યો આપે. આનંદ શબ્દ બહુ સારો મૂક્યો. સહજનો અર્થ આનંદથી કરે છે.

ઉત્તર :- હા આનંદથી. આનંદ એટલે ઓલો આનંદ નહિ—સ્વરૂપ આનંદ નહિ. પણ એ આમ હઠ એટલે ખેદપૂર્વક નહિ. એમ આનંદથી કરે છે. એની રુચિપૂર્વક કરે

છે, આનંદથી કરે છે.

પ્રશ્ન :- એમાં એને રસ આવે છે.

ઉત્તર :- હા, રસ આવે છે પુરુષાર્થનો.

પ્રશ્ન :- સહજનો અર્થ બહુ સરસ થઈ ગયો.

ઉત્તર :- સહજ પોતાનું સ્વરૂપ છે એટલે સહજ તે તરફ જાય છે. અને પોતે એ જાતની આનંદથી, રુચિથી જાય છે.

પ્રશ્ન :- પુરુષાર્થ છે અને સહજ છે પાછો. રુચિપૂર્વક, રસપૂર્વક.

ઉત્તર :- રસપૂર્વક છે. બહારના દૃષ્ટાંતમાં, જેમ ભગવાનના દર્શનનો પોતાને રસ લાગ્યો છે. ગુરુના દર્શન તો પોતે જાય તો એમાં કાંઈ હઠથી નથી જાતો. પોતે પોતાના આનંદથી જાય છે. એમ જ્ઞાયકનો પ્રેમ લાગ્યો પોતે આનંદથી સહજપણે જાય છે.

પ્રશ્ન :- બહુ સરસ, બહુ સરસ. હઠ શબ્દનો આજે ઘણો સરસ અર્થ થયો.

ઉત્તર :- એ રસ છે, અંદર રુચિ છે.

પ્રશ્ન :- ખ્યાલ નહોતો આવતો સહજ કહેતા શું કહેવું છે? આનંદ શબ્દ આવતા ખ્યાલ આવ્યો.

ઉત્તર :- અને પોતાનો સ્વભાવ છે, પોતાને અનુકૂળ છે. કારણ કે પ્રતિકૂળ નથી. સહજ છે.

પ્રશ્ન :- પછી શરીરથી ભિન્ન તો તરત ખ્યાલ આવી જાય. પણ જે ભાવો થાય છે એનાથી ભિન્નતાનો..

ઉત્તર :- એ મુશ્કેલ પડે છે. શરીર તો જડ ે), એ તો દેખાય એવું છે. અંદર ભાવ એમાં સૂક્ષ્મ ઉપયોગ કરે તો જુદો પડે. રાગ અને જ્ઞાન બે એક જેવું એને લાગે છે. એમાંથી એને સૂક્ષ્મ એટલી રુચિ લાગે, એટલો પોતાનો રસ લાગે તો અંદરથી છૂટો પડે. અંદરથી છૂટું પડવું મુશ્કેલ પડે છે એને. એટલી તૈયાર હોય તો છૂટો પડે અંદરથી.

પ્રશ્ન :- છૂટું પડી ગયા પછી પણ પાછું એવું લાગ્યા કરે કે આ રાગ જોડે જતા રહેવાય છે. ભલે તે વખતે પોતાનો ખ્યાલ આવે કે હું જ્ઞાન છે અને મારામાં આ રાગ-દ્વેષ જણાય છે. છતાં બીજે જતા રહેવાય છે તો તે વખતે શું પુરુષાર્થ કરવાનો?

ઉત્તર :- એ જતા રહેવાય છેને, તો એ જ્ઞાયકનું બરાબર ધ્યાન રાખે છે. હું તો

જ્ઞાયક છું પણ જતું રહેવાય છે. મારા પુરુષાર્થની મંદતા છે. એટલે પુરુષાર્થની દોરી વારેવારે પોતા તરફ લાવ્યા કરે છે.

પ્રશ્ન :- હા, એ પુરુષાર્થ કેવી રીતે ઉપાડવો?

ઉત્તર :- પોતાની દોરી પોતે... એ તો પોતાને જે જ્ઞાયકની ધારા ઉપડી હોય એને સહજ એવી રીતે થાય છે. પહેલા જેને જ્ઞાયકની ધારા ઉપડી નથી, સ્વાનુભૂતિ થઈ નથી એને એવી રીતે સહજ થાતું નથી. એ તો વિકલ્પ કરીને કરે તો થાય છે એને તો. આ મારું સ્વરૂપ નથી. હું આનાથી જુદો છું એવા વિકલ્પ કરે, એવા વિચારો કરે ત્યારે એને જુદો અભ્યાસ થાય છે. પહેલા તો એને અભ્યાસરૂપ હોય છે. સમ્યગ્દર્શન થાય પછી એને સહજ થાય, ત્યાર પહેલા સહજ થતું નથી. ત્યારે વિચાર કરીને પોતા તરફ લાવે છે કે હું તો જાણનાર છું, આ મારું સ્વરૂપ નથી. એવા વિચારો કરે છે. આ તો રાગ-દ્વેષ છે. આમાં રોકાવા જેવું નથી. આત્માનું સ્વરૂપ એ તરફ જવા જેવું છે. એમ વિચારો કરી અને પોતે એનાથી થોડો છૂટો પડે છે. એ વાસ્તવિક હજી છૂટો નથી પડતો. વિચારો કરે ત્યારે થોડોક એ પાછો વળે છે. પહેલા તો એવું થાય છે એને. પછી એને સમ્યગ્દર્શન થાયને ત્યારે સહજ થાય છે.

એ તો બહારથી સમજાવવા આનંદથી કીધું. બાકી તો પોતાનો સહજ સ્વભાવ છે એટલે સહજ એની પરિણતિ એમ જ જાય છે. એને સમજાવવા માટે આનંદથી એમ કીધું.

પ્રશ્ન :- તોપણ એ શબ્દ બહુ સરસ છે.

ઉત્તર :- પાણી પાણીને ખેંચતું પાણી તરફ જાય છે. એમ જ્ઞાયક જ્ઞાયકને ખેંચતો જ્ઞાયક તરફ જાય છે. ઈ એનું સહજ છે. જ્ઞાયક જ્ઞાયકની દોરી પોતા તરફ જાય છે. હઠ કે ખેદ નથી. એ એને સમજાવવા માટે હઠ નથી પણ આનંદથી જાય છે.

પ્રશ્ન :- પાછા જવાનું ગમે છે.

ઉત્તર :- હા. અંદર ગમે છે. અંદર જવાનું ગમે છે, અંદર જવાનું ગમે છે.

પ્રશ્ન :- પાછા લેવાનું ગમે છે.

ઉત્તર :- હા, પાછું લેવાનું ગમે છે. બહાર ગમતું જ નથી. અંદર જાય તો એને સંતોષ અને શાંતિ થાય છે.

પ્રશ્ન :- બહાર ઉપયોગ ઠરતો જ નથી એનો.

ઉત્તર :- બહાર એ ઠરતો જ નથી, શાંતિ લાગતી જ નથી. અંદર જાય તો જ

એને શાંતિ થાય છે. એટલે સહજ પોતે પોતા તરફ જ જાય છે.

પ્રશ્ન :- ઈ સહજતા સમ્યગ્દૃષ્ટિ માટેની, બાકી તો અભ્યાસકાળમાં તો...

ઉત્તર :- અભ્યાસમાં તો વિકલ્પથી ન્યારો થાય, વિકલ્પથી જરા પાછો વળે, રાગ-દ્વેષ (તે હું નહિ), એમ થાય. હું જ્ઞાયક છું. એમ અભ્યાસમાં તો એમ થાય. સમ્યગ્દર્શન પછી સહજ હોય છે.

પ્રશ્ન :- સહજતાનો અનુભવ તો...

ઉત્તર :- હા, એ પછી થાય છે.

પ્રશ્ન :- જ્ઞાયકદેવ જ એને ખેંચે છે. પાણીનો સમૂહ જ પાણીને ખેંચે છે.

ઉત્તર :- જ્ઞાયકદેવ જ ખેંચે પોતા તરફ.

પ્રશ્ન :- પછી પુરુષાર્થ તે જ ઉપાડ આવશે. આગળનો પુરુષાર્થ?

ઉત્તર :- એ બધું જ્ઞાયકની દોરી જ એના હાથમાં (છે). એ જ્ઞાયક જ ખેંચે. જ્ઞાયકની શ્રદ્ધાનું બળ જ એને પોતા તરફ ખેંચે છે. જ્ઞાયક તરફ લીન થાય છે વધારે વધારે. જ્ઞાયકમાં લીન થાય એટલે રાગ-દ્વેષથી વધારે છૂટો પડતો જાય છે. એને જ્ઞાયકની ધારા વધતી જાય છે.

પ્રશ્ન :- જ્ઞાયકની ધારા વધતી જાય છે કે પ્રતીતિ વધતી જાય?

ઉત્તર :- જ્ઞાયક જાણનારો. પ્રતીતિ તો જોરદાર છે પણ એની સ્થિરતા અંદર વધતી જાય છે. અંદર સ્થિરતા વધે, સ્વાનુભૂતિ વધતી જાય છે. અંદર જ્ઞાયકની સ્થિરતા (વધતી જાય છે). બહાર જાય તો વિકલ્પ આવે. અસ્થિરતા... અંદર જ્ઞાયકની સ્થિરતા વધતી જાય છે.

પ્રશ્ન :- જે સવિકલ્પ દશા છે, તમે, હું કોણ છું એવો વિચાર કર્યા કરો તો એને કઈ દશા કહેવાય કે જ્યારે તમને સવિકલ્પ આવે કે હું શુદ્ધ છું, ચૈતન્ય છું, જ્ઞાનસ્વરૂપ છું. તો એને કઈ દશા કહેવાય?

ઉત્તર :- એ અભ્યાસ કહેવાય. હું શુદ્ધ છું, બુદ્ધ છું. એ બધા વિકલ્પો આવે એ વિકલ્પ વિચાર છે, વિચારની દશા છે. વિચારથી આત્માને જાણે છે. પછી પાછો આવે ત્યારે વિકલ્પો તો આવે કે હું શુદ્ધ છું, બુદ્ધ છું. અંદર સ્વાનુભૂતિમાં (જાય) ત્યારે એ વિકલ્પ આવે. પણ આ શરૂઆતના વિકલ્પમાં તો આ દશા (છે), એની વિચાર દશા છે. હું શુદ્ધ છું, બુદ્ધ છું. જ્ઞાયકને લગતા વિચારો કરે છે. જ્ઞાયકની નજીકના વિચારો કરે છે. જ્ઞાયક ને સ્વભાવના. જ્ઞાયક નજીકના વિચારો કરે છે. બીજી સમ્યગ્દર્શનની ભૂમિકાની કોઈ દશા નથી. એ તો જ્ઞાયકની ભૂમિકામાં આગળ જવાના

વિચારો છે.

પ્રશ્ન :- માતાજી! પુરુષાર્થમેં ઔર સમ્યગ્દર્શનમેં કિતના અંતર હૈ?

ઉત્તર :- સમ્યગ્દર્શનકે પુરુષાર્થમેં?

પ્રશ્ન :- કિતના અંતર હૈ?

ઉત્તર :- અંતર જો સમ્યગ્દર્શન (હુઆ વહ) તો સ્વાનુભૂતિ હો ગઈ. વહ તો સમ્યગ્દર્શન પ્રગટ હો ગયા. પીછે પુરુષાર્થમેં લીનતા બાકી રહ જાય. કેવલજ્ઞાન નહીં હુઆ, સમ્યગ્દર્શન હી હુઆ. મોક્ષ કા અંશ પ્રગટ હુઆ. પીછે આગે બઢનેકા બાકી હૈ અભી તો. કેવળજ્ઞાન વીતરાગદશા, પુરુષાર્થ કરકે વીતરાગદશા પ્રગટ કરનેકી બાકી હૈ. પુરુષાર્થ કરનેકા બાકી હૈ. વહ તો અંતર હૈ. સમ્યગ્દર્શન તો સ્વાનુભૂતિકી પર્યાય હો ગઈ. યહ પુરુષાર્થ તો સ્વરૂપમેં લીનતા કરનેકા પુરુષાર્થ કરનેકા હૈ. સાધકકી દશા હૈ પુરુષાર્થ તો. કૃતકૃત્ય દશા નહીં હૈ, યહ તો સાધકકી દશા હૈ પુરુષાર્થ. યહ તો અંતર હૈ. સમ્યગ્દર્શન તો એક શુદ્ધિ કી પર્યાય પ્રગટ હો ગઈ. પીછે યહ કરનેકા તો બાકી હૈ. સમ્યગ્દર્શન ઔર પુરુષાર્થમેં યહ તો અંતર હૈ. સમ્યગ્દર્શન પહલે ભી પુરુષાર્થ કરને કા હૈ. સમ્યગ્દર્શન કે બાદ ભી વીતરાગ દશા કા પ્રયત્ન કરને કા બાકી હૈ.

(શ્રોતા :— પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૨ C

ઉત્તર :- આત્મા અદ્‌ભુત ચમત્કારી હૈ. ઉસમેં ઉપયોગ કો ભીતરમેં ઊંડાણમેં-ગહરાઈમેં લે જાયે.

પ્રશ્ન :- આત્મા કી મહિમાપૂર્વક?

ઉત્તર :- હાં. મહિમાપૂર્વક લે જાયે. ઐસે લુખ્ખા વિચાર કર લિયા ઔર છૂટ ગયા. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા બોલ દિયા ઔર ગ્રહણ હો ગયા ઐસે નહીં. ઈસકી મહિમા આની ચાહિયે. જ્ઞાનસ્વરૂપ આત્મા અનંતગુણસે ભરપુર આશ્ચર્યકારી, આનંદકારી આત્મા હૈ, મહિમાવંત હૈ. ઐસે વિચાર કરકે ભીતરમેં જાયે. યહ જ્ઞાનસ્વરૂપ મૈં હૂં. ઐસા અનંતગુણસે ભરપુર ચૈતન્ય ચમત્કારી મૈં હૂં, ચૈતન્યદેવ હૂં દિવ્યતાસે ભરા હુઆ. ઐસે ભીતરમેં અદ્‌ભૂતતા લગની ચાહિયે ઉસકો. આત્માકો ગ્રહણ કરે ઉસમેં ગહરાઈ હોતી હૈ. બાહરમેં ઉપયોગ જાતા હૈ તો સ્થૂલ હોતા હૈ.

પ્રશ્ન :- બાહ્ય મેં જો ઉપયોગ જાતા હૈ વહ સ્થૂલ હૈ.

ઉત્તર :- હા. બાહરમેં જાતા હૈ વહ સ્થૂલ ઉપયોગ હૈ. આત્માકી મહિમા નહિ લગે ઔર જ્ઞાનસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ કરને લગે, ઐસે લુખ્ખા-લુખ્ખા જ્ઞાનસ્વરૂપ કરને લગે તો નહીં હોતા. ઉસકી મહિમા આની ચાહિયે. મૈં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ કોઈ અદ્‌ભુત આત્મા હૂં. ઐસી મહિમા આવે તો ભીતરમેં જાતા હૈ.

પ્રશ્ન :- બતાઈએ આપ અપને શબ્દમેં આત્મા કી મહિમા (આપના શબ્દોમાં આત્માની મહિમા શું છે એ સમજાવો.)

ઉત્તર :- મહિમા યાની ઈસકી અદ્‌ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે. યહ તો કોઈ અદ્‌ભુત તત્ત્વ હૈ! સિદ્ધ ભગવાન જૈસા મેરા આત્મા હૈ. ઐસા કોઈ સામાન્ય નહીં હૈ. મૈં તો સબ લોકકે ઉપર તીરતા કોઈ અદ્‌ભુત હૂં. ઐસી મહિમા આવે. અદ્‌ભુતતા-આશ્ચર્ય લગના ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે. વહાં દિલ લગે, ઉપયોગ વહાં હી લગે.

મંદિરમેં ભગવાનકે દર્શન કરતે હૈ તો ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ વીતરાગસ્વરૂપકી, તો ભગવાનકી વહ પ્રતિમાજી દેખકર ભી ઉસકો આશ્ચર્ય લગે કિ યહ ઐસા ભગવાન! વીતરાગ આત્મા! ઐસા હોતા હૈ. તો ચૈતન્ય ભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે તો ઈસસે ઉપયોગ વહાં (સે) છૂટે હી નહીં. બાર બાર ઉસકી મહિમા આની ચાહિયે. ઉસકો જાનનેકે લિયે વહાં જાયે. ઉસકી મહિમા લગે તો. મહિમા નહીં લગે તો જ્ઞાનસ્વરૂપ હૈ, ઐસા વિચાર કરકે છૂટ જાતા હૈ. ઉસકી મહિમા લગે ઉસે. ભગવાન કી મહિમા લગતી હૈ તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર ઉસકો શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસે હૈ! વીતરાગી હૈ.

વૈસે આત્મ ભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસે હોંગે? વૈસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે, વૈસે આત્મ ભગવાનકી મહિમા આની ચાહિયે કિ ચિત્ત વહાં હી લગે ઔર દૂસરે લગે નહીં.

પ્રશ્ન :- ઈતના મહિમાવંત પદાર્થ સ્વયં હોતે હુએ ભી, ફિર ભી મુજે સ્વયંકી મહિમા ક્યોં નહીં આતી? દૂસરા તો હૈ નહીં, મૈં સ્વયં હી હૂં.

ઉત્તર :- મહિમાવંત હોતે હુએ ભી મહિમા...?

પ્રશ્ન :- પોતાની સ્વયંની મહિમા કેમ નથી આવતી?

ઉત્તર :- બાહરમેં રુક રહા હૈ, બાહરકી મહિમા હૈ. બાહ્ય પદાર્થોમેં રુક જાતા હૈ, ઈસકી મહિમા લગતી હૈ. યહ દેખકર આશ્ચર્ય હોતા હૈ. યહ દેખું, યહ દેખું બાહરમેં.

સબ બાહરમેં દેખનેમેં રુક જાતા હૈ. ભીતરમેં ઉસકા વિશ્વાસ નહીં આતા, ચૈતન્ય ભગવાનકા. દેખનેમેં નહીં આતા હૈ તો વિશ્વાસ ભી નહીં હોતા. બાહરમેં વિશ્વાસ હોતા હૈ. યહ સબ મહિમાવંત લગતા હૈ બાહરમેં. કોઈ બાહરમેં સામાન્ય બાત હો તો કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ. લેકિન ભીતરમેં આત્માકા આશ્ચર્ય કુતૂહલ કરકે દેખનેકો ભી નહીં જાતા હૈ. શાસ્ત્રમેં આતા હૈ ન કિ, તુમ એકબાર કુતૂહલ કરકે દેખો તો સહી કિ અંદર આત્મા બિરાજતા હૈ. દેખતા નહીં.

પ્રશ્ન :- દેખનેકો મન તો બહુત કરતા હૈ. (મન તો બહુ કરે છે.)

ઉત્તર :- લેકિન ઉસકા ઉપાય નહીં કરતા હૈ. ઉપાય કરના ચાહિયે. ભીતરમેં કૈસે જાવે? કૈસે ઈસકા ક્યા ઉપાય? ભીતરમેં કૈસે જાવે? ઉપાય કરના ચાહિયે. અનાદિકા અભ્યાસ હૈ ન. બાહર-બાહર રહતા હૈ. ઉપાય કરે તો ભીતરમેં જાયે. દૂસરા કોઈ નહીં હૈ, આપ હી હૈ. અપના સ્વભાવ હૈ ઈસલિયે સહજ હૈ, સરલ હૈ. લેકિન અનાદિકાલસે અભ્યાસ દૂસરા હો રહા હૈ તો દુર્લભ હો ગયા. હૈ. બાહરમાં-બાહરમેં અનાદિકાલસે ભટકતા હૈ તો દુર્લભ હો ગયા હૈ. ભીતરમેં સ્વભાવ અપના હૈ ઈસલિયે સહજ હૈ, લેકિન પુરુષાર્થ નહીં કરતા હૈ.

પ્રશ્ન :- જો સમ્યગ્દૃષ્ટિ જીવ હોતા હૈ ઉસકો અનુભૂતિ કિતની બાર હોતી હૈ? કોઈ માપ હૈ ક્યા? ચતુર્થ ગુણસ્થાનવર્તીકો.

ઉત્તર :- ચોથા ગુણસ્થાને? ઉસમેં કોઈ નિયમ નહીં હોતા હૈ. છઠવે ગુણસ્થાન ઔર સાતવેમેં નિયમ હોતા હૈ અંતર્મુહૂર્ત અંતર્મુહૂર્ત. ચૌથે ગુણસ્થાનમેં, છઠવે-સાતવે ગુણસ્થાન જૈસા તો નહીં હોતા. ચોથે ગુણસ્થાનકા કોઈ નિયમ નહીં હોતા હૈ. હોતા હૈ, હોતા હૈ, યહ તો ચોક્કસ હૈ, હોતા તો હૈ. લેકિન કાલકા નિયમ નહીં હોતા હૈ.

પ્રશ્ન :- આત્મ-સ્પર્શ ઔર આત્માનુભૂતિમેં અંતર હૈ કુછ? (આત્મ-સ્પર્શ અને આત્માનુભૂતિ એ બેમાં કાંઈ તફાવત છે?)

ઉત્તર :- દોનોં એક હી હૈ, દોનોં એક હી હૈ. વાસ્તવિક રીત સે આત્મસ્પર્શ બાહર સે આત્મા કો જાન લિયા ઐસા નહીં. ભીતરમેં અનુભૂતિ કિયા, આત્મસ્પર્શ ઔર આત્માનુભૂતિ દોનોં એક હી હૈં.

પ્રશ્ન :- આત્માનુભૂતિ દર્શન ઉપયોગ મેં હોતી હૈ કિ જ્ઞાન ઉપયોગ મેં હોતી હૈ?

ઉત્તર :- જ્ઞાનોપયોગમેં હોતી હૈ. દર્શન સાથમેં રહતા હૈ. દર્શન ભી સાથમેં હૈ ઔર જ્ઞાન ભી હૈ. જ્ઞાન ઔર દર્શન દોનોં હૈ. કેવલ સામાન્ય ઉપયોગ નહીં. સામાન્ય ઔર વિશેષ દોનોં હી રહતે હૈં. અપનેકો જાનતા હૈ, પર્યાયકો ભી જાનતા હૈ, સબ

જાનતા હૈ અનુભૂતિ. અપને વેદનકો જાનતા હૈ. દ્રવ્ય કો જાનતા હૈ. વિશેષ ઉપયોગ ભી રહતા હૈ. સામાન્ય-વિશેષ દોનોં રહતે હૈં.

ઘણા કહે છેને, પરને જાણે તે જ્ઞાન અને સ્વને... એમ નથી. સ્વપરપ્રકાશક હૈ તો ભીતરમેં જ્ઞાનોપયોગ, દર્શનઉપયોગ દોનોં હોતે હૈં. દર્શન હોકરકે જ્ઞાન હો જાતા હૈ. વહ સબ અલગ-અલગ અપેક્ષા હૈ.

પ્રશ્ન :- છદ્મસ્થકો દર્શનપૂર્વક જ્ઞાન હૈ?

ઉત્તર :- દર્શનપૂર્વક જ્ઞાન હૈ.

પ્રશ્ન :- રુચિ ગૃહસ્થમેં રહકર કૈસે આત્મકા કાર્ય કરે? (સંસારમાં રહીને આત્માનું કામ, સાધનાનું કામ કઈ રીતે કરવું?)

ઉત્તર :- ગૃહસ્થમાં રહીને પણ આત્માની રુચિ, વિચાર, વાંચન, ભેદજ્ઞાનકા અભ્યાસ સબ હો સકતા હૈ. ગૃહસ્થકા કાર્ય કોઈ રુકતા નહીં હૈ. ભીતરમેં આત્માકા અભ્યાસ હો સકતા હૈ ગૃહસ્થાશ્રમમેં રહકર ભી. વિચાર, વાંચન, ચિંતવન, ભેદજ્ઞાનકા અભ્યાસ સબ હો સકતા હૈ.

ગૌતમસ્વામીને પાત્રતા હતી. એક ક્ષણમાં ફરી ગયા. પહેલા તો બીજા મતને માનતા હતા, અન્યમત માનતા હતા. ૫૦૦ શિષ્યને ભણાવતા હતા. અને બધું અન્મત બીજું જ માનતા હતા. એમાંથી ભગવાનના સમવસરણમાં ગયા. એકદમ ફરી ગયા. માનસ્તંભ દેખ્યો. મહાવીર ભગવાન પધાર્યા છે. બધા એમના દર્શન કરવા ગયા ત્યાં તો માનસ્તંભ દેખીને.. આ સમવસરણ આવું! માનસ્તંભ આવું તો ભગવાન કેવા હશે!! એવી અંદરની હૃદયની પાત્રતા હતી (તો) એકદમ ફરી ગયા. પોતે જાણ્યું હતું કાંઈક બીજા જ મતનું, એમાંથી ફરી ગયા એકદમ. આ કાંઈક બીજું લાગે છે એવું થઈ ગયું એકદમ.

એમ ને એમ સમવસરણમાં આગળ આગળ ગયા અને પરિણામ ફરતા ગયા. આ ભગવાનનું આવું સમવસરણ છે તો ભગવાન કેવા હશે! એમ એમ પલટાતું ગયું. અને ભગવાનના જ્યાં સમવસરણમાં ગયા તો ત્યાં તો.. પાત્ર છેને. ભગવાનની વાણી છૂટી અને એમને અંતરમાં સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મુનિદશા, ચાર જ્ઞાન બધું એક સાથે અંતર્મુહૂર્તમાં પ્રગટ થઈ ગયું. એટલો પુરુષાર્થ. એવી પાત્રતા પણ જીવમાં હોય છે, એક ક્ષણમાં પલટી જાય છે. કેટલું દઢ હતું અન્યમતનું.

પ્રશ્ન :- એટલા માટે જ પૂછું છું કે અન્યમતિ આટલા બધા ૫૦૦ શિષ્ય અને જેને...

ઉત્તર :- હા. ૫૦૦ શિષ્યને ભણાવતા.

પ્રશ્ન :- મિથ્યાજ્ઞાનને જ પૂરું? અને એકદમ જ ...

ઉત્તર :- હા. એકદમ પલટો ખાઈ ગયા. ઓલા દેવે આવીને પૂછ્યું બ્રાહ્મણનું રૂપ લઈને. તત્ત્વ કેટલા છે? દ્રવ્ય કેટલા છે? એમ પૂછે છે. આવું તો મેં કાંઈ સાંભળ્યું નથી. આ શું પૂછે છે? અનેક જાતનું પૂછ્યું. એ તો શાસ્ત્રમાં આવે છ દ્રવ્ય, નવ તત્ત્વ. પણ એ અનેક રીતે પૂછીને એને પૂછ્યું એવી રીતે કે એને આશ્ચર્ય લાગ્યું કે આ શું પૂછે છે? મને આવડતું નથી. એમ થયું. મને નથી આવડતું. તો આ કોણ આવું જાણે છે? હું માનું છું, હું સર્વજ્ઞ છું. છે જગતમાં સર્વજ્ઞ? આ તમે ક્યાંથી જાણ્યું? કે મહાવીર ભગવાન પધાર્યા છે એ સર્વજ્ઞ છે. સર્વજ્ઞ છે તો એને એમ થયું કે હું સર્વજ્ઞ માનું છું તો આ કોણ સર્વજ્ઞ છે બીજા? તો ત્યાં દર્શન કરવા જવાય ખરું? તો કહે હા. આશ્ચર્ય લાગી રહ્યું. પોતાના આગ્રહ બધા છૂટી ગયા એકદમ. આ કાંઈક નવું જ કહે છે એમ થઈ ગયું.

પ્રશ્ન :- એટલા બધા...

ઉત્તર :- એટલા પાત્ર, એટલા કુણા અંદર કુણાશ છે કે પોતાનો આગ્રહ એકદમ છૂટી ગયો. અંદર આશ્ચર્ય થઈ ગયું આ કોણ? હું માનતો હતો કે હું સર્વજ્ઞ. આ બીજું કોણ? હું નથી જાણતો એવું કાંઈક બીજું જ જાણે છે. મારા જ્ઞાનમાં નથી આવતું એવું આ બ્રાહ્મણ મને પૂછી રહ્યો છે કાંઈક. છ દ્રવ્ય, નવ તત્ત્વ એ કાંઈક આત્માની એવી વાત.. એને આશ્ચર્ય લાગી ગયું કે આ હું નથી જાણતો એવું મને કાંઈક પૂછી રહ્યા છે. એને આશ્ચર્ય લાગ્યું હતું. ભગવાનનું સમવસરણ દેખીને જ આશ્ચર્ય લાગ્યું. માનસ્તંભ દેખીને જ આશ્ચર્ય લાગ્યું. માનસ્તંભ દેખીને માન જ ગળી ગયું કે હું તો કાંઈ જાણતો નથી. પોતે જાણતા હતા એના ઉપર મીંડુ મુકાઈ ગયું. હું કાંઈ જાણતો જ નથી. એટલી બધી નરમાશ આવી ગઈ. અને આ ભગવાન શું કહે છે એમ જ થઈ ગયું એકદમ. એકદમ પલટો ખાઈ ગયા.

પ્રશ્ન :- એટલે જીવમાં એટલા ભાવ તરત પલટો ખાઈ જાય?

ઉત્તર :- હા, અંતર્મુહૂર્તમાં પલટો ખાઈ જાય. એવો જીવ પાત્ર હોય તો પલટો ખાઈ જાય. અને ઘણાને એવા આગ્રહ, પક્કડ થઈ ગઈ હોય છે પોતાના મતની તો ગમે તેટલું સમજાવે તોપણ કોઈ સમજતું નથી. આ તો એટલા દૃઢ હતા પોતાની વાતમાં, તો એકદમ પલટો ખાઈ ગયા.

પ્રશ્ન :- એ કઈ જાતની પાત્રતા એમની?

ઉત્તર :- કઈ જાતની.. આત્મામાં કોઈ એવી પાત્રતા (કે) એમાં બીજાનું ગ્રહણ કરવાનો અવકાશ છે. હું કાંઈ નથી જાણતો. હું માનું છું કે હું બધું જાણું છું. અને આ કહે છે એ કાંઈ હું જાણતો નથી. હું સર્વજ્ઞ નથી લાગતો એમ થઈ ગયું. આ કાંઈક નવું કહે છે. આ મારા જ્ઞાનમાં નથી. આત્માની ભેદજ્ઞાનની વાત, આત્માનું કેવળજ્ઞાન ને છ દ્રવ્ય ને તત્ત્વ ને આ બધું કાંઈ હું જાણતો નથી. હું તો એક દ્રવ્ય માનું છું. બધું એક જ છે એવું માનું છું. આ તો કાંઈ ઝાઝા દ્રવ્ય કહે છે, અંદર તત્ત્વ કહે છે અને સાધકદશા દ્રવ્ય ને પર્યાય ને આ બધું હું કાંઈ જાણતો નથી. મારા જ્ઞાનમાં હું જાણું છું કે હું બધું ય જાણું છું. તો હું તો આ કાંઈ જાણતો નથી. આ તો મારા જ્ઞાન બહાર રહી ગયું. તો હું સર્વજ્ઞ નથી, મારું ખોટું છે એમ થઈ ગયું.

આ મહાવીર ભગવાન સર્વજ્ઞ છે. મહાવીર ભગવાન દેખીને આશ્ચર્ય થઈ ગયું એને. આ ભગવાન આવા! વીતરાગ આવા હોય! કોઈની સામું જોતા નથી. વીતરાગી મુદ્રા છે. કોઈને ઉદ્દેશીને કાંઈ ઉપદેશ દેતા નથી. એકદમ દિવ્યધ્વનિ છૂટે છે. આ શરીર એમનું જુદું, એની મુદ્રા જુદી, એમનો આત્મા જુદો. એકદમ આશ્ચર્ય લાગ્યું અને એમની વાણી સાંભળીને તો અંદર પલટો જ ખાઈ ગયા એકદમ. અંદર ભેદજ્ઞાન થઈ ગયું, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ થઈ ગઈ અને મુનિદશા થઈ ગઈ. પાછું ભેદજ્ઞાન થયું એની સાથે લીનતા એટલી વધી ગઈ એક ક્ષણમાં કે મુનિપણાની લીનતા આવે એવી લીનતા થઈ ગઈ. જ્ઞાનનો ક્ષયોપશમ એટલો બધો વધી ગયો. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય ચારેય જ્ઞાન થઈ ગયા. એ ચાર જ્ઞાન એક સાથે થઈ ગયા.

પ્રશ્ન :- એ આગલા ભવના સંસ્કાર હોય કે..?

ઉત્તર :- સંસ્કાર હોય પણ વર્તમાન તો પોતે પાત્રતા, પોતે પુરુષાર્થ કર્યો અને વર્તમાનમાં.

પ્રશ્ન :- પુરુષાર્થ ખરો પણ એ તો અન્યમતના હતા એટલે દૃઢ મિથ્યાત્વમાં જ હતા.

ઉત્તર :- હા. દૃઢતામાં હતા.

પ્રશ્ન :- એમાંથી એકદમ એક જ ક્ષણમાં આટલો બધો પલટો ખાઈ ગયા.

ઉત્તર :- આટલો બધો પલટો જીવ ખાઈ જાય. પૂર્વના સંસ્કાર હોય તોપણ ખાય અને ન સંસ્કાર હોય તોપણ ખાય. તોપણ ખાઈ શકે. નિગોદમાંથી જીવ નીકળે. ત્યાં ક્યાં સંસ્કાર હોય? અનંતકાળ નિગોદમાં હોય. એમાંથી એના પરિણામ

પલટે અને આવે ત્રસમાં. ત્રસમાં આવીને પછી મનુષ્ય થાય અને એકદમ મુનિ થાય અને કેવળજ્ઞાન પામે છે. જીવમાં એવી પાત્રતા છે. પોતાનો સ્વભાવ છેને. સ્વભાવ તરફ એકદમ વળી જાય.

પ્રશ્ન :- અમારે કેમ નથી થતું? પુરુષાર્થ?

ઉત્તર :- પુરુષાર્થની ખામી છે. એટલી પાત્રતા તૈયાર કરવી જોઈએ.

પ્રશ્ન :- એમ તો સમજાય જાય છે કે આત્મા છે તે આ શરીરથી ભિન્ન છે, આમ છે. પણ અંદર ઉતરાતું નથી હજી.

ઉત્તર :- અંદર પલટો થવો જોઈએ. એટલી પાત્રતા જોઈએ. આ કાળ આવો છે પંચમકાળ, પણ પોતાની પાત્રતા હોય તો કાળ શું કરે? કાળ કાંઈ નડતો નથી.

પ્રશ્ન :- રુચિ અંદર જાય પણ તરત જ પાછી બહાર આવે છે. અંદર જતી જ નથી.

ઉત્તર :- ક્ષણમાં એકદમ કોકને થાય છે. બાકી ઝાઝા તો પુરુષાર્થ કરીને, અભ્યાસ કરીને આગળ જાય છે. કોકને પલટો ખાઈ જાય એકદમ.

પ્રશ્ન :- અંદર જાય છે એવો તરત જ બહાર વયો આવે છે. અંદર જાતો જ નથી. કારણ કે પ્રયત્ન કરે.. તરત બીજામાં ધ્યાન જાય છે.

ઉત્તર :- અભ્યાસ અનાદિનો છેને એટલે ત્યાં દોડ્યો જાય છે. અંદર માંડ માંડ પોતે સારા વિચાર કરવા માંડ માંડ જાય.

પ્રશ્ન :- લક્ષ થાય આત્માનું કે અંદર જવાનું છે.

ઉત્તર :- પુરુષાર્થ કરવાનો રહે છે. પાયો ખોદતા ખોદતા નિધાન નીકળે એવું તો કોકને બને. બાકી તો એને વેપાર, ધંધા (કરવા પડે). કોકને પાયો ખોદતા નિધાન નીકળે એવા જીવ કોક હોય ક્ષણમાં અંદર પામી જાય એવા. એવી પાત્રતાવાળા. પણ એવા પણ હોય છે. આ ગૌતમસ્વામી. નિગોદમાંથી નીકળીને ભરત ચક્રવર્તીના ઘરે દીકરાઓ થાય છે. નિગોદમાંથી નીકળીને ત્રસ ઓલા ચોમાસામાં થાય છેને લાલ... લાલ... લાલ... લાલ... લાલ... એવા થઈને પછી રાજકુમાર થાય છે. પછી ભગવાનની વાણી સાંભળીને મુનિ થઈ જાય છે. એવા થાય છે.

પ્રશ્ન :- જીવનો જ પુરુષાર્થ હોવો જોઈએ.

ઉત્તર :- પોતાની ખામી છે.

પ્રશ્ન :- એમ પોતાનો જ પુરુષાર્થ જોઈએ.

ઉત્તર :- પોતાનો જ જોઈએ.

પ્રશ્ન :- માતાજી! ગૌતમે શું પુરુષાર્થ કર્યો હતો?

ઉત્તર :- પુરુષાર્થ અંતરમાં ક્ષણમાં અંતર્મુહૂર્તમાં કર્યો હતો. પુરુષાર્થ તો કર્યો જ હતો. પણ એને એકદમ એવો પલટો ખાઈ ગયા અંતર્મુહૂર્તમાં. એને એમ થઈ ગયું કે મારું બધું ખોટું છે. પોતાની વાત ઉપર એકદમ મીંડુ મૂકાઈ ગયું.

પ્રશ્ન :- એમ તો સમવસરણમાં જે જાય એ બધાને ત્યારે તો સાચું જ લાગે પણ એટલું બધું...

ઉત્તર :- બધાને એવો પલટો ખાય નહિ. એવો પલટો ખાનાર કેટલાક નીકળે. બધા એવી રીતે (પલટો નથી ખાતા). ભગવાનની વાણી વાત સાચી એમ માને પણ અંદર પલટો ખાનારા અમુક નીકળે. પણ ભગવાનની વાણી એમનું નિમિત્ત એવું પ્રબળ છે પણ ઉપાદાન પોતાનો તૈયાર હોય એને પલટો ખાય. બાકી ભગવાનના સમવસરણમાં જઈને જીવ ઘણીવાર પાછો આવ્યો છે. બહારથી જોઈને આવ્યો. ભગવાન સમવસરણમાં બેઠા છે. ભગવાનને અશોક વૃક્ષ, દિવ્યધ્વનિ ને બધું છે એવું બહાર બહારથી જોઈ આવ્યો. અંતર ન જોયું ભગવાનનું. એમ પણ આવે છે.

ગૌતમસ્વામીએ પુરુષાર્થ કર્યો હતો અંતર્મુહૂર્તમાં એમના જીવે એકદમ. મારામાં કાંઈ નથી. એમ થઈ ગયું. અને પછી અંદર ભગવાન કાંઈક જુદું કહે છે. અંતરથી પલટો ખાઈ ગયા. અંતર્મુહૂર્તમાં પલટો ખાઈ ગયા.

પ્રશ્ન :- એમના શિષ્યોને પણ એવી રીતનું છે?

ઉત્તર :- બે-ત્રણ શિષ્યોની વાત આવે છે. બધાની વાત આવતી નથી શાસ્ત્રમાં. ભગવાન બિરાજતા હતા તો ઘણા પલટો ખાઈ જાય બધા કેટલાય.

પ્રશ્ન :- આપે તો સમવસરણ જોયું છે અને દિવ્યધ્વનિ પણ સાંભળી છે. કેવી હોય દિવ્યધ્વનિ?

ઉત્તર :- પૂર્ણ... ભગવાનની દિવ્યધ્વનિની શું વાત થાય? કાંઈ કહેવાની વાત થોડી છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૨ D

પ્રશ્ન :- ...

ઉત્તર :- પરમાત્મા છું એમ ખબર પોતાને પડવી જોઈએને? સર્વજ્ઞને જે યથાર્થ ઓળખે એ પોતાના પરમાત્માને ઓળખે છે. પરમાત્માને ઓળખે એ સર્વજ્ઞને ઓળખે છે. પણ સર્વજ્ઞને પોતે ઓળખે તો પોતાના પરમાત્માને ઓળખે છે. પણ પરમાત્માને ન ઓળખે ત્યાં સુધી સર્વજ્ઞ ઓળખાય જ નહિ એ પણ છે. પણ જે સર્વજ્ઞને ઓળખે એ પરમાત્માને ઓળખે, પરમાત્માને ઓળખે એ સર્વજ્ઞને ઓળખે છે.

પ્રશ્ન :- બેય બાજુથી છે.

ઉત્તર :- બેય બાજુથી છે. પહેલા અનાદિનું કાંઈ પોતાને પોતે ઓળખી શકતો નથી. અનાદિ એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. એકવાર ભગવાનની વાણી મળે કે ગુરુની વાણી મળે સાક્ષાત્ ત્યારે દેશનાલબ્ધિ થાય એટલે પોતે અંતરમાં પોતાને ઓળખે એવો નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. એટલે કે સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞને ઓળખે. સર્વજ્ઞ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરે તો પોતાને ઓળખે એવો એક નિમિત્ત-ઉપાદાનનો સંબંધ છે. અને પોતાને ઓળખે એ સર્વજ્ઞને ઓળખે છે. પણ સર્વજ્ઞને યથાર્થ ઓળખવા જોઈએ.

પ્રશ્ન :- પ્રવચનસારમાં તો .. છે કે પોતાને ઓળખવા માટે પહેલા સર્વજ્ઞને ઓળખવા. સર્વજ્ઞના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે જ પોતાના.. અપેક્ષાએ છે?

ઉત્તર :- એ અપેક્ષાએ છે. નિમિત્ત તરફથી પણ લેવાય અને ઉપાદાન તરફથી પણ લેવાય. પોતાને નથી ઓળખતો એમાં તેં ભગવાનને શું ઓળખ્યા? એમ કહેવાય. અને ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે, પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે—એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. વસ્તુ સ્વરૂપ અનાદિનું અજાણ્યું છે. પોતાની મેળે પોતાને આગળ જવું મુશ્કેલ પડે છે. ભગવાન જે માર્ગ પ્રકાશે છે, ભગવાન અને ગુરુ જે માર્ગ પ્રકાશે છે એમાંથી પોતાને માર્ગ મળવાનું કારણ થાય છે. અને જો પોતાની તૈયારી હોય તો ઉપાદાન તૈયાર થાય તો નિમિત્ત એને ઉપકારરૂપ થાય છે.

પ્રશ્ન :- છેલ્લે તો પાછું એ જ આવીને ઊભું રહ્યું કે પોતાની તૈયારી હોવી

જોઈએ.

ઉત્તર :- તૈયારી તો પોતાની જ હોવી જોઈએને. કાંઈ નિમિત્ત કરી દેતું નથી. નિમિત્ત સાથે હોય છે પણ એ કાંઈ કરી નથી દેતું. તૈયારી તો પોતાને જ કરવાની રહે છે. પણ નિમિત્ત છે ખરું, નિમિત્ત સાથે હોય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કરવાનું પોતાથી જ છે, પણ દેવ-ગુરુ-શાસ્ત્ર, ભગવાન શું કહે છે, ગુરુ શું કહે છે એ પોતે એને સાથે રાખે છે તો આગળ વધવાનું કારણ થાય છે. કરવાનું પોતાને છે. એમ વિચાર કરે કે મારે મારાથી કરવું છે અને બીજાનું શું કામ છે? એવા ભાવ રાખે તો આગળ જઈ શકાતું નથી.

પ્રશ્ન :- એ યથાર્થ ભાવ છે. એથી કરીને કાંઈ નિમિત્તની પ્રધાનતા નથી થઈ જતી?

ઉત્તર :- નિમિત્તની પ્રધાનતા નથી થતી. એવા ભાવ રાખે તો એ ખોટા ભાવ છે કે નિમિત્તનું શું કામ છે? મારે મારાથી કરવાનું છેને. એવા ભાવ રાખે તો એ અભિપ્રાય સાચો નથી. નિમિત્ત હોય છે પણ કરવાનું મારાથી છે. પણ ભગવાન અને ગુરુની વાણી તે ઉપકારરૂપ નિવડે છે. ભાવના એવી હોવી જોઈએ.

પ્રશ્ન :- નિમિત્ત કાંઈ કરતું નથી એટલે મારે નિમિત્તનું શું કામ છે? એ ભાવના યથાર્થ નથી.

ઉત્તર :- એ ભાવના યથાર્થ નથી.

પ્રશ્ન :- નિમિત્ત-ઉપાદાનની સંધિ તૂટી ગઈ.

ઉત્તર :- તૂટી જાય છે.

પ્રશ્ન :- મારે મારું કરવાનું છે એની પાછળ ભાવ કેવો જોઈએ? જેમ આ ભાવ ન જોઈએ...

ઉત્તર :- મારે મારું કરવું છે, મારે પુરુષાર્થ કરવો છે. માર્ગ શું છે? ગુરુ શું માર્ગ કહી રહ્યા છે? ભગવાન શું કહી રહ્યા છે? આચાર્યો શું કહી રહ્યા છે? એનો પોતે વિચાર કરે તત્ત્વનો. પોતે વિચાર કરે, નિર્ણય કરે અને ભગવાન અને ગુરુ સાથે મેળવે કે ગુરુનો શું આશય છે? આચાર્યો શું કહે છે? એમ પોતે સાથે રાખીને નિર્ણય કરે. પોતાની મતિકલ્પનાએ (થતું નથી). નિર્ણય પોતાથી કરવાનો છે, પણ આચાર્યો અને ગુરુનો શું અભિપ્રાય છે એમ સાથે રાખીને. એમ પોતાથી વિચાર કરે.

પ્રશ્ન :- એટલે પોતાની બુદ્ધિમાં વિવેક કરે છે કે પોતાનો પૂર્વ વિવેક, પોતાનું પૂર્વ જ્ઞાન અને વર્તમાન આચાર્ય પાસેથી જે મળ્યું એ બેનો વિવેક કરીને આ મારે

કરવા જેવું છે.

ઉત્તર :- આ જ મારે કરવું છે. આચાર્યો કહે છે, ગુરુ કહે છે. આ જ મારે કરવાનું છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૩ A

ઉત્તર :- ... જો નહીં કરે તો વહ દ્રવ્ય હી નહીં રહતા. જો દ્રવ્યકી ઐસી ભાવના હો તો અવશ્ય ઈસ રૂપ પરિણમન હોતા હી હૈ, હુયે બિના રહતા હી નહીં.

પ્રશ્ન :- ચૈતન્યસે ભી ભાવના...?

ઉત્તર :- હાં, હોતી હૈ ઐસી. ચૈતન્ય ટીક નહીં સકતા હૈ. ઐસી ભાવના હો તો. ઈસલિયે ઈસકી પરિણતિ પર્યાય ઐસી હોતી હૈ. થોડા કાલ લગે ભલે, લેકિન અવશ્ય ઐસી પર્યાય ઉસ રૂપ હોતી હૈ.

પ્રશ્ન :- લગતા ભી હૈ કિ અંતરંગસે રુચિ હો તો હમેં જરૂર ફલેગા ઐસા...

ઉત્તર :- રુચિ હોતી હૈ તો અવશ્ય ફલતા હૈ. જિસકી રુચિ હો ઉસકા પુરુષાર્થ ઉસ તરફ હુએ બિના રહતા હી નહીં. રુચિ હો તો પુરુષાર્થ ઉસી તરફ રહતા હૈ. જિસકી રુચિ બાહરમેં હોતી હૈ તો બાહરમેં પુરુષાર્થ હોતા હૈ. રુચિ ભીતરમેં હોતી હૈ તો ભીતર તરફકા પુરુષાર્થ હોતા હૈ. મંદતા હો જાવે તો ફિર ફિરસે ઐસા પુરુષાર્થ ઉસ તરફ હુએ બિના રહતા હી નહીં હૈ. જિસકો જો ભાવના હોતી હૈ તો અવશ્ય ઉસ તરફ ગયે બિના રહતા હી નહીં હૈ, અવશ્ય જાતા હૈ.

પ્રશ્ન :- થોડે સમય મંદ પડ જાયે તો ફિર પ્રગટ હોતી હૈ?

ઉત્તર :- ફિર ભી હોતા હૈ. મંદ હો તો ભી ફિર પ્રગટ હોતા હૈ. ભીતરમેં જો ભાવના હોતી હૈ કિ મુજે ચૈતન્ય સિવા ઔર કુછ ચાહિયે નહીં. તો ઉસકો કહીં ચૈન નહીં પડતા, ઉસસે કામ રુક નહીં સકતા. ઐસે ચેન નહીં પડા તો ચૈતન્યકો ગ્રહણ કરને (મેં) રહતા હૈ, ઐસે રહતા હૈ વહ. પરિણતિ ઉસ રૂપ હોતી હી હૈ.

પ્રશ્ન :- ઐસે 'નિયમસાર' કલશમેં આયા હૈ કિ મુનિરાજ કહતે હૈં, મુક્તિ ઔર સંસારમેં અંતર નહીં હૈ. તો ઐસા કૈસે? હમ તો મુક્તિ કે લિયે પુરુષાર્થ કરતે હૈં. ઔર વહાં મુનિરાજ બોલતે હૈં કિ મુક્તિ ઔર સંસારમેં અંતર નહીં હૈ. તો કૈસા અંરત નહીં? પુણ્ય-પાપ જૈસા અંતર નહીં હૈ? યા ક્યા વહાં ભાવ લેના?

ઉત્તર :- વહ દ્રવ્ય કી અપેક્ષાસે (કથન હૈ). મુક્તિમેં જૈસા દ્રવ્ય હૈ વૈસા હી સંસારમેં દ્રવ્ય તો શુદ્ધ હી હૈ, શુદ્ધતા સે ભરા હૈ. જૈસા ભગવાનકા દ્રવ્ય હૈ વૈસા અપના દ્રવ્ય હૈ. મુક્તિ હૈ, વહ તો પર્યાય પલટતી હૈ. દ્રવ્ય તો વૈસાકા વૈસા રહતા હૈ. યહ સબ વિકલ્પ. ઉસ વિકલ્પકો તોડકર ભીતરમેં જાતા હૈ તો એક મુક્તિ હી દેખનેમેં આતી હૈ. દ્રવ્ય તો મુક્ત હી હૈ. પર્યાયમેં બંધન હોતા હૈ. ઐસા કહતે હૈં. પર ઈસકે લિયે પુરુષાર્થ નહિ કરના ઐસા અર્થ નહીં હૈ.

દ્રવ્યદૃષ્ટિ (સે) દ્રવ્ય તરફ દેખો તો મુક્તિ દેખનેમેં આતી હૈ. જૈસે સિદ્ધ ભગવાનકા દ્રવ્ય હૈ વૈસા અપના દ્રવ્ય હૈ. સિદ્ધ જૈસા મુક્તસ્વરૂપ હી હૈ. ઉસકો બંધન હુઆ હી નહીં, ઉસકો વિભાવ હુઆ હી નહીં. જો વિભાવ (રૂપ) હો ગયા (હો) તો છૂટતા નહીં, તો સ્વભાવ હો જાયે. જો વિભાવ ઉસકે ભીતરમેં ચલા ગયા (હો તો). ભીતરમેં (વિભાવ) હુઆ નહીં. દ્રવ્યમેં વિભાવ નહીં, કુછ હૈ હી નહીં. ઈસલિયે મુક્તિ ઔર સંસારમેં કોઈ ભેદ દેખનેમેં આતા નહીં. દ્રવ્ય અપેક્ષાસે દેખો તો આત્મા મુક્તસ્વરૂપ હી હૈ. ઉસમેં કોઈ ભેદ દેખને મેં આતા. પર્યાયકો ગૌણ કરકે આચાર્યદેવ કહતે હૈં. પર્યાય પર દૃષ્ટિ નહીં દેતે હૈં, હમ તો દ્રવ્યકો દેખતે હૈં. પર્યાયકો ગૌણ કરકે ઔર દ્રવ્યકો મુખ્ય કરકે, સિદ્ધ ભગવાન જૈસા આત્મા મુક્તસ્વરૂપ હૈ. ઉસમેં ભેદ દેખને મેં આતા હી નહીં. ઐસા મુક્તસ્વરૂપ હૈ. તો ભી, ઉસકા દ્રવ્ય ઐસા હૈ તો ભી આચાર્ય ભી પુરુષાર્થ કરતે હૈં. છઠવેં-સાતવેં ગુણસ્થાનમેં ઝૂલતે હૈ ઔર કહતે હૈં કિ સંસાર ઔર મુક્તિમેં કુછ ફેર નહીં હૈ.

પ્રશ્ન :- ફિર ભી પુરુષાર્થ કરતે હૈં.

ઉત્તર :- ફિર ભી પુરુષાર્થ કરતે હૈં. ફિર ભી છઠવેં-સાતવેં ગુણસ્થાનમેં ઝુલતે બ હૈં. સાતવેં ઔર છઠવેં-સાતવેંમેં ઝુલતે હૈ. કોઈ મુનિરાજ શ્રેણી માંડકર કેવલજ્ઞાન પાતે હૈં. પુરુષાર્થ કરતે હૈ ઔર કહતે હૈં કિ મુક્તિ ઔર સંસારમેં ભેદ નહીં હૈ. દ્રવ્ય તરફસે દેખો તો આત્મા મુક્ત હી દેખનેમેં આતા હૈ.

પ્રશ્ન :- મુનિરાજકો ઐસા અપના આત્મા દેખનેમેં આયા મુક્તસ્વરૂપ. તો ઉનકો સંસાર ઔર મોક્ષમેં કોઈ અંતર નહીં લગને લગા?

ઉત્તર :- કોઈ અંતર નહી લગા. દ્રવ્ય તો ઐસા હી હૈ, મુક્તસ્વરૂપ હી હૈ. મુજે કોઈ બંધ લગા હી નહીં. મેરેમેં કોઈ મલિનતા હુઈ નહીં. યહ ક્યા હૈ? યહ ક્યા હુઆ? મૈં તો શુદ્ધ સ્વરૂપ હી હૂં. મુનિરાજકો દ્રવ્યદૃષ્ટિકે બલસે ઐસા લગતા હૈ.

પ્રશ્ન :- બહેનશ્રી! આજ સવેરે 'ગુરુદેવશ્રી' કી ટેપમેં આયા થા—દ્રવ્યેન્દ્રિય,

ભાવેન્દ્રિય ઔર ઇન્દ્રિયકે વિષયભૂત પદાર્થ. તો વહાં પર અરિહંત ભગવાનકી દિવ્યધ્વનિ, વહ ભી ઇન્દ્રિયોંકે વિષયભૂત પદાર્થોંમેં લિયા. પરંતુ 'પ્રવચનસાર' કી ૮૦ ગાથામેં આતા હૈ—'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं' વહાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય કો જાનતા હૈ ઉસકા મોહ લયકો પ્રાપ્ત હોતા હૈ. ઐસા કહતે હૈં. 'ગુરુદેવ'કી ટેપમેં આયા થા કિ ઇન્દ્રિયોંકે વિષયભૂત પદાર્થોંકો ઇન્દ્રિય જાનકર ઉસકો જીતના, ઉસસે ભિન્ન અનુભવ કરના. તો કિસ અભિપ્રાયસે વહાં ૮૦વીં ગાથામેં લિયા ઔર 'ગુરુદેવ'ને કિસ અભિપ્રાયસે લિયા?

ઉત્તર :- વહ દૂસરી બાત હૈ ઔર યહ દૂસરી બાત હૈ. અપેક્ષા દોનોં દૂસરી હૈ. વહ જીતેન્દ્રિયસ્વરૂપ આત્મા દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય (ઔર ઉસકા) વિષયભૂત પદાર્થ, ઉસ સબસે આત્મા ભિન્ન હૈ. પદાર્થ ભિન્ન હૈ. ભાવેન્દ્રિય ક્ષયોપશમજ્ઞાન જિતના ભી આત્મા નહીં. આત્મા તો પૂર્ણસ્વરૂપ આત્મા હૈ. આત્મામેં કોઈ જ્ઞાન કમ હો ગયા ઔર વૃદ્ધિ હો ગઈ ઐસી કોઈ અપેક્ષા ઉસમેં લાગુ નહીં હોતી. આત્મા તો ચૈતન્યસ્વરૂપ પૂર્ણ શુદ્ધાત્મા હૈ. યહ સબ દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ઉન સબસે ભિન્ન આત્માકો દેખે. ઐસે ભિન્ન દેખનેસે ભેદજ્ઞાન હોતા હૈ, સ્વાનુભૂતિ હોતી હૈ ઉસકો જિતેન્દ્રિય કહનેમેં આતા હૈ.

લેકિન 'પ્રવચનસાર'મેં ભગવાનકા દ્રવ્ય-ગુણ-પર્યાયકો, જો ભગવાનકે દ્રવ્ય-ગુણ-પર્યાયકો દેખતા હૈ વહ અપનેકો દેખતા હૈ (ઐસા કહા), તો વહાં નિમિત્ત-ઉપાદાનકા સંબંધ દિખાતે હૈં કિ ઐસા પ્રબલ નિમિત્ત ભગવાનકા હૈ. અનાદિકાલસે તુને આત્માકો પહચાના નહીં ઔર આત્માકો પહચાનના હોવે તો ભગવાનકી દિવ્યધ્વનિ, ભગવાન કે દ્રવ્ય-ગુણ-પર્યાયકો સમજ લે તો અપને આત્મા સમજમેં આતા હૈ. જૈસા ભગવાન કા આત્મા હૈ વૈસા અપના આત્મા હૈ. ઐસે દ્રવ્ય-ગુણ-પર્યાય અપને કો દેખે વૈસે ભગવાનકો દેખતે હૈં. વહ નિમિત્ત-ઉપાદાનકા સંબંધ દિખાતા હૈ.

વહ કહતે હૈં (કિ) તું સબસે ભિન્ન હૈ. ભગવાનકી ધ્વનિ સૂને તો રાગ આતા હૈ. તો પ્રશસ્ત રાગ હૈ. તો પ્રશસ્ત રાગ હૈ ઉસકો તોડકર સ્વરૂપમેં લીન હુએ. કોઈ મુનિ કેવલજ્ઞાન પા લેતા હૈ. ભગવાનકી દિવ્યધ્વનિ સુને ઔર રાગ તૂટ જાતા હૈ. તો વીતરાગ હો જાતા હૈ તો કેવલજ્ઞાન પાતા હૈ. બીચમેં રાગ આતા હૈ દિવ્યધ્વનિ સુનને મેં, વહ વિષયભૂત પદાર્થ હૈ. પર્યાયદૃષ્ટિસે ઐસા કહનેમેં આતા હૈ. દ્રવ્યદૃષ્ટિસે આત્મા આત્મા ભિન્ન હી હૈ. પૂર્ણ વીતરાગસ્વરૂપ આત્મા હૈ ઉસકો તું દેખ લે. યહ

તો સબ બાહ્ય હૈ. બાહ્ય દૃષ્ટિ હોવે તબ દિવ્યધ્વનિ સુનને કા રાગ હોતા હૈ. ઈસલિયે તું પૂર્ણ દ્રવ્યદૃષ્ટિ (સે) યથાર્થ સ્વરૂપકો દેખ લે કિ મેરે આત્મામેં એક સૂક્ષ્મ રાગ, પ્રશસ્ત રાગ ભી મેરે આત્માકા સ્વરૂપ નહીં હૈ. બાહર ઉપયોગ જાનેસે રાગ આતા હૈ. ઈસલિયે તું સ્વરૂપમેં લીન હો જા. યહ તો રાગ હૈ. પરંતુ યહ રાગ બીચમેં આયે બિના રહતા નહીં. ક્યોંકિ અભી સ્વરૂપકો સમજા નહીં, પૂર્ણ વીતરાગ દશા હુઈ નહીં તો છદ્મસ્થકો પ્રશસ્ત રાગ આતા હૈ. તો ભગવાન દિવ્યધ્વનિ સુનનેમેં રાગ આતા હૈ ઉસકો તું જાન. લેકિન ભગવાનકા દ્રવ્ય-ગુણ-પર્યાય તું સમજ તો અપના સ્વરૂપ સમજનેમેં આતા હૈ. ઐસા નિમિત્ત-ઉપાદાનકા સંબંધ હૈ.

અનાદિકાલસે સમ્યગ્દર્શન નહીં હુઆ તો ભગવાનકી દેશનાલબ્ધિ હો તબ સમ્યગ્દર્શનકો નિમિત્ત કારણ કહનેમેં આતા હૈ. ઉપાદાન અપના હોતા હૈ. કોઈ ભગવાનકા, કોઈ ગુરુકા ઐસી વાણી સુને તો અપને સ્વરૂપકો સમજે. સમજાનેમેં વહ કર નહીં દેતા હૈ. પરંતુ અપને પુરુષાર્થસે હોતા હૈ તો ભી વહ નિમિત્ત હોતા હૈ. વહ કર નહીં દેતા હૈ. ઉપાદાન અપના (હૈ), તો ભી નિમિત્ત હોતા હૈ ભગવાનકા. ઈસલિયે ભગવાનકી વાણીકો સુને તો અપના આત્મા સમજમેં આતા હૈ. આત્માકો સમજે વહ ભગવાનકો સમજતે હૈં. ઐસા નિમિત્ત-ઉપાદાનકા સંબંધ હૈ. નિમિત્ત-ઉપાદાનકા સંબંધ બિલકુલ નહીં હૈ ઐસા નહીં હૈ. રાગ બિલકુલ હોતા હી નહીં ઐસા દ્રવ્યદૃષ્ટિ મેં નહીં હૈ, પર્યાયમેં હોતા હૈ. ઈસલિયે પ્રશસ્ત રાગ આતા હૈ. ઔર નિમિત્ત ઉપાદાનકા સંબંધ હૈ. ઈસલિયે ઐસા સંબંધ ઐસે પર્યાયદૃષ્ટિસે વિચારના ઔર દ્રવ્યદૃષ્ટિ સે વિચારના.

પ્રશ્ન :- જિતેન્દ્રિયવાલા દ્રવ્યદૃષ્ટિસે કહા.

ઉત્તર :- દ્રવ્યદૃષ્ટિસે કહા.

પ્રશ્ન :- વહાં પર્યાયદૃષ્ટિસે.. નિમિત્તકા જ્ઞાન કરના.

ઉત્તર :- વહાં પર્યાયદૃષ્ટિ હૈ. નિમિત્ત-ઉપાદાન કે સંબંધકા જ્ઞાન કરાયા હૈ.

પ્રશ્ન :- નિયમસારકી કિસી ગાથા કી ટીકામેં કહા હૈ કિ જીવ આદિ સાત તત્ત્વ હેય હૈ. જીવ આદિ તત્ત્વ ભી હેય, ઈસમેં ક્યા.. જીવ ભી આતા હૈ ઉસમેં.

ઉત્તર :- મૈં જીવ હૂં, યહ અજીવ હૈ. મૈં જીવ હૂં ઐસા વિકલ્પ. યહ વિકલ્પ સબ હૈ. મૈં જીવ હૂં, યહ અજીવ હૈ, યહ આસ્રવ હૈ, બંધ હૈ—યહ સબ વિકલ્પ. યહ સબ હેય હૈ. ઉસકા જ્ઞાન કરનેમેં આતા હૈ. લેકિન ઐસે ભેદ-ભેદમેં રુક જાના. મૈં જીવ હૂં... મૈં જીવ હૂં.. યહ તો રાગ કા વિકલ્પ હૈ. યહ તો બીચમેં આયે બિના

રહતા નહીં હૈ. લેકિન તું ઐસી શ્રદ્ધા પથાર્થ કર કિ યહ જીવ મૈં હૂં ઐસા વિકલ્પ ભી રાગ હૈ. આત્મા તો નિર્વિકલ્પ સ્વરૂપ હૈ. મૈં જીવ હૂં.. જીવ હૂં... જીવ હૂં... ઐસા વિકલ્પ મેં રુકના, તો નિર્વિકલ્પ સ્વરૂપ હોતા હી નહીં. ઐસા જીવતત્ત્વ, મૈં જીવતત્ત્વ હૂં... મૈં જીવતત્ત્વ હૂં.. ઐસા વિકલ્પ, યહ રાગ યહ હેય હૈ.

પ્રશ્ન :- સ્થૂલ જો વિકલ્પ ચલતા હૈ ભેદવિજ્ઞાન કા, ઉસ અપેક્ષાસે?

ઉત્તર :- હાં. મૈં જીવ હૂં, યહ અજીવ હૈ ઐસા ભેદકા વિકલ્પ હોતા હૈ વહ તોડ દે. મૈં આત્મા હી હૂં. બસ! જો હૂં સો હૂં. ઐસા ગ્રહણ કર લે આત્માકા સ્વભાવકો. લેકિન બીચમેં વિકલ્પ આયે બિના રહતા નહીં. મૈં જ્ઞાન હૂં, દર્શન હૂં, ચારિત્ર હૂં. લેકિન જ્ઞાન-દર્શન-ચારિત્ર ઉસકા ભેદ કહીં સ્વરૂપમેં નહીં હૈ. જ્ઞાન-દર્શન-ચારિત્ર સબ આત્માકા સ્વરૂપ એક સાથમેં હૈ. તો વહ ક્રમસર વિચાર કરતે હૈં મૈં જ્ઞાન હૂં, દર્શન હૂં, ચારિત્ર હૂં—યહ સબ ભેદ વિકલ્પ હૈ. વહ ભી રાગ હૈ. જ્ઞાન હૂં, દર્શન હૂં, ચારિત્ર હૂં યહ સબ ભેદકા વિકલ્પ. ઉસમેં રુક જાના તો ભી રાગકા વિકલ્પ હૈ. રાગ તો તોડનેકે લિયે સબ હેય હૈ.

પ્રશ્ન :- અટકે નહીં. ભેદમેં અટકે નહીં ઈસલિયે વહાં ...

ઉત્તર :- ભેદમેં અટક જાતા હૈ. રાગકા વિકલ્પ હૈ ઉસે તોડ દો. તો નિર્વિકલ્પ દશા હોતી હૈ. પહલે આયે. પંચપરમેષ્ઠીકા ધ્યાન કરે, જ્ઞાન-દર્શન-ચારિત્રકા ધ્યાન કરે, સબ કરે લેકિન યહ તો રુક જાના હૈ. જ્ઞાન-દર્શન-ચારિત્ર. મૈં જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્મા હી હૂં. એક સ્વરૂપ હૂં. જ્ઞાન ભિન્ન હૈ, દર્શન ભિન્ન, ચારિત્ર ભિન્ન ઐસા ભેદ ભીતરમેં ગુણભેદ ઐસા નહીં હૈ. વહ તો અખંડ તત્ત્વમેં જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણ લક્ષણ ભેદ હૈ, વાસ્તવિક ભેદ તો હૈ નહીં ઉસમેં.

પ્રશ્ન :- 'ગુરુદેવ'કી ટેપમેં આયા થા કિ ગુણભેદ કરના વહ પરદ્રવ્ય હૈ.

ઉત્તર :- હાં, વહ પરદ્રવ્ય હૈ. ક્યોંકિ વિકલ્પ હૈ ઈસલિયે પરદ્રવ્ય હૈ.

પ્રશ્ન :- વચનામૃતમેં એક બોલ આતા હૈ કિ પૈસા પૈસે કો ખીંચતા હૈ, આત્મા મેં પુરુષાર્થ કરને કી યુક્તિ આયે તો કામ બને તો પુરુષાર્થ કરનેકી યુક્તિસે ક્યા ભાવ લિયા?

ઉત્તર :- પુરુષાર્થ કરને કી યુક્તિ અપને સ્વભાવકો પહચાને. સ્વભાવકો પહચાને કિ મૈં આત્મા હી હૂં. પીછે યહ આત્માકો સમજે તો યહ જો પુરુષાર્થ ભીતર મેં જ્ઞાન સચ્ચા હો તો પુરુષાર્થ ભી સાથ મેં આતા હૈ. સચ્ચા જ્ઞાન નહીં હોતા તો પુરુષાર્થ નહીં આતા. મૈં જ્ઞાયક હૂં (ઐસા) યથાર્થ સમજે, યથાર્થ સ્વરૂપ દ્રવ્યકો

ગ્રહણ કરે તો પુરુષાર્થ પુરુષાર્થકો ખીંચતા હૈ. સ્વભાવકો સમજે તો સ્વભાવકો ગ્રહણ કરે. તો ઉસકે સાથમેં પુરુષાર્થ ભી હોતા હૈ. પુરુષાર્થ પુરુષાર્થકો ખીંચતા હૈ. મૂડી હાથ મેં આયી તો યહ સાથ મેં સબકો લાતી હૈ. વૈસે સ્વભાવકો ગ્રહણ કિયા. દ્રવ્યકે સ્વભાવ ગ્રહણ કરતે હૈ તો સાથમેં પુરુષાર્થ ભી આતા હૈ.

પ્રશ્ન :- રુચિ અનુયાયી વીર્ય.

ઉત્તર :- હા. રુચિ અનુયાયી વીર્ય. જૈસી રુચિ વૈસા પુરુષાર્થ.

પ્રશ્ન :- ઈસી તરહ નિયમસારકી ગાથા હૈ કિ ચાર ભાવ ભી હેય હૈ. ક્ષાયિકભાવકો ભી હેય બતાયા.

ઉત્તર :- ક્ષાયિકભાવકો હેય બતાયા હૈ. ક્ષાયિકભાવ ભી હેય હૈ. પૂર્ણ ઈસકા સ્વરૂપ હૈ નહીં. ક્ષાયિકભાવ તો કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ ઉસકો ક્ષાયિકભાવ કહતે હૈં. ક્ષાયિકભાવકા વિકલ્પ હૈ ઐસા. મૈં કેવલજ્ઞાનસ્વરૂપ હૂં... મૈં કેવલજ્ઞાનસ્વરૂપ હૂં... ઐસા વિકલ્પ નહીં કરના.

પ્રશ્ન :- સબ વિકલ્પજાલ હૈ

ઉત્તર :- સબ વિકલ્પજાલ હૈ.

પ્રશ્ન :- એકદમ અખંડ દ્રવ્યકો કૈસે ગ્રહણ કરે?

ઉત્તર :- ઐસા અખંડ દ્રવ્યકો ગ્રહણ કરના.

પ્રશ્ન :- કેવી રીતે કરવો? એમ. અનંતગુણોકા સ્વામી હૂં મૈં-યહ વિકલ્પ ભી પરદ્રવ્ય હૈ. યહ ભેદ નહીં પડે ઔર અખંડરૂપકો ગ્રહણ કરે ઉસકી કૈસે યુક્તિ આયે?

ઉત્તર :- અખંડ પહલે સબકા જ્ઞાન હોતા હૈ. પાંચ ભાવકા, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાનકા. સબ જ્ઞાન કર લે. બાદ મેં વિકલ્પ આયે (કિ) મૈં કેવલજ્ઞાનસ્વરૂપ હૂં, મૈં જ્ઞાનસ્વરૂપ હૂં, મૈં દર્શનસ્વરૂપ, મૈં ચારિત્રસ્વરૂપ હૂં. યહ વિકલ્પ મેં રુક નહીં. તું સ્વભાવકો ગ્રહણ કર લે. સબ સમજને કે લિયે સબ આતા હૈ. શાસ્ત્ર મેં દૃષ્ટાંત આતા હૈ કિ હાર લેના હૈ તો કૈસા હાર હૈ, ઐસા હૈ, ઐસા હૈ. યહ બડા હૈ, છોટા હૈ, ઐસા હૈ. વિચાર તો સબ આતા હૈ. નય, પ્રમાણ સબકા વિચાર કરકે નક્કી કરે. લેકિન બાદ મેં ભી વિકલ્પ-વિકલ્પ કરતા રહે તો ઐસા નહીં. બાદમેં જો સ્વરૂપ હૈ ઉસકો ગ્રહણ કરકે શાંતિ વેદનેમેં આતી હૈ.

પ્રશ્ન :- ક્રમબદ્ધકા સિદ્ધાંત 'ગુરુદેવ'ને બતાયા. બહુત ખુશી હુઈ. ઉસકી ગહરાઈ મેં જાતે હૈં તો પુરુષાર્થ પુરુષાર્થ દિખતા હૈ. જ્ઞાતા.. જ્ઞાતાકા હી આચાર્યને ભી દિયા સ્પષ્ટ ઔર 'ગુરુદેવ'ને કિતના અચ્છા બતાયા. બહોત ખુશી હોતી હૈ

ક્રમબદ્ધ પર્યાયકો જાનકર. સિર્ફ જ્ઞાતા હી હૂં મૈં. કુછ કરના-ધરના કહીં કુછ હૈ હી નહીં. ફાલતુંમેં મૈં અપના પુરુષાર્થ...

પ્રશ્ન :- હમારી તરહ બહેનશ્રી બડે બડે વિદ્વાન ભી બહુત ઐસા વિરોધ કરતે હૈ કિ ક્રમબદ્ધ પર્યાય હોતી નહીં. ક્રમબદ્ધપર્યાય હૈ નહીં યહ તો પુરુષાર્થકો સમાપ્ત કર દેગી ક્રમબદ્ધપર્યાય. યહ ક્યા નયા ફેલાયા? લેકિન હમેં તો ક્રમબદ્ધપર્યાયકા સ્વરૂપ જાનકર ઐસા નહીં લગતા કિ ઉસમેં પુરુષાર્થહીન હોતા હો, બલકી ઉસમેં તો જ્ઞાતાસ્વરૂપ રહનેકા તીવ્ર પુરુષાર્થ હૈ. કરનેમેં નહીં કુછ. જ્ઞાતાસ્વરૂપ બનનેમેં અલૌકિક પુરુષાર્થ. તો ઉસમેં પુરુષાર્થ હીન કહાં હોતા હૈ? તો બહુત હી ક્રમબદ્ધપર્યાય કા સ્વરૂપ બતાકર 'ગુરુદેવ'ને બહોત ઉપકાર કિયા.

ઉત્તર :- તું જ્ઞાયક હી હૈ. જ્ઞાતા હો જાયે. કોઈ પરપદાર્થકા કર્તા નહીં હૂં, જ્ઞાયક હી હૂં. ઐસા જ્ઞાતાકા સ્વરૂપ બતાયા હૈ. પુરુષાર્થ કમ કરનેકો નહીં બતાયા. 'ગુરુદેવ'ને તો જ્ઞાયકકા—જ્ઞાતાકા સ્વરૂપ બતાયા. તું જ્ઞાતા હૈ. પરપદાર્થકા કર્તા તું કોઈ કરનેવાલા નહીં હૈ. તેરી ઇચ્છાસે કુછ હોતા હી નહીં. જો હોનેવાલા હોતા હૈ વહ સબ હોતા હૈ. તુ તો જ્ઞાયક હો જાયે, જ્ઞાતા હો જાયે. 'ગુરુદેવ' ઐસા કહતે થે. ઔર લોગ સમજે નહીં. તો ક્યા કહતે હૈં? કિ ક્રમબદ્ધ યાની ક્યા કરતા હૈ? યહ સબ ભાવ હોતા હૈ વહ સબ ક્રમબદ્ધ, અશુભભાવ સબ ક્રમબદ્ધ. સબ ક્રમબદ્ધ લેકિન જ્ઞાતા તો હુઆ હી નહીં ઔર પુરુષાર્થ મંદ કરકે બૈઠ જાતા હૈ. જ્ઞાતા નહીં હુઆ ઔર સબ ક્રમબદ્ધ... ક્રમબદ્ધ... ક્રમબદ્ધ... કરતે હૈં. સબ ઐસી શુષ્કતા કરતે હૈં. લેકિન ઐસા નહીં કરના. જ્ઞાતા હોકરકે, યહ સબ હોનેવાલા સબ હોતા હૈ ઐસા કરના. ઐસે નીચે ગીરનેકો 'ગુરુદેવ'ને નહીં બતાયા. 'ગુરુદેવ'ને જ્ઞાતા હોનેકા બતાયા હૈ. જ્ઞાતા હો જા. ક્રમબદ્ધકે સાથમેં પુરુષાર્થ રહતા હૈ. મૈં જ્ઞાતા હૂં. જ્ઞાતાકા પુરુષાર્થ રહતા હૈ. વહ ક્રમબદ્ધ હૈ. જો સાથમેં પુરુષાર્થ નહીં રહતા હૈ વહ ક્રમબદ્ધકો સમજા હી નહીં હૈ કુછ.

પ્રશ્ન :- સર્વજ્ઞકે સ્વભાવકે પ્રતીતિપૂર્વક ક્રમબદ્ધકો સમજેગા તો ઉસકો એકાંત પુરુષાર્થમેં લે આયેગા.

ઉત્તર :- ઐસા પુરુષાર્થ ઉસમેં આતા હી હૈ. ભગવાનને દેખા હૈ, ક્રમબદ્ધ પુરુષાર્થ કે સાથ મેં દેખા હૈ. જો જીવ પુરુષાર્થ કરતા હૈ ઉસકે ભવકા અભાવ હોતા હૈ. જો જ્ઞાયકકા પુરુષાર્થ કરકે જ્ઞાતા હોતા હૈ, ઉસકો ભવકા અભાવ હોતા હૈ. જ્ઞાયકકા પુરુષાર્થ કરતે નહીં ઔર ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કરતે હૈં, તો ક્રમબદ્ધકા ઐસે

નુક્સાન હોતા હૈ.

પ્રશ્ન :- સમજે નહીં તો નુક્સાન હો જાયે. સવેરેમેં વહ ઈન્દ્રિય વિષય ઈન્દ્રિયજ્ઞાનકો પરદ્રવ્ય કહકે છુડાયા. ભગવાનકી દિવ્યધ્વનિકો ભી છુડાયા. તો ઐસા સુનકર વહ સાથમેં શ્રવણ કરના છોડ દે તો અપના હી નુક્સાન હોનેવાલા હૈ.

ઉત્તર :- નુક્સાન હો જાયે. પર્યાયકા જ્ઞાન છોડ દે તો નુક્સાન હો જાયે. ભગવાનકી દિવ્યધ્વનિ ભી નહીં સુનના. ઐસા કર દે તો નુક્સાન હો જાયે. લેકિન 'ગુરુદેવ'ને તો વસ્તુ કા સ્વરૂપ બતાયા હૈ. ઈતને જોર બતાથે કિ સબકો શુભભાવકા ઔર અશુભભાવ સબકા આગ્રહ તૂટકર, મૈં તો કેવલ નિર્વિકલ્પસ્વરૂપ હૂં. ઐસી શ્રદ્ધા કરનેકો ઔર જિતેન્દ્રિયકા સ્વરૂપ બતાનેકો કહા હૈ. સબ દિવ્યધ્વનિ સુનનેકા છોડ દેનેકા નહીં બતાયા હૈ કિ દિવ્યધ્વનિ ભી મત સુન ઔર કુછ કર મત. ઐસા કરનેકો નહીં બતાયા. નીચે ગીરનેકો નહીં બતાયા હૈ.

પ્રશ્ન :- આગ્રહ છુડાને કે બાવજુદ ભી શુભ ઉત્કૃષ્ટ હોતા હૈ. યદી 'ગુરુદેવ'કો સહી અર્થમેં સમજે તો આગ્રહ છુડાને કે બાવજુદ ભી શુભ ઉત્કૃષ્ટ હોતા હૈ જો..

પ્રશ્ન :- જૈસે શુભભાવ કા આગ્રહ હૈ ઉસ સમય ઐસા ઉત્કૃષ્ટ શુભભાવ નહીં હોતા. ઉસકા આગ્રહ છૂટ જાયે તબ દેખનેમેં આયા કિ અલૌકિક શુભભાવ હોતા હૈ.

ઉત્તર :- ઉસકા શુભ અલૌકિક હોતા હૈ. શુભભાવકા આગ્રહ હૈ કિ શુભભાવ કરના, ઐસી ક્રિયા કરના, ઐસા કરના. તો ઐસા ઐસા ભાવ હોતા હી નહીં. નહીં હોતા. વહ તો સહજ હી શુભભાવ આતા હૈ. ભગવાનકી ભક્તિ હોતી હૈ તો સહજ શુભભાવ ઉસકો આતા હૈ. જિસને કેવલજ્ઞાન પ્રગટ કિયા હૈ વીતરાગી ભગવાન, ઉસકે ઉપર ભક્તિ આયે બિના રહતી હી નહીં. જબ વીતરાગ નહીં હુઆ તબ ઉસકો ભક્તિ, પ્રશસ્ત રાગ સબ આતા હૈ.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ને તો પર્યાયકો ગૌણ કરકે...

ઉત્તર :- દ્રવ્યકા સ્વરૂપ બતાયા હૈ.

પ્રશ્ન :- ઉસકો ખલાસ કરકે નહીં બતાયા.

ઉત્તર :- ખલાસ કરકે નહીં બતાયા. ઉનકી ચારોં તરફસે વાણી જો સુનનેમેં આવે તો ચારો તરફસે 'ગુરુદેવ'કી વાણીમેં સબ આતા હૈ.

પ્રશ્ન :- જ્ઞાની કિ અંતરંગ ઔર બાહ્ય દશા કૈસી હોતી હૈ, ઈસ પર પ્રકાશ ડાલેં.

ઉત્તર :- ઉસકી અંતરંગકી દશા તો દૂસરે પ્રકારકી (હોતી હૈ). ભેદજ્ઞાનકી ધારા રહતી હૈ ઉસકો નિરંતર. સહજ રહતી હૈ ઉસકો. જ્ઞાયકકી ધારા.. જો વિકલ્પ ઉઠતે હૈ

વહ સબસે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... વિકલ્પરૂપ જ્ઞાયક નહીં, પરિણતિરૂપ જ્ઞાયક (રહતા હૈ). જૈસે એકત્વબુદ્ધિ અનાદિસે ચલ રહી હૈ. (ઐસે) ઉસકો ભેદજ્ઞાનકી પરિણતિ સહજ ચલતી હૈ. ઐસી સહજ પુરુષાર્થસે સહજ ઈસકે ભેદજ્ઞાનકી પરિણતિ સહજ ચલતી હૈ. ઔર બાહરમેં સબ દેખનેમેં આતા હૈ. ઉસકા અંતર તો જો ગ્રહણ કરે ઉસકો પકડનેમેં આતા હૈ. બાકી બાહરસે તો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હોવે. તો ઉસકા પરિચય હોવે તો ખ્યાલમેં આયે કિ ઈસકા હૃદય ભીતરમેં ક્યા હૈ. બાહરમેં તો સબ ગૃહસ્થાશ્રમમેં પડા હો તો પહચાનનેકા મુશ્કેલ પડતા હૈ કિ ક્યા હૈ, બાહરસે તો.

પ્રશ્ન :- બાહ્ય દશા દેખકર પહચાન નહીં હોતી?

ઉત્તર :- પહચાન નહીં હોતી. અંતરંગકી દશા ઉસકા પરિચય કરે તબ ખ્યાલમેં આતા હૈ.

પ્રશ્ન :- ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ચક્ર ચલાતે હૈં.

ઉત્તર :- ચક્ર ચલાતે હૈં. બાહરસે દેખનેમેં નહીં આતા હૈ કિ ઉસકા અંતર ક્યા હૈ. ઉસકી પરિણતિ ઈતની જ્ઞાન.. સમ્યગ્દૃષ્ટિકો જ્ઞાન-વૈરાગ્ય કી શક્તિ કોઈ ભીતરમેં કોઈ અલૌકિક હોતી હૈ. જ્ઞાન કી ઔર વૈરાગ્ય કી શક્તિ બહોત અલૌકિક હોતી હૈ ભીતરમેં સે.

પ્રશ્ન :- આપકે વચનામૃતમેં ભી જ્ઞાન ઔર વૈરાગ્યકી ધારાકા કંઈ બાર ઉલ્લેખ આયા. અભી આપને ભી બોલા જ્ઞાન-વૈરાગ્ય. તો જ્ઞાન ઔર વૈરાગ્ય સાથ ચલતા હૈ જ્ઞાની કે જીવનમેં. ઉસસે ક્યા ભાવ લેના?

ઉત્તર :- સચ્ચા જ્ઞાન. વસ્તુકા ક્યા સ્વરૂપ હૈ. મૈં જ્ઞાયક હૂં, વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, મૈં તો જ્ઞાયક સ્વરૂપ હૂં. ઐસા જ્ઞાયકકો યથાર્થ પહચાન કરકે જ્ઞાયકકો ગ્રહણ કરકે ઈસસે વિરક્ત હોતા હૈ—વિભાવ સે વિરક્ત હો ગયા. સબ વિભાવ સે વિરક્ત હો ગયા. વૈરાગ્ય ભીતરમેં સે ન્યારા હો ગયા.

જો જો કાર્ય હોતા હૈ બાહર મેં ઔર ભીતરમેં, જો જો વિકલ્પ સબસે ન્યારા હો ગયા હૈ. યહ કોઈ અલૌકિક ન્યારા હો ગયા. વૈસે જ્ઞાન ભી કોઈ અલૌકિક ઔર જ્ઞાયક ગ્રહણ કરકે ઐસી જ્ઞાનકી ઔર વૈરાગ્યકી ધારા નિરંતર ચલતી હૈ. ઈસકા હૃદય ઐસા શુષ્ક નહીં હોતા. વૈરાગ્યકી ઔર જ્ઞાનકી ધારા નિરંતર ચલતી હૈ.

ગૃહસ્થાશ્રમમેં હો તો મૈં કબ મુનિ હોઉં, કબ કેવલજ્ઞાન હોવે? ઉસકી ભાવના, બારંબાર ભીતરમેં જાનેકી ભાવના અંતરમેંસે બહોત હૈ. પરિણતિ તો નિરંતર ચલતી

હૈ ઉસકી. કભી-કભી નિર્વિકલ્પ દશા હોતી હૈ. ભેદજ્ઞાનકી ધારા નિરંતર રહતી હૈ.

પ્રશ્ન :- શુષ્ક નહીં રહતી?

ઉત્તર :- શુષ્ક નહીં હોતા હૈ.

પ્રશ્ન :- ઈસલિયે કહા હૈ કિ દ્રવ્યાનુયોગ ઔર ચરણાનુયોગકી મૈત્રી જીવનમેં ચલતી હૈ.

ઉત્તર :- દ્રવ્યાનુયોગ—દ્રવ્યસ્વરૂપકો ગ્રહણ કિયા ઔર ચરણ ઉસમેં સાથમેં પરિણતિ ભી ઉસકી શુદ્ધરૂપ રહતી હૈ. જિતની પરિણતિ (હુઈ) ઉતની શુદ્ધિ (હુઈ). ઉતની તો સાથમેં રહતી હૈ ઉસકો. જ્ઞાનીકે હૃદયમેં અશુભ તો ગૌણ (હોતા હૈ), શુભભાવ રહતા હૈ. પરંતુ વહ બાહર ક્રિયાઓમેં તો દેખનેમેં આતા હૈ. લેકિન જ્ઞાનીકા રસ તૂટ ગયા હૈ. શુદ્ધિ અંતરમેં રહતી હૈ. સ્વરૂપાચરણચારિત્ર ભીતરમેં હુઆ હૈ ઉસકો.

'સમયસાર'મેં આચાર્યદેવને કહા કિ તુમ નીચે-નીચે ક્યોં પડતા હૈ? હમ તો અમૃતકુંભકી બાત, તીસરી ભૂમિકાકી બાત કરતે હૈં તો પ્રતિક્રમણકો હમ વિષકુંભ કહા હૈ. ફિર ભી નીચે ગીરનેકો નહીં કહા હૈ. તીસરી ભૂમિકા—શુદ્ધ નિર્વિકલ્પ ભૂમિકાકો પ્રગટ કર, ઈસલિયે કહા હૈ. તો નીચે પડતા હૈ જીવ. ઔર દ્રવ્યદૃષ્ટિકો ગ્રહણ કરકે કુછ હૈ નહીં, હોવે નહીં ઐસા કરતા હૈ.

પ્રશ્ન :- શુભભાવ વિષકુંભ હૈ, વહ ઉપર ચડને કે લિયે કહા હૈ.

ઉત્તર :- હા ઉપર ચડને કે લિયે. તીસરી ભૂમિકા દૂસરી હૈ. ઈસકો તું જાન, ઉસકી શ્રદ્ધા કર, ઉસમેં જા. અશુભમેં જાનેકો નહીં કહા હૈ.

પ્રશ્ન :- જીવ કહીં ન કહીં અટકતા હી હૈ અનાદિકાલસે.

ઉત્તર :- જીવ કહાં કા કહાં અટક જાતા હૈ. એક બાતકો ગ્રહણ કરે તો દૂસરેકો છોડ દેતા હૈ.

પ્રશ્ન :- યહી ભાવના હૈ કિ 'ગુરુદેવ'કા સાનિધ્ય ભી હમેં મીલા ઔર આપકી સાક્ષાત્ અમૃતવાણી સુનનેકો મીલી. તો હમ હમારી પરિણતિ .. સ્વરૂપમેં ચલી જાયે તો હી હમારા જીવન સફલ હૈ. ઐસી ભાવના જરૂર રહતી હૈ. આપકી દેશના ખાલી નહીં જાની ચાહિયે, હમેં સ્વરૂપકી પ્રાપ્તિ જલ્દીસે હોની ચાહિયે.

ઉત્તર :- પહલે યથાર્થ શ્રદ્ધા, યથાર્થ રુચિ ઔર યથાર્થ નિર્ણય. સબ યથાર્થ કરકે ઉસકા નિશ્ચય કરકે બાદમેં આગે જાતા હૈ. યથાર્થ શ્રદ્ધા. ચારોં ઓરસે નક્કી કરે કિ મૈં કૌન હૂં. મૈં જ્ઞાયક સ્વભાવ, મેરા દ્રવ્ય-ગુણ-પર્યાય કૈસા હૈ? યહ પુદ્ગલ, વિભાવ

સબ કૌન હૈ? ઐસા યથાર્થ ભીતરમેંસે નિશ્ચય કરકે ઐસી રુચિ બઢાને(સે), વિરક્ત હોવે વિભાવસે તબ હોતા હૈ. પુરુષાર્થ કરે તો.

પ્રશ્ન :- કોટામાં દર્શન 'ગુરુદેવ'ના થયા હતા ભાઈને. એ કહે કે મને નથી થયા. બહેનશ્રી ૭૫મેં 'કોટા' શિબિર લગા થા. મેરેકો કુછ માલુમ નહીં થા. મામાજી ઔર માતાજી કે સાથ આયા થા, ઐસે હી સાધારણ. 'સમયસાર'કી સ્તુતિ હોનેકે બાદ બીચમેં બૈઠા થા મૈં પાંડાલકે. 'ગુરુદેવ'કી દૃષ્ટિ પડી. આજસે ચૌદહ સાલ પહલે તો બહોત છોટા થા. 'ગુરુદેવ'કી દૃષ્ટિ પડી તો ઉનહોંને 'સમયસાર'કી ...

ઉત્તર :- બોલાવે છોકરાવને. આપને તો દેખા હી નહીં થા ન?

પ્રશ્ન :- .. પઢતે હૈં તો ઐસા નહીં લગતા હૈ કિ હમને નહીં દેખા. તત્ત્વદૃષ્ટિ સે તો ઐસા લગતા હૈ કિ 'ગુરુદેવ'કા હમેં પરિચય હૈ. ભલે હી હમને ભાઈ જૈસા દર્શન ન કિયા હો. લેકિન અંતરંગસે તો યહી લગતા હૈ કિ 'ગુરુદેવ' હમારે સાથ...

ઉત્તર :- 'ગુરુદેવ' પરિચયમાં જ છે.

પ્રશ્ન :- ઔર આપકે દર્શનકે બાદ ભી ... પૂર્તિ હો ગઈ.

પ્રશ્ન :- રુક ગયે તો માતાજીકા લાભ મિલા.

ઉત્તર :- વ્યાખ્યાન સુને તો સબ એક ધ્યાનસે સુનતે હી રહતે થે. ઈતના આવાજ ભી નહીં ઔર સબ શાંતિસે સુને. બહોત બડી સભા હો તો ભી કોઈ આવાજ નહીં, કુછ નહીં. સબ શાંતિસે સુનતે થે. ઐસી ઉનકી વાણી થી. સબકો આત્માકી બાત કરતે તો સબકો આશ્ચર્ય લગતા હૈ. સબ આશ્ચર્યકે સાથ સુનતે રહતે હૈ, દેખતે રહતે થે. નહીં સમજે તો દેખતે હી રહતે થે. ઐસી ઉનકી વાણી થી. ઐસી આત્માકી બાત કરે ઔર ઈતને પ્રભાવશાલી! ઔર ઉનકી વાણી ભી ઐસી.

પ્રશ્ન :- ઈતના સબ હોતે હુએ ભી, બહેનશ્રી! ઉનપે કરુણા આતી હૈ જો લોગ અભી 'ગુરુદેવ'કા વિરોધ કરતે હૈ. હમે તો બહોત સહન કરના પડતા થા. મંદિરમેં ઘૂસને નહીં દેતે. અભી એક સાલ પહલે, ઈસી પીછલે વર્ષમેં, જૂતા મારને લગે થે. બદમાશોંકો લાકર ખડા કર દેતે થે. વૈસે દૂરસે બોલતે વહ દેખો પચ્ચીસવે તીર્થંકર આ રહે હૈ. હમારા તો નીકલના મુશ્કિલ હો જાતા. બહોત હી પ્રતિકૂલતાઓંમેં રહકર કે ભી 'ગુરુદેવ'કા તત્ત્વ ઐસે ખૂનમેં મિલા હુઆ હૈ તો બદલાવ નહીં આયા. નહીં તો બદલ જાયે જીવન. ઈતના વિરોધ કરતે હૈં. ખુલંખુલ્લા ઐસા 'ગુરુદેવ'કો બોલતે હૈં, ગાલીયાં દેતે હૈં.

ઉત્તર :- બહોત વિરોધ કરતે હૈં.

પ્રશ્ન :- વહ સબ કરુણા કે પાત્ર હૈ.

ઉત્તર :- સબ કરુણા કે પાત્ર હૈ.

પ્રશ્ન :- સંસાર બઢાના હૈ તો કોઈ પરિણામ તો ચાહિયે.

ઉત્તર :- પચ્ચીસવેં તીર્થંકર યહાં કિસીને કિયા નહીં.

પ્રશ્ન :- ઉનકો સમજાતે હૈં કિ, નહીં વહ તો વેદહક્ષેત્રકે માનતે હૈં. બોલે, કુછ ભી હો ઐસા કૈસે? વિરોધ તો પહલેસે હી થા. પરંતુ અભી બહોત જ્યાદા ઈસલિયે બન ગયા. શાસ્ત્ર ફેંક દેંગે, ઐસા કર દેંગે. અબ તત્ત્વમેં તો ઉનકો કોઈ બતા નહીં સકતે. ઉનકી હિંમત નહીં. બતાયે તો અપન પ્રમાણ દે સકતે હૈં. લેકિન ઈસ બાત કે લિયે? તો અપન તો ચૂપ રહતે હૈં.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૩ B

ઉત્તર :- પોતે નિરાળા રહીને પોતે પોતાનું કરવું. દુનિયાને જેમ કરવું હોય એમ કરે. શાસ્ત્ર એમને ગમે ખરા, પણ એમ પોતે સીધી રીતે એનો બોજો ઉપાડીને કાંઈ ન કરે.

પ્રશ્ન :- આપણું કામ નહિ, બધું રામજીભાઈ...

ઉત્તર :- 'પ્રવચનસાર'માં આવે છે (કે) મુનિ કોઈ કામ માથે લેતા નથી. એમ 'ગુરુદેવ' કોઈ માથે કોઈ કામ-કાર્ય લેતા નહોતા, પોતે બોજો કોઈ જાતનો ગ્રહણ કરતા નહોતા.

પ્રશ્ન :- અહીં મકાન કર્યું તો કહે, હું કાંઈ રહેવા બંધાયો નથી. હું તો .... એમ સમજતા નહી કે તમે લોકોએ મકાન કર્યું એટલે હવે હું અહીંયાં... સ્વાધ્યાય મંદિર...

ઉત્તર :- કાંઈ હું બંધાયેલો નથી કે આ સ્વાધ્યાય મંદિર કર્યું એટલે હું અહીં રહેવાનો. એવો નથી બંધાયો. પછી પ્રભાવના યોગે એમને રહેવાનો યોગ હતો તો રહ્યા, પણ એમાં હું બંધાયલો નથી. અહીં મંદિર કરો કે અહીં પ્રતિમા પધરાવો.. કાંઈ નહિ. નાનાલાલભાઈને ભાવ આવ્યા અને એમણે પધરાવ્યા. એમણે કર્યું.

પ્રશ્ન :- ખુબી છેને માતાજી! આ પણ એક ખુબી છેને કે આમ બહારથી જોનારને એમ લાગે કે 'ગુરુદેવ' કેટલા બધા પ્લાનીંગ કરે, આટલી બધી પ્રભાવના ક્યારે થઈ હશે? કેવી રીતે થઈ હશે?

ઉત્તર :- એમ જ લાગે કેટલું બધું થયું, કેટલું બધું થઈ ગયું છે. પણ 'ગુરુદેવે' પોતે સીધી આજ્ઞા કાંઈ કરી નથી.

પ્રશ્ન :- નવો બહારથી આવ્યો હોય એને એમ જ લાગે કે આ બધું 'ગુરુદેવે' જ કરાવ્યું હોય.

ઉત્તર :- હા, એવું લાગે.

પ્રશ્ન :- આયોજન શક્તિ ઘણી (એમ લાગે).

ઉત્તર :- પ્રવચન-મંડપ બધા ભક્તોએ કર્યું. એમ બધાની ભાવનાથી થયા કર્યું. પરમાગમ મંદિર બધાની ભાવનાથી થયું, સમવસરણ મંદિર ઓલા નારણભાઈ અને ચંદુભાઈ એણે ભાવ કર્યો.

પ્રશ્ન :- પરમાગમ તો મુંબઈવાળાની બહુ ..

ઉત્તર :- હા મુંબઈવાળાએ. શરૂઆત કરી દીધી.

પ્રશ્ન :- શરૂઆત કરી એટલે થયું.

ઉત્તર :- શરૂઆત કરી પછી...

પ્રશ્ન :- એમણે શરૂ કર્યું.

ઉત્તર :- એ 'ગુરુદેવ'ના પ્રભાવના યોગે બધું પૂરું થઈ ગયું.

પ્રશ્ન :- માતાજી! સમવસરણ ભી ઐસે હી રચાતા હોગા? તીર્થંકરકે કાલમેં સમવસરણ ભી ઐસે રચતા હોગા અપને આપ? જૈસે રચના યહાં હુઈ સમવસરણકી વૈસે રચા જાતા હોગા? અહીં જેમ બધી રચના થઈ એવી સમવસરણની પણ એવી જ રચના થાતી હશે? ત્યાં બધા જાતા હશે?

ઉત્તર :- ભગવાન કાંઈ કહે છે કે સમવસરણ બનાવો એમ? એ તો દેવો આવીને કરે છે. કુબેર અને દેવો આવીને સ્વયં રચના કરે છે. તીર્થંકર ભગવાન જ્યાં બિરાજે, જ્યાં વિચરવાના હોય, જ્યાં સ્થિર થવાના હોય ત્યાં દેવો આવીને સમવસરણ બનાવે છે. કાંઈ ભગવાન કહેતા નથી. એ પોતે બનાવીને પોતાને આશ્ચર્ય થાય છે કે કેવી જાતનું બન્યું છે!

પ્રશ્ન :- 'ઈન્દ્ર .. નિરખતા આશ્ચર્ય પોતે..'

ઉત્તર :- આશ્ચર્ય પોતે... પોતાને આશ્ચર્ય થાય છે.

પ્રશ્ન :- આમાં તો એક સિદ્ધાંત આખો (સિદ્ધ થાય છે) કે કર્તા થઈને કરે તો જ થાય એવું નથી.

ઉત્તર :- એવું નથી. એવા બધા યોગ બની જાય કુદરતના, પ્રભાવના યોગ હોય

એટલે. બધા ભક્તોને એવી ભાવના જ આવે અને એવા બધા સંયોગ જ એવી જાતના થાય. બધાની ભાવનાથી બધું થઈ જાય. એવા પુણ્યના પ્રભાવનાના યોગ હોય એટલે.

પ્રશ્ન :- નજરે નજર જોયું આમ તો.

પ્રશ્ન :- પોતાનું જ કરવું-એક જ છે. બીજું કાંઈ નહિ. આપે એમાં બહુ સરસ વાત લીધી છે કે 'ગુરુદેવ'નું હૃદય તો આ હતું. પછી બધું પુણ્યના યોગે થઈ ગયું એ બધી જુદી વાત છે. કારણ કે એમનું હૃદય તો એક જ હતું (કે) મારે તો મારું કરવું છે.

ઉત્તર :- મારું જ કરવું છે, બસ!

પ્રશ્ન :- પછી કબીરનો દાખલો આપીને કહ્યું કે, કબીર તો એમ કહે મુઆ પછી ડૂબ ગઈ દુનિયા. આ તો જીવતા એમ કહ્યું કે દુનિયા દુનિયાનું જાણો, હું મારું જાણું. આપ મુએ સબ ડૂબ ગઈ દુનિયા. કબીરે કીધું. 'ગુરુદેવે' તો, મેરે લિયે કોઈ હૈ નહીં જગમેં. જીવતા જ. મેરે લિયે કોઈ મારું (નથી). હું તો આત્મા. શરીર પણ નહિ ને આ બધું (કાંઈ નહિ). મેરે લિયે કોઈ હૈ નહીં. દુનિયા દુનિયામાં. હું જુદો છું.

ઉત્તર :- કાંઈ કોઈ કહે તો એમ જ કહેતા, રામજીભાઈને કહો. પોતે કાંઈ માથે લેતા નહોતા. પણ બધા ભક્તોની ભાવના હોય એટલે બધું એવું ગોઠવાઈ જાય, ગોઠવાઈ જાતું. જાત્રા એવી રીતે ગોઠવાઈ ગઈ, બધું એમ ગોઠવાઈ ગયું.

પ્રશ્ન :- પંચ કલ્યાણક હો, વેદી પ્રતિષ્ઠા હો...

ઉત્તર :- પંચ કલ્યાણક બધા એમ ગોઠવાઈ ગયા.

પ્રશ્ન :- એ બધામાં જરાય મન નહિ. કાંઈ મન થોડું હોય તો પ્રવચન આપવું અને આ બધાને સમજાવું. તું શરીર નથી, તું ભગવાન છો. પંચ કલ્યાણક પરમાગમની ઉતાવળ એ માટે કરતા હતા. ક્યારે આવે મારે ઉપદેશ આપીને કે દી પૂરું કરશું?

ઉત્તર :- બહારગામના આટલા મંદિર થયા, કોઈને કાંઈ કીધું નથી. પંચ કલ્યાણક પોગ્રામો બહુ મોટા થાય તો એમાં એમને વ્યાખ્યાન તો મુખ્ય હોય તો જ. એમ કે આ તમારું બધું છે એમાં વ્યાખ્યાનનો ટાઈમ તો બરાબર હોવો જોઈએ. એટલે બીજાને સમજાવવાનો વિકલ્પ એમને (રહેતો કે), આ સાચું બધા સમજે એવી જાતની ભાવના બહુ. આ સાચું સમજે બધા.

પ્રશ્ન :- ... આવવું હોય એ આવે.

ઉત્તર :- વ્યાખ્યાનમાં એવું કે બધા રાજા કે રંક ગમે ઈ હોય, એમના ટાઈમ પ્રમાણે જ બધું થાય. કોઈના માટે રોકાય કે એવું કાંઈ નહિ.

પ્રશ્ન :- બિલકુલ નહિ. ગમે તેવો મોટો માણસ આવવાનો હોય, એ એના ઘરે. એટલે એમનો ટાઈમ એ ટાઈમ. વહેલા જઈને બેસે ગુરુદેવ. અડધો કલાક વહેલા જઈને બેસે, સ્વાધ્યાય કરતા.

ઉત્તર :- સૌથી પહેલા પોતે બેસતા. એમનો યોગ એવો હતો, બધાને સમજાવાનો વિકલ્પ હતો. તીર્થંકરનું દ્રવ્ય એવી જાતનું. ઓલું આવે છેને, સર્વ જીવ કરું શાસન, એના જેવો વિકલ્પ એવી જાતનો. બધા સાચું કેમ સમજે? ઉપદેશ આપીને, બસ! એની કોઈ જાતની શ્રોતાઓનું કાંઈ કે આ આવ્યો નહિ, એ કાંઈ નહિ. પોતે ઉપદેશ આપી દે. રાજા કે રંક એનું કાંઈ રાખવાનું નહિ.

પ્રશ્ન :- પરિણતિ એ જાતની નિરાળી આખી. વિકલ્પ અમુક આવે છતાં પાછું કાંઈ નહિ.

ઉત્તર :- કાંઈ નહિ. કોઈ સમજે યા ન સમજે, બધા સ્વતંત્ર છે એમ કહે પોતે ઉપદેશ આપીને.

પ્રશ્ન :- સમ્યક્ત્વ ઉપર બહુ વધુ ભાર હતો.

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપર તો બહુ પહેલેથી એમનું વજન હતું. અનંત કાળમાં જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. એના ઉપર પહેલેથી વજન હતું. બધું કર્યું, પણ આ એક નથી કર્યું.

પ્રશ્ન :- ૪૫ વર્ષ સમ્યગ્દર્શન ઉપર જ ઉપદેશ આપ્યો એમ કહીએ તો ચાલે.

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપર જ આપ્યો છે. બધી બહારની ક્રિયાઓ કરી, આ કર્યું, પણ એક સમ્યગ્દર્શન જીવે પ્રાપ્ત નથી કર્યું. એવો જ ઉપદેશ પહેલેથી.

પ્રશ્ન :- સિંહ ગર્જના.

ઉત્તર :- સિંહની ગર્જના એવી.

પ્રશ્ન :- .. ગાજ્યો.

ઉત્તર :- સુવર્ણપુરી તીર્થ...

પ્રશ્ન :- ભગવાન છો, તું ભગવાન છો.

ઉત્તર :- બધાને આમ અસર થઈ જાય એમની વાણીની. એવી વાણી આશ્ચર્યકારી અને જોરદાર હતી. બીજાને આશ્ચર્ય પમાડે એવી. અંતરમાંથી એવી દઢતા અને જોર આવતું. કોઈ આમ ખાલી જોર નહિ પણ એ જોર જુદી જાતનું

હતું. આશ્ચર્ય પમાડે એવું અંતરનું હતું.

પ્રશ્ન :- બહારથી જોર આપનારા તો .. એનું કાંઈ નહિ. આ તો અંતરની વાત.

ઉત્તર :- અંતરથી આવતું.

પ્રશ્ન :- એ જ અંતરની વાત અમને મળી ગઈ.

ઉત્તર :- 'ગુરુદેવે' તો ખૂબ સમજાવ્યું છે. સૂક્ષ્મ-સૂક્ષ્મ કરીને ચારે પડખેથી સમજાવ્યું છે. એમના પ્રતાપે આ બધું ચાલી રહ્યું છે. હું તો એમનો સેવક છું, બાકી એમના પ્રતાપે ચાલે છે બધું.

પ્રશ્ન :- માતાજી! આપની નમ્રતા છે. માતાજી! સમવસરણમાં બધા જીવ ભગવાનની વાણી ન સમજી શકે. ગણધર સમજાવે છે બધાને પછી, ભગવાનના સમવસરણમાં એમ શાસ્ત્રમાં આવે છે. એવી રીતે આપ સમજાવો છો. ગણધર સમજાવે. ગણધરને પૂછે અને ગણધર સમજાવે.

ઉત્તર :- એ વાત આખી જુદી હતી. ભગવાનની વાણી એમાં તો કેટલાય જીવો સમજી જાય, એવી હોય ભગવાનની વાણી તો. એમને સમજાવવાનો વિકલ્પ (હતો), પણ કોઈને એમ ન કહે કે તમે અહીં રહો કે તમે અહીં રહો. કોઈને કાંઈ (કહે નહિ). એવો પ્રતિબંધ નહિ કોઈ જાતનો. કોઈને એવો પ્રતિબંધ નહિ.

પ્રશ્ન :- .. ચાલ્યા આવે પાછા. પાલિતાણા .. કરે તો ચાલો આપણે... 'ગુરુદેવ'ના ગુણો તો ઘણા એમના તો જેટલા ગુણાનુવાદ કરીએ એટલા ઓછા છે. આપણે યાદ કરીએ પ્રસંગો તો કેવા કેવા...

ઉત્તર :- સૌ સૌની ભાષામાં બધી સમજી જાય. કોઈ ન સમજે એવું કોઈક જ હોય. સમજી જ જાય.

પ્રશ્ન :- અમારા જેવા ન સમજે તો ગણધરને પૂછે.

ઉત્તર :- સમજી જ જાય, સમજ્યા વગર રહે જ નહિ, સમજી જ જાય.

પ્રશ્ન :- ગણધર મહત્ત્વ તો છે જ.

ઉત્તર :- હોય એ તો. જગતમાં સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાન જ છે. કોઈ ચૈતન્ય દ્રવ્ય આશ્ચર્યકારી હોય છે, વાણી આશ્ચર્યકારી હોય. સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાન જ જગતમાં હોય છે.

પ્રશ્ન :- તીર્થના કરનાર...

ઉત્તર :- તીર્થના કરનારા. વાણી સમજવા કોઈને .. પોતે ઉપદેશ આપે. બસ!

પ્રશ્ન :- જનરલ ઉપદેશ આપે. પછી જેને સમજવું હોય એ સમજે.

ઉત્તર :- વારંવાર સમજાવે. સમજાવાની કરુણા ઘણી.

પ્રશ્ન :- અનેક પડખેથી દરેક જુદી જુદી વાતો...

ઉત્તર :- જુદી જુદી રીતે એક ને એક વાત ખૂબ અંદર મગજમાં ઉતરે એવી રીતે સમજાવતા.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! સ્વાનુભવનો અદ્ભૂત મહિમા બતાવનાર ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો! પરમ કૃપાળુ શ્રી સદ્ગુરુદેવનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૩ C

પ્રશ્ન :- ...પર્યુષણ છે એનું કાંઈક કારણ હશેને?

ઉત્તર :- એનું કાંઈ શાસ્ત્રમાં ખાસ આવતું નથી, પણ એ બધા ધાર્મિક દિવસો ગણવામાં આવે છે આ દસ દિવસો. પહેલા એમ કાંઈક આવે છે. 'ગુરુદેવ' એમ કહેતા કે પહેલા કાંઈ દુષ્કાળ પડ્યા અને પછી એકદમ વરસાદ વરસ્યા દૂધ જેવા અને અમૃત જેવા વરસાદ વરસ્યા આ પાંચમથી. એટલે બધું આમ સુકાઈ ગયું હતું એ બધું લીલું થઈ ગયું. એટલે તે દિવસથી આ આર્યવૃત્તિ બધાને ઉત્પન્ન થઈ. અનાર્ય જીવો થઈ ગયા હતા. એ અનાર્યમાંથી આર્યવૃત્તિ થઈ ગઈ. એટલે આ દિવસો પછી ધાર્મિકના ગણવામાં આવ્યા છે. એવી રીતે શાસ્ત્રમાં આવે છે અને 'ગુરુદેવ' એમ કહેતા હતા. એમ કે આર્યવૃત્તિ આ દિવસોમાં થઈ ગઈ માટે આ ધાર્મિક દિવસો ગણવામાં આવે છે.

પ્રશ્ન :- શ્વેતાંબર એમ કહે કે લૌકિકમાં જેમ પહેલેથી ઉજવે એમ આ આપણે પાછળથી...

ઉત્તર :- આપણે પાછળથી ઉજવીએ છીએ.

પ્રશ્ન :- પાંચમ પહેલા આ લોકો ઉજવે. આપણે પાંચમ પછી લઈએ છીએ.

ઉત્તર :- પાંચમ પછી આપણે શરૂઆત કરીએ છીએ અને એ લોકો પહેલા શરૂ કરે છે. એક જાતના નિવૃત્તિના, ધાર્મિકના દિવસો ગણવામાં આવ્યા છે. કોઈ ન કરતું હોય એના માટે (છે) એવું નથી, આ તો બધાને માટે છે.

પ્રશ્ન :- સંખ્યા વધુ દેખાય છે પર્યુષણ વખતે દરેક મંદિરોમાં.

ઉત્તર :- હા, એ પણ હવે એક જાતની પ્રણાલિકા થઈ ગઈને એટલે આ દિવસોમાં બધા ધર્મ કરે જૈનોમાં એમ છે એટલે અને એવું ચાલ્યું આવે છે. અનાર્યવૃત્તિમાંથી આર્યવૃત્તિ થઈ ગઈ. એવો કાંઈક કુદરતનો મેળ છે એટલે આ ધાર્મિક દિવસો ગણવામાં આવે છે. મુનિઓ જેમ કોઈ કોઈ દિવસોમાં અપવાસ કરે છે, અભિગ્રહ ધારે છે, એમ આ દિવસો ધાર્મિક ગણાય છે. વધારે જેને નિવૃત્તિ ધાર્મિક જે અભ્યાસ કરવો એના માટે સારું છે. બાકી ધાર્મિકતા તો બધા ટાઈમે કરવા જેવી જ છે. અષ્ટાહ્નિકા આવે છે, આ દસ લક્ષણ (ધર્મના દિવસો) આવે છે, ચોમાસામાં ભાદરવામાં ગણવામાં (આવે છે).

પ્રશ્ન :- પહેલાનો પ્રસંગ ... મેડી ઉપર 'ગુરુદેવ' આંટા મારતા હતા અને આંટા મારતા મારતા ધૂનમાં બસ આ ગાયા કરતા હતા. એ કેવું? આમ ચિત્ર આપણે મગજમાં લેવાનો વિચાર કરીએ તો એમ લાગે કે કેવી ધૂનમાં 'ગુરુદેવ' આમ ચાલતા હશે અને આવું બોલતા જતા હશે કે આ અનુભવવોમ્.. સતત અનુભવામો, ચૈતન્ય .. ન ખલુ ન ખલુ...

ઉત્તર :- અન્યથા સાધ્ય સિદ્ધિ. એના વગર સાધ્યની સિદ્ધિ નથી. સતતમ્ અનુભવમ્. એની ધૂન, એની મસ્તી એમાં ગાતા હોય (એ) જુદું જ લાગે.

પ્રશ્ન :- બસ! એક અનુભવ-અનુભવ એ જ જીવન. એમ આખું એમનું જીવન જ એ હતું કે બસ! આત્માનો અનુભવ-આત્માનો અનુભવ, સતત અનુભવ.

ઉત્તર :- સતત અનુભવામ્. બસ! એક જ જીવન—આત્માનો અનુભવ. એ જ જીવનનું ધ્યેય અને એ જ જીવનનું કર્તવ્ય. બીજું બધું બહારનું. સતતં અનુભવામો-એક જ.

પ્રશ્ન :- કેટલું સુંદર! આમ વાંચતા કેટલો પ્રમોદ આવે છે. પરિણમનની વાત તો જુદી છે, પણ વાંચતા એમ કે કેવું એ જીવન હશે! કે બસ! આત્મા અનુભવ... અનુભવ... અનુભવ રહ્યા કરતું હશે!

ઉત્તર :- એ પરિણતિ, એની ધૂન. બસ! એ એક જ.

પ્રશ્ન :- સતતં અનુભવં.

ઉત્તર :- સતતં અનુભવં, સતતં નિરંતર અનુભવં.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ની એ વખતે શું મસ્તી હશે! શું ધૂન હશે! આમ આંટા મારતા જતા હશે અને આમ...

ઉત્તર :- ગાતા જાતા. પહેલેથી એમને આ એક જ ધૂન.

પ્રશ્ન :- એક જ ધૂન સ્થાનકવાસીમાંથી.

ઉત્તર :- ઉપાશ્રયમાં હોય. બસ! ત્યાં એકલા હોય અને એકલા આ જ ધૂન બેઠા હોય. વ્યાખ્યાન વખતે માણસો આવે, બાકી એકાંતમાં બેઠા હોય. કોઈવાર કોઈ એમની આગળ બેઠું હોય. બાકી એકાંતમાં બેઠા હોય. સાથે સાધુ હતા એ કોઈક વાર બેઠા હોય, બાકી પોતે એકાંતમાં બેઠા હોય. કોઈ માણસનો આવરો-જાવરો નહિ. વગર ટાઈમે કોઈ આવે જાય નહિ. બસ! એકાંતમાં બેઠા હોય.

પ્રશ્ન :- કેવું એ સાધુ જીવન કેવું! બસ! એક જ મસ્તી, એક પોતાનો આત્મા.

ઉત્તર :- એક જ મસ્તી, બસ!

પ્રશ્ન :- પછી એની આગળ એવો અનુભવ કેમ થાય? અશુદ્ધતા વખતે પણ શુદ્ધતા રહેલી છે, એ સ્ફટિકમણિનું દૃષ્ટાંત આપીને કેટલી સરસ રીતે એમ કે જ્ઞાનીઓ આ રીતે સામાન્ય શુદ્ધતાને આવિર્ભાવ કરીને એનો સ્વાદ લે છે. અજ્ઞાની એક સમયની પર્યાયવિશેષનો અનુભવ કરીને ... કરે. બહુ સુંદર વાત. રજુઆત પણ ... એવી રીતે સુંદર ગોઠવીને મૂક્યું છે.

ઉત્તર :- સામાન્યનો આવિર્ભાવ થાય છે.

પ્રશ્ન :- વિશેષોમાં સામાન્ય એકરૂપ રહે છે. .. એની એક ગાથા છે પંચાધ્યાયીમાં. પહેલા યાદ નહોતી આવતી, પછી મેં કહી. .... પછી એનો અર્થ ગુરુદેવે કર્યો. .. આને કંઈ કીધું નહોતું, આને મોઢે છે. મેં કીધું, .. બહુ ખુશી થયા. ઘણા દૃષ્ટાંતો છે. એવો એક શ્લોક આવે છે. થોડી વાર તો હું ન બોલ્યો. મને યાદ હતું, મને એ બહુ ગમતું. એટલે હું ગાયા જ કરતો હતો. ...

હેમ અશુદ્ધ હોવે તો ભી હેમપના નહીં ગુમાતા. હેમપદ્મ-કમલ પાનીમેં રહે તો ભી શુદ્ધ રહતા હૈ. જલ મલિન હોવે તો ભી જલ તો નિર્મલ હૈ. .. અગ્નિ તો ઉષ્ણરૂપ હી હૈ. આદર્શ—અરીસા. ઉસમેં હાથી કોઈ આવે તો ઉસ રૂપ હુઆ હૈ, તો ભી નહિ ભી હુઆ હૈ. સ્ફટિક પત્થર યહ તો સબ જાનતે હૈ. ... સાધારણ જ્ઞાન હો તો જ્ઞાન તો જ્ઞાન સામાન્ય હી હૈ. .. વારિધી—સમુદ્ર. સમુદ્રમેં ભરતી-ઓટ આવે તો ભી ભરતી-ઓટ નહીં હૈ, વહ તો ભરપુર હૈ. ... સૈંધવ-નમક, નમક. દૂસરે પદાર્થકતે સંયોગસે દૂસરા સ્વાદવાલા દિખતા હૈ તો ભી નમક હી હૈ. ખુબ ખુશી થયા. ઈ કહે, આપણે કાંઈ એને કીધું પણ નહોતું કે વાંચીને આવે. .... શ્લોક મોઢે હશે. હતો તો એક જ મોઢે.

ઉત્તર :- 'ગુરુદેવે' તો પણ કેટલું આખું 'પંચાધ્યાયી' ધ્યાન રાખીને વાંચ્યું હતું.

આખું ધ્યાન રાખીને વાંચ્યું હતું. પછી આ એક શ્લોક આખો મોઢે થઈ ગયો. એ વખતે 'પંચાધ્યાયી'નું બહુ...

પ્રશ્ન :- 'ગુરુદેવ'ને પુરુષાર્થનું એટલું બધું હતું કે બીજું બધું કાળલબ્ધિની મુખ્યતા કરે તો એ એમને ગમતું નહિ.

ઉત્તર :- એમને એ પાલવતું નહોતું. પછી પત્રાવળી છપાવી. અહીં છપાવતા હતા આપણે. પછી બંધ થઈ ગયું. એમને કાળલબ્ધિનું બહુ આવે એ જરાય પાલવતું નહોતું. જરાક આવે તોપણ નહોતું પાલવતું.

પ્રશ્ન :- ..

ઉત્તર :- એમાં એકવાર નહિ. કેટલી વાર, ઘણીવાર આવતું હતું. કાળલબ્ધિમાં .. કોઈક કોઈક પત્રો...

પ્રશ્ન :- વ્યવહારનું બહુ આવતું હતું. વ્યવહારનું અને કાળલબ્ધિનું બહુ આવતું હતું.

ઉત્તર :- હા, એ બે આવતું હતું. એમાં ઈ જરાક વધારે આવતું હતું. કેટલી વાર કાળલબ્ધિ આવી એ યાદ નથી પણ એ આવતું હતું.

પ્રશ્ન :- એક વખત તો આ .. લઈને બતાવ્યું હતું કે આમાં કાળલબ્ધિ આવે છે.

ઉત્તર :- હા, બતાવ્યું હતું કે આમાં કાળલબ્ધિ આવે છે.

પ્રશ્ન :- અને એમ લખ્યું .. કલ્યાણ ... તુમ્હારે હાથ મેં ભી નહીં, ... કાલલબ્ધિકે હાથમેં હૈ.

ઉત્તર :- પછી આ એક પ્રશ્ન પૂછે છે.

પ્રશ્ન :- ...

ઉત્તર :- કેટલીક વાતું આવીને એટલે પછી ધીમું પડી ગયું હતું પછી તો.

પ્રશ્ન :- વ્યવહારની નિમિત્ત પ્રધાનતા એ બધું પછી તો બહુ ચાલ્યું. કથનમાં બહુ વજન આવતું હતું.

ઉત્તર :- એટલે બધું આવું જ પહેલેથી છે. પોતે જે અંદર લાગ્યું હોયને, કોઈનું, એટલા નીડર હતા, કોઈનું માને કરે નહિ. પોતાને જે લાગ્યું હોય એ જ એમની દૃઢતા. બાકી સંપ્રદાયની અંદર કોઈ આગળ કાંઈ ઢીલું મૂકે નહિ જરાય.

પ્રશ્ન :- વાંચીએ ત્યારે એમ કે આનું નામ જીવન કહેવાય. આ કેવું જીવન! આ એક જ, લક્ષ એક જ, બીજી વાત નહિ. એ પણ નીડરપણે.

ઉત્તર :- આખો સંપ્રદાયનો પલટો (થઈ ગયો). આખા સ્થાનકવાસી

સંપ્રદાયને.. બધું અંદર વાંચી વાંચીને બધો ફેરફાર. કેટલી નીડરતા હોય ત્યારે એ અંદર દઢતા હોય ત્યારે થાય. બીજા શાસ્ત્રો શરૂ કરી દીધા બધા સ્થાનકવાસીના, દેરાવાસીના બધા. કેટલી નીડરતાથી પાછું પોતે વ્યાખ્યાનમાં કહેવા માંડ્યા. એમનો પણ પ્રભાવના યોગ એટલો કે બધા માણસોને એ કહે એટલું બધું રુચતું ગયું. પહેલેથી છાપ એટલી હતી.

પ્રશ્ન :- નિર્મળ જીવન હતું. જેવું અંદર એવું બહાર. કાંઈ બોલવા ખાતર બોલવાનું નહિ, અનુભવેલું બોલવાનું.

ઉત્તર :- પછી અંતર હોય એ જ બહાર બોલવાનું બધું.

પ્રશ્ન :- એ છાપ જ જુદી પડે.

ઉત્તર :- છાપ જુદી પડે.

પ્રશ્ન :- એની જ છાપ પડતી હતી. આ પ્રભાવના અને એ બધું થયું એમના જીવનની છાપ.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૪ A

ઉત્તર :- સંસારમાં દુઃખ નથી લાગતું. ખરી રીતે એ દુઃખ જ છે. આત્મા તરફની કાંઈ મહિમા કે કાંઈ છે નહિ. એટલે દુઃખ ક્યાંથી લાગે? પણ એ જોતો નથી. એવા કાંઈક કાંઈક પ્રસંગો બને છે વૈરાગ્યના, પણ એને ક્યાં દુઃખ લાગે છે? બધી અનુકૂળતા પુણ્યને લઈને દેખાય એટલે જીવને દુઃખ દેખાતું નથી. બાકી દુઃખ જ છે.

પ્રશ્ન :- ખુરશીએ બેસવા જેવું દુઃખ છે, આપણને કેવું સુખ?

ઉત્તર :- બધી આકુળતા છે. અંદર રાગ-દ્વેષ, રાગ-દ્વેષ થયા જ કરે છે. બધું દુઃખ જ છે અંદર. વિકલ્પની જાળ ચાલ્યા કરે છે. કાંઈક-કાંઈક અનેક જાતના પુણ્ય સરખા હોય ત્યાં હરખાય છે, બાકી પુણ્યના ફેરફારો થાય તો બધું.. એ કાંઈ કોઈની હાથની વાત નથી. દુઃખ ખરું અંદર છે, આકુળતાનું દુઃખ છે. અંદર વિકલ્પની ઘટમાળ ચાલે છે એ પણ દુઃખ જ છે. પોતાની ઈચ્છા પ્રમાણે કાંઈ થાતું નથી વિચાર કરે તો. શાશ્વતુ સુખ તો આત્મામાં છે, બહારમાં ક્યાંય નથી. અંતરમાં જોવે તો ખબર પડે.

ખાવામાં સુખ માને, હરવામાં, ફરવામાં, ધનમાં બધે સુખ માને છે. સુખ છે નહિ. ક્યાંય શાંતિ નથી એને. બધેથી સુખ માની માનીને થાકે છે પછી બીજે બીજે લેવા જાય છે, પણ સુખ ક્યાંય બહાર નથી, અંતરમાં છે સુખ તો. દેવલોકના દેવો પણ સુખી નથી અને ચક્રવર્તીના રાજમાં ચક્રવર્તી પણ સુખી નથી. એના અંતરમાં જોવે તો દુઃખ જ ભરેલું હોય છે આકુળતાનું.

પ્રશ્ન :- દેવોને શેનું દુઃખ?

ઉત્તર :- દેવોને અંદર આકુળતા હોય છે. કોઈ દેવ એનાથી મોટો થઈ જાય અને પોતે હીણો હોય તો એને એમ થાય કે અરે..! આ મોટો થઈ ગયો. મારે એના હાથ નીચે રહેવું પડે છે, એ કહે એમ કરવું પડે છે, એની આજ્ઞા ઉઠાવી પડે છે. કોઈ ઈન્દ્ર થાય અને કોઈ સામાન્ય દેવ થાય. એની આજ્ઞા ઉઠાવી પડે છે. ઓલા ભવે આ બધા આપણે સરખા હતા અને આ મોટો થઈ ગયો ને કાંઈક કાંઈક અંદર થાતું હોય છે. કોઈ એવા દેવ હોય કોઈની સભામાં આવવા ન દે કોઈને. અનેક જાતના વિકલ્પ એને થતા હોય છે. બહારનું કાંઈ દુઃખ નથી હોતું, પણ અંતરમાં એને માનસિક દુઃખ થતા હોય છે.

કોઈ દેવો એવા હોય (કે) કોઈક એના ઉપર સવારી કરે. દેવો એમ કહે કે તું આ સિંહ થઈ જાય, હાથી થઈ જા એના ઉપર સવારી કરે. એને અંદર દુઃખ થાય પછી. કેટલી અંદર અનેક જાતની આકુળતાઓ દેવને હોય છે. જે અંદર સમ્યગ્દૃષ્ટિ હોય છે એને અંદર શાંતિ હોય છે કે આ તો બધું બહારનું છે. પણ જેની દૃષ્ટિ એકત્વ છે, શરીરમાં એકત્વબુદ્ધિ, બધી રીતે પુણ્યમાં એકત્વબુદ્ધિ એને અંદર દુઃખ હોય છે. પોતાને ઋદ્ધિ પૂરી મળી ન હોય તો એનું એને દુઃખ થાય છે.

પ્રશ્ન :- સંયોગ ઉપર દુઃખનો આધાર રહ્યોને?

ઉત્તર :- સંયોગ ઉપર દુઃખનો આધાર નથી, પોતાની કલ્પના ઉપર છે. માનસિક મનની કલ્પના ઉપર દુઃખનો આધાર છે. બહારના સંયોગ તો એને બધા સરખા જ છે. અંતરમાં દુઃખી થાય છે.

પ્રશ્ન :- બધી વાતે બહારમાં સરખાઈ હોય તો શું દુઃખ?

ઉત્તર :- બધી વાતે સરખાઈ હોતી જ નથી. અને હોય એ માને તો અંદરમાં જોવે તો દુઃખ જ હોય છે. પોતાની ઈચ્છા પ્રમાણે કાંઈ થાતું જ નથી હોતું. આખા દિ'માં વિચારે તો પોતાની ઈચ્છા પ્રમાણે કાંઈ નથી થતું. વિચારતો નથી જોવે તો. ખાવાની ઈચ્છા થાય ત્યારે તાત્કાલીક ખાવા ન મળતું નથી. અનેક જાતનું અંદર

(દુઃખ હોય છે). કલ્પના કરે, અનેક જાતનું હોય છે. બહારમાં બધા સંયોગ સરખા નથી હોતા. શારીરિક દુઃખ, માનસિક દુઃખ અનેક જાતના દુઃખ હોય છે. બધી સરખાઈ કોઈને હોતી નથી. બહારથી દેખાવમાં હોય તો આંતરિક દુઃખ હોય છે એને.

પ્રશ્ન :- એ આંતરિક દુઃખ જોવું કેવી રીતે?

ઉત્તર :- વિચાર કરે તો દેખાય અંદર. વિચાર કરતો નથી અને બહારથી જાણે, હું બહુ સુખી થઈ ગયો એમ માને. બહારથી સુખ (માને છે). અંદરમાં જોવે તો ખબર પડે કે અંદરમાં કેટલું પોતાને દુઃખ કઈ કઈ જાતનું વેદાતુ હોય છે. કોક પોતાની આજ્ઞા ઉઠાવે, કોક ન ઉઠાવે, કોકને ઈષ્ટ લાગે, કોકને અનિષ્ટ લાગે, એનો ખેદ પોતાને થાતો હોય, એ બધું વિચારે તો ખબર પડે.

પ્રશ્ન :- અંદરમાં ભાસ તો થાય નહિ. અંદરમાં જે દુઃખ લાગે એનો ભાસ તો થાય નહિ પોતાને.

ઉત્તર :- થાય તો પોતે અંદર આગળ જવા પ્રયત્ન કરતો નથી. દુઃખનો ભાસ થાતો હોય તો.

પ્રશ્ન :- દુઃખનો ભાસ થાતો નથી.

ઉત્તર :- થાતો નથી. પોતે વિચારતો નથી. એને ક્યાં પોતાનું કરવું છે, આત્માનું. બહારનું બસ! આટલું મળ્યું બસ છે. ક્યાં એને લાગી છે આત્માની? બહારના પુણ્ય મળ્યા એમાં પડ્યું રહેવું છે. અંદરમાં ક્યાં એને કરવું છે તે જોવે અંદર.

પ્રશ્ન :- એવું દુઃખ ભાસે તો પાછું વળવાનું મન થાય?

ઉત્તર :- તો જ પાછો વળે કે આ તો દુઃખ છે તો સુખ શેમાં છે? સુખ અંતરમાં છે એમ ગોતે. પણ દુઃખ અંદરથી લાગવું જોઈએને. દુઃખ લાગતું નથી એને. અંદર વિચારે તો જરાય પોતાની ઈચ્છા પ્રમાણે કાંઈ થાતું નથી હોતું. થોડુંક સ્થૂળ દેખાય તો જાણે મારી ઈચ્છા પ્રમાણે થાય છે. એટલું અંદર લાગે તો આગળ જાય. એને લાગતી જ નથી કોઈ જાતની.

પ્રશ્ન :- શાસ્ત્ર વાંચવા બેસીએ અને લક્ષ ઘણી વાર બહાર જતું રહે છે.

ઉત્તર :- પોતાની રુચિ ઓછી છે એટલી. વારંવાર એણે મનને ફેરવીને વારેવાર વાંચનમાં ચિત્ત જોડવું જોઈએ, સારા વિચારોમાં ચિત્ત જોડવું જોઈએ. અનાદિનો અભ્યાસ છે એમાં જાય છે, એની રુચિ પોતાની ઓછી છે. શાસ્ત્ર સ્વાધ્યાયનો પ્રેમ

નથી પોતાને. રુચિ ઓછી છે. અનાદિનો અભ્યાસ છે બહાર જવાનો. બહાર સુખ માનીને બેઠો, પોતાની કલ્પના છે.

ઓલું આવે છેને? 'મૃગ તેરી સુવાસ સે ભયા વનચક્ર' તારી સુવાસથી બધું.. 'તે કલ કસ્તુરીની સુવાસ બહાર ફેલાય.' પણ તારી આગળ કસ્તુરી છે. તું જો તારામાં સુખ ભર્યું છે, બહાર ક્યાંય નથી. બહારથી સુખ માન્યું એ પણ ખોટું છે બધું. શાસ્ત્ર-સ્વાધ્યાયની પોતાને રુચિ નથી. અંદર આત્માનું કાંઈક કરવું એમ પણ રુચિ નથી. રુચિ હોય તો અમુક ટાઈમ તો એમાં એની લગની તો લાગવી જોઈએ અંદર જાણવાની (કે) શું આમાં કહે છે? શું વસ્તુ સ્વરૂપ છે? શું આત્મા છે? એક વિચાર કરે, એની લગની લાગે રુચિ હોય તો. લગની જ લાગી નથી પોતાને.

પ્રશ્ન :- ઊંડુ વિચારતો નથી એટલે એને દુઃખ લાગતું નથી, દુઃખ હોવા છતાં.

ઉત્તર :- ઊંડુ વિચારતો નથી એટલે દુઃખ લાગતું નથી એને. વિચારતો જ નથી. અંદર કેટલી જાતના ખેદ અને કેટલી જાતનું અંદર થાતું હોય છે. જોતો જ નથી કે મને શું થઈ રહ્યું છે. કેટલી ઈચ્છા પોતાની ઈચ્છા પ્રમાણે થાતું નથી હોતું, પણ વિચારતો નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવે' વાત બતાવી તો સાચી. અમે કહીએ સાચુ બધું. પણ ક્યાં કાંઈ સાચુ નથી બેસતું. ગુરુદેવે સાચી વાત બતાવી અને એવું લાગે છે ખરું, સાચુ છે. પણ અંદરમાં ભાસતું નથી.

ઉત્તર :- પોતે અંદરમાં જોવે તો ભાસે એને. સાચું લાગે પણ એનો પ્રયત્ન કરે તો ભાસેને. પ્રયત્ન કરતો નથી ને ઉપર ઉપરથી સાચું છે એમ લાગ્યું એ પણ ઠીક છે, પણ ઊંડુ અંદર પોતાને લાગવું જોઈએ. કઈ રીતે સાચું છે? કઈ અપેક્ષાએ સાચું છે? આત્મામાં સુખ છે. કેવી રીતે પોતે નક્કી કરવું? એ બધું સમજીને કરે તો અંદર ભાસેને. સમજ્યા વગર ખબર ક્યાંથી પડે?

પ્રશ્ન :- નિર્ણય પહેલા કરવો જોઈએ.

ઉત્તર :- કરવો જોઈએ. સાચો નિર્ણય કરવો જોઈએ.

પ્રશ્ન :- પરીક્ષા કરવાનું કહ્યું છે એટલે નિર્ણયની ખામીને લીધે પરીક્ષા નહિ કરતો હોય?

ઉત્તર :- શેની પરીક્ષા?

પ્રશ્ન :- તત્ત્વની સાચા ખોટાની.

ઉત્તર :- તત્ત્વની પરીક્ષા પોતાને અંદર એટલી લાગવી જોઈએ ને કે મારે સાચું

જ જોઈએ છીએ. સાચું શું છે એ નક્કી કરવું છે પોતાને. એટલી અંદર લાગવી જોઈએ તો પરીક્ષા કરેને? પરીક્ષા કરવાની પોતાને (લાગવી જોઈએ કે) મારે સત્યને શોધવું છે. એવું પોતાને લાગવું જોઈએ તો પરીક્ષા કરે. અંદરથી લાગવું જોઈએ કે સાચું શું છે? મારે આત્માનું કરવું છે. અહીં ક્યાંય શાંતિ દેખાતી નથી. ગમે તેમ કરું તોપણ કાંઈ સાચું અંદર મળતું નથી, કાંઈ શાંતિ થતી નથી. માટે સાચું શું છે એની પોતાને લગની લાગે તો સાચા-ખોટાની પરીક્ષા કરે. અંદર લાગવું જોઈએ. લગની લાગતી નથી. ક્યાંથી પરીક્ષા કરે?

ગુરુએ કેટલું સમજાવ્યું છે, પણ પોતે વિચાર કરીને નક્કી કરે તો થાય. આવા મહાભાગ્યે ગુરુ મળ્યા. સાચી વાત આમ તૈયાર કરીને આપી એમણે તો. બધો વિચાર કરીને, દોહન કરીને પોતે અંદરથી પરિણમીને સાચો માર્ગ બતાવ્યો. કેટલું સહેલું થઈ પડ્યું પછી પોતે જાગતો નથી અને નિર્ણય કરતો નથી તો પોતાની ખામી છે.

નહિતર પહેલા તો સાચું શું એ સમજવું. ગુરુ બતાવનાર હોય તો પોતાને કેટલું... ભલે ઉપાદાન પોતાનું પણ કેટલું એને સહેલું પડે છે. પહેલા તો બધા ક્રિયાઓમાં પડ્યા હતા, બધા ગોખવામાં પડ્યા હતા. એમાં સાચું શું ઈ ક્યાં એને સમજવાનો અવકાશ નહોતો. કોઈક વિચાર કરે તોપણ એને ક્યાં શોધવું મુશ્કેલ હતું. એને બદલે પંચમકાળે આવા ગુરુ મળ્યા, સાચું આ તૈયાર કરીને આપ્યું, એમનો આવો ઉપદેશ સાંભળ્યો, પછી સમજવાનું કેટલું સહેલું થઈ પડ્યું છે, પણ પોતે તૈયારી કરે તો થાય.

(પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! મંગળમૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૪ B

ઉત્તર :- આ બધું અહીં છે, અહીં છે એટલે કે અંદરમાં જુદું છે એમ.

પ્રશ્ન :- સમજાતું નહોતું એટલે 'ગુરુદેવ'ને પૂછ્યું આનો અર્થ શું થાય?

ઉત્તર :- અંદર શુદ્ધ છે શુદ્ધાત્મા ... શ્રદ્ધા તો બરાબર કર 'ગુરુદેવ' એમ કહેતા કે આ બધા પુણ્યબંધ છે, પુણ્ય બંધાય, પણ કરવાનું અંદર જુદું છે. અંદર જ્ઞાયક ઓળખવો અને આ વિકલ્પથી હું છૂટો છું એવી શ્રદ્ધા કરવી. છૂટો ભલે પછી

પડે પણ પહેલી શ્રદ્ધા તો કર. તારી શ્રદ્ધા જો ખોટી હશે કે પુણ્યથી બંધ થાય, આ શુભભાવથી પુણ્ય થાય અને એ પુણ્યમાં જો પડ્યો રહે, ભલે પુણ્ય તો આવે પણ તું અંદર શ્રદ્ધા તો બરાબર કર. શ્રદ્ધા ખોટી હશે તો બધું ખોટું થશે. એક ઘડો ઊંધો બધું ઊંધું થાશે. શ્રદ્ધા તો સાચી કર. એમ. શ્રદ્ધા સાચી હોય તો એ બાજુ વળશે કોક દિ' કે કરવાનું અંદર ભેદજ્ઞાન કરવું, જુદું પડવું એમ પ્રયત્ન કરશે, પણ શ્રદ્ધા જ ખોટી હશે તો ખોટું થાશે.

પ્રશ્ન :- અહીંયાં આવતા પહેલાં વર્ષોથી 'સમયસાર' વાંચુ છું પણ મળતું નહોતું. એ વાંચ્યું ત્યારે તો એવું લાગ્યું કે અહો..!

ઉત્તર :- (જાગ્યા) ત્યારથી સવાર. યોગ નહોતો બનવાનો તો ન બન્યો, શું થાય? ટેપમાં પણ સાંભળવાનું મળ્યું. 'સમયસાર' વાંચવાથી પણ શ્રદ્ધા ફરી ગઈ. પછી 'ગુરુદેવ'ની વાણી ટેપમાં સંભળાય. બીજું શું થાય? સાક્ષાત્‌ની તો એક જુદી જ વાત હોય છે પ્રત્યક્ષની તો, પણ યોગ ન થયો તો પછી જ્યારે પોતે જાગ્યો ત્યારે સવાર.

પ્રશ્ન :- બહેનશ્રી સાક્ષાત્ મળી ગયા. બહેનશ્રી સાક્ષાત્ મળી ગયા.

ઉત્તર :- 'ગુરુદેવ' તો ...

પ્રશ્ન :- પહેલી વાર સાંભળી, શુદ્ધભાવની વાત આવી. અહીંયા આવીને ખબર પડી. ... સાંભળી વાત શુદ્ધભાવની.

ઉત્તર :- શુદ્ધભાવ જુદો પાડતા 'ગુરુદેવ' જ (સમજાવ્યું). કોઈ નહોતું સમજતું. સંપ્રદાયની અંદર કોઈ નહોતું સમજતું. શુદ્ધભાવ જુદો છે.

પ્રશ્ન :- જૈનોમાં પણ નહોતું પછી બીજે ક્યાં, શુભ કર્યા કર્યો... શુભ કર્યા કરો.

ઉત્તર :- શુભ કર્યા કરો. પછી કેટલાક સમજે નહિ તો કહે, શુભ પણ છોડી દે. શુદ્ધ પણ થાય નહિ. કાંઈ ન થાય. પણ શ્રદ્ધા બરાબર રાખવી. અશુભભાવથી બચવા શુભમાં જોડાય, પણ શ્રદ્ધા તો શુદ્ધની રાખવી. એટલે અંદર પોતાને વિચાર કાંઈક ખટક રહે કે કરવાનું જુદું છે, આમાં સર્વસ્વ નથી, કરવાનું અંદર જુદું છે. અંદર આત્મા ઓળખવાનો છે, ભેદજ્ઞાન કરવાનું છે. શ્રદ્ધા તો બરાબર રાખવી. 'ગુરુદેવ' ખાસ કહેતા હતા.

પ્રશ્ન :- આખી દૃષ્ટિ જ ફેરવી નાખી.

ઉત્તર :- દૃષ્ટિ જ ફેરવી નાખી.

પ્રશ્ન :- આ બાજુ હતી તે આમ ફરી ગઈ.

ઉત્તર :- હા. દૃષ્ટિ જ ફેરવવાની.

પ્રશ્ન :- બહેનશ્રી! આપની પાસેથી ઓલી જાત્રાની એકવાર વાત સાંભળીને પછી અમે પાવાગઢ ગયા ને પછી બહુ આનંદ આવ્યો કે જો લક્ષ બરાબર હોય તો એ પણ લાભકારક છે.

ઉત્તર :- કેવા અહીંયાં બધાએ પુરુષાર્થ પામ્યા, કેમ કેવળજ્ઞાન પામ્યા, આ તીર્થોની અંદર, એટલે આ તીર્થ કહેવાય છે. એટલે અહીંયાં ભાવ એવા કરે તો એવા ભાવ આવે.

પ્રશ્ન :- આપની પાસેથી સાંભળ્યા પછી જાત્રામાં ગયા ત્યારે અમને એમ લાગ્યું કે ખરેખર આ તો એટલું વચન સાંભળીને ગયા તો એમાં, પંડિતજી! એવું લાગવા માંડ્યું કે આ લક્ષપૂર્વક આવું થતું નહોતું.

ઉત્તર :- (શક્તિ) તારામાં છે. ભગવાનને બધું પ્રગટ થઈ ગયું છે અને તારે આત્મામાં બધું શક્તિમાં છે. એટલે પ્રયત્ન કર તો પ્રગટ થાય. તું શક્તિ અપેક્ષાએ ભગવાન જ છો. એટલી અંદર પોતાને પ્રતીત બેસવી જોઈએને કે હું ભગવાન જેવો છું. કેવળજ્ઞાની ભગવાનમાં જેટલું પ્રગટ થયું છે કેવળજ્ઞાન, આનંદ, એ બધું શુદ્ધ સ્વરૂપે પરિણમી ગયા છે એ બધું સ્વરૂપ આત્મામાં છે પણ શક્તિમાં છે. પોતે પ્રયત્ન કરે તો પ્રગટ થાય. શક્તિમાં જો ન હોય તો પ્રગટ થાતું નથી. એના મૂળમાં હોય તો જ પ્રગટ થાય છે. બીજમાં જે હોય એ જ વૃક્ષ થાય છે. એના મૂળિયામાં જ બધું પડેલું છે. કેવળજ્ઞાન, અનંતઆનંદ, ચારિત્ર બધું અંદરમાં અનંતબળ એની શક્તિમાં છે. એની મૂળ શક્તિમાં હોય તે જ પ્રગટ થાય છે. અને દરેક આત્મામાં એવી અનંત શક્તિઓ પડી છે. એટલી પોતે પ્રતીત કરવી જોઈએ. એટલી અંદર મહિમા આવવી જોઈએ પોતાને કે હું આત્મા ભગવાન જેવો છું.

પ્રશ્ન :- એ પ્રગટ કરવાની વિધિ શું?

ઉત્તર :- પ્રગટ કરે પોતે, અંદર એની મહિમા આવે તો પ્રગટ થાય. એનું સ્વરૂપ ઓળખે તો પ્રગટ થાય. એનું સ્વરૂપ ઓળખવું જોઈએ કે હું તો આવા અનંતગુણ નિધિથી ભરેલો છું. એનો વિશ્વાસ આવવો જોઈએ. એનું ભેદજ્ઞાન કરે કે આ શરીર તે હું નથી. આ તો પરદ્રવ્ય છે. વિકલ્પ અને આકુળતા બધી થઈ રહી એ મારું સ્વરૂપ નથી. જેવા સિદ્ધ ભગવાન છે નિર્વિકલ્પસ્વરૂપે એવું જ મારું સ્વરૂપ છે. એવું નક્કી કરીને આ વિકલ્પોથી ભેદજ્ઞાન કરે અને આત્માને દૃષ્ટિમાં રાખે કે હું તો

આવો ભગવાન જેવો છું.

એને વારંવાર-વારંવાર. વારંવાર-વારંવાર એનું રટણ કરે, એને ઓળખ્યા કરે, એનું ભેદજ્ઞાન કરે કે આ વિકલ્પ તે હું નથી. એકત્વબુદ્ધિથી હું અને વિકલ્પ બે એક છીએ. શરીર અને આત્મા બે એક (છીએ એમ) એને એકત્વબુદ્ધિ થઈ રહી છે. આત્મા જુદો દેખાતો નથી. એવો આત્માને જુદો તારવી લે. એનો પ્રયત્ન કરે. એનું ભેદજ્ઞાન કરે તો થાય. વારંવાર-વારંવાર એની રુચિ, મહિમા એનું જ્ઞાન નિર્ણય બધું વારંવાર કર્યા કરે. એકવાર જરાક કરી લીધું પછી છોડી દે એમ નહિ. એનું વારંવાર રટણ થવું જોઈએ.

પ્રશ્ન :- મન-વચન-કાયાના યોગનું શું તે વખતે?

ઉત્તર :- મન-વચન-કાયાના યોગ છે એ કાંઈ મારું સ્વરૂપ નથી. આ શરીર તો જડ છે. અંદર મન છે, એ વિકલ્પ આવે એ વિકલ્પ સાથે રાગ જોડાયેલો છે. એ રાગ મારું સ્વરૂપ નથી, હું એનાથી જુદો છું. આ વાણી તે પણ જડ છે. વાણી કાંઈ મારું સ્વરૂપ નથી. એનાથી જુદો પાડે પોતાને. જે રાગ થાય એને પુરુષાર્થની મંદતાએ પોતે જોડાય છે. એના મૂળ સ્વરૂપમાં રાગ નથી. તેમ રાગ કાંઈ જડ કરતો નથી. રાગ પોતાની મંદતાને લઈને થાય છે. હું એનાથી જુદો છું, આ મારું સ્વરૂપ નથી. એમ કરીને પોતા તરફ પોતાને વાળે કે હું તો જ્ઞાયક જાણનારો છું. એટલે એના રાગ-દ્વેષ મંદ પડે. એનાથી જુદો જાણે પોતાને. એમ રાગને વિકલ્પ કરીને છોડવા માગે તો એમ છૂટે નહિ, પણ મારું સ્વરૂપ જ નથી. હું એનાથી જુદો છું.

સ્ફટિક જેમ સ્વભાવે નિર્મળ છે. એમાં લાલ, પીળું બધું દેખાય. એ એના ફૂલના નિમિત્તે દેખાય, પણ એનો જે પ્રભા પડે છે એ સ્ફટિકની યોગ્યતા છે. એ કાંઈ ફૂલ પરાણે એમાં નથી ઘૂસી જતું પણ સ્ફટિકની યોગ્યતાને લઈને અંદર પ્રતિબિંબ દેખાય છે. પણ મૂળ સ્ફટિક છે એ પોતે લાલ થાતું નથી. એનો સ્વભાવ લાલ થાતો નથી કે સ્વભાવ કાળો થાતો નથી.

એમ આત્મા મૂળ સ્વભાવે તો એવો નિર્મળ છે, પણ એને પુરુષાર્થની મંદતાએ રાગ ને દ્વેષ ને એ બધી કાલીમા થાય છે. પણ એ મારું સ્વરૂપ જુદું છે. એમ જુદું છે એમ વારંવાર એનો પ્રયત્ન કર્યા કરે. એને ભૂલીને વારંવાર અંતરમાંથી (પ્રયત્ન કરે), ઉપર ઉપર ગોખવા પૂરતું એ ઠીક છે, પણ અંતરમાંથી, આ મારું સ્વરૂપ નથી. હું એનાથી જુદો છું, હું એનાથી જુદો છું. વારંવાર હું તો ચૈતન્ય જ્ઞાયક મહિમાવંત છું. એમ વારંવાર એનાથી જુદો પાડવાનો પ્રયત્ન કરે.

પછી શરીરની ક્રિયા થાય, બોલે, વિકલ્પ આવે, પણ આ મારું સ્વરૂપ નથી. હું એનાથી જુદો છું. એમાં જુદો છું. હું તો જ્ઞાયક છું, મારું આ સ્વરૂપ નથી, હું તો જ્ઞાયક છું. વારંવાર એનો પ્રયત્ન (કરે). પણ એ બોલવા પૂરતું નહિ, અંદર એની મહિમા આવે તો થાય. એટલી વિરક્તિ આવવી જોઈએ. વિકલ્પ ને આકુળતા ને બધું. બહારની મહિમા છૂટી જાય. અંદરથી ચૈતન્યની મહિમા આવે તો વિરક્તિ આવે, અંદર વૈરાગ્ય આવવો જોઈએ. અને સાચું જ્ઞાન સાથે હોવું જોઈએ કે આ જે જ્ઞાનલક્ષણ તે જ હું છું. આ જડલક્ષણ હું નથી. આ જ્ઞાનલક્ષણ તે જ હું છું. એમ એને થાવું જોઈએ. વારંવાર જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખી વારંવાર એનો પ્રયત્ન કર્યા કરે. એની રુચિ, એની મહિમા, એનું જ જ્ઞાન, નિર્ણય અને વારંવાર એનો પ્રયત્ન (કરે) તો થાય.

પ્રશ્ન :- પૂજ્ય ભગવતી માતા! હું આવ્યો અને અહીંયા બાર દિવસ થયા. આપના હંમેશા દર્શનનો લાભ થાય છે, મળે છે. બે દિવસ પાલીતાણા મારી દીકરી સાથે ગયો હતો. દસ દિવસ પછી તમારા દર્શન થાય છે. એવી રીતે સાંજે રાત્રી ચર્ચામાં હિંમતલાલભાઈ અને બધા સાધર્મી ભાઈઓ, તેમજ ચંદુભાઈનું જે વાંચન હોય છે એમાં ... હું પાછી યાચના કરું છું અથવા વિનંતી કરું છું કે આ શેષ જીવન બાકી રહ્યું છે કે એક તો ભયંકર અકસ્માતમાંથી બચ્યા તો અહીંયાં આ દર્શનનો લાભ મળ્યો. હવે અહીંથી જતા પહેલા એક મારી આપને નમ્ર વિનંતી છે કે જતા પહેલા હૃદયમાં કોતરાય જાય એવું આપ તરફથી માર્ગદર્શન મળે કે હવે આત્માને, આ વાતો તો થાય છે એ બધી આત્માની જ થાય છે અને તમે જે કહો છો એ પણ સાંભળવામાં આવે છે, છતાં ફરી ફરીને હું આપને વિનંતી કરું છું કે એવું કાંઈક માર્ગદર્શન આપો કે જે હંમેશ માટે કોતરાય જાય અને કંઈ આ શેષ આયુષ્ય જે બાકી રહ્યું છે એ પહેલા, આ દેહ છૂટે એ પહેલા કાંઈક આત્માનું કરી લઈએ અને મનુષ્યભવની સફળતા મળે એવું આપ કાંઈક કહો.

મુમુક્ષુ :- કોતરાયા પહેલા જાવું જ નહિ.

ઉત્તર :- બધું એ જાતનું જ કહેવાય છે. કરવાનું પોતાને છે. માર્ગ તો એક જ છે, બીજો કોઈ (માર્ગ નથી). 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ તો એક જ છે. કરવાનું પોતાને બાકી રહી જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી અને ભેદજ્ઞાન કરવું એ એક જ એનો માર્ગ છે. આ ચૈતન્ય હું શાશ્વતો આત્મા જ્ઞાન-આનંદ-ચિદાનંદસ્વરૂપ હું જ્ઞાયક છું. એ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરીને એની સાથે ભેદજ્ઞાન

(કરે) કે આ બહારનું જે સ્વરૂપ છે, આ વિકલ્પ-આકુળતા તે મારું સ્વરૂપ નથી, હું એનાથી જુદો છું. માર્ગ એક જ છે. એનું કાંઈ ઝાઝું સમજે તો માર્ગ મળે એવું નથી, ઝાઝું વાંચે તો મળે એમ નથી. મૂળ એનું રહસ્ય સમજવું જોઈએ તો થાય.

શીવભૂતિ મુનિ ઝાઝું ક્યાં સમજવા ગયા નહોતા. એને યાદ પણ રહેતું નહોતું. ગુરુએ મારુષ-માતુષ કીધું હતું એ ભૂલી ગયા, યાદ નહોતું કે મારા ગુરુએ શું કીધું. તો ઓલી બાઈ દાળ ને ફોતરા જુદા પાડતી હતી. તો કહે મારા ગુરુએ આમ કીધું (હતું) દાળ જુદી અને ફોતરા જુદા. એટલે દાળસ્વરૂપ મારો આત્મા. કસ્તુરના ફોતરા રાગ-દ્વેષ છે. એ જુદા છે. એમ મારા ગુરુએ કીધું હતું. એમ આશય સમજી લીધો. એ આશય સમજીને અંદર એવા ઉતરી ગયા કે બસ! હું તો આત્મા જ્ઞાયક, આ બધું હું નથી. એનાથી એવા જુદા પડ્યા... એવા જુદા પડ્યા... કે અંતરમાં એવા લીન થઈ ગયા. ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરીને એવા લીન થઈ ગયા. સમ્યગ્દર્શન-જ્ઞાન ને ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. એ કરવાનું પોતાને રહે છે. માર્ગ તો એક જ છે. પછી એને મટે બધું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ એ બધું સાથે સાથે સમજવાનું રહે છે. મુક્તિનો માર્ગ શું? સ્વાનુભૂતિ શું? કેવળજ્ઞાન શું? મુનિદશા શું? એ બધું સમજવાનું રહે છે. પણ મૂળમાર્ગ તો આ જ છે.

भेदविज्ञानतः सिद्धाः सिद्ध ये किल केचन. જેટલા સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા છે. જે નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. 'સમયસાર'માં આવે છે. એટલે મૂળમાર્ગ તો એક જ છે. બધા વિકલ્પની જાળ (તે મારું સ્વરૂપ નહિ). પહેલા તું નિર્ણય કર કે હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું. એને નક્કી કર કે હું તો જ્ઞાન જ છું. પછી એમાં આ શુદ્ધ છું, અશુદ્ધ છું. પહેલા નિર્ણય કર કઈ અપેક્ષાએ શુદ્ધ? કઈ અપેક્ષાએ અશુદ્ધ? કઈ અપેક્ષાએ નિત્ય? કઈ અપેક્ષાએ અનિત્ય? એની અપેક્ષાઓ બધી સમજી અને પછી નયપક્ષનો અંતરમાં નિર્ણય કર (કે) હું જ્ઞાયક છું. આ વિકલ્પ મારું સ્વરૂપ નથી. એ બધા રાગ અને દ્વેષ થાય છે. એ બે પક્ષો થાય. એ બધા વિકલ્પથી અતિક્રાંત થઈ જા. અંદર જ્ઞાયકમાં ઉતરી જા. એ એક જ માર્ગ છે. પણ પહેલા એ બધું સમજવા માટે આવ્યા વગર રહેતું નથી.

શુદ્ધતા કઈ અપેક્ષાએ, અશુદ્ધતા કઈ અપેક્ષાએ, એ બધો નિર્ણય કરીને પછી તું જ્ઞાયકનો નિર્ણય કર. પછી તારી બુદ્ધિ જે બહાર વિકલ્પની જાળમાં જાય છે એનાથી તું અંદર સમાઈ જા તો વિકલ્પ તૂટશે. અને ન થાય ત્યાં સુધી વારંવાર એનો પ્રયત્ન કર કે હું આ જ્ઞાયક જ છું અને આ મારું સ્વરૂપ નથી. રાગ-દ્વેષ આ

બધી આકુળતા મારું સ્વરૂપ નથી. એનાથી જુદો પાડવાનો પ્રયત્ન કર્યા કર. એ જુદો ન પડે ત્યાં સુધી પ્રયત્ન કર. આ ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવુ? એમ આવે છે. કે ચૈતન્ય ચૈતન્યમાં લીન ન થઈ જાય એટલે કે બે અર્થ કર્યા કે સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી અથવા પૂરું કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી. એટલે પહેલેથી શરૂઆત ત્યાંથી થાય છે. શાસ્ત્રમાં પણ એ જ આવે છે. પૂર્ણતા સુધી આ જ આવે છે.

પ્રશ્ન :- ન પકડાય ત્યાં સુધી ખામી આપણા પોતામાં છે.

ઉત્તર :- પોતાની ખામી છે. નથી થાતું (એ) પોતાની ખામી છે. તો એમાં આકુળતા ન કરવી, ધીરજ રાખવી. પોતે ભાવનાથી, ઉત્સાહથી પ્રયત્ન કર્યા કરે. ન થાય તો શાંતિ રાખવી. આકુળતા અને મૂંઝવણ કરવાથી થાતું નથી. શાંતિ અને ધીરજથી, પોતાની ભાવનાથી, ભાવનાની ઉગ્રતાથી કર્યા કરે.

જે ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે. પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ છે એવું જ પોતાનું છે. ભગવાન ચૈતન્યદ્રવ્ય અનંત ગુણોથી ભરપુર, એમની પર્યાયો બધી શુદ્ધ પર્યાયો પ્રગટ થઈ. એવું જ મારું સ્વરૂપ છે. પોતાને ઓળખે પણ એટલું પોતાને અંદર એટલો સમજવાનો પ્રયત્ન કરે તો થાય. પણ મૂળ તો આ જ છે—દ્રવ્યદૃષ્ટિ કરીને ભેદજ્ઞાન કર. એનો પ્રયત્ન એમ ને એમ રાખ્યા કર. મહિમાથી, સુકુ થઈ જાય એવી રીતે નહિ. જ્ઞાન છે જ્ઞાન છે એટલે સૂકુ જ્ઞાન એમ નહિ. એ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર છે એ જ્ઞાન. એની મહિમાથી અને વિરક્તિ બીજા પરપદાર્થથી, વિભાવથી વૈરાગ્ય લાવીને અંતરમાં જ્ઞાયકસ્વભાવનો બરાબર નિર્ણય કરે, એનો પ્રયત્ન કર્યા કર. એમાં થોડું કરે અને પછી થાકી જાય કે કાંઈ થાતું નથી, તો એમ નહિ. એમ ને એમ કર્યા કર. માર્ગ એક જ છે.

પ્રશ્ન :- રુચિ હોય તો એને વેગ આપે ને?

ઉત્તર :- રુચિ વેગ આપે. જેમ રુચિ વધારે હોય એમ પોતે વધારે પુરુષાર્થ કરે. રુચિ મંદ થાય તો પુરુષાર્થ પણ મંદ થાય. અંદરની રુચિ જોઈએ આત્મા તરફની કે આત્મા અહો! કોઈ અનુપમ છે, આશ્ચર્યકારી છે. એની રુચિ લાગે, એનો પ્રેમ લાગે તો થાય. આત્મા પ્રગટ થયા વગર ક્યાંય ચેન પડે નહિ. એની લગની લાગે, દિવસ ને રાત એની જ લગની લાગે. એના વગર ચેન પડે નહિ.

ઓલું આવે છેને? અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોના જાણીને, વળી જાણીને દુઃખકારણો એનાથી નિવર્તન જીવ કરે. બધું આસ્રવોનું સ્વરૂપ આત્માથી

વિપરીત છે, અપવિત્ર છે, દુઃખના કારણો છે. દુઃખનું ફળ છે, બધું દુઃખસ્વરૂપ છે. એનાથી પોતે જુદો પડે. હું સુખસ્વરૂપ છું, હું નિરાકુળ છું, મારામાં આનંદ ભરેલો છે. પોતાનું સ્વરૂપ અને વિભાવનું સ્વરૂપ જાણીને છૂટો પડે. 'ગુરુદેવે' કેટલું કીધું છે અને ઘણું આવે છે. કરવાનું પોતાને છે.

પ્રશ્ન :- 'ગુરુદેવે' પહેલું કહ્યું કે તું પરમાત્મા છો એ પહેલો નિશ્ચય કર. પણ તમે પરમાત્મા છો એટલું તો...

ઉત્તર :- એ તો નિર્ણય કરવા દ્યો એમ કહે છે. તું પરમાત્મા છો એમ 'ગુરુદેવ' કહેતા. અરે..! ભગવાન તમે પરમાત્મા છો એ તો મને નિર્ણય કરવા દો. પણ એ ભગવાન પરમાત્મા એવો નિર્ણય ક્યારે થાશે? કે તું પરમાત્મા છો એવો તને નિર્ણય થાશે ત્યારે આ ભગવાન પરમાત્માનો તને નિર્ણય થાશે. 'ગુરુદેવ' બહુ પડકારથી બોલે છે.

પ્રશ્ન :- સવારે ચાર વાગે ટેપ સાંભળીને હું તો આવી જ ગયો. પછી રોજ એ જ યાદ કરું છું.

ઉત્તર :- અહીં પહેલા કાંઈક એવો પ્રસંગ હોયને ત્યારે ટેપ વાગતી હતી.

પ્રશ્ન :- સમ્યક્ જયંતિ વખતે આવ્યા હતાને, ત્યારે એ વગાડ્યું હતું. ચાર વાગે એવો જગાડી દે મને.

ઉત્તર :- કેવા પડકારથી બોલતા હતા! તું પરમાત્મા છો એમ નક્કી કર. ભગવાને કીધું છે. સમવસરણમાં સભામાં ગણધરો, ઈન્દ્રોની સમક્ષમાં ભગવાનની વાણીમાં આવ્યું છે કે તું પરમાત્મા છો.

પ્રશ્ન :- શેષ જીવન અહીં ગાળવાની ભાવના છે. મકાન લેવાની ને એવી બધી ભાવનાઓ છે.

ઉત્તર :- સારું. 'ગુરુદેવ' જાણે આવીને કહેતા હોય ને એવું લાગે. એ ટેપ જોરથી વાગે છે. એવું લાગે. ભગવાનના સમવસરણમાં આમ આવ્યું છે એમ બોલે છેને એટલે. ઈન્દ્રો ને બધા ગણધરોની ઉપસ્થિતિમાં, એની હાજરીમાં ભગવાને કીધું છે કે તું પરમાત્મા છો એમ નક્કી કર. પણ ભગવાન તમે પરમાત્મા છો એ તો મને નક્કી કરવા દયો. એમ કહે છે.

પ્રશ્ન :- સ્વર્ગમાંથી આવીને જાણે કહેતા હોય!

ઉત્તર :- જાણે આવીને કેમ કહેતા હોય એવું લાગે.

પ્રશ્ન :- એક વાત આપ કહો છોને, નવું કાંઈ જાણવાનું નથી. જે છે, વસ્તુ તો

એક જ છે અને એક જ માર્ગ છે. નવું નવું જાણે એટલે કાંઈ એથી ...

ઉત્તર :- એક જ માર્ગ છે. નવું નવું જાણે એટલે કાંઈ માર્ગ હોય એવું નથી. એ તો જ્ઞાનની નિર્મળતા થાય, વધારે પોતાને સ્પષ્ટતા થાય, પણ પ્રયોજનભૂત પહેલા જાણે અને જો પ્રયત્ન કરે તો એ માર્ગ જ છે. પ્રયોજનભૂત જાણી લેવું.

પ્રશ્ન :- એ તો અનુભૂતિ હોય તો નવું જાણતા નિર્મળતા થાય. નહિતર પંડિતાઈ ... કે નહિ?

ઉત્તર :- જેવો પોતાનો હેતુ હોય એમ થાય. જો આત્માર્થના હેતુએ શાસ્ત્ર-સ્વાધ્યાય અને બધા વિચારો કરે આત્માના હેતુએ તો પંડિત તરફ ન જાય. પણ પંડિત થવાનો હેતુ હોય કે મારે વાંચીને પછી બધાને સંભળાવીને બધી પ્રશ્ન ચર્ચા કરવી છે—એવો જાણવાનો હેતુ હોય તો પંડિતાઈ તરફ જાય. પણ એવો હેતુ ન હોય. મારે મારા આત્મા ખાતર જાણવું છે. 'ગુરુદેવ'નો શું આશય હતો? મારે વધારે વધારે નિર્ણય કરવો છે. એવો જો હેતુ હોય તો પંડિતાઈ તરફ ન જાય. પણ હેતુ હોય કે મારે ભણીને પછી બધાને કહેવું છે, એવો જો હેતુ હોય તો પંડિતાઈ તરફ જાય છે. પોતાનો હેતુ હોય એ પ્રમાણે થાય. આત્માર્થી હોય. પોતાના પ્રયોજન માટે હોય તો પંડિતાઈ તરફ ન થાય. પ્રયોજન જો બહારનું હોય લૌકિક માનનું તો પંડિતાઈ તરફ જાય. એવું છે.

મુમુક્ષુ :- નિર્મળતા વધે.

પ્રશ્ન :- નિર્મળતા ક્યાંથી વધે? નિર્મળતા તો આવે, અનુભૂતિ હોય તો.

ઉત્તર :- સ્વાનુભૂતિ હોય એ જુદી વાત છે પણ..

પ્રશ્ન :- મૂળ અંદરના અભિપ્રાયની જ કિંમત છે.

ઉત્તર :- અભિપ્રાય ઉપર છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! ... મુક્ત પૂજ્ય ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૪ C

ઉત્તર :- ત્યાં 'જામનગર'માં કોઈ વાંચે છે કે ટેપ ચાલે છે મંદિરમાં?

પ્રશ્ન :- દરરોજ સવારે એક કલાક 'ગુરુદેવ'ની ટેપ જ મુકાય છે કાયમ. પણ

સવારની પ્રવૃત્તિ દોઢ-બે કલાકની રહે મંદિરની. પછી આપણે જે ઘરે કરીએ ઈ.

ઉત્તર :- ઠીક.

પ્રશ્ન :- હમણાંથી બે વર્ષથી પજોસણમાં પણ આમ બહુ ઉત્સવ જેવું ન લાગે અમને.

ઉત્તર :- અહીંના વાત તો આખી જુદી જ છે. અહીં તો બધું દિવસથી ઉઠીને આ જ પ્રોગ્રામ. 'ગુરુદેવ'ની ટેપ ને પૂજા ને. બહારગામ ટેપ ચાલે પણ બધા ઘણા કહે છે કે અહીંની ટેપનું...

પ્રશ્ન :- પ્રત્યક્ષ 'ગુરુદેવ' બેઠા હોય એવું જ લાગે છે.

ઉત્તર :- એવું લાગે છે.

પ્રશ્ન :- .. સાંભળે તો એમ થાય કે 'ગુરુદેવ' જ...

ઉત્તર :- બોલતા હોય એવું લાગે.

પ્રશ્ન :- ત્યાં રોજ અમે ટેપ સાંભળીએ પણ જે અહીંયાનો આખો રણકાર...

ઉત્તર :- રણકાર જુદો લાગે.

પ્રશ્ન :- માતાજી! એ દિવસ આપે કહ્યું હતું કે માણસ અહીં આવીને ઊભા રહે છે, આગળ વધતો નથી. એની રુચિની કાંઈક ખામી છે. ખટકવા છતાં આગળ કેવી રીતે વધાય?

ઉત્તર :- શું કીધું?

પ્રશ્ન :- તમે કીધું આગળ વધવા માટે રુચિમાં ખામી છે કાંઈક ખટક નથી, તો એના માટે શું કરવું?

ઉત્તર :- કરવું બધું પોતાને જ પડે છે. એનું શું કરવું એ પોતાને જેને જિજ્ઞાસા હોય, જેને આત્માનું કરવું જ છે એમ નક્કી કર્યું હોય કે મારે આત્માનું કલ્યાણ કરવું જ છે, મારે ભવનો અભાવ કેમ થાય એ કરવું જ છે તો એને ખટક થયા વગર રહેતી જ નથી. પોતાને જો ભવથી છૂટવું છે એને આત્માને પ્રાપ્ત કરવો છે તો એને ખટક અને રુચિ થયા વગર રહેતી જ નથી. પોતાને જો નક્કી હોય તો.

પ્રશ્ન :- તમે કીધું વારંવાર .. રુચિ રહેતી નથી. રુચિ તો એ જ રહે છે પણ કેવી રીતે આગળ વિશેષ...

ઉત્તર :- આગળ પોતે કરે તો થાય. એટલી અંદર લગની લાગવી જોઈએ, એટલા વિચાર થાય, નક્કી કરે કે આ જ કરવાનું છે, કર્યે જ છૂટકો છે. વહેલું-મોડું આ કરે તો જ સુખની, આત્માની પ્રાપ્તિ થવાની. આત્મામાંથી સુખ મળવાનું છે,

બહારથી કાંઈ મળવાનું નથી. વહેલું-મોડું ગમે ત્યારે થાય પોતાને જ કરવાનું છે, કોઈ કરી દેવાનું નથી કાંઈ. એને વિચાર કરીને નક્કી કરે, મહિમા લાવીને નક્કી કરે, રુચિ વધારીને કરે, વિરક્તિ લાવીને નક્કી કરે, તત્ત્વના વિચાર કરે, ગમે એ રીતે નક્કી કરે કે આત્મા જ્ઞાનસ્વભાવ છે. આ બધું મારું સ્વરૂપ નથી. ગમે એ રીતે પોતે જ કરવાનું છે. પોતાને જ્યાં રુચિ લાગે તે કરે. કરવાનું એક જ છે. બહારમાં ક્યાંય નથી, અંતરમાં જ છે.

પ્રશ્ન :- નિરંતર એમાં જ રહેવું જોઈએ. બીજો વિકલ્પ લાવવો ન જોઈએ.

ઉત્તર :- હા. એમાં જ રુચિ, એની લગની, એનું જ વારંવાર મનન, ચિંતવન, વિચાર. એની જ મુખ્યતા રાખે તો થાય. બીજું બધું ચાલ્યા જ કરે છે, પણ મુખ્યતા આત્માની રાખવી. કોઈ આત્મા કરતા કોઈ વધી ન જાય. બહારની કોઈમાં એને વિશેષ મહિમા લાગે નહિ. એક આત્મા અને એક દેવ-ગુરુ-શાસ્ત્ર. એના સિવાય બીજું કાંઈ એને વધી ન જાય. લૌકિકમાં રસ ન વધી જાય, લૌકિકના કાર્યમાં અતિશયતા થઈ ન જાય. એ આત્માની મુખ્યતામાં રહે, આત્માનું જ કરવું છે. એની સાથે જિનેન્દ્રદેવ-ગુરુ-શાસ્ત્ર એ સિવાય એને કાંઈ વધી ન જાવું જોઈએ એની રુચિમાં-મહિમામાં.

પ્રશ્ન :- ઉપયોગ બીજે વયો જાય છે એટલે જ પાછો ફર્યા કરે.

ઉત્તર :- તો ફેરવ્યા કરે ઉપયોગ જાય તો. અનાદિના સંસ્કાર છે (એટલે) ઉપયોગ જાય બીજે તો ફેરવ્યા કરે એને. મારે મારું જ કરવું છે. આત્મા કોણ છે? એ વસ્તુ શું છે? એના ગુણ શું છે? એની પર્યાય શું છે? એનું ભેદજ્ઞાન કેમ કરવું? આ વિભાવ શું છે? સ્વભાવ શું છે? એ બધું નક્કી પોતે પોતાથી કરે. પોતાની રુચિ વધારે. મારે આત્મા સિવાય ક્યાંય બીજામાં ક્યાંય વિશેષતા નથી એમ એને લાગવું જોઈએ. અને એના સાધનોમાં જિનેન્દ્રદેવે જે પ્રાપ્ત કર્યું પૂર્ણતા આત્માની, ગુરુ સાધના કરે, શાસ્ત્રોમાં એ સ્વરૂપ બતાવે છે—એની એને મહિમા આવે. આત્માની મહિમા.. આત્મા પ્રાપ્ત કરવો છે. બીજી કોઈ મહિમા એને વધી ન જાય. ત્યાં ઉપયોગ જાય તો એ ફેરવ્યા કરે.

પ્રશ્ન :- અશક્ય નથી. નિરંતર એમાં રહેવું જોઈએ.

ઉત્તર :- એ કાંઈ અશક્ય નથી કે થાય નહિ એવું નથી. થઈ શકે એવું છે. પોતે કરે તો થાય એવું છે. અનંતા જીવોએ પ્રાપ્ત કર્યું છે, ગયા કાળે અનંતા થયા. વર્તમાન 'ગુરુદેવ'ને બધા ભવિષ્યે થવાના. બધું આત્મામાંથી પ્રાપ્ત થાય એવું છે.

પ્રશ્ન :- માતાજી! માર્ગ સરળ છે.

ઉત્તર :- સરળ છે, સુગમ છે, પણ અનાદિના બહારના અભ્યાસને લઈને દુર્લભ લાગે છે. પોતાનો સ્વભાવ છે માટે સરળ છે. પોતે જ છે, કાંઈ છાનો રાખે એમ નથી. પોતે પોતાથી કાંઈ છાનો રહે એમ નથી. માટે સરળ અને સુગમ છે. એમાં 'ગુરુદેવે' માર્ગ બતાવીને એકદમ સરળ કરી દીધો છે. પણ અનાદિના અભ્યાસને લઈને પોતાની પરિણતિ બહાર દોડે છે. એટલે સ્વભાવની પરિણતિ પ્રગટ કરવી એને દુષ્કર થઈ પડી છે. બાકી માર્ગ તો સરળ અને સુગમ છે. પોતાનો સ્વભાવ છે અને 'ગુરુદેવે' સરળ અને સુગમ કરીને બતાવ્યો છે. નહિતર કોઈ માર્ગને જાણતું નહોતું. બધી બહારમાં ક્રિયામાં પડેલા હતા. પણ 'ગુરુદેવે' એટલું સરળ, સુગમ વિસ્તારથી સમજાવ્યું છે. બધા દ્રવ્ય-ગુણ-પર્યાયનું અનેક રીતે સ્વરૂપ બતાવ્યું છે અને સરળ કરી દીધું છે.

પ્રશ્ન :- આપ પણ સમજાવી રહ્યા છો. ગુરુદેવે તો સમજાવ્યું પણ આપ પણ સમજાવી રહ્યા છો. કરુણા, આપની કરુણા વર્તે છે.

ઉત્તર :- 'ગુરુદેવે' કેટલુંય બતાવીને માર્ગ તૈયાર કર્યો છે. હું તો 'ગુરુદેવ'ના પગલે-પગલે કહું છું. 'ગુરુદેવ' સર્વસ્વ છે. માર્ગ એમણે પ્રકાશ કર્યો છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૪ D

ઉત્તર :- .. કરવાનું એ જ છે.

પ્રશ્ન :- બહેન! એવી મીઠી વાણી લાગતી હતી. આ કાળે જે આ વસ્તુ (મળી), કોઈ મહા અમારા..

ઉત્તર :- મહાભાગ્યે મળે છે આ વસ્તુ.

પ્રશ્ન :- બહુ પણ અંદર પ્રભાવનાની 'ગુરુદેવ'ને એટલી બધી ભાવના, એટલી બધી ઊંચી ભાવના. પોતાના શરીર સામું, તબિયત સામું ન જોવે.

ઉત્તર :- એમનો આત્માને એવો યોગ પ્રભાવનાનો લઈને જ આવેલા હતા એટલે એમને ઈ જ વિકલ્પ હતો.

પ્રશ્ન :- લોકોના પણ પુણ્ય, મેળ ખાય ગયો.

ઉત્તર :- હા.

પ્રશ્ન :- .. કર્યા હશે ત્યારે આ બધો યોગ મળ્યો. પંચમકાળે યોગ મળવો એટલે મહાદુર્લભ કહેવાય.

ઉત્તર :- મહાદુર્લભ. પંચમકાળે આવા ગુરુ મળે ક્યાંથી!

પ્રશ્ન :- ... દૃષ્ટિ નાખો તો ખબર પડે. બહારની વાત જાવા દો, પણ હિન્દુસ્તાનમાં કોઈ જગ્યાએ આ વાત (નથી).

ઉત્તર :- ક્યાંય નથી આ.

પ્રશ્ન :- જેના ઘરમાં હતી એને ખબર નહોતી. 'ગુરુદેવે' એ ખોલ્યું. સાચી વાત છે. 'ગુરુદેવે' તો આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આપનો પણ યોગ બહુ સરસ બધા બહેનોને, અમારા જેવા બધાને મળે છે. અત્યારે .. આધાર છો.

ઉત્તર :- 'ગુરુદેવ'નો યોગ મહાકલ્યાણકારી હતો. આપણે એમની પાછળ-પાછળ... સર્વસ્વ 'ગુરુદેવ' જ હતા. આપણે તો એમની આગળથી બધું જાણ્યું છે.

પ્રશ્ન :- અત્યારે આપની વાણી મળે છે તો અમને ઘણો આનંદ અનુભવાય છે. અમૃત ક્યાં મળે? આ તો અમૃત છે. ક્યાંય સાંભળવા મળતું નથી. એ બધી અપૂર્વ વાત છે. પ્રભાવનાનો યોગ અને ગુરુદેવનું... બહારથી કોક .. કરતો આવ્યો હોયને, જ્યાં આમ દેખે 'ગુરુદેવ'ને શાંત... શાંત... શાંત... (થઈ જાય).

ઉત્તર :- 'ગુરુદેવે' બધાને જાગૃત કર્યા. 'ગુરુદેવ'નો બધો પ્રભાવના યોગ. 'ગુરુદેવ'...

પ્રશ્ન :- ઘણો પણ. આપણે .. જાતા હતા જાત્રામાં. આ ગયા પહેલા તો કેટલી વાતો સાંભળી. એ પહેલા બધી વાત સાંભળી કે આમ છે ને તેમ છે, ફલાણું છે ને... જ્યાં... પણ ભાવના .. ઊંચી રહે રહે કે આપણે હવે અંત આવવાનો વખત આવ્યો છે. ત્યારે આ પંચમકાળમાં આવા ગુરુ મળ્યા. એમ પણ જરા અંદરમાં વિશ્વાસ બેસે છે. બધો સુમેળ હોય છેને? બહેન!

ઉત્તર :- બધો મેળ ઉપાદાન-નિમિત્તને હોય છે.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ની વાણીમાં ઢીલપ ન હોય તો સાંભળનારમાં ઢીલપ ક્યાંથી આવે? એક વખત આમ ભુલી જાય અંદરમાંથી. એવી વાણી હતી.

ઉત્તર :- 'ગુરુદેવે' બધાને તૈયાર કરી દીધા. એમનું નિમિત્ત એવું જોરદાર હતું. ઉપાદાનની તૈયારી થાય.

પ્રશ્ન :- તીર્થંકરનો જન્મ થાય, બહેન! ત્યારે જે જીવો તૈયાર થયા હોય એની

સભા થાય. તીર્થંકર કાંઈ એકલા જાતા હશે મોક્ષમાં?

ઉત્તર :- બધા તૈયાર જ હોય એમની સાથે મોક્ષ જનારા. તીર્થંકરની વાણી છૂટે ત્યાં બધા તૈયાર જ હોય.

પ્રશ્ન :- શાંતિસાગર, બહેન! આવ્યા હતા આપને ખ્યાલ હશે, ઈ નીકળતા નીકળતા બોલી ગયા હતા, તીર્થંકર એકલા ન જાય.

ઉત્તર :- એકલા મોક્ષ ન જાય, બધાને સાથે લઈને જાય. તો આ ભવમાં 'ગુરુદેવે' ઘણાને તૈયાર... પોતાની વાણી એવી હતી કે બધા તૈયાર ઘણા થઈ ગયા છે.

પ્રશ્ન :- ક્યાં હતી? 'સમયસાર'ની વાત પણ ક્યાં હતી? સ્વાધ્યાયની વાત પણ ક્યાં હતી? એને બદલે ગામોગામ...

ઉત્તર :- કોઈ સ્વાધ્યાય ક્યાં કરતું હતું. બધા સામાયિક, પ્રતિક્રમણ કરતા હતા. સ્વાધ્યાયમાં ક્યાં..? શીખે બધું, સ્થાનકવાસીના થોકડા હોય ને નવ તત્ત્વ ને એવું શીખે. ધારણા કર્યા કરે. આવું ઊંડું ક્યાં સમજતા હતા કોઈ?

(પ્રશમમૂર્તિ ભગતવી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૫ A

ઉત્તર :- પોતાની રુચિ હોય એ કામ કરે. 'ગુરુદેવ' ઉપર, દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર જે ભાવ હોય, આત્મા ઉપર રુચિ હોય એ બધું સાથે આવે. બાકી તો સંસાર તો આવો છે. શાંતિ રાખવી એક જ ઉપાય છે. જ્યાં કોઈ ઉપાય નથી, કાંઈ કોઈનું ચાલતું નથી તો એક શાંતિ રાખવી એ જ શ્રેયરૂપ છે. આવા જન્મ-મરણ જીવે અનંતા કર્યા છે. અનંત વાર પોતે દેવમાં, મનુષ્યમાં, તિર્યંચમાં, નરકમાં બધે અનંત વાર ગયો છે, પણ ભવનો અભાવ કેમ થાય એ માર્ગ 'ગુરુદેવે' બતાવ્યો કે ભવ જ ન મળે. અંતરમાંથી એવો ભાવ પ્રગટ કરે, એવી રુચિ પ્રગટ કરે. અને કરવાનું એ જ છે, 'ગુરુદેવે' કીધું છે. આ શરીર જુદું છે, આત્મા જુદો છે. આત્મા જાણનારો શાંતિથી ભરેલો, આનંદથી ભરેલો છે. એની રુચિ કરે, એનું લક્ષ રાખે, એવી ભાવના કરે તો એ બધું સાથે આવે છે. બાકી સંસાર તો આવો જ છે. શાંતિ રાખ્યા સિવાય કોઈ ઉપાય જ નથી.

પ્રશ્ન :- આમાં ટકી રહેવું એના માટે...?

ઉત્તર :- એ વિચાર આવે તો ફેરવી ફેરવીને ધર્મની રુચિ યાદ કર્યા કરવી. ધર્મને યાદ કર્યા કરવો. દેવને, ગુરુને યાદ કરો, વિચાર કરો, વાંચન કરો, બધું કરો. એમાં જ રુચિ રાખવી. એ જ શ્રેયરૂપ છે. આર્તધ્યાન કરવાથી ઊલટાનું નુકસાન થાય છે. કેટલા જન્મ-મરણ કર્યા. મહાભાગ્યે આ મનુષ્યદેહ મળે છે. એમાં આવા 'ગુરુદેવ' મળ્યા છે. બહાર ક્યાંય ક્રિયામાં ધર્મ માન્યો કે બહારથી બધું કરી લે એટલે ધર્મ થઈ જાય. ઉપવાસ ને બધું, પણ ધર્મ તો અંતરમાં છે. એ 'ગુરુદેવે' કેટલું સ્પષ્ટ કરીને બતાવ્યો છે.

પ્રશ્ન :- માંગલિક સંભળાવોને.

ઉત્તર :- ચત્તારી મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણત્તો ધમ્મો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણત્તો ધમ્મો લોગુત્તમા. ચત્તારી શરણં પવજ્જામી, અરિહંતા શરણં પવજ્જામી, સિદ્ધા શરણં પવજ્જામી, સાહુ શરણં પવજ્જામી, કેવલી પણત્તો ધમ્મો શરણં પવજ્જામી. ચાર શરણ, ચાર મંગળ, ચાર ઉત્તમ કરે જે ભવ સાગરથી તરે તે સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાય તે જીવ તરીને મુક્તિએ જાય. સંસારમાં એ શરણ ચાર, અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે લબ્ધિ તણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળ દાતાર.

પ્રશ્ન :- આમાં ટકી રહેવું, આમાં સ્થિરતા રહેવી, કેવી રીતે મારે ...?

ઉત્તર :- એના વિચાર કર્યા કરવા. ફેરવી નાખવું મનને કે આ જે બન્યું એ તો કાંઈ ફરવાનું નથી. માટે તમે આર્તધ્યાન કરો કે ગમે તે કરો, રોવાનું આવે, ગમે તે આવે, તોપણ જે બન્યું એ બન્યું. માટે શાંતિ રાખવી. યાદ આવે તો વિચાર કરીને શાંતિ રાખવી અને ફરી ફરીને ધર્મને યાદ કરવો. વાંચન કરવું. 'ગુરુદેવે' જે કીધું છે એ શબ્દ યાદ કરવા. ફરી ફરીને ફેરવી નાખવું. એના સિવાય, શાંતિ રાખ્યા સિવાય કોઈ એનો ઉપાય જ નથી. ગમે એટલું દુઃખ થાય, રોવાનું આવે તોપણ જે કાંઈ બન્યું તે બન્યું છે, એ કાંઈ ફરવાનું નથી. માટે શાંતિ રાખવી એ એક જ ઉપાય છે. મનને ફેરવીને શાંતિ રાખવી.

વાંચનમાં ચિત્ત જોડવું. સારા સારા વિચાર કરવા. 'ગુરુદેવે' જે કીધું છે એ બધું યાદ કરવું. 'ગુરુદેવ'ના વ્યાખ્યાનો વાંચવા. ભૂલ્યા વગર છૂટકો જ નથી. વહેલા ભૂલે

કે પછી ભૂલે, ભૂલ્યા વગર છૂટકો જ નથી. માટે વિચારોને ફેરવી નાખવા. મોટા ચક્રવર્તીઓના આયુષ્ય પૂરા થાય છે, દેવલોકના દેવોના આયુષ્ય પૂરા થાય છે. આ તો આ પંચમકાળ એમાં કેટલા આયુષ્ય ઓછા લઈને જીવ આવે છે. દેવલોકના દેવોના સાગરોપમના આયુષ્ય છે તોપણ એ પૂરા થાય છે. ચક્રવર્તીઓના આયુષ્ય કેવા લાંબા હોય છે એ પણ પૂરા થાય છે. તો આ તો મનુષ્યદેહ અને એમાં પંચમકાળ. માટે એક શાંતિ રાખવા સિવાય કોઈ ઉપાય નથી.

હું આત્મા જુદો છું. આ શરીર જુદું છે. જન્મ-મરણ એકલો કરે, મરણ એકલો કરે, સ્વર્ગમાં એકલો જાય, મોક્ષમાં એકલો જાય, સુખ-દુઃખ એકલો ભોગવે. બધું એકલો જ છે, કોઈ સાથીદાર એમાં નથી. પોતે જે કર્યું હોય એ જ પોતાનું છે. જન્મે એકલો, મરે એકલો, બધું એકલો જ છે. એમાં સારી ભાવના કરી પોતે પોતાનું સુધારી લેવું પોતાના હાથની વાત છે. આવા તો ઘણા દેહ છોડ્યા અને ઘણા ગ્રહણ કર્યા. અનંતાને મૂકીને, કેટલાયને મૂકીને પોતે આવ્યો. પોતાને મૂકીને બીજા જાય. એવા તો કેટલાય પ્રસંગો બને છે અનંતકાળની અંદર.

પ્રશ્ન :- મારા બનેવીનું આવું થઈ ગયું, અમને ખબર નહિ. ત્યાં હતા જાત્રામાં.

ઉત્તર :- ત્યાં કોઈએ ખબર ન આપ્યાને. જાત્રા કરતા હતા એમાં વચ્ચે ક્યાં ખબર આપવા એમ. એમને ઓચિંતાનું થઈ ગયુંને. એમને હાર્ટનું દરદ હતું એટલે એકદમ થઈ ગયું.

પ્રશ્ન :- એકદમ કાંઈ નહિ ને આમ ઘડીક વારમાં...

ઉત્તર :- હા, ઘડીકમાં થઈ ગયું.

પ્રશ્ન :- અહીંથી ના જ પાડી હતી. યોગેશને કીધું હતું...

ઉત્તર :- કાંઈ ખબર ન આપવા એમ જ કીધું હતું.

પ્રશ્ન :- આજે અહીંયાં આવ્યા ત્યારે ખબર પડી. મને સુરતથી ચડીને ત્યારે ખબર પડી.

ઉત્તર :- તારી બા ને સાથે હતા, લતાબહેન ને બધા. એને ખબર પડે તો ઊલટી જાત્રા પણ સરખી થાય નહિ. એટલે એનું મન ઓલું થઈ જાય જાત્રામાં ખબર પડે તો.

પ્રશ્ન :- હૈદ્રાબાદ ખબર પડી હોત તો ત્યાંથી અમે આવતા રહેત.

ઉત્તર :- પાછા વયા આવે. હવે આ તો બન્યું એ તો બન્યું જ છે. જાત્રામાંથી પાછું આવવું પડે ઊલટાનું.

પ્રશ્ન :- પોતાને બહુ આવવાની હોંશ હતી કે મારે આવવું છે, પણ મારી તબિયત એવી ને બધા આવે છે તો હું પણ આવું. પછી .. કહું છું કે તારે જાવું હોય તો જા. મારે પણ નથી જાવું. ઈ આવે તો જ હું આવું.

ઉત્તર :- તબિયત એને હાર્ટનું હતું. એટલું આયુષ્ય હતું એટલું રહ્યા. ઓચિંતાનું થઈ ગયું, ખાંઈ ખબર (ન પડી). ઓચિંતાનો પલટો ખાધો. તોપણ ઘરના બધાએ શાંતિ રાખી, બધાએ શાંતિ રાખી. સવિતાબહેને બધાએ શાંતિ રાખી.

પ્રશ્ન :- બધા જ ગયા હતા. અહીં કોઈ નહિ. મોટી બહેનના ઘરનું નહિ, અમારું કોઈ નહિ. અઠવાડીયામાં આવું બની ગયું.

ઉત્તર :- એ તો શું થાય? જ્યારે બનવાનું હોય ત્યારે બને જ છે. એ કાંઈ રોકાતું નથી. એમાં એક જ વાત છે—શાંતિ રાખવી એક જ ઉપાય છે. બીજું કાંઈ નથી. નિરૂપાયતા છે ત્યાં શાંતિ જ રાખવી. કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- હમણાથી તો બહુ સારું રહેતું હતું તો ત્રણ વખત જાત્રાએ ગયા. દર્શન કરવા માટે સવારના.. હજી મહિનો, સવા મહિનો .. સ્વપ્નામાં નથી આવ્યું. આજ સવારમાં વહેલા તૈયાર થઈને મારા પલંગ-ખાટલા આગળ ઊભેલા (છે) એવો ભાસ થયો. દર્શન..

ઉત્તર :- સ્વપ્ન આવે.

પ્રશ્ન :- આટલા દિવસ નથી આવ્યા. આજે આવ્યા.

ઉત્તર :- અંદર એ જાતના સંસ્કાર હોય એટલે સ્વપ્ન આવે.

પ્રશ્ન :- મને કહે, તું નામ લખાવી લે. આપણે ભગવાનના મા-બાપ થઈએ. દેવલાલી પ્રતિષ્ઠા છે. તો કહે, દેવલાલી નથી જવાનું તો હવે આપણે હૈદ્રાબાદ તો ચોક્કસ જઈશું. હું તને કહું છું. આપણે હૈદ્રાબાદ ચોક્કસ જઈશું. ક્યાંય ન જઈ શકાણું.

ઉત્તર :- ભાવના લઈને તો ગયા. ભાવના સારી કરી. આપણે પ્રતિષ્ઠામાં જાવું છે, એ બધી ભાવના મા-બાપની, એ બધી ભાવના તો કરી. ભાવના લઈને ગયાને. ભાવના તો સારી (લઈને ગયા).

પ્રશ્ન :- છેલ્લે કહે, 'સોનગઢ' આપણે ઘર લઈને પાછલી જિંદગી અહીં રહીએ. હેમંતના લગ્ન થઈ જાય પછી આપણે પાછલી જિંદગી 'સોનગઢ' ઘર લઈને રહેવું છે.

ઉત્તર :- ભાવના સારી છે. એ તો જેટલા ભાવ પૂરા થવાના હોય એટલા થાય છે. બધા ભાવ કાંઈ પૂરા થાતા નથી. વચ્ચે આયુષ્ય પૂરું થાય છે. શું થાય? કોઈ

એનો ઉપાય નથી.

પ્રશ્ન :- હમણાં હમણાં 'સોનગઢ' રહેવાની ભાવના બહુ કરતા હતા. જ્યારે અમે રહેવા મંડ્યા એટલે એને એમ થયું કે આપણે પણ અહીંયાં 'સોનગઢ' રહીએ તો જ આવી શાંતિ મળે. એવી ભાવના ભાવી ગયા.

પ્રશ્ન :- ... વહેલા એમ કે પેન્શન એટલે લઈ લીધું. એ કહે મારે અહીંયાં 'સોનગઢ' નાનપણથી...

ઉત્તર :- હા, હમણા 'સોનગઢ' જ રહેવા આવ્યા હતા.

પ્રશ્ન :- પેન્શન વહેલું લઈ લીધું. ૫૮ વર્ષે રિટાયર્ડ થાય. પેન્શન વહેલું લઈ લીધું. ધીરૂભાઈ કહેતા હતા, સંતોષી છે. પૈસાની તૃષ્ણા (નહિ). બહુ જ સંતોષ. કોઈ દિવસ એમ નહિ. હસતા ને હસતા.

ઉત્તર :- લલીતાબહેનને લાગે જરા, પણ શાંતિ રાખવા સિવાય કોઈ ઉપાય જ નથી. શાંતિ જ રાખવી.

પ્રશ્ન :- મારી બાને લાગે.

ઉત્તર :- હા, એમને લાગે. નાનપણથી વિતાબહેન ને એ બધા રહેલા. પણ એમણે બધાએ શાંતિ રાખી.

પ્રશ્ન :- અહીંયા બે વર્ષ લાભ લીધો. વહેલા આવી ગયા તો. ત્યાં સુરત હોત તો કાંઈ નહિ, અહીંયાં તો આટલું આ ભૂમિમાં...

ઉત્તર :- અહીંયાં આવીને રહ્યા. સવિતાબહેનને તમે નાનપણથી મોટા કર્યા છે.

પ્રશ્ન :- ...

ઉત્તર :- શું થાય? અહીં આવીને રહ્યા, એણે લાભ લીધો. બાકી આમ તો આવતા-જતા હતા, આવતા-જતા રહેતા.

પ્રશ્ન :- નાનપણથી અહીંયાં જ રહેલા છે.

ઉત્તર :- હા.

પ્રશ્ન :- ... બધું એ પોતે કરતા. મને કહે, જાત્રામાં આવવાની ઘણી ઈચ્છા થાય છે, પણ મારી તબિયત એવી ને. બેય જણા અમે આવીએ. તમે આમાં .. પાસે જાવ ... હું તો એને કહું છું કે તું તારે જા. પણ કહે, ના, તો હું ન આવું. એમની તબિયત એવી રહીને, હું તો એમને મૂકીને ન આવું.

ઉત્તર :- 'ગુરુદેવે' કીધું છે એ બધું યાદ કરવા જેવું છે. 'ગુરુદેવે' કીધું, આત્મા શાશ્વત છે. આત્માની બધી રુચિ ને સંસ્કાર (નાખવા). દેહથી આત્મા જુદો છે.

જાણનારો જ્ઞાયક શાશ્વતો છે. એના કાંઈ જન્મ-મરણ નથી આત્માના. આ શરીર એક જાય અને બીજું ગ્રહણ થાય છે. જન્મ-મરણ આમ (ચાલ્યા કરે છે). શરીરના પલટા થાય છે. આત્મા તો એક શાશ્વત રહે છે. જીવ એકલો જાય છે, એકલો મરે, એકલો સિદ્ધિ લે અને એકલો.. બધે એકલો જ છે. માટે પોતાનું જ કરવા જેવું છે.

પ્રશ્ન :- ઘડીકમાં .. થઈ ગયું. ટીવી જોતા હતા.

ઉત્તર :- આયુષ્ય પૂરું થાય એ એકદમ જ થાયને. કોકને રોગ આવી ને થાય, કોઈને એકદમ થાય. એકદમ થઈ જાયને એટલે એમ થઈ જાય.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! અનંત અનંત કરુણાનિધાન ભગવતી માતનો જય હો! અમ બાળકોના તારણહાર ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૫ B

ઉત્તર :- ... બોલવા પૂરતુ નહિ કે હું જુદો છું. એમ જુદો છું એમ જાણી લીધું. પછી અંદર હું જુદો છું એમ થયા કરે. એને સાક્ષાત્ આમ જ્ઞાયક એના હાથમાં જાણે દેખાતો હોય. એને જ્ઞાયક જ... હું આ રહ્યો જ્ઞાયક.. હું આ રહ્યો જ્ઞાયક એમ જ થાતું હોય અને એવું જ રહ્યા કરે. અને ઓલું જુદું ભાસે હું જ્ઞાયક આત્મા (છું). અને પછી એને ... એ બધું.. એક વિકલ્પ, મંદ વિકલ્પ પણ રહી જાય. કોઈ વિકલ્પ એના ઉપયોગમાં ન રહે. એકલી આત્માની જાગૃતિ કોઈ જુદી દુનિયામાં આવ્યો હોય એવી કોઈ જગતથી જુદી. એને પછી કોઈ જાતની મૂંઝવણ (નથી). કે આ જ્ઞાયકની ધારા મારા હાથમાં છે. તો આ જ્ઞાયક હાથમાં છે પછી મારે કોઈ વાંધો નથી. પુરુષાર્થની ધારા એની સહેજે અમુક પ્રકારે ચાલતી હોય છે. અને ઉગ્રતા તો ધીરે ધીરે બહુ ઉગ્રતા તો એની અમુક દશા પલટાય, મુનિદશા જેટલું આવે ત્યારે એને બહુ ઉગ્રતા થાય. બાકી અમુક દશામાં હોય ત્યારે તો એની મંદતા, અમુક તીવ્રતા...

પ્રશ્ન :- એનો કાળ કેટલો રહે? એટલે કેટલા સમય સુધી આમ મંદ અને તીવ્રતા... મંદ અને તીવ્રતા થયા કરે? ઘણી વખત એમ ને એમ બેઠા હોઈએ છીએ તોપણ જાણનાર છે એટલો ખ્યાલ છે પણ જે તીવ્રતા હોય છે એ મંદ થઈ જાય છે. એટલે તીવ્રતાનો સ્વાદ ચાખ્યા પછી એ મંદતામાં તીવ્રતા જેટલી મીઠાશ નથી.

ઉત્તર :- ... એને શ્રદ્ધાનું બળ એક સરખું રહેવું જોઈએ. એની દશાને એમાં

વાંધો ન આવે. એની શ્રદ્ધાનું બળ એક સરખું રહે, એકધારા રહે. એકત્વબુદ્ધિ ન થાય અને ભેદજ્ઞાન જ રહે. .. હું જુદો છું. એવી ધારા જો ચાલતી હોય કે હું જુદો જ છું તો એને ઓલો બહાર ઉપયોગ જાય અને ... તો એને એ આત્માને એ જાતની જ્ઞાતાને વાંધો નથી આવતો.

પ્રશ્ન :- જ્ઞાતાને વાંધો નથી આવતો, પણ પહેલો જે સ્વાદ ચાખ્યો છે ને એટલે એ ટાઈમ કેવી રીતે રહે? એને માટે શું પુરુષાર્થ કરીએ કે એ જ સ્વાદ આવે? સ્વસંવેદન પોતાનો જ સ્વાદ આવે. પરનો જે બહાર જતા કષાયનો જે સ્વાદ આવે છે..

ઉત્તર :- કષાયનો સ્વાદ ન હોય તો પછી શું સ્વાદ આવે?

પ્રશ્ન :- હા, એ પૂછું છું કે તો એ કેવી રીતે કરવું કે પોતાનો સ્વાદ એના માટે કેવો પુરુષાર્થ કરવો?

ઉત્તર :- અનુભૂતિનો સ્વાદ તો અંતર્મહૂર્તનો કાળ છે એનો. જે આનંદની અનુભૂતિ નિર્વિકલ્પદશા એનો અંતર્મુહૂર્તનો કાળ હોય છે. પછી બહાર આવેને ત્યારે તો જ્ઞાયકની ધારા જ ચાલતી હોય. હું જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... બધું એને જુદું ભાસતા જ્ઞાયક જ નિરંતર લાગતો હોય છે. કોઈવાર બહાર ઉપયોગ વધારે જાય, કોઈવાર ઉપયોગ બહાર વધારે જાય, ઓછો જાય પણ એને જ્ઞાયક છૂટતો જ નથી. એ ખાતો હોય તોપણ જુદો લાગે, ક્ષણે ક્ષણે જુદો લાગે, બોલતા જુદો લાગે, ચાલતા જુદો લાગે, વાંચતા જુદો લાગે. બધી વાર એને જુદો (લાગે), ક્યાંય એકત્વ નથી. પ્રશસ્તમાં જુદો લાગે, સંસારી કાર્યોમાં જુદો લાગે, દરેકમાં ક્ષણે ક્ષણે એને લાગવું જોઈએ.

પ્રશ્ન :- કોન્સ્ટન્ટ જુદો તો નજરાયા જ કરે. એ ભૂલી ન શકાય કે આ જાણનારો છે એ નથી ભૂલાતું, બિલકુલ જ નથી ભૂલાતું. એટલે વિકલ્પથી નહિ.

ઉત્તર :- એ ભૂલાતો નથી પણ એની સાથે એનું અસ્તિત્વ લાગવું જોઈએ ને.

પ્રશ્ન :- હા. એટલે જને. ભૂલાતું નથી એટલે વિકલ્પથી નહિ. એ તમને અનુભવમાં જણાયા કરે છે કે તમે જાણનાર છો. અનુભવમાં જણાયા કરે છે. અનુભવમાં લાગ્યા જ કરે છે કે હું જાણનાર છું. એવો અનુભવથી લાગ્યા કરે. શબ્દથી નહિ, વિકલ્પથી નહિ, ભેદજ્ઞાન કરીને નહિ. કોન્સ્ટન્ટ તમને જાણનાર છે એવું લાગ્યા કરે છે એમ કહું છું. કદાચ શબ્દમાં ફેર એટલે બોલવામાં ફેર આવે છે તો મને ખ્યાલ નથી. કારણ કે મારી પાસે શાસ્ત્રની ભાષા નથી.

ઉત્તર :- જે સિદ્ધ થયા તે ભેદવિજ્ઞાનથી થયા છે, જે નથી થયા એ ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. भेदविज्ञानतः सिद्धाः सिद्ध ये किल केचन. જે જે સિદ્ધ થયા એ ભેદવિજ્ઞાનથી જ થયા છે. ભેદવિજ્ઞાનની ઉગ્રતાથી જ સમ્યગ્દર્શન, ભેદજ્ઞાનની વિશેષ ઉગ્રતાથી મુનિપણું, ભેદજ્ઞાનની ઉગ્રતાથી કેવળજ્ઞાન, બધું ભેદવિજ્ઞાનમાં સમાયેલું છે. એમાં દ્રવ્યદૃષ્ટિ, ભેદવિજ્ઞાન બધું એકલું જ રહે. દ્રવ્યદૃષ્ટિની ઉગ્રતા અને ભેદવિજ્ઞાન બેય સાથે જ રહે છે.

એમાં એને પર્યાયનું જ્ઞાન હોય છે, દ્રવ્યનું જ્ઞાન હોય છે. સમ્યગ્દર્શન પછી શું કરવાનું એ બધું એના ખ્યાલમાં હોય છે. કે સમ્યગ્દર્શન થયા પછી મારે શું પુરુષાર્થ? એ સ્વરૂપમાં લીનતા કર્યા કરે છે. એની લીનતા ધીમે-ઉતાવળે થાય પણ લીનતા કર્યા કરે છે. એમાં એને મૂંઝવણ નથી થતી કે આ લીનતા આવી રીતે કરું તો આગળ જવાય. એની લીનતા અમુક થાય. જ્યાં સુધી અંદર અમુક ગૃહસ્થાશ્રમના સંસ્કારો છે એને લઈને એ વિકલ્પ આવે છે. એ સંસ્કાર છૂટી જાય અને લીનતા વધી જાય અને એ ગૃહસ્થાશ્રમના વિકલ્પ છૂટે તો અંદર ધારા વધે, તો અંદર લીનતા થાય અને છૂટે. બેય અરસપરસ છે.

જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી એની ઉગ્રતા થાય નહિ અને એની ઉગ્રતા થાય તો ગૃહસ્થાશ્રમના વિકલ્પ છૂટે. એની અંદર ઉગ્રતા .. ગૃહસ્થાશ્રમના વિકલ્પ છે ત્યાં એને સંબંધ છે ત્યાં સુધી ઉગ્રતા થાવી મુશ્કેલ (છે). અને ઉગ્રતા થાય તો એ વિકલ્પ છૂટ્યા વગર રહેતા નથી. એ બેયને સંબંધ છે. એના સંસ્કારમાં એટલે એ વિકલ્પ.. આગળ જઈને અંદરથી નિવૃત્તદશા વધી જાય. મુનિ જેવી દશા આવે તો એના વિકલ્પ ગૃહસ્થાશ્રમ... બહારથી મુનિ થાય એમ નહિ, અંદરથી એના વિકલ્પ છૂટે અને અંદરની દશા વધે. એટલે એ પ્રમાદ આવવાનું કારણ જ એ ગૃહસ્થાશ્રમના વિકલ્પમાં પડેલો છે. એ વિકલ્પ આવે છે. અહીં મંદતા થાય ત્યાં વિકલ્પ થાય. અંદર ઉગ્રતા હોય તો વિકલ્પ છૂટે. અંદર ઉગ્રતા નથી એટલે વિકલ્પ નથી છૂટતા. બેય અરસપરસ છે.

પ્રશ્ન :- એટલે અંદરથી એવો ખ્યાલ આવે છે છતાં એમ થાય છે કે એ ઉગ્રતા કેવી રીતે લાવવી?

ઉત્તર :- ઉગ્રતા અંદર લીનતા વધે, શ્રદ્ધાનું બળ વધે, અંદર લીનતા વધે તો ઉગ્રતા થાય. અંતર એટલું તત્ત્વનું બળ વધે, વિરક્તિ વધે એટલે એ ચૈતન્યની મહિમા વધે તો થાય. પોતાની મહિમા વધે, બહારની મહિમા છૂટે, અંતરથી

આકુળતા લાગે, અંદર વિરક્તિ આવે, તત્ત્વનો અંદર મહિમા આવે. જ્ઞાયકની મહિમા વધી જાય તો થાય.

અશુભથી બચવા દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ આવે. બધા વિકલ્પ આવે એમાં જોડાય પણ હું એનાથી જુદો છું એ ધારા એને શુભમાં પણ છૂટે નહિ, લૌકિકમાં પણ છૂટે નહિ, ગૃહસ્થાશ્રમના વિકલ્પ છૂટે નહિ એમાં એ ધારા એને ન છૂટે. એની મંદતા-તીવ્રતા (થાય). જેટલી પોતાની લીનતા ઓછી એટલે વિકલ્પ આવે. વિકલ્પ આવે એટલે લીનતા ઓછી થાય છે. પણ એ વિકલ્પ બંધ કરવા બેસે તો ... થઈ જાય. વિકલ્પને .. બેસે તો એમ નથી થતું. એ તો સહજ થાય છે.

પ્રશ્ન :- જ્યારે લીનતા થાય ત્યારે વિકલ્પ છૂટી જાય.

ઉત્તર :- અંદર પોતાની મહિમા અને લીનતા વધે તો વિકલ્પ છૂટે. એને એમ થાય હું વિકલ્પ દબાવી દઉં એમ નથી થાતું, ઊલટાની એને શૂન્યતા થઈ જાય. આત્માની જાગૃતિ વધે નહિ અને શૂન્યતા થઈ જાય. અંદર સહજ નિવૃત્તદશા આવે તો વિકલ્પ છૂટે, તો લીનતા થાય. પણ હજી શ્રદ્ધાનું બળ કેવું છે પોતાનું એ જરા વિચારવું પડે. શ્રદ્ધાનું બળ, શ્રદ્ધાના બળમાં પણ મંદતા થાય છે. શ્રદ્ધાનું બળ એકલું ચારિત્રનો.. શ્રદ્ધાના બળમાં શું છે એ વિચારવું પડે. જ્ઞાયકની દૃઢતા કેટલી છે એ વિચારવું પડે.

પ્રશ્ન :- શ્રદ્ધાના બળમાં મંદતા એ કેવી રીતે ખ્યાલ આવે કે આમાં શ્રદ્ધાનું બળ ઓછું છે એ કેવી રીતે ખબર પડે?

ઉત્તર :- અંદર શ્રદ્ધાનું બળ એટલી જ્ઞાયકની ઉગ્રતા ન દેખાય, શરીરથી જુદો, વિકલ્પ આકુળતા લાગે બધી. અંદરથી હું જુદો જુદો ભાસ્યા કરે. અંદરથી જુદું ભાસવામાં ફેર પડે.

પ્રશ્ન :- જુદું ભાસવામાં ફેર પડે તો?

ઉત્તર :- જુદું ભાસવામાં ફેર પડે. પોતાને મૂંઝવણ ન આવે કે આ તો મારો માર્ગ ચોખ્ખો જ છે અંદર. હું તો આગળ વધું છું. એમાં શ્રદ્ધાનું પોતે.. એકત્વબુદ્ધિ અંદર થઈ જાય. છૂટો માનતા માનતા જે ક્ષણે પોતે કાંઈ કાર્યમાં જોડાણો હોય ત્યારે વિચારી જોવું કે અંદર છૂટો પરિણતિમાં છે કે વિકલ્પમાં એકમેક થયો છે? એમ વિચારી જોવું. કે જે કોઈ કાર્યમાં પોતે વિકલ્પ આવતા હોય એમાં જોડાણો, ત્યારે જોઈ લેવું કે એ જ ક્ષણે, એ જ વખતે એ છૂટો છે કે નથી? કે એકત્વ થઈ ગયું અને પછી વિચાર આવ્યો. પછી એમ થયું કે હવે હું છૂટો છું. ઈ જ ક્ષણે, ઈ જ વખતે હું

છૂટો હતો કે નહિ? એમ વિચારી જોવું. કે ભેગો થયો?

પોતે હાલતો હોય, પોતે સૂતો હોય, પોતે ખાતો હોય એ જ ક્ષણે, એ જ વખતે હું છૂટો છું કે નહિ એ વિચારી જોવું. ઓલું તો સંસ્કાર હોય કે હું છૂટો-છૂટો એવું મગજમાં હોય, પણ ઈ જ ક્ષણે એ વિકલ્પ આવ્યો છે. એ જ વિકલ્પ વખતે હું છૂટો છું કે નહિ? મને પછી વિચાર આવ્યો કે પહેલાં?

પ્રશ્ન :- એ જ સમયે.

ઉત્તર :- એ જ સમયે છૂટો છે કે નહિ? એના શ્રદ્ધાના બળમાં એ જ વખતે છૂટો ભાસ્યો છે કે નહિ? સ્થૂળ ઉપયોગમાં લાગે કે મેં તો છૂટો જ માન્યો છે.

પ્રશ્ન :- માન્યો છે અને લાગે છે એમાં ફેર પડી જાય?

ઉત્તર :- શરીરમાં કાંઈક થાય. વેદના થાય ત્યારે વિચારી જોવું કે એ જ ક્ષણે મને લાગે છે કે પછી વિચારું છું.

પ્રશ્ન :- ત્યારે તો બહુ જ સરસ લાગે, બહુ સરસ લાગે. બહુ જ જુદું એકદમ.

ઉત્તર :- પણ ઈ તો એકદમ લાગે, પણ કાંઈક કાર્યમાં જોડાણોને પ્રવૃત્તિના કાર્યમાં ત્યારે વિચારી જોવું કે એ ક્ષણે લાગે છે કે નહિ? નિરાંતે બેઠો હોય ત્યારે તો લાગે. કંઈ પ્રવૃત્તિના કાર્યમો જોડાણો હોય. ખાતો હોય, પીતો હોય, કાંઈક ગૃહસ્થાશ્રમના કાર્ય કરતો હોય, કોઈ સાથે બોલતો હોય, કાંઈક કરતો હોય ત્યારે એ જ ક્ષણે લાગે છે કે નહિ, ઈ વિચાર જોવો તો ખબર પડે. કે એકત્વબુદ્ધિથી કેટલો છૂટો પડ્યો છે? શ્રદ્ધાના બળમાં કેટલું ... છે. ઓલી ધારા જો ચાલતી હોયને તો એ જ ક્ષણે લાગે. ચારિત્રનો વિચાર પછી પણ એકત્વબુદ્ધિ તૂટી છે કે નહિ? ભલે બુદ્ધિ ન હોય એકત્વની, હું તો જુદો જ છું એમ લાગે. પણ પરિણતિ છૂટી પડી છે કે નહિ? એની બુદ્ધિમાં ભલે લાગ્યું કે મને તો જુદો જ ભાસે છે. હું તો આમ જ... પણ એ જ વખતે પરિણતિ છૂટી પડેલી છે કે નહિ? વિકલ્પની પરિણતિ વખતે જ્ઞાનની પરિણતિ જુદી છે કે નહિ એ જોવું.

પ્રશ્ન :- ત્યારે ખ્યાલ આવે કે ઉપયોગનો એક ભાગ અંદર ચોંટેલો છે.

ઉત્તર :- હા, ઉપયોગનો એક ભાગ અંદર રહ્યો છે કે નહિ? કે ઉપયોગ એમાં એકત્વ થયો છે કે જ્ઞાન અને જ્ઞાયક ભેગો... શ્રદ્ધાની અંદર પરિણતિ માપવાની કે મારી પરિણતિ છૂટી રહે છે કે નથી રહેતી? બીજું કાંઈ પૂછવાનું હોય તો.

પ્રશ્ન :- એ જ પૂછવાનું છે. અસંતોષ રહે છે. એમ થાય કે હજુ પ્રોગ્રેસ થવો જોઈએ, હજુ થવો જોઈએ. કારણ કે અમે એટલા મોડા જાગ્યા, મા! એટલા મોડા

જાગ્યા છીએ. એમ થાય કે આટલા વર્ષ કેમ... થશે કેવી રીતે?

ઉત્તર :- મોડા જાગ્યા, પણ અંદર પરિણતિ પકડવી જોઈએ. એને તો એવો સંતોષ અને તૃપ્તિ આવે કે એ તૃપ્તિ આગળ એને મૂંઝવણ ટળી જાય.

પ્રશ્ન :- અંદર જોયું ત્યારે તૃપ્તિ આવી પણ બહાર આવે ત્યારે એમ થાય કે હજુ કેમ આમ રાગ-દ્વેષ હજુ દેખાયા? પાછું અંદર જવાની ઈચ્છા થાય, પાછું બહાર અવાય જવાય. મને એમ થાય કે બહાર કેમ અવાય છે? હવે તો અંદર રહેવું છે, હવે બહાર નથી જાવું.

ઉત્તર :- પરિણતિ છૂટી પડી છે કે નહિ એ પહેલા જોવાનું. તો એની શાંતિ અને તૃપ્તિ અંદરથી..

પ્રશ્ન :- પાછી નિરાકુળતા તો વેદાયા કરે છે.

ઉત્તર :- નિરાકુળતા ભલે વેદાય.

પ્રશ્ન :- શ્રદ્ધા અને જ્ઞાયક પરિણતિ બે જુદું પાડે છે. તર્કથી અને શ્રદ્ધાથી એવું થાય કે આ હું જુદો જ છું, પણ એ પરિણતિ

પ્રશ્ન :- પરિણતિ હોય તો જ જુદા કહેવાય.

પ્રશ્ન :- પરિણતિ અને તર્ક.. બેય જુદું પાડે છે.

પ્રશ્ન :- બરાબર છે. જે પરિણતિ કીધુંને એ બહુ જ ઈમ્પોર્ટન્ટ છે. ખરું તો પરિણતિ જ છે. પરિણતિ સૌથી વધારે...

પ્રશ્ન :- ખાલી તીર્થંકર ભગવાન આવીને એમ કહેને કે આ ખોટું છે. તો ના, સાહેબ! તમે ખોટા. અમે જાણીએ છીએ એ સાચું છે. એવી શ્રદ્ધા થવી જોઈએ.

પ્રશ્ન :- તર્કમાં પણ થાય એવી શ્રદ્ધા. તર્કમાં પણ થાય.

પ્રશ્ન :- તર્કમાં કરી શકાય.

પ્રશ્ન :- પરિણતિ થયા પહેલા એમ કહે ઈન્દ્ર આવીને કે આ નથી બરાબર. જ્ઞાયકને આ જે તું કહે છે કે સામર્થ્યથી ભરપૂર અંદર એમ નથી. તો બરાબર હજી મને અનુભવ નથી. પણ મને બેઠું છે કે...

પ્રશ્ન :- હા, અનુભવ નથી તો હજુ એમ થાય.

પ્રશ્ન :- પહેલાની જે પરિણતિ છે એને ... એકવાર અનુભૂતિ થાય...

પ્રશ્ન :- અનુભૂતિ પછી તો કોઈની તાકાત નથી કે બદલાય. ખબર જ ન પડી કે અરે..! આવા છીએ! ખ્યાલ જ ન આવ્યો? અરે..! આ હું છું?

પ્રશ્ન :- 'ગુરુદેવે' તમને એકવાર કીધું હતું. જાણનાર. જાણનાર... જાણનાર...

જાણનાર... આમ જુદો દેખાય છે આખો આમ જાણનાર. ત્યારે કેવો જવાબ દીધો હતો? જાણનાર એકલો દેખાય પણ...

પ્રશ્ન :- મેં 'ગુરુદેવ'ને કહ્યું કે સાહેબ! જ્ઞાયક-જ્ઞાયક આ જાણનાર-જાણનાર કોણ છે એમ તો બેસે છે કે અંદર આ જાણનાર એક તત્ત્વ છે. એમ નહિ કહે આમ સામું જોઈને નક્કી થાય. એના સ્વભાવની ...

પ્રશ્ન :- વળી તે જ વખતે ખબર પડી કે હું જ્ઞાન છું. હું જ્ઞાન છું એ નિર્ણય નહોતો થતો. શાસ્ત્રથી નથી થતું, કોઈના કહેવાથી નહિ. આ તો ખબર પડી કે અરે..! મારે લીધે જણાય છે. હું જાણનાર છું. એ નિર્ણય ... નહોતો થતો. જ્ઞાન શું એ જ ખબર નહોતી પડતી. કે હું જ્ઞાન છું એ જ ખબર જ નહોતી પડતી. કોઈ દિવસ સમજમાં જ ન આવે, બોલો! અને હવે ખબર પડી કે હું જ્ઞાન છું. હવે ખ્યાલ આવે છે. કે અરે..! જ્ઞાન તો હું છું.

પ્રશ્ન :- .. પણ આ વસ્તુને બીજાને સમજાવવું પણ એટલું જ અઘરું છે. એટલું અઘરું છે એટલે અમુક જગ્યાએ પછી છોડી દેવું પડે છે.

પ્રશ્ન :- અને એટલું ચોખ્ખું જણાય છતાં તમે કહી ન શકો. એટલું ચોખ્ખું. તમને ખબર પડી કે વસ્તુસ્થિતિ આમ જ છે અને કહી ન શકાય. દ્રવ્યની પર્યાય શુદ્ધ છે અને શુદ્ધ ના જણાય, એમ બેમાં જે ફેર છે એ સમજાવવો બહુ મુશ્કેલ છે. પર્યાય અશુદ્ધ થવાની કોઈ શક્યતા જ નથી. ... પણ જ્યાં સુધી જણાય ત્યાં સુધી એ અશુદ્ધતા સત્ છે.

પર્યાય અશુદ્ધ થઈ છે માત્ર અશુદ્ધ ... એમ નહિ, અશુદ્ધ જ થઈ છે, સામર્થ્ય રાખીને શુદ્ધનું.અશુદ્ધતા ઉત્પન્ન થાય એવી કોઈ વ્યવસ્થા જ નથી, સાહેબ! અશુદ્ધતા જણાય... એ જ ખરી વસ્તુ છે કે તોય છતા અશુદ્ધતા છે. ... શુદ્ધતામાં અશુદ્ધતા જણાય... અશુદ્ધ છે માટે અશુદ્ધ જણાય છે. બાકી દ્રવ્ય શુદ્ધ છે.

જગતનું કોઈ તમે દ્રવ્ય મને દેખાડો કે જે શુદ્ધ હોય અને એની પર્યાય અશુદ્ધ હોય. કોઈ દ્રવ્ય દેખાડો. .... એમ જ લાગતું હતું કે હું રાગી છું, હું દ્વેષી છું, હું પાપી છું, હું ..., હું ખોટુ બોલુ છું. અશુદ્ધ થવાની કોઈ શક્યતા જ નથી. અશુદ્ધ એટલે પોતે શુદ્ધતા રાખીને અશુદ્ધ છે.

એવું સમજાવવામાં આવે છે, પણ તમે શુદ્ધ જ છો, પણ તમને અશુદ્ધતા જણાય છે. જ્યાં સુધી અશુદ્ધતા જણાય છે ત્યાં સુધી તમે અશુદ્ધ છો.

અશુદ્ધતા જણાય છે એ જ .... શુદ્ધિ. કારણ કે શુદ્ધ હોવા છતાં અશુદ્ધ

જણાવું એ મોટી મોટી અશુદ્ધિ.

... અંદર અશુદ્ધતા ઘુસી નથી. તમે અશુદ્ધ નથી ગયા, પણ તમને જે અશુદ્ધતા જણાય છે...

... તો તો ભીંતની પાછળનું હું જાણતો હોવો જોઈએ.

.. એમ નહિ, તમને જાણવાની શક્તિ છે પણ નથી જાણતા એ વસ્તુ જુદી છે. પણ એનું કારણ બીજું છે, સાહેબ! તમારી શક્તિ હીન નથી થઈ ગઈ, તમારી શક્તિ હીન થઈ જ નથી. પણ તમને એવું જણાય છે કે તમારી શક્તિ હીન થઈ ગઈ. તમને અનુભવ નથી, તમને શક્તિનો અનુભવ નથી. એ અનુભવ નથી એનું કારણ છે કે એ આપણા શાસ્ત્રમાં જ આપ્યું છે કે કર્મનો સંગ. એને તમને ઉઘાડી નહિ દો, સાહેબ! એ એટલું જ મજબુત છે. અને એ જ્યારે જશે ત્યારે .... એ તો સહજ એના કાળે જવાનું જ છે. અને એ જેમ જશે એમ તમારી અનુભૂતિ વધવાની જ અને એ વધતી વધતી તમારે કેવળજ્ઞાન સુધી જવાની. એમાં કોઈ શંકા જ નથી. એનું કારણ કે તમે તો કેવળજ્ઞાન.... જેવો કર્મનો સંગ એના કારણે છૂટવા માંડશે, તો જ તમારું કેવળજ્ઞાન પ્રગટવાનું. જ્યાં સુધી કર્મનો સંગ છે ત્યાં સુધી તો કેવળજ્ઞાન પ્રગટવાની કોઈ શક્યતા જ નથી. હું એમ નથી કહેતો કે કર્મના લીધે કેવળજ્ઞાન નથી થાતું.

ના, એમ નહિ, પણ એને સત્ તરીકે સ્વીકારવું પડશે કે એની હાજરી અનુભવમાં આવે છે.

તમે આજે એમ કહો કે હું અશુદ્ધ છું...

ઉત્તર :- આશ્ચર્ય લાગે તોપણ છે ખરું અશુદ્ધતાનું વેદન, રાગ-દ્વેષનું વેદન જડને થાતું નથી. ભ્રાંતિને લઈને .. સ્ફટિકમાં લાલ ... પડે, સ્ફટિક ધોળું હોવા છતાં. બદ્ધસ્પૃષ્ટ ભાવો બધા ઉપર તરે છે, પણ થાય છે ખરા. પર્યાયમાં થાય છે, પણ એ છૂટી જાય છે. પોતે અંદરમાં જાય ત્યારે છૂટી જાય છે. પર્યાય પલટાય એવો સ્વભાવ છે એનો. દ્રવ્યમાં નથી. સ્ફટિક જેમ ધોળું છે, પણ એમાં લાલ, પીળા બધા દેખાય છે. પણ એનું વેદન રાગનું આવે છે. .. વેદન થાય છે. .. અશુદ્ધતા દેખાય છે.

પ્રશ્ન :- કષાયનો સ્વાદ આવે છે.

ઉત્તર :- સ્વાદ આવે છે માટે એ અપેક્ષાએ થાય છે. દ્રવ્ય અપેક્ષાએ નથી, પર્યાય અપેક્ષાએ છે. એની અપેક્ષા જોવાની દૃષ્ટિ જુદી છે. ઓલી દૃષ્ટિએ જુઓ તો

નથી. આ દૃષ્ટિએ જુઓ તો છે. બદ્ધસ્પૃષ્ટ ભાવો છે. અબદ્ધસ્પૃષ્ટની અપેક્ષાએ જુઓ (તો) કમલીની પત્ર નિર્લેપ છે. છે ખરું.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૫ C

ઉત્તર :- પોતે જ્ઞાયકને ઓળખે તો સહેલું જ છે. જ્ઞાયકને જુદો જાણ. શરીરથી જુદો, વિભાવથી પોતાનો સ્વભાવ જુદો, બધું જુદું છે. સહેલું છે પણ કરે તો. ન કરે તો દુર્લભ છે. એમને એમ અનંતકાળ વયો ગયો.

પ્રશ્ન :- આપ કહો છો કે સુલભ છે, પણ અમને એના જેવું દુર્લભ કોઈ દેખાતું જ નથી.

ઉત્તર :- અનંતકાળથી પ્રાપ્ત નથી થયું માટે દુર્લભ છે, પણ કરે તો સહેલું છે. કરે એને અંતર્મુહૂર્તમાં થાય છે. ન કરે તો કેટલો કાળ જાય છે. કરે તો છ મહિનામાં કર. શાસ્ત્રમાં આવે છે. છ મહિનામાં તું એવો અભ્યાસ કર. પછી પ્રાપ્તિ થાય છે કે નથી થાતી તું જો, એમ આવે છે. પ્રાપ્તિ થયા વગર રહેતી જ નથી. તું પાડોશી થઈને જો. છ મહિના અભ્યાસ કર. આત્મા જ્ઞાયકનો અંતરમાંથી અભ્યાસ કર તો પ્રાપ્તિ થયા વગર રહેતી નથી, પણ કરતો જ નથી.

પ્રશ્ન :- અનાદિ-અનંત કાળ સુધી આવું ને આવું ચલાવીને આવ્યા?

ઉત્તર :- આવું ને આવું અનંતકાળથી બાહ્ય દૃષ્ટિ.. અનંતકાળમાં ગુરુ મહા મુશ્કેલીથી મળે છે. બાહ્ય ક્રિયાઓમાં ધર્મ માન્યો. શુભભાવમાં થોડું કરે તો મેં ઘણું કર્યું એમ માની લીધું. કાંઈ બહારના વ્રતો અને એવો બધો ત્યાગ કરે તો જાણે હું બહુ ધર્મ કરું છું એવું માની લીધું અનંતકાળમાં. ગ્રૈવેયકમાં ગયો, મુનિપણું લીધું. પાળ્યું બરાબર વ્યવહારથી બધું બરાબર શાસ્ત્રમાં આવે એવું. ગ્રૈવેયકમાં ગયો. પણ બધું બહારનું કર્યું, અંતરમાં કર્યું નહિ. આત્માને ઓળખ્યો નથી.

આ 'ગુરુદેવ' મળ્યા તો આ માર્ગ બતાવ્યો અંતરમાં, કરવાનું બહાર નથી, પણ પોતે કરે તો થાય. કર્યા વગર થાતું નથી. ભેદજ્ઞાન કરે, વારંવાર એનો અભ્યાસ કરે, નક્કી કરે, પાછો જુદો પાડવાનો પ્રયત્ન કરે, અંદર આત્માની મહિમા આવે, વિભાવથી છૂટો પડે, વિભાવનો રસ તૂટી જાય. અંતરમાં જાય તો થાય. એની વારંવાર દૃઢતા કરે, પરિણતિને છુટી—ન્યારો થાય તો થાય. વારંવાર એનો અભ્યાસ

કરવો જોઈએ. એ રૂપ એનું જીવન ઘડાઈ જાય અંતરમાં. જ્ઞાયકમય થઈ જાય તો થાય.

પ્રશ્ન :- ક્રમે-ક્રમે, ધીમે-ધીમે કર.

ઉત્તર :- હા, ક્રમે ક્રમે કરે, અભ્યાસ કરે તો ક્રમે ક્રમે થાય. નહિતર જલ્દી કોકને થાય, કોકને અભ્યાસ કરે તો ધીમે ધીમે થાય. પણ અભ્યાસ કરે, છોડી ન દે. એમને એમ અભ્યાસ ચાલુ રાખે તો થાય.

પ્રશ્ન :- અમે તો આપના વિશ્વાસે ચાલ્યા જઈએ છીએ કે અભ્યાસ છે હવે થઈ જશે.

ઉત્તર :- નિમિત્ત કરે પણ નિમિત્ત શું કરે? કરવાનું પોતાને છે. અને ઉપાદાનથી પોતાને કરવાનું છે. 'ગુરુદેવ' જેવા મહાપુરુષ મળ્યા. નિમિત્ત તો ઘણું પ્રબળ, પણ કરવાનું પોતાને રહે છે. ઉપાદાન તૈયાર હોય તો નિમિત્ત એને નિમિત્તરૂપ કહેવાય છે. પાછળ-પાછળ કાંઈ થાતું નથી. પોતાનું ઉપાદાન તૈયાર કરે તો થાય છે.

પ્રશ્ન :- માતાજી! વચનામૃતમેં એક બોલ આતા હૈ કિ મંદ પુરુષાર્થ કરે તો દેર લગે, તીવ્ર પુરુષાર્થ કરે તો જલ્દી હો જાયે. મંદ પુરુષાર્થકા સ્વરૂપ ક્યા ઔર તીવ્ર પુરુષાર્થકા સ્વરૂપ ક્યા?

પ્રશ્ન :- મંદ પુરુષાર્થનું શું સ્વરૂપ અને તીવ્ર પુરુષાર્થનું શું સ્વરૂપ? મંદ પુરુષાર્થ કરે તો વાર લાગે, તીવ્ર પુરુષાર્થથી જલ્દી થાય. મંદ પુરુષાર્થ એટલે શું? અને તીવ્ર પુરુષાર્થ એટલે શું?

ઉત્તર :- જ્ઞાયકને યાદ કરે, વળી પાછું ઢીલું પડી જાય, મંદ થઈ જાય. વળી યાદ કરે, વળી ભૂલી જાય એ બધું મંદ. વળી એકત્વબુદ્ધિ થઈ જાય. વળી હું જુદો છું એમ વિચાર કરે. એમ વારંવાર મંદ થાય, તીવ્ર થાય. ઉગ્ર થાય એને જુદો તે જુદો જ છું. એમ વારંવાર ઉગ્રપણે પ્રયાસ કર્યા કરે. જુદો તે જુદો જ છું. એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન એને ઉગ્રતાથી કરે. હું જ્ઞાયક તે જ્ઞાયક જ છું. હું કર્તા નથી. હું જ્ઞાયક જ છું. પરદ્રવ્ય સાથે મારે કાંઈ સંબંધ નથી. વિભાવ જે વિકલ્પ આવે એનાથી મારો સ્વભાવ જુદો છે. હું તો નિર્વિકલ્પ સ્વરૂપ છું. થાય પોતાની પરિણતિમાં પણ હું એનાથી જુદો, મારું સ્વરૂપ જુદું છે. એમ જોરદાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, હું ચૈતન્યદ્રવ્ય છું. આ પર્યાયમાં થાય છે પણ મારું સ્વરૂપ આ નથી. હું આકુળસ્વરૂપ નથી. આ મારા સ્વભાવથી વિપરીત છે. વારંવાર વારંવાર કરે પણ મંદ થઈ જાય, વળી તીવ્ર થઈ જાય. એમ એટલે મંદ-તીવ્ર થયા કરે. ઓલું તો ઉગ્ર થાય તો એને

થાય. જે ઉપડ્યો તે ઉપડ્યો, વારંવાર તીવ્રતાએ ઉપડ્યા કરે. તીવ્રતાએ ઉપડ્યા કરે તો એને થયા વગર રહે જ નહિ. વચ્ચે વચ્ચે મંદ પડતો જાય એટલે વાર લાગે.

પ્રશ્ન :- ધારાવાહી ચાલે.

ઉત્તર :- ધારાવાહી ચાલે.

પ્રશ્ન :- એને ઉગ્ર પુરુષાર્થ કહેવાય.

ઉત્તર :- ઉગ્ર કહેવાય.

પ્રશ્ન :- માતાજી! જરા ઉગ્ર હોને પર મંદ હો જાતા હૈ ઈસમેં ક્યાં ગડબડ હો જાતી હૈ? કભી પરિણામમેં ઉગ્રતા હો, ફિર ઢીલા પડ જાતા હૈ. ઉસમેં ક્યા ગડબડ હોતી હૈ?

પ્રશ્ન :- શરૂઆતમાં ઉગ્ર હોય અને પછી ઢીલો પડી જાય. એમાં શું ગડબડ થઈ જતી હશે અંદર?

ઉત્તર :- શરૂઆતમાં ઉગ્ર હોય એને બહુ ભાવના આવી જાય. અંદર બહુ કાંઈક એવા પ્રસંગ હોય (અને) એવો વૈરાગ્ય આવી જાય, એમ થઈ જાય. એટલે ઉગ્ર થઈ જાય. આ તો કાંઈક નવું જ છે. 'ગુરુદેવે' ઉપદેશ આપ્યો અને કાંઈક નવી જ વાત કરી. 'ગુરુદેવે' કાંઈક જુદો જ માર્ગ બતાવ્યો. આશ્ચર્ય લાગ્યું. ઉગ્રતા આવી ગઈ, વૈરાગ્ય આવી ગયો તો એ ઉગ્રતા થઈ ગઈ. પાછો ઢીલુ પડી જાય. એ કાયમ પાછું ટકે નહિ એટલે ઉગ્ર થાય અને ધીમું પડે એમ થયા કરે. વારંવાર એની ઉગ્રતાએ ધારાવાહી એને ચાલ્યા કરે તો એ પહોંચી શકે છે. કોઈ એવા પ્રસંગોમાં એને ઉગ્ર થઈ જાય, વળી ઢીલું પડી જાય. એ તો અનાદિનો અભ્યાસ છે એને. વારંવાર એની પાછળ પડે તો થાય.

આચાર્ય કહે છેને, તું તારા કોઈ એવા પ્રસંગમાં દીક્ષા-કાળ અને એવા બધા પ્રસંગો યાદ કરજે કે દીક્ષા લેતી વખતે મને કેવી જાતના ભાવ હતા. દીક્ષા લેવી હતી, ત્યાગ અંદરથી મુનિપણું લીધું, ભાવલિંગી મુનિ થયો. એવા તારા કોઈ સારા પ્રસંગોમાં એ બધું તું યાદ કરજે. તારી સાધનામાં બધું યાદ કરજે. એમ 'ગુરુદેવે' ઉપદેશ આપ્યો. કોઈ અપૂર્વ વાત કરી, એની અપૂર્વતા લાગી ત્યારે કેવા ભાવ હતા એવા બધા પ્રસંગો યાદ કરજે. તારી પુરુષાર્થની ઉગ્રતા કરવા માટે થઈને.

પ્રશ્ન :- અભિનંદન ગ્રંથમાં ફોટો છે પહેલા, એ ફોટામાંથી તૃપ્તિ નથી થતી, એ ફોટા વખતે આપના શું વિચાર ચાલતા હતા?

ઉત્તર :- ફોટા વખતે શું વિચાર ચાલતા હોય એ તો..

પ્રશ્ન :- એ ઉંમરમાં જે વખતનો એ ફોટો છે.

ઉત્તર :- એ તો તદ્દન નાની ઉંમરનો છે.

પ્રશ્ન :- એમાંથી મારું મન નથી ... ગજબનો ફોટો! ગજબનો ફોટો! ફોટાથી જ આઘો જઈ શકતો નથી. ફોટો જ જોઉં છું. બીજું કાંઈ વાંચ્યું જ નથી. ફોટો અને તમે લખેલું જીવન છે,... બીજું વંચાતું નથી. રોજ ફોટાથી શરૂ કરું, આટલું થોડું જીવન... પછી બીજે દિ શું વાંચો? બીજે દિ ઈ નું ઈ વાંચું. ગજબનો, ગજબનો! સૌમ્યતા, સરળતા, વૈરાગ્ય... કંઈક બોલે છે.

ઉત્તર :- ઓલા વાંચીએ છીએ એ વળી કાંઈક ઠીક. આ તો નાની ઉંમરનો એકદમ છે. એ વખતે શું વિચાર હોય? પહેલેથી આત્માનું કરી લેવું એ તો વિચાર હતા જ. બધા ફોટા પડાવે તો ફોટો પડાવ્યો એમાં વિચાર શું હોય? નાના હતા એમાં.

પ્રશ્ન :- વિષયની ... પરિણતિ એ જાતની હતી. પરિણતિ એ જાતની હોય તો જ ફોટો આવે.

ઉત્તર :- આત્માનું કરી લેવું એવા વિચારો હતા. એમાં એ વખતે શું વિચાર હોય એ કાંઈ એ વખતનું કાંઈ યાદ હોય થોડું કે ફોટા વખતે શું વિચાર હતા?

પ્રશ્ન :- કહે છે, આત્મા તો જુદો બેસે છે પણ અનંત શક્તિવાળો! કેવળજ્ઞાનનું સામર્થ્ય ભર્યું પડ્યું છે ઈ નથી બેસતું. એ નથી અંદર આવતું.

ઉત્તર :- અનંત શક્તિવાળો આત્મા જ છે. આત્મા છે પણ આત્મા કેવો છે? આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યું, પણ આત્માનું અસ્તિત્વ ખાલી અસ્તિત્વ છે? એક જાણનારો જ માત્ર છે? ખાલી અસ્તિત્વ નથી એ તો અનંત સામર્થ્યથી ભરપૂર અસ્તિત્વ છે. એવી મહિમા આવવી જોઈએ. કાંઈ એકલું અસ્તિત્વ જ છે એનું કાંઈ?

પ્રશ્ન :- જેમ જાણનારનું અસ્તિત્વ ખ્યાલમાં આવે છે એ પરિપૂર્ણ અસ્તિત્વ છે એ નથી ખ્યાલમાં આવતું.

ઉત્તર :- જે અસ્તિત્વ હોય એ કાંઈ પૂરું અસ્તિત્વ હોય કે અધૂરું અસ્તિત્વ હોય? જે દ્રવ્ય હોય એ અધૂરું હોય કાંઈ? એ કાંઈ ખામીવાળું દ્રવ્ય હોય? એ દ્રવ્ય શેનું કહેવાય? જે સ્વતઃસિદ્ધ વસ્તુ છે એ સ્વતઃસિદ્ધ વસ્તુ કાંઈ ખામીવાળી હોય? કે એનું અસ્તિત્વ પરિપૂર્ણ ન હોય અને અધૂરું અસ્તિત્વ હોય? એ અસ્તિત્વ પૂરું જ હોય.

પ્રશ્ન :- .. બૈઠતા હૈ જ્ઞાન શ્રદ્ધાનમેં જાનના ઔર અસ્તિત્વ, ઐસે પરિપૂર્ણતા

ન્યાયસે તો બૈઠતી હૈ લેકિન જૈસે યહ બૈઠતા હૈ વહ નહીં બૈઠતા. ...

પ્રશ્ન :- આ હું છું એવું બેસે છે પોતાથી દલીલ વગર એવું દલીલ વગર હું પરિપૂર્ણ કેવળી જેવો છું એ નથી બેસતું લાગણીમાં.

ઉત્તર :- એ વખતે કાંઈ બધા વિચાર કરવા થોડું બેસે, એ તો શ્રદ્ધામાં આવે કે પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું એની શ્રદ્ધામાં આવે કે હું તો પરિપૂર્ણ અનંત સામર્થ્યથી ભરપૂર અસ્તિત્વ છું. એ કાંઈ દરેક વખતે વિચાર કરવા ન બેસે. એની શ્રદ્ધામાં બળ આવે કે મારું અસ્તિત્વ કોઈ અપૂર્વ મહિમાવંત છે! એ કાંઈ વિચાર કરવા બેસે વારેવારે? એ તો એણે નક્કી કર્યું કે હું તો અનંત શક્તિથી ભરેલો ચૈતન્ય છું. વારેવારે એમ વિચાર કરે? હું અનંત શક્તિથી ભરેલો છું એમ વિચાર કાંઈ ન કરે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું એ પ્રબળ અસ્તિત્વ છે. એમ એની શ્રદ્ધામાં ભેગું આવી જાય.

પ્રશ્ન :- પ્રબળ અસ્તિત્વ હૈ, નિર્બળ અસ્તિત્વ નહીં હૈ.

ઉત્તર :- પ્રબળ અસ્તિત્વ છે. એમ એની અસ્તિત્વની ભેગું આવી જાય. એમ કાંઈ વારેવારે વિચાર કરવા બેસે ઈ?

પ્રશ્ન :- વિચાર કર્યા વગર જ બેસે છે. વિચાર બિના અસ્તિત્વ તો બૈઠતા હૈ. વહ અનંત સામર્થ્ય વહ વિચાર. જ્ઞાનસ્વરૂપ એ પણ બેસે છે, પણ અનંત સામર્થ્યરૂપ છું એ નથી બેસતું.

ઉત્તર :- સામર્થ્યને કાંઈ માપ હોતું હશે કે આટલા માપવાળું સામર્થ્ય છે? સામર્થ્ય તો પૂરું હોય. એને માપ જ ન હોય. એ દ્રવ્ય સ્વતઃસિદ્ધ છે એ કાંઈ સીમાવાળું હોય? કે આને આટલી શક્તિ હોય અને આટલી હોય નહિ એવું?

ફોટા તો પહેલા પડાવાનો રિવાજ જ ક્યાં હતો? ક્યાં હતો? કોક ક્યાંક જ પડાવતા. ફોટા તો વળી કુદરતી આવી ગયા છે. ફોટા કોઈ પડાવતું પણ નહોતું. આ હવે દેશકાળ ફરી ગયા છે.

પ્રશ્ન :- માતાજી! ફોટા તો એવા છે (કે) ફોટાથી આપની પરિણતિનો ખ્યાલ આવે છે.

ઉત્તર :- એ તો બધું બહારથી એવું લાગે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૫ D

પ્રશ્ન :- ..આવે છે કે શાસ્ત્ર તો પાના કાગળ છે. તેને ઉકેલતા શીખવું. શાસ્ત્રમાં વ્યવહારના કથન ઘણા હોય છે. પરંતુ જેટલા વ્યવહારના નિમિત્તના કથન છે એ પોતાના ગુણમાં કામ ન આવે, પણ પરમાર્થને સમજાવવામાં કામ આવે. અને જે વ્યવહારમાં જે પરમાર્થ છે તે સમજાવામાં કામ ન આવે. પણ તે વડે આત્માને શાંતિ થાય. આવો પ્રગટ નયવિભાગ છે.

ઉત્તર :- વ્યવહારના જે કથન છે એ તો સમજાવવા માટે છે. એ કાંઈ અંદરની શાંતિ તો અંદર પોતે અંદર સ્વરૂપને ઓળખે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય તો એ અંતરથી શાંતિ આવે. વ્યવહારના જેટલા કથનો છે એ કથન તો ઘણા આવે છે વ્યવહારના તો શાસ્ત્રોમાં. શાસ્ત્રોમાં જેટલા વ્યવહારના કથનો (આવે છે), એટલા અધ્યાત્મના કથનો નથી આવતા, પણ ઈ બધા સમજાવવા માટે છે. અને સાધકદશામાં ભેદ પડે છે એ બધું સમજાવવા માટે છે. અંદર શાંતિ તો એ બધા વ્યવહાર ઉપરથી લક્ષ ઉઠાડી અને પોતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકે અને એમાં જો પોતે એ દૃષ્ટિના જોરથી આગળ જાય તો શાંતિ થાય એમ છે. કાંઈ શાંતિ માત્ર વ્યવહારમાં રોકાઈ જવાથી એ કાંઈ શાંતિ મળતી નથી. બહારના નિમિત્તો, નિમિત્તની વાતો એનાથી કાંઈ શાંતિ મળતી નથી. વ્યવહારના કથનોથી શાંતિ (નથી મળતી, એ) તો ભેદભાવો છે. એ માત્ર જાણવા માટે છે, એ જાણવા માટે છે. એનું જ્ઞાન કરવા યોગ્ય છે કે વ્યવહાર છે, પર્યાય છે. અને અંદર દ્રવ્ય શુદ્ધાત્મા છે એના ઉપર દૃષ્ટિ કરીને આગળ જાય તો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. એમ બધું સમજવા માટે છે. પણ એ વ્યવહાર કાંઈ અંદર જે ભેદભાવો છે એ અંદર સ્વરૂપમાં લક્ષણ ભેદે ભેદ છે, પણ વાસ્તવિક તો ભેદ નથી, એટલે અંદર શાંતિ તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકીને અંદર સાધના કરે તો જ શાંતિ થાય એમ છે. એમ કહેવું છે.

પ્રશ્ન :- ઝાઝો ભાગ તો વ્યવહાર કથનોનો છે.

ઉત્તર :- લોકો પણ વ્યવહારમાં જ પડેલા છે જીવો અનાદિકાળથી. એટલે એને વ્યવહારથી કહેવામાં આવે, ભેદથી કહેવામાં આવે તો સમજે છે. આત્મા અભેદ છે, આત્મા અનંતગુણથી ભરેલો છે, શુદ્ધાત્મા છે એમ કીધા કરે તો એ કાંઈ એને દેખાતું નથી અને સમજમાં આવતું નથી. એટલે વ્યવહારના જે કથનો છે એ એને સમજમાં

આવે છે. એટલે વ્યવહારના કથનો ઝાઝા છે સમજવા માટે છે. એમાં ઝાઝા આવે છે. પરિણામને ઓળખે કે આ બધા પરિણામ થાય છે, આ નિમિત્તો છે, આ બધું છોડવા જેવું છે, ભેદજ્ઞાન કરવા જેવું છે એમ બધું કહેવામાં આવે તો એ સમજે છે. અંદર તું આત્મા છો—એમ માત્ર કહે તો એ કાંઈ સમજતો નથી.

શાસ્ત્રમાં આવે છેને કે તું આત્મા છે. સ્વસ્તિ—એમ શાસ્ત્રમાં આવે છે. એમ અર્થ સમજે નહિ તો (એને સમજાવે કે) તારું અવિનાશી કલ્યાણ થાય. તું આત્મા છો એમ સમજે નહિ. એટલે એને પછી ભેદ પાડીને કહેવાય છે (કે) દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત જેમાં હોય, એને પ્રાપ્ત થાય તે આત્મા. એમ ભેદ પાડીને કહેવું પડે છે. માટે ભેદ વગર ઈ સમજતો નથી. માટે વ્યવહારના કથનો ઝાઝા આવે છે. નિશ્ચયના કથનો ઓછા આવે છે. પણ શાંતિ તો એને પરમાર્થથી જ થાય છે. શાંતિ કાંઈ ભેદમાં રોકાવાથી શાંતિ થતી નથી. ભેદ તો સમજવા માટે છે.

પ્રશ્ન :- વ્યવહારનું એક જ પ્રયોજન છે પરમાર્થ તરફ લઈ જવો? એ સિવાય બીજું કાંઈ પ્રયોજન નથી?

ઉત્તર :- પરમાર્થ તરફ લઈ જવો. વચ્ચે વ્યવહાર આવે છે એ જાણવા માટે છે. જાણે તો આગળ જાય. જાણે નહિ તો આગળ કેમ જાય? યથાર્થ જ્ઞાન કરવા માટે છે, જાણવા માટે છે કે આ પર્યાય છે, નિમિત્ત છે, ભેદ છે, વચ્ચે સાધકદશા આવે છે. બધું જાણવા માટે છે. યથાર્થ જ્ઞાન કરવા માટે છે. અને એ જ્ઞાન યથાર્થ કરે તો એને હું શુદ્ધાત્મા છું, એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે, પુરુષાર્થ કરે. સાધકદશા વચ્ચે આવે છે. બધું જ્ઞાન કરવા માટે છે. સમજે તો આગળ જાયને.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૬ A

ઉત્તર :- એમ પહેલા એણે ભાવના તો કરે. વાસ્તવિક તો પછી થાય, પણ હું જ્ઞાયક છું, હું જાણનાર છું. મારામાં વિકલ્પ નથી, હું નિર્વિકલ્પ સ્વરૂપ છું. એમ અંતરમાં નિર્ણય કરે. વિકલ્પ તરફનું જોડાણ પોતાનું ઓછું કરે, વિકલ્પનો રસ અંતરમાં ઓછો કરે. એક પછી એક વિકલ્પ તો આવ્યા જ કરે છે. કારણ કે પોતાનું સ્વરૂપ ઓળખ્યું નથી. નિર્વિકલ્પસ્વરૂપ પોતે થયો નથી, પણ એનાથી જુદો પાડવાનો પ્રયત્ન કરે કે આ વિકલ્પની હારમાળા છે તે હું નથી, મારું તે સ્વરૂપ નથી.

હું તેનાથી જુદો છું. એમ એનાથી જુદો પડવાનો પ્રયત્ન કરે.

જ્યાં સુધી યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન, અંદર લીનતા થઈ નથી ત્યાં સુધી એના વિકલ્પ છે, પણ એનાથી જુદો પડવાનો પ્રયત્ન કરે. એનો રસ ઓછો કરે. એની એકત્વબુદ્ધિ તોડી નાખે. લૌકિક તરફ જાતો હોય, અશુભ તરફ જાતો હોય એને પલટાવીને શુભ તરફ લાવે. શુભભાવ પણ મારું સ્વરૂપ નથી, એનાથી હું જુદો છું, પણ અશુભથી બચવા શુભ વચ્ચે આવે છે ખરા. દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ. અશુભની હારમાળા લૌકિક ચાલતી હોય એનાથી પલટાવી નાખે પોતે. અંદર રાગ પડ્યો છે, સંસ્કાર પડ્યા છે એના, આવ્યા કરે છે, પણ મહિમા જ્ઞાયકની લાવીને એનાથી જુદો પાડવાનો પ્રયત્ન કરે.

પ્રશ્ન : એટલે વિકલ્પ આવે તો ભલે આવે, પણ લક્ષ...

ઉત્તર :- લક્ષ ફેરવી નાખું. આવે ભલે પણ એનો રસ ઓછો કરવો. એનું લક્ષ ફેરવે તો એનો રસ ઓછો થઈ જાય. એની જે લંબાણ થાતી હોય એ તૂટી જાય. એકને એક વિકલ્પનો રસ, એની ચીકાશ એ બધું ઓછું થઈ જાય કે આ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાયક છું. લાંબી લાળ ચાલતી હોય એ તૂટી જાય એને. પોતે એકત્વબુદ્ધિ તોડે અને હું જ્ઞાયક છું. એનું લક્ષ ફેરવી નાખે.

પ્રશ્ન :- પૂછવું હતું, શેષ જીવનનું પૂછવું છે, શેષ જીવનનું...

ઉત્તર :- તે દી બધું કેટલુંય કીધું હતું, તે દી એમણે પૂછ્યું હતું. તે દી ઘણું કીધું હતું. કરવાનું પોતે છે.

પ્રશ્ન :- .. પ્રેમ છે અને સમજે છે.

ઉત્તર :- હા.

પ્રશ્ન :- તમારા બધાની કૃપા છે, અમીદૃષ્ટિ છે. ડૉક્ટર સાહેબ પણ કહે છે, મૂળ પકડવાનું છે. ડાળા-પાંખડા તો જેટલા હાથમાં આવ્યા એટલા ઠીક.

ઉત્તર :- એ વાત સાચી છે. મૂળ તત્ત્વને પકડવું. સાચી વાત છે. બીજું જેટલું સમજાય એટલું સમજાય પણ મૂળ તત્ત્વને પકડવું.

પ્રશ્ન :- મૂળ સમજીએ તો વિકલ્પ તો બહુ ઓછા થઈ જાય છે.

ઉત્તર :- હા, વિકલ્પ ઓછા થઈ જાય મૂળને સમજે તો કે હું જાણનારો જ્ઞાયક છું, આ બધા વિકલ્પ મારું સ્વરૂપ નથી. એની એકત્વબુદ્ધિ તોડે (તો) વિકલ્પ ઓછા થઈ જાય. જાણવા માટે વિચારો આવે કે આ દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું, પણ એનું અમુક રહસ્ય જાણી લે પછી એનો નિર્ણય કરે યથાર્થ જ્ઞાન અને એ તરફ પોતે

જવાનો પ્રયત્ન કરે તો વિકલ્પની લાળ ઓછી થઈ જાય, એનાથી છૂટો પડી જાય.

પ્રશ્ન :- માતાજી! 'ગુરુદેવ'ના વિશેષ અંકમાં ૧૪૪મી ગાથા ઉપરના પ્રવચનમાં એક વાત એમ આવે છે કે...

ઉત્તર :- ક્યા પ્રવચનમાં?

પ્રશ્ન :- ૧૪૪મી ગાથા ઉપરનું જે પ્રવચન છે એમાં એક ઠેકાણે એમ આવે છે કે શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો જે નિર્ણય કરવા જાય છે અને એ નિર્ણય કરે છે તે વખતે એ અંશે રાગથી છૂટો પડે છે. તો એમાં શું કહેવું છે? અંશે રાગથી છૂટો પડે છે એટલે શું?

ઉત્તર :- એનો નિર્ણય કરે છે કે, હું આ જ્ઞાયક છું. એટલે રાગથી છૂટો પડે છે એટલે કે એનાથી શ્રદ્ધા જુદી કરે છે અને રાગને ગૌણ કરે છે. અંશે છૂટો પડે. એટલે એને નિર્વિકલ્પદશા હજી નથી થઈ, પણ આ રાગ જુદો અને હું જુદો છું એમ અંશે છૂટો પડે છે. એનાથી જુદો પોતે રાગ હોવા છતાં જ્ઞાયકનું જુદું સ્વરૂપ ગ્રહણ કરે છે કે આ જ્ઞાનસ્વભાવ તે હું અને આ રાગ તે હું નથી. એ રાગ સાથે જે એકત્વબુદ્ધિ હતી એ રાગની મુખ્યતા દેખાતી હતી એને છૂટો કરીને, ગૌણ કરીને જ્ઞાયક તે હું છું એમ અંશે છૂટો પડીને ગૌણ થઈ જાય છે અને જ્ઞાયકની મુખ્યતા થઈ જાય છે. એટલે એનાથી અંશે છૂટો પડે છે. આમ ઉપર ઉપરથી ગૌણ થાય એમ નહિ. અંદરમાંથી જ એને એ ગૌણતામાં આવી જાય છે રાગ અને જ્ઞાયક પોતે મુખ્ય થઈ જાય છે કે આ જ્ઞાયક તે હું અને આ રાગ તે હું નથી.

પ્રશ્ન :- એનો અર્થ એ થયો કે વિચારપૂર્વક જ્યાં સુધી યથાર્થ નિર્ણય નહોતો થયો ત્યાં સુધી એને રાગની મુખ્યતા રહેતી હતી. અને આ નિર્ણય થતાં એને રાગ ગૌણ થઈ જાય છે એને જ્ઞાયકસ્વભાવ મુખ્ય થઈ જાય છે.

ઉત્તર :- મુખ્ય થઈ જાય છે જ્ઞાયક. હજી વિચારથી નિર્ણય કર્યા કરતો હતો તોપણ રાગની મુખ્યતા રહેતી હતી, જ્ઞાયક આમ ઉપર એને આવતો નહોતો. ઓલી જ્ઞાયકની મુખ્યતા થઈ જાય છે અને રાગની ગૌણતા થઈ જાય છે.

પ્રશ્ન :- એને એ અંશે રાગથી છૂટો પડે છે એમ કહ્યું?

ઉત્તર :- હા, એમ કહેવાય અંશે છૂટો પડે છે. એને પોતાને જ એમ લાગે કે હું જ્ઞાયક મુખ્ય થઈ ગયો અને રાગ અંશે છૂટો પડીને ગૌણ થયો છે. ઓલું એને રાગ ને જ્ઞાયક ને બધું સાથે દેખાતું હતું, એમાં જ્ઞાયકની મુખ્યતા દેખાય અને રાગની ગૌણતા દેખાય.

પ્રશ્ન :- રાગ સાથે હોવા છતાં રાગથી નહિ પકડાય એવું પણ એને નક્કી થઈ જાય છે?

ઉત્તર :- નક્કી થઈ જાય છે. બેય સાથે હોવા છતાં જ્ઞાયક મુખ્ય અને હું એનાથી અંશે છૂટો પડ્યો. એટલે એ ગૌણ થયો છે. હજી છૂટો તો યથાર્થ થાય ત્યારે થાય, પણ અંશે છૂટો પડીને પોતાને જ્ઞાયકનો નિર્ણય કરે છે.

પ્રશ્ન :- અને એ એને ખ્યાલ આવી જાય છે એ વખતે?

ઉત્તર :- ખ્યાલ આવી જાય છે. આ મારો નિર્ણય સાચો છે.

પ્રશ્ન :- અનુભવ પછી થાય છે?

ઉત્તર :- અનુભવ તો પછી થાય છે. આ તો નિર્ણય થાય છે પહેલા. નિર્ણય થાય છે અને પછી એના ઉપર એમને એમ જો ચાલે તો અનુભવ થાય, પણ એ નિર્ણય થાય અને પછી એમને એમ પાછળ એનો પુરુષાર્થ જારી ન રહે તો અનુભવમાં વાર લાગે. પણ એને પુરુષાર્થ એમને એમ ચાલુ રહે તો અનુભવ થાય.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થવામાં અથવા તો એને પોતાને આત્માની અનુભૂતિ થવામાં આ બધું વાતાવરણ કામ કરે છે કે આ 'સોનગઢ'નું વાતાવરણ અત્યારે જો એ રીતે હોય તો મારા જેવો 'આફ્રિકા'માં બેઠો છે. તો ત્યાં પણ આ વાતાવરણ હોય તો એકલું આત્માનું જ કરવાનું હોય તો આત્મા એને માટે પોતાએ જ એક પુરુષાર્થ કરવાનો છે. તો એની અંદર એમ તો નથી કે વાતાવરણ જોઈએ કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે, આ .. છે કે...

ઉત્તર :- પોતાની તૈયારી હોય તો ગમે ત્યાં થઈ શકે છે. પોતાની તૈયારી હોય, પોતે અમુક ગુરુ પાસેથી ગ્રહણ કર્યું હોય કે આ જ્ઞાયક જ છે અને પોતે નિર્ણય કર્યો હોય તો પછી ગમે તે ક્ષેત્રમાં જ્યાં પોતે પુરુષાર્થ કરે તો થાય છે. પણ એની રુચિમાં એમ હોવું જોઈએ કે મને દેવ-ગુરુ-શાસ્ત્રનો સમાગમ હોય, મને સારું વાતાવરણ હોય, મને સત્સંગ હોય એવી એની ભાવના હોવી જોઈએ. પણ એવો યોગ ન હોય તો પોતે પોતામાં વિચાર કરીને, પુરુષાર્થ કરીને કરી શકે છે.

એના અભિપ્રાયમાં એવું ન હોવું જોઈએ કે આ બધું વાતાવરણ કે દેવ-ગુરુ-શાસ્ત્રનું સાનિધ્ય એનું શું કામ છે? મને મારાથી જ થાય છે. એવો નિષેધભાવ ન આવવો જોઈએ. એને એમ થાય કે સત્સંગ હોય તો સત્સંગની રુચિ રહે, દેવ-ગુરુ-શાસ્ત્રના સમાગમની ભાવના રહે કે મને એ હોય તો સારું. ભાવના રહે પણ એ ન હોય તોપણ પોતે પુરુષાર્થ કરી શકે છે. પણ એનો નિષેધ એને ન આવવો જોઈએ.

પ્રશ્ન :- જો ન હોય તો વિશાદ થાય એવું બને? ખેદ થાય.

ઉત્તર :- હા, ખેદ પણ થાય એને. હા, ખેદ થાય. અરે..! મને દેવ-ગુરુ-શાસ્ત્રનો સમાગમ નથી, મને સારા મુમુક્ષુઓનો સત્સંગ નથી એમ ખેદ થાય, ખેદ પણ થાય. પણ એટલે એ કરી ન શકે એવું નહિ. પુરુષાર્થ કરે તો થઈ શકે છે. ખેદ થાય. જેને સત્સંગની ભાવના હોય તો એને થાય, ખેદ થાય. પણ વધારે પડતી આકુળતા થઈ જાય તેનું પછી સમાધાન કરી લે. એને પ્રશસ્ત રાગ છે એટલે ખેદ પણ આવી જાય કે ક્યાં આપણે ક્યાં દૂર દેશમાં બેઠા છીએ અથવા ત્યાં સત્સંગ નથી એમ થઈ જાય. જેને ભાવના હોય એને એમ પણ (થાય). એના વગર ન જ થાય એવું નહિ, પોતાની તૈયારી ઉગ્ર હોય તો થાય.

પ્રશ્ન :- ખેદને ઉગ્ર તૈયારીમાં પલટાવવા પ્રયત્ન કરવો.

ઉત્તર :- ખેદ બહુ થાય અને વધારે પડતી આકુળતા થઈ જાય તો શાંતિ રાખે કે એવો યોગ નથી તો નથી બનતું તો હવે હું મારા અંતરમાં તૈયારી કરું. સમાધાન કરે. ખેદમાં ખેદમાં રહ્યા કરે તો એમ ન થાય. સમાધાન કરે કે હવે એવો યોગ નથી તો હું અંતરમાં પુરુષાર્થ કરું. 'ગુરુદેવે' જે કીધું છે એ પ્રમાણે કરું.

આવે છેને? પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ. પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ નથી તો એમણે જે કીધું છે ઈ પ્રમાણે પોતે વાંચન, વિચાર, પુરુષાર્થ કરે. પણ અને એની પાત્રતા તૈયાર થવા માટે જીવને એકવાર સદ્‌ગુરુનો યોગ મળે છે. અને દેવનો, ગુરુનો યોગ મળે છે. એની વાણી સાંભળે. અને પોતાની તૈયારી જો હોય તો પોતે ગ્રહણ કરે છે. પછી ગ્રહણ કર્યા પછી ગમે તે ક્ષેત્રમાં એને થઈ શકે છે. પણ એવો સંબંધ છે નિમિત્ત-નૈમિત્તિક કે એકવાર ગુરુનો યોગ એને બને તો દેશનાલબ્ધિ થાય છે અંતરમાં. અંતરમાં પોતાની તૈયારી હોય તો ગ્રહણ કરે છે. તૈયારી ન હોય તો ઘણી વાર મળે તો પોતે કાંઈ ગ્રહણ કરતો નથી. પણ જો ગુરુ મળ્યા અને જો ગ્રહણ કર્યું તો અંતરમાં એને અમુક સંસ્કાર, અમુક થયા વગર રહેતું જ નથી. પછી જ્યાં એને ગુરુએ કીધું હોય એવો પુરુષાર્થ કર્યા કરે.

પ્રશ્ન :- ગુરુની આમ પ્રેરણા મળ્યા કરે એ..

ઉત્તર :- ગુરુની પ્રેરણા મળ્યા કરે તો વધારે સારું છે. પોતાને પુરુષાર્થની સરળતા, સુગમતા પડે છે, પણ એ ન યોગ હોય તો પોતે વિચારો કરે કે ગુરુએ શું કીધું છે? એ વિચાર કરી કરીને પુરુષાર્થ કરે.

પ્રશ્ન :- પ્રેરણા મળે છે તો ખરીને?

ઉત્તર :- સાક્ષાત્ ગુરુ હોય તો પ્રેરણા મળે. નહિતર એમની વાણીની પ્રેરણા મળે, વાણીમાંથી પ્રેરણા મળે. એમના ઉપદેશની ટેપોમાંથી ગમે તે રીતે પ્રેરણા મળ્યા કરે. પુસ્તકમાંથી, શાસ્ત્રમાંથી એમ પ્રેરણા મળ્યા કરે. પ્રત્યક્ષની વાત તો જુદી જ છે, પણ એને ન યોગ હોય તો એમણે કીધેલા શાસ્ત્રો જે હોય એમાંથી પ્રેરણા મળ્યા કરે.

પ્રશ્ન :- 'સમયસાર' બહુ ગમે છે. ... બીજા શાસ્ત્રો એની ટીકા એવી છે.

ઉત્તર :- મૂળ શાસ્ત્ર છે 'સમયસાર'. આત્માની અનુભૂતિ માટેનું છે. આત્માની અનુભૂતિ કેવી રીતે થાય? અનુભૂતિની મહિમા છે બધી.

પ્રશ્ન :- એને સમજવા માટે ચારેય પરમાગમ એનું ભાષ્ય હોય એવું મને લાગે. બીજા ચાર પરમાગમ એનું ભાષ્ય છે. 'પંચાસ્તિકાય', 'પ્રવચનસાર', 'નિયમસાર' અને 'અષ્ટપાહુડ'. મૂળ તો આ એના ભાષ્યો રચ્યા છે.

ઉત્તર :- અનુભૂતિ માટે 'સમયસાર' છે મુખ્ય. પછી દ્રવ્યગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે, છ દ્રવ્યનું શું સ્વરૂપ છે, પાંચ ભાવો શું છે, પારિણામિકભાવ શું છે, એનું વિશેષ-વિશેષ જાણવા માટે એ બધા પાંચેય પરમાગમ છે. 'સમયસાર'માં જ્ઞાયકની વાત આવે. પછી એ જ્ઞાયકમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે? એટલા માટે 'પ્રવચનસાર'માં આવે છે બધું સ્પષ્ટતાથી.

પ્રશ્ન :- એટલે જ ભાષ્ય હું કહું છું કે મને એ રીતે મદદરૂપ થાય છે.

ઉત્તર :- અનુભૂતિ મુખ્ય છે માટે 'સમયસાર' મુખ્ય છે. અને આ બધું તત્ત્વના સ્વરૂપનો વિસ્તાર છે બધા પરમાગમોની અંદર.

પ્રશ્ન :- પાયાના સિદ્ધાંતો છે.

ઉત્તર :- બધા મુખ્ય. તત્ત્વ શું છે વસ્તુ એના બધા સિદ્ધાંતો છે. એ બધામાં ગૌણપણે અનુભૂતિ આવી જાય છે. એ બધા સિદ્ધાંતો મુખ્ય મુખ્ય સિદ્ધાંતો બધામાં આવે છે. કોઈ કાંઈ પર્યાયને જુદું માનતું હોય, કોઈ કાંઈ ગુણને જુદું સ્વરૂપ માનતું હોય, કોઈ કાંઈ એક માને, કોક જુદું માને, એ બધા મુખ્ય પાયાના સિદ્ધાંતો તત્ત્વના છે. એ બધી સ્પષ્ટતા 'પ્રવચનસાર'માં આવે છે. છ દ્રવ્યનું સ્વરૂપ આવે છે, પારિણામિકભાવનું સ્વરૂપ આવે છે.

પ્રશ્ન :- બાહ્ય નિમિત્ત અને અંતર નિમિત્ત શું?

ઉત્તર :- અંતર?

પ્રશ્ન :- બાહ્ય નિમિત્ત અને અંતર નિમિત્ત (શું)?

ઉત્તર :- બાહ્ય નિમિત્ત તો 'ગુરુદેવ' છે. 'ગુરુદેવ'ને પણ અંતર નિમિત્ત કહેવાય

છે. કારણ કે એ અંતરમાં પોતાનો લાભ પરિણમનમાં કરે છે. અંતરમાં નિમિત્ત પોતે પોતાનો પુરુષાર્થ કરે એ અંતર (નિમિત્ત). પોતે પોતાનો જ્ઞાયક જ અંતર નિમિત્ત છે. એ જે બધા અંદરના ભાવો, જે કર્મ ને બધા ટળી જાય છે, જો પોતાની તૈયારી હોય તો. અંતરનું નિમિત્ત પોતે છે.

પ્રશ્ન :- ગઈ વખતના આત્મધર્મમાં, અંતર નિમિત્ત સમ્યગ્દર્શન કરવા માટે અંતર નિમિત્ત જે સમ્યગ્દર્શન પામ્યા છે એ છે.

ઉત્તર :- એ આવે છે. સમ્યગ્દર્શન પામવામાં નિમિત્ત. અંતર નિમિત્ત જે સમ્યગ્દર્શન પામ્યા તે અંતરનું નિમિત્ત. એને બહારનું નિમિત્ત પણ કહેવાય, અંતરનું નિમિત્ત પણ કહેવાય છે. કારણ કે જે પામ્યા છે એ પમાડવામાં નિમિત્ત બને છે. માટે અંતરનું નિમિત્ત એને કહેવાય છે.

પ્રશ્ન :- કેવળજ્ઞાન પામનારને કેવળીની સાક્ષી હોય છે, ઉપસ્થિતિ હોય છે એ રીતે સમ્યગ્જ્ઞાન પામતી વખતે કે સમ્યગ્જ્ઞાન પામવું હોય તો અંતર નિમિત્તના પણ દર્શનની જરૂર હોય છે.

ઉત્તર :- સમ્યગ્દર્શન પામવા અંતર નિમિત્ત ગુરુ હોય છે, પણ એ ગુરુના દર્શન થઈ ગયા હોય અને વાણી સાંભળી હોય પછી પોતે પુરુષાર્થ કરે. એકવાર નિમિત્તને ગ્રહણ થઈ ગયું અંતરમાં પોતાની રુચિ પલટાઈ ગઈ, પોતાને અંતર દિશા તરફ વળ્યો તો એ અંતર નિમિત્ત થઈ ચૂક્યું ગુરુનું. પછી એની વિશેષ આગળ પોતે ગુરુએ જે કીધું એ પ્રમાણે પુરુષાર્થ કરીને થઈ શકે છે. ગુરુનું એક સાક્ષાત્ નિમિત્ત બની ગયું હોય. પછી એનો વધારે પુરુષાર્થ પોતે આગળ કરી શકે છે. સાક્ષાત્ દેશના મળી ગઈ હોય એટલે એ અંતર નિમિત્ત થઈ ચૂક્યું.

પ્રશ્ન :- એટલે અમને તો અહીં આગળ દોડી આવવાનું મન થઈ આવે છે.

પ્રશ્ન :- માનો કે સમકિત પામેલા જીવનો સમાગમ ન થયો. એમને તો નથી થતું એ તો .. કોઈપણ પોતે પોતાનો પ્રયત્ન ચાલુ રાખે અને પોતે પોતાના આત્માની અંદર ... તો એ પુરુષાર્થથી થાય કે એમને જોઈએ આ નિમિત્ત તરીકે આવા જે સમકિત પામેલા સત્પુરુષ..?

ઉત્તર :- પોતે આ ભવમાં ન પામ્યો હોય તો ગમે તે ભવમાં એને એકવાર ગુરુ મળી ગયા હોય તો એ આગળ વધે છે. એ ન મળ્યા હોયને, એને જો પુરુષાર્થ કરે તો થઈ શકે છે. એકવાર એને પરિભ્રમણ કરતા ગુરુ મળ્યા હોય અને સાક્ષાત્ એને દેશનાલબ્ધિ થઈ હોય તો એ પછી પામી શકે છે. અંતર નિમિત્ત બન્યું હોય છે.

પામેલા નિમિત્ત બને છે. કોઈને આ ભવમાં ન બન્યું હોય તો એને કોઈ ભવમાં પણ બની શકે. એ જો પામે તો એવી રીતે પામે છે.

કોઈ કહે, આને દેશનાલબ્ધિ નહોતી અને કેમ પ્રાપ્ત થાય? એને અનંતકાળમાં પરિભ્રમણ કરતા કોઈવાર સાચા દેવ અને ગુરુ મળી ગયા હોય. મળી ગયા હોય અને અંતરમાં પોતે ગ્રહણ કર્યું હોય. ભલે સમ્યગ્દર્શન ન થયું હોય પણ એણે દેશના એવી ઊંડી ગ્રહણ કરી હોય કે પોતે સ્વરૂપ સન્મુખ થઈ ગયો હોય. સ્વરૂપની સન્મુખતા થઈ ગઈ હોય. એને આગળ જવાનું બાકી હોય એટલું હોય, તો એ કરી શકે છે. પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એને એકવાર ગુરુ મળ્યા હોય, ગમે ત્યારે મળ્યા હોય.

આપણે અહીં 'ગુરુદેવ' તો પ્રત્યક્ષ કેટલા વર્ષો બિરાજ્યા છે. પણ એમ પ્રશ્ન થાય કે... એ પોતે એમ વિચાર કરે કે મને ગુરુ આ ભવમાં મળ્યા નથી તો હું કેમ કરી શકું? મારો પુરુષાર્થ નહિ થઈ શકે તો? એમ કલ્પના ન કરવી. પોતે તો પુરુષાર્થ કર્યા જ કરવો. સાચું સમજવાનો નિર્ણય અને પુરુષાર્થ કર્યા કરવો. મને અત્યારે નથી મળ્યા તો નહિ થાય તો? એવો વિકલ્પ ન કરવો. મારી ભાવના છે અને મારે જો પુરુષાર્થ કરવો છે અને મારે ભવબંધન તોડીને આત્માના સુખની પ્રાપ્તિ કરવી છે, તો કેમ ન થાય? એવી જાતનો પોતે તો અંદર પુરુષાર્થ જારી જ રાખવો. જેને એની ભાવના હોય એને કોઈવાર મળ્યા જ હોય. જેને પ્રાપ્ત કરવાની ઉગ્ર ભાવના થઈ એને કોઈવાર પણ વર્તમાનમાં મળ્યા હોય, પણ કોકવાર મળ્યા હોય તો જ એને એવી ભાવના થાય અને તો જ એ આગળ જાય છે. અને જેને ન મળ્યા હોય એને એવી ભાવના જ થાતી નથી. એવી ઉગ્ર ભાવના થતી નથી. એમ એને ખટક થાય કે મને ગુરુ મળ્યા નથી તો કેમ થાય? પણ પોતાને એટલી ઉગ્ર ભાવના થઈ હોય અને પોતાને આગળ જાવું જ છે તો એને ગુરુ મળ્યા જ હોય કોઈવાર. નહિતર એને એવી ઉગ્ર ભાવના જ ન થાય.

પ્રશ્ન :- નિમિત્તને ઉપસ્થિત રહેવું જ પડે.

ઉત્તર :- જેને ભાવના હોય એને ગુરુની ઉપસ્થિતિ હોય જ. નહિતર એની ભાવનામાં ખામી છે. ભાવના ઉગ્ર હોય તો ગુરુની ઉપસ્થિતિ હોય અને ગુરુ મળ્યા જ હોય.

પ્રશ્ન :- એમાં પણ કુદરત બંધાયેલી છે. મળ્યા ત્યારે ભલે એને ખ્યાલમાં ન આવ્યું હોય પણ ગુરુનો એને સંપર્ક થયો હોય અને પોતાને એ જાતના સંસ્કાર પકડી

લીધા હોય.

ઉત્તર :- એને સ્વરૂપ તરફના સંસ્કાર પડ્યા હોય તો એને પછી એમ થાય કે હું આગળ જાઉં પણ ગુરુ.. અંદરથી આગળ ગયા વગર રહે જ નહિ. એવી ભાવના થઈ હોય એને બહારથી બધા એવા શાસ્ત્ર, ગુરુની વાણી ભલે પ્રત્યક્ષ ન મળે તો બધું મળી જાય એને.

પ્રશ્ન :- આપ મળી ગયા છો, એ જ ઉગ્ર ભાવના.. અત્યારે જ આપ મળી ગયા છો. આપ મળી ગયા છો માટે ઉગ્ર ભાવના હોય જને. કેમ ન હોય?

ઉત્તર :- આ તો બીજી રીતે હતું. 'ગુરુદેવ' તો અહીં ઘણા વર્ષો બિરાજમાન હતા, ઘણાને મળ્યા છે. 'ગુરુદેવ' તો સાક્ષાત્ (હતા). પણ મળ્યા એટલે ઉગ્ર ભાવના હોય એમ નહિ લેવાનું. ઉગ્ર ભાવના હોય ને મળ્યા હોય. એમ. મળ્યા હોય એટલે ઉગ્ર ભાવના હોય એમ તો બધા ઘણાને મળ્યા તો બધાને ઉગ્ર ભાવના હોય એવું કાંઈ હોય નહિ. ઉગ્ર ભાવના હોય ને મળ્યા હોય. એમ. ઘણાને મળ્યા છે માટે બધાને ઉગ્ર ભાવના હોય એવું ન હોય.

પ્રશ્ન :- ગમે ત્યાંથી પોતા ઉપર જ લેવું.

ઉત્તર :- પોતા ઉપર લેવાનું છે. 'ગુરુદેવ'ની વાણી બધા સાંભળતા હતા, બધાને એક જાતની કાંઈ અસર થાતી હતી? જુદી જુદી અસર થાય. જેની ભાવના ઉગ્ર હોય એને મળ્યા હોય. કોઈને કોઈ કરી દેતું નથી, પોતે કરવાનું છે.

પ્રશ્ન :- હતાશ ન થઈશ.

ઉત્તર :- હતાશ નહિ થવાનું.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૬ B

ચત્તારી મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણત્તો ધમ્મો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવળી પણત્તો ધમ્મો લોગુત્તમા. ચત્તારી શરણં પવજ્ઝામી, અરિહંતા શરણં પવજ્ઝામી, સિદ્ધા શરણં પવજ્ઝામી, સાહુ શરણં પવજ્ઝામી, કેવલી પણત્તો ધમ્મો શરણં પવજ્ઝામી. ચાર શરણ, ચાર મંગળ, ચાર ઉત્તમ કરે જે ભવસાગરથી

તરે તે સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લે અનંત. ભાવ ધરીને જે ગુણ ગાયે તે જીવ તરીને મુક્તિએ જાયે. સંસારમાં એ શરણ ચાર. અવર શરણ નહિ કોઈ. જે નર-નારી આદરે તેને અક્ષય અવિચળ પદ હોય. અંગુઠે અમૃત વરસે લબ્ધિ તણા ભંડાર ગુરુ ગૌતમને સમરીએ તો સદાય મનવાંછિત ફળ દાતાર.

ઉત્તર :- આત્મા કો પહચાનો. યહ શરીર ભિન્ન, આત્મા ભિન્ન. આત્મા જાનનાર હૈ. યહ શરીર જડ હૈ. ઐસા ભેદજ્ઞાન કરકે આત્માકો પહચાનો. વિભાવ આત્માકા સ્વભાવ (નહીં હૈ), સબ વિકલ્પ હૈ. આત્મા સિદ્ધ ભગવાન જૈસા હૈ ઉસકો પહચાનો. અનંતબાર મેં બહોત કિયા શુભાશુભભાવ કરકે વહ પુણ્ય બંધતા હૈ, શુભભાવ સે દેવલોક હોતા હૈ. લેકિન ભવકા અભાવ તો શુદ્ધ આત્માકો પહચાનનેસે હોતા હૈ. ઈસલિયે આત્માકો પહચાનો. ઈસલિયે વાંચન, વિચાર સબ આત્મા-શુદ્ધાત્માકો પહચાનનેકે લિયે સબ હોતા હૈ. બાકી અશુભભાવસે બચનેકે લિયે શુભભાવ, દેવ-ગુર-શાસ્ત્ર કી મહિમા (આદિ) સબ આતા હૈ. (ઉસસે) પુણ્યબંધ હોતા હૈ. લેકિન ભવકા અભાવ તો આત્માકો પહચાનનેસે હોતા હૈ. આત્માકો પહચાનો. ઈસલિયે વાંચન, શ્રવણ, મનન સબ આત્માકે લિયે કરના હૈ. જન્મ-મરણ કરકે મહા મનુષ્યભવ મિલતા હૈ. તો આત્માકો પહચાનનેસે ભવકા અભાવ હોતા હૈ.

પ્રશ્ન :- ...

ઉત્તર :- આત્માકી લગની લગે. આત્મા કૈસા હૈ, આત્માકા સ્વરૂપ ક્યા હૈ ઉસકા વિચાર કરે. બાહરમેં કહીં સુખ નહીં હૈ, આત્મામેં સુખ હૈ ઐસા નિર્ણય કરે. આત્માકી મહિમા લગે તો હોતા હૈ. ઈસકા પ્રયાસ કરે. મૈં ચૈતન્ય શાશ્વત અનાદિ-અનંત આત્મા હૂં. યહ વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ, શરીર જડ હૈ. વિભાવ ભી મેરા સ્વરૂપ (નહીં હૈ). શુભાશુભભાવ દોનોં હી મેરે સ્વભાવમેં નહીં હૈ. મેરા સ્વભાવ તો જ્ઞાન-આનંદ સે ભરપૂર હૈ. ઐસી ભીતરમેં દૃઢ પ્રતીતિ હોની ચાહિયે. દૃઢ વિશ્વાસકા નિર્ણય હોયના ચાહિયે. ઉપર ઉપરસે નહીં લેકિન ભીતરમેં સે હોના ચાહિયે. વારંવાર ઈસકા પ્રયાસ કરે કિ મૈં ચૈતન્ય હૂં, મૈં શુદ્ધાત્મા હૂં. ઈસકા ભેદજ્ઞાન કરને કા પ્રયત્ન કરે. અશુભભાવસે બચનેકે લિયે શુભભાવ આતા હૈ, પુણ્યબંધકા કારણ હૈ. લેકિન વહ મેરા સ્વરૂપ નહીં હૈ. ઐસા નિર્ણય કરકે બારંબાર પ્રયાસ કરે મૈં શુદ્ધાત્મા હૂં, મૈં આત્મા હૂં. વારંવાર આત્માકા ભેદજ્ઞાન કરે. શરીર, વિભાવ, રાગ સબકા ભેદજ્ઞાન કરે. મૈં આત્મા હૂં. ઐસા વારંવાર ઈસકા અભ્યાસ કરે તો હો સકતા હૈ.

ઈસકી આત્મા કી લગની લગે, બાહર કી લગની છૂટ જાય. રાગકી એકત્વબુદ્ધિ

ટૂટ જાયે. સબકે સાથ એકતા હો રહી હૈ. શરીરકે સાથ, રાગકે સાથ સબ એકતા હો રહી હૈ તો એક્તા તોડકરકે આત્માકો પહચાને તબ સ્વાનુભૂતિ હોતી હૈ. ઉસકા પ્રયત્ન (કરે). ભીતરમેંસે લગની લગે તો હોતા હૈ. વહ નહીં હોવે તબ તક વાંચન-વિચાર સબ કરે ઉસકો પહચાનનેકે લિયે. આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય ક્યા હૈ, પુદ્‌ગલ ક્યા હૈ, સબકા યથાર્થ જ્ઞાન કરકે, પીછે દઢતા પ્રતીત કરકે ઉસમેં લીનતા હોનેકા પ્રયત્ન કરે તબ હોતા હૈ.

અનંતકાલમેં સબ કુછ કિયા લેકિન આત્માકો નહીં પહચાના. આત્મા તો... સબ બાહરસે ક્રિયા કરી, ઉપવાસ કિયા, ત્યાગ કિયા, સબ કિયા લેકિન આત્માકો નહીં પહચાના. ઐસે શુભભાવ કરકે દેવલોક હુઆ, લેકિન ભવકા અભાવ નહીં હુઆ. ભવકા અભાવ તો આત્માકો પહચાननेसे હોતા હૈ. બારંબાર પ્રયત્ન કરના ચાહિયે દિન ઔર રાત ઉસકી લગની લગની ચાહિયે.

પ્રશ્ન :- યહ વિકલ્પ ચલતે રહતે હૈ શુરૂ-શુરૂમેં તો.

ઉત્તર :- વિકલ્પ હોતે રહતે હૈં તો ભી મૈં ઉસસે ભિન્न હૂં. વિકલ્પ મેરા સ્વભાવ નહીં હૈ. મેરા સ્વભાવ જાનનેકા હૈ. મૈં તો જાનનેવાલા હૂં. વિકલ્પ મેરા સ્વરૂપ નહીં હૈ. ઐસે વિકલ્પસે ભેદજ્ઞાન કરકે ઈસસે અલગ પડનેકા પ્રયત્ન કરે. વિકલ્પ તૂટે તો બહોત પ્રયત્ન કરે તબ તૂટતા હૈ. સાથમેં વિકલ્પ રહતા હૈ તો ભી મૈં તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા હી હૂં, યહ વિકલ્પ મેરા સ્વરૂપ નહીં. બારંબાર જ્ઞાયક જ્ઞાતા રહનેકા પ્રયત્ન કરે. પીછે બહુત લીન હોવે તબ વિકલ્પ તૂટતા હૈ. જ્ઞાતાકી ઉગ્રતા હોવે તબ વિકલ્પ તૂટતા હૈ. યહ મેરા સ્વરૂપ નહીં હૈ, વિકલ્પ મેરા સ્વરૂપ નહીં હૈ.

પ્રશ્ન :- .. પરમાત્મા કિસ પ્રકાર બિરાજતે હૈં? ઔર જ્ઞાનીકી વાણીકો ભગવાનકી વાણી કહા જાતા હૈ, વહ કિસ અપેક્ષાસે?

ઉત્તર :- જ્ઞાનીકે હૃદયમેં ભગવાન બિરાજતે હૈં. ભગવાનકા સ્વરૂપ હૈ વહ જ્ઞાની જાનતે હૈં. જો ભગવાનકા સ્વરૂપ, કેવલજ્ઞાનીકા સ્વરૂપ, તીર્થંકર ભગવાનકા સ્વરૂપ. ભગવાનકા સ્વરૂપ કહો યા કેવલજ્ઞાનીકા સ્વરૂપ કહો યા પૂર્ણતાકા સ્વરૂપ કહો, વીતરાગતાકા સ્વરૂપ કહો, સબ જ્ઞાની જાનતા હૈ. ઈસલિયે ઈસકે હૃદયમેં બિરાજતે હૈં. ઈસલિયે ઈસકા અંશ ઉસકો પ્રગટ હુઆ હૈ. પૂર્ણ તો નહીં હુઆ લેકિન અંશ પ્રગટ હુઆ હૈ. ઈસલિયે યથાર્થ જ્ઞાન ઉસકો હોતા હૈ. પૂર્ણ જ્ઞાન તો નહીં હૈ. સ્વાનુભૂતિકા જ્ઞાન હૈ ઉસકો. પ્રયોજનભૂતકા જ્ઞાન અલ્પ હો તો પ્રયોજનભૂત જ્ઞાન ઈસકા સબ યથાર્થ હોતા હૈ.

પ્રશ્ન :- ભાવશ્રુતજ્ઞાન અંતર્મુખ ઢલણમેં તર ગયા ઉસ અપેક્ષાસે?

ઉત્તર :- ભાવશ્રુતજ્ઞાન અંતર મેં હો ગયા હૈ. નિર્વિકલ્પ દશામેં ભાવશ્રુતજ્ઞાન પ્રગટ હુઆ, યથાર્થ જ્ઞાન પ્રગટ હો ગયા હૈ ઉસકો.

પ્રશ્ન :- જાત મીલ ગઈ મતલબ?

ઉત્તર :- ઈસકી જાતિ મીલ ગઈ હૈ. પૂર્ણતા કેવલજ્ઞાનીકા જો સ્વરૂપ હૈ સિદ્ધ ભગવાનકા, વહ સિદ્ધ ભગવાનકા અંશ ઉસકો પ્રગટ હો ગયા હૈ. જિનેશ્વરકે લઘુનંદન આતા હૈ. ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, જિનેશ્વરકા લઘુનંદન હૈ. 'શીતલ ચિત્ત ભયો જિમ ચંદન, કેલી કરે શિવમારગમેં જિનેશ્વરકે માર્ગમેં, તે હી જિનેશ્વરકે લઘુનંદન.' શિવમાર્ગમાં કેલી કરે છે. ચંદન જેવું શીતળ જેની અંતર પરિણતિ થઈ ગઈ.

પ્રશ્ન :- અંતરમેં પુરુષાર્થ તો સહજ બન જાતા હૈ.

ઉત્તર :- સહજ હોતા હૈ પુરુષાર્થ. પરંતુ હોતા હૈ પુરુષાર્થ, લેકિન સહજ હોતા હૈ. કૃત્રિમ કરકે, હઠ કરકે ઐસે (નહીં). માર્ગ જાન લિયા. સ્વભાવકી મહિમા તરફ ઉસકી પરિણતિ (ઢલ ગઈ હૈ). સ્વભાવકો પહચાનતે હૈં. સ્વભાવ તરફ ઈસકી પરિણતિકી ગતિ, પુરુષાર્થકી ગતિ સહજ હોતી હૈ. પૂર્ણ નહીં હુઆ હૈ તો ભી ઉસકી પુરુષાર્થકી ગતિ સ્વરૂપ તરફ જાતી હૈ. ઉસમેં એકમેક નહીં હોતા એકત્વબુદ્ધિ. ભિન્ન-ભિન્ન રહતા હૈ. પુરુષાર્થકી ગતિ સ્વરૂપ તરફ ચલતી રહતી હૈ.

પ્રશ્ન :- અંદર ચૈતન્યકા ઘન અંદર પરમાત્મસ્વભાવ ભગવાન આત્મા પડા હૈ ઉસકો લક્ષમેં રખકર ઉપયોગ ક્ષણમેં અંદર ઔર ક્ષણમેં બાહર, વહ સહજ બઢ જાયે.

ઉત્તર :- સહજ. અંતરમાં જે ચૈતન્ય ભગવાન બિરાજે છે એ ભગવાનના જેને અંશે દર્શન થયા. ભગવાન એના હૃદયમાં, એના જ્ઞાનમાં, એના પ્રતીતમાં, એની લીનતામાં બિરાજે છે, ચૈતન્ય ભગવાન. વારંવાર પરિણતિ ચૈતન્ય ભગવાન તરફ જાય છે. ઉપયોગ નિર્વિકલ્પ દશા અમુક પ્રકારે (આવે), પણ એની પરિણતિની ગતિ ભગવાન તરફ જાય છે. ક્ષણમાં ઉપયોગ બહાર, ક્ષણમાં અંદર તો મુનિઓને થાય છે. ક્ષણ ક્ષણમાં થાય છે. આની તો પરિણતિની ગતિ સ્વરૂપ તરફ જાય છે.

પ્રશ્ન :- ઉપયોગની મંદતા ચાલે અંદર જવામાં. પરિણતિ તો સાથે રહે?

ઉત્તર :- પરિણતિ તો સાથમેં રહતી હૈ. પરિણતિ બાહર જાતી હૈ ઉસમેં વહ એકત્વ નહીં હોને દેતા. સ્વરૂપ તરફ લે લેતા હૈ. સ્વરૂપકી મર્યાદા બાહર પરિણતિ નહીં જાતી હૈ. સ્વરૂપકી મર્યાદામેં રહકર વહ બાહર જાતી હૈ પરિણતિ. ઉપયોગ

બાહર જાતા હૈ તો ભી પરિણતિ તો અમુક પ્રકારસે સ્વરૂપ તરફ રહતી હૈ.

પ્રશ્ન :- હમ બાલકોંકો એક સીધા ઉપાય બતા દો, માતાજી!

ઉત્તર :- યહ સીધા ઉપાય હી હૈ. આત્માકો પહચાનો, ભેદજ્ઞાન કરનેકા પ્રયત્ન કરે, દ્રવ્ય પર દૃષ્ટિ કરે. દ્રવ્ય-ગુણ-પર્યાયિકા જ્ઞાન કરકે દ્રવ્ય પર દૃષ્ટિ કરે ઔર પુરુષાર્થ કરે. પર્યાયમેં કમી હૈ વહ જ્ઞાનમેં રખે. પુરુષાર્થ કરે, ભેદજ્ઞાન કરે વહ સીધા ઉપાય હૈ. કરનેકા આપ(કો) હૈ. દૂસરા તો હૈ નહીં. પુરુષાર્થ અપનેકો કરના હૈ. અપના સ્વરૂપ હૈ ઈસલિયે સહજ હૈ, સરલ હૈ, સુગમ હૈ. લેકિન પુરુષાર્થ નહીં કરતા હૈ તો નહીં હો સકતા હૈ. લગની લગે, પુરુષાર્થ કરે તો હો સકતા હૈ.

પ્રશ્ન :- પુરુષાર્થ તો હમ સબ માતા, બહેન, બાલક કર રહે હૈં આપકે, લેકિન અંતરમાં કહીં ન કહીં કચાશ યા કિધર ભૂલ હૈ, ક્યા અટકાવ હૈ?

ઉત્તર :- પુરુષાર્થ કરે તો (હોતા હી હૈ). કારણ બિના કાર્ય નહીં હોતા. કારણ અલ્પ હો તો કાર્ય કહાંસે આયે? કારણ પૂરા દેતે હી નહીં હૈ. જરા પુરુષાર્થ કરે તો ફિર માને કિ મૈંને બહોત પુરુષાર્થ કિયા. ઐસા માન લેતે હૈં. પુરુષાર્થ ક્ષણ ક્ષણમેં પુરુષાર્થ હોના ચાહિયે. ઐસા પુરુષાર્થ તો હોતા નહીં હૈ. ઈસલિયે કારણ અલ્પ (દે) તો કાર્ય કહાં સે આયે?

પ્રશ્ન :- પૂજ્ય માતાજીકી જો કૌનસી જયંતિ? અમૃત જયંતિ મનાઈ થી ઉસમેં ૯૫ પેજ કે ઉપર માતાજી કો શાંત મુદ્રાકી દશા થી ઉસકે ઉપર યહ ભક્તિકા રાગ આયા હૈ. માતાજી કી કૃપા સે દો શબ્દ...

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૬ C

પ્રશ્ન :- ભલે અત્યારના ઈન્દ્રિયો નિમિત્ત હોય પણ એ કાંઈ કારણરૂપ તો નથી હોતી. તો એને જે પોતાનામાંથી થાય છે જ્ઞાન એના તરફથી અને વસ્તુ વ્યવસ્થાથી તો ખ્યાલમાં આવે છે કે જ્ઞાન પણ થઈ રહ્યું છે અને પોતામાંથી થઈ રહ્યું છે. પણ પોતામાંથી થઈ રહ્યું હોય તો પોતામાં એ શક્તિ છે, એ શક્તિપણું પણ સાથે એને અનુભવમાં અથવા તો ખ્યાલમાં-પક્કડમાં આવવું જોઈએ. તો એ કેવી રીતે આવી શકે?

ઉત્તર :- જેમાં હોય એમાંથી આવે, કાંઈ બહારથી આવતું નથી. જેનામાં ભર્યું

હોય, 'ગુરુદેવ' કહેતા હતાને લીંડીપીપરમાં તીખાશ છે. તો તીખાશ એમાં છે તો બહાર છે તો આવે છે. અંદર હોય સ્વભાવમાં તો બહાર આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય છે. સાચું જ્ઞાન પ્રગટ કરવા, પણ એ પ્રગટ થાય છે પોતામાંથી. એ શક્તિ તો પોતાની છે. એ કાંઈ બહાર બીજેથી આવતું નથી, આવે છે અંતરમાંથી. અનાદિકાળનું જે સમ્યગ્જ્ઞાન તે પ્રગટ થયું નથી, એ પ્રગટ થાય છે પોતાના સ્વભાવમાંથી. સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. એમાંથી આવે છે. એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત હોય છે, ઉપાદાન પોતાનું હોય છે. એ તો વિચાર કરે તો સમજી શકાય એવું છે. જેમાં હોય એમાંથી આવે, કાંઈ બહારથી આવતું નથી. જેનો જે સ્વભાવ એનો જ્ઞાનસ્વભાવ છે તો જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન આવે છે, કાંઈ જડમાંથી આવતું નથી.

પોતે વિચાર કરીને નક્કી કરે છે અને અંદર જે જ્ઞાનની પરિણતિ પ્રગટ થાય છે તે પોતામાંથી પ્રગટ થાય છે. કેવળજ્ઞાનની શક્તિ અંદર પડી છે. એ શક્તિમાં છે તો એ પ્રગટ થાય છે, પોતામાંથી પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય એ પોતામાંથી પ્રગટ થાય છે.

પ્રશ્ન :- એટલે પોતે તપાસે તો ભ્રમથી જે બહારથી આવે છે એમ લાગે છે, એને બદલે અંદરમાં પોતાથી જ ઊપજે છે એમ એનો ખ્યાલ, એનું વેદન એ પકડી શકે ખરો?

ઉત્તર :- એ પકડી શકે. એ કાંઈ બહારથી નથી આવતું, અંતરમાંથી આવે છે. બીજા ગમે તેટલું એને સમજાવે તો પોતાની તૈયારી ન હોય તો પોતે સમજી શકતો નથી. 'ગુરુદેવ'ની વાણી એકસરખી વરસતી હતી. જેને જે અંદરમાં પોતાને જે ક્ષયોપશમ હોય, પોતાની જે શક્તિ હોય એ પ્રમાણે સમજતા હતા. પોતે પોતાથી પ્રગટ થાય છે. જ્ઞાન પોતામાંથી આવે છે.

'ગુરુદેવ' કહેતા ઘણીવાર, બહારના નદી-નાળાના પાણી બધા ભેગા થાય, પણ જ્યારે સમુદ્ર અંદરથી ઉછળીને અંદર જે ભરતી આવે એ અંદરથી આવે છે. બહારથી ગમે તેટલું ભેગું કરો તો એ થાતું નથી. એ સમજે પોતાથી સમજે છે. એમાં નિમિત્ત જિનેન્દ્ર દેવ-ગુરુ-શાસ્ત્ર હોય છે. વિચાર કરે તો સમજી શકે એવું છે. બહારથી આવતું હોય તો પોતે પરાધીન થઈ ગયો, પોતામાં કાંઈ નથી. પોતામાં છે એમાંથી આવે છે. પણ અનાદિકાળથી ગુરુની વાણી અને દેવની વાણી વગર પોતે સમજતો નથી. દેશનાલબ્ધિ થાય છે. પોતે ઉપાદાન પોતાનું પણ એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

સમજે છે એ પોતાથી સમજે છે. ગુરુનું પ્રબળ નિમિત્ત, દેવનું પ્રબળ નિમિત્ત છે, પણ સમજે છે પોતાથી.

પ્રશ્ન :- દેવ-ગુરુના વિશ્વાસથી તો એને એમ ખ્યાલ આવ્યું કે બહારથી તો આવતું નથી અને પોતાની મેળે જ પોતાનું એ પરિણમન થાય છે. અને એનું વેદન એને બહારથી જે આવતું હોય એમાંથી છૂટી શકતું નથી. એટલે બુદ્ધિથી વિચાર કરીને તો એમ લાગે છે કે અહીંથી આવતું હોવું જોઈએ.

ઉત્તર :- બુદ્ધિથી એમ લાગે, પણ વિચાર કરનારો પોતે છેને? નિમિત્ત છે. ગુરુનું નિમિત્ત છે, શાસ્ત્રનું, દેવનું બધું નિમિત્ત છે. વિચાર કરે તો સમજે કે હું વિચારું તો. ગુરુ તો મહાપ્રબળ નિમિત્ત છે, પણ પોતાની ઉપાદાન તૈયારી હોય તો સમજે છે.

પ્રશ્ન :- એટલે વાત પોતાના ખ્યાલથી પણ પ્રમાણ થાય છે કે અહીંયાં જ જ્ઞાન થઈ રહ્યું છે.

ઉત્તર :- બહારથી નથી થતું. વિચાર અંદરથી પોતે વેદનમાં વિચાર કરે તો પોતાને સમજાય એવું છે કે જ્ઞાન અહીંથી આવે છે, બહારથી નથી આવતું. અંદરથી પોતે સમજે તો ન્યાયથી, યુક્તિથી પોતાથી સમજે એ અંદર એને ગ્રહણ થાય છે એ ટકાવી શકે છે. બહારથી ધારેલું હોય તો એ કાંઈ ટકી શકતો નથી. અંતરથી થાય તો ટકે છે. પણ બધી દિશા ગુરુ બતાવે છે. એની દૃષ્ટિ પલટવાની બધી દિશા તો ગુરુ બતાવે છે. બધા એના રહસ્યો ગુરુ ખોલે છે, પણ એ સમજનારો પોતે છે. પોતાથી ઉપાદાનથી સમજે છે.

પ્રશ્ન :- એવું શ્રદ્ધાન પરિણતિના વેદનમાં આવવા માટે શું કરવું? કે આ મારામાંથી જ આવે છે.

ઉત્તર :- યથાર્થ નિર્ણય કરવો પોતે વિચાર કરીને કે આ જ્ઞાન ક્યાંથી આવે છે? જ્ઞાન એ સમજનારો છે કોણ અંદર? કે જે બધું સમજે છે, જે બધું ગ્રહણ કરે છે એ છે કોણ? પોતે વિચાર કરીને નક્કી-નિર્ણય કરે. અંદરમાં પોતે વિચાર કરે કે આ જ્ઞાન ક્યાંથી આવે છે? એનું મૂળ ક્યાં છે? એમ વિચાર કરે તો સમજી શકે. ઊંડો વિચાર કરે, ઊંડી જિજ્ઞાસા પ્રગટ કરે તો સમજી શકે અંદર. હું જ્ઞાયક સ્વભાવ જાણનારો છું એમાંથી આવે છે. જ્ઞાયકને જાણવાનો પ્રયત્ન કરે તો એને ખ્યાલ આવે કે આ મારામાંથી આવે છે. બહારથી નથી આવતું.

પ્રશ્ન :- એવું અનુમાન જ્ઞાનમાં તો ખ્યાલ આવે છે, 'ગુરુદેવ'ની વાણી

સાંભળીને.

ઉત્તર :- એ અનુમાનમાં આવે, તો અંદર પરિણતિ પ્રગટ કરે તો ખ્યાલ આવે. અંદર વેદનમાં તો પોતે સ્વભાવ-પરિણતિ પ્રગટ કરે તો ખ્યાલમાં આવે. નિર્ણય તો કરી શકે અનુમાનથી. પહેલા તો અનુમાન જ થાયને. પરિણતિ પ્રગટ થાય ત્યારે અંદરથી યથાર્થ એને ખ્યાલ આવે કે આ જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન આવે છે. ઊંડી દૃષ્ટિથી જોવે, એવી પરિણતિ પ્રગટ કરે તો ખ્યાલ આવે કે મારામાંથી આવે છે. સાચો નિર્ણય કરે તો ખ્યાલ આવે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૬ D

પ્રશ્ન :- માતાજી! કેમ છે આપની તબિયત?

ઉત્તર :- ઠીક છે. નબળાઈ ને એવું બધું રહે છે.

... ૬૦૮નું શું કામ ગણો છો? એમાં સમ્યગ્દૃષ્ટિ બધા છે એમાં વારો લગાડી દો તો પછી મોક્ષ તો થવાનો જ છે. કેવળજ્ઞાની કેટલા બિરાજે છે! મુનિઓ બિરાજે છે. સમ્યગ્દૃષ્ટિ તો ઘણા જ છે. તો પછી એમાં વારો લગાડી દો તો મોક્ષ ભલે ૬૦૮ જાય. મોક્ષમાં તો એ વારો આવી જવાનો. મોક્ષમાર્ગ તો પ્રગટ કરો.

પ્રશ્ન :- એ તો અશરીરી દશા થાશે ત્યારે થાશે.

ઉત્તર :- હા, તો એ અશરીરી દશા થાય ત્યારે થાય. કેવળજ્ઞાની તો દેહધારીપણે કેટલાય બિરાજે છે. દિવ્યધ્વનિ છૂટે છે. અંદર પોતે વીતરાગ થઈ ગયા છે. સિદ્ધ ભગવાન તો સિદ્ધતાની અપેક્ષાએ છે, ઈ ૬૦૮ તો. શરીરરહિત સિદ્ધદશા પ્રાપ્ત કરી.

પ્રશ્ન :- આમાં તો કાંઈ કોઈ સંખ્યાનો નિયમ નથી.

ઉત્તર :- આમાં કાંઈ સંખ્યાનો નિયમ નથી. બધા કહે છે કે સમ્યગ્દૃષ્ટિ તો અસંખ્ય હોય છે. આ દેવલોકમાં, તિર્યંચમાં બધા ઘણા હોય છે. પણ એ પાછું દુર્લભ છે. છે ઘણા, પણ દુર્લભ છે. પણ એમાં પોતે નંબર લગાડી દે પુરુષાર્થ કરીને તો મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય તો મોક્ષ તો થાવાનો જ છે.

પ્રશ્ન :- ઈન્દ્રવદનભાઈ કહે કે 'ગુરુદેવ' ગયા પછી બધા ફાંટા બહુ પડી ગયા. કોક કાંઈ, કોક કાંઈ... એટલે બહુ આંતરું પડી ગયું છે.

ઉત્તર :- બહુ અભિપ્રાય જુદા જુદા થઈ ગયા છે. એમાં કેવી રીતે.. બહુ

ગોટવાઈ જાય છે એમ કહેતા હતા.

પ્રશ્ન :- બસ! એક આપ સત્‌ની આગળ, આપની આગળ આવીએ છીએ ત્યારે જ અમને બધી ચોખવટ અને બધું મળે છે. ત્યાં સુધી અમારે ક્યાં રહેવું? શું કરવું એમ વિચાર આવે છે.

ઉત્તર :- જેને સત્‌ની જિજ્ઞાસા હોય એ સત્‌માં જ ઊભો રહે. એને અંદરથી સત્‌સ્વરૂપ એ જ સાચો નિર્ણય જ આવે. ગોટવાઈ જાય તો પછી ક્યાંય ન ગોટવાઈ પછી. એમાં તો સાચું જ શોધી લે સાચો જિજ્ઞાસુ હોય એ. આ બધા કહે છે, ત્યાં બધી રથયાત્રા અને બધું સરસ નીકળ્યું હતું.

પ્રશ્ન :- એક રથયાત્રા, એક શોભાયાત્રા આખા 'મુંબઈ'માં.

ઉત્તર :- આખા 'મુંબઈ'માં.

પ્રશ્ન :- સવારના નવ વાગ્યાથી..

ઉત્તર :- ગામના માણસો હોય ને એ પણ એટલો ઉત્સાહ બતાવે છે.

પ્રશ્ન :- ... આપણને લાગે નહિ કે ... સંખ્યા એટલી બધી નથી પાછી. ભાઈની શૈલી જોકે બોલવાની .. એટલે એને ભાવ થઈ જાય તરત. એકધારું ભાઈ બોલતા હતા. હું તો ઘણી વાર એમને ઠપકો આપુ છું, ઓછું કરો, ઓછું કરો.

ઉત્તર :- શું એકધારું?

પ્રશ્ન :- એકધારું સરસ રીતે બોલે ને એટલે ઉછામણી ચાલે.

ઉત્તર :- બોલે એવી રીતેને એટલે.

પ્રશ્ન :- માતાજીની કૃપાથી સારું થયું, કોઈ જાતની તકલીફ ન થઈ.

પ્રશ્ન :- બીજા કોઈને આટલું થયું હોય તો ઊભા જ ન થાય, ચાલે નહિ આટલું થયું હોય તો. એ તો બધું ભૂલી જાય, કાંઈ છે જ નહિ જેમ.

ઉત્તર :- તબિયત એવી રહી. અહીં ઉત્સવ થઈ ગયો પછી બધા...

પ્રશ્ન :- બેઠા જ કેટલી વાર. નહિતર આટલી વાર સવારમાં પહોરમાં બેસવાનું. કુદરતી શક્તિ આવી ગઈ. ગુરુદેવ અને માતાજીના .. કામ કરે છે.

ઉત્તર :- પૂજામાં તો બધાને એવું લાગ્યું કે આ તે એટલું બધું આમ બધાને સગવડતા અને એટલે માણસોને વાંચવાનું, અર્ઘ ચડાવાનું બધું આમ કોઈ જાતની આકુળતા ન થઈ.

પ્રશ્ન :- આવી પૂજા તો પહેલી વાર થઈ હશે. આવી ક્યાંય આખા હિન્દુસ્તાનમાં નહિ થઈ હોય. 'સોનગઢ'માં પહેલીવાર થઈ. મંડપમાં કરીને કરી.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૭ A

પ્રશ્ન :- ગઈકાલે વાત થઈ હતી કે ધર્મની આરાધના કરી હોય, અનુભવ ન થયો હોય અને આ સંસ્કાર પડ્યા હોય તો બીજા ભવે પછી એ વસ્તુ તરત જ એને આવી જાય? આ સંસ્કાર પાછા...

ઉત્તર :- આવવાનો અવકાશ છે. પુરુષાર્થ કરે તો આવે. એવું ઊંડું હોય તો આવે. તરત જ આવે એવો કાંઈ નિયમ નહિ. જેવી પોતાની ઊંડપ, જેવી પોતાની તૈયારી. એ પ્રમાણે (આવે). પોતાની ઊંડપ હોય એ પ્રમાણે આવે.

પ્રશ્ન :- કારણ કે બીજો ભવ તો કોઈપણ પ્રકારનો હોય તો એ જ આત્મામાં એને .. અનુભવ ન થયો હોય, પણ આ વસ્તુ સમજો ઉતરી હોય કે આ વાત સાચી છે, આ શ્રદ્ધા થઈ હોય.

ઉત્તર :- પણ એ બધું ઊંડપ જોઈએ. ગમે તે પ્રકારનો ભવ હોય, પોતાની તૈયારી હોય એ પ્રમાણે ભવ હોય. જેવી પોતાની તૈયારી, જેવા પોતાના ભાવ-પરિણામ. એ પ્રમાણે ભવ હોય. જેવી તૈયારી હોય એ પ્રમાણે ત્યાં એને સ્ફૂરાયમાન થાય. કેટલાકને નજીક એકદમ ઊંડા સંસ્કાર હોય તો તરત એને સ્ફૂરી આવે. કોઈને વાર લાગે. કાંઈ તરત જ આવે એવો નિયમ નથી હોતો. જેવી પોતાની તૈયારી હોય. પોતાની યથાર્થ ભાવના હોય તો આવ્યા વગર રહેતું નથી.

પ્રશ્ન :- આમ તો આત્મતત્ત્વ, માતાજી! શુદ્ધ કહ્યું છે રાગ વગરનું અને અનાદિથી આ રીતે અશુદ્ધતામાં અનાદિથી રાગ સાથેનો આ પર્યાયમાં જે રાગ રહ્યો છે એ કેવી રીતે અનાદિથી? એ પ્રકારે શુદ્ધ તત્ત્વ પહેલેથી જ કેમ ન રહ્યું અને આ રીતે રહ્યું?

ઉત્તર :- એ તો અનાદિનું છે એ દેખાય જ છે. અનાદિથી શુદ્ધ તત્ત્વ છે અને અશુદ્ધતા પણ સાથે ચાલી જ આવે છે. અશુદ્ધ થઈ ગયું હોય તો શુદ્ધ થાય જ નહિ. શુદ્ધ તો દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યમાં શુદ્ધ જ છે, પર્યાયમાં અશુદ્ધતા છે. એ તો અનાદિથી છે. કેમ ન રહ્યું એનો કાંઈ પ્રશ્ન નથી. એ નથી .. શુદ્ધ હોય, એ કોઈ દિ' અશુદ્ધ (થતું નથી). એ કાંઈ અંદર અશુદ્ધ થતું નથી. પર્યાયમાં અશુદ્ધતા છે એને. પર્યાયમાં અશુદ્ધતા ન હોય તો આ સુખ-દુઃખનું બધું વેદન થાય છે એ કોને થાય છે? પોતાને થાય છે. તો પછી બંધ-મોક્ષ કાંઈ રહેતું જ નથી. જો એકાંત શુદ્ધ હોય

તો. પુરુષાર્થ કરે ત્યારે શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. પર્યાયમાં અશુદ્ધતા છે. શુદ્ધતા પ્રગટ થાય છે. દ્રવ્યની દ્રવ્યદૃષ્ટિ થાય તો પ્રગટ થાય છે. દ્રવ્યદૃષ્ટિમાં શુદ્ધતા, પણ પર્યાયમાં અશુદ્ધતા અનાદિથી જ છે. અનાદિથી છે. જેમ સોનું અનાદિથી પોતે ખાણમાંથી ભેગું હોય છે અને મલિનતાથી સાથે હોય છે. અનાદિથી છે. એમ આ ચૈતન્ય અનાદિથી અશુદ્ધતા અને શુદ્ધતા ચાલી આવે છે. પાષાણ અને સોનું જેમ અનાદિથી ભેગા હોય છે.

પ્રશ્ન :- શુદ્ધતા અને અશુદ્ધતા બેય એક સાથે જ છે? બહેનશ્રી!

ઉત્તર :- બેય એક સાથે જ છે. પહેલા શુદ્ધતા અને અશુદ્ધતા એવું નથી. બેય એક સાથે જ છે. એમાં પહેલું-પછી કાંઈ નથી.

પ્રશ્ન :- એક જ સમયે બેય ભાવ ચાલુ જ છે.

ઉત્તર :- એ બેય સાથે જ છે. એને શુદ્ધતાનું પણ ક્યાં ભાન છે? જે અનાદિથી છે એમાં એકત્વબુદ્ધિને લઈને તો અશુદ્ધ થઈ ગયો, એવી એની દૃષ્ટિ છે. દ્રવ્યમાં જે શુદ્ધતા છે એ તો અનાદિથી એને ક્યાં ખબર છે? આ તો 'ગુરુદેવ'ના પ્રતાપે દ્રવ્યમાં શુદ્ધતા છે, 'ગુરુદેવે' બધું સમજાવ્યું છે. બાકી અનાદિની તો એકત્વબુદ્ધિમાં હું અશુદ્ધ થઈ ગયો એવી જ માન્યતા પડી છે.

પ્રશ્ન :- અશુદ્ધતાના ભેદો પુણ્ય અને પાપ એ બધાને ખ્યાલમાં આવતું હતું, પણ એનાથી જુદું અંદરનું સામર્થ્યવાળું તત્ત્વ છે એવું કાંઈ...

ઉત્તર :- 'ગુરુદેવ'ના પ્રતાપે જાણ્યું બધાએ. અશુદ્ધતા જ બધાને ખ્યાલમાં (હતી) કે આ રાગ ને દ્વેષ ને બધું થયા કરે છે. 'ગુરુદેવે' કીધું કે અંદર તારું શુદ્ધ સામર્થ્ય ભરપૂર પડ્યું છે.

પ્રશ્ન :- જેને અશુદ્ધતાએ કદી સ્પર્શ પણ કર્યો નથી.

ઉત્તર :- કોઈ દિ' શુદ્ધતાનો પક્ષ પણ એણે કર્યો નથી. અશુદ્ધ છું, અશુદ્ધ છું એમ જ એને થયા કર્યું છે. દ્રવ્યમાં શુદ્ધતા છે, પર્યાયમાં અશુદ્ધતા છે. અશુદ્ધતા જો કાંઈ હોય જ નહિ તો પછી પુરુષાર્થ કરવાનો રહેતો નથી. માટે પર્યાય અપેક્ષાએ અશુદ્ધતા અને દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધતા છે.

પ્રશ્ન :- પર્યાયમાં શુદ્ધતા થાય એ જ કેવળજ્ઞાન? માતાજી!

ઉત્તર :- પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ શુદ્ધતા. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને અંતરમાં પર્યાયની પૂર્ણ શુદ્ધતા થાય, પૂર્ણ વીતરાગદશા થાય તો કેવળજ્ઞાન થાય. એ તો જ્ઞાનની પર્યાય છે. પર્યાયમાં પૂર્ણ વીતરાગદશા થાય તો કેવળજ્ઞાન થાય. પહેલા તો

માત્ર શ્રદ્ધા થાય—સમ્યગ્દર્શન થાય, સ્વાનુભૂતિ થાય પછી ચારિત્ર થાય, વિશેષ રમણતા થાય પછી કેવળજ્ઞાન થાય. જેને થાય એને અંતર્મુહૂર્તમાં થાય. ન થાય એને સાધના કરતાં કરતાં થાય છે.

પ્રશ્ન :- શેષ જીવનનો હવે આમને કોયડો છે. તમારી વિદાય લઈ રહ્યા છીએ આજે. હવે જાવું છે. તમારી પાસેથી ઘણું બધું સાંભળ્યું અને એ બાબતનું મનન કરવા અમે કૃતનિશ્ચયી છીએ. છતાં હવે એક વાત તો એટલી અભિલાષા પછી એવી છે કે આ મનુષ્યદેહ છોડીએ એ પહેલા કંઈક મનુષ્યદેહની સાર્થકતા થાય એવું કાંઈ કરી લઈએ એવી અભિલાષા છે. પણ એ પૂર્ણ ક્યારે થાય?

ઉત્તર :- પોતાની ભાવના હો તો પૂરું થયા વગર રહેતું નથી. ભાવના અંતરની પોતાની જોઈએ, એ જાતનો પુરુષાર્થ જોઈએ. એવી ઊંડી જિજ્ઞાસા હોય તો થાય. 'ગુરુદેવે' જે તત્ત્વનું સ્વરૂપ કીધું છે એનું વારંવાર રટણ કરે અને એ રીતે પરિણમન કરવાનો પ્રયત્ન કરે તો થાય. ન થાય ત્યાં સુધી એનું રટણ, એનું વારંવાર ઘોલન બધું એનું એ કરવાનું છે. થાય તેવો પુરુષાર્થ કરે, ન થાય તો એનું રટણ અને ઘોલન, એના અભ્યાસને દૃઢ કરે. દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ, પર્યાયમાં અશુદ્ધતા છે. એ બધું જેમ છે એમ વસ્તુનું સ્વરૂપ જાણીને એ રીતે પરિણમન કરવાનો પ્રયત્ન કરે, વારંવાર-વારંવાર. દ્રવ્ય એક ચૈતન્યતત્ત્વ હું મહિમાવંત છું. એનું વારંવાર ઘોલન, એનો અભ્યાસ વારંવાર. આ વિભાવ મારો સ્વભાવ નથી. હું પોતે મહિમાવંત તત્ત્વ છું. સિદ્ધ ભગવાન જેવો છું.

પ્રશ્ન :- વારંવાર ઘોલનમાં એ ધ્યાન નામની જે પ્રક્રિયા છે એ ધ્યાન નામની પ્રક્રિયામાં કદાચ પોતે બેસી નિરાંતે તો એ કંઈ પણ હિતકારી છે કે નહિ?

ઉત્તર :- ધ્યાનની પ્રક્રિયા સમજણપૂર્વક હોવી જોઈએને. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને ધ્યાન કરે તો થાય. અસ્તિત્વ ગ્રહણ કર્યું ન હોય પોતાનું કે હું આ જ્ઞાયકતત્ત્વ જ છું. આ વિભાવ મારો સ્વભાવ નથી. હું જુદું તત્ત્વ એ કોઈ છું. એનું અસ્તિત્વ ગ્રહણ કરીને એમાં પોતે એકાગ્ર થવાનો પ્રયત્ન કરે કે આ જ્ઞાયકમાં જ એકાગ્ર થવા જેવું છે. એમ સમજણપૂર્વક ધ્યાન કરે તો ઠીક છે. નહિતર વિકલ્પ ઓછા કરે, અપ્રશસ્તમાંથી પ્રશસ્તમાં આવે તો એ પ્રશસ્ત-ધ્યાન કહેવાય.

જે આત્માનું ધ્યાન એ તો પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે તો થાય. સમજ્યા વગરનું ધ્યાન તરંગરૂપ થઈ પડે. ધ્યાનની પ્રક્રિયા એટલે અશુભભાવથી બચવા માટે શુભભાવોમાં એકાગ્ર થાય. એ શુભભાવમાં પોતે બહુ આકુળતા ન કરે, મંદ મંદ

વિકલ્પ થાય. પણ પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગરનું ધ્યાન પોતે ક્યાં જઈને ઊભું રહેવું છે એનો કાંઈક નિર્ણય હોવો જોઈએ કે મારે જ્ઞાયકમાં ઊભું રહેવું છે. સ્થિર ક્યાં થાવું છે? એકાગ્ર ક્યાં થાવું? જ્ઞાયકમાં થાવું. નહિતર શુભભાવમાં એકાગ્ર થાય છે. ક્યાંક એકાગ્રતા ધ્યાન તો કરે ક્યાંક એકાગ્ર થાય છે. અશુભમાંથી બચીને શુભમાં થાય છે. અત્યારે બધા સમજ્યા વગર ધ્યાન પ્રક્રિયા કરે છે. પ્રશસ્ત-ધ્યાન થાય, શુભભાવનું ધ્યાન થાય.

પ્રશ્ન :- જ્ઞાયક પોપટ રામ, દાડમ કે દ્રાક્ષ?

ઉત્તર :- જ્ઞાયકનું અસ્તિત્વ ગ્રહણ કરવું જોઈએ. જ્ઞાન વગરનું ધ્યાન, સમજ્યા વગરનું ધ્યાન એ લાભરૂપ કરતું નથી. શુભભાવ થાય છે. કેટલાક તો વિકલ્પ ઓછા-ઓછા કર્યા કરે અને પછી કાંઈ થયું ન હોય તો મને કાંઈક થઈ ગયું એવું માની બેસે છે તો ઊલટું નુકસાન થાય છે. શુભભાવમાં એકાગ્ર થાય એટલા પૂરતું થાય. બાકી જ્ઞાયકને ઓળખ્યા વગરનું યથાર્થ ધ્યાન થાતું નથી.

જ્ઞાયકનું અસ્તિત્વ લક્ષમાં હોવું જોઈએ. ભલે ભેદજ્ઞાનપૂર્વકનું ધ્યાન એ જુદું છે, પણ જ્ઞાયકનું અસ્તિત્વ તો ગ્રહણ કરીને પોતે કાંઈક એકાગ્ર થાય તો ઠીક છે. એ જ્ઞાયકનું ધ્યાન ન હોય અને એકલું અપ્રશસ્તથી બચીને શુભભાવમાં ઊભો રહે. વિકલ્પને ઓછા (કરે), સ્થૂળ વિકલ્પ હોય એને ઓછા-ઓછા કરે તો મંદ વિકલ્પમાં ઊભો રહે છે.

સાચા ધ્યાન વગર અંદરથી યથાર્થ સુખ અને યથાર્થ આનંદ આવતો નથી. માત્ર આકુળતા ઓછી થાય એટલે એમ લાગે કે સુખ થયું, આનંદ થયો, એવી કલ્પના કરી બેસે છે. બાકી ન થાય ત્યાં સુધી એનું રટણ, એનો અભ્યાસ, વારંવાર એનું એ કર્યા કરે. જ્યાં સુધી અંદર જવાનો પ્રયત્ન કરે, પ્રયત્ન કર્યા કરે પણ ન થાય તોપણ વારંવાર એનો અભ્યાસ કર્યા કરે તોપણ એને સમીપ આવે છે, એની સન્મુખ આવે જ્ઞાયકની. પણ એને રસપૂર્વક અને મહિમાપૂર્વક હોવું જોઈએ તો થાય. માત્ર ગોખ્યા કરે એનો કાંઈ અર્થ નથી.

આજે સાંજે જવું છે?

મુમુક્ષુ :- હા, સાંજે સાત વાગે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૭ B

પ્રશ્ન :- બહારમાં આટલી પ્રભાવના થવા છતાં અંતર હૃદય જ્ઞાનીનું કેવા પ્રકારનું કે મારે તો મારું કરવું છે. દુનિયા દુનિયાનું જાણે.

ઉત્તર :- પોતે નિરાળા રહીને પોતે પોતાનું કરતા. દુનિયાને જેમ કરવું હોય એમ કરે. શાસ્ત્ર એમને ગમે ખરા, પણ એમ પોતે સીધી રીતે એનો બોજો ઉપાડીને કાંઈ ન કરે.

પ્રશ્ન :- આપણું કામ નહિ, બધું રામજીભાઈ... પરિણામ તો બહુ જ ગમે. ઈ આવે ત્યારે તો ખીલી ઉઠતા હતા.

ઉત્તર :- 'પ્રવચનસાર'માં આવે છે (કે) મુનિ કોઈ કામ માથે લેતા નથી. એમ 'ગુરુદેવ' કોઈ માથે કોઈ કામ-કાર્ય (લેતા નહોતા), પોતે બોજો કોઈ જાતનો ગ્રહણ કરતા નહોતા.

પ્રશ્ન :- અહીં મકાન કર્યું તો કહે, હું કાંઈ રહેવા બંધાયો નથી. હું તો .... એમ સમજતા નહિ કે તમે લોકોએ મકાન કર્યું એટલે હવે હું અહીં... સ્વાધ્યાય મંદિર...

ઉત્તર :- કાંઈ હું બંધાયેલો નથી કે આ સ્વાધ્યાય મંદિર કર્યું એટલે હું અહીં રહેવાનો. એવો નથી બંધાયો. પછી પ્રભાવના યોગે એમને રહેવાનો યોગ હતો તો રહ્યા, પણ એમાં હું બંધાયલો નથી. અહીં મંદિર કરો કે અહીં પ્રતિમા પધરાવો.. કાંઈ નહિ. નાનાલાલભાઈને ભાવ આવ્યા અને એમણે પધરાવ્યા. એમણે કર્યું.

પ્રશ્ન :- ખુબી છેને માતાજી! આ પણ એક ખુબી છેને કે આમ બહારથી જોનારને એમ લાગે કે 'ગુરુદેવ' કેટલા બધા પ્લાનીંગ કરે, આટલી બધી પ્રભાવના ક્યારે થઈ હશે? કેવી રીતે થઈ હશે?

ઉત્તર :- એમ જ લાગે કેટલું બધું થયું, કેટલું બધું થઈ ગયું છે. પણ 'ગુરુદેવે' પોતે સીધી આજ્ઞા કાંઈ કરી નથી.

પ્રશ્ન :- નવો બહારથી આવ્યો હોય એને એમ જ લાગે કે આ બધું 'ગુરુદેવે' જ કરાવ્યું હોય.

ઉત્તર :- હા, એવું લાગે.

પ્રશ્ન :- આયોજન શક્તિ ઘણી (એમ લાગે).

ઉત્તર :- વ્યાખ્યાનમાં સ્વાધ્યાય-મંદિર નાનું પડ્યું તો પ્રવચન-મંડપ બધા

ભક્તોએ કર્યું. એમ બધાની ભાવનાથી થયા કર્યું. પરમાગમ મંદિર બધાની ભાવનાથી થયું, સમવસરણ-મંદિર ઓલા નારણભાઈ અને ચંદુભાઈ એણે ભાવ કર્યા.

પ્રશ્ન :- પરમાગમ (મંદિર માટે) તો મુંબઈવાળાની બહુ હોંશ હતી.

ઉત્તર :- હા, મુંબઈવાળા. શરૂઆત કરી દીધી.

પ્રશ્ન :- શરૂઆત કરી એટલે થયું.

ઉત્તર :- શરૂઆત કરી પછી...

પ્રશ્ન :- માતાજીએ એમ... એમણે શરૂ કર્યું.

ઉત્તર :- શરૂ કર્યું. એ 'ગુરુદેવ'ના પ્રભાવના યોગે બધું પૂરું થઈ ગયું.

પ્રશ્ન :- માતાજી! સમવસરણ ભી ઐસે હી રચાતા હોગા? તીર્થંકરકે કાલમેં સમવસરણ ભી ઐસે રચતા હોગા અપને આપ હી જગહ-જગહ? જૈસે રચના યહાં હુઈ સમવસરણ ભી વૈસે રચા જાતા હોગા? અહીં જેમ બધી રચના થઈ એવી રીતે સમવસરણની પણ એવી જ રચના થાતી હશે? ત્યાં બધા જાતા હશે?

ઉત્તર :- ભગવાન કાંઈ કહે છે કે સમવસરણ બનાવો એમ? એ તો દેવો આવીને કરે છે. કુબેર અને દેવો આવીને સ્વયં રચના કરે છે. તીર્થંકર ભગવાન જ્યાં બિરાજે, જ્યાં વિચરવાના હોય, જ્યાં સ્થિર થવાના હોય ત્યાં દેવો આવીને સમવસરણ બનાવે છે, કાંઈ ભગવાન કહેતા નથી. એ પોતે બનાવીને પોતાને આશ્ચર્ય થાય છે કે કેવી જાતનું બન્યું છે!

પ્રશ્ન :- 'પોતાથી જ બનેલ તે નિરખતા આશ્ચર્ય પોતે..'

ઉત્તર :- આશ્ચર્ય પોતે... પોતાને આશ્ચર્ય થાય છે.

પ્રશ્ન :- આમાં તો એક સિદ્ધાંત આખો (સિદ્ધ થાય છે) કે કર્તા થઈને કરે તો જ થાય એવું નથી.

ઉત્તર :- એવું નથી. એવા બધા યોગ બની જાય કુદરતના, પ્રભાવના યોગ હોય એટલે. બધા ભક્તોને એવી ભાવના જ આવે અને એવા બધા સંયોગ જ એવી જાતના થાય. બધાની ભાવનાથી બધું થઈ જાય. એવા પુણ્યના પ્રભાવનાના યોગ હોય એટલે.

પ્રશ્ન :- નજરે નજર જોયું આમ તો.

પ્રશ્ન :- પોતાનું જ કરવું-એક જ છે. બીજું કાંઈ નહિ. આપે એમાં બહુ સરસ વાત લીધી છે કે 'ગુરુદેવ'નું હૃદય તો આ હતું. પછી બધું પુણ્યના યોગે થઈ ગયું એ બધી જુદી વાત છે. બાકી એમનું હૃદય તો એક જ હતું (કે) મારે તો મારું કરવું છે.

ઉત્તર :- મારું જ કરવું છે, બસ!

પ્રશ્ન :- પછી કબીરનો દાખલો આપીને કહ્યું કે, કબીર તો એમ કહે મુઆ પછી ડૂબ ગઈ દુનિયા. આ તો જીવતા એમ કહ્યું કે દુનિયા દુનિયાનું જાણો, હું મારું જાણું. આપ મુએ સબ ડૂબ ગઈ દુનિયા. કબીરે કીધું. 'ગુરુદેવે' તો, મેરે લિયે કોઈ હૈ નહીં જગમેં. જીવતા જ. મેરે લિયે કોઈ મારું (નથી). હું તો આત્મા. શરીર પણ નહિ ને આ બધું (કાંઈ નહિ). મેરે લિયે કોઈ હૈ નહીં. દુનિયા દુનિયામાં, હું જુદો છું.

ઉત્તર :- કાંઈ કોઈ કહે તો એમ જ કહેતા, રામજીભાઈને કહો. પોતે કાંઈ માથે જ લેતા નહોતા. પણ બધા ભક્તોની ભાવના હોય એટલે બધું એવું ગોઠવાઈ જાય, ગોઠવાઈ જાતું. જાત્રા એવી રીતે ગોઠવાઈ ગઈ, બધું એમ ગોઠવાઈ ગયું.

પ્રશ્ન :- પંચ કલ્યાણક હો, વેદી પ્રતિષ્ઠા હો...

ઉત્તર :- પંચ કલ્યાણક બધા એમ ગોઠવાઈ ગયા.

પ્રશ્ન :- એ બધામાં જરાય મન નહિ. એક મન થોડું હોય તો પ્રવચન આપવું અને આ બધાને સમજાવું. તું શરીર નથી, તું ભગવાન છો. પંચ કલ્યાણક પરમાગમની ઉતાવળ એ માટે કરતા હતા. ક્યારે આવે મારે ઉપદેશ આપીને કે દી પૂરું કરશું?

ઉત્તર :- બહારગામના આટલા મંદિર થયા, કોઈને કાંઈ કીધું નથી. પંચ કલ્યાણકના પોગ્રામો બહુ મોટા થાય તો એમાં એમને વ્યાખ્યાન તો મુખ્ય હોય તો જ. એમ કે આ તમારું બધું છે એમાં વ્યાખ્યાનનો ટાઈમ તો બરાબર હોવો જોઈએ. એટલે બીજાને સમજાવવાનો વિકલ્પ એમને (રહેતો કે), આ સાચું બધા સમજે એવી જાતની ભાવના બહુ. આ સાચું સમજે બધા.

પ્રશ્ન :- એના માટે ... આવવું હોય એ આવે.

ઉત્તર :- વ્યાખ્યાનમાં એવું કે બધા રાજા કે રંક ગમે ઈ હોય, એમના ટાઈમ પ્રમાણે જ બધું થાય. કોઈના માટે રોકાય કે એવું કાંઈ નહિ.

પ્રશ્ન :- બિલકુલ નહિ. ગમે તેવો મોટો માણસ આવવાનો હોય, એ એના ઘરે. એટલે એમનો ટાઈમ એ ટાઈમ. વહેલા જઈને બેસે ગુરુદેવ. અડધો કલાક વહેલા જઈને બેસે, સ્વાધ્યાય કરતા.

ઉત્તર :- સૌથી પહેલા પોતે બેસતા. એમનો યોગ એવો હતો, બધાને સમજાવાનો વિકલ્પ હતો. તીર્થંકરનું દ્રવ્ય એવી જાતનું. ઓલું આવે છેને, સર્વ જીવ કરું શાસન, એના જેવો વિકલ્પ એવી જાતનો. બધા સાચું કેમ સમજે? ઉપદેશ

આપીને, બસ! એની કોઈ જાતની શ્રોતાઓનું કાંઈ કે આ આવ્યો નહિ, એ કાંઈ નહિ. પોતે ઉપદેશ આપી દે. રાજા કે રંક એનું કાંઈ રાખવાનું નહિ.

પ્રશ્ન :- ગજબ પરિણતિ એ જાતની નિરાળી આખી! વિકલ્પ અમુક આવે છતાં પાછું કાંઈ નહિ.

ઉત્તર :- કાંઈ નહિ. કોઈ સમજે યા ન સમજે, બધા સ્વતંત્ર છે એમ કહે પોતે ઉપદેશ આપીને.

પ્રશ્ન :- સમ્યક્ત્વ ઉપર બહુ વધુ ભાર હતો.

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપર તો બહુ પહેલેથી એમનું વજન હતું. અનંત કાળમાં જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. એના ઉપર પહેલેથી વજન હતું. બધું કર્યું, પણ આ એક નથી કર્યું.

પ્રશ્ન :- ૪૫ વર્ષ સમ્યગ્દર્શન ઉપર જ ઉપદેશ આપ્યો એમ કહીએ તો ચાલે.

ઉત્તર :- સમ્યગ્દર્શન ઉપર જ આપ્યો છે. બધી બહારની ક્રિયાઓ કરી, આ કર્યું, પણ એક સમ્યગ્દર્શન જીવે પ્રાપ્ત નથી કર્યું. એવો જ ઉપદેશ પહેલેથી.

પ્રશ્ન :- સિંહ ગર્જના.

ઉત્તર :- સિંહની ગર્જના એવી.

પ્રશ્ન :- ભગવાન છો સિંહનાદોથી ગાજતું સુવર્ણપુરી તીર્થ...

ઉત્તર :- સુવર્ણપુરી તીર્થ...

પ્રશ્ન :- ભગવાન છો, તું ભગવાન છો.

ઉત્તર :- બધાને આમ અસર થઈ જાય એમની વાણીની. એવી વાણી આશ્ચર્યકારી અને જોરદાર હતી. બીજાને આશ્ચર્ય પમાડે એવી. અંતરમાંથી એવી દઢતા અને જોર આવતું. કોઈ આમ ખાલી જોર નહિ, પણ એ જોર જુદી જાતનું હતું. આશ્ચર્ય પમાડે એવું અંતરનું હતું.

પ્રશ્ન :- બહારથી જોર આપનારા તો .. એનું કાંઈ નહિ. આ તો અંતરની વાત.

ઉત્તર :- અંતરથી આવતું.

પ્રશ્ન :- એ જ પ્રણાલિકા ચાલી રહી છે અત્યાર સુધી. માતાજીની પાસેથી આપણને ઘણું મળે છે. એ જ પ્રણાલિકા ચાલી રહી છે. અમે ભાગ્યશાળી છીએ કે ગુરુદેવની પછી આપના પરિચયમાં પણ એ જ લાભ અમને મળી રહ્યો છે, એ જ અંતરની વાત અમને મળી રહી છે.

ઉત્તર :- 'ગુરુદેવે' તો ખૂબ સમજાવ્યું છે. સૂક્ષ્મ-સૂક્ષ્મ કરીને ચારે પડખેથી

સમજાવ્યું છે. એમના પ્રતાપે આ બધું ચાલી રહ્યું છે. હું તો એમનો સેવક છું, બાકી એમના પ્રતાપે ચાલે છે બધું.

પ્રશ્ન :- માતાજી! આપની નમ્રતા છે. માતાજી! સમવસરણમાં બધા જીવ ભગવાનની વાણી ન સમજી શકે. ગણધર સમજાવે છે બધાને પછી, ભગવાનના સમવસરણમાં એમ શાસ્ત્રમાં આવે છે. એવી રીતે આપ સમજાવો છો. ગણધર સમજાવે. ગણધરને પૂછે અને ગણધર સમજાવે.

ઉત્તર :- એ વાત આખી જુદી હતી. ભગવાનની વાણી એમાં તો કેટલાય જીવો સમજી જાય, એવી હોય ભગવાનની વાણી તો. એમને સમજાવવાનો વિકલ્પ (હતો), પણ કોઈને એમ ન કહે કે તમે અહીં રહો કે તમે અહીં રહો. કોઈને કાંઈ (કહે નહિ). એવો પ્રતિબંધ નહિ કોઈ જાતનો. કોઈને એવો પ્રતિબંધ નહિ.

પ્રશ્ન :- .. ચાલ્યા આવે પાછા. પાલિતાણા .. કરે તો ચાલો આપણે... ‘ગુરુદેવ’ના ગુણો તો ઘણા એમના તો જેટલા ગુણાનુવાદ કરીએ એટલા ઓછા છે. આપણે યાદ કરીએ પ્રસંગો તો કેવા કેવા પ્રકારો બધા...

ઉત્તર :- ઘણા પ્રસંગો. સાંભળવાનું પરાણે ન કહે કે તમે સાંભળો ને સાંભળો. ન સાંભળે તો કાંઈ નહિ, એની ઈચ્છા, દરેક સ્વતંત્ર છે.

ભગવાનની વાણી એવી ને કે બધા સમજી જ જાય. સૌ સૌની ભાષામાં બધી સમજી જાય. કોઈ ન સમજે એવું કોઈક જ હોય. સમજી જ જાય.

પ્રશ્ન :- અમારા જેવા ન સમજે તો ગણધરને પૂછે.

ઉત્તર :- સમજી જ જાય, સમજ્યા વગર રહે નહિ, સમજી જ જાય.

પ્રશ્ન :- ગણધરનું પણ એ રીતે મહત્ત્વ તો છે જ.

ઉત્તર :- હોય એ તો. જગતમાં સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાન જ છે. કોઈ ચૈતન્યદ્રવ્ય આશ્ચર્યકારી હોય છે, વાણી આશ્ચર્યકારી હોય. સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાન જ જગતમાં હોય છે.

પ્રશ્ન :- તીર્થના કરનાર, નામ જ ઈ છે—તીર્થંકર.

ઉત્તર :- તીર્થના કરનારા. ગુરુદેવ, કોઈ ન સમજે તો પરાણે સમજવા કોઈને પ્રયત્ન ન કરે, પોતે ઉપદેશ આપે. બસ!

પ્રશ્ન :- જનરલ ઉપદેશ આપે. પછી જેને સમજવું હોય એ સમજે.

ઉત્તર :- સમજવું હોય એ સમજે. વારંવાર સમજાવે. સમજાવાની કરુણા ઘણી પણ એનો કોઈ આગ્રહ નહિ કંઈ. સમજાવે વારંવાર, કરુણા-સમજાવાની કરુણા

ઘણી.

પ્રશ્ન :- અનેક પડખેથી દરેક રીતે જુદી જુદી વાતો...

ઉત્તર :- જુદી જુદી જુદી રીતે એક ને એક વાત ખૂબ અંદર મગજમાં ઉતરે એવી રીતે સમજાવે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! સ્વાનુભવનો અદ્‌ભૂત મહિમા બતાવનાર ભગવતી માતનો જય હો! કરુણામૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો! પરમ કૃપાળુ શ્રી સદ્‌ગુરુદેવનો જય હો!)

પ્રશ્ન :- આપનો ખુબ લાભ મળે છે.

ઉત્તર :- આ કાંઈક કાંઈક પૂછે છે એટલે વળી નીકળે છે.

પ્રશ્ન :- આપની તબિયત પાછી... શ્રમ તો પડતો નથીને? માતાજી!

ઉત્તર :- ના, આમ ઓલા પ્રશ્નો બહુ થાયને એમાં.. આમાં ગુરુદેવની વાત ને ભગવાનની વાત ને...

પ્રશ્ન :- આમાં જ બધું આવી જાય છે. અમારા માટે તો આગમ જ છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૭ C

ઉત્તર :- ... 'ગુરુદેવ'ની ટેપ ને પૂજા ને. બહારગામ ટેપ ચાલે પણ બધા ઘણા કહે છે કે અહીંની ટેપનું...

પ્રશ્ન :- પ્રત્યક્ષ 'ગુરુદેવ' બેઠા હોય એવું જ લાગે છે.

ઉત્તર :- એવું લાગે છે.

પ્રશ્ન :- બહારથી સાંભળીએ તો એમ થાય કે 'ગુરુદેવ' જ...

ઉત્તર :- બોલતા હોય એવું લાગે.

પ્રશ્ન :- ત્યાં રોજ અમે ટેપ સાંભળીએ, પણ જે અહીંયાનો આખો રણકાર...

ઉત્તર :- રણકાર જુદો લાગે.

પ્રશ્ન :- ... ઊભા રહે છે, આગળ વધતો નથી. એની રુચિની કાંઈક ખામી છે ખટકવા છતાં? આગળ કેવી રીતે વધાય?

ઉત્તર :- શું કીધું?

પ્રશ્ન :- તમે કીધું આગળ વધવા માટે રુચિમાં ખામી છે, કાંઈક ખટક નથી, તો એના માટે શું કરવું?

ઉત્તર :- કરવું બધું પોતાને જ પડે છે. એનું શું કરવું એ પોતાને જેને જિજ્ઞાસા હોય, જેને આત્માનું કરવું જ છે એમ નક્કી કર્યું હોય કે મારે આત્માનું કલ્યાણ કરવું જ છે, મારે ભવનો અભાવ કેમ થાય એ કરવું જ છે, તો એને ખટક થયા વગર રહેતી જ નથી. પોતાને જો ભવથી છૂટવું છે એને આત્માને પ્રાપ્ત કરવો છે તો એને ખટક અને રુચિ થયા વગર રહેતી જ નથી. પોતાને જો નક્કી હોય તો.

પ્રશ્ન :- તમે કીધું વારંવાર .. રુચિ રહેતી નથી. રુચિ તો એ જ રહે છે પણ કેવી રીતે આગળ વિશેષ પુરુષાર્થ થાય?

ઉત્તર :- આગળ પોતે કરે તો થાય. એટલી અંદર લગની લાગવી જોઈએ, એટલા વિચાર થાય, નક્કી કરે કે આ જ કરવાનું છે, કર્યે જ છૂટકો છે. વહેલું-મોડું આ કરે તો જ સુખની, આત્માની પ્રાપ્તિ થવાની. આત્મામાંથી સુખ મળવાનું છે, બહારથી કાંઈ મળવાનું નથી. વહેલું-મોડું ગમે ત્યારે થાય પોતાને જ કરવાનું છે, કોઈ કરી દેવાનું નથી કાંઈ. એને વિચાર કરીને નક્કી કરે, મહિમા લાવીને નક્કી કરે, રુચિ વધારીને કરે, વિરક્તિ લાવીને નક્કી કરે, તત્ત્વના વિચાર કરે, ગમે એ રીતે નક્કી કરે કે આત્મા જ્ઞાનસ્વભાવ છે. આ બધું મારું સ્વરૂપ નથી. ગમે એ રીતે પોતે જ કરવાનું છે. પોતાને જ્યાં રુચિ લાગે તે કરે. કરવાનું એક જ છે. બહારમાં ક્યાંય નથી, અંતરમાં જ છે.

પ્રશ્ન :- નિરંતર એમાં જ રહેવું જોઈએ. બીજો વિકલ્પ લાવવો ન જોઈએ.

ઉત્તર :- હા. એમાં જ રુચિ, એની લગની, એનું જ વારંવાર મનન, ચિંતવન, વિચાર. એની જ મુખ્યતા રાખે તો થાય. બીજું બધું ચાલ્યા જ કરે છે, પણ મુખ્યતા આત્માની રાખવી. કોઈ આત્મા કરતાં કોઈ વધી ન જાય. બહારની કોઈમાં એને વિશેષ મહિમા લાગે નહિ. એક આત્મા અને એક દેવ-ગુરુ-શાસ્ત્ર. એના સિવાય બીજું કાંઈ એને વધી ન જાય. લૌકિકમાં રસ ન વધી જાય, લૌકિકના કાર્યમાં અતિશયતા થઈ ન જાય. એ આત્માની મુખ્યતામાં રહે, આત્માનું જ કરવું છે. એની સાથે જિનેન્દ્રદેવ-ગુરુ-શાસ્ત્ર એ સિવાય એને કાંઈ વધી ન જાવું જોઈએ એની રુચિમાં-મહિમામાં.

પ્રશ્ન :- ઉપયોગ બીજે વયો જાય છે એટલે જ પાછો ફર્યા કરે.

ઉત્તર :- તો ફેરવ્યા કરે ઉપયોગ જાય તો. અનાદિના સંસ્કાર છે (એટલે) ઉપયોગ જાય બીજે તો ફેરવ્યા કરે એને. મારે મારું જ કરવું છે. આત્મા કોણ છે? એ વસ્તુ શું છે? એના ગુણ શું છે? એની પર્યાય શું છે? એનું ભેદજ્ઞાન કેમ કરવું? આ

વિભાવ શું છે? સ્વભાવ શું છે? એ બધું નક્કી પોતે પોતાથી કરે. પોતાની રુચિ વધારે. મારે આત્મા સિવાય ક્યાંય બીજામાં ક્યાંય વિશેષતા નથી એમ એને લાગવું જોઈએ. અને એના સાધનોમાં જિનેન્દ્રદેવે જે પ્રાપ્ત કર્યું પૂર્ણતા આત્માની, ગુરુ સાધના કરે, શાસ્ત્રોમાં એ સ્વરૂપ બતાવે છે—એની એને મહિમા આવે. આત્માની મહિમા.. આત્મા પ્રાપ્ત કરવો છે. બીજી કોઈ મહિમા એને વધી ન જાય. ત્યાં ઉપયોગ જાય તો એ ફેરવ્યા કરે.

પ્રશ્ન :- અશક્ય નથી. નિરંતર એમાં રહેવું જોઈએ.

ઉત્તર :- એ કાંઈ અશક્ય નથી કે થાય નહિ એવું નથી. થઈ શકે એવું છે. પોતે કરે તો થાય એવું છે. અનંતા જીવોએ પ્રાપ્ત કર્યું છે, ગયા કાળે અનંતા થયા. વર્તમાન 'ગુરુદેવ' ને બધા ભવિષ્યે થવાના. બધું આત્મામાંથી પ્રાપ્ત થાય એમ છે.

પ્રશ્ન :- માતાજી! માર્ગ સરળ છે.

ઉત્તર :- સરળ છે, સુગમ છે, પણ અનાદિના બહારના અભ્યાસને લઈને દુર્લભ લાગે છે. પોતાનો સ્વભાવ છે માટે સરળ છે. પોતે જ છે, કાંઈ છાનો રાખે એમ નથી. પોતે પોતાથી કાંઈ છાનો રહે એમ નથી. માટે સરળ અને સુગમ છે. એમાં 'ગુરુદેવે' માર્ગ બતાવીને એકદમ સરળ કરી દીધો છે, પણ અનાદિના અભ્યાસને લઈને પોતાની પરિણતિ બહાર દોડે છે. એટલે સ્વભાવની પરિણતિ પ્રગટ કરવી એને દુષ્કર થઈ પડી છે. બાકી માર્ગ તો સરળ અને સુગમ છે. પોતાનો સ્વભાવ છે અને 'ગુરુદેવે' સરળ અને સુગમ કરીને બતાવ્યો છે. નહિતર કોઈ માર્ગને જાણતું નહોતું. બધી બહારમાં ક્રિયામાં પડેલા હતા. પણ 'ગુરુદેવે' એટલું સરળ, સુગમ વિસ્તારથી સમજાવ્યું છે. બધા દ્રવ્ય-ગુણ-પર્યાયનું અનેક રીતે સ્વરૂપ બતાવ્યું છે અને સરળ કરી દીધું છે.

પ્રશ્ન :- આપ પણ સમજાવી રહ્યા છો. ગુરુદેવે તો સમજાવ્યું પણ આપ પણ સમજાવી રહ્યા છો. કરુણા, આપની કરુણા વર્તે છે.

ઉત્તર :- 'ગુરુદેવે' કેટલુંય બતાવીને માર્ગ તૈયાર કર્યો છે. હું તો 'ગુરુદેવ'ના પગલે-પગલે કહું છું. 'ગુરુદેવ' સર્વસ્વ છે. માર્ગ એમણે પ્રકાશ કર્યો છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! માતાજીની કરુણાનો, અનંત ઉપકારનો જય હો!)

ઉત્તર :- અહીંની બધી પ્રવૃત્તિ, બીજા ગામ કરતાં બધું જુદું થાય છે.

પ્રશ્ન :- રસબસતી.

ઉત્તર :- હા, રસબસતી. ભાવવાહી બધી. અને મુંબઈ ક્યાં અને આ સોનગઢ ક્યાં.

પ્રશ્ન :- પ્રવચન-સમુદ્ર બિંદુમાં ઉલ્લસી આવે, એમ ચૌદ પૂર્વની લબ્ધિનું ઉદાહરણ પણ તેમ. શીખ્યે ન આવે ચૌદ પૂર્વ.

ઉત્તર :- એ કાંઈ ગોખ્યે થાય નહિ, ઈ તો અંદરથી થાય.

પ્રશ્ન :- બિંદુમાંથી સમુદ્ર થઈ જાય એમ થાય. એ સમુદ્રનો ઉપયોગ બિંદુમાં સમાઈ જાય. પછી એનો ઉપયોગ શું? બિંદુમાં સમાઈ જવું ઈ એનો ઉપયોગ છે. ચૌદ પૂર્વનું જ્ઞાન.. બિંદુમાં સમાઈ જવું ઈ અર્થ થયો. અનુભવની વાત છે).

ઉત્તર :- નામથી અધ્યાત્મ હોય અને સ્થાપના અધ્યાત્મ હોય, પણ અંદર ભાવનું અધ્યાત્મ આવે ઈ ખરું અધ્યાત્મ.

પ્રશ્ન :- ... ધ્રુવકા તારા, ચિદાનંદ અચળ વર્તે. ચિદાનંદ ચિત્તમાં એવો અચળ થઈ જાય. ... આકાશમાં ધ્રુવનો તારો.

ઉત્તર :- ધ્રુવનો તારો.

પ્રશ્ન :- ... કેવી અનુભવની વાત અત્યારે, કેવી આનંદદાયક છે! કીધું, સાહેબ! ખાજાને ... બેઠો બેઠો ખાતો હોય, જોનારાને જેવો સ્વાદ આવે એવો અમને આવે છે. ખાવને, તમારી પાસે છે.

(શ્રોતા :- ધન્યાવતાર પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૭ D

પ્રશ્ન :- ... અધૂરી, વિકારી, પૂરી પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવો તે દ્રવ્યદૃષ્ટિ છે. તો તે દ્રવ્યદૃષ્ટિનું તથા તે કાળે જ્ઞાન શું કાર્ય કરે છે? તે કૃપા કરી સમજાવશો.

ઉત્તર :- (ગુરુદેવે) બહુ સૂક્ષ્મ-સૂક્ષ્મ રીતે સ્પષ્ટ કર્યું છે. 'ગુરદેવે' પંચમકાળમાં પધારીને મહાન ઉપકાર કર્યો છે. હું તો એમના ચરણોનો દાસ છું. 'ગુરુદેવે' તો ઘણું સ્પષ્ટ કર્યું છે. 'ગુરુદેવ' કહેતા હતા કે આત્મામાં સહજ જ્ઞાન, સહજ આનંદ, સહજ વસ્તુ બધું સહજ સ્વભાવી છે. ક્યાંયથી લેવા જાવું પડતું નથી. એ સહજ સ્વભાવે આત્મા શાશ્વત છે. એ શાશ્વત આત્માને લક્ષમાં લેવો, એ મૂળ વસ્તુને લક્ષમાં લેવાથી એને વેદન પ્રગટ થાય છે, એ સ્વભાવને આશ્રયે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. માટે

અધૂરી પર્યાય અને વિભાવ પર્યાય, પૂરી પર્યાય એ પર્યાય ઉપર દૃષ્ટિ નહિ દેતા મૂળ વસ્તુને ગ્રહણ કરવાથી એમાંથી સ્વભાવની પર્યાયો પ્રગટ થાય છે. માટે મૂળ વસ્તુને જ ગ્રહણ કરવી.

એ દ્રવ્યદૃષ્ટિ.. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, એનું આલંબન લેવાથી, એના ઉપર જોર મૂકવાથી શુદ્ધતા પ્રગટ થાય છે, મુક્તિનો માર્ગ તો જ પ્રગટ થાય છે. માટે એ બધાને ગૌણ કરી અને એક આત્માને જ લક્ષમાં લેવો. મૂળ વસ્તુને લક્ષમાં લેવી. જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે એમ આત્મા પણ અનાદિ-અનંત સ્વભાવે નિર્મળ છે. એમાં લાલ-પીળા જે બધી કાલીમા દેખાય, જે વિભાવ દેખાય એ મૂળ સ્ફટિકનું નથી. એમ આત્માનો મૂળ શુદ્ધાત્મા છે. એમાં જે પર્યાયો થાય છે વિભાવપર્યાય એની પુરુષાર્થની મંદતાએ થાય છે. એને જ્ઞાનમાં જાણવું અને દૃષ્ટિ એક આત્મા ઉપર રાખવી. એ અનંતગુણથી ભરેલો મહિમાવંત આત્મા છે. એની મહિમા આવ્યા વગર અને વિભાવથી વિરક્તિ આવ્યા વગર એ આત્માનું કલ્યાણ થઈ શકતું નથી. માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી.

એમાં અનંતગુણો છે એમાં મુખ્ય જ્ઞાનગુણથી આત્મા ઓળખાય છે. એ અસાધારણ જ્ઞાનગુણ છે. એ એટલું જ માત્ર સત્ય પરમાર્થ છે જેટલું આ જ્ઞાન છે, એટલું જ કલ્યાણ છે કે જેટલું આ જ્ઞાન છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મામાં બધું આવી જાય છે. માટે જ્ઞાનસ્વરૂપ આત્મા, જ્ઞાયક આત્માને ઓળખ. એમાં બધું છે. પર્યાયોને ગૌણ કર અને એનું જ્ઞાન કર કે આ અધૂરી પર્યાય છે, આ પૂરી પર્યાય છે, આ વિભાવપર્યાય છે. એ સાધનાની પર્યાયો જે છે એને જ્ઞાન લક્ષમાં લે છે. જ્ઞાન પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે. જ્ઞાન બધાને જાણે છે, પણ દૃષ્ટિ એક આત્માનું આલંબન લઈને આગળ જાય છે.

અનંતકાળથી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી નથી. દૃષ્ટિ બહાર છે માટે તું મૂળ આત્માના સ્વરૂપને ઓળખી અને એના ઉપર દૃષ્ટિ કર. એના આલંબનથી આગળ જવાય છે અને તે જ કરવા જેવું છે. એનાથી જ મુક્તિનો માર્ગ, સ્વાનુભૂતિ, ચારિત્રદશા, કેવળજ્ઞાન બધું દ્રવ્યદૃષ્ટિના આલંબનથી જ પ્રગટ થાય છે અને એના આલંબનથી વિશેષ વિશેષ લીનતા જેમ જેમ પ્રગટ થતી જાય એમ એમ એની સ્વાનુભૂતિની દશા, ચારિત્રની દશા બધી વધતી જાય.

પહેલા એનો નિર્ણય થાય છે કે આ વસ્તુ આવી જ છે—શુદ્ધ છે. પછી એનો નિર્ણય થઈને એની દૃઢતા કરીને આગળ જાય અને યથાર્થ દ્રવ્યદૃષ્ટિ તો સમ્યક્

પરિણમન થાય ત્યારે જ થાય છે, ત્યાર પહેલા એનો નિર્ણય કરે છે પછી આગળ જાય છે. અને એ દ્રવ્યદષ્ટિના આલંબનથી જ આગળ જાય છે. એમાં પર્યાયોને ગૌણ કરવામાં આવે છે. દ્રવ્યદષ્ટિની મુખ્યતામાં પર્યાયો ગૌણ થાય છે. અને જ્ઞાન દ્રવ્યને જેમ છે એમ જાણે છે અને પર્યાયને પણ જેમ છે એમ જાણે છે. એ જ્ઞાન અને એ દષ્ટિ બેય સાથે ને સાથે સાધકદશામાં રહે છે. એકબીજાથી જુદા પડતા નથી. સાથે ને સાથે (રહે છે). દ્રવ્યદષ્ટિ મુખ્ય રહે છે અને જ્ઞાન સાથે ને સાથે જ રહે છે. એ દષ્ટિ અને જ્ઞાન સાથે રહીને સાધકદશામાં કામ કરે છે.

આ ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે જ્યાં સુધી એની તૂટ ન પડે, એની તૂટ ન પડે એવી રીતે ભાવવું કે જ્યાં સુધી સ્વાનુભૂતિની દશા પ્રગટ ન થાય. ઠેઠ કેવળજ્ઞાન સુધી ભાવવું. દ્રવ્યદષ્ટિના આલંબન, એના જોરમાં અને ભેદજ્ઞાનની ધારા ત્યાં સુધી ભાવવી. એ જ મૂળમાર્ગ છે અને પહેલા પણ એ જ કરવા જેવું છે. વારંવાર જ્ઞાયકનું રટણ, જ્ઞાયકની ભાવના, જ્ઞાયકનું આલંબન. પહેલા નિર્ણયરૂપે, ભાવનારૂપે થાય પણ તે જ કરવા જેવું છે. એકત્વબુદ્ધિ કેમ તૂટે? કર્તાબુદ્ધિ કેમ તૂટે? અને જ્ઞાયકતા કેમ પ્રગટ થાય? એ જ કરવા જેવું છે. એમાં વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા વચ્ચે આવ્યા વગર રહેતું નથી. પણ એક શુદ્ધાત્મા જે આત્મામાં કોઈ જાતના વિકલ્પ નથી એવું નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે. એનું જ આલંબન કરવાથી એમાં જ તૃપ્તિ છે, એમાં જ સુખ છે, એમાં જ બધું મળે છે. બહાર ક્યાંય મળતું નથી.

બહારમાં ક્યાંય શાંતિ નથી, સુખ નથી, તૃપ્તિ નથી. બહાર ગમે તેટલા ફાંફાં મારે તો બહાર ક્યાંય તૃપ્તિ કે સંતોષ નથી. આત્મામાં જાય એમાં જ તૃપ્તિ, સંતોષ, સુખ બધું એમાં જ છે અને એમાં જ કલ્યાણ છે. માટે એને જ ગ્રહણ કર, એમાં જ બધું છે. એક મુક્તિનો માર્ગ એ દ્રવ્યદષ્ટિમાં જ સમાયેલો છે. માટે 'ગુરુદેવ' વારંવાર દ્રવ્યદષ્ટિ કરવાનું કહેતા હતા. અને માર્ગનો વિવેક પણ 'ગુરુદેવ' સાથે જ્ઞાનનું પણ કહેતા હતા. એ 'ગુરુદેવે' જે કીધું છે એ જ બધાને કરવાનું છે અને તે જ મુક્તિનો ઉપાય છે.

(શ્રોતા :- બોલો, પરમ પૂજ્ય ભગવતી માતનો જય હો! માતાજીના અમૃત મહોત્સવનો જય હો!)

ઉત્તર :- શુભભાવ હૈ ઉસસે પુણ્યબંધ હોતા હૈ. આત્માકા સ્વભાવ તો જાનનેવાલા નિર્વિકલ્પ સ્વભાવ હૈ.

પ્રશ્ન :- યહ તો સહી હૈ. મેરે પૂછનેકા મતલબ હૈ કિ જૈસે ધ્યાન અવસ્થામેં

કિસી દેવકે દર્શન હુએ, સમજ લીજીયે ભગવાન પાર્શ્વનાથકે ઔર વંદન કરને પર યહ પૂછા કિ તુમ્હે ક્યા ચાહિયે? ઐસા પૂછા. મુજે સબકે સામને નહિ બોલના ચાહિયે. મગર અબ એકાંત નહીં હોનેસે ફિર વહ સમય નહીં આયા. મેરી જન્મભૂમિ વહાં સબ દિગંબર સમાજ હી હૈ.

ઉત્તર :- દિગંબર સમાજકી હૈ જન્મભૂમિ?

પ્રશ્ન :- હા. મૈં દિગંબર, મેરે પરિવારવાલે દિગંબર ધર્મ માનનેવાલે. દોનોં હી માનતે હૈં. વૈષ્ણવ ભી માનતે હૈં. .. તો વહાં ભગવાન પાર્શ્વનાથકા મંદિર હૈ તો મૈં હંમેશા જાકર વહી અપના જાપ-નિયમ જો ભી થોડ ।બહોત કરના હોતા હૈ.

ઉત્તર :- ઉસમેં સુખ, અપૂર્વ સુખ પ્રાપ્ત હોગા આત્મામેં સે. આત્મામેં સુખકી પ્રાપ્તિ આત્મામેં સે હોતી હૈ. તો અપને આત્મામેં સે નક્કી હો સકતા હૈ કિ મેરે ભવકા અભાવ હુઆ યા નહીં હુઆ. અપને આત્મામેં નિર્ણય હોતા હૈ, બાદમેં ભગવાન કી સાક્ષી હોતી હૈ. આત્મામેં કોઈ અપૂર્વ જો નહીં મીલી હૈ ઐસી કોઈ અપૂર્વતા વહ સિદ્ધ ભગવાનકા અંશ પ્રાપ્ત હોતા હૈ. તબ અપને ધ્યાનમેં ઐસા હોતા હૈ. સચ્ચા જ્ઞાન હોવે પીછે સચ્ચા ધ્યાન હો સકતા હૈ. ઉસમેં કોઈ અપૂર્વ શાંતિ મિલતી હૈ. તો અપના આત્મા ભી જવાબ દે સકતા હૈ. ભીતરમેં સે અપના સંતોષ-તૃપ્તિ અપનેમેં સે હોતી હૈ.

પ્રશ્ન :- ઐસા હૈ ના કિ દેવ, ગુરુ ઔર ધર્મ, હૈ ન? હરેકમેં વહ જ્યોતિ જાગૃત નહીં હો સકતી. હરેકમેં આપકી શ્રેણીમેં યહાં જીતની ભી ઉપસ્થિત બહને હૈં, વહ આપકી શ્રેણીમેં આને મેં ઉનકો સમય લગેગા. તો દેવ, ગુરુ ઔર ધર્મ, દેવકા સ્વરૂપ ઔર ધર્મ કા સ્વરૂપ સમજાનેવાલે ગુરુ હી હોતે હૈં.

ઉત્તર :- ઉનકી વાણી બહોત બરસતી થી. યહાં 'કાનજીસ્વામી' બિરાજતે થે. બરસો તક ઉન્હોંને યહાં વાણી બરસાઈ હૈ. તો બરસોં તક ઉનકી બાણી બરસતી થી. ઉન્હોંને બહોત સમજાયા હૈ. જ્ઞાનકા સ્વરૂપ, ધ્યાનકા સ્વરૂપ, દેવ-ગુરુ-ધર્મકા સ્વરૂપ સબ સમજાયા હૈ. તો કૈસે સમજના હૈ વહ તો અપની તૈયારી પર આધાર રખતા હૈ. જિસકી જૈસી તૈયારી હોતી (વૈસે) સમજતા હૈ.

પ્રશ્ન :- વહ તો આપકી બાત મેરી સમજમેં થોડી થોડી આ ગઈ હૈ. તૈયારી તો અપની હોતી હી હૈ. અભી મૈંને આપસે નિવેદન કિયા કિ યહ બહેન ભી ધ્યાન કરતી હૈ, યહ ભી કરતી હૈ. ઔર એક હમારે સાથમેં...

ઉત્તર :- સચ્ચે જ્ઞાન કે બિના ધ્યાન જમતા નહીં હૈ. સચ્ચા જ્ઞાન હોવે. કિસકે

ઉપર સ્થિર રહના? કિસ આત્મા કે ઉપર રહના, ઉસકા ધ્યેય હોના ચાહિયે. આત્મા કે ઉપર સ્થિર રહના ચાહિયે.

પ્રશ્ન :- સચ્ચા જ્ઞાન ઔર અચ્છા જ્ઞાન ક્યા? યહ ગુરુ હી તો ઉસકા સ્વરૂપ બતાતે હૈ ન. બાકી તો વ્યક્તિ મિથ્યાત્વમેં ભટક જાતા હૈ. વહ ભી તો ગુરુ હોતે હૈં.

ઉત્તર :- ગુરુ કૌન હૈ વહ નિર્ણય તો અપનેકો કરના પડતા હૈ.

પ્રશ્ન :- ગુરુ બતાતે હૈં, વહ સ્વીકારના તો અપનેકો હૈ.

ઉત્તર :- સ્વીકારના અપનેકો પડતા હૈ.

પ્રશ્ન :- ઐસા હૈ ન કિ ગુરુ સબ એક હી શ્રેણી કે નહીં હોતે. જૈસે હમ કાશ્મીરમેં ગયે તો શીવમંદિરોમેં માંસ ચઢતા, મદિરા ચઢતી.

ઉત્તર :- વારેવારે મંદ પડે તો વારે વારે કર્યા કરવું. વિકલ્પનો સ્વભાવ.. પોતે તો જ્ઞાયકસ્વભાવ છે. વારંવાર એનું રટણ કર્યા કરવું.

પ્રશ્ન :- વારંવાર રટણ કરવાથી રુચિ વધારે રહે?

ઉત્તર :- પોતાને રુચિ હોય તો વારંવાર રટણ થાય.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૮ A

પ્રશ્ન :- નિર્વિકલ્પ બનાવવા માટે અને સૂક્ષ્મ કરવા માટે...

ઉત્તર :- એ તો એને સૂક્ષ્મ બનાવવા અંદર તૈયારી જોઈએ. જ્ઞાયકસ્વભાવને ઓળખવો જોઈએ. હું જ્ઞાનસ્વભાવ આત્મા છું, હું શાશ્વત છું. એને ઓળખે અંતરમાંથી. આ શરીર જડ છે એ કાંઈ જાણતું નથી. આત્મા જાણનાર છે. એનું ભેદજ્ઞાન કરે, એની ભેદજ્ઞાનની ધારા અંદર ચાલે. દરેક વિકલ્પ મારો સ્વભાવ નથી. હું તો સિદ્ધ ભગવાન જેવો આત્મા છે. બધા રાગ છે. શુભાશુભ બેય ભાવ વિભાવ છે, મારાથી જુદાં છે. શુભભાવ અશુભભાવથી બચવા આવે. વચમાં દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવે. પણ એ સ્વભાવ મારો નથી. એવી અંદરથી શુભાશુભભાવથી પણ જુદો (છું) એવી દૃઢ પ્રતીતિ જ્ઞાયકસ્વભાવની થાય. અંદર એવી પ્રતીતિ દૃઢતા થાય, જ્ઞાયકનું જોર થાય. અંતરથી એકદમ ઊંડી પાત્રતા થાય ત્યારે ઉપયોગ નિર્વિકલ્પ થાય. એની તૈયારી હોય તો થાય. એની જિજ્ઞાસા લાગે, એની લગની લાગે. દિવસ અને રાત ભેદજ્ઞાનની ધારા (ચાલે કે) હું ચૈતન્ય છું. વાસ્તવિક ભેદજ્ઞાન તો ચૈતન્યની

પરિણતિ થાય ત્યારે થાય. ત્યારપહેલા અભ્યાસ કરે. અભ્યાસ કરતાં કરતાં એને જો ઉગ્રતા થાય તો નિર્વિકલ્પદશા થાય.

પ્રશ્ન :- અત્યારે સવિકલ્પદશાની સાથે જ એ ચિંતવન કરવાનું ને?

ઉત્તર :- પહેલા તો સવિકલ્પ હોય જ ને, નિર્વિકલ્પ તો પછી થાય. પણ એ વિકલ્પ મારો સ્વભાવ નથી, હું એનાથી જુદો છું. જે જે વિકલ્પ આવે, વિકલ્પ તો આવે વચ્ચે કે હું જ્ઞાયક છું, જ્ઞાનસ્વભાવ છું, હું આત્મા છું, હું શુદ્ધાત્મા છું—બધા વિકલ્પ આવે પણ વિકલ્પ મારો સ્વભાવ નથી. એવી એને પ્રતીતિ સાથે હોય છે. એવી દઢ પ્રતીતિ હોય છે સાથે.

વિકલ્પ આવે, દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પ આવે, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર આવે. હું ચૈતન્ય છું. ગુણો મારા... જ્ઞાન મારો ગુણ છે. અંતર પરિણમન છે. અનેક જાતના દ્રવ્ય-ગુણ-પર્યાયના પણ વિચારો આવે, પણ મારો સ્વભાવ બધાથી જુદો છે. વિકલ્પ રાગમિશ્રિત વિકલ્પ તે રાગ છે, પણ વચ્ચે આવ્યા વગર રહેતો નથી. એની પ્રતીતિ એની એવી દઢ હોય કે હું બધાથી જુદો છું. વારંવાર એનો જુદાપણાનો અભ્યાસ કરે. દ્રવ્ય-ગુણ-પર્યાય એને બરાબર ઓળખે, એની પ્રતીત કરે, અંદર લીનતા કરે ત્યારે થાય. એટલી અંદર તૈયારી જોઈએ. જ્ઞાયકની મહિમા આવે, બહારની મહિમા છૂટી જાય. જ્ઞાયક કોઈ અપૂર્વ છે, અદ્‌ભુત છે, અનુપમ છે એની મહિમા આવે તો થાય.

પ્રશ્ન :- 'ગુરુદેવ'ના પ્રવચનો વાંચ્યા પછી મહિમા તો સમજાયો, અંદરમાં ખૂબ મહિમા સમજાયો. અભિપ્રાયની ભૂલ પણ સમજાય ગઈ છે. હવે આગળ વધવાનું છે.

ઉત્તર :- આગળ વધવા માટે પ્રયાસ એનો કરવો જોઈએ, ભેદજ્ઞાનનો એનો. વારંવાર ચૈતન્યની પ્રતીતિ દઢ કરવાનો. શરીર કાંઈ જાણતું નથી, હું જાણનારો છું. એને ચારે પડખેથી ઓળખવો જોઈએ. સિદ્ધ ભગવાન જેવો આત્મા છે. આત્માનો સ્વભાવ કોઈ જુદો અને અનુપમ છે. એને વારંવાર અંતરથી દઢતા આવવી જોઈએ. એક ચૈતન્યતત્ત્વ છે. આ જેમ જડતત્ત્વ દેખાય, એ ચૈતન્યતત્ત્વ કોઈક જુદું છે.

કેટલાક ધ્યાનમાં ચડી જાય, પણ સાચા જ્ઞાનપૂર્વકનું સાચું ધ્યાન હોવું જોઈએ. એકલું સમજ્યા વગરનું ધ્યાન કરે તો એ યથાર્થ સમજી શકાતું નથી. યથાર્થ નથી થાતું. યથાર્થ જ્ઞાન પહેલા પ્રયોજનભૂત તો જ્ઞાન હોવું જોઈએ. આત્માનું સ્વરૂપ શું છે? આ મુક્તિનો માર્ગ શું છે? સ્વાનુભૂતિ શું છે? કેવળજ્ઞાન શું છે? એની પ્રતીતિ

યથાર્થ ઓળખાણ થવી જોઈએ. નવ તત્ત્વ શું છે? એ બધું અંતરમાંથી પ્રયોજનભૂત જ્ઞાન સમજે તો એ પ્રમાણે ધ્યાન થાય. આત્માને ઓળખે તો એમાં એની પ્રતીતિ કરીને એમાં લીનતા થાય. પ્રતીતિ વગરની લીનતા ક્યાં થાય? ઓળખાણ વગરનો જાય ક્યાં?

સ્વાનુભૂતિની દશા તો કોઈ અલૌકિક હોય છે! એ તો અનુપમ હોય છે! પણ પહેલા એનો અભ્યાસ કરે તો થાય. ભેદજ્ઞાનનો અભ્યાસ કરે (કે) હું ચૈતન્ય જુદો છું, કોઈ અપૂર્વ છું. એ વિકલ્પ છે, બધા વિકલ્પ છે, પણ સાથે વિકલ્પ આવ્યા વગર રહેતા નથી.

અનંતકાળથી બહારનું બધું કર્યું. અંતર આત્માને ઓળખ્યો નથી. બહાર શુભભાવ કર્યા, પુણ્યબંધ થયા, દેવલોક ગયો પણ ભવનો અભાવ થયો નહિ. કારણ કે પુણ્યબંધથી માત્ર ભવ થાય, તો સારો ભવ મળે, પણ ભવનો અભાવ તો આત્માને ઓળખે શુદ્ધાત્માને તો જ થાય છે. આ પુસ્તકો કોઈ વાંચ્યા હશે શાસ્ત્રો અહીંના?

પ્રશ્ન :- અહીંના 'ગુરુદેવ'ના પ્રવચનો.

પ્રશ્ન :- પહેલું આ જ વાચ્યું 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' પરના પ્રવચનો અને અપૂર્વ અવસર ઉપરના પ્રવચનો. બાકી મૂળમાં ભૂલ અને એ વાંચ્યું.

ઉત્તર :- ઠીક. મૂળમાં ભૂલ, આત્મસિદ્ધિના પ્રવચન.

પ્રશ્ન :- 'સમયસાર' ઉપરના પ્રવચનો, પહેલો ભાગ.

ઉત્તર :- ઠીક. 'સમયસાર'ના પ્રવચનો.

પ્રશ્ન :- હા. પ્રવચન રત્નાકરનો પહેલો ભાગ.

પ્રશ્ન :- રામચંદ્રજી મહારાજ છેને એમનો પરિચય છે. રામચંદજી અને ઉદયચંદજી બે આવતાને.

ઉત્તર :- હા, એ આવતા હતા.

પ્રશ્ન :- 'તું પ્રજ્ઞાછીણી જ્ઞાન અને ઉદયની સંધિ સહુ છેદવા.' એ શું કહેવા માંગે છે?

ઉત્તર :- 'પ્રજ્ઞાછીણી થકી છેદતા બંને જુદા પડી જાય છે.' પ્રજ્ઞારૂપી છીણી જ્ઞાન અને રાગ.

પ્રશ્ન :- પ્રજ્ઞા એટલે...

ઉત્તર :- જ્ઞાનની છીણી. પ્રજ્ઞા એટલે જ્ઞાનની છીણી. યથાર્થ જ્ઞાનની છીણી

સૂક્ષ્મ-તીક્ષ્ણ એકદમ. એકદમ તીક્ષ્ણતાથી આત્માને ઓળખી લે કે આ રાગ છે અને આ જ્ઞાયક આત્મા છે. આ જ્ઞાન છે અને આ રાગ છે.

પ્રશ્ન :- બંને ધારા સાથે જ ચાલે કર્મ અને...?

ઉત્તર :- બેય સાથે ચાલે છે. એકત્વબુદ્ધિ અજ્ઞાનીને થઈ રહી છે. રાગ અને જ્ઞાન બે ભેગા. જ્ઞાન કયું? આત્મા ક્યો? અને રાગ ક્યો? બેય ભેગું એને મિશ્ર થઈ ગયું છે. આત્મા ઓળખાતો નથી અને એકલા રાગ-દ્વેષ, રાગ-દ્વેષ ઓળખાયા કરે છે. પણ એકદમ જ્ઞાનને ઓળખીને કે આ જ્ઞાન છે અને આ રાગ છે. એવી તીક્ષ્ણતાથી પકડી લે.

પ્રશ્ન :- પર્યાયને એ તરફ લઈ જવી?

ઉત્તર :- એકદમ તીક્ષ્ણતાથી. એને એકદમ તીક્ષ્ણતાથી પકડી લે કે આ રાગ છે અને આ જ્ઞાન છે. એને જુદા પાડે, છેદ કરે એનો. જે ક્ષણે રાગ થાય એ જ ક્ષણે જ્ઞાન એની સાથે છે. જ્ઞાન એટલે આત્મા જ્ઞાયક એની સાથે ભેગું મિશ્ર અજ્ઞાનીને ભેગું ભાસે છે, ભ્રાંતિ થઈ ગઈ છે કે આ રાગ અને જ્ઞાન બે ભેગા થઈ ગયા. આત્મા ક્યાં અને રાગ ક્યાં, એ છૂટો પાડી શકતો નથી. જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે એકદમ એનું જ્ઞાન છે એ એવું તીક્ષ્ણ થઈ જાય છે, એકદમ ઉપયોગ એવો સૂક્ષ્મ થઈ અને આ રાગ છે અને આ જ્ઞાન છે એમ એને જુદું પાડી નાખે. એ જ ક્ષણે, જે ક્ષણે ભેગું થાય છે એ જ ક્ષણે એને છૂટું પાડે. છૂટું પાડીને ઉપયોગ આત્મામાં સ્થિત થઈ જાય છે ને વિકલ્પ છૂટી જાય છે અને આત્મા પોતે પોતામાં સ્થિર થાય છે. પહેલા પ્રજ્ઞાછીણી શરૂ થાય છે, પછી આત્મામાં લીન થાય છે.

પ્રજ્ઞા એટલે જ્ઞાનની સૂક્ષ્મ, એકદમ સૂક્ષ્મ છીણી. સૂક્ષ્મ-તીક્ષ્ણતા ઉપયોગથી આત્માને ઓળખી લે છે. તીક્ષ્ણ ઉપયોગ. રાગ અને જ્ઞાન. ગમે તેવો સૂક્ષ્મ રાગ હોય એ બધાને ઓળખી લે છે કે આ રાગનું સ્વરૂપ છે, મારું નથી. એમ જુદું પાડી દે છે એકદમ. એટલે એને ભેદજ્ઞાનની ધારા થાય છે. જ્ઞાન અને રાગ બેય સાથે ચાલે તો એ ક્ષણે ક્ષણે જુદું પાડે છે કે આ જ્ઞાન છે, આ રાગ છે. જ્ઞાન એટલે જે જાણવું એ બધું શીખી લીધું એવું જ્ઞાન નહિ. જ્ઞાન એટલે આત્માની જ્ઞાયકતા. એ જ્ઞાયકતા એ જુદી છે અને આ રાગ જુદો છે—એમ જુદો પાડે છે. આ હું જ્ઞાયક અને આ રાગ. આ જ્ઞાયકનું જ્ઞાન અને આ રાગ એમ જુદું પાડે. સાવધાનીથી એકદમ એને ઓળખી લે છે. એમાં જરાય ભૂલ નથી પડતી. એવો તૈયાર થઈ જાય છે અંતરમાંથી. એવો પાત્ર નજીક થયેલો જીવ પ્રજ્ઞાછીણીને પ્રગટ કરે છે.

લક્ષણથી છેદાય છે. નિજ નિજ લક્ષણથી છેદાય છે. આ લક્ષણ રાગનું છે અને આ લક્ષણ જ્ઞાનનું છે. રાગનું લક્ષણ આકુળતાવાળું, આ રાગનું લક્ષણ-આ મારું લક્ષણ નથી. અને ઓલું જ્ઞાનનું લક્ષણ આ લક્ષણ મારું ચૈતન્યનું છે. આ લક્ષણ રાગનું છે—એમ બેયને જુદા પાડે. લક્ષણથી જુદા પાડે.

સમ્યગ્દષ્ટિને આ પ્રજ્ઞાછીણી તૈયાર થઈ છે, એને પ્રજ્ઞાછીણી થાય છે. એ સમ્યગ્દષ્ટિની ભેદજ્ઞાનની ધારા વધતા વધતા એને નિર્વિકલ્પદશા થાય છે. નિર્વિકલ્પદશા તો એને હોય જ છે સમ્યગ્દષ્ટિને, પછી થાય છે. પછી એ ગૃહસ્થાશ્રમમાં હોય, રાગ આવે તો ક્ષણે ક્ષણે એને ભેદજ્ઞાનની ધારા ચાલે. રાત ને દિવસ એ આત્માને ભૂલતો નથી. ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે. પછી એ ધારા વધી જાય, નિર્વિકલ્પદશા વધતી જાય ધીરે ધીરે ત્યારપછી એને મુનિદશા આવે છે. એ મુનિદશામાં તો ક્ષણે ક્ષણે આત્મામાં લીન થાય. બહાર આવે અને ક્ષણે ક્ષણે આત્મામાં લીન થાય—એવી દશા મુનિદશામાં આવે છે. શ્રાવકને અમુક દશા હોય નિર્વિકલ્પદશા. મુનિને એકદમ જલ્દી થાય છે.

પ્રશ્ન :- ઘણું મીઠું અમૃત પાયું માતાજી આજે. બધું આખું દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવ્યું, ઘણું કીધું.

ઉત્તર :- ભગવાને આ જ કીધું છે. મૂળ માર્ગ જ છે. વસ્તુ સ્વભાવ જ એ છે. મુક્તિનો માર્ગ એ જ છે—પ્રજ્ઞાછીણી. પ્રજ્ઞાછીણીથી મુક્તિની શરૂઆત થાય છે. સ્વાનુભૂતિદશા નિર્વિકલ્પ આનંદ અને કોઈ અપૂર્વ જગતમાં કોઈનો મેળ નહિ એવી કોઈ દશા અપૂર્વ થાય છે. ત્યાર પછી એની દશા ગુણસ્થાન વધતા જાય અને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આત્મામાં ઝૂલે છે પછી.

એનું જીવન જ આત્મામય થઈ જાય છે. એ આત્મામાં સમ્યગ્દષ્ટિ હોય છે. બહારથી કોણ એને જાણી શકે? એ આત્મામાં ક્ષણે ક્ષણે આત્મામાં રહેતો હોય. ધારા એની ચાલતી હોય. નિર્વિકલ્પદશા કોઈ કોઈવાર થાય. બાકી આત્મામાં જ રહેતા હોય. ભેદજ્ઞાનની ધારા ચાલતી હોય છે. ગૃહસ્થાશ્રમ હોય એને શુભભાવો આવે, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા પણ આવે, ભગવાનની ભક્તિ આવે, ગુરુની પણ ભક્તિ આવે, શાસ્ત્રનું ચિંતવન કરે, બધું કરે.

ભગવાન કેવળજ્ઞાન પામ્યા, પૂર્ણતા થઈ. સાધકદશા, મુનિઓ સાધના સાધતા. એ બધા ઉપર એને મહિમા આવે. શાસ્ત્રનું ચિંતવન (કરે), તોપણ એને ભેદજ્ઞાનની ધારા તો ચાલતી જ હોય છે અને તોપણ એની દશા તો ચાલુ જ હોય છે.

શુભભાવો સાથે હોય તોપણ. એ કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એને શુભભાવો, શુદ્ધધારાની સાથે આ શુભભાવ સાથે રહે છે. શુદ્ધતાની ધારા પણ ચાલુ રહે છે.

પ્રશ્ન :- આત્માની જ્ઞાયકતાને જ્ઞાન કીધું આપે. પ્રજ્ઞાછીણીમાં આત્માની જ્ઞાયકતા તે જ્ઞાન.

ઉત્તર :- જ્ઞાન એટલે એકલો જ્ઞાનગુણ નહિ લેવાનો અથવા જાણવું એટલે કાંઈ ધારી લીધું એ જ્ઞાન નહિ. ગુણ એટલે એકલો ગુણ એમ ભેદ પાડેલું જ્ઞાન એમ ગુણ નહિ, આખી જ્ઞાયકતા એમ (કહેવું છે). આ જ્ઞાન અને આ રાગ. જ્ઞાન એટલે એકલો એક ગુણ નહિ લેવાનો, એમાં આકો જ્ઞાયક આવી જાય છે. આ આત્મા અને આ રાગ, આ આત્મા અને આ રાગ. પણ આત્મા શબ્દ ન લીધો, જ્ઞાન લીધું એનું કારણ જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખાય છે. જ્ઞાનગુણ અસાધારણ છે. એટલે જ્ઞાનથી આત્મા એકદમ ઓળખાય. એના લક્ષણથી આત્મા ઓળખાય છે—જ્ઞાનલક્ષણથી. એટલે એને જ્ઞાન લીધું. આ જ્ઞાન અને આ રાગ.. આ જ્ઞાન અને આ રાગ.. એમ.

પ્રશ્ન :- આખો આત્મા લેવાનો.

ઉત્તર :- એમ આત્મા લઈ લેવો. આ હું, આ રાગ. જ્ઞાન એટલે ભેદ પાડીને જુદો ગુણ લેવો એમ નહિ, પણ અસાધારણ ગુણ છે એટલે જ્ઞાન જ ગ્રહણ થાય. લક્ષણ એ એવું મુખ્ય ચૈતન્યનું છે જ્ઞાનલક્ષણ. એ જ્ઞાનથી જ ઓળખાય છે.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી – ૨૮ B

પ્રશ્ન :- પૂછે છે કે આપને અનુકૂળતા હોય તો જ્ઞાયક સ્વભાવનો મહિમા સમજાવો.

ઉત્તર :- તમે 'ગુરુદેવ'ના દર્શન કોઈવાર કર્યા નથી ને? 'સોનગઢ' જ પહેલા વહેલા આવ્યા હશો.

પ્રશ્ન :- પહેલી વખત આવ્યા હતા ત્યારે 'ગુરુદેવ' અહીં નહોતા, વિહારમાં હતા. આજથી ૧૭ વર્ષ પહેલા આવેલા. ખાલી મંદિરના દર્શન કર્યા.

ઉત્તર :- કેટલા વર્ષ થયા એને?

પ્રશ્ન :- ૧૭ વર્ષ થયા.

ઉત્તર :- .. તમે પરિચયમાં આવેલા?

પ્રશ્ન :- ના, બિલકુલ નહિ. મારા પહેલા કાળધર્મ પામી ગયા.

ઉત્તર :- જ્ઞાયકસ્વભાવ તો મહિમાવંત છે. એ તો આત્માનું સ્વરૂપ છે. જ્ઞાયક અનંત ગુણોથી ભરપૂર છે. જ્ઞાયક એટલો એકલો ખાલી જ્ઞાયક નહિ, અનંત ગુણો છે એ કોઈ અપૂર્વ છે, મહિમાવંત છે. જગતમાં આત્મા જેવો કોઈ પદાર્થ નથી. જ્ઞાયક જ મહિમાવંત છે. બહારના બધા પદાર્થોમાં (કોઈ) મહિમાવંત નથી. બધા રાગ કે... બહારમાં જેને જીવ બહાર મહિમા એને લાગે છે. બહારમાં ક્યાંય મહિમા નથી. કોઈ વિશેષતાઓ બહારમાં નથી. વિશેષતા હોય તો આત્મામાં જ છે. એ કોઈ અપૂર્વ પદાર્થ છે.

જગતમાં આત્મા જેવો, જ્ઞાયક જેવો કોઈ પદાર્થ નથી. જ્ઞાયક એટલે જાણનારો જ્ઞાયક. એ જ્ઞાયકમાં અનંતા ગુણો છે. એ ગુણો કોઈ અપૂર્વ છે. જ્ઞાયક, દર્શન, ચારિત્ર, આનંદ આદિ અનંત ગુણોથી ભરપૂર છે એ જ્ઞાયક. સિદ્ધ ભગવાનનું જેવું સ્વરૂપ હોય એવું જ્ઞાયકનું સ્વરૂપ છે. એ જ્ઞાયક અનાદિ-અનંત છે. અશુદ્ધ થયો નથી. શુદ્ધ સ્વભાવ છે. એના પર્યાયમાં અશુદ્ધતા થઈ છે. પોતે પુરુષાર્થની મંદતાએ રાગ, દ્વેષ બધામાં જોડાય છે. એનું દ્રવ્ય વસ્તુ સ્વભાવે શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા છે.

જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે એમ આત્મા નિર્મળ છે. લાલ, પીળા ફૂલના પ્રતિબિંબો પડે તો એ સ્ફટિક લાલ-પીળું પરિણમે, પણ એનો મૂળ સ્વભાવનો નાશ થાતો નથી. એમ જ્ઞાયકનો સ્વભાવ નાશ થાતો નથી. અનંતા ભવો કર્યા, નિગોદમાં ગયો, અનંતા દેવના કર્યા, નરકના, તિર્યંચના, આ મનુષ્યના અનંતા કર્યા પણ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પણ એના પર્યાયમાં રાગ, દ્વેષ આદિ અશુદ્ધતા, જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાય, એમ આત્મા પોતે પુરુષાર્થની મંદતાએ રાગ-દ્વેષમાં જોડાય છે.

એ પોતે જ્ઞાયકને ઓળખે અને ભેદજ્ઞાન કરે તો એનો ભેદ કરે તો રાગ-દ્વેષ છૂટી જાય છે. અલ્પ રહે છે ગૃહસ્થાશ્રમમાં, પછી જેમ જેમ અંદર લીનતા વધતી જાય એમ છૂટતા જાય છે. પહેલા એનું ભેદજ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન થાય છે. પછી એની સ્વાનુભૂતિ થાય છે. મુક્તિનો માર્ગ શરૂ થાય છે ત્યારથી જ, જ્ઞાયકને ઓળખે ત્યારથી.

પ્રશ્ન :- સ્વાનુભૂતિ વખતે આત્માના દરેક પ્રદેશે એટલો જ આનંદ વેદાય?

ઉત્તર :- આત્માના અસંખ્યપ્રદેશ આનંદથી ભરપૂર છે, એમાં કાંઈ ભેદ નથી. પણ એક અંશ છે. સિદ્ધ ભગવાનને પૂરો આનંદ છે, આને અંશે વેદાય છે. પણ

સિદ્ધ ભગવાનની જાત, સિદ્ધ ભગવાન જેવી જ છે. એક ગુણ આખા દ્રવ્યમાં વ્યાપેલો છે. એની અનુભૂતિ અમુક જ્યાં મન હોય ત્યાં એની અનુભૂતિ થાય, પણ એમાં કાંઈ ભેદ નથી. આત્મા અસંખ્યપ્રદેશી છે. મન તો છૂટી જાય, વિકલ્પ છૂટી જાય છે, આત્માની સ્વાનુભૂતિ થાય.

જગતથી જુદો-ન્યારો કોઈ અનુપમ છે. એને કોઈ જગતની ઉપમા લાગુ પડતી નથી. એનો આનંદ જગતથી જુદો છે. કોઈ આનંદ સાથે એનો મેળ ખાતો નથી. ઈન્દ્રની પદવી કે ચક્રવર્તી, કોઈના આનંદની સાથે આ આનંદનો મેળ નથી. એ તો બધા લૌકિક ગૃહસ્થ રાગવાળો આનંદ છે. આ તો વીતરાગી આનંદ કોઈ જુદો છે, અનુપમ છે. કોઈની સાથે એનો મેળ નથી. વચનાતીત છે. એ કોઈ વાણીમાં આવી શકે એવો પદાર્થ નથી. એને લક્ષણથી ઓળખાય છે. લક્ષણથી ઈશારા બતાવાય છે.

એની મહિમા આવે, એની સર્વસ્વતા લાગે, એની રુચિ થાય, એની પ્રતીત થાય, એની શ્રદ્ધા થાય તો જીવ એના તરફ વળે છે. એની રુચિ ન હોય, એની મહિમા ન હોય તો એ તરફ વળી શકતો નથી. બહારમાં જેણે બધુ માની લીધું છે, બહાર થોડી ક્રિયા કરે કે શુભભાવ કરે એમાં જો સર્વસ્વ માની લે તો આત્માનું એમાં થાતું નથી. શુભભાવ વચ્ચે આવે એનાથી પુણ્યબંધ થાય. અશુભભાવથી બચવા, શુભભાવો (આવે), પણ આત્મા તો કોઈ ન્યારો છે. એની શ્રદ્ધા થવી જોઈએ. એની શ્રદ્ધા થાય તો એ તરફ વળે.

પ્રશ્ન :- આપને તકલીફ થાય છે?

ઉત્તર :- એથી અટકી અટકીને બોલું છું. થોડીવાર અટકું છું. શ્વાસ લાગે એટલે અટકી અટકીને બોલું છું. એક શ્વાસે બોલુંને તો શ્વાસ થાય છે એટલે.

અનંતકાળથી બધું કર્યું, આત્માનું સ્વરૂપ ઓળખ્યું નથી. અનંતકાળ ગયો, બધે ભમ્યો. બધું કંઠાગ્રે કર્યું પણ આત્માને ઓળખ્યો નથી. આત્માને ઓળખ્યા વગર ભવનો અભાવ થાતો નથી.

પ્રશ્ન :- આત્માને ઓળખવા અનુભવ કરવા પ્રથમ શું કરવું?

ઉત્તર :- એની રુચિ કરવી, એની પ્રતીત કરવી, આત્માની મહિમા આવે. આત્મા કોઈ જુદો પદાર્થ છે. એ કેમ ઓળખાય? એને માટે વાંચન-વિચાર કરે. 'ગુરુદેવે' શું કીધું છે? એનો શું માર્ગ છે? એ ચિંતવન કરે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું સ્વરૂપ છે? એ જાણવા માટે પ્રયત્ન કરે. લગની લગાડે દિવસ ને રાત કે આત્મા કેમ ઓળખાય એને માટે એની લગની લાગે. એની જ ધૂન લાગે. વિચાર, વાંચન બધું

એને શરૂઆતમાં એ હોય. પછી અંદર સાચી પ્રતીત થાય કે આ આત્મા તે જ હું છું. એની પ્રતીત કરે, જ્ઞાન કરે, ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. શરૂઆતમાં એ કરે.

દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું એનું સ્વરૂપ ઓળખે. જ્ઞાયકને ઓળખવા પ્રયત્ન કરે. ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાય ઓળખે એ પોતાને ઓળખે, પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું શું? આત્માનું શું (સ્વરૂપ)? ભગવાને શું પ્રગટ કર્યું? ભગવાનના શું દ્રવ્ય-ગુણ-પર્યાય છે? સાચા ભગવાનને ઓળખ્યા ક્યારે કહેવાય? પોતાને ઓળખે (ત્યારે). પોતાને ઓળખે એ ભગવાનને ઓળખ્યા વગર રહેતો નથી.

પ્રશ્ન :- સ્વરૂપાનંદમાં રમી રહ્યો હતો, આત્માના .. ઝુલી રહ્યો હતો. એના વિષે કાંઈક.

ઉત્તર :- એનો અર્થ શું કરવો?

પ્રશ્ન :- અતીન્દ્રિય આનંદમાં આત્મા જ્યારે ઝૂલતો હતો શું સંવેદન થતું હતું તે ટાઈમે?

ઉત્તર :- એ કાંઈ વાણીમાં આવે એવું છે? આત્મા કોઈ અદ્ભૂત છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય કોઈ જુદા છે. અનંત કાળથી આકુળતા હતી, આકુળતાથી છૂટીને અંદર આત્માનો સ્વભાવ નિરાકુળ પૂરતો નહિ, સ્વયં આત્મા આનંદ સ્વભાવે જ છે અને આત્મા કાંઈ કૂટસ્થ નથી. આત્મા પારિણામિક સ્વભાવવાળો છે. પારિણામિક સ્વભાવ છે એટલે એમાં જે આનંદગુણ આદિ અનંતા ગુણો છે એ ગુણોમાં આત્મા પરિણમન કરતો હોય છે. એટલે એમાં અનેક જાતની એની ક્રિયાઓ એટલે એની રમણતા કરતો હોય છે. એટલે એમાં તરંગો ઉઠતા હોય છે. એવો એનો આત્માનો સ્વભાવ છે. આત્મામાં જે અનંત ગુણો છે, આનંદાદિ ગુણ છે એ એની પર્યાય, એનું પરિણમન, એના તરંગ ઉઠતા હોય છે. એવો એનો અર્થ છે. બાકી વાણીથી તો વાણીમાં એને માટે કોઈ ઉપામા તો કંઈ છે નહિ. સિદ્ધ ભગવાનમાં પૂર્ણ હોય છે. આ તો એનો અંશ હોય છે, પણ ઈ જાત હોય છે.

આત્મા એના જે ગુણો હોય એના કાર્યો તો આવે જ છે અને જે વિકલ્પથી છૂટો આત્મા પોતે અસ્તિત્વ છે કાંઈ, અવસ્તુ તો છે નહિ, એ તો અસ્તિત્વ છે એટલે જાગૃતસ્વરૂપ છે. એટલે એની જાગૃતિ વધે છે. આકુળતાથી છૂટ્યો અને આત્મામાં જે સ્વભાવ હતા, એ સ્વભાવ એને પ્રગટ થાય છે. એટલે એ આનંદતરંગમાં રમી રહ્યો હતો એની અંદર ઊંડાણ છે બધામાં કહેવાનું. શબ્દોમાં

કહેવાય છે.

એ ખીલી રહ્યો હતો, રમી રહ્યો હતો, ડોલતો હતો—એ બધામાં એના અર્થોમાં ઊંડાણ છે. એ એના સ્વભાવમાં કાર્ય કરતા એની આ અદ્‌ભુતતા છે. એના શબ્દાર્થ તો એમ થાય કે તરંગોમાં ડોલતો હતો, ઝૂલતો હતો, બાકી એમાં ઊંડાણ રહેલું છે. એ કાંઈ દૃષ્ટાંતથી ખ્યાલમાં ન આવે. બહાર કોઈ સાગર ઝૂલતો હોય, તરંગ ઝૂલતા હોય એના દૃષ્ટાંતો એ આવે. સાગરના તરંગ હોય, બાકી વસ્તુ તો કોઈ જુદી છે. એ તો એની સ્વાનુભૂતિમાં વેદે એને ખ્યાલ આવે. બાકી એના લક્ષણથી ઓળખી શકાય છે. કાર્ય કરતો હતો એ કહેવાનું છે, બાકી એની અદ્‌ભુત તરંગમાં ડોલવું એ બધામાં ઊંડાણ રહેલું છે.

'અમૃતચંદ્રાચાર્ય'ના કળશમાં ઘણું આવે છે 'સમયસાર'માં. એવો આત્મા અદ્‌ભુતમ... અદ્‌ભુતમ.. શાંત-સાગર એનો લોકપર્યંત ઉછળી રહ્યો છે. આત્મા ડોલાયમાન થઈ રહ્યો છે—એ શબ્દો 'સમયસાર'ના કળશોમાં આવે છે. એમાં બધું ઊંડાણથી આચાર્યદેવ કહી રહ્યા છે. જે સ્વભાવ હોય એનું વેદન તો થયા વગર રહે નહિ. આત્મામાં આનંદગુણ છે. એ આનંદગુણને કોઈ બહારની અપેક્ષા લાગુ પડતી નથી, કોઈ વિકલ્પની કે કોઈ રાગની કે કોઈ બાહ્ય પદાર્થોની, કોઈ દેવલોકની કે ચક્રવર્તીની, કોઈ સુખોની એ કોઈ અપેક્ષા જેમાં નથી. એકલો આત્મા જ છે જેમાં કોઈ અપેક્ષા નથી. જે નિરપેક્ષ છે. કોઈની અપેક્ષા વગરનો જે આનંદ છે. સ્વયં આનંદસ્વરૂપ જ છે અને એ આનંદના પરિણમનરૂપી જ્ઞાન આદિ અનંત ગુણો આદિ એમાં આનંદગુણ મુખ્ય લઈને એની વાત કરવામાં આવે છે.

વિભાવોથી છૂટેલો, જગતથી છૂટેલો, જગતથી ન્યારો, એનાથી ઉપર તરતો કોઈ આત્મામાં અદ્‌ભૂત આનંદતરંગમાં ડોલાયમાન થઈ રહ્યો છે, એમાં ખીલી રહ્યો છે, રમી રહ્યો છે. એમાં આખો સ્વભાવ એનું ઊંડાણ રહેલું છે. એવા કળશો, એવી જાતના 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશમાં એવી જાતનું ઘણું આવે છે, બીજા બીજા શબ્દોમાં. નય, નિક્ષેપો ક્યાં ચાલ્યા જાય છે અમને ખબર નથી, નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, પ્રમાણ અસ્ત થઈ જાય છે. આત્માં અંતરથી કોઈ જુદો પ્રગટ થાય છે. એ બધું કાંઈ કાંઈક આવે છે અંદર. ચૈતન્યસ્વરૂપ લીલા કરતો અંદર લીલા કરતો પ્રગટ થાય છે. એ આવે છે.

એમાં કોઈ કહે અમને સુખ થઈ ગયું અમને શાંતિ થઈ ગઈ. એ વાત નથી. આ તો કોઈ જુદી જ વાત છે અંતરમાં. એને સ્વયં અંતરમાંથી આવે છે. કેટલાક

વિકલ્પને મંદ કરે, મંદ કરે, પછી સૂક્ષ્મ વિકલ્પ થઈ જાય, પછી કહે શાંતિ વેદાય છે. મંદ વિકલ્પ થઈ જાય. એ જાતની આ શાંતિ નથી. આ તો વિકલ્પથી બધી રીતે છૂટીને, વિકલ્પને ગૌણ કરીને, વિકલ્પનો જેને ખ્યાલ પણ નથી એમાંથી જે આનંદ પ્રગટે છે એ જુદો પ્રગટે છે.

પ્રશ્ન :- મુમુક્ષુજીવોને તો વિકલ્પનો જ અભ્યાસ છે અને એમાંથી વિકલ્પાતીત થવું તો જ આનંદ આપે કહ્યો એવો અનાકુળ આનંદ ઊપજે.

ઉત્તર :- કોણ પૂછે છે?

પ્રશ્ન :- અમને તો વિકલ્પોનો જ અભ્યાસ છે અને એમાંથી આ નિર્વિકલ્પનો આનંદ આવે એ કઈ રીતે? અમને તો વિકલ્પનો જ અભ્યાસ છે.

પ્રશ્ન :- એ તો આપ કહો છો એ જ છે કે એની મહત્તા આવવી જોઈએ, પણ (એના ઉપર) વધારે પ્રકાશ પાડો તો... સમજાય છે આપ કહો છો એ બધું.

ઉત્તર :- શું કહે છે વિકલ્પનો?

પ્રશ્ન :- અમને અભ્યાસ વિકલ્પોનો છે. વેદાય કે .. આનંદ આવ્યો. ત્યારે આપ જે આનંદની વાત કરો છો એની જાત જ કાંઈક જુદી છે.

ઉત્તર :- વિકલ્પનો અભ્યાસ અનાદિનો થઈ રહ્યો છે એટલે વિકલ્પ દેખવામાં આવે છે. વિકલ્પ મંદ થાય તો શાંતિ લાગે અને વિકલ્પ વધારે હોય તો આકુળતા લાગે. આ તો વિકલ્પરહિતની વાત છે. વિકલ્પ રહિત અંતર થાય તો આત્મા સ્વયં પોતે જાગૃતસ્વરૂપ અને અસ્તિત્વસ્વરૂપ છે. એનું અસ્તિત્વ કાંઈ ચાલ્યું ગયું નથી. વિકલ્પની અસ્તિ ગઈ તો કાંઈક અસ્તિત્વ ઊભું રહે છે. તો એ અસ્તિત્વ કોનું? ચૈતન્યનું છે. અને ચૈતન્ય પોતે આનંદગુણથી ભરપૂર છે. એનો જ્ઞાનગુણ કોઈ અદ્‌ભુત છે અને એનો આનંદગુણ કોઈ અદ્‌ભુત છે. એવા અનંત ગુણો છે એમાં આ મુખ્ય જ્ઞાનસ્વરૂપ છે અને એમાં આનંદગુણ પણ જુદો છે. એટલે બધું છૂટી જાય પછી રહે કોણ? એક આત્મા. એ આત્મા રહે એમાંથી કોઈ આનંદગુણ પ્રગટે એ જુદો પ્રગટે છે. એને આનંદગુણની અનુભૂતિ થાય છે.

વિકલ્પના અભ્યાસમાં વિકલ્પ જ દેખાય છે, બીજું દેખાતું નથી. આનંદગુણ એકલો ચૈતન્ય.. વિકલ્પ છૂટીને તો એમાં રહે કોણ? એક આનંદગુણ અને આનંદગુણથી ભરેલો આખો આત્મા એ રહે છે. એમાં જે ચૈતન્યના અનંત ગુણ, અનંત ગુણમાં ખેલે છે, એમાં રમે છે, એમાં ડોલે છે. એ કોઈ જુદું જ છે. એમાં કોઈ કહે છે કે અમને શાંતિ-શાંતિ થઈ. એ વાત અમુક વિકલ્પ મંદ થાય એની શાંતિ

હોય છે. આ વાત કોક જુદી હોય છે. એને અંદરથી એવી તૃપ્તિ થાય છે કે બીજો કોઈ આ સિવાય માર્ગ નથી. આ જ ચૈતન્ય અને આ જ મુક્તિનો માર્ગ. એના સિવાય બીજું કાંઈ નથી.

પ્રશ્ન :- એ દશા આવ્યા પછી દેહ અને આત્માની ભિન્નતા કાયમ માટે વર્તે?

ઉત્તર :- કાયમ ભિન્નતા રહે છે. પુરુષાર્થ એનો ચાલુ જ રહે છે. બહાર આવે, વિકલ્પ આવે તોપણ ભેદજ્ઞાનની ધારા એની ચાલુ રહે છે. સહજ રહે છે. સહજ ભેદજ્ઞાનની ધારા રહે છે. કોઈ કોઈવાર સ્વરૂપમાં જામી જાય અને વિકલ્પ છૂટી જાય છે અને પાછી આત્માની અનુભૂતિ એને પ્રગટ થાય છે. વળી વિકલ્પમાં આવે તો ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે. પછી ગમે તે કાર્યમાં ઊભો હોય બહારથી, પણ ભેદજ્ઞાનની ધારા ચાલુ જ રહે છે. ખાતો, બેસતો, ઉઠતો, વાંચતો, વિચારતો બધું કરતો હોય, (પણ) ભેદજ્ઞાનની ધારા ચાલુ રહે છે સહજપણે. એને યાદ નથી કરવું પડતું. ઘણા ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. કાંઈ થયું ન હોય ત્યાર પહેલા અભ્યાસ કરે એ જુદી વાત છે, બાકી આને સહજ હોય છે. જે જે વિકલ્પ આવે એ જ ક્ષણે એને ભેદજ્ઞાન, એ જ વખતે એનો જ્ઞાયક હાજર જ રહે છે. એનું જુદાપણું, ભિન્નપણું જ્ઞાયકની શાંતિ અમુક પ્રકારની હાજર જ રહે છે. વિકલ્પ છૂટે ત્યારે સ્વરૂપમાં લીન થાય છે. કાયમની એની વર્તમાન દશા તો ભેદજ્ઞાનની ધારા જુદી જ રહે છે. કોઈ એમ રાખે અભ્યાસથી એ જુદી વાત છે, પણ આ તો સહજ રહે છે.

બહારથી કોઈ આ ખેલવાનું, રમવાનું, ડોલવાનું એ બહારનું નથી, આ તો ચૈતન્યનું છે અંદર. એ ચૈતન્યની સહજ પરિણતિ છે અને એ કોઈ અદ્‌ભુત છે. એ નિર્વિકલ્પ છે, શાંતિસ્વરૂપ છે. અને એના વિકલ્પનો આશ્રય નથી. આત્માના આશ્રયથી છે. એમાં કોઈ બહારના સાધનથી ખેલે, રમે, ડોલે એ નથી. આત્માનો જ જેમાં આશ્રય રહેલો છે.

પ્રશ્ન :- તત્ત્વ નિરપેક્ષ છે અને નિરપેક્ષ પરિણતિ દ્વારા જ પ્રાપ્ત થાય એવો સિદ્ધાંત નીકળે. તત્ત્વ પૂર્ણ નિરપેક્ષ છે અને નિરપેક્ષ પરિણતિ દ્વારા જ આ બધા વિકલ્પો છોડીને પોતાનું નિરપેક્ષ પરિણમન જો થાય જ્ઞાન, આનંદનું તો જ અનુભૂતિ થાય એવો નિષ્કર્ષ નીકળે છે.

ઉત્તર :- કહું. જરા શ્વાસ ચાલે છેને એટલે. નિરપેક્ષ સ્વરૂપ છે એનો આશ્રય નિરપેક્ષ તત્ત્વ છે, એનો આશ્રય લે. આ બધું બહારનું અપેક્ષાવાળું (છે). નિરપેક્ષ તત્ત્વનો આશ્રય લે તો નિરપેક્ષ પરિણતિ પ્રગટ થાય છે. એને કોઈ અપેક્ષા નથી.

સ્વતઃસિદ્ધ છે, એને કોઈ અપેક્ષા નથી. એનો આશ્રય કરવાથી નિરપેક્ષ પરિણતિ પ્રગટ થાય છે. કારણ કે એ સ્વતઃસિદ્ધ છે. દ્રવ્ય પોતે સ્વયંસિદ્ધ નિરપેક્ષ છે, એને અપેક્ષા નથી. ગુણ પણ નિરપેક્ષ છે. એની જે શુદ્ધ પર્યાય (પ્રગટ થાય) એને કોઈ અપેક્ષા નથી. એ સ્વતઃ પ્રગટ થાય છે. એમાં વચ્ચે શુભભાવ આવે છે, પણ આશ્રય એને આત્માનો છે. એ આત્માના આશ્રયથી જ પ્રગટ થાય છે.

જ્ઞાયકતાની દઢતા, આત્માનો આશ્રય, જ્ઞાતાની ધારા, જ્ઞાતાની ધારા વધતા-વધતા નિરપેક્ષ પરિણતિ, ચૈતન્યની સ્વરૂપ પરિણતિ પ્રગટ થાય છે. એ જ્ઞાતાનો આશ્રય (કાયમ રહે છે). વિકલ્પ સાથે આવે એને ગૌણ કરે છે. સ્વયં નિરપેક્ષ તત્ત્વનો આશ્રય લે છે. પારિણામિકભાવ એનો નિરપેક્ષ છે. એની પરિણતિ આનંદ તરંગમાં જે પરિણતિ થાય એ બધી પારિણામિકભાવ છે. સ્વતઃસિદ્ધ પરિણમે છે.

પ્રશ્ન :- તરંગો આનંદના જે અંદરથી ઉછળે છે એ પણ પારિણામિકભાવ?

ઉત્તર :- પારિણામિકભાવ છે.

પ્રશ્ન :- કારણ કે સ્વભાવગત પરિણમન છે એટલે.

ઉત્તર :- એ અનાદિ-અનંત પારિણામિકભાવ છે. આ પારિણામિકભાવની પર્યાયો છે. અનાદિ-અનંત પારિણામિકભાવની જ આ પર્યાયો છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો!)

પ્રશ્ન :- છતાં વાણીમાં આપે જેટલું મૂકી શકાય એટલું સ્પષ્ટ કરીને (કહ્યું). સમજવું મુશ્કેલ છે. બાકી તો મંદ કષાયનું સુખ એ તો.. શુદ્ધ પરિણતિ અને નિર્વિકલ્પ ઉપયોગમાં પણ આપ કહો છો એ બેમાં સરખામણી ન થઈ શકે. શુદ્ધ પરિણતિ અને નિર્વિકલ્પ ઉપયોગ. પછી આ મંદ કષાયનું, મંદમાં મંદ કષાયનું સુખ એને તો આની સાથે ક્યાં સરખાવાય.

ઉત્તર :- મંદ કષાયની સાથે,... એ તો વિકલ્પની મંદતાની શાંતિ છે. આ બધી સ્વાનુભૂતિની પર્યાય પારિણામિકભાવની પર્યાય છે. પારિણામિકભાવ તો અનાદિ-અનંત છે.

પ્રશ્ન :- પારિણામકભાવને તો, બહેનશ્રી! કૂટસ્થ કહે છેને. કૂટસ્થ છે એની પર્યાયો.

ઉત્તર :- એ બધું અપેક્ષાએ કહેવાય છે.

પ્રશ્ન :- સૂર્યના કિરણો હોય એમ પારિણામિકભાવની શુદ્ધ પરિણતિ?

ઉત્તર :- એ ઓલું અપેક્ષાએ કૂટસ્થ, અપેક્ષાએ પારિણામિક લીધું. એકાંત કહી શકાતું... પારિણામિક શબ્દ પરિણામને સૂચવે છે. તો કૂટસ્થ હોય તો પારિણામિક શબ્દ આવે. એનો ભાવ પારિણામિકતા સૂચવે છે. એટલે એની અપેક્ષાએ એકસરખું રહે છે માટે એને કૂટસ્થ (કહે છે). પારિણામિકભાવ એટલે એ પરિણામ અને પરિણતિ સૂચવી રહ્યું છે. એટલે સર્વથા એકાંત એને કૂટસ્થ કઈ રીતે કહી શકાય? કૂટસ્થ સર્વથા નથી.

પ્રશ્ન :- જાગૃતસ્વરૂપ છે.

ઉત્તર :- જાગૃતસ્વરૂપ છે, નિરપેક્ષ છે. કૂટસ્થ અપેક્ષાએ છે, અપેક્ષાએ પારિણામિક છે. પણ પ્રગટ પર્યાય ક્ષાયિકની, ઉપશમની એ જુદું છે. એ પ્રગટ ઈ પણ પારિણામિકભાવની પર્યાય છે.

પ્રશ્ન :- એમાં અને આની જ પાછી પરિણતિ.. આમાં ફરક છે.

ઉત્તર :- એ અનાદિ અનંત છે પારિણામિકભાવની પરિણતિ. એને કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. સર્વથા એકાંત કહો તો પછી કાંઈ કાર્ય જ નહિ થાય, તો જીવમાં પર્યાય જ નહિ થાય, બધી રીતે કૂટસ્થ હોય તો, કાંઈ વેદન જ નહિ થાય તો.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! કરુણાસાગર ભગવતીમાતનો જય હો!)

'અમૃતચંદ્રાચાર્યો'ના કળશમાં અનુભૂતિનું ઘણું આવે છે. એમાં એવા ઊંડા શબ્દો આવે છે.

પ્રશ્ન :- અદ્‌ભૂતાત્ અદ્‌ભૂતમ્ છે, ડોલાયમાન છે ને.

ઉત્તર :- એ બધું આવે છે.

પ્રશ્ન :- જેટલું શબ્દોમાં કહી શકાય એટલું તો આપે કહી દીધું. પારિણામિકભાવની પરિણતિ જુદી ચીજ અને ક્ષાયિકભાવની પરિણતિ એ પણ જુદું. ઓલું અપેક્ષિત છે ક્ષાયિકભાવ છે એ. ક્ષાયિકભાવ તો અપેક્ષિત છે અને આ પરિણતિ...

ઉત્તર :- પારિણામિકભાવની પર્યાય કહેવાય. અપેક્ષાએ ક્ષાયિક કહેવાય, પારિણામિકભાવ પણ કહેવાય. એ પર્યાય છે પારિણામિકભાવની પરિણતિ છે. બેય અપેક્ષાથી સમજવાનું છે દરેકને.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૮ C

પ્રશ્ન :- ભગવતી માતાજી! આજના મંગળ દિને આપના મંગળ વચનનો અમને સૌને લાભ મળે તે હેતુએ આપને અમો નમ્ર ભાવે એક પ્રશ્ન આપની પાસે રજુ કરીએ છીએ, જેની સ્પષ્ટતા કરવા કૃપા કરશોજી.

આત્મા પરમાત્મસ્વરૂપ છે, સિદ્ધસ્વરૂપ છે એમ પૂજ્ય કૃપાળુ 'ગુરુદેવ' ફરમાવતા હતા અને શાત્રમાં પણ આચાર્યોએ ભગવાનની વાણી અનુસાર આવું આત્માનું સ્વરૂપ ફરમાવ્યું છે. તો આત્માનું સિદ્ધસ્વરૂપ અને પરમાત્મસ્વરૂપ કેમ સમજાય અને તેની પ્રાપ્તિ કેમ થાય? એ માતાજી! આપના મંગળ વચનો દ્વારા સમજાવવા અમારા ઉપર કૃપા કરશોજી.

ઉત્તર :- આત્માનું પરમાત્મસ્વરૂપ 'ગુરુદેવે' તો બહુ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. આત્મા કેવો છે? આત્મા સિદ્ધસ્વરૂપ છે. 'ગુરુદેવે' સ્પષ્ટ કરીને સમજાવ્યું છે, બધાને જાગૃત કર્યા છે. હવે એમાં પોતે પુરુષાર્થ કરે તો થાય એવું છે. 'ગુરુદેવે' સમજાવ્યું, હું તો એમનો દાસ છું. એમની પાસેથી બધા સમજ્યા છે.

'ગુરુદેવે' કહ્યું છે કે આત્મા પરમાત્મસ્વરૂપ છે, સિદ્ધ ભગવાન જેવો છે, પ્રભુત્વ શક્તિવાળો છે. એ આત્મા પોતે સમજે તો થાય એવું છે. જેવા ગુણો સિદ્ધ ભગવાનમાં છે એવા જ ગુણો આત્મામાં છે. સિદ્ધ ભગવાનમાં કેવળજ્ઞાન, કેવળદર્શન, ચારિત્ર આદિ છે. એવા ગુણો શક્તિરૂપે દરેક આત્મામાં છે. એમાં સહજજ્ઞાન-દર્શન-ચારિત્ર, કેવળજ્ઞાન શક્તિરૂપે છે, કેવળદર્શન શક્તિરૂપે, ચારિત્ર શક્તિરૂપે, આનંદ શક્તિરૂપે, બધાય ગુણો શક્તિમાં ભરપૂર ભર્યા છે. એમાંથી એકેય ઓછો થયો નથી.

અનંત કાળ ગયો. અનંતા ભવો થયા, નિગોદમાં ગયો અને ચારેય ગતિમાં ભમ્યો તો આત્મા તોપણ એવો ને એવો સિદ્ધસ્વરૂપ જ છે દ્રવ્યદૃષ્ટિએ તો. પણ એ ઓળખતો નથી. બાહ્ય દૃષ્ટિ છે એટલે આત્માને ઓળખતો નથી. એને ભ્રાંતિ થઈ ગઈ છે. આત્માને ઓળખે તો થાય એવું છે. આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. 'હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે, કોઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી રે.' હું એક શુદ્ધસ્વરૂપી આત્મા છું. ગમે એટલા ભવો કર્યા તોપણ આત્મા એકસ્વરૂપ જ રહ્યો છે. અનેક જાતના વિભાવો થયા તોપણ શુદ્ધતાથી ભરેલો

શુદ્ધાત્મા દ્રવ્યદષ્ટિએ (છે). એ વિભાવો પણ અંદર પેસી ગયા નથી, કોઈ ભવસ્વરૂપ પણ આત્મા થયો નથી, કોઈ અનેક સ્વરૂપ પણ આત્મા થયો નથી. એવો આત્મા શુદ્ધસ્વરૂપી એકસ્વરૂપ આત્મા (છે). એ આત્મા કોઈ વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપે થયો નથી. આત્મા અરૂપી છે. એમાં કોઈ વર્ણ-ગંધ-રસ આદિ નથી. એવો આત્મા અરૂપી આત્મા છે. જ્ઞાન-દર્શનથી ભરપૂર ભરેલો છે અને કોઈ અદ્ભુત વસ્તુ છે. કોઈ અન્ય પરમાણુમાત્ર પણ આત્માનું સ્વરૂપ નથી.

આત્મા પોતાની પ્રતાપ સંપદાથી ભરેલો છે. એનામાં એની પ્રતાપ સંપદા અનંત-અનંત ભરી છે પણ એને ઓળખતો નથી. એને ઓળખે, એના ઉપર દૃષ્ટિ કરે, એનો વિચાર કરે, એની જિજ્ઞાસા કરે, એનું ભેદજ્ઞાન કરે કે આ વિભાવ તે હું નથી, પણ આ જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક તે હું છું. અસાધારણ લક્ષણ એનું જ્ઞાન છે એ જ્ઞાન દ્વારા ઓળખાય એવો છે. પણ અનંત ગુણોથી ભરેલો અચિંત્ય મહિમાવંત, અચિંત્ય વિભૂતિથી ભરેલો આત્મા છે. એનું જ્ઞાન એના લક્ષણ દ્વારા ઓળખાય. આ વિભાવનો સ્વાદ તે આકુળતારૂપ છે અને આત્માનો સ્વાદ શાંતિ આનંદરૂપ છે. એનો સ્વાદભેદ છે, એનું લક્ષણભેદ છે. એનું ભેદજ્ઞાન કરીને ઓળખે.

અનંત કાળ એકત્વબુદ્ધિ થઈ રહી છે. એનો વારંવાર અભ્યાસ કરીને, હું જુદો ચૈતન્ય સિદ્ધ ભગવાન જેવો આત્મા છું (એમ) વારંવાર અભ્યાસ કરે તો ઓળખાય. જે ગુરુએ કીધું, જિનેન્દ્ર દેવ-ગુરુ-શાસ્ત્રમાં જે આવે છે એને પોતે વિચારીને નક્કી કરે. જે વચનો 'ગુરુદેવે' કીધા એ વચનો પ્રમાણ કરીને પોતે વિચાર કરી અંતરમાં નિર્ણય કરે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને અંતરમાં જ્ઞાયકદેવની ભક્તિ, એ જ્ઞાયકની શ્રદ્ધા, જ્ઞાયકનું જ્ઞાન અને વિભાવથી છૂટો પડીને જ્ઞાયકની મહિમા કરે. એ ન થાય ત્યાં સુધી બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર એના નિમિત્તો, એના મહાન નિમિત્તો છે, પ્રબળ નિમિત્તો છે, પણ પોતે પુરુષાર્થ કરે તો થાય.

અંતરમાં પોતે જ્ઞાયકની શ્રદ્ધા કરે, એનું જ્ઞાન કરે, એની મહિમા કરે અને વિભાવથી છૂટો પડી ન્યારો થઈને ઓળખે તો ઓળખાય એવો છે. આ બધું આકુળતા લક્ષણ તે હું નથી, હું તો નિરાકુળ લક્ષણ જ્ઞાયક છું. એમ ભેદજ્ઞાન કરીને અંતરથી છૂટો પડે તો એ ઓળખાય એવો છે. ભેદજ્ઞાન કરે, જ્ઞાતાધારાની ઉગ્રતા કરે, ક્ષણે-ક્ષણે હું જ્ઞાયક છું, આ હું નથી. એમ ન્યારો અંતરમાંથી પડે તો સિદ્ધ ભગવાન જેવી એને સ્વાનુભૂતિ થાય છે અને સિદ્ધ ભગવાન જેવો અંશ એને પ્રગટ થાય છે.

એ સ્વાનુભૂતિની દશા કોઈ અદ્‌ભૂત છે. એ પોતે અંતર ગૃહસ્થાશ્રમમાં હોય તો કરી શકે છે. પછી આગળ જાય ત્યારે મુનિદશા આવે છે. એ 'विकल्पजालच्युत शांतचित्ताः' વિકલ્પ છૂટીને, શાંત ચિત્ત થઈને અમૃતને પીવે એવી અપૂર્વ સ્વાનુભૂતિ થાય છે, પણ એ પોતે પુરુષાર્થ કરે તો થાય. પોતે કરે તો થાય, પોતાને લાગે તો થાય, પોતે લગની લગાડે તો થાય. બહારથી થઈ શકતું નથી, પણ અંતરમાંથી થાય છે. એનું જ્ઞાન, એની પ્રતીત દૃઢ કરે. આ જ્ઞાનસ્વભાવ તે જ હું છું એમ નક્કી કરીને પછી પોતે આગળ જાય અને એનામાં લગની લગાડે, લીનતા કરે, એમાં એકાગ્રતા કરે તો વિભાવથી છૂટો પડી અને કોઈ એને અપૂર્વ આત્માની પ્રાપ્તિ થાય છે. એ સિવાય કોઈ ઉપાય નથી.

એ 'ગુરુદેવે' બતાવ્યું છે. કરવાનું એ છે દરેકે પુરુષાર્થથી. જે મોક્ષ ગયા તે બધા ભેદવિજ્ઞાનથી જ ગયા છે. જે નથી ગયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી ગયા. ભેદવિજ્ઞાન દ્રવ્ય ઉપર દૃષ્ટિ, એનું જ્ઞાન અને લીનતા એ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. પણ હું સિદ્ધ ભગવાન જેવો છું એમ નક્કી કરીને, હું કોઈ અપૂર્વ આત્મા છું એમ જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરીને, પ્રતીત કરીને દૃઢતા કરે તો થાય એવું છે, બીજો કોઈ ઉપાય નથી. અને 'ગુરુદેવે' બતાવ્યું, બધાને કરવાનું એક જ છે. ધ્યેય એક જ આત્મા કેમ ઓળખાય? એની લગની એક જ લાગે તો થાય એવું છે. બીજો કોઈ ઉપાય નથી.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૯ A

પ્રશ્ન :- .. ન હોય તો એ કઈ અપેક્ષાએ?

ઉત્તર :- ઉત્સમાર્ગ અને અપવાદમાર્ગ એટલે ઉત્સર્ગમાર્ગમાં બાહ્ય કોઈ સાધનોની અપેક્ષા નથી રહેતી. મુનિઓ છે એ સ્વરૂપના ધ્યાનમાં રહે. સ્વરૂપના ધ્યાનમાં રહે અને બહારનો કોઈ જાતનો આહારનો, વિહારનો કોઈ જાતની એને અપેક્ષા હોતી નથી. એ ઉત્સર્ગમાર્ગ. જેમ બાહુબલી મુનિરાજ એકદમ ધ્યાનમાં રહેતા હતા. એમને કોઈ ઉપદેશ આપવો કે ક્યાંય વિહાર કરવો એવું કાંઈ હોતું નથી ઉત્સર્ગમાર્ગમાં. એકલું સ્વરૂપના ધ્યાનમાં મુખ્યપણે રહે છે.

અને અપવાદમાર્ગ (એટલે) વચ્ચે મુનિઓ વિહાર કરે, શિષ્યોને ઉપદેશ આપે, એને શિખામણ આપે એવું બધું કરે છે. વચ્ચે આહાર લેવા જાય. ધ્યાનમાં, મુખ્યપણે ધ્યાનમાં રહે છે એ ઉત્સર્ગમાર્ગ છે. બહારના સાધનોની અપેક્ષા બહુ રાખતા નથી. ઓલા બહાર શુભભાવમાં જોડાય છે વચ્ચે તે અપવાદમાર્ગ છે. એ પણ શુદ્ધાત્મામાં તો લીન થાય છે ક્ષણે ક્ષણે, પણ શુભભાવ(માં) વચ્ચે રોકાય છે અને મુખ્યપણે શુદ્ધાત્મામાં રહે છે તે ઉત્સર્ગમાર્ગ. મુખ્યપણે શુદ્ધાત્મામાં રહે. બહારમાં ઓછા જોડાય છે.

એ ઉત્સર્ગ અને અપવાદની મૈત્રી હોય છે કે પરાણે-પરાણે કષ્ટ કર્યા કરે, અપવાસ કર્યા કરે એવું બધું એકાંત નથી હોતું. પોતાની અંદર જે પુરુષાર્થની સ્થિતિ ઉપડે એ પ્રમાણે કર્યા કરે. મુમુક્ષુએ એકદમ એમ પોતાની સ્થિતિ એટલી ન હોય ને પરાણે-પરાણે અપવાસ કરવા કે પરાણે-પરાણે કષ્ટ ક્રિયા કરવી એવું ન હોય. પોતાને સહજ હોય એ પ્રમાણે કરે, જેમાં પોતે હઠ ન કરે, જેમાં આકુળતા ન થાય એવી રીતે કરે. પાછું એમાં બહુ બહારમાં જોડાઈને પોતે શિથિલ થઈ જાય એવું પણ ન કરવાનું હોય અને તેમ બહુ કરવાથી પોતાને આકુળતા થઈ જાય એમ પણ ન કરવાનું હોય. કે થઈ શકતું ન હોય અને પરાણે-પરાણે કરે એમ પણ ન કરવાનું હોય. પોતાની જે સહજ સ્થિતિ હોય એ પ્રમાણે કરે.

કોઈ મુનિ પરાણે-પરાણે અપવાસ કરવા કે પરાણે-પરાણે આતાપ લેવા કે ઠંડીમાં જાવું પરાણે-પરાણે એવું ન કરે. પોતાની જે ભાવના ઉપડે એમ કરે સહજ. આકુળતા થઈ જાય અને હઠ થઈ જાય એવું થઈ જાય એવું ન કરે. તેમ કોઈ શિથિલ આચરણ પણ ન કરે. એવો શિષ્યોનો બહુ પરિચય કરે અને બહુ વિહાર કરે અને એમ શિથિલ આચરણ પણ ન કરે.

બાહુબલી મુનિરાજ ધ્યાનમાં મુખ્યપણે (રહ્યા). કોઈ મુનિરાજ મુખ્યપણે ધ્યાનમાં રહે. કોઈ ઉપદેશ શિક્ષા-દીક્ષા એમ પણ કરે. એટલે એ કાંઈ શિથિલ આચરણ નથી. એને શુભભાવ એવા આવે છે પ્રભાવનાના એટલે જોડાય છે. જ્યારે શુદ્ધાત્માનો પુરુષાર્થ ઉપડે ત્યારે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને તો ઝુલતા જ હોય છે ક્ષણે-ક્ષણે, કોઈ કોઈ મુનિરાજ શુભભાવમાં જોડાય, કોઈ મુખ્યપણે શુદ્ધાત્મામાં રહે છે. શુભભાવને ગૌણ કરે, કોઈ શુભભાવમાં રહે તો અંતરમુહૂર્તે અંતર્મુહૂર્તે શુદ્ધાત્મામાં લીન થાય છે નિર્વિકલ્પદશામાં. થોડીવાર બહાર આવે પછી અંતરમાં જાય. નિર્વિકલ્પદશા(માંથી) વળી બહાર આવે. શાસ્ત્ર શ્રવણ કરે, શાસ્ત્રો લખે, એવું બધું

કરે. શિષ્યોને શિખામણ આપે, ઉપદેશ આપે એવું કરે. પણ તો એ કરતાં કરતાં અંતરમાં જાતા હોય છે. એમાં એકત્વ નથી થઈ જતા, અંતરમાં જતા હોય છે. પરાણે-પરાણે માસખમણ કરી નાખવું પરાણે-પરાણે એમ નહિ. પોતાને જે સહજ થાતું હોય એ પ્રમાણે કરવાનું હોય.

બહારના ત્યાગમાત્રથી એવી રીતે ધર્મ થાતો નથી. પોતાના સહજ શુદ્ધાત્મામાં રહેતા-રહેતા શુભભાવના આવે કે મારે આજે આહાર નથી કરવો, તો એમ સહજ થાતું હોય તો કરે. નહિતર પોતે શુદ્ધાત્મામાં લીન રહે. કોઈ આહારમાં પણ જોડાય, કોઈ વિહારમાં પણ જોડાય.

પ્રશ્ન :- પછી ૧૧મો બોલ છે. ચૈતન્યથી ચૈતન્યનો ભાવ પ્રગટે છે. રાગ-દ્વેષથી પરિણતિ... ૨૧મા બોલની. આપની શાતાથી બોલજો.

ઉત્તર :- ચૈતન્યથી ચૈતન્યની ભાવના. ચૈતન્યની ભાવના હોય એમાંથી ચૈતન્યનો ભાવ પ્રગટે, રાગમાંથી પ્રગટે (નહિ). અંદરની ચૈતન્યની ઊંડી ભાવના હોય કે મારે ચૈતન્ય જ જોઈએ છે. એવી ઉંડાણની ભાવના હોય તો ચૈતન્ય પ્રગટ્યા વગર રહેતો જ નથી.

પ્રશ્ન :- ચૈતન્યમાંથી ઊગેલી ભાવના ફળે જ છે.

ઉત્તર :- ઈ બોલ કહે છે. નહિતર જગતને શૂન્ય થાવું પડે, બ્રહ્માંડને શૂન્ય થવું પડે. પોતાની ભાવના હોય એ પ્રમાણે ન બને. ભાવના હોય એ પ્રમાણે અંદર પરિણમન થાવું જ જોઈએ, ન થાય તો શૂન્યતા આવે, બ્રહ્માંડ શૂન્ય થઈ જાય. પોતાની એક ભાવના ન ફળે, દ્રવ્યમાંથી પ્રગટેલી ભાવના ન ફળે, એ પ્રમાણે પોતાનો જો પર્યાય ન પરિણમે ગુણ પ્રમાણે તો પર્યાય ન પરિણમે તો કોઈ પર્યાય ન પરિણમે. પોતાની ન પરિણમે, કોઈની ન પરિણમે. પરિણમે નહિ તો પરિણમન ભાવ જ ન રહે, તો એનો નાશ થાય. દ્રવ્યનો નાશ થાય, જગતને શૂન્ય થાવું પડે. એની જે ભાવના હોય એ પ્રમાણે પરિણમન થાવું જ જોઈએ, ન થાય તો શૂન્યતા થાય, તો નાશ થાય બ્રહ્માંડનો, તો દ્રવ્યનો નાશ થાય. એક દ્રવ્યનો નાશ થાય તો બધા દ્રવ્યનો નાશ થાય. માટે અંદરથી ઉગેલી ભાવના એ રીતે પરિણમન પ્રગટ થાવું જ જોઈએ.

અંતરમાંથી જે પરિણતિ, જે દ્રવ્યની અંદર પરિણતિમાં જે રુચિ જાગે છે એ રુચિ પ્રમાણે જો અંદર પોતે પ્રયત્ન થાય જ. પ્રયત્ન થાય અને અંદરમાં જાય જ. એવી પરિણતિ થાય જ. જો ન થાય એની. ઊંડી ભાવના હોય અને જો ન થાય, એ

પર્યાય ન પરિણમે તો દ્રવ્ય કૂટસ્થ થાય. તો એ દ્રવ્યની પર્યાય જ ન રહે, પરિણમન જ ન રહે. પરિણમન વગરનું દ્રવ્ય ન હોય. દ્રવ્ય ન હોય તો દ્રવ્યનો નાશ થાય. દરેક દ્રવ્યનો નાશ થાય. બ્રહ્માંડ શૂન્ય થાય. એક દ્રવ્યનો નાશ થાય તો દરેક દ્રવ્યનો નાશ થાય. પણ એ ભાવના અંતરની ચૈતન્યમાંથી ઊગેલી હોવી જોઈએ.

કેટલાક કહે છે કે, મારી આ ઈચ્છા (છે), રાગમાં આ જોઈએ છે, બહારનું જોઈએ છે, પુણ્યનું જોઈએ છે—એવી ઈચ્છા કરે, એવી ભાવના ન ફળે. અંતરની જે ચૈતન્યની ભાવના હોય, અંદરની ઊંડી ભાવના હોય એ ફળ્યા વગર રહેતી નથી. જે શુભભાવ હોય એ રીતે પુણ્ય બંધાય, એનું ફળ આવે. પણ શુભભાવમાં ઈચ્છે કરે કે મારે દેવલોક જોઈએ છે, મારે અનુકૂળતા જોઈએ છીએ ને મારે સામગ્રી (જોઈએ છે)—એવી ભાવના (હોય તો) ઈ ભાવના (સાથે) કુદરત જોડાયેલી નથી. અંતરમાં જે ભાવના ઊગે એ ભાવના સાથે કુદરત જોડાયેલી છે. પોતાનું પરિણમન એની સાથે જોડાયેલું જ છે. ઓલો તો શુભભાવ આવે એ પ્રમાણે પુણ્ય બંધાય. પુણ્ય બંધાય ને ફળે એ કુદરત એવી રીતે બંધાય, પણ એ ખોટી ઈચ્છા કરે તો એવી ભાવના નહિ, અંતરની ભાવના.

ચૈતન્યમાંથી ઊગેલી ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે. અંતરની ભાવના હોવી જોઈએ. કોઈ આશાવાળી કે કોઈ તૃષ્ણાવાળી એવી ભાવના, કોઈ અપેક્ષાવાળી એ ભાવના નહિ. એટલી નિરપેક્ષ ભાવના પોતાની હોવી જોઈએ. કોઈ અપેક્ષા વગરની અંતરમાંથી આવેલી ભાવના (હોય) તો એ પ્રમાણે દ્રવ્યની પરિણતિ થાય જ દ્રવ્યની. અંતર એટલી અંદર પોતાની તાલાવેલી હોય, અંતર એનું ઝંખતુ હોય કે મારે આત્મા વગર રહી શકાય એમ જ નથી. આત્માની આ પરિણતિ વગર રહી શકું એમ જ નથી. આ પરિણતિ કેમ પ્રગટ થાય? અંતરમાંથી કોઈ અપૂર્વ શાંતિ કેમ પ્રગટ થાય? આકુળતામાં અનંત કાળ કાઢ્યો. એમાં રહી શકાય એમ જ નથી. અંતરમાંથી કેમ કોઈ અપૂર્વ શાંતિ કેમ પ્રગટ થાય? કોઈ અપૂર્વ કેમ થાય? એટલે હું રહી શકું એમ જ નથી. એ પ્રગટ્યા વગર રહે જ નહિ. એવી ભાવના હોય અને ચૈતન્યની પરિણતિ ન પરિણમે તો શૂન્યતા આવે. તો પરિણમન દ્રવ્યમાં એ રીતે ન થાય તો પરિણમન વગર દ્રવ્યનો નાશ થાય. તો એક દ્રવ્ય નાશ થાય એ રીતે એકની ભાવના ન થાય તો કોઈની ન થાય. દ્રવ્યનો નાશ થાય તો બ્રહ્માંડ શૂન્ય થાય.

એ પોતાની ભાવનામાં પોતે જ આત્મા વગર રહી શકતો નથી. એની ભાવના જ પોતે આત્મા વગર રહી શકતી નથી, તો આત્માને અંદરથી પ્રગટ થાવું જ પડે,

એવી પરિણતિને પ્રગટ થાવું જ પડે, ન થાય તો એ સ્વભાવનો નાશ થાય, દ્રવ્યનો નાશ થાય. એકની ભાવના પૂરી ન થાય તો એવો વસ્તુનો જો સ્વભાવ હોય તો દરેક દ્રવ્યનો એવી રીતે નાશ થાય. વસ્તુ સ્વભાવ એવો નથી. ભાવના જે હોય તે પરિણતિ પ્રગટ થયા વગર રહેતી નથી. એવી રીતે કુદરત એની સાથે બંધાયેલી જ છે. ઘણા કહે કે ભાવના છે પણ થાતું નથી. એ કચાશ હોય માટે નથી થાતું કાં એને કાળ હોય છે. એનો કાળ લાગે. અમુક એના પુરુષાર્થની મંદતા છે માટે નથી થાતું.

પ્રશ્ન :- એ તો અનુભવ કર્યો. શુદ્ધ માર્ગની પ્રાપ્તિ માટે પ્રભુ પાસે બહુ રડી રડીને માગ્યું તો સત્ય માર્ગ સમજવા માટેનો ચાન્સ મળ્યો અને આપની પાસે આવવાનું થયું. સ્વરૂપસ્થિત આત્માના દર્શન થયા.

ઉત્તર :- રડી રડીને એટલે?

પ્રશ્ન :- પ્રભુ પાસે પ્રાર્થના કરતા હતા કે કાંઈક આત્મા માટે માર્ગદર્શન જોઈએ છે. એવા પુરુષ પાસે મોકલાવો. બહુ આનંદ આવ્યો. આપની ... કૃપાથી. તકલીફ આપી તે ક્ષમા કરજો. નાજુક તબિયત છે.

ઉત્તર :- કાંઈ વાંધો નહિ. આટલું થોડું-થોડું બોલાય છે થાક ખાતા ખાતા. એ તમે ત્યાંથી આવ્યા એટલે વળી .. નહિતર આવી રીતે ચર્ચા પ્રશ્ન હમણાં થતા નહોતા. થોડું થોડું બોલતી હતી.

પ્રશ્ન :- આવતી કાલે જવાનો વિચાર છે.

ઉત્તર :- કાલે સવારે જાવું છે?

પ્રશ્ન :- કાલે સવારે.

ઉત્તર :- પાલીતાણા જવાના છો?

પ્રશ્ન :- હા, પાલીતાણા.

ઉત્તર :- આ ગુણશ્રી ને એ તો બધા અમારા પરિચયમાં અહીં બહુ જ આવી ગયેલા.

પ્રશ્ન :- ત્યારે મારો જન્મ પણ નહિ.

ઉત્તર :- જન્મ પણ નહિ.

પ્રશ્ન :- વર્ષો પહેલાના.

ઉત્તર :- એમની સાથે એક રતનબહેન હતા કેટલા વર્ષો પહેલા. એ પણ આવતા હતા. ગુણશ્રી તો પોતે બહુ ભદ્રિક ને એવા હતા.

પ્રશ્ન :- અહીં ઘણા વર્ષ રહ્યા.

ઉત્તર :- હા, અહીં ઘણા વર્ષો રહ્યા.

પ્રશ્ન :- ઘણા વર્ષો થઈ ગયા રતનબહેનને.

ઉત્તર :- હા, એને તો ઘણા વર્ષો થઈ ગયા.

ઉત્સર્ગ-અપવાદની મૈત્રી હોય છે. ઉત્સર્ગની અપેક્ષાએ ઉત્સર્ગ, અપવાદની અપેક્ષાએ.. એ બેય સાથે મૈત્રી રાખે છે. એવો પ્રસંગ લાગે કે આમાં ઝાઝું નથી રહેવાતું તો અપવાદમાં જોડાય છે. અપવાદમાં ઝાઝો કાળ રહે તો ઉત્સર્ગમાં જોડાય છે. પણ શુદ્ધાત્માને ભૂલતો નથી. શુદ્ધાત્મા તો ક્ષણે ક્ષણે નિર્વિકલ્પદશામાં પોતે જાય છે, પણ શુભભાવમાં અને શુદ્ધભાવ એની મૈત્રી હોય છે.

ભગવાને કીધેલો માર્ગ.. બ્રહ્માંડને શૂન્ય થાવું પડે એટલે દ્રવ્યની પરિણતિ જ ન રહે તો બ્રહ્માંડને શૂન્ય થાવું પડે. પરિણતિ ન રહે તો દ્રવ્ય જ ન રહે. એટલે અંદર પોતાની જો ઊંડી ભાવના હોય તો ફળ્યા વગર રહેતી જ નથી. એવી અપેક્ષામાં એ લખાયેલું છે.

પ્રશ્ન :- અનંત તીર્થંકરોએ કહેલી આ વાત છે, એનો ખુલાસો ન આવ્યો.

ઉત્તર :- એ દ્રવ્યના પરિણમનની અપેક્ષાએ. તે દી એ બોલતા બોલતા એ બોલાયું છે. જો પરિણમનનો નાશ થાય તો દ્રવ્યનો નાશ થાય. એટલે એ તત્ત્વની અપેક્ષાએ એમ કે પરિણમન હોય એ પ્રમાણે દ્રવ્યને એ રીતે પરિણતિ થાવી જ પડે. એ રીતે દ્રવ્ય ન પરિણમે તો બ્રહ્માંડનો નાશ થાય. ભગવાને આમ કીધું છે. જેવી પોતાની ભાવના હોય એવી પરિણતિ થયા વગર રહે જ નહિ દ્રવ્યની. દ્રવ્ય પરિણતિ વગરનું હોય જ નહિ. દ્રવ્ય હોય એમાં પરિણતિ હોય જ, એ ભગવાને કીધેલો માર્ગ છે એમ કહેવું છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયથી આ બ્રહ્માંડ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ભગવાને કીધું છે. દ્રવ્યની પરિણતિ પોતાની ભાવના પ્રમાણે જો ન પરિણમે તો બ્રહ્માંડનો નાશ થાય એમ ભગવાને કીધું છે. પરિણમન વગરનું દ્રવ્ય હોતું જ નથી. માટે દ્રવ્યમાં પરિણતિ ન હોય તો દ્રવ્ય પરિણતિ વગરનું નાશ થાય. આવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ભગવાને કીધેલું છે.

પોતે જ અંદર રહી શકતો નથી એવી ઊંડી ભાવના છે એટલે. જ્યાં સુધી મને અપૂર્વ શાંતિ પ્રગટ ન થાય ત્યાં સુધી હું રહી શકું નહિ. હું રહી શકું નહિ એવી ભાવના (છે) તો પરિણતિને પ્રગટ થાવું જ પડે, ન થાય તો નાશ થાય, પણ પરિણતિ વગરનું દ્રવ્ય હોતું જ નથી. એકની ભાવના ન થાય, બીજાની ભાવના ન

થાય. કારણ કે એ તો સ્વભાવ થઈ ગયો કે ભાવના ફળે જ નહિ એવો એ સ્વભાવ થઈ ગયો. તો દરેક દ્રવ્યનો એ સ્વભાવ થઈ ગયો. તો બ્રહ્માંડને શૂન્ય થાવું પડે. ભગવાનનો કીધેલો માર્ગ છે. ભગવાને આ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કીધેલું છે.

શિયાળાનો દિવસ હતો તોપણ તમને ટાઈમ મળી ગયો આટલો. માણસ બહુ વધી જાય છે ને એટલે પછી..

પ્રશ્ન :- આપની કૃપા. બહુ આનંદ થયો, તકલીફ પડી હોય તો માફ કરજો. ...

ઉત્તર :- કાંઈ વાંધો નહિ. એમાં માફ...

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

આ બોલનો 'ગુરુદેવે' વિસ્તાર બહુ કર્યો હતો.

પ્રશ્ન :- આપે મુદ્દાની વાત તો બહુ સરસ રીતે ઉપસાવી આજે.

ઉત્તર :- જ્યારે કહેવું હતું ને ત્યારે આવી અપેક્ષાથી કીધું હતું.

પ્રશ્ન :- ચૈતન્યમાંથી ઉગેલી ભાવના એ નિષ્ફળ નથી જતી.

ઉત્તર :- ફળે જ, ફળ્યા વગર રહે જ નહિ.

પ્રશ્ન :- એ જે આપનું જોર છે.. એ સિવાય આવા શબ્દો નીકળે નહિ આટલા વજનદાર. ચૌદ બ્રહ્માંડને ફરવું પડઈ, દ્રવ્યની શૂન્યતા થઈ જાય ઈત્યાદિ શબ્દો ન નીકળે. જેની પાછળ આટલું જોર ન હોય તો. ફળે જ. જે આપ કહો છો ને એમ ફળે જ.

ઉત્તર :- ફળે જ. ફળ્યા વગર રહે જ નહિ.

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-૨૯ B

પ્રશ્ન :- ધ્યાન એટલે આત્માનું. અંદર જવાનો પ્રયત્ન કરીએ છીએ. બધું આમ એટલે કોઈ જાતનું... નિર્વિકલ્પ હોય એમ કરીએ અને જાણે આમ લાગે છે એટલે એમ થાય છે કે દર્શન થવાના છે, થવાના છે. અને એકદમ કાંઈક થઈ જાય છે એ શું છે? એ આપણા પૂર્વ ભવના કર્મ નડે છે? કે શું છે?

ઉત્તર :- એ કર્મ નથી. અંદર ભાવ પોતાને હોય કે હું ધ્યાન કરું, વિકલ્પને ઓછા કરવા માગે. પણ અંદર વિકલ્પ વાસ્તવિક રીતે ઓછા થતા નથી અંદર ધીમા પડી જાય છે. ધીમા પડી જાય છે, કાંઈ છૂટતા તો નથી. ધીમા પડી જાય છે. પછી

પોતાને જ્યાં પહોંચવું હોય ત્યાં પહોંચાતું નથી એટલે એમ જાણે કાંઈક શું થયું. એ ખરું વાસ્તવિક અંદર થાતું નથી કાંઈ. વિકલ્પ મોળા પડી જાય અને ધીમા પડી જાય એટલે જાણે કાંઈક શાંતિ જેવું લાગે. બીજું કાંઈ અંદરથી સ્વભાવ પ્રગટે એ તો જુદું છે.

પ્રશ્ન :- એ ભાવ એમ લાગે આપણને આમ લાગે કે આપણે કરવું છે, હું સ્વયંબુદ્ધ છું, મને અંદર જવું છે. પણ કાંઈ જ ખબર નથી પડતી.

ઉત્તર :- એ છેને અંદર પોતાની ભાવના હોય એટલે વિચાર કરે છે કે હું સ્વયંબુદ્ધ છું, આ છું, પણ અંદર વાસ્તવિક ગ્રહણ થયું ન હોયને. પોતાના ભાવ હોય. ગ્રહણ ન થયું હોયને એટલે એ વાસ્તવિક અંદર થાતું નથી. અંદર પોતાની ભાવનાથી પોતે પ્રયત્ન કરે અને એવું રટણ કરે એટલે એવું લાગે પોતાને. એનું રટણ કર્યા કરેને અંદર એકાગ્રતાથી એટલે એમ થાય કે જાણે મને શું થઈ ગયું? જાણે સ્વયંબુદ્ધ કે વિકલ્પ ઓછા થઈ ગયા એવું લાગે, પણ એ રટણ કરતો હોય છે.

ખરું તો અંદર જ્ઞાયક સ્વભાવને ઓળખે કે આ રહ્યો હું જ્ઞાયક. આ શરીર, આ વિકલ્પ બધા મારાથી જુદા. હજી વિકલ્પ છૂટતા ન હોય. એ મારાથી જુદા છે. વિકલ્પ ને હું મારો આત્મા—બે જુદા છે. હું આત્મા જાણનારો જ્ઞાયક છું. મારામાં શાંતિ (છે). આ બધું મારાથી જુદું છે. હજી એનું ભેદજ્ઞાન થાય. હજી એને છૂટે નહિ. એનો રસ મોળો પડે. એનાથી જુદો કે જે આ વિકલ્પ આવે, આ હું નથી, આ મારું સ્વરૂપ નથી. એનાથી છૂટો પડે. પણ એ છૂટવું તો એને એકદમ અભ્યાસ ભેદજ્ઞાનનો તીવ્ર થાય તો છૂટે. તીવ્ર અંદર એકાગ્રતા વગર એ છૂટે નહિ. ભલે હજી એને ધીરે ધીરે પૂછવું હોય તો વાંધો નથી.

અંદરથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનો છે, લગની લગાડવાની છે. એમ પોતાને ભાવ આવે કે હું આ જાણનારો સ્વયંબુદ્ધ આવો છું. એમાં એકાગ્ર થાય પણ એ વાસ્તવિક ન થયું હોય. પોતાની ભાવનાને લઈને, એકાગ્રતાને લઈને એવું લાગે. કર્મનો ઉદય આવે એવું નહિ પણ એ કર્મ જોડાયેલો જ છે ને. જોડાયેલો છે. મંદ થઈ ગયો હોય, એમાંથી પાછા વિકલ્પ આવે. વળી આવે વિકલ્પ. પણ વિકલ્પ છૂટવા મુશ્કેલ છે, એનો રસ ઓછો થાય. મારાથી જુદા છે. હું મારું સ્વરૂપ નથી. પહેલા એનું ભેદજ્ઞાન કરે તો એનો રસ મોળો પડે.

પ્રશ્ન :- સૌથી પહેલા કેવી રીતે કરવું?

ઉત્તર :- આત્માનો નિર્ણય કરવો પહેલા વિચાર કરીને. આત્મા શું છે? દ્રવ્ય શું

છે? ગુણ શું? એની પર્યાયો શું? એ બધો વિચાર કરીને નક્કી કરે કે હું તો જાણનારો જ્ઞાયક આત્મા છું. એમ નક્કી કરે, પ્રતીત કરે, નિર્ણય કરે. વિભાવનો રસ ઓછો થાય કે ખરો સારભૂત તો આત્મા જ છે. આ વિકલ્પોમાં કાંઈ સાર નથી. આ શરીર તો જડ છે. મારો આત્મા મહિમાવંત છે. બહાર ક્યાંય મહિમા નથી. એનો રસ ઊડી જાય. બહારમાંથી રસ ઊડી જાય. અંતર ચૈતન્યનો રસ લાગે. એટલે વિરક્તિ આવે અંતરમાંથી. બહારથી બધું છૂટી જાય એમ નહિ. અંદરથી રસ ઓછો થાય. આત્માને ઓળખવાનો પ્રયત્ન કરે, આત્માની મહિમા આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવે, આત્માની મહિમા આવે. જેવો ભગવાનનો આત્મા, ગુરુનો આત્મા એવો મારો આત્મા છે—એમ મહિમા આવે અને આત્માને ઓળખે અંદરથી. લગની લાગે.

હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? અનાદિથી આ શું થઈ રહ્યું છે? આ વિકલ્પ શું છે? હું આત્મા કોણ છું? એમ નક્કી કરે. શાસ્ત્રોમાં આવે છે બધું. 'ગુરુદેવે' કીધું છે કે આત્મા જુદો છે એનું ભેદજ્ઞાન કર. એને ઓળખવાનો પ્રયત્ન કરે, નિર્ણય કરવાનો પ્રયત્ન કરે.

પ્રશ્ન :- આ ઉપર ઉપર અભ્યાસ થાય છે, અંદર જ નથી પ્રવેશ થાતો.

ઉત્તર :- ઉપર થાય છે પણ અંદર ઊંડા ઉતરવાની જરૂર છે. પણ એ ન થાય ત્યાં સુધી તો એ શાસ્ત્ર સ્વાધ્યાય, વિચાર-વાંચન એ બધું કરવાનું રહે છે. પણ અંદર દૃષ્ટિ રાખવી કે હજી કરવાનું અંતરમાં રહી જાય છે. અંતરમાં હજી અંતરનો નિર્ણય કરવાનો હજી રહી જાય છે. એમ ખ્યાલ રાખીને એનો પ્રયત્ન કરે, એનો અભ્યાસ કરે ભેદજ્ઞાનનો કે હું આ જ્ઞાયક છું, આ હું નથી. હું તો જાણનારો શાંતિસ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા છું, આ મારું સ્વરૂપ નથી. આ વિકલ્પ મારું સ્વરૂપ નથી. એનો અભ્યાસ કરે. વારંવાર એનો નિર્ણય કરે, એનો અભ્યાસ કરે.

પ્રશ્ન :- પહેલા વિકલ્પથી અભ્યાસ કરેને?

ઉત્તર :- અભ્યાસ તો વિકલ્પ સાથે આવ્યા વગર રહેતો નથી. વિકલ્પ કેમ તૂટતા નથી પણ નિર્ણય કરે. આ વિકલ્પ મારું સ્વરૂપ નથી, હું તો જુદો છું. એમ શ્રદ્ધા કરે.

પ્રશ્ન :- એવું જ્ઞાન કરે પહેલા.

ઉત્તર :- એવું જ્ઞાન કરે, એની શ્રદ્ધા કરે. વિકલ્પ મારું સ્વરૂપ નથી. પણ વિકલ્પ તો સાથે સાથે આવ્યા જ કરે. વિકલ્પને ગૌણ સમજે, આ વિકલ્પ મારું સ્વરૂપ નથી. વિકલ્પ તો જ્યાં સુધી અંદર નિર્વિકલ્પદશા ન થાય ત્યાં સુધી વિકલ્પ

આવ્યા કરે.

વિકલ્પનું ભેદજ્ઞાન થાય પહેલા. આ મારું સ્વરૂપ નથી, હું જુદો છું. આ મારું સ્વરૂપ નથી, હું જુદો છું. વિકલ્પ દ્વારા એમને એમ થાય. વિકલ્પ તો સાથે આવ્યા જ કરે. વિકલ્પ સાથે આવે અને અભ્યાસ કરે. વિકલ્પ તો સાથે એમને એમ જ્યાં સુધી અંદરમાં ઠર્યો નથી, શ્રદ્ધા સાચી થઈ નથી, લીનતા થઈ નથી ત્યાં સુધી વિકલ્પ આવ્યા કરે છે. નિર્વિકલ્પદશા થાય ત્યારે વિકલ્પ છૂટે છે. પછી પણ સમ્યગ્દર્શન પછી અલ્પ અસ્થિરતા રહે છે. મુનિદશા (આવે), પણ એની ભેદજ્ઞાનની ધારા ચાલે છે પછી. સહજધારા ચાલે, જ્ઞાતાની ધારા ચાલે અંદર. એ ધારામાં એને નિર્વિકલ્પદશા સહેજે થાય છે. સહેજે નિર્વિકલ્પદશા થાય. એની ભૂમિકા પ્રમાણે સહેજે નિર્વિકલ્પ દશા એને થયા કરે છે. મુનિઓને જલ્દી થાય છે. એમને ક્ષણે ક્ષણે થઈ જાય છે. અંતર્મુહૂર્તમાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા મુનિ ઘડીકમાં અંતર, ઘડીકમાં બહાર, બહાર-અંતર એમ ઝુલ્યા કરે. ગૃહસ્થાશ્રમમાં અમુક કાળે જ થાય. એની ભૂમિકા પ્રમાણે થાય. જલ્દી-જલ્દી પણ થાય, પણ મુનિની જેમ ન થાય. થાય એને જલ્દી પણ થાય. પણ એની જ્ઞાતાની ધારા ચાલે. પહેલા તો એને વિકલ્પથી જ નિર્ણય કરવાનો રહે છે.

પ્રશ્ન :- પછી દઢ શ્રદ્ધા ફરી જાય?

ઉત્તર :- હા. શ્રદ્ધા દઢ. બધું દઢ. જ્ઞાનમાં શ્રદ્ધા બધી રીતે શ્રદ્ધા કરે. વિચારીને શ્રદ્ધા કરે, એમ ઓઘે ઓઘે નહિ. વિચારપૂર્વક શ્રદ્ધા કરે. વિકલ્પ તો સાથે આવ્યા વગર રહેતો નથી. વિકલ્પમાં મૂંઝવણ કરતા હું શ્રદ્ધા સાચી કરું અને આ સ્વરૂપ મારું નથી. વિકલ્પ મારું સ્વરૂપ નથી. હું જાણનારો છું. એવી એની શ્રદ્ધા દઢ કરે. પછી વિકલ્પ તૂટતા વાર લાગે પણ હું એનાથી જુદો. આ મારું સ્વરૂપ નથી. હું ચૈતન્ય છું. એવી શ્રદ્ધા દઢ કરે, એનો અભ્યાસ કરે. એ ન થાય ત્યાં સુધી એની એ શ્રદ્ધા વારંવાર કર્યા કરે. પછી એમાં ન રહેવાય તો શાસ્ત્ર સ્વાધ્યાય કરે, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા કરે. એમ કાયમ ન રહી શકાય. પણ પ્રયત્ન સાચી શ્રદ્ધા કરવાનો કરે. વિચારી-વિચારીને શ્રદ્ધા કરે.

પ્રશ્ન :- બહારમાં ગમતું નથી અને અંદરમાં જવાતું નથી.

ઉત્તર :- જિજ્ઞાસાની ભૂમિકામાં એમ થાય છે. બહાર ગમે નહિ. કાંઈ અંતરમાં આત્મા હાથમાં આવે તો શાંતિ થાય. આત્માને ઓળખવાનો નિર્ણય કરે. આત્માને અંતરમાં એના લક્ષણથી ઓળખવાનો પ્રયત્ન કરે. જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી

એને એમને એમ થયા જ કરે. ગમે નહિ, દુઃખ થાય, પણ એ કર્યે જ છૂટકો છે. ભવનો અભાવ તો જ થાય છે.

પ્રશ્ન :- એ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.

ઉત્તર :- બીજો ઉપાય નથી. માટે વારંવાર પ્રયત્ન કરે. પ્રયત્ન ઢીલો પડે તો ફરી ફરીને કરે. કરવાનું એ જ છે, બીજું નથી. અનાદિનો અભ્યાસ છે (એટલે) બહાર દોડ્યો જાય તો વળી વળીને પોતે વારંવાર યથાર્થ વિચારોમાં, નિર્ણય કરવામાં બધે રોક્યા કરે, પરિણામને ફેરવ્યા કરે. એ કર્યા વગર છૂટકો નથી.

અનંતા જ્ઞાની થયા એ આ માર્ગે જ થયા છે—ભેદજ્ઞાનથી. भेदविज्ञानतः सिद्धाः सिद्ध ये किल केचन. જે મોક્ષે ગયા તે ભેદવિજ્ઞાનથી ગયા છે, નથી ગયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી ગયા. દ્રવ્યદૃષ્ટિ કરી અને ભેદવિજ્ઞાન કરે, અંતરથી સહજ. હું ચૈતન્ય છું એવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને આ સ્વરૂપ વિભાવ તે મારું સ્વરૂપ નથી. એનું ભેદવિજ્ઞાન કરે, હું આ ચૈતન્ય છું, આ હું નથી. એવી શ્રદ્ધા દૃઢ કરે, એવી દૃષ્ટિ દૃઢ કરે. એમાં લીનતાનો પ્રયત્ન કરે.

પ્રશ્ન :- એને ધ્રુવ લક્ષ એના પાસે હોવું જોઈએ કે મને એ સાધવું છે અને એના માટે જ મારો પ્રયત્ન છે.

ઉત્તર :- એ ધ્રુવ કેવું છે? ધ્રુવ નિત્ય છે, ધ્રુવ જ્ઞાયકતાવાળો છે, ધ્રુવ ખાલી નથી. ધ્રુવ કેવું ધ્રુવ છે? અનંત ગુણોથી ભરપુર ધ્રુવ છે. એ ધ્રુવમાં અનંત શક્તિઓ પડેલી છે. એવું ધ્રુવ છે. ખાલી શૂન્ય ધ્રુવ નથી, પણ એ ધ્રુવ અનંત શક્તિઓથી રસબસતુ ધ્રુવ છે. અનંત ગુણોથી ભરેલું ધ્રુવ છે. જ્ઞાયકતાવાળું ધ્રુવ છે.

કાલે અને પરમદિવસે જાવું છે? તમારે ત્યાં 'નાઈરોબી'માં તો સારુ બધું વાંચન ને બધું થયા કરે છે.

પ્રશ્ન :- ધર્માત્માનો સત્સમાગમ ક્યાં મળે ત્યાં? આપના દર્શનથી અમને ખુબ આનંદ આવે છે. ખુબ ઉલ્લાસ આવી જાય છે અંદરથી.

ઉત્તર :- 'ગુરુદેવ' સાક્ષાત્ વાણી વરસાવી ગયા છે. બધાએ સાક્ષાત્ વાણી સાંભળી છે.

પ્રશ્ન :- અહો..! 'ગુરુદેવ'નો તો મહાન-મહાન ઉપકાર. કાંઈક કહો છોકરાવને અમને સમજાય એવું.

ઉત્તર :- આ બધું સમજાય એવું (જ છેઃ. આત્માનું જ કરવા જેવું છે. આ બધો સંસાર તો અનાદિનો ચાલે છે. એક ભવ પછી બીજો ભવ ચાલ્યા જ કરે છે.

એમાં જે ભવમાં, મનુષ્યભવમાં આત્માનું કાંઈક થાય તો એ લેખે છે, સફળ છે. આ ભવમાં એવું કરે કે અંતરમાં પછી ભવનો અભાવ થઈ જાય. પછી ભવ જ કરવો ન પડે એને. એવું જીવનમાં કરવા જેવું છે.

અંદર આત્મા કોણ છે? શરીર જુદું, આત્મા જુદો છે. આ બધી અંદર આકુળતા થાય એ આત્માનું સ્વરૂપ નથી. આત્મા સિદ્ધ ભગવાન જેવો છે. કાંઈક ભાવના સારી કરે તો કાંઈક સમજાય અંદર બધું, સમજે અંદર. મનુષ્યભવમાં કાંઈક આત્માનું કરે તો સફળ છે. બાકી મનુષ્યભવ એમને એમ લૌકિક કાર્યોમાં ચાલ્યો જાય તો એની કિંમત નથી. એમાં કાંઈક સફળતા થાય તો કિંમત છે. સાચા ગુરુને ઓળખે કે શું ગુરુ કહી રહ્યા છે, એનો આશય ઓળખે, ગુરુની મહિમા આવે. આત્મા શું છે, આત્માની મહિમા આવે તો કાંઈક લેખે છે. બાકી તો લૌકિક બધું ચાલ્યા જ કરે છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–૨૯ C

ઉત્તર :- .. અભ્યાસ ઔર રુચિ વહાં લગાના તો હોતા હૈ. અપની રુચિસે પુરુષાર્થ હોતા હૈ.

પ્રશ્ન :- પુરુષાર્થ અનંત માનતે હૈં. પુરુષાર્થ અનંત હો તબ મિલે દર્શન. અનંત પુરુષાર્થ હોય તો દર્શન મળે એવું છે.

ઉત્તર :- પુરુષાર્થ ભી અનંત હોતા હૈ.

પ્રશ્ન :- 'ગુરુદેવ'કી ટેપમેં રોજ સુનતે હૈં, અનંત અનંત પુરુષાર્થ કી .. તબ તેરેકો આત્માકા દર્શન હોગા.

ઉત્તર :- પુરુષાર્થ અપનેકો કરના પડતા હૈ. અપનેકો કરના પડતા હૈ. 'ભીલવાડા'થી આવ્યા છે. પહેલા 'ગુરુદેવ' હતા ત્યારે આવ્યા હતા બધા.

પ્રશ્ન :- પહલે ટેપ સુનનેકી રોજ આદત હો ગઈ. એક પ્રવચન રોજ સુનતી હૂં તબ ચૈન પડતા હૈ. એક પ્રવચન ... ટેપ રખતી હૂં.

ઉત્તર :- 'ગુરુદેવ' કી ટેપ.

પ્રશ્ન :- ઔર કોઈ સ્વાધ્યાયમેં મન નહિ લગતા. ટેપ હી સુનના હૈ, બસ!

ગુરુકી વાણી સુનની હૈ, બસ! વહી લગતા હૈ. ઔર કોઈ સ્વાધ્યાય કરનેમેં મન નહિ લગતા. પહલે તો મૈં સુબહ-શામ સ્વાધ્યાય કરતી થી, પર અબ ટેપ લગાકર સૂનો, 'ગુરુદેવ' કી વાણી સુનું બસ. ઔર કુછ નહિ.

પ્રશ્ન :- માંદગી વખતે ...

ઉત્તર :- શું?

પ્રશ્ન :- એ કહે છે કે જ્યારે માંદગી હતી ત્યારે એમ થાતું કે જલ્દી કરી લઉં અને હવે પાછું મંદ કેમ પડી ગયું?

ઉત્તર :- ફરીને ભાવના ઉપાડવી, ફરી ફરીને. દુઃખના પ્રસંગ આવે ત્યારે ભાવે. વળી મંદ થઈ જાય. વળી ભાવના ઉપાડ્યા કરવી. પ્રસંગ હોય ત્યારે ભાવ આવે, પાછો બેસી જાય. ફરીને ભાવના ઉપાડ્યા કરે વારંવાર. ફરી ફરીને આ જ કરવા જેવું છે.

પ્રશ્ન :- ભેદજ્ઞાનકી થોડી બહોત દો-ચાર શબ્દોમેં.

ઉત્તર :- કીધું તો ખરું ભેદજ્ઞાનકી કલા. કલા તો અપને ભીતરમેં હોતી હૈ. ઐસે નહીં હોતા હૈ. આત્માકા લક્ષણ પહચાને. જ્ઞાનાકા લક્ષણ પહચાને ઔર રાગકા લક્ષણ પહચાને. રાગ આકુલતામય હૈ, મૈં જ્ઞાન લક્ષણ હૂં. જ્ઞાન લક્ષણ ઔર રાગકા લક્ષણ ભિન્ન કરકે ભીતરમેં ઐસી પરિણતિ હોની ચાહિયે. બોલનેસે નહીં હોતા હૈ, ગોખનેસે નહીં હોતા હૈ. ગોખનેકા તો વહ અભ્યાસ ... ભીતરમેં સે હોતા હૈ. ઉસમેં પ્રજ્ઞાછીણી કરકે ભેદજ્ઞાન કરતા હૈ. લક્ષણ પહચાન કરકે ભેદ કરના.

પ્રશ્ન :- ઉત્કૃષ્ટ પાત્રતામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની અર્પણતા અને ઘર-કુટુંબ-પરિવાર કરતા વિશેષ આવે. હવે એ પાત્રતા લઈ આવવા માટે, પાત્રતા માટે પ્રયત્ન કરવાનો છે કે જ્ઞાયક માટે?

ઉત્તર :- પ્રયત્ન તો મુખ્ય જ્ઞાયકનો છે. મુખ્ય તો જ્ઞાયક, પણ એ જ્ઞાયક ઓળખાય કેવી રીતે? પાત્રતા વગર કાંઈ જ્ઞાયક ઓળખાય નહિ. મુખ્ય માર્ગ જ્ઞાયકને ઓળખવો એ. જ્ઞાયકની પ્રતીત કરવી તો એ માર્ગ એમાંથી શરૂ થાય, પણ ઈ જ્ઞાયકને ઓળખવા માટે પાત્રતા જોઈએ પહેલા. પાત્રતા વગર જ્ઞાયક ક્યાંથી ઓળખાય? જ્ઞાયકની મહિમા આવવી જોઈએ, જ્ઞાયકના વિચાર આવવા જોઈએ. જ્ઞાયક કેવો છે એનું લક્ષણ ઓળખવું જોઈએ. એની પાત્રતા એની વિરક્તિ આવવી જોઈએ, બહારની મહિમા છૂટી જવી જોઈએ. આત્માની મહિમા આવે. દેવ-ગુરુ-શાસ્ત્ર જે સમજાવનારા છે, એ સમજાવનારા છે, જેણે પ્રગટ કર્યું છે એની મહિમા

આવવી જોઈએ. એ બધી મહિમા આવે, આત્માની મહિમા આવે. વિભાવનો રસ ઊડી જવો જોઈએ. એ બધી પાત્રતા તો (હોવી જોઈ). પાત્રતા વગર જ્ઞાયક ક્યાંથી ઓળખાય? જ્ઞાયકની રુચિ વગર જ્ઞાયક ક્યાંથી ઓળખાય? આ વિભાવનો રસ ઊડી જવો જોઈએ. આ રાગ-દ્વેષ બધું, સંકલ્પ-વિકલ્પ બધા ઉપરથી રસ ઉતરી જવો જોઈએ, લૌકિકમાંથી રસ ઉતરી જવો જોઈએ. આત્મા અંદર કોઈક જુદો છે. એવી રુચિ થવી જોઈએ. એવી પાત્રતા હોય તો જ્ઞાયક ઓળખાય. પાત્રતા વગર જ્ઞાયક (ઓળખાય નહિ), પણ એકલી પાત્રતા કર્યા કરે અને જ્ઞાયકની રુચિ ન રાખે તો જ્ઞાયક ઓળખાય નહિ. એની રુચિસહિત પાત્રતા હોવી જોઈએ. મારે જ્ઞાયક ઓળખવો છે એવી રુચિ સાથે હોવી જોઈએ. એની સાથે પાત્રતા હોવી જોઈએ. એકલી પાત્રતા કરે અને રુચિ ન હોય જ્ઞાયકની તો એ ઓળખાય નહિ. જ્ઞાયકની રુચિ એની સાથે પાત્રતા હોય તો, એ જ્ઞાયકની રુચિની સાથે પાત્રતા જોઈએ તો જ્ઞાયક ઓળખાય.

પ્રશ્ન :- બેય સાથે જ કામ કરે છે.

ઉત્તર :- બેય સાથે કામ કરે છે. એનું ધ્યેય તો જ્ઞાયક તરફ હોવું જોઈએ. પાત્રતા કેળવે, પણ રુચિ જ્ઞાયક ઉપર હોવી જોઈએ. એકલું જ્ઞાયક-જ્ઞાયક કર્યા કરે લુખ્ખું-લુખ્ખું તો એ જ્ઞાયક કોઈ અપૂર્વ છે એવું અંદર લાગે નહિ. આ વિભાવ આ બધા લૌકિક બધું કાર્ય અને આ વિભાવનો બધો રસ ઉતરી જવો જોઈએ, તીવ્રતા છૂટી જવી જોઈએ અંતરમાંથી. એ થાય નહિ તો એને જ્ઞાયક એટલું લુખ્ખું લુખ્ખું કર્યા કરે તો એ જ્ઞાયક ક્યાંથી ઓળખાય? અને એ ઓળખેલું કાંઈ યથાર્થ ક્યાંથી રહે? છૂટી જાય, રહે નહિ એવું લુખ્ખું. જ્ઞાયકના ધ્યેયસહિત પાત્રતા હોવી જોઈએ.

પ્રશ્ન :- જ્ઞાયકનો મહિમા લઈ આવવા માટે જ્ઞાયકના ગુણોનું એવું...

ઉત્તર :- એનો વિચાર કરે, જ્ઞાયક કેવો છે? આત્મા શું છે? આત્માનું સ્વરૂપ શું છે? આ વિભાવ કાંઈ યથાર્થ નથી, આ તો મહિમાવાળા નથી, આ તો બધા તુચ્છ છે, આ બધા આકુળતાવાળા છે. આ કાંઈ આત્માને સુખ દેનારા નથી એમ લાગવું જોઈએ. જ્ઞાયક આત્મા જે છે એમાં સુખ છે, એમાં જાણવાનું છે અને એ કોઈ અપૂર્વ છે, અનુપમ છે. એવી મહિમા આવવી જોઈએ તો એની રુચિ થાય. એની સાથે આ વિભાવનો રસ ઊડી જવો જોઈએ કે આ બધું તુચ્છ છે, એમાં કાંઈ નથી સુખ, આકુળતા છે એમ થવું જોઈએ.

પાત્રતા અને રુચિ બધું સાથે હોવું જોઈએ. જ્ઞાયક તરફનું ધ્યેય અને એની સાથે

પાત્રતા હોવી જોઈએ. લુખ્ખું-લુખ્ખું કર્યા કરે (કે) જ્ઞાયકમાં કાંઈ નથી, જ્ઞાયકમાં વિભાવ નથી, જ્ઞાયકમાં આમ નથી એમ કર્યા કરે પણ અંદર જ્ઞાયક દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ, પણ આ પર્યાયમાં અશુદ્ધતા થાય છે એનો ખ્યાલ હોવો જોઈએ. પર્યાયમાં અશુદ્ધતા છે એ કેમ ટળે? આત્મા શુદ્ધ છે એ કેમ ઓળખાય? એના ઉપર દૃષ્ટિ જાય તો ઓલું ગૌણ થાય. એમ પાત્રતા તો સાથે હોવી જોઈએ અને જ્ઞાયક ઉપર લક્ષ, રુચિ હોવી જોઈએ.

પ્રશ્ન :- એ અભ્યાસ ક્રમે ક્રમે આગળ વધતો જાય કે એકદમ...

ઉત્તર :- કેટલાકને ક્રમે થાય, કેટલાકને એકસાથે થાય. પાત્રતાનું પણ ધ્યાન રાખે અને જ્ઞાયક તરફનું પણ ધ્યાન રાખે. બેય ધ્યાન રાખે. જ્ઞાયક કેમ ઓળખાય? જ્ઞાયક લક્ષણથી ઓળખાય એવો છે. એનું ભેદજ્ઞાન કેમ કરવું? એને જુદો કેમ પાડવો? એને આ બધા વિભાવના રસ ઉતરી જાય એટલે જ્ઞાયક તરફ લક્ષ સહેજે જાય અને જ્ઞાયક તરફ જેને લક્ષ જાય એને વિભાવનો રસ ઉતરી જાય. બેય સાથે જ છે. બેય સાથે રહે એને. આ બાજુથી એને રસ ઉતરે, ઓલી બાજુ રસ લાગે— જ્ઞાયક તરફ. જ્ઞાયક તરફ જેને રસ લાગે એને વિભાવનો રસ ઉતરી જાય. એવા વધારે પડતા તીવ્ર એને કષાયો બધું એવું ન થાય, એને એમાંથી રસ ઉતરી જાય અને આત્મા તરફનો રસ લાગે. મારે એક આત્માનું પ્રયોજન છે, બીજું કોઈ પ્રયોજન નથી. આત્મા મને કેમ ઓળખાય? એક જ એનું લક્ષ હોવું જોઈએ.

પ્રશ્ન :- એને બાહ્યમાં પણ પ્રત્યક્ષ જ્ઞાની પ્રત્યેની અર્પણતાનો ભાવ પણ હોય ખરો?

ઉત્તર :- અર્પણતાનો પણ ભાવ હોય બહારમાં. જ્ઞાનીએ શું કીધું છે? જ્ઞાનીનો શું આશય છે? જ્ઞાની કહે એ યથાર્થ છે. એણે કીધેલા માર્ગનો વિચાર કરે. એણે શું શું કહ્યું એનો વિચાર કરે, એનો આશય સમજે. એવી અર્પણતા હોવી જોઈએ. મને મારાથી સમજાતું નથી, જ્ઞાનીએ શું કીધું છે? 'ગુરુદેવે' શું કીધું છે? એનો વિચાર કરે. અર્પણતાનો ભાવ પણ સાથે આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવે, ગુરુની મહિમા આવે. 'ગુરુદેવે' કેવી સાધના પ્રગટ કરી? એમની વાણી કેવી હતી? એમનું જ્ઞાન કેવું હતું? એમણે કેવો માર્ગ બતાવ્યો? બધી મહિમા આવે. અર્પણતાનો ભાવ આવે, બધું આવે. શાસ્ત્ર સ્વાધ્યાય આવે, દેવ-ગુરુની અર્પણતા આવે. 'ગુરુદેવે' શું કીધું છે એ બધું જાણવાનો, આશય સમજવાનો બધો વિચાર આવે. એમના શબ્દો ઉપર અર્પણતા આવે. એમનો કહેવાનો આશય કાંઈક જુદો હોવો જોઈએ. એમ વિચાર કરે

તો થાય. ધ્યેય જ્ઞાયકનું હોવું જોઈએ, પણ એની સાથે બધું આ આવે.

પ્રશ્ન :- 'શ્રીમદ્જી'એ કીધું છે, આજ્ઞા પૂજા, ઈ આ જ અર્થમાં?

ઉત્તર :- આજ્ઞા. 'ગુરુદેવે' શું કીધું છે એ પ્રમાણે આશય સમજીને એ રીતે પોતાની પરિણતિ પ્રગટ કરવાનો અભ્યાસ કરે. સીધી આજ્ઞા ન મળે તો એમની વાણીમાં શું આવે છે એ આશય સમજે અને એમની આજ્ઞા પ્રમાણે વર્તન કરવું.

પ્રશ્ન :- વિચારણામાં જ્ઞાન અને વિકલ્પ બેય સાથે કામ કરે છે. હવે અહીંયાં વજન જ્ઞાન ઉપર, જ્ઞાન સ્વભાવિક છે અને વિકાર તો વિભાવિકપણે કામ કરે છે. હવે જ્ઞાનનું વજન સ્વભાવ તરફ જાય એ કઈ રીતે ખ્યાલ આવે?

ઉત્તર :- બેય પરિણતિ સાથે હોય છે. જ્ઞાન અને વિભાવ. વિભાવ કીધુંને? બેય સાથે હોય. એમાં જ્ઞાનને ઓળખી લેવું કે આ જ્ઞાન છે, આ જાણનારો હું છું અને આ વિભાવ છે. આ વિભાવિક પરિણતિ છે. રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ એ બધું જે આવે એ બધી વિભાવિક પરિણતિ છે. એની સાથે સાથે જે જાણનારો છે, માત્ર જાણનારો એમાં વિભાવ નથી. માત્ર જાણનારો છે તે હું છું. આ વિભાવ થાય તે મારું સ્વરૂપ નથી. એ વિભાવિક પરિણતિ એમાં જોડાઈ જવાય એટલે આ વિભાવ થાય છે. પણ આ જે જાણનારો, વિભાવનો જાણનારો છે એ જાણનારો છે તે હું છું. માત્ર જાણનારો છે, સ્વયં જાણનારો (છે). એ જાણનારમાં પાછો અનંત ગુણ છે. લુખ્ખુ જાણનારો નથી, પણ એ અપૂર્વ છે, અનુપમ છે એવો જાણનારો છે. એટલે એને મહિમા અંતરમાંથી આવવી જોઈએ. એની સાથે સાથે જ્ઞાન જાણનારું સાથે સાથે ચાલે છે, વિભાવની સાથે-સાથે. એમાંથી એને જુદું પાડે કે આ જ્ઞાન તે હું અને આ વિભાવ તે હું નથી.

જાણનારમાં જ્ઞાનમાં આખો જ્ઞાયક, આખો જ્ઞાયક જાણનારો આખો જ્ઞાયક તે હું છું. જ્ઞાન સાથે સાથે જે લક્ષણ દેખાય જ્ઞાનનું તે હું અને આ વિભાવ છે—એમ છૂટું પાડે. બેય સાથે જ પરિણતિ ચાલતી હોય છે. એને જુદું પાડે, એનો ભેદ કરવાનો અભ્યાસ કરે, ભેદજ્ઞાન કરવાનો. પ્રજ્ઞાછીણી આવે છેને? પ્રજ્ઞાથી તું ઓળખી લે. આ જ્ઞાન છે, આ વિભાવ છે એને જુદું પાડ.

પ્રશ્ન :- જ્ઞાનલક્ષણથી વલણ સ્વભાવ તરફનું.

ઉત્તર :- હા, વલણ સ્વભાવ તરફ લાવ તું. જ્ઞાનલક્ષણથી એને ઓળખી લે. એનું લક્ષણ એવું અસાધારણ છે કે ઈ જ્ઞાનલક્ષણ એવું છે કે ઓળખાય એવો છે. માટે એને જ્ઞાનલક્ષણથી ઓળખી લે આત્માને. એવો એક ગુણવાળો નથી, અનંત

ગુણથી ભરપુર છે. પણ એ જ્ઞાનલક્ષણ એવું અસધારણ છે કે એનાથી ઓળખાય છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! મંગલમૂર્તિ પૂજ્ય ભગવતી માતનો જય હો! જ્ઞાનામૃતનું પાન કરાવનાર ભગવતી માતનો જય હો!)

પ્રશ્ન :- ૧૧મી ગાથા આવી ગઈ બહેનશ્રી, આજે. ભૂતાર્થની દૃષ્ટિ રાખવાની અને પર્યાયનું યથાર્થ જ્ઞાન. પાત્રતા માટે પર્યાય મૂકી અને દૃષ્ટિ... બહુ સરસ વાત આવી, ઘણી સરસ.

ઉત્તર :- પર્યાયનું જ્ઞાન રાખવું જોઈએ, દૃષ્ટિ જ્ઞાયક ઉપર રાખવી.

પ્રશ્ન :- જ્ઞાયક ઉપર દૃષ્ટિ હોય તો કુદરતી પાત્રતા કેળવાતી જ જાય, ન કેળવાય તો ઓલું લુખ્ખુ થઈ જાય.

ઉત્તર :- તો લુખ્ખુ થઈ જાય. એ વધારે પડતો બહાર જાય નહિ. એની રુચિ જ્ઞાયક તરફ છે ને એટલે. આ તો હજી અભ્યાસ કરે છે. યથાર્થ પરિણતિ તો પછી રહે છે, પણ એ અભ્યાસમાં એને જ્ઞાયક તરફ રુચિ હોય તો ઓલું મંદ પડી જાય, વિભાવનો રસ.

પ્રશ્ન :- સર્વાંગી વાત આવી, બેય...

ઉત્તર :- વિભાવનો રસ જેને ઓછો હોય એને જ્ઞાયક તરફ જો રુચિ હોય તો એ આગળ જાય. એકલો વિભાવનો રસ તો ઘણી વાર પોતે મંદ કર્યો છે, પણ જ્ઞાયકની દૃષ્ટિ નથી કરી. પણ એકલું લુખ્ખું જ્ઞાયક-જ્ઞાયક કર્યા કરે તો એ કાંઈ યથાર્થ નથી.

પ્રશ્ન :- એકાંત અજ્ઞાનનયનું...

ઉત્તર :- એ એકાંત લુખ્ખું થઈ જાય છે.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! જ્ઞાયકની ... બતાવનાર ભગવતી માતનો જય હો! સમ્યક્ત્વ વિભૂષિત પૂજ્ય ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–30 A

ઉત્તર :- શું પૂછવું છે?

પ્રશ્ન :- ભગવતી માત! આપને પ્રશ્ન રજુ કરું છું કે આ 'ગુરુદેવ'ના સમાગમમાં આવ્યા પછી આત્મા તરફની વાતો સાંભળી અને એમના ટેપ પ્રવચનો પણ

સાંભળ્યા. છતાં આત્માને કેમ પામવો અથવા આત્મ સાક્ષાત્કાર કેમ કરવો એ વિષે 'ગુરુદેવે' ઘણો પ્રકાશ પાડ્યો છે, છતાં એનું વિસ્મરણ થતું જાય છે. ઘણી વખત તે થાય. આપના શ્રીમુખેથી તે કેવી રીતે કરવું? કારણ કે આપ અનુભવ કરી ચુકેલા છો અને આપને સાક્ષાત્કાર થયો છે. તો મહેરબાની કરી, કૃપા કરી અને થોડું એ સંભળાવો તો એના વિષે કે હવે ધ્યેય એક જ છે કે આત્માને પામવો અથવા આત્માનું આત્મદર્શન થાય, એ વિષે ખૂબ જ અપેક્ષા રહે છે અને એ આપના શ્રીમુખેથી સાંભળવા માગું છું. કૃપા કરી અને જો થોડું એના વિષે...

ઉત્તર :- હવે છેને તબિયત એવી રહે છે, બહુ જાજું બોલાતું નથી, થોડું બોલાય છે. 'ગુરુદેવે' ઘણું કીધું પણ એનો પોતે વિચારીને આશય સમજવો જોઈએ. 'ગુરુદેવે' કીધું છે એનો આશય સમજવો જોઈએ. આત્માનું સ્વરૂપ સમજવા પ્રયત્ન કરવો. 'ગુરુદેવે' તો ઘણું કીધું છે. આત્માનું દ્રવ્ય-ગુણ-પર્યાય આત્માના શું છે, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આત્મા આનંદસ્વરૂપ છે, આત્મા અનંતગુણથી ભરપુર છે, એમાં પર્યાયની પરિણતિ થાય છે. દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધ છે, પર્યાયમાં અશુદ્ધતા છે. બધી અપેક્ષાઓ સમજીને યથાર્થ વસ્તુના સ્વરૂપનો નિર્ણય કરીને, એનો નિર્ણય બરાબર કરવો જોઈએ કે આત્મા વસ્તુ શુદ્ધ છે અનાદિથી, એમાં અશુદ્ધતા થઈ નથી પણ પર્યાયમાં છે અશુદ્ધતા. અને એ પર્યાય પોતાના પુરુષાર્થની મંદતાએ પોતે પર્યાયમાં પોતે જોડાય છે એટલે પર્યાય એ થાય છે. હવે એમાંથી પોતે શુદ્ધ છે કઈ રીતે? દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ, પર્યાય અપેક્ષાએ અશુદ્ધ છે. એને નક્કી કરીને પોતે એની મહિમા આવે કે આત્મા તો કોઈ વસ્તુ જુદી છે. પછી આ વિભાવ જે છે એ મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાયક છું. એનું ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

એ ભેદજ્ઞાન કરવામાં પોતે એની લગની લગાડવી જોઈએ. પહેલા તો અભ્યાસરૂપે થાય પછી એનું યથાર્થ થાય. આ શુભ અને અશુભ બંને ભાવો, અશુભથી બચવા શુભ આવે પણ એ શુભ પોતાનું સ્વરૂપ નથી. આત્મા તો નિર્વિકલ્પસ્વરૂપ છે. એનો સ્વભાવ બરાબર ઓળખી, એની મહિમા લાવી, વિભાવથી વિરક્તિ આવે અને આત્માનું સ્વરૂપ જ સારભૂત છે એવો નિર્ણય કરી અને એની યથાર્થ શ્રદ્ધા કરીને એનું ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ અને પર્યાયને જ્ઞાનમાં રાખે. પછી એનો પ્રયત્ન એ રીતે કરે. પોતાની લગની લાગે તો થાય. એનું પોતાને અંદરથી લાગવું જોઈએ. દિવસ અને રાત એની લગની લાગવી જોઈએ. કેમ થાતું નથી? પુરુષાર્થની મંદતાને કારણે નથી થાતું.

પ્રશ્ન :- એક વાત બીજી કે જ્યારે આત્માના અનુભવની સમીપ આવે અથવા તો થાય તે વખતે અથવા તો એ જ્યારે આત્મદર્શન થાય, આત્મપ્રાપ્તિ થાય તે વખતે એનું ક્યું એવું ચિહ્ન હોય કે એને એ માલુમ પડે કે મને આત્મ સાક્ષાત્કાર થયો છે અથવા તો આત્મપ્રાપ્તિ થઈ છે?

ઉત્તર :- એ પોતાને આત્મા જ કાંઈક જુદું સ્વરૂપ છે. કંઈ અપૂર્વતા ભાસે એ છાનું ન રહે. એની અનુભૂતિ કોઈ જુદા પ્રકારની હોય. આકુળતા છૂટીને અંદરથી આ માત્ર શાંતિ-સમાધિ થાય એ નહિ, એની દિશા જ આખી બદલાઈ જાય, એનો પલટો ખાય જાય. અંદરથી આત્મામાંથી જુદો જ આનંદ આવે. એ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ કોઈ જુદી જ રીતે આત્મા અનુપમ ભાસે. એનો આત્મા જ કહી દે. એને કોઈને પૂછવા જાવું ન પડે. એ પોતાને જ અંદરથી એવી પ્રતીત આવે કે આ જ મુક્તિનો માર્ગ અને આ જ સ્વરૂપ, બીજું નથી. એના આત્મામાંથી જ એવો સંતોષ અને તૃપ્તિ આવે કે એને પૂછવા જાવું ન પડે. એવી કોઈ અપૂર્વ તૃપ્તિ અને સંતોષ એને અંતરમાંથી આવે.

આમ કહેવાય કે આનંદ (આવે), પણ એ આનંદ કઈ જાતનો આનંદ. ઘણાને વિકલ્પ મંદ પડી જાય અને આનંદ લાગે, શાંતિ લાગે. એ નહિ. આ તો વિકલ્પ છૂટીને અંદરથી કાંઈક જુદો પલટો ખાઈને અંતરથી જે આનંદ આવે એ જુદો હોય છે. એનો આત્મા જ સાક્ષી પૂરે અને ઊંડાણમાંથી એને તૃપ્તિ અને સંતોષ આવે કે આ જ માર્ગ (છે), બીજો નથી. આ જ આત્માની અનુભૂતિ, બીજી નહિ. એટલી પોતાને અંદરથી એવી પ્રતીત આવે કે આ જ માર્ગ સ્વાનુભૂતિ, આ જ બીજું નહિ. એટલી પોતાને તૃપ્તિ આવે અંદરથી. એને પૂછવા જાવું જ ન પડે કોઈને. એની ભેદજ્ઞાનની ધારા કોઈ જુદા જ પ્રકારની થાય, સહજપણે. એના વિકલ્પ છૂટીને અંતરમાંથી જે આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યું એની પરિણતિ પ્રગટ થાય એ એને છાની જ રહે નહિ અંતરમાંથી. એને પોતાને શંકા જ પડે નહિ, આ જ છે. બીજું નથી.

ઓલું શાસ્ત્રમાં આવે છેને, જેટલું આ જ્ઞાન છે તેટલો જ પરમાર્થ છે, સત્ય પરમાર્થ છે. બીજે ક્યાંય શોધમાં. એમાં જ સુખ, એમાં જ આનંદ, એમાં જ સંતોષ, એમાં જ તૃપ્તિ, બધું એમાં છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મા જ મહિમાવંત છે. પણ એ અંદરથી એને વિકલ્પ છૂટીને એકત્વબુદ્ધિ છૂટીને જે ભેદજ્ઞાન થાય, એમાંથી જે વિકલ્પ છૂટીને અંતરમાંથી જે તૃપ્તિ આવે, એ તૃપ્તિ એવી આવે, એને કોઈને

પૂછવા જાવું ન પડે.

પ્રશ્ન :- આ જે વિધિ છે અથવા તો આત્માનો સાક્ષાત્કાર કરવો તો એને માટે વિધિ તો એક જ ને કે પોતાના આત્માની અંદર .. કે એના માટે કોઈ અમે શાસ્ત્રો તો ઘણા વાંચન કરીએ અથવા આ બધું સાંભળીએ, પણ છેલ્લે તો એવો ક્યો ક્રમ ગોઠવવો?

ઉત્તર :- એને વાંચન, વિચાર બધું સમજવા માટે છે. કારણ કે વાંચન-વિચાર નહિ કરે તો અશુભમાં જાશે. વાંચન-વિચાર કરીને યથાર્થ જ્ઞાન કરે. શું સ્વરૂપ છે? શું મુક્તિનો માર્ગ છે? શું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ છે? શું સાધકનું સ્વરૂપ શું? શું સ્વાનુભૂતિનું સ્વરૂપ? શું કેવળજ્ઞાનનું સ્વરૂપ? શું મુનિનું સ્વરૂપ? બધું વાંચન કરે અને 'ગુરુદેવે' કીધો એ આશય સમજે અને એ બધું વિચારે તો એને જ્ઞાન થાય. પણ જ્ઞાન માત્ર જ્ઞાન કરે, અંદરમાં એવી પરિણતિ કેમ પ્રગટ થાય? એવું પોતાનું જીવન કેમ થાય? એવી પરિણતિ પોતે પ્રગટ કરે તો અંતરમાંથી થાય.

વિભાવોથી જુદો છે પણ હું પોતે જ જુદો કેમ રહું? એકત્વબુદ્ધિ થઈ રહી છે. એમાંથી પોતે છૂટો પડે. એવી પરિણતિ પ્રગટ કરે તો થાય. ઓલું વિચાર કરે, વાંચન કરે, નિર્ણય કરે પણ નિર્ણય અંતરમાંથી થવો જોઈએ. અંતરમાં એવી પોતાની પરિણતિ વાંચન-વિચાર કરે એવી પરિણતિ પોતાની પ્રગટ થાય તો થાય. એવી લગની લગાડે પરિણતિ પ્રગટ કરવાની તો થાય. એનો માર્ગ એ છે.

આ જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રતીત કરે યથાર્થપણે. એની મહિમા આવે. એમાં પોતે ટકવાનો પ્રયત્ન કરે, એને જુદો પાડવાનો પ્રયત્ન કરે. જે પોતે જાણ્યું, જે વિચાર્યું તે યથાર્થ જાણે, યથાર્થ વિચારે. જેમ 'ગુરુદેવે' કીધું એમ, શાસ્ત્રમાં આવે એમ વિચારીને તે રૂપે પોતાની પરિણતિ પ્રગટ થાય તો એ પ્રગટ થાય. ઝાઝું વાંચવું પડે કે ઝાઝું એને નક્કી કરવું પડે, ઝાઝું કરે તો થાય, ઝાઝો શાસ્ત્ર અભ્યાસ કરે તો થાય એવું નથી. મૂળ પ્રયોજનભૂત જો એ ગ્રહણ કરે અને એવી પરિણતિ પ્રગટ કરે તો થયા વગર રહેતું નથી. પણ એ મૂળ પ્રયોજનભૂતમાંથી પણ એ આગળ ન જાય તો ઝાઝો શાસ્ત્ર અભ્યાસ કરે તો એ લાભનું કારણ છે, પણ એમાં રોકાય રહે અને જો પરિણતિ પ્રગટ ન કરે તો ન થાય. પરિણતિ પ્રગટ કરવી જોઈએ પોતાની, તો થાય. પણ એ ન થાય ત્યાં સુધી શાસ્ત્ર અભ્યાસ, વિચાર, વાંચન બધું કરે. એની લગની, એનું ધ્યેય શુદ્ધાત્મા ઉપર. હું શુદ્ધાત્મા છું. આ (વિભાવ) સ્વભાવ મારો નથી. આ દ્રવ્ય છે, પર્યાય છે, બધા વિચારો કરે, પણ એ પ્રમાણે પરિણતિ પ્રગટ કરે તો થાય,

પરિણતિ ન કરે તો ન થાય. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ ઓછું આપે છે, કાર્ય ક્યાંથી આવે?

શાસ્ત્રમાં આવે છે, જેટલા સિદ્ધ થયા એ ભેદવિજ્ઞાનથી જ થયા છે. જે નથી થયા તે ભેદવિજ્ઞાનના અભાવથી નથી થયા. પણ એ ભેદજ્ઞાન કઈ જાતનું? અંતરમાંથી અભ્યાસરૂપે હોય એ જુદું છે, અંતરની પરિણતિરૂપે થવું જોઈએ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ, ચૈતન્યનું અસ્તિત્વ ગ્રહણ કરીને, આ વિભાવ તે મારો સ્વભાવ નથી, એનાથી જુદો પડે. ક્ષણે ક્ષણે એનો અભ્યાસ કરે. દિવસ અને રાત એની લગની લાગે. દિવસ ને રાત એને આત્મા-આત્માનું રટણ લાગે. એમ અંદર એવી પરિણતિ પ્રગટ કરે. તે મય એનું જીવન કરી નાખે તો થાય. આ તો થોડીવાર વિચારે, થોડું નક્કી કરે, થોડું જ્ઞાયકનું રટણ કરે, પણ એ બધું છૂટી જાય એનું. એની લગની અંદર લાગવી જોઈએ. દિવસ ને રાત ક્ષણે-ક્ષણે લાગે તો થાય. તે મય એનું જીવન કરે તો થાય.

ઘણા કરે છે. થોડીવાર ધ્યાન કરે. પણ ધ્યાન શેનું કરે? આત્માને ઓળખ્યા વગર કોના ઉપર સ્થિર રહે? બહુ તો શુભભાવમાં સ્થિર રહે. પણ આત્માને ઓળખે, આત્માને ઓળખે, આત્માને છૂટો પાડે તો એના ઉપર ધ્યાન થાય. ધ્યાન કેવી રીતે થાય એને? પહેલા અભ્યાસરૂપ ધ્યાન થાય, સાચું તો થાતું નથી. જ્ઞાયકને ઓળખે તો સાચું ધ્યાન થાય.

આ કાંઈ સારભૂત નથી. આ બહારમાં ક્યાંય મહિમા નથી. આત્મા જુદો છે. આત્મા વસ્તુ સ્વરૂપ કોઈ જુદુ એવી મહિમા આવે અને એનો વિચાર, એનો નિર્ણય બધું એ કર્યા કરે. પરિણતિ તે રૂપે થાય તો પ્રગટ થાય. ઓલું કેવું સહજરૂપ છે. શુભાશુભભાવોને લાવવા પડતા નથી, સહજ એની મેળે એમ ને એમ એમાં દોડ્યો જાય છે. ઓલું એને એકદમ એવું સહજરૂપે થાય જ્ઞાયકનું એવું. એનો પ્રયાસ કરીને પહેલા, પણ એ સહજ થાય તો એમાં પરિણતિ એવી સહજ પ્રગટ થાય તો સ્વાનુભૂતિ થાય. જ્ઞાતાની ધારા પ્રગટ થાય તો થાય. મૂળ કારણ પોતાનું ઓછું, એટલે કાર્ય આવતું નથી.

પ્રશ્ન :- ખુબ લગની લાગવી જોઈએ.

ઉત્તર :- લગની લાગવી જોઈએ. આત્મા સ્ફટિક જેવો શુદ્ધ, પણ પર્યાયમાં અશુદ્ધતા. જેમ લાલ-પીળા ફૂલના નિમિત્તે ઓલા સ્ફટિકમાં લાલ-પીળું દેખાય, પણ મૂળ સ્વભાવમાં નથી. એમ પર્યાય અને દ્રવ્યનો એનો સ્વરૂપનો સંબંધ સમજીને દ્રવ્ય

ઉપર દૃષ્ટિ રાખીને પુરુષાર્થ કરે કે પર્યાયમાં અશુદ્ધતા છે એનો ખ્યાલ રાખે. આત્માને વિભાવથી છૂટો પાડે. અંદર પ્રયત્ન, એની લની લાગવી જોઈએ એ પ્રમાણે. જ્ઞાયકનું એ રીતે એનું જીવન બનાવી દે એવું. ગોખવારૂપે જુદું, અંતરમાંથી (થાય) તો એ આગળ જાય. પછી એને કોઈને પૂછવા જાવું પડતું નથી.

પ્રશ્ન :- માતાજી! 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે કે નિશ્ચય-વ્યવહારની પ્રાપ્તિ ધ્યાનમાં થાય છે. તો હવે એ ધ્યાન માટે પહેલેથી ધ્યાન માટે પ્રયત્ન કરવાનો કે જ્ઞાયકના પ્રયત્નમાં જ એ ધ્યાનનો પ્રકાર ભજી જાય આગળ અભ્યાસ કરતાં કરતાં?

ઉત્તર :- ધ્યાન આવે છે?

પ્રશ્ન :- નિશ્ચય-વ્યવહારની પ્રાપ્તિ ધ્યાનમાં થાય છે.

ઉત્તર :- એ તો યથાર્થ પરિણતિરૂપે. જ્ઞાયક યથાર્થ જેને પ્રગટ થયો એમાં નિશ્ચય અને વ્યવહારની સંધિ આવી જાય છે. પોતે જ્ઞાયક દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ અને પર્યાયમાં અશુદ્ધતા છે. એને ધ્યાન જો યથાર્થ થાય તો એમાં સંધિ એની આવી જાય છે. આ પર્યાય અધૂરી છે, આ દ્રવ્યમાં પૂર્ણતા છે. એ બધી સંધિ એને ધ્યાનમાં આવી જાય છે.

પણ એ ધ્યાન ક્યારે થાય? જ્ઞાયકને ઓળખ્યા વગરનું ધ્યાન ક્યાંથી થાય? કોને આશ્રયે ધ્યાન? ક્યાં ટકશે? માટે પહેલા યથાર્થ જ્ઞાયકને ઓળખે તો ધ્યાન થાય. વિચાર કરે, નિર્ણય કરે પહેલા પછી ધ્યાન થાય. જ્ઞાયકને ઓળખે તો ધ્યાન થાય. તો નિશ્ચય-વ્યવહારની સંધિ પણ એમાં સહજ પરિણતિરૂપે આવી જાય છે. પણ પહેલા વિચારથી નક્કી કરે, નિશ્ચય શું, વ્યવહાર શું એ પહેલા એને નક્કી કરે. વિચારથી અંદરથી નિર્ણય કરે. એ જ્ઞાયકને ઓળખવા પ્રયત્ન કરવો. પહેલા ધ્યાન કરવું? ધ્યાન પછી આવે. પહેલા જ્ઞાયકને ઓળખે. યથાર્થ પ્રતીત કરે તો ધ્યાન થાય.

બાકી કેટલાક ધ્યાન કરે અશુભભાવથી બચવા શુભભાવમાં એકાગ્ર થાય—એ જાતનું ધ્યાન. ધ્યાન એટલે એકાગ્રતા. શુભભાવમાં એકાગ્ર થાય. બાકી જ્ઞાતાનું ધ્યાન એ તો જ્ઞાયકને ઓળખ્યા વગર થાય નહિ. માત્ર એના અભ્યાસરૂપે, હું જ્ઞાયક એમ કર્યા કરે. બાકી જ્ઞાયકનું યથાર્થ ધ્યાન તો જ્ઞાયકને ઓળખે તો થાય. પહેલા એનો અભ્યાસ આવે, રટણ કરે એમ થાય. પણ માર્ગ તો એવો (છે કે) પહેલા જ્ઞાયકને ઓળખે તો ધ્યાન થાય. સાચા જ્ઞાન વગર સાચું ધ્યાન થઈ શકતું નથી.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો! માતાજીની અમૃતવાણીનો જય હો! ચૈતન્ય-રત્ન પૂજ્ય ભગવતી માતનો જય હો!)

પ્રશ્ન :- બહુ સરસ વાત કરી આપે. આખું જીવન જ જ્ઞાયકમય થઈ જાવું જોઈએ, જીવન.

ઉત્તર :- જીવન જ્ઞાયકમય થઈ જાય.

પ્રશ્ન :- બહુ સરસ વાત કરી આપે. ક્ષણે ક્ષણે જીવનને જ્ઞાયકમય જ..

ઉત્તર :- પાછું એને જ્ઞાયકની એવી મહિમા આવે (કે) જ્ઞાયક વગર એને ચેન ન પડે એટલું જ્ઞાયકમય જીવન થાય. નહિતર તો જ્ઞાયક-જ્ઞાયક ગોખવાથી લુખ્ખુ થાય. પણ એને જ્ઞાયકની મહિમા એવી આવે કે જ્ઞાયકમય જીવન જ એનું થઈ જાય. એવું થઈ જાય, એવું થાય.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–30 B

પ્રશ્ન :- .. તો શુદ્ધાત્માની શક્તિરૂપ.. પણ અંદર તો બધા તત્ત્વો આવે છે. પર્યાયરૂપ તત્ત્વ તો બધા સંવર, નિર્જરા...

ઉત્તર :- શુદ્ધાત્માની કથની એટલે મુખ્યપણે શુદ્ધાત્માની કથની છે. એમાં સંધિ બધી આવે છે. પર્યાયની વાત અને બધું આવે છે. મુખ્યપણે શુદ્ધાત્માની કથની કરી છે. મુખ્યતા છે. એમાં કોઈ કોઈ ગાથા વચ્ચે આવી જાય છે પર્યાયની ને બધી આવી જાય છે. એમાં મુખ્યતાની અપેક્ષાએ છે. અને નિશ્ચય-વ્યવહારની સંધિ ને બધું આવે છે અંદર.

આચાર્યદેવ કહે છેને કે મારી શુદ્ધાત્માની અનુભૂતિ, હું ચિન્માત્ર મુક્તિ હોવા છતાં પણ મારી પરિણતિ કલ્માશિત મેલી છે એની શુદ્ધિને માટે હું આ કરું છું. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. બધી શુદ્ધનયની, દ્રવ્યાનુયોગની બધી મુખ્યપણે જ્ઞાયકની વાત કરીને પછી વચ્ચે ૧૨મી ગાથામાં નિશ્ચય-વ્યવહારની સંધિની વાત કરી છે. એમ તાપ દેતા.. દેતા... દેતા... જે શુદ્ધ પરમભાવને જાણે છે. અપરમભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. એવી એવી ગાથા વચ્ચે વચ્ચે આવી જાય છે.

શુદ્ધાત્મા અનાદિ કાળથી જાણ્યો નથી એટલે શુદ્ધાત્માને તું જાણ. શુદ્ધાત્માની વાત તેં અનંતકાળથી સાંભળી નથી, એનો પરિચય કર્યો નથી, અનુભવ કર્યો નથી. માટે તું આ શુદ્ધાત્માને જાણ એમ કહેવું છે. પણ એ મોક્ષમાર્ગમાં જે સાધકદશા છે,

એ સાધકદશાનું સ્વરૂપ પણ અંદર આવે છે. બધું આવે છે.

પ્રશ્ન :- મુખ્યપણું શુદ્ધાત્માનું.

ઉત્તર :- મુખ્યપણે શુદ્ધાત્માની વાત છે.

પ્રશ્ન :- પર્યાયરૂપ તત્ત્વમાંથી પણ કાઢવાનું તો શુદ્ધાત્માને.

ઉત્તર :- શુદ્ધાત્માનું ધ્યેય હોવું જોઈએ, શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ હોવી જોઈએ. પર્યાયની વાત કરે પણ એ વચ્ચે શુદ્ધાત્માની એની સાથે વાત કરે છે. પર્યાયમાંથી એટલે પર્યાય નથી એમ નહિ. પર્યાય છે, પણ એ પર્યાય છે એ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાની નથી, પર્યાય ઉપર ધ્યેય કરવાનું નથી, પર્યાયનો આશ્રય કરવાનો નથી. એમ. ભૂતાર્થથી જાણેલ જે નવ તત્ત્વો. ભૂતાર્થ એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર. ભૂતાર્થને જાણ એમ. પણ વચ્ચે નવ તત્ત્વ તો આવે છે. સાધકદશા તો વચ્ચે આવે છે.

કમલીનું પત્ર એની સમીપ જઈને જોતાં, એને ભૂતાર્થથી જોતાં નિર્લેપ છે. બીજી બાજુથી જોતા એ પાણીમાં છે અને પાણી સાથે પાણીમાં ડૂબેલું છે એમ બે અપેક્ષાએ કહેવામાં આવે છે. એટલે તું બેય જ્ઞાન કર, પણ મુખ્યતા દ્રવ્યનો આશ્રય કર. વસ્તુમાં શુદ્ધાત્માનો આશ્રય કર એમ કહેવું છે.

પ્રશ્ન :- માતાજી! મોક્ષમાર્ગમાં આખું 'સમયસાર' પ્રયોજનભૂત ગણાય કે અમુક ગાથાઓ પ્રયોજનભૂત ગણાય એવું ખરું?

ઉત્તર :- બધી ગાથા, મોક્ષમાર્ગમાં બધી પ્રયોજનભૂત છે. અમુક જ ગાથા પ્રયોજનભૂત નથી. આચાર્યની બધી ગાથા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત છે. આચાર્યદેવનું બધું કથન પ્રયોજનભૂત જ છે, કોઈ અપ્રયોજનભૂત નથી. આચાર્યદેવે જે ઉપદેશ આપ્યો છે, આચાર્યદેવે જે રચના કરી છે એ બધી રચના પ્રયોજનભૂત છે એમાં કોઈ અપ્રયોજનભૂત એકેય ગાથા નથી.

પ્રશ્ન :- 'ગુરુદેવે' વ્યાખ્યાનમાં કીધેલું પ્રવચનમાં કે હસ્વ લખ્યો છે કે દીર્ઘ લખ્યો છે એ પણ પ્રયોજનભૂત જ છે આચાર્યદેવનું.

ઉત્તર :- આચાર્યદેવનું બધું પ્રયોજનભૂત છે. એમની કથની બધી પ્રયોજનભૂત છે. એમનું બધું રહસ્ય અંદર ભરેલું છે. દરેક ગાથામાં રહસ્ય જ ભરેલું છે. એની અનેક જાતની અપેક્ષાઓ ભરેલી છે. મોક્ષમાર્ગમાં બધું આવે છે માટે બધું પ્રયોજનભૂત છે. એમાં મુખ્ય ક્યાં લેવું? ગૌણ ક્યાં લેવું? એ જે આત્માર્થી હોય અને જે એની દૃષ્ટિ હોય એ પ્રમાણે ગ્રહણ કરે. બાકી બધું પ્રયોજનભૂત છે.

'ગુરુદેવે' બધી અપેક્ષાઓ સમજાવી છે. આખું 'સમયસાર' સમજાવ્યું છે. એના

બધા રહસ્યો ઉકેલ્યા છે. હવે જેની જે દૃષ્ટિ હોય એ પ્રમાણે અર્થ કરે. બાકી પ્રયોજનભૂત બધુંય છે. એકેય નિષ્પ્રયોજન વાત નથી. સંધિવાળી વાત આવે એ સંધિવાળી વાત છે, એ કાંઈ પ્રયોજનભૂત નથી એવું નથી. શુદ્ધનયની વાત પણ પ્રયોજનભૂત છે અને સંધિવાળી વાત આવે તે પણ પ્રયોજનભૂત છે. બધી વાત પ્રયોજનભૂત જ છે. એકેય વાત નિષ્પ્રયોજનભૂત આચાર્યદેવે કરી નથી. આચાર્યદેવ શાસ્ત્રો રચે છે તે સમજીને રચે છે. વગર સમજ્યે (રચતા નથી). એમાં વચ્ચે-વચ્ચે ગાથા લેવાનો એમનો આશય છે. વચ્ચે-વચ્ચે સંધિવાળી ગાથા લેવાનો એમનો ઊંડો આશય છે કે મુખ્ય નયની વાત કરતાં કોઈ બીજે રસ્તે ચડી જાય એટલે વચ્ચે-વચ્ચે સંધિની ગાથા લીધી. એમનો આશય છે.

પ્રશ્ન :- આપે કહ્યું કે જેવી દૃષ્ટિ હોય એવો અર્થ કરે, તો એવા બે અર્થ નીકળતા હોય?

ઉત્તર :- એ તો જેની યથાર્થ દૃષ્ટિ આત્માર્થી હોય, જેને આત્માનું કરવું હોય, એ બધા શું આચાર્યદેવનો આશય છે એમાં ઊંડો ઉતરીને વિચાર કરે. 'ગુરુદેવ'નો શું આશય છે એ ઊંડો ઉતરીને વિચાર કરે. બાકી જેને ઊંડું નથી ઉતરવું અને આત્માનું ઊંડુ કાંઈ પ્રયોજન નથી, માત્ર શાસ્ત્ર ખાતર વાંચવું અને અને અર્થો કરવા તો એ કાંઈ એમાં યથાર્થ અર્થ નીકળી શકતો નથી.

પ્રશ્ન :- મર્મ ન પકડી શકે.

ઉત્તર :- એનો મર્મ કે રહસ્ય પકડી શકતો નથી. આટલી આચાર્યદેવે શુદ્ધનયની વાત કરીને વચ્ચે આ ગાથા કેમ મૂકી? એનો અર્થ એવો પ્રયોજનભૂત જ છે. આચાર્યદેવે સમજીને વચ્ચે ગાથા મૂકી છે. કોઈ એક બાજુનું સમજી ન જાય માટે સમજાવવા માટે લીધું છે.

પ્રશ્ન :- પરમાગમો ગુરુગમે જ વાંચવા અને ગુરુગમે જ સાંભળવા, નહિતર તો ....

ઉત્તર :- પોતાની ઈચ્છા પ્રમાણે વાંચે એમાં સૂઝ ન પડે. પણ અત્યારે પંચમકાળમાં 'ગુરુદેવ' મળ્યા એમણે બધા રહસ્યો ખોલ્યા છે. કેટલું સીધું અને સરળ કરી દીધું છે. પોતે વાંચવા બેસે તો સીધું અને સરળ છે. પહેલા તો 'ગુરુદેવે' જ્યારે રહસ્યો ખોલ્યા નહોતા એ શાસ્ત્ર બહારમાં આવ્યા નહોતા ત્યારે તો કોઈક વાંચતા તો કોઈના હાથમાં આવતું નહિ. સમયસાર વાંચે તો કાંઈ સમજે નહિ કે આ શું કહેવા માગે છે. એ રહસ્ય તો બધા 'ગુરુદેવે' ખોલ્યા છે.

'સમયસાર' પ્રયોજનભૂત છે, 'પ્રવચનસાર' પ્રયોજનભૂત છે. બધા આચાર્યદેવના શાસ્ત્રો પ્રયોજનભૂત છે. એમની એક એક ગાથા પ્રયોજનભૂત છે. બાકી મોક્ષમાર્ગમાં ઝાઝું તને જાણપણું હોય એ જાણપણાનું કામ નથી, પણ મૂળ પ્રયોજનભૂત એટલે કે તું વસ્તુને સમજ. એ દ્રવ્ય પ્રયાયનું શું સ્વરૂપ છે એમ સમજીને આગળ જાય. ઝાઝું જાણપણું હોય બધું તો આગળ જવાય એવું નથી. પણ નિશ્ચય-વ્યવહારની સંધિ, દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ, નિમિત્ત-ઉપાદાન અમુક-અમુક મુખ્ય-મુખ્ય બાબત જે મોક્ષમાર્ગમાં કાર્યકારી છે તે બધી સમજવાની જરૂર છે.

પ્રશ્ન :- માતાજી! .. ગંભીર તારી વાણીમાં ભાવો બહુ ઊંડા છતાં જે હૃદય તારું જાણતા, તે ભાવ તારો.

ઉત્તર :- ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા. 'ગુરુદેવ'ની વાણી ગંભીર અને ભાવાર્થ ઘણા ઊંડા રહેલાં છે. અંદર ઊંડા ભાવાર્થો હતા. જે એમનું હૃદય જાણે છે, એમને શું કહેવું છે, તે એમનો ભાવ ખેંચી શકે છે. 'ગુરુદેવ'ને નિશ્ચય કઈ રીતે કહેવો છે? વ્યવહાર કઈ રીતે કહેવો છે એની સંધિ એમને કઈ રીતે કહેવી છે? એ એમનું હૃદય જાણે. એમની અપેક્ષાઓ, એમનો આત્મા શું? કેવી રીતે કહી રહ્યા છે એ એનો ભાવ ખેંચી શકે છે.

'ગુરુદેવ', જે વાત આવતી હોય એને જોરથી વજન આપીને કહેતા હોય, પણ બીજી વાત પણ એટલી જોરથી કરતા હોય એની સંધિ કરવી જોઈએ. જેમ શાસ્ત્રમાં 'સમયસાર'માં ઝાઝી વાત શુદ્ધનયની આવે અને પછી સંધિની કોઈ કોઈ ગાથા આવે. એમ 'ગુરુદેવ' પણ મુખ્યતાએ શુદ્ધાત્માનો ઉપદેશ દેતા હતા. એમાં વચ્ચે સંધિની વાત એમની ઘણીવાર આવતી હતી. અને એટલું જોરથી અને ભાવથી બોલતા હતા. એની સંધિ કરવી જોઈએ. એમ આવે કે આ ઝાઝી વાર આવ્યું એટલે ઓલુ વચ્ચે બોલ્યા એ નિષ્પ્રયોજન હતું એવું કાંઈ નથી.

'પંચાધ્યાયી' 'ગુરુદેવ' વાંચતા. 'પ્રવચનસાર'માં એ આવે ત્યારે એટલું એમાં જોરથી બોલતા. 'પદ્મનંદિ' વાંચે તો એમાં એવી રીતે બોલતા અને 'સમયસાર'માં શુદ્ધાત્માની વાત આવે તો જોરથી બોલે. એટલે ઝાઝી વાર શુદ્ધાત્માની વાત આવી માટે ઓલું કાઢી નાખવાનું છે એવો એનો અર્થ નથી. એ બેયની સંધિ કરવી જોઈએ. જે મુખ્ય તે મુખ્ય અને સાથે જે હોય છે એને જાણવું જોઈએ. વ્યવહાર અભૂતાર્થ આવે. અભૂતાર્થ એટલે કાંઈ છે જ નહિ એવો અર્થ નથી.

પ્રશ્ન :- શબ્દ તો એવો છે અભૂતાર્થ એટલે છે જ નહિ એવો.

ઉત્તર :- હા છે જ નહિ. એવો.

પ્રશ્ન :- એ વચનનો અર્થ, ગૌણ થાય છે.

ઉત્તર :- એ એની સમીપ જઈને જોતા એની અપેક્ષાએ એ છે એમ આવે છે. શાસ્ત્રમાં જ આવે છે. કમલીનીનું પત્ર ભૂતાર્થદષ્ટિએ જોઈએ તો જુદું જ છે. કમળ નિર્લેપ છે. આ બાજુથી જોઈએ તો એ પાણીમાં છે.

પ્રશ્ન :- બેય વાત મૂકે છે.

ઉત્તર :- બેય વાત મૂકે છે. એમાં મૂળ તત્ત્વ શું છે કે એ મૂળ વસ્તુ એ નથી. નિર્લેપ જ છે. આ પણ વ્યવહાર છે એ જાણવો જોઈએ.

(શ્રોતા :- પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી−30 C

... જેને ભગવાનની મહિમા આવી, એ કોઈ અપૂર્વ રીતે આવે તો એને આત્માની મહિમા આવે છે. બાકી અનંત કાળમાં રૂઢિગતે કર્યું એ જુદી વાત છે. એને આત્મા કેવો છે ભગવાનનો? ભગવાને શું કર્યું? એ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને ઓળખે એ પોતાને ઓળખે છે. એટલે ભગવાનની મહિમા આવવાનું કારણ થાય છે. ભગવાનને ઓળખે એ પોતાને ઓળખે, પોતાને ઓળખે એ ભગવાનને ઓળખે છે. ભગવાનની મહિમા તો કોઈ જુદી જ હોય છે. ભગવાનના જેટલા ગુણગ્રામ થાય, જેટલી પૂજા થાય એ બધું ઓછું જ છે. એ તો એમને આટલા નામથી બોલાવાય છે. બાકી તો ભગવાનના કેટલા નામ તો વાણીમાં પણ આવતા નથી. એ તો ઘણીવાર અહીં સહસ્રમંડળ પૂજા, સિદ્ધચક્ર પૂજા ઘણીવાર થાય છે. સિદ્ધચક્ર અમુક વાર થાય, પણ સહસ્રમંડળ પૂજા તો ઘણીવાર (થઈ છે). સિદ્ધચક્ર પૂજા પણ થાય છે. ભગવાનની મહિમા તો ભગવાન જે શાશ્વત છે, જેમની વાણી છૂટે છે એ ભગવાન તો કોઈ જુદા હોય છે. અને ભગવાન ત્રણ લોકમાં આદરણીય છે. એમના શાશ્વતા પ્રતિમાઓ હોય છે. એટલે સર્વોત્કૃષ્ટ ભગવાન છે એમના પ્રતિમાઓ કુદરતમાં રચાયેલા હોય છે. રતનના પ્રતિમાઓ જાણે સાક્ષાત્ સમવસરણમાં બેઠા હોય એવી જાતની પ્રતિમાઓ હોય છે. અને વીસ વિહરમાન ભગવાન અત્યારે વિચરી રહ્યા છે સીમંધર ભગવાન આદિ, એ તો એમની વાણી છૂટે છે. ભગવાનનું જેટલું કરીએ એટલું ઓછું છે.

પ્રશ્ન :- માતાજી! અજ્ઞાની, જ્ઞેય-જ્ઞાયકમાં જ્ઞેયને જાણે છે માટે જ્ઞાયકનું અસ્તિત્વ છે એમ ખ્યાલ આવે છે. અમને અજ્ઞાનીને જ્ઞેય જણાય છે માટે જ્ઞાયકનું અસ્તિત્વ છે એમ ખ્યાલ આવે છે, પણ ભેદજ્ઞાન જેને થયું છે એને તો એ પ્રકારે અસ્તિત્વનો ખ્યાલ ન હોય.

ઉત્તર :- જ્ઞેયને જાણે માટે જ્ઞાયકનું અસ્તિત્વ છે એમ નહિ. જ્ઞાયક પોતે સ્વયં અસ્તિત્વસ્વરૂપ જ છે. જ્ઞાયક પોતે સ્વયંસિદ્ધ જ્ઞાયક જ છે. જ્ઞેયને જાણે એટલે જ્ઞાયક, એ જ્ઞેયને જાણવાથી જ્ઞાયક થતો નથી. સ્વયં જાણનારો જ છે. જેને ભેદજ્ઞાન થાય એને તો એવી જાતનું અંદરથી અસ્તિત્વ પોતાનું ગ્રહણ થાય છે કે હું સ્વયં જાણનારો, એક સ્વયંસિદ્ધ પદાર્થ જાણનાર તત્ત્વ છું. એ જાણનાર તત્ત્વ એવું છે કે જે અનંત અનંત જાણે છે. જેને જાણવાની મર્યાદા નથી. એવું અનંત જાણનારો, એવો સ્વયંસિદ્ધ પદાર્થ જાણનારો છે. અજ્ઞાનદશામાં એને જ્ઞાયક જણાતો નથી એટલે આને જાણ્યું તે જ્ઞાયક, એમ એવી રીતે જાણે છે. એ બરાબર (નથી). એ તો એને એક સ્થૂળતાથી જાણે. બાકી સ્વયં જ્ઞાયક છું એમ જાણે તો યથાર્થ છે.

ભેદજ્ઞાનની ધારામાં હું સ્વયં જ્ઞાયક જ છું. આ જ્ઞેય એને જણાય છે એનાથી જુદો રહીને જાણે છે. એમાં એક થાતો નથી. એવી એને ભેદજ્ઞાનની ધારા વર્ત્યા જ કરે છે. 'ગુરુદેવે' ઘણું સમજાવ્યું છેને માટે,... સૂક્ષ્મ કરીને બહુ સ્પષ્ટ કરીને સમજાવ્યું છે. એ 'ગુરુદેવ'નો પરમ ઉપકાર છે. 'ગુરુદેવ'ની, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા જેટલી કરીએ એટલી ઓછી છે. પણ ધ્યેય પોતાનો શુદ્ધાત્મા કેમ ઓળખાય એનું હોવું જોઈએ. એને સ્વયં હું જ્ઞાયક છું. સ્વયંસિદ્ધ પદાર્થ છું. કોઈકને આશ્રયે જ્ઞાયક છું એમ નહિ. કોઈ નિમિત્તને આશ્રયે જ્ઞાયક છું, કોઈ પદાર્થ જણાય એટલે જ્ઞાયક છું, આટલું જણાણું માટે જ્ઞાયક છું, એમ નથી. પોતે સ્વયં જાણનારો પદાર્થ છે. જેમ આ જડ પદાર્થ સ્વયં છે. એ કંઈ જાણતું નથી. એમ પોતે સ્વયં જાણનારો સ્વયં જાણક તત્ત્વ પદાર્થ છે અને તે મહામહિમાથી ભરેલો, આનંદથી ભરેલો, શાંતિથી ભરેલો, અનંત ગુણથી ભરેલો એવો પદાર્થ મહિમાવંત છે. પણ જીવને એની મહિમા આવતી નથી અને મહિમા આવે તો તે તરફ ગયા વગર રહેતો નથી.

પ્રશ્ન :- અજ્ઞાનીને ખ્યાલ આવી શકે કે આ જ્ઞાયક છે?

ઉત્તર :- અજ્ઞાનીને ખ્યાલ આવી શકે, પોતે પોતા તરફ રુચિ કરે તો ખ્યાલ આવે. જે જ્ઞાનદશા પામ્યા તે પહેલા અજ્ઞાનદશામાં હતા એમાંથી જ જ્ઞાનદશા પામ્યા છે. પહેલાથી કાંઈ કોઈને જ્ઞાનદશા હતી નહિ. જે એકત્વબુદ્ધિ હતી, ભ્રાંતિમાં પડેલા

હતા એમાંથી જ પોતે હું સ્વયં જ્ઞાયક છું—એમ નિર્ણય કરીને પરિણતિ પલટાવીને જ્ઞાની થયા છે. એ પહેલા તો એ વિભાવમાં પડેલા હતા. એમાંથી જ જ્ઞાયક થયા છે અને જ્ઞાની થયા છે. માટે અજ્ઞાનદશામાં થઈ શકે છે.

'ગુરુદેવે' માર્ગ બતાવ્યો છે તે માર્ગ ગ્રહણ કરીને પોતે અંદર ઓળખે અને રુચિ કરે, લગની કરે તો થયા વગર રહેતું નથી, પણ પોતે પૂરું કારણ આપતો નથી તો કાર્ય ક્યાંથી આવે? કારણ ઓછું આપે તો કાર્ય આવતું નથી. અજ્ઞાની પણ કરી શકે છે. પોતે રુચિ કરે. હું સ્વયં જ્ઞાયક છું—એવી પ્રતીત કરે, જ્ઞાયકને ઓળખે, એની મહિમા કરે, વિભાવથી છૂટો પડે, એનાથી વૈરાગ્ય કરીને પોતે પોતાની રુચિ કરે તો કરી શકે છે, ન કરી શકે એવું કાંઈ નથી.

અનંત કાળથી બાહ્ય દૃષ્ટિ છે એટલે બહારથી કાંઈક કર્યું તો મેં ઘણું કર્યું લાગે, પણ કરવાનું બધું અંતરમાં છે. અંતરમાં દૃષ્ટિ કરીને એનું જ્ઞાન કરે, એમાં લીનતા કરે તો અંતરમાંથી જ બધું પ્રગટે એમ છે. બધું અંતરમાં છે, બહાર ક્યાંય નથી. બહાર ફાફાં મારે છે એ ખોટું છે. અંતરમાં જ એનું બધું ભરેલું છે. અંતરમાં જાય તો ભેદજ્ઞાન થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને સ્વાનુભૂતિ પણ એમાં જ થાય છે. પોતે પોતાને ઓળખે, ચૈતન્ય જ્ઞાયકને હું સ્વયં જ્ઞાયક છું એમ ગ્રહણ કરે અને એની દૃઢતા કરીને એમાં લીનતા કરે તો સ્વાનુભૂતિ થાય અને એમાં નિર્વિકલ્પદશા પણ એ જ માર્ગે થાય છે. બીજો કોઈ માર્ગ નથી. એક જ માર્ગ છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર, ભેદજ્ઞાન કર, એના ઉપર તું જા, એમાં સ્થિર થા, એની પ્રતીત કર, લીનતા કર તો પ્રગટ થયા વગર રહેતું નથી.

પ્રશ્ન :- અજ્ઞાનમાં હોય ત્યારે પણ ભાવભાસન થઈ શકે ખરું?

ઉત્તર :- થઈ શકે ભાવભાસન. જે પામ્યા તે બધા બાહ્યદૃષ્ટિ હતી તેમાંથી જ પામ્યા છે. અજ્ઞાનદશામાં પણ ભાવભાસન થાય. પોતે માર્ગને ગોતી શકે છે. પોતે જ છે, બીજો નથી. પોતે જ પોતાનો માર્ગ ખુલ્લો કરે છે, પોતે જ શોધી લે છે. જેને અંતરમાંથી લાગી છે. જેને લગની લાગી છે એને કોઈ નિરાંત વળતી નથી. એ પોતે પોતાને શોધ્યા વગર રહેતો નથી. એને નિરાંત થાતી જ નથી. ચૈતન્ય એને મળે નહિ ત્યાં સુધી એને શાંતિ થતી નથી. પોતે પોતાનો માર્ગ કરી લે છે. દિવસ અને રાત લગની લાગે તો અંતરમાંથી એને શોધ્યા વગર એ રહેતો જ નથી. માર્ગ તો 'ગુરુદેવે' સ્પષ્ટ કરી દીધો છે, ક્યાંય ગોતવા જાવું પડે એવું નથી. અંતરમાં પુરુષાર્થ કરવાનો પોતાને જ રહે છે. (શ્રોતા :- પરમ કૃપાળુ શ્રીસદ્‌ગુરુદેવનો જય હો!)

## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી-30 D

પ્રશ્ન :- જ્ઞાન વગર શ્રદ્ધાન ન થાય અને જ્ઞાન છે એ સવિકલ્પ છે અને જ્ઞાન પણ શ્રદ્ધા વગર નથી. તો કેવી રીતે છે? બે આડાઅવળી વાત બરાબર સમજાતી નથી.

ઉત્તર :- સાચા જ્ઞાન વગર નિર્ણય કેવી રીતે કરવો? શરૂઆતમાં તો જ્ઞાન પોતે વિચાર કરવા માટે જ્ઞાન તો હોય છે, પણ શ્રદ્ધા જ્યાં સુધી યથાર્થ નથી થાતી ત્યાં સુધી જ્ઞાન સમ્યક્ કહી શકાતું નથી. શ્રદ્ધા સમ્યક્ થાય તો જ જ્ઞાન સમ્યક્ થાય, પણ પહેલા જ્ઞાન હોય છે. પછી શ્રદ્ધા. શ્રદ્ધાથી મુક્તિનો માર્ગ શરૂ થાય છે. આત્માનું સ્વરૂપ સમજે, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે. જ્ઞાનથી વિચાર કરીને નક્કી કરવાનું હોય છે. એ નક્કી બરાબર થાય, યથાર્થ શ્રદ્ધાન થાય તો પછી એનું જ્ઞાન પણ સમ્યક્ થાય.

પહેલા તો એને વિચારો આવે. શું સ્વરૂપ છે? કેમ છે? એના દ્રવ્ય શું? ગુણ-પર્યાય શું? નિશ્ચય શું? વ્યવહાર શું? એ બધા વિચારો આવે. વિચારો કરીને નક્કી કરે. નક્કી કરીને પછી યથાર્થ શ્રદ્ધાન જો થાય, દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય અને યથાર્થ જ્ઞાયકને ઓળખે તો એનું જ્ઞાન પણ નિશ્ચયરૂપ સમ્યક્ થાય છે. એ જ્ઞાનમાં જે ડામાડોળ હતી, ડામાડોળ છૂટીને નિઃશંક (થાય), જ્ઞાન પણ નિઃશંક થાય અને શ્રદ્ધા પણ નિઃશંક. બધું નિઃશંક થાય છે. ત્યાર પહેલા જે જ્ઞાન હોય છે એ વિચારવાળું હોય. વિચારથી નક્કી કરે, શ્રદ્ધા કરે, પણ એ શ્રદ્ધાન જ્યાં સુધી દ્રવ્યને આશ્રયે ન થાય ત્યાં સુધી શ્રદ્ધાને સમ્યક્ કહી શકાતી નથી. પણ વચ્ચે એ જ્ઞાનનો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. જ્ઞાનનો વ્યવહાર વચ્ચે આવે. જ્ઞાન વચ્ચે આવ્યા વગર રહેતું નથી. પણ નિશ્ચયરૂપ શ્રદ્ધા-દ્રવ્યનો આશ્રય થાય તે શ્રદ્ધા સમ્યક્પણાને પામે અને જ્ઞાન પણ નિશ્ચયરૂપ થાય. એટલે જ્ઞાન પણ સમ્યક્રૂપ થાય. બેય, જ્યારે યથાર્થ શ્રદ્ધા થાય ત્યારે બેય સમ્યક્ થાય. ત્યાર પહેલા જ્ઞાન જે હોય છે એ જાણવા માટે આવે છે, આવ્યા વગર રહેતું નથી.

નૃપતિને જાણે પછી એની શ્રદ્ધા કરે. એમ. આ રાજા જ છે. જીવરાજને જીવને જાણે, પછી એની શ્રદ્ધા કરે, પછી એનું આચરણ કરે એમ આવે છે. પહેલા જાણવું. જાણે-શ્રદ્ધા કરે, આચરણ કરે. પણ શ્રદ્ધા સમ્યક્ થાય (ત્યારે) જ્ઞાન સમ્યક્

થાય. પણ એ નક્કી કર્યા વગર રાજા જ છે, આ જ્ઞાયક જ છે એમ નક્કી કર્યા વગરનું.. નક્કી કર્યા વગર શ્રદ્ધા ક્યાંથી થાય? માટે નક્કી પહેલા બરાબર કરવું જોઈએ જ્ઞાનથી. નક્કી કરીને જે શ્રદ્ધા થાય એ શ્રદ્ધા એવી યથાર્થ થાય, સમ્યક્ થાય તો જ્ઞાન પણ સમ્યક્ થાય. એવો એને સંબંધ છે. જ્ઞાન-શ્રદ્ધાને એવો સંબંધ છે. શ્રદ્ધા સમ્યક્ થાય ત્યારે જ્ઞાન સમ્યક્ થાય. ત્યાં સુધી જ્ઞાન એને વિચારવા માટે, નક્કી કરવા માટે, નિશ્ચય કરવા માટે વચ્ચે જ્ઞાન આવે છે. જ્ઞાન આવ્યા વગર, વિચાર્યા વગર એમને એમ શ્રદ્ધા, સમજણ વગરની શ્રદ્ધા થઈ શકતી નથી. વિચારપૂર્વક શ્રદ્ધા કરે, પણ એ શ્રદ્ધા એવી જાતની થાય કે દ્રવ્યને આશ્રયે શ્રદ્ધા થાય. દ્રવ્ય શું? પર્યાય શું? એમ નક્કી કરીને શ્રદ્ધા દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને જે નિશ્ચયશ્રદ્ધા આવે એ સમ્યક્ થાય છે. એની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે. ત્યારે મુક્તિનો માર્ગ શરૂ થાય છે. યથાર્થ શ્રદ્ધા થાય તો. એવો શ્રદ્ધા અને જ્ઞાનને સંબંધ છે.

શ્રદ્ધા જેવી હોય એવું જ્ઞાન પણ થાય છે, પછી આચરણ પણ એવું થાય છે. જ્ઞાન દ્રવ્યને, પર્યાયને બધાને જાણે છે. શ્રદ્ધા આશ્રય કરે છે—દ્રવ્ય ઉપર આશ્રય કરે છે. જ્ઞાન બધું જાણે છે. શ્રદ્ધા કાંઈક બીજી હોય અને જ્ઞાન કાંઈક બીજું હોય એવું નથી હોતું. બેય સાથે હોય છે. નક્કી કરવામાં .. છે. એમ આ જ્ઞાયક જ છે. આ જ્ઞાનલક્ષણથી ઓળખે કે આ જ્ઞાયક જ છે, આ બીજો નથી. આ વિભાવ એ સ્વભાવ મારો નથી. હું આ જ્ઞાયક જ છું એમ નક્કી કરે છે બરાબર, લક્ષણથી ઓળખીને. એટલે એમ જ્ઞાન વચ્ચે આવે છે, પણ શ્રદ્ધા એકદમ પછી એને એકદમ નિશ્ચળ શ્રદ્ધા થઈ જાય શંકા વગર. જ્ઞાન પણ એવું નિશ્ચળ થઈ જાય છે. એકલું જાણ્યા કરે અને હવે શ્રદ્ધાનું શું કામ છે? એમ નહિ. જાણે એની સાથે શ્રદ્ધા હોય. શ્રદ્ધા કરીને હવે જાણવાનું શું કામ છે, એમ પણ નહિ. શ્રદ્ધા અને જ્ઞાન બેય સાથે હોય છે. પહેલા જ્ઞાન સાથે આવે. પછી શ્રદ્ધા યથાર્થ થાય તો એ જ્ઞાન અને શ્રદ્ધા સાથે જ રહે છે.

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, સીડી–30 E

પ્રશ્ન :- 'પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત'માં આવે છે કે સહજ જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણસમૃદ્ધિ ભરપુર જે નિજ જ્ઞાયકતત્ત્વ છે તેને અધૂરી, વિકારી અને પૂરી પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવું તે દ્રવ્યદૃષ્ટિ છે. તો તે દ્રવ્યદૃષ્ટિનું તથા તે કાળે જ્ઞાન શું કાર્ય કરે છે? એ કૃપા કરી સમજાવશો.

ઉત્તર :- 'ગુરુદેવે' ... મહાન ઉપકાર કર્યો છે. 'ગુરુદેવે' તો ઘણું સમજાવ્યું છે. 'ગુરુદેવ' કહેતા હતા કે સહજજ્ઞાન, સહજઆનંદ, સહજદર્શન એ સહજ સ્વભાવે આત્મા શાશ્વત છે. એ શાશ્વત આત્માને લક્ષમાં લેવો. એ મૂળ વસ્તુને લક્ષમાં લેવાથી એની .. વેદન પ્રગટ થાય છે. સ્વભાવને આશ્રયે શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. માટે અધૂરી પર્યાય અને વિભાવપર્યાય, પૂરી પર્યાય, એ ઉપર દૃષ્ટિ નહિ દેતા મૂળ વસ્તુને ગ્રહણ કરવાથી એનાથી ... મૂળ વસ્તુને જ ગ્રહણ (કરવી). એ દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી, એનું આલંબન લેવાથી, એના ઉપર જોર મૂકવાથી શુદ્ધતા પ્રગટ થાય છે, મુક્તિનો માર્ગ શરૂ થાય છે. માટે એ .. ગૌણ કરી અને એક આત્માને જ લક્ષમાં લેવો. મૂળ વસ્તુને લક્ષમાં લેવી.

જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે, એમ આત્મા પણ અનાદિ-અનંત સ્વભાવે નિર્મળ છે. એમાં લાલ-પીળી જે બધી કાલિમા દેખાય-...દેખાય એ મૂળ સ્ફટિકમાં નથી. એમ આત્માનો મૂળ ... એમાં જે પર્યાયો થાય છે વિભાવપર્યાય, એની પુરુષાર્થની મંદતાએ થાય છે. એને જ્ઞાનમાં જાણવું અને દૃષ્ટિ એક આત્મા ઉપર રાખવી. એ અનંત ગુણથી ભરેલો મહિમાવંત આત્મા છે. એની મહિમા આવ્યા વગર અને વિભાવથી વિરક્તિ આવ્યા વગર આત્માનું કલ્યાણ થઈ શકતું નથી. માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી.

એમાં અનંત ગુણો છે એમાં મુખ્ય જ્ઞાનગુણથી આત્મા ઓળખાય છે. એ અસાધારણ જ્ઞાનગુણ છે. એ એટલું જ માત્ર સત્ય પરમાર્થ છે જેટલો આત્મા, જેટલું આ જ્ઞાન છે. એટલું જ કલ્યાણ છે કે જેટલું આ જ્ઞાન છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મામાં બધું આવી જાય છે. માટે જ્ઞાનસ્વરૂપ આત્મા—જ્ઞાયક આત્માને ઓળખ. એમાં બધું છે. પર્યાયોને ગૌણ કર અને એનું જ્ઞાન કર કે આ અધૂરી પર્યાય છે, આ પૂરી પર્યાય છે, આ વિભાવપર્યાય છે. એ સાધનાની પર્યાયો જે છે એને જ્ઞાન લક્ષમાં

લે છે, જ્ઞાન પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે છે, જ્ઞાન બધાને જાણે છે, પણ દૃષ્ટિ એક આત્માનું આલંબન લઈને આગળ જાય છે.

અનંત કાળથી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી નથી. દૃષ્ટિ બહાર છે. માટે તું મૂળ આત્માના સ્વરૂપને ઓળખી અને એના ઉપર દૃષ્ટિ કર. એના આલંબનથી આગળ જવાય છે અને તે જ કરવા જેવું છે. એનાથી જ મુક્તિનો માર્ગ, સ્વાનુભૂતિ, ચારિત્રદશા, કેવળજ્ઞાન બધું દ્રવ્યદૃષ્ટિના આલંબનથી જ પ્રગટ થાય છે અને એના આલંબનથી વિશેષ-વિશેષ લીનતા જેમ જેમ પ્રગટ થાતી જાય એમ એમ એની સ્વાનુભૂતિની દશા, ચારિત્રની દશા બધી વધતી જાય છે.

પહેલા એનો નિર્ણય થાય છે કે આ વસ્તુ આવી જ છે—શુદ્ધ છે. પછી એનો નિર્ણય થઈને એની દૃઢતા કરીને આગળ જાય. અને યથાર્થ દ્રવ્યદૃષ્ટિ તો સમ્યક્ પરિણમન થાય ત્યારે થાય છે. ત્યાર પહેલા એનો નિર્ણય કરે છે પછી એ આગળ જાય છે અને એ દ્રવ્યદૃષ્ટિના આલંબનથી જ આગળ જાય છે. એમાં પર્યાયોને ગૌણ કરવી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યાતામાં પર્યાયો ગૌણ થાય છે. અને જ્ઞાન દ્રવ્યને જેમ છે એમ જાણે છે અને પર્યાયને પણ જેમ છે એમ જાણે છે. એ દ્રવ્ય, એ જ્ઞાન અને દૃષ્ટિ બેય સાથે ને સાથે સાધકદશામાં રહે છે. એકબીજાથી જુદા પડતા નથી. સાથે ને સાથે (રહે છે). દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે અને જ્ઞાન સાથે ને સાથે જ રહે છે. એ દૃષ્ટિ અને જ્ઞાન સાથે રહીને સાધકદશામાં કામ કરે છે.

આ ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું? કે જ્યાં સુધી એની તૂટ ન પડે, એની તૂટ ન પડે એવી રીતે ભાવવું કે જ્યાં સુધી સ્વાનુભૂતિની દશા પ્રગટ ન થાય. ઠેઠ કેવળજ્ઞાન સુધી ભાવવું. એ દ્રવ્યદૃષ્ટિના આલંબન, એના જોરમાં અને ભેદજ્ઞાનની ધારા ત્યાં સુધી ભાવવી એ જ મૂળમાર્ગ છે. અને પહેલા પણ એ જ કરવા જેવું છે. વારંવાર જ્ઞાયકનું રટણ, જ્ઞાયકની ભાવના, જ્ઞાયકનું આલંબન. પહેલા નિર્ણયરૂપે, ભાવનારૂપે થાય પણ તે જ કરવા જેવું છે.

એકત્વબુદ્ધિ કેમ તૂટે? કર્તાબુદ્ધિ કેમ તૂટે? અને જ્ઞાયકતા કેમ પ્રગટ થાય? એ જ કરવા જેવું છે. એમાં વચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા આવ્યા વગર રહેતી નથી. પણ એક શુદ્ધાત્મા જ (ઉપાદેય છે). આત્મામાં કોઈ જાતના વિકલ્પ નથી. એવું નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે. એનું આલંબન કરવાથી, એમાં જ તૃપ્તિ છે, એમાં જ સુખ છે, એમાં જ બધું મળે છે. બહાર ક્યાંય મળતું નથી. બહારમાં ક્યાંય શાંતિ નથી, સુખ નથી, તૃપ્તિ નથી. બહાર ગમે તેટલા ફાંફા મારે તો બહાર ક્યાંય તૃપ્તિ કે

સંતોષ નથી. આત્મામાં જાય એમાં જ તૃપ્તિ, સંતોષ, સુખ બધું એમાં જ છે અને એમાં જ કલ્યાણ છે. માટે એને જ ગ્રહણ કર, એમાં જ બધું છે. એક મુક્તિનો માર્ગ દ્રવ્યદૃષ્ટિમાં જ સમાયેલો છે. માટે 'ગુરુદેવ' વારંવાર દ્રવ્યદૃષ્ટિ કરવાનું કહેતા હતા અને માર્ગનો વિવેક પણ 'ગુરુદેવ' સાથે જ્ઞાનનું પણ કહેતા હતા. એ 'ગુરુદેવે' જે કીધું છે એ જ બધાને કરવાનું છે. અને તે જ મુક્તિનો ઉપાય છે.

(શ્રોતા :- પરમ પૂજ્ય ભગવતી માતનો જય હો!)



તીર્થધામ સુવર્ણપુરી

www.kanjiswami.org

Vitragvani

www.vitragvani.com